
પંકાયેલા, પુરાણા અને પ્રજાપ્રિય મશીન

પોલીશની શરૂઆત કરનાર

[illegible] લાવનાર

ઝવેરી કાનજી માલજી



આ નામ કોણ નથી જાણતું ?

પહેલા પાયોનીયર

[illegible] નવી કૃતિઓ,

નવા ઘાટ, નવા શણગાર અને નવા [illegible]

તૈયાર કર્યા જ જાય છે !


[illegible] લેશો તો

જરૂર જ મોહશો !

પરિણામે આપને ખટાવ્યા વિના

છુટકો જ નથી !

પછી આજે આવો કે કાલે



અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબાઈ

ટેલીફોન [illegible]

સમાલોચકના પાછલા અંકો.

૫૬ પૃષ્ઠ] ડીસેમ્બર, ઈ. સ ૧૯૧૮. [૧૪ ચિત્રો.

લેખ-લેખકો

૧ ગુજરાતની પરિષદો :- ચન્દ્રશંકર પંડ્યા, એમ.એ. બી. ૨ બાળકોની શારીરિક-માનસિક કેળવણી-સ્વ ગ મનુમતિ ૩ ગુલાબસિંગજીનો ગજબ-(અવલોકન)-રા પુરશોત્તમ મૂળજીભાઈ ભટ્ટ, બી એ ૪ હિન્દી કળાનો અભ્યાસ-રા. અયનલાલ પં. નડિઆદમાં ભરાયેલી પરિષદો-રા. મનસુખલાલ માસ્તર, એલ.એલ બી., ૬ સ્વરાજ્ય માટે યોગ્યતા-ડૉ કનુભાઈ સિંહ, એમ એમ એન્ડ એસ, ૭ લૉર્ડ વિલીંગ્ડન-રા ચન્દ્રશંકર પંડ્યા એમ.એ. બી.-વિગેરે

ચિત્રવિભાગ

૧. ગુજરાત પરિષદનો કીર્તિસ્થંભ અને નડિઆદના સ્વર્ગવાસી પુણ્યવીરો- , ચિત્રકાર—રા રવિશંકર રાવળ

૨-૬ ગુજરાત રાજકીય-અને સંસારસુધારા-પરિષદોના ખાસ ફોટોગ્રાફો.

૭-૧૪ 'ગુલાબસિંગજીનો ગજબ' અવલોકન વિભાગમાં સદર પુસ્તકના આઠ સુન્દર ચિત્રો.

—અંકની કિંમત રૂ ૦॥.

---

૬૪ પૃષ્ઠ.] નવેમ્બર, ઈ. સ ૧૯૧૮. [૧૨ ચિત્રો.

[આ અંક ગુજરાત રાજકીય પરિષદ સમયે પ્રગટ થયો છે]

લેખ-લેખકો.

૧. ગુજરાત કેળવણી પરિષદ. (એક આગ્રહી બી એ ૨. જડવાદ અને વિજ્ઞાન -રા-કલ્યાણરાય ન. જોશી, બી. એ ૩. એક વિચિત્ર પ્રયોગ-ટૂંકી વાર્તા રા છગનલાલ મ ભટ્ટ, બી એ ૪ પુષ્ટીકરણ જીવનની શરૂઆત યાને નિવાપ ૫ ... વાર્તિક, એમ. એ ૫. રાયબહાદુર શ્રીરામ ક વનુ વિદ્યાર્થી-જીવનચરિત્ર ગાં. શિવપ્રસાદ પંડિત ૬ પરમાણુની ઘટના રા છોટાલાલ પરાશી એમ એ ૭. આગામી ગુજરાત પરિષદો. રા ચન્દ્રશંકર પંડ્યા, એમ.એ. બી ૮. સ્વરાજ્ય માટે તૈયારી રા હિંમતલાલ ... એમ.એ. બી ૯ નડિઆદ ... અંજારિયા ... બી એ ૧૦ ગુજરાતનું આગામી જીવન ... ઉપરાંત દેશભક્તના ... ખબરદાર, ... અને ... વિગેરેના

ચિત્રવિભાગ

૧. માતૃસેવા-હિન્દનું સ્મરણ કરતા ગાંધીની પ્રાર્થના, ... સુન્દર કાવ્ય સાથે ૨ સ્વરાજ્યના મંદિરે દેવીનું પૂજન ગુર્જર દેવીના

૨૦

જે બાળકો-પુત્ર અને પુત્રી સરસ્વતીના મન્દિરે પૂજા કરવા જાય છે —એ

૧૨ । ચિત્ર ૩. ચક્ર આમના-પ્રલય-કાળને એ નીતાં પુરૂષને

હિન્દના વીર સંતાનોને આમ ત્રણ આપતાં સુન્દર કાવ્ય ગાયેલું ભાઈ

ચિત્ર. ચિત્ર-ર ચિત્ર ૪ નડિઆદના માતે પ્રસિદ્ધ પુરુષો

૧. સ્વ. શ્રી ઑ. ઠ. મિ. જમનાલાલ ઉમિયાશંકર [illegible]

૨. સ્વ. મન સુખરામ સૂર્યરામ ત્રિપાઠી.

૩. સ્વ. ગવર્ધનરામ હરિદાસ દેસાઈ

૪. સ્વ. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી, બી. એ., એલ. એલ. બી.

૫. સ્વ. ડૉ. મણિલાલ નભુભાઈ દ્વિવેદી, બી. એ.

૬. સ્વ. બાલાશંકર ઉલ્લાસરામ

૭. સ્વ. દોલતરામ કૃપારામ પંડ્યા

૮. મિ. ઑ. મિ. વિઠ્ઠલભાઈ પટેલ, બેરીસ્ટર-એટ-લૉ

૯. મિ. ગોપાળદાસ વિહારીદાસ દેસાઈ [illegible]

અંકની કિંમત રૂ. ૦॥

[૫૮ પૃષ્ઠ] ઑક્ટોબર, ઈ. સ. ૧૯૧૮ [૧૨ ચિત્રો.

લેખ—લેખકો

૧. કાયસ્થ જાતિનો ટુંક પરિચય—રા. મોહનલાલ [illegible] ૨. વિચારને અંતર્ગત— । મુનિશ્રી [illegible] અભિનય-લેખનો હાથ [illegible] નવ ચિત્રા રાખેલ ઘણુખરા મ. ના, એમ. એ. [illegible] ૪. રહાણી ટુંકેમેલતું અને બીજી વાતો [illegible] આનુવાદ [illegible] હિન્દ લગતોની અંગ્રેજીનું [illegible] ૬. [illegible] નાટકોની આવશ્યકતા—શ્રી [illegible] ૭. [illegible] ૮. [illegible] લીનતો-એવ [illegible] ૯. વિજ્ઞાનમંદિર [illegible] કાન્તિ [illegible] ૧૦. કાવિકાનું સૂતણુ—[illegible]

ચિત્રવિભાગ.

અંકની [illegible] શોભિત થયેલાં

૧. પંડિત નેહરૂ [illegible] સુન્દર છબી. [illegible] જોવામાં આવતી [illegible]


—૧૨ અભિનય-વાળો હાથ [illegible]

—અંકની કિંમત ૦. ૦॥

[illegible] ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી, [illegible]


બાર્ક ન. ૪૦૨

Oct 18





બાપરે!
હિન્દની અકાળ- દુષ્કા-
ળ આપત્તિનો ઉપયોગ હિન્દ
વાસીઓના હિન્દુના
હુમલા કરે! તેમનું ગા-
ળિક્ય દૂર કરો અને અનેક
દુખીના દુખ નિવારો
તમે નહિ આપો તો
અમે શા [illegible]?
આ આર્ય અને આપણી
બહાર વાત' અમે સૌ

હિન્દુ અનાથાશ્રમ, નડિઆદ,



ના ઊંચે તમારી
અને તેને નાની રકમ પણ આપો ને દેશના કલ્યાણમાં તમારો ફાળો આપો.





સમાલોચક.

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत्।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥ भ. गी. १७-१५

પુસ્તક ૨૪ મું.] જાન્યુઆરી, ઈ. સ. ૧૯૧૯. [અંક ૧ લે

તંત્રી—રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.
રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ., એલએલ. બી.
પ્રકાશક—રા. રમણીયરામ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી.

વિષયાનુક્રમણિકા.

વાર્ષિક લવાજમ રૂપીયા ચાર;
હિન્દુસ્તાન બહાર શીલીંગ છ=રૂ. ૫-૧૨-૦. છુટક અંકની કિંમત આઠ આને
૧૯૧૯, ૧૯૨૦ ને ૧૯૨૧ નાં ત્રણ વર્ષના લવાજમ રૂ. ૧૦, હિન્દબહાર રૂ. ૧૫
આ લવાજમ શરૂઆતમાં જ લેવામાં આવે છે

दग्ध विराघ मलयानिलचन्द्रपातै-
र्निर्वापित तु परिरभ्य वपुर नाम ।
अ मत्तकोकिलकलव्यथिमा तु हृदा
गत श्रुति पिबतु किन्नरकण्ठि वाक्यम् ॥　　मालतीमाधवम् ८, ४

ચિત્રકાર રા. રવિશંકર રાવળ

ઉષા—" સ્વરાજ્ય પ્રતિજ્ઞા."



શિવાજી-તરફ જોઈ રહ્યો હતો.

[પૃ ૫૫]

સમાલોચક,] [જાનુઆરી ઈ સ ૧૯૧૯

કૉપીરાઈટ.] [ચિત્રકાર-રા રવિશંકર રાવળ



પુસ્તક ૨૪ મું,] જાન્યુઆરી, ઈ. સ. ૧૯૧૯. [અંક ૧.

નિવેદન. 21,238

લેખક—રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ., એલએલ. બી.

પોતાની કારકીર્દિનું ત્રેવીસમું વર્ષ સમાપ્ત કરી, 'સમાલોચક' ચોવીસમા વર્ષને આરમ્ભ કરે છે. ઇ. સ. ૧૯૧૮ ની શરૂઆતમાં સમાલોચકના તન્ત્રવાહકોએ જે "બજેટ" રજુ કર્યું હતું ત્હેની સાથે ખરેખર થયેલી આવક-જાવકનો હિસાબ સરખાવતાં પરિણામ શું આવ્યું એમ છે તે તપાસવાથી તત્કાર્યનો યથાસ્થિત ખ્યાલ આવશે. તેમ જ ઈ. સ. ૧૯૧૯ માટેનું "બજેટ" આ સ્થાને નિવેદન દ્વારા રજુ કરવાથી આત્મપરીક્ષાના પરિણામરૂપ જે વસ્તુસ્થિતિ રજુ થાય ત્હેમાં વિવેકી ગ્રાહકો આત્મપ્રશંસા અથવા આત્મનિન્દાના ધ્વનિ નહિ અનુભવે એવી આશા છે.

સમાલોચકનું સ્વરૂપ ક્રમે ક્રમે કેવું ઘડાતું જાય છે તે સમ્બન્ધમાં ઇ. સ. ૧૯૧૮ ના જૅન્યુઆરીના અંકમાં પ્રકટ થયેલા "નિવેદન" માં નીચે પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો :—

"એક બાજુથી સ્વતન્ત્ર ચિન્તન અથવા વિદ્વત્તા એ ઉભયના પરિણામરૂપ ગંભીર અને મનનીય લેખો, બીજી બાજુથી સુધરેલા દેશોમાં પ્રધાનપદ ભોગવતા ચિન્તનનો ગુજરાતને પરિચય કરાવવાના હેતુથી વિવેચનના લેખો, ત્રીજી બાજુથી આપણા દેશના અને પ્રાન્તના વર્તમાન પ્રશ્નો વિષે સિદ્ધાન્તદૃષ્ટિથી તથા વ્યવહારદૃષ્ટિથી ચર્ચા કરનાર લેખો, ચોથી બાજુથી રસ્યવર્ણનો, નાટકો, કથાઓ આદિ મનોરંજક સામગ્રી રજુ કરનાર લેખો, પાંચમી બાજુથી વિષયોની સાથે સાક્ષરો ધરાવતા અથવા સ્વતન્ત્ર ચિત્રો: આ સર્વ સમાલોચકના વાચકવર્ગ સમક્ષ ન્યૂનાધિક અંશે યથાશક્તિ રજુ કરવામાં આવે છે. બુદ્ધિપૂર્વક યોજાતી રચનાની ઉચ્ચ કસોટીથી કસનારને

પુરુષચિત્ર (ગ. ઝવેરીકૃત) રૂ. ૧—૮—૦ એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ.

સમાલોચકમાં ન્યાને સ્થાને શિથિલતા જણાય તે એ અમ્હે અંગીકાર કરીએ છીએ, પરન્તુ એ પણ સાથે અમારે જણાવવાની રજા લઈએ છીએ કે સમાલોચકને કાંઈ પણ યોગ્ય જ ન હોય એવું પણ નથી. નવી શિષ્ટ અંગ્રેજી માસિકો, હિન્દુસ્તાનમાં પ્રસિદ્ધ થતાં અંગ્રેજી તથા ઇતર ભાષાના શિષ્ટ માસિકો, ગુજરાતના શિષ્ટ માસિકો, એ સર્વના આદર્શોનો યથાશક્તિ સંગ્રહ કરી સર્વાંગીય માસિક ગુજરાતને ચરણે અર્પણ કરવાનો "સમાલોચક"ના તંત્રીઓનો અભિલાષ છે. "વસન્ત"ની માફક વિ[illegible] લેખો, "નવજીવન"ની માફક વર્તમાન પ્રશ્નોની ચર્ચા કરનાર લેખો, "વીસમી સદી"ની માફક મનોરંજક અને લોકોપયોગી સામગ્રીથી યુક્ત લેખો તથા ચિત્રો આ પ્રમાણે સર્વ ઉપયોગી અને આનંદક તત્ત્વોના સંગ્રહરૂપ સમાલોચકને કરવાના ધોરણ ઉપર તંત્ર ચલાવાય છે. સમાલોચકનું ક્રમે ક્રમે બંધાતું જતું આ સર્વાંગી સ્વરૂપ સૂક્ષ્મ દૃષ્ટિથી જોનાર વાચકની નજર ખેંચ્યા વિના નહિ રહ્યું હોય. અમુક જ પ્રકારના અભિપ્રાયોનો પ્રચાર કરનાર પક્ષપત્ર બનાવવા કરતાં પ્રત્યેક વિષયની સર્વદેશીય ચર્ચા કરનાર નિષ્પક્ષ પત્રનું સ્વરૂપ સમાલોચકને આપવાનો ઈરાદો વિશેષ છે. સંક્ષેપમાં, ગુજરાતનાં જીવનની અનેકદેશીય જરૂરિયાતો પૂરનાર સામગ્રી એકત્ર કરવાનો સમાલોચકનો નમ્ર ઉદ્દેશ છે."

સમાલોચકના સ્વરૂપના ઉક્ત આલેખના અંગો ક્રમવાર લઈએ અને પ્રત્યેક અંગની ગયા વર્ષમાં શું થઈ શક્યું છે અને નવા વર્ષમાં શું કરવા ઇચ્છા છે તે જોઈએ. પ્રથમ અંગ "સ્વતન્ત્ર ચિન્તન અને વિદ્વત્તાના પરિણામરૂપ લેખો" છે. આ પ્રદેશમાં સમાલોચકે ગયા વર્ષમાં શું કર્યું? અને આ વર્ષમાં શું કરવું ધાર્યું છે? અમ્હારે સખેદ વદને સ્વીકારવું પડે છે કે સમાલોચકના ગત વર્ષના અંકો સામટા જોઈ જનારને એકદમ જણાશે કે સ્વતંત્ર ચિન્તનની તેમ જ વિદ્વત્તાની સેવા લગભગ કાંઈ પણ થઈ શક્યું નથી. સમાલોચકના એક તંત્રી રા. અંબાલાલ બુલાખીરામ જાનીનો ઑગસ્ટના અંકમાં પ્રકટ થયેલો "કવિ પ્રેમાનન્દ અને ભાષાભક્તિનો યુગ" એ લેખ સાહિત્યની દિશામાં અને ત્હેમનો નવેમ્બરના અંકમાં પ્રકટ થયેલો "નડિઆદ [illegible]" એ લેખ શોધખોળની દિશામાં વિદ્વત્તાના પરિણામ છે. ગુજરાતમાં સ્વતન્ત્ર ચિન્તનના ફળરૂપ લેખો લખનાર તો લગભગ કોઈ પણ નથી જ, કહીએ તો કોઈએ પોતાને અન્યાય થયેલો માનવાને કારણ નથી. અપૂર્વ વિચારકો ગુજરાતમાં કોણ અને કેટલા છે? વિદ્વત્તા—એકદેશીય કે અનેકદેશીય—પણ ગુજરાતમાં કેટલી બધી ભરી છે? કોઈ પણ વિષયનો સંગીન અને સાંગોપાંગ અભ્યાસ કરનાર વિદ્વાનો ગુજરાતમાં કેટલા?—અને ત્હેમાંથી યે, પોતે હસ્તામલકવત્ કરેલા વિષય વિષે સતત લેખપરમ્પરા લખી માસિકોને ઉન્નત ભૂમિકાએ મૂકી જવાનું ધર્મકૃત્ય કરનાર કેટલા? આવી સ્થિતિમાં સમાલોચક કે ગુજરાતનું કોઈ પણ [illegible] માસિક "સ્વતન્ત્ર ચિન્તન" કે "ગંભીર વિદ્વત્તા"ના પરિણામરૂપ લેખો પ્રકટ કરી ન શકે તે ગમે તેટલું શોચનીય હોય તો પણ શું સ્વાભાવિક અને ક્ષન્તવ્ય નથી?—આ છતાં ગુજરાતમાં જે થોડા ઘણા વિદ્વાનો અને અભ્યાસીઓ છે ત્હેમની પાસે મનનીય લેખો લખાવવાનો બનતો પ્રયાસ સમાલોચકના તન્ત્રીઓ કરતા આવ્યા છે અને કરશે.

બીજું અંગ "સુધરેલા દેશોમાં પ્રધાનપદ ભોગવતા ચેતનનો ગુજરાતને પરિચય કરાવવાના હેતુથી પ્રેરાતા લેખો" છે. આ પ્રદેશમાં પણ અમ્હારા પ્રયત્ન આ તેના સમ ધના જે ઉદ્‌ગારો કાઢ્યા પણ છે તેના જ કાઢવા પડે તેમ છે. અત્યારે જગતને ઉથલાવી નાખનાર યુદ્ધ વિરામ પામ્યું છે. એ યુદ્ધના સમ્બન્ધમાં કેટલું થોડું ગુજરાતના માસિકોમાં લખાયું છે? પાશ્ચાત્ય દેશોમાં યુદ્ધના જુદા જુદા સ્વરૂપો વિષે કેટલું નવું સાહિત્ય ઉત્પન્ન થયું છે, અને અહીં ગુજરાતીમાં તે વિષે કેટલું ઓછું લખાયું છે? જગતમાં બનતા મ્હોટા બનાવોથી અને અદ્‌ભુત વેગથી પ્રસાર પામતી ભવ્ય અને ઉન્નત ભાવનાઓથી ગુજરાતના માસિકો જાણે લગભગ અસ્પૃષ્ટ જ હોય એમ શું નથી લાગતું? અને આમ થવાનું કારણ શું? પ્રથમ તો ગુજરાતમાં એવું ચેતન હજી પ્રેરાયું નથી કે જે માસિકો પાસે આવી માગણી કરનાર વાચક વર્ગ એના સાહિત્યને માટે પુકાર કરી રહ્યા હોય તેમ બીજું, ખાસ નથી એવો સક્રિય લેખક વર્ગ ગુજરાતમાં કે જે જાતે ઉંઘે નહિ, ગુજરાતને ઉંઘવા દે નહિ, જે પોતે જગતનું ચેતન ઝીલે અને ગુજરાતને ઝીલવાની ફરજ પાડે, જે જગદ્‌ગંગાના પ્રવાહોથી ગુજરાતને તન્મય બનાવી દેવાનું ભગીરથ કામ કરે. અત્યારે લગભગ અવતારરૂપ ભાસતા પ્રેસિડેન્ટ વિલ્સન "આત્મનિર્ણય"નો પુકાર કરી રહ્યા છે એટલું જ નહિ પરન્તુ તે ઘણું સદાને માટે જગતમાં શાન્તિ સચવાય અને જગત્ સ્વતન્ત્રવાદીના પવિત્ર મન્દિરરૂપ બને તે સારૂ "લીગ ઑફ નેશન્સ"—પ્રજાઓનું મંડળ' સ્થાપવાનો ગંજાવર વ્યાવહારિક પ્રયાસ કરી રહ્યા છે. અત્યાર એક પછી બીજો આપખુદ રાજા પદભ્રષ્ટ થયે જાય છે અને જ્યાં ત્યાં લોકશાસન સ્થપાતું જાય છે અને છતાં ગુજરાતના માસિકોમાં આ બધી અતિશય અગત્યની બાબતો વિષે કેટલું થોડું લખાય છે? દુર્ભાગ્યે, જગતના જીવન ઉપર ગંભીર અસર કરનાર બનાવો અને ભાવનાઓના સતત અને નિકટ સહવાસમાં રહેનાર જીજ્ઞાસુઓ ગુજરાતના લેખકોમાં તેમ જ વાચકવર્ગમાં થોડા છે, અને જ્યાં સુધી તેવા લેખકો ગુજરાતમાં મોટી સંખ્યામાં ઉત્પન્ન ન થાય ત્યાં સુધી ગુજરાતના ઉત્તમ ગણાતા માસિકો શિષ્ટ અંગ્રેજી માસિકોની ભૂમિકાએ ક્યાંથી પ્હોંચી શકે?

ત્રીજું અંગ "આપણા દેશના અને પ્રાન્તના વર્તમાન પ્રશ્નો વિષે સિદ્ધાન્તદૃષ્ટિથી તથા વ્યવહારદૃષ્ટિથી ચર્ચા કરનાર લેખો" છે. આ દિશામાં સમાલોચક જે કામ કર્યે જાય છે તે માટે અનેક સ્થાનેથી સંતોષ પ્રદર્શિત કરવામાં આવ્યો છે. હિન્દુસ્તાનને માટે ગત વર્ષમાં અગત્યમાં અગત્યનો પ્રશ્ન 'મૉન્ટેગ્યુ—ચેમ્સફર્ડ સુધારાની યોજના'નો હતો. આ સમ્બન્ધમાં જેટલું અને જેવી રીતે ગુજરાતના માસિકોમાં લખાવું જોઈએ તેટલું અને તેવી રીતે નથી લખાયું એ શોચનીય છે, પરન્તુ તે દિશામાં થોડું ઘણું થયું છે તેથી સહજ સંતોષ થાય છે. કૉંગ્રેસ, સ્પેશિયલ કોંગ્રેસ, દી ઓલ ઇન્ડિયા કોન્ફરન્સ, મુસ્લિમ લીગ—કોન્ફરન્સ આદિ પ્રસંગો સમ્બન્ધી લેખો પ્રકટ કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં જે જે પ્રવૃત્તિઓ થઈ હતી તે વિષે તો ખાસ લેખો લખાયલા માલુમ પડશે. આ ઉપરાંત, "સ્વરાજ્ય માટે યોજના"ઓ રા. કનુભાઈ અંબાલાલ

દેસાઈનો લેખ, "મિ કર્ટિસની હિન્દી રાજકીય સુધારાઓની યોજના" એ શ હરસિદ્ધભાઈ દીવેટીયાનો લેખ, "વર્તમાન સમીક્ષા" એ રા હરિલાલ માણેકલાલ દેસાઈનો લેખ, "ગુજરાત અને રાષ્ટ્રીય પ્રવૃત્તિ" એ રા હિમ્મતલાલ અંજારીયાનો લેખ આદિ તરફ વાચકનું લક્ષ ગયુ હશે હિન્દુસ્તાનના તેમ જ ગુજરાતના વર્તમાન પ્રશ્નો વિષે ખાસ અભ્યાસ કરી લેખો લખવાનો પ્રયાસ સમાલોચકના તન્ત્રવાહકો તરફથી કરવામા આવે છે તે પ્રયાસ વિશેષ સતત, સગદ્દ અને વ્યવસ્થિત રીતે કરવાનો તન્ત્રવાહકોનો ખાસ વિચાર છે, અને છતા જે ગુજરાતના બન્ધુઓ સાર્વજનિક પ્રશ્નોના અભ્યાસીઓ હોય ત્હેમને સાર્વજનિક પ્રશ્નો વિષે ઉંચા પ્રકારના લેખો મોકલવા આમન્ત્રણ કરવામા આવે છે

ચોથુ અંગ "દેશવર્ણનો, કાવ્યો, કથાઓ આદિ મનોરંજક સામગ્રી રજુ કરનાર લેખો" છે વચ્ચે ગુજરાતના માસિકોમા પ્રવાસના વૃત્તાન્તો ઠીક પ્રકટ થતા હતા જે પ્રવાસી રસિક, સરકારી અને વિદ્વાન્ હોય તો ત્હેના પ્રવાસોના વર્ણનો આનન્દ અને જ્ઞાન આપે એવા હોય એમાં આશ્ચર્ય નથી વ્યાપાર, અભ્યાસ, વર્ષાયાના અથવા વિનોદાર્થ પ્રવાસો કરવામા ગુજરાતીઓ બીજા પ્રાન્તોના લોકો કરતા ઉતરે એવા નથી એ પ્રવાસોનો લાભ માસિકોદ્વારા ગુજરાતના લોકોને મળે તો કેવુ સારૂ ? આ દિશામા "ઈટલીનાં યશસ્વી દશ્યો" એ લેખે વાચકોનુ લક્ષ ખેચ્યુ હશે દીલ્હી, આગ્રા, બિજાપુર, અમદાવાદ આદિ સ્થાનોની ઇમારતોના વર્ણનો ગુજરાતના વાચકો સમક્ષ શુ રજુ કરવા જેવા નથી ? બ્હેન કમલિનીના "આબુ પર્વત" એ સચિત્ર લેખે પણ વાચકોનુ લક્ષ ખેચ્યુ હશે આબુ, ગિરનાર, પાવાગઢ, શેત્રુંજો આદિ ગુજરાતના ગિરિઓ છે કુદરતના દેખાવોની દૃષ્ટિથી ગુજરાત હિન્દના ઇતર પ્રાન્તો સમાન સમૃદ્ધ નથી, પરન્તુ જેવુ છે તેવુ આપણું છે અને ત્હેના દશ્યોથી પરિચિત થવુ એ ગુજરાતવાસીઓનું કર્તવ્ય છે

ગુજરાતના દુર્ભાગ્યે ગુજરાતી માસિકોમા નિર્માલ્ય કાવ્યો અને કથાઓ, સખ્યાબંધ લખાયે જાય છે સ્થિતિ એવી તો ભયકર છે કે તન્ત્રીઓના સમયનો વ્યય, કથાઓ અને કાવ્યોના ઘોડાઓને રદ કરવામા કેટલો યે થતો હશે નરસિંહરાવ, ન્હાનાલાલ, લલિત, ખબરદાર, સાગર આદિ ગુજરાતના ઉંચા પ્રકારના કવિઓ છે આ કવિઓમાથી મિ ખબરદારે આ વર્ષે લગભગ સાતેક કાવ્યો સમાલોચક ઉપર મોકલ્યા છે તે માટે ત્હેમનું સમાલોચક ઋણી છે તે ઉપરાંત રા અરુણ અને "દિવ્ય આદેશ" ની સજ્ઞાથી લખનાર કવિના કાવ્યો પ્રતિ પણ વાચકનુ લક્ષ ખેંચાયુ હશે રાષ્ટ્રચેતનના વિષયના કાવ્યો ગત વર્ષમા ઠીક પ્રકટ થયેલા વાચકોને જણાયા હશે ગત વર્ષમાં સમાલોચકમા પ્રકટ થયેલા કાવ્યો એકંદરે સામાન્ય ભૂમિકાના હતા રસ, કલ્પના, ભાવના, વિચાર, કલા, શૈલી આદિ દૃષ્ટિઓથી જોતા અહોબુદ્ધિ ઉત્પન્ન કરે અથવા તો વાચનારને મુગ્ધ બનાવી દે એવાં કાવ્યો દૃષ્ટિગોચર થતાં નથી ગુજરાત એ મુખ્યાશે વ્યાવહારિક પ્રદેશ હશે ત્હેમા કે કોણ જાણે કેમ હૃદયને હલમલાવી નાખનાર ભવ્ય, સુન્દર અને પ્રબલ કાવ્યો કેમ બહુ ઉત્પન્ન નહિ થતા હોય ?

પરન્તુ માસિકોને માટે વિશેષ યોગ્યતાથી આવશ્યક લક્ષણરૂપ ગણાતી ટૂંકી અને લાંબી વાર્તાઓના પ્રદેશમા પણ ગુર્જરાતના કેટલા લેખકો ધ્યાન ખેંચે એવી ખ્યાતિ પામ્યા

Marriage forms under Ancient Hindu law A 12, N M Tripathi & Co, Bombay.

કરી છે ? સ્વતંત્ર કથાઓના લેખક તરીકે અત્યારે જો કોઈ ગુજરાતી લેખક ધ્યાન ખેંચે એવા હોય તો તે રા કનૈયાલાલ માણેકલાલ મુનશી છે 'વેરની વસુલાત," "કોનો વાંક ?" "પાટણની પ્રભુતા," "ગુજરાતનો નાથ" આદિ લાંબી વાર્તાઓ અને "મ્હારી કમલા અને બીજી વાતો" એ સંગ્રહમાં એકત્ર થયેલી ટૂંકી વાર્તાઓ ત્હેમની શક્તિની સાક્ષી આપે છે, ત્હેમની ટૂંકી વાતો આવતે વર્ષ સમાલોચકમાં પ્રગટ થાય તે માટે ખાસ પ્રયાસ કરવામાં આવશે આ અંકથી નિનાજીની "સ્વરાજ્યપ્રતિજ્ઞા" એ સચિત્ર ચાલુ વાર્તા પ્રકટ થશે એ ઐતિહાસિક કથાના લેખક રા. પુરુષોત્તમ વિશ્રામ માવજીનું નામ ગુજરાતમાં મશહૂર છે ગતવર્ષમાં પ્રકટ થયેલી વાર્તાઓમાં સૌ મદનલક્ષ્મી પગેરીની "જ્યોત્સ્ના" અને "જગતમાં મગન" એ બે સ્વતંત્ર કથાઓએ વાચકોનું લક્ષ ખેંચ્યું હશે વસ્તુ, આલેખન તથા શૈલીમાં સાધારણ કરતાં જરા ઉંચા પ્રકારની સરકારિતા તે પ્રયાગોમાં દૃષ્ટિગોચર થાય છે રા છગનલાલ હરિલાલ પંડ્યાના તથા રા હરગોવનદાસ પ્રેમના અનુવાદો પણ વાચકના લક્ષ બ્હાર નહિ હોય ગુજરાતના માસિકોનું આ અંગ વિશેષ ખીલવવા અમ્હે ગુજરાતનાં સુશિક્ષિત સ્ત્રીપુરુષોને ખાસ વિજ્ઞપ્તિ કરીએ છીએ અમ્હે ઇચ્છીએ છીએ કે પશ્ચિમના સુધરેલા દેશોમાં જેવા સમર્થ સ્ત્રીપુરુષો કથાકારો તરીકે પ્રસિદ્ધ થયેલાં હોય છે તેવા અત્ર પણ થાય

આ જ અંગમાં બીજી કેટલીક બાબતોનો સમાવેશ કરવો ઠીક લાગે છે પ્રથમ તો ચરિત્રોની બાબત સદ્ગત અથવા વિદ્યમાન સ્ત્રીપુરુષોના માસિકોચિત ન્હાના ચરિત્રો પ્રકટ કરવાનો સમાલોચકનો એક અભિલાષ છે તે દિશામાં સમાલોચકે કરેલા પ્રયાસો પ્રતિ ગુજરાતની વાચનારી આલમનું લક્ષ ખેંચાયા વિના નહિ રહ્યું હોય, અને 'વિદ્યમાન ગુર્જર ગ્રન્થકારો," "વિદ્યમાન ગુર્જર અગ્રેસરો" આદિ શીર્ષકોથી પ્રકટ થએલાં ચરિત્રો તેમ જ "ભાઈ રણજિતરામ" તથા "ભાઈ ભોગીન્દ્રરાવ દીવેટીયા" એ ચરિત્રો વાચકના સ્મરણમાં હશે મહાત્મા ગાંધી, નામદાર વિઠ્ઠલભાઈ પટેલ, નામદાર ગોકુળદાસ પારેખ, સર પ્રભાશંકર પટ્ટણી આદિ ગુજરાતીઓનાં ચરિત્રો આલેખવા સમાલોચક ઇચ્છે છે બીજી બાબત હિન્દુસ્તાનની તથા ગુજરાતની સંસ્થાઓ વિષે લેખો પ્રકટ કરવાની છે આ દિશામાં જોઈએ તેવું વ્યવસ્થિત કાર્ય સમાલોચક કરી શક્યું નથી અને જ્યાંસુધી ઉત્સાહી ગ્રન્થસેવક અભ્યાસી આ લેખક તરીકે બ્હાર આવે નહિ ત્યાંસુધી સમાલોચક ભાગ્યે કાંઈ પણ પદ્ધતિસર કરી શકશે ત્રીજી બાબત "ન્હાના એટલું પુણ્ય" એ સૂત્ર બીજી દિશાઓની માફક આમાં પણ સમાલોચક સ્વીકારશે ચોથી બાબત ગ્રન્થાવલોકનોની છે એક દૃષ્ટિથી જોતાં સમાલોચના એ સમાલોચકનું મુખ્ય કાર્ય હોઈ આ દિશામાં દર્શાતી મન્દતા કોઈને અજુગતી લાગશે અમ્હારે જણાવવું જોઈએ કે રા ન્હાનાલાલ દલપતરામ કવિની "ઉષા" જેવી કથા પ્રકટ થાય અને ત્હેના અવલોકનો હજી સુધી ગુજરાતના અગ્રેસર માસિકોમાં પ્રકટ ન થાય એ શરમભરેલું છે છતાં તંત્રીઓ શું કરે ? જુદા જુદા વિષયોના અભ્યાસીઓ અને લેખકોની જ્યાં સ્વલ્પતા ત્યાં એકમે જણ કેટલો ભાર ઉપાડી શકે ? આવી સ્થિતિમાં કેટલું નથી થતું એ જોવા કરતાં કેટલું થાય છે એ જોવાની દૃષ્ટિ ખીલવવી એ શું

વિશેષ જરૂર નથી ? આ પ્રદેશમાં કાંઈક વિશેષ વ્યવસ્થિત અને નિયમિત કાર્ય કરવા સમાલોચક અભિલાષા રાખે છે, કારણ કે પ્રકટ થતા ગ્રન્થોનું અવલોકન એ સમાલોચકનું એક મુખ્ય કાર્ય છે. ચોથી બાબત લોકોને માહિતી આપવાના હેતુથી લખાયેલા લેખો સમ્બન્ધી છે. આ દિશામાં વિજ્ઞાનને લગતી જે લેખમાળા પ્રો. છોટાલાલ બાલકૃષ્ણ પુરાણી, એમ. એ., એઓએ લખી છે તે તરફ વાચકનું લક્ષ ખેંચાયા વિના નહિ જ રહ્યું હોય એવી અમ્હે આશા રાખીએ છીએ. કાવ્યના પ્રદેશમાં રા. ખબરદારનું જેમ સમાલોચક ઋણી છે તેમ વિજ્ઞાનના પ્રદેશમાં પ્રો. પુરાણીનું પણ તે ઋણી છે. આ ઉપરાંત "વિજ્ઞાનમર્મ" એ અંગ નીચે પ્રો. કાન્તિલાલ છગનલાલ પંડ્યા ત્હેમની સંસ્કારી અને સૂચક શૈલીમાં જે ઉપયોગી માહિતી આપ્યે જાય છે તે માટે ત્હેમનો પણ સમાલોચક આભાર માને છે. ત્હેમના જેવા વિજ્ઞાનને માટે ઉત્સાહ ધરાવનાર વિદ્વાન્ લેખક જરા વધારે વેગભરી પ્રવૃત્તિ બતાવી શકે તો વિજ્ઞાનના વિષયમાં ગુજરાત સમક્ષ ઘણી ઉપયોગી માહિતી રજુ થાય એવો સંભવ છે. સાહિત્યના પ્રદેશમાંથી તેઓ લગભગ નિવૃત્ત થઇ ગયા છે તે હાનિનો થોડો ઘણો પણ બદલો તો જ વળી રહે જો વિજ્ઞાનના પ્રદેશમાં સ્વતંત્ર અન્વેષણાથી કે ગાઢ વિદ્વત્તાથી કે વિજ્ઞાનના લૌકિક પ્રસારથી તેઓ કાંઈ સંગીન ઉપયોગિતા દર્શાવે.

લેખોની બાબત સમાપ્ત કરી, હવે ચિત્રોની બાબત જરા જોઇએ. ગુજરાતને માટે કવિઓની જે લાંબી યાદી છે ત્હેમાં ચિત્રકારોની ન્યૂનતા પણ ઉમેરવા જેવી છે. રા. રવિશંકર રાવળ અને રા. ત્રિભુવન પટેલ એ અત્યારે ગુજરાતના જાણીતા ચિત્રકારો છે. સ્વતંત્ર ચિત્રો, લેખો અંગેના ચિત્રો અને ફોટોગ્રાફોથી સમાલોચકને જેટલું આકર્ષક બનાવાય તેટલું બનાવવાનો પ્રયાસ કરવામાં રા. રમણીકરામ કાંઈ પણ કચાશ રાખતા નથી. બેશક, ભાઈ હાજી મહમદ અલારખીયા આ દિશામાં જે સાહસિક પ્રયાસો કરી રહ્યા છે તે જેટલા ગૌરવપૂર્ણ છે તેટલા જ ગુજરાતના અભિનન્દનને પાત્ર છે, પરન્તુ વીસમી સદીથી બીજે નમ્બરે તેવો જ ઉત્સાહભર્યો પ્રયાસ કરવા કોઈ માસિક મથતું હોય તો તે સમાલોચક છે. જેમ માસિકો ગુજરાતના સારા લેખકોને પોતાની શક્તિઓ માતૃચરણે અર્પવાનો પ્રસંગ આપે છે તેમ ચિત્રકારોને પણ આપે તો લેખકો અને ચિત્રકારોના સહકારથી માસિક સાહિત્ય વિશેષ સમૃદ્ધ અને સુશોભિત બને એમાં શંકા નથી. ચિત્રોને અંગે સમાલોચક જે ખર્ચ ઉઠાવે છે ત્હેની ગ્રાહકો કદર કરતા હશે એવી આશા છે.

અન્તમાં, અમ્હે ઇચ્છીએ છીએ કે ગુજરાતને ચરણે એક ઉંચી ભૂમિકાનું, છતાં લોકપ્રિય સર્વદેશીય માસિક અર્પણ કરવાનો અમ્હારો અભિલાષ સફળ કરવામાં ગુજરાતના સુશિક્ષિત લેખકો તથા ચિત્રકારો હોંસથી, મમતાથી અને ધર્મબુદ્ધિથી અમને યથાશક્તિ સાહાય્ય આપે, તેમ જ ગુજરાતની સુજ્ઞ પ્રજા—ગુજરાતના "લોકપ્રભુ"—અમ્હારા નૈવેદ્યને સ્વીકારે—સત્કારે, કારણ કે પ્રિયેષુ સૌભાગ્યફલા હિ ચારુતા અર્થાત્ સુન્દરતાની સાર્થકતા પ્રિયના ઉપભોગમાં છે. અમ્હારૂં વ્હાલું ગુજરાત કદર કરે એટલે અમ્હારો શ્રમ સફળ.

સત્યાગ્રહ સુશસ્ત્ર.

લેખક—રા હીરાચંદ મૂળશંકર ભટ્ટ.

સત્યાગ્રહ સુશસ્ત્ર—હમારા—સત્યાગ્રહ સુશસ્ત્ર
વન્દે શ્રી અર્હત—અજીત છે—સત્યાગ્રહ સુશસ્ત્ર
સત્યથી સરજેલ દ્રષ્ટિનો—સત્ય થકી જ નિભાવ
જુલ્મી—અન્યાયી નર છતે—સ્હામે ન્યાય ટકાવ

હમારા સત્યાગ્રહ સુશસ્ત્ર
ન્યાયે, સત્ય અપ્રકટ રહે પણ—સત્યે—પ્રકટે ન્યાય,
સત્ય, ન્યાયના પ્રેમી છે જે—આત્મા બળથી ગાય –
અજીત છે સત્યાગ્રહ સુશસ્ત્ર
ન્યાયી પાન્ડવ, રામ છતેના—તે શાસ્ત્રોના ચિન,
એની પે કોઈ ઔર અનુપમ—છે આ પરમ પવિત્ર,
હમારાં સત્યાગ્રહ સુશસ્ત્ર
સત્યાગ્રહી હરિશ્ચન્દ્ર મીરાં ને—પ્રહ્લાદાદિ અનેક
અસહ્ય—અગણિત કષ્ટો સહતા—ત્યજી ન સત્યની ટેક
અજીત છે સત્યાગ્રહ સુશસ્ત્ર
આન્તર બળ છે નીડર—આગને—વાણી સત્ય જ સ્પષ્ટ
સત્ય, ન્યાય, હક માટે લડતા—સહતા સ્નેહે કષ્ટ,
હમારા સત્યાગ્રહ સુશસ્ત્ર
સત્યાગ્રહ સુશસ્ત્ર—હમારા—સત્યાગ્રહ સુશસ્ત્ર
વન્દે શ્રી અર્હત—અજીત છે—સત્યાગ્રહ સુશસ્ત્ર *

---

* સને ૧૯૧૮ માં ખેડા જિલ્લાના ચિરસ્મરણીય સત્યાગ્રહ વખતે લખાએલું અને ગવાએલું હતાં અપ્રસિદ્ધ રહેલું કાવ્ય—હી.

ભારતવાસી આર્યોની આશ્રમવ્યવસ્થા સંબંધે થોડા છુટક વિચાર.

લેખક—ગ કલ્યાણરાય જેઠાભાઈ બક્ષી.

૧ જેમ વર્ણવિભાગની રચનામા "સામાજિક ઉન્નતિ" પ્રધાન હેતુ જોવામાં આવે છે તેમ આશ્રમવ્યવસ્થામા "વ્યક્તિનો ઉદય" પ્રધાન હેતુ હતો એવુ જોવામા આવે છે

૨ જ્યા સુધી વર્ણો માત્ર જન્મથી નહીં પણ સ્વાભાવિક ગુણકર્મથી મનાતી ત્યા સુધી સર્વ આર્યપ્રજા માટેની આશ્રમ-વ્યવસ્થા પણ એક સરખી જ હશે જે શૂદ્રો તથા સ્ત્રીવર્ગને વેદાધ્યયન તથા વેદોક્ત કર્મનો અધિકાર નથી એવા વચનો તથા તે નિર્ણયને અનુસરીને રચાયેલા અનેક પ્રબંધો સ્થળે સ્થળે મળી આવે છે, તે શૂદ્રો તથા સ્ત્રી વર્ગને એ અધિકાર એક કાળે હતો એ વાતની, નિષ્પક્ષપાત બુદ્ધિથી અવલોકન કરનારને, એ જ શાસ્ત્રોથી ખાત્રી થાય છે પ્રથમ તો ઉક્ત અનધિકાર વાદગ્રસ્ત ન હોય તો જે પ્રશ્નો ઉદ્ભવવા સંભવ નહી તેવા પ્રશ્નોની ચર્ચા મળી આવે છે આખ્યાયિકાઓમાથી વેદવિદ્ શૂદ્ર તથા સ્ત્રીજાતિના દૃષ્ટાન્ત મળે છે. કોઈ સ્મૃતિકાર સ્ત્રીઓને પણ યજ્ઞોપવિતના સંસ્કારની વાત લખે છે ને વળી બ્રહ્મચર્યને અંતે તેણીની મરજી પૂછવાનો વિધિ બતાવે છે કે, તેણી હવે "ગૃહિણી" થશે કે "બ્રહ્મવાદિની"? જેના પિતાનુ નામગોત્ર અજ્ઞાત એવા બાળકને તે સત્યવાદી છે માટે બ્રાહ્મણ તરીકે સ્વીકારાય કે મહાભારત શાન્તિપર્વમા, વરમા બ્રહ્માએ તો બધા બ્રાહ્મણો જ સર્જ્યા હતા એવુ કહ્યુ છે તે એ સમયને ઉદ્દેશીને જ ઘટાવી શકાય તેમ છે

૩ વર્ણભેદ જન્મ-પ્રધાન ગણીને વંશપરંપરામા ચલાવવાની પ્રવૃત્તિની સાથે, આશ્રમ-વ્યવસ્થામા પણ પ્રતિવર્ણને ઉદ્દેશીને ભિન્ન ભિન્ન નિયમો ઘડાય તે સમજવુ કઠિન નથી વેદાધ્યયનનો અધિકાર, ભણાવવાનો અધિકાર, વનેવાસ કરવાનો ને ફરવાનો અધિકાર ચતુર્થાશ્રમનો અધિકાર, બ્રહ્મજ્ઞાન તથા તજ્જન્ય મોક્ષનો અધિકાર વગેરે બધા સર્વસામાન્ય અને પછી વર્ણપરત્વે ભેદ્વાળા થયા હશે એ ફેરફારનો પણ સારો હેતુ કલ્પીએ તો સમય તથા શક્તિના વ્યયની કરકસરનો સંભવ છે બાકી એ પ્રમાણે અમુક સમય ચાલ્યા પછી તો, જેની બુદ્ધિ જે દિશામા ન ખેડાય તેટલા પ્રદેશમા તેની અયોગ્યતા થઈ જાય એમા કંઈ કહેવાપણુ નથી

૪ વેદાધ્યયન તથા વેદોક્ત સસ્કારો અને યજ્ઞાદિ કર્મોમા શૂદ્રોનો અધિકાર કદાચ એકદમ બંધ પાડવામા આવ્યો હોય, પરતુ સ્ત્રીઓનો તેવો અધિકાર તો પ્રથમ પૂર્ણમાથી પતિ જોડેના ધર્માચરણમા આવશ્યક હોય તે સિવાયનો ને પછી બધો એમ ધીરે ધીરે બંધ પડેલો હશે એવુ માનવાના કારણ મળી આવે છે.

૫ પ્રત્યેક આશ્રમના કાળની મર્યાદા, નિયમ તરીકે, મનુષ્યજીંદગીના અંદાજ ચોથા જેટલી, એટલે ચારે આશ્રમ માટે સરખી રાખી જણાય છે, અપવાદના પ્રસગોમા વધુ

ઘણુની સરતના હોય તેમા આશ્ચર્ય નહીં એવી સરતના તો જે અવધી જડતા પામે, મૃત-પ્રાય થાય, તેમાંથી નીકળી જાય છે તેવો સમય આવ્યા પછીના તેમ જ "પડ્યો તેને નોંધુ" એ વ્યવહારથી માહાત્મ્ય વધારવા માટે જે લેખો રખાયા હોય તેથી સાવધાન રહીને અવલોકન કરવામા આવે તો જ કાંઈક યથાર્થતા હાથ લાગે તેવુ છે

બ્રહ્મચર્ય આશ્રમ.

૬ આ પ્રથમ આશ્રમમા સિદ્ધ કરવાનુ કર્તવ્ય મુખ્યત્વે ભવિષ્યમા આવશ્યક તથા ઉપયોગી એવી, "સર્વ શકિતઓનો સચય" હતુ જેમ કે વીર્ય બળ, તેજ, વિદ્યા, ધર્મ વગેરે આ આશ્રમનુ કાળપ્રમાણ નિયત કરવામા વિકલ્પો થયેલા જોવામા આવે છે પરતુ એ બધામા ખાસ આગ્રહ એ રખાયલો તરી આવે છે કે જે તે વ્યક્તિમા સંભવ હોય તેટલો શકિતસચય પુરેપુરો થવો જોઈએ પુરૂષશરીર કરતા સ્ત્રીશરીર વહેલુ બધાઈ રહે છે, અદાજ આઠ વર્ષનુ અતર પડે છે આશ્રમવ્યવસ્થા રચનારાઓના મ્હોટા ભાગની સમજણ એવી હતી કે સ્ત્રીશરીર ૧૬ વર્ષની વયે અને પુરૂષશરીર ૨૫ વર્ષની વયે બધાઈ રહે છે, અને તેથી આ આશ્રમની શરૂઆતનો સમય બન્ને માટે સરખો છતા તેની સમાપ્તિનો સમય સ્ત્રીઓ માટે ૧૬ ને પુરૂષો માટે ૨૫ વર્ષનો રાખેલો છે આ પછીના આશ્રમમા પ્રવેશનુ એટલે લગ્નસસ્કાર માટેનુ જે વય બતાવ્યુ છે તે ઉપરથી આ વાત વધુ સ્પષ્ટ થાય છે

૭ પૂર્વ કાળના આપણા વિદ્વાનોએ મનુષ્યશરીરના અવસ્થાન્તરના જે ૭ પ્રકાર ગણાવ્યા છે તે માહેની ત્રીજી અવસ્થા જે "વર્ધતે" એ સજ્ઞાથી ઓળખાય છે તે અવસ્થા જ આ આશ્રમ માટેનો સમય સમજાય છે પહેલી બે અવસ્થા "જાયતે" અને "અસ્તિ" પુરી થાય તે યજ્ઞોપવિતના સસ્કારનો એટલે બ્રહ્મચર્ય આશ્રમમા પ્રવેશયોગ્ય સમય લેખાયો છે કોઈ પણ શક્તિનો શક્ય હોય તેટલો સચય થયા પહેલા તેનો વ્યય શરૂ નહીં કરવો એ અગત્યનો મુદ્દો આ વ્યવસ્થામા પ્રથમ સ્થાન ભોગવે છે

૮ આ આશ્રમનો લાભ લેવાનો અવસર પુરૂષ કરતા સ્ત્રીશરીર માટે ટુકો હતો, પણ શરીરના બાંધા માટે તો સૃષ્ટિક્રમથી એટલો ઓછો સમય સ્ત્રીશરીરને જોઈએ તેમ છે વિદ્યાભ્યાસમાં પણ મનની શક્તિ ખીલવવાની તથા સામાન્ય જ્ઞાનભડોળની પ્રાપ્તિની જરૂરીયાત બન્નેને સરખી છતા, આજીવિકા માટેના ખાસ કોઈ પણ ધધાને લગતા વિષયો પુરૂષોએ વધારેમા શીખવાના હતા એટલે પુરૂષને તેટલો વધુ વખત આ આશ્રમમા એ "શક્તિ સચય"ની પૂર્ણતા કરવામાં લાગે તેમ હતુ સ્ત્રીઓને પુરૂષે કરવાના ધધામા જોડવાનુ આપણા એ કાળના નેતાઓએ પણ ઇષ્ટ ગણ્યુ નથી

૯ કુટુબમા કે મોહોળા જનસમુહમા વસવાટથી જે અનેક વિક્ષેપો શરીર તથા મનના વિકાસમા અને અભ્યાસને નડતરરૂપ થાય છે તેમાથી ગુરૂકુળવાસથી બચાવ થતો સ્વચ્છ હવા તથા પાણીનો લાભ મળતો નિવાસમા સૃષ્ટિસૌન્દર્ય પણ સહાયક થતુ માબાપોની આર્થિક અને એવી બીજી ઔપાધિક ઉચનીચ સ્થિતિના ભેદ બાળકની નજર પાસે સતત રહેવાથી

જે દોષોનો ઉદ્ભવ થાય છે તેનો અભાવ રહેતો મદાચાર માટે બોધ ઉપરાંત ગુરુજનો વચ્ચેનો વ્યવહાર દશ્ય મળતુ આર્યોના વિશિષ્ટ તત્ત્વનિર્ણયો તથા ધર્મભાવનાના સંસ્કારનુ સારૂ દષ્ટિકરણ થતુ અને જેમણે "જાનતે" તથા "અસ્તિ" એ બે અવસ્થા અતિશય ભિન્ન ભિન્ન પરિસ્થિતિમા ગાળેલી અને ભવિષ્યમા ગૃહસ્થાશ્રમ પણ કેવળ જુદા જુદા સંયોગો વચ્ચે તથા કોઈ પ્રદેશોમા જેમને ગાળવાનો હોય તે સર્વમા અનેરો બ્રાતૃભાવ બંધાતો હતો

૧૦ વળી આ આશ્રમમા રાજકુમાર, ગર્ભશ્રીમંત અને ગરીબ સર્વને માટે "ભિક્ષાન્ન" થી પોતાનુ પોષણ કરવુ એવી ઘટના રાખી હતી તેમા પણ અનેક લાભોના બીજક હતા ગરીબના છોકરા શ્રીમંતોના દાનથી પોતાનુ પોષણ ચલાવે તથા વિદ્યાભ્યાસ કરે તેવી સમાજ વ્યવસ્થા હોય તો પણ, તે દેનારના મનમા "હું મદદ ઉપકાર કરૂ છુ" ને લેનારના મનમા "હુ ભાગ્યહીન છુ" એવી ભાવનાના અકુર ફુટે તે લાબી નજરે જોતા સમર્થવાળી વ્યક્તિઓને અને એકંદરે સમાજને માટે પણ અનિષ્ટ છે પણ જ્યા ભિક્ષા માગીને જ પોષણ કરવુ એ બ્રહ્મચર્ય આશ્રમનુ કર્તવ્ય ગણાય ને તે ભિક્ષા તેવા વિદ્યાર્થીઓને આપવી તે ગૃહસ્થાશ્રમનુ પણ કર્તવ્ય ગણાય ત્યાં ઉક્ત અનિષ્ટ ભાવનાઓને અવકાશ નથી મળતો ઉપરાંત ભિક્ષા માગવા નિકળ્યો તે, તેટલા ઉપરથી જ, હલકો વા નિર્માલ્ય ગણાય એવી કલ્પનાઓ ત્યાંથી ઉત્પન્ન પામતી નહીં પૂર્વકાળના આર્યાવર્તમાં "પ્રતિષ્ઠિત ભિક્ષુક" જે દુનિયાના અન્ય કોઈ પ્રદેશમા નથી થઈ શક્યા તે હતા ને તેમના વિદ્યા તથા ગુણમાં પૂજ્યભાવ સ્થાપિત થઈ શકતો તે આ વ્યવસ્થાને આભારી હતુ

૧૧ આમ શરીરમનની પૂર્ણપણે શક્તિ ખીલવવી તથા જીવન વ્યવહારમા અતિ સુખી જેનો ખપ પડવાનો તેવા જ્ઞાનનુ ભંડોળ મેળવવુ અને જેનામા જે ખાસ ધંધાની યોગ્યતા તે ધંધાની કેળવણી લેવી એ બધુ "આશ્રમધર્મ"મા લેખાતુ ત્યા આજ આપણે "ફરજીઆત કેળવણી" થી જે આશાઓ બાંધીએ છીએ તે બધી બર આવતી જોવી જોઈએ અને "મફત" કેળવણીથી આજ માત્ર "ફી" માફી કરવાના મથીએ છીએ તે જગાએ એ જુની વ્યવસ્થામા સર્વને માટે "ખાનપાન" સહિત બધુ મફત થતુ, અને લેનારદેનાર બન્ને પક્ષ પોતપોતાનો ધર્મ અદા કરીએ છીએ એમ જ સમજતા વિદ્યાગુરૂ નિ સ્વાર્થ ને પ્રેમથી ભણાવતા "ઉપકાર કરીએ છીએ" એવી ભાવનાવાળા નહોતા પણ "અમારી ઉપરનુ ધાર્મિક કરજ દઈને અમે અનૃણી થઈએ છીએ" એવું માનતા હતા સાક્ષાત્ બોધ આપવાથી જે સદ્ગુણોનુ આધાન થાય તે ઉપરાંત આ બધી વ્યવસ્થા એવી ગોઠવાઈ હતી કે અનાયાસે અનેક ઉચ્ચ ભાવનાઓ ઉગી નીકળે

૧૨ જ્યા સુધી બ્રહ્મચર્ય આશ્રમ, સુરચના પુષ્ટ તથા સંપૂર્ણ હોય તે સર્વ પ્રકારની દૈવી સંપત્તિઓ (શરીરબળ મનોબળ ધર્માધર્મનુ જ્ઞાન વિદ્યાનીતિ વગેરે) નો સંચય કરવાનો હેતુ લક્ષમા રાખીને પળાયો ત્યા સુધી ભારતવર્ષના ગૃહસ્થાશ્રમમા નિત્ય ઉત્તમ પ્રતિના સ્ત્રી-પુરુષોની ભરતી થતી રહી અને નિસ્તેજ તો ભાગ્યે જ કોઈ રહેતુ હતુ

૧૩ આપણી એ પુરાતન વ્યવસ્થાઓમા પુરુષકાર્યની સાથે હમેશા દેવાનયને ગુથેલો જોવામા આવે છે દેવોનુ પોતાનુ મુખ્ય કર્તવ્ય સમષ્ટિજગતના અભ્યુદયનુ છે તેમા જેઓ એમને ઉપયોગી બને તેમને જ પ્રત્યુપકારની રીતે દેવો સહાય આપે છે પરસ્પર યજ્ઞ થવાની અપેક્ષા છે—એ સિદ્ધાત, દેશકાળ બદલાવાની સાથે, અમે ભુલ્યા. અમુક વિધિથી દેવોને ઉદ્દેશીને અગ્નિના કરવા માનુષી વા કલ્પ એમના નિમિત્તે અગ્નિ કે બ્રાહ્મણના મુખમા હોમવા માનથી અમે દેવાશ્રયના હકદાર થઈએ છીએ તથા અમો પરમાત્માએ આપેલા ઇન્દ્રિયો અને અંત કરણાદિને કેળવીને તેવડે પુરુષાર્થ કરવાની પછી કઈ જરૂર નથી એ માન્યતા તરફ અમે વધુ વધુ ઢળતા ગયા બ્રહ્મચર્ય આશ્રમના પ્રવેશ તથા તેની સમાપ્તિને પ્રસિદ્ધ કરવાની બાહ્યોપચારની ક્રિયાઓ, અને રૂપાન્તરથી નાટક જેવી પણ, કરવાનો અમે આગ્રહ રાખ્યો, પરતુ એ આશ્રમની ફળસિદ્ધિ માટે અમારે પોતાને આહાર, વિહાર, અધ્યયન, ચારિત્ર્યાદિ જે નિયમોનુ અમારી "વધતે" નામક શારીરિક આપણી અવસ્થામાં અનુષ્ઠાન કરવાનુ તેનુ અમે જાણ્યે કે અજાણ્યે ઉત્થાપન કરી બેઠા ગુણકર્મમાથી દષ્ટિ હઠાવીને કેવળ બ્રાહ્મણશરીરને પૂજ્ય ઠરાવવાનુ આવી વેળામાં સમજ્યુ હશે

૧૪ આશ્રમ વ્યવસ્થાના હેતુ દુર્લક્ષ થવાથી કેવા કેવા અનર્થમા અમારી ધર્મબુદ્ધિનુ આરોપણ થઈ શકયુ તેનુ એક જ દૃષ્ટાન્ત બસ થશે આર્ય શિષ્ટો સ્મૃતિનુ યોગ્ય જોડુ રચવામા વર કન્યાનુ યોગ્ય વય કેટલું સ્વીકારતા હતા તે વર કન્યાની લાયકાતના વર્ણન, ગૃહ્યસૂત્રો વગેરેમા લગ્નવિધિના જે તે વર્ણન આપ્યું છે જેનો આ ખાસ વિષય ગણાય તેવા સ્પષ્ટ નિર્દેશો, વગેરેથી નિર્વિવાદ સમજાય છે એ સમય જ્યારે પુરુષને સ્ત્રી માટેની અને કન્યાને પુરુષ માટેની, પોતપોતાના શરીરની સ્થિતિ સ્વાભાવિક સૃષ્ટિક્રમથી બદલાતા, નૈસર્ગિક કામના ઉદ્ભવે ત્યારનો ગણ્યો છે આમ છતા, કોઈ સ્મૃતિમા લગ્ન માટેની કન્યાની યોગ્ય ઉમર વર્ષના આંકડાથી બતાવાઈ તથા તે કબુલ કરાવવા તેના વાલીઓને અસદ્ગતિના ભયથી ડરાવ્યા તે શ્લોકથી, જાણે સઘળો ધર્મશાસ્ત્રનો સમૂહ નિરર્થક થઈ ગયો હોય, તેવો વ્યવહાર અમે ચલાવી દીધો ને પછી તે લોક ને ટેકાના લેખો વધતા ગયા શરીર પુરૂ બધાઈને દૃઢ થયા પહેલા, વિદ્યાભ્યાસ તથા બુદ્ધિનો વિકાસ પુરો થવા પહેલા, ધર્મ તથા નીતિનુ શિક્ષણ, જે બોધ ઉપરાંત, નિયત સમય સુધી સતત પ્રત્યક્ષ શિષ્ટાચરણ શિષ્યના અવલોકનમા આવ્યા કરે અને તે પોતાના આચરણમા મૂકવા કરે, એ યોજનાથી હૃદ બેઠુ, તેને જરા પણ જોર કરવાનો સમય આપ્યા વિના,—કુળમા રહ્યા હોય તે માટે દેવી સંપત્તિઓ બદલે કોઈ એક ઐશ્વર્યનો પણ પુરતો સંચય થવાની પૂર્વ જ લગ્ન કરી ગૃહસ્થાશ્રમી થવુ એ જાણે નિયમ હોય તેમ વ્યવહારમા ચાલ્યુ અને ખરો નિયમ હતો તેના અપવાદ રૂપે પણ ક્યાંઈ દર્શન થાય તેવુ રહ્યું નહીં 'કાચુ કપાયુ' તેના ફળ જેવા કુસતમાં આવવા ઘટે તેવા આ થા

૧૫ કન્યાના લગ્ન માટેની યોગ્ય વય સબંધે જે શ્લોક છે તેવો કોઈ પુરુષના યોગ્ય વય માટે 'શ્લોકવાક્ય' નથી, છતા તેને પણ બાલકાળ વિના ધીસરે જોઈ દેવામાં આવે છે એટલે

એમે કોઇ નિરર્થકવાગ્ (પ્રક્ષિપ્ત વા પ્રસંગવશાત્ ગ્રહણ થયેલ) શાસ્ત્રવચનથી જ પ્રેરાયા છતાં એના બચાવને પણ અવકાશ નથી એમ ભ્રમમાં પડીને ખરા માર્ગ પડ્યો મૂકયો ને ચ્યવાઈ ગયા તેના મુખ્ય કારણ, દેહાશ્રયનો અતિયોગ, તજ્જન્ય પુરૂષવાગ્નો પ્રમાદ અને ધર્મશાસ્ત્રના વિધિનિષેધના વચનોના અંતરમાં રહેલ હેતુનું દુર્લક્ષ થવાથી વિવેકબુદ્ધિને થયેલો પક્ષાઘાત એ જોવામાં આવે છે

વૈરાગ્ય.

૧૬ અનેક જન્મોના અનુભવથી જીવાત્મા દેહાત્મભાવથી સર્વાત્મભાવ સુધી વિકાસ પામે એ જ જન્માન્તરમાં મુખ્ય હેતુ આર્ય ધર્મશાસ્ત્રોએ માન્યો જણાય છે "મારૂં" ને "તારૂં" અથવા "પોતાનું" ને "પારકું" એ ભાવના અંતઃકરણમાં ઉઠે ત્યાં સુધી જ સંસાર સાર્થક છે "મારૂં" ને "પોતાનું" એ ભાવનામાં ભળે જગતનો વધુ વધુ અંશ પેસે તથા "તારૂં" ને "પારકું" એ ભાવનામાં ઓછો ઓછો અંશ રહેતો જાય તો પણ એ બે ભાવનાનો વિષય રહે ત્યાં સુધી સંસારનું પ્રયોજન છે પૂર્વ જન્મોના અનુભવથી જેઓ સર્વાત્મભાવ પ્રાપ્તે સમ્યગ્દર્શનની છેક નજીક પહોંચ્યા હોય તેવા જીવાત્માને બ્રહ્મચર્યને અન્તે ગૃહસ્થ થવાનું ન રૂચે તે સ્વાભાવિક છે એવી વિરક્ત વ્યક્તિઓ આખું જીવન વૈરાગ્યમાં જ ગાળતી તેઓમાંની કોઈ નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાય ને કોઈ સન્યાસી કહેવાય એ તફાવત જોડે આપણે સબંધ નથી જ્યાં સુધી અંતઃકરણની ઉક્ત સ્થિતિવાળી વ્યક્તિઓ જ આશ્રમો સોંસરો જે લાંબે રાજમાર્ગ હતો તે પડ્યો મૂકીને, ટુંકી સીધી કેડીએ ચડતી ત્યાં સુધી એ ત્યાગીઓનો વર્ગ સમાજને પણ અત્યુપકારક થતો વૈરાગ્યનું સ્વરૂપ બતાવતાં, તેમાં સંસારમાં દોષદૃષ્ટિ આવશ્યક ગણવામાં આવે છે, પરંતુ ભેદબુદ્ધિને જ સંસાર લેખતા હોય તો એ સમજ બંધ બેસે નહિ તો "સર્વભૂતહિતેરત" એ જ્ઞાની સન્યાસીનું લક્ષણ છે તે શી રીતે બને? વળી શ્રી ભગવાનમાં જે છ ભગ નિરતિશયતાથી સદા વિદ્યમાન છે તેમાં "વૈરાગ્ય" પણ આવે છે, છતાં ભગવાન જગતના દ્વેષી વા જગતમાં દોષદૃષ્ટિ રાખનાર તો નથી જ એમનો જગત સાથેનો સબંધ સુહૃદ્પણાનો છે એટલે જ્યારે અનેક વિપ્લવોના ધક્કામાં વા સુખદુઃખના અનુભવમાં સંસારી જનોની મતિ રાગદ્વેષથી ડહોળાઇ જાય ત્યારે, આ સમદૃષ્ટિવાળા ને અખિલ જનસમાજના સ્થાયિ હિતમાં પ્રેમવાળા વૈરાગ્યવાન પુરૂષો તે મતિને ઠામણે રાખતા ટુંકામાં આસન્ન કર્તવ્યની સફળતા માટે તાત્કાલિક ઉપાયો યોજવા એ સંસારી ગૃહસ્થોનું કામ, પરંતુ ખરા ને ટકાઉ લાભના માર્ગો પરથી દૃષ્ટિ ખસી ન જાય અને એ માર્ગો હમેશાં સારી સ્થિતિમાં જળવાઈ રહે એ વ્યવસ્થા ત્યાગીઓથી થાય વિવેક અને સ્વાર્થત્યાગ અથવા કેવળ લોકસંગ્રહાર્થજીવન એ જ એમનું ખરૂં દૃશ્ય સ્વરૂપ છે જ્યારે આ વાત વિવેકબુદ્ધિમાંથી ખસી ગઇ, લોકો અજ્ઞાન તથા ભયમાં પડી જઇને વેષ માત્રને નમતા ભજતા થયા અને "સમ્યગ્દર્શન" ની ગંધ માત્ર પણ જેમનામાં ન હોય તેવા આળસ, અશક્તિ કે ધૃષ્ટતાથી વિરાગી

બનવા લાગ્યા ત્યારે એવા અસ્થાને પૂજ્ય ભાવના ને ખોટા સંસારત્યાગના જેવા વિપરીત પરિણામ આંચના ઘટે તેવા આવ્યા

ગૃહસ્થાશ્રમ.

૬૭ ગૃહસ્થાશ્રમનું કર્તવ્ય એવું સમજાય છે કે બ્રહ્મચર્યમાં સંચય કરેલી શક્તિઓનો, ધર્મ તેમજ નીતિના નિયમોના આદરમાં ચુસ્ત રહીને, પોતે તથા પોતાના હોય ને થતા જાય તેમના સુખ સારૂ સાધનો મેળવવા તથા ભોગવવામા ઉપયોગ ખાનપાન સહિત સર્વની ગણના કર્તવ્યમા રાખેલી એટલે તેમાં સ્વાર્થપરાયણતા, ઓછી થવાનો સંકેત હતો સર્વોત્કૃષ્ટ ધર્મ "સત્ય" અને સર્વથી અધમ પાપ "અસત્ય" આ માન્યતામા આર્યોના અભ્યુદયનો પાયો હતો અનુભવમાં જેટલું ઐક્ય આવી શકે તેટલું સ્વીકારીને થાનું પોતામા વધુવધુ ઉમેરીને અભિવૃદ્ધિ કરવી એ સ્વાભાવિક વૃત્તિ હોવાથી એ બાજુના પ્રયાસ થયા જ કરે, પરંતુ વસ્તુત "સ્વસંવેદ્ય" જેટલામાં "સ્વ" ની ભાવના સ્ફુરી હોય તે કરતા વધુમા ઐક્યનુ ઢોંગથી કથન કરવામા આવે એવી આધુનિક સમાજની રચના છે તેવી ન હતી દાંપત્ય, કુટુંબ, વર્ણ, રાષ્ટ્ર આદિમા ક્રમશ પોતાપણાની ભાવના ફેલાતી જાય એ, ધર્મ તથા નીતિના નિયમોમા મજબુત રહીને સ્વાર્થ સાધવાના પ્રયાસનુ સહજ પરિણામ દેખાય છે બ્રહ્મચર્યમાં સર્વના ઐક્યનો બોધ સારી રીતે બુદ્ધિગ્રાહ્ય થયેલો હોય તે, વ્યવહારમા જુદા-જુદા સબંધો તથા પરિસ્થિતિમા મૂકાવાથી, ધીમે ધીમે અનુભવમા આવતો જાય સુધરેલી જગત્ સ્થિતિમાં પોતાને પણ, પુનર્જન્મના સિદ્ધાન્ત પ્રમાણે, આવવાનુ અનેક વાર થવાનું એ માન્યતા અમને જગત્ સુધારણામા પ્રેરનાર વિશેષ કારણ થાય તેવી છે મંત્રોથી દેવોનુ સહાય અને તંત્રોથી સૃષ્ટિના છુપા નિયમોનુ જ્ઞાન ખપમાં લેવાના જે પ્રબંધો હતા તે પણ પ્રગતિ માટેના પ્રયાસ હતા "ઇશ્વરાર્થે" કર્મનો અર્થ "વિશ્વને અર્થે" એમ જ માનેલો સમજાય છે, અને જે અનેક શોધખોળ થયેલી જોવામાં આવે છે તે કરનારાઓ પોતે ઇશ્વર સેવા કરે છે એવી બુદ્ધિથી જ કરેલી છે સાદા ને સરળ જીવન ઉપર એટલો બધો આગ્રહ જોવામા આવે છે કે "પૈસો" એ જ ઐશ્વર્ય અને "શ્રીમતાઈ" એ જ વંદનીય એમ મનાઇ જવાની દુર્દશા કદી આવી ન શકે સર્વ વ્યવહારોની યોગ્યાયોગ્યતા કર્તવ્યની જ દૃષ્ટિથી તપાસવાનુ ધોરણ રાખેલું હતુ, હકની દૃષ્ટિથી જોવાનો બોધ ક્વચિત્ જ થતો હશે, આ બાબતમા એટલો બધો આગ્રહ જોવામાં આવે છે કે "આત્મરક્ષણ" ની પણ કર્તવ્યમા જ ગણના થયેલી છે બીજી બાજુથી જ્યા આત્મરક્ષણ ધર્મ ગણાયો ને ધર્મ સારૂ પ્રાણનુ પણ સમર્પણ કરવા તત્પર રહેવામા શ્રેય પ્રાપ્તિનો નિર્ણય હતો, ત્યા "આત્મભાવ" ની કક્ષા જેની જેટલી વિસ્તૃત હોય તેના પ્રમાણમા તેને પોતાનુ સર્વ સામર્થ્ય ખરચી નાખીને ધર્મ સાધવાના પ્રસંગો સહેજ આવે તેમ હતું, અને પ્રબલ વિર્યવાન પરાક્રમરહિત બનવાનો સંભવ દૂર રહે એ હેતુ પણ સચવાતો અષ્ટાંગ યોગ જે કેવળ ત્યાગીઓને જ ઉપકારક ગણાયો તેમા પણ છેક "નિર્વિકલ્પ સમાધિ" સુધીના બધા અંગ ગૃહસ્થને પણ પોતાના વ્યવહારમાં વધુ ને વધુ તારક ને

સમર્થ બનાવે તેવા છે એ ક્રિયા અવલોકનશક્તિ વધારનારી જણાય છે, અને તે શક્તિનો ઉપયોગ ગૃહસ્થ તેમ જ ત્યાગી પોતપોતાના કર્તવ્યની સિદ્ધિમા કરી શકે તેમ છે ગર્ભાઓએ ગર્ભસ્થ થવાનું તે પણ "મત્તા ભોગવવાની" બુદ્ધિથી ન હતુ પણ 'પોતાનો ધર્મ બજાવવાની" બુદ્ધિથી હતુ પૂર્વ જન્મોના સંકલ્પોને લઈને ઠરી પોતાને રાજાના કર્મ ઉપર નિયોજે ! છે અને એ કર્મ યોગ્ય તથા ઇષ્ટ પ્રકારે, પ્રભુ જેથી પ્રસન્ન થાય તેવે પ્રકારે બજાવવા ઉપર ભવિષ્યના સારા જન્મ મળવાનો આધાર છે એ તેબરાબર જાણતા તથા માનતા વળી રાજ કરતા પણ "દંડ" એટલે "પ્રબંધ"નો વિશેષ અધિકાર ગણવાનો શાસ્ત્રોનો આદેશ હતો આમ છતા અપવાદરૂપ કોઈ અણસમજુ નાસ્તિક નીકળે તો તેનો નિગ્રહ કરવો' એ પ્રજાના કર્તવ્યકર્મમા ગણાતુ- ધર્મને નામે વહેમ, પામરપણુ, નિરૂદ્યમ, આળસ, રોગ, અશક્તિ વગેરે પ્રસરેલાં વર્તમાનમા જોવામા આવે છે તે આશ્રમોની વિકૃતિ તથા અભાગી ધર્મ સબધી માન્યતામાં થયેલી બાહારની મેળવણીને લીધે બન્યુ છે એવી મારી માન્યતા થાય છે

૧૮ જે શ્રૌત યજ્ઞયાગ તેમના મૂળ વૈદિક સ્વરૂપથી જ કામ્ય કર્મો છે તે નિષ્કામ કરવાનો બોધ પાછળના સમયમા થયો છે હવે એ કર્મોને અસ્તિત્વમા લાવનાર જે તે કામના, અપૌરુષેય વેદથી નિર્માણ થયેલી, તે કહાડી નાખવાનુ કેમ કહેતા હશે ? પ્રયોજન કહાડી નાખ્યા પછી તે કર્મ પોતે તેના મૂળ સ્વરૂપમા શી રીતે રહે ? એ બોધનુ સ્વાભાવિક પરિણામ તે કર્મોનો લોપ જ સભવે, ને તે પરિણામ એમની દૃષ્ટિ બાહાર હોય એવુ માનવા કશુ કારણ નથી એ કામ્ય કર્મોનો પ્રભાવ અનુભવમા ઓછો દેખાયા પછી તેવો બોધ થયો હોય તો કાંઇ આશ્ચર્ય નહીં પ્રયોજનવિના માણસ એવા કર્મમા પ્રેરાય નહીં એ દલીલના ઉત્તરમા કોઈ કોઇ વિદ્વાન ખુલાસો કરે છે કે યજમાને પોતાના મનથી કર્મ જોડે કામનાનો યોગ લાવવો નહીં એટલુ જ તાત્પર્ય છે, બાકી તો જે ફળ નિપજાવવાની એ કર્મમા શક્તિ છે તે અવશ્ય થશે આ ખુલાસાથી તો વસ્તુતઃ તે કર્મોને પાછાં કામ્ય કરી દેવા જેવુ થતુ હોય એમ મને લાગે છે મૂળમા એ કર્મો અમુક વાછનાની સફળતા માટેના ઉપાયરૂપ હોઇને, તે આવશ્યક તો હતાં જ નહી એટલે તેવી વાછના પુરી પાડવાના ઉપાય તરીકે પણ એ કર્મોનો પ્રયોગ ન કરવાથી કઇ ધર્મલોપનો પ્રસગ આવતો નથી

૧૯ નિત્ય કરવાના સ્માર્ત કર્મોમા મુખ્ય જે પાચ મહાયજ્ઞો છે તેનો હેતુ જાહેર કરવાને અસાધારણ પ્રસંગ સ્મૃતિઓમા લીધેલો જોવાથી વિસ્મય થવાય છે બહુધા આ ધર્મગ્રથો માત્ર જે તે કર્મનો વિધિ વા નિષેધ કરીને વિરમે છે, તેના વિધિનિષેધના કારણ કવચિત્ અપવાદ તરીકે કહેવામા જણાય છે આ પંચ મહાયજ્ઞોને માટે એવા કારણનો ઉલ્લેખ છે કે ગૃહસ્થના ઘરમા ચુલો, ઘંટી, સાવરણી, ખાંડણીઓ અને પાણીયારૂ એ પાચ હિંસાના સ્થાનો છે, એ હિંસાના પ્રાયશ્ચિત્ત માટે આ પાંચ મહાયજ્ઞો નિર્માણ કરેલા છે એ પાચ સ્થાનમા નિત્ય અનિવાર્ય હિંસા થયા જ કરે અને તેથી તેના પ્રાયશ્ચિત્તરૂપ આ મહાયજ્ઞો પણ અવશ્ય નિત્ય કરવા જોઇએ એ મળતુ આવે છે ખરૂ, પરતુ સ્મૃતિગ્રન્થો જોતા તે સમયે બ્રાહ્મણ સહિત સર્વ આર્યગણ માંસાહારી હતો, દેવયજનમા તથા પિતૃ કર્મોમા પશુપક્ષીઓનો વધ ખાસ ઇષ્ટ ધર્મ

નક્કી તો હવે, આદમા નિમનનુ થયેલો બ્રાહ્મણ માત્ર ભણુ ન કરે તો પાપ લાગે એટલે સુધીના વચનો છે તેના સમયમા આયુનો વગેરેમા થતી અનિવાર્ય હિંસાના પ્રાયશ્ચિત્તની લાગણી બધ બેસતી નથી પંચ મહાયજ્ઞો નિત્ય કર્મ તરીકે જુના કાળથી હો, પરંતુ તેના આ કારણની યોજનાનો, યોનિપ્રધાન વર્ણ સ્થાપી થયા, પછી ભોજન તથા લગ્નવ્યવહાર બંધ પડ્યા, ઉચ્ચ વર્ણોને માંસાહાર વર્જ્ય થયો, અને જૈનોના સહવાસથી અહિંસાનો અંશ બ્રાહ્મણોને તેમની સમજને મળતો થઈ ગયો તે પછીના કાળની હશે એવું દેખાય છે આ પાંચ યજ્ઞોના સ્વરૂપ ઉપરથી વિચારી જોતા મને એવી કલ્પના થાય છે કે શિષ્ટ પુરુષોએ હમેશના વ્યવહારમા, સામાજિક જીવનમા, સુખી દુઃખી પ્રાણીઓ પ્રત્યે કેવુ વર્તન રાખવુ તેના સાંકેતિક બોધપાઠ રૂપ તો આ મહાયજ્ઞો નહિ હોય?

૨૮ જેના શાસ્ત્રમા આયુર્વેદ, ધનુર્વેદ તથા શિલ્પાદિની ગણના ઉપવેદ તરીકે થઈ છે શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ વિદ્યાને વેદના અંગ લેખ્યા છે, એ ઉપવેદો તથા અંગો સહિતનુ વેદાધ્યયન સર્વના પ્રથમ આશ્રમનુ મુખ્ય કર્તવ્ય માન્યુ છે, પ્રજોત્પત્તિ પણ ધાર્મિક ફરજ ઠરાવી ઉત્તરોત્તર વધુ ને વધુ પ્રજા થતી રહે તેની કાળજીથી અનેક આચાર વિચારના નિયમો જેણે ધર્મના અંગ તરીકે બાંધ્યા છે અર્થ પ્રાપ્તિની ગણના પણ જેણે પુરુષાર્થમા કરેલી છે, સર્વ આશ્રમોમાં ગૃહસ્થાશ્રમને જેણે શ્રેષ્ઠ સુન્દર કરીને ગણાવ્યો છે, સારી કન્યા નીચ કુળમાથી અને સુવર્ણ ગંદકીથી લેવાનુ ધર્મ્ય ગણ્યુ છે, જેના ઉચ્ચ સંસ્કારના પ્રયોજનોમા આયુનુ વર્ધન તેમ જ દુશ્મનોનો વિનાશ બન્ને સમાન પદ ભોગવે છે વળી તથા આશ્રમ ધર્મોની જેણે વિસ્તારથી સમજણ આપી છે ને તે ધર્મ યથાર્થ બજાવવાની તાકાત તરફ લક્ષ રાખીને જેણે ખાનપાનના ભિન્ન ભિન્ન નિયમો રચ્યા તેમ જ આશ્રમ પરત્વે સૂચવ્યા છે સુખ જો ધન હોય ને તેમાંથી વિમુખ થાય તો નરકનો અધિકારી બને અને એ પ્રમાણે પોતપોતાના કર્મના અનુષ્ઠાનથી સૌ કોઈ, જુદે જુદે માર્ગે પણ સ્વર્ગના અધિકારી થાય એવો નિર્ણય આપ્યો છે—તે પ્રજા ધર્મને નામે પામર, નિરુદ્યમી, નિરુત્સાહી, આળસુ બને એથી અવનતિ વધુ કેટલી હોઈ શકે?

૨૯ સર્વ બ્રહ્મચારીઓએ અરણ્ય ભણવાના ભાગ વેદમા જતા આયુર્વેદની ગણના હતી અને બ્રહ્મચારીઓ ચાર વર્ણનાને વેદોને અનધિકારી કે ત્યાર પછી નિત્યના સરખા બહુક થતા હતા, તે નોંતો હળીકામા તમામ પ્રજાને લશ્કરી કાયદથી મળતી હોતી જોઈએ ઇતિહાસમા જરૂરને પ્રસંગે બ્રાહ્મણો પણ યુદ્ધમા ઉતરેલા જોવામા આવે છે તેથી પણ એ બોધ થાય છે કેવી તથા વર્ણોના આશ્રય ગુરુ થાય એવી વ્યવસ્થા હતી તેની તેમ જ અપરાને પ્રસંગે એક વર્ણ બીજા વર્ણના ધંધાથી પોતાની આજીવિકા ચલાવવાની છૂટ રાખેલી છે તેથી પણ સમજાય છે કે જુદા જુદા વર્ણ એકબીજાના ધંધાથી સાવ અલિપ્ત રહેતા નહીં હોય

વાનપ્રસ્થ.

૨૨. બ્રહ્મચર્યમા જેણે શક્તિસચય યથાર્થ કર્યો હોય તથા ગૃહસ્થાશ્રમમા જેણે " ધર્મ તથા નીતિના નિયમોમા ચુસ્ત રહીને," એ મચયના "પોતાનો હોય ને થતા જાય" તેમના હિતાર્થે ઉપયોગ કર્યો હોય તેના અનુભવમા વસ્તુત મનુષ્ય માત્રના જીવનનુ ઐકય અવશ્ય આવ્યા વિના રહેતુ નથી તેમ છતા રક્ત તથા સબન્ધથી પોતાના ઠરેલા પ્રત્યેનો સ્નેહની એક [illegible] વિશિષ્ટતા ટકી રહે છે સાહજિક વર્તમાન વ્યવસ્થામા એ પરિણામ અનિવાર્ય છે આવી રીતે એ આસક્તિ વિરોધ તોડવા માટે જે આશ્રમ યોજેલો તે વાનપ્રસ્થ કહેવાતો આ આશ્રમમાં મુખ્ય કર્તવ્ય ઘર કુટુમ્બ અને તેના સબન્ધમા મનને બાધી રાખનારા સર્વ સયોગોનો ત્યાગ જણાય છે ટુકામા કહીએ તો મનુષ્ય માત્રમા આ સમભાવની સિદ્ધિ અને ઇતર પ્રાણીમા પણ તેનો આવિર્ભાવ એ આ આશ્રમના પરિશીલનનુ ફળ કલ્પાયેલુ ભાસે છે જે દેહદમન ઉપર વધુ ભાર મુકાયલો જોવામા આવે છે તે " વૈરાગ્ય "નો અર્થફેર થયા પછીના કાળમા બન્યુ હશે વર્ણાશ્રમો વિકૃત સ્વરૂપમા પણ છે જ્યારે આ આશ્રમ સમૂળગો નાશ પામ્યો છે ધર્મપત્નીને સાથે લેવાનો વિકલ્પ દપતિનુ એક શરીર માનેલુ તે ધ્યાનમા રાખતા યથાર્થ છે

ત્રણ ઋણ.

૨૩ દેવ, ઋષિઓ અને પિતૃ એ ત્રણના ઋણને પતાવ્યા પછી જ સન્યસ્તનો અધિકાર થાય એવો સ્મૃતિકારોનો આગ્રહ જોવામા આવે છે, ને તે યોગ્ય જ છે પરન્તુ આ ત્રણ ઋણના સ્વરૂપની સમજણમા પણ કાઇક સમય જતે, રૂપાન્તર થયુ હોય એવો સશય ઉઠે છે જ્યારે ઋષિઋણ વિદ્યાભ્યાસ કરવા કરાવવાથી પતે છે, તથા પિતૃઋણ સારી પ્રજા ઉત્પન્ન કરીને સમાજ સમૃદ્ધિમા ભરતી કરવાથી પતે છે, ત્યારે દેવઋણ પતાવવા સારૂ યજ્ઞદ્વારા દેવોને પોતાને બલિ પહોચાડવાનો બોધ થાય છે ઋષિ તથા પિતૃ પોતા માટે કાઇ જ બદલો માગતા નથી, પરન્તુ જગતમા હિતાર્થે અર્પણ કરાવે છે એ જોતા, દેવોના સતોષ માટે પણ યજ્ઞનુ વાસ્તવ સ્વરૂપ કઇક જગતના હિત માટેનુ હોય તે વધુ સભવે છે ઋષિ તથા પિતૃગણ કરતા દેવગણ વધુ સ્વાર્થપરાયણ હોય એ માન્યતા કરતા, આપણે યજ્ઞનુ તેનુ ખાક્ સ્વરૂપ ભુલમા કરી બેઠા એમ માનવુ વધુ સારૂ છે " યજ્ઞમય " જીવન ગાળવાથી, પરોપકારાર્થ કર્મયોગ સાધવાથી, દેવઋણથી છુટાય એ સમજ બીજા ઋણોથી છુટવાના જે માર્ગ સ્વીકારવામા આવ્યા છે તેની જોડે વધુ બધબેસતી થાય છે

સન્યસ્ત.

૨૪ એ પ્રકારે ક્રમશ જીવન ગાળનાર પાકી વયે અખિલ વિશ્વમા આત્મભાવવાળો થાય અને મનની એ અવસ્થા તે જ સન્યસ્તનો યોગ્ય સમય તથા અધિકાર તેવા સાચા સન્યસ્તનુ શેષ જીવન માત્ર દેહધારણ નિમિત્તના ભાગ માટે જ સભવે છે પૂર્વ જન્મના અનુભવનુ સામર્થ્ય જેનામા હોય તેવા જીવાત્માઓને બાદ કરતા, મનને સમત્વે પહેલા ત્રણ આશ્રમોમાથી એક બે કે બધાના અનુભવમા પૂર્ણતા વા અપૂર્ણતા હશે તેના પ્રમાણમા સન્યસ્તની

ભુ પૂર્ણતા વા અપૂર્ણતા અવશ્ય થવાની દેશાભિમાન વગેરેના અભિભવમાં શાણો વિદ્વાનો ભુ વર્તમાનના જનોએ પ્રત્યક્ષ અનુભવ કર્યો તેના ન બની જાય તેના ઉપાયરૂપ આ આશ્રમ છે બ્રહ્મચારી તથા સન્યાસીની વૃત્તિ નિષ્કામ હતા તેમનામાં વિદ્યા આપનારની પૂજ્ય બુદ્ધિ એ સમાજના નૈતિક બળનું માપ છે ગુણો જ પૂજ્ય, વય પણ નહી કે લિંગ પણ નહી ૧ એ નામ અને આ વ્યવસ્થા રહે ત્યા સુધી ગ્રહવો પણ "પૈસો પરમેશ્વર માનનારા ૧ થાય, પરંતુ જ્યારે એ બ્રહ્મચારી તથા સન્યાસીઓમા પણ આડંબર કે વૈભવથી મહત્તા લેખા વાનો કાળ આવે ત્યારે બિચારા ગૃહસ્થો સર્વસ્વ ધનમા જ દેખે તેમા શું આશ્ચર્ય? અને એવા સમાજ માં નૈતિક બળની શી આશા ?

રૂપે શુદ્ધ સ્વરૂપમા કોઈ પણ આશ્રમ રહેલો નથી બ્રહ્મચર્ય અને ગૃહસ્થાશ્રમ સાથે સાથે ચલોવાય છે એટલે ઉભયનુ અનુષ્ઠાન અપૂર્ણ રહે છે કે એકેની કાર્યસિદ્ધિ થઈ શકતી નથી વાનપ્રસ્થ તો નષ્ટ થયો છે ગૃહસ્થાશ્રમ પુરા શક્તિસંચય વિના આરંભાય એટલે મૂળમા જોઈએ તેટલો ઉત્સાહ હોય નહીં ને તેમા વળી સન્યાસાશ્રમને ભજતા "જગતમા મિથ્યાત્વના બોધ થાય એમ સર્વત્ર સાર્ય જોવામા આવે છે જુજ આત્મવિશ્વાસ તથા તેની હજીજતની સ્વાર્થપરાયણતા એક બાજુ પ્રેરે અને આસક્તિ તથા બાજુ બીજી બાજુએ ખપે એના પરિણામ-રૂપ નિરાકુળી સ્થિતિ ગૃહસ્થોની થાય છે બૌદ્ધો, જૈનો મુસલમાનો પારસીઓ અને ક્રિશ્ચનોના સમાગમથી અનેક લાભ થયા છે તેમ વિપરીત અસર થયા વિના રહી નથી જેમકે પરમ ધર્મનુ પદ 'સત્યને' ખસેડીને "અહીંસાએ' લીધુ જગતનુ "મિથ્યાત્વ" ગૃહસ્થદશામા અને ચોટે ચૌટે ડોળાવા માડ્યુ, "પ્રારબ્ધ' પુરુષાર્થથી જ બંધાયુ છે અને વિશેષ પુરુષાર્થ સદા સબળ શક્ય છે એ સિદ્ધાન્ત ભોળો પડીને "બધુ નિર્માણ" હોવાની માન્યતાએ વધુનુ ઉંડા મૂળ ઘાલ્યા "કેવળ કર્માનુસાર" સુખ દુ ખની યોજના ઇશ્વર કરે તેને બદલે, જગતના અધિકારીઓની પેઠે અને તેવે જ ભાવે, ઇશ્વર પણ કૃપા અકૃપાથી પ્રેરાય એની કંઇક ગોટાળી સમજ જન્મ પામી, પુનર્જન્મના નિર્ણય ઉપરની શ્રદ્ધા ડગમગી ગઈ વગેરે અનેક રૂપાન્તરો થઇ ગયા છે અમારામાં જ જુદા જુદા પથ વગના ભેગી છોતનાનની ગમડ પણ નથી પડી

૨૬ અન્ય ધર્મના અનુયાયીઓ શરીરસંપત્તિ, મનોબળ, વિદ્યા તથા નીતિ બહુ સારી રીતે સંપાદન કરી શકે છે તથા તે સાધના વડે જે લોકને આપણો નાશ થાય તેવો અભ્યુદય પણ મેળવે છે આ જોતા ચોક્કસ કબુલ કર્યા વિના ચાલતુ નથી કે જે સંસ્કારોની ચેષ્ટા તથા મંત્રોચ્ચાર માત્રમાં આપણે શક્તિ માની બેઠા છીએ તે સર્વથા તેમા જ છે એ સમતામા ક્યાંક ભુલ છે સરસ્વતીની મૂર્તિની વિધિવત્ પૂજા માત્રથી તે, અધ્યયન કર્યુ પણ ના વિના વિદ્યાપ્રદાન કરી દે એના કરતા તેવી પૂજા વિના પણ અધ્યયન માત્રથી વિદ્યા પ્રાપ્ત થઈ શકે છે એ વધારે અનુભવસિદ્ધ છે આશ્રમોના લાભ પણ તેવી જ રીતે આશ્રમોના સાંકેતિક ચિન્હો માત્રથી મેળવવા આપણે મથીએ અને તે લાભની પ્રાપ્તિ સારૂ જે પુરુષપ્રયત્ન

* ઉત્તરરામચરિત નાટક ૩ ૧-૧૦-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ

તથા યમનિયમ આવશ્યક છે તેમાં પ્રમાદ સેવીએ તો આપણે તેના મૂળ હેતુથી વિમુખ રહીએ આ ભારતવર્ષને કર્મભૂમિ વગેરે જે વિશેષણો પૂર્વ કાળમાં લગાડેલા તે તેના વેળા સત્ય હતા વર્તમાનમાં તો મિથ્યા વાદ દેખાય છે "આભડછેટ"ની કલ્પના વધારતા વધારતાં ઈશ્વરભક્તાની અવગણના સુધી પહોંચાયું છે આથી સેવેના અન્નની ભિક્ષાનો પ્રચાર ઘટયો ને ગૃહસ્થો ઉપર બીજાનો ભાર વધ્યો બ્રહ્મચારી એટલે વિદ્યાર્થી અને સંન્યાસી એટલે લોકસંગ્રહાર્થ જીવનાર તેઓના જ ભિક્ષાનો અધિકાર હતો, અન્યને ભિક્ષા આપે તે દયાપાત્ર ગણાતા તે ઠેકાણે ભીખારીની આખી જ્ઞાતિઓ થઈ, અને એ વર્ગોને ચતુર્થાશ્રમીમાં ગણનારા વિદ્વાનો પણ મળ્યા આમ નિરુદ્યમી રહીને પોતાના પોષણનો ભાર ઉદ્યમી ઉપર નાખવાનો અધિકાર પણ યોનિપ્રધાન થયો વિદ્યા, ધર્માચરણ તથા સામર્થ્યનું સન્માન ઘટયું ને આળસ, અવિવેક, વહેમ વગેરેનું સામ્રાજ્ય વધ્યું મુખ્ય એક મહાન્ વ્યાધીના આ બધા ઉપદ્રવો છે તે વ્યાધિ આશ્રમ વ્યવસ્થાના હેતુના અનુસંધાનનો લોપ છે હેતુ ઉપર સંગીન દૃષ્ટિ હોય તો, દેશ-કાળ-પરિસ્થિતિના પરિવર્તનની સાથે બધા આશ્રમોના બાહ્યસ્વરૂપમાં એના પ્રકારે જરૂરના ફેરફાર થઈ શકે છે તેના મૂળ હેતુ અકબંધ જળવાઈ રહે

૨૭ ધર્મશાસ્ત્ર, રૂઢિ અને કિંવદંતીનો સરખો અધિકાર ગણવાના ભ્રમમાંથી નીકળવાની પ્રથમ જરૂર જણાય છે પછી અમારા સામાજિક અભ્યુદયમાં નડતરરૂપે થાય અને શાસ્ત્રમૂલક ન હોય તેની સર રૂઢિ તથા કિંવદંતી અમને બાંધી શકતી નથી એવું સ્વમાન જાગૃત થવાની જરૂર છે અને છેવટમાં ધર્મશાસ્ત્રથી જે બોધ થયો છે તેમાંથી નિત્ય નૈમિત્તિક વિભાગ પાડીને નૈમિત્તિક કર્મોનું તો જે તે નિમિત્તની તેના સહચારી સંયોગો સાથે હાજરી હોય તો જ બંધન ગણવું જોઈએ જે જે બાબતમાં અનેક મત હોય અથવા જે આચાર વિચારોમાં પૂર્વના ઋષિ મુનિઓએ પણ સુધારા વધારા કર્યાનું જોવામાં આવે તે બધા આચારવિચાર દેશકાલાનુસાર બદલાવા પાત્ર છે એમ ગણીને વર્તમાન પરિસ્થિતિ તથા તેની અનિવાર્ય ગતિના સૂક્ષ્મ અવલોકનથી આર્યહિતૈષી આસ્તિક વિદ્વાનોએ પ્રયત્ન કરવા જોઈએ વર્ણવિભાગનું યથાર્થ પુનઃસ્થાપન જેવું દેશ-કાળ-પરિસ્થિતિ જોતાં દુર્ઘટ ભાસે છે તેવું આશ્રમ વ્યવસ્થાનું પુનઃસ્થાપન દુર્ઘટ નથી એક વાનપ્રસ્થની રહેણી કરણીમાં જરૂરના ફેરફાર કરવાથી બધા આશ્રમોનું તેના મૂળ હેતુ જળવાય તેવા સ્વરૂપમાં, પુનઃસ્થાપન થઈ શકે એમ પ્રથમ દૃષ્ટિએ ભાસે છે નામાંકિત બુદ્ધિશાળી પુરુષોએ યજ્ઞરૂપે આ કામ માથે લેવું જોઈએ

રસતા અને રસિકતા.

લેખક—રા ચન્દ્રશંકર અમૃતલાલ બુચ, બી એ

જીવનના પન્થ અને પ્રવાહ અનેકવિધ છે નાનાવિધતાના હેતુ રૂપે, ક્યાંક ચિત્ર વૈચિત્ર્ય તો ક્યાંક સ્થિતિ રમ્ય હોય છે પરન્તુ એવો જીવનપ્રવાહ કોઈ જ નહિ હોય જેના પ્રવાહપટ ઉપર ભાવનામયતાના પ્રતિબિમ્બ ન જ પડ્યા હોય—એવો જીવનપન્થ કોઈ જ નહિ હોય, જેના ચિર પ્રવાસમા, ક્યાંય ભાવુકતાની શીળી ઘટા નહિ જ છવાઈ હોય

વેદાન્તની એક વ્યાખ્યા છે, જે જીવનને સુષુપ્તિની ઉપમા આપે છે એવી સુષુપ્તિ હોય ખરી જેમા સ્વપ્નનો સર્વથા અજ્ઞાન હોય? એવી સુષુપ્તિ હોય, તો તે સમાધિ જ કરો તેમ જ અનન્યભાવમા લય પામી ગયેલી ભાવનાઓવાળુ જીવન તે જીવન નહિ, પણ જીવન મુક્તિ સમજવી—બાકી ઐહિક વિચારે તો, સુષુપ્તિમા સ્વપ્ન, અને જીવનમા ભાવુકતા, એ તો જેટલાં આવશ્યક તેટલા જ આ ઓછા-વધતા માત્ર ભાવનાના પ્રમાણમા જ બધા જીવન અશુદ્ધ ચેતનને ન વિલસો કોઈક સુપ્ત ચેતન પણ હોય—પણ લુપ્ત ચેતન જીવન એ તો અસંભવિત ઉપપત્તિ છે

વળી જીવન અને ભાવનાના સબંધ અન્વયવ્યતિરેકી છે, એમ નહી, પણ અનન્યરૂપ એ બે છે, એમ જ અનુભવીઓએ જાણ્યુ છે

અતએવ એવાય કેટલાક જીવન્ત સ્ત્રીપુરુષો હશે જેમને આમરણાન્ત 'ભાવના' એ શબ્દ પણ સાંભળવો નહિ પડ્યો હોય પરન્તુ તેમને પણ તેનો અનુભવ તો થયો જ હશે અન્તર માત્ર એટલો જ કે અતિ સ્વતન્ત્રપે હોય ત્યારે જ ભાવના તેમને ગમ્ય લાગે આવા હૃદયોને ભાવનાની નાન્દીમા, પ્રથમ અધિકાર યોગ્ય ગણવા છે એ જ શાસ્ત્રની દૃષ્ટિએ, ઉત્તરોત્તર ઉત્તમ—ઉદ્યમવન્ત થયા પ્રયત્ન થકી ભાવનાનુ ગ્રહણ કરી શકનાર હૃદય ઉત્તરોત્તર ઉચ્ચ અધિકાર મેળવતુ જાણ્યુ છે, અને આ સરણીના ઉત્તુંગ સોપાને ગણાતા અતિસૂક્ષ્મ ભાવનાઓના ઉન્મેષનો પણ અનન્તરૂપે ઝીલી લે, તેના હૃદયો એ ઉચ્ચ કોટિના છે

આવા ઉત્તમાધિકારસંપન્ન વ્યક્તિ હૃદયોને, દૃશ્ય વિશ્વ જ્યાં ડૂબી જાય છે તેમાં ભાવના વિશ્વ જ સત્ય બને છે તેમના મનથી, જડ વિશ્વમા પણ ભાવુકતાના સ્વપ્નસમ નાનાવિધ જ નિરખી શકવા શક્ય છે—અને આવા હૃદયોમા એ ભાવનાઓના જ આ દોલનો ઝીલાય છે આ આન્દોલનો કવિતાના પૂર્વરૂપ છે આવા, પ્રથમ અવ્યક્ત આન્દોલનોનો ભાવ અને ભાર, જ્યારે આ હૃદયો વ્યક્ત શબ્દોરૂપે, સ્વરોરૂપે, પ્રકટ કરે, ત્યારે કવિતાના—પ્રથમ એના—ઉત્તમરૂપ ઉદ્ભવે છે

૨.

પૂર્વોક્ત, શા ધર્મધના મનુષ્યહૃદયમા—પછી ભલે અલ્પાંશે પણ—હોવી જ છે માત્ર યોગ્ય ચોગ, અને ઉત્તેજક અને અનુકૂળ સામગ્રીના અભાવે તેનુ બાહ્યરૂપ સર્વ સાધ્ય નથી

આ સામગ્રિમા ઉત્તમ સામગ્રિ, કુદરતનુ વિલોકન અને એનો વિલોકન ઉપર પ્રેમ એ છે

અલબત, કુદરત નામનો અહિ અર્થ "મનુષ્યનો અભાવ હોય તો જેનો સદ્ભાવ હોય" એટલો જ નહિ, પણ અન્ય અર્થ જ હોય-એટલો અનુચિત છે કહો કે કુદરતના બે ભાગ કલ્પાય તો ભાવનાદિ કુદરત એ કાવ્યમયતાની ઉત્તેજક અને વસ્તુનાદિ કુદરત તે સામાન્ય ન્યૂન વિષયતત્ અક્ષગોચર બની એટલુ જ

* * *

એક દષ્ટિએ જોતા આજ સુધી ભાવનાન્તિનો જ પ્રદેશ કવિતાક્ષેત્રમા સ્વીકારાયો છે કારણ વસ્તુવાદનુ પ્રાબલ્ય, એ વિશ્વમાનવ ઇતિહાસે, આધુનિક સમયનો જ વિશેષ છે અને વસ્તુવાદિના હવે પાશ્ચિમાત્ય ઇત્યાદિ દેશોમા કવિતાનો વિષય સુદ્ધા બનતી જાય છે

પૂર્વકાળમા કુદરતના ભાવભર્યા દેખાવો જ હૃદયતન્ત્રીના તારમા કવિતાની ઝણઝણાટી ભરતા, હવે પ્રાચીન મને રસહીન દેખાતી વસ્તુઓ પણ કાવ્યોદ્બોધન કરી રહી છે, કહો કે કવિચિત્તના તારામા નૂતનનાદને અનુકૂળ સુર જમાવે એવો એક નાદ તાર ઉમેરાયો છે

રમ્ય ઉજ્જડ અરણ્યના શીળા ગહ્વરોમા નીરવ મધ્યાહ્ને મન્દમન્દ ગતિશીલ નિર્ઝરણના દર્શને કે અભ્રલિહ, ચિત્રકૂટ ગિરિના ગભીર સૂચક પ્રેરતી કાવ્યમયતા તો અનેક પૂર્વ મુનિમુખે ગવાઈ રહી છે, અને હજુ ગવાય છે, પણ રમ્ય ઉપવન કે પ્રસન્ન જલધોધ એ સહુની યાત્રા સફળ કરાવી આપનાર રસ્તાઓ કદમદ્રિવન કે પુષ્પ રેણુપૂર્ણ, પરિમલે મહેકતા કે ધૂલિધૂસરિત, સાર્થ સર્વે આરુહ કે કોઈ સુધિ વિજન, એવા રસ્તાઓ, એમની કવિતાનો કોઈએ ઉપભોગ લીધો લેવરાવ્યો નથી

અલબત, રસ્તાઓ કૃત્રિમ છે, પણ એમની કૃત્રિમતાનો પ્રકાર જૂદો જ છે એવા રસ્તાને મનમા ખડો કરતા શુ કૃત્રિમતા જ દીસે છે ? આ સદીના કોઈ શહેરનો રાજમાર્ગ કલ્પિયે તો શુ ઉભય પાર્શ્વે ખડા જીવન્ત મકરમ્યાઓ સમા, માળાઓ જેટલી જ કૃત્રિમતા તે માર્ગમા દેખાશે ?

વસ્તુસ્થિતિ તો એ છે કે કુદરત હોય કે કૃત્રિમતા હોય, પણ ભાવનોત્પ્રેરણ તો સૌન્દર્ય કે ભવ્યતાથી થાય છે, એટલે એ બેથી વિહીન કુદરત પણ કૃત્રિમ જેવી અને એ બેથી યુક્ત કૃત્રિમતા પણ કુદરત જેવી જ દેખાય છે

એટલે રસ્તાઓમા, કવિતાનો અનુભવ, સિદ્ધ થવા માટે 'રસ્તાઓમા-તેમા જ-આસપાસના દશ્યો ઉપરાત-કઈ સૌંદર્ય છે કે નહિ ? એ પ્રશ્નનો ઉત્તર હામા મળવો જોઇએ

આ જો 'તત્વજ્ઞાન એજ ઉત્કૃષ્ટતમ કાવ્ય છે' તો તત્વજ્ઞાનના કોષમા 'જીવનપથ' શબ્દ માર્ગ, પંથમા કઈ તત્વ હોય, તત્વરસ ન હોય, એમ દેખાડે છે આ તત્વચિંતનનો મર્મ, વિસ્તારથી સમજાય તો રસ્તામા કાવ્યનો સદેશ પ્રતીત થાય

ઉપ કાલ ૨ ૧-૮-૦, એન એમ ત્રિપાઠી કંપની, મુબાઈ

૩.

કોઈક ઉદ્યાનના બાગીચા પાથર્યા હોય, એના ચિત્રરંગી ફૂલ ભરેલા, મેદાનના અન્તભાગે દસ્તજના રસ્તાની મધ્યમાં ઉભા રહો અથવા ... છાયા પ્રસારતા તરુવરની નીચે જઈ આરામ થાઓ, અથવા સાધુજન પેઠે સુખાસનવાળી બેસો. ગભીર કાવ્યમીમાંસાના તત્ત્વશોધ માટે તો સ્થિરસુખમાસનમ્ એ જ ઉચિત હોય.

અને હવે કલ્પના કરો—એટલે માત્ર કલ્પનાને ધસવા દો.

ઉભય પાસે દૃષ્ટિ ફેંકતાં, રસ્તો થોડે દૂર જઈ, અન્તર્ધાન થઈ જાય છે, અથવા ક્યાંક દૂર જઈ, વળાંક લે છે, અને જાણે ત્યાં જ વિરમી ગયો હોય એમ લાગે છે. વાટિકા ગમે તેટલી ઉત્તમ એવું પ્રયત્ન પ્રમાણે જ અનાદિનાન્ત હોય તો રસ્તો ત્યાં જ અન્તવાન્ બન્યો હોય એમ ભાસ થાય છે, પરન્તુ પર જેવી ... વસ્તુઓ પારખી શકતી ચર્મચક્ષુની ગતિ સર્વ સ્થળનુકસાનની જ છે. ... દૃષ્ટિએ રસ્તો એટલે પેલા જડિત પગરસ્તે પછી પણ ... છતાં ખરેખર જોતાં, ... પેઠે જ, અન્તવાન્ વારંવાર દેખાય પણ રસ્તો તો અનન્ત જ છે. આરંભમાં જ અન્ત પામે છતાં અનાદ્યનન્ત તે જોનારના ... પેઠે જ, અમરતાની પ્રકૃતિમાં અલ્પમાન મર્ત્યતાની વિકૃતિનું નિદર્શન બને છે.

"જે જે પ્રતીત તે તે નષ્ટ" એ ચાર્વાક પક્ષવાદ છે, પણ જેમ રસ્તાની સમીપમાં જતાં જ ભ્રાન્તિનો ભ્રમ નષ્ટ થાય છે, તેમ જ મૃત્યુ ઉત્તરક્ષણે જ માર્દવ્યપતનનો ભ્રમ વિરમ્યો હતો!

વારંવાર ભંગુર દેખાયા છતાં પણ પુનઃ ચિન્તન થતી વસ્તુ નિત્ય હશે, તો આ રસ્તો પણ એવી રીતે નિત્ય ભાસ્યા વિના નહિ રહે, અને નિત્યતાની પ્રતીતિ થતાં જ ... એ ન્યાયનો સિદ્ધાન્ત!

૪.

કાવ્યના આ માર્ગરૂપ તત્ત્વજ્ઞાન ઉપરાંત અન્ય અંગો પણ આવી જ રીતે રસ્તાની પર્યેષણામાં અનુભવી શકાય છે. વળી એ મનો ... ઉપર– ... સ્વાભાવિક, તો માર્ગની રચનાદિ એને લઇ જે જે શાન્તિવિધિના ઉત્પન્ન થાય છે તેમાં જ અનેકાનેક સૂચનો ભર્યાં છે.

... તેની ઉભય પાસે સુન્દર વૃક્ષ ... ઉભી હોય, ખરી પડેલાં સૌરભવન્તાં ફૂલોના ... પરિમલે સુવાસિત ... વેગવાળી મનોરથના ... ઉંચો રહેતો હોય, ... અન્તરે, ... હિરણ્યમય ... છવાઈ રહ્યા હોય, અને એકાદ ... મધુર ... પક્ષિઓની ... જતો હોય ... કુદરતના હાથી ... કરતો હોય, તે ... ન્હાના ન્હાના ... ઉભી રહી હોય કે એકાદ ... ન્હાનકડું વિશ્વનું

भ्रमर इव विभाते कुन्दमन्तस्तुषारम्
न खलु च परिभोक्तुं नैव शक्नोमि हातुम्

"હા— મ્હારી પ્રાણેશ્વરી ? ત્હારી શુષ્ક મુખ-મુદ્રા ઉપરથી જ હું સમજી શકું છું કે હજી તું મને ભૂલી ગઇ નથી."

"હા, આ ખોળીઆમાં જીવ હશે ત્યાં સુધી તો તેમ બનવાનું નથી"

"મ્હેં આપણા ગામમાં આવીને ત્હારા સમ્બન્ધી તપાસ કરી પણ કંઇ ચોક્કસ પતો મળ્યો નહીં ત્હારા માતાપિતાના સ્વર્ગવાસ પછી તું કોઈક સગાને ત્યાં રહેવા ગઈ છું એમ મ્હેં સાભળ્યું પણ શોધ કર્યા કરતી તે કંઇ સમજી શકાયું નહિ તેથી ફરીથી ત્હારા સમાગમની આશા દૂર થતાં મ્હારા મનમાં ઘણો જ કલેશ થતો હતો તેવામાં અણચિન્તવ્યો જ મને આવી માનતાં એ લાભ મળી ગયો તેથી હું પ્રભુનો પાડ માનું છું ત્હારા પિતાએ ત્હારા લગ્ન મ્હારી સાથે કરવાની ના પાડી તે વેળા મને એટલું તો લાગી આવ્યું કે ધરતી માર્ગ આપે તો સમાઇ જાઉં પણ હું જાણતો હતો કે તે વેળા મ્હારાથી બોલાય એમ ન હતું હું એક સામાન્ય વાણોતર હોવાથી મ્હારૂં ગજું શું કે ત્હારે માટે જોરથી માગણી કરી શકું ? આપણે જૂદાં પડ્યાં ત્યારે હું તને કહી ગયો હતો કે હું જીવતો હઇશ તો ત્હારો હાથ મેળવવાને યોગ્ય થઇને જ પાછો આવીશ, ત્હેં પણ તે વેળા મને વચન આપ્યું હતું કે પ્રભુ એ દિવસ જલદી લાવે એવી હું પ્રાર્થના કર્યાં કરીશ તેથી મને એમ તો થતું હતું કે પુનરપિ ત્હારો સમાગમ મને થશે પણ ત્હારા પિતાના દુરાગ્રહથી કદાચ ત્યારે અન્ય માર્ગ ગ્રહણ કરવો પડ્યો હોય તો ?—એ વ્હેમ મ્હારૂં મન બાળી મૂકતી હતી પ્રભુકૃપાએ મને વ્યાપારમાં સારો લાભ થયો તેથી હું થોડા દિવસ ઉપર જ અહીં આવ્યો, ત્યારે તને ન જોઇ તેથી મ્હારી ચિન્તા વધવા લાગી આજ મ્હારા ભાગ્યનો સૂર્યોદય થયો છે અને હવે ત્હારાથી વિભક્ત રહેવાનો દિવસ ન આવે એ જ હું માગું છું"

"હું આપની જ છું મ્હેં દોહ્યલા દિવસ કેમ વીતાવ્યા છે તે મ્હારૂં મન જાણે છે મ્હારી આંસુની ફળ મીઠાં મળશે એવી મને ખાત્રી ન હતી પણ સાચાનો બેલી ઇશ્વર છે ને ખરા

ભાનથી તેની પાસે જે માગીએ છીએ તે આપણને તેને યોગ્ય લાગે ત્યારે આપે જ છે એવી મ્હારી હવે ખાત્રી થઈ છે ”

ચંદ્રાનનાને જે ઇતિહાસ જાણવો હતો તે માગીને પુછ્યા વિના એની મેળે જ જણાઈ ગયો. તેના પિતા થોડી વારે બ્હારથી આવ્યા તેની સાથે પ્રાણનાથે પોતાના ભાણેજ નલિનીરામના વિવાહ ચન્દ્રાનનાના જોડે કરવાની વાત કહાડી અને તેમ તો ગુનમા જો કે આવી વિલાયત જઈ આવેલા જુવાનીઆના વિષે સદ્ભાવ જોઈએ તેવો ન હતો તો પણ પ્રભાનન્દમીના સખ્ત આગ્રહથી તેમણે તે વાત મંજુર રાખી અને ચન્દ્રાનનાના પાસેથી જ્યારે તેમણે પ્રાણનાથ તથા પ્રભાલક્ષ્મીના ભૂતકાળના સંબંધ વિષે સાંભળ્યું ત્યારે તેઓને વિશેષ આનંદ થયો. પ્રભાનન્દમીને તેમણે વાતેવાતમાં બે ચાર વાર પુછેલું ત્યારે તેણે ઉડાઉ જવાબ આપેલો તેથી લગ્ન કરવાની તેની ઇચ્છા જ નહિ હોય એમ તેઓ માનતા હતા પણ હવે બધું બરાબર સમજાઈ ગયું તેથી થોડા દિવસમાં તેમણે પોતાની પુત્રીના તથા ભાણીના લગ્ન ઘણી જ ધામધુમથી કર્યાં અને પ્રાણનાથ પણ ધનાઢ્ય હોવાથી પ્રભાનન્દમીને હવે સુખી સંસારમાં પ્રવેશ કરવાનો વારો આવ્યો.

'એક્સરેઇઝ' અથવા 'ક્ષ કિરણો' તથા રેડિયમ એ શું છે?

લેખ.—પ્રો. છોટાલાલ બાલકૃષ્ણ પુરાણી, એમ. એ.

ઇથરમા મોજા કેવી રીતે તથા કેવા પ્રકારના થાય છે તે આપણે હવે જાણીએ છીએ. હવે આપણે સમજ્યે છીએ કે કેટલાક ઇથરના મોજા આપણી આંખપર અસર કરી તેજ રૂપે દેખાય છે તો બીજા કેટલાક આપણા શરીરને ગરમ કરે છે. કેટલાક ઇથરના મોજા આંખે દેખાતાં નથી પરન્તુ વિવિધ દ્રવ્યો ઉપર રાસાયનિક અસર કરે છે અને બીજા કેટલાક તારના દોરડાની મદદ વગર હવામા સકડો માઈલ સુધી ચોમેર રેલાય છે. 'ક્ષ કિરણો' ઉપર વર્ણવેલા ઇથરના મોજાઓને મળતા છે કે કેમ તે આપણે જોવાનું છે. ઇથરના મોજા પેઠે તેઓ પોતાના માર્ગમાંથી વાંકા વળતા નથી, તથા એક સપાટીપર પડયા પછી પાછા રેલાતા નથી તેથી તેઓ ઇથરના મોજા જેવા હોય એમ જણાતું નથી.

જસતને ગંધકના સંયોગથી ઝિંકસલ્ફાઇડ નામનું દ્રવ્ય જો ઘડીયાળના કાચપર ઘસવામા આવે અને પછી તેને સૂર્યના તડકામા કેટલીક વાર સુધી મુકી રાખવામા આવે તો તડકામાંથી લઈ લીધા પછી પણ તે ચળકતા રહે છે, અને તેથી અંધારામા પણ તે તો પ્રકાશિત થાય છે. આવા દ્રવ્ય નકત દ્રવ્ય (ફોસ્ફોરેસન્ટ સબસ્ટન્સીઝ) કહેવાય છે. બેરિયમ પ્લેટિનો સાયેનાઇડ નામનું એક દ્રવ્ય થાય છે તેની એ ખાસીયત છે કે જ્યા સુધી તેની ઉપર કોઈ બહારના બળનું કાર્ય થાય ત્યા સુધી તે ચમકયા કરે છે.

આપણે આગળ જોયું છે કે વાતશૂન્ય નળીની અંદર વિજળીના તણખા પસાર થતા જેના માટે પ્રો. લેનાર્ડે જે પ્રયોગ કર્યા હતા તે ઉપરથી વિદ્યુત્કણોના પ્રવાહ વિષે આપણે જ્ઞાન મેળવ્યું હતું. પ્રયોગ કરતા તેને જણાયું હતું કે જોકે વિદ્યુત્કણોનો પ્રવાહ કાચની ભીંતને ભેદી શકતો નથી તો પણ તે એલ્યુમિનિયમના પતરાની પાર જઈ શકે છે. જો કોઈ વાતશૂન્ય નળીમાં એક બાજુએ એક નાનુ એલ્યુમિનિયમનું પતરૂં જડવામા આવે તો વિદ્યુત્કણોનો પ્રવાહ તેને ભેદી બહાર નીકળી શકે છે. આ પ્રમાણે વાતશૂન્ય નળીની એલ્યુમિનિયમના પતરારૂપી બારીમાંથી બહાર નીકળી ગયેલા વિદ્યુત્કણોના પ્રવાહની ખાત્રી કરવા પ્રો. લેનાર્ડે ઉપર વર્ણવ્યા છે તેવા નકત દ્રવ્ય ચોપડેલા પરદાનો ઉપયોગ કર્યો હતો. વાતશૂન્ય નળીમાંથી બહાર નીકળતા વિદ્યુત્કણોના પ્રવાહના સ્પર્શથી તેવો પરદો એકદમ ચમકવા માંડતો હતો. પ્રો. લેનાર્ડના પ્રયોગ પછી લગભગ એક પેઢી સુધી આવા પરદાઓનો ઉપયોગ આવા વિવિધ પ્રયોગોમાં કરવામાં આવ્યો હતો.

૧૮૯૫ની સાલમાં બાવેરિયાના વર્ઝબર્ગ વિશ્વવિદ્યાલયમા (ધી વર્ઝબર્ગ યુનિવર્સિટી) નાં. રોજન વાતશૂન્ય નળીઓથી પ્રયોગ કરતો હતો. પ્રો. લેનાર્ડના પ્રયોગોની એલ્યુમિ

નિર્યમની બાટલીમાંથી જે વિદ્યુતાણુઓનો પ્રવાહ બહાર નીકળી જાય છે, તે પ્રયોગ જુદા જુદા સંજોગોમા કરી જોવાની રોન્જનની ઇચ્છા હતી એની પ્રયોગશાળા બહુ ઉત્તમ હતી તથા હાલના સમયમાં વપરાતા બધા સાધન તથા ઓજાર તેમા હતા કાચની નળીઓમાથી હવા ગોપી લઇ તેમને વાતશૂન્ય બનાવવાના ઘણાં ઉત્તમ સાધન તેની પાસે હતા આ જાતની કારીગિરીમા જર્મનો આખી દુનિયામા શ્રેષ્ઠ છે

પ્રો રોન્જને એક કાચની નળી લીધી અને તેમા રકાબી જેવા આકારનો અણુદ્વાર એવા કર્યો આ દ્વારની સામે છેડે એક નાના મુખે નમતી રહેતી ધાતુની તાર ગોઠવી પછી આ પ્રમાણે તૈયાર કરેલી નળીમાથી તેણે ઘણી સંપૂર્ણ રીતે હવા ગોપી લીધી આવી બનાવેલી નળીથી પ્રયોગ કરતાં જણાયુ કે અણુદ્વારમાંથી નીકળતા વિદ્યુત્કણો પૈકી અંતર્ગોળ દ્વારથી નીકળીને એક જ બિંદુએ એકઠા થતા હતા અને ત્યા પેલી ધાતુની તાર પર અથડાઈ, આગળ કાચ નળી બહાર નીકળતા હતા

પ્રયોગની શરૂઆતમા પ્રો રોન્જને પોતાની નળીના બન્ને છેડા વિજળી પેદા કરનાર યંત્રને તાર જોડી લીધા અને તે નળીને એક કાળા પુઠાથી તદન ઢાંકી દીધી ઘણા સમયથી વિજ્ઞાનીઓ જાણતા હતા કે આમ કરવાથી તે ચમકતી નળીમાંથી નીકળતા કિરણ બહાર ફેલાતા અટકતા હતા જાંબલી પારના કિરણ તો આ ગોઠવણથી તદન જ રોકાઈ જાય છે આ પ્રમાણે નળીને ઢાક્યા પછી તેની પાસે રોન્જને નકતદ સાળો ચમકતો પડદો મૂક્યો આ પડદે કાચની તખતીનો બનેલો હોય છે તેની એક બાજુએ બેરિયમ પ્લેટિનો સાયનાઇડ લગાડેલુ હતુ તથા બીજી બાજુએ કાળા કપડાનુ પડ જડેલુ હતું પ્રયોગ વખતે નળી તરફ પડદાની કાળી બાજુ રાખવામા આવી હતી

આ પ્રમાણે ગોઠવેલી ઢાંકેલી નળીમા રોન્જને જ્યારે વિજળીનો પ્રવાહ પસાર કર્યો ત્યારે તેની પાસે મુકેલો પડદો પ્રકાશિત થયેલો જણાયો, હવે જાંબલી-પારના કિરણોથી આમ થયુ હશે એમ માની શકાય એમ નથી કારણકે તેના કિરણો કાળા પુઠાને ભેદી શકતાં નથી એમ ઘણા પ્રયોગોથી સાબીત થયેલુ છે માટે આ કિરણો કે જેનાથી તે પડદો પ્રકાશિત થયો તે જાંબલી-પારના કિરણ કરતા જુદા હોવા જોઇએ

પ્રો રોન્જનને આ કિરણોની ભેદનશક્તિ ઘણી અજબ જેવી જણાઈ સાધારણ તેજના કિરણ લાકડાને કે ચામડાને ભેદી પાર જઇ શકતા નથી તેથી એ દ્રવ્યો અપારદર્શક કહેવાય છે, પરંતુ આ કિરણો એ દ્રવ્યોને પણ ભેદી પાર જઈ શકે તેથી તેમને માટે એ દ્રવ્યો પારદર્શક ગણી શકાય જેમ દ્રવ્ય વધારે ઘટ્ટ તેમ તે આ કિરણોનો તે વધારે અટકાવ કરે છે લાકડાની બંધ પેટીની અંદર મુકેલા વજન પ્રો રોન્જન આ કિરણોની મદદથી જોઇ શક્યો પડદાની પાછળ એટલે-તેના કાળા ભાગપર હાથ મુકતા હાથના હાડકાની છાયા પડદા ઉપર પડી હાડકા કરતા માંસ તથા ચામડીમાથી આ કિરણો વધારે સહેલથી પસાર થઇ શકે છે તેથી આ પ્રમાણે બનવા પામ્યુ હતુ

જો આ પ્રયોગમાં પડદાની પાછળની બાજુ એટલે પડદા તથા નળીની વચ્ચે માણસ ઉભો રહે અને પડદાની આગલી બાજુએ ફોટોગ્રાફ લેવાનો પ્લેટ-કેમેરા-ગોઠવવામાં આવે તો તે કેમેરામાં ઉભેલા માણસના હાડપિંજરનો ફોટો લઈ શકાય છે.

'ક્ષ કિરણો'ની આ ખાસીયતનો વ્યવહારમાં ઘણો ઉપયોગ કરવામાં આવે છે. નાગીંમાં બંદુકની ગોળી અથવા બીજી કોઈ ધાતુની કે કાચની વસ્તુ પેસી ગઈ હોય તો તે ક્યાં છે તેની ખબર આ કિરણોથી આપણને મળે છે અને તેથી તે વસ્તુઓ બહાર ખેંચી કહાડવાનું કામ સહેલું થઈ જાય છે. વળી એ યંત્રથી હાડકાના રોગ તથા હાડકું ભાગ્યું તૂટ્યું હોય તો તેની ચોક્કસ ખબર આપણને મળે છે.

પ્રકાશિત નળીના ઋણાગ્ર (કેથોડ) ઉપરથી નીકળતા કિરણ વિદ્યુતના પ્રવાહના બનેલા છે એ આપણે આગળ જોયું છે. લેનાર્ડના પ્રયોગમાં એલ્યુમિનિયમની બારીમાંથી નીકળતા કિરણ પણ વિદ્યુતના પ્રવાહના બનેલા છે, એ પણ આપણે આગળ જોયું છે. એ કિરણો જે ધર્મ દેખાડે છે તે આ 'ક્ષ કિરણો' દેખાડતા નથી. વળી પ્રકાશના કિરણોથી પણ તેમના ધર્મ ભિન્ન છે. 'ક્ષ કિરણો' શું નથી તે આપણે જાણીએ છીએ પણ તેઓ શું છે, અથવા તેમનું ખરૂં સ્વરૂપ શું છે તે આપણે જાણતા નથી. એક એવી અટકળ કરવામાં આવે છે કે ઋણાગ્રપરની રકાબીમાંની સામેની ધાતુની નાળપર વિદ્યુતનો પ્રવાહ અણચીંતવ્યો અફળાય છે, તેથી ત્યાંના ઇથરમાં કાંઈક ક્ષોભ થાય છે. આ ક્ષોભ ચોક્કસ મોજાંઓનું રૂપ લેતો નથી, પરંતુ જેમ નાડીમાં લોહીની ગતિથી ધબકારા થાય છે તેમ આ હાલચાલ ઇથરમાં હળવા ધબકારા થાય છે તેના પરિણામે તે ઉત્પન્ન થાય છે 'ક્ષ કિરણો' રાતાંરંગના કિરણોની આ પાર આવેલા કિરણો જેટલાં નાનાં નથી અને જાંબલીની પારનાં કિરણો જેટલા ટુંકાં પણ નથી. ઉપર બતાવ્યું છે તેમ તેઓ મોજાં જ નથી પરંતુ ઇથરના હલકા ધબકારા છે. કદાચ એમ હોય કે નીશાનપર ઘણા જોરથી પછડાવાને લીધે વિદ્યુત્કણો ભાગી જતા હોય. જો મેન્ડેલીફની ધારણા પ્રમાણે ઇથર નાના નાના કણોનો બનેલો હોય અને તે ઇથરના કણોના મળવાથી વિદ્યુત્કણો બનતા હોય, તો નીશાનપર વિદ્યુત્કણોના પછડાવાથી ઇથરના જે કણ છુટા પડે તેના બહાર નીકળી જવાથી તો ક્ષ કિરણોની અસર નહીં થતી હોય? આ પ્રશ્નનો જવાબ હવે પછીની પ્રજા આપશે.

સર વિલિયમ ક્રૂક્સે વાતશૂન્ય નળીથી પ્રયોગ કરી વિદ્યુત્કણોની શોધ કરી ત્યાર પછીથી એજ દિશામાં તથા એવાંજ યંત્રોથી પ્રયોગ કરતાં પ્રો. રોંજને ક્ષ-કિરણો શોધી કહાડ્યાં. પ્રો. લેનાર્ડે કરેલા પ્રયોગ ઉપરથી આવા અદૃશ્ય કિરણોની શોધ કરવાની-એટલે આંખે દેખી શકાય એવા તેજના કિરણો માટે અપારદર્શક એવા પદાર્થોને ભેદી આરપાર જવાની શક્તિની તપાસણી તરફ લોકોનું લક્ષ દોરાયું. એકવાર કેટલોક સમય પ્રકાશની અસર નીચે રાખ્યા પછી પ્રકાશથી દૂર લઈ જતાં કેટલાક દ્રવ્યો કેટલાક સમય સુધી અંધારામાં પણ ચમક્યા કરે છે. આવા દ્રવ્ય નક્ત દ્રવ્યો (ફોસ્ફોરેશન્ટ) કહેવાય છે. વીસેક વર્ષ થયાં

આના નમ્ર દ્રવ્યો વિજ્ઞાનીઓની જાણમા આવ્યા હતા કેલ્સિયમ તથા ગંધક અને જર્મત તથા ગંધકને મેળવવાથી જે મ ન્રાઇડો બને છે તેમને સૂર્યના તાપમા કટલોક વખત રાખવાથી તેઓ ત્યાર પછી કેટલીક વાર અંધારામા પણ ચળક્યા કરે છે લશ્કરમા વપરાતા કંપાસ તથા ઘડીઆળોના કાચપર આવા દ્રવ્યોની મેળવણીઓ લગાવવાથી તેમનો રાતની વખતે પણ ઉપયોગ કરી શકાય છે દીવાસળીના ખોખાપર આવી મેળવણી લગાડવાથી રાતના તે ચમકે છે અને તેથી તે ક્યા છે તે તરત જણાઇ આવે છે ફાસ્ફોરિક તેલ ।। એક બે ટીપા લઇ મોંપર ઘસી અંધારામા ઉભા રહેવાથી મો એક પ્રકારના વિચિત્ર તેજથી ચમકવા માડે છે અને તેથી નાટકોમા ભૂત કે પિશાચનો પાઠ લેનાર એનો ઉપયોગ કરે છે રોજન કિરણો જે નળીમાથી નીકળતા હોય છે તે નળી પણ આ જ પ્રમાણે પ્રકાશિત થાય છે

વિજ્ઞાનમા જે શોધો થાય છે તે કાઇ સહસા એમને એમ અદ્ધરથી આવતી નથી અન્ધારામા ગોથા ખાતા અણચીંતવ્યા કોઇ વસ્તુ ઉપર અથડાઇએ, તેમ વિજ્ઞાનીઓ નવી શોધ જોડે અથડાતા નથી નવી શોધ કેટલાક અજોગોને લઇને થાય છે અમુક વિચારોની પરંપરાને રસ્તે જતા જતા અને આમ તેમ પ્રયોગો કરી જોતા નવીન માર્ગો અથવા રસ્તાઓ જડી આવે છે વિભિન્ન ક્રમે વાતશૂન્ય નળીથી કરેલા પ્રયોગોના પાયાપર જ અથવા એ જ દિશામા આગળ વધતા હાલના સમયમા નવી જાણીતી, તથા નવાઇભરી રેડિયમ ધાતુ શોધવામા આવી છે આ વિચિત્ર રેડિયમ ધાતુની શોધ કેમ થઇ તથા તેના શા ધર્મ છે તે હવે આપણે જોઇશુ

આપણે અગાઉ જોયું છે કે ફોટોગ્રાફની પ્લેટને એલ્યુમિનિયમના પાતળા પતરાથી ઢાકી, ને પતરા ઉપર રોજન નળીમાથી ક્ષ કિરણો નાખીએ તો તે કિરણો તે પતરાને ભેદીને ફોટોગ્રાફની પ્લેટપર અસર કરે છે તેજની અસરથી પ્રકાશિત થતા 'નકતદ્રવ્ય' કેલ્શિયમ સલ્ફાઇડમાથી નીકળતા તેજના કિરણ ક્ષ કિરણોની પેઠે ધાતુના પતરાને ભેદી શકે છે કે કેમ તે અજમાવવાનો વિચાર એક રશિયન વિજ્ઞાનીને આવ્યો આ વિજ્ઞાનીનુ નામ **નાયેવેન્સ્કોસ્કી** હતુ એણે કરેલો પ્રયોગ ઘણો સાદો છે તેણે એક ફોટોગ્રાફની પ્લેટ લીધી અને તેની ઉપર એક પાતળુ એલ્યુમિનિયમનુ પતરું ઢાક્યુ એ પતરા ઉપર એક ચોખંડી કાચની ચકતી મૂકી તેની ઉપર તેણે કેલ્શિયમ સલ્ફાઇડ મૂક્યો આ પ્રમાણે ગોઠવી તેણે તે બધી વસ્તુઓને એક આખો દહાડો અન્ધારામા રહેવા દીધી બીજે દિવસે જ્યારે તેણે તે પ્લેટને ધોઇ ખીલવી ત્યારે પેલા કાચની તખતીની આકૃતિને પ્લેટપર પડેલી તેને જણાઈ બારીકાઇથી જોતા જણાયુ કે કાચની તખતીમા થઇને પસાર થયેલા કિરણ તે તખતીની કોરાણે વાકા વળેલા હતા ક્ષ કિરણો આ પ્રમાણે વાકા વળી શકતા નથી તેથી નકતદ્રવ્ય કેલ્શિયમ સલ્ફાઇડમાથી નીકળેલા કિરણ ક્ષ કિરણ હોઈ શકે નહી

અન્ધારામા ચળકતા નકતદ્રવ્યો તથા ક્ષ કિરણો વચ્ચે કાંઇ સમ્બન્ધ હશે એવી શંકા પારિસમાના પ્રો. **બેકેરલને** પણ આજ સમયમા થઈ હતી આવી ધારણા તેને સ્વતન્ત્ર રીતે થઈ હતી ઉપર જણાવેલી શોધોને લીધે કાઇ એ ધ્યાન તેને આવ્યો ન હોતો આ ધારણાને અનુસરી તેને જેટલા ખબર હતા તેટલાં બધા નકતદ્રવ્યોની ફોટોગ્રાફની તખતી-

પરથી અસર થાય છે તે તેણે તપાસી જોયું આ પ્રયોગ દરમિયાન તેને જણાયું કે કેટલાં યુરેનિયમ ક્ષારોમાંથી ફોટોગ્રાફની તખતીપરથી અસર કરનારાં કિરણ ઘણા સારા પ્રમાણમાં નીકળે છે આ યુરેનિયમના ક્ષારોને આપણે ભાગ્યે જ નક્ષત્રોની ગણતરીમાં ગણી શકીએ જ્યારે બીજા સાધારણ નક્ષત્ર-યોની ઉપર તેજ પાડી તે તેજ પડતું અટકાવતાં તેઓ કેટલાક કલાક સુધી ચમક્યા કરે છે, ત્યારે આ યુરેનિયમના ક્ષારની ઉપર પડતું તેજ લઈ લીધા પછી તે ઘણા જ થોડા સમય સુધી ચમકે છે સાધારણ માણસ તો આ યુરેનિયમ ક્ષારોને નક્ષત્રમાં ગણે જ નહીં અને એનો પ્રયોગમાં ઉપયોગ પણ ન કરે પરન્તુ બેકેરલે તો તેમને પણ અભ્યાસમાં લીધા બેકેરલે એવો વિચાર કર્યો કે ફોટોગ્રાફની પ્લેટપર કાગળ નાખી તે કાગળની ઉપર ક્ષાર મુકી એ બધા સામાનને સૂર્યના પ્રકાશમાં મેલી રાખવો અને શું અસર થાય છે તે જોવું આ વિચારને અનુસરી તેજના કિરણ પસાર ન થવા દે એવા પરબીડીયામાં એક ફોટોગ્રાફની તખતી મુકી તે કાગળ પરબીડીયાની ઉપર યુરેનિયમના ક્ષારના કેટલાક સ્ફટિક પાથર્યા અને પછી તે પરબીડીયાને સૂર્યના પ્રકાશમાં મુક્યું જ્યારે તેણે તે ફોટોગ્રાફની તખતીને ખીલવી ત્યારે પરબીડીયા ઉપર પાથરેલા યુરેનિયમ ક્ષારના સ્ફટિકોની છાયા તેનીપર પડેલી જણાઈ આ ઉપરથી તેને જણાયું કે યુરેનિયમના ક્ષારમાંથી કોઈ અદ્રશ્ય કિરણો નીકળે છે અને સાધારણ તેજને માટે અપારદર્શક એવા દ્રવ્યોની આરપાર તેઓ જઈ શકે છે

વધારે ખાત્રીમાટે આનો આ પ્રયોગ ફરીથી કરવાનો બેકેરલે વિચાર કર્યો આ વખતે કાગળ પરબીડીયા ઉપર લોખંડનું પતરું મુકી તેની ઉપર તેણે યુરેનિયમ ક્ષાર મુક્યો આ બાબતને કેટલાક કલાક સુધી તડકામાં મુકવાનું તેણે ધાર્યું હતું પરંતુ તેણે બધી તૈયારી કરી તે વખતે સૂર્યનો તાપ ચાલ્યો ગયો અને તેથી બેકેરલને તે પ્રયોગ મુલતવી રાખવો પડ્યો તેણે ઉપર બતાવ્યા પ્રમાણે ગોઠવેલી બધી વસ્તુઓ અંધારામાં મુકી છોડી જ્યારે બીજે દિવસે સૂર્યનો તડકો પડે ત્યારે તેમાં તે સાધનો મુકવાનો તેણે વિચાર કર્યો પરંતુ અણચિંતવ્યો તેનો વિચાર બદલાયો અને તડકામાં મુક્યા વગર જ તે ફોટોગ્રાફની તખતી તેણે ખોલી ખીલવી જ્યારે તે તખતી તેણે ખીલવી ત્યારે તેની ઉપર પેલા લોખંડની આકૃતિની છાયા તેણે જોઈ એ છાયા જોઈ તેને કેટલું આશ્ચર્ય લાગ્યું હશે તેનો વાચકે વિચાર કરવો! આ ઉપરથી તો એવું જ અનુમાન થઈ શકે કે ફોટોગ્રાફની તખતી ઉપર અસર કરે એવા, અને સાધારણ તેજના કિરણોને માટે અપારદર્શક એવા દ્રવ્યોને ભેદી આરપાર જનાર જે કિરણો યુરેનિયમ ક્ષારમાંથી નીકળે છે તેને માટે તે ક્ષારને તડકામાં મુકી રાખવાની જરૂર નથી યુરેનિયમ ક્ષારમાંથી એ કિરણો એમ ને એમ સહસા નીકળતાં હોવા જોઈએ આ બાબતની ચોકસ ખાત્રી કરવા તેણે તે જ પ્રયોગ ફરીથી કર્યો આ વખતે યુરેનિયમ ક્ષારપર તેણે તડકો મુળથી બીલકુલ ન પડવા દીધો આ વખતે પહેલા પ્રયોગ જેવું જ પરિણામ આવ્યું હવે તેની ખાત્રી થઈ કે યુરેનિયમ ક્ષારમાંથી નીકળતાં કિરણો ક્ષ-કિરણોને કે કેથોડ સરખાં જે નક્ષત્ર દ્રવ્યોમાંથી નીકળતાં કિરણોને મળતાં નથી પરંતુ તે તદ્દન નવીન પ્રકારનાં કિરણ છે આ પ્રમાણે એમ અકસ્માતે બેકેરલને એક નવી શોધ હાથમાં આવી અને એ જ દિશામાં થયેલા બીજા વધારે પ્રયોગોને પરિણામે આખરે રેડિયમની શોધ થઈ

સમય જતા જણાયુ કે યુરેનિયમ ક્ષારોમાથી એકેરન-કિરણો સતત નીકળ્યાં જ કરે છે છતાં તે ક્ષારોમા કાંઈ ઘટાડો થતો જણાતો નથી ન્યુ આ કિરણો ક્ષ-કિરણો જ છે. ક્ષ-કિરણો પેઠે તેઓ વિજળીવાળી વસ્તુઓની વિજળી કહાડી નાખે છે તથા ક્ષ-કિરણો દ્રવ્યોને ભેદી જાકે છે તેમને તેઓ પણ ભેદી શકે છે વળી ક્ષ-કિરણો પેઠે આ કિરણોનુ પરાવર્તન કે વક્રીભવન થતુ નથી. આ બધુ છતાં તેઓ ક્ષ-કિરણ નથી એકેરનની શોધનુ ખરૂ મહત્ત્વ એ છે કે કુદરતી સ્થિતિમા રહેલુ એક દ્રવ્ય સતત રીતે અદૃશ્ય કિરણો પેદા કર્યાં કરે છે

એકેરનના પ્રયોગ પછી યુરેનિયમ ક્ષારોના જેવી અસર બીજું કોઈ દ્રવ્ય પેદા કરી શકે એમ છે કે નહી તે જાણવાની ઈચ્છા બીજા પ્રયોજકોને થાય એ સ્વાભાવિક છે **પ્રોફેસર કરી** તથા તેની સ્ત્રી મેડમ કરી એ બને વિદ્વાની હતા યુરેનિયમ ક્ષારાથી જે અસર થાય છે તે તે શુદ્ધ ક્ષારની જ છે કે તે ક્ષાર જોડે ભળેલી કોઈ અશુદ્ધિને લીધે છે તેનો નિર્ણય કરવાને આ વિદ્વાની પત્નીએ વિચાર કર્યો શિલાજીત જેવા એક ખનિજમાથી યુરેનિયમ ક્ષારો મેળવવામા આવતા હતા અને તેથી તે ખનિજના જુદા જુદા નમૂનાઓથી પ્રયોગ કરતાં તેમને જણાયુ કે કેટલાક નમૂનામા ઉપર વર્ણવેલા અદૃશ્ય કિરણો ફેંકવાની શક્તિ બીજા નમૂના કરતા ઘણી વધારે હોય છે આ ઉપરથી તેમણે એવુ અનુમાન કર્યું કે તે ખનિજમાં અદૃશ્ય કિરણો ફેંકવાની જે શક્તિ છે તે ખરૂ જોતા માત્ર યુરેનિયમને લીધે નથી પાછળ થયેલા પ્રયોગોપરથી જણાયુ છે કે તાજા તૈયાર કરેલા યુરેનિયમ ક્ષારોમા આવી ચપળતા અથવા શક્તિ હોતી નથી આ પ્રશ્નનુ ચોકસ નિરાકરણ કરવા માટે તેમણે તે ખનિજના વિવિધ નમુનાઓનુ બહુ કાળજીથી પૃથક્કરણ કર્યું અને તેના બધા ઘટકો જુદા પાડ્યા તેમની ખાત્રી થઇ હતી કે યુરેનિયમ ક્ષારોમા જે શક્તિ જણાય છે તે યુરેનિયમને લીધે નહી પણ તેની જોડે ભરેલા કોઇ બીજા દ્રવ્યો લીધે છે આથી શુદ્ધ ખનિજ લેવાને બ ને યુરેનિયમ કહાડી લીધા પછી તે ખનિજનુ જે શેષ રહે છે તે લઈ તેનુ પૃથક્કરણ તેમણે કર્યું આ ખનિજ ઑસ્ટ્રિયામા થાય છે અને ઑસ્ટ્રિયન સરકારે તેના શેષની કેટલીક ખાડી તેમને પુરી પાડી બહુ કાળજીથી પૃથક્કરણ કરતા તેમણે તેમાથી એ પ્રકારની ચપળતાવાળા નણ દ્રવ્યો જુદા પાડ્યા આ ત્રણ માનુ એક બીજા બન્ને કરતા વધારે ચપળ જણાયુ હતુ આઠ ખાડી ખનિજમાથી માત્ર એક પૈસો ભાર એટલુ તે દ્રવ્ય મેળવી શકાયુ મેડમ કરીએ તેને રેડિયમ (રશ્મિલ) એવુ નામ આપ્યુ આ તત્ત્વનો પ્રભાવ યુરેનિયમ કરતા દસ લાખ ગણો હતો જ્યારે લોકોએ સાભળ્યુ કે એક એવી નવી ધાતુ શોધાઇ છે કે જે સોના કરતા ત્રણ હજાર ગણી મોંઘી છે, ત્યારે તેમને બહુ આશ્ચર્ય લાગ્યુ હશે તથા ઘણી આશાઓ બધાઇ હશે પરન્તુ એ મળવી દુર્લભ છે એમ જાણતા તેમનો તે બાબતનો રસ તથા મોહ ઓછો થયો હશે રેડિયમથી મનુષ્યના શરીરપર કાંઇ ખાસ અસર થાય છે તે જાણીને પણ લોકોને રેડિયમની બાબતમા રસ લાગ્યો પ્રોફેસર એકેરન તથા પ્રો. કરી બન્નેના શરીરનુ માસ રેડિયમના કિરણોથી દાઝેલું જણાયું હતુ રેડિયમના આ પ્રભાવથી લોકોમા તો એવી માન્યતા ફેલાઇ કે રેડિયમથી તો શરીરના બધા વ્યાધિ મટાડી શકાય છે રેડિયમ એક મહાન રસાયન છે

ઉષા—"સ્વરાજ્ય પ્રતિજ્ઞા."

(પ્રથમ ખંડ)

લેખક —રા શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજી.

(સચિત્ર ચાનુ ઐતિહાસિક વાર્તા)

પ્રકરણ ૧ લુ

" સાવધ ! સાવધ ! "

" વાદળ ફાટવા માંડ્યુ હવે છે, ધ્રુવાદિ કઈ કઈ નજરે પડે છે—વાદળ
ગત વીતી હવે વાણ રે નામે, રજના મપોર પછી ઝટ થાસે—વાદળ

" પ્રભાત પહોરે લાલ ચોવડીએ, મગલ વાજુ વાજે,
ઉદાર યોદ્ધા રણમા ઉતરે, સ્વદેશ કેરી દાઝે
હર્યો જનનો હો, સ્પૃરજ રાખવા હો—

(નર્મ કવિતા)

" Freedom's volcanic explosion prepares itself,
Despots shall bow to the Forces of Liberty

વૈશાખ મહિનાની રાત્રિના બે પ્રહર બાકી હતા શીતળતાનો સ્વામિ ચન્દ્ર કયારનોએ પશ્ચિમ તરફ ઝુકી અસ્ત થયો હતો મુદ નદીપરની નીચાણ વાળી જમીનપર પડેલી છાવણીમાં, અને ઘેરાયલા ગામમા સર્વ સુમસામ હતું—રાત્રિની પ્રગાઢ શાંતિ પ્રસરી હતી

એ ગામની દક્ષિણે પડાવ નાખી પડેલી બિજાપુરી છાવણીમા એક પછી એક મસાલો બુઝાઇ જતી, માત્ર રોન ફરતા પહેરેગિરોના પગલાંનો ધ્વનિ રાત્રિની શાન્તિનો ભગ કરતા હતા—ઉત્તરે વીર પ્રવાજી સુભેદાર વીરોસહિત—બિન કેળવાયલા બળવાખોર લેખાતા વીર માવળાઓ સાથે પોતાના મા ગર્વિષ્ઠ જોરાવર શત્રુને લડાઇમા ઉતરવા આમત્રણ કરતો, પરિણામ માટે ઇશ્વરપર ભરોસો રાખતો, છાવણી નાખી પડ્યો હતો ત્યા વિશેષ શાતિ હતી પહેરેગિરો ચોકીના, એક્કામ અને દેદરકાર પોતાના પહેરાની જગ્યાએ જ તબુઓના વાસોને અઢેલી ઉભના પડ્યા હતા શૂર-વીરોનું આ સૈન્ય પણ સ્વદેશ માટે, સ્વધર્મ માટે, ને સ્વતત્રતા માટે સ્વેચ્છાથી શિવાજીના ઝુડા નીચે એકત્ર થયેલું તે નિશ્ચિત બે દરકાર બની અત્યારે શાતિમા પડ્યુ હતુ આ છાવણીના મધ્ય ભાગમા આવેલા એક મ્હોટા તબુમા રાત્રિના જાગરણથી ને આખા દિવસની અથાગ મહેનતથી થાકી લોથપોથ થઇ શિવાજી ગાઢ નિદ્રામાં પડ્યો હતો તેના તબુની આસપાસ તેના અગરક્ષકો પણ થાક્યા પાક્યા નિદ્રાધીન થયા હતા

આ વખતે દક્ષિણ તરફથી જાગૃતિ—મનુષ્યોની હીલચાલ—અવાજનો ધ્વનિ ઉઠ્યો, અને બિજાપુરી છાવણીમાથી સમુદ્રના મોજાઓ કિનારાપર અથડાતા અથડાતાં અવાજ કરે તેમ

મનુષ્યો ઉંઘતા હોઈ અંધારનો ધણી અંધકારમાં ભળવા લાગ્યો. ગણગણાટ કરતાં "આગળના શબ્દોમાં અપાતા હુકમો આ સમૂહો માર્ગપર ચલાવવા લાગ્યા. જેથી, ત્વરાથી અને ચુપચુપ ચાલતા નિર્જન રેતાળ કિનારાપર રખડતા-ભમતા ભૂતો પેઠે, અથવા રેતાળ જમીન સાથે ઘસડાતા ચાલતા મ્હોટા અજગરની પેઠે આ સમૂહ ઉત્તર તરફ આગળ વધ્યો.

"સરદારજી!" એક અવાજે ઘણે ધીમેથી અન્યને કહ્યું — "બવાન હબશી પહેરેગિરોપર ઓચિન્તો હલ્લો કરી જાગીરપર છાપો મારશે. ત્હારે ત્હારી ટુકડી સાથે સીધા શિવાજીના તંબુ તરફ ધસી જવું, ને તેને જીવતો પકડવો. આ મેવા જો હાથમાં નહી આવે, તને અને ત્હારી ટુકડીના દરેક શિપાઈ બચ્ચાને મ્હોટું ઇનામ મળશે. હુંશીયાર!"

આ હુકમો અપાયા. હિરજી માવળી કૃષ્ણાજી નાઇક ને બાજી દેશમુખ પોતાના ભ્રમો માવળા સિપાઇઓ સહિત, બવાન હબશીના પાયદળ ઘોડદળની દશ હજાર ફોજ સાથે, કુમકના ધમતો હતો.

બિજાપુરી છાવણી નાના ઉંબરે ગામની પડોશમાં અને તેનાથી બે ત્રણ માઈલ દૂર સર્પાકાર સુંદર પ્રદેશ ઉપર શિવાજીની છાવણી પડી હતી. બિજાપુરના સરખાનની છાવણીમાં મનુષ્યોની જાગૃતિનો સંચાર, ગીરભાન, છુપા હલ્લાની તૈયારી ચાલી રહી હતી, અને અહીં શિવાજીની છાવણીમાં સર્વ શાન્તિ પ્રસરી રહી હતી. ઉત્તમ સ્વદેશભક્ત વીર સુવાન શિવાજીએ આ અનિષ્ટ મુસલમાની સત્તા સામે સ્વતન્ત્રતાનો ઝુંડો ઉપાડ્યો હતો. તેના ગુણ જાણીને-તેની મદદે સુધીર વીરો બિજાપુરીની આ અનિષ્ટ સત્તા સામે પોતાની સ્વતન્ત્રતા મેળવવા એકત્ર થયા હતા, ઘણાઓ આ ઉત્થાન, ઉછાંછળુ પગલું ધારી અલગ રહ્યા હતા, અને ઘણાઓ અન્તર અન્તરના દ્વેષથી બિજાપુરની તરફમાં જ રહ્યા હતા, તેમ ઘણાઓ આ ઉદ્ધત મૂર્ખાઈનું પગલું છે એમ માનતા બિજાપુરી આશરે જ રહ્યા હતા. વળી કેટલાક સિપાઈઓ પૈસાની લાલચે પણ આ વીર સાથે જોડાયા હતા.

એક મ્હોટો અજગર જમીન સાથે ઘસાતો આવતો હોય તેમ બવાન હબશીની સેના આગળ ઘસતી હતી. તેઓ છાવણીઓથી માત્ર એક માઈલ દૂર રહ્યા. તે છતાં પણ મરાઠા છાવણીમાં સર્વ સુમસામ હતું. માથાપર ભટકતા મોતની કોઈને પણ ખબર હોય એમ લાગતું નહોતું. ત્યાં કોઈ અવાજે પહેરેગિરોને એકદમ જાગૃત કર્યા, એક નજીવા લોખંડી હાથે એકેકો હલાવ્યો, બીજાની ખાંધે ઝુડ્યો અને અન્ધકારમાં ભયાનક અવાજ તેમના ચમકેલા કાનોપર પડ્યો:—

"સાવધ, સાવધ! જાગો! જાગો! ઉઠો! રણશીંગુ ફૂંકો! નગારાપર દાંડી પીટો. શત્રુ ધસ્યા આવે છે, નહી તો ઉંઘમાં સર્વ કપાઈ જશો-માર્યા જશો."

હજુ ઉંઘમાંથી પૂરા ન જાગેલા પહેરેગિરો તૈયાર થાય છે ત્યાં તો તે જ હાથ શિવાજીના તંબુપરના પહેરેગિરોના ખાંધાપર પડ્યો અને અવાજ તેમને કાને અથડાયો—"ઉઠો, જાગો, મુસલમાનો ધસ્યા આવે છે."

શિવાજીના તંબુમાં એક ખુણામાંથી એક બારીક બત્તી આછો પ્રકાશ નાંખી રહી હતી. એક ચારપાઈ પર મર્દ વસ્ત્રોમાં સજ્જ મર્દ હથીયારો સહિત પડ્યા હતા. કાને વાર્તા આવતા જ મુથડીયો, પહેરેગિરોના પગનો સંચાર, છાવણીમાં થતી જાગૃતિ, રણશીંગાનો અવાજ, ઘોડાપર ચડીનો અવાજ—તે ભડક્યો, સચેત થયો, સફાળો ઉઠ્યો અને જુવે છે તો સામે એક ઊંચી આકૃતિ ઉભી છે. ખૂણામાં કોડીયામાં બળતી ધીમી બત્તી આ મૂર્તિપર આછું અજવાળું ફેંકતી હતી તે પુરુષ ઉંચો, લામો ભગવો ઝભ્ભો પહેર્યો, માથે મ્હોટી જટા લાંબી દાઢી, હાથમાં ચીમટો કુમડી સાથે આ ધીમા પડતા આછા અજવાળામાં ભયાનક દેખાતો સાધુજી, માન વાળી દૃષ્ટિથી શિવાજી તરફ જોઈ રહ્યો હતો.

"કોણ સ્વામિજી!" તેના તરફ જોતા, એકદમ જમીનપર પડતા શિવાજી બોલ્યો—"કેમ, શું સમાચાર!"

"શત્રુનો છાપો!" શાંત અવાજે ઉત્તર મળ્યો—"જ નાન અને બાન ધસ્યા આવે છે. એ થા ગોંડ જેટલા હજી દૂર છે હું હજુ બ્હેનો આવત, પણ સભાળીને સાવચેતીથી આવવું તેથી પણ હું વખતસર આવી પહોંચ્યો છું."

છાવણીમાં એકદમ જાગૃતિ આવી ગઈ. સુમસામ પડેલ છાવણીમાં જીવન આવ્યું. વીર હાકો થવા લાગી. સિપાહીઓ—વીર યોદ્ધાઓ એકદમ સજ્જ થઈ ગયા. હુકમો છુટવા લાગ્યા. ગસ્તાન હવે પા એક માઈલ દૂર હતો. તેણે આ અવાજો સાંભળ્યા. આ જાગૃતિ જોઈ પોતાના ધારેલા હુમલાની ખબર શત્રુને પડી ગઈ હવે છાપો મરાશે નહી. શિવાજી પાસે માણસોની સંખ્યા પોતાના કરતા વધારે હતી તે તે જાણતો હતો. નિરાશાની મારું ઘણા યુદ્ધ ઉમંગમાં વસ્યા જતા સૈનિકોને એકદમ થોભવા તેણે હુકમ આપ્યો. એક પળમાત્ર અને પુન એકદમ પાછા ફરવાનો હુકમ કર્યો. આ એક ઘડી પૂર્વે પૂર ધસ્યા આવતાની હીનચાલમાં મુગ્ધ થતી મનુષ્યની મોટી ફોજ સેના, તેટલી જ ઝડપથી આ હુકમથી આશ્ચર્ય પામતી પોતાની છાવણી તરફ પાછી વળી, અને શિર મારવાની નાશક્યતાની ખબર બધાને છાવણીમાં આવી. તરત આતુરતાથી રાહ જોતા ગસ્તાનને આપી.

ખાન છે તો હોઈ પીસતો બગડ્યો—'પણ આ ખબર શત્રુને કોણે આપ્યા?'

"કોણ સેનાને, હજુર!" ધીમા અવાજે બોલ્યો.

* * * * *

અહીં મરાઠા છાવણીમાં શિવજીના માના તંબુમાં આ સ્વામિજી જેવી રીતે પધાર્યા તેની જ રીતે પાછા જવા લાગ્યા. ત્યાગી ફરતા દેખાયા. તે બોલ્યા—"મહારાજ હવે એ ગનીમો આવતા નથી, તેઓ જાણે છે કે આપ તેમનો વધાવવા તૈયાર છીએ પણ આજનો દેખાવ જોઇને...

ત્યારે હું આ પેલા ત્યારે આ બેહેરંગ પહેરેગિરિ

ઉભતા ... તેમનો શિરચ્છેદ થવો જોઈએ. તેમની

...” એટલું કહી તે જવા પાછો ફર્યો, ત્યાં શિવાજીએ આગળ વધી તેને

“સ્વામિજી, આજના તમારા આકૃત્ય માટે હું કેટલો ઉપકાર માનું?”

“હા, મહારાજ, માત્ર તમારા પ્રાણની સંભાળ રાખજો ! આ મહા

જીવન તમે છો, તમારા વગર આ ઉત્થાન પણ મહારાષ્ટ્ર નષ્ટ થશે.”

“વાહ,” હસતા હસતા શિવાજી બોલ્યા — “જો એમ જ છે તો આપણી આ

કેટલી રહુને છે તેટલી જ તમારા આભારી છે. તમે દસ વખત—અરે! બાર વખત

બચાવ્યા છે!”

“પણ, આપ મને હજુ આપની સેનામાં યુદ્ધમાં જોડતા નથી—એવી

“હા, હા, સ્વામિજી, તમારી મરજીમાં આવે એમ કરતા રહીશું. તમે એક

મિત્ર, એક ખરા વીર યોદ્ધા છો. પણ હાલ જે મહાન સેનાઓ તમે સજાવી રક્ષા

કરી છે? તેથી શું સંતોષ નથી? મ્હારી પોતાની જિન્દગી બાજુએ રા

તમામ બધુઓ, આ વીર મરાઠાઓને કેટલી કેટલી વખતે તમે વખતસરની ચેતવણીઓ

... હુમલાઓથી—મૃત્યુથી બચાવ્યા છે? બલાન અને બાટલે વારંવાર ભાવળાઓથી

ષડ્યંત્ર કરવા ... પ્રબળ મથનો તમારે લીધે ભાગી પડ્યા, અને આપણું જમાવ કરી

મોટી સેના છે? ઈશ્વરે—ભીલભવાનીએ આ મહાન્ કાર્ય માટે તમને ઉત્પન્ન

“હા, હવે છાપરે ચઢાવો નહી. હા, એક જાસુસના હલકા કામ માટે! વાહ

“નહી, જાસુસ, જાસુસ તમે કહેવાઓ જ નહી. મહાન્ સ્વદેશાભિમાન અને

ઉદાત્ત જીવ! જાસુસ કહેવાય? એ મહાન્ ખ્યાતિ તમારા નામની સાથે સદા

રહેશે.”

એટલું કહી પ્રેમથી શિવાજીએ પોતાના હાથ લંબાવ્યા, અને આ વાંસા ઉપર

કર્યું “જુવો બાજી! આપણા વચન પ્રમાણે એક વખત પણ તમારું નામ

છે? જુવો, આપણે એકલા છીએ એટલે જ તમારું નામ મ્હારા મુખમાંથી બ્હાર

ધીમે અવાજે પ્રેમથી કહ્યું.

“મહારાજ, હું આપનો ઉપકારી છું. ઈશ્વર દરેક ભયમાંથી, દરેક જોખમમાંથી

કરો. તમે મરાઠાઓના—હિન્દુઓના આત્મા, આ મહારાષ્ટ્રના સર્વ, સદા

ન્યાય અને સ્વતન્ત્રતાનું બીજ—મૂળ તમારા હાથમાં છે.” નમન કરી

ચુન બોલ્યો—

“બાજી, ફરી ક્યારે મળીશું?”

“જ્યારે તમારી અમર જીતી અથવા આપણું સ્વરાજ્યમાં હશે ત્યારે.”

શિવાજી સપ્રેમથી “ઈશ્વર તને આનો બદલો આપો!”

P by K R at M Pr S st Girgaon Bombay

સમાલોચક

મુખ્ય લેખો.

- દિલ્હી કોંગ્રેસ
- નામદાર પટેલનું બિલ.
- વીર અને વીરપૂજા
- કાગળનો ઉદ્યોગ.



૧. આપના ... સમાલોચકની નોંધ જેવા

પકાયેલા, પુરાણા અને અંગ્રેજી મશીન

પૉલીશની શરૂઆત કરનાર

અને આ ધંધાને એ- કેશનેબલ ધંધાની મ્પાગીપૂર્વકતારના

ઝવેરી કાનજી માલજી



આ નામ કોણ નથી જાણતું.

પહેલા પાયોનીયર

હજી પણ કંઈ નવી કૃતિઓ,

નવા ઘાટ, નવા શણગાર અને [illegible] અનકારો

તૈયાર કર્યાં જ જાય છે!

દુકાને પધારી તમો [illegible] જોશો તો

જરૂર જ મોહશો!

પરિણામે અમને ખમાવ્યા વિના

છુટકો જ નથી!

પછી આજે આવો કે કાલે!

ગુણહુલ [illegible] સ્ટાન [illegible]

ટેલીફોન નં. ૭૮૦

[illegible]

જ આપના ઓર્ડરમા સેમાચિકની નોંધ લેશો

સમાલોચકના પાછલા અંકો.

૫૬ પૃષ્ઠ], ડીસેમ્બર, ઈ સ ૧૯૧૮ [૧૪ ચિત્રો

લેખ-લેખકો

૧. ગુજરાતની પરિષદો—રા ચન્દ્રશંકર પંડ્યા એલએલ બી ૨ બાળકોની શારીરિક-માનસિક કેળવણી—ર ગ મનુમતિ ૩ ગુલામગિરીનો નાશ-(અવલોકન)—રા પુરુષોત્તમ મુનશી એમ., બી એ ૪ હિન્દી કળાનો અભ્યાસ—રા ચૈતન્યરાય ૫. નડિઆદમા ભરાયેલી પરિષદો—રા. મનસુખલાલ માસ્તર, એલએલ બી ૬ —સ્વરાજ્ય માટે યોજના—ડૉ કનુભાઈ સાહ, એમ એન એન એમ, ૭ લૉર્ડ વિલીંગ્ડન—રા ચન્દ્રશંકર પંડ્યા, એલએલ બી -વિગેરે

ચિત્રવિભાગ

૧. ગુજરાત પરિષદનો કીર્તિસ્થંભ અને નડિઆદના સ્વર્ગવાસી પુણ્યવીરો— ચિત્રકાર—રા રવિશંકર રાવળ

૨-૬ ગુજરાત રાજકીય-અને મુસલમાન—પરિષદોના ખાસ ફોટોગ્રાફો.

૭-૧૪ 'ગુલામગિરીનો નાશ' અવલોકન વિભાગમાં સન્તોના આઠ સુન્દર ચિત્રો

—અંકની કિંમત રૂ ૦॥.

---

૬૪ પૃષ્ઠ] નવેમ્બર, ઈ. સ ૧૯૧૮ [૧૨ ચિત્રો

[આ અંક ગુજરાત રાજકીય પરિષદ સમયે પ્રકટ થયો છે]

લેખ-લેખકો

૧. ગુજરાત કેળવણી પરિષદ રા એચ અધ્વારી બી એ ૨ જડવાદ અને વિજ્ઞાન રા ક સાણુંગાથ જોશી બી એ ૩ એક વિચિત્ર પ્રયોગ-રૂપાન્તરી ગ ધાનનાનપંડ્યા બી એ ૪ પૃથ્વીઉપર જીવનની શરૂઆત પ્રૉ નિર્ભય રાકર યાજ્ઞિક, એમ એ, ૫. રાયબહાદુર શ્રીશચન્દ્ર વસુ વિદ્યાર્ણવ-જીવનચરિત્ર ગિરજાશંકર પંડિત ,૬. પરમાણુની ઘટના આ દીવાળા પુરાણી, એમ એ ૭ આગામી ગુજરાત પરિષદો. ગ ચન્દ્રશંકર પંડ્યા એલએલ બી ૮ ... લાલ અજાણીઆ, એલએલ બી ૯ નડિઆદ ... બી એ ૧૦. ગુજરાતનું આશાવાદી જીવન રા રમણીકરામ ત્રિપાઠી એ ઉપરાંત ગજબકીના સુન્દર કાવ્યો ગ બ્રહ્મચાર, રા. રઘુનાથ અને ગ, ભટ્ટ વિગેરે ॥

ચિત્રવિભાગ

૧ માતસ્મરણ—તિ રનું સ્મરણ કરતા સાધુની પ્રાર્થના, ના. બિર્ડા રનો સુન્દર કાવ્ય સાથે ૨. વૈરરોચનના મન્દિરે દેવીનુ પૂજન ગુર્જર દેવીના

બે બાળકો-પુત્ર અને પુત્રી ગણરાજ્યના મંદિરે પૂજા કરવા જાય છે —ચિત્ર [illegible] માર્ટિન ૩ શુદ્ધ આત્મા-પ્રલયકાળને ખેંચતા સ્વરૂપના [illegible] હિન્દના વીર સંતાનોને આમ ત્યાં આપતાં સુન્દર કાવ્ય સાથેનું ભાવભર્યું ચિત્ર. [illegible] ૪ નડિઆદના સાત પ્રસિદ્ધ પુરુષો –

૧ સ્વ. ધી ઑ. મિ. જવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક.
૨ સ્વ. મન. સુખરામ સૂર્યરામ ત્રિપાઠી.
૩ સ્વ. રાવસાહેબ હરિદાસ દેસાઈ
૪ સ્વ. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી બી. એ., એલએલ. બી.
૫ સ્વ. ડૉ. મણિલાલ નભુભાઈ દ્વિવેદી, એમ. એ.
૬ સ્વ. બાલાશંકર ઉલ્લાસરામ
૭ સ્વ. દોલતરામ કૃપારામ પંડ્યા
૮ [illegible] ઑ. મિ. વિઠ્ઠલભાઈ પટેલ બારીસ્ટર-ઍટ-લૉ, રાજદ્વારી પરિષદના પ્રમુખ
૯ [illegible] ગોપાળદાસ વિહારીદાસ દેસાઈ રાજકીય પરિષદ સ્થગિત મંડળના પ્રમુખ

અંકની કિંમત રૂ. ૦।।।

પ૮ પૃષ્ઠ] ઑક્ટોબર, ઈ. સ. ૧૯૧૮ [૧૧ ચિત્રો

લેખ—લેખકો

૧. કાયસ્થ જાતિનો ટુંક પરિચય—[illegible] મોહનલાલ દેસાઈ, એલએલ. બી. ૨. હિમાલયને આંતરાયે—[illegible] મુનિકુમાર; ૩. અભિનયકલામાં હાથનું સ્થાન [illegible] ચિત્રો સાથે—[illegible] મુળચંદ મહેતા એલ. એમ. [illegible] ૪. મ્હારી કમલા અને બીજી વાતો અવલોકન—[illegible] દેસાઈ, બી. એ., ૫. હિન્દુ લગ્નોની મંજુરીનું બિલ—[illegible] ચંદ્રશંકર પંડ્યા, એલએલ. બી. ૬. ઐતિહાસિક નાટકોની આવશ્યકતા—[illegible] દેસાઈ ૭. શપથભંગ—[illegible] ત્રિ. બી. એ. ૮. [illegible] લીગનો એખનાસ—[illegible] ચંદ્રશંકર પંડ્યા એલએલ. બી., ૯. વિજ્ઞાનના હિન્દ—[illegible] પ્રૉ. [illegible] પંડ્યા એમ. એ. ૧૦. [illegible] પુતળું—[illegible] મજમુદાર, વિગેરે

ચિત્રવિભાગ.

૧. પંડિત નેકીરામજી-દિલ્હીની સરકારના કાયદાથી શાસિત થયેલા પંજાબના જાણીતા આગ્રહી સ્વરાજ્યવાદીની સુન્દર છબી. ૨ એકાક્ષ-ચિત્રા-[illegible]-ચિત્રકાર [illegible] ૩-૧૧ 'અભિનયકલામાં હાથનું સ્થાન' એ લેખના નવ અર્થવાહક ચિત્રો. —અંકની કિંમત રૂ. ૦।।

રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી મોરારજી ગોકળદાસ ચાલ, ૧/૩ સેન્ડહર્સ્ટ રોડ, ગિરગામ, મુંબાઈ નં. ૪.

આપના ઑર્ડરમાં સંચાલકની નોંધ લેશો.

આપના ઑર્ડરમાં સામાયિકની નોંધ લેવી

આપણા
હિન્દની અગણિત દ્રવ્ય-
સંપત્તિનો ઉપયોગ હિન્દ-
વાસીઓના દુઃખનિવા-
રણ માટે કરો! જગતનું વા-
ણિજ્ય દુઃખ કરે અનેકાનેક
દુખીનાં દુખ નિવારો
તમે નહિ આપો તો
અને કોણ આપશે?
આ અધ્યયન આપનાની
બહાર થાય! અને સૌ

**હિન્દુ અનાથા-
શ્રમ, નડિઆદ,**

ના છીએ તદુમાનથી
અને તેનાની રકમ પણ આપો ને દેશના કલ્યાણમા તમારો ફાળો આપો

૯ આપના ઑર્ડરો સમાલોચકની નોંધ લેશો

૧૦, આપના ઑર્ડર્સ સમયસર ... ...

સમાલોચક.

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत्।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥ भ. गी. १७-१५

પુસ્તક ૨૮ મું.] ફેબ્રુઆરી, ઈ. સ. ૧૯૧૯. [અંક ૨ જો.

તંત્રી—રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.
રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ., એલએલ. બી.
પ્રકાશક—રા. રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી.

વિષયાનુક્રમણિકા.

વાર્ષિક લવાજમ રૂપીઆ ચાર,
હિન્દુસ્તાન બહાર શીલીંગ છ=રૂ. ૫-૧૨-૦. છુટક અંકની કિંમત આઠ આના.
૧૯૧૯, ૧૯૨૦ ને ૧૯૨૧ ના ત્રણ વર્ષનાં લવાજમ રૂ. ૧૦, હિંદબહાર રૂ. [illegible]
આ લવાજમ અગાઉથીમાં જ લેવામાં આવે છે.

સમાલોચક.

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत्।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥ भ. गी. १७-१५

પુસ્તક ૨૮ મું.] ફેબ્રુઆરી, ઈ. સ. ૧૯૧૯. [અંક ૨ જો.

તંત્રી—રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.
રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ., એલએલ. બી.
પ્રકાશક—રા. રમણીયરામ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી.

વિષયાનુક્રમણિકા.

વાર્ષિક લવાજમ રૂપીઆ ચાર,
હિન્દુસ્તાન બહાર શીલીંગ છ=રૂ. ૫-૧૨-૦. છુટક અંકની કિંમત આઠ આના.
૧૯૧૯, ૧૯૨૦ ને ૧૯૨૧ ના ત્રણ વર્ષના લવાજમ રૂ. ૧૦; હિન્દબહાર રૂ. અગાઉથી.
આ લવાજમ શરૂઆતમાં જ લેવામાં આવે છે.



 તેત્રીસમી હિન્દી રાષ્ટ્રીય પરિષદ્‌ના પ્રમુખ,

પંડિત મદનમોહન માલવિય.

(દિલ્હી ઈ સ ૧૯૧૮)



પુસ્તક ૨૮ મુ,] ફેબ્રુઆરી સ. ૧૯૧૯ [અંક ૨.

નામદાર પટેલનું બિલ એ અન્યાય્ય આરોપ.

લેખક—રા ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી એ એલએલ બી

૧.

મુંબાઈમાં મહાત્મા ગાન્ધીજી જ્યારે આવે છે ત્યારે સામાન્ય રીતે રા. રેવાશંકર જગજીવન ઝવેરીના ગામદેવીમાં આવેલા ‘ મણિભુવન ’મા ઉતરે છે. રવિવાર તા ૨ ૨ ૧૯૧૯ ના પ્રાતઃકાળમાં એક નાનકડું સ્નેહીસંમેલન ત્યાં થયું હતું કારણ કે પંડિત મદનમોહન માલવીય, મહાત્મા ગાંધીજી તથા અન્ય સ્નેહીઓની સમક્ષ નામદાર પટેલના બિલ વિષે પોતાના વિચારો રજુ કરવાના હતા . પણ તે નમ્રો નાગમતો હતો. પંડિતજીએ પોતાનો અભિપ્રાય તેમની નાગરિક ગતી મનોહર અને સરળ રીતે હિન્દી ભાષામાં રજુ કર્યો હતો. તેમના કહેવાનો સાર એ હતો કે નામદાર પટેલના બિલથી હિન્દુ સમાજને અસહ્ય આઘાત થવો છે. સામાજિક પ્રશ્નોના નિરાકરણો સમાજે કરવા જોઇએ અને સરકારે નહિ અને વર્ણવ્યવસ્થા એ હિન્દુ સમાજનું તાત્ત્વિક અને મૌલિક લક્ષણ હોઇ બિલથી થતું એનું ઉન્મૂલન એ વસ્તુતઃ હિન્દુ સમાજનું ઉન્મૂલન છે. પોતાનો અભિપ્રાય રજુ કરતે કરતે તેઓ આવેશથી બોલી ઉઠ્યા : “ મૈં સુધારકોં સે પ્રશ્ન કરતા હૂં કે હિન્દુ સમાજ પર ક્યોં અત્યાચાર કર રહે હો? ” મ્હારાથી આ સાંખ્યા ન ગયું. પરન્તુ વચ્ચે બોલી પંડિતજીના વિચારોની ધારાને વિક્ષિપ્ત કરવી એ અસભ્ય લાગ્યું. આ પ્રશ્ન ઉપર તેમની પોતાની સાથે હું ચર્ચા કરત પરન્તુ સાઇમરના નિવૃત્ત દિવાન સર વિશ્વેશ્વરૈયા સાથે પંડિતજી અગત્યની વાત કરવાની હોવાથી તેઓ થોડો વખત એ ખંડમાંથી બહાર પધાર્યા

અને મ્હારાથી તબિયતને અંગે બહુ બેસી શકાય તેમ હતું નહિ એટલે એમની પોતાની સાથે તો ચર્ચા કરવાનું બન્યું નહિ પરન્તુ મ્હારાથી ગાંધીજીને પ્રશ્ન કર્યા વિના ન રહેવાયું ' પંડિત જીનું કહેવું શું આપને વસ્તુસ્થિતિના વિપર્યય જેવું લાગતું નથી? શું સુધારકોને આ અન્યાય નથી? આ તો ઉલટો ન્યાય ' ટરમીન એવું થાય છે કોણ કોના ઉપર અત્યાચાર કરે છે? અત્યારે હિન્દુ સમાજ પ્રાગતિક હિન્દુ વ્યક્તિઓ ઉપર અત્યાચાર કરી રહ્યો છે કે પ્રાગતિક હિન્દુ વ્યક્તિઓ સમાજ ઉપર? સત્તા જેમની પાસ હોય તેઓ કે જેમની પાસ સત્તા ન હોય તેમના ઉપર અત્યાચાર કરી શકે ને? હિન્દુ સમાજ જો પ્રાગતિક હિન્દુઓ ઉપર અત્યાચાર કરી ન રહ્યો હોત તો તો સુધારકો આ બિલ જ શા કરવા આપત? હકીકત એ છે કે હિન્દુ સમાજના અત્યાચારમાંથી પ્રાગતિક હિન્દુ વ્યક્તિઓનું સંરક્ષણ કરવા માટે તો આ બિલ છે—અને છતાં આ બિલથી સુધારકો હિન્દુ સમાજ ઉપર અત્યાચાર કરે છે એમ કહેવું એ વસ્તુસ્થિતિનો અસલ તત્ત્વ વિપર્યય છે—સુધારકો ઉપર અન્યાય્ય આરોપ છે ' ગાંધીજીએ ઉત્તર આપ્યો "થોડી વ્યક્તિઓને માટે સમાજના મ્હોટા ભાગના હૃદયોને આઘાત શા માટે કરવો. જોઇએ? હિન્દુ સમાજનો મ્હોટો ભાગ જ્ઞાતિની બાબતમાં સંયમને પસંદ કરતો હોય તો જે વ્યક્તિઓને હિન્દુ સમાજમાં રહેવું હોય તેમણે બહુમતિને માન આપવું એ તેમની ફરજ છે ' મ્હેં કહ્યું ' આપ જુદા સ્થાનમાં ઉભા છો મ્હારો પ્રશ્ન એટલો જ છે કે નામદાર પટેલે જે બિલ આણ્યું છે તેનું બિલ આણવું એ સમાજ ઉપર અત્યાચાર કેવી રીતે થયો? હા, હિન્દુ સમાજના મ્હોટા ભાગની સમતિ વિના પોતાની જ્ઞાતિની બહાર જ લગ્ન કરવાની ફરજ હિન્દુઓને માથે કાયદાથી નાખવામાં આવી હોત તો તો હિન્દુ સમાજ ઉપર અત્યાચાર થયો કહેવાય, પરન્તુ અત્યારે તો પોતાની મરજી વિરુદ્ધ પ્રાગતિક હિન્દુઓને પોતાની જ્ઞાતિમાં જ લગ્ન કરવાની વસ્તુત કાયદો ફરજ પાડે છે, એટલે ખરું જોતાં પ્રચલિત હિન્દુ કાયદો પ્રાગતિક હિન્દુઓના સ્વતન્ત્રતા ઉપર અત્યાચાર કરે છે ચર્ચા લાંબી ચાલી હતી પરન્તુ સાર આ પ્રમાણે હતો બીજી બધી બાબતો ઘડીભર સગવડની ખાતર દૂર રાખી, પ્રસ્તુત મુદ્દાને ચાલુ સાટ્ઠથી વળગી રહેનારને મ્હારું વકત વ સ્પષ્ટ થયા વિના નહિ રહે—તે રુચિકર ન લાગે તો પણ

૨.

' નામદાર પટેલનું બિલ હિન્દુ સમાજના તાત્વિક અને મૌલિક લક્ષણરૂપ વર્ણાશ્રમ વ્યવસ્થાનું ઉન્મૂલન કરે છે ' એ બીજો બિલ ઉપર અન્યાય્ય આરોપ છે અને તે વિચારની અવિશદતાનું પરિણામ છે પ્રથમ તો નામદાર પટેલનું બિલ વર્ણાશ્રમવ્યવસ્થાનું ઉન્મૂલન કરે છે એમ કહેવું એ બિલના વાસ્તવિક સ્વરૂપનું અજ્ઞાન દર્શાવે છે—પારિભાષિક શુદ્ધિનો અપરિચય બતાવે છે "વર્ણાશ્રમવ્યવસ્થાનો નાશ કરો" એવી માગણી બિલ કરતું નથી, કોઇ પણ પ્રકારનો સીધો સામાજીક ફેરફાર કરનારો કાયદો પટેલ માગતા નથી બિલ એટલું જ માગે છે કે પોતાની જ્ઞાતિમાં જ લગ્ન કરવાની હિન્દુ કાયદાનો પ્રચલિત અર્થ હિન્દુઓને જે ફરજ પાડે છે તે વ્યાજબી નથી અને તેવી પોતાની જ્ઞાતિની બહાર—પરન્તુ હિન્દુ સમાજની અંદર—

જેમને લગ્ન કરવુ હોય ત્હેમને તેમ કરવા કાયદાની છુટ મળવી જોઇએ બિલ સીધો નામાન્ક ફેરફાર માગતુ નથી, બિલ કાયદાના અર્થનો ફેરફાર માગે છે હવે બીજી અને અગત્યની બાબત જો કે નહિ ત્હેનુ ઉન્મૂલન શુ ? વર્ણાશ્રમવ્યવસ્થા ક્યા છે ? હિન્દુ સમાજમા આ વારે જે પ્રચલિત છે તે જ્ઞાતિઓના ભેદોપભેદ એ ભુનભુનામણીને વર્ણાશ્રમવ્યવસ્થા કહેવી એ વાણીનો વ્યભિચાર છે, પ્રાચીન સ્મૃતિકારોનુ અપમાન છે આર્યોની સુઘટિત યોજનાને અન્યાય છે ક્યા શ્રુતિસ્મૃતિવિહિત વર્ણવ્યવસ્થા અને ક્યા વિદ્યમાન અવ્યવસ્થા! પ્રાચીન વર્ણવ્યવસ્થાને પવિત્ર નામે અર્વાચીન જ્ઞાતિસસ્થાનો બચાવ કરવો એ કેવળ મોહ છે વર્ણાશ્રમવ્યવસ્થાનુ ઉન્મૂલન જો કોઇએ કર્યુ હોય તો તે જ્ઞાતિસસ્થાના સ્થાપકોએ કર્યુ છે નહિ કે નામદાર પટેલે કે અન્યાય્ય આરોપોના ભોગ બનેલા સુધારકોએ વર્ણવ્યવસ્થા એ જ ઉત્તમ સામાજિક વ્યવસ્થા છે કે કેમ એ જુદો સવાલ છે જો વર્ણવ્યવસ્થા એ જ ઉત્તમ સામાજિક વ્યવસ્થા હોય તો પણ અર્વાચીન હિન્દુ સમાજને તે જ ધોરણે પુનર્વ્યવસ્થિત કરવાનુ કાર્ય શક્ય છે કે કેમ એ પણ જુદો સવાલ છે પ્રસ્તુત સવાલ માત્ર એટલો જ છે કે વિદ્યમાન જ્ઞાતિસસ્થાને વર્ણવ્યવસ્થા કહેવી એ શુ યથાર્થ છે ? અને એ જો યથાર્થ ન હોય તો પછી નામદાર પટેલના બિલનુ પરિણામ પરોક્ષ રીતે વિદ્યમાન વસ્તુસ્થિતિમા ફેરફાર કરાવવાનુ આવતુ હોય તો પણ ત્હેને વર્ણવ્યવસ્થાનુ ઉન્મૂલન કરનારૂ કહેવુ એ શુ અયોગ્ય નથી ? મ્હારો અભિપ્રાય તો એવો છે કે નામદાર પટેલનુ બિલ જે સ્વરૂપમા રજુ થયુ છે તે સ્વરૂપમા તો તે વિદ્યમાન જ્ઞાતિસસ્થાનુ પણ ઉન્મૂલક નથી—વર્ણવ્યવસ્થાનુ ઉન્મૂલક હોવાની વાત તો બાજુએ રહી કારણ કે બિલની મજુરી જ્ઞાતિસસ્થાનો નાશ નહિ કરે એટલેથી જ ન અટકતા હુ તો આગળ વધીને કહુ છુ કે જ્ઞાતિસસ્થાનુ ઉન્મૂલન કરનાર બિલ જો કોઈએ આણ્યુ હોય તો તે શાસ્ત્રવિહિત વર્ણાશ્રમવ્યવસ્થાનુ ઉન્મૂલન કરનાર ન કહી શકાય, કારણ કે વિદ્યમાન જ્ઞાતિસસ્થા એ શાસ્ત્રવિહિત વર્ણવ્યવસ્થા નથી વિદ્યમાન જ્ઞાતિસસ્થાની સ્થાપના એ જ શાસ્ત્રવિહિત વર્ણવ્યવસ્થાની ઉત્થાપના છે એ શાસ્ત્રવિહિત વર્ણવ્યવસ્થાનુ ઉન્મૂલન અર્વાચીન હિન્દુઓના રૂઢિપૂજક અને જ્ઞાતિમસ્ત પૂર્વજો પોતે જ કરી ગયા છે અને પોતાની સન્તતિ માટે તે કાર્ય કરવાનુ બાકી રાખી ગયા નથી

દિલ્હી કૉંગ્રેસ.

લેખ--રા. રમણીયરામ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી.

In a true democracy men concede freedom to each other, they do not assert it for themselves Democracy *is against all egotism, national or individual and is* based on a trust in mankind

" On Democracy"--Great Thoughts, Nov 1918

ગયા ડિસેમ્બર માસમા ઇતિહાસના અમરપટના અનેક ચિત્રવિચિત્ર રંગોથી રંગાયેલી અને હિન્દુસ્તાનના પ્રાચીનતમ અનેક સ્મરણો જગાડતી પુણ્યશાળી ભારતવર્ષની રાજધાની, દિલ્હીમા ભરાયેલી હિન્દની રાષ્ટ્રીય પરિષદ્ અનેક કારણોને લીધે ચિરસ્મરણીય બની છે ૧૯૧૨ ના વર્ષ પર્યંત હિન્દની આ મહાન ગૌરવભરી નગરીને હિન્દના અર્વાચીન ઇતિહાસમા બહુ માનભર્યું સ્થાન આપવામા આવ્યુ ન હતુ એટલુ જ નહિ પરન્તુ હિન્દના અન્ય પ્રસિદ્ધ શહેરોની માફક તેના પૂર્ણ વિકાસ માટે હિન્દની અમલદારી સત્તાએ ધ્યાન પણ આપ્યુ નથી અને પરિણામે તે વર્ષ પર્યંત દિલ્હી એક સાધારણ નગરની માફક હિન્દના અર્વાચીન ભાગમા ગણાતુ હતુ, અને જો એ ગૌરવભર્યા નગરને તેની પ્રાચીન પ્રતિષ્ઠા હોત નહિ, મુગલાઇ રાજ્યસત્તાના વૈભવ વિલાસોના કીર્તિસ્તંભો ત્યા આજ મોજુદ હોત નહિ, અને સમ્રાટ્-રાજરાજેશ્વર જ્યોર્જ શ્રીમાને તેને તેનુ પ્રાચીન પદ ફરી સમર્પ્યું હોત નહિ, તો સમય જતા દિલ્હીના એ સ્મરણો ભૂસાઈ જવાનો પુરો સભવ હતો ૧૯૧૨ થી તે ૧૯૧૮ ના ૭ વર્ષના આ નના સમયમા પણ દિલ્હીના વિકાસ માટે, દિલ્હીની પ્રજાસમસ્તના એક સામટા સાંગોપાગ કલ્યાણોદ્ધાર માટે પણ હજી કાંઇ જાતની ઉદાર તૈયારીઓ થઈ જણાતી નથી એ ત્યાની અમલદારી સત્તાની કાર્યવાહકશક્તિને કલંક સમાન છે નવુ દિલ્હી બાધવામાટે આજ અનહદ તૈયારીઓ ત્યા થઈ રહી છે અને એ નવા દિલ્હીની નવી રચના પાછળ કરોડોનો વ્યય કરવામા આવે છે એ દિલ્હીમા સરકારી નોકરો માટે નવા મકાનો બધાશે અને યૂરોપીય અમલદારો અને ખાનગી યૂરોપીય ગૃહસ્થો ત્યા વસને-ટુકમા એ એક મોટી ની વનશે આટલુ ભગીરથ ખર્ચ વર્તમાન દિલ્હીના અને તેની પ્રજાના ઉદ્ધાર માટે કરવામા આવ્યુ હોત તો બેશક વધારે સન્માર્ગે વ્યય થયો ગણાત પરન્તુ, એવો મિથ્યા વ્યય તો આ દેશમાં કેટલાયે થાય છે તેનો હિસાબ પુછનાર કોણ છે? અસ્તુ આમ જ્યા દિલ્હીની પ્રજામા પ્રજાકીય જીવન નથી, જ્યા કેળવણીનો પુર વિકાસ નથી, જ્યા વ્યાપારની દોડધામ નથી અને જ્યા સુરાજ્ય કે સ્વચ્છતાના નિયમોનુ પણ જાતનુ પાલન નથી--એવી આ હિન્દની અર્વાચીન રાજ્યધાનીમા, ત્યાની પ્રજામા, રાજકીય જીવનની અતિ તેજોમય લાગણી અને સ્વમાનની પ્રબલ વૃત્તિને કાંઇ વેગ મળે એ હેતુથી રાયબહાદુર સુલતાનસિંહે

૧૯૧૭ ની કલકત્તાની કૉંગ્રેસમા આવતે વર્ષે દિલ્હીમા કૉંગ્રેસને આમન્ત્રણ આપી દિલ્હીની પ્રજાએ એક મહાન પ્રસગ ઉભો કરી આપ્યો હતો દિલ્હીમા રાજકીય જીવન ના તત્ત્વના અંશ પણ જણાતા ન હતા અને પ્રજા ખીલવણી પામેલી હતી તેવા વખતમા અને તેવી સ્થિતિમા કૉંગ્રેસ જેવી દેશની મહાન પરિષદને આમન્ત્રણ આપવામા ખરેખર સાહસ જ હતુ પરન્તુ રાજકીય જીવન પ્રજામા વધારે ઉગતુ અને જાગતુ બને એ આ રાષ્ટ્રીય પરિષદનો એક ઉદ્દેશ છે અને એ રીતે જોતા દિલ્હીમા આ મહાન્ પરિષદ ભરાવાની તે ઘણી રીતે યોગ્ય જ હતુ એથી દિલ્હીની પ્રજામા કોઈ અનનુ ચેતન આવ્યુ છે એની ના કહેવાઈ શકે એમ નથી કૉંગ્રેસે આ એક રૂડુ ઉપયોગી કામ સાધ્યુ છે દિલ્હીમા કૉંગ્રેસની બેઠક થઈ તે પહેલા તો ત્યાની પ્રજાને મન આ એક જલસો હતો પરન્તુ વખત વહેવા સાથે એ જલસામા નાચરગ નહિ પરન્તુ હિન્દી પ્રજાના લોકજીવનના અને દેશકલ્યાણના શુભ આદેશ જગાડનાના મહાનના નાદ છે એ ભાન વધારે તીવ્ર થતુ જતુ હતુ અને પરિણામે કૉંગ્રેસના મંડપમા અસાધારણ મેદની હતી અને લોકમતનો ઘણો ઉત્તમ અમૃત ત્યા ભેગો થયો હતો એ દૃષ્ટિથી જોતા કૉંગ્રેસના આગમની સફળતા આ દિશામા તો સપૂર્ણ હતી

હિન્દની પ્રજાને હવે રાજ્યાધિકાર વધારે પ્રમાણમા મળશે એવી આશાઓ અનેક દિશામાથી આપણને આપવામા આવી છે, અને હિન્દની પ્રજાને લોકશાસનના, સ્વાતન્ત્ર્યના, અને દેશકલ્યાણના અનેક અધિકારો મળશે એવુ ચોદિશાઓમાથી સભળાય છે હિન્દે અપૂર્વ બળથી અને શક્તિથી અટગીક દ્રવ્યના ભોગથી અને અસખ્ય મનુષ્યોના રક્તથી બ્રિટિશ સામ્રાજ્યને અનેકવિધ મદદ કરી છે અને એ મદદ અને મિત્રાચારનો બદલો હિન્દના પ્રજા તરીકેના હકક તેને સુપ્રત કરવામા બ્રિટીશ પ્રજા વાળશે એના ભણકારા પણ વાગી રહ્યા છે એ સર્વમા સત્યાશ ઘણુ આવ્યુ છે ખરુ અને હશે એમ અમે સ્વીકારીએ પણ છીએ પરન્તુ આ દેશને માથે બ્રિટીશ પ્રજાએ એવા અમલદારી તત્ત્વનો અને અમલદારી સત્તાનો પ્રબધ રચ્યો છે કે પ્રજા અને અમલદાર વચ્ચે પ્રેમ અને સન્માનની જે શુભ ભાવનાઓ રચાવી જોઈએ તેને ઠેકાણે દિન ઉગે વિપરિત લાગણીઓ જન્મ પામે છે અને એથી દેશમા દ્વન્દ્વ અને અસતોષના બીજ નહિ પણ વૃક્ષો ઉગતા જાય છે એ અતિ દુ:ખની કથા છે હિન્દની રાજ્યભક્તિ અને સામ્રાજ્યભક્તિ તરફ શકાની જ દૃષ્ટિથી અમલદારી સત્તા હમેશા જુવે છે અને ઘાણી કરે તેમ હરહમેશ પ્રજાના શુદ્ધ જીવનમા કટકો નખાય છે અને તેમની સ્વતન્ત્ર પ્રવૃત્તિઓ ઉપર અકુશોની પરપરા મુકાય છે દિલ્હીની કૉંગ્રેસમા પણ આવો જ એક મહાન દુ:ખદ અને પ્રજાને અપમાન લાગે એવો પ્રસગ ઉભો થયો હતો કૉંગ્રેસના માન્યવર પ્રમુખ શ્રીમાન્ પડિતજી મદનમોહન માલવિયનો જાહેર સત્કાર કરવાનો પ્રસગ ત્યાના અધિકારીઓએ ખૂચવી લીધો અને કૉંગ્રેસના તેત્રીસ વર્ષના ઇતિહાસમા કદિ ના બનેલો એવો એક અપૂર્વ પણ ત્રાસદાયક અને નાનેધાભર્યો પ્રસગ ઉભો કર્યો, અને દિલ્હીની પ્રજાની શુદ્ધ અને નિષ્કલક જીવનપ્રવૃત્તિમા આ રીતે ઝેરના બીજ વાવ્યા! દિલ્હીની પ્રજાની લાગણીઓ અને તેમના

હૃદયો આ સમયે કેટલા ઉશ્કેરાઈ ગયા હતા તેનું ભાન મુંબાઈ, અમદાવાદ કે કલકત્તા, મદ્રાસમાં બેઠે કોઈને પણ આવી શકે તેમ નથી ત્યાંના અમલદાર બન્ધુઓની અતિ સંકુચિત અને સત્તાના આ દુરૂપયોગથી રંગાએલી રાજ્યનીતિનું આ એક મહાન કલંક છે પરન્તુ, આ રાજ્યસત્તા સ્હામે પ્રજાની સત્તા વધારે મક્કમ નિવડી દિલ્હીની પ્રજા સમસ્તે જ નહિ પરન્તુ, દિલ્હીની કકડતી ટાઢી સહી ના શકવાની શક્તિવાળા દૂરદૂર દેશના દિલ્હીના અતિથિઓએ તા ૨૫ મી ડીસેમ્બર ૧૯૧૮ ને દિવસે પ્હો ફાટતા અને તા ૨૬ મી એ કૉંગ્રેસના ભવ્ય મંડપમાં પંડિતજીનો જે અપૂર્વ સત્કાર કર્યો છે તેનું વર્ણન કરી શકાય તેમ નથી પ્રમુખપદ માટે પંડિતજીની દરખાસ્ત મુકતા વિદૂષી બિસેન્ટે બ્યુરોક્રસીના જો-હુકમી અને શાણપણથી અતિ વેગળા' આ પગલાંને અતિ માર્મિક ભાષામાં સચોટ રીતે કૉંગ્રેસ સમસ્ત-દેશના પંદર હજાર દેશભક્તોની ભર મેદની વચ્ચે-વખોડી કહાડતાં કહ્યું કે, " આ અતિ વિશાળ મેદની એ કૉંગ્રેસ શું છે એનો ઉત્તર છે, તેના માનનીય પ્રમુખ મહાશયનો સત્કાર કરવાની રજા નહિ આપવાના સરકારે કરેલા અપમાનનો દિલ્હીએ વાળેલો ઉત્તર છે આવો પ્રતિબંધ કોઈ પણ સરકારે ભૂતકાળમાં કર્યો નથી અને એટલા માટે એ લો । (દિલ્હીની પ્રજા) તેમને દસગણો સત્કાર આપવા આજ અહિં તૈયાર છે અને એ આપ્યો છે સાધારણ રીતે અપાતો એક સાદો સત્કાર પણ આપવા સ્હામે પ્રતિબંધ મુકવામાં આવ્યો છે માટે તો અવશ્ય કરીને હિન્દની આ પસંદગી સવિશેષ દીપી નીકળી છે ' વર્તમાન પ્રજાજીવનને અને પ્રજાના કલ્યાણપ્રદેશમાં આ તકરણના સાચા અને અપૂર્વ પ્રેમથી ઘૂમતા કર્મચારીઓની વ્યવહારપદ્ધતિને બીનજવાબદાર અને ઉદ્ધત જ લેખનાર વ્યક્તિઓને અમલદાર બન્ધુઓની આવી અનેક રીતિઓનું બારીક અવલોકન કરવાની અને પછી ન્યાયના ત્રાજવામાં તોલવાની અમ્હે આગ્રહપૂર્વક વિનતિ કરીએ પંડિતજીને-દેશસમસ્તના એક વીર નાગરિકને અને દેશભક્તને-આમ જાહેર સત્કાર આપવા સ્હામે પ્રતિબંધ મુકી દિલ્હીની પ્રજાનો એક સર્વસાધારણ હક્ક એ અમલદારી સત્તાએ છુંચવી લીધો એ મહાન્ દુઃખદ પ્રસંગ હિન્દના ઇતિહાસમાં કાળા અક્ષરે લખાઇ રહેશે આ પ્રસંગ કોઈ રીતે ન્હાનો સુનો ગણાય તેમ નથી કૉંગ્રેસના પ્રમુખનું અપમાન કહો કે કૉંગ્રેસનું પણ દેશસમસ્તનું આ જાહેર અપમાન છે. અને તે સહિ શકવાનું સામર્થ્ય હિન્દને નથી એ હિન્દે એક અવાજે પ્રસિદ્ધ કરવું જોઇએ એ અતિ શોકની વાત છે કે આ સ્હામે દેશમાં જોઇએ તેટલો પોકાર ઉઠાવવામાં આવ્યો નથી બ્યૂરોક્રસીએ પ્રજાના અભિપ્રાય અને પ્રજાના સર્વસાધારણ હક્ક સ્હામે આરંભેલા આવા યુદ્ધનો જ આ પ્રસંગ ગણી શકાય પોતાના જ દેશમાં અને પોતાની જ માતૃભૂમિમાં સ્વતન્ત્રતાથી હરવા ફરવાની છુટ હોય નહિ એવો એક પણ દેશ વર્તમાન જગતમાં હોય તો તે ગરીબ ભિખારી ' દેવી હિન્દ છે મિ મૉંટેગુ જેવા અનેક પ્રધાનો હિન્દને માટે નિમાય, અને હિન્દના અનેક સત્પુત્રોને સર સત્યેન્દ્રપ્રસન્ન સિન્હાની માફક બ્રિટિશ પ્રધાનમંડળમાં ગૌરવભર્યાં પદ મળો પરન્તુ, જ્યાં સુધી એક મનુષ્ય તરિકેના ન્હાના અને મ્હોટા જે દરેક હક્ક પ્રભુએ આપ્યા છે તે છુંચવી

લેવામા આવે કે તેના સ્વાતન્ત્ર્યપર જોહુકમી પ્રતિબંધોની પરંપરાઓ મુકાતી જાય અને શાણુ પણથી અતિ વેગળી સંકુચિત રાજ્યનીતિનો જ્યાં અમલ થતો જાય ત્યા ડાબા હાથે અપાતા હકની જમણે હાથે લઈ લેવાની જ નીતિ પોષાયલી ગણાય સત્તાના આ નિરંકુશપણાને દૂર કરવા માટે હિન્દને સ્વરાજ્યની જરૂર છે હિન્દના રાજ્યકારભારમા લોકશાસનને ઘણુ અગત્યનુ સ્થાન આપવાની જરૂર છે અને એમ કરતા તો દેશના વીર નાયકો જ નહિ પરન્તુ દેશના ગરીબમા ગરીબ સન્તાનોને પણ છુટથી પોતાની જન્મભૂમિમા હવા ખાવાનો, પેટની ભુખ જોઇને અન્ન ખા(વા) મળવાનો અને શરીરના અનેક આધિ વ્યાધિને તેના યોગ્ય ઉપચાર પોતે જાતે કરી શકવાનો—એમની જાતને હક્ક હોવો જોઇએ અને એ માટે હિન્દને સ્વરાજ્યની ભુખ છે હિન્દે આટલા માટે પોતાનો આ મનિર્ણય પોતે કરવો જોઇએ આ ભાન હિન્દને થયુ છે એ પ્રત્યક્ષ વાત છે એ ભાન અને એ ચૈતન્ય પ્રજામા જે વેગથી વધે છે તેના માપ નથી શકાય તેમ નથી અને પરિણામે હિન્દમા સ્વરાજ્યની માગણીએ અપ્રતિમ જોર કર્યું છે હિન્દવાનો સમસ્ત દેશમા પોતાના આત્મનિર્ણયનો હક્ક સિદ્ધ કરવા ભણી શ્રમ પ્રયત્નો કરી રહ્યા છે અને લોકમતને કેળવવાનુ પ્રચંડ કાર્ય બહુ દક્ષતાથી આગળ વધારી રહ્યા છે એ હિન્દને માટે ઘણુ જ આશાભર્યું ગણાય દિલ્હીની આ કૉંગ્રેસ આ લોકમતની પ્રચંડ મૂર્તિ હતી લોકશાસનના સિદ્ધાન્ત પ્રજા વધારે દક્ષતાથી સમજતી થઈ છે એનો પ્રત્યક્ષ પુરાવો હતો જાતિય ભેદ અને પક્ષ પક્ષાને વિસરાવી દેનારા તત્ત્વ ત્યા હતા અને કૉંગ્રેસની તેત્રીસ વર્ષની કારકિર્દીમા કદિ ના જોયેલી એવી ૫૦૦૦ પ્રતિનિધિઓની મહા મ્હોટી સંખ્યા દેશના રાજ્યકારોબારમા પોતાનુ ગૌરવભર્યુ સ્થાન લેવાના જન્મસિદ્ધ હકનુ પ્રતિપાદન કરવા ત્યા પ્રત્યક્ષ થઇ હતી દિલ્હીની કૉંગ્રેસની સફળતાનો આ એક પુરાવો હતો આ ઉપરાંત હિન્દુમુસલમાનોના ઐક્યને અહિં પોષણ મળ્યુ હતું હિન્દની આ રાષ્ટ્રીય પરિષદમા આપણા મુસલમાન ભાઈઓએ જે ઉત્સાહથી ભાગ લીધો છે એ ખરેખર અત્યંત સતોષકારક જ હતુ અને દરેક સાચો હિન્દવાન એ જ ઈચ્છે છે કે હિન્દની પ્રજાના આ બે મ્હોટા વિભાગો હિન્દના ઉદ્ધારકાર્યના યજ્ઞમાં હમેશા સાથે જ આવે

કૉંગ્રેસના પ્રમુખ માનનીય પંડિતજી એ હિન્દના રાજ્યદ્વારી જીવનનો એક પ્રચંડ આત્મા છે અને કહેવાની જરૂર છે કે મુખ્યત્વેની ઝેની કૉંગ્રેસ એમની જ બુદ્ધિથી અને એમની જ કાર્યપદ્ધતિથી મ્હોટે ભાગે સફળ નીવડી હતી, તેવુ જ આ વખતે પણ થયુ છે પંડિતજીની કોમળ છતા ભવ્ય મુખાકૃતિ દિલ્હીની કૉંગ્રેસમા પ્રત્યક્ષ રહેનારને જેટલી યાદગાર રહેશે એટલી બીજાને બીજા પ્રસંગ વખતે જોઈ હશે છતા પણ યાદગાર નહિ રહે પંડિતજીના ભાષણની શરૂઆત એમણે દિલ્હીમાં કરી હતી અને એમના ભાષણનો સુન્દરમા સુન્દર એ ભાગ હતો આ ભાગ વર્તમાનપત્રોમા ઘણે સ્થળે અપ્રસિદ્ધ રહ્યો છે પંડિતજીના ભાષણનો મ્હોટો ભાગ યુદ્ધમા હિન્દે કરેલી અનેક સેવાઓની ગણત્રીથી રોકાયલો હતો અને પંડિતજી માટે અમને ઘણો જ પૂજ્યભાવ હોવા છતા પણ કહેવુ પડે છે કે કૉંગ્રેસના મ્હોટા ભાગને આ ભાષણથી

નિનાના ઉપર હતી પંડિતજીએ દેશના મહાન પ્રશ્નોની ચર્ચાને ગૌણ સ્થાન આપ્યું તે કદાચ મહત્ત્વનું ગણાય પરન્તુ, હિન્દ જે બાબતે પ્રસંગે આ મનિર્ણયનો સિદ્ધાંત પોતાને માટે પણ લાગુ પાડવા બ્રિટનની પ્રજાને જોરથી કહી શકે તે વખતે પોતાના હકના પ્રતિપાદન માટે જે મહાન્ અને મજબુત દલીલો રજુ કરી શકાતી હતી તેવી સચોટ દલીલો પંડિતજીના ભાષણમાં દૃષ્ટિગોચર થતી નથી અને હિન્દ સ્વરાજ્યમાટે લાયક નથી અગર તો હિન્દમાં રાજકીય સુધારા કરવાથી ત્યાં અવ્યવસ્થા થઇ જશે એવી નાલેશીભરી અને અનુચિત દલીલોને એમાં સચોટ ઉત્તર નથી પંડિતજીએ વિનીત અને ઉદ્દામપક્ષ બન્નેના મતભેદના મુખ્ય મુખ્ય ભાગનો ખ્યાલ કરી બતાવી આપ્યું હતું કે એ મતભેદ નજીવો છે અને હિન્દની રાજ્યવ્યવસ્થામાં જે સુધારાઓનો પ્રબંધ સૂચવવામાં આવ્યો છે તેના મોટા ભાગમાં ફેરફાર કરવાની જરૂર છે એ વિષય માટે બન્ને પક્ષ એકમત છે દેશના વિચારવંત જુના નેતાઓએ નજીવા મતભેદ સામે અસહિષ્ણુતા બતાવી કૉંગ્રેસના છેલ્લા બે અધિવેશનમાં હાજરી આપવા સ્હામે જે રૂસણું લીધું છે એ ખરેખર અતિ શરમાવનારું છે જે ઇતિહાસ સ્મરણીય પ્રસંગે એકત્ર થવાને હિન્દની ઉન્નતિનું ભાન જણાતી પ્રજાને દુર્બલતાથી બચાવવું જોઇએ તે વખતે આમ જુદા પડવું એમાં કોઇ રીતનું ડહાપણ નથી વિનીત પક્ષના એક આગેવાન ઑ મિ શ્રીનિવાસ શાસ્ત્રી અને બીજા કેટલાક ગૃહસ્થો આ પરિષદ્‌માં હાજર થયા હતા તેમ અન્ય લોકનાયકોએ પણ હાજર થવું જોઇતું હતું આ કૉંગ્રેસમાં ખેડૂતોની એક સારી સંખ્યા હાજર થઇ હતી એની પણ નોંધ કરવા જેવી છે

હવે કૉંગ્રેસે પસાર કરેલા ઠરાવો તરફ નજર નાખીએ કેટલીક દિશા તરફથી આ ઠરાવો અસબદ્ધ, અને ઠામઠેકાણા વિનાના છે એવું કહેવાય છે કેટલીક દિશા તરફથી એમાં રાજદ્રોહના બીજની વાવણી થઇ છે એમ કહેવાય છે અને એક દિશામાંથી એતો તરફ પૂર્ણ પક્ષપાત બતાવવામાં આવ્યો પણ એ ઉપરાંત એક પક્ષ એવો છે કે જેને આ ત્રણે બાબતોમાં અસત્ય જ જણાય છે, તેમાંયે બીજો આક્ષેપ તો તદ્દન જ અસત્ય લાગે છે જે લોકો કેવળ ઠરાવોની શબ્દરચનાથી જ ભડકી ઉઠે છે કે મોહ પામી જાય છે તેમણે વધારે શાન્તિથી આ ઠરાવો જોવા જોઇએ આ ઠરાવો એક તરફથી જેમ વધારે પડતા લાગે છે તેમ તેમાં પ્રજાનું સાચું હાર્દ પ્રત્યક્ષ થાય છે હિન્દની પ્રજાએ અધિકારીશાસનના દુર્ભેદ્ય કોટની સ્હામે લાંબા કાળથી વિગ્રહ આરંભ્યો છે આજ સુધી અનેક કારણોવશાત્ એ વિગ્રહમાં શિથિલતા હતી, કંઇ સહિષ્ણુતા પણ એટલી જ પ્રબળ હતી હિન્દની પ્રજા હવે વધારે અકંપપણે પોતાનું હૃદય જણાવે છે અને અધિકારીશાસનને સ્થાને લોકશાસનની રાજ્યનીતિનું ધોરણ સ્વીકારવા બ્રિટીશ પ્રજાને કહે છે અને એવી માગણી કરવામાં શરમાવવું શા માટે ? ભૂખે મરતું પેટ અન્ન માગે કે દરદી દવા માગે એથી એણે ગુન્હો કર્યો કહેવાય નહિ હિન્દના દરદો એ જાતે દૂર કરવા માગે છે અને તેમાં દોષ શો ગણાય ? જે લોકો—જે દેશનાયકો આ ઠરાવોથી ભડકી ઉઠ્યા છે અને વિનીત પક્ષને કૉંગ્રેસથી હજુ પણ દૂર રહેવા આગ્રહ કરે છે એ આગ્રહ દુરાગ્રહ છે, નહિ છે અને આત્મઘાતક છે આવા મતભેદને લીધે રાઉલેટ બીલો જેવા કાયદાઓ પસાર થવા દેવાની

અણી ઉપર કેવા આવી મુક્યો છે જગતના ન્હાનામા ન્હાના રાજ્યોના પ્રજાઓ ને પણ જે હક અને ધુદ્ધ મળે છે તે પણ હિન્દને મળતો નથી અને જે ગભરાવનારા ટકાઓ મોજુદ છે તે આ બીનાથી ખુચવી લેવામા આવશે અને હિન્દની પ્રજાને શરીરે ગુનામગિરીની બેડી આરોપવામા આવશે કેટલા કટલાક સમયથી આપણા દેશના કેટલાક અગ્રેસરોએ ધારણ કરેલી નાસ્હમજી શકાય તેવી આત્મઘાતકી નીતિના જ આ પરિણામ છે એવુ કોઈને લાગે તો તેમા આશ્ચર્ય નથી કૉંગ્રેસના ઠરાવો અસમઘ્ધ છે અને વ્યવહારને સ્પર્શે તેમા ઉત્પન્ન કરનારા અસહિષ્ણુતા કે અમર્યાદિતાઓ અને રાજ્યક્રાન્તિના બીજ રોપનારા જોવામા આવે છે એવી નિંદા અને સતાવીન કૃતિના ઉત્તેજના એ મહાન વ્યક્તિઓને અમ્હારો એક જ ઉત્તર છે કે તેના અંશ માત્ર તેના ઠરાવોમા નથી અને છતા પણ એવા લક્ષણો એમા જણાતા હોય તો તે સુધારવાનુ પરમ કર્તવ્ય એ ત્હમારે શિર છે કેટલાક વિચારહીન સજ્જનો એવો દિન ના હિતચિન્તકો કૉંગ્રેસે અનુક્રમે ઠરાવો પસાર કરતને પરિણામે ઉદ્દામ પક્ષમા ફાટ પડ્યાની આગાહી કરે છે પણ તે વાસ્તવિક નથી અભિનાનનેદ ન્હાનામા વર્ગમા પણ પ્રત્યેક જણ અનુભવે છે અને રાત્રિદિવસના વ્યવહારમા એ પ્રબલ થાય છે તો પછી એક દેશસમસ્તના કલ્યાણના પ્રશ્નોમા ભિન્ન અભિપ્રાય બંધાય તો તે સ્વાભાવિક છે, તેથી ડરવાનુ શુ ? તેથી નાહિમ્મત થવાનુ શુ ? અને તેથી ગભરાઈ જઈ દૂર ખુણે બેસવામા લાભ શો ? જેમણે કૉંગ્રેસની છેલ્લી બે બેઠકો જોઈ હશે, વિષયનિર્ણયાત્મક સભાના અધિવેશનોની ચર્ચા સાંભળી હશે, ત્હેમને ત્હેમનુ હૃદય કહેશે હશે તો લાગ્યા વિના નહિ રહ્યુ હોય કે આ ચર્ચાઓમા બહુ ગમ્ભીરતા થઈ હતી અને કૉંગ્રેસના તેત્રીસ વર્ષના ઇતિહાસમા કોઈએ ના અનુભવેલી રીતિએ સ્વરાજ્યના અતિ મોટા પ્રશ્નને એ અધિવેશનોમા ચર્ચવામા આવ્યો હતો એ ગમ્ભીર ચર્ચાનો અંત કોઈની બુદ્ધિએ અસત્ય લાગ્યો હશે તેમ ઘણાની બુદ્ધિમા એ સત્ય પણ લાગ્યો હશે અમ્હે સ્હમજી શકતા નથી કે ગૃહની એક પુત્રી સ્વચ્છતા માટે એક ભાગને રંગરોગાનથી સ્વચ્છ કરી ભીન્તપર બાવાઓ અને જાળાઓ રહેવા દેવામા શો અર્થ હશે ? કૉંગ્રેસે આજ સુધી માગ્યુ છે તેમા વધારો કરવાની માગણી કરવાથી કૉંગ્રેસનો શુ અધઃપાત થયો ? કે ના માગવામા ફરી ઉન્નતિ થઈ ? વ્યવહારને તિલાંજલિ આપી છે એવુ કહેવુ એ તો કૉંગ્રેસની પવિત્ર સંસ્થાને અન્યાય જ કર્યો કહેવાય હિન્દના રાજ્યવહિવટમા હિન્દીવાનો જ મુખ્ય ભાગ ભજવે અને એમનો જ એ એક સાચો હક છે એવુ કહેનારા-એવી માગણી કરવામા કૉંગ્રેસે ડરવાનુ શા માટે ? વર્તમાન કૉંગ્રેસનુ કાર્યક્ષેત્ર ભૂતકાળ જેટલુ જ રાખવુ એ કહેવામા ડહાપણ નથી તેત્રીસ વર્ષની ત્હેની મહા ઉજ્જ્વલ કારકિર્દિ પછી પણ એને એ જ અવસ્થામા રાખવામા શો ખાસ ઉદ્દેશ છે તે અમ્હે સ્હમજી શકતા નથી

દિલ્હી કૉંગ્રેસમા દેશના જુદા જુદા વક્તાઓ હતા. યુવાન લોકોનો તેમા સારો અંશ હતો અને થોડા વખતમા હિન્દમા સારા વક્તાઓનુ અભિમાન લેવા યોગ્ય પ્રમાણ નજરે પડશે એ નિઃશંક છે દેશના પાંચ પચાસ અગ્રણીઓ કરતા આજ કૉંગ્રેસ એ લોકશાસનની વૃત્તિને શુદ્ધ ભાવથી પોષે છે એવુ ઘણા અંશે લાગે છે પરન્તુ આટલુ કહ્યા પછી પણ કંઈક ગ્લાનિથી કહેવુ પડે છે કે કૉંગ્રેસના

વક્તાઓ સમયને અને વિષયને વધારે માન આપતા શીખશે તો વધારે સારૂં કાર્ય કરી શકશે બાબુ બિપીન પાલને એક મહાન વક્તા તરિકે કેટલેક સ્થળે ઓળખવામા આવે છે, પરન્તુ એ બિપીન બાબુ ગડબેટ રીપોર્ટ ઉપર વિવેચન કરતા જુદા પ્રદેશમા ઉતરી જાય, વિવાદમા અસબદ્ધતા અને કૃત્રિમ આડમ્બર પ્રત્યક્ષ કરાવે એ શોકની વાત છે મિ ચક્રવર્તી જેવા બગાલના પ્રસિદ્ધ બૅરિસ્ટર ન્હાના છોકરાઓની માફક ગમે તેવા અગ્રેજીમા લવારો કરી જાય, અને શ્રોતાઓના અમૂલ્ય સમયનો ભોગ લે એ બનુ ના જોઈએ એવુ હતુ પરન્તુ આ બધામા યુવાન લોહીવાળા સત્યમૂર્તિ અને મૂડેલીઅર તથા મિ જદુનાથ મજુમદાર જેવાઓએ શ્રોતાઓનુ સારૂ ધ્યાન ખેંચ્યુ હતુ અને આગળ જતા આ યુવાન બધુઓ વધારે સારૂ કામ કરી શકશે એમ જણાય છે પરન્તુ આ બધામા વિનીત-ઉદ્દામના દ્વિલક્ષણથી જેમનુ હૃદય ઉન્નત થયુ છે તેવા શ્રીનિવાસ શાસ્ત્રીજીને સાભળવામા કાઈ અતુલ આનન્દ મળે તેમ હતો શાસ્ત્રીજીની શાન્ત અને મિષ્ટ વાણીનો ઉપભોગ અને તે ઉપરાત એમણે રજુ કરેલા સુધારા સ્હામેના પ્રહાર સહન કરવાની ત્હેમની શક્તિ ખરેખર અભિનન્દનને પાત્ર હતી ઉદ્દામ પક્ષના ઘણા જણાઓએ ત્હેમનો આ ગુણ સભાળી લેવો ઘટે છે

એકદરે આમ કોંગ્રેસની સફળતા ધણે અશે અપૂર્ણ હતી બાકી ઉણપ તો જગતમા ક્યા ક્યા નથી હોતી? ક્યા સામ્રાજ્યો કે સમ્રાટો કે મહાન પદવિધરો કે લોકશાસનના સિદ્ધાન્તો જગતસમસ્તને સ્હમજાવનારાઓ સર્વગુણસપન્ન છે? કેવળ દોષદૃષ્ટિથી જોવાનુ પાતક એક સાચો હિન્દીવાન કરશે નહિ "કોંગ્રેસના વિકાસ સાથે અમ્હારો વિકાસ છે, અમ્હારૂં કલ્યાણ છે અને અમ્હારા દેશનુ પરમ સૌભાગ્ય છે કૉંગ્રેસના ભવ્ય કલ્યાણયજ્ઞમા અમ્હારી આહૂતિઓ અપાશે" એ ભવ્ય ભાવના દરેક હિન્દીવાને સ્હમજવી જોઈએ એ સ્હમજવામા દેશનુ કલ્યાણ છે, અને ના સ્હમજવામા દેશદ્રોહ છે કઈ માનુષિ સત્તા શુદ્ધ કોંગ્રેસની શુદ્ધ કલ્યાણપ્રેરક વૃત્તિ-ઓને દાબી રાખવા સમર્થ છે? કૃત્રિમ બધનો-પ્રતિબધો એ સામ્પ્રત યુગમા દેશની કસોટી છે ઈશ્વરને અને સમ્રાટ્ને પ્રત્યક્ષ રાખી સાચો હિન્દીવાન વાયસરૉયની દરેક દરેક હિલચાલમા-ચાહે તો રાજકીય હો કે સાસારિક હો કે ધાર્મિક હો પણ તે સૌમા-સપૂર્ણ દૃઢતાથી, વિશ્વાસથી અને વેગથી મચ્યો રહેશે તો શ્રદ્ધા અમર છે અને દેશોદ્ધારના સ્વપ્નો આજે ફલિભૂત થશે કેવળ ભાવનાશાલિનો સ્હામે અવ્યાવહારિક હોવાના દોષ મૂકાય છે, પરન્તુ કેવળ વ્યવહારને જ પૂજવામા મનુષ્ય ઉચ્ચ કોટીએ પહોચી શકતો નથી, માટે ભાવનાની પણ જરૂર છે બન્નેનું એકરસથી મિશ્રણ થાય એ પણ જરૂરનુ છે, પરન્તુ તેટલા માટે હિન્દના આ મહાયજ્ઞમા ભાવનામા જ રચ્યાપચ્યા રહેનારાને દોષ દેવાય નહિ જગતની મહા બળવાન પ્રજાઓમા હિન્દે સ્થાન મેળવવુ જોઈએ અને એ સ્થાન જેમ બને તેમ પહેલી તકે દૃઢતાથી અને હિમ્મતથી મેળવવાનો પ્રયાસ હિન્દના સન્તાનો કરે છે એ કેવળ ન્યાય્ય અને ધર્મ્ય છે કોંગ્રેસની ભવ્ય પ્રતિષ્ઠા બીજા ક્યા ઉદ્દેશથી કરવામા આવી છે? એનો ઉદ્દેશ આ જ છે અને આ જ હોવો જોઈએ એ ઉદ્દેશ સફળ કરવામા હિન્દનુ ગૌરવ સચવાશે અને એની પરમસિદ્ધિ જગતના મહા-રાજ્યોમા પ્રતિષ્ઠા અપાવશે આ પરમપદ કયો સાચો હિન્દીવાન હૃદયથી નહિ ઇચ્છતો હોય?

દયારામનો અક્ષરદેહ રૂ ૧-૪-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુબાઈ

ક્યાં હા ! કૂણો કરસ્પર્શ એ
જે સ્નેહશાન્તિસુધા સ્રવે ?

લેખક—રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ. એલ એલ. બી.

ભૂતકાળના સ્મરણો વસે
　　આજે મગજ મૂંઝાવતા,
અસ્વસ્થ કરતા—ક્ષુબ્ધ કરતા
　　—ભાનને વીસરાવતા,
ભડભડ બળે આજે જ હા !
　　ભડકા ભયંકર ચોદિશે
વર્તમાનની ચિન્તાચિતા
　　સ્વાહા કરે ઉરશાન્તિને

ભાવિતણી ભૂતાવળો હ્યાં
　　કલ્પના જગવ્યા કરે,
હા ! આ વ્યથાઓ આમની
　　કમ્પાવી નાખે ઉરને !
—શું શાન્ત કરવા છે ન કૈં
　　સંક્ષુબ્ધ આ મસ્તિષ્કને ?
ક્યાં હા ! કૂણો કરસ્પર્શ એ
　　જે સ્નેહશાન્તિસુધા સ્રવે ?

વીર અને વીરપૂજા

લેખ—રા. મણિલાલ દલપતરામ જોશી બી. એ.

'જનની જણ તો ભક્ત જણ કાં દાતા કાં શૂર,
નહિ તો રહેજે વાંઝણી મત ગુમાવીશ નૂર'.

પ્રગતિ ॥ આ જમાનામાં જીવન ઉન્નત કેમ બનાવવું, શ્રેયસ્ કેવી રીતે સાધવું, ઉત્ક્રાંતિના શિખર ઉપર કેવી રીતે ટુંક સમયમાં પહોંચવું એવા અનેક પ્રશ્નો થયા કરે છે. આવા પ્રશ્નો જ્યારે આપણી સમીપ આગળ ઉભા છે ત્યારે મનુષ્યના હૃદયને અનેક જાતની મુંઝવણ થાય છે અને આ મુંઝવણોમાંથી છુટવાને અનેક પ્રયત્નો કરવામાં આવે છે. પછી ભલે આ પ્રયત્નો અમુક વ્યક્તિ માટે હોય, પ્રજા માટે હોય કે સમસ્ત દુનિયા માટે હોય. જ્યારે કોઇએક માણસ આવા વિકટ પ્રસંગોમાંથી તરી પાર ઉતરી જઇ, સ્વાર્પણ કરી, પરમાર્થનો ઝુંડો ઉપાડી વિજયધ્વજ ફરકાવે છે ત્યારે તે માણસે પોતાના આત્માને ઉન્નત દશાએ પહોંચાડ્યો એમ કહેવાય છે. પછી ભલેને આવો માણસ ગમે તેવા કુટુંબમાં જન્મ્યો હોય, ગમે તેવી ગરીબાઇમાં ઉછર્યો હોય. આવી વ્યક્તિ 'વીર' તરીકે લેખાઇ શકે છે. તેને જ 'વીર' કહેવો કે જે પરનું કલ્યાણ કરવામાં પોતાનો જીવન-યજ્ઞ નિઃસ્વાર્થપણે કરી શકે. આને જ શ્રીમદ્‌ભગવદ્ગીતામાં 'નિષ્કામ કર્મયોગી' વર્ણવ્યા છે. માટે 'વીર' એક કર્મયોગી છે. ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને સદ્‌બોધે છે કે 'તસ્માદ્યોગી ભવાર્જુન'। આ સૂત્રનું રહસ્ય ધ્યાનમાં લેતાં માલૂમ પડશે કે કર્મયોગી-વીર એક મહાન વ્યક્તિ (*Individual*) હોય છે.

શ્રીકૃષ્ણચંદ્રના પુનિત પગલાંથી પવિત્ર થએલા ભારતવર્ષમાં ભીષ્મ, અર્જુનથી માંડી અનેક વીરોએ ભારત ઉજાળ્યો છે અને ભવિષ્યમાં ઉજાળશે. હાલમાં ફક્ત આંગળીના વેઢાપર ગણાય એટલા જ વીરો વીરની પંક્તિમાં આવી શકે છે તેનું કારણ સ્વાર્થપરાયણતા છે. અરે! સ્વાર્થ છોડી પરમાર્થ સાધવો એ તો દૂર છે! ક્યાં છે ભીષ્મ જેવા પિતાના સુખને માટે લગ્નને તિલાંજલિ આપનારાઓ? ક્યાં છે હાલ અર્જુન જેવા બાણાવળીઓ? નથી હાલ ઉદયસિંહ, પ્રતાપસિંહ આદિ જેઓ રણરંગી કેસરીયાઓ કરનારાઓ. અને ક્યાં છે હાલ તે શૂર શિવાજી ભારતવર્ષના ઉદ્ધાર માટે 'યા હોમ' જગાવનારાઓ? નથી આપણામાં પૂર્ણ શૌર્ય તો નથી તે શૌર્યની પ્રશંસા કરવાને શક્તિ!

વીર કોણ હોઇ શકે? એનો પ્રત્યુત્તર આપવો જો કે કઠિણ છે તો પણ અમુક વ્યક્તિને વીરની પંક્તિમાં કઇ રીતે મુકી શકાય તે જણાવવું સુગમ છે. આર્યાવર્તનો ઇતિહાસ તપાસતાં, શ્રીરામચંદ્ર, શ્રીકૃષ્ણ, ભીષ્મ, અર્જુન, ઉદયસિંહ, પ્રતાપસિંહ, શિવાજી, નાના ફડનવીસ વિગેરે નરરત્નોના પુણ્યવંતા નામો શૌર્યપ્રતિભાથી ઝળહળે છે. આ મહાન નરરત્નોના જીવનચરિત્ર તપાસતાં ઘણું બહુ શિખવાનું મળે છે. એ મહાન પુરુષોની દેશવાત્સલ્યતા 'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ

ગરીયસી ' પ્રભુ મંત્રમા ભેતરાયલી માલૂમ પડે છે "ગોહાર મારો વિજયનાદ" ના ટેમ કરીને પડો ફતેહ કે આગે' તથા એમણે કરેલા મહાન કર્મયજ્ઞ ક્યા આવો ક્ષણભગ આનંદમા ન હુમાડે? એમના ગુણો ક્યા છે તે તપાસતા જતા માલૂમ પડશે કે તેમનામા નીડર સાધુતા, પારમાર્થિક વૃત્તિ, દેશોદ્ધારની લાગણી, નસેનસમા પ્રસરી રહી હતી તેથી જ્યારે તેઓ અનેક આપત્તિવિપત્તિઓના ભેખડમા અથડાતા હતા ત્યારે ભૂખતરસ જેવી નૈસર્ગિક વૃત્તિઓને વશ ન થતા કેવળ જુદા જ આનંદમા તેઓ વિહરતા હતા શ્રી કૃષ્ણનો અર્જુનનો વિષાદ ટાળવાનો અર્થ નવજીવનથી ભરપુર સદ્બોધ, અર્જુનનુ પાશુપતની ભૂમિપરનુ મહાન યુદ્ધ અને તેમા તેણે નાખેલુ અગ વૈય તથા પરાક્રમ, ભીષ્મની ભીષ્મપ્રતિજ્ઞા, વિક્રમશાલિવાહનનો શક સ્થિતિઅન પરનોના હુમના સ્હામેનો યુદ્ધ, તે પૃથ્વિરાજનુ ભૂમિને ડોલાયમાન કરતુ પરાક્રમ, ઉદયસિંહ અને પ્રતાપાદિના મોગલ બાદશાહ સ્હામેના પ્રચડ કેસરીયા શૂર શિવાજીનો ભારતોદ્ધારસૂચક જયઘોષ નાના ફડનવિસનો રજપુત કુસુપ અટકાવવાનો લાલિમા તથા મહારાણી વિક્ટોરીઆ ની ભારતની વિચિત્ર સ્થિતિ સમજીલઈ 'સપ ત્યા જ જપ'ના રૂણો વખાણવાની કોશિશો-એ આપણામા તેમના પૂર્વજ નામો સાંભળતા નવુ રક્ત ન વહેવડાવે?

જો કોઈ વ્યક્તિ પરના શ્રેયસ્ માટે, પોતાના આત્માના બલિ ન આપી અર્પણ કરી શકે તો તે પોતાનાં આત્માને ઉન્નત દશાએ પહોચાડ્યા વિના રહેશે નહિ આને જ મહાન્ કર્મયજ્ઞ કહ્યો છે પછી આ યજ્ઞ દેશોદ્ધારની દિશામા હોય કે ઉચુ સાહિત્ય ખીલવી પ્રજા મનોરંજન કરી, સુન્દરતા અને સાધુતાના દીપો પ્રગટાવી, અનેરો આનદ અનુભવવામા હોય કે એક સાધારણ સિપાહી તરીકે યુદ્ધભૂમિપર આત્મબલિદાન આપવામા હોય પ્રસગ આવતા જે વિમુખ ન થતા બલ્કે પાછી પાની ન કરતા યુદ્ધમા તન ક્ષત્રી લડે મરે ન મુખ ફેરે સિદ્ધ કરી શકે છે તે ખરે વીર જ છે અને એવી વ્યક્તિઓના નામો ઇતિહાસના પટપર કોતરાવામાં ન આવે પરતુ, સમાજના અમર સ્મરણ પટપર એમના પરાક્રમો ચિરસ્થાયી રહેશે વીર શબ્દ આટના બધા વિસ્તૃત અર્થવાળો હોવાથી, એક શબ્દ થી (પારિભાષિક શબ્દ થી) તેનુ ભાન કરાવવુ ઘણુ મુશ્કેલ છે

ઉત્તમ પ્રકારનો વીર કેવો હોઇ શકે તે આગળ ઉપર જણાવ્યુ પરતુ વીર' શબ્દનો અર્થ કઇક સકોચીએ તો પારમાર્થિક વૃત્તિવાળો માણસ (ગૃહસ્થ) પણ વીર છે વીર એટલા માટે ગૃહસ્થ છતા સન્યસ્ત દીક્ષા પામે છે, જનસમૂહમા છતા એકાન્ત સાધી શકે છે છેવટે કર્મવીર થઈ શકે છે

' વીર પૂજા' એટલે મહાન પુરુષોના ભારેમા ભારે વખાણ વીરપૂજ્ય માનની લાગણી જ ઉત્પન્ન કરે છે એટલુ જ નથી, પરતુ કેઇ મહાન વ્યક્તિ માટે નમન, ભક્તિ આદિ સ્વાર્પણ પણ શીખવે છે આપણો જનસમાજ પણ વીરપૂજાના સૂત્રપર રચાયેલો છે જન-સમાજમા અમુક પ્રકારના તત્ત્વનો આવિર્ભાવ જેના આધારપર આપણા સમેલનો બધાયલા છે-તે અને 'વીર સામ્રાજ્યસત્તા (*a Heroarchy Government of Heroes*)

મેસીકન એમ્પ્રોનો ઉ ૩-૧૦૦ ઍન ઍમ વિસાઈમેન્ડ પની, મબા'

પર જ છે જ્યા સુધી માણસ રહેશે ત્યા સુધી વીર-પૂજા પણ રહેવાની કારણ કે પુરુષો ખીવતા ભમગે ગુર્જનાના જ કશાને ન માનનારા ઠેનો પણ વૉલ્ટરને આદરતા હતા-મકા ના હતા અને એની આસપાસ એક નવા જ પ્રકારની વી -પૂજાની શરૂઆત થઇ હતી જો કે આ એક મોટા ગૌરવવાળી પૂજા ન હતી મહાભારતના નાયક શ્રીકૃષ્ણ માટે પણ એમ જ થયુ હતુ પ્રથમ તેમના તરફ-સાત્વત કુટુંબમા શરૂઆત થઇ હતી અને મહાભારતની લડાઈ પછીથી થોડોક સમય વિત્યાબાદ કૃષ્ણ-વિષ્ણુ-ગોવિંદ ઇશ્વ ાવતારી તરીકે પૂજાવા લા યા એમ ડૉક્ટર ભાંડારકર પોતાના શિવ અને વૈષ્ણવ (*In Shaivism & Vishnuism*) સમ્પ્રદાયના પુસ્તકમા સૂચવે છે આ જનસમાજની તેમના તરફની મીઠી લાગણી વીર-પૂજા તો એક અત્યુત્તમ દાખલો છે શુ વીરોને સત્કારતા આપણે સત્કારાતા નથી ? તે જ પ્રમાણે નોર્વેઇઅનનો ઓડીન (*Odin*) વીર-પૂજાનો અત્યુત્તમ દાખલો છે એમ આગ્ર તત્વજ્ઞ કાર્લાઇલ માને છે

આર્યાવર્તનો પુરાણો ઇતિહાસ તપાસતા અનેક દેવાલી વીરો દષ્ટિસમીપ ખડા થશે તેમાના મુખ્ય વેદના દ્રષ્ટાઓ (*Seers of the Vedas*) છે પ્રાચીન ઋષિમુનિઓએ કુદરતના બનાવો નિહાળ્યા અને ભીષણતાજનક તેમ જ સૌંદર્યવાળા દશ્યો જોતા તેઓના મનમા અનેક વિચારો ઉદ્દભવવા લાગ્યા ઋગ્વેદસ્તોત્રો આ વિચારો કવિતામા પ્રગટ કરે છે " कस्य देवाय हविषा विधेम । આદિ વચનો ઋષિઓનો કુદરતનેતા દેવો પ્રતિનો નૈસર્ગિક પ્રેમ સૂચવે છે જેમ એક દીપ તરફ જોઇ એક છોકરુ તેને પોતાને હાથમા લેવા પ્રેરાય છે તેમ આ પાપરહિત દ્રષ્ટાઓ દુનિઆના અનેક સૌંદર્યથી ભરેલા દશ્યો જોઇ તેમને હમેશ માટે પોતાના બનાવવા તરફ પ્રેરાયા સુપ્રસિદ્ધ તત્વજ્ઞ પ્લેટો (*Plato*) કહે છે તેમ જો કોઈ માણસને અંધારામા ઉછેરવામા આવ્યો હોય અને જો તે એકદમ સૂર્ય જૂએ અને તે જોતા તેને જે તાજુબી ઉપજે છે, પ્રકાશ તરફ જે મોહ ઉત્પન્ન થાય છે, તેમ તેવો નૈસર્ગિક પ્રેમ કુદરતી દશ્યો જોતા પ્રાચીન કવીઓને થયો હતો અને તેથી જ કાર્લાઇલના અભિપ્રાય પ્રમાણે પ્લેટોને માણસ પ્રથમ એક છોકરા જેવો, પહેલ વહેલો પેગન વિચારકોમા દષ્ટિગોચર થાય છે '

માણસ અદ્દભૂત ચીજોમાની એક અદ્દભૂત ચીજ છે પ્રભુની કોઇએક ન કળી શકાય એવી એ એક ચીજ છે આપણે આપણી જાતને ઓળખી શકતા નથી આપણે પોતાને વિષે આપણે કેવી રીતે બોલવુ તે પણ જાણતા નથી પરતુ આપણે ફક્ત અમુક વિચારી-અનુભવી શકીએ છીએ

આના સત્યો પ્રાચીન મહર્ષિઓએ અનુભવ્યા હતા અને તેથી જ તેઓ તારાગણો, સૂર્ય ચંદ્ર, ઋતુઓ અને નદી, પર્વત આદિઓને દેવ તરીકે સાક્ષાત્કાર કરી પૂજવા લાગ્યા-અને આવી રીતે પ્રથમ પૂજાની શરૂઆત થઈ તેથી વીરપૂજા દરેક જાતની સ્તુતિના પાયાથીયારૂપ પહેલી વસ્તુ છે-જ્યારે એક નાનકડા તારા ઉપર આટલો બધો ઊંડો વિચાર (*Deep philosophy*) ઉદ્દભવી શકે છે ત્યારે તેના અનુભવકરાવનારપર આપણે કેટલો બધો સત્પ્રેમ દર્શાવવો જોઇએ ?

'શમશાણુ' જેવા વિશેષણો શું સૂચવે છે એ જ પ્રમાણે સ્પેનીઅર્ડો પણ જ્યારે કોઇ સુંદર પુષ્પ અથવા સુંદર સ્ત્રી જોતા આકર્ષાતા ત્યારે તેને લોપ ફુલ (*Lope Flower*) અથવા લોપ સ્ત્રી (*Lope dama*) કહેતા એડમ સ્મીથ (*Adam Smith*) પોતાના ભાષા ઉપરના નિબંધ (*Essay on Language*) મા લખે છે કે સઘળા વિશેષણો આ પ્રમાણે કોઇક વીજના અત્યુત્તમતાના ગુણથી ઉદ્ભવવા પામ્યા છે સ્કેન્ડેનેવીઅનનો ઓડીન પણ એક મહાન્ વિચારક હતો વખત જતા શ્રેષ્ઠ સત્તા અને દેવત્વ (*Supreme power*) લેખાયો તેની આસપાસ દૈવિક સૌંદર્યસૃષ્ટિ ભાસવા લાગી અને જ્યારે તે આ પ્રમાણે અનુભવતો હતો ત્યારે તે પોતાના વિષે શું ધારી શકતો હતો ? તેણે સઘળા માણસોને જ્ઞાન આપ્યા કે *Wudtan* ! ' ઓડીનની રૂન્સ (*Odin s Runs*) એ તેની એક શોધેલી વિચિત્ર ચીજ છે એ ચમત્કારિક અક્ષરો સ્કેન્ડેનેવેનીઅનોની બારાખડી બને છે રૂન્સ બારાખડીમાંનુ લખાણ નોર્મ લોકોમા એક ખાસ શોધ છે વળી સ્નોરો (*Snoro*) કહે છે કે ઓડીને (*Odin*) કવિતા પણ શોધી હતી જ્યારે પ્રજા એક બાળક સ્થિતિમા હતી ત્યારે તેમનામા અદ્ભુતતા અને આશા ઓપતા હતા ઓડીન કવિ હતો—કવિ એટલા માટે કે તે એક ભવિષ્ય ભાખનાર મહાન વિચારક કોઈ શોધક હતો આ મહાન્ પુરૂષોના ખાસ ગુણો છે અને આ ગુણો સૂચક માર્ગરૂપ છે આંગ્લ કવિ અને સુપ્રસિદ્ધ લેખક કાર્લાઇલે વીરનો અર્થ વિસ્તૃત અથમા લઈ પોતાના 'હીરોઝ એન્ડ હીરોવર્શીપ' ના પુસ્તકમા વીરોને જુદી જુદી દૃષ્ટિબિંદુઓથી નિહાળ્યા છે— ધર્મવીર, ભવિષ્ય ભાખનાર વીર, કવિવીર, સંતવીર અને રાજવીર અને કર્મવીર

પોતાના અકૃત્રિમ વિશ્વસાથેના ખાસ સંબંધો, અને કર્તવ્યો પોતાનું ભવિષ્ય—અને પોતાના વિષેની ખાસ માગતો જેને લીધે તે આગળની વસ્તુઓ જાણી શકે છે—તે ધર્મ છે ટુંકમાં ધર્મ એટલે 'ભાવ—ગમ્ય' 'સંબંધ આ અદૃષ્ટ ભાવગમ્ય સંબંધને લઇને આપણા બાહ્ય અને આંતરિક પ્રસંગો નિશ્ચિત કરી શકાય છે, અને તેથી ધર્મ—વીર કેનારલીની વીર્યતાનો જુનામા જુનો એક પ્રકાર છે

વીર સઘળી બાબતથી તપાસતા વીર માલુમ પડે છે આત્માની અને વિચારની પરાકાષ્ઠાએ તે પહોચેલો હોવો જ જોઇએ હજી પણ અંગ્રેજી પ્રજાનો વેડનસડે—*Wednesday* બુધવાર ઓડીનના નામ ઉપરથી ચાલી આવે છે ખરે મહાન્ વ્યક્તિ જીવ । કોગટ ગુજારતી નથી દુનિઆનો ઇતિહાસ મહાન્ પુરૂષોના જીવન ચરિત્રો છે મનુષ્યની માણસાઈ—મરદાઈ વીરનું એક જીવન તત્વ છે નિખાલસ દીનપણું એ બીજું તત્વ જ્યારે કોઈ પ્રજા પોતાના ચક્ષુ અને હૃદયવડે કુદરત નિહાળે છે ત્યારે જ તે ખરી પૂજા આદરી શકે છે ખરો સિદ્ધાંત તો એ છે કે દરેક પ્રસંગે સત્યનિષ્ટ હોવુ *

---

* આંગ્લ કવિ અને તત્વજ્ઞ કાર્લાઈલના સુપ્રસિદ્ધ પુસ્તક ' Heroes and Hero-worship ' મા દર્શાવેલા કેટલાક સિદ્ધાંતોને આધારે

હૃદયનૌકા.

લેખક—રા બાળકૃષ્ણ ચુનિલાલ જોશી.

હરિગીત.

નૌકાઈ યપટ ઉપરે તરતી તરંગો શુદ્ધથી,
દૃષ્ટિ થૈ સરિતા હૃદે તરતી અનિલ લહરી થકી
પીડા કરે કૈં મગર મત્સ્યો, ષડ્રિપુ ભૂમિકા મહીં,
સદ્ગુણ નીતિ વ્યાધિ અતિશે વાગતા નિજ શક્તિથી ૧

પ્રારંભમા ચાલ્યુ ગતિથકી નાવ મુજ અનએનહુ,
બાલક અવસ્થા સરિતનુ પયપાન મોઝલુ દીઠુ
નહિ નીત ઉષ્મા લાગતા દિન ના જગી બેનેનમા,
નિર્દોષ જલના વહનમા નૌકા ગતિ કરતી ત્યહા ! ૨

યૌવન રશાનો સમિર ભૂખર, માર્ગમા આવી ચડ્યો,
ચગડાળ નાવ ચડાવીયુ સઢ ફાટતા તરી પડ્યો,
ઘન ઘોર વાદળ થૈ ગયુ વિદ્યુત્ ચમકારા કરે
જળધાર મૂસળ વરતી, નાવિક દુ ખથી કૈ રૂવે ! ૩


ઉત્તમ કમોટી અવનવી નિવભરે કઈ શુ કરી !
ઉપદેશ કેશાન સ્ટાયથી, નાવિકની બુદ્ધિ ફરી,
ગુરૂ બ્રહ્મ દરશ સ્વરૂપમા, ત લીન મનડુ થૈ જતુ,
જ્યોતિ કૃપા પરમેશની થકી નાવનુ રક્ષણ થયુ ! ૪

ગુજરાતી ન્યુઝ પ્રેસ, મકાન નંબર ૨-૦-૦ એન. એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ

કાગળનો ઉદ્યોગ.

—લેખક—રા. કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ, બી. એ., એલએલ. બી.

સંસ્કૃતિના વધારા સાથે તથા કેળવણીના વિસ્તાર પામવાથી કાગળનો ઉપયોગ પણ દિવસ દિવસે વધતો જ ગયો છે દૈનિક વર્તમાન પત્રો, અઠવાડીક પત્રો, માસિકો, ત્રિમાસિકો, અને હરરોજ



કાગળ બનાવવાની મિલમાં દાખલ થતી લાકડાની ભરેલી ગાડીઓ.

પ્રગટ થતાં થોકબંધ પુસ્તકો, એ બધામાં, આગળ કદી નહિ વપરાયલા તેટલા મોટા પ્રમાણમાં આજે કાગળો વપરાય છે અહિં કરતાંયે યૂરોપ અમેરિકામાં અને બીજા દેશોમાં તો તેની કોઈ


હદ જ રહી નથી સ ીગ્ના પત્રો, સાજના પત્રો અને તેમની વળી ઠનાક ઠનાકની આવૃત્તિઓ આ સર્વમાં કાગળો કેટલો ખપતો હશે તે આમ સહજ સમજી શકાય તેમ છે આપણા દેશમાં તો થોડી કાગળના કારખાના પણ મ જુજ છે અને લડાઇ શરૂ થયા પછી પરદેશથી આવતા કાગળ મેળવવાની મુશ્કેલી હતી, ત વખતે કાગળના ભાવ ઘણા વધી ગયા હતા તે દરેકના



લાકડામાંથી માવો બનાવવા માટેના જરૂરી યંત્રો

જાણવામા આવી ગયુ છે છતાયે કાગળનો ઉપયોગ તો ફુદકે ને ભૂસકે વધતો જ જાય છે આ મુશ્કેલી દૂર કરવાનો ઉપાય હવે તો આપણા દેશમા કાગળ બનાવવાના કારખાના ઉઘાડવામાં જ રહ્યો છે અમદેશમા તે માટે ગુજરાતના ઉદ્યોગીઓ તજવીજ કરે છે, એમ

સાંભળ્યું હતું ગુજરાતમાં પણ વાસના ગ . નામના જંગલોમાંથી કાગળની બનાવટ માટે વાસનો માવો મેળવવાની સગવડ છે, તેથી ત્યાં પણ કાગળનું કારખાનું ખોલવાની વાતો સંભળાતી હતી પરંતુ હજી સુધી આગળી મુશ્કેલીઓ વેઠ્યા પછી પણ કાગળો બનાવવાનું



ગણેશીના સ્થાન જોતા મોહના ચિત્ર પરથી

એક પણ નવું કારખાનું આપણા દેશમાં નિકળ્યાનું આપણે સાંભળ્યું નથી. આશા છે આપણા કોઈ સાહસિક ગુજરાતી વેપારી કે વાસના રાજેશ્વર આ ઉદ્યોગ તરફ વધારે વ્યાવહારિક અને આગળ નજર નાખશે.

ઇજીપ્તની ચડતીના સમયમાં ત્યાં આગળ પેપીરસની બનાવટ થતી હતી. કાગળની બના

૧ અધ્યાત્મરામાયણ ૨. ૧-૮-૯ એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની મુંબાઈ.

પ્રસરવા માંડ્યું સ્પેનમાં મૂર લોકો, તથા આરબોએ ગ્રીસીની ઝીત્યુ એટલે ત્યાંના લોકો, આ કળા શીખ્યા અસાર જુદી રૂમ ના માનામાથી જ કાગળો બનતા હતા અને સ્પેનમા મૂર રાજ્યની પડતી થવાની સાથે આ ઉદ્યોગની પણ પડતી થવા માંડી, અને તે ભૂલી જવા જેવો થયો પરન્તુ આ



દુનિયામાં મ્હોટામાં મ્હોટો કાગળનો લખોટો.
વજન ૧૦૦૦ પા , એ- આખા માગની લબાઈ ૭ માઇલથી પણ વધાર

કળાનું જ્ઞાન સ તર નષ્ટ થયું ન હોતું, અને આરમા સૈકામા તો, પહેલે નંબરે સ્પેનમાં, અને તેથી બીજે નંબરે ઇટલીમા, આ ઉદ્યોગ ફરી જન્મ પામ્યો જ્ઞાનના નવીન પુન પ્રસાર સાથે આ

કળાનો પણ ઠીક વિસ્તાર થયો. ચૌદમા સૈકામાં કનેબાને બદલે શણનો ઉપયોગ તેની બનાવટમાં થવા માંડ્યો, અને ઉત્તર યુરોપમાં તો તેનો ઉપયોગ ઘણો જ વધ્યો. હજી સુધી પણ ઉત્તમ પ્રકારના ટકાઉ કાગળની બનાવટમાં શણનો જ ઉપયોગ કરવામાં આવે છે.

અઢારમી સદીની શરૂઆતમાં રેમૂર નામના ફ્રેંચ વિજ્ઞાનશાસ્ત્રીએ, કાગળ બનાવનાર ભમરીઓનો ઊંડો અભ્યાસ કરવા માંડ્યો, અને પરિણામે તેણે જાહેર કર્યું કે કાગળ બનાવવાનો માવો, લાકડાં, તણખલાં, ઘાસ, અને ઘણાં રેસાવાળાં જંગલી છોડવામાંથી પણ બનાવી શકાય. ત્યારે ૧૮૫૦ ની સાલ સુધી લાકડાના માવામાંથી મોટા વેપાર માટે કાગળ બનાવવામાં આવતો હતો. એ શરૂઆતમાં તે ઉદ્યોગ ઇંગ્લાંડમાં ખીલ્યો. જેમ જેમ કાગળમાં સુધારા આણવામાં આવ્યા તેમ તેમ તેની બનાવટ વખતે રેસાઓમાં જ બનાવનારનું નામ કે કાંઈક ચિત્રો વગેરે આલેખાયાં. આને અંગ્રેજીમાં વૉટરમાર્ક કહે છે. અમેરિકામાં કાગળનું પહેલું કારખાનું એક જર્મન વેપારીએ ૧૬૯૦ માં ફીલાડેલ્ફીયા પાસે સ્થાપ્યું હતું. ૧૭૩૦ માં બોસ્ટન શહેરમાં પણ એક કારખાનું અસ્તિત્વમાં આવ્યું હતું. પરંતુ ઘણા કાળ સુધી આ ઉદ્યોગનું ઉપરીપદ ફીલાડેલ્ફીઆમાં જ રહ્યું હતું, અને બેન્જામીન ફ્રેંકલીને એકલાએ જ, તે શહેરની પાસે અઢાર મીલો કાઢી હતી. કહેવાય છે કે ૧૭૭૦ માં ત્યાં કાગળનાં ચાળીસ કારખાનાં ચાલુ હતાં.

ત્યારપછી આ ઉદ્યોગની ખીલવણી સતત રીતે ચાલુ જ રહી છે. કારખાનાંની સંખ્યા પહેલાં કરતાં તો હાલમાં બહુ વધી છે, સાંચાકામ પણ સુધર્યું છે, અને કાગળની બનાવટ પણ ઉત્તમ થતી ગઈ છે. ઘણાયે કાળ સુધી સસ્તો અને સરસ કાગળ બનાવવા માટે જાત જાતની ચીજોને ઉપયોગમાં લઈને અખતરા કરવામાં આવ્યા છે. પરંતુ લાકડાના રેસામાંથી જ કાગળ બનાવવાનો ઉત્તમ માવો થાય છે એમ સાબિત થયું છે. માવો શેમાંથી બનાવવો તે ચીજ પસંદ કરતી વખતે એ ચીજની કીમત, તથા કારખાના ઉપર લઈ જવા માટેના ખર્ચ વગેરેની વીગતો ધ્યાનમાં રાખવી પડે છે. અમેરિકામાં કાગળના કારખાનાં નદીને કીનારે હોય છે, અને તેમને ઘણું ખરૂં જળપ્રવાહના બળથી જ ચલાવવામાં આવે છે. જંગલમાંથી લાકડાં નદી મારફતે જ કારખાને મોકલવાની યોજના કરેલી હોય છે. આ કારણથી લાકડાં ઘણાં સસ્તાં પડે છે. કપાસના દાંડા, પરાળ, જોરે ઓગતી ડાળી રહેતી નકામી વસ્તુઓ વધારે સસ્તી રહે છે પરંતુ તેમાંથી બનતો કાગળ ઘણો રદ્દી થાય છે, અને જાડો તેમ જ પૂંઠાં અને પેટીઓ બનાવવાના કામનો જ તે હોય છે. અમેરિકામાં બનતા કાગળમાંથી એંશી ટકા જેટલો કાગળ તો બે ત્રણ વરસમાં ફાટીને પાછો રદ્દી બની જાય છે. અને જૂના કાગળના માવામાંથી નવો કાગળ બનાવવાનું કામ ઘણું જ સહેલું છે પરંતુ નકામા પડેલા બધા જૂના કાગળ પાછા મેળવી શકવાનું કામ મુશ્કેલ તેમ જ લગભગ અશક્ય જ છે. ફક્ત પચીસ ટકા જેટલા જ જૂના કાગળ પાછા મેળવાય છે. તેથી વધારે પાછા મેળવવાનું કામ ઘણું ખર્ચાળ બની જાય છે. જૂનાં વર્તમાનપત્રો, નકામા કાગળની કાપલીઓ, સાંધેલાં પૂંઠાં, તથા નકામી થએલી કાગળની પેટીઓનો આ પ્રમાણે નવા

કાગળ બનાવવામા ઉપયોગ કરી શકાય છે પણ આ બધી પરચુરણ ચીજોમાથી કાગળ ઘણી જ હલકી જાતનો બને છે મ્હોટા શહેરો વિગેરે સ્થળે "જૂના ચોપડા કાગળો છે કે" એવી બૂમ ઘણાયે સાભળી હશે આમાથી મોટા કાગળો પડીકા વગેરે બાધવામા વપરાય છે, અને નાના કકડા તથા જાડા કાગળોમાથી બીજા નવા કાગળો બનાવવામા આવે છે પણ આમાથી બનતા કાગળો જાડા જ હોય છે અમદાવાદમા કેટલાએક કાગદીયો જૂના કાળથી આ ધધો કરે છે પણ તેમની બનાવટ તદ્દન પ્રાથમિક પ્રકારની છે, અને તેઓ બનાવે છે પણ ચોપડાના જાડા કાગળો આ લોકોને પણ કાઇક વિશેષ સગવડ તથા વિશેષ જ્ઞાન મળે તો એ લોકો હાલના કરતા તો ઉત્તમ કાગળ બનાવી શકે તથા બ્રાઉન પેપર અને બ્લૉટીંગની બનાવટ તો હલકા પ્રકારના માવામાથી જ થાય છે કૂત્ત રીત આવડવી જોઇએ.

અમેરિકામા, જગલમાથી આણવામા આવેલા લાકડાની, સચાવતી છાલ કાઢી નાખવામા આવે છે, ત્યાર પછી તેના બે ફુટના કકડા એક મોટા ગોળ કરવત વડે કરવામા આવે છે. આમાથી પા ભાગના કકડાની ચીપો કરી નાખીને ગધકના તેજાબ સાથે ભેળવી ભઠ્ઠીમા નાખવામા આવે છે આ લાકડાના કકડા તેમા નરમ લોટ જેવા થઇ જાય છે ત્યારબાદ તેમને ખૂબ દબાવીને તેમાથી પાણી કાઢી નાખવામા આવે છે એટલે લાલાશ પડતા રંગના જાડા પતરા જેવો તે થઇ જાય છે આને ગધકવાળો જથો કહેવામા આવે છે બાકીના પોણા ભાગના લાકડાના ગોળવાને પાણીના દબાણથી ફરતી ચકીમા નાખીને ભુકો કરીને તેનો માવો બનાવવામા આવે છે આને પાણીમા મેળવી જુદી જુદી પરનાળોમા ફેરવવામા આવે છે, એટલે અંદરનો કકરો ભાગ નિકળી જાય છે ત્યાર બાદ તેમાથી દરેક જાતનો કચરો ગાળી નાખીને તેને સાફ કરવામા આવે છે તે પછી પેલા ગધકવાળા જથાને આની સાથે મેળવવામા આવે છે આ ભેળવેલા મિશ્રણને ખૂબ ટીપવામા આવે છે. ગધકવાળો જથો તેની ચીકાસ વધારે છે, અને નૂર રેસાઓનો ગુણ એક બીજાની સાથે ચોટીને રહેવાનો હોય છે તેને પુષ્ટિ આપે છે કેટલાએક કારખાનાઓમા આ ગધકવાળા જથાને બદલે ચીંથરામાથી બનાવેલો માવો ભેળવવામા આવે છે, અને તે પણ એ જ કામ કરે છે

આ ભેળવેલા માવાને પછી ખૂબ હલાવીને વારવાર તેનુ મિશ્રણ કરવામા આવે છે તેનું સ્વરૂપ સફેદ દૂધ જેવુ થઇ જાય છે આ માવાને એક મોટા વાસણમા એકઠો કરવામા આવે છે આ વાસણમા ઝીણી જાળીવાળા કપડાથી વીંટાયલા જાડા ભૂગળાઓ, પ્રવાહીમા જરાક ડૂબેલા, ફર્યા કરે છે કપડામા માવાનો એક થર વળગી જાય છે, અને પાણી નીતરી જાય છે બાકીનો માવો એક લાબી કામળ ઉપર લઇ જવામા આવે છે આ માવાને કેટલાએક ભૂગળાઓ ઉપર ફેરવવામા આવે છે તે વખતે વધારાનુ પાણી દબાવીને કાઢી નાખવામા આવે છે, અને આ માવાની લાબી પાતળી ચાદર બનવા માડે છે એ ગરમ ભૂગળાઓની વચમાથી દબાઇને નિકળ્યા પછી આ ચાદર બનાવતના આધાર વિના એકલી રહી શકે તેવી બને છે પછી બીજા બે ગરમ ભૂગળાઓ વચ્ચે આ ચાદરને લઇને તેમાનુ

સુતરાઉ પાણી સુધી નાખવામાં આવે છે કાગળની આ સુખી ચાદરને પછી સુંવાળી અને ચળકતી કરવાના સંચા (કૅલેન્ડર) ઉપર ચલાવવામાં આવે છે, અને તેથી તે સખ્ત, ચળકતા, અને કાગળનું સ્વરૂપ ધારણ કરે છે જેમ વધારે ભૂંગળાઓ ઉપરથી આ ચાદરને પસાર કરવામાં આવે છે, તથા તેના ઉપર વધારે દબાણ લગાડવામાં આવે છે, તથા કૅલેન્ડર ઉપર વધારે વાર ગબડાવવામાં આવે છે, તેમ તેમ કાગળ સારી જાતનો બનતો જાય છે

લાકડા શિવાય બીજા પદાર્થમાંથી બનતા કાગળની રીત પણ લગભગ ઉપર દર્શાવી તેવી જ હોય છે ઉંચી જાતનો કાગળ બનાવવા માટે ચિંથરાના માવાની જરૂર પડે છે દરેક જાતના નકામા કપડાના ચિંથરામાંથી માવો બની શકે છે જ્યારે પ્રવાહી માવો થાય ત્યારે ક્લોરીનથી તેમાંની દરેક જાતના રંગને દૂર કરવામાં આવે છે તે ચીરાયના ફેરફારો નાના નાના છે લખવા તરીકે વપરાતો કાગળ સૂકાઈ જાય છે ત્યારે સરેસથી ભરેલી એક નળીમાંથી તેને પસાર કરવામાં આવે છે તેથી તેમાના ઝીણા કાણા પુરાઇ જાય છે, અને શાહી કાગળ ઉપર પ્રસરી જતી નથી રંગીન કાગળ બનાવવા માટે માવામાં રંગ ઉમેરવામાં આવે છે અથવા તો કાગળ બન્યા પછી પણ રંગ ચઢાવી શકાય છે પણ કૅલેન્ડર ઉપર ચલાવ્યા પહેલા રંગ લગાવવો જોઈએ આ રીતે કાગળની બનાવટ થાય છે

એટલે કાગળની બનાવટ બહુ અઘરી નથી આચાકામ પણ અટપટું નથી અને હિન્દમાં તેનો માલ બનાવવાની ચીજો પણ છે તે માટે આ ઉપયોગી ઉદ્યોગ તરફ હવે ખાસ આપણા ધનિક વર્ગનું ધ્યાન આપવું જોઈએ હિન્દમાં હાલમાં જે કાગળો બને છે તે પરદેશી કાગળો સાથે સ્પર્ધામાં ઉતરી શકે તેવા છે, પણ તે ઘણા જ થોડા જથ્થામાં બને છે જો વધારે કાગળ બને તો તેની જરૂર ખપત થાય વળી વંશપરંપરાથી કાગદીનો ધંધો કરનાર લોકોને થોડું સાધારણ, અને સુધરેલી રીતો શીખવવામાં આવે તો જરૂર તેમનો ધંધો પણ ખીલે અને કાગળના મોટાં મોટાં કારખાના પણ ઉભા થઈ શકે અમદાવાદ જેવા ગુજરાતના જે જે શહેરોમાં વિજળીની મદદ મળી શકે તેમ છે, ત્યાં ત્યાં તો આવા ઘણાં નાના કારખાનાઓ ઉભા થઈ શકે, અને હાથની સાળોની માફક કાગળનો ગૃહઉદ્યોગ પણ સારા પ્રમાણમાં ખીલી શકે

હિન્દમાં પરદેશથી આવતા તેમજ હિન્દમાં બનતા કાગળોની કીંમતના આંકડા નીચે મુજબ છે

સાલ	હિન્દના બનેલા કાગળની કીં	આયાત થયેલાની કીં
૧૯૦૮	રૂ ૭૫૮૭૨૬૦	રૂ ૯૪૨૫૦૨૫
૧૯૦૯	રૂ ૭૯૮૧૯૮૫	રૂ ૧૦૦૦૨૫૨૫
૧૯૧૦	૮૧૫૧૫૮૦	રૂ ૧૧૦૦૫૮૩૦
૧૯૧૧	રૂ ૮૧૦૪૪૮૦	રૂ ૧૧૬૧૧૯૨૦
૧૯૧૨	રૂ ૭૭૦૬૦૪૦	રૂ ૧૩૫૮૩૪૦૦

આમ પરદેશની આયાત થયેના કાગળની અને પુઠાની કીંમત ૧૯૧૩ ના માર્ચમા પૂરા થતા વર્ષમા તો ૨ ૧૪૭૫૮૫૦૫ હતી અને ૧૯૧૬ ના માર્ચના પૂરા થતા વર્ષમા તેની કીમત રૂ ૧૫૮૭૬૮૧૦ હતી આ ઉપરાત કાગળ બનાવના માટેનો કેટલોએક તૈયાર માવો પણ પરદેશથી આવે છે

આ બધામા દિલગીરીની વાત એટલી જ છે કે હિન્દના જગલોમા માવો બનાવી શકાય તેના ઘણાએ પદાર્થો થાય છે, તો પણ તેનો ઉપયોગ કરવામા આવતો નથી, અને કરોડો રૂપિયાના કાગળ તથા માવો પરદેશથી આવે છે અસલ તો ચીથરા વાલુ, જુના દોરડા કે ટાટ એટલા જ માવો બનાવવામા હિન્દમા વપરાતા હતા પરતુ હમણા જગલખાતાએ પ્રયોગો કરવા માડ્યા છે તે ઉપરથી એમ સાબિત થયુ છે કે કાગળ માટેનો માવો, વાસ, સવાઇ, બૈબ, અને સનાઠ નામની ઘાસ, હીમાલયમા ઉગતા સ્પ્રુસ અને ફર નામના ઝાડ, વગેરેમાથી બનાવી શકાય તેમ છે આ ઉપરાત અગાર જાતના ઘાસ અને તેમાની આડમાથી તો પહેલા નબરનો માવો બનાવી શકાય તેમ છે આખી દુનિયાના માવો બનાવવાના પદાર્થો કરતા આ ચીજો સસ્તી પડે તેમ છે, અને તેમનો જથ્થો પણ અખૂટ છે અહીંઆના વાસ જ એકલા કદી ખુટે તેમ નથી આ ઉપરાત એક બીજો પદાર્થ પણ હિન્દમા છે હમણા હમણા તો પ્રયોગોદ્વારા સિદ્ધ થયુ છે કે કપાસના ઝાડના ડીલા સાઠામાથી કાગળનો માવો બની શકે તેમ છે રૂનો પાક ઉતર્યા પછી દરવર્ષે આ સાઠા નકામા પડે છે તેથી જ ઉગતુ હોય તે જ ઠામે તે ઘણા જ સસ્તા પડે, અને દરવર્ષે નવો પાક થતો હોવાથી તે ખુટે પણ નહિ અમેરિકામા પણ લાકડા ખુટી પડવાનો ભય બતાવવામા આવે છે અને તેથી ત્યા પણ કપાસના સાઠાનો ઉપયોગ કરવા તરફ ખેતીવાડીખાતાએ ધ્યાન દોર્યું છે ગુજરાતમા પણ નવસારી, ભરૂચ, ભાવનગર વગેરે સ્થળે રૂનો પાક પુષ્કળ છે બીજા દેશોની માફક અમેરિકામા કાગળ બનાવવાનો ઉદ્યોગ કેટલો આગળ વધ્યો છે એની કાઇ ઝાખી આપવા માટે ને ત્યાના કેટલાક કારખાનાઓમા ચાલતી પ્રવૃત્તિઓનુ ભાન આપવા માટે આ લેખની અન્દર એ ઉદ્યોગને લગતા ચિત્રો મુકવામા આવ્યા છે અન્દર ચિત્રો જુદી જુદી મિલોના છે આપણા દેશમા આવા કારખાનાઓ ઉઘાડવાની અગત્ય અનેક દૃષ્ટિબિંદુઓથી જોવાની આપણે જરૂર છે કોઇ સાહસિક વેપારી તે સ્થળેએ આ અતિ ઉપયોગી ઉદ્યોગના કારખાના નહિ ઉઘાડે ?

જીવ, જગત્ અને ઈશ્વર.

લેખક—રા. મોતીલાલ જેઠાલાલ મહેતા.

A Divine Life is not only possible, but the very aim of man in his evolution. A Divine Life means to live in the integral power of the spirit and that integral power does not consist as we can see, only of its possession of his infinite being, consciousness and delight in the repose of a featureless existence indifferent to or unaware of all activity but resides in the simultaneous possession of a transcendent and a cosmic existence and its perfect delight in both of its transcendence and its cosmic activity and therefore also in every individual activity and in all the grades of being. This simultaneous possession and delight are evident for without that the cosmos could not remain in existence for a moment. × × × × ×

To break down the separateness of mind, life and body of which the separative ego sense is the knot, to open himself to and become one with the universal and the transcendent and in this new self-experience to develop the glories and powers of the spirit in his liberated being is the destiny of the human spirit. × ×

And the rising of the individual to this height is the sign and promise of the elevation of the race of which the liberated individual must be not only the type, but the Chief assistant and instrument.

—*Aurobindo Ghose*

આપણે આપણી તરફ અને જગત તરફ જોઈએ છીએ ત્યારે આપણી પહેલા ત્રણ તત્ત્વ નજરે પડે છે પહેલું શરીર[1], બીજું, તેમાં સંચાર કરતો પ્રાણ[2] અને ત્રિજું મન[3] કે જે પ્રાણને શક્તિ આપી કામે લગાડે છે, પ્રાણ અને શરીર ઉપર સત્તા ચલાવી પોતાની શક્તિ ઓળખે છે વિસમી સદી સુધીના વિચારો, સાયન્સદ્વારા આ ત્રણ તત્ત્વની હયાતી કબુલ કરે છે અને કહે છે કે આ ત્રણ તત્ત્વો શરીરમાંથી થયા છે અથવા પ્રાણમાંથી થયા છે અથવા ગુણોત્કર્ષ[4] પ્રમાણે તે ત્રણેનું સાથે ઉત્પન્ન થયું છે અત્યારસુધીનું આ તત્ત્વજ્ઞાન

૧ Matter ૨ Life ૩ Mind ૪ Evolution

તે માત્ર મનુષ્યના મનની કલ્પના છે કારણ કે તેણે શરીર અને પ્રાણની જ પરીક્ષા બરાબર કરી છે મનનુ ખરૂ સ્વરૂપ બરાબર જાણ્યુ નથી અને આત્મા જેવુ તો કાંઈ તત્વ જ નથી એવુ માનવા-મનાવવા આગ્રહ કરે છે તેથી સ્વાભાવિક રીતે જે વિચાર સાયન્સદ્વારા આવે-જે સાયન્સ બતાવે તે જ સાચુ અને જે સાયન્સ ન બતાવી શકે-જે સાયન્સ નક્કી ન કરી શકે-જેની સાયન્સને ખબર નથી તે સઘળુ ખોટુ એમ માની બેસે છે મન કે જેની પરીક્ષા સાયન્સથી થઇ શકતી નથી તે કરે તે ખોટુ એમ માને છે જેમ જેમ મનનું સાયન્સ આગળ વધતુ જશે અને મનની અનંત શક્તિઓ જાણવામા અને અનુભવવામાં આવશે તેમ તેમ મન ॥ અને મનની ઉપર રહેલ મૂળ ખરા તત્વોની ખબર પડશે તે વખતે આત્મજ્ઞાન થશે અને મન વિચાર-સર્વ જ્ઞાનનુ મૂળ આત્મા છે એમ ખબર પડશે

અમે જે રીતે વિચાર કર્યો છે તેમાં મનની ઉપરના પણ તત્વો છે એમ માની લીધુ છે તેનું કારણ અમારી પાસે તે તત્વોને સમજાવે તેવુ શાસ્ત્ર હતુ અને તેમા બતાવેલ તત્વો ઘણે અંશે અનુભવેલ હતા અમે તે ॥ ઉપર આધાર રાખીએ છીએ કારણ કે તે જે કહે છે તે દરેક બાબત અનુભવમા લાવી શકાય છે એટલું જ નહી, પણ વીસમી સદીના વિચારના સાધનો-સાયન્સ વિગેરે-જો કે જુદી દિશામા કામ કરે છે તો પણ-તે ઉચ્ચ તત્વો ખુલ્લા કરતા જાય છે અને તેથી અમારા અનુભવને ઘણો વધારે ટેકો મળે છે તે વિશાળ દૃષ્ટિએ જીવ અને જગતનો વિચાર કરતા એમ લાગે છે કે મન પ્રાણ અને શરીર ઉપરાંત એક ઘણી મોટી સત્તા-ઘણુ મોટુ તત્વ હયાતી ધરાવે છે કે જેને આધારે મન, પ્રાણ અને શરીર ચાલે છે અને જેની અંદર રહેલ વસ્તુઓ એ ત્રણ બતાવે છે પુરાતન કાળની વિચારપદ્ધતિમા આત્મજ્ઞાન તે સર્વ જ્ઞાનનુ મૂળ છે એમ મનાતુ હતુ અને તેદ્વારા જીવ અને જગતના મૂળતત્વો સમજવામા આવતા હતા જો આપણે માત્ર બાહ્ય દૃષ્ટિ જ રાખી જોઈએ તો આત્મા માત્ર મન, પ્રાણ અને શરીરનુ પરિણામ હોય તેમ દેખાશે પણ જો આપણે તે દૃષ્ટિએ અટક્યા વગર અંતરદૃષ્ટિ રાખી-મનની ઉપર રહેલ તત્વોને તેનુ મૂળ સ્વરૂપ ખુલ્લું કરવા દઇએ તો જણાશે કે આત્મા સર્વ વસ્તુઓનો મુખ્ય આશ્રય છે વળી આત્માનું ખરૂ સ્વરૂપ સમજવા મહેનત કરીએ- તેના કાર્યોની શુદ્ધ રચનાનુ પૃથક્કરણ કરીએ તો તે આપણા સૌના અસ્તિત્વનુ તેમ જ સૌના સમગ્ર જીવનનુ મૂળ આત્મા છે એમ સમજાશે તે જ પરમ-આત્મા પરમાત્મા છે એમ અનુભવમા આવશે તેનો ખરો સ્વભાવ ત્રણ પ્રકારનો છે (૧) સત્ એટલે પોતાની હયાતી માટે જેને બીજા કોઈ તત્વ ઉપર આધાર નથી જે સૌનો આશ્રય છે પણ જે કોઇને આશ્રયે નથી (૨) ચિત્ એટલે જેમા જ્ઞાન અને ક્રિયા બન્ને શક્તિઓ રહેલી છે અને (૩) આનંદ એટલે પોતાના સ્વરૂપના જ્ઞાનનો આનંદ આ ત્રણે પ્રકારનો સ્વભાવ એક વસ્તુમા છે તે વસ્તુ સર્વજ્ઞ, સર્વ શક્તિમાન્ ઇશ્વર છે એ ત્રણે સ્વભાવનુ એકીકરણ કરી તેનો વિચાર સુગમ થાય એવા હેતુથી અમે તે વસ્તુને સત્ ચિત્ આનંદ—સચ્ચિદાનન્દ કહીએ છીએ

* ઈ દ્રજીતવધ કાવ્ય રૂ ૧-૦-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુબાઈ

પ્રભુ સચ્ચિદાનન્દથી ઉત્પન્ન થાય છે તેમા લય પામે છે તેનાથી જ જીવે છે સચ્ચિદાનન્દ જીવ-જગતની પર છે, અતીત છે છતા જીવ અને જગતરૂપે બહાર દેખાય છે જીવ અને જગતમા છૂપી રહ્યા છતા જીવ અને જગત રૂપે અવતરે છે તે દેશ કાળ અને વસ્તુથી પરિચ્છિન્ન થતા નથી છતા દેશ કાળ અને વસ્તુરૂપે જણાય છે તેની ઉત્તમ અતીત દશામા તે પરબ્રહ્મ કહેવાય છે અથવા, જ્યા કોઈ વિચાર પહોચી શકતો નથી એવુ કોઈ શૂન્ય તત્ત્વ છે પણ આ બધા શબ્દો એક જ વસ્તુને બતાવે છે શૂન્ય એટલે જે શબ્દ નથી તે ભાવી પર-અતીત બુદ્ધિ-ગ્રાહ્ય ન હોવાથી જ બૌદ્ધ તેને શૂન્ય કહે છે અસ્તિ એટલે છે એમ માને તે આસ્તિક કહેવાય છે ન-અસ્તિ-નથી એમ કહે તે નાસ્તિક કહેવાય છે નાસ્તિક પણ કહે છે કે તે તત્ત્વ બુદ્ધિમા આવે તેવુ નથી માટે નથી તે વસ્તુની મળતા અખંડ આનન્દથી અને તેની સાથે રહેના તેના જ્ઞાનથી આપણે આપણુ તે મૂળ તત્ત્વ જાણી શકીએ છીએ

પણ જીવ જ્યારે જગતનો અનુભવ લે છે ત્યારે જગત સચ્ચિદાનન્દ એવા આનન્દરૂપ પ્રભુનું સ્વરૂપ હોવા છતા દુ ખમય અજ્ઞાનમય-વિરોધી સ્વભાવવાળુ જણાય છે તેથી મનુષ્ય જીવને આ વિષય ઘણો મુશ્કેલ થઈ પડે છે આપણે તેનો ટુકો જવાબ આપી શકીએ કે જગત "બધુ માયામય છે કલ્પિત છે-મનનુ કાર્ય છે વિગેરે-પણ તેથી જીવને સતોષ થશે નહી તેમા વળી બીજી મુશ્કેલી એ થશે કે સચ્ચિદાનન્દનુ એવુ સ્વતત્ર સ્વરૂપ કેવી રીતે દુ ખમય અજ્ઞાનમય બનાવી દે એવી સ્વતત્ર માયા કોણ છે આથી કાઈ ખુલાસો થતો નથી તેથી આનન્દરૂપ પ્રભુ અને દુ ખમય જગત વચ્ચે શુ સબધ છે તે સમજાતો નહી જગતને સ્વપ્નવત-મિથ્યા કહેવાથી જેટલી મુશ્કેલી છે તેથી વધારે દેખાય છે તે મતમા થોડુક સત્ય છે પણ તે એકદેશી છે જીવ જગત અને ઈશ્વર વચ્ચે કેવો ગાઢો સબધ છે તેનો આધ્યાત્મિક અનુભવ થઈ શકે છે અમે બધી દૃષ્ટિએ તે તત્ત્વની પરીક્ષા કરી અમારો અનુભવ કરીએ છીએ તે દૃષ્ટિએ જગત અને ઈશ્વર જુદા પ્રકારના સ્વભાવ બતાવે છે તેનુ કારણ અને તે બે વચ્ચે કેવો સબધ છે તેનુ કારણ મળી આવે છે જીવને પરબ્રહ્મના સ્વરૂપનો જે આનદમય અનુભવ થાય છે તે તથા જીવ-જીવવચ્ચે અને જીવ-જગતવચ્ચે જે દુ ખમય અને અજ્ઞાનમય અનુભવ થાય છે તેની સામ્યતા અમને જણાઈ આવે છે જીવની નીચેની પરિણામી ત્રિગુણાત્મક અપરા પ્રકૃતિ કે જેમા જીવ રહે છે તે વચ્ચે અને બીજી ઉત્તમ ગભીર પ્રભુની આનદકાર પરાપ્રકૃતિ વચ્ચેની સાકળ અમને સ્પષ્ટ દેખાય છે જગત અને ઈશ્વર બન્ને સ્વભાવ જીવમા દેખાય છે અને તેનો ખરો સ્વભાવ પણ સ્પષ્ટ થાય છે ઉત્તમ જ્ઞાન-તત્ત્વજ્ઞાનથી તે ચાવી મળે છે અને પરાપ્રકૃતિ દ્વારા જીવ, જગત અને ઈશ્વરનુ સમગ્ર સ્વરૂપ જણાઈ આવે છે તે સ્વરૂપ સમજવાથી જ મનુષ્યજીવન પ્રભુમય જીવન થઈ શકે છે પુરા પુરુષોત્તમ બની શકે છે

પહેલા તો જીવ અને જગત જેવા આપણને બાહ્ય દૃષ્ટિએ દેખાય છે તેવા જ બરાબર છે કે નહીં તેની આપણે તપાસ કરી જોઈએ એ પરીક્ષા કરતા જતા એમ જણાય છે કે દૃશ્ય

ઉત્તરરામચરિત નાટક ૨ ૧-૮-૯ એન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુબાઈ

પદાર્થ જેવા સત્ દેખાય છે તેવા સત્ય નથી દૃશ્ય પરતંત્ર છે કાર્ય છે અને માત્ર કાર્યરૂપે સત્ય છે તેનુ જીવન સ્વતંત્ર નથી તેથી તે ખોટા છે, મિથ્યા છે એમ પણ નથી. તે છે પણ તેનો આધાર દ્રષ્ટાની દૃષ્ટિ ઉપર રહેલો છે શરીર દૃશ્ય છે તે દ્રષ્ટાની દૃષ્ટિ અનુસાર બધાય છે. અને તે પ્રમાણે બધાતા આપણને જ ઝાનમા પહેલુ દેખાય છે તેથી બાકીના બીજા તત્વોનું મૂળ કારણ શરીર હોવુ જોઇએ એમ આધિભૌતિક શાસ્ત્ર (*Materialist*) નો મત છે પણ તે મત અપૂર્ણ છે અને તેથી ખોટો છે શરીર અને આત્મા બન્ને વસ્તુસ્વરૂપે એક છે-જીવ, જગત અને ઈશ્વર બધુ બ્રહ્મમય છે બીજુ કાઈ નથી સર્વં ખલ્વિદં બ્રહ્મ આત્મા સ્વતંત્ર વિશાળ તત્વ છે શરીર તેની જ શક્તિનુ પરિણામ છે તેની અનંત શક્તિઓ કે જેથી તે પોતાનુ સ્વરૂપ બહાર લાવે છે તેનુ પરિણામ શરીર છે જેવુ વ્યક્તિમા બને છે તેવુ જ સમષ્ટિમા બને છે.

પહેલા આ બાબત સ્પષ્ટ દેખાતી નથી પહેલા એમ જણાય છે કે શરીર પ્રાણથી બધાય છે અને પ્રાણમા કાઈ જ્ઞાન હોય તેમ જણાતુ નથી જેમ સુતેલા માણસના પ્રાણ ભમતા છતા કોઈ ચોરી જાય તો ખબર પડતી નથી પણ પ્રાણની અંદર મન રહેલું જ હોય છે તે ધીરે ધીરે ખુલ્લુ થતું જાય છે શરીર અને પ્રાણમાં જે અજ્ઞાન છે તે માત્ર જ્ઞાનનો તિરોભાવ છે. શરીર અને પ્રાણ હોય ત્યા મન નથી, ચેતન નથી, જ્ઞાન નથી એવુ જોવાની આપણને ખોટી ટેવ પડેલી છે મનુષ્ય દૃષ્ટિ તે કાઈ છેવટની સાચી દૃષ્ટિ નથી તેનાથી નીચા અને ઉચા દૃષ્ટિબિંદુઓ છે આપણા પોતામા પણ કેટલુ ક ઉંડુ જ્ઞાન રહેલ છે કે જે આપણે સુતા હોઇએ ત્યારે જેમ કામ કરે છે તેમ કેટલુક અદૃશ્ય રીતે પણ કામ કરે છે કે જેની આપણને ખબર નથી તેથી શરીર અને પ્રાણવાળા વૃક્ષમા અને પશુજીવનમા મન દેખાતુ નથી તોપણ તે તેમા રહેલુ હોય છે અને તે છુટુ થઈ ધીરે ધીરે મનુષ્ય જેવા ઉચ્ચ જીવનમા સ્પષ્ટ રીતે બહાર આવે છે તે મન સૌથી એક જ છે પણ કાર્યમા તેનુ રૂપાન્તર થાય છે તેથી શરીર તે માત્ર દૃશ્ય નથી પણ ચેતનમય-જ્ઞાનમય દ્રષ્ટારૂપ છે સત્ ચિત્ આનંદરૂપમા ચિત્નુ સત્ છે માત્ર સ્થૂલ શરીર હોય તેવા પથ્થર વિગેરેમા ચેતન-મન ન દેખાય તો પણ રહેલુ હોય છે અને પહેલા વૃક્ષમાં પછી પશુમા ને પછી મનુષ્યમા તે સ્પષ્ટ થાય છે આ પ્રમાણે સમષ્ટિ દૃષ્ટિએ જોતા જગત જ્ઞાનમય-ચેતનમય પ્રભુનુ જ શરીર છે

જે કારણને લઇને જડ પદાર્થમા ચિત્ નથી એમ મનાય છે તે જ કારણને લઇને પથ્થર જેવા જડ પદાર્થમા પ્રાણ પણ નથી એમ મનાય છે પણ હવે સાયન્સની મદદથી આપણે જડ પદાર્થમા પ્રાણની હયાતી માનવી પડે છે વૃક્ષમા આપણા જેવા જ જ્ઞાનતંતુઓ છે મનુષ્યમાં અને વૃક્ષમા એટલો જ ફેર છે કે મનુષ્યમા પ્રાણની સાથે મન વધારે સ્પષ્ટ હોવાથી મનુષ્યમા તેના માનસિક પ્રતિધ્વનિ થાય છે અને વૃક્ષમા થતા નથી કારણ કે વૃક્ષમા મનુષ્યના જેવુ મન નથી અથવા મન છે તો તે સ્પષ્ટ નથી અને તે પ્રાણની ક્રિયામા એકાગ્ર થઈ ગએલ હોવાથી મનુષ્યના મન જેવુ સ્વતંત્ર નથી પશુમા વધારે છુટુ થઇ મનુષ્યમા તે સ્પષ્ટ જણાય છે આપણને હવે પછી કદાચ એકવીસમી સદી પહેલા સાયન્સ ખાત્રી કરી આપશે કે

આ ઉપયોગી પુસ્તક રૂ ૦-૮-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુબાઈ

ધાતુ અને પથ્થરમા પણ પ્રાણ રહેલ છે પણ જેમ વૃક્ષ અને પશુમા મન જેટલુ સ્પષ્ટ નથી તેમ પથ્થરમા પ્રાણ જેટલા સ્પષ્ટ નથી આ ઉપરથી જણાશે કે પ્રાણની ઉપર અને તેની સાથે ચિત્ રહેલ હોય છે પથ્થરમા તે ચિત્ પથ્થરના નિયમ પ્રમાણે રહેલ જણાય છે વૃક્ષમાં વૃક્ષના નિયમ પ્રમાણે પશુમા તે પ્રમાણે પ્રાણ જેવુ, અને મનુષ્યમા તે ચિત્ મન જેવુ દેખાય છે ખરીરીતે તો બધામા તે ચિત્ રહેલ છે આપણે મનુષ્ય સુધી જ ચિત્ની પરિક્ષા કરી પણ મનની ઉપર પણ ચિત્ના સ્થાન છે મનની ઉપરના તત્વો વિજ્ઞાન-આનંદ વિગેરેનો જ્યારે પ્રકાશ થાય છે ત્યારે ચિત્ની તે ઉંચી દશામા પ્રાણ પણ તે સ્થાનને અનુસરી ઘણુ સ્વતંત્ર જીવન આપે છે

આ પ્રમાણે શરીર અને પ્રાણ એ બે જગતમા ઘણા મોટા તત્વો છે તેની આપણે પરિક્ષા કરી અને શરીર જેમ ચિત્નુ રૂપ છે તેમ પ્રાણ તે જ ચિત્ની શક્તિ છે વળી તે શક્તિની સાથે જ જ્ઞાન રહેલુ છે તે જ્ઞાન જ્યારે માત્ર ક્રિયામા એકાગ્ર થઈ ગયેલ હોય છે ત્યારે પોતે પોતાને ભુલી જાય છે હવે મન શુ છે તે આપણે જોઇએ મન પણ તે જ ચિત્ની એક દશા છે પ્રાણ કે જે ક્રિયા કરે છે તેની અંદર રહેલ મન મદદગાર પડે છે મને જે જુવે છે, જે કરે છે અને જે કરવાની ઇચ્છા કરે છે તે વિગે ચિત્ વિચાર કરી, સમજીને તેને નિયમમા લાવે છે પ્રાણ કે જે ખબર આપે છે તેનો જે ચિત્ જવાબ આપે છે તે મન કહેવાય છે ચિત્ની જ્ઞાનશક્તિ કે જે નિશ્ચય કરે છે તે બુદ્ધિ (*Intelligence*) કહેવાય છે અને ચિત્ની જે ક્રિયાશક્તિ છે તે ઇચ્છા (*Will*) કહેવાય છે આ બધી નવી રચના નથી બધા તત્વો દરેક વસ્તુમા રહેલા છે અણુમા અણુથી મહાનમા મહાન વસ્તુઓ પણ જોવામા આવે છે પણ જે રીતે તે આપણામા કામ કરે છે તે જોતા સમષ્ટિ મન, સમષ્ટિ બુદ્ધિ, ને સમષ્ટિ ઇચ્છા વિગેરે હોય નહી એવો ભાસ થાય છે અને જાણે કે તે મનુષ્ય અને પશુમાં જ આવીને ચાલ્યા જતા હોય તેવો દેખાવ થાય છે નિરભિમાની થઇ જગતની બરાબર પરિક્ષા કરીએ તો જણાશે કે બધા તત્વો આપણામા આવિર્ભાવ થાય છે તો તે જે શક્તિથી આપણે બન્યા તેમા મૂળથી જ એ હોવા જોઇએ જેમ સમષ્ટિ શરીર અને સમષ્ટિ પ્રાણનો અનુભવ થાય છે તેમ સમષ્ટિ મનનો પણ અનુભવ થઈ શકે છે

પણ આ સત્ય વિચારમા જ નહીં પણ અનુભવમા લેવામાટે આપણે પહેલા પ્રાણ અને શરીરની અંદર રહેલી મનની કલ્પનાઓની ઉપર જવુ જોઇએ, નહીં તો આધિભૌતિક-જડ-વાદીઓ જેટલુ જ સત્ય મળશે અને કહેવુ પડશે કે શરીર ચેતન છે અને પ્રાણ અને મન તેમાંથી નીકળ્યા છે અથવા પ્રાણ જ સત્ય છે અને શરીર અને મન તેના નીચા અને ઉંચા પરિણામ છે મનનુ નિરીક્ષણ કરતાં પણ જણાય છે કે તેમા પણ ઘણા સ્થાન છે પહેલાં પથ્થરમા રહેલ મન પથ્થરના ધર્મને આધારે જડવત્ દેખાતુ હતુ પછી પશુમા કાયને માટે જરા છુટુ થયેલ જણાય છે અને મનુષ્યમા વધારે પકવ થયેલ લાગે છે, મનની ઉપરના વિશાળ ક્ષેત્રમા પણ મન ઘણુ સ્વતંત્ર થઇ રહે છે અને તે દશાએ આપણે

મહોચી શકીએ છીએ એટલું જ નહી પણ તે વિજ્ઞાન દશાપ્રાપ્ત થયે આપણે જ્ઞાન અને ક્રિયાશક્તિના ખરા સ્વરૂપનો અનુભવ લઇ શકીએ છીએ તે વિશાળ મન સામાન્ય મનને નવુ જ્ઞાન અને નવી શક્તિઓ આપે છે જેમ મનુષ્ય જીવ, શરીર અને પ્રાણવાળા નીચેના જીવનમાંથી ચડતા ચડતા મનમા સ્થિતિ કરી પ્રાણ અને શરીરને-મનને ઉપયોગમા આવે તેવા બતાવે છે તેમ તે જ જીવ વિશાળ મનમા જઇ મન, પ્રાણ અને શરીરને તાબે કરી તેને નવી શક્તિઓ આપી નવો ઉત્તમ આનંદ લઇ શકે છે આ વિશાળ મનને અમે વિજ્ઞાન (*Super-mind*) નામ આપીએ છે વિજ્ઞાન, મનને પોતાનો સ્વતંત્ર અનુભવ આપે છે અને સત્ય જણાવે છે તેનામા મનને સ્વતંત્ર બનાવવાની શક્તિ છે પણ મનના પોતાના ક્ષેત્રથી ઉપર વિજ્ઞાનનું પોતાનુ અનંત જ્ઞાન અને સ્વતંત્ર શક્તિવાળુ ક્ષેત્ર છે કે જ્યા જીવને સર્વજ્ઞતા પ્રાપ્ત થાય છે તે દશામા ઇશ્વરની સર્વજ્ઞતા અને સર્વશક્તિમત્તાનો અનુભવ થાય છે અને આ સ્થિતિ કરી રહેવા જેટલી લાયકાત આવે ત્યારે ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે તે વિજ્ઞાન સર્વ વસ્તુઓમા સર્વ વ્યાપી રહેલું હોય છે પણ તેનુ મૂળ મનની ઉપરના ક્ષેત્રમા છે ત્યા તે સ્વતંત્ર રીતે પરિપૂર્ણ અવસ્થામા અનુભવમા આવે છે

વિજ્ઞાનનુ તેજ આપણા મન ઉપર પડે છે ત્યારે જ ખરા સત્યનુ-આત્માનુ ભાન થાય છે પહેલા તે જ્ઞાનના કિરણો દેખાય છે તેનો ક્ષણિક અનુભવ થાય છે અને મનુષ્યના સ્વાભાવિક જીવનથી ઉંચા પ્રકારનુ જીવન હોય તેના સંદેશા ત્યાથી મળતા રહે છે આપણે તે વિજ્ઞાનદશામા આપણુ જીવન ઉંચ પ્રકારનુ કરી શકીએ છીએ, અને તે ઉંચુ જીવન આપણું સ્વાભાવિક જીવન કરી શકીએ છીએ ત્યારે જ આપણને ખબર પડે છે કે બધી દશામા ને બધા જન્મોમા આત્મા જ આપણુ ખરૂ સ્વરૂપ હતુ અને છે અને બાકીના બીજા નીચેના તત્વમા અતત્વવત્ પરિણામી ક્રિયાઓ તેને આધારે થતી હતી નીચેના તત્વોમા ઉતરતા પ્રકારનુ જ્ઞાન હોય છે શક્તિ કમ હોય છે અને સુખ પણ તેથી હલકુ હોય છે વિજ્ઞાન ઉપર આત્મા છે કે જે આપણુ ખરૂ સ્વરૂપ છે તેનો તે વખતે અનુભવ થાય છે તે આત્મા સ્વતંત્ર, સત્, સર્વજ્ઞ, સર્વ શક્તિમાન સુખસ્વરૂપ દેશ, કાળ અને વસ્તુથી અપરિચ્છિન્ન જણાય છે જેને પોતાના જીવન માટે પ્રાણ અને શરીર ઉપર આધાર નથી, જેને પોતાના જ્ઞાન માટે મન અને ઇન્દ્રિઓની જરૂર નથી, જેને પોતાના આનંદ માટે વસ્તુઓના બાહ્ય સ્પર્શની દરકાર નથી તે જ તત્વને આપણા આર્યદેશના તત્ત્વવેત્તાઓ આત્મા કહે છે તે આત્મા આપણા સર્વમા એક છે આપણે અનેક થવા છતા તે અનેક થતો નથી પણ સર્વત્ર એક જ રહે છે તે દેશ, કાળ, અને વસ્તુઓમા વ્યાપ્ત છે નામ, રૂપ, વિચાર શક્તિ ઇચ્છા વિગેરે સર્વમા છે, સર્વત્ર છે ને સર્વ શક્તિમાન છે વ્યષ્ટિમા પણ તે છે સમષ્ટિમા પણ તે છે, બન્નેથી અતીત શુદ્ધ સત્તા પણ તે છે અનેક રૂપે થયા છતા એકરૂપે તે મટતો નથી એકરૂપે રહીને અનેક રૂપ થઈ શકે છે, તે જ સાચામા સાચુ સત્ય છે કે જેનો બરાબર અનુભવ થાય જેના સમગ્ર સ્વરૂપનુ જ્ઞાન થાય તો

બાકી ન જાણ્યુ તેવુ આ જગતના કાંઈ રહેતુ નથી કારણ કે તે સર્વ છે यस्मिन् विज्ञाते सर्व विज्ञातम्

પણ તેનુ સમગ્ર સ્વરૂપ માત્ર મનની ઉપર રહેલ વિજ્ઞાનથી જ જાણી શકાય છે પહેલા તે વસ્તુ આપણો જ આત્મા હોય તેમ લાગે છે પછી તે જ આત્મા અનંત છે એમ ખબર પડે છે અને તે બધી વસ્તુઓનુ ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ છે એમ ખબર પડે છે બધી વસ્તુઓની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનુ તે જ મૂળ છે એમ જણાય છે તેથી आत्मानं सर्वभूतेषु सर्वभूतानि चात्मनि–પોતાને બધામા અને બધાને પોતામા જુએ છે એટલે બધી વસ્તુઓમા એટલુ જ નહીં પણ બધા કાર્યોમા પણ પોતાની શક્તિ જે પ્રગટ છે સત્, ચિત્ અને આનંદ—ઈશ્વર, જીવ અને જગત રૂપે પ્રગટ થયેલ લાગે છે તેમ તેથી ઉત્કૃષ્ટ અતીત થઈ રહેલ પણ જણાય છે ઉપનિષદ્ કહે છે आत्मा अभूत् सर्वाणि भूतानि આત્મા જ સર્વ ભૂતમય થયેલ છે તે સત્ય છે જેટલુ થઈ ગયુ થાય છે અને થવાનુ છે તે તેનુ જ રૂપ છે મનને આવી ભેદ મુશ્કેલી પડે છે તે એ છે કે તે ઈશ્વર અને જગતના સ્વભાવની સામ્યતા કરી શકતુ નથી અને આધ્યાત્મિક માર્ગમા પણ જગતનુ ખરૂ સ્વરૂપ તરત ઓળખી શકતુ નથી કારણ કે ઈશ્વર સ્વતંત્ર છે, અનંત છે સર્વ છે અને જગત કે જે તેનુ જ રૂપ છે તેમા આપણને પહેલો અનુભવ તેના જીવ અગણ્યધર્મી, જુદા શરીર, મન, અહંકારવાળો માલુમ પડે છે ઈશ્વર સર્વજ્ઞ છે, જીવ અલ્પજ્ઞ છે ઈશ્વર સર્વ શક્તિમાન છે, જીવ અલ્પ શક્તિવાળો છે ઈશ્વરનો આનંદ સ્વતંત્ર છે જીવ પોતાના આનંદ માટે પરતંત્ર છે એટલુ જ નહીં પણ જીવ કોઈ વખત સુખી કદાચ દુખી અને કદાચ બેમાથી કાંઈ ન હોય તેવી ત્રણ પ્રકારની દશા ભોગવતો જોવામા આવે છે તેથી મનુષ્ય સ્વાભાવિક રીતે એમ માને છે કે જીવ અને જગતના સ્વરૂપ મિથ્યા છે તે ઈશ્વરના સ્વૈચ્છા-ઈશ્વરેચ્છુ સ્વરૂપ જ્યાં ખોટા છે, માયામય છે ને સ્વપ્નવત્ છે તેથી ઈશ્વરને જ સાચો માની જીવભાન ભુલી–જીવન છોડી–જગત છોડી, સન્યાસ લઈ, જીંદગી પુરી કરવા તરફ મનુષ્ય સ્વાભાવિક રીતે ખેંચાય છે

પણ અમારો અનુભવ એવો છે કે જેમ પશુજીવનથી ઉંચા પ્રકારનુ તેનાથી ભિન્ન મનુષ્યજીવન ભોગવી શકાય છે તેમ મનુષ્યજીવનથી ઉંચા પ્રકારનુ સ્વતંત્ર પ્રભુમયજીવન પણ જગતમા રહીને ભોગવી શકાય છે એટલુ જ નહી પણ તે જીવન પ્રાપ્ત કરવુ તે જ બધા મનુષ્ય જીવનનો મુખ્ય હેતુ છે પ્રભુમય જીવન એટલે પ્રભુની સમગ્ર શક્તિ પ્રાપ્ત કરવી–ઈશ્વરનુ બધુ ઐશ્વર્ય મેળવી જીવન ઉત્કૃષ્ટ કરવુ જોઈએ સત્ ચિત્ આનંદના શાંત સ્વરૂપ કે જે જગત તરફ બેદરકાર હોય, જેને જગતના કાર્યોનુ ભાન ન હોય તેના શાંત સ્વરૂપનો અનુભવ લેવો તેનુ નામ ઐશ્વર્ય નથી તેના નિર્ગુણ સગુણ, ક્રિયાત્મક અને અક્રિયાત્મક બન્ને સ્વરૂપ જોઈ જીવ, જગત અને ઈશ્વર ત્રણે સ્વરૂપે એક હોવાથી ત્રણેનો સમગ્ર ભાવે અનુભવ કરવો જોઈએ.

ઓરંગઝેબ રૂ ૧–૪–૦ એન. એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ

તેના શાંત સ્વરૂપની શાંતિ ઉપરાંત તેના ક્રિયાત્મક સ્વરૂપનો એટલે જીવ અને જગતનો આનંદ પણ સાથે લેવો જોઇએ આ પ્રમાણે સર્વ પ્રકારથી આનંદ લેવો તે જ જીવનનું રહસ્ય છે તેમ ન હોય તો જીવ અને જગત એક ક્ષણ પણ નભી શકે નહીં ત્યારે હવે પ્રશ્ન એ છે કે મનુષ્યને તે આનંદ મળી શકે કે નહીં મનુષ્યની કલ્પનામાં નહિ પણ તેના ખરા અનુભવમાં આવી શકે કે નહીં? સચ્ચિદાનન્દના શાંત સ્વરૂપનો આનંદ તો આગળના ઘણા ધર્મગુરૂઓ અને જ્ઞાનીઓ મેળવી શકયા છે પણ તેની સમગ્ર ક્રિયાનો આનંદ પણ મનુષ્યને મળી શકે કે નહીં તેની હવે આપણે તપાસ કરીએ

મુખ્ય મુશ્કેલી એ છે કે મનની ઉપર તરત નજીક તત્વ વિજ્ઞાન છે કે જે પ્રભુની ચિત્ શક્તિ છે અને જે અનેકત્વમાં એકત્વનો અનુભવ આપી શકે છે તેનું આપણને બરાબર જ્ઞાન થવું જોઇએ જેમ મન અનુભવમાં આવી શકે છે તેમ વિજ્ઞાન પણ અનુભવમાં આવી શકે છે વિજ્ઞાન અન્તવાળી વસ્તુઓની અનન્તતા જોઇ શકે છે જીવ સ્વરૂપમાં જગત અને ઇશ્વરના સ્વરૂપ દેખી શકે છે અનેક ઇચ્છાઓ એક ઇચ્છાને અનુસરે છે, તે જાણી શકે છે મનની વૃત્તિઓ કે જે અનેક પ્રકારનો ભેદ કરે છે તેની પાછળ રહેલ વિજ્ઞાન અભેદ અનુભવ આપી શકે છે દેખાતા મરણ તારણ જીવ અને જગતની અમરતા જાણી શકે છે મનને જે સુખદુઃખ વિગેરે જણાય છે તેમાં પણ અખંડ આનંદની વ્યાપ્તિ અનુભવી શકે છે જો મનુષ્ય આ વિજ્ઞાનતત્વને જાણી તેની શક્તિ મેળવી શકે એટલું જ નહીં પણ જેમ મનોમય થઈ રહેલ છે તેમ વિજ્ઞાનમય થઇ જાય તો તેની બધી મુશ્કેલી મટી શકે પણ જો તેનાથી વિજ્ઞાનતત્વ જાણી અનુભવી ન શકાય—વિજ્ઞાનના પ્રાપ્ત ન થઈ શકે તો ઉત્કૃષ્ટ જીવન માટે તેનો બધો પ્રયાસ નિષ્ફળ થાય અને મનુષ્યજીવનથી ઉત્કૃષ્ટ જીવન છે જ નહીં એમ કહેવું પડે તેમ હોય તો તેને સુખ દુઃખના દ્વંદ્વોમાં નિરંતર ભટકવું પડે, અપૂર્ણ અવસ્થામાં જ રહેવું પડે અને પ્રભુએ જીવ અને જગત શા માટે રચ્યા તેનો હેતુ જડે નહીં, અને તેથી જીવ તત્વ નષ્ટ થવું જોઈએ એટલે કે જગતમાં જીવો ઉત્પન્ન થવા જ જોઇએ નહિ

આ બાબત બરાબર સમજવી હોય તો સત્ ચિત્, આનંદ પ્રભુએ પોતાની ચિત્ શક્તિથી એટલે વિજ્ઞાનદ્વારા આ જગત કેવી રીતે રચ્યું અને તે શક્તિ હજી તેમાં કેવી ક્રિયા કરે છે તે સમજવું જોઇએ પહેલું આપણને જણાય છે કે જગતની બધી વસ્તુઓમાં સત્—આત્મા છે, અને દરેક નામરૂપવાળી વસ્તુઓની પાછળ તે સત્નું સમગ્ર સ્વરૂપ રહેલું હોય છે નાના પ્રકારમાં વિભાગોમાં પણ તેનો વિભાગ થતો નથી બીજું, આપણને દરેક વસ્તુમાં ચિત્ જણાય છે કે જે દરેક વસ્તુના કાયદાને અનુસરી તેના જેવું દેખાય છે તે ચિત્ શક્તિ અણુમાં અણુથી મહાનમાં મહાન વસ્તુઓમાં રહેલી છે દરેક વસ્તુના હૃદયમાં છુપાઇ રહી દરેક વસ્તુને જન્મ આપે છે, સ્થિતિ આપે છે, એકત્વમાં અનેકત્વ કરે છે અને અનેકત્વમાંથી એકત્વ કરે છે, જગતની બધી વસ્તુઓની અને બધા કર્મની સામ્યતા કરે છે આપણે સ્થૂળ જગતનો મળેલ

પહેલો અનુભવ સાચો માની બેસ ઠીએ તે છોડવો જોઇએ મન અને પ્રાણનો અનુભવ પણ છેવટનો નથી પહેલા મને, પ્રાણ અને શરીરમા આત્મા અને વિજ્ઞાન પરતન્ત્ર હોય તેવો દેખાવ થાય છે તે અનુભવ સાચો નથી શરીર અથવા સ્થૂલ પદાર્થ પહેલા ઉત્પન્ન થયા નથી પણ છેલ્લા ઉત્પન્ન થયેલ છે તેથી મન, પ્રાણ અને શરીરનો પહેલો અનુભવ સાચો નથી મન, પ્રાણ અને શરીરની ઉપર ઘણા ઉંચા તત્વો રહેલા છે એમ વેદથી અને અનુભવથી જણાય છે કે જે તત્વોના જીવનનો આધાર મન પ્રાણ અને શરીર નથી પણ જેને આધારે મન, પ્રાણ અને શરીર ચાલે છે વળી મન, પ્રાણ અને શરીરવાળા મનુષ્ય જીવનમા જ મનની ઉપર વિજ્ઞાન અને સત્ ચિત્ આનન્દ (આત્મા) રહેલ હોવાથી મનની ઉપરના ક્ષેત્રમા મનુષ્ય ચડે ત્યારે જ તેનુ જીવન પ્રકાશમય થઇ શકે-ત્યારે જ પુરૂષ પુરૂષોત્તમ થઈ શકે છે

આ ઉત્તરોત્તર ક્ષેત્રો સાત પ્રકારના તત્વથી રચાઇ રહેલ છે તે સાત પ્રકારના તત્વથી જીવ જગત અને ઇશ્વરનો ખુલાસો થઇ શકે છે પહેલા ત્રણ તત્વ સ્વતન્ત્ર છે તે સત્ ચિત્ અને આનન્દ છે કે જેમા અનન્ત જીવન અનન્ત જ્ઞાન અને અખંડ આનન્દ રહેલ છે પૂર્ણ અનુભવ થયે જણાય છે કે જગત્ની દરેક વસ્તુ તેનાથી ઉત્પન્ન થઇ છે તેથી સચ્ચિદાનન્દનો અનુભવ થાય છે ત્યારે પોતાને બધામા અને બધાને પોતામા જોઇ શકે છે અને સર્વજ્ઞ થાય છે આપણો સ્વભાવ ફરી જાય છે ને પ્રભુસ્વભાવને પ્રાપ્ત થઇ સાધર્મ્ય મુક્તિ મળે છે સત્ ચિત્ આનન્દ એ ત્રણ તત્વ સુધી ઉત્પત્તિ નથી અને નાશ પણ નથી કારણ કે તે તત્વ પૂર્ણ સ્વતન્ત્ર છે જીવ અને જગતની ઉત્પત્તિ અને લય થાય છે તેથી તે ઉત્પન્ન થતી વખતે જ જીવ જીવ વચ્ચે અથવા જીવ જગત વચ્ચે અથવા જીવ જગત ને ઇશ્વર વચ્ચે કોઇ પણ પ્રકારનો સમન્વય સાધે તેવુ તત્વ તેની સાથે જ ઉત્પન્ન થવુ જોઈએ તે તત્વ વિજ્ઞાન છે સત્ ચિત્ આનન્દના મૂળ સ્વરૂપમા ઘટવધ થયા સીવાય તેનું ચિત્ એકરૂપ છોડ્યા વગર એકમાથી અનેક રૂપ લે છે એટલે કે ચિત્ પોતે બે પ્રકારનુ થાય છે તેણે સત્ ચિત્ આનન્દ આગળ અભેદ રાખી, જીવ જગતના અન્યોન્ય સમ્બન્ધ માટે વ્યાવહારિક ભેદ પણ ઉત્પન્ન કર્યો ચિત્ અથવા વિજ્ઞાનથી જ બધી વસ્તુઓની ઉત્પત્તિ થઇ છે પોતાની શક્તિથી તે જ્ઞાન અને ક્રિયારૂપ થયુ પોતે જ જ્ઞાન થયુ પોતે જ ક્રિયા થઈ પોતે જ પુરૂષત્વ છોડ્યાવગર પ્રકૃતિ થઈ જેમ બીમા ગર્ભિત રહેલ ફલ બહાર આવે છે તેમ સચ્ચિદાનન્દમા રહેલ જીવ અને જગત ચિત્ને બહાર લાવે છે ચિત્ના ક્ષેત્રનો બરાબર અનુભવ થાય છે, ત્યારે ચિત્નો સ્વભાવ બે પ્રકારનો લાગે છે પોતે એકમાથી અનેક રૂપ લઇ અનેકમાં એક રૂપે આનન્દ લે છે એટલુ જ નહીં પણ અનેક રૂપમા પણ દરેક એક રૂપને પણ સ્વતન્ત્ર કરી તેને સમજીને દરેકનો સ્વતન્ત્ર આનન્દ લે છે, ચિત્ના આ બીજા સ્વભાવથી દરેક જીવને સ્વતન્ત્ર જીવન મળે છે છતા પહેલો સ્વભાવ પણ તે જ ચિત્નો હોવાથી જીવ જીવ વચ્ચે અથવા જીવ જગત વચ્ચે વાસ્તવિક ભેદ થઈ શકતો નથી સચ્ચિદાનન્દનુ પણ તે જ ચિત્ હોવાથી જીવ જગત અને ઇશ્વર વચ્ચે સ્વતન્ત્ર ભેદ થઇ શકતો

નથી કારણ કે ત્યા પણ પોતાને બધામા અને બધાને પોતામા જોવાનો ધર્મ રહેલો છે ચિત્‌ના સ્વભાવને વિજ્ઞાન કહે છે તે ચોથુ તત્ત્વ છે મન પ્રાણ અને શરીરના નીચના ત્રણ તત્ત્વો સ્વતન્ત્ર નથી પણ તે ચિત્‌ના બીજા સ્વભાવનુ પરિણામ છે એટલે કે સત્‌મા—એક રૂપમા, અનેક રૂપે આનદ લેવા માટે ચિત્‌ પોતાની ક્રિયા શક્તિથી મન પ્રાણ અને શરીર રૂપે બહાર આવે છે મન, પ્રાણ અને શરીરમા ઉતરેલ તે શકિત અનેક રૂપે આનદ લેવા માટે મન, પ્રાણ અને શરીરને મુખ્ય ગણી આગળ કરે છે ત્યારે જ જીવ જીવ વચ્ચે ભેદ થાય છે, ત્યારે જ જ્ઞાન ક્રિયા અને જીવનનો ભેદ થાય છે અને તે ભેદથી જ એટલે મન પ્રાણ અને શરીરને સ્વતન્ત્ર જેવા કરી દશ્યકોટીનો આનદ ચિત્‌ લે છે આ વસ્તુસ્થિતિ વિશ્વમા નિત્યસિદ્ધ હોવાથી મન, પ્રાણ અને શરીર એ ત્રણ તત્ત્વ પણ ઉત્પન્ન થતા જ જોઇએ ટુકામા જીવ, જગત્‌ અને ઈશ્વર એ એક વસ્તુ છે અને પોતાના આનદ માટે સાત પ્રકારમા જાય છે તેને વેદમા સાત નદીના પ્રવાહ કહે છે અથવા સાત લોક પણ કહે છે તે નીચે પ્રમાણે છે —

તત્ત્વ—લોક	તત્ત્વ—લોક
૧ સત્—સત્યલોક	૫ મન—સ્વર્લોક
૨ ચિત્—તપોલોક	૬ પ્રાણ—ભુવર્લોક
૩ આનદ—જનલોક	૭ શરીર—ભૂલોક
૪ વિજ્ઞાન—મહર્લોક	

પુરાણમા તો તે સાત ઋષિઓ પણ કહે છે સમજણને માટે સાત કરીને બતાવે છે જોકે ખરી રીતે તે સાત લોક સચ્ચિદાનન્દના જુદા જુદા દષ્ટિબિન્દુઓ છે અને સચ્ચિદાનન્દનુ સમગ્ર સ્વરૂપ છે.

એ તો ખુલ્લુ છે કે ભેદ છે તે અનિત્ય છે અભેદ જ સત્ય અને નિત્ય છે જીવનુ શરીર જગતના શરીરનો ભાગ છે જીવનો પ્રાણ જગતના પ્રાણની ક્રિયા છે જીવનુ મન જગતના મનથી ચાલે છે ત્યારે એવી કઈ સત્તા છે કે જે નિત્ય અભેદમાં અનિત્ય ભેદ બતાવ્યા કરે છે ચિત્‌મા એક એવી શકિત રહેલી છે કે જે પોતે તૈયાર કરેલ નામરૂપવાળી વસ્તુઓમા તન્મય થઈ તેના આનન્દમા પોતે પોતાને ખોઇ બેસતુ હોય તેવુ દેખાય છે આ સચ્ચિદાનન્દના ચિત્‌ની ક્રિયા શકિત છે વેદાતમાં તેને તપ કહે છે પોતાના મનથી પોતાના સ્વરૂપના બાલસ્વરૂપમાટે અનેક રૂપે આનન્દ લેવા મન પ્રાણ અને શરીરમા તે ચિત્‌ એટલુ બધુ એકાગ્ર થઈ જાય છે કે તે પોતાનુ બધુ જ્ઞાન પોતાની ક્રિયાની પાછળ રાખે છે અને પોતાની બાહ્ય ક્રિયાને પ્રધાન રાખી પોતાના જ્ઞાનને ગૌણ કરી રાખે છે મૂળ સચ્ચિદાનન્દ (આત્મા) અને વિજ્ઞાન તે તો પોતાના સાચા સ્વરૂપમા પાછળ જેવાને તેવા જ રહે છે પણ ચિત્‌ની બાહ્ય ક્રિયાને તેનુ જ્ઞાન રહેતુ નથી છતા સર્વ કાળમા તે બાહ્ય ક્રિયા પણ સચ્ચિદાનન્દથી જીવે છે, તેનાથી જ ચાલે છે દૃષ્ટાથી જ દશ્ય નભે છે માત્ર દશ્ય કોટીમાં દશ્યના દષ્ટિબિંદુથી જોવાથી જીવ, જગત અને ઈશ્વર વચ્ચે ભેદ દેખાય છે આ દષ્ટિને અજ્ઞાન કહે છે કે જેમા આપણે રહીએ છીએ તે માત્ર આપણા ખરા સચ્ચિદાનન્દ

સ્વરૂપનુ અજ્ઞાન છે આપણને લાગે છે કે આપણે શરીરમાં રહીએ છીએ—મનના રહેતા થી. પ્રાણમાં રહીએ છીએ, ચિત્‌મા રહેતા નથી મનમાં અથવા દુ ખમા રહીએ છીએ, આનન્દમા રહેતા નથી છતા જેનુ અનાદ છે તે વસ્તુથી જ—આપણે રહીએ છીએ કારણ કે ઉપર જણાવ્યા પ્રમાણે મન, પ્રાણ અને શરીર કે જે દૃશ્ય છે તે સચ્ચિદાનન્દનુ બાહ્ય સ્વરૂપ છે આ બાહ્ય સ્વરૂપને એટલે એક ભાગને જ સાચો માનવો તે અજ્ઞાન છે, તે અજ્ઞાનથી અવિભક્ત વસ્તુ વિભક્ત દેખાય છે આપણી શક્તિ કમી થાય છે આપણુ જ્ઞાન અપૂર્ણ રહે છે અને તેથી આપણો આનન્દ, આપણુ સુખ અતન્ત્ અપૂર્ણ લાગે છે કે જે દુ ખ પે દેખાય છે અને સચ્ચિદાનન્દ જેવા આનન્દસ્વરૂપ ઈશ્વરે દુ ખી જીવ અને જગત કેમ કર્યાં તેનો વિચાર દુર્ઘટ થઈ પડે છે ઉપર બતાવ્યા પ્રમાણે પ્રવર્તેલ ચિત્ બાહ્ય ક્રિયામા પાતાને પોતાના તપની એટલુ બધુ એકાગ્ર કરે છે કે નામરૂપનાળા દૃશ્ય કોઈના છે. ઉપર તે તે ક્રિયામા અન્તર્ધ્યાન થઈ જઈ દેખાતું બંધ થાય છે તેની કેટલીક વસ્તુઓ તદ્દન જડ દેખાય છે આ પ્રમાણે જડ વસ્તુઓમા પણ તે જ ચિત્ ગર્ભિત (*Involved*) રહેલ હોવાથી પહેલા શરીરમાથી પ્રાણરૂપે બહાર આવે છે પછી મનરૂપે, પછી વિજ્ઞાનરૂપે અને પછી સતચિતઆનન્દરૂપે બહાર આવે છે આપણુ અજ્ઞાન તો આ બળની ક્રિયા છે એટલે ગુણોત્કર્ષ (*Evolution*) પ્રમાણે આપણ ચિત્ શરીર અને પ્રાણ જેમા પ્રધાન છે એવા પશુશરીરોમાથી નીકળી મનુષ્યમા પાછળના અનુભવને લીધે પશુવૃત્તિઓની અનુવૃત્તિ રહેલ છતા મન સુધી પહોચેલ છે, અને તેની ઉપરના વિજ્ઞાન અને આનન્દમય ક્ષેત્રો તરફ જવા માટે મથે છે મનુષ્ય સર્વજ્ઞ સર્વશક્તિમાન સચ્ચિદાનન્દ થવા યત્ન કરે છે આ પ્રમાણે જીવ જેમ પથ્થરમાથી વક્ષ થઈ, પશુ થઈ મનુષ્ય થયો તેમ હવે પછી પણ ચડતો ચડતો સચ્ચિદાનન્દ થાય, પુરૂષ પુરૂષોત્તમ બને એટલે સચ્ચિદાનન્દના અનુભવથી સ્વતન્ત્ર બની મન પ્રાણ અને શરીરને નવુ રૂપ આપી જગતમા પ્રભુ થઈ રહે તે જ મનુષ્ય જીંદગીનો મુખ્ય હેતુ છે તે સામ્રાજ્ય લેવા માટે જ—દરેક મનુષ્ય માટે જીવન—યુદ્ધ નિર્માણ થયેલ છે ગુણોત્કર્ષ થવો તે જગતનો સ્વભાવ જ છે તેથી જ મનુષ્યો તે ઉત્તમ દશા પ્રાપ્ત થઈ શકે છે. જગત્ જડવત્ લાગે છે છતા તેની અંદર ઉપર જણાવેલ સાત તત્વો ગર્ભિત રહેલ હોવાથી ગુણોત્કર્ષ પ્રમાણે બહાર આવ્યા વગર રહેશે નહિ. પહેલાં પ્રાણરૂપે પછી મનરૂપે પછી આત્મારૂપે આવિર્ભાવ થતા આત્મજ્ઞાનની સાથે જ વિજ્ઞાન અને સચ્ચિદાનન્દનો અનુભવ થાય છે મનુષ્ય કે જેમા મન પ્રધાન છે, મનુ છે, તેને આ ઉત્તમ આધ્યાત્મિક પદ મળી શકશે પુરેપુરો સંભવ છે જીવ અને જગત માત્ર મન, પ્રાણ અને શરીરરૂપ હોય તો ગુણોત્કર્ષ પણ મન પ્રાણ અને શરીરના નિયમ પ્રમાણે થશે પણ મનની ઉપરના ઉત્તમ સ્થાનો તેના મૂળ સ્વરૂપમા રહેલ હોવાથી મનુષ્યને તે મળી શકે છે તે સચ્ચિદાનન્દ પદ પ્રાપ્ત કરવુ એટલુ જ નહીં પણ (જેમ પશુસ્વભાવ ફેરવી મનુષ્યસ્વભાવ કર્યો તેમ) તે અનન્ત જીવ નથી મનુષ્ય સ્વભાવ ફેરવી પ્રભુમય જીવન કરવુ તે જ આપણી જીંદગીનું સાર્થક છે, તે જ આપણા અપૂર્ણ જીવનની પરિપૂર્ણતા છે

અત્યારે તો જીવ ફક્ત એટલે ઉંચે ચડેલ છે કે મનથી પ્રાણ અને શરીર ચલાવે છે પણ મનની ઉપરના તત્વો મનની અંદર ગ્હેન હોવાથી ક્રમ પ્રમાણે ખુલ્લા થતા જાય છે મન ઉપર નજીક તત્વ વિજ્ઞાન છે તેનો અનુભવ લઈ તેની શક્તિથી મનોમય મટી વિજ્ઞાનમય થઈ તેમાં વિકાસ પામી પછી આત્માને ઓળખી નીચેના તત્વોને પણ નામે કરી નવું રૂપ આપી શકે છે આ પદ ધીમેધીમે વિકાસ પામવાથી પામી શકાય છે અને તેથી જ વારવાર જન્મ લેવો પડે છે એક શરીર છોડી બીજું શરીર લીધા પહેલા જેટલો વિકાસ પહેલા શરીરમાં થયો હોય તેનો પોતામા ધટાવવા જેટલી અનુકૂળતા અને વખત મળે છે, અને ત્યા પ્રાપ્ત થયેલ વિકાસને વધારવા માટે એટલે પૂર્ણ સ્વરૂપને ઓળખવા માટે મનુષ્ય સ્વરૂપ લઈ અવતરવું પડે છે ઉત્તમોત્તમ આત્માનુભવ લેવો—આત્મવિકાસ કરવો તે જ મનુષ્યજીવનનો હેતુ છે અને દરેક જન્મમા તે વધારે વિકાસ પામી આગળ વધતો જાય છે

આ આત્મજ્ઞાન જીવને જ થાય છે, આત્મવિકાસ જીવનો જ થાય છે કારણ કે ઈશ્વર તે તો પોતાનું અને જીવ-જગતનું પૂર્ણ જ્ઞાન છે અને તેમા વ્યાપી રહેલ છે સમષ્ટિ આત્મા પણ પોતાનું અને ઈશ્વરનું સ્વરૂપ એક છે એમ જાણે છે જીવમા જ જગત અને ઈશ્વર વિષે અપૂર્ણું જ્ઞાન છે તેથી જીવને જ અપૂર્ણતા મટાડવાની છે આત્મા પોતાની ક્રિયાથી દૃશ્ય જીવ થઈ અનેક રૂપે આનન્દ કરે છે અને તે જ પોતાના જ્ઞાનથી દૃશ્ય રહી એક રૂપે પણ આનંદ કરે છે તેથી મન પ્રાણ અને શરીરવાળા જીવભાવના અભિમાનની ગાંઠ કે જેનું મૂળ અહંકાર છે તે છોડી જગત અને ઈશ્વર સાથે એક થવું એટલું જ નહીં પણ તે આત્માનુભવથી આત્માની શક્તિઓ વિકાસ કરી પૂર્ણ સ્વતંત્ર સમ્રાટ્ થવું તે જ મનુષ્યજીવનનું સાર્થક છે મનુષ્યત્વ દરેકમા એક છે અને જીવભાવ ઉપર જણાવ્યા પ્રમાણે આવિર્ભાવ-તિરોભાવ થયા કરે છે બધા જીવોમા મનુષ્ય જ ગુણાતીત થઇ શકે છે બધા મનુષ્યો આ ઉત્તમ પદને પામે થાય તેટ જાણવું કે જગતમા મનુષ્ય સમાજ ઉત્કૃષ્ટ થઈ છે કે જે સમાજમા મુક્ત પુરૂષ દૃષ્ટાંતરુપ થવો જોઇએ એટલું જ નહીં પણ મનુષ્ય સમાજ તે પદને પામે તેને માટે તે મુખ્ય નેતા થવો જોઇએ

પણ એમ પુછો કે જીવ જગતનો આ આવિર્ભાવ-તિરોભાવ શા માટે થાય છે? ઇશ્વર જીવ અને જગતરુપે બહાર આવવા કરતા શાંત કેમ બેસી રહેતો નથી અને પોતાના આનંદમા જ નિમગ્ન કેમ રહેતો નથી તો તેનો અમે જવાબ આપીએ છીએ કે સચ્ચિદાનંદ ઇશ્વરના સ્વભાવમા જ એકરુપમાથી અનેકરુપે થવાનો સ્વભાવ નિત્ય રહેલો છે એકરુપે અને અનેકરુપે બન્નેરુપે સાથે આનન્દ લેવાનું તેની ચિત્ શક્તિમાં નિત્ય રહેતું છે આપણે એમ પણ પ્રશ્ન કરીએ કે ગાયક ગાય છે શા માટે? કવિ કવિતા કરે છે શા માટે? આંકડાશાસ્ત્રી દેશ અને કાળની ગણની કરે છે શા માટે? સત્‌ને ચિત્‌થી એકરૂપે અને અનેકરૂપે આનન્દ લેવો ગમે છે અને અનેકરૂપ ભેદ કર્યા વગર લઈ શકાય તેમ નથી તેથી જીવ અને જગત્ ઉત્પન્ન થયા વગર રહે જ નહીં

કાવ્યમાધુર્ય રૂ ૧-૮-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ

યુદ્ધની પૂર્ણાહુતિ અને શાન્તિની સ્થાપના થઈ છે. વિગ્રહે કરેલો વિનાશ શાન્તિના ઉદ્યોગોથી સુધરશે. યુદ્ધના ઉત્પાદકો વિનાશ કરે છે અને શાન્તિ પ્રસરાવનારાઓ તે સર્વને પુનઃ સજીવન કરે છે એ દુઃખદ ક્રમનો જગતને અનુભવ છે. પરંતુ આ યુદ્ધના ભયંકર વિધ્વંસ અને પ્રાણહાનિથી મનુષ્યજાતિને એટલો તો ક્ષોભ ઉત્પન્ન થયો છે કે મનુષ્યહૃદય હવે શાન્તિના સુખો અખંડિત કાયમ રહે એવી ઇચ્છા કરે છે. શાસન, ગુમાવેલા પ્રદેશોની પુનઃ પ્રાપ્તિ, વિગ્રહના ખપનો દંડ, વિનાશ થયેલા પ્રદેશોનું પુનઃ સજીવન, એ સર્વ પ્રશ્નોનો નિર્ણય કરવા ઉપરાંત સુલેહની પરિષદ (*Peace Conference*)માં, સમસ્ત જગતમાં બળ વિરુદ્ધ ન્યાયનો નિયમ સ્થાપીને અખંડિત શાન્તિ જળવાય એવી જે મનુષ્યજાતિની અભિલાષાઓ છે તેને પૂર્ણ મનોરથ મળવો જોઇએ. એથી ઉચ્ચતર અથવા પવિત્ર કાર્ય સુલેહ પ્રવર્તાવનાર કોઇપણ મંડળીને સોંપવામાં આવ્યું નથી. પ્રૅસિડન્ટ વિલ્સનની ધારણા પ્રમાણે એ કાર્યમાં સ્વાત્મભોગની અગત્ય છે. તે કહે છે કે "સુલેહની પરિષદના પ્રત્યેક સભ્યે અમુક ભોગ આપવાને તત્પર રહેવું જોઇએ. ગમે તેનો લાભ સમાયલો હોય તો પણ નિષ્પક્ષપાત ન્યાયને વળગી રહેવું એ જ એ ભોગ છે." આ ઉચ્ચ આશયને સિદ્ધ કરવાને માટે હિન્દુસ્તાન, આયર્લંડ, ઇજીપ્ટ અને અન્ય સર્વ દેશો તરફથી સરકારના નિર્માણના નહીં પણ જેમનીપર તેમના દેશબંધુઓનો વિશ્વાસ હોય એવા પ્રતિનિધિઓને તેમાં સ્થાન આપવાની જરૂર હતી. એ પરિષદના વાદવિવાદો અને નિર્ણયો સાથે ગાઢ સંબંધ ધરાવનારી મનુષ્યજાતના એકપંચમાંશ ભાગ-હિન્દની પ્રજા-ને બાતલ કરવાથી, નહિ ભરાય એવી ખોટ પામે છે. આવા યોગ્ય પ્રતિનિધિત્વની ગેરહાજરીમાં તેમ જ સખ્યાબંધ ગુંચવણ ભરેલા પ્રશ્નોનો નિર્ણય કરવાનો હોવાથી હિન્દી પ્રશ્નની ગંભીરતા તરફ દુર્લક્ષ કરવામાં આવશે અથવા તો યોગ્ય ધ્યાન અપાશે નહીં, એવો સંભવ હોવાનો અમને ભય રહે છે. તેથી બ્રિટિશ પ્રજા તેમ જ બ્રિટીશ રાજપુરુષોની મારફત સુલેહની પરિષદ આગળ હિન્દી વિષયો વિસ્તારપૂર્વક રજુ કરવાની અમે જરૂર જોઇએ છીએ અને અમોને એથી એવી આશા રહે છે કે એ જગતની શાન્તિ, સ્વતંત્રતા અને પ્રજામતના સિદ્ધાંતોને લગતા પ્રશ્નોનો નિર્ણય કરવામાં ક્રિયાત્મક સહાયરૂપ થશે.

યુદ્ધનાં કારણો.

જગતમાં શાન્તિ સાચવવાને માટે તેમ જ આત્મનિર્ણયના સિદ્ધાંતપ્રમાણે ભિન્નભિન્ન પ્રજાઓના વિકાસક્રમને ઉત્તેજન આપવાને પ્રજાઓનું મંડળ (*A League of Nations*) એ નામથી જે રાજકીય સંસ્થાની સ્થાપના થઇ છે તેને અમે અભિનંદન આપીએ છીએ. પરંતુ પ્રજાઓમાંથી વિગ્રહના મૂળ કારણોને દૂર કર્યા વિના કોઇ પણ મંડળ એ ઉચ્ચ આશયો સિદ્ધ કરી શકશે નહીં એવી અમારી માન્યતા છે. યુરોપના રાજકીય ઇતિહાસપર દૃષ્ટિ કરતાં જણાય-

છે કે આ યુદ્ધ અમુક આદર્શોને લીધે જન્મ પામ્યું છે એ, આદર્શોમાં, એવી અદ્ભૂત બળવાન પ્રયોજક શક્તિઓ રહેલી છે કે જગતની ભાવિ શાન્તિને હાનિ કર્યા સિવાય તેનો અનાદર કરી શકાશે નહીં. એ પ્રયોજક શક્તિઓ નીચે પ્રમાણે છે—(૧) ચક્રવર્તિત્વ—એટલે કે, અન્ય દેશોનો વિજય મેળવી શહેનશાહત સ્થાપવાની અભિલાષા (૨) નાશનલિઝમ એટલે કે, ૫ દેશી સત્તાને તોડીને એક પ્રજા તરીકે સંયુક્ત થવાની પ્રજાની અભિલાષા (૩) પ્રજાતંત્ર—એટલે આપખુદ કે જુલમી અમલદારોથી ચલાવવાની રાજ્યસત્તાને બદલે પ્રજાના હિત માટે અને પ્રજા વડે જ ચાલતી પ્રજાકીય સત્તા સ્થાપવાની ઇચ્છા (૪) ટ્રસ્ટી અથવા સુલેહના રક્ષક અથવા સંસ્કૃતિના ઉપદેશકો તરીકેના બહાના હેઠળ જગતની અન્ય પ્રજાઓ પર સ્વામિત્વ ભોગવવાને માટે યુરોપની મુખ્ય પ્રજાઓમાં રાજકીય કે ઔદ્યોગિક વિરૂદ્ધતા પ્રજાઓના પરસ્પરના સંબંધોમાં આ કારણો ઘણાં અગત્યનાં છે એવું અમે માનીએ છીએ જો લીગને જગતની શાન્તિની સ્થાપના કરવાનું આ મહાન્ અને સ્થાયી કાર્ય પાર પાડવું હોય તો યુદ્ધના આ દરેકે દરેક કારણો દૂર કરવાં પડશે ભિન્નભિન્ન પ્રજાનો પરસ્પર સંબંધ પ્રથમ ન્યાયના નિયમો વડે નક્કી થવો જોઇએ શાન્તિવર્ધક આશયોને અમલમાં આણવા જોઇએ અને યુદ્ધપ્રવર્તક શક્તિઓને દાબી દેવી જોઇએ આ પ્રમાણે કરવામાં ન આવે તો જે પ્રજાઓ હાલ સ્વતંત્ર નથી તેમની પ્રત્યે ખાસ કરીને, લીગ માત્ર અન્યાયનું સાધન થઈ પડશે શાંતિના આ મહાન્ પ્રશ્નનો નિર્ણય આત્મનિર્ણયના સિદ્ધાંતથીજ થઇ શકશે એવો અમારો અભિપ્રાય છે અને હિન્દે કે જેણે મિત્ર રાજ્યોને વિજય પ્રાપ્તિ માટે ધન, સૈનિકો અને સાધનો વડે અત્યંત સહાય કરી છે તેના સંબંધમાં પણ એ જ સિદ્ધાંતનો ઉપયોગ કરવાનો અમે હકક ધરાવીએ છીએ અમે જુદા પડી જઇ વિભકત થવાની માગણી કરતા નથી અમે તો માત્ર સમુદ્રપારનાં સંસ્થાનોની સાથે સમાનતાના દરજ્જાએ ભાગીદાર બનવા ઇચ્છીએ છીએ બ્રિટિશ સરકારની અને પ્રજાની અનુમતિ મળેલા પ્રેસિડન્ટ વિલ્સનના ચૌદ મુદ્દાઓ પ્રમાણે, ઓસ્ટ્રો-હંગેરીઅન અને ઓટોમન રાજ્યોમાં વસતી અનેક પ્રજાઓને આપવામાં આવેલી સત્તાના સરખી બ્રિટિશ છત્રની હેઠળ સ્વયવિકાસ કરી શકે એવી સંપૂર્ણ સ્વતંત્રરાજ્યસત્તાની માગણી કરીએ છીએ આત્મનિર્ણય રાષ્ટ્રીભાવના, પ્રજાઓની સ્વતંત્રતા, રાષ્ટ્રમાન અને સમાનતા સિદ્ધાંતોપર અમારી આ માગણીનો આધાર રહેલો છે યુદ્ધના સંબંધમાં આ અમર સિદ્ધાંતોએ હિન્દમાં નવજીવન પ્રકટાવ્યું છે અને હિન્દની આંતરિક અભિલાષાઓને સંતોષ આપવાને આત્મનિર્ણયના સિદ્ધાંતનો સંપૂર્ણ ઉપયોગ કર્યા સિવાય તેમ જ વિદેશી પ્રજાઓની હિન્દના સંબંધમાં સ્વાર્થી ઇચ્છાઓને નિર્મૂળ કર્યા સિવાય આ યુદ્ધનો મહાન્ હેતુ—જગતની શાન્તિ—એ સિદ્ધ થઈ શકશે નહીં એ સિવાય પ્રજામતની સત્તા જગતમાં સ્થાપી શકાય નહીં

હિન્દને માટે મન્રોવાદ (*Munroe Doctrine*)

દીર્ઘ સમયથી હિન્દુસ્થાન યુરોપના મુખ્ય રાજ્યોનું લક્ષ્યબિન્દુ થઈ પડ્યું છે એ નિર્વિવાદ છે, ઇગ્લાંડના તખ્તના સૌથી તેજોમય જવાહિર તરફ તેઓ ચોરની દૃષ્ટિથી તાકી રહેલા

છે બ્રિટિશ પ્રજાને ઉદ્યમ મેળવવાનાં સાહસો ખેડવા તેમ જ વિશાળ લાભો સંપાદન કરવાને જે સુન્દર ફળદ્રુપ-હરીયાળા મેદાનો વિસ્તરાયલાં છે તે તરફ તેમને ઇર્ષ્યા થાય છે પરંતુ યુરોપના ઉદ્યોગોને માટે કાચો માલ પુરો પાડવાના મથક તરીકે હિન્દની અમર્યાદિત શક્તિઓનો પુરો ઈંગ્લાંડને રણ ખ્યાલ નહતો કમનસીબે યુદ્ધને લીધે જર્મનોના મનોયોગોમાં જ્યાં સુધી હિન્દને વ્હાઈટહેલ તરફથી માત્ર એક રક્ષિત સંસ્થાન તરીકે આપખુદ સત્તાથી ચલાવવામાં આવશે ત્યાં સુધી આ નવા તત્વમાંથી શાન્તિની સ્થાપનાનો ભંગ થાય એવી શક્યતા ઉત્પન્ન થવાનો સંભવ રહે છે પૂર્વમાં બ્રિટિશ-સામ્રાજ્ય વ્યાપારીઓ તરફથી સ્થાપેલું છે અને બ્રિટિશ વ્યાપારીઓ કાંઈ પરોપકારવૃત્તિવાળા હોતા નથી જો કે હિન્દનો રાજ્યવહિવટ હિન્દના વ્યાપારથી વિભક્ત હોવા છતાં પણ માલીકીના હકોથી તેમ જ આદ્યોગિક કારણોના અનુકૂળતાપર બ્રિટિશ રાજનીતિ રચાયલી છે સીલીના મત પ્રમાણે વસ્તુત એનો અર્ધ જાગીરીની મિલ્કત જેવો જ થાય છે (*Seely's Expansion of England*) ૧૫૦ વર્ષના અમેરિકન પ્લેન્ટેશનને બ્રિટિશોને હાથે થયેલી હાનિના સમયથી આ આદત પડેલી છે" પોતાનાં સંસ્થાનો પ્રત્યેની યોગ્ય નીતિ ઈંગ્લાંડ માત્ર ધીરેધીરે જ શીખ્યું છે આરમ્ભમાં તો રોમની માફક પોતાનાં સંસ્થાનોને માત્ર ભોગવટાની મિલ્કત ગણીને પોતાના લાભ સચવાય એવી નીતિથી રાજ્ય ચલાવ્યું અમેરિકા ગુમાવ્યું ત્યારે જ એ નીતિ કેટલી દુષ્ટ દૃષ્ટિવાળી હતી તેનો અનુભવ તેને થયો પરંતુ સીલીના કહેવા પ્રમાણે એ હિન્દ પ્રત્યેની નીતિમાં એ વિચાર હજુ ચાલુ છે ખરેખર એક મહાન્ પ્રજાને માટે એ નીતિ અયોગ્ય છે. પરંતુ આ અપાત્રતાને બાજુપર મુકતાં, હિન્દના સાધનોથી ઈંગ્લાંડની જે આર્થિક ઉન્નતિ જળવાઈ રહે છે તેથી, તેમ જ નૌકા બળની સત્તા અને જગતના અર્ધભાગપરના તેના ચક્રવર્તિત્વને લીધે તેની સામેની જે અધમ ઇર્ષ્યાની લાગણીઓ ઉશ્કેરાયલી છે તેમાં વધારો થશે. હરીફાઈને લીધે યુદ્ધો જુલમ અને પ્રદેશો છીની લેવાને માટેના વિગ્રહો જન્મ પામે છે. આ આર્થિક આકર્ષણોને લીધે વિજેતાઓ અને રાજ્યોની લોભવૃત્તિમાં વૃદ્ધિ થશે તેની વ્યાપાર અને ધનની પ્રાચીન કીર્તિને લીધે મહાન્ સીકંદરના સમયથી મોટા વિજેતાઓ જમીન માર્ગે આકર્ષાઈ આવ્યા હતા પરંતુ મુસલમાનો જ્યારથી આવીને વસ્યા ત્યાંથી જમીન માર્ગની ચઢાઈઓ બંધ પડી છે તુર્કોએ કોન્સ્ટેન્ટીનોપલ છીની લીધું એટલે યુરોપથી હિન્દુસ્તાન આવવાનો જમીન માર્ગ બંધ પડ્યો અને પરિણામે સ્પેઈન અને પોર્ટુગલના નૌકાશાસ્ત્રીઓ જળમાર્ગે હિન્દ આવવાને માટે તૈયાર થયા એ પ્રમાણે કોલમ્બસે અમેરિકાની શોધ કરી અને વાસ્કો ડિ ગામા હિન્દ આવ્યો અને તે પ્રમાણે હિન્દ અને અમેરિકા યુરોપની પ્રજાઓની યુદ્ધભૂમિ બની " એ સાહસના મેદાનોમાં ફ્રાન્સ અને ઈંગ્લાંડ વચ્ચેના જે વિગ્રહનો અંત આવ્યો તેના નિર્ણય કરવા માટે હિન્દનાં ક્ષેત્રોમાં અસંખ્ય મરાઠાઓનો નાશ કરવામાં આવ્યો હતો." એ યુરોપીઅન કલહોનો શાપ અમેરીકામાંથી ટળી ગયો છે યુનાઇટેડ સ્ટેટ્સના મનરોવાદથી દક્ષિણના અમેરિકન પ્રજાકીય રાજ્યોનો સ્વતંત્ર વિકાસ થઈ શક્યો અમેરિકન યુનિઅને પ્રશંસનીય આત્મત્યાગથી તેમને પોતાના યુનિઅનમાં બળપૂર્વક સંયુક્ત કર્યાં નહીં પરંતુ હિન્દુસ્તાનને એ

પ્રમાણે લાભ મળ્યો નથી ઇંગ્લાંડે બેશક ડચ અને ફ્રેંચને હિન્દુસ્તાનમાંથી નસાડીને પોતાની સત્તા વિશેષ બળવાન કરી પરંતુ રશીઆ અને જર્મનીએ એ પછી એક હિન્દુસ્તાનપર આક્રમણ કરવાનો નિશ્ચય કર્યો જર્મન પ્રજાના આ દેશપરના ડાવતરાને લીધે કેટલેક અંશે હાલનું યુદ્ધ જન્મ પામ્યું છે એ વાતનો અસ્વીકાર કોઈક જ કરશે ૨૭મી જાન્યુઆરી ૧૯૧૮ ના ટાઇમ્સના કહેવા પ્રમાણે કેસર એમ બોલ્યો હતો કે "આપણે માત્ર હિન્દનો કબજો લેઇશું એટલું જ નહીં પરન્તુ આપણે ત્યાં વિજય મેળવીશું અને હિન્દી રાજાઓને બ્રિટિશ તરફથી જે મોટી આનંદ ઉત્પન્ન કરવાની રજા આપવામાં આવે છે તે આપણા આક્રમણ પછી આપણી પિતૃભૂમિમાં (*Father Land*) સુવર્ણના ઢગની માફક ચાલી આવશે' પરન્તુ હિન્દના કેળવાયલા વર્ગની રાજ્યભક્તિથી અને ડાવતરા રચનારની જર્મન આ લક્ષાઓ નાશ પામી પરન્તુ આ વિદેશી મહત્વાકાંક્ષાઓ અને આતરિક અભિલાષાઓથી અગત્ય તો સ્પષ્ટ જણાઇ આવે છે કે, એશિઆ અને આફ્રિકાને માટે મનરોવાદ સ્વીકારી હિન્દી પ્રશ્નોનો નિર્ણય કરવો જોઇએ, હિન્દને બાલ્યાવસ્થામાંથી મુક્ત કરી હિન્દી રાજ્યતંત્રના પ્રજામતને અનુસરીને રચના કરવી કે જેથી હાલની હરીફાઇઓ શાન્ત થાય અને જગતને ખાત્રિ થાય કે હિન્દના તેમ જ સમસ્ત માનવજાતિના કલ્યાણાર્થે હિન્દના પુત્રો જ હિન્દનું રાજ્ય ચલાવે છે

બ્રિટિશ રાજ્યનીતિ.

આતરિક પ્રશ્નોના સબંધમાં હિન્દ તરફની જે બ્રિટિશ રાજ્યનીતિ પ્રશ્નના ઉત્તર તરીકે, તા ૨૦ મી ઑગસ્ટ સને ૧૯૧૭ ને રોજ આમની સભામાં જાહેર કરવામાં આવી હતી નામદાર શહેનશાહની સરકારની રાજ્યનીતિ કે જે સાથે હિંદુસ્તાનની સરકાર સપૂર્ણ સમત છે તે એવી છે કે બ્રિટિશ સામ્રાજ્યના એક અખંડ ભાગ તરીકે હિન્દને ક્રમસર જવાબદાર રાજ્યતંત્ર આપવાના લક્ષ્યથી રાજ્યવહિવટની દરેક શાખામાં હિન્દીઓને વધતા પ્રમાણમાં ભાગ આપવો અને સ્વરાજ્ય ભોગવતી સંસ્થાઓનો ક્રમેક્રમે વિકાસ કરવો તેઓ એવા નિર્ણયપર આવ્યા છે કે એ દિશામાં બનતી ત્વરાએ સગીન પગલા ભરવા જોઇએ " ૧

હિન્દી પ્રધાને પોતાના પ્રત્યુત્તરમાં આ રાજ્યનીતિને હેઠળ મુજબ મર્યાદિત કરી હતી

આ નીતિ તરફ માત્ર ક્રમેક્રમે પ્રગતિ થઈ શકશે, એટલું જ ઉમેરીશ બ્રિટિશ સરકાર અને હિન્દુસ્તાનની સરકારપર હિન્દી પ્રજાના કલ્યાણની અને પ્રગતિની જોખમદારી રહેલી છે,

---

1 The policy of His Majesty's Government with which the 'Government of India are in complete accord is that of increasing the association of Indians in every branch of the administration and the 'gradual development of self governing institutions with a view to the 'progressive realisation of responsible government in India as an integral 'part of the British Empire They have decided that substantial steps in "this direction should be taken as soon as possible '




સમાલોચક,]   [માર્ચ, ઈ સ. ૧૯૧૯

કૅપ્ટન વિલ્સન 'હલો ! હિન્દ માટે શું ધાર્યું ?'

પાસપોર્ટ અમલદાર (લો ડ જ્યો) 'કૅપ્ટન સાહેબ !

દિલગીર છું પાસપોર્ટ મળી શકશે નહિ '

(નં ૧ ૨ ના ચિત્રો હોમરૂલ લીગ ફૉર ઇન્ડિયા લંડન તરફથી પ્રગટ થયેલાં 'સેલ્ફ ડીટરમિનેશન ફોર ઇન્ડિઆ'ના ન્હાના પુસ્તકમાં પ્રગટ થયેલા છે તે અત્રે ઉતાર્યાં છે)



સમાલોચક] [માર્ચ ઈ સ ૧૯૧૯

ક્રિસ્ટમસ સુરભી (મો ગ્યુ) 'બાઇસાહેબ ! કૃપા કરી

હિન્દ દેવી' 'ના માફ કરજો કૃપા તમારી એમા ચાકરની મને કંઇ જરૂર નથી'

ક્રિસ્ટમસ સુરભી 'દિલગીર છુ બાઇસાહેબ હાલ ખોરાકમા તે ભેળવવાનુ ફરમાન થયલું છે'

અને એ પ્રગતિના પ્રત્યેક પ્રમાણુ ની અને સમયના નિર્ણયનો તેમનીપર આધાર રહેવો જોઇએ ''૨

હિ દી પ્રધાને મર્યાદિત રૂપમાં આમ જણાવેની રાજ્યનીતિથી હિન્દને આત્મનિર્ણયનો સિદ્ધાંત લાગુ પાડવાનો ખરેખર ઇન્કાર થાય છે એ ઇન્કાર ત્રણ અનુમાનોપર રચાયનો છે પ્રથમ તો એ કે હિન્દ કાંઇ પ્રજા નથી માટે એ આત્મનિર્ણય માટે નાલાયક છે બીજુ એ કે સ્વરાજ્યના અન્તિમ લક્ષ્ય માટે હિન્દને ક્રમેક્રમે શિક્ષણ આપવાના હેતુથી તેને દિર્ઘ સમય સુધી વાલીપણા હેઠળ રહેવાની જરૂર છે પણ આ રાજ્યનીતિ, પ્રજાનરફથી કાંઇપણ આજ્ઞા વગર અને પ્રેસિડન્ટ વિલ્સને આત્મનિર્ણયનો સિદ્ધાંત જાહેર કર્યો તેમ જ બ્રિટિશ સરકારે તેનો સ્વીકાર કર્યો તે પહેલા જાહેર કરવામાં આવી હતી પણ આવી રીતે જાહેર કર્યા પછી અને માન્ય રાખ્યા પછી, હજીપણ ચાલુ રાખવુ એ ઉદાર રાજ્યનીતિજ્ઞતા અને રાજકીય જ્ઞાનદૃષ્ટિની વિરૂદ્ધ થશે અને ખાસ કરીને તેની અંદર રહેલા અનુમાનો અપ્રતિપાદ્ય અને ન્યાયવિરુદ્ધ હોવાથી તેથી અસંતોષ ઉત્પન્ન થાય એવો સભર રહે છે એટલા માટે આ પાન ઓમા અમે એ અનુમાનોનુ નિરીક્ષણ કરવા ધારીએ છીએ

હિન્દ એક પ્રજાતરીકે

એવી એક દલીલ કરવામા આવે છે કે હિન્દ કાંઇ એક પ્રજા નથી પરંતુ અનેક પ્રજાઓનો એ સમૂહ છે એ એક દેશ નથી પરંતુ એક ખંડ છે આ અમર્યાદિત વિશાળ વાક્યોથી સત્ય ઢંકાઇ જાય છે અને અજ્ઞાનીઓ એમા મુગ્ધ બને છે પ્રજા શબ્દનો શુ અર્થ થઇ શકે? અંગ્રેજ ફ્રેન્ચ અને પોલ એ શુ એક પ્રજા નથી? જો એ એક પ્રજા હોય તો, બંગાળી, પંજાબી, રજપુતો અને મરાઠાઓ પણ એક પ્રજા તરીકે જણાવી શકાય બંગાળીઓ એક જ પ્રદેશમા રહે છે અને તેમનુ જુદુ જ નામ છે ખરૂ જોતા તેઓ એક જ જાતિના ઉતરી આવેલા સંતાનો છે તેમનું રક્ત, ભાષા, સસ્કૃતિ સાહિત્ય, રિવાજો અને પૂર્વ વૃત્તાંત એક જ છે સામાન્ય અર્થ પ્રમાણે એક પ્રજાત્વના આ મુખ્ય ગુણો ગણાય છે ઇગ્લાન્ડના જુદા જુદા વર્ગોથી જેમ તેનુ એક પ્રજાત્વ નષ્ટ થયુ જણાતુ નથી તેમ તેમ હિન્દમા જ્ઞાતિભેદોથી એક પ્રજા તરીકેનુ તેનુ સ્વરૂપ કાયમ જ રહે છે વિભાગોના અસ્તિત્વથી એક પ્રજાત્વ નષ્ટ થતુ નથી અને જો એ પ્રમાણે બનતું હોય તો ધાર્મિક ઉદારતા અશક્ય જ થઇ પડે ખ્રિસ્તી ધર્મના જુદા જુદા પંથો વચ્ચે છે તેના કરતા હિન્દના આ વિભાગો વચ્ચે ઓછી રૂકાવટ છે ઇગ્લાન્ડ મા આવા સેંકડો પંથો છે પરંતુ હિન્દુસ્તાનમા તો માત્ર પાંચ જ મુખ્ય ધર્મ છે આમાના મુખ્ય પંથને માનનારી પ્રજાનુ તદન પચાસ ટકા જેટલુ છે બંગાળની જાતિ માટે જે કહેવામાં આવ્યુ છે તે હિન્દના સર્વ

૨ 'I would add that progress in this policy can be achieved by successive stages The British Government and the Government of India on whom the responsibility lies for the welfare and advancement of the Indian peoples must be the judges of the time and measure of each advance '

અસલી પ્રિન્ટિંગ પ્રેસ ૧ ૧૨-૦-- મેસ એમ. ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઇ

પ્રજાસમૂહોને માટે સ ખુ જ છે આવા સમૂહ લગભગ બાર છે બ્રિટિશોના આગમન સમય પર્યંત આ સર્વ વિભ ગો ઐતિહાસિક દૃષ્ટિથી વિભક્ત હતા તેમ જ એ પોતાનો રાજ્ય વહિવટ થોડે ઘણે અંશે સ્વતંત્રપણે પોતે જ ચલાવતા હતા બ્રિટિશ સરકારે પ્રાંતોની જે કૃત્રિમ રચના કરી છે તેથી આ ભાગોને કાંઈક અડચણ થઈ છે ખરી છતા પણ એ રેકમા પ્રજાકીય ભાવનાઓ આજ મોજુદ છે અને કોઈ પણ પ્રકારના જુલમ અથવા દમના કરવામાં આવે છે ત્યારે તે ભાવનાનુ પ્રાબલ્ય વ્યક્ત થાય છે લૉર્ડ કર્જને બગાળના ભાગના પાડ્યા ત્યારે એ જુસ્સો પ્રજાએ બતાવ્યો હતો ઐતિહાસિક પ્રમાણથી આ સર્વ વિભાગો, અંગ્રેજ ફ્રેન્ચ અને બેલ્જીયનોની માફક ભિન્ન ભિન્ન પ્રજારૂપે છે તેથી તેમને આત્મનિર્ણયનો તેમનો હક મળવો જોઈએ અને એ જ સિદ્ધાંતથી તેમને એકતાથી હિન્દુસ્તાનના સયુક્ત રાજ્યોરૂપે રહેવાને સપૂર્ણ હક છે

ઉપના વર્ગોના સબધમા અત્યાર સુધી તો આપણે સામાન્ય અર્થ પ્રમાણે પ્રજા એ શબ્દની વ્યાખ્યા જ આપી છે, પરતુ વસ્તુત તો એ શબ્દના વિશાળ અર્થ પ્રમાણે આખુ હિન્દ એક જ પ્રજા છે હિન્દુસ્તાનને જગતનુ સગ્રહસ્થાન (*epitome*) કહેવામા આવે છે પરતુ અનેકતામા પણ એકતા છે "સમુદ્રો અને પર્વતોથી ગુથાયલુ હિન્દ ભૂગોળના પ્રમાણમા એક જ દેશ છે"–વિન્સેન્ટ સ્મિથકૃત અર્લી હિસ્ટરી ઑફ ઇન્ડિઆ "બર્માને બાદ કરતા આપણા હિન્દના જેવો આખી દુનિયામા એક પણ દેશ નથી કે જેને કુદરતે એક સપૂર્ણ પ્રદેશ તરીકે જ રચ્યો હોય"–ચિશોમકૃત ભૂગોળ ત્યાની પ્રજાઓ એક જ આર્ય જાતિથી ઉતરી આવેલી છે કેટલાક ભાગોમા અપવાદ છે પણ ત્યા ત્યારે તેઓ એકમેકમા મિશ્ર થઈ છે ઈ. સ પૂર્વે ૩૧૫ મા એલેક્ઝાન્ડરે હિન્દપર ચઢાઈ કરી, તેના પહેલાના ઘણા પૂર્વકાળથી આખુ હિન્દ હિન્દુ વાતાવરણથી આચ્છાદિત થયુ હતુ સર્વ અનાર્ય પ્રજાઓ હિન્દુધર્મના છત્ર નીચે એક થઈ અને પરિણામે સમસ્ત દેશમા આર્યતત્વ પ્રધાન થઈ પડયુ હિન્દના મહાકાવ્ય મહાભારત કે જેમના ઘણી ખરી ભાષાઓમા સુન્દર ભાષાન્તર થયલા છે, તેમા અવતારોના ઉચ્ચ વિચારો–સદ્ગુણો અને કથા જે આજ પણ હજી ચિરજીવ છે તેમનાપર એ સંસ્કૃતિનો આધાર હતો સસ્કૃત એક વખતે સમસ્ત ભારતવર્ષની સામાન્ય ભાષા હતી મધ્યકાળમા યુરોપમા લૅટિનની માફક સસ્કૃત એક સમયે વિદ્વાન્ વર્ગની ભાષા હતી "હિન્દમા જો કે ૫૦૦ ન્હાની ભાષાઓ છે છતા તેમનુ ધાર્મિક સાહિત્ય, અને પવિત્ર ભાષા એક જ અને સર્વસામાન્ય, કે વર્ણ, ભાષા, સ્થિતિ કે ધર્મનો ભેદ, હોવા છતા પણ હિન્દુ ધર્મના અનુયાયીઓ એનો સામાન્ય સ્વીકાર કરીને તે તરફ માનની દૃષ્ટિથી જુએ છે એ ભાષા અને સાહિત્ય તે સસ્કૃત છે અને જગતમા સવથી પ્રાચીન એ ભાષા છે"–મોનિઅર વિલિયમ લૅટિનમાથી ફ્રેન્ચ, સ્પેનિશ અને પોર્ટુગીઝ ભાષાઓ ઉતરેલી છે તેમ જ સસ્કૃતમાથી ઉતરેલી ભાષાઓ પ્રજાના ત્રણ–ચતુર્થાંશ ભાગ બોલે છે જો કે નાની ભાષાઓ ઘણી છે છતા આખા હિન્દમા વપરાતી મુખ્ય ભાષાઓ તો બાર જ છે રાજકીય દૃષ્ટિથી આજે સમસ્ત હિન્દ એકત્ર છે અને પ્રાચીન

સમયમાં પણ એ જ એકતા હતી તેમાટે મુખ્યત્વ કરીને મહારાજા અશોકના કાળમાં તો પૂર્ણ રીતે. “પરન્તુ હિન્દના પ્રાચીન રાજકર્તાઓ હાલના ઝાર કે કૈસર કરતાં વિશેષ ઉદાર હતા અને તેથી ભાષા, સસ્કૃતિ કે ધર્મને સામાન્ય કરવા કદી પણ બળ વાપરતા નહિ પરંતુ દરેક પ્રજાને પોતાની જરૂરીઆત પ્રમાણે પ્રગતિ કરવાની સ્વતંત્રતા હતી. તેથી હિન્દુસ્તાનમાં રાષ્ટ્રીયત્વનાં સર્વ તત્વો છે—એટલે કે, તેનુ રક્ત, સસ્કૃતિ, ઇતિહાસ અને ધર્મ સામાન્ય છે મુસલમાન આક્રમણોથી અને મુગલોના રાજ્યથી આ હિન્દુ પ્રજાની પ્રગતિમાં કાંઈક અર્ગાણુ પડયું હતું તો પણ હાલની હિન્દના મુસલમાન પ્રજાનો મુખ્ય ભાગ તે સમયમાં મુસલમાન ધર્મને અંગીકાર કરનારા હિન્દુઓના વંશજો છે અને તેથી તેમણે પોતાના પ્રદેશોની ભાષા અને તેમનાં રિવાજો જાળવી રાખેલા છે અને ધાર્મિક વિષયો શિવાય દરેક બાબતમાં હિન્દુ સસ્કૃતિ તેમનામાં હજુ કાયમ રહેલી છે “પ્રત્યેક યુગમાં આપણા ગતપૂર્વજોએ આપણા વિચારો અને ભાવનાઓને ઘડયા છે ”—લે બોન-*Le Bon* ધાર્મિક ફેરફારોથી સૈકાઓનું કાર્ય નિષ્ફળ થતુ નથી “ હિન્દની શારીરિક અને સામાજીક ભિન્નતા તેમ જ ભાષા રિવાજો અને ધર્મની જે ભિન્નતા, એક અવલોકન કરનારની દૃષ્ટિએ પડે છે તે છતા પણ કૉમોરીન ભૂશીરથી તે હિમાલય પર્વત સુધી તેમનામાં ગુપ્ત રહેલી સમાનતા જણાઈ આવે છે ” —સર હર્બટ રિઝલી હિન્દની સસ્કૃતિ જગતના સર્વ દેશો કરતા જુદી પડે છે પરતુ હિન્દના સર્વ દેશોમા એ સામાન્ય હોવાથી મનુષ્યજાતિના સામાજીક અને માનસિક વિકાસના ઇતિહાસમા તેની એકત્ર ગણના થઈ શકે ” —વિન્સેન્ટ સ્મિથકૃત ઑલ્ડ હિસ્ટરી ઑફ ઇન્ડિઆ. આ ઐક્યની લાગણીના મૂળ અમર્યાદ દેશમા એટલા ઉંડા ગએલા છે કે જો કદિ દેશને જુદાજુદા સસ્થાનોમા વિભક્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો લોકોના રોષની લાગણીઓ તુરત જ ઉશ્કેરાઇ જાય નમુના આ લાગણીનુ મૂળ એટલું તો સબળ છે કે સસ્થાનોનો જાતીય વિભાગ કરવાની સાધારણ સૂચના પણ ઘણા હિન્દીઓની નજરમા અણગમો ઉત્પન્ન કરાવનારી અદેખાઈની નીતિ તરીકે લેખાય તેથી હિન્દ એક પ્રજા નથી એ આક્ષેપમા વજુદ નથી અને એ માન્ય કરી શકાય એમ નથી. રાજ્ય નીતિના સૂત્ર પ્રમાણે પ્રાચીન કાળની માફક ‘સામાન્ય વડીલોથી ઉતરી આવેલી અથવા અમુક ધર્મને માનનારી સ્થાનિક અથવા માત્ર શારીરિક અને પ્રાકૃતિક કારણોથી રચાયલી હોય તે કાંઇ હવે પ્રજા તરીકે લેખાય નહિ પરતુ પ્રજા એ એક નૈતિક અને રાજકીય વ્યક્તિ છે, ભૂગોળ કે ગુણધર્મના લક્ષણોની સામાન્યતાથી નહીં પરતુ રાજ્યવ્યવસ્થાથી ઇતિહાસમા ધીરેધીરે વિકાસ પામીને પ્રજા રચાય છે રાજ્યમાંથી જ પ્રજા રચાય છે પ્રજાથી પ્રથમ કાંઇ રાજ્ય હોતી નથી રાજ્યમાંથી અમુક સમયે પ્રજા ઉત્પન્ન થઇ શકે પરંતુ પ્રજાને જ રાજ્ય તરીકે ગણવું એ આધુનિક સસ્કૃતિથી વિરુદ્ધ છે ”—લોર્ડ એક્ટન જ્યારે લોકોમા અરસપરસ—સયુક્ત થવાની સહાનુભૂતિ ઉત્પન્ન થાય તેમ જ એક જ રાજ્યતંત્ર હેઠળ રહેવાની ઇચ્છા થાય, ત્યારે જ પ્રજા રચાય છે આવી રીતે, સયુક્ત થવાની ઇચ્છા હિન્દમા છે અને બ્રિટિશ સત્તાને લીધે ઉત્તેજન થઇ વૃદ્ધિ પામી છે ખરેખર સર હેન્રી મેઇનના મત પ્રમાણે “ રાષ્ટ્રીય ભાવના

પ્રથમ હિન્દમા જન્મ પામી હતી ત્યાર પછી તેનો પશ્ચિમના દેશમા વિસ્તાર થયો આ ભાવનાને લીધે જ એકત્ર સમ્થાનની રચના સભવિત છે આ પ્રમાણે ઑસ્ટ્રીઆ-હંગરી (*Dual Monarchy*)ના જેવી, મત રશિયન રાહેનશાહત, અને આયરીશ કે ઇગ્લીશ અથવા યુરોપની બીજી કોઈ પણ રાષ્ટ્ર પ્રજાઓ કરતા, બગાલી, મરાઠા, મદ્રાસી, શીખ અને અન્ય પ્રજાઓ એકત્ર થવાને વધુ ઇંતિજાર છે ૧૯૧૬મા લખનૌમા હિન્દુ અને મુસલમાનો વચ્ચે જે કરાર થયા હતા તે બતાવી આપે છે કે હિન્દીઓ પરપરની ભિનતા કેટલી સ્હેલાઈથી દૂર કરી શકે છે પરતુ આખી હિન્દી પ્રજાએ એક જ ધર્મ અને ભાષાનો સ્વીકાર કરવો જોઇએ એમ માનવુ એ માત્ર ગાંડપણુની જ પરાકાષ્ઠા છે એથી મધ્યકાલિન યુરોપની ભાવનાઓ જાગૃત થાય છે એક જ સામ્રાજ્ય, એક જ પ્રજા અને એક જ ધર્મ ! અને તેથી અધમાધમ અત્યાચારો થયા હતા જગત્ હવે એવા અત્યાચારોથી મુક્ત થયુ છે એ સુખાજનક છે અમેરિકાએ જગતને રાજકીય એકતાનું દૃષ્ટાત આપ્યુ છે એ સિદ્ધાત સૌથી નવીન હોવા છતા સ્વતત્રતા અને શાન્તિના ઉચ્ચ ગુણોથી સપૂર્ણ છે સ્થાનિક રીવાજો અને પ્રવાણુ હકોને રક્ષણ મળે એવી સપૂર્ણ વ્યવસ્થા કરી સ્વતત્રતાના અતિ ઉજ્જવળ પરિણામો સફળ થાય, ગુનામગિરીના પ્રતિબધક કાયદાઓ અને આપખુ અધિકારનુ ખડન થાય એમ બની શકે તેટલા ઉચ્ચ પ્રકારની રાજ્યવ્યવસ્થાનો સ્થાપના લોર્ડ એક્ટનના મત પ્રમાણે એ સિદ્ધાતથી સભવિત અને સાધ્ય બની શકે છે આવા પ્રકારની વ્યવસ્થાને માટે હિન્દ અશક્ત છે એમ અનુમાન કરવાને માટે કાઈપણ પ્રમાણ નથી ઉલટુ લોર્ડ એક્ટને જે સ્થિતિની અને શક્તિઓની આવશ્યકતા વિષે સ્પષ્ટ જણાવ્યુ છે તે હિન્દમાં વિશિષ્ટ પ્રમાણમા અસ્તિત્વ ધરાવે છે હિન્દના અમલદાર વર્ગના સ્વાર્થીપણાના કારણ વિયોગે અને પદ્ધતિના પરિણામે અને બધનકર્તા સર્વવ્યાપક સત્તા તરીકે, જે નિરકુશ અને લાગણીશૂન્ય અને બેપરવાઈ ભરેલી નીતિ અખત્યાર કરવામા આવી છે તેથી આવી એકત્ર વ્યવસ્થાનો હિન્દમા વિકાસ થયો નથી તેનો દોષ તેમને જ શિર પડે છે

રાજકીય ટ્રસ્ટી વાલીપણુ (Trusteeship)

વાલીપણાના સિદ્ધાતમા જ એવો ભાવાર્થ રહેલો છે કે ટ્રસ્ટી પોતે પણ યોગ્યતા ધરાવે છે પરન્તુ શુ પશ્ચિમ કદિએ પૂર્વને માટે યોગ્ય ટ્રસ્ટી હોઈ શકે ? દૈહિક જડવાદવાળી બ્રિટીશ પ્રજાને શી રીતે બ્રહ્મભાવનાવાળી પ્રજા સોપી શકાય ? ઉભય સસ્કૃતિમા એટલી ભિન્નતા છે કે એક ઇંગ્લિશ કવિ ઉચ્ચારે છે કે "પૂર્વ તે પૂર્વ જ છે અને પશ્ચિમ તે પશ્ચિમ જ છે અને ઉભયનો કદિએ સયોગ થશે નહી", "હિન્દી સસ્કૃતિનો માર્ગ નિરાળો છે ઈંગ્રેજી ધોરણે હિન્દી સસ્કૃતિનો વિકાસ કરવો એ વટવૃક્ષ સાથે ઓકવૃક્ષ (*Oak*) ને સયુક્ત કરવા સરખુ છે વર્તમાન સમયની ભાષામા કહીએ તો હિન્દને આત્મનિર્ણયનો હક મળવો જોઇએ" —બર્નાર્ડ હૅટન, પોલિટિકલ મિમ્પ ૧૯૧૮ ઈંગ્લાડ હિન્દને માટે યોગ્ય ટ્રસ્ટી હોઈ શકે જ નહી કારણ કે સગીરને માટે શુ લાભ કારક છે તે સમજવામાં ટ્રસ્ટી પોતાની ઇચ્છાનો બળપૂર્વક અમલ કરે છે, પરતુ વહિવટ કરનાર—*Executor*—એમ કરતો નથી "તેનુ

પરિણામ શોકજનક છે હિન્દ જર્મની અને જાપાન કરતા ઠેઠ પાછળ પડી ગયું છે જર્મની અથવા જાપાનમાં ૫૦ વરસમાં જે પ્રગતિ થઈ છે તે કરતાંએ ૧૫૦ વરસના બ્રિટિશ અમલ નીચે હિન્દમાં ઘણી જ થોડી પ્રગતિ થઈ છે જાપાનીસો કે જર્મનો જેટલી જ બુદ્ધિ અને કાર્યશક્તિ હિન્દીઓ ધરાવે છે ઉદ્યોગહુન્નરમાં ત્વરિત પગલાં ભરીને જર્મની જગતમાં શ્રેષ્ઠ કાર્યાન્વિત થઈ પડયું છે અનુપમ સાધનો હોવા છતાં હિન્દ માત્ર ઔદ્યોગિક બાલ્યાવસ્થામાં રહી ગયું છે સો વર્ષ પહેલાં હિન્દમાં ભણેલાઓની સંખ્યાનું પ્રમાણ ઈંગ્લાંડના જેટલું જ હતું આજે ઈંગ્લાંડમાં વાંચી અને લખી શકે એવાઓનું ૯૫ ટકા પ્રમાણ છે જ્યારે હિન્દમાં માત્ર તે ૭ ટકાનું જ પ્રમાણ આવે છે અન્ય ગમ્ભીર દોષોને સ્પષ્ટ કરવાની જરૂર નથી વૃક્ષ જેમ છાયામાં વૃદ્ધિ પામતું નથી તેમ જ ટ્રસ્ટીઓના આધિપત્યના આવરણ નીચે કોઈ પ્રજા વિકાસ પામી શકતી નથી પરંતુ “ ટ્રસ્ટીપણાના આદર્શ ”ને અધિકારીવર્ગ મમતથી હજુ સુધી વળગી રહે છે

આવા ટ્રસ્ટીપણાને વળગી રહેવાથી હિન્દીઓની લાગણીપર કેવો કારી ઘા પડે છે તેનું ઇંગ્રેજોને ભાન થતું નથી ટ્રસ્ટીઓ સગીરને માટે નિમાય છે હિન્દ કાંઈ બાળપ્રજા નથી, તેમ છેક જંગલી સ્થિતિમાંએ નથી પરંતુ મનુષ્ય કુટુંબમાં જ્યેષ્ઠ ભ્રાતા છે, તેમ જ મનુષ્યજાતિના અર્ધભાગને સાંત્વન આપનારા ધર્મો અને ક્રિસ્તુરીની જન્મભૂમિ તરીકે હિન્દ વિખ્યાત છે દિવાની કાયદાપ્રમાણે ટ્રસ્ટીઓ સગીરપણાની મુદત દરમિઆન નિમવામાં આવે છે એટલે યોગ્ય સમયમાં ટ્રસ્ટીપણાનો અંત આવે છે જો સ્વનિર્મિત ટ્રસ્ટીપણાનો જ્યારે ટ્રસ્ટીઓ સગીરને શક્તિવાન ધારે ત્યારે અંત આવતો હોય તો સમાજની શી સ્થિતિ થાય તેનો વિચાર કરતાં જ કમકમાટ ઉત્પન્ન થાય છે. જો ટ્રસ્ટની મિલ્કતથી ગેરલાભ થતો ન હોય તો આવા સંજોગોમાં તો કોઈપણ ટ્રસ્ટી સ્વેચ્છાથી પોતાના ટ્રસ્ટીપણાનો ત્યાગ કરશે નહીં રાજકીય ટ્રસ્ટીઓને પણ પોતાનું ટ્રસ્ટીપણું જન્માંતકાળસુધી લંબાવવાને અસંખ્ય કારણો મળશે. આત્મનિર્ણય, સ્વતન્ત્રતા અને લોકશાસનના સિદ્ધાંતોથી ટ્રસ્ટીપણું વિરુદ્ધ છે રાજ્યતન્ત્રમાં ભૂલો થાય તો પણ પ્રજાને માટે સ્વરાજ્ય સારૂં છે જો, હિન્દીઓને સ્વતન્ત્રતા આપવામાં આવે તો જાપાનની માફક ચાળીસ વરસમાં તેઓ પણ પોતાના પ્રશ્નોનો યોગ્ય નિર્ણય કરી શકે કદાચ ગમે તેવો સ્વાર્થરહિત વિદેશી હોય પરંતુ તેનાથી એ કાર્ય સેંકડો વરસમાં પણ ન થઈ શકે કારણ કે, તે પ્રજાની જરૂરીઆતો અને ભાવનાઓ સમજી શકવાને અસમર્થ હોય છે કોઈપણ વિદેશી રાજ્યકર્તા પોતાના અમલ હેઠળની પ્રજાને, સ્વરાજ્યનું શિક્ષણ આપી શકે નહીં અધિકારીવર્ગનો બચાવ કરનારાઓ પણ હવે કબુલ કરે છે કે તેઓ હિન્દીઓને સ્વરાજ્યનું શિક્ષણ આપવામાં નિષ્ફળ નીવડ્યા છે અને તેઓ માને છે કે, હવે હિન્દીઓને સ્વરાજ્યની કેળવણી આપવાનો હૃદયપૂર્વક આરમ્ભ કરે છે પરંતુ વિદેશી સત્તાથી એ કાર્ય કરવું એ યોગ્ય પદ્ધતિ નથી સ્વદેશી રાજ્યતન્ત્ર એ જ યોગ્ય માર્ગ છે “ ઘણો ઉંડો જેનો મૂળ ગયેલો છે એવી પ્રાચીન અને અનેક વિવિધતાથી સુધારેલી સંસ્કૃતિ ધરાવનાર

ઑટોનોમી ને સ્વરાજ્ય ? ૦-૮-૦, એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ

પ્રજાને રાજકીય દાસત્વમા રાખી, પોતાને અનુકૂળ માર્ગે પ્રગતિ કરવા અને પોતાના પ્રશ્નોનો સ્વતન્ત્ર નિર્ણય કરતા અટકાવવી એ માત્ર એક ગંભીર રાજકીય ભૂલ છે એટલુ જ નહી, પરતુ તેથી સમસ્ત મનુષ્યજાતિનો વિદ્રોહ થાય છે "–બર્નાર્ડ હૉટન, 'પોલિટિરિસ્ટ' ડીસેમ્બર ૧૯૧૮ આવા સજોગોમા જેમ અમેરિકાએ ફિલિપાઈનમા કર્યુ હતુ તેમ હિન્દની ક્રોગ્રેસ જે કાઇ કરી શકે એમ છે તે એ કે આ સયોજીત ટ્રસ્ટીપણાના અમલનો સમય તેણે નક્કી કરવો જોઇએ આ પ્રકારના સમય બધનશિવાય બ્રિટિશ ટ્રસ્ટીપણુ એ અમલ રોમમાં પ્રચલિત નિરકુશ પિતૃસત્તાનુ રૂપાન્તર જ ગણાય. ઉદાર ધારાશાસ્ત્રીઓના પ્રયત્નોવડે મહામુશ્કેલીથી રોમ તે કાયદાથી મુકત થયુ હતુ મૉન્ટેગ્યુ ચેમ્સફર્ડ રીપોર્ટમા જણાવેલી અધિકારવર્ગની સુધારાની યોજનાપર વિચાર ચલાવવાના ખાસ હેતુ માટે સને ૧૯૧૯ ના ગયા ઑગસ્ટમા ભરાયલી હિન્દી રાષ્ટ્રીય સભા અને સમસ્ત ભારતવર્ષીય મૌસ્લેમ લીગની બેઠકમા હિન્દે નિશ્ચયપૂર્વક જણાવ્યુ છે કે ગમે તે સજોગોમા પણ આ મુદત ૧૫ વર્ષ કરતા વધારે હોવી જોઇએ નહિ

પદર વર્ષની મુદતના ઢગથી કુદરતી રીતે સુધારાના વિષયમા કાઇક પ્રારભ થશે એ સિદ્ધ થાય છે હિન્દી સરકાર એક અત્યત આપખુદ સત્તાનુ મધ્યસ્થાન છે "હિન્દનો વાઇસરૉય અને રશિયાના ઝાર એ આધુનિક દુનિયાના બે મહાન્ આપખુદ સત્તાધારીઓ છે, એમ કેટલીક વખત જણાવવામાં આવે છે"–પ્રો લૉવેલકૃત 'ઇગ્લાડનો રાજ્યવહિવટ' હિન્દે નક્કી કર્યુ છે કે હિન્દી રાજ્યવહિવટમા સુધારાનુ પ્રથમ પગલુ કૉન્ગ્રેસ–લીગની યોજનાપ્રમાણે થવુ જોઇએ બ્રિટિશ સરકાર હિન્દી સરકારની આપખુદ સત્તાચાલુ રાખવા અને માત્ર તેની પ્રાતિક સરકારને દ્વિરાજ્યશાસન–ડાયર્કી (*Diarchy*) મા બદલી નાખવા માગે છે. તેને રાજ્યવહિવટના છેક નીચેના પગથિએ મૂકી અને પ્રત્યેક દસ વર્ષે તેમની શક્તિ વિષે અધિકારીવર્ગ સમયની યોજના પ્રમાણે પરિક્ષા લે અને તેપરથી સ્વરાજ્યના લક્ષ્ય તરફ ધીરે ધીરે પગલે પ્રગતિ કરવાનો ઇરાદો રાખે છે પ્રત્યેક વિગતપર ચર્ચા કરવી એ અસ્થાને છે. પરતુ હિન્દી પ્રજાના સ્વદેશાભિમાન, બુદ્ધિબળ અને કાર્યશક્તિપર જે કલક લગાડવામા આવ્યુ છે તે સામે અમે અમારો સખ્ત અણગમો જાહેર કરીએ છીએ હિન્દની પ્રજા યુરોપની પ્રજા જેટલી જ ચતુર, વફાદાર અને બુદ્ધિમાન છે એ સ્થાપિત થયુ છે. હિન્દની પ્રાચીન સસ્કૃતિએ તેમનુ ચારિત્ર્ય બધારણ ઘણુ છે અને કોઈ પણ સુધરેલા રાજ્યમા નાગરિકત્વ માટે તેમને યોગ્ય બનાવ્યા છે તેમની શક્તિ વિરુદ્ધ જે એક કારણ લાવવામા આવે છે તે એ છે કે તેમનો મોટો ભાગ નિરક્ષર છે પણ આ કાઇ તેમનો દોષ નથી એ ફરિયાદ તો અધિકારવર્ગની સામે પ્રજાની છે ગયા ૧૫૦ વર્ષ દરમિયાન તેમને વાચતા લખતા શીખવવાની તેમની ફરજ હતી

ગ્રેટબ્રિટન, જાપાન અને અન્ય સર્વ દેશોએ આ સમયમા એ પ્રમાણે જ કર્યુ છે, પરતુ હિન્દ પાછળ રહી ગયુ છે હિન્દીઓએ એક ખાનગી બીલમા ફરજિયાત પ્રાથમિક

કેળવણીના સિદ્ધાંતની હિમાયત કરી હતી તેની તરફ ટુંક સમયપર જ 'અધિકાર' વર્ગ તરફથી વિરૂદ્ધતા મનાવવામાં આવી હતી આવી સ્થિતિમા રાજકીય હક્કો ન આપવાનુ કારણ અવિદ્યા છે એમ કહેવુ એ રાજ્યાપર ડ્હાપણ સન્મુ છે આ અપમાન બાજુએ મુકતા પણ સ્વયવિકાસને માટે સ્વતંત્રતાની જરૂર છે અને પ્રગતિના માર્ગમા એની સાથી વિશેષ અગત્ય છે, એ સિદ્ધાંત પણ સુધારાની યોજનામા જણાતો નથી આપણે કદાચ પ્રગતિ પગને પગને કરીશુ પરતુ સ્વતન્ત્રતા કાંઈ પગને પગને મેળવી શકાતી નથી ગુલામને ગુલામગિરીમાં પગને પગને મુક્ત કરી શકાય નહીં પરાધીનતાની બેડી એક પછી એક કડીઓ તોડીને ભાગી શકાય નહીં સ્વતન્ત્રતા આપણને એમ ધીરે ધીરે મળે નહીં એક જ ઝપાટાથી અને તરત જ સ્વતન્ત્રતા આપવી જોઇએ અને ત્યારે જ પ્રગતિ થાય બન્નેના સમયમા નિયમિત અતરે ક્રમવાર ઉન્નતિ થવી જોઇએ એ સત્ય છે પરતુ સુનભદુગબેદન, લીપ્ટ્સ અને હવાઇ વિમાનોના આ કાળમા પ્રત્યેક સમયાતરનુ આયુષ્ય ' દશ વર્ષ 'નુ ન હોવુ જોઈએ આધુનિક રાજ્યપદ્ધતિ મેળવતા બ્રિટિશ પ્રજાને ઘણો વર્ષ થયા છે એમ આપણને કહેવામા આવે છે પરતુ એથેન્સે એક જ પેઢીના જીવનકાળમા અને ફ્રાન્સે માત્ર ૭ માસમા એવુ બધારણ મેળવ્યુ હતુ લોર્ડ એક્ટન કહે છે કે " અલ ઓફ લિસેસ્ટર અને લોર્ડ બિકન્સફીલ્ડની વચ્ચેના ૬૦૦ વર્ષના અતરમા ઇગ્લાંડે જેટલી પ્રગતિ કરી હતી તેટલા જ પ્રમાણમા, સને ૧૭૮૯ ના જાન્યુઆરીથી જુલાઈમા બેસ્ટાઇલના કીલ્લાનુ પતન થયુ તેટલા સમયમા ફ્રાન્સ આગળ વધ્યુ હતું " જમીનને યોગ્ય બનાવી ઉપર રેલપાટાની સડક બાધી હોય તો, મુસાફર ત્યાર પછી (*Flying Dutchman*) ગરૂડપક્ષીના વેગથી આગળ વધી શકે છે ગુરુત્વાકર્ષણના નિયમનુ ન્યૂટને શોધન કર્યું તે પહેલા સમયના અનેક સૈકાઓ વહી ગયા હતા. હવે પ્રત્યેક નાનવિદ્યાર્થી એ નિયમ ઘણી સ્હેલાઇથી શીખી શકે છે પદાર્થ વિજ્ઞાન અને રાજનીતિ એ વિષયમા સમાન છે "કોઈ પણ પ્રદેશમા સ્પષ્ટ કાયદેસર રાજ્યસત્તા સ્થાપાયા પછી કોઇ પણ સજોગોમા આરભની સ્થિતિને યોગ્ય હોય એવી રાજનીતિનુ પ્રજામા કદિપણ પુનરાવર્તન કરવુ નહીં "—ઑગસ્ટે કોમ્ટકૃત પૉઝીટીવ પોલીટી હિન્દીઓને જો સ્વતત્રતા આપવામા આવે તો પ્રજાતન્ત્રીય નિયમોપ્રમાણે પોતાના સ્વદેશના પ્રશ્નોનો ટુક સમયમાં નિર્ણય કરવાને તેઓ શક્તિવાન છે એમા કોઈ પણ પ્રકારનો શક નથી પૌર્વાત્યોને આપઅખત્યારી રાજ્યપદ્ધતિ જ પ્રિય હોય છે એવુ અનુમાન એકદમ કરવુ નહીં હિન્દમા પ્રજાતન્ત્રી સસ્થાઓ આપઅખત્યારી રાજ્યપદ્ધતિ કરતાં પણ વિશેષ પ્રાચીન છે એ જ ખરૂ સત્ય છે અમારા પૂર્વજો પ્રજાતન્ત્રીય સંસ્થાઓથી સપૂર્ણ પરિચિત હતા હિન્દના મહાકાવ્ય મહાભારતમા લોકશાસનવિષે સુચનાઓ કરી છે એટલુ જ નહીં પરતુ તે વિષયપર સવિસ્તર વર્ણન કરેલુ છે અને તે યુગમા પ્રજાતન્ત્રોના અસ્તિત્વ વિષે બુદ્ધધર્મના સાહિત્યપરથી આપણી સપૂર્ણ ખાત્રિ થાય છે ગામડાઓમા પ્રજાસત્તાક વહિવટ યુગ જોસમા ચાલુ હતો એમ તે સમયમા અહી આવનારી ગ્રીક પ્રજાને જણાયુ હતું હિન્દુસ્તાનમા, મેગેસ્થિનિસથી તે મનુરો સુધી એટલે લગભગ

૨૦૦૦ થી વધારે વર્ષ સુધી (૫૦૦૦૦૦) પાચ લાખ ગામડાઓમા ગામની અનેક વર્ણોથી સ્થાપના પ્રજાતન્ત્રની પદ્ધતિ આબાદીથી ચાલુ હતી અને અંતે હિન્દી ઈગ્રેજોની સર્વંન્કુશ મુકવાની પદ્ધતિથી તેનો નાશ થયો આ સમયમા જુદીજુદી જ્ઞાતિઓની મજબુત પચાયતની પદ્ધતિમા એ પ્રજાસત્તાક વહિવટના અગ સાચવાયના છે લોકપ્રિય સસ્થાઓ ચલાવવામાં હિન્દી પ્રજા કરતા જગતની કોઈપણ પ્રજાને વિશેષ નામો કે બહોળો અનુભવ નથી તેથી પ્રજાસત્તાક સસ્થાઓ ચલાવવાને હિન્દીઓ અશક્ત છે એમ અનુમાન કરવુ એ અસંગત છે.

સપણુ સ્વતત્રતાથી જાપાનની માફક હિન્દ અત્યન્ત વેગથી આગળ વધી શકશે, અને પરિણામે તેથી બ્રિટનના પરિબળમા વૃદ્ધિ થશે. તેમ જ માનવજાતિના ઉત્કર્ષમા હિન્દ સન્માન્ય સહાય આપી શકશે પોતાનુ પ્રાચીન ગૌરવ સજીવન કરવાને માટે હિન્દ આતુર છે એમા કોઇ પણ જાતનો શક નથી સ્વતત્રતાથી તેનામા નવજીવનનુ સ્ફુરણ થશે. તેથી ઇગ્લાડના ઉચ્ચ મનોવૃત્તિવાળા રાજનીતિજ્ઞ પુરુષો, સમયને યોગ્ય વર્તન કરી, સુલેહની પરિષદ્મા હિન્દની આ માગણીને અનુમોદન આપી, પોતાની અનુકૂળતાપ્રમાણે પ્રજાસત્તાક સસ્થાઓની વ્યવસ્થા કરવાની તક મેળવવા માટે ઘણા દીર્ઘ સમયથી હિન્દ જે આશા રાખતુ આવ્યુ છે તે પૂર્ણ કરીને, તેથી બ્રિટિશ રાજ્યતત્રના પરિબળમા વૃદ્ધિ કરશે, એવી આશા રાખવામા આવે છે

ઉપસહાર

અમારા વચના સિદ્ધાતોને આધારે માગણી કરીએ છીએ કે બ્રિટિશ પાર્લામેન્ટે બ્રિટિશ રાજ્યતત્રના એક અગ તરીકે હિન્દને સ્વરાજ્યસત્તા મળે એવી સપૂર્ણ યોજના ઘડવી જોઇએ, અને સાથે ટુંક સમયને માટે એવા નિયમો રાખવા જોઇએ કે કોંગ્રેસ અને મુસ્લીમ લીગે નિર્ણીત કરેલા સમયની અદર એ સર્વ યોજના સપૂર્ણ વ્યવહારમાં આવે અમે જે પ્રકારની સ્વરાજ્યસત્તાની હિમાયત કરીએ છીએ તે ટુકમા નીચેપ્રમાણે જણાવી શકાય:—જુદીજુદી પ્રજાઓને ધ્યાનમા લઈ તે પ્રમાણે હિન્દુસ્તાનના અનેક પ્રાન્તોમાં વિભાગ પાડવા જોઇએ પ્રત્યેક પ્રાન્ત પોતાની આતરિક વ્યવસ્થા ચલાવે અને તેને માટે તે પ્રાન્તને જોઇતી સત્તાઓ સોપવી રાજ્યપદ્ધતિનુ બધારણ પ્રજાસત્તાક હોવુ જોઇએ આ સર્વ પ્રાન્તોને એકત્ર કરી હિન્દુસ્તાનના 'સયુક્ત સસ્થાનો' બનાવવાં અને સમસ્ત હિન્દની આતરવ્યવસ્થા કરવાને માટે લોકમતાનુસાર સામાન્ય ધારા ઘડનારી અને અમલમા મુકનારી સભાઓ સ્થાપીને તેને સત્તા આપવી આ પ્રમાણે હિન્દના સયુક્ત રાજ્યો (*United States of India*) બ્રિટિશ સામ્રાજ્યના એક અગ તરીકે ગણાય અને સામ્રાજ્યના અન્ય કોઇપણ અગના સરખી હિન્દની ગણના થાય સમસ્ત રાજ્યતત્રના વિગ્રહ, સન્ધિ, લશ્કર, નૌકાબળ અને પરદેશ સબધના વિષયોનો નિર્ણય કરવા માટે, સર્વોપરિ કાયદાઓ ઘડનારી તેમ જ અમલમા મુકનારી સસ્થાઓની સ્થાપના થવી જોઇએ આ દેશમા બ્રિટિન રાજ્યના સર્વ પ્રદેશો, અંદર સમાયના વિભાગોની વ્યવસ્થિત કરવાની સપૂર્ણ

સ્વતંત્રતા જળવાઇ રહે એવી રીતે સંયુક્ત થશે. આવી પદ્ધતિને લૉર્ડ ઍક્ટન તરફથી આશિર્વાદ મળેલા છે, તે કહે છે કે, “અનેક ન્હાના સંસ્થાનોથી રચાયલાં જે સામ્રાજ્યના મુલકમાં ભિન્નભિન્ન વર્ગો નિવાસ કરે છે, તે અન્ય કોઇપણ સંભવિત યોજનાઓ કરતાં ઉચ્ચ વિકાસ પામેલી સ્વતંત્રતાની પદ્ધતિની સ્થાપના વિગેરે અનુકૂળ થઇ પડે છે. જ્યારે સામ્રાજ્યસત્તામાં યથાશક્તિ ઉત્તમ સુવ્યવસ્થા દાખલ કરી હોય ત્યારે તો ઉપર વર્ણવેલી સ્થિતિ ખાસ અગત્યની છે. આ પ્રકારના દેશમાં સ્વતંત્રતાના અત્યંત વધારે પરિણામો નીવડે તથા એકહથ્થી અને અનિયંત્ર અધિકાર દૂર થઇ શકે.” આવી રાજ્યવ્યવસ્થામાં ઉદાર અને ઉચ્ચતર આદર્શ સમાયલો છે એ “વૈરયુક્ત નહિ પરન્તુ સ્નેહભાવનાપર રચાયલા,” જગદ્વિશાળ “સામ્રાજ્યનો” આદર્શ છે.’—હર્બર્ટ સ્પેન્સર. અલ્સ્ટરના પ્રશ્નને લીધે ન્હાના સંસ્થાનોની એકસત્તાનો સિદ્ધાંત બ્રિટિશ રાજનીતિની સમક્ષ ઉપસ્થિત થયો છે. બ્રિટિશ સામ્રાજ્યની પુનર્રચના સાધારણવી કરવાથી સિદ્ધ થઇ શકશે નહિં. પરન્તુ જોડાયલા સંસ્થાનોના અરસપરસ અભિપ્રાયપ્રમાણે આટલા ફેરફારો કરવાની અગત્ય છે. અમે જે પ્રકારના સ્વાયત્તશાસનની હિમાયત કરીએ છીએ તેથી બ્રિટિશ સામ્રાજ્યનો પાયો પ્રજાઓના સ્નેહથી દ્રઢતર થશે, દ્વેષનો નાશ થશે, અને માત્ર હિન્દનું જ નહીં પરન્તુ સમગ્ર માનવજાતિનું કલ્યાણ સધાશે એવો અમારો અભિપ્રાય છે. આવી આશાઓ રાખીને અમે સર્વની સહાનુભૂતિ અને સહાય માટે વિજ્ઞાપના કરીએ છીએ.”

---

* હોમરૂલ લીગ ફોર ઇન્ડિઆ લંડન, તરફથી પ્રસિદ્ધ થએલા ‘હિંદ માટે આત્મનિર્ણય’—Self-Determination for India—નામના અંગ્રેજી લેખપત્રનો અનુવાદ.—ભારતજન



બરમિંગહામના મહાન પોલાદના કારખાનાઓનું વિહંગદૃષ્ટિ ચિત્ર.

બરમિંગહામનું ઔદ્યોગિક મથક.

લેખક—ના. મગનલાલ મણિશંકર ભટ્ટ.


લોઢાના ગાળેલા ગઠ્ઠાઓની બનાવટના સંબંધમાં બરમિંગહામ જગતના મૂળ આધારરૂપ છે એ યુનાઇટેડ સ્ટેટ્સના અલ્બામાના ઉત્તર વિભાગમાં આવેલું હોવા છતાં મધ્યવિભાગની સમીપ હોવાથી ભૂગોળના પ્રમાણ તરીકે તેમ જ તેની વિશાળ પ્રવૃત્તિઓને લીધે તે મસ્થાન કેન્દ્ર ગણાય છે રેડમાઉન્ટનની તળેટીની નજીક જ આ શહેર આવેલું છે આ પર્વત ખનીજ દ્રવ્યથી ભરપૂર છે તેમાં કોલસો અને લોઢું પુષ્કળ પ્રમાણમાં સંચિત છે અને પ્રત્યેક વર્ષે હાલ સુધી ગુપ્ત રહેલું ખનીજ દ્રવ્ય એ આપ્યા કરે છે



ચ્યાર્લ્સ એફ. ડી મનરેટ.
બરમિંગહામ ચેમ્બર્સ ઑફ કૉમર્સના જનરલ મૅનેજર નિકાશખાતાના ઉપરિ–અધિકારી


શહેરનો ઔદ્યોગિક વિભાગ અને મધ્યબિન્દુ ખીણની તળેટીપર બંધાયો છે લોકોના નિવાસસ્થાનવાળા વિભાગો પ્રત્યેક દિશામાં વિસ્તરાયેલા છે ઉત્તર દિશામાં સહેજ ઉંચાણમાં આવેલી સપાટભૂમિપર ભવ્ય મકાનો આવી રહેલાં છે પૂર્વ અને પશ્ચિમ દિશામાં ખીણ પથરાયેલી છે, પરંતુ દક્ષિણ દિશામાં રાજમન્દિર સરખા મહાલયો અને વિશાળ બાગાનો પર્વતના ઢોળાણપર આવેલા છે અને કેટલાક તો ઠેઠ પર્વતના શિખર સુધી પ્હોંચ્યા છે

વર્ણન કરવામાટે બરમિંગહામનો સ્થળવિસ્તાર નમુનારૂપ છે નગરના ઔદ્યોગિક ભાગના સમચોરસ વિભાગ પાડવામાં આવ્યા છે ત્યાંના રસ્તાઓ અને શેરીઓ મજબૂત ફરસબંધીવાળા અને વિશાળ છે, તેમ જ પ્રત્યેકને અનુક્રમે સંખ્યાની સંજ્ઞા આપવામાં આવી છે ચોરી રસ્તાઓ



બર્મિંગહામની મોટી ભઠ્ઠીઓનું સર્વ દિગ્દર્શક ચિત્ર.

ઉત્તર અને દક્ષિણ દિશાઓમાં વળે છે અને ગલીઓ પૂર્વ અને પશ્ચિમ દિશામાં જતી હોવાથી કયે જવા માટે ભુંગળાઓ બનાવવાનું કારખાનું





સુતરની મોટી મિલ-બર્મિંગહામ.

તદ્દન અજાણ્યાને પણ ધારેલે સ્થળે જવાનું સહેલું થઇ પડે છે રસ્તાઓ અને ગલીઓને

અનુક્રમે સખ્યાબંધ સત્તા આપવાની પદ્ધતિ–નિવાસસ્થાનવાળા વિભાગની ઠેઠ બહાર સુધી એટલે ઉદ્યાન ભૂમિ આવે ત્યાં સુધી–દાખલ કરવામા આવેલી છે.

હાઇલેન્ડ એવન્યુ નામની શેરી દક્ષિણમાં સર્વથી દૂર ગણાય છે તે પર્વતપર થઈ બહુ સુશોભિત રીતે લખાયલી છે અને તેમાથી અનેક નીચી ગલીઓ ફંટાઈને ધીમે ધીમે પર્વતના ઢોળાવો તરફ જાય છે, અને કોઈક વખત એ ગલીઓ પર્વતના શિખર આગળ અદૃશ્ય થાય છે અને કોઈક વખત ત્યા આવી રહેલા અનેક સુશોભિત મકાનોની સમીપ વિરામે છે સારા રસ્તાઓ અને હાંકવાને માટે બાંધવામા આવેલી સડકો પર્વતની શિખરની સાથે અનેક માઇલો સુધી લંબાયલાં છે અને ત્યાથી નીચે પથરાયલી ખીણ તથા મોટી વસ્તી અને અદ્ભુત ઔદ્યોગિક પ્રવૃત્તિવાળાં નગરો આશ્ચર્યકારક દેખાવ જોનારની દૃષ્ટિએ પડે છે રાત્રિએ આ ઉંચાણપરથી બરમિંગહામનુ દૃશ્ય વિસ્મયાકુલ કરી નાખે છે કમાનનો રચનામા બાગના અસખ્ય દીપકો તેમ જ વીજળીના સળીઓ અને મ્હોટા શ્વેત રસ્તાઓપરના દીવાઓ કરોડો આગીઆઓની માફક ચમકીને ઝગઝગી રહે છે અને પ્રત્યેક છેડાઓપર આ મહા દૃશ્યચિત્રની સાથે કોલસા અને ધાતુની ભઠ્ઠીઓથી તપેલા સુવર્ણની માફક રક્તરંગી પ્રકાશ ભભુકી ઉઠે છે નજીકના પ્રદેશમા આવી રહેલી અન્ય ભઠ્ઠીઓનો પ્રકાશ વીસ માઇલ સુધી જોઇ શકાય છે



બરમિંગહામની ઑફિસના મકાનનો નમુનો.

[આ મકાનના માળની સખ્યા વાચકે અવશ્ય ગણવી]

સંસ્થાનના સર્વ વિભાગોથી બરમિંગહામ પ્રદેશ ભિન્ન પડે છે તેનુ કારણ એ છે કે કાચુ લોઢુ અને કોલસાના અનંત ભંડારો લીધે ખાસ કરીને આ સમયે સમસ્ત દેશમા એ પ્રદેશ વિશેષ અગત્યતા ધરાવે છે અને ભવિષ્યમા પણ એ જ સ્થિતિ કાયમ રહેશે

આ નગર બધાયાને પુરા પચાસ વર્ષ પણ થયા નથી તોપણ યુનાઇટેડ સ્ટેટ્સના વસતીપત્રક પ્રમાણે એની વસતી બે લાખ માણસો કરતા પણ વધારે છે પાચ વર્ષમા વસતીના પ્રમાણમા ૨૦૦ ટકાનો વધારો કરનાર આખી દુનિયામા આ એક જ શહેર છે

આ ત્વરિત વિસ્તાર અને ખીલવણી કાંઈ આકસ્મિક નથી ત્યાની હવા એટલી સુખપ્રદ છે કે કારીગરો વર્ષના પ્રત્યેક દિવસે કામ કરી શકે છે ત્યાનુ જળ શુદ્ધ છે, તેમ જ તે પ્રદેશની મર્યાદાની અન્દર જ અનેક ખનીજ ધાતુઓ અખૂટ પ્રમાણમા એટલી સ્હેલાઈથી પ્રાપ્ત થઈ શકે છે કે તેથી કિસબી અને બિનકિસબી મજુરોનો પણ ઉપયોગ કરી શકાય એવા મહાન ઔદ્યોગિક સાહસો ખેડી શકાય છે આ પ્રદેશ સ્પષ્ટ રીતે ઔદ્યોગિક હોવા છતા, ન્હાના ખેડુતો અને ખેતીવાડીની પેદાશના વેપારીઓ અનેક જાતની માટી અને લાકડાની બનાવટ કરનારાઓ, સુતરાઉ કાપડ મોજા અને બીજા કપડા બનાવનારાઓ પણ અત્ર આકર્ષાઇ આવે છે

વ્યાવહારિક અને ઔદ્યોગિક દૃષ્ટિથી બર્મિંગહામ દક્ષિણ પ્રાતનુ કાંઇ લાક્ષણિક નગર તો ન જ કહેવાય મનવારોપર મુકવામા આવતા પોલાદના પડ, યુદ્ધને લગતી સર્વ સામગ્રી તેમ જ લોખડ અને પોલાદની બનાવટોમા વપરાવાને યોગ્ય અને સસ્તા સાહિત્યો બેસુમાર પ્રમાણમા



બર્મિંગહામની દૃષ્ટિમર્યાદા સુધીનો દેખાવ—અલબામા.

મળી આવે છે તૈયાર બનાવટની વસ્તુઓની વ્યવસ્થા કરવા માટે જમીન અને જળમાર્ગના સાધનો, મિક્ષ્ઍટલાન્ટિકના બદરો અખાતપર આવેલા બદરો, પનામા કેનાલ અને પૅસિફિક મહાસાગરના બદરોની એ શહેરની સાથેની સમીપતા, કુનિભૂત નીવડેલા પોલાદના સાહસોની પ્રવૃત્તિઓ, બગીઓ, સાચાકામની દુકાનો, ખાણો, લાકડા કાપવાની મીલો વિગેરેથી જણાઇ આવતી ત્યાની મજુરી અને કારીગિરીની ઉચ્ચ સ્થિતિ, ખીલવણી કર્યા વિનાના તો પણ વીજળી ઉત્પન્ન કરી શકે તેવા બળવાન વિશાળ જળપ્રવાહોની સમીપતા, અને કોલસાની વિશાળ ખાણોની મધ્યમા એ નગર સ્થપાયલુ હોવાથી જગતના પ્રત્યેક ભાગમાથી પ્રવિણ ધધાધિકારીઓ અને મહાન ઉદ્યમુશીઓ એ તરફ ખેંચાઇ આવે છે તે સર્વ કારણોને લીધે જગતના સર્વ દેશોના

છૅનક્ષે ઇતિહાસ, રૂ ૧-૮-૦ એન એમ ત્રિપાઠી ઍન્ડ કપની, મુબાઈ)

થી માટે આવનાર મુસાફરો મોટી આધુનિક હોટેલોમા આશ્રય લે છે નિવાસસ્થાનના સુદર વિભાગમા સપૂર્ણ સાધનયુક્ત વિશાળ ઘરો આવેલા હોય છે તેમ ભ્રમ ઓરીમોના મજુરોની નજીકમાં પણ એવા ઘરો હોય છે રહેવાના મકાનોની વ્યવસ્થા સારી હોય છે અને તેમા પણ હમેશ ધીમે ધીમે સુધારા કરવામા આવે છે ધર્માદા સસ્થાઓ ગરીબ વગનુ રક્ષણ કરે છે, આના ખાતાઓ સ્વમાલકીના મોટા મકાનો ધરાવે છે અને તેનો લાભ લેનારાઓને અનેક શારીરિક સુખસાધનો પુરા પાડે છે

બરમિંગહામની ઔદ્યોગિક પ્રવૃત્તિઓથી જગતનુ ધ્યાન ખેંચાયુ છે તો પણ કેળવણીના વિષયમા પણ એ વિખ્યાત થતુ જાય છે ૧૯૧૮ ના ગયા વર્ષમા ત્યા જે રાષ્ટ્રીય સમેલનો ભરવામાં આવ્યા હતા તે સર્વમાથી ફિડરેટેડ મ્યુઝીક કલબ્સ ઑફ અમેરિકા ના દ્વિવાર્ષિક સમેલને અત્યત પ્રિયતા મેળવી હતી ધી નેશનલ પ્લેગ્રાઉન્ડ એસોસિએશન તરફથી કહેવામા આવ્યુ હતુ કે યુનાઈટેડ સ્ટેટ્સના કોઈપણ શહેર કરતા રમત ગમતના મેદાનો અને તેની વ્યવસ્થાની પદ્ધતિમા બરમિંગહામે વધારે સુધારો કર્યો છે આ ઉન્હાળામા સગીતના જે રાષ્ટ્રીય ઉત્સવોનો આરભ કરવામા આવ્યો હતો તેથી વિખ્યાત સગીતશાસ્ત્રીઓ અને સગીત વિષયક ચોપાનીયાઓનુ ધ્યાન ખેંચાયુ હતુ તેમ જ તેઓએ વળી પ્રશસા કરી હતી

શાળાઓની વ્યવસ્થા કરવાની પદ્ધતિના સબધમા કેળવણીકારોનો એવો મત છે કે દેશની વર્તમાન નવુ પદ્ધતિઓમાં એ ઉત્તમ છે અને રાષ્ટ્રીય માન્યતા પણ એવી જ છે ગોરી પ્રજાના બાળકો માટે ૪૫ અને કાળી પ્રજાઓના બાળકોને માટે ૨૧ શાળાઓ છે તે ઉપરાત અન્ય પાચ છ શાળાઓ સપૂર્ણ સાધનસહીત બધાઈ શકે એટલી નાણાની સગવડ રાખવામા આવી છે મૂખ્યત્વે કરીને ઔદ્યોગિક અને વ્યાવસાયિક કેળવણી પાછળ ખાસ ધ્યાન આપવામા આવે છે દક્ષિણ પ્રાન્તના કોઈપણ ભાગ કરતા અત્રની રાત્રિશાળામા વિદ્યાર્થિઓની સખ્યા વિશેષ રહે છે

આ ઉત્તમ જાહેર શાળાઓ ઉપરાત બીજી ૩૬ ખાનગી શાળાઓ અને કૉલેજો છે આ સર્વ કૉલેજોમા તરણ સ્ત્રીપુરૂષો માટેની કૉલેજો, વૈદકીય અને દતવિદ્યાને લગતી કૉલેજો, શાખામાર્ગી અને ભિન્ન પથાનુગામી શાળાઓ, ઔદ્યોગિક પાઠશાળાઓ તેમ જ કળા અને સગીતની પાઠશાળાઓનો સમાવેશ થાય છે આ અનેક કેળવણીની સસ્થાઓ ત્યાના સ્થાપિત નિયમપ્રમાણે નવમહીના સુધી ઉઘાડી રહે છે પરન્તુ ઔદ્યોગિક પાઠશાળા બારે માસ ખુલ્લી રહે છે

પ્રત્યેક ધર્મ અને મતના દેવળો અત્રે સ્થપાયા છે બિમાર અને ઇજા પામેલાઓને માટે જાહેર અને ખાનગી સસ્થાઓ પુરતી સખ્યામા છે કોઈપણ સમયે ફી કે અન્ય પ્રકારના ખર્ચ વિના રદીઓને અદર દાખલ કરવામા આવે છે તેમ જ તેમને ઉચ્ચ પ્રકારની મ્હાવજત અને સગવડો કરી આપવામા આવે છે

આનંદને કે જ્ઞાનને ખાતર અથવા શોધનવૃત્તાસાથી જેમને વાંચન વાચન તરફ હોય છે તેમને માટે જોઈતાં પુસ્તકો અને ચોપાનીયા સહિત પાંચ જાહેર વાચનાલયો સ્થાપવામા આવ્યાં છે ત્રણ રોજીંદા અને બીજા અનેક ન્હાના વર્તમાનપત્રો અત્રે પ્રસિદ્ધ થાય છે દક્ષિણ પ્રાન્તમા સહુથી વિશેષ આધુનિક વર્તમાનપત્ર કાઢવાનું સાહસ હાલ જ સમાપ્ત કરવામા આવ્યું છે ભવ્ય મકાનોમાં મુખ્યત્વે કરીને જેફરસન કાઉન્ટી બેન્ક બીલ્ડીંગ નામનું એક મકાન છે એ છવીસ માળ ઉંચું છે તેમ જ એટીઓ નદીની દક્ષિણે એ ઉંચામાં ઉંચું મકાન છે અલબામામાંથી ખોદી કઢાયલા શ્વેત આરસપહાણ અને પત્થરોથી એ મકાન બંધાયલું છે શરાફી ધંધાને લગતી સર્વ સગવડો પણ ધંધાને લગતી સર્વ જરૂરીયાતના પ્રમાણમાં છે

ખાનાવાર માલની અનેક મોટી કોઠીઓ રાખવામા આવી છે અને તે આ તેમ જ નજીકના પ્રદેશની સર્વ જરૂરીઆતો પુરી પાડે છે મોટી ઉત્સાહી જાહેર નાગરિક સંસ્થાઓ બરમિંગહામ અને તેની આસપાસના પ્રદેશોનો સર્વ શાખાઓનો વેપાર સ્થાનિક અને એકત્ર કરવાનો હમેશ પ્રયત્ન કરે છે

ખોરાકની તૈયારી અને ખરીદીપર દેખરેખ રાખનારૂં એક ખાતું રાજ્યતરફથી નીમવામા આવ્યું છે અને તેની ઑફિસ ચેમ્બર ઑફ કૉમર્સના મકાનમા છે તેમ જ એ ખાતાએ વેપારીઓ અને ખેડુતોને માટે એટલી ઉત્તમ સેવા બજાવી છે કે ગયે વર્ષે દરવર્ષ કરતા પાક બમણો ઉતર્યો હતો સર્વ શુભ અને હિતવર્ધક તેમ જ મજુર વર્ગની સંસ્થાઓની સ્થાનિક વ્યવસ્થા બરમિંગહામમાં જ થાય છે ધી યંગમેન્સ ક્રિશ્ચ્યન એસોસિએશન, ધી યંગ વિમેન્સ ક્રિશ્ચ્યન એસોસિએશન, ધી યંગ મેન્સ હીબ્રુ એસોસિએશન અને ધી બરમિંગહામ એથ્લેટીક ક્લબ એ સર્વ સંસ્થાઓ પ્રજાના શારીરિક અને નૈતિક હિતને સાચવે છે

બરમિંગહામની કન્ટ્રી ક્લબ એ અલબામાનું ભૂષણ છે એ ઉપરાંત અન્ય સામાજિક ક્લબોમાં ધી રોબક સ્પ્રીન્ગ્ઝ મોટર એન્ડ કન્ટ્રી ક્લબ નામની સંસ્થા છે જેમાં આખા રાજ્યમા શ્રેષ્ઠ એવી ગોલ્ફની રમતની રચના પુરી પાડવામાં આવી છે તે ઉપરાંત એજવુડ ક્લબ અને ફિનિકસ ક્લબ અને જ્યુઇશ ક્લબની ગણની કરવાથી સામાજીક ક્લબોની યાદી પૂર્ણ થાય છે

ચાર સંપૂર્ણ નાટકશાળાઓ યોગ્ય સમયે લોકોનું અત્યંત આકર્ષણ કરે છે અને દીપકોથી સુશોભિત આધુનિક ગતિમાન ચિત્રશાળાઓ હજારોના મન રંજન કરે છે

નગરમાં મોટા ૧૪ ઉદ્યાનો છે તેમા બે ખાસ સીદી લોકોને માટે જ છે એ પ્રજાને વિનોદ અને ખુલ્લા હવામા આનંદ ભોગવવાને માટે સાધનરૂપ થઈ પડે છે

બરમિંગહામની રાજ્યવ્યવસ્થા પંચાયતની પદ્ધતિથી ચલાવવામા આવે છે અને અસલ અમુક મુખીઓથી ચલાવાની રાજ્યપદ્ધતિ કરતાં અનુભવથી આ નવિન પદ્ધતિ અતિ ઉચ્ચતર નીવડી છે પ્રજા તરફથી ચુંટાયલા પાંચ કમિશનરો મ્યુનિસિપાલિટીના નાયબ તરીકે સર્વ કાર-

બાર ચલાવે છે તેમ જ આધુનિક પદ્ધતિથી આગ બુઝાવવાનુ એક સુનિયમિત ખાતુ સ્થાપવામા આવ્યુ છે એ ખાતું અને સાવધ પોલિસ પદ્ધતિથી માલમીલ્કત અને નાગરિકોનુ રક્ષણ થાય છે

યુનાઇટેડ સ્ટેટ્સની સૌથી મોટી પોષાક બનાવનારી કંપનીએ થોડાક સમયપર આ પ્રદેશમા એક કરોડ દશ લાખ ડોલર રોકયા છે તે ઉપરાત એ પ્હેલા એ જ કપનીએ ચાર કરોડ ડોલર રોકયા હતા તે ઉપરાત એવા કરોડો ડોલર હજુ રોકવામા આવ્યાં જ જાય છે એ સર્વ કાંઈ માત્ર આકસ્મિક નથી

જગતમા અગત્યતા ધરાવનારા આ નગરના ભવિષ્યપર આ નિબધમા વિવેચન કરવાની કાંઈ જરૂર નથી કારણ કે બરમિંગહામ એક સપૂર્ણ આધુનિક લક્ષણોવાળુ નગર છે અને તેના ભવિષ્યવિષે કાંઈપણ શક નથી પરન્તુ જો કદાચ કાર્ય અને કારણની સકલના પ્રમાણે વિચાર કરવામા આવે અને આધુનિક સ્થિતિને જો કારણ તરીકે ગણવામાં આવે તો એટલા જ અનુમાનપર આવી શકાય કે એનું પરિણામ એટલે ભવિષ્યનું બરમિંગહામ જગતના કોઇપણ ઔદ્યોગિક કેન્દ્રની સરખામણીમા ઉતરશે નહીં

સૂકો શો ભૂમિપ્રદેશ વિશાલ !

લેખક—રા ચન્દ્રશંકર નર્મદાશંકર પડ્યા, બી એ , એલએલ બી

સૂકો શો ભૂમિપ્રદેશ વિશાલ !
ઘેરી ક્ષિતિજગિરિમાલ ! — સૂકો શો !
ટુકા વૃક્ષો તાપબળેલા છૂટા એકલવાય,
શ્યામ શિલાઓ છૂટી છવી અર્ધસતી દેખાય — સૂકો શો !
ઉજ્જડ આવા શીદને કીધા હશે પ્રભુએ વેરાન ?
અન્ન વિના ભૂખે તરફડતા ખોતા પ્રાણી પ્રાણ — સૂકો શો !
ખીચોખીચ જગલઝાડીથી દાખવવા શુ વિરોધ
કીધા હશે આ શુષ્ક પ્રદેશો ?—કે એ પ્રભુના ક્રોધ ? — સૂકો શો !
અથવા કો દિલ કારણકામી શોધે સૃષ્ટિરહસ્ય ?
ભક્તિભર્યા હૃદયે ભોગવ તુ પ્રભુ નિર્મ્યા સૌ દૃશ્ય — સૂકો શો !

ઝાંશીથી આગ્રા જતાં,
તા ૨૬ ૨ ૧૯૧૮

મરણ

લેખક—ડૉ હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ, એલ એમ ઍન્ડ એસ

'જે મહત્તા આપણે આસ્વાદવાના છીએ, આ જીવનના દુ ખો કઈ તેની આગળ હિસાબમા નથી "

આખી મનુષ્ય જાતિને માટે પ્રગતિ થવાની નક્કી આશા રહે છે, છતા આપણે આપણી જાતને વિષે જોઈએ તો ઉમ્મર જેમ જેમ વધતી જાય છે તેમ તેમ જુવાનીમાં જે વસ્તુઓ આપણને અત્યંત આનન્દ આપતી હતી તે જ વસ્તુઓને માટે આપણને ધીમે ધીમે ઓછી ને ઓછી દરકાર રહેતી જાય છે

'વખતનો જો આપણે સદુપયોગ કર્યો હોય છે, આયુષ્ય રૂપી અગ્નિથી બગાડર નાખી દીધુ હોય છે તો તો ખોવા કરતા મેળવવાનુ વિશેષ હોય છે

ઘડપણમા, જેમ બળ ઘટતુ જાય છે તેમ મહેનત કરવાની જરૂર પણ ઓછી થતી જાય છે આશાઓ હવે જતી જાય છે અને એને બદલે પાછલા સ્મરણો મનમા ઉભરાઈ રહે છે આમ આશાઓ જવાથી અને સ્મરણો રહેવાથી સુખ મળે કે નહી તેનો આધાર આપણે કેવી રીતનુ જીવતર જીવ્યા તે ઉપર રહે છે

અમુક માણસો એવા હોય છે કે એ જેમ ઘરડા થતા જાય તેમ એમની કીમત ઘટતી જાય છે એક પછી એક સુખ ઓછુ થતુ જાય છે અને જે થોડી વસ્તુઓ એમને આનન્દ આપતી હોય છે તે પણ મંદી પડતી જાય છે

બીજા કેટલાક એવા પણ માણસો હોય છે કે જેમના વૃદ્ધ થવા છતા એમની કીમત ઘટે છે એમ લોકો ધારતા નથી પણ ઉલટા એ વધારે કીમતી બનતા જાય છે કાળ એમનુ વધુ સારુ સારુ લુંટી જાય છે પણ એમની શાન્તિ દિન પ્રતિ દિન વધતી જાય છે

જુવાનીના આનન્દો તીવ્રતામા અને વેગમા, ભલે વધારે હો, પરન્તુ સાથે સાથે ચિંતાઓ બેચેનીથી એ રંગાએલા હોય છે ઘડપણનો આનન્દ ઊંડો અને સંપૂર્ણતાવાળો હોય છે, અને જેમણે જીવન સારુ ગાળ્યુ હોય તેમને તો એક જાતની નિરાંત અને શાન્તિ એવી મળ્યાની રહે છે કે જેમને જીવન થી કંટાળો આવેલો નથી જેમણે જીવનનો સદુપયોગ કર્યો હોય છે તેવા લોકો।

"ઘર પણ ગાળે મોકલ્યુ, જ્હોતુ જોવતુ મે નીંદ આવીયુ રે–" વગેરે ગાઈને એ દુ ખી નથી થતા.

દિવસની જેવી સંધ્યાકાળ, તેવી જ જીવતરની પણ સંધ્યાકાળ હોય છે સંધ્યાકાળે વાદળા માં હોય પણ સિન્દુર સરખુ હોય તો રંગરંગથી શોભાતું વાદળ બહુ જ રળિઆમણું બની રહે છે।

અનુભવી અને વિદ્વાન ઘરડા માણસો પાસે ઉભા રહો અને વાત કરો, એટલે જાણે સોનુ ને હીરાઓનો ભંડાર ખુલ્યો

માત્રમાત્રથી તો ડોસાઓ પણ એવા રસના ઘુટડાઓ પીતા હોય છે-એવા સુખી હોય છે, કે આપણે સમજી જ શકીએ કે એવુ સુખ બહુ વખત ના જ ચાલે પાછળથી એમ ।। સુખની વાતો કરીએ તેમાં પણ આપણો જાતે રસ પડે

સ્વીડનબૉર્ગ, એના સ્વર્ગની કલ્પના કરે છે કે જ્યા દેવ લોકો જેમ વખત જતો જાય છે તેમ વસંત ઋતુ જેવી જુવાની પામતા જાય છે, ત્યા જે વધારે ડોસેના તે વધારે જુવાન અહીં પણ શુ કેટલાક ભાગ્યશાળી સ્ત્રી પુરૂષોને આપણે આવા નથી જોતા ? એમના મન બાળક જેવા નિર્દોષ હોય છે અને ઉમ્મરના વધવાથી કે દેવો ।। વ. થવાથી એમનામાં રહેલી વિધવિવતા ઓછી થતી નથી એમની ખુબીઓ વધતી જ જાય છે

સીસેરો કહે છે કે જ્યારે હુ ઘડપણનો વિચાર કરૂ છુ ત્યારે એને દુ ખી શામાટે ગણવામા આવતુ હશે તેના ચાર કારણો માલમ પડે છે ૧ વેપાર રોજગાર બંધ થાય ૨ શરીર અશક્ત થાય ૩ ઇન્દ્રિઓ શિથિલ થાય ૪ મોત પાસે આવ્યુ હોય એમ લાગે

આ બધા કારણો આપણે એક પછી એક તપાસીએ અને જોઇએ કે એમા કંઇ દૈવત છે ?

(૧) વેપાર રોજગારમાથી છુટવુ-અને એમ માનવુ કે આથીપણને આરામનો અને નિરાતનો હક મળ્યો છે એમા કંઇ દુ ખ નથી

(૨) શરીર અશક્ત થાય તેથી શુ ? સાચવેલા શરીર હોય તો શિથિલતા છતા તંન્દુરસ્તી જતી નથી "મૃત્યુ પણ ધીમેથી દુ ખદાયક રોગોની મદદ શિવાય-સારંગીવાળો જેમ સારંગીના સૂરો બંધ કરવા પોચે હાથે, જેમ કોઇનાર પોતાની હથેલી દબાવીને વાજીંત્રનો ઝણકાર બંધ કરે છે તેવી રીતે આવા શરીરનુ ચેતન લઇ લે છે અને રોગની પણ દુ ખદાયક વેદના આવા શરીરોને થતી નથી"

(૩) ઇન્દ્રિઓ શિથિલ થાય-મનોવિકાર હોય નહીં વાહ ! ઘડપણનુ આ તો પરમ સુખ માનવુ જોઇએ

જુવાનીની આ તો મ્હોટી એમ છે ષડ્રિપુઓ-છ દુશ્મનો ગણાય છે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અને અહંકાર એ આપણને જુવાનીમાં ઘેરી વળે છે એમને બહુ માગ જ ન મળે, એવી ઇન્દ્રિઓની દશા હોય તો હુ સમજુ છુ કે એમા શુ દુ ખ છે ?

ઘડપણ છતા, શરીર શિથિલ થાય છતા, અને ઇન્દ્રિઓ પણ તેની શક્તિ નાશ પામ્યા છતા, મહત્ત્વાકાંક્ષાઓ નબળી પડતી નથી. ઉલટી વધારે શુદ્ધ બને છે સ્વાર્થવૃત્તિથી છુટી, આપણા આદર્શો વધારે સ્વચ્છ બને છે અને ઘડપણથી એ ઉલટા વધારે સારા થાય છે

"માણસ આ જગતમા એકલો આવે છે અને એકલો જાય છે સારા ખોટા કર્મનુ ફળ પણ એને એકલાને જ ભોગવવાનુ છે એ મરે છે ત્યારે એનુ શરીર આ પૃથ્વીપર પડી ગયેલા ઝાડની માફક પડે છે પણ એક ધર્મ એના આત્માની સાથે સાથે જાય છે તેથી સદાચારને સેવો જેથી કરીને જે મૃત્યુના અંધકારમય માર્ગ સર્વે કોઇને જવાનુ છે અને જે પસાર કરવો ઘણો આકરો છે તે માર્ગ એક ઉત્તમ સાથી મળે-"મનુ

આમ છતા જાણી જોઇને લોભે પરિણામે દુખી થવાય એવા માર્ગે શુ કામ લેતા હશે? વળી પોતાનો જરા પણ સ્વાર્થ ના સચવાતો હોય છતા બીજાને શુ કામ દુખી કરતા હશે? ભતૃહરિ કહે છે કે એવાનો તો વર્ગ પણ પાડી શકાય એમ નથી પરમાર્થી માણુસની સમજણ પડે છે સ્વાર્થી પણ સમજ્યા પણ આમને તો નામ શુ આપીએ?

પ્લેટો કહે છે કે માણસ એટલે ભિન્ન પ્રા િ ભણ ગુણોનુ બનેલુ જાણે એક રથ કે બે મા ઘોડાવાળો જોડ હોય, એમ ઘોડો માનવાન છે કુલીન છે, બીજો ઘોડો હલકો છે અને હીણ કુળનો છે આ ઘોડાઓને હાંકવા એ કઈ સ્હેલુ કામ નથી સારો ઘોડો રથને ઉંચા લઈ જાય છે ખરાબ ઘોડો રથને જમીનપર નાખવાનુ કરે છે વખત જતો જાય છે તેમ સારા થી જ આગ્રો અને દૃ હોય છ તો આપણા સ્વભાવમા રહેનો દેવભાગ આપણો ઉંચે અને ઉંચે રાખી શકે છે

શેલી કહે છે કે માણસ એ જાણે વીણા અનર અને બાહ્ય આન્દોલનો એ ઉપર અસર કરવાનાં એ અસરોમાથી સુમધુર રાગ કાઢવો એ કામ વીણાનુ છે

(૪) ગ્રીગેરાએ મોત પાસે આવુ હોય એમ લાગે, એ ઘડપણનુ ચોથુ દુખ કહ્યુ ઘણાં માણુસને તો જાણે દરરોજ મોતની બ્હીક લાગ્યા જ કરે છે અને એમનુ બધુ જીવતર ખારૂ થઈ રહે છે પરન્તુ કોનરીજ જનનને વિષે ખરૂ કહે છે કે માણસની પાસે ત્રણ ભંડાર છે, પ્રેમ, જ્ઞાન અને શાન્ત વિચારો. ત્રણ મિત્રો છે એ પોતે, એને બનાવનાર પ્રભુ અને મૃત્યુ

સેનેકાએ કહ્યુ છે કે મૃત્યુથી સર્વ દુઃખોનો અત આવે છે ઘણુ લોકોને એ વિપત્તિમાથી છોડાવે છે ઘણા લોક એની ઇચ્છા કરે છે જેનુ જીવતર ભારરૂપ થઈ ગયુ હોય એવા ઘણાં માણુસો "હવે મોત મ્હોં થઈ જાય તો સારૂ એમ બોલ્યા કરે છે—ઘણા માણુસનુ કલેશમય જીવન મોત આવવાથી દુખમાથી છુટે છે અને કોઇક માણુસોને મૃત્યુથી અનન્ત શાન્તિ પણ મળે છે

મહાન કવિ શેકસપીયરે લખ્યુ છે કે ' આ જીવન એની કબરમા મીઠી નિદ્રા લે છે સસાર રૂપી તાવથી એ મુક્ત થયો છે એના વૈરીઓએ, થવુ બન્યુ એટલુ ખરાબ કર્યુ હવે ખજર, વિષ, દ્વેષ, કશાની એને ઇજા થવાની નથી"

મોત એ શુ છે, એની પાર શુ સ્થિતિ થતી હશે એની કોઈને ખબર નથી એ દેશમા ગએલા કોઈ પાછા આવ્યા નથી પરન્તુ કવિઓ, ધર્મશાસ્ત્રીઓએ તથા તત્ત્વજ્ઞાનીઓએ મૃત્યુ વિષે જે ઉલ્લેખ કર્યા છે તે જ્ઞાનપૂર્વક સમજવાથી મૃત્યુનુ ઘણુ દુઃખ દૂર થઇ જાય છે ધાર્મિક જીવનાર સ્ત્રી કે પુરૂષ પરમ સતોષમા રહી મનની કેવી સ્થિતિ ભોગવે છે તે વિષે નીચેનુ કાવ્ય જુવો —

" પાપ તાપ દુ ખ છુટીયા, તિમિર ગયા સૌ દૂર
હરિ મુખ સ મુખ સર્વદા, મોદ અખંડિત ઉર
બંધન બાધા નવ નડે સદ્ગુતિ ભક્તિ કરત
જતી રહી ભીતિ મૃત્યુની સતત શાન્ત અનન્ત. "

ઘણી વાર મોત કોઈપણ જાતના દુ ખ વગર અને શાન્તિથી આવે છે બીડ નામનો એક સાધુ જહોનની સુવાર્તાનું ઈંગ્રેજીમાં ભાષાન્તર કરતો હતો એના મરણના દિવસની સવારે એના સેક્રેટરીએ એની નબળાઈ જોઇને કહ્યું કે “ સાહેબ ! હવે ફક્ત એક પ્રકરણ બાકી રહ્યું છે પણ તમને બોલતા પણ હવે શ્રમ પડે છે એટલે એ રહેવા દો ” બીડે કહ્યું “ ના નહી ! તું કલમ હાથમા લે, ને જેમ બને એમ ઝડપથી લખ ” અને એમ કહીને એણે લખાવવા માંડ્યું લખી રહ્યા એટલે સેક્રેટરીએ કહ્યું “ ખલાસ ” બીડે જવાબ આપ્યો, “ તું સાચું કહે છે ” ‘ખલાસ ” એ પછી એણે મંદિરના પાસે પોતાનો ખાટલો લેવડાવ્યો અને ‘ બ્રહ્મા વિષ્ણુ મહેશ્વરનો જય ! ” એમ બોલીને એણે પોતાનો દેહ છોડ્યો

ગીટી પણ કોઇ પ્રકારના રોગના દુ ખ વગર જ મરણ પામ્યો હતો લખતા બેસતો હતો અને વસન્તઋતુ બેઠી તેથી આનન્દ પ્રદર્શિત કરતા કરતાં એણે ડોક નાખી દીધી હતી

મોઝાર્ટ નામનો કવિ એક ગીત લખી રહ્યો હતો પણ સુધારવાનું બાકી હતું એ લખેલું ગીત એના બીછાનાપર જ પડ્યું હતું અને કંઈ વધારે મધુર બનાવવાનો એ પ્રયત્ન કરતો હતો એટલામા જ એણે પોતાની પત્નીના ખોળામા માથું નાખી દીધું અને પ્રાણત્યાગ કર્યો

સ્લેટોનો દેહપાત પણ લખતા લખતા જ થયો હતો

હ્યૂકન પોતાનું રચેલું એક સ્તુતિગીત ગાઇ સંભળાવતા સંભળાવતા મરી ગયો ક્લોઇંક ગાનો ગાતા મરી ગયો અને વાગનર ઉંઘમા પોતાની સ્ત્રીના ખભા ઉપર માથું નાખીને સુતો હતો ત્યા જ મરી ગયો હતો કોઇ કોઈ માણસો રાત્રે સુતા હોય છે અને સવારે પથારીમા મરેલા જ પડેલા હોય છે ઘણા હોશિયાર દાક્તરો કહે છે કે, ઘણા માણસો મરતી વખતે બીલકુલ દિલગીરી કે શક્તિના કંઈ પણ ચિન્હ બતાવતા નથી અને તેથી અમ્હને આશ્ચર્ય સુદ્ધા થયું છે અને લડાઇમા ઘણા માણસો મરે છે તે બહુ જ જુજ દુ ખ પામે છે એ તો સુપ્રસિદ્ધ છે.

પરન્તુ આ બધી વાતો ઐહિક મૃત્યુની બાબત થઈ હવે પરલોકના સબંધમા થોડો વિચાર કરીએ કેટલાક વિદ્વાનો એમ માને છે કે આત્માનો નાશ નથી પરન્તુ આપણું જીવન આપણા બાળકોમા દાખલ થઈ રહે છે અને એમ જીવાત્મા સતત જીવ્યા કરે એમ બને છે. મરણ પછી જીવાત્મા ચિરંજીવી હો કે ન હો, પણ જીવાત્માની એ ઇચ્છા હોય છે કે મ્હારો વંશ આગળ વધે અને તેથી બાળકોની ઉત્પત્તિ માટે એ પ્રયત્ન કરે છે “આત્મા वै पुत्र नामासि ”, આપણી પ્રતિમારૂપી પુત્ર છે, એ વિશ્વાસથી એ સુખી થાય છે મનુષ્યનું જીવન એમના સન્તાનોમા ફરી રૂપ લે છે સેંટ પોલે કહ્યું છે કે ઘઉંના ઓણ સાલના દાણાથી જ આવતા વર્ષના ઘઉં ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે જીવાત્મા સતત જીવ્યા કરે છે. અને જીવન એટલે જ લીલા—આનન્દ અને સુખનું અસ્તિત્વ જો આ જગતમા કાયમ રહેતું હોય તો પછી આપણે ભાગ એમાનુ કેટલું સુખ આવ્યું અને કેટલું ના આવ્યુ, એ વિષે વિચાર કરવાની જરૂર નથી આત્મા નિત્ય છે પણ એને પૂર્વ જન્મનું કંઈ પણ સ્મરણ રહેતું નથી પણ

એ વિષે પણ તર્કવિતર્ક કરવાથી કંઇ ફળ નથી રમ પુ નથી પરંતુ પાગ નમ્માર કી શકે આપણા જ જીવનમા ઘણા બનાવો ઉપર બનેલા બનાવો ... કોઈ કોઈ વિગતો કઈ આપણને યાદ નથી રહેવી છતા એ બનાવોથી આપણા મનપર જે મારા જોરદાર અસર પડી અસર તે તો અનુભવરૂપે રહે છે એટલે સામાન્ય રીતે એવી માન્યતા છે કે આત્મા દેહ પડ્યા પછી પણ રહે છે અને જેમ નિદ્રામાથી આપણે જાગીએ છીએ તેજ પ્રમાણે મૃત્યુરૂપી નિદ્રામાથી પણ આપણો આત્મા પાછો જાગત રહેવાનો જેમ જુના થઇ ગયેલા લુગડા આપણે બદલી નવા લુગડા પહેરીએ છીએ તેમ આત્મા એક શરીર બદલી બીજુ શરીર ધારણ કરે છે દેહ મરે છે પણ આત્મા અમર છે મિલ્ટને લખ્યુ છે કે 'કરોડો આત્માઓ વાયુરૂપથી આપણે જાગતા હોઇએ કે ઉંઘતા હોઇએ, તે વખતે પૃથ્વીપર અને આકાશમા પ્રયાણ કરે છે જેમ દિવસે આપણે તારા ન દેખીએ તો પણ તારા નાશ પામ્યા નથી તેમ પૃથ્વીપર અને અંતરીક્ષમા આ આત્માઓ દેહ પડ્યા પછી રહેતા હોય. માત્ર તે આપણાથી જોવાય નહીં

તાત્પર્ય એ છે કે જો કે આત્માની સ્થિતિના વિષયમા હજી સુધી આપણને કંઇ પ્રત્યક્ષ જ્ઞાન થયુ નથી, છતા મૃત્યુથી દુર્ગતિ જ પ્રાપ્ત થાય છે એમ માનવાનુ કારણ નથી ઉમ્મર વધે છતા શારીરિક નિર્બળતા ના થાય અને તન્દુરસ્તી સચવાય એવી ઇચ્છા કરીએ એ યોગ્ય છે, પરંતુ એથી દેહની અમરતા કોઇ મેળવી શકે એમ આશા રાખવી વ્યર્થ છે દેહ અમર નથી પણ આત્મા તો અમર છે જ, એમ ધર્મશાસ્ત્રો, કવિઓ અને તત્ત્વજ્ઞાનીઓ આપણને કહે છે વિજ્ઞાનશાસ્ત્રીઓ તર્કશક્તિથી અને પ્રત્યક્ષ પ્રમાણથી વસ્તુ માત્રની શોધખોળ કરે છે તેમણે આત્મા, પરમાત્મા, કર્મ, પુનર્જન્મ તથા અમરત્વને વિષે પુષ્કળ ચર્ચાઓ કરી છે અને શ્રદ્ધાથી મનાતી આવેલી ઘણી વસ્તુઓને અસ્તવ્યસ્ત કરી નાખી છે પરન્તુ તેમાંના એક સિવેનસ થોમ્પસન "વિજ્ઞાન અને ધર્મ" એ નામના પુસ્તકમા લખે છે 'આ જીવન અને મરણ પછીનુ જીવન સળગ છે અને તેથી જે માણસે આ જીંદગીમા આનન્દ અને શાન્તિ અનુભવ્યા હશે તો મરણ પછી પણ સ્વર્ગીય આનન્દ અને શાન્તિ મળશે પણ જેણે આ જીવનમા આનન્દ અને શાન્તિનો અનુભવ જ નહીં કર્યો હોય તેને મરણ પછી એ સુખનો અનુભવ નહીં થાય જે માણસોએ આ જીંદગીમા નિંદા, લોભ અને તૃષ્ણાઓથી પોતાના આત્માને વિસ્તારી મૂક્યો છે તેમની જીવતા જ અધોગતિ થાય રહેવાની આપણી આસપાસ બધે જ જો ક્ષણભંગુરતાની પાછળ અનંતતાની આપણને ખાત્રી થતી હોત તો આપણે જાણી શકીશુ કે આપણુ મનુષ્યજીવન નિરર્થક ના જ હોત મૃત્યુને દુ:ખદાયક અને ભયંકર કાળ સ્વરૂપે આપણે નહીં જોઈએ પણ અજ્ઞાન પછી આપણને એમ જ લાગશે કે મૃત્યુથી તો આપણે વિશાળ જીવનમા પ્રવેશ કરીએ છીએ '

આમ છે તો તો યોગ્ય સમયે મૃત્યુ આવે તે સારૂ છે કુદરતમા વસ્તુ માત્રની હદ જોવામા આવે છે તો આ જીંદગીની પણ હદ હોવી જોઇએ નાટકની જેમ પૂર્ણાહુતિ ર છે તેમ ઘડપણ પછી મૃત્યુ આવે એ આપણા જીવતરની પૂર્ણાહુતિ છે એક વખત

એવો આવવો જ જોઇએ કે જ્યારે આપણે કહેવું જોઇએ કે હવે બસ આ જીવનનો થાક હવે ઉતરતો હવે જીવીને હું તૃપ્ત થયો છું આ દૃષ્ટિબિન્દુથી વિચાર કરતાં આપણને લાગશે જ કે આપણે મરણ પાછળ રડવું નહીં જોઈએ એ તો જીવનરૂપી તાપ શમી ગયો. દુ:ખ દબાઈ ગયું ભય શાંત થયો ઘણા દિવસની પવિત્ર આશા પરિપૂર્ણ થઈ આ મૃત્યુ કરતાં તો શાન્ત સમુદ્ર ઉપર ચંદ્રનો પ્રકાશ પડે છે તે પણ આશ્ચર્યમાં ઉતરતો છે તો શા માટે રોવું?"

મરણને માટે રોશો નહીં, શોક કરશો નહીં જો આ સમયનું જેના મહાકાળને માટે બન થયા છે તેને આતરિક પ્રકાશ કેવો તેજસ્વી જોવાનો મળ્યો છે એટલું તમે સમજો તો તો પછી તમારા આંસુ બંધ થઈ જ જાય આ માનવનું રૂપ ટાઢું પડી ગયેલું અને થાકી ગયેલું લાગે છે, પણ એ જ હૃદયમાં કેવો પવિત્ર પ્રેમ ભરચક થઇ ગયો હશે તે કોણ જાણે?"

ઘણાએ થાકેલા જીવો કવિના નીચેના વિચારોથી દિલાસો મેળવતા હશે કે "હવે થોડાક વધારે વર્ષો ગમડી જશે થોડીક જ ઋતુઓ આવશે ને જશે અને પછી સમાધિ લઈને મૂએલા મ્હારા બધુઓને હું મળીશ"

"હવે થોડીક જ ધમાચકડી બાકી છે હવે વિયોગ પણ ઝાઝા નથી થવાના હવે મહેનત પણ થોડી રહી છે રડવાનું પણ ઝાઝું બાકી નથી અનન્ત ધામમાં હવે મળીશું, એટલે પછી કદી રડવાનું રહેશે નહીં"

શેલી કહે છે કે "ૐ શાન્તિ! શાન્તિ! એ મરી નથી ગયો એ ઉંઘતો નથી એ તો જીવનરૂપી સ્વપ્નમાંથી હમણાં જ જાગ્યો ઉલટા આપણે આ માયાની જાળમાં લપેટાયા છીએ અને નાભ નગરની આ ધમાચકડીના મૃગજળ જેવા નાટક જોયા કરીએ છીએ આપણે હજી રાત છે અને એ તો રાતનું અંધારું વટાવી ગયો આ સંસારની ઇર્ષ્યા અને નિંદા અને તિરસ્કાર અને દુ:ખથી એ પર થઇ ગયો! આ બેચેની જેને લોકો "સુખ", "સુખ" એમ માન્યા કરે છે, એ મિથ્યા તૃષ્ણા હવે એને વળગી પણ નહિ શકે! અને એને ગીગારી શકશે પણ નહીં આ દુનિયાનો ચેપ જે એને ધીમે ધીમે રંગી નાખતો હતો તેમાથી હવે એ છૂટ્યો "કોઇ નિમકહરામ નિકળ્યું કે ભાઇનું માથું ફરી ગયું", વગેરે મિથ્યા ચિંતાઓના ભારમાંથી એ હવે મુક્ત થયો?" મૃત્યુથી આત્મા દેહના ભારથી છુટો થાય છે અને આ સંસારમાં કરેલા સારા ખોટા કર્મનું ફળ ભોગવવા એ પરલોકમાં ગતિ કરે છે ખરૂં પૂછો તો આ મોત જ નથી મોત જેવું આ જે દેખાય છે તે તો સ્થિતિમાં થતા ફેરફારમાં છે આ ક્ષણભંગુર દેહવાળો સંસાર તે તો સ્વર્ગનું પર છે અહીંથી સ્વર્ગીય સુખ ભોગવવા માટે આપણે સ્વર્ગમાં જવાનું છે મોત એ સ્વર્ગમાં જવાનો દરવાજો છે એ-લોંગફેલો કહે છે આપણે શરીર ધારણ કરેલા છે બાકી આત્મા જ છીએ માટે એ આત્મા શું છે અને દેહ શું છે એનું બરાબર જ્ઞાન મેળવીશું તો સ્થિર ચિત્તવાળા થઇ, શાન્તિથી નિર્ભયપણે મૃત્યુની વાટ આપણે જોઈ શકીશું

સોક્રેટીસે મૃત્યુ વખતે જે શુ ભાષણ કર્યું હતુ તે જાણવા લાયક છે "મૃત્યુથી ફાયદો છે કે નહીં તે હવે આપણે જોઈએ આશા તો એમ જ રહે છે કે મૃત્યુથી કંઈજ હાનિ નથી એમ ધારો કે મરણ પછી કંઈજ ના રહેતુ હોય, અથવા બીજો મત જે એમ માનો કે પુનર્જન્મ છે, તો, એ બન્ને બાબતો વિષે આપણે વિચાર કરીશુ મોત સ્વપ્નાથી પણ બગડે નહીં એવી ગાઢ નિદ્રા હોય તો એ તો અવર્ણનીય લાભ છે સાધારણ માણસને નહીં પણ મોટા રાજાને પુછશો તો એ પણ કહેશે કે મીઠી ઉંઘ તો સ્વપ્ના વગરની અને ગાઢ હોય છે તે જ એટલે જાણે અનન્તતા હવે મૃત્યુ એ આ દેશમાથી બીજા દેશની મુસાફરી જેવુ હોય તો પણ સારૂ છે વળી લોકો એમ પણ કહે છે કે બધા મરી ગયેલા એ સ્થળે આપણને પાછા મળવાના તો અરે મિત્રો અને ન્યાયાધિશો! એથી બીજુ રળિયામણુ શુ? આ દુનિયાના ન્યાયાધીશો કરતા પરલોકના ન્યાયાધિશો ચારિત્ર્યમા વધારે ચઢીઆતા હોય તો તો એ સ્થળની યાત્રા કરવા યોગ્ય ગણાવવી જ જોઇએ"

'ઓરફીયસ જેવા સુનદ ગાયક અને હૉમર જેવા મહાન કવિ જે સ્વર્ગમા ગયા છે તેમને મળવાનો અને એમની સાથે વાત કરવાનો જ્યા લાભ મળે ત્યા જવા માટે હુ એક વાર નહીં પણ વાર વાર મરવા તૈયાર છુ મ્હારી માફક અન્યાયથી જેમને મારી નાખવામા આવ્યા છે એવા ઘણા વીર પુરુષો મ્હને ત્યા જરૂર મળશે અને એમના દુ ખ અને મ્હારા દુ ખની વાતો કરવામા અને એક બીજાની સ્થિતિની સરખામણી કરતા પણ મ્હને ઘણો આનન્દ મળશે એ સૌથી પણ વ્હડે એવી બીજી એક વસ્તુ મ્હને ત્યા જરૂર મળશે, એમ હુ માનુ છુ સત્ય અને અસત્યના જ્ઞાનની શોધ હુ ત્યા ચાલુ રાખી શકીશ અને ખરા જ્ઞાની કોણ છે અને ઢોંગી કોણ છે તે હુ શોધી કાઢીશ અરે ન્યાયાધિશો! ટ્રોજનની ચઢાઈ લઇ જનારા વીર નાયકના દર્શન ત્યાં થશે! ઘણા જ્ઞાની પુરુષો, સદાચારી સ્ત્રીઓ અને બીજી ઘણી સત મંડળી મ્હને પરલોકમા મળવાના! એ આનન્દ ઓર જ થશે એમની સાથે વાતચિત કરવામા અને પ્રશ્નો પૂછવામા કોઇ માણસને મારી નાંખવાની સજા નથી કરતુ ત્યા અહીના કરતા સુખ પણ વધારે છે અને મરવાનુ તો છે જ નહીં અમરતા છે તેથી ન્યાયાધિશ સાહેબો! મોત માટે આપ પણ ગભરાશો નહીં સારા માણસને જીવતા કે મરણમા કંઈ દુ ખ હોય જ નહીં એ, કે એના સમ્બન્ધીઓને પ્રભુ છોડી દે જ નહીં પ્રભુની જ મરજીથી મ્હારી આ ગતિ થની હશે આ કંઈ અકસ્માતથી નથી બનતું હું સ્પષ્ટ જોઇ શકુ છુ કે હુ અહીંથી છુટીને પરલોકમા જાઉ, એ જ મ્હારે માટે સારૂ છે ગુરૂ મહારાજે પણ આપનો પક્ષ ધાર્યો લીધો મ્હને કોઇના ઉપર રોષ નથી મ્હારા નિન્દકો અથવા મ્હારા ઉપર આરોપ મૂકનારા મ્હને કંઈ જ નુકસાન કરી શક્યા નથી નમ્રપણે હું એમને સ્હેજ ઠપકો આપવા માગુ છુ પણ વિરોધ કઇ કરવા માગતો નથી હવે આપણે છુટા પડવાનો વખત આવ્યો છે હુ મરવા જાઉં છુ અને તમે જીવવા જાવ છો. મ્હારો માર્ગ સારો છે કે આપનો એ વાતના, તે તો પ્રભુ જાણે છે!"

મોનોમન મરણ અને પગ્નોન વિષે કહે છે કે સદાચારી મનુષ્યોના આત્મા પ્રભુને ખોળે રહે છે એમને કોઇ વાતનુ દુ ખ થતુ નથી

અજ્ઞાની મનુષ્યોને મન મોત એ જાણે મ્હોટી આફત જેવુ, અથવા મરણથી થતો વિયોગ એ તો સર્વ પ્રકારનો નાશ હોય એવુ પણ એમ છે જ નહી મરણ પછી શાન્તિ મળે છે માણસના મનથી મોત એ ભલે મ્હોટી સજા હશે, પણ મરણ પછી તો અમરત્વ પ્રાપ્ત થાય છે પ્રભુ સ્હેજ સજા કરીને એમને પોતાના વાસના અધિકારી બનાવે છે મરણ વખતે જો અન્તઃકરણ શાન્ત હોય તો મનમા કોઈ પ્રકારનો ખેદ કરવા જેવુ નથી ભવિષ્ય અધકારમય છે ખરૂ પણ આશા અમર છે ” સસારની ધમાચકડી પછી શાન્તિ મળતી હોય અને જ્યા દુષ્ટ લોકો આપણને હેરાનગતિ ના પહોંચાડી શકે અને જ્યા થાકેલા ને આરામ મળે તો ત્યા ઘણા માણસો મોતને જરૂર કહે કે " તમે ભલે પધાર્યા " યમ ભય ર [illegible] લાગે કલ્યાણમય દેખાય જેટલે ઘણા માણસો મોતને કહી શકે કે,

" અરે! મોત ક્યા છે ત્હારો ડખ ? અરે સ્મશાન ક્યા ગયો ત્હારો જયનાદ ?"

નમ્ર ભાવે અને શ્રદ્ધાથી કલ્યાણમય અને સર્વશક્તિમાન પ્રભુ ઉપર વિશ્વાસ રાખીને આપણે નવી ભૂમિમા પ્રવેશ કરવો જોઈએ જરૂર આશા રાખવા જેવુ છે કે આ જગતના સુખ અને આનન્દ કરતાયે જે આનન્દ અને શાન્તિ અનન્ત ધામમા મળશે તે બહુ જ ઉચ્ચ પ્રકારના હોવા જોઇએ

કવિવર રવિન્દ્રનાથ ટાગોરે મૃત્યુ સમયે કેટલાક કાવ્યો લખ્યા છે તેમાનુ એક બંગાળીમા નીચે પ્રમાણે છે —

' મરણ જે દિન દિનેર શેષે આસબે તોમાર દુયારે
સે દિન તુમિ કિ ધન દિબે উहारे ?
ভরা আমার পরাণ খানী, সন্মুখে তার দিব আনি,
শূন্য বিদায় করব না তো उहारे–
મરણ જે દિન আসবে আমার દુયારે!
કત শরত্ বসন্ত রাত, কত সন্ধ্যা, কত প্রভাত
জীবন পাত্রে কত যে রস ঢেলে
કતই ফলে কতই ফুলে, হৃদয় আমার ভরি তুলে
દુ ખ સુખેર আলো ছায়ার পরশে!"
ના কিছু মোর সঞ্চিত ધન, এত দিনের সব আয়োজন।
চরম দিনে সাজিয়ে દિব উহারে
મરણ જે দিন আসবে আমার দুয়ারে–

"તમારા દિવસો–જીદગીની આખરે જે ક્હાડે તમારે બારણે મૃત્યુ આવીને ઉભુ રહેશે તે દહાડે ત્હમે તેને શુ (ધન) આપશો ? મારો આખો–બધો–પ્રાણ ત્હેના આગળ ધરીશ–જે

જ્યહા મૃત્યુ માર મારશે આવે તે વ્હારે ર્હેાે ખાલી હાથે નહી ડાટુ વસન્ત તથા શરદની રાત્રિઓ, સધ્યા, પ્રભાત વગેરે સમયે ભોગવેલા સુખ જીવનરૂપી પાત્રમા જે જે રસ ભર્યો છે તે, કેટલા ફળ, કેટલા ફૂલ, તેમ દુ ખ સુખના ત ા જ ાનો અનુભવ લીધેલુ મારૂ ઉગુ આવેલું હ ૫ મ્હારૂ સઘી ગણેલુ જે ધન છે તે, આટલા દિવસમા મેળવેલુ સર્વસ્વ, છે તે દિવસે જ્યારે મરણ મ્હારે બારણે આવે ત્યારે ત્હેની સમક્ષ ધરી દઇશ ' વળી બીજા એક કાવ્યમા 'મરણ આમાર મરણ તુમી ક્હો અમારે કથા તેમા કવિ કહે છે કે,

' અરે મારી જીદગીની આખરી પરિપૂર્ણતારૂપ મ ણ ! મ્હારા મરણ ! તુ મને એક વાત કહે જ્યારે જીવનમા સુખમય ૫ ત્યારે કરુણાધારારૂપે તમ આવો, જ્યારે જીવનનુ સઘળુ માધુર્ય શોષાઇ જાય જડે નહીં ત્યારે તમે ગીતસુધારસરૂપે આવો ! જે સીમા વાળુ છે, તેમા માત્ર અસીમ–સીમા વગ નો તુ છે, (માટે) તારા મૃ ન ન ભ્યામા અમારીવચ્ચે તારા પ્રકાશ ઘણો મધુર લાગે છે

કઠોપનિષદમા યમ અને નચિકેતાનો સવાદ છે નચિકેતા ખુ મૃત્યુને–યમને પૂછે છે કે મૃત્યુના વિષય જણાવા ઇચ્છુ છુ મોત એ શુ છે તે મ્હને ક્હો જે પરલોક વિષયમા અમોને સદેહ છે, તે મહાન પરલોકમાં જે ગૂઢ તત્વ છે અને જે જ્ઞાન મેળવવાથી પ લોક સ્પષ્ટ પ્રકાશિત થવાની સભાવના છે તેનાથી બીજુ વરદાન મ્હારે જોઇતુ નથી યમ જવાબ આપે છે કે શ્રેય (ભગવ) તથા પ્રેય (સુખદાયક) એ બીજાથી ભિન્ન છે જે જુદા રૂપથી પુરુષને બાધી રાખે છે જે આ બેમાથી શ્રેયને ગ્રહણ કરે છે ત … હૂર થાય છે શ્રેય અને પ્રેય મનુષ્યનો આશ્રય કરે છે જ્ઞાની માણસ બેમાથી લેવ … મ કરે છે જ્ઞાની માણસ પ્રેયના કરતા શ્રેયને (ઉત્તમ ગણીને) … મદિના માણસો નહીં લેવા યોગ્ય લઇને અને લેવા યોગ્ય … ર કર્યા વગર પ્રેયને વળગે છે

… તથા બધી ભવ્ય વસ્તુઓનુ અભિલષણ તથા અભ્યાગપણ … ેા ત્યાગ કર્યો છે અને આ પૈસાનો માર્ગ જેથી ઘણાક … અવિદ્યા (જે પ્રેમ તરફ લઈ જાય છે તે) અને વિદ્યા … ત છે હું નચિકેતાને વિદ્યાનો પ્રાર્થી સમજુ છુ તુ … ઘણી કામ્ય વસ્તુઓ પણ આ માગથી દૂર કરી … દ્રથી પ્રેરાયલો, તથા જે અવિવેકી છે એવાની … જ્ઞાન પ્રકાશિત થતુ નથી એવાને મન તો કેવળ … ાે તે વારવાર મ્હારે (મૃત્યુ) તાબે થાય છે XXX '

… લાલ ઝવેરીના લેખમાથી વસત ૧૯૧૨ ના આષા ના

| ત્રિપાઠી એન્ડ કપની, મુબાઈ

"તમે જે આત્મજ્ઞાન મેળવ્યુ છે તે તર્કથી મળતુ નથી હે પ્રિયતમ! ×× તમે ખરેખર સ્થિર સંકલ્પના માણસ છો! ×× જ્ઞાનવાન આત્માનો જન્મ નથી મરણ નથી ×× એ અજ, નિત્ય, શાશ્વત, અને પુરાતન છે શરીરનો નાશ થવાથી પણ નાશ પામતો નથી સૂક્ષ્મથી સૂક્ષ્મ, તથા મહત્‌થી મહાન આત્મા પ્રાણીઓના હૃદયમા રહે છે મન આદિ ઇન્દ્રિયોની પ્રસન્નાવસ્થા થયાથી આત્માનો મહિમા જોવાય છે? અનિત્ય શરીરમા રહેલ-(વસ્તુત) અશરિરી, મહત્ અને સર્વવ્યાપી આત્માને જાણીને જ્ઞાની માણસ શોક કરતો નથી આ આત્મા વેદાધ્યયન અથવા મેધા(ગ્રંથોના અર્થ ધારણ કરવાની શકિત)થી અથવા બહુ શાસ્ત્રજ્ઞાનથી મેળવાતો નથી એ (અર્થાત પરમાત્મા) આત્મદર્શનાર્થ યત્ન કરે છે એનાથી એ મેળવાય છે તેની આગળ તે પોતાનુ શરીર પ્રકાશ કરે છે દુશ્ચરિતમા તત્પર, અશાન્ત અસમાહિત અથવા અશાન્ત માણસ જ્ઞાનથી પણ એને (આત્માને) મેળવતો નથી આત્માને રથી, શરીરને રથ, બુદ્ધિને સારથી અને મનને લગામ તરીકે જાણો ××'

જે વિવેકી છે, સમાહિત મનનો તથા શુદ્ધ છે કેવળ તે તે પદને મેળવે છે-જેથી ફરી જન્મ લેવો પડતો નથી વિજ્ઞાન જેનો સારથી છે અને મન જેને વશ રાખવાવાળો છે તે અસારથી પર એવુ વિષ્ણુનુ (એટલે સર્વવ્યાપી પરબ્રહ્મનુ) પરમ પદ મેળવે છે

આ આત્મા સર્વ ભૂતમા છુપો છે, જોઇ શકાતો નથી પરન્તુ સૂક્ષ્મદર્શીઓ તેને તીક્ષ્ણ તથા સૂક્ષ્મ બુદ્ધિથી જુવે છે ××× તેને જાણીને સાધક મૃત્યુમુખથી છુટે છે ×× આ શરીરમાનો દશ્યમાન આત્મા દેહથી વિમુક્ત થવાથી એમા (દેહમા) બીજુ શુ બાકી રહે છે? એ જ તે-આત્મા-રહે છે×× એનુ રૂપ દર્શનનો વિષય થતો નથી કોઈ તેને આખથી જોઈ શકતો નથી હૃદયમા જ્યારે સંશયનો નાશ થાય છે ત્યારે તે પ્રકાશિત થાય છે-જેઓ તેને જાણે છે તે અમર થાય છે વગેરે—"

પછી નચિકેતા મૃત્યુએ કહેલી આ અને બીજી દરેક વિદ્યા મેળવીને બ્રહ્મ પ્રાપ્ત કરીને રજોગુણ વિનાનો તથા અમર થયો બીજા જે માણસ આવી આત્મવિદ્યા મેળવશે તે પણ અમર થશે

છેવટમા "**સ્મરણસંહિતા**" માથી ગુજરાતના પૂજ્ય કવિ નરસિંહરાવ ભોળાનાથનુ નીચેનુ સુન્દર કાવ્ય ગાઇ આપણે મૃત્યુની બ્હીક સદાને માટે છોડી દઇશુ કાવ્યદૃષ્ટિથી મૃત્યુ મંગળમય લાગે છે તે આપણે જોયુ તત્ત્વદૃષ્ટિથી અમરત્વ મેળવી શકાય છે તે પણ જોયુ અને છેવટે ખાત્રી થાય છે, કે મૃત્યુ એટલે નાશ-એવુ તો કંઇ છે જ નહીં-મૃત્યુ હવે આપણી સામાન્ય બુદ્ધિને જેવુ લાગતુ હતુ તેવુ છે જ નહીં એક અર્થમા મૃત્યુ જ જ્ઞાનદૃષ્ટિ થયા પછી મરી જાય છે એટલે હવે નીરાંત થઈ

" ઉડી ગયો ભ્રમ, ભાર ગયો મમ,
મન નિર્મળુ થયુ રે લોલ,
તિમિરે જનમ્યુ તિમિર જતા ક્ષયુ
મૃત્યુ મરી ગયુ રે લોલ— (૧)

ચોગમ નાખી નજર નિહાળુ હું—
મત્યુ ક્યહાં ગયુ રે વ્હેન ?
માયા દેહ વગર્તુ એહ જ
મૃત્યુ મરી ગયુ રે વ્હેન— (૨)
દીઠુ જીવન તત્ત્વ સનાતન,
સત્યપ્રકાશિયુ રે વ્હેન,
અમરપણુ પ્રગટ્યુ પછી તત્ક્ષણ
મત્યુ મરી ગયુ રે વ્હેન— (૩)
જીવનપર જીવન એ એક
અખન્ડ પ્રવાહ છે રે વ્હેન,
રૂપ બદલતુ જીવન તે પર—
જીવનમા વસે રે વ્હેન (૪)
જીવન જ્યોતિ ફર નિહાળુ
જગોજગ રેલિયુ રે વ્હેન
જોતા દિવ્ય નયનથી નિશ્ચય
મૃત્યુ મરી ગયુ રે વ્હેન (૫)

હકીકત બધી આમ છે!!!

લેખ. -રા. છોટાલાલ દાહ્યાભાઇ જાગીરદાર.

હુ જાગી ઉઠ્યો-' દૂધ રૂપિયા દશ આણે ડીઝલ શાક દશ આણે ગી-આ-વે-ન તે-ઇ-ન-વા-આ-સ-ને-જ"-ના કર્કશ ધ્વનિ કરી અથડાતા, હુ ઝબકીને જાગી ઉઠ્યો. પ્રભાતની શીતળ લહેર અને મરિન્ડ્રાઇવ ઉપરના તાપમાપક યંત્રનો પારો, મિશ્ર નિદ્રામાં અવરોધ થતા, એટલી હદે પહોંચ્યો કે એક છલાંગ મારી પથારીમાંથી ઉઠતા મને પ્રથમ વિચાર આવ્યો. તે એ હતો કે એ સજાતના દીન, તેને ઘાસનેટના ફેરીઆને નીચે ઉતરી થોડોએક "માહી મનો હનવો" ચમાર પણ જવા દે રે છતા! એમ કરતા કદાચ એ પણ સ્હામો વિવેક કરવા ઉતરી પડે તો વિના કારણ એવી નિર્જીવ બાબત છેક ઇસ્વી સનના-વિક્રમ સંવત્-અઢારસો ને સત્તાવનના બળવા જેવુ ગમ્ભીર સ્વરૂપ ધારણ કરે ધારી, ઉત્પન્ન થયેલા ઉપર્યુક્ત વિચારને મસ્તકના એક ખૂણામા દાબી દીધો, અને દતધાવન કુરસદે કરવુ રાખી "થરમોસ"મા ભરેલી ગરમ ગરમ ચ્હા પી, મુખ પ્રક્ષાલની "નાપકીન"થી લુછી નાખ્યુ અને જ્યા મેકોપોલોની ચીરૂટમાથી વાસની સળી કહાડી ચીરૂટને જરા ટેરવેથી દબાવી સળગાવુ છુ ત્યા—

"હા, સારૂ યાદ આવ્યુ આજ તો આપણા ભીમાભાઇને વીમા બાબતની સમજ આપવા જવાનુ 'એપોઇન્ટમેન્ટ' છે! દી-દી-દી-દીકરા ઘાસનેટના ફેરીઆ! જેવી તે આજે મ્હારા જીવનમા ખુશખબર પસરાવી છે તેવી તારા જીવનમા ખુશાલી પસરજો!"

આશીર્વાદ સારી, ચીરૂટ સળગાવી, હું જરા આરામ ખુરશીપર આડો પડ્યો ચીરૂટના ધૂમ ગોટા ગુચળુ વળતે વળતે બહિરાકાશ ગમન કુચ કરતા હતા તે જ સમયે મ્હારા વિચાર-સાગરની છોળો અંતરાકાશને ભીંજવવાને મન્થન કરી રહી હતી ચીરૂટની પૂર્ણાહુતિ સાથે જ વિચારમાળાનો મેર આવ્યો અને હુ ઉઠ્યો સ્નાન સંધ્યા કરવાનો અવકાશ તો નહિ જ હતો તોયે મ્હારા "હાથની ધરતી" "માઇ ડીઅર લીલી" મળે તો વહેમીનુ ઝાડ તેમા વળી આપણા સ્વાર્થી શાસ્ત્રકારો તેમ જ "બ્રાહ્મણોએ"એ આવા આવા લફરાઓ હિંદુ શાસ્ત્રોમા ઘોચી ઘાલી હિંદુઓમા-ખાસ કરી-હિંદુ બૈરાઓમા-તેમા પણ ખસુસ કરી "માઇ ડીઅર લીલી"મા વહેમના બીજ એટલી હદ સુધી વાળી દીધેલા કે સ્નાન સંધ્યા વગર જમવા બેસવુ અને ઢીંગના ઝાડને ઠીક ખાધા વના હનાવે જવુ એ ઉભય સમાન હતું છતાયે "*no risk, no gain* —"બક્ષ બીન નફો નહિ—" એ સૂત્રાનુસાર સ્નાન સંધ્યા વગર જમવા બેસવાનો એક ભગીરથ પ્રયત્ન કરવાનો મેં આજે નિશ્ચય કર્યો

"લી-લી-લી-ડીઅર-"

"હું સમજી! ચલુ હજી દાળ ચ્હડી નથી ભાત થવાનો છે અને દાળ રોટલી તો આપણે રાખવા જ નથી કે છેવટે તમે રોટલી ને અથાણુ ખાઈ બહાર સીધાવી શકો!"

હી-હી-હી-મ્હારા વ્હાનાએ હજી સ્નાન પણ કર્યું નથી તેમ માળાએ ફરવી નથી! આટલું કરશો એટલામાં રસોઇ તો આમ થઈ જશે "

" પણ ડીઅર, તને ખબર છે કે આ સ્નાનસંધ્યાના નફરાને લીધે મ્હારો કેટલો બધો વખત વ્યય જાય છે, અને તેથી આપણી આવક ઉપર કેટલો બધો કાપ પડે છે ? " -

પણ બધી સમજાવટ વ્યર્થ હિંદુસ્થાન નિર્ધન કેમ નહિ રહે ? યુરોપના સુધરેલા દેશો તરફ દષ્ટિ દોડાવો જ્યાં ઉદ્યમ છે ત્યાં લક્ષ્મી છે હિંદુસ્તાનના વેદાન્તિ ધર્મોએ પર લોકની વાતોનાં ગપ્પાઓ મારી હિંદુઓને એટલાં બધા વહેમી, આળસુ અને જડ જેવા બનાવી દીધા છે કે બસ કૂડો ન વાત! અને આ અભણ હિંદુ સ્ત્રીઓ! યુરોપની મડમો જેવી વિદ્યાળ હ્મપની, ઉદ્યમી અને ચમરાક ક્યારે થશે ? અહહહા! મ્હારા જેવા રત્નો હજી હિંદુસ્થાનના સદ્ભાગ્યે છવે છે તો તે આગલુએ ટકી રહ્યું છે, નહિ તો તેનું શું થતે, એ વિચાર આવતાં જ કમ્પારી છૂટે છે!

હકીકત બધી આમ છે કે હું મોટાની એક વીમા કમ્પનીનો આડતીયો હતો લોકો કહે છે કે વીમાની આડતના ધંધામાં મુડીની આવશ્યકતા નથી પણ અનુભવ એમ કહે છે કે આ ધંધો ધણો સફળતાથી ચલાવવા માટે થોડી ઘણી મુડી પાસે હોવી જોઇએ, એટલું જ નહિ પણ કેટલીએક ખરચાળ ટેવો પણ પાડવી જોઈએ હોમ કમ્પનીમાં રીવાજવેનો સુટ, એકેમ ચાઈનાના શર્ટ, હેટ અને બુટ, વ્હાઈટવેના મેન્ટ અને ઇવન્સ ફ્રેઝર કે એસ્કવીથ એન્ડ લોર્ડની બાબ સાફ સટર પટર ઇત્યાદિ વીમાના આડતીયાની મુડી હોવી જોઇએ તેણે મેનનજીની બીરાદરનું આઇસક્રીમ કે વ્હા ખાનાપીના લીખનું જોઇએ સીગાર સીગારેટ પીવાની ટેવ પાડવી જોઇએ. એમ મોટા શેઠીઆઓને ત્યાંની નિમંત્રણપત્રિકાઓ પોતાને આવે એવો પ્રબંધ કરવો જોઇએ ટાઈમ્સમાં, ક્રોનીકલમાં કે બીજા વર્તમાનપત્રમાં કોઈ શેઠીઆને ત્યાં ઉઠમણાની ખબર વાંચી તરત ત્યાં ખરખરો કરવા પહોંચી જવું જોઇએ પ્રત્યેક નાની મોટી ક્લબોના સભ્ય થવું જોઇએ આ તેમ જ આવી અનેક ઉપાધિઓ વીમા કમ્પનીના આડતીયાએ વ્હોરવી જોઇએ આમ હોય તો જ વીમાની આડતનો ધંધો ચાલી શકે એમ મ્હારૂં કહેવું નથી, પણ એ ધંધો **સફળતાથી** ચલાવવા માટે તો આ ઉપાધિઓની અનિવાર્ય અગત્ય છે, એમ મ્હારૂં નિશ્ચિત મત છે. આમાં પણ ફરકસર કરવા ધારીએ તો કરી શકીએ ઉદાહરણ તરીકે ધારો કે જોધપુરમાં એકાદ "અમ્બર હનવાન" આપણા ઝપાટામાં આવે એવો સંભવ હોવાથી આપણે અહીંથી જોધપુર ઉપડવાનું છે હવે મારવાડ સુધી તો આપણે સાદા પોશાકમાં "ધાનીઆ ક્લાસ" ઉર્ફે ત્રીજા વર્ગના ડબ્બામાં યાત્રા કરીએ તો ચાલી શકે કદાચ કોઈ ઓળખાણવાળો ગાડીમાં મળી ગયો તો તરત જ તેની આગળ ગજેથી ગાંધીજીના સાદાઈના નિયમોની પ્રસંશા કરી તેના મન જ પર ઠસાવવું કે આપણામાં પણ ત્યાંક ત્યાંક એવા મહાત્માઓનો ગુણ આવિર્ભાવને પામ્યો છે! 'મારવા જંકશન" થી સાદાઈ છોડી પેન્ટ કોટ ને હેટ ચ્હડાવી, પહેલા

વર્ગના ડબ્બામા બેસી જોધપુર પહોચવુ આમા બે લાભ છે અર્થશાસ્ત્રના સિદ્ધાંતાનુસાર કરકસર થાય તે એક અને બીજો એક જોધપુરના સ્ટેશનપર આપણી તેડવા આવેલા ગૃહસ્થ ઉપર એમ છાપ બેસે કે જે વીમા કંપનીનો આડતીયો મુંબાઈથી જોધપુર સુધી "ફર્સ્ટ ક્લાસ"મા મુસાફરી કરી શકે તે વીમા કંપનીના ભાગ્ય જ પાધરા કહાડે!

બીજુ જાહેરમા આપણે "ફ્લોર ડી એરીઅન્ટ" કે કોઈ બે આનાની એક વાળી સીગાર કે શીગારેટ પીતા હઈએ તો ખાનગીમા આપણે "દીકરીઓ દહા" વાળી સ્વદેશી બીડીથી ચલાવી લઇ શકીએ આમા પણ કરકસર અને સ્વદેશી માલને ઉત્તેજન, એમ બે લાભો સ્પષ્ટ છે આવા માયલીને કરકસર કરનાના અનેક માર્ગોમાથી આ બે વાચનાર વ્હાલાની પનાહમા ધરૂ છુ કોઈ પણ જન આનો લાભ લેશે તો કરકસરની દિશા દર્શાવનારી આ સુચનાઓને માટે લીધેલો મ્હારો શ્રમ સફળ થશે બાકી મ્હારો તો ભાઇ એ નિયમ જ છે કે '*Do good and throw it on the road* હવે માત્ર એક જ વસ્તુનુ સ્પષ્ટીકરણ કરવુ શેષ રહ્યુ આટલી બધી લાગણી ધરાવનાર મ્હારા જેવા વીમાના આડતીયાને એક સાધારણ અભણ હિંદુ માયડીયો દમાદને શા માટે ચલાવવુ પડતુ હશે, એમ વાચનાર વ્હાલાને સહજ તર્ક થશે પણ હકીકત બધી આમ છે કે વર ધાગી સગુન બાબચાને એક દિવસે મિસીસ પોતાના ગોરાડી હાથે જનમનગરી અલદીઆ ચખાડતા હતા તેને છોડવા નવ્ય પડતા એકાદ અડદીઉ મને પણ મળેલુ તેના સ્વાદનુ વિસ્મરણ મ્હારા દાંતોને અદ્યપિ પર્યંત થયુ નથી સ્વભાવમા શાન્તિ રાખ્યા સિવાય આધ્યાત્મિક વિષયોમા જેમ આગળ વધાતું નથી તેમ આવી આવી આધિભૌતિક બાબતોમા પણ શાન્તિ રાખવાના અનેક લાભો મે અનુભવ્યા છે તેથી-તેથી જ-હુ અહર્નિશ "માઈ ડીઅર લીલી" સાથે આવા પ્રસંગોમા શાન્તિથી વર્તુ છુ.

આખરે નાહી ધોઇ કુવામાથી દોરડા વડે પાણી ખેંચતો હઉં તેમ માળા ફેરવી ઉંચે જવે જેમ તેમ જમી લીધુ જમીને તરત જ તુગડા પહેરી મોમા ચીરોટ દાખી હુ નીચે ઉતર્યો અને એક ભાડુતી વિકટોરીઆવાળાને બોલાવ્યો વિકટોરીઆના એક ખુણામા દમાઈ ટાંટીઆને સ્હામી બેઠક તરફ લબાવી હુ બેરો-મનકે સૂતો એટલે "વિકટોરીઆવાળા"ની ચાબુકના ચારપાંચ ઝપાટા અરબ્બી ઘોડાપર ઉતરી પડતા તેજ ઘોડાએ પડતુ મુકયુ—ચાલતુ મૂકયુ

× × × × ×

"શેઠ શ્હામ કાને?"
"આપના નામ"

મેં ઝટ ખીસામાથી મ્હારા નામનુ કાર્ડ કહાડી નોકરના હાથમા મૂકયુ, તે લઈ ધાગી અંદર ગયો જવાબમા—

"ઓહો! આવો આવો મિ વિમાદલાલ" એમ આવકાર આપતા શેઠ ખીમચંદભાઇ મ્હારો હાથ પકડીને મને અંદર લઈ ગયા દીવાનખાનામા ગોઠવેલા વીલ્બીજ તે જોન શેમ-

દેસના ફુગ્નીચરપરથી ગેર પાસે હી; ચીજો। હવે એમ સહજ અનુમાન થઈ શકે ગમે તેમ પણ મ્હારો આત્મા સતોષાયો

"કેમ શેઠ, પૈના વીમાની બાબતમા આવ્યા છો ને ?"

"હાજી" મેં જવાબ દીધો

"હી-ઈ-ઈ મને તેની, ॥ નથી પણ એક બાબત ત ર મ્હારે તમારૂં ખાસ ધ્યાન ખેંચવુ જોઇએ હકીકત બધી આમ છે કે મને મ્હારો વીમો ઉતા ના માટે ઘણો જ અભાવ છે ઘણી વીમા કમ્પનીના એજન્ટો મ્હારી પાસે આવી ગયા તેઓને ૯ એ બીના સ્પષ્ટ જણા વતો હતો તેમ તમને પણ જણાવુ છુ વ્તા-થીમો મ્હ રૂ કહેવુ પૂરેપૂરૂ સાભળો પછી તમારે જે બોલવુ હોય તે બોલજો-બતા જે કોઇ એજન્ટ વીમો ઉતરાવવામા ઘણો જ લાભ છે, એમ મને ખાત્રીપૂર્વક સમજાવી શકે તેની પાસે વિના વાજમાવવા ખાતર, મ્હારી જીદગીનો પચાસ હજારનો વીમો ઉતરાવવાો મ્હારો નિશ્ચય છે

પચાસ હજારનો વીમો! બાપ રે, મ્હારૂ મો તો પાણી પાણી થઈ ગયુ

"એ શરત મ્હારે કબૂલ છે આપણા વ્યાસજી જૈમિની પાણિનીના સમયમા આ વીમા સમ્બન્ધી જરા પણ માહિતી હોત તો આયુર્વેદના પ્રથમ પ્રકરણો આ વીમા શાસ્ત્રના સિદ્ધાંતોથી શોભી રહ્યા હોત અફસોસ--'

"ઉં! અફસોસની વાતો નહિ કરવા, મને દારરસ જ પસદ છે'

મને લાગુ હતુ કે મ્હાન મોમાથી વ્યાસજી, જૈમિની, પાણિની ને આયુર્વેદના નામો નીકળતા જોઈ શેઠને મ્હારી સમજવવાની કળાને માટે સારો અભિપ્રાય બંધી જશે, પરન્તુ અપશોષ--

"હુ બહુ શાન્ત મગજનો માણસ છુ તમારે વીમા સમ્બન્ધી મને જે કાંઇ કહેવુ હોય તે બેનાશક કહેજો મ્હારૂ અગત્યનુ કામ હશે તો તે પણ મૂકી દઇ તમારૂં કહેવુ હુ ધ્યાનપૂર્વક સાંભળીશ શરત માત્ર એટલી જ કે વીમાના ફાયદા સમ ધમા મ્હારી પૂરેપૂરી ખાત્રી થવી જોઇએ મ્હારી "ફમીલી હીસ્ટરી" બહુ સારી છે પિતાશ્રીનુ અવસાન નેવુ વર્ષની વયે થયુ મ્હારા નેવ્યાશી વર્ષના માતુશ્રી હજી હૈયાત છે હુ પોતે તન્દુરસ્ત છુ મોટા ભાઈ તથા બ્હેનો બધા સહીસલામત છે પૂછો બીજુ જે પૂછવુ હોય તો પૂછો"

"મ્હારે કાંઈ પૂછવાનુ નથી પણ આપ જો આપનો પચાસ હજારને બદલે એક લાખનો વીમો ઉતરાવો તો તેમા વળી વધુ લાભ છે"

,"લાભ તો મ્હારે જોઇએ જ છીએ માત્ર એ બીના તમે મને સમજાવો એટલી વાર લાખનો તો શુ કદાચ સવા લાખનો વીમો હું ઉતરાવુ'

એમ બનાગ મારી હુ ઉભો થયો!

" ઠીક, જો આજે તો હું રજા લઉ છુ આવતી કાલે આપને અનુકૂળ પડતે વખતે તથા સ્થળે હુ વીમા સબંધી સાહિત્યના પુસ્તકો લઇને આવીશ "

" જરૂર જરૂર તમે સ્હવારના કોઇ પણ વખતે આ સ્થળે આવશો તો હુ મળીશ ચાલો સાહેબજી ! હુ તમને ફતેહ ઇચ્છુ છુ "

" તમારા મોમા સાહેબ ચીરોટ—અરે સાકર " મે જતા જતા કહ્યુ

બીજે દિને વીમા સબન્ધી સાહિત્યના જેટલાં પુસ્તકો મળી શકે તેટલા ખરીદી તેને એક લિમ્રેરીઆમા ખડકી હુ ખીમચન્દશાને ત્યા ગયો. ત્યારે ભાગ્યે એ શેઠ અંગ્રેજીમા "ભણેલ" હોવાથી એમના પ્રત્યેક પ્રશ્નોના પ્રત્યુત્તર મ્હોઢેથી આપી તરત એકાદ વીમાનુ પુસ્તક હાથમા લઇ, મ્હાન કહેવાના ટેકામા એકાદ અગ્રેજી વાક્ય વાચી જતો આમ કોઈ દિવસ વીમા-સબન્ધી તો કોઈ દિવસ બીજી વાતોમા મ્હારાપર મ્હારા વ્યતીત થતા ગયા બરાબર એક માસ પછી મને પોતાને એમ લાગ્યુ કે શેઠજી હવે તેરેપુરા વ્હટી ચૂક્યા છે એટલે ખાત્રી કરવા મે એક દાણો ચાપી જોયો

" મ્હારી ખાત્રી છે કે શેઠજીને વીમાના ફાયદાઓને માટે હવે લેશ માત્ર પણ શકા રહી નહિ હોય " મે પૂછ્યુ

" શકા ? બિલકુલ જ નહિ. " શેઠે જવાબ દીધો

મ્હારી છાતી ગજગજ ઉછળતી હતી ઉત્સાહમા શેઠને મે મ્હારે ત્યા જમવા આવવાનુ આમત્રણ દીધુ "આજે જ વીમો ઉતારવો" એમ કહેવાથી કદાચ શેઠજી પોતાની હાર થયાની સમજી વકાઈ જાય તેથી એ બાબત ભોજન પછી કાઢવાનો મે સંકેત કીધો કારણ કે કોઈ પણ પ્રકારની આડત ન ધરાવવામા તો મનુષ્યા " અમર આશા છુપાઇ છે " ને સ્થાને " હજારો, નાઇ આશામા, નિરાશાઓ છુપાઇ છે ! "

શેઠજીની વ્યાહોજનાની વગેરેની પ્રશંસા મે " માઇ ડીઅર લીની " આગળ એવી તો કરેલી કે " ડીઅરે " " દૂધપાક પૂરી ને તલની દાળ"નુ જમણ તૈયાર કરવાની ઘણી ખુશીથી હા પાડી વીમા સબન્ધી વાત જમતા જમતા કરવાનો મ્હારો વિચાર નહિ હતો છતાં જમી ઉઠ્યા પછી વાતની શરૂઆત કરી નકાર નેત ઉપેક્ષાન કરે મે પોતવાનો મ્હારો વિચાર થયો

" શેઠજી ! મે આપને વીમાની ખરી ખુબીઓ સબન્ધી તો હજી કાઈ જ કહ્યુ નથી—" પણ એટલામા ગજે અન્તરાસા આવતા એક ખોખાર મારી મ પાણી પીવુ

"આપણે જમી ઉઠીએ, પછી એ બધી ખુબીઓ વિગતવાર સમજાવજો તમારી સમજાવવાની છટાથી મસ હુ ફીફ થઇ ગયો હુ આજના બધા વીમાના એજન્ટો આવી ગયા પણ બધા તમારા આગળ પોચસ છે!" ખીમચ શા દૂધપાકનો કડો માગતા બોલ્યા

મેં અભિમ નથી "મા [ડીઅર લીની' તરફ જોયુ "ડીઅરે" મો મય યુ અર્ધશરીઆ દુધપાકનો વાટકો પાચમી વાર ખલાસ થતા મેં ત્રીજી વાર લેવાનો આગ્રહ કીધો પણ "દુધપાક હવે વઈ જ્યા" એમ અંગુઠાના અણસારે અને નયનોના પલકાર ડીઅર લીનીએ મને સમજાવ્યુ એટલે મેં આગ્રહ વધાર લંબા વ્યો નહિ. જમી ઉઠી મુખવાસ કરી મોંમા બીડી શેટ સાથે નાખી એક આરામખુરશીપર લંબાયા અને ધુમાડાનો એક ગોટો કહાડી બોલ્યા "હવે ભાઈ! તમે તમારી પૈસી માટી રહેલી વીમાની ખુબીઓ સમજાવો

"સાંભળો શેઠ! વીમો ઉતરાવવામા બે ફાયદા છે વીમા કમ્પનીઓ હમેશ પોતાના ગ્રાહકો દીર્ઘાયુષ્ય ભોગવે એમ ઈચ્છે છે અને માનસશાસ્ત્રના નિયમાનુસાર કમ્પનીની સમસ્ત ઈચ્છાનો પ્રવાહ આપ ના આયુષ્યમા વૃદ્ધિ કરે જ કરે અને આ તો દેખીતુ છે કે આપણે જેમ વધારે જીવીએ તેમ વધુ પૈસા એકઠા કરી શકીએ એક તો એ લાભ અને ન કરે નારાયણ ને આપણે ધર્મી ગયા તો આપણા વીમાના પૈસા આપણા છોકરાઓને મળતા આપણા મરણથી તેઓને લાભ અને તેઓને લાભ તે આપણને લાભ કારણ આપણે ધન ઉપાર્જન કરીએ છીએ તે કોને માટે? ટુકામા વીમો ઉતરાવવાથી જીવે પણ લાભ અને મૂવે પણ લાભ!"

"અરેરેચી! હકીકત બધી આમ છે કે? જીવે પણ લાભ અને મૂવે પણ લાભ?"

"વીમાની એ તો ખુબી છે!" મેં છાતી કુલાવી કહ્યુ ત્યારે તો માફ કરજે સાહેબ! મ્હારે વીમો ઉતરાવવો નથી "

હૈં એં! શુ હેં! કુ-એ-મ!'

' મેં તમને પ્રથમથી જ ચેતાવ્યા હતા કે વીમા તરફ મને અભાવ છે કારણ આ સસાર દુ:ખથી ભરેલો છે અને હું સસારના દુ:ખોથી એટલો કંટાળી ગયો છુ કે તમારા કહેવા મુજબ તમારી વીમા કમ્પનીઓના આશિર્વાદથી 'માનસ શાસ્ત્રના નિયમાનુસાર' હું વધુ જીવુ તો મ્હારે વધારે દુઃખ ભોગવવુ પડે કદાચ 'ન કરે નારાયણ' ને હું ધર્મી જાઉં તો તો પાછળ છૈયાછોકરા નહિ હોવાથી સગાવહાલાઓ, મ્હારા પૈસાને માટે લડી મરે, અને તેમા જે હારે તે મ્હારા મૂવા આત્માને, શ્રાપ દે અને તેથી પરલોકમા હું દુઃખી થાઉં અને જે જીતે તે તો એમ જ સમજે કે પૈસો એને નસીબે આપ્યો તેથી આશિર્વાદ આપે નહિ આમ આ લોક પણ બગડે તેમ પરલોક પણ બગડે! ટુકામા વીમો ઉતરાવવાથી જીવે પણ ગેરલાભ તેમ મૂવે પણ ગેરલાભ "

ખામચન્દશાની આ સુરીયાની દલીલ સાભળી હું તો એવો ઠંડો થઈ ગયો કે આગળ શુ બોલવુ તેની મને સમજ પડી નહિ શેઠજી કપડા પહેરતે પહેરતે બોલ્યા "મેં તમને ઘણી તસ્દી આપી હું પોતે વીમો ઉતરાવી શકતો નથી પણ તમે નિરાશ નહિ થાઓ માટે હું તમને મ્હારા મિત્ર મિ. ખખડાવકર સાથે ઓળખાણ કરાવી આપીશ, તે જરૂર વીમો ઉતરાવશે. જીવન લહેરી છે ખાધે પીધે પણ શોખીન છે અને એને ખુશ રાખશો તો એ જરૂર લાખ

બે લાખનો વીમો ઉતરાવને તમે તસ્દી લેશો નહિ હુ જ એને અહીં આ લઈ આવીશ ચાનો સાહેબજી!"

આ મિ વડગશકરને વેગલાવવાની હા કહેવી કે ના કહેવી તેનો હજી હુ વિચાર કરી શકુ તે પહેલા તો ખીમચદશાએ ચાનવા માંડ્યુ વા નસીબ! મહિનાના મહિના સુધી મહેનત કરી આશામા દિવસ ગાળ્યા તેનુ આ કંઈ પરિણામ! "માઈ ડીઅર લીની"ને વરેણા ઘડાવવાની મે જે મોટી મોટી આશાઓ આપી હતી તેનુ હવે શુ થશે? અરે! મ્હારા ડાગાની કોઈ તસબીર ઉતારી લ્યો તો!

પરન્તુ કાંઈ નહિ નિરાશ થવાથી શો લાભ? ખીમચદશા નહિ તો વડગશકર જોઈશુ ઉંટડો કેઈ તરફ બેસે છે તે

મુખ ઉપરથી નિરાશાની છાયા ઉડી જઈ ફરી આશારૂપ સૂર્યનાં કિરણો પ્રકાશ્યા. વીમાના આજીવીઆઓ એક રીતે વેદાતી જેવા છે તેઓ લાભ ગેરલાભ, માન અપમાન, જય અજય ઇત્યાદિ દ્વદ્વમા મગજનુ સમતોલપણુ ખસવા દેતા નથી

"ટી-હી-હી બચ્ચા ખીમા તુ નહિ તો વડગ-" આમ મોટી ખુશ મિજાજે હૂં ઉઠ્યો અને કપડા પહેરી કોઈ બીજા કલવાનની શોધમા નીકળી પડ્યો

પ્રતિજ્ઞા પ્રમાણે બીજે દિને ખીમચદશા મિ વડગશકરને લઈને મ્હારે ત્યા આવ્યા પ્રથમ તો ગઈ કાલની હકીકતથી મને ઘણુ ખોટુ લાગ્યુ છે એવો ડોળ મે રાખ્યો પણ ખીમાભાઈ અને વડગભાઈ એવા મળતાવડા સ્વભાવના માણસ હતા કે મ્હારો ડોળ ઝાઝો નભ્યો નહિ અને હુ પણ ઉલટથી વાતે વળગ્યો, એનાર પેનાર વાતો કરી આખરે મ્હારા વખાણ કરી મ્હારી મારફત વીમો ઉતરાવવાની ખીમાભાઈએ વડગશકરને ભલામણ કરી

"જરૂર જરૂર તમે કહો છો ત્યારે તો જરૂર ઓછામા ઓછો પચાસ હજારનો તો જરૂર!"

વીમાના પ્રીમીઅમનો દર-વીમાના પૈસા જીવતા જીવત લેવા સારા કે મરણ પછી મળે તે સારા ઇત્યાદિ બાબતપર ઉહાપોહ કરી અમારી કચેરી બરખાસ્ત થઈ બીજે દિને તેઓને મે મ્હારી ઑફીસમા નોતર્યા હતા આજે પણ થોડી ઘણી વાતચિત કરી થોડો ઘણો ઉપહાર લેવા અમે આનન્દભુવન વાનિગૃહમા ગયા ખીમાભાઈના કહેવા મુજબ વડગશકર ખાધે પીધે લહેરી હતા ખરો આટલુ હુ જોઈ શક્યો કે એમના "ખાવા પહેલા" ના અને "ખાધા પછી"ના સ્વભાવમા બહુ જ ફેર પડી ગયો હતો "ખાધા પહેલા" એ પચ્ચીસ હજારના વીમાની વાતો કરતા તો "ખાધા પછી" એ પચાસ હજારપર આવી ગયા હતા આ ચાવી હાથ લાગતા મે એમને માટે ઝાઝી ઉતાવળ કીધી નહિ અગર જો ખીમાભાઈએ મને પોતાના વીમાના સમ્બધમા બનાવ્યો હતો તો પણ તેના બદલામા પોતાના મિત્ર વડગશકરનો વીમો તેને મળો એમ તેમની તીવ્ર ઇચ્છા સ્પષ્ટ રીતે જણાતી હતી ધીરે ધીરે વડગશકરે બે લાખનો વીમો ઉતરાવવાનુ કબુલ કીધુ આ બધા ઉપરાન્ત પ્રતાપ! મહિનાની મહેનત પછી વડગશકર પણ છટક્યા નહિ ત્યારે તેમ "અતિલોભ તે પાપનુ મૂળ" એમ સમજી મે હવે વધુ લોભવા

ઉચિત ધાર્યું નહિ કહેવાની અગત્ય નથી કે મી વ્યવહારકર માટે બે લાખના વીમાનુ આમીઅમ ભરતુ એનો અદ્ભુત વાત હતી કા ણ કે મેં ખબર મળ્યા હતા ત્યા સુધી તેઓ ઘણા ધનવાન હતા તેમજ હબ્બન હૈદરાબાદમા મોટી જાગીરો ધરાવતા હતા અને એ વાતને ખીમચ શા જેવા ગૃહસ્થોનો પણ ટેકો હતો

ત્યારે આવતી કાલ આપણે તેની દાક્તરી તપાસ કરીશુ મે તેમની પાસે વીમાનુ ફોર્મ ભરાવી કહ્યુ

" ઠીક છે કાલે બપોરના હુ આવીશ " વ્યવહારકર બોલ્યા

" મ્હારાથી બપોરના નહિ આવી શકાય " ખીમાભાઇએ જણાવ્યુ

" તમારે તસ્દી લેવાની જરૂર નથી હુ એકલો જ આવીશ " વ્યવહારકરે વિવેક કીધો

નિયુક્ત સમયે વ્યવહારકર ભાડુતી મોટરમા બેસી ઑફીસ આવી પહોચ્યા હતા એમ મને ઑફીસના પટાવાળાએ જણાવ્યુ મને ઑફીસ આવતા જરા મોડુ થયુ હતુ કારણ કે ગઈ રાત્રે મ્હારા ઘરમાથી આશરે બે હજારના દાગીનાની ચોરી થઇ હતી મ્હારા મન ઘણો ઉદાસ હતો છતા મ્હારી ઉદાસી વ્યક્ત નહિ થાય માટે જેમ તેમ હુ ને મ્હોડે મોડુ થવાને માટે માફી માગી હુ એમને તપાસ માટે દાક્તર અરેપ્પો પાસે લઈ ગયો તેમને થોડા ઘણા પ્રશ્નો પૂછી તેમની શારીરિક તપાસ માટે દાક્તર એને બીજી ઓરડીમા લઈ ગયા પાચ દશ મિનીટમા તરત જ દાક્તર C ામીન સ્હેરે પાછા ફર્યા

" કેમ કાઇ નહિ ? *I beg your pardon*-શુ થયુ દાક્તર ? આમ કેમ ! " મે દાક્તરને અચાનક પુછ્યુ

પ્રત્યુત્તરમા દાક્તરે મ્હારા કાનમા કાઇ કહ્યુ હુ ચોંક્યો અને બોલ્યો " દાક્તર એ સ્ત્રી છે એમ જાણ્યા પછી એમ છે ? એટલા કારણ માટે બે લાખનો વીમો જતો કરવો એ ઠીક નથી !"

દાક્તરે હસીને ડાકુ ધુણાવ્યુ ' *No I can't* "

વીમો નહિ ઉતરાવો માટે પોતાના દિલગીરી દર્શાવી ફરી કોઇ બીજી વખત મળવાનુ જણાવી વ્યવહારકર ગયા અને હુ ફોનનો માર્યો એક વિક્ટોરીઆ કરી શીવોસદ ખીમચ શાને ત્યા પહોચ્યો તેઓ તો " રોકીંગ ચેર "પર નિરાતે ઝુલતા હતા !

" ઓહો, આવો આવો કાઇ ઉતારવામા લાવ્યા છો બોલો શી ફરમાશ છે ?

' આ તમારી મ્હોકા—"

' બોલો બોલો શરમાઓ નહિ મ્હારી મ્હોકાણ હેવા જતા હતા ને ? "

" તમારો પેલો મિત્ર તો વ્યવહારકર ! " એને શીવો જવાબ નહિ દેતા હુ બોલ્યો,

' હી-હી-હી-તે આજે જાણ્યુ ? એનુ નામ જ એ બીના સૂચવે છે " ઠંડ કડકે એક ઓડકાર ખાઈને તેઓ બોલ્યા

" પણ એવા નકુઓનો વીમો ઉતારવાની, અમારી કંપનીની સાફ ના છે "

"અને તેથી કદાચ એનો વીમો ઉતર્યો નહિ હોય અને તેનો ગુસ્સો કહાડવા તમે અત્રે આવ્યા હો તો પણ ઠીક થયું ભાઈ! તમારા આવ્યા પહેલા એક કલાક અગાઉ જ મને ખબર મળ્યા કે એ આદમી હાથનો ચોખ્ખો નથી, એટલું જ નહિ પણ એની જાગીર ફાગીરની વાતો બધા ગપ્પા હતા એ તો કોઈ સોનેરી ટોળીનો માણસ છે એના ઝપાટામાં આવતા તો કરુણાળુ પ્રભુએ તમને સહજમાં બચાવી લીધા તેને માટે ચાલો આપણે પ્રભુપ્રાર્થના કરીએ—"

"અરે મને સ્હાય કરજો મોરારીરે, વ્હારે ચ્હડજો ગોવર્ધનધારી અહલ્યા—"

પણ શેઠ વધુ પ્રાર્થના કરે તે પહેલા તો મેં કુદીને એમનું કાંડુ પકડ્યું અને બોલી ઉઠ્યો, "બસ, બંધ કરો, તમે પણ લુચ્ચા, ચોર કામીજ—"

"અલબત્ત તમારે તે સાબીત કરવું જોઈએ તમે એક ગૃહસ્થ આદમી થઈને આવી ચાલ ચલાવો તે બહુ શરમભર્યું છે અફસોસ! હું બહુ શાંત મગજનો માણસ હોવાથી તમને જવા દઉં છું નહિ તો મ્હારે બદલે કોઈ બીજાએ તમને સુરતી કોપરાપાક જમાડ્યો હોત એટલું જ નહિ પણ મ્હામી પોતાની બદનક્ષી કર્યાની ફરિયાદ પણ નોંધાવી હોત ઓહ! શરમ શરમ!"

"પણ તમે જ મને ફસાવો છો ને? મને પાકો વહેમ છે કે મ્હારે ત્યાં ગઈ રાતે ચોરી થઈ તેમાં તમારા પેલા ટીંગડાનો હાથ હાવો જોઇએ. તમને એ આદમી માટે જેવા ખબર મળ્યા તેવા જ મને એ બાબત ચેતવવા જો તમે આવ્યા હોત તો એને પકડવાને હવે જે મુસીબતમાં ઉતરવું પડશે તે બચી જાત."

બ્રહ્માએ હીમાલય ઘડ્યો ત્યારે કણિકા શેષ વધતા જાણે તેનું આ પુતળું ઘડ્યું હોયની એટલી ટાઢાશથી ખીચડશા બોલ્યા—"પણ ભાઈ મને શી ખબર પડે કે હકીકત બધી આમ છે!"

કાબુલી.

લેખક—રા. પરમસુખલાલ ઝવેરીલાલ પંડ્યા, બી એ

મ્હારી પાંચ વર્ષની મીની કલબલ કર્યા વિના રહી શકતી જ નથી હું ધારું છું કે એના જીવનમાં એ પાંચ ક્ષણ પણ શાંત રહી નહિ હોય એની બા આથી ઘણીવાર ચીડાતી અને એનો નિર્દોષ ઉત્સાહ ભાંગી નાખતી પણ હું વચ્ચે પડતો મીનીને શાંત—ગંભીર—જોવી એ મ્હને અસ્વાભાવિક લાગતું હું એ લાંબો વખત સહી શકતો નહિ એથી અમ્હારી વચ્ચેની વાતો હમેશાં બહુ રસભરી થતી

મ્હારી નવલકથાનું સત્તરમું પ્રકરણ ચાલતું હતું હું બહુ એકાગ્રતાથી લખતો હતો એટલામાં મ્હારી મીની અંદર આવી એનો ન્હાનકડો હાથ મ્હારા હાથમાં મૂકીને બોલી ‘પિતાજી! આ રામદયાલ દરવાનને ‘કાગડો’ કહે છે એને કાંઈ જ ખબર નથી ખરું ને?”

મીની આ ગુંચવણનું હું સમાધાન કરું—ભાષાના ભેદ એને સમજાવું—તે પહેલાં તો એણે બીજો પ્રશ્ન પૂછ્યો ‘પિતાજી’ ત્હમને શું લાગે છે? આ ભોળાનાથ કહે છે કે ઉપર વાદળામાં એક મ્હોટો હાથી છે એ એની સૂંઢમાંથી પાણી ફેંકે છે તેથી વરસાદ પડે છે—એ ખરું?’

એના એ પ્રશ્નનો ઉત્તર હું મનમાં ગોઠવતો હતો એટલામાં તો એણે ત્રીજો પ્રશ્ન પૂછ્યો “પિતાજી બા ત્હમારી શી સગી થાય?”

હું ગુંચવાયો કાંઇ ઉત્તર મ્હને સૂઝ્યો નહિ જેમતેમ ગંભીર દેખાવ કરી મ્હેં કહ્યું ‘મીની, જા ભોળાનાથ જોડે રમવા જા મ્હારે બહુ કામ છે હો!”

મ્હારી બારીમાંથી રસ્તાનો બધો દેખાવ નજરે પડતો હતો મ્હારા ટેબલ આગળ, પગ પાસે, મીની બેઠી હતી, રમતી હતી કાંઈ ઝીણું ઝીણું ગાતી હતી મ્હારી કથાનું સત્તરમું પ્રકરણ પુરું કરવામાં હું તલ્લીન થઈ ગયો હતો કથાનો નાયક અનાપસિંહ, નાયિકા કંચનલતાને લઈ, ગુફાના ત્રીજા માળની બારીદ્વારા ન્હાસી જવાની તૈયારીમાં હતો એટલામાં તો મીની રમવાનું મૂકી દઈ બારી આગળ દોડી ગઈ, અને “કાબુલી આવ્યો! કાબુલી આવ્યો!’ એમ બુમો પાડવા લાગી નીચે, રસ્તામાં એક કાબુલી ફેરીવાળો ધીમે પગલે પસાર થતો મ્હેં જોયો એના દેશના લોકોની પેઠે એણે ઢીલો, મેલો ઝભ્ભો પ્હેર્યો હતો માથે ઉંચી પાઘડી હતી એને ખભે એક કોથળો હતો અને હાથમાં સુકા મેવાની ન્હાની દાબડીઓ હતી

એને જોઇને મ્હારી મીનીના મનમાં શા વિચારો આવ્યા હશે તે તો એ જાણે પણ એણે તો કાબુલીને બુમો પાડી અંદર બોલાવ્યો “વળી આ અંદર આવશે અને મ્હારું સત્તરમું પ્રકરણ અધુરું રહેશે” આ વિચારે હું મ્હેજ ગભરાયો બરોબર આ જ વખતે કાબુલી પાછો ફર્યો અને બાળક મ્હામે જોયું આથી ગભરાઈ ભયભીત થઈ મીની એની બાની પાસે દોડી ગઈ અને અદૃશ્ય થઈ પ્રભુ જાણે શાથી પણ એની એવી અંધમાન્યતા હતી કે એ કાબુલીના કોથળામાં એના જેવાં જ બે ત્રણ બાળકો હશે એટલામાં તો એ ફેરીઓ અંદર આવ્યો અને હસતે મુખે મ્હને સલામ કરી ઉભો.

મ્હારા નાયક અને નૉબિનની સ્થિતિ આ વખતે બહુ જોખમ ભરેલી હતી મેં એની પાસેથી થોડી ખરીદી કરી પછી તે મ્હારી ત્યાં ભૂલી ગયો અને અબ્દુરરહમાન અને રશિયા, અંગ્રેજ ને અમેરિકા સરહદ ઉપરની એમની રાજનીતિ વિગેરે અને વિષયો ઉપર વાતો ચાલી જતી વખતે એણે મ્હને પૂછ્યું ' સાહેબ, પેલી ન્હાની છોકરી ક્યાં ગઈ?'

મીનીનો ખોટો વ્હેમ-ભય કાઢી નાખવો જોઈએ એમ ધારી મ્હેં એને બોલાવી

મીની મ્હને મ્હારી ખુરશીને-વળગી ઉભી રહી અને એની નિર્દોષ આંખો વિકસાવી, ટાંઢક ભરવી ઇ આશ્ચર્યથી કાબુલી અને એના કોથળા તરફ જોઈ રહી ફેરીવાળાએ થોડો-સુકો મેવો એના તરફ ધર્યો પણ એ બીલકુલ લલચાઈ નહિ એ વધારે સશંક બની અને મ્હને વધારે જોરથી વળગી પડી

આ એમની પ્રથમ મુલાકાત નીવડી

કેટલાક દિવસ ગયા એક વખતે સ્હવારમાં બ્હાર જતો હતો એટલામાં એક અણુ-ધાર્યો દેખાવ મ્હેં જોયો મ્હારા ઘરના દ્વાર પાસે એક બાંક ઉપર મીની બેઠી હતી એના પગ પાસે-નીચે-એ જ કાબુલી બેઠો હતો અને એ બન્ને હસતાં હસતાં વાતો કરતા હતા! એના આખા જીવનમાં એનુ ગાંડુ ઘેલું, અર્થવિનાનું પણ મીઠું ભાષણ આગલી રીતિથી અને આટલા ધૈર્યથી સાંભળનાર એના પિતાજી વિના એને બીજુ કોઈ મળ્યું ન હતું એના ન્હાના કડા હાથ બદામ, દ્રાક્ષ અને આલુથી ભરેલા હતા આ મ્હને ગમ્યું નહિ 'તમે આ મેવો એને કેમ આપ્યો?' એમ મેં દયાભરે અવાજે ફેરીયાને પૂછ્યું અને ખીસામાંથી અડધો રૂપીઓ કાઢી એને આપ્યો કાંઇ પણ આનાકાની કર્યા વિના એણે લઈને ખીસામાં મૂક્યો

એકાદ કલાક પછી હું પાછો આવ્યો ત્યારે મ્હને ખબર પડી કે એ અડધા રૂપીયાએ તો બહુ તોફાન મચાવી મૂક્યું હતું કાબુલીએ એ મીનીને આપ્યો હતો એની માએ એ જોયો અને રોષથી એના હાથમાંથી ખુંચવી લઈ પૂછ્યું ' ત્હને આ કોણે આપ્યો?'

' એ તો પેલા કાબુલીએ ! મીનીએ આનંદથી, હસતે હસતે કહ્યું એનુ નિર્દોષ મન આ કોકડું ઉકેલવું સમજી શકતું નહિ

એની મા તો ક્રોધમય જ બની ગઈ "કાબુલીએ આપ્યો? પણ ત્હેં લીધો કેમ?"

આ જ ક્ષણે હું ઘરમાં આવ્યો અને આ કફોડી સ્થિતિમાંથી મ્હારી મીનીને મ્હેં બચાવી લીધી તપાસ કરતા મ્હને જણાયું કે આ એમની બીજી કે ત્રીજી મુલાકાત હતી બદામ અને દ્રાક્ષની બુદ્ધિપૂર્વક લાંચ આપીને એ બાળકીનો ખોટો ભય કાબુલીએ દૂર કર્યો હતો અને એમની વચ્ચે ગાઢ મૈત્રિ બંધાઇ હતી

એ એક બીજાની વિચિત્ર મશ્કરીઓ કરતા અને આનંદ પામતા એની સ્હામે બેસી, એક ન્હાનકડી રાણી હોય તેમ દબદબાથી-ગૌરવથી-મીની એના વિશાળ, મજબુત બાંધા તરફ જોઈ રહેતી એના મુખ ઉપર સ્મિતની લહરીઓ પ્રસરી રહેતી અને એનો એ પ્રશ્ન ફરીથી પૂછતી "ઓ કાબુલી ! ત્હમારા કોથળામાં શું છે?"

અને એ એના પહાડી લોકોના ઝીણા સ્વરે નાકમાંથી જવાબ આપતો "સ ૨ હાથી છે !" આમાં બહુ હાસ્યનું કારણ મ્હને તો દેખાતું નહિ, પરંતુ એ મશ્કરીથી એમને બહુ આનંદ થતો અને બન્ને ખુબ હસતાં પ્રભુ જાણે કેમ પણ આ બાળકીને એના વૃદ્ધ મિત્ર જોડે વાતો કરતી જોઈ મ્હને કાંઈક અજબ મોહની લાગતી !

કાબુલી પણ કાંઈ ઉતરે એવો ન હતો મીનીના પ્રશ્નો થઈ રહ્યુ એટલે એ ધીમેથી પૂછતો ' વારૂ—એ તો ઠીક પણ બ્હેન ત્હમે સાસરે ક્યારે જશો ?"

બંગાળામાં લગભગ બધી બાળકીઓ ન્હાનપણથી જ ' સાસરૂં " એટલે શું તે સમજે છે પણ અમ્હે કાંઈક " સુધરેલા વિચારના " હતા એટલે અમારી મીનીને "સાસરૂં " હતું જ નહિ એટલે કાબુલીના પ્રશ્નથી એ કાંઈક ગુંચવાતી પણ મનની આ ગભરામણ દેખાડ્યા વિના તુરત સ્હામો પ્રશ્ન પૂછતી ' પણ ત્હમે સાસરે ક્યારે જશો ! '

હવે કાબુલીને ગુંચવાવાનો પ્રસંગ આવતો એમના લોકોમાં ' સાસરૂં એ દ્વિઅર્થી શબ્દ છે એ શબ્દ કેદખાનાને માટે—*Euphemism*—તરીકે વપરાય છે કારણ કે ત્યાં વિના ખર્ચે ' જમાઈ 'ની સારી સંભાળ રાખવામાં આવે છે કાબુલી મ્હારી મીનીના નિર્દોષ, સાદા પ્રશ્નનો આવો અર્થ કરતો અને એ હદ કલ્પિત સીપાઈ તરફ હવામાં મુક્કી ઉગામી કહેતો " મ્હારો ' સસરો ' મ્હારી પાસે તો આવે—એને બરોબર સ્વાદ ચખાડું ! " આ સાંભળી, એના ગરીબ બિચારા " સસરા "ની અવસ્થા કલ્પી મીની ખડખડાટ હસી પડતી અને એનો વૃદ્ધ મિત્ર એમાં જોડાતો

શરદ્ ઋતુ ચાલતો હતો આ જ ઋતુમાં જુના વખતના રાજાઓ દિગ્વિજય કરવા નીકળતા હું કલકત્તાના એક ખુણામાં રહેતો હતો પણ મ્હારૂં મન આખા જગતની મુસાફરીએ નીકળી પડતું બીજા દેશનું નામ સાંભળતા જ મ્હારૂં હૃદય ઉછળતું રસ્તામાં કોઈ પરદેશીને પસાર થતો જોતા જ એના દેશના પર્વતો, વનો અને ખીણો—કાંઈક નવીન આવેલી એની મહુલી, અને દૂરના ખેતરોમાં એનું સ્વતંત્ર નિશ્ચિન્ત જીવન—આ બધા સંબંધી વિચારો કરતો. આ કાબુલી ફેરીયાને જોઈ, શુષ્ક શિખરોવાળા અફઘાનિસ્તાનના ભવ્ય પર્વતો એ પર્વતોમાં આવેલી સાંકડી વાંકીચુંકી નાળો, માલથી લાદેલા ધીરે પગલે ચાલતા ઉંટોની હારો જુની ઢબના હથીઆરો સાથે દક્ષિણ તરફ મુસાફરી કરતા મ્હોટી પાઘડીવાળા કાબુલી વ્યાપારીઓના ટોળાં મ્હારી માનસિક દૃષ્ટિ આગળ ખડા થતા અને કલ્પનાની પાંખો ઉપર સ્વપ્ન-સૃષ્ટિમાં હું ઉડતો

મનમીને મ્હારી મીનીની મા ન્હાનું બીકણ હૃદયની છે ઘરની બ્હાર . આમ વિચારમાં હોઉં ત્યારે મ્હારી પાસે આવતી અને 'આ કાબુલીથી સંભાળજો હોં !" એમ કહેતી રસ્તામાં કાંઈ મ્હોટો અવાજ થાય અથવા લોકોનું ટોળું મળેલું જુએ તો— "ધાડ તો નહિ પડી હોય ? વાઘ આવ્યો હશે ? કાંઈ ચોર—ડુંગરનું તોફાન હશે ? કે કોઈ અંગ્રેજ સેલર દારૂ પીને તોફાન મચાવતો હશે ?' એમ કંઈ કંઈ શંકાઓ કરતી આટલા બધા વર્ષોનો અનુભવ પછી પણ

એનું બીકણપણું હજી ગયું નથી એટલે આ કાબુલી તરફથી એને બહુ ભય રહેતો રાત નિરાતે ઉંઘતી પણ નહિ અને એની હિલચાલ ઉપર બરોબર નજર રાખવા મ્હને રોજ કહેતી "તમે મ્હારૂં માનતા નથી પણ આવા લોકો છોકરાને થેલીમાં ઉપાડી જાય છે કાબુલમાં ગુલામગીરી છે ને ? આવા પ્રચંડ માણસને આટલી ન્હાની છોકરીને ઉપાડી જતા કેટલી વાર ?" એમ દલીલો કરતી

આ મ્હને બહુ અઘટિત લાગતું નહિ પણ મ્હારા ઉત્તરથી એને સંતોષ થતો નહિ અને એનો વ્હેમ એવો ને એવો જ રહ્યો કાંઈ સબળ કારણ વિના કાબુલીને આવતો અટકાવવો એ મ્હને ઠીક ન લાગ્યું પરિણામે એમનો પરિચય દિન પ્રતિદિન ગાઢતર થતો ગયો

દર વર્ષે, પોષ માસમાં, એ-નામે રહમાન-કાબુલી પોતાને દેશ જઈ આવતો એટલે આ માસમાં, ઘેર ઘેર ફરી, ન્હાની ન્હાની ઉઘરાણીઓ કરી પોતાનું લ્હેણું ભેગું કરવામાં એનો બહુ વખત જતો પણ આ વર્ષે તો ગમે તેમ કરીને પણ મીનીને મળવા આવવાનો એને અવકાશ મળતો સ્હવારમાં ન અવાય તો સ્હાંજે—પણ આવ્યા વિના રહેતો નહિ

આ ભવ્ય ઢીલા ઝભ્ભાવાળા, દાઢીવાળા કાબુલીને એના જોઈને હું પણ કોઈક વાર વ્હેમાતો પણ અરધામાં તો "ઓ કાબુલી વાળુની !" એમ બુમો પાડતી મીની બ્હાર આવતી અને એ બન્ને જણ પાછા હસતા રમતા, મશ્કરીઓ કરતા, વાતોમાં પડતા તે જોઈ—મ્હને પણ પાછો વિશ્વાસ આવતો મ્હારો વ્હેમ ઉડી જતો

એ દારુણ બનાવ બન્યો હતો ત્હેના થોડા દિવસ પ્હેલાં, મ્હારા અભ્યાસગૃહમાં બેઠો બેઠો હું લખતો હતો ઝીણી ઝીણી પડતી હતી બારીમાંથી પ્રભાતના બાલ સૂર્યના કૂણા કિરણો આવી મ્હારા પગ ઉપર પડતાં હતાં અને આહ્લાદજનક લાગતાં હતા આઠેક વાગ્યા હતા અને રસ્તામાં લોકોની આવજા શરૂ થઈ હતી ઓચિંતો રસ્તામાં મ્હેં મ્હોટો અવાજ સાંભળ્યો બ્હાર જઈ જોયું તો રહમાનને બે પોલીસના સીપાઈઓએ પકડ્યો હતો—એના હાથમાં છરી હતી, રહમાનના ઝભ્ભા ઉપર લોહીના ડાઘા હતા એમની પાછળ પોલીસનું ટોળું મળ્યું હતું મેં તેમનું જાણી પૂછતાં મ્હને સઘળી વિગતો મળી રહમાને કોઈકને એક રામપુરી શાલ ઉધાર આપી હતી આજે એની કિંમતની ઉઘરાણી કરવા એ ગયો ત્યારે "મ્હેં તો શાલ લીધી જ નથી !" એમ એ જુઠું બોલ્યો રકઝકમાં ઉશ્કેરાઈ જઈ રહમાને એને ઘાયલ કર્યો હતો હજી પણ એનો ગુસ્સો ઉતર્યો ન હતો અને મ્હોટેથી બુમો પાડી પોતાની નિર્દોષતા સાબીત કરવાનો પ્રયત્ન કરતો હતો એટલામાં મ્હારા ઘરની બારીએ મીની આવી અને "ઓ કાબુલી ! ઓ કાબુલી !" એમ બુમો પાડવા માંડી એને જોતા જ રહમાનનો આવેશ શાંત પડી ગયો અને એના મુખ ઉપર સ્મિત ફરી વળ્યું આજે એને ખભે કોથળો હતો નહિ એટલે રોજની પેઠે અંદરના હાથી વિષે ચર્ચા થઈ શકે એમ ન હોતું એટલે મીનીએ તુરત રોજનો એનો બીજો પ્રશ્ન પૂછ્યો "તમે સાસરે જાઓ છો ?"

રહમાન હસ્યો " હા બ્હેન હું આજે જાઉં છુ " પણ આ ઉત્તરથી મીનીને કાંઈ ખાસ સમજાયું નહિ એટલે પોતાના બેડીવાળા હાથ ઉંચા કરી કહ્યું " મ્હારા 'સસરા'ને મારત સ્વા ચખાત પણ શું કરું ? આ મ્હારા હાથ છુટા નથી '

ઘાતકી ખુનનો કરવાનો ગુન્હો પૂરવાર થયો અને રહમાનને કેટલાક વર્ષના કેદખાનાની સજા થઈ

વર્ષો પસાર થયા અને કાબુલી ભૂલાઈ પણ ગયો અમ્હારા નિત્ય સ્થાનમા અમ્હારૂં રોજનું જીવન નિયમિત રીતે ચાલ્યું જતું હતું, અને એક વખત પર્વતોમા સ્વતંત્ર જીવન ગાળનાર રહમાન અત્યારે કેદખાનાની ચાર ભીંતો વચ્ચે એના દિવસો ગાળતો હશે તે વિચાર પણ અમ્હને કવચિત જ આવતો મ્હારી મીની પણ એના જુના મિત્રને ભૂલી ગઈ એના જીવનમા નવા સબંધો બંધાયા એ મ્હોટી થઈ એટલે સ્વાભાવિક રીતે એનો ઘણોખરો સમય એની સમવયી સખીઓ સાથે જતો હવે એ પ્હેલાની માફક એના પિતાજી પાસે આવીને વિવિધ પ્રકારના ગાંડા ઘેલા પ્રશ્નો પૂછતી નહિ એની સાથે વાત કરવાનો પ્રસંગ પણ મ્હારે તો હવે ભાગ્યે જ વખત આવતો

કેટલાક વર્ષો ગયા પાછી શરદ ઋતુ આવી અને અમ્હારી મીનીનું લગ્ન કર્યું 'દુર્ગાપૂજા'-ઉત્સવોના દિવસો નજીક થતા પિતાનું ઘર સદાને માટે છોડી મ્હારી મીની—મ્હારા ઘરનો દીવો—પતિગૃહે વિદાય થશે એ વિચારે હું દિલગીર થયો

સુંદર પ્રભાત હતું વર્ષાનું ઝાપટું પડી ગયું હતું અને હવા જાણે સ્નાન કરી શુદ્ધ થઈ હોય એમ લાગતું હતું મ્હારાની જ અમ્હારા ઘર આગળ નગારા અને શરણાઈઓ વાગતી હતી. મ્હારૂં હૃદય ધડકતું હતું ભૈરવીનો સૂર આભગી પાસે આવતા વિયોગનું દુઃખ વધારે તીવ્ર થતું હતું આજે મ્હારી મીની મ્હારી મટી બીજાની થવાની હતી

સવારના પાંચ વાગ્યાથી ઘરમા ધમાલ મચી રહી હતી લગ્નમંડપ બંધાઈ ગયો હતો અને સ્થળે સ્થળે ઝુમ્મરો લટકાવી દીધા હતા સગા વ્હાલાઓની આવજા પૂર્ણ જોરથી થતી હતી અને ધામધુમનો કાંઈ પાર ન હતો હું લગ્નનો હિસાબ તપાસતો હું મ્હારા અભ્યાસગૃહમા બેઠો હતો એટલામા કોઈએ આવી આવી વિનયથી સલામ ભરી હું ઉંચુ રહ્યું મ્હેં ઉંચુ જોયું એ તો રહમાન કાબુલી હતો ! એને ખભે થેથળો ન હતો એના વાળ ટુંકા હતા એની પ્હેલાની શક્તિ હવે અરધી પણ રહી ન હતી મ્હેં એને ઓળખ્યો અને એ ગોકળભર્યું હસ્યો

" રહમાન ! તુમે ક્યારે આવ્યા ? " મ્હેં પૂછ્યું

" ગઈ કાલે રાત્રે જ કેદખાનામાથી છુટયો "; એણે નીચું જોઈ કહ્યું

આ શબ્દો મ્હારા કાનને કડવા લાગ્યા કોઈ પણ ગુન્હેગાર સાથે મ્હેં મ્હારા આખા જીવનમા વાત કરી ન હોતી—આ ભાન થતા મ્હારૂં હૃદય સંકોચ પામ્યું અને આવા શુભ દિવસે એ અકસ્માત્ આવી ચઢ્યો ન હોત તો ઠીક થાત એમ મ્હને ક્ષણભર થયું

'હ—જુઓ ને ઘરમા લગ્નવિધિ ચાલે છે અને હુ બહુ કામમા છુ આ તરફ આવો તો કોઈ નાગ આવ ને—નવરાશે ' એના શબ્દ ઉપર મ્હેજ ભાર મૂકી મ્હે કહ્યુ

રહમાન મ્હમજ્યો જવાતો પાછો ફર્યો પણ દ્વાર આગળ પ્હોંચતા સ્હેજ ખમચ્યો અને કહ્યુ 'સાહેબ મીની કીકીને હુ જરા મળુ?" મીની હવે મ્હોટી થઈ ગઈ છે એ ધ્યાન પણ એને નહિ આવ્યુ હોય એ તો હજી એમ જ ધારતો હતો કે પોતાને જોઇ મીની "એ કાબુલી! કાબુલી! એમ બુમો પાડતી મ્હાર આવશે અને પૂર્વની પેઠે એની સાથે બેસી, હસતી રમતી ગાડી ઘેલી વાતો કરશે આ આશાયે, ગત દિવસોના સ્મરણમા કોઈક કાબુલીભાઇ પાસે થોડી બદામ અને દ્રાક્ષ એ માગી લાવ્યો હતો અને એનુ સભાળથી પડીકુ બાધી, મીનીને આપવા આવ્યુ હત

'મીની તો ઘરમા કામમા હશે—વિધિમા રોકાયની હશે આજે તો એ નહિ મળી શકે"—મ્હે કહ્યુ

એનુ મોઢુ ઉતરી ગયુ મ્હારી તરફ દયાભરે મૂખે ક્ષણભર જોઈ રહ્યો અને પછી "સલામ! જાઉ છુ" કહી ગયો

કેદખાનામાથી છુટી, પોતાની નિરાધાર સ્થિતિનો સ્હેજ પણ વિચાર કર્યા વિના મ્હારી મીની માટે એ દ્રાક્ષ અને કાજુ માગી લાવ્યો હતો એ વિચાર આવતા મ્હને એની દયા આવી. એનો આમ તિરસ્કાર કરવામા મ્હે ભૂલ કરી—એમ મ્હને ભાન થયુ અને પાછો બોલાવવાનો હુ વિચાર કરતો હતો એટલામા તો એ પોતે જ અંદર આવ્યો મ્હારી છેક પાસે આવી પડીકુ ટેબલ ઉપર મૂકી કહ્યુ ' સલામ—આ હુ એને માટે આવ્યુ હતુ જરા એને આપી દેશો ? " એની આખો મ્હને આસુ ભીની લાગી

પડીકુ મ્હે લઈ લીધુ અને કાઈક પૈસા આપવા હુ ઉઠ્યો પણ એણે મ્હારો હાથ ઝાલ્યો. "સલામ! તમારી મ્હેરબાની છે, મ્હારે પૈસા નથી જોઇતા—ફક્ત મને કોઇક વખત યાદ કરજો રહમાન ન્હાની છોકરી કે—મારે પણ મારા ઘરમા એના જેવી જ ન્હાની બાળકી છે એનુ સ્મરણ કરુ છુ અને મીની બ્હેનને માટે હુ આ લાવુ છુ—નફાની આશાયે નહિ હો!" એનો અવાજ સ્હેજ રોષભર્યો હતો

આટલુ બોલી એણે એના ઢીલા મ્હોટા ઝભ્ભાના ખીસામા હાથ નાખી એક ચોળાઈ ગયેલો, મેલો કાગળનો કટકો બ્હાર કાઢ્યો બહુ સભાળપૂર્વક એને ઉકેલ્યો અને ટેબલ ઉપર મૂકી એને સરખો કર્યો એના ઉપર કોઇ બાળકના હાથના વાકા ચુકા અક્ષરો હતા ન હતી કોઈની છબિ કે ન હતુ કોઈ સુન્દર ચિત્ર—ફક્ત બાળકીના આગળાનો, ન્હાનો એક પંજો! કલકત્તામા રસ્તે રસ્તે ફરી પોતાનો માલ વેચતો ત્યારે પણ એની બાળકીનો આ પંજો એના હૃદયની પાસે જ એ રાખતો

મ્હારી આખોમા આસુ આવ્યા એ વિચારો એક ગરીબ કાબુલી ફેરીઓ છે એ સત્ય હુ ભૂલી ગયો એ પણ એક પિતા હતો—એને પણ પ્રભુએ લાગણીઓ આપી હતી

હ પર્વતોમા રહેતી એની " પાર્વતી " નો પત્ત જો) મને મ્હારી મીની સાભરી

તુરત જ અ . ની, બુમ પાડી મીનીને મ્હેં બોલાવી સ્નાવમ આપ્યો બન્યાં—કઈ કઈ બાધા કાઢ્યા પ . મ્હેં ગણ્ય કરી નહિ મીનીએ લગ્નદિવસની લાલ રેશમી સાડી પ્હેરી હતી કપાળે ચંદનો લેપ કર્યો હતો અને સુવા ઘ કન્યાને યો ગ્ય સર્વ આભૂષણો ધારણ કર્યાં હતા એ બ્હાર આવી ત્યારે મ સ્મિત કરતી લજ્જાથી નીચુ જોઇ મ્હારી પાસે ઉભી રહી

એને જોઇ કાબુલી મનમાં ગભરાયો ગત વર્ષોનો પરિચય હવે અશક્ય છે એમ સ્હમજ્યો અને અંતે હસીને પૂછ્યુ ' બ્હેન ! ત્હમે સાસરે જાઓ છો ? "

પણ મીની હવે " સાસરા ' નો અર્થ સ્હમજતી હતી એટલે ન્હાનપણમા જે ઉત્તર આપતી તે હવે આપ્યા અમ નહોતુ કાબુલીનો પરિચિત પ્રશ્ન સાંભળી, એના સુ ગ મુખ ઉપર લાલી ચઢી આવી અને લજ્જાથી હસતી હસતી, નીચુ જોઈ રહી

, એમના પ્રથમ મેળાપનો દિવસ મ્હને સાંભર્યો અને મ્હારૂં હ ૬ ખિન્ન થયુ મીની પાછી ચ . ગઈ એટલે રહમાને એક ઉંડો નિ શ્વાસ મૂક્યો અને નીચે જમીન ઉપ બેસી ગયો. પોતાની બાળકી પણ હવે મ્હોટી થઇ હશે અને એની સાથેનો સબંધ પાછો ફરીથી બાંધવો પડશે એ વિચાર એને ઓચિતો સ્ફુર્યો આ આઠ વર્ષોના લાંબા અંતરમા એનુ શુ થયુ હશે એ વિચારે એ ગમગીન બની ગયો.

કર્ણ મધુર પ્રકારના સર્વન ગાઈ રહ્યો હતો શરણાઈઓ અને વાજા વાગવા માંડ્યા અને ઘરમા લોકોની આવજા વધી પણ આ બધા ઉત્સવ અને ઉત્સાહ વચ્ચે બેઠના રહમાનને તો રમ્ય અફઘાનિસ્તાનના ઉજ્જડ પર્વતો જ દેખાતા હતા

એની દશા જોઇ મ્હને બહુ દુખ થયુ મ્હેં થોડી નોટો કહાડી એના હાથમા મૂકી " ભાઈ રહમાન ! જાઓ ત્હમારે દેશ પાછા ફરો—ત્હમારી " પાર્વતી ' ને મળો એ પણ હવે લગ્નને લાયક થઇ હશે એને સુખી કરી, મ્હારી મીનીને સંભારજો—અને એને આશિર્વાદ દેજો— જાઓ !

આટલુ સત્કાર્ય કર્યા પછી મ્હારે કેટલાક ખર્ચો ઓછા કરવા પડ્યા " વિજળીની રોશની આ ' મીલીટરી બેંડ ની દરેકી નો ત્રણ ર કરી સર્વ સ્ત્રીવર્ગ નિ રાશ થયો. કંઇ કંઇ ટીકાઓ કરી અનેક રીતે પોતાનો અસંતોષ જાહેર કર્યો પ તુ " દૂર દેશમાં એક પિતા પોતાની એકની એક બાળકીને આઠ વર્ષ પછી મળી સુખી થશે—એક ગરીબ કુટુંબમા આનંદ રેલાશે " આ વિચારે મ્હારી મીનીનો લગ્નોત્સવ વધારે સારી રીતે ઉજવાયો છે એમ મ્હારા મનને લાગ્યુ *

---

* ડા સર રવીન્દ્રનાથ ટાગોરની એક કથાનો અનુવાદ.

ઉષા—સ્વરાજ્ય પ્રતિજ્ઞા.

(પ્રથમ ખંડ)

લેખક—ગ શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજી.

(સચિત્ર ચાતુ ઐતિહાસિક વાર્તા)

પ્રકરણ ૩ જુ

ગાજકર્ત્તા ટોમ (ચાતુ)

"Alrendy the curse is upon her
And strangers her valleys profane
They come to divide—to dishonour
And tyrants they long will remain

—Irish Song

"બળવાખોરોથી ભરપુર—રોગગ બળવાથી ભરેલા અરે, આ બળવાખોરોના મુખ્ય સ્થાન રોહીડખોરાનુ શુ થાયું?" એ કોઇએ ફ્રેડરીક જઇને પુછ્યુ

'રોહીડખોરા, હા" ખાતે ઉત્તર આપ્યો – મ્હારા વ્હાલા શુરવીર સરદારો, તમે સર્વે જાણો છો કે આ આપણાથી રોહીડખોરા—બળવાખોરોથી ભરપૂર—અગ્ર બળવાની—ભયંકર બ થી ઉભરાય છે આપણી આખમા ખટકતો એ જાતીત કણો છે પણ પણ ત્યા શિવાજી અને એના શિપાઇઓ આશરો મળે છે એની સાબિતી—પૂરી સાબિતી આપણે જોઇએ! રે! સાબિતી—પુરાવા લાવો કે તે તેમે પૈસા પૂરા પાડે છે! ત્યા આપણા મહારાજ્યની સામે ભયંકર કાવા દાવાઓ રચાય છે—તેની સાબિતી લાવો મને ઉડતી એવી ખબર મળી છે કે ત્યા શિવાજી ગયો છે ને મોટુ લશ્કર જમા કરે છે—માણુ તો એમ્મ કરે છે ત્યાનો દેશમુખ, દેશપાંડે, કુળકર્ણી વગેરે લોકોએ તેને મદદ આપવા માટે વચનો આપ્યા છે એવી બાતમી ઉડતી આવી છે ખરી"

"હજુર, હુકમ ફરમાવો, મ્હારા બહાદુર સૈનિકો આ સર્વ કામ ત્રણ દિવસમા પુરૂ કરશે!" ઉત્સાહભેર મરહોઝ બોલ્યો

"આપણી સામે હવે એ વધુ તોફાન કરે તે પહેલા તો પળમાત્રમા આ સમસ્ત રોહીડ ખોરાને બાળીને આપણે ભસ્મિભૂત કરી નાખીશુ—તેને જમીનદોસ્ત કરીશુ ખાનસાહેબ, મેં તમને પાને જ આ સૂચના કરી છે એક વખત આ રોહીડખોરાનુ નામોનિશાન પણ આ ભૂમંડળ ઉપર ન રહેવા દ્યો અને પછી તમે જુવો, અરે! ત્યા સર્વ માવળ કરતા પગે પણ અદ્દલ હોલ ભગ્ર ભરપૂર છે" માલને પોતાનો અભિપ્રાય દર્શાવ્યો

"આખા માવળમા સૌથી વધારે બળવાખોરો વસતા હોય તો તે રોહીડખોરામા, અને તેના મુખ્ય ગામ ખાનદવેનસરમા તો બળવાખોર વગરનુ એક પણ ઘર જડવુ મુશ્કેલ છે ત્યાની વસતીના ખૂણે ખૂણામા અને દરેકે દરેક ઘરમા રાજ્ય સામે બળવો—રાજ્યદ્રોહ જ જણાય છે.

મ્હારો અભિપ્રાય છે કે સમસ્ત રોહીડેશ્વરનો નાશ થવો જોઇએ—વેનસરનુ નામનિશાન પણ રહેવા દેવુ જોઇએ નહી માટે હવે આપણે ત્યા જઇએ, અને પૂર, નવલાખ ઉમરે વગેરેનો નાશ કર્યો તેમ તેનો પણ—આ ખા ગામમા—આખા પ્રદેશમા આપણા સૈનિકોને છુટા મૂકી દેવા જોઇએ ને તેનો નાશ જ કરવો જોઇએ બસ, એટલા વખત જ તે હૈયાત હસ્તીમા રહે" બુઢ્ઢાએ વધુ ગુસ્સો કરી બળતા અગ્નિમા ઘી હોમ્યુ!

બીજાઓએ હાકા મા માથા ધુણાવ્યા

"બસ," ખાન ક્રોધથી ચોકારી ઉઠ્યા—" શાહે આલમના હુકમ ઉપર વિચાર ચલાવવા કે મત આપવા તમને સત્તા કોણે આપી? શાહનુ ફરમાન મેં તમને જણાવ્યુ હવે તમારે–આપણે સૈનિકોએ–આ ફરીફરીને વખતે આપણા શાહના પવિત્ર ફરમાનને ખરા મનથી–પૂરા ઉમેદથી તાબે થઈ આપણી ખરી ફરજ બજાવવી મિનજ્વામદાર ને ઉદ્ધત કૃત્યો કરી ફિત્નાપૂરી નાહક શહાતનો તખ્તકારગોઝાર શુ તમારે વધુ ગુચવણમા નાખવો છે? નહી! તેમના હુકમો પૂરો વિચાર કરી જેના વ્યાજબી જ અને ડહાપણથી ભરેલા લાગે છે બાદશાહે–આલિ બખ્ખોર પ્રદેશ–ગામોને શિક્ષા ન કરવી એમ કાઇ ફરમાવતા નથી–પણ તેઓ તો આ સર્વનુ મૂળ શિવાજી બખ્ખોર–શિવાજી તેને જ માગે છે આપણે સર્વ દખ્ખણમા–હિંદમા છાતી ઠોકી જાહેર કરી નાખીએ કે એ ખરેખર બળવાખોર ગામ હતું તેથી તેને શિક્ષા કરવામા આવી–એવુ તેઓ ફરમાવે છે' તે થોડો તેની મગરૂર આંખો આસપાસના સરદારો તરફ ફેરવીને અને પુન ચલાવ્યુ—" પુરાવા, હા પુરાવા મેળવવા એ કઇ કામ નથી આપણે એ શહેરમા એના જુખીને ત્યા કોઈ મિત્રો છુપી રીતે રાખવા, જે તમને રજે રજની બાતમી પૂરી પાડે બસ, આપણે એ જ જોઇએ છે પૈસા આપીને રાખેલા જાસુસો આવા બહુ ગભીર અને વિશ્વાસના કામ માટે તદ્દન નકામા છે શિવાજી સાહસી ફરી આવશે, એ ચોક્કસ હાલ તરત તો તેણે બાજુઓ ફેંકી નાખ્યા છે, પણ તે માત્ર બહારનો દેખાવ જ—તરત આખના પલકારામા તે અસખ્ય માણસોનો ફરી જમાવ કરી શકશે તે પણ આ રોહીડખોરામા વેનસરખોરામા–તેના મુખ્ય ગામ વેનસરમા–એના ઘણા મિત્રો, ખુવારી–હવાલદાર–એને માટે પોતાનો જીવ પાથરે એવા શરીર અને નિમકહલાલ છે ત્યા "એ। મુખ્ય છે સર્વ સામગ્રી પણ તૈયાર છે, ત્યાની પ્રજાની રગેરગમા બળવો પ્રસરી રહ્યો છે—આ પ્રદેશનો–આ વેનસરનો તે ખુલ્લી રીતે આપણી સામે બહાર પડે તે પહેલા આપણે જરૂર નાશ કરવો જોઈએ'

"શિવાજી પકડાય એ મ્હને તો અશક્ય લાગે છે" આલીએ પોતાનો મત સ્પષ્ટપણે દર્શાવ્યો " પેલો શયતાન સાધુ નરદેવગીર, તેની છાયા પ્રમાણે તેના પગે ને પાસે રહી, તેનુ રક્ષણ કરે છે તે ચડાળ પણ એ જ બળવાખોર પ્રદેશમાથી આવ્યો છે, પણ હજુ તે કોણ છે તે સમજાતું જ નથી"

"હા ખુદા! હવે મને સુઝ પડી" ખાન બોલી ઉઠ્યો—" મ્હારા ધીરો મેં ધાર્યુ હતુ તે કરતા આ કામ વધારે સહેલુ છે આ બધી વાતો પરથી બળવો–દગો એ વાત સિદ્ધ થય

છે આપણા સર્વનો મત ખાનદેવેલસરનો નાશ કરવાનો, આખા રોહીડખોરા, વેલસરખોરાને નાશ કરવાનો છે માગ લીધો, તે કાર્ય પાર પાડવા માટે આપણે સમગ્ર પુરાવા મેળવવા પડશે ત્યાંહ પુગવા માગે છે તે મેળવવા સહેલો અને સરળ ઉપાય મને એક સુઝયો છે—એક તે આ યુવાન ઉત્સાહી સરફોજીને વેલસરમાં પડેલ આપણી ટુકડીનો, અને અહીંથી ત્યાં મોકલવાના સૈન્યનો સેનાધિકારી બનાવવો, કેમ કે તે મોરે, અને બાદલ' બન્નેની ઓનાદને વફાદાર વીર છે તેમ બાદલ સાહેબને પણ ત્યાંના દેશમુખ સાથે જુનુ વેર છે"

કંઇક આશ્ચર્યથી પણ આનંદથી સરફોજીએ નમન કર્યું રાહીડખોરાના સૈન્યનું સેનાનિપણું! અહાહા કેટલો આનંદ! પોતાના મોશાળનું વેર લેવાનું કાર્ય પોતાને જ સોંપાયું પછી આનન્દનું તો પુછવું જ શું રહ્યું? સરફોજીએ આનન્દસરોવરમાં પોતાને સ્નાન કરતો જોયો!

આ સભામાંના કેટલાક મુસલમાન અને કેટલાક મોગલ સરદારો, તેને એકાએક આવી મહાન સત્તા મળવાથી તેના તરફ અદેખાઇથી અને આશ્ચર્યથી જોવા લાગ્યા.

થોડીવાર અટકી પુનઃ ખાને બોલવાનું શરૂ કર્યું—"અને બીજી ગોઠવણ, જે મારા મનમાં છે, તે, મારા મિત્ર, અને સર્વ માવળના અતિ દેશમુખ, બાદશાહના ખરા વફાદાર સરદાર કૃષ્ણાજી નાયક બાદલસાહેબ અને તેમના વફાદાર સુંદર ચાણાક્ષ પુત્રી સાકરબાઇની અનુમતિ—મદદ વગર પાર પડે નહીં, તે હું સમજાવું છું" આશ્ચર્યથી સર્વે ખાન અને બાદલ સામે જોવા લાગ્યા ખાને તેમના તરફ જોતા ચલાવ્યું—"આપણી હાલની ઇચ્છા—ઉમેદ—શિવાજીને સપડાવવા—વેલસરનો ધ્વંસ કરવાની છે એ આપણી પરમ—ઇચ્છા—ઉમેદ પાર પાડવાના ઉપાય માટે એક હથીયારની જરૂર છે મારી ખાત્રિ છે કે શિવાજી કાંઇ હાથપગ હલાવ્યાં વિના નિરાંતે બેઠો નથી તે તો અત્યારે રોહીડખોરાના પહાડી પ્રદેશમાં જ ભમે છે નહીં—કદાચ વેલસર માંયે હોય—ત્યાં પોતાનું કામ ચલાવતો હશે! શું આટઆટલા મહાપરિશ્રમથી એણે ભેગો કરેલો દ્રવ્યસંચય, ગજાવર સૈન્યની અને હથિઆરની ભગીરથ સામગ્રી પોતાના વીર હાથમાં મોજુદ હોવા છતાંએ બળવાનો ઉપયોગ કરી લેવા તે ચુકે? નહીં જ! ત્યાંનો એકેએક માણસ બળવાખોર છે દગો, કપટ અને પ્રપંચ—કૂટથી નિડરતાથી રાજ્ય ચલાવે છે આપણા જાસુસો ઉડતી ખબર આપે છે, પણ પાકી ખબર મેળવી શક્યા નથી ત્યાંના લોકો ઘણા હુંશીયાર અને ખબરદાર છે તેઓ ઘણી છુપી રીતે, ઘણી ચતુરાઇથી અને કુનેહથી કામ રચે છે આ બળખોર ગામ વચ્ચે, આપણો એક નમકવફાદાર, નેક અને બાદશાહત તરફ ખરી લાગણી ધરાવનાર માણસ રાખવાની ઘણી અગત્ય છે, આ કિતુરીઓના ઘરમાંથી સર્વ બાતમીઓ આપણે મેળવી શકીએ તો થોડા વખતમાં બાદશાહને આપણે ખાત્રિ કરી આપી શકીશું અને આ દગાખોર કિતુરી પ્રદેશના દગાના અને અનેક ભયંકર કાવાદાવાના પુરાવાઓ બિજાપૂર રવાના કરી શકીશું માગ ચાલતા સવાલને, તમારામાંના કેટલાક વિચારતા પણ હશો કે મેં અત્યારે તમારી સમક્ષ રજુ કરેલી આ મહાન યોજનાને મ્હારા મિત્ર આપણી શહેનશાહતના વફાદાર સામંત બાદલસાહેબની પુત્રીના લગ્ન સાથે શું સંબંધ છે? બાદલસાહેબ સાથે બધી વાત કરી મેં ગોઠવણ કરી છે કે વેલસર—

સરમા એ પ્રખ્યાત અને જુના સુપ્રસિદ્ધ વરાણામા-કુટુંબમા તેના લગ્ન કરવા ને ખરી ધણા છે તે અમને આપણી આ સાહેબ સામે થતા કેંઈ કરૈ કરવાનાની ખબર આપની રહેશે ઓ શિવાજીને રસાનરો અને તેને આપણા હાથમા લાવના તે એક જબર મત ગુપ્ત દુશ્મન રૂપ થશે તે સાધુને લનચાની પકડાનરો અને મિન્નપૂરના વીરસિંહના હાથમા પવેન્ઠ વેનસર -રોહીડખોગ સોંપવાની ના કબૂલ થશે અને સને સાથે બાદશાહનુ પુગાડ રંગ પણ નગેને."

એવુ બોલી ખાને હાથ અફાળ્યા આ ખાન જે ધારે તે કરે એવા નિશ્ચયી માણસ હતો, તેમા શક જેવુ નહોતુ અને તેની યોજનાઓ વિરુદ્ધ કોઇપણ મત દર્શાવે કિવા તેની સામે થાય તો તેનો પીછો લેવા તેને જડમુળથી ઉખેડી નાખવા પાછી પાની કરે નહી એવો એ મક્કમ મનનો હતો એટલે કોઇએ પણ તેની વચ્ચે બોલવાનુ સાહસ કર્યું નહી

સરોજ તો આ વચનો સાંભળી આભો જ બની ગયો-ગજબ થઇ ગયા ! પ્રથમના ઉમંગ, ઉત્સાહ અને આનંદ તેના મુખપરથી ઉડી ગયા પોતાનો આવેશ-ક્રોધ માંડ માંડ તે દાબી રહ્યો

"ઘણો જ વખાણવા લાયક ઉપાય" આમીન બોલી ઉઠ્યો — "એ જ ખરો માર્ગ છે"

આવા પ્રસગોમા હમેશ બનતુ તે પ્રમાણે અત્યારે પણ થયુ ખાન જે મો ફરમાવતો, યોજનાઓ ઘડતો દર્શાવતો તેનુ સમર્થન કરતો, મગાતો થને બન્ને હમેશ તે અમલમા મૂકવા તૈયાર, અને બીજા હાજી હા કરનાર માત્ર પુતળારૂપ હતા સરોજથી હવે વધુ વખત મુગા રહેવાઇ શકાતુ નહી તે મનમા આવતો ક્રોધ આવેશ દાબતો બોલ્યો - 'પણ આ મહાન યોજનામા સરદારસાહેબની સલાહ લેવાઇ છે કે ?

' મ્હારી પુત્રી, સરોજ ! બાદશાહે મગરૂરીથી ઉત્તર આપ્યો — તે ખરી ખાનદાન પુત્રી છે મ્હારી ઇચ્છા મ્હારી આજ્ઞા ઉઠાવવા તે હમેશ તત્પર છે તે પોતાના શાહ તરફ વફાદાર પોતાના શત્રુ કોણ અને મિત્ર કોણ તે પૂરેપૂરી જાણનાર છે તે શિવાજી અને તેના મળતીયાઓને ખરા મનથી ધિક્કારનાર છે ખાનસાહેબની દરેક ઇચ્છા અમાને જ થશે"

સરોજ મુગો રહ્યો બાદશાહના આ શબ્દો તેને તીક્ષ્ણ બાણની માફક ખેંચવા લાગ્યા આ શબ્દો એ તેના સુખસ્વપ્નો તેની ઉમેદો-આશાને સખ્ત ફટકો માર્યો તેણે નિરાશા અને ગુસ્સામા દબાયલો નિશ્વાસ નાખ્યો સરદાર સાહેબની દીકરી હુશિયાર હતી, વળી ચતુર હતી તેને ઘણા વખતથી તે ચાહતો હતો તેમની વચ્ચે પ્રેમ થયો હતો તેને ભવિષ્યમા પોતાની પત્ની બનાવવાની એને આશા હતી પણ અત્યારે પોતાના મનમા રમતા વિચારો પોતાને કેવા સ્વપ્ન જેવા જણાયા છે તે તેના પિતાને જણાવવા જેટલુ કદાપણ બનેલુ તેને સાંભરતુ નહી તેણે હવે આ મસલતમા આગળ પડતો ભાગ લીધો નહી પણ બાદશાહને નીચે આવેલા-પુછેલા પ્રશ્નથી તેના કાન ચમક્યા અને તે ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યો

"પણ ખાનસાહેબ આ મહત્વના કામગીરીની પુરૂષને આ ચતુર મહત્વના કામગીરી તરીકે આપે કહી છે ?'

"બીજો કોણ ? શેરી મોરાના દેશમુખ ચન્દ્રરાવ જેધેનો પુત્ર ખાસ કામ આવો

"હોય? જેવો પુત્ર અરે, આખા તાલુકાઓમાંની સૌથી નઠારો કાનસાલાર, બુઝાર કટુ હોય તો તે એ જ છે" આમીને કહ્યું "પિતા તો ઠીક છે, તેમ જ મ્હોટો પુત્ર ખાઉ-ઉડાઉ, દારૂડીયો ઉડાઉ, મોજીલો, રખડેલ છે પણ ન્હાનો પુત્ર અને તેની માતા નિમાઝના પાબંદ છે, અને ખુદા તરફ વળનારા છે એમ વખત મને તેની માહિતી મળી છે"

"ડાહ્યા જેવે" ખાને ઉત્તર આપ્યો 'રોટી-ખોરા, વેપારીઓ કે દેશમુખ છે તે વફાદાર છે, તેની સ્ત્રી પણ સારી છે કુટુંબ પણ ઘણું પુરાણું અને આબરૂદાર છે તેની માનગીમા સારી નગ છે હજુ સુધી તેમનો વચ્ચે આવનારુ નાજમા થયુ નથી 'પણ મ્હારી યોજનાઓ ધ્યાનમા રાખી મેં એક બે વખત તે માણસને ખાનગી રીતે સખત ચેતવણી આપી છે, તેથી તે ખરેખરો ડરી ગયો છે તે કાલ મળવા આવેલ હતો, મેં તેને વાતોમા ને વાતોમા આગના પાણીના સબ વેર ભરી જવા અને તેના એક પુત્ર સાથે અમીર સાહેબની કન્યાના લગ્ન કરાવવાની મ્હારી ઇચ્છા જણાવી તેનામા ના પાડવાની તાકાત ન્હોતી ઘણી નમ્રતાથી મ્હારી માગણીનો તેણે સ્વિકાર કર્યો"

"કઇ સરતોએ લગ્નનો પ્રશ્ન તેની સમક્ષ મૂકવામા આવ્યો?" વણગોઠએ પ્રશ્ન કર્યો.

"સરતો?" ખાને તિરસ્કારપૂર્વક કહ્યુ —"આપણે આ આપણી હિમાયતી—આપણી પ્રબળ સત્તા નીચે જકડાઈ રહેવા જ નિર્માણ થયેલી-પ્રજાને ફરમાવીએ તેમા સરતો અને કાયદા જણાવવા શા? શેને માટે? આપણે ફરમાવીયે તેનો તેમણે અમલ કરવો જ જોઇએ નીચી મુંડીએ એ કબુલ કરવુ જોઇએ એ આપણા ગુનામો છે, આપણી સત્તાને હમેશા આધીન છે ખુદાએ એમનો કબજો આપણને સોંપ્યો છે એમની ઇચ્છાનો તો આપણે વિચાર પણ કરવાનો નથી. સમજ્યા? મેં દેશમુખને કહ્યુ કે આ લગ્ન થવા જોઇએ એ મ્હારી ઇચ્છા છે બસ એ જ પુરતુ હતુ ખાનની ઇચ્છા—એ ખુદાના ફરમાન—સામે થવામા જહાન્નમનો જ માર્ગ ખુલ્લો થાય!"

"ત્યારે હવે તરતમા આ લગ્ન થશે?"

"હા, તરતમા," ખાને કહ્યુ,—"બાદર સાહેબ પોતે કાલે વેનસર જશે અને ત્યા આ લગ્નનું વેશવાળ જાહેર કરશે, અને એક બે અઠવાડીયામા તો ત્યા ધામધુમથી લગ્ન થશે શાહી ફરમાન છે, મ્હારી સલાહ છે, બાદર સાહેબની અનુમતિ છે દેશમુખ ના પાડી શકતો નથી, ખુદ સરદારમાઈ પોતે તૈયાર છે, પછી હીન શુ કરવાને જોઇએ? આપણી યોજના પાર પડશે સરકારબાઇ ખરેખર નસીબદાર છે કે બાદશાહની મહાન સેવાનુ કાર્ય તેને હાથે થશે આપણી શાહી સલ્તનતના શત્રુ ખરે જ નાબુદ થશે ઇન્શાઅલ્લા!"

તમામ સલાહકારોએ "હાકાર"નુ ડોકુ હલાવ્યુ અને તેના વખાણ મિઠી જબાનમા કર્યા, અને થોડા વખતમા ખાનસાહેબે જવાહીરવાળી પોતાની વીંટીઓથી ભરેલી આંગળીઓવાળો હાથ હલાવી સંજ્ઞા કરી કે આજની સભા પુરી થઈ તરત વિદ્યુત પેઠે સભાસદો ઉઠ્યા, અને ખાનસાહેબની રજા લઇ રવાના થયા માત્ર આમીન, બાદર અને ખાનસાહેબ પાછળ દરબારમા રહ્યા અને તેમની વચ્ચે કાંઇ ગુપ્ત મસલત ચાલ્યો

અપૂર્ણ.

પ્રવિણસાગર-૨ ૧૨—૦—૦ એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઇ

૨૫ આપના ઑર્ડરમાં સમાલોચકની નોંધ લેશો.

જાહેરખબર આપતાં ઑર્ડરમાં સમાલોચકની નોંધ લેશે

સમાલોચકનું વાર્ષિક લવાજમ રૂ ૪;

હિંદુસ્થાન બહાર શીલીંગ ૭ = રૂ. પાંચ છ.

છુટક અંકની કિંમત રૂ. ૦-૮-૦

સમાલોચકની જાહેરખબરો હમેશા ઉત્તમ અને સ્થાયી ગ્રાહકો જ લાવી આપે છે. જાહેરખબર વિનાનો વ્યાપાર એ વ્યાપાર નથી.

૨૯. આપના ઓર્ડરમાં, અમ સોધકની નોંધ લેજો

સમાલોચકનું વાર્ષિક લવાજમ રૂ ૪;

હિન્દુસ્થાન બહાર શીલીંગ ૭॥ = રૂ. પોણા છ.

છુટક અંકની કિમત રૂ. ૦-૮-૦

સમાલોચકની જાહેરખબરો હમેશા ઉત્તમ અને સ્થાયી ગ્રાહકો જ લાવી આપે છે. જાહેરખબરો વિનાનો વ્યાપાર તે એ વ્યાપાર નથી.

આપના ઓર્ડરમાં સમાલોચના ની નોંધ લેજો

Printed by K. R. M tra at the Manoranjan Press 3 Sandhurst Rd G rgaon Bombay;

સમાલોચક

મુખ્ય લેખો

મિ. હોર્નિમેનનો દેશનિકાલ

વિજ્ઞાન મન્દિર.

મુદ્રયન્ત્રનો ઉદ્યોગ

નર્મદાતીરે માધવદાસજીના

ખાખચોકમાં.

ના પટેલનો વર્ણાંતર લગ્નનો ખરડો.

શુક્રાચાર્ય અથવા ગુપ્તગુહા

વાર્તાઓ

નિવના—ટૂંકી વાર્તા

ચાતુર્સાયન વાર્તા

ઉષા—'સ્વરાજ્ય—પ્રતિજ્ઞા.'

હમણાં જ બહાર પડેલાં નવીન પુસ્તકો !

તૈયાર છે ! • તૈયાર છે !

ગુલામોની દુ સ્થિતિમા સબડતા માનવજીવોના જીવનની કારુણ્યભરી ચિસો સુણાવતુ આ પુસ્તક લોકપ્રિય થયુ છે એ જ તેના લેખકના શ્રમનુ અહોભાગ્ય છે

દિલ ઉશ્કેરતી નવી નવલકથા ! **ગુલામગિરીનો ગજબ.** નવ સુન્દર ચિત્રો સાથે

લેખક—અ સૌ વિમળા સેતલનાડ

કપડાનુ પાકું પુઠુ, ગ્લેઝ્ડ કાગળ, કિમત ફકત રૂપીઆ બે, પોસ્ટેજ જુદુ

૨

રા જન્મશકર મહાશકર બુચ, ઉર્ફે રા લલિતના કાવ્યોનો સગ્રહ તેમની છેલ્લામા છેલ્લી છબી સાથે

લલિતનાં કાવ્યો.

કપડાનું પાકુ પુઠુ, ગ્લેઝ્ડ કાગળ, કિમત ફક્ત રૂપીઆ એક, પોસ્ટેજ જુદુ

સમાલોચકના દસ રુપીઆના ગ્રાહકોને આ કિમતમા દસ ટકા વળતર આપવામા આવશે

ઠેકાણુ—રા રમણીયરામ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી,
મોરારજી ગોકુળદાસ ચાલ ન ૨, ૩૬, સેન્ડહર્સ્ટ રોડ, ગિરગામ,
મુબાઈ, ન ૪


P by K R Mitra at the Manoranjan Press 3 Sandhurst Rd. Girgaon Bombay

સમાલોચક

મુખ્ય લેખો



Oct 18



નવકુસુમ તેલ—આપણને ગમતી અને
લાગતી સુગન્ધ
PAUL

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत्।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥ भ. गी. १७-१५

પુસ્તક ૨૪ મું.] એપ્રીલ ઈ. સ. ૧૯૧૯. [અંક ૪ થો.

તંત્રી—રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.
રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ., એલએલ. બી.
પ્રકાશક—રા. રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી.

વિષય. વિષયાનુક્રમણિકા. પૃષ્ઠ.

વાર્ષિક લવાજમ રૂપીઆ ચાર,
હિન્દુસ્તાન બહાર શીલિંગ છ=રૂ. ૫-૧૨-૦. છુટક અંકની કિંમત આઠ આના.
ઈ. સ. ૧૯૧૯ ને ૧૯૨૦ નાં બંને વર્ષનાં લવાજમ રૂ. ૧૦, હિન્દ બહાર રૂ. ...
આ લવાજમ શરૂઆતમાં જ લેવામાં આવે છે

ઉષા—"સ્વરાજ્ય પ્રતિજ્ઞા"



અમારે તેનો હાથ પકડ્યો

સમાલોચક] પૃ. ૨૨૨ [એપ્રીલ ઈ સ ૧૯૧૯

 ચિત્રકાર—રા રવિશંકર રાવળ



મિ. બેન્જામીન ગાય હૉર્નિમેન

લોકશાસનના સિદ્ધાન્તના પ્રતિપાદક વર્તમાનપત્ર ધી 'બોમ્બે ક્રોનિકલ'ના બાહોશ અને નિડર તંત્રી

—ઈંગ્લાંડખાતે દેશપાર થયા તા. ૨૬ મી એપ્રીલ ૧૯૧૯ શનિવાર.

Photo by the Courtesy of
Messrs Devare Bombay



પુસ્તક ૨૮ મું,] એપ્રીલ, ઈ. સ. ૧૯૧૯ [અંક ૪.

મિ. હોર્નિમેનનો દેશનિકાલ

લેખક—રા. મણીશંકર ગોવર્દ્ધનરામ ત્રિપાઠી.

ભારતવર્ષના અર્વાચિન ઇતિહાસના [illegible] અનેક ચિરસ્મરણીય દુ ખદ પ્રસંગોથી ચિતરાયેલા છે બુનદાનમાં—છેલ્લા પચાસ વર્ષમાં—કદિ ના અનુભવેલી એવી દુષ્કાળ આદિની ભયંકર પરિસ્થિતિઓ કોઇ અપૂર્વ અશાન્ત અવસ્થામાંથી હિન્દ આજ ચાર માસથી પસાર થાય છે એ આ સમયનો ઇતિહાસ અનેક રીતે દુ ખદ અને અશાન્ત બહુ બન્યો છે આ ન્હાના સરખા સમયમાં શ્રીમાન્ સમ્રાટના નિયોજિત કેટલાક અમલદાર બન્ધુઓએ જ્યારે પોતાને જ મનગમતી રાજ્યનીતિ એક તરફથી સ્વીકારી છે ત્યારે બીજી તરફથી હિન્દની રાંકડી પ્રજાના અભણ વર્ગ પોતાના ભયંકર કૃત્યોથી દેશમાં ખળભળાટ ઉભો કર્યો છે અહોભાગ્ય છે કે હિન્દના શિક્ષિત વર્ગ આ ઘોર કર્મ કરનારાને બહુ શાન્તિ અને વિરોધ દર્શાવ્યો એટલુ જ નહિ પરંતુ અશિક્ષિત પ્રજાજનોએ કરેલા આ કૃત્યને સ્હેજ પણ તેમણે આધાર આપી નથી પરન્તુ લોકો સામાજિક, આર્થિક અને ગમ્ભીર કારણાવશાત્ જ્યારે હિન્દી રાજ્યકર્તાઓ તેવા પ્રસંગે અમલદાર બન્ધુઓ અને દેશના શિક્ષિતજનોને શિર પરસ્પર ની સહકારીથી સાથે રહી દેશમાં શાન્તિ અને સુલેહ સાચવવાનુ પરમ કર્તવ્ય ઉભુ થાય છે પરન્તુ કમનસીબે છે આ [illegible] બહુ થોડાની સકુચિત રાજ્યનીતિના સિદ્ધાન્તો [illegible] શિક્ષિત વર્ગને બુઝાવ થાય છે તેમ નથી હિન્દનુ સાચુ હિત જાણવાની એ અમલદાર બન્ધુઓને બહુ અગત્ય લાગતી નથી એ વાતપર લોકોનુ ધ્યાન ખેંચ્યા વિના રહી શકાતુ નથી [illegible] તરફ લાગણીની દૃષ્ટિથી જોવાય છે મિ. હોર્નિમેન અધિકારીઓની દૃષ્ટિમાં ભયંકર ગણાયા છે; ને તેમના લેખો રાજ્યમાં અનેક અશાન્તિના બીજ [illegible]

ગણાયા છે, પરિણામે મિ હૉર્નિમેનને ગઈ તા ૨૬ મી એપ્રીલે મુંબાઈ સરકારે હદપારી કરી હિન્દની બહાર મોકલી દીધા છે અમને આ પગલા સામે સમસ્ત હિન્દની પ્રજા તરફથી સખ્ત વિરોધ બતાવવાની જરૂર જ લાગે છે નહિ—પણ કર્તવ્ય લાગે છે દેશમા ઉત્પન્ન થયેલી આ અશાન્તિ માટે અમને લાગે છે કે દરેકે દરેક સાચા હિન્દીજન વધારે દુઃખાને દુ:ખ પામે છે અને દુઃખાશે અમ્હારા પુનિત ભારતવર્ષમાં શાન્તિ અને સુલેહ, અનેક કોમો અને જાતિઓ વચ્ચે પરસ્પરની મિત્રતા અને સમભાવ સચવાય એ દરેકે દરેક સાચો હિન્દીજન ઇચ્છે છે મિ હૉર્નિમેન આવા જ એક હિન્દીજન હતા એક સાચો અંગ્રેજ વીર પણે તેમ મિ હૉર્નિમેન હિન્દમાં વર્ત્યા છે અને એવા સપુતને જન્મ આપવા માટે તો બ્રિટનને અભિમાન જ લેવાનું છે

આપમુખત્યાર અમલદારો અને એંગ્લો-ઇન્ડિયન પત્રોના નિશાન સમૂહ સામે પ્રજાને મજબૂત અવાજ પાડનાર એક હિન્દીપત્રની અગત્ય આપણા માનનીય સર ફિરોજશાહે ઘણાં વર્ષો પહેલાં જોઈ હતી અને પરિણામે ૧૯૧૩ ના માર્ચ માસમાં 'ધી બોમ્બે ક્રૉનિકલ' પત્રની સ્થાપના કરી મિ હૉર્નિમેને તે પહેલા કલકત્તાના ધી 'સ્ટેટ્સમેન' પત્રમા સબ તંત્રી તરીકે આઠ વર્ષ પર્યંત કામ કર્યું હતુ અને સર ફિરોજશાહની પસંદગી મિ હૉર્નિમેન પર ઉતરી અને એ પસંદગી મિ' હૉર્નિમેને આ ૭ વર્ષમા સપૂર્ણ રીતે સાર્થક કરી બતાવી છે. મિ હૉર્નિમેનના જાહેર જીવનના પ્રસંગો હમેશા સાહસોથી ભરાયલા છે તેની નોંધ અત્ર આવશ્યક નથી, છતા કહેવાની જરૂર છે કે એમનુ જીવન વીરત્વથી જ રંગાયલુ છે અમ્હારો વિશ્વાસ છે કે સર ફિરોજશાહ ક્રૉનિકલ પત્રમારફતે હિન્દ આજ જે જાગૃતિ પામ્યુ છે અને હિન્દમા જે અવનવું અને શૌર્યભર્યું ચેતન આવ્યુ છે તે માટે અવશ્ય અભિમાન લેત. કમભાગ્યે બે વર્ષ પૂર્વે ક્રૉનિકલ પત્ર અને તેમના કાર્યવાહક મંડળમાં જેના ઇચ્છવા યોગ્ય વિરોધ થયો હતો અને જેના પરિણામે સર ચિમનલાલ આદિ સાથેનો ક્રૉનિકલનો સબંધ તૂટ્યો એ પ્રસંગ દુ:ખભર્યો ગણાયો હતો—છે પરસ્પરની સહિષ્ણુતા અને સમભાવવૃત્તિનુ પોષણ થઇ શક્યુ નહિ — કોઈ રાગદ્વેષ કે કીર્તિદ્વેષના લોભીજનોની મોહવૃત્તિમા મિ હૉર્નિમેન અને તેમનુ મંડળ જકડાઇ ગયાના પરિણામે સર ચિમનલાલ આદિ સાથેનો સબંધ દૂર થયો એ એકના દુ:ખદ પ્રસગ સિવાય ક્રૉનિકલ પત્રનો ઇતિહાસ સોનેરી અક્ષરે ચિરંજીવ રહેશે અને એ ઇતિહાસ સાથે મિ હૉર્નિમેનનુ નામ અને કાર્ય પણ એટલા જ ચિરંજીવ રહેશે

મિ હૉર્નિમેન એટલે બ્રિટન અને હિન્દના સાચા લોહીની એકતા મિ હૉર્નિમેન એટલે વીરની વીરતા અને સ્નેહની સ્નેહાળતા મિ હૉર્નિમેન એટલે હિન્દની પરમ સેવા મિ હૉર્નિમેન એટલે હિન્દીજનોનુ સ્વતંત્રતા માટે વેગથી દોડતું અને ધપતુ શૌર્યભર્યું નિડર હૃદય દેશના કોઈ પણ ઉંચામા ઉંચા પદવિધર અમલદારમન્ડુ કરતા મિ હૉર્નિમેન સામાન્જનના અને શ્રીમાન્ સમ્રાટના વધારે સાચા અને આરૂઢ ભક્ત અને મિત્ર છે એ પદવિધરોને બ્રિટનની સત્તા અને બ્રિટિશ શહેનશાહતને માટે લાગણી અને અભિમાન કે ચિન્તા છે તે

મારી વાસવાર્તાઓ (સચિત્ર વાર્તા સગ્રહ) રૂ ૨-૦-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુબાઇ.

કરતા મિ. હૉર્નિમેનને અનેકધા છે પરન્તુ, એ પ્રતિનિધિઓમાંના ઘણા કરતા મિ. હૉર્નિમેન ઘણા ઊંચી કોટીના એક મહાન્ પુરૂષ છે એ પણ એટલું જ સત્ય છે. હિન્દના દુઃખિત ગામના ઉદ્ધાર કાજે-હિન્દને ભોગવવી પડતી અનેક મુશ્કેલીઓ અને પરાધીનતાની બેડીઓના ત્રાસના ચિત્રો બ્રિટિશ સામ્રાજ્યના અગ્રગણ્યો પાસે પ્રત્યક્ષ કરવામાં અને બ્રિટનના સાચા સન્તાનોને તેઓના કર્તવ્યનું ભાન કરાવવામાં જ હિન્દ-બ્રિટનનો સમ્બન્ધ વધારે ગાઢ થશે અને એમાં જ સામ્રાજ્યનું ચિરસ્થાયીપણું સમાયું છે એ વાત મિ. હૉર્નિમેન સારી પેઠે સમજતા હતા અને એટલા જ માટે એ વાત તેમણે ફરી ફરીને અનેકવાર કહી છે—પરિણામ એ આવ્યું કે એ મહાન અંગ્રેજ-હિન્દી મિત્રને આજે હિન્દ છોડવું પડ્યું—હિન્દનો મિત્ર—[illegible] સ્થિતિમાં છોડવો પડ્યો. નામદાર મુંબાઈ સરકારની આ એક ભૂલ થઈ છે જે માટે અમને અતિશય દુઃખ થાય છે. ઍંગ્લો-ઇન્ડિયન પત્રકારો જ્યારે આ સમય પોતાના લેખોદ્વારા અંગ્રેજ અને હિન્દીઓ વચ્ચે ગેરસમજ ઊભી કરીને હલકી મનોવૃત્તિઓને પોષણ આપે છે અને જાતીય વિરોધ *Racial animocities*—ઊભા કરે છે ત્યારે દુઃખની વાત તો એ છે કે નામદાર સરકાર એ પત્રકારોને પોતાના પ્રિય મિત્રોરૂપે ગણે છે અને પ્રજાનો અવાજ ઊંચી નાખી સુણાવનારને દેશપાર કરે છે.

અમે આશા રાખીએ છીએ કે નામદાર ગવર્નરસાહેબની કાઉન્સીલમાં આ અગત્યના બનાવ માટે ફરી શાન્તિથી વિચાર કરવામાં આવે અને ક્રૉનિકલ પર તથા પ્રેસ સામે જે પગલાં ભરવામાં આવ્યાં છે તે પાછાં ખેંચી લેવાય અને પ્રજાના એક અગ્રગણ્ય નેતા અને સામ્રાજ્યના એક સાચામાં સાચા આશક બન્નેનો ન્યાય અને સત્યના માર્ગે નાની [illegible] પ્રજાઓના સ્વમાન અને આત્મનિર્ણય માટે લડનારી બ્રિટિશ પ્રજાના સન્તાનો શું પોતાના સત્યમાર્ગના સિદ્ધાન્ત પણ ભૂલી જશે? શું બ્રિટનની પવિત્ર અને નિર્મળ કૂખે જન્મનાર વ્યક્તિઓ આમ જ દુઃખ દીધા કરશે? શું બ્રિટિશ રાજ્યની અમરતાના પ્રસંગો આમ જ આવશે? અમે હજુ સુધી આશા રાખીએ છીએ કે નામદાર વાઈસરૉય લૉર્ડ ચેમ્સફર્ડ વિશાળ દિલ અને ઉદાર નીતિ દર્શાવશે અને એક સાચા બ્રિટનને યોગ્ય નીતિથી અન્યાય અને દુઃખના વિરોધી બનશે અને પોતાના અધિકારનો ઉપયોગ કરશે. મહાત્મા ગાંધીજી સામે દિલ્હી-પંજાબમાં પ્રવેશ ના કરવા માટે મુંબાઈમાં થયેલ અશાન્ત પ્રસંગે ધૈર્ય અને સમતોલપણું સાચવનાર અને સારાય અંગ્રેજ હાકેમને યોગ્ય વર્તનાર નામદાર જ્યૉર્જ લૉઈડે મિ. હૉર્નિમેન અને ક્રૉનિકલના પ્રસંગમાં પણ વધારે દીર્ઘદૃષ્ટિ અને ધૈર્ય બતાવ્યાં હોત એવું અમે ઇચ્છીએ છીએ. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે પણ એ ભૂલ સુધારવી એ એ વીરનું લક્ષણ છે તો આ નીતિ તુરત સુધારાય અને ભવિષ્યમાં શાન્ત પ્રજાના નિયમિત અને [illegible] વ્યવહારમાં આવી નીતિ ભૂલોથી અશાન્તિ અને અસંતોષ ફેલાશે નહિ એટલું સંભારશે એવી અમે આશા રાખીએ છીએ. પ્રજાને પોતાના દુઃખ અને મુસીબતો સરકાર પાસે રજુ કરવાના હરેક પ્રયત્નો

મગાા જ જેઓએ એ પ્રસંગોને સુચિન રાજ્યનીતિથી દબાવી દેવામાં મહાભય રહ્યો છે અને દૂરના ભવિષ્યમાં તેથી મહાહાનિ થવાનો સંભવ છે જગતની પ્રજાઓમાં નિહાળ શ ... ીજુ ... છે ? આ જ વાતની પ્રત્યક્ષ સાક્ષી પુરે છે એ ઇતિહાસો બોધદાયક છે, એ ... દેશની પ્રજા ... ક્ષણની સત્તા જે અધિકારીઓને સોંપાઇ છે તેમનું જ ... ામ

નાથ ! અવતારો એવા વીર

લેખ — ચોપટલાલ ગુલાબભાઈ શાહ, બી એ

(આર્ય હ ... ની યાચના)

નાથ અવતારો એવા વીર,
ઉતારો જગમાં સતસુધીર —નાથ૦

ક્રોધ પૂંગાપા પથના ... મમત ન જરી ધરનાર (૨)
તજી દુરાગ્રહ તત ... (૨) સત્ય સૂત્ર ધરનાર,
નેત્રોને જગાવનાર ...,
પાઠવો પ્રભુ સત શૂરવીર —નાથ૦

... જેની સૌ ધ ... સદાચરણ ... (૨)
મન, વચન, તન એકતામહિ (૨) ... અનુમોદન
સદા સદ્વર્તનમાં ... વીર
પાઠવો પ્રભુ સત શૂરવીર —નાથ૦

ચકોર, ... ચાલાક, દક્ષને, ચપલ ગતિ ધરનાર (૨),
તમ ઉન્નત ઉપદેશ બોધના (૨) ... નેનાર,
સાધુના કુશલ મુનિવરધીર,
પાઠવો પ્રભુ સત શૂરવીર —નાથ૦

સૂત્ર સત્યના ગુંથે ... રાજ્યતંત્રની માળ (૨),
... એ સૈન્ય ... (૨) મહારાજ ...,
સાધુ રાજાઓ એવા ધીર,
પાઠવો પ્રભુ સત શૂરવીર —નાથ૦

અનુરાગનિ અગન અડગ ને અચલ ધૈર્ય ધરનાર (૨),
ધી પ્રતાપી ગનકી સાચા (૨) સાત્વિના અજના
પ્રતાપી સાત્વિક હતો વીર,
પાવો પ્રભુ સત ગૂરવી　　—નાથ૦

સુસજ્જિત હૃદયભાગી નિર્મલ દષ્ટિ ધરના (૨)
નમ ઓના ગિખના નત્પર, નમ (૨) અના અનગ ા
વી ના કર્મયોગીઓ ધીર
પાવો નમે સન્ત ગૂરવી　　નાથ૦

અ યાથે અભ ાય ાવી ના અ ય સુગ ધ નાર (૨)
અગ અગ વિકા અનીતિપર (૨) નતન ઝર અગાર
ના ાપર અણ નિત ધરનાર
પ્રાણુ નિજ પ્રેમે પાથરના
નેહપર મર્ગી પડનાર રવીર,
પા વો પ્રભુ સન્ત ગૂરવીર　　—નાથ૦

અવતારા એ સ્વદેશપૂજન, અ પ્રજામા વીર (૨),
શા ત્ય સ્તભ ગ ચોના રાક (૨) પુનિત પ્રતા ી ી
પ્રેમી ી સત ે ા વી,
વિશ્વના સાચા સરદ ીર
શાનિના સાગર શા ત કમીર
પાહવો પ્રભુ મ ત ગૂરવીર *　　—નાથ૦

સુરા ૨૭ ૧૨ ૧૮

---

* ઈ ે ગિ ાનના એક મ ત્રનો અનુવાદ

વિજ્ઞાન-મન્દિર.

લે. પ્રૉ. કાન્તિલાલ છગનલાલ પંડ્યા, એમ. એ.

સન ૧૯૧૯ ના પહેલા ત્રણ માસમાં વૈજ્ઞાનિક મહત્ત્વના હિન્દી પ્રસંગો નીચે પ્રમાણે હતા.

સર પ્રફુલ્લચન્દ્ર રાય.

૧. આરંભમાં જ પ્રખ્યાત બંગાળી રસાયનશાસ્ત્રી ડૉ. પ્રફુલ્લચન્દ્રરાયને સરકારે નાઈટ બનાવ્યા. હિન્દુસ્થાનમાં ખિતાબોની લ્હાણી થાય છે તેમાં એકંદરે પ્રજાને બહુ રસ રહેતો નથી કારણ કે પ્રજાનું માન તથા પ્રજાનો પ્રેમ પામેલા તથા પામવા યોગ્ય બહુ જ થોડા માણસો આ યાદીઓમાં દૃષ્ટિએ પડે છે. પરન્તુ રાજ્યકર્તા વચ્ચેનો સ્નેહભાવ બહુ જ સ્પષ્ટ રીતે દેખાડી આપનાર આ નવા વર્ષના તથા શહેનશાહની જન્મતિથિના ખિતાબોના પ્રસંગ છે. આ વાત તો સુવિદિત છે. બીજી વાત એ છે કે રાજસેવાનો બદલો ખિતાબો ગણાય છે, તેમ વાસ્તવિક રીતિએ જે માણસોએ પોતાની બુદ્ધિથી શોધખોળથી કે એવી ખાસ શક્તિથી કેવળ રાજકર્તાઓની કે પોતાની પ્રજાની જ નહિ પણ આખી માનવજાતિની ઉંચી સેવા કરી હોય એની કદર પણ આવા સન્માનોથી થવી જોઈએ. આ સિદ્ધાન્ત પણ કાંઈ નવીન નથી, પરન્તુ એનો અમલ ઓછો થાય છે. વિજ્ઞાનશાસ્ત્રીઓ—જેઓ નિઃસીમ સ્વાર્પણથી તથા ધારીનાર ઉગ્ર તપશ્ચર્યાથી સત્યનું અન્વેષણ તથા લોક-કલ્યાણ કરે છે—તેઓને બ્રિટિશ રાજકર્તાઓ તરફથી બહુ યોગ્ય ન્યાય મળ્યો છે, એ વાત અંગ્રેજ વિજ્ઞાનશાસ્ત્રીઓ વારંવાર કહે છે અને ઇંગ્લન્ડમાં જ આમ થાય તો પછી હિન્દમાં તો પૂછવું જ શું? [અંગ્રેજ વિજ્ઞાનશાસ્ત્રીઓનું જ સન્માન ઇંગ્લન્ડમાં પૂરેપૂરું થતું ન હોય, તો હિન્દી વિજ્ઞાનશાસ્ત્રીઓની કિંમત આંકી કદર થવાની આશા શી રાખી શકાય? ને છતાં સરકારના આ નિયમના અપવાદ રૂપે થોડા સમય ઉપર ડૉ. જગદીશચન્દ્ર બસુને, ડૉ. નીલરતન સરકારને તથા આજે ડૉ. રાયને—પ્રો. પરાંજપેનું સન્માન સત્કાર બનાવી રાખી, એ બહુ આનન્દની વાત છે. ડૉ. રાય જેવા સરળ નિરભિમાની માણસને આ ખિતાબથી ખાસ બહુ ન લાગે અને એમની કૃતિનું મૂલ્ય, પોતે "સર" થયા એટલે વધી ગયું એમ ભાન ન થાય, એ સ્વાભાવિક છે. પરન્તુ બીજા વિજ્ઞાનશાસ્ત્રીઓનો ઉત્સાહ આ કદરથી વૃદ્ધિ પામે તથા વૈજ્ઞાનિક સેવા એ ગુણ છે એ તરફ પ્રજાનું લક્ષ આકર્ષાય એ સર્વને અગત્યની વાત છે. ખાસ કરીને ઘણા માણસો પૈસા ખર્ચીને તથા સરકારને રાજી કરીને ખિતાબો ખરીદવાનાં ફાંફાં મારે છે, તેવા ઘણાઓની આંખ આ પ્રસંગથી, ઉઘડે, તથા આત્મમાનનું કંઇક તત્ત્વ શું હોવું જોઈએ એની ઝાંખી થશે.

સર પ્રફુલ્લચન્દ્ર રાયના પોતાના સમ્બન્ધી જુદો લેખ લખવાનું યોગ્ય લાગવાથી અત્રે તેમણે કેટલી સેવા બજાવી છે તે બતાવવા અહીં પ્રયત્ન કરવાની જરૂર નથી.



કલકત્તાની 'ઇન્ડિયન એસોસીએશન ફૉર ધી કલ્ટિવેશન ઑફ સાયન્સ'

૪ ચોથો પ્રસંગ ઉપર કહેલા "ઇન્ડિઅન એસોસિએશન ફૉર ધી કલ્ટિવેશન ઑફ સાયન્સ'નું વાર્ષિક સમેલન માર્ચની ૨૭ તારીખે થયું એ છે આ સંસ્થા મરહુમ ડૉ. મહેન્દ્રલાલ સરકારે 'પ્રતિ-અન" કે વિજ્ઞાનની ઉન્નતિને માટે સ્થાપેલી આ સંસ્થા અત્યારે ૪૩ વર્ષ જેટલી વૃદ્ધ છે, ને આ ગૌરવ કેના ઘણા ઉપરની નવા મહત્ત્વના કાર્યથી અંકિત થયેલું છે હિન્દના વાઇસરૉય એના મુરબ્બી હતા, અને હવે નામદાર તથા બંગાળાના ગવર્નર બન્ને મુરબ્બી છે એના પ્રમુખ રાજા પીઆરી મોહન મુકરજી છે, ને ઉપપ્રમુખોમાં (હવે સદ્ગત) સર ગુરુદાસ બેનરજી, જસ્ટિસ સર આશુતોષ મુકરજી, સર પ્રફુલ્લ ચન્દ્ર રાય પ્રો રામન ને ડૉ. ચૌધરી છે વાર્ષિક સમેલનમાં થયેલા ભાષણોથી બે વાત સ્પષ્ટ સમજાય છે એક એ કે આ સંસ્થા વિજ્ઞાનશાસ્ત્રના ખિલવણી માટે મહત્ત્વનું કાર્ય કરે જાય છે-જુદી જુદી રીતિએ ને બીજું એ કે અત્યાર સુધી કલકત્તા એ રસાયનશાસ્ત્ર તથા પ્રાણિશાસ્ત્રસંબન્ધી પર્યેષણાનું હિન્દનું કેન્દ્ર ગણાતું હતું, તે ઉપરાંત હવે પ્રો રામનને લીધે તે ભૌતિક પદાર્થનું પણ કેન્દ્ર થવા માગે છે પ્રો રામનને લીધે-એમ લખવામાં ડૉ. જગદીશ ચન્દ્ર વસુની અવગણના નથી કરતા, કારણ કે ડૉ. વસુનું કાર્ય એક રીતે એમનું પોતાનું જ હતું, ને હવે પ્રો રામનને લીધે ભૌતિકશાસ્ત્રના અવનત અન્વેષણ કરનાર સારી સંખ્યા ઉત્પન્ન થવા લાગી છે

કલકત્તાના નવા વાઇસ-ચેન્સેલર, સર નીલરત્ન સરકાર

૫ પાંચમો પ્રસંગ કલકત્તા યુનિવર્સિટિના વાઇસ-ચેન્સેલરની જગ્યા ઉપર ડૉ. સર નીલરત્ન સરકારની નિમણુક છે તેઓ પણ બાહોશ વૈદ્યશાસ્ત્રી છે, ને દીલ્હીમાં નાતાલ દરમ્યાન વૈદ્યકીય પરિષદ્‌ને પ્રમુખ સ્થાનેથી જે વિદ્વત્તાભર્યું ભાષણ એમણે આપ્યું હતું તે ઘણાઓએ વાંચ્યું હશે. આપણા શિક્ષણમાં તેમ જ આપણા પ્રજાજીવનમાં વિજ્ઞાનને વધારે ઉતારવું જોઈએ એમ અમે માનીએ છીએ, તેથી આવા વિજ્ઞાનશાસ્ત્રીને આવી સારી તક મળી છે એ મોટું શુભ ચિહ્ન છે કલકત્તા યુનિવર્સિટિ વિષે કમિશને પોતાની ભલામણો કરી દીધી છે, અને નામદાર વાઇસરૉય એ વિષે જટ પગલાં લેશે એમ આશા રહે છે કલકત્તા યુનિવર્સિટિમાં જે કાંઇ ફેરફારો થાય તે હિન્દની પ્રજાના હિતની દૃષ્ટિએ તથા અર્વાચીન આવશ્યકતાની દૃષ્ટિએ સંતોષકારક થાય, એમ આપણે ઇચ્છીએ છીએ સર નીલરત્ન જેવા માણસ અત્યારે આ પદ ઉપર છે એટલે આ સંતોષની આપણે વાજબી આશાઓ રાખી શકીએ મુંબાઇ તથા કલકત્તા બન્ને સ્થળે નામાંકિત હિન્દી વાઇસ-ચેન્સેલર છે, ને બન્નેની કારકીર્દી પ્રજા આતુરતાથી નિહાળશે

આચાર્ય,

તા એપ્રીલ ૧૯૧૯

મુદ્રાયંત્રનો ઉદ્યોગ.

લેખક —રા રતિપતિરામ ઉદ્યમરામ પંડયા, બી એ

અમેરિકામા બનાવેલા મુદ્રાયંત્ર જર્મની સિવાય દુનિયાના ઘણા દેશોમા હાલ મોકલવામા આવે છે દક્ષિણ અમેરિકાના દૂરના દેશોમા દક્ષિણ આફ્રિકા આસ્ટ્રેલિયા, ડચ લોકોના પૂર્વના સંસ્થાનો, અને દક્ષિણ સમુદ્રના ટાપુઓમા વતમાન સમાચાર ફેલાવવાને આ મુદ્રાયંત્રો ઘણા ઉપયોગી થઈ પડ્યા છે બીબા ગોઠવવાના યંત્રોને થોડા જ સમય ઉપર ન્યાયી રાજ્યો જાપાન, અને ચીનમા મોકલવામા આવ્યા છે, એટલુ જ નહિ, પણ ફ્રાન્સ સામે લડતા અમેરિકાના લશ્કર રેતે પણ મોકલવામા આવેલા છે



રેગીઓના એક નગરના વતમાનપત્ર માટે વપરાતુ અમેરિકન મુદ્રાયંત્ર

મુદ્રાયંત્રના સામર્થ્યથી–ખાસ કરીને બીબા ગોઠવવાના યંત્રથી–સુધરેલા દેશો ઉપર બહુ જ સારી અસર થઈ છે આ વાત એટલી સત્ય છે, કે તેના ઉપર વધારે ભાર દઈને બોલવાની કશી જરૂર રહેતી નથી દુનિયાના વતમાન સમાચારો છાપવાની સરળતાને લીધે દુનિયામા ચેતન લાવવાનુ હવે બહુ સ્હેલાઇથી બની શકે છે રાજકીય આશયો અને નિર્ણયોના અપરિપક્વ સાહિત્યને જનસમાજ સમક્ષ રજુ કરવાનુ પણ સ્હેલાઇથી બની શકે છે દૈનિક પત્રો તથા માસિકોમા પહેલાં જ્યારે પ્રત્યેક અક્ષર હાથથી જ ગોઠવવામા આવતો, ત્યારે ન્હાના કદના પ્રમાણમા પણ બહાર પાડવાનો શ્રમ લગભગ અમર્યાદ થતો દ્રષ્ટાંત તરીકે વિચારતા આપણને


તેવા નથી એક કંપનીએ હમણા જ એક મુદ્રાયંત્ર દક્ષિણ અમેરિકામા મોકલાવ્યુ, પણ એ યંત્રને પાછુ મોકલાવવુ પડયુ, કારણ કે તે યંત્રનો એક ભાગ જ ૫૦૦ રતલ વજનનો થયો, અને તેથી તે આખા યંત્રને ખચ્ચરની પીઠ ઉપર લાદી શકાય તેમ ન હોતુ દેશાન્તરમા કેટલાક દેશો હજુ પણ પગથી ચલાવી શકાય તેવા શિલાછાપના યંત્રોની માગણી કરે છે બાઇસીકલ અને સ્વશક્તિથી ચાલતા વાહનો જેવો સંબંધ છે, તેવો જ સંબંધ પહેલાના શિલાછાપના યંત્રોને અને હાલના છાપવાના યંત્રોને છે

પણ ધીમે ધીમે દુનિયાના એક ખુણાના પ્રદેશમા છાપવાની કળા–અને પૂર્ણતાએ પામેલા સૌન્દર્યની અને ઉંચા પ્રકારની સશોધક બુદ્ધિની તે ખરેખર કળા જ હતી તે ખીલતી હતી હાલ દક્ષિણ અમેરિકામા નવા છાપખાના માલૂમ પડે છે અને આ છાપખાના જૂની ઢબના બીબાને ગાળી નાખી, તેને બદલે નવી ઢબના ચોખ્ખા અક્ષરથી ભાતવાળા અમેરિકામા બનાવેલા બીબાનો ઉપયોગ કરે છે દક્ષિણ અમેરિકાના કેટલાક પત્રો ન્યુયોર્કમા સુવ્યવસ્થિત રીતે આવે છે આ પત્રો ધીરે ધીરે હાલની પદ્ધતિને અનુસરતા કરવામા આવે છે


કૉલમ્બીઆના મદ્યપેયોના નિકાશખાતાનુ મકાન

દક્ષિણ અમેરિકાના કહેવાતા રાજ્યપરિવર્તક દેશોમા બીબા ગોઠવનાર યંત્રોએ છાપખાનાના સ્થિતિ સુધારવામા અગત્યનો ભાગ ભજવ્યો છે આ દેશોમા બળવાના સમયમા વર્તમાનપત્રોએ અગ્રભાગ ભજવ્યો છે સામયિક ઉછાળાના ખરેખરા ઉત્તેજક તરીકે આ પત્રો રહ્યા છે પરિણામ એ આવ્યુ છે કે જે ક્ષણે લશ્કરી ઉત્સાહ શરૂ થાય છે, તે જ ક્ષણે બળવાખોરોને છાપખાનાનો નાશ કરવાની ટેવ પડી ગયેલી હોય છે બીબાના ખાનાને ગમે તેમ ફગી દેવામા આવે છે છાપવાના સાહિત્યોને ફરીથી ભેગા કરવામા વર્તમાનપત્રવાળાઓને મહિનાના મહિના વીતી જાય છે બીબા ગોઠવવાના યંત્રની શરૂઆત થયા પછી કોઈ પણ યંત્રના બીબાનુ નુકસાન કરવાનુ બળવાખોરોને જડયુ નથી કારણ બીબા ગોઠવવાના યંત્રનો સહેલાઇથી નાશ થઇ શકતો નથી, અને આથી કરીને રીતસર પત્રો બહાર પડયા જ કરે છે"


બીજા બધા દેશોની માફક દક્ષિણ અમેરિકામા બીબા ગોઠવવાના યન્ત્રોની સાથે રાજ્યમા ઉથલપાથલ કરનારા વતમાનપત્રોનું કામ ચાલે છે આર્જેન્ટીના, મોન્ટિવીડીઓ, અને વિરુગ્વેની દક્ષિણના બીજા દેશોમા હમણા એવા અધિપતિઓ માલૂમ પડ્યા છે કે જેઓ બીબા ગોઠવવાના યન્ત્રો ઉપર જ તેમના વર્તમાનપત્ર સમન્વના નખાણો ચલાવે છે દક્ષિણ અમેરિકા, ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં આના ઘણા કારખાના ચાલે છે સ્ત્રીઓને પણ બીબા ગોઠવવાના યન્ત્રો ઉપર કામ કરવા નિમવામા આવે છે, અને તેઓ સારૂ કામ કર્યા જાય છે છેલા થોડાંક



રાત્રે જર્મનોના વર્તમાનપત્રમા વપરાતા બીબા ગોઠવવાના અમેરીકન યન્ત્રો.

વર્ષોથી દેશાવર માલ મોકલનારાઓને માલૂમ પડ્યુ છે કે જર્મનીના પ્રતિનિધિઓએ જર્મનીની યુક્તિઓને મેક્સીકોમા ફેલાવવાને અમેરિકાના છાપવાના યન્ત્રો ખરીદ્યાં છે હવેના સમયમા બધી માગણીઓ પૂરેપૂરી તપાસવામા આવે છે અને તેથી કરીને અમેરિકાની પ્રજાની સામે જ વાપરવાને અમેરિકાના યન્ત્રો જર્મનીના હાથમા જવા સંભવ નથી

યુનાઇટેડ સ્ટેટ્સ અને દક્ષિણ અમેરિકામાથી દરેક જાતના છાપવાના યત્રો પરદેશ મોકલવામા આવે છે આરજેન્ટીના અને બ્રાઝીલના પત્રો ઇંગ્લન્ડના-ઉંચામા ઉંચી જાતના રોનગ્ર વાપરે છે અમેરિકાના જે યત્રકારો સ્પેનની ભાષા જાણે છે, તેમને મોટા છાપખાનાં અને બીબા ગોઠવવાના યત્રોના કારખાના ઉઘાડવા સ્પેન મોકલવામા આવ્યા છે દક્ષિણ અમેરિકાના મોટામા મોટા બીબા ગોઠવવાના કારખાનામા શિલ્પકામ જાણનારાઓની ઘણી સખ્યા છે, અને યત્ર સારી સ્થિતિમાં છે કે નહિ તે જ જોવાનું કામ હોય છે જે સ્ત્રીઓ અને પુરુષો કામ કરવાને રહ્યાં હોય છે, તેમને આ યત્રકારો વારેવારે સૂચના આપ્યા કરે છે યુનાઇટેડ સ્ટેટ્સમાંની કેટલીક કપનીઓ, જે છાપખાનાવાળાઓ તેમના જ યત્રો વાપરે છે, તેમની સાથે સારો સબન્ધ સાચવી રહ્યા હોય છે તેમને કપનીઓ પોતાના તરફથી બનતી સહાય આપે છે, અને તેના બદલામા અમેરિકાના યત્રોસબન્ધે તેમનો ટેકો લે છે



બ્યૂનો એન વર્તમાનપત્રમા વપરાતુ મોટુ અમેરીકન મદ્રાયંત્ર

દેશાવર મોકલવાને માટે જ ખાસ યુનાઇટેડ સ્ટેટ્સમા છાપવાના યત્રોનો કોઈ ક્રમ રાખવામા આવેલો નથી દેશાવર માલ મોકલનારાઓ દૃઢતાથી એમ માને છે કે જો કોઈપણ દેશે છાપવાનાં યત્રોની બાબતમા લડાઇ પછી વ્યાપાર ચાલુ રાખવો હોય, તો કારખાનાવાળાઓએ દક્ષિણ અમેરિકાની સ્થિતિનો કાળજીથી અભ્યાસ કરવો પડશે, અને વ્યાપારની માગણીઓને પહોચી વળવાને તૈયાર થવુ પડશે દક્ષિણ અમેરિકામા લડાઈ પછી વેપારની દશા ઘણી કફોડી થશે અત્યારે તો છાપવાના યત્રોના બનાવનારાઓ અને દેશાવર મોકલનારાઓ દક્ષિણ અમેરિકા તરફ પોતાની આગળી રાખે છે, અને વેપારની માગણીઓને જોઇએ તેટલું મેળવે છે

જ્યા છાપવાનુ કામ ખાસ પ્રવૃત્ત નથી એવા દક્ષિણ અમેરિકામા અને બીજા દેશોમાં કેવળ વ્યાપારની જ દૃષ્ટિથી જ યોજાયેલા મુદ્રાયન્ત્ર બનાવવાને અમેરિકાના કારિગરોને ઘણો સારો અવકાશ છે આમ દેવાવર સાથે વ્યાપાર કરનારાઓનુ માનવુ છે વેપારમા થતી માગણી પૂરી પાડવાને યુનાઇટેડ સ્ટેટ્સના મુદ્રાયન્ત્રના કારિગરોએ, અમેરિકાના સામાન્ય છાપખાનાના પ્રમાણમા સારૂ કામ કરી શકે તેવા યન્ત્રો બનાવવાને મહેનત કરવામા કે પૈસા ખરચવામા બાકી રાખી નથી દરરોજનો ભારે વપરાશ હોવા છતા લાંબો વખત ટકે, એવા યન્ત્રોથી મુદ્રાયન્ત્રને તૈયાર કરવામા ઘણી સભાળ લેવાય છે, અને તેથી જ અમેરિકાની બનાવટનાં મુદ્રાયન્ત્ર દુનિયામા કોઇપણ ઠેકાણે બનાવેલા યન્ત્રો સાથે સરખામણીમા ઉંચુ સ્થાન ભોગવે છે જેમ લાબા સમય સુધી તે યન્ત્રો ઉપયોગમા આવે છે તેમ તેની કિમ્મત પણ પ્રમાણમા વધી છે




હુન્નરશાળામા પત્રકીઓ બનાવવાનુ અમેરિકન યન્ત્ર

અમેરિકાના મુદ્રાયન્ત્રને જેટલા ઉપયોગમા લેવાય છે, તેના સરેરાશ વીસમા ભાગ જેટલો પણ ઉપયોગ દક્ષિણ અમેરિકાના કારખાનામા નથી લડાઇ પછી કેટલીક પ્રજાઓ દક્ષિણ અમેરિકાને તેની હાલની ઇચ્છાપ્રમાણે મોઘામા મોઘા મુદ્રાયન્ત્રો વેચાતા આપવા યત્ન કરશે પારકા દેશોમા સ્થપાયેલા ન્હાના છાપખાનાઓની માગણીઓને પૂરી પાડવાને માટે જ મુદ્રાયન્ત્રોના કારિગરોનુ હાલનું ઉંચું ધોરણ નીચુ થવુ જોઇએ, જોકે આમ થશે છતા પણ ઉત્તર અમેરિકાએ આ બજારને સંતોષ આપવો જોઇએ

કોઇને એમ વિચાર ન આવવો જોઇએ, કે દક્ષિણ અમેરિકામા મોટા છાપખાના નથી દુનિયાના સાથી ઉત્તમ છાપખાનામાંનુ એક બ્યુનોઆયર્સમા માલૂમ પડે છે લાપ્રેન્સાની

છાપખાનાની સસ્થાને દુકાન કહેવી, એ તે મહાન્ સસ્થાની ભવ્યતાને અપમાન કરવા જેવુ છે તે ભવ્ય મહેલમાથી દુનિયાનુ એક ઉત્તમ વતમાનપત્ર નીકળે છે તે વર્તમાનપત્રનો ફેલાવો દર-



લ્યુતો લૅ'સ્ વર્તમાનપત્રમા વપરાતા બીબા ગોઠવવાના અને બીબાના યત્રો

રોજ ૧૪૦૦૦૦ પ્રતો જેટલો છે બ્યુનોઍરૅમા પણ 'લા નૅશનલ' અમેરિકાની બનાવટનુ મુદ્રાયન્ત્ર વાપરે છે, અને તેમાથી દરરોજ ૧૬૦૦૦૦ પ્રતો નીકળે છે આ કારખાનામા બીજુ

રંગરંગનું છાપવાનું કામ પણ કરવામાં આવે છે, અને પુસ્તકો બાંધવાનું પણ કામ કરવામાં આવે છે. માર્ગીનના રીઓ-ડી-જનેરોની માસજનિક પુસ્તકશાળામાં નોંધપોથીઓ બનાવવામાં જે ન્હાના બીબાંના યન્ત્રો વપરાય છે તે ઉદ્યોગી શહેરમાં 'જર્નલ ડ બ્રાઝીલ' અમેરિકામાં બનાવેલા યન્ત્રથી પ્રગટ થાય છે અને તેના ન્હાના બીબાવાળો ખંડ ન્યૂયૉર્કના નિક પત્રના છાપખાના જેવો દેખાય છે. બીજી દેશના નેન્ડીઆગો શહેરમાં 'ઝીગઝેગ' નામના માસિકના યાંત્રિક ખાતાને ઘણાં છાપવાનાં યન્ત્રો પૂરાં પાડવામાં આવેલા છે અને આ યન્ત્રો હાલની પદ્ધતિસર છાપવાની કળામાં, બીજા બધા અમેરિકામાં બનેલા યન્ત્રોની પેઠે પહેલા વર્ગમાં આવે છે. આના મોટા છાપખાનાવાળાઓ અમેરિકામાં બનાવેલા યન્ત્રો સિવાય બીજાનો ઇરાદો રાખતા જ નથી, કારણ કે તેમાં છાપવાની વિગતો અતિશય હોય છે, અને તે યન્ત્રોનો ઉપયોગ પણ ઘણો જ કરવામાં આવે છે.

અત્યાર સુધી દક્ષિણ અમેરિકાના 'ગિની' નામના દેશને બધી જાતના છાપવાનાં યન્ત્રો ઇંગ્લંડ પૂરાં પાડતું હતું. છેલ્લા ચાર વર્ષથી જ યુનાઇટેડ સ્ટેટ્સે તે દેશોને છાપવાના યન્ત્રો પૂરાં પાડ્યાં છે. ઑસ્ટ્રેલિયા પ્રથમ ઇંગ્લંડની બનાવટના યન્ત્રો વાપરતું, પણ હવે યુનાઇટેડ સ્ટેટ્સ પાસેથી બીજા ઘણા યન્ત્રો ખરીદ કરે છે. દુનિયાના ન્હાના મોટા બધા દેશો પ્રથમ યુરોપની પ્રજા પાસેથી ખરીદી કરતા હતા. તે હવે છાપવાના યન્ત્રોની તો ખાસ કરીને યુનાઇટેડ સ્ટેટ્સ પાસેથી જ ખરીદી કરે છે. છાપવાના યન્ત્રોને પરદેશ મોકલવાને માટે યુનાઇટેડ સ્ટેટ્સમાં મુખ્ય મથકનાં સ્થળ ઘણાં બન્યાં છે, જો કારીગરો દેશાવર સાથે વેપાર કરવાનો ખાસ અભ્યાસ કરે, તો આ યન્ત્રોની બનાવટમાં સારી પેઠે ખીલવણી થઈ જશે.

દક્ષિણ અમેરિકામાંથી છાપખાનાવાળાઓનું મંડળ યુનાઇટેડ સ્ટેટ્સની મુલાકાતે નીકળ્યું હતું, અને જ્યાં છાપવાના યન્ત્રો બનાવવામાં આવે છે, તે કારખાનાંઓને તપાસ્યાં હતાં. તેઓનું વારંવાર કહેવું એ જ હતું કે, "દેશાગની પેટીઓમાં ભારે યન્ત્રો મોકલવાં નહિ."

તે મંડળે મને જ સંભાળથી જાહેર કર્યું હતું કે, દક્ષિણ અમેરિકા તરફ માલ મોકલવાની રીતિ યુનાઇટેડ સ્ટેટ્સમાં માલ લાવવાની રીતિ કરતાં ઘણી જ જુદી પડે છે. દક્ષિણ અમેરિકાના ઘણા બંદરોમાં યુનાઇટેડ સ્ટેટ્સથી આવેલા વહાણોને બંદરોની ગોદીઓમાં બાંધી રાખવામાં આવતાં નથી. તેથી બધો માલ નાવડીઓ દ્વારા બીજા મછવાઓમાં મૂકવામાં આવે છે. આ માલને પહોંચાડવામાં ઘણી જ બેદરકારી બતાવવામાં આવે છે. ભાગી જાય તેવી રીતે માલને ગોઠવવાથી જ ઘણું નુકસાન થાય છે. જો દક્ષિણ અમેરિકાની કંપનીઓની આડતો મુસાફરીમાં જ નડી જાય, તો તે ખરેખર વહાણવાળાઓનો જ વાંક છે, એમાં કોઈપણ રીતનો સંશય નથી. સંભાળથી ગોઠવેલા માલમાંથી ઘણી વાર ધંધામાં નાનો વિલંબ વતો અટકે છે. કારણ કે જ્યારે યન્ત્રમાંનો કોઈ ભાગ ભાંગી જાય છે, ત્યારે તેને બદલે નવો ભાગ ઉમેરવાના ઘણો સમય જાય છે. કારણ દક્ષિણ અમેરિકાના ઘણે દૂર આવેલા શહેરમાં યુરોપથી મોકલેલો માલ પહોંચતાં ઘણો સમય લાગે છે.

ન્યૂયૉર્ક કાર્મસ ક્લબ ઑફ ઇન્ડસ્ટ્રિઝ, ૧૯૨૯—એમ. એલ. ગોખલે એન્ડ કંપની મુંબાઈ.

ટુકમા યુનાઇટેડ સ્ટેટ્સના ચપળ વ્યાપારીજીવનનું વિશેષ લક્ષણ દક્ષિણ અમેરિકાનાં વતનીઓથી સમજી શકાયુ નથી અમેરિકાના કારીગરોની સાથે પત્રવ્યવહાર કરવામા દક્ષિણ અમેરિકાના વતનીઓ ઘણા વિનયી છે મનોહર પત્ર લખવાની કળા તેઓ ભૂલી ગયા નથી, એમ પ્રસદ્ધ થાય છે આથી કરીને અમેરિકાના જે કારીગરોએ દેશાવર માલ મોકલવાનાં ખાતાં ઉઘાડયા છે, તેઓ દક્ષિણ અમેરિકાના ઉંચી કેળવણી લીધેના વતનીને પરદેશના વેપારી સાથે પત્ર વ્યવહારનુ કામ સોંપે છે, કારણ કે તેઓની લખાવટ ઘણી સાદી, વિનયી, અને પરદેશી-ઓને તુરત સમજાય તેવી હોય છે

મુદ્રાયન્ત્રના જે કેટલાક કારીગરો પોતાના કારખાનામા દક્ષિણ અમેરિકાના વતનીઓને કામ કરવા રાખે છે, તેઓ દક્ષિણ અમેરિકાના દેશોને જ માટે નિર્માણ થયેલી સ્પેનની ભાષામાં ઘણી ઉત્તમ જાહેરખબરો બહાર પાડે છે આવા ઉંચા ધોરણવાળી જાહેરખબરોને લીધે યુનાઇટેડ સ્ટેટ્સ અને દક્ષિણ અમેરિકા વચ્ચે સારો સમન્ધ સચવાઇ રહ્યો છે દક્ષિણ અમેરિકાના દેશોમા જાહેરખબરો મારફતે ઈંગ્રેજી શીખવાડવા સારૂ ઘડવામા આવેલી યોજનામાથી ઘણુ ડહાપણ વાપરી આ કારીગરો દૂર રહ્યા છે પરિણામ એ આવ્યુ છે કે ઘણી જ સંભાળથી તૈયાર કરવામા આવેલી અને સુન્દર ચિત્રોથી પ્રગટ કરવામા આવેલી દૂરદર્શી કંપનીઓની જાહેરખબરો એકદમ નકામી થઈ જતી નથી

ઝીણા બીબાના યન્ત્રો બનાવનારી ન્યૂ યૉર્કની કમ્પની આખા અમેરિકામા અથવા આખી દુનિયામા બીબા ગોઠવવાના યન્ત્રોનો બહુ બહોળો વેપાર ચલાવે છે દેશાવર માલ મોકલવનારાં થોડા જ વર્ષમા બહુ ખીલવણી પામ્યા છે જે દેશોમા બીબા ગોઠવવાના યંત્રોની માગણી વધતી જાય છે, ત્યા બીજી જાતનાં મુદ્રાયન્ત્રોની પણ માગણી થતી જાય છે આમાના કેટલા-કની જાહેરખબરો, પરદેશ માલ મોકલનારના ન્યૂ યૉર્કના ખાતામા રહેલા પરદેશના પ્રતિનિધિ-તરફથી તદ્દન સ્વતંત્ર રીતે બહાર પડતી જોવામા આવે છે

o

અજબ શા નવજીવનના સ્પન્દ !

લેખક—રા ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા બી એ, એલએલ બી

(આશાની ધનમાં)

અજબ શા નવજીવનના સ્પન્દ !
અજબ આજ આનન્દ ! — અજબ શા
હજી કાલે તો કેમ વીતાવી કેવી કારમી રાત !
મટી ન શકાયે–સટી કેમ જાયે ?–જાગતિ સાક્ષાત્ ! — અજબ શા
દુ:ખી દિનોના દૈવી દિલાસા સ્નેહીજનસહવાસ !
વ્યર્થ કીધા [illegible] નલીન દર્દે હા ! સર્વ સ્નેહીપ્રયાસ ! — અજબ શા
હેતફૂલાં હૈયાં મુજ દુ:ખે દુ:ખી રખેને થાય,
છેતરતો હું સ્મિત કરતો પણ–દર્દ મટ્યું ના જાય ! — અજબ શા
અજબ અચિન્તિત નિદ્રા આવી શાન્તિસુધા સાક્ષાત્ !
અજબ ભયંકર દર્દ–રાત એ !–અજબ આજ પ્રભાત ! — અજબ શા
અજબ ચેતન !–અજબ પ્રેરણા !–અજબ અહો ! આહ્લાદ !
અજબ અજબ સૌ !–જોઉં–જોઉં !–અજબ રસ ઉન્માદ ! — અજબ શા
અજબ પ્રભુ ! તું !–અજબ લીલા તુજ !–અજબ ત્રાસ–ઉલ્લાસ !
દુ:ખદ રાતો–સુખદ પ્રભાતો અજબ આત્મવિકાસ ! — અજબ શા

બાગ મુઝફ્ફરખાન,
આગ્રા, તા ૨૯–૩–૧૯

નર્મદાતીરે મહાત્મા માધવદાસજીના ખાખચોકમાં.

લેખક—રા મનસુખલાલ ઝવેરલાલ મહેતા, બી એ.

૧.

પ્રકૃતિમાં ધનુ ન નન જેમ ા આત્માનો આહ્લાદ અને ઉ નામ છે ત્હેમનો તો અનુભવ છે કે તે સામાન્ય રીતે મા ાનામા આવે છે તે કરતાં ઘણા વધારે પ્રમાણમા અને વધારે—લગભગ સર્વ–સ્થળે વૈરાગ્યનુ જે કના ા ભક્તોને તાજમહાલ માટે આગ્રા કે પેન્થીયોન માટે રોમ, પી ામીડ માટે ઈજીપ્ત કે પેગોડા માટે બ્રહ્મા, ચિત્રકળા માટે રોમ કે સ્થાપત્યકળા માટે ગ્રીસ, મોહના માટે આર્જેન્ટા કે જીવના માટે આબુ જવુ પડે છે જીવન ની સામાન્ય થતી ન્હોતી ઉપયોગી કળાઓ ઘડીભર દૃષ્ટિમાંથી દૂર કરીએ—અને ઘણીય વાર સામાન્ય હોવાથી જ તમને ચમત્કાર જણાતો નથી—તો પ્રકૃતિની કળા, રાગ અને ગતિના હિલોળ અને કવિતા—નૃત્ય અને સંગીત કળાના–ઉપભોગ પેર, સાધારણ જનોને પણ સુલભ છે જો રસવૃત્તિ હોય તો વ્યવહારગ્રસ્ત નગરજન પણ નગરમાંથી બ્હાર આવતાં વિશાળ અને ઉર્ધ્વ આકાશ અનન્ય અને અસ્થિર તારા, વિલાસભવનો અને માન આશ્રય રેતી ઝુંપડીઓ ઉપર સરખી રીતે પ્રકાશતો ચન્દ્ર—એ સહુને જોઈ પુનઃ માનવભાવ અનુભવે છે, જીવનકાદવમાં ખોવાયેલુ મનુષ્યત્વ પાછુ મેળવે છે–*He again feels himself a man*

ગુજરાત વનવૈભવમાં નથી તેમ સૌન્દર્યવૈભવમા યે નિર્ધન નથી ગિરનાર અને આબુ, સોમનાથ અને દ્વારકા પાવાગઢ અને શત્રુંજય એ આપણા કેટલાંક–ધર્મની કલા અને કવિતાના–ધામો જે આપણા પ્રકૃતિસૌન્દર્યના આકર્ષક ગઢો છે હિન્દુસભ્યતા ધર્મના પાયા ઉપર રચાઈ છે તે લોક સર્વાન્વિત પ્રસિદ્ધ છે તેના અંગો પરસ્પર પોષક અને ઉપકારક છે તો પછી તેના ધર્મ અને સૌન્દર્યભાવનાનો વિસંવાદ ન હોય એમા શુ આશ્ચર્ય ? પયગમ્બર કે પર્યટક, દૃષ્ટા કે વજ્ઞાનિક કલાકાર કે સાહિત્યકાર સર્વેને એક અખંડ અને સનાતન કાવ્ય-સ્રોતના ઝરણા છે, વિશ્વના સનાતન સંગીતમાં તાન દેતા સ્વરો છે જેમ હિન્દુધર્મે અને હિન્દુસ્તાન કેન્દ્રગામી ગણી તેમ ધર્મ અને સૌન્દર્યની ભાવના ભિન્ન નથી આપણા ધર્મ મહોત્સવો ઘણા જ સુન્દર સ્થાનો હોય છે એમ નથી પણ ગામડાં મંદિરો અને શિવાલયો પણ જના રેને આરે હોય છે અને ગામની વસ્તીના તે વિશ્રામસ્થાનો બને છે ડોલતા લીમડાઓ, વિશાળ તળાવો અને મ્હોરતા આંબાઓના ઝુંડ પાછળ ડુબતા સૂર્ય ભગવાનની આરતિક ભાવનો ગાની હોય તે સમયની–સન્ધ્યાપૂજનની–આરતિક સાથે દૂરથી આવતો વરા ાા મેળા મન રંજન જેવો ઢોલનાદ અને બાળાઓના સુન્દર ભજનસ્વર કે બ્રાહ્મણોનો શુદ્ધ મન્ત્રોચ્ચાર એ સર્વથી વધારે સિંહ જેવો સુન્દર શું થી મના ?

આવી એક સન્ ાાડાન ગામે માનસર પ્હોચ્યા મોરલી કના ઢગી ઉભા રહેલા આંબાના સિવાય નનમાળી ે ા બ્હાર નીકળતાં જ મંદિરોના ઘુમ્મટ, નર્મદાની ભેખડો વનમાં કરેલા

૧ વનિતાના ગાનો ૩ ૧–૦–૦ લોન એન્ડ ાપારીયોન્ડ કંપની, મુંબાઈ

મનુષ્યના માળા સમા સામે તીર વસના ગામ । અને દૃષ્ટિમયા । આધની સાતપૂ ।ની પર્વત માલા એ સર્વ જોવા ન જોવા અને અમે ગાડીમાથી ઉતર્યા લીલા ખેનગ ી નેથી જતી પગથી ઉપર ચાલતા જ નર્મદાના જલ ઉપર ડોલતા સ દીપ આવિર્ભાવમા ઉર્મિમાયા હતી મન્ધ્યાનો સૂર્ય નમતો હતો નર્મદા આ ।ત્વિક ઉત ની હતી અને આખ્ચોકમા પ્હોચ્યા '

ગુજરાતનુ જીવન, તેની ઐતિહાસિક ભવ્યતા તેનુ પ્રકૃતિસૌન્દર્ય એ સર્વના અભ્યાસીને માટે નર્મદાનો ધેર્ય અર્થ છે । એકલો આકારક નથી કાઠિયાવાડની ગીન્સ વૃક્ષ ીન ઓ પથરની ભૂમિ અને નથી પણ ત્યાની ઇતિહાસપ્રસિદ્ધ ની તા ગુજરાતને ય દેખાડી છે મહાગુર્જરનાં દિગ્કંપાવનના સાહસો ગુજરાતના ઇતિહાસમા નથી એમ નહિ પણ ગુજરાતે વ્યાપા ના ચાન્ત સાહસો વિરોધ કર્યા છે અને તે મહત્ ગુજરાત *Greater Gujarat*-ના વિસ્તાર ઉપ થી તરત પ્રતીત થાય છે કોઈ પણ પ્રાન્ત કરતા ગુજરાતો જળકિનારો વિશે । છે અને એ જલમાર્ગનો ઉપયોગ ગુજરાતે વ્યાપાર ખીલવવામાં કયા છે—જો કે હજી ઘણો વધારે થઈ શકે એમ છે અત્યારે તો સ્મરણાર્થે રહ્યા છે નર્મદાતટના ધાર્મિક, ઐતિહાસિક અને વ્યાપારી ખંડેરો પરંતુ એનુ અદ્ભૂત તટસૌન્દર્ય તો હતુ તે જ છે માનવન ગામ તેને પૂર્વકિનાર વૃક્ષોમા ભરાઈ ગયુ છે ખેતરોમા કામ કરતા કૃષિ ।ગ, પાણી ભ ા ઉતરતી ઉગાભરી ગામડાની સ્ત્રીઓ અને લીલોતરીના પુન્જમા ગૌ ।નો ચારતા બાળકો મહારાજ શ્રી માધવદાસજીના આખ્યોકમાથી અમે રોજ જોતા—તેઓ અમારા નયન—આનદના સાધનો હતાં

પૂર્વમાથી આવી વાક લગી અમ્હારી દષ્ટિએ પચાસ પગના ફર નમ । ન્હેતી હતી તેના આવિર્ભાવમા તરતી પનૈયો મુસાફરોને લઈ અનુસારી હળીઓની કનાથી જતી બન્ને તટોએ ચાતકચાતળી જેવા વૃક્ષોમા લપાઈ બેઠેલા અનેક ગામડાંઓની દુનીનુ કાર્ય એ પનૈયો સારતી ત્રિપુજનની રાહ જોતી અવિનાશી અનલિશ વણીમે ગમ્ય ાનાઓ તે પનૈયાને દૂરથી જોઈ ઉત્સાદમા કપી હતે—ભયથી તો નહિ જ કારણકે તે તીર યુવકોને તોફાની પર તરી જવો એ રમત હતી સીનોરમા અમે જાણ્યુ હતુ કે પૂર આવતુ ત્યારે મધ્યજનમા—ચારપાચ વાસ ઉંડા જળમાં દસ દસ વર્ષની મર્ય વગની કુમારિકાઓ તણાઇ આવેલા ઝા ।। ઘડો પકડના આખી રાત્રિને રાત્રિ પડી રહેતી ક્રા સ અને ઇગ્લેંડ વચ્ચેની ખાડી તરી જનારના સાહસો જાણી આપણે રોકુ ધૂણાવીએ છીએ—ગુજરાતના સાહસોનુ આપણને જ્ઞાન નથી. જે વીરાગનાઓ આવા સાહસો ખેડી શકે છે તેમને જો અનુકૂળતાઓ અને પ્રસગો મળ્યા હોય તો તેઓ શુ શુ ન કરી શકે ? મેરી ન્હુઅર્ટ અને જોન ઓફ આર્ ।ની વીરતાના પાઠ અમારી શાળાઓ અમને શીખવે છે—અમારી હિન્દી વીરાગનાઓના નામ પણ અમે જાણતા નથી હિન્દની અમાપ શક્તિ અને શક્યતાઓનુ માપ જ્યાં સુધી જાણીશુ નહિ ત્યા સુધી તેમનો ઉપયોગ અમે કેવી રીતે કરી શકીશુ ? ત્યા સુધી હિન્દના ભાવિ ગૌરવ માટે, અમને આશા અને શ્રદ્ધા કેમ રહકરને ?

પૂર્વમા રોપેના ખેતરોની લીની હારોની પરંપરા હતી વચ્ચે વચ્ચે વેલીઓ અને વૃક્ષોની વાડો હતી એ ઉગતા પાક ઉપર આકાશમા અદ્દર લટકતા સૂર્યચન્દ્ર આશીર્વાદ ઉતારતા. પ્રકૃતિના હાસ્યલાસ્ય જેવુ એ ઉગતી લીલી પક્તિઓનુ ડોલન હતુ માથે મેઘ મ્હડી આવતાં એ લાસ્ય વિરમતુ અને સર્વત્ર ગભીરતા છનાતી મજબૂત બાધાનો છતા દુર્બલ દેખાતો હિન્દનો ગરીબ ખેડૂત ચિંતિત દૃષ્ટિએ વારવાર મેઘ તરફ જોતો અને ફરી પાછો તેના સત્કાર માટે એનુ ન્હાનુ ખેતર નીંદતા–એના હૃદય જેવુ શુદ્ધ બનાવતા–નીચો નમતો દરેક વર્ષના પાક ઉપર જ આધાર ગખતો અજ્ઞાન અને ચિંતાતુર ખેડૂત અને ચાર વિના ટળવળતા તેના દુર્બલ ઢોરોનુ કરુણ ચિત્ર ગામડાઓમા ઘણુ સામાન્ય છે દુષ્કાલની વાતો જ જાણનાર નગરનિવાસી દેશહિતચિંતક ધનિકો અને લોકનાયકોની સીમલે વસતા મ્હેસુલની ગણત્રીમા જ મુગ્ધ બનેલા અધિકારીઓની અને ઉપજીવિકા ગોધતા દેશપ્રેમી યુવકોની એ ચિત્ર તરફ દૃષ્ટિ ખેંચવા માટે વ્યવસ્થિત પ્રયત્નો થવાની ઓછી જરૂર નથી

ઉત્તરમા આગાવાડિયુ વિતાન હતુ પણ ત્યા કાયમ એક જ હોય એમ અમને લાગતુ રોજ થોડુ થોડુ ટૂંકતી અને છેડતા તો તો તે એકલીય અમો હરાવતી થોડે દૂર સ્ટેશન હતુ મહાન સમારભ પછી થોડી ગતિ કરતી ગાડી સ્હવારે ત્યાથી જતી અને સ્હાજરે પાછી આવતી અનધ્યાયને દિવસે કે આળસને દિવસે તે બે પ્રસગો ખાસ મહાન ગણાતા જગત સાથેના અમારા વ્યવહારનુ માત્ર એ જ સાધન હોવાથી ઘણીય વાર તે આશા કે નિરાશા, આનદ કે શોકનુ નિમિત્ત બનતી તેની ગતિમા જેટલી ઢીલ અને હલક હતી તેટલી કવિતા ન હતી એ ભાન મુસાફરી વખતે સ્ફુરતો અને સ્ટેશન માસ્ટરનુ જીવન–નિર્જનવનમા એકલવાયુ જીવન–મ્હને એક સમયે તો આદર્શરૂપ લાગતુ બાલપણમા તો ઘણાનેય વાવટો લઈ પોટર કે ગાર્ડ થવાની, એંજીન ડ્રાઇવર કે સ્ટેશન માસ્ટર થવાની અભિલાષાઓ સ્ફુરી હશે યૌવનમા બાલપણના આદર્શો ઓસરી જાય છે, નવી દૃષ્ટિઓ ખુલે છે, સમસ્ત જગત જીતવાના મનોરથો દોડાવીએ છીએ પણ શક્તિની પાંખ થાકતાં કે વિધિના અતરાય આવતા પાછા ચાઇએ છીએ–સ્ટેશનમાસ્ટર મેક્સ ઓરેલ કહે છે ગાડી માનવ સુખ કરતા સગવડનુ સાધન વિશેષ છે કોણે અંશે એય ખરૂ કે આગગાડીની શોધ પછી મેઘદૂતો રચાતાં બધ થઇ પત્રદૂતો જ રચાયા છે જીવનમા કવિતા ઓછી થઈ કૃત્રિમતા વધી છે પણ મ્હને તો હજીય આગગાડી જોવી ગમે છે તેમા મ્હારા મનોરથોની ગતિ નથી એ ખરૂ પણ તેમની ગુરુતા, ગભીરતા અને ચચળતા છે અને એ સ્ટેશન માસ્તર અનેક જોડે વ્યવહાર કરે છે પણ કોઈ તેનુ નહિ આમ દરેક જને પોતાનુ જીવન પોતે જ જીવવુ પડે છે કોઈક વિરલ ભાગ્યશાલીને જ તેનુ જીવન જીવનાર અન્ય વ્યક્તિ મળે છે પ્રકૃતિ સર્વત્ર દૃઢ રચતી જણાય છે પરતુ હૃદયના–અને ભાવનાના તો અનસ્ય–દૃઢ રચનામા કાં તો તે અકુશલ છે કે કાં તો કૃપણ છે

અમારી દક્ષિણનો પ્રવાહ વાંક વળી પાછો પશ્ચિમમા સમાઈ જતો હતો પણ આગળ લીનોતરીથી ન્હાયનો કિનારો, દૂર જતે–ન્હાનો થતો–આનિલ જતનો પ્રવાહ, સ્હામે તીર ઉચી

પાચ પ્રેમકથા રૂ ૦–૬–૦ એન એમ. ત્રિપાઠી એન્ડ કંપની, મુબાઈ.

અણુસરખી બેખડો, પાછળ દષ્ટિમાન્ત ઘેરતું ધારે ઉંચી નાગીયેરીઓનુ વન અને તેમા ડૂબતા સૂર્યભગવાનને જોવા એ અમારો સાયમનનો વ્યવસાય હતો નદીતટે રખડતા કે ખેતરોમા ભમતાં, ખાખચોકની અગાસીમા કે સ્ટેશન ઉપર ફરતા અમને એ સૂર્યાસ્ત જોવાની ટેવ પડી ગઈ હતી પરતુ પવન ઉપર આધાર રાખતી પનૈમાબેમી જલપ્રવાહમા તણાતા તણાતા, ડોલતા ડોલતા અસ્ત થતાં સૂર્યને જોવાની મઝા કઇ અનેરી જ હતી તેજનો એ અનેરી પગ દરેક પળે રંગ બદલતો હતો હલેસાના એ ન્હાન્હા ફટકાથી અમે એ પટાને ભાગી નાખતા નેવાસના આરસના ઘુમ્મટનુ કોતરકામ જળમા કરતા અને તેની ડાળીઓમા રક્ત આકાશ રગ પૂરતુ આ અમારો આનન્દ ચિરન ન હતો છતા તેમાં મઝા રહતી, કારણ કે પ્રકૃતિના ગહનમા ગહન તત્ત્વ જલમા અને પાની દેખાતા પણુ ચમત્કારોથી ભરેલા આકાશમા ક્ષણેક્ષણે બદલતા એ વિવિધતા ધારણ કરવાની અજબ શક્તિ છે કોઈ વેળા બનતી સન્ધ્યાસમે જો કદી આ દશ મેઘથી આચ્છાદિત થતું તો અન્યથા રમણીય લાગતી બેખડો, આકાશજનમા કાળા પડછાયા નાખી, તે શ્યામ દૃશ્યને ભયાનક બનાવી દેતી હતી પવન પડી જતો, જલના મોજ આછા થઇ જતા, પાણીનો પ્રવાહ નદીમા સ્થિર બની જતો વીજળી પણ ચમકતા બધીની પ્રકૃતિ સર્વ આમ સ્તબ્ધ બનતી ત્યારે અમે અમારા પગથીયામા જ સતાના ધીમી ગતિએ ખાખચોક તરફ જતા એક મૃદુ પાદ પણ કયાગના પ્રલયકાળનો ગહન ધ્વનિ થતો અમને લાગતો

સન્ધ્યાકાળના દૃશ્ય સુદર વા ભયકર બનતા તેમ રાત્રિના દૃશ્ય પણ જુદાં જુદા સ્વરૂપ ધરતાં કાળી અંધારી રાત્રિમા સ્તબ્ધ ઉભેલા વૃક્ષો, નદીનો રૂપેરી પ્રવાહ અને મદિરના આછા ધવલ ઘુમ્મટની છાયા વાતાવરણમા, શુદ્ધ હૃદયોમા અને સ્વસ્થ મનમા શાન્તિ અર્પતા આકાશના ઉંડા ઉદરમા આછા પ્રકાશના તારાઓનુ તેજ પ્રકૃતિની અનિર્વચનીય સમૃદ્ધિની ઝાંખી અસ્પષ્ટ રેખાઓ મૂકવતુ પણ કોના નધારના શુક્લપક્ષના ચન્દ્રથી સનાથ બનતી રાત્રિઓ અને કૃષ્ણપક્ષની પાછલી રાત્રિઓ ઓછી આનન્દના જનક ન હતી અને તેમાયે એ આષાઢી પૂર્ણિમા સ્મરણપોથીમા મ્હોટા અક્ષરે નખાયલી રહેશે आषाढस्य प्रथम दिवसे ગાનાર કવિના એ કવિતા—ઉભરાતા, રસની અવિરામિલ અને અનન્ત ઉર્મિપરપરા ઉછળતા અને દરેક વાંચનાર નવતા ધરતા મેઘદૂતની પૂર્ણિમા હજી આવી ન હતી લોકમા એ ગુરૂપૂર્ણિમા કહેવાતી, કારણ કે આજે ગુરૂપૂજનનુ માહાત્મ્ય હતું ખાખચોકમા માધવદાસજીની પૂજા માટે ચોક નહાગુ ઓ સરલ હૃદયના ગ્રામ્યજનો ભક્તિભાવથી ગુરૂપૂજન કરવા આવ્યા હતા દિવસ સઘળો ઉત્સવમા ગાળ્યો પણ રાત્રિ ચિંતાનુ કારણ હતી આજે ચંદ્ર ગ્રહણ ન થાય એમાં લેશ શક ન હતા આજે જો વર્ષાના ચિહ્ન ન જણાય તો દુકાળ પડે એવી માન્યતા હતી આકાશમા છૂટી છવાઈ ન્હાની વાદળીઓ રખડતી હતી અને લોકોની ચિંતાનુ કારણ બનતી ક્વચિત્ જલબિંદુ વાયુ આવતુ પણ તે એકનુ જ હોવાથી ઉપેક્ષાથી જોવાતુ—કોઈ

* નિર્ગુણલક્ષ્મી અને સદ્ગુણલક્ષ્મી રૂ ૦-૧૦-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુબાઈ.

કવિ, કોઈ ચિત્રકાર ? કોઈ નસારીજન પેરે જગતની આખમા તૂફાનની ચચળતા છે પણ જ્ઞાનમા બ્લેંગટ છે હૃદયમા બીનાન છે પણ બુદ્ધિમા સ્થૂલતા છે એકલી પડવી મહત્તા જોતા, તેને નાર ા છે

મહાત્મા માનનાસજીએ ત્યા નિવાસ કર્યા પછી માનસરની આસપાસ શા ા સુધી કુદરત પર્વત નગ્નો એમ લો કહેતા તેમ ર્હનમનો પ્રદેશ વણો સ્વરૂપ ગણાતો બાર વાગ્યા સુધી ચિતાને દૂર કરના આવી વાતો કરતા લોકો જાગ્યા અતે હારીને નના

ઉદ્વિગ્ન નાનાસ્ત્રપુમાવી આવી આખેનો નિદ્રાહીન તો થયો પરતુ ભયકર સ્વપ્ન જાગમા સપડાયો વલવિનાશો હિન્દનો દુર્જન એરૂત આસુભરી આખે પોતાના વ્હાલા ગ વેચના ગઢ તરફ જતો જોઇ મ્હને કપારી છૂટી મ્હારા ગાત્રા નિચિત થઈ ગયા હૃદય રડી ઉઠયુ આખ્યો મહા પ્રયત્ને ઉઘાડી તો દૂર જ્યોત્સ્નાને અગાસીમા હસતી દીઠી મ્હને જ્યોત્સ્ના ઉપ રીસ ચડી હોય અગાસીમા આવ્યો પરતુ ઉગતા પાક ઉપર ચન્દ્ર જાણે આશીર્વાદ ઉતારતો હોય એમ તે ા પયનાના કિરણો જોઈ શાન્ત થયો બાર વાગ્યા હતા દક્ષિણ આકાશમા કાળા વાદળા સ્ટક્યા હતા તે જળથી ભરેલા હોવાથી ઘેરા ચળકતા હતા પવન હતો હોય વેરાય એવો સભવ ન હતો ગીરનાર ઉપર ગાળેલા ગયા વૈશાખની એ ઉન્મત્ત બનાવતી તોફાની પૂર્ણિમા ક્યા અને આ આજની શાત આશાની પૂર્ણિમા? એના એ જ પ્રકૃતિના તત્ત્વો—એનો એ જ ચન્દ્રજ્યોતિ સલિલમરતા સન્નિપાત —પણ કેટલો અદ્ભુત ફેરફાર એ મા વિપ્રલભ શૃગારની મસ્તી અને બીજામા સયોગસુખની શાન્તિ સર્ તના ઉગ્ના ફેનીનની પરપરા જેવા ચારે બાજુ અથડાતા આ દશે દિશામા ઉભરાતા, અને નેવાદાસજી ની અગાસી ઉપર સતત બદલાતા આકાશના વિતાન પ્રસારતા, તરી પતા કિલ્લા ઓનુ ગર્જન કરતા અને છતા આનદની ઉર્મિપરપરા પ્રેરતા, પ્રાકૃતિક તત્ત્વોની મસ્તી અમાર દિલમા ભરતા અને પાછળ ભરાઈ સતાકૂકડી રમતા ચન્દ્રના તેજથી ચમકતા એના એ જ તત્ત્વોના બનેલા વાદળા આજે લજ્જાભરી લેડે રમાતા અને તપસ્વીની ગભીરતા ધરતા, સદાનો વિરહીએ પર્વત-શૃગો વચ્ચેની ખીણ ભરતા સાતપૂડાને શિખરે વિરાજતા અને રગાર્યા વિના રગ જોતા, તોફાની પવનની ઉપેક્ષા કરતા અને કોઈ કોઈ સફેદ વાદળીથી સ્મિત વેરતા, નર્મદામા કાળા પડછાયા નાખતા અને મનને ચિતાના ભારથી ભરતા શ્યામ વાદળા દક્ષિણ આકાશમાં ધીમે ધીમે પ્રસરતા હતા ગીરનારના જ્યોત્સ્નાઉત્સવમા ઉલ્લાસ ભરી મસ્તી હતી ત્યા અમારૂ સમયગીત ઉદાસીથી હતુ,

ઉગી કાઈ વૈશાખની પૂર્ણિમા રૂપાળી,
વિરાટ આજ રમણે ચ્હડયો રે લોલ
લોક લોક ગાજે ગભીર રસ્નાની,
વિરાટ આજ રમણે ચ્હડયો રે બેન

ગાજની આષાઢી પૂર્ણિમા સોનપૂ।રી ખીલોની નીરવતાથી આનાનાડિયાની અસ્પષ્ટ ગહન તાથી અને નર્મદાનીગના ખડેરોની નિર્જ।તાથી ભરેલી હતી ત રી મન પોતે ચેના દર્શેના પડછાયા પ્રકૃતિમા આમ ની ખતુ હતુ ત્યારે દક્ષિણ આ।ાશમા ભરાઇ બેઠેલા એ વાદળા હવે વેગથી પ્રસરતા હતા જરા વારમા ચન્દ્રનુ સામ્રાજ્ય નષ્ટ થયુ અધકારના ગઢ ઉભા થયા ઉપરં તીરના મારા પેઠે વધા ના છરા પ વા માંડ્યા વાતાવરણમા શીતલતા પ્રસરી। પ્રભાતની પ્હેલી આગાહિઓ। નરાના થયો અને સચિત બ ોના હ યેમા આશા અને આસ્થા ઉગ્યા એક ડાઢની વૃષ્ટિએ પરિણામે ધરતીમાથી નવી સુગધ ઉડી, કૃષિકારોમા નવો ઉ સાહ પ્રસર્યો, સૃષ્ટિમા નવુ ચેતન રડ્યુ

સા તાહ ૭, }
૪ ૧૦ ૧૮ }

"નામદાર પટેલનો વર્ણાંતર લગ્નનો ખરડો

લેખક—રા પ્રાણલાલ કિરપારામ દેસા।, બી એ

હિન્દની ધારાસભામા આપણા પ્રાન્ત તરફથી સર્વાનુમતે ચુટાયના હિન્દુપ્રતિનિધિ નામદાર વીઠ્ઠલભાઈ જવેરભાઇ પટેલે ફેબ્રુઆરી માસ પછ।। ધા ।સભામા એવો ખરડો રજુ કર્યો છે કે હિન્દુઓની જુદી જુદી નાતો અને પેટાનાતો વચ્ચે થતા લગ્નો કાયદેસર ગણાવા જોઇએ

આ નાનાસરખા ખરડાએ આખા દેશમા અત્યત ખળભળાટ મચાવી મુક્યો છે ખર-ડાની વિરુદ્ધમા કે તરફેણમાં ગામે ગામ સભાઓ ભરાય છે, ઠરાવો થાય છે, ભાષણો અપાય છે, વતમાનપત્રોમા લેખો લખાય છે અને ચર્ચાઓ થાય છે

આગલી સાત આઠ વર્ષ ઉપર ધારાસભામા બગાળા તરફથી ચુટાયના હિન્દુપ્રતિનિધિ ભૂપેન્દ્રનાથ બાસુએ પણ સને ૧૮૭૨ ના લગ્નો કાયદો સુધારવાનો ખરડો રજુ કર્યો હતો તે સમયે પણ આવો જ ખળભળાટ મચી રહ્યો હતો જુ।। વિચારના રૂઢીચુસ્ત હિન્દુઓના અભિમતની વિભિન્નતાને લીધે તે સમયે તે ખરડો ધારાસભામા પસાર થઇ શક્યો ન હોતો

ભૂપેન્દ્રનાથ બાસુ।। ખરડા સબધી જ્યારે ચર્ચા ચાલતી હતી ત્યારે તે ખરડાના વિરોધીઓ તરફથી એક દલીલ એવી રજુ કરવામા આવતી હતી કે એ ખરડાની મર્યાદા અત્યત વિશાળ છે તેને જો સહજ સકુચિત કરી નાખવામા આવે અને માત્ર હિન્દુઓને પરસ્પરસ લગ્ન કરવાની પરવાનગી આપનારો ખરડો રજુ થાય તો એની સામેની વિરોધતા ઓછી થશે અને તેવો ખરડો કાઇક અંશે લોકમાન્ય થશે ના૦ વિઠ્ઠલભાઇ પટેલના ખરડાની મર્યાદા તે પ્રમાણે સકુચિત જ છે તેનો આશય માત્ર એટલો જ છે કે હિન્દુઓની જુદી જુદી નાતો અને પેટા નાતો વચ્ચે થતા લગ્નોમા કાયદા તરફથી કોઇ પ્રકારની અડચણ આવવી જોઇએ નહિ

નામદાર પટેલનો ખરડો આ પ્રમાણે સકુચિત મર્યાદાવાળો છે છતા પણ જુના વિચારના રૂઢીચુસ્ત ભાઈઓ તરફનો તેની સામેનો વિરોધ બાસુના ખરડા સામેના તેમના વિરોધ

કરના કોઈ પણ પ્રકાર ઓછો નથી મી બાસુના ખરડાના જે પક્ષકારો હતા તે જ મી પટેલના ખરડાના પક્ષકારો ગયા છે

મી બાસુનો ખરડો નામંજુર થયે આજ સાત વર્ષ વીતી ગયા છે આ સાત વર્ષમા તો કેવા કેવા અદ્‌ભૂત બનાવો બની ગયા ! ની ગી ઉથલ પાથલો થઈ ગઇ ! જગતના ઇતિહાસમા કોઇ પણ સમયે નહિ થએલા મહાન પરિવર્તનો આ સાત વર્ષમા આપણી દૃષ્ટિ આગળ થઇ ગયા ! ચીન, રૂશીઆ અને જર્મની જેવા દેશોમા પણ આપખુદી સત્તાનો અત આવ્યો સ્વતંત્રતા અને લોકશાસન એ જ આ યુગના મહામત્રો છે એમ સર્વત્ર સ્વીકારાયુ ભવિષ્યમા લડાઈઓ બધ કરવાના શુભ હેતુથી લડાયલી આ જમાનાની મહાન્ લડાઈએ આત્મનિર્ણયના મહાન્ સિદ્ધાતનુ પ્રતિપાદન કર્યું આ મહાન્ સિદ્ધાતનુ રહસ્ય એ છે કે દરેક પ્રજાને, દરેક સમાજને, અને દરેક વ્યક્તિને પોતાનુ હિત જેમા સમાયલુ છે તેનો નિર્ણય કરવાનો સપૂર્ણ અધિકાર છે બીજાઓને તેમા માથુ મારવાનો અધિકાર નથી રાજકીય બાબતમા આપણે આપણા રાજકર્તાઓ પાસેથી એ હક માગીએ છીએ સામાજીક બાબતમા આપણા ભાઇઓ તથા બ્હેનોને એ હક આપવા આપણે તૈયાર થયા છીએ કે કેમ એ પ્રશ્નનો ઉત્તર હિન્દુપ્રજાની પાસેથી માગવાને નામદાર પટેલનો ખરડો અત્યારે આપણી સમક્ષ આવીને ઉભો છે

આપણા જીવનમા લગ્ન એ અતિ મહત્વની બાબત છે આવી ઉપયોગી અને મહત્વની બાબતમા આપણા ભાઇઓ તથા બ્હેનોને આત્મનિર્ણયનો હક ના આપતા તેમને એમ કહેવુ કે નાતો અને પેટા નાતોના કૃત્રિમ કુડાળા બહાર તમારાથી લગ્ન વ્યવહાર થઈ શકશે નહિ જો તમે તેમ કરવાની સ્વતત્રતા લેશો તો હિન્દુધર્મ તથા હિન્દુસમાજમાથી તમારો બહિષ્કાર થશે એ શુ આ પ્રગતિના જમાનામા યોગ્ય છે ?

મી બાસુ તથા મી પટેલને પોતાના ખરડાઓ ધારાસભામા લાવવાની જરુર કેમ પડી તે સમજવાને આપણી સમાજમા હાલમા લગ્ન સબધી કાયદો કેવા પ્રકારનો છે તે જાણવાની ખાસ જરૂર છે

આપણા દેશમા અગ્રેજ સરકારે પોતાનો અમલ વ્યવસ્થાપૂર્વક ગોઠવી દીધો તે પહેલાના ૧૫૦-૨૦૦ વર્ષોનો સમય આપણા દેશના ઇતિહાસનો ખરાબમા ખરાબ સમય છે તે સમયે આપણે આપણા પૂર્વજોની મહત્તા ગુમાવી દીધી હતી સર્વત્ર અજ્ઞાન, અધકાર અને વ્હેમનુ સામ્રાજ્ય વ્યાપી રહ્યુ હતુ તે સમયની આપણી સામાજીક અને રાજકીય સ્થિતિ એ આપણી સસ્કૃતિના ઇતિહાસના ખરાબમા ખરાબ પ્રકરણો છે, એ વાત આપણા દેશના ઇતિહાસના દરેક વિદ્યાર્થીને વિદીત છે તેવા સમયની આપણી સાસારીક સ્થિતિને આદર્શમય સ્થિતિ સમજી આપણે હમેશા તેવી જ સ્થિતિમા રહેવાનો દુરાગ્રહ કરીએ તો આપણી સાસારીક પ્રગતિ કદી પણ થઈ શકે જ નહિ. પરતુ આપણા દુર્ભાગ્યે, જે આચાર વિચારો, જે રીત

રીવાજો અને જે રૂઢીઓ તે સમયે પ્રચલિત હતી તેમને પદ્ધતિસર ગોઠવી સરકારે નક્કી કરી દીધું કે હિન્દુસમાજ, હિન્દુધર્મ તથા હિન્દુકાયદાને આજ રીતરીવાજો માન્ય છે અને તેટલા માટે એથી ઉલટી રૂઢીઓ, ઉલટા આચાર વિચારો અને ઉલટા રીતરીવાજો ગેર કાયદેસર ગણાવવા જોઈએ તે સમયે કેટલીક સ્થાનિક પરિસ્થિતિઓને લીધે જ્ઞાતિબંધનનું બળ વિશેષ હતું અને જ્ઞાતિ અને પેટા જ્ઞાતિની બહાર લગ્નવ્યવહાર પ્રચલિત નહિ હતો તેથી સરકારે એમ ઠરાવી દીધું કે હિન્દુ કોમને માટે જ્ઞાતિની અને પેટાજ્ઞાતિની બહાર લગ્નવ્યવહાર ગેરકાયદેસર છે

ધીમે ધીમે દેશમાં અંગ્રેજી કેળવણીનો બહોળો પ્રચાર થવા માંડ્યો પાશ્ચાત્ય સુધારાના સંસર્ગથી આપણામાં બુદ્ધિનો વિકાસ થયો અને તેથી કરીને આપણે આપણા સાંસારિક રીવાજો તથા ધર્મસંબંધી માન્યતાઓને નવા જ દૃષ્ટિબિન્દુથી તપાસવા લાગ્યા આવી નવીન તપાસનું પ્રથમ ફળ એ આવ્યું, કે, આપણા દેશના કેટલાક કેળવાયેલા અને સરકારી હોદ્દેદારો જુના ચીલાઓમાંથી છુટા પડી જઈ તદ્દન નવે જ રસ્તે પળ્યા પ્રચલિત હિંદુધર્મ તેઓને વહેમથી ભરેલો અને અર્થવગરની અનેક બાહ્ય ક્રિયાવાળો લાગ્યો તેથી તેઓએ પોતાને માટે બ્રહ્મોધર્મ નામનો તદ્દન નવો જ ધર્મ સ્થાપ્યો આ બ્રહ્મોધર્મ તદ્દન નવો જ ધર્મ છે કે અસલી હિંદુધર્મની એક સુધરેલી શાખા છે તે એક ઘણો જ વિવાદભરેલો પ્રશ્ન છે અત્યારના આપણા વિષય સાથે તેને કાંઈ પણ સંબંધ ન હોવાથી તે બાબત એટલું જ કહેવું બસ છે કે આ નવા વર્ગે હિંદુ સમાજમાં પ્રચલિત નાત જાતના ભેદ કોરાણે મુક્યા ને પોતાની નાતના એક નાના કુંડાળાની બહાર રોટી તથા બેટી વ્યવહાર કરવામાં એ લોકોને કોઈપણ જાતનું પાપ માલમ પડ્યું નહિ રોટી વ્યવહાર કરવામાં કાંઈ વિશેષ ભાંજગડ નહિ હોવાથી એ તો સહેજમાં બની ગયું પણ નાતના કુંડાળાની બહાર છોકરા છોકરીઓના લગ્ન કરવાને એ લોકો તૈયાર થયા ત્યારે કાયદાનો પ્રશ્ન ઉભો થયો કાયદો જાણનાર વિદ્વાન લોકોએ એમને ચેતાવ્યા કે હિંદુ કાયદા પ્રમાણે નાતની બહાર લગ્ન થઈ શકે જ નહિ આવા લગ્ન થાય તો ગેરકાયદેસર ગણાશે આવા લગ્નોથી ઉત્પન્ન થએલી સંતતિને બાપની મીલકતનો વારસો મળી શકશે નહિ પોતાની સાંસારિક પ્રગતિમાં કાયદો આમ વિઘ્નરૂપ છે એમ જ્યારે તેઓને માલમ પડ્યું ત્યારે તેઓએ આ વિઘ્ન દૂર કરવાને સરકારને અરજ કરી એ લોકોની અરજ ઉપરથી સને ૧૮૭૨ માં તે વર્ગના લોકોને માટે સરકારે લગ્નનો ખાસ નવો કાયદો કર્યો આ કાયદાથી પોતાની નાતની બહાર લગ્ન કરવાની બ્રહ્મોધર્મવાળાને છુટ મળી. પરંતુ નાત બહાર લગ્ન કરવાની છુટ સરકારે માત્ર બ્રહ્મોધર્મવાળાને જ આપી અન્ય ધર્મના લોકોને નહિ એ કાયદા પ્રમાણે લગ્ન કરનારાં વર કન્યાઓને એમ જાહેર કરવું પડે છે કે હું ખ્રિસ્તી, યાહુદી, હિંદુ, મુસલમાન, પારસી, બુદ્ધ, શીખ કે જૈનધર્મમાંથી કોઈ પણ ધર્મનો અનુયાયી નથી મી બાસુએ જે બીલ ધારાસભામાં રજુ કર્યું હતું તેમાં એવી માગણી કરવામાં

આરી હતી કે સને ૧૮૭૨ ના કાયદામાં જે ઉપલી કલમ છે તે રદ કરવી જોઇએ અર્થાત્ પોતાની નાતના કુંડાળાની બહાર લગ્ન વ્યવહાર કરવાની જે છુટ સરકારે માત્ર થોડાને આપી છે તે સર્વને આપવી જોઇએ નામદાર પટેલના ખરડાની માગણી ઘણી સંકુચિત છે એ ખરડાની માગણી માત્ર એટલી જ છે કે **હિંદુ કોમને પોતાની નાત કે પેટા નાતની** બહાર લગ્ન કરવાની છુટ આપવી જોઇએ

સને ૧૮૭૨ માં માત્ર બ્રહ્મોસમાજના અનુયાયીઓને જ પોતાની નાતની બહાર લગ્ન કરવાની ઇચ્છા થતી હતી અને તેથી તેમણે પોતાને માટે કાયદો કરાવ્યો પરંતુ છેલ્લા ૪૦-૫૦ વર્ષમાં કેળવણીનો પ્રચાર બહુજ બહોળો થયો છે લોકોના મન વધારે વિકાસ પામ્યા છે જ્ઞાતિબંધનની વિરુદ્ધ સર્વત્ર પોકાર સંભળાય છે તેથી સરકારે જે છુટ થોડાને આપી છે તેવી છુટની બીજાઓ તરફથી પણ માગણી થવા લાગી છે તો તેમને તે છુટ કેમ ના મળવી જોઇએ ?

સને-૧૮૭૨ ના કાયદાનો લાભ લઇ લગ્ન કરનારાઓ તે વખતે "હું હિંદુ નથી" એમ કહેવાને રાજી હતા પરંતુ હવે સમય બદલાયો છે અત્યારે સંસ્કૃત વિદ્યાનું પુનર્જીવન થયું છે તેમ આર્યસમાજ, થીઓસોફી તથા સ્વામી રામતીર્થ તથા સ્વામી વિવેકાનંદ જેવાઓના ધાર્મિક બોધથી આપણને આપણા હિંદુ ધર્મ તથા હિંદુપ્રજાના ગૌરવને માટે અભિમાન ઉત્પન્ન થવા લાગ્યું છે તેથી અત્યારે 'હું હિંદુ નથી' એમ કહેવાને માટે કોઈ હિંદુ ભાગ્યે જ રાજી હોય

એક મનુષ્ય હિંદુધર્મના સિદ્ધાંતો તથા તત્વજ્ઞાન માનતો હોય હિંદુ શાસ્ત્ર અનુસાર ધર્મની સર્વ ઉપાસના કરતો હોય, મંદિરમાં દર્શન કરવા જતો હોય, તુળસી પુજા કરતો હોય, અગીઆરસ તથા શિવરાત્રીને દિવસે ઉપવાસ કરતો હોય પણ માત્ર તે જ્ઞાતિબંધનનું ધોરણ માન્ય ના હોય અને તેથી તે બીજી નાતની પેટા નાતની પણ હિંદુસ્ત્રી સાથે લગ્ન કરે તો અત્યારના કાયદા પ્રમાણે એ લગ્ન ગેરકાયદેસર ઠરે છે વરકન્યા બને જુદી જુદી નાતના પણ હિંદુ હોય તેના પોતાના લગ્ન કાયદેસર ઠરાવવાને માટે તેમને 'હું હિંદુ નથી' એમ કહેવાની કાયદો ફરજ પાડે છે અત્યારના કાયદાની આવી કફાડી સ્થિતિને લીધે આપણામાં એક જાતનું અપ્રમાણીકપણું આવે છે, તેથી આપણી નીતિ તથા ચારિત્રમાં ખામી આવે છે તેમ હિંદુ કોમના કેળવાયેલા તથા સસ્કારી સ્ત્રીપુરૂષોને આપણે ગુમાવીએ છીએ આ બધું દુર કરવાના ઉદ્દેશથી જ નામદાર પટેલે પોતાનો ખરડો રજુ કર્યો છે

જે નાતિઓના લોકોને આવા જુદી જુદી નાતના સ્ત્રીપુરૂષોના લગ્નો નાપસંદ હોય તેઓને આવા સ્ત્રીપુરૂષોને પોતાની જ્ઞાતિ બહાર મૂકવાની સંપૂર્ણ છુટ છે સરકારે કાયદાથી પુનર્લગ્ન કરવાની વિધવાઓને છુટ આપી છે તો પણ પુનર્લગ્ન કરનારી વિધવાઓને જ્ઞાતિ બહાર મૂકવાનો જ્ઞાતિના લોકોને હક કાયમ જ છે તે જ પ્રમાણે આવી જુદી જુદી નાતો કે

બેઉ નાતોના સ્ત્રી પુરુષોના લગ્નોની બાબતમાં પણ જ્ઞાતિના અંકુશો તો હોવાના જ; માટે નાતના પટેલીઆઓને આ ખરડાથી ગભરાવાનું બીલકુલ કારણ નથી.

નામદાર પટેલના ખરડાના વિરોધીઓ આ ખરડાની ચર્ચા કરતી વખતે એક મોટી વાત ભૂલી જાય છે અને તે એ છે કે આ ખરડો કાંઈ ફરજીઆત કાયદો નથી. એ તો માત્ર એક પરવાનગી આપનાર કાયદાની માગણી કરનારો ખરડો છે, એટલે કે એ ખરડો એમ કહેતો નથી કે દરેક હિન્દુએ પરનાતમાં લગ્ન કરવા. એ ખરડો તો માત્ર એટલી જ માગણી કરે છે કે કોઈ પણ હિંદુને પરનાતમાં લગ્ન કરવાનો વિચાર હોય ને તેની સાથે તેને હિંદુ ધર્મમાં પણ રહેવું હોય તો તેમ કરવાની તેને પરવાનગી આપવામાં આવવી જોઈએ.

અત્યારના વ્યક્તિસ્વાતંત્ર્યના સમયમાં કોઈને આવી પરવાનગી ના મળે એ શું યોગ્ય છે? કોની સાથે લગ્ન કરવા ને કોની સાથે ના કરવા તેનો નિર્ણય કરવાની સત્તા દરેક વ્યક્તિને પોતાને મળવી જોઈએ. પુખ્ત ઉમ્મરની બે વ્યક્તિઓ પોતાની રાજીખુશીથી એક બીજા સાથે લગ્નસંબંધથી જોડાવા માગતી હોય, અને તેમના એવા સંબંધથી નીતિના સનાતન નિયમોનો ભંગ ના થતો હોય અને અન્ય વ્યક્તિની સ્વતંત્રતાપર તરાપ આવતી ના હોય તો તેમના આ લગ્નમાં બીજી કોઈપણ વ્યક્તિને—કોઈ પણ સમાજને કોઈપણ સંસ્થાને તેમ કોઈપણ કાયદાને વચ્ચે આવવાનો હક નથી. અત્યારનો હિંદુ કાયદો લગ્નની બાબતમાં વ્યક્તિની સ્વતંત્રતાની આડે આવે છે. બન્ને વ્યક્તિઓ હિંદુ હોય છતાં કાયદો તેમને 'અમે હિંદુ નથી' એમ કહેવાની ફરજ પાડે છે. આવા આપખુદી કાયદામાં ફેરફાર કરાવવાના ઉદ્દેશથી જ નામદાર પટેલે પોતાનો ખરડો રજુ કર્યો છે.

અત્યારનો સમય પ્રગતિનો છે. આપણી દૃષ્ટિમર્યાદા વિશાળ થઈ છે. અનેક નાતના લોકો સાથે આપણે સંબંધમાં આવીએ છીએ. શાળાઓમાં, કોલેજોમાં તેમ સમાજહિત અને દેશહિતના અનેક મેળાવડાઓમાં પરનાતના અસંખ્ય સ્ત્રી પુરુષો એક બીજાના સમાગમમાં આવે છે. તેમાં અનાયાસે એક બીજાનું હૃદય આકર્ષાય, અન્યોન્ય પરસ્પર પવિત્ર પ્રેમ બંધાય ને તેમને પવિત્ર લગ્ન કરી એક બીજા સાથે જોડાવાનું મન થાય તો કાયદા તરફથી એવા લગ્નોમાં પ્રતિબંધ શા માટે હોવા જોઈએ? તમારે તો માત્ર આટલા જ સાંકડા કુંડાળામાં જિંદગી ગાળવી જોઈએ. પ્રેમને પણ એથી બહાર ચરવા દેવો નહિ અને કુંડાળાની બહાર લગ્ન કરવાનો તો વિચાર સરખો પણ કરવો નહિ એમ કોઈને કહેવું એ શું યોગ્ય છે? દુનીઆની બીજી કોઈ પણ પ્રજામાં આવી જાતના લગ્નો માટે પ્રતિબંધ નથી. બે મુસલમાન, બે પારસી કે બે ખ્રીસ્તી પોતાના ધર્મનો ત્યાગ કર્યા વગર એક બીજા સાથે ખુશીથી પરણી શકે છે. પણ નાતજાતની મજબુત બેડીઓથી જકડાયલા બે હિન્દુઓને એક બીજા સાથે પવિત્ર લગ્ન કરવાની ઈચ્છા હોય તો તેવા લગ્ન કરવાની ખાતર તેમને પોતાના હિન્દુ ધર્મ, ને હિન્દુ-

ત્વનો ત્યાગ કરવો પડે છે આવા સખત પ્રતિબંધો તોડી હિન્દુઓને એક બીજા સાથે લગ્ન કરવાનો માર્ગ મોકળો કરી આપવાના ઉદ્દેશથી જ નામદાર પટેલે પોતાનો ખરડો ધારાસભામા રજુ કર્યો છે

નામદાર પટેલના ખરડાના વિરોધીઓની સૌથી વજનદાર દલીલ એ છે કે કાયદાની મદદથી આપણી સમાજમાં સુધારો કરાવવાની નીતિ યોગ્ય નથી પ્રજાની સામાજિક બાબતોમા સરકારને–તેમા ખાસ કરીને જે સરકાર અને આપણી વચ્ચે ધર્મ તથા સાસારિક રીતિ રીવાજોમા સામાન્યતા નથી તે સરકારને વચ્ચે નાખવા એ બહુ જ જોખમભરેલુ પગલુ છે આવા પ્રકારની દલીલનુ વ્યાજબીપણુ હું સ્વીકારૂ છુ પરતુ નામદાર પટેલના ખરડાની બાબતમા આ દલીલ બધબેસતી નથી સરકાર તરફથી તેમ અન્ય ધર્મના કોઇ પણ ધારાસભાના સભાસદ તરફથી આ ખરડો રજુ થયો નથી પરતુ આપણા જ ધર્મના અને આપણી જ કોમના અને આપણા તરફથી ચુટાયલા પ્રતિનિધિએ આ ખરડો રજુ કર્યો છે વળી આ ખરડો આપણી સમાજમા લગ્નની બાબતમા કોઈ પણ પ્રકારનો નવો રીવાજ દાખલ કરવાની માગણી કરતો નથી પરતુ આપણી સાસારિક બાબતમા અત્યારના સરકારના કાયદાએ હદ ઉપરાતની જે સત્તા લઇ લીધી છે તે સત્તા કાયદા પાસેથી છીનવી લઈ લગ્નની બાબતમા હિન્દુઓને વધારે સ્વતત્રતા આપવી એ જ આ ખરડાનો શુભ ઉદ્દેશ છે

અત્યારના કાયદાને એવુ કહેવાનો શો હક છે કે નાતો તથા પેટા નાતોના કૃત્રિમ કુડાળા બહાર થતા હિન્દુઓના લગ્ન ગેરકાયદેસર છે ? આવી જાતના લગ્નો પૂર્વે આપણી સમાજમા થતા તેના આપણા પ્રાચીન ઇતિહાસ તથા પુરાણોમા અસખ્ય દૃષ્ટાતો છે અસલના બ્રાહ્મણ ઋષી મુનિઓના ક્ષત્રીકન્યાઓ સાથે થયેલા લગ્નો જાણીતાં છે સુકન્યા જે ક્ષત્રી રાજકન્યા હતી તેણે ચ્યવન મુનિ સાથે લગ્ન કર્યાં હતા અર્જુનને પ્રથમ બ્રાહ્મણ સમજીને જ દ્રૌપદી તેની સાથે પાણીગ્રહણ કરવાને તૈયાર થઈ હતી પરશુરામના પિતા જમદગ્નીએ રેણુકા નામની રાજકન્યા સાથે લગ્ન કર્યાં હતા ક્ષત્રી રાજાઓએ અન્ય જ્ઞાતિઓની કન્યાઓ સાથે કરેલા લગ્નો પણ આપણા પ્રાચીન ઇતિહાસ તથા પુરાણોમા અસખ્ય મળી આવે છે શતનુ રાજાએ મત્સ્યગધા નામની માછીની કન્યા સાથે લગ્ન કર્યા હતા, ધૃતરાષ્ટ્રે ગાધારી નામની યવનકન્યા સાથે લગ્ન કર્યા હતા, ભીમસેને હીડબા નામની રાક્ષસી (અનાર્ય સ્ત્રી) સાથે લગ્ન કર્યાં હતા અર્જુને ચિત્રાગદા સાથે લગ્ન કર્યા હતા, ચદ્રગુપ્તે ગ્રીસ દેશની રાજકન્યા સાથે લગ્ન કર્યાં હતા રજપુતોમા ઉત્તમમા ઉત્તમ ગણાતા કુળનો મૂળ પુરૂષ બાપા રાવળ મૌર્યવશમાથી ઉત્પન્ન થયેલા હતા અને મૌર્યવશની ઉત્પત્તિ શુદ્રમાંથી છે તે જાણીતી વાત છે આવા આવા પૂર્વે થઇ ગએલા અસખ્ય લગ્નો ગેરકાયદેસર ના ગણાયા અને હવે જો કોઇ હિન્દુ પોતાની નાની નાતના કુડાળાની બહાર લગ્ન કરે તો તે ગેરકાયદેસર ગણાય એવુ જે હાલનો કાયદો કહે છે તે અયોગ્ય છે એમ દર્શાવવુ એ જ પટેલના ખરડાનો ઉદ્દેશ છે

રજની રૂ ૦-૧૨-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુબાઈ,

નામદાર પટેલના ખરડાના વિરોધીઓની એક દલીલ એવી છે કે જો આ ખરડો પસાર થયો તો આપણી સમાજમા બધે ગડબડ ગોટો મચી રહેશે ને આખી સમાજ અવ્યવસ્થિત થઇ જશે ને આપણી સમાજ બીનકુલ સગીન ન રહેતા છિન્ન ભિન્ન થઇ જશે ને આખરે તેનો નાશ થશે

લગ્ન જેવી અગત સુખ દુખની બાબતમા પણ જે સમાજવ્યવસ્થા વ્યક્તિઓને સ્વતંત્રતા આપવાના પાડે છે તે સમાજવ્યવસ્થા ઉત્તમ છે, આદર્શમય છે અને તેવી જ વ્યવસ્થા આપણી સમાજમા હમેશા રહેવી જોઇએ એવુ પ્રસ્થનાર રૂઢીચુસ્ત લોકોને માત્ર એક જ પ્રશ્ન પુછવાનો છે કે શા આધારે તેઓ એમ કહે છે કે અત્યારની આપણી વ્યવસ્થા હરેક રીતે ઉત્તમ છે જ્યા સુધી બીજી વ્યવસ્થાની આપણે અજમાયશ કરી નથી ત્યા સુધી એમ કહેવાનો આપણને શો હક છે ? જે સમાજમાં લગ્નની બાબતમા આપણી સમાજ જેવા સખત બધનો નથી તે સમાજમા રહેનારા મનુષ્યો કરતા આપણે શુ વધારે સુખી છીએ ? જગતના ઇતિહાસમા આપણે હમેશા જોતા આ યા છીએ કે જ્યારે કોઈ પણ જાતનો નવો સુધારો દાખલ થવાની હીલચાલ ઉભી થાય છે ત્યારે જુના વિચા ના લોકો બુમરાણ કરી મુકે છે કે જો આ સુધારો સમાજમા દાખલ થયો તો સમાજમા સખત અધાધુની વ્યાપી રહેશે ને મહાન્ અનર્થો થઇ જશે આવા લોકોના બુમાટાથી ગભરાઈ સુધારકો બેસી રહ્યા હોત તો દુનીઆમા કોઇ પણ પ્રકારની પ્રગતિ થાત જ નહિ આવા લોકોના બુમાટો છતાં પણ જગતમા તો સુધારો દાખલ થયો જ જાય છે અને જગતનો વ્યવહાર પણ નિયમીત રીતે ચાલે જ જાય છે તેમ નામદાર પટેલનુ બીલ પસાર થયે તો પણ આપણી સામાજીક સ્થિતિમા કોઈ પણ જાતની અધાધુની કે અનર્થ થયા વિના બધુ નિયમપર ચાલે જશે

નામદાર પટેલના ખરડાને અત્યારની પ્રચલિત રૂઢી નીતિ વીરૂદ્ધ છે તેવા સકુચિત દૃષ્ટિબિન્દુથી ના તપાસતા ન્યાય, વ્યક્તિસ્વાતંત્ર્ય, આત્મનિર્ણય અને આપણી હિન્દુ કોમમા ગૌરવ વગેરે ઉચ્ચ દૃષ્ટિબિન્દુથી તપાસવાની જરૂર છે આ પ્રત્યેક દૃષ્ટિબિન્દુથી તપાસતા આપણી ખાત્રી થશે છે કે હિન્દુ કોમની સામાજીક હિતની ખાતર આવી જાતના ખરડાની ખાસ જરૂર હતી અને માનનીય પટેલે આ ખરડો રજુ કર્યો છે તેને માટે દરેક કેળવાયલા હિન્દુએ તેમનો ઉપકાર માનવો જોઇએ

વિધવા.

લેખ —બ્હેન હિરાબાઈ ગોવિન્દજી નગનજી

રાધાચરણના અકાળ મૃત્યુને લીધે તેના કાકા ગામને બહુ શોક થયો પરંતુ અભાગિની પાર્વતિને તો એથી આ સંસાર અંધકારમય થઈ ગયો તેને માટે તો આશા, ઉત્સાહ અને સુખનો સૌ જે આનો નાશ થઈ ગયો જો કે તેણે આ ઘોર દુઃખો વજ્ર સમાન ગણના આ મહા સંકટોને ગણીને પણ સહન કીધું તેણે આ અસહ્ય દુઃખને પોતાના મનની શક્તિથી ચુપચાપ સહન કીધું ગોરા લાગી ઓઝાથી પાર્વતીનું સુકોમળ શરીર સુકાઈ ગયું પરંતુ આ મહાન દુઃખની મુખ સામે કોઈ ઉંચાર ન જોતો

રાધાચરણના કાકા રામપ્રસાદ મોટી નજરના માણસ હતા રાધાચરણના પિતા ગુરૂપ્રસાદ જ્યારે તેની ઉમર પાંચ વર્ષની હતી ત્યારે જ મૃત્યુ પામ્યા હતા તેની માતા સુનીતિ પણ પતિના મૃત્યુબાદ એક વર્ષ પછી સ્વર્ગ-લોક-ગામિની થઈ હતી, તેથી બાળક રાધાચરણનું પાલનપોષણ કાકા રામપ્રસાદ અને કાકી હરદેવીએ જ કર્યું હતું જે મિલકતમાંથી ખર્ચ ચાલતો હતો તે મિલ્કત તેના પિતા જ મુકી ગયા હતા તેના માટે એ પાળનારનું તથા વડીલોપાર્જિતનું ઘર હતું પરંતુ આ બાપીની મિલ્કત-રહેવાના ઘરમાં-ચાલુ કરજ પ્રવેશ થઈ ગયું હતું, અને તે દિવસે દિવસે વધતું જ જતું હતું રામપ્રસાદે પોતાની કન્યા અમેનીના વિવાહમાં ધૂમધામોમાં પોતાની વાહ વાહ કહેવરાવવા અને મોટાઈ બતાવવા માટે ઘણો પૈસો ઉડાવી નાખ્યો વિવાહ પછી એક અઠવાડીઆ સુધી જમણ કર્યું ત્યારે લોકો તેની મૂર્ખતાપૂર્ણ ઉદારતા ઉપર ચર્ચા કરવા લાગ્યા કોઈ કહેતા, કઈ કડીમાં મોઢું ઓઢું કોઈ કહેતા હતા કે, નાકમાં ભીકુ ઓઢું છે આ પ્રમાણે તેઓ ખરી બાબતોમાં કંઈની કંઈ ભૂલો કાઢતા

જે વર્ષમાં રામપ્રસાદની પુત્રીનો વિવાહ થયો તે જ વર્ષમાં રાધાચરણ બી એ ની પરીક્ષામાં પાસ થયો સ્કુલમાં જ તેને તેની યોગ્યતાને લીધે છાત્રવૃત્તિ મળતી હતી પરંતુ બી એ ની ફી અને ચોપડીઓ માટે તેને રામપ્રસાદ પાસેથી રૂપીઆ ૧૫૦) મળ્યા હતા તે જ વર્ષમાં રામપ્રસાદે ગરીબોને મદદ કરનાર શાહુકાર અર્જુનલાલ પાસેથી ૫૦૦૦ રૂપીઆ લીધા હતા તેમાંથી ૩૦૦૦ તો છોકરીના વિવાહમાં ગયા પણ જ્યારે કરજનો પ્રસંગ ઉઠ્યો ત્યારે તેઓ ચોક ગામનો વાદ કરવા તેમના હિસાબથી એમ હતુ કે, જો રાધાચરણ ભણ્યો ન હોત તો અમારે કરજ ઉભુ થવું પડત નહિ નાની નાની વાતોપર રામપ્રસાદ રાધાચરણને કહેતા—"તેં મારી શું એસા કરી છે? જે તારા શીખવાને લીધે મારૂ સત્યાનાશ વળી ગયું"

સુશીલ રાધાચરણ પોતાના નમ્ર કાકાની વાતનો ઉત્તર આપતો ન હોતો અને નીચું માથું કરી મૌન રાખતો સર્વ સાંભળી લેતો હતો

૨.

રાધાચરણના મૃત્યુથી તેના કાકાકાકીને ઘણુ દુ ખ થયુ પરન્તુ તે દુ ખની લીન આગમા પણ રામપ્રસાદે રાધાચરણને લીધે જ થયેલી કરજદારીની વાતની પ્રવૃત્તિને ઘણા જ યત્નથી સુરક્ષિત રાખી

શોકની પ્રબળ જ્વાળામા ,બળી જતા આ દ પતી-યુગ્મે પોતાની પુત્રીનો આશરો લઇ ઘણો શાન્તિલાભ લીધો જે પ્રમાણે ભાદ્રપ મહીનાની વર્ષા પછી સૂર્ય અધિક ઝગમગ થઇ ઉઠે છે, તે પ્રમાણે તે બેન્ને પતીપત્ની શોક-સાગરમા સ્નાન કરી અધિક કઠોર થઇ ઉઠ્યા હવે તેઓ વાતવાતમા કહેવા લાગ્યા કે—" રાધે અમને મારી ગયો તે અમારો ભત્રીજો નહિ, શત્રુ હતો અમારૂં સત્યાનાશ કરવા આવ્યો હતો '

પાર્વતિ જે પ્રચંડ લહેરમા વહી જતી તેને લેશ માત્ર પણ આસરો ન હોતો તે અનન્ત શોકમા હતી તેના મનમા શોકનો પ્રચંડ અગ્નિ બળી રહ્યો હતો એક બાજુ તે દમ્પતીનો તે દુ ખી અમનાને વધારે દુ ખી કરવા લાગ્યુ શોકની અનન્ત જ્વાળામા, શોકની પ્રચ- અગ્નિમા, નિરાશારૂપી અન્ધકારમા અને આ દુર્ગન્ધપૂર્ણ સંસારમાં તેને સર્વદા પતિનું મુખરૂપી કમળ દેખાતું હતું જાણે તે તેને મૌન ભાષામા કહેતો હોય- પ્રિય પાર્વતિ, ધૈર્ય ધારણ કરો કષ્ટતાને સહો, સ્વપ્નરૂપી સંસારમા જ્યા સુધી છો ત્યા સુધી કર્મ કરી કાલ વ્યતીત કરો સ્વર્ગમા હું તમારી પ્રતિક્ષા કરૂ છુ. હું તમને અવશ્ય મળીશ કારણ કે તુ મારી છો અને હું તારો છુ '

તેને સંસાર ઉપર અથવા બીજી કોઇ પણ ચીજપર માયા બેસતી નહોતી આરાશ, પાર્વતિનુ હૃદય અતિશય દુ ખી હતુ. મૃત્યુશય્યાપર પડેલા પતિના જ્યોતિહીન નેત્રોનો કાતર ભાવ તે ભુલતી ન હોતી

પાર્વતિ હીન્દી મીડલ પાસ થઈ હતી પાર્વતિને રાધાચરણે થોડુ ઇંગ્રેજી પણ શીખવ્યુ હતુ રાધાચરણનો વિચાર તેને પ્રવેશિકા પાસ કરાવવાનો હતો પણ તેના અકાલ મૃત્યુએ તેમ થવા દીધુ નહિ

પતિના મૃત્યુ પછી અભાગિની પાર્વતિને પુસ્તક હાથમા લેવાનો વખત મળતો નહોતો. ઘરમા તેની કોઈ સત્તા નહોતી ઘરનુ સર્વ કામ કરતા છતા સાસુના મુખની મીઠી વાત સાભ- ળતી નહોતી, પરન્તુ ગાળો અને પતિનિન્દા સાભળતી હતી સાસુ રાધાચરણના મૃત્યુનુ કારણ એને જ સમજતી હતી પાર્વતિને આ કુટિલતાપૂર્ણ સંસારમા સહાનુભૂતિનુ ચિહ્ન કાંઈ દેખાતુ નહોતુ

પાર્વતિને એક ભાઇ હતો તેનુ નામ સુખલાલ હતુ તે પિતરાઈ ભાઈ હતો. તે કોઈ ઠેકાણે શીપાઈનુ કામ કરતો હતો પરન્તુ વિવાહિત હતો પાર્વતિ એ સમયે પોતાની ઓરડીમા પતિ શોકમા બેઠી હતી

તે વખતે જાણે તેના પુસ્તકો તેને પોતાની ભાષામા કહેવા લાગ્યા કે, 'પાર્વતિ તુ શીખેલી છે અમે તારી સખીઓ છીએ અમને તારાથી ધૃણા નથી આવતી" પાર્વતિના ભગ્નહૃદયમાં

શાન્તિના અસ્ફુટ કિરણોનો ઉદય થયો તેણે એક પુસ્તક લીધુ અને સાક્ષાત અભયદા દેવી ભગવતી સરસ્વતીમાતાના કરમાંથી સરસ્વતીના ઇશારાથી જ તેણે પુસ્તક લીધુ હતુ તે પુસ્તક આપણા સુપ્રસિદ્ધ ગ્રન્થકાર સ્માઇલ્સસાહેબનુ સેલ્ફ હેલ્પ અથવા જાત મહેનત હતુ ચટાઇ ઉપર બેસી પાર્વતિ પુસ્તક વાચવા લાગી

પુસ્તકના બે ચાર પૃષ્ઠ વાચ્યા હશે કે એની સાસુ હરદેવી આવી પાર્વતિને પુસ્તક વાચતા જોઇ તેના શરીરમા અગ્નિ પ્રકટી ઉઠયો "પુસ્તકો વાચી વાચીને સદાચરણનો નાશ કર્યો અને હવે અમારો નાશ કરવા બેઠી છે"

રામપ્રસાદ પણ બોલ્યા-"તુ નારી નથી નાગણ છે એકને ખાઈ ગઇ, બીજાને ખાવાનો (મને ખાવાનો) વિચાર કરે છે"

પાર્વતિએ પુસ્તક બધ કીધુ પુસ્તક ઉપર સોનેરી અક્ષરમા છાપેલા સેલ્ફ હેલ્પ ના શબ્દોએ પાર્વતિના અશ્રુપૂર્ણ નેત્રોને પોતાની તરફ ખેચી લીધા

૩.

બીજે દીવસે પ્રાતઃકાળે ઘણી શાન્તિથી તેણે પોતાની સાસુને સમજાવી દીધુ કે, પોતે થોડા દીવસ માટે પોતાના ભાઇ પાસે જવા માગે છે આપ એને એક કાગળ લખાવો.

સાસુને તો મન ગમતી વાત મળી ગઈ તેણે તે જ વખતે તેમા મીઠુ મરચુ મેળવી તે વાત પોતાના પતિ રામપ્રસાદને કહી રામપ્રસાદે પહેલા તો આનાકાની કરી પણ પછી ધર્મ અને સ્વભાવની સાથીની સ્ત્રીની વાત સાભળી સુખદયાલને એક પત્ર લખ્યો

ચાર દીવસ પછી વહુ ચાલી જશે માટે વહુની સાથે અધિક કઠોર વ્યવહાર ન કરવો જોઇએ એમ વિચારી આ દમ્પતીયુગલનો પાર્વતિની સાથે ક્લેશવ્યવહાર મટી ગયો હવે તેણીને ઘરના કામની સાથે ગાળો ખાવી પડતી ન હોતી પણ પતિ-નિન્દા વગેરે વાતો તો યથા નિયમ થતી જ હતી

ત્રીજે દીવસે જવાબ આવી ગયો કે, શનિવારે રાત્રે સુખદયાલ બ્હેનને તેડવા આવશે ગુરૂવારે પત્ર આવ્યો હતો પાર્વતિને ફક્ત બે દીવસની મહેમાન સમજી સાસુસસરાના હૃદય એકદમ ઢીલા પડી ગયા શનિવારે રાતે સુખ શાન્તિ-ન્યાય અને દારિદ્રની મૂર્ત્તિ સુખદયાલ-આવી પહોચ્યો તે બ્હેનને ગામે લગાડી નગુ રહ્યો બીજે દીવસે પ્રાતઃકાળની ગાડીમાં બ્હેનને લઈ ને તે પોતાને ઘેર રવાના થઈ ગયો

પાર્વતિએ જતી વખતે ફક્ત પોતાના પતિના પુસ્તકોની ટ્રક અને પોતાના પહેરવાના બે લુગડા સિવાય બીજુ કઈ સાથે લીધુ નહિ જતી વખતે સાસુએ ઉપરી મનથી આંખમાં અશ્રુ લાવી જલદી પાછા આવવાનુ કહ્યુ પાર્વતિ નિષ્કપટ મનથી જે વખતે સાસુને પગે લાગી તે વખતે ટપ ટપ અશ્રુના બિન્દુએ પણ હરદેવીના ચરણોનો સ્પર્શ કીધો.

૪.

પાર્વતિના આવવાથી સુખલ્યાનનુ રીદ્ર પણ પિતાનુ ઘર સ્વગધામ બની ગયુ તેના માળ. જે નિર્ધનતાને લીધે શીખી ન શોના શકતા તે કાઈ પાર્વતિ પાસેથી શીખવા લાગ્યા છે સુખલ્યાનની મોટી પુત્રી શાન્તિ પાર્વતિ પાસેથી હિન્દી સાથે સીનાઈ કામ પણ શીખના લાગી. થોડા દીવસમા પાર્વતિ અને શાન્તિની સીનાઈના પ્રતાપથી રોજની બે રૂપીયાની હકિ ઓાછી આવક આવવા લાગી પાર્વતિના કહેવાથી સુખલ્યાન એક સારી ગાય ખરીદી લાવ્યો હવે તેમના ઘરમા સઘ કઇ હતુ વિદ્યા હતી ધન હતું ગૌરસ પણ હતુ હવે તેમને સવ પ્રકારે સુખ હતુ સુખલ્યાનની સ્ત્રી ચમેની આ સવ સમૃદ્ધિનુ મૂળ કારણુ પાર્વતિને જ સમજતી હતી તે પ્રાત કાળે ઉઠીને તેને નમસ્કાર કરતી હતી અને દરેક મર્ં કામ પાર્વતિને પુછીને જ કરતી હતી

એક વર્ષ વિતીગયુ પાર્વતિ હિન્દુ-ગર્લ્સ-સ્કુલમા શીખવે છે તેને ૫૦) રૂપીઆનો પગાર મળે છે આ વર્ષમા તેણે પ્રવેશિકા પાસ કરી છે આજે સુખલ્યાનના બાળક જે એક વર્ષ પહેલા દીન અને અનાથ થઇ ફરતા હતા તે આજે મ્હોટા માણસોના છોકરાઓની પેઠે નિશાળમાં જાય છે છોકરી શાન્તિ પણ સ્કુલમા પાર્વતિને કામ લાગે છે ભાઇ સુખલ્યાન પણ સીપાઈના કામમાથી છુટી દુકાન માંડી બેઠો છે

સુખલ્યાનનુ ઘર પણ એક બાલિકા વિદ્યાલય જેવુ થઈ રહ્યુ છે ઘણા માળ છોકરીઓ શીખવા આવે છે પાર્વતિની પ્રશસા આખા શહેરમા થઇ રહી છે

× + + +

ચાર વર્ષ બીજા વીતી ગયા પાર્વતિએ આ વર્ષમા બી એ ની પરીક્ષા પાસ કરી છે તે સ્કુલમા લેડી પ્રિ સીપલનાં પદપર છે પગાર પણ રૂપીઆ ૨૫૦) થઇ ગયો છે સર્વ લોકો તેને મ્હોટુ માન આપે છે અને સર્વત્ર પાર્વતિની પ્રશસા ચાલી રહી છે

૫.

રવિવારનો દીવસ છે સ્કુલમાં અન્ત ગ સભા ચાલી રહી છે રાયબહાદુર કીશોર ચન્દ્રની પત્ની સ્કુલની ઓાન રી સેક્રેટરી હતી તે પ્રબન્ધ સમ્બન્ધી અનેક વિષય તપાસી રહી છે રાય બહાદુરની પત્નીએ કહ્યુ "હુ ગીચ ફનિા કામને માટે આવેલા અરજીપત્રો તપાસુ છુ આ વિષયમા શુ કરવુ એ હવે તમારી અને બાઇજી (પાર્વતિ) ની મરજી હોય તેમ આજ્ઞા આપો.

પાર્વતિએ ઉત્તર આપ્યો—"હુ રાયબહાદુરની પત્નીથી સહમત છુ તે દીવસે આપે 'રોનલયાટ'મા મિસ્ટર અન્ડનનો સેક્રેટરી મહોદયા એ વિષયપર લેખ વાચ્યો હતો ?"

રાયબહાદુરની પત્નીએ કહ્યુ-"'વાચ્યો' તો પણ મમ નથી તો થોડા, જ આપે જે વિધવાશ્રમ, સ્થાપવાની ઇચ્છા કરી છે, તે આપ એ દેશની ભલાઇ જ કરો છો "

પાર્વતિએ કહ્યુ—' ધન્યવાદ આપની સહાયતા અને ઇશ્વરની કૃપાથી આ કામ પુરૂ થશે ' રાયબહાદુરની પત્નીએ પાર્વતીને ધ યવાદ આપી સભાનુ કાર્ય પૂરૂ કર્યુ

૬.

આઠ રૂપીઆની નોકરીને માટે આટના માણસો આવે એમ કોઇને ખબર ન હતી. રાયબહાદુરની પત્ની અને બીજી એક બાઇએ બી.માથી ચાર મનુષ્યોને રોકી લીધા

એટલામાં લેડી પ્રિન્સીપલની ગાડી આવી પહોંચી દાસીઓએ અનુક્રમે ચારે માણસોને બોલાવ્યા

પહેલા માણસને જોતાં જ પાર્વતિને અતિ વિસ્મય થયો તે તેના શ્વસુર રામપ્રસાદજી હતા પાર્વતિના મનમા લજ્જા આવી પણ તેણે તેને રોકી રાખી સન્દેહનિવારના માટે પાર્વતિએ પુછ્યું

પ્રશ્ન	ઉત્તર
"આપનુ નામ?"	"રામપ્રસાદ વાડે"
"ઘર?"	"વિનાસપુર"
"આટલે દૂર નોકરીને માટે કેમ આવ્યા?"	"મા, પેટને માટે"
"ખેતી વાડી ન હોતી?"	"ખેતી વાડી શું? જમીન ખરી હતી"
"તે શુ થઇ?"	"કરજમા વેચાઇ ગઇ"
"કરજ કેમ કર્યું હતુ?"	"મા, દુખી લોકોને શુ ની જરૂર સારૂ"
"જરા તો સમજાવો"	"ભત્રીજાને શીખ ઘો તો અને—"
"અને શુ?"	"અને કંઈ નહિ"
"છોકરીના વિવાહમા તો વધારે ખર્ચ નથી કર્યો?"	"—"

બુઢ્ઢાનો ચહેરો ઉતરી ગયો. તે મનમા ને મનમા પાર્વતિને દેવી સમજવા લાગ્યો.

"—"	"છોકરીના વિવાહમા વધુ"
"તો પણ કરજમા કંઈ કહો થયો હશે?"	"ફક્ત ૧૫૦)"

કહેતા કહેતા બુઢ્ઢાની આંખમા આંસુ આવી ગયા—અશ્રુધારા વહેવા લાગી પાર્વતિએ કહ્યું, "ભલે આપ બહાર બેસો" બીજા ત્રણ મનુષ્યો તપાસવામા આવ્યા અને બુઢ્ઢાને લેડી પ્રિન્સીપલના મકાનમા પહોંચાડવામા આવ્યા,

સાંજે ભોજન પછી પાર્વતિએ કહ્યુ—

"આપ મને ઓળખો છો?"	"આપ રકુનના વધુ બાઇ છો"
"હુ આપના ભત્રિજાની અભાગીની સ્ત્રી છુ",	"—"

બુઢ્ઢાની નિંદ્રા ઉડી ગઇ તેને મૂર્ચ્છા આવવા લાગી પાર્વતીએ ઘણ ઇચ્છ્યુ કે તેઓ અહિંઆ રહે પણ તેમનુ મન રાજી થયુ નહિ જતી વખતે પાર્વતિએ ફરી આવવાનુ વચન લીધુ અને એક કવરમા હજાર હજારની બે નોટો આપી કહ્યુ કે આ સાસુજીને આપજો અને બીજી વખત આવો ત્યારે તેમને જરૂર લેતા આવજો *

---

* હિંદી માસિક 'સરસ્વતી માંથી અનુવાદ

શુકાચાર્ય અથવા ગુપ્તગુહા.

લેખક—રા. પ્રહ્લાદ ચન્દ્રશેખર દિવાનજી, એમ. એ. એલ્એલ્. એમ.

સતારા જીલ્લાના તાસગાવ અને ખાનાપૂર તાલુકાઓની અને આઉંધ અને મીરજ સંસ્થાનોની હદો જ્યાં મળે છે, ત્યાં આજમાસે ૮૦૦ ફીટ ઉંડી ખીણની એક બાજુના મધ્ય ભાગમાં, અતિશય પુરાણા અને પ્રચંડ આમલી, વડ અને ઉંબરના ઝાડોની ઘટ ઝાળીઓની મધ્ય ગયાથી સ્કાંદપુરાણાદિ પુરાણોમાં મશહૂર ગર્ભયોગી શુકાચાર્યનું ગુહામંદીર આવી રહેલું છે. પરાપૂર્વની દંતકથા એવી છે કે હિન્દની પ્રાચીન સંસ્કૃતિનો પાયો નાખનાર વશિષ્ઠ, વિશ્વામિત્ર, જમદગ્નિ, ગૌતમ વગેરે ઋષિઓના અન્ય જગાઓ ઉપરના સ્થાનકોની પવિત્રતા જેટલી મનાય છે તેટલી જ આની પણ છે. તેથી જ જેમણે પાશ્ચાત્ય સંસ્કૃતિનો સ્વીકાર કર્યો છે એવા નજદીકમાં રહેનાર સ્ત્રીપુરૂષોને જોકે એ જગા કાં તો જાણીતી નથી અથવા તો તેનું મહત્વ સમજાતું નથી, તો પણ બદ્રીકેદાર, રામેશ્વર, ઋષિકેશ, દ્વારકા વગેરે દૂરદૂરના તીર્થોના સાધુઓને તે ઘણી જ જાણીતી છે અને તેમાંના ટોળેટોળા તેની યાત્રાએ વારંવાર આવે છે. વાગપુરી, કન્હેરી, ઘનારો, નાશીક વગેરે ઠેકાણાની બૌદ્ધગુફાઓમાં જેવા શીલ્પકળાના ઉત્તમ નમુનાઓ દૃષ્ટિગોચર થાય છે તેવું અહીંઆ કાંઈ નથી એ વાત ખરી પરંતુ તેટલા માટે ત્યાં કાંઈ રસ પડે એવું નથી એમ પણ નથી. કદાચ કેમ્પબેલ જેવાને તે સ્થાન ઉલ્લેખને યોગ્ય લાગ્યું ન હોય, તથાપિ ઈતર દૃષ્ટિબિન્દુથી તે તરફ જોનારને ત્યાં મનન કરવા જોગ પુષ્કળ વસ્તુ છે.

સતારા જીલ્લા તરફથી ત્યાં જવા માટે સુગમ માર્ગ નીચે થઈને છે. ત્યાંથી એક પાકી સડક પશ્ચિમમાં કરાડથી આવીને પૂર્વમાં ઠેઠ બીજાપુરપર્યંત જાય છે. તેજ સડકમાંથી લગભગ ૨૩ માઈલને અંતરે પળશી નામે ગામ છે. ત્યાંથી એક બે અઢી માઈલનો ફાંટો ઉપરની ખીણુ તરફ જાય છે. ખીણુમાંથી આજમાસે પા માઈલ ઉંચે ચઢીએ એટલે શુકાચાર્યનું સ્થાનક આવે છે. ઉપલી જ સડક ઉપર આશરે માઈલ દોઢ માઈલ આગળ જઈએ એટલે તાસગાંવ તાલુકાનું જરંડીગામ અને ખાનાપુર તાલુકાનો ભોપાનગર નજરે પડે છે. ત્યાંથી ઉત્તર તરફ ખેતરોમાં જતો એક ફાંટો આશરે એક માઈલના લંબાણનો આવે છે તે પુરો થાય છે. ત્યાંથી આશરે પા માઈલ નીચે ઉતરીએ એટલે પણ તે સ્થાનક આગળ જઈ શકાય છે. સધર્ન મરાઠા રેલ્વેના કુંડલરોડ સ્ટેશનથી [illegible] ૧૬ માઈલ છે. નીરેથી જતાં રસ્તામાં ઘણી જોવા લાયક ઈમારત અને મનોહર દેખાવો નજરે પડે છે. તેમાં પ્રથમ આશરે ૫ માઈલને અન્તરે રેવણસિદ્ધનું મુખ્ય દેવળ છે. તે એક એવી ઉંચી ટેકરી ઉપર આવી રહેલું છે કે ત્રણચાર માઈલ સુધી આપણને આકર્ષ્યા વગર રહેતું નથી. મંદીરની ચોતરફ ફરતી ઘડેલા પથ્થરોની ભીંતો છે અને તેમાં ચારે દિશાઓમાં એક એક ભવ્ય દરવાજો છે. તેની અન્દરના ભાગમાં એક વિશાળ પથ્થર જડેલો ચોક છે અને છે. તેના પૂર્વ ભાગમાં રામ [illegible] અને દેવળ છે. બન્ને તદ્દન સાદા પથ્થરના બાંધેલા છે. પથ્થર ઘડેલા છે

એગલુ જ તેમા કોતરકામ મુદ્દલ જ નથી મન્દિરના શીખરનો ભાગ ચુનાથી ધોળી લીધેલો છે રંગમંડપની અન્દરના ભાગમા આશરે છએક મહીનાનો ખરેખરો વાઘરો હોય તેવડો અચ્છતા સારુ કળા આરસ પહાણનો એક નન્દી જોવાલાયક છે મન્દિરમા ત્રણચાર ફુટના ઘેરાવાવાળુ શિવલીંગ છે ત્યા નવાઈ જેવુ એ છે કે શિવલીંગ ઉપર એક ખાટલો મુકેલો છે અને તે ઉપર પિત્તળના ઘોડા ઉપર ત્રણચાર વરસનુ છોકરૂ હોય તેવડી એક પુરૂષની પિત્તળની મૂર્તિ છે લોકોની માન્યતા એવી છે કે નવનાથપૈકી એક રેવણસિદ્ધ આ સ્થળ ઉપર અહીંને રહ્યા હતા આને લોકો મૂળસ્થાન તરીકે પણ ઓળખે છે એ દેવાલય કયારે અને કોણે બાન્ધ્યુ તે વિષે ત્યા કોઈ લેખ નથી અને તે સમ્બન્ધમા કોઈ પુસ્તક પણ હજી હાથ લાગ્યુ નથી અહીંથી આગળ જતા રેણાની ઘાટ લાગે છે તેના ઉચામા ઉચો ભાગ જે તળેટીથી આશરે પા માઈલ ઉંચો હશે તે ઉપરથી સુંદર વનરાજીવાળા નાના મોટા ઝાડો, ટેકરીઓ અને ખાડાઓ, નાના તરેહના પાકોથી છવાયેલા, અનેક આકૃતિઓના રંગબેરંગી ગાલીચાઓના ટુકડાઓ જેવા દેખાતા ખેતરો વગેરે નજર પડે છે એ વાટ ઉતરીએ એટલે ઉપની ટેકરીથી આશરે અડધા માઈલને અન્તરે સડકની દક્ષીણ બાજુએ સહેજ અન્દર પડતુ રેવણસિદ્ધનુ બીજુ દેવાલય આવે છે તે આગલા જેવુ ઉંચા પ્રદેશ ઉપર પણ નથી તેમ તેના જેટલુ ઉંચુ પણ નથી પરન્તુ તેની ખુબી વળી જુદી જ જાતની છે ઉત્તર તરફના દરવાજાની સામે એક ઘણી જ ઉચી દીપમાળ છે અને તેનીપાસે એક પડી ગયેલુ નાનુ પથ્થરનુ દહેરૂ છે દરવાજા મોટા પહાડ ઉપરના કિલ્લાઓને હોય છે તેના જેવા છે અને ઉપર એક નગારખાનુ છે અન્દરથી ચોકને ફરતા કમાનવાળા ઓરડાઓ છે અને તે ઉપર અગાશી છે ત્યાથી આસપાસ ઘણા માઈલો લગીનો પહાડી પ્રદેશ નજરે પડે છે રંગમંડપ જે પહેલા દેવાલયમાના કરતા મોટો છે તેમા એક ખડીત નન્દી છે દેવાલયના અન્દરના ભાગમા એગલુ અધારુ રહે છે કે બ્હારથી જનારને અને વિગેરે રીતે અજાણ્યા માણસને ત્યા એક મહાન્ યોદ્ધાના જેવી પિત્તળની મૂર્તિ શિવાય બીજુ કાઈ દેખાય એવુ જ નથી પરન્તુ વાસ્તવિક રીતે એ મૂર્તિની નીચે આશરે ૫-૬ ફીટ લાંબુ અને ૧-૧॥ ફીટ પહોળુ શિવલીંગ છે એમ ત્યાના પુજારીઓ કહે છે દિવાઓ ધરીને દેખાડે છે છતા પણ જોઈએ તેવુ સ્પષ્ટ તો તે દેખાતુ જ નથી એના આકાર ઉપરથી એવી પણ કલ્પના મનમા આવવાનો સભવ છે કે કાઈની ત્યા સમાધી છે અને તે ઉપર આ મૂર્તિ બેસાડીને દેવાલય બાંધેલુ છે ખરૂ શુ છે તે તો જ્યા સુધી ઐતિહાસિક પુસ્તક હાથ ન લાગે ત્યા લગી જાણવુ અશક્ય છે આ દેવળમા પણ કોઈ શિલાલેખ નથી-એનો ઉલ્લેખ કે અંગ્રેજી ગેઝીટીઅરમા પણ ઉલ્લેખ નથી તેનુ કારણ શુ તે સમજી શકાતુ નથી તે છોડીને સડક ઉપર આગળ જતા રેવણગાવ ઘાટ લાગે છે રેણાવી ઘાટની પેઠે આના ઉપરથી પણ સૃષ્ટિસૌંદર્યનું ચિત્તાકર્ષક અવલોકન કરવાનો પ્રસગ મળે છે તે મુકીને બીજા છ માઈલ સુધી જતા તદ્દન ઉજ્જડ પ્રદેશ આવે છે તેનો અન્ત થાય છે એટલે જે ઐતિહાસિક ગામ ઉપરથી તાલુકાનુ નામ પડેલું છે તે ખાનાપુર ગામ આવે છે આ ગામ અગ્રેજી રાજ્ય સાથે જોડી દેવામા આવ્યુ તે પહેલા

પેશ્વાના તાબાના આદિલ સંસ્થાનના પ્રતિનિધિના મુકામ હતું અને તે તેનું એક મુખ્ય ગામ તરીકે ગણાતું હતું તે વખતે ત્યા દિવાની, ફોજદારી વગેરે કચેરીઓ હતી તેના કાંઈક જુના મકાનો હજી જોવામા આવે છે તે શિવાય ત્યા એક જુના રાજમહેલનું ખન્ડીએર છે તેની ઉપરની ઇમારત તો તારાજ થઈ ગયેલી છે પણ તેની અન્દરની ભાયરાઓની ગોઠવણ કેવી હતી તે હજી પણ નજરે પડે છે તે વખતના પાણીના ઓવારા, કુવા, ઓરડાઓની વચલી ભીંતો અને તેમાના ગોખલાઓ અને બારીઓ પણ હજી તો સલામત છે બાંધણીમાં ઉંચી જાતનો પથ્થર વાપરેલો જણાય છે પરન્તુ તે ગામનું નાક જોઈએ તો તે ત્યાની મસીદ છે ગામના લગભગ મધ્યભાગમા તે આવી રહેલી છે તેની આસપાસ ફરતી વડેલા નક્શીદાર પથ્થરની દિવાલ છે તેમાની ઉત્તર તરફની દિવાલમા હાથીઓ પણ અંબાડી સાથે ખુશીથી જઈ શકે એવો એક ભવ્ય દરવાજો છે અન્દર પેસતા બે તરફ બે કમાનવાળા ઓટલા છે તેમાના ડાબી બાજુના ઓટલાની દક્ષિણ તરફની દિવાલમા ગતા આરસપહાણની એક મોટી શિલા છે તેમા ૮-૧૦ લીટીનો ફારસી લેખ છે અન્દરના ભાગમાથી મસીદની રચના આબેહુબ અમદાવાદની જુમામસીદ જેવી છે માત્ર એટલો જ ફરક છે કે નમાજ પડવાનો જે મોટો હોલ છે તેની બે બાજુએ અમદાવાદની મસીદની પેઠે મિનારા નથી. હોલની અંદરના થાંભલાઓ પણ ઘણી જ ઉંચી જાતના પથ્થરના અને નક્શીદાર છે પશ્ચિમ તરફની દિવાલના મધ્યભાગમા દેવનુ સ્થાનક છે તે ઘણા જ ચકચકતા સુંદર આરસ પહાણનું છે ત્યાના લોકોમા કહેતી એવી છે કે આતપાડી મહાલના એક ગામમા એ તરફ સરખા હિન્દુ દેવાલય હતાં તેમાનું એક તોડીને આ મસીદ બાંધવામા આવી હતી અને બીજું હજી તે ગામમા ઉભું છે વચના ચોગાનમા બે કબરો છે તેને ત્યાના મુસલમાનો અને હિન્દુઓ પણ પીર તરીકે માને છે અને તેની બાધાઓ રાખે છે કોઈમા તેના સોગન ખાવાનું કોઈ કબુલ કરતુ નથી તેનું કારણ એ કે ત્યાના લોકો એમ માને છે કે જો એ પીરના ખોટા સોગન ખાધા હોય તો જરૂર કોઈ મોટી વિપત્તિ આવી પડે છે કમ્પાઉન્ડની પશ્ચિમની દિવાલમા એક બીજો મોટો દરવાજો છે તે દરવાજાની ઉપરના ભાગમા એક આરસની શિલા છે, અને તેમા ૭-૮ લાઈનનો અરબ્બી અથવા ફારસી લેખ છે ત્યાના મુસલમાન લોકો એટલા અશિક્ષિત છે કે જોકે તેના અક્ષરો ઘણા જ મોટા અને સ્પષ્ટ છે છતા કોઈથી પણ તે વાચી શકાતો નથી લોકમાન્યતા એવી છે કે પેશવાઈ પહેલા ત્યા બાદશાહી રાજાઓનું રાજ્ય હતું તેમાના કોઈએ તે બંધાવી છે ત્યાના પાટીલની પાસે એક તામ્રપત્ર ઉપર કોતરેલી સનદ છે તે ફારસી ભાષામા લખેલી છે તેના મરાઠી અને અંગ્રેજી ભાષાતરો ઉપરથી એવુ સમજાય છે કે બાદશાહી વખતે ખાનાપુર એ મિરજ પ્રાંતમાનું એક ગામ હતુ બોમ્બે ગેઝીટીઅરમા આ મસીદ વિષે પણ કાંઈ જ ઉલ્લેખ કરવામાં આવેલો નથી તેમ કરવાનુ કાંઈ પણ યોગ્ય કારણ હોય એમ જણાતુ નથી આ ગામ છોડીને આગળ જતાં ૨-૨॥ માઈલ સુધી કુવાના પાણીથી કોરેલા બગાયત પાકો, જુવાર શેરડી, હળદ મરચા કેળા વગેરેથી વ્યાપ્ત રસ્તાની બને બાજુએ આવી રહેલા ખેતરો નિચાર

વનીને પ્રફુલિત કરે છે તે પસાર થઇ ગયા એટલે પછી સાડા ૭ માઇલ સુધી તદ્દન ઉધ્વસ્ત ડુંગરી મુલક જ જોવામા આવે છે જેમ દરીઆમા મુસાફરી કરતા આસપાસ નજર ફેરવીએ તો પાણી જ પાણી જ્યા ત્યા પ્રસરેલુ દેખાય છે, જગનોમાથી મુસાફરી કરતા નાના મોટા અનેક ઝાડ ઝાડોરાં શિવાય બીજુ કાંઈ નજરે પડતું નથી, તેમ આ પથ્થરના મુલકમાથી પસાર થતા નાના મગ જેવડાથી માડીને તે મોટા બે બાથમા પણ ન માઇ શકે એવડા કાળા પથ્થરો વગર બીજુ કાઇ પણ દૃષ્ટિગોચર થતુ નથી આણી તરફના ડુંગરો તે ખરેખર ટેકરીઓ જ કહેવા જેવુ છે કારણકે તે ઝાઝા ઉંચા હોતા નથી અને તજેવીમા છુટુ છવાયુ દેખાય તે શિવાય ઝાડ પણ તે ઉપર માલુમ પડતું નથી તેથી તેમા થઇને પસાર થતા મન તદ્દન ઉદાસી થઇ જાય છે અને મુસાફરીનો છેડો ક્યારે આવે છે તે જોવાને તત્પર થઈ રહે છે એટલો ભાગ પસાર કીધો એટલે પળશી ગામ આવે છે અને ત્યાથી આગળ જતા આ પ્રમાણે બે રસ્તા છુટા પડે છે કોઈપણ રસ્તેથી ૨-૨॥ માઇલનો પ્રવાસ કરીએ એટલે શુકાચાર્યના સ્થાનક આગળ જઇ પહોચાય છે

અહીની ગુફાઓમા વિશેષતા એ છે કે એને બનાવી મહતામા કોઇ મનુષ્ય કે લોખડી ઓજારનો ઉપયોગ કરવામા આવેલો નથી જેવી છે તેવી જ સ્વાભાવિક રીતે જ તે અસ્તિત્વમા આવેલી હશે એમ ચોખ્ખુ જ જણાઇ આવે છે મુખ્ય ગુફા, વચના ભાગમા એક માણસ ઉભો રહી શકે એટલી ઉંચી છે અને તેનુ પહોળાણ ૭-૮ માણસો સાથે ખુલાસાથી બેસી શકે એટલુ છે તેના પૂર્વ ભાગમા કોઇ માણસ પલાઠીવાળીને બેઠો હોય તે પાછળથી જેવો દેખાય તેવી એક પથ્થરની જે આકૃતિ છે તે આસપાસના ખડકના ભાગ સાથે એવી રીતે જોડાયલી દેખાય છે કે તે તેનોએક ભાગ જ હોય એમ લાગે છે આને જ લોકો શુકાચાર્ય તરીકે માને છે દંતકથા એવી છે કે રંભા જ્યારે શુકાચાર્યનો તપ છોડાવવા ગઈ ત્યારે તે મુનિયે પોતાનુ મોઢુ ફેરવી નાખ્યુ હતું માટે જ અહીં આવો દેખાવ પ્રગટ થયો છે તેનાથી ઉત્તરે આશરે એક ફુટને અતરે એક વેંત જેટલી ઉંચી સ્ત્રીની આકૃતિ છે તેને લોકો રંભાની મૂર્તિ તરીકે માને છે એ ગુફાની દક્ષિણ અને પશ્ચિમની બાજુઓમાં પથ્થરની ભીંતો ચણી લઇને લાકડાની ચોકટો મુકેલી છે વળી દક્ષિણ તરફ એક મોળ થાભનાનો રંગમંડપ કીધેલો છે થાભનાની આકૃતિ અને કોતરણી પંઢરપુરના વિઠોબાના દેવાલયના થાભલાના જેવી છે એ મડપ યાત્રાળુઓને બેસવા તથા સુવામાટે ઉપયોગી થઈ પડે છે તે ગુફાની પૂર્વે એક બીજી આશરે ૨૫-૩૦ માણસો માઈ શકે એવડી છે તેના મથાળાના ભાગમા એક ફાટ પડેલી છે અને તેમા એક સ્ત્રીપુરૂષની જોડીઆ મૂર્તિ આશરે વતવેંત જેવડી નિકળી આવેલી છે તે પણ આસપાસની બાજુઓ સાથે એવી જોડાયલી છે કે તેને બ્હારથી લાવીને ત્યા ગોઠવી દીધી હોય એવી જાતનો વહેમ લાવવાનો માર્ગ જ નથી અને લોકો વિઠોબા રૂકમાઇની મૂર્તિઓ તરીકે માને છે આ બધી મૂર્તિઓ સ્વયભૂ છે તેથી જ તે બહુ દેખાવડી નથી આ ગુફાની પૂર્વે એક બીજી છે તેમા પેસવાનો રસ્તો જોકે ઘણો જ સાકડો છે તો પણ અદરથી તે આશરે બીજીના જેવડી જ છે તેની

ઉત્તરબાજુ બંધ નથી પરતુ તે તરફ પોલાણ દેખાય છે આશરે ૭૫ કદમથી વધારે અદર જઈ શકાતુ નથી કારણકે ત્યાં માટીથી પુરાણ થયેલું છે પરતુ લોકો એમ કહે છે કે એ ૧૫૦ માઈલ લાંબો બનારસ લગીનો આંતર્ભૌમ માર્ગ છે મૂખ્ય ગુફાના ઉપરના ભાગમા એક ચોથી છે તેને સાફસૂફ કરીને ત્રણચાર ખાખી બાવાઓ તેમા રહેના છે તેઓ પોતાનો વખત થોડો ઈશ્વરભજનમા અને થોડો તળેટીમાથી ઉપર જવા માટે જે પગથીયાં છે તેની પશ્ચિમ બાજુની જમીનમા નાના તરહેના ફુલ તથા ફળના ઝાડોનો એક બાગ બનાવેલો છે તેની સભાળ લેવામા ગાળે છે તે બાગમા ગુલાબ મોગરા, શેવતી અને જાઈ વગેરે ફુલોના ઝાડો તથા વેલો અને જામફળ, દાડમ, કેળા પપૈયા, આંબા તથા મીઠા લીંબુ વગેરે ફળોના ઝાડો છે તેને પાણી પાવા માટે એવી ગોઠવણ કરેલી છે કે પાસેની ટેકરીમા એક નિર્મળ કાચ જેવા પાણીનો ઝરો છે તેનુ પાણી આ ટેકરી ઉપર વાળી લીધુ છે અને બાવાઓની ગુફાની સામેના ભાગમા એક હોજ બાંધેલો છે તેમા તે એકઠુ થઈને બે નળ મુકેલા છે તે વાટે બહાર નિકળી મોરીઓ વાટે આ બાગમા પસરે છે ઉપરની ઝાડી અને નીચેના બાગને લીધે ત્યાં નન્દનવન જેવી શોભા થઈ રહેલી છે ઝાડી એટલી ગીચ છે કે મધ્યાહ્નકાળે પણ ત્યાં બીલકુલ તાપ લાગતો નથી એટલુ જ નહીં પણ આખા ચોગાનમા જેવી રીતે ઘરમાં હોય છે તેવી રીતે દિવસને વખતે પ્રકાશ હોવા છતા શીતળતા હોય છે અને વખત કેટલો થયો હશે તેની કલ્પના ઘડીયાળમા જોયા શિવાય કિંવા બહારના ભાગમા નજર કર્યા શિવાય આવી શકતી નથી તેજ પ્રમાણે ત્યાં પણ છે ભરદરિયામા જેમ ટાપુ હોય, રેતીના રણમા જેમ એક તળાવ હોય, ગીચ ઝાડીવાળા નિર્જન વનમા જેમ એક માણસોથી ભરેલુ ઘર હોય કાળીપરજના અર્ધનગ્ન લોકોના ટોળામા જેમ એક હૅટ, નેકટાઈ, કૉલર, કોટ, પાટલુન અને બૂટ પહેરેલો એક વિલાયતી મિશનરી હોય, હબસીઓના મુલકમા જેમ એક ઉત્તમ અલંકાર અને વસ્ત્ર ધારણ કરેલી આર્યસ્ત્રી હોય, તેમ માત્ર પથરાઓના ડુગરો જેના ઉપર એક ચકલી પણ બેસે નહી તેની વચમા ઉપરના ભાગમા ગીચ ઝાડી અને નિચેના ભાગમા ફળફુલોથી ભરેલા બાગવાળી નાના તરેહના પક્ષીઓના મધુર સ્વરોથી ગર્જી રહેલી આ શુક્રાચાર્ય ટેકરી અતિશય જ આનન્દદાયક છે જે લોકોનુ મન હાલની ભૌતિક સસ્કૃતિથી એટલુ બધુ નિમગ્ન થયેલુ હોય કે ગમે તેવી ચમત્કૃતિ નજરે પડે તો પણ જે અનાદિ અને અનન્ત પરમતત્વ નિર્ગુણ અને નિરવયવ હોઈ માળાના મણકામા સૂતની માફક પ્રત્યેક નાની મોટી વસ્તુમા પરોવાયલુ છે અને જેની મરજીસિવાય એક ડગલુ પણ મનુષ્ય સચેતન થતા તેનાથી દઈ શકાતુ નથી અને જેની ઇચ્છા હોય તો અખિલ વિશ્વને કોઈ મનુષ્યના મનમા—ચિત્તમા પણ ન હોય તેવા એક ક્ષણમાં ખળભળાવી મારે છે તેનો આ શુક્રાચાર્યની ગુફા જોઈ સાક્ષાત્કાર ન થતા જેવાને તેના પાતાળકુદથી રહીને પાછા આવે એવા હોય તેવાને માટે પણ એ માત્ર નૈસર્ગિક રમણીયતાને લીધે પણ અવશ્ય પ્રેક્ષણીય છે તો પછી જે સસ્કારી મનુષ્યના હૃદયમાનુ ભક્તિનુ અકુર હજુ વિષય ભાવનારૂપી તાપથી સુકાઈ ગયુ નથી જેની હૃદયરૂપી આરસી મુદ્દલ પ્રતિબિંબ પડે જ નહી

ઈંગ્લડનો ઇતિહાસ રૂ ૧–૮–૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુબાઈ

એટલા ભવા મળથી બના ગઈ નથી, જેઓ હજુ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના શબ્દમા બોલતા એમ માને છે કે अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत । अव्यक्तनिधनान्येव × × × તેઓને તો મનન કરવાનુ જતુ્યા પુ ગ જ ૧૮૭ે ૫૬ એવુ છે અને તે થયા પછી વેદાન્તના પુસ્તકોમા જ આત્મ તત્વની ત્રિગુણ છતા સગુણ, નિરાકાર છતા સાકાર, અકર્તા છતા વિશ્વકર્તા અને ઇશ્વર यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसासह । એવા શબ્દોથી કાઇક કલ્પના લાવવાનો પ્રયાસ કરના કે તેની એક નમુબર પ્રતીતિ થઈ જઈ જીવન ઓદ્ભવ થના જેવુ લાગે એમા ટાંક જ ન્યાઈ જ તુ નથી જેનાથી બની શકે તેણે એ અવશ્ય એકવાર જોવા જેવુ છે એમા કાઈ શક નથી

વર્ણાંતર લગ્નસંબધી એક સ્ત્રીના વિચાર.

લખ. –બ્હેન હરિમુખગૌરી મોહનનાથ દીક્ષિત.

આપણામા ઘણાક કાળથી એવો રિવાજ ચાલુ આવે કે લગ્ન કરવા તે નાતમા જ કરવા. એટલુ જ નહી પણ ઘણી વાર તો એક જ નાતની પેટા નાતમા જ કરવા અને તેથી આગળ સતોષ ન થતો હોય તેમ વળી એ નાત કે પેટા નાતમા જે એકડા હોય તેમા જ કરવા એટલે એકડા બહાર કન્યા દેવાય નહી કે એકડા બહારથી લવાય નહીં દેનાર કે લાવનાર બન્ને નાતની નજરમા ગુન્હેગાર ગણાય હવે આપ ભાઈ બેનો જોઈ શકશો કે આ રિવાજ કોઈ નાતીઓએ બાધ્યો નથી ધર્મશાસ્ત્રમા એવુ હોય એમ હુ માનતી નથી ધર્મમા તો ચાર જ વર્ણની વાત આવે છે અસખ્ય નાતો, તેની અનેક પેટા નાતોને વળી તેમા એકડા અને ગોળ એ નાત હિંદુ ધર્મશાસ્ત્રના જાણનારના કહેવા પ્રમાણે શાસ્ત્રસમત નથી રૂઢિથી ચાલુ છે અને તે રૂઢિ પણ બહુ પ્રાચીન નથી

ના પટેલનુ બિલ એમ કહે છે કે હિંદુઓ ગમે તે નાતના હોય તો પણ પરસ્પર પરણી શકે આ પ્રમાણે જ પરણેલા હોય તે કાયદાની નજરે વાજબી રીતે પરણ્યા છે એટલુ એ ઠરે છે એટલે એ મુસદ્દાનુ રહસ્ય તમે બધા સમજ્યા હો અત્યાર સુધીમાં આ ઠરાવ ઉપર જે વ્યાખ્યાનો થયા છે તે બધા પુરૂષવર્ગ તરફથી થયા છે સ્ત્રીએ કોઇએ પોતાના વિચાર જણાવ્યા નથી હવે હુ આપને નિવેદિત કરૂ છુ કે જે કામ એકલા પુરૂષોના જ હાથમા હોય છે તે ઘણીવાર પૂર્ણ હોતા નથી લગ્નની ક્રિયામા પુરૂષ તથા સ્ત્રી બન્નેની સમતિની જરૂર છે જે ભાવનાથી પુરૂષ વક્તા બોલ્યા હોય તેમા સ્ત્રીની ભાવના ન આવે એ બનવાજેવુ છે માટે હું સ્ત્રીની ભાવનાથી બોલીશ

આના કાયદાની જરૂર કેટલી છે ને સ્ત્રી તથા પુરૂષને સમજવા સારૂ હિન્દુસ્થાનમા પત્નીધર્મ કેવો મનાય છે તે જોઇએ પોતાના પતિને હમેશા પ્રેમ તથા આદરની દૃષ્ટિએ

સ્ત્રી જુએ છે પતિને પ્રભુ ગણી પૂજે છે ઇતર દેશોમા મારી સમજ પ્રમાણે માન પ્રીતિનુ જ બધન પરણેના જોડામા જોવામા આવે છે પુત્રીનો જન્મ થાય ત્યારથી તે વરવા યોગ્ય થાય ત્યા સુધી દરેક શીખામણમા દરેક કામમા, ખેલ, નિશાળમા, ગીતોમા એમ જ શીખવાય છે પોતાનો પતિ પ્રભુ સમાન છે એમ પત્નીએ માનવુ અને તે જ રીતે રહેવુ આવા સજોગોમા કન્યાને માટે યોગ્ય વર ગોતી કાઢવાનુ કામ માતાપિતાને પણ જ ગભીર અને કપરુ તથા જોખમભરેલુ લાગે છે

જો ભણેલી દિકરી હોય ને જરા ઉમ્મરે પહોચેલી હોય તો વળી તેની સમતિ મેળવવાનુ જરૂરનુ જણાય છે કજોડુ ન થાય એટલા માટે માબાપ ગમે તેટલી તજવીજ કરે પણ પસદગીનો પ્રદેશ નાનો હોય તો સજોડુ મળવુ મુશ્કેલ કજોડુ એટલે જાતનુ નથી ઘણી જાતના કજોડા છે "મળે વૃદ્ધ સ્વામી ગણાયે કજોડુ મળે છેક નાનો જ બીજુ કજોડુ સ્વભાવે જુદા એ નથી કાંઈ થોડુ" ત્યારે ટુકા ક્ષેત્રમાથી લાયક વર મળવો કેટલો કઠણ છે તે આપ વિચારજો લાયક ઉમરના વરરાજા મળ્યા એટલે તે કજોડુ નથી એમ નથી કેમકે જો ઉમ્મરે ઠીક હોય પણ તે સ્વભાવે જુદા હોય તો તે પણ કજોડુ જ છે વિવાહ કરવા વાસ્તે વિશાળ ક્ષેત્રની જરૂર છે હાલમા આપણો સમાજ જોશો તો નાની નાની ન્યાતોમા તેના કકડા પડી ગયેલા જણાશે લગ્નનુ ક્ષેત્ર અતિ સકુચિત થઈ ગયુ છે કોમની મોટાઇ અને કુળની મોટાઇથી-મોટાઇના ખોટા ખ્યાલથી-વળી એક જ કોમના પસદગીના નાના ક્ષેત્રમા વધારે સકડાશ થઈ જાય છે વળી 'ડોસો કુવારો હોય, કઈ ડોસી કુવારી રહે' એ આપણી કહેવત છે તે એમ બતાવે છે કે કન્યાએ પરણવુ તો જોઇએ એ રીત સારી છે સ્ત્રી લગ્ન કરીને જ તેમા જ શોભા છે કુટુબ સુખ તે લગ્નનુ પરિણામ છે નાત સુખી કુટુબથી ને સમાજ સુખી, સુખી નાતથી ત્યારે લગ્ન કરવાની જરૂર સ્વીકારીને ઘણીવાર લાયક કન્યાને નાલાયક વરને ત્યા વળાવવી પડે છે સુશીલ છોકરી ગમે તેવા પુરૂષને સ્વાધીન, સુઘડ અને ભણેલી કન્યા અભણ અને કુશીલ ધણીને અપાય ત્યા સસાર શી રીતે સુખી કહેવાય? ગૃહસસાર બહારથી જો કે ઠીક ચાલતો દેખાય તો પણ આર્ય સ્ત્રી હજી બીજા અનેક દેશની સ્ત્રી કરતા નીતિમા અને વ્યવહારમા ચઢીઆતી છે એમ હુ માનુ છુ, પરતુ એ સુખી દેખાતા સસારમા અસતોષ ઘણો વસી રહ્યો હોય છે સ્વ ગોવર્દ્ધનભાઇની સ્નેહમુદ્રામા "પડિત પિતા તણી આત્મજા કઇ ભણી હુ તાત પ્રતાપથી" એ લીટીથી શરૂ થતી થોડી પક્તિઓ હરિગીતની વાચશો તો જણાશે કે સ્ત્રી ને પુરુષ વચ્ચે સ્નેહસબધ ન હોય તો કેવા બન્ને બળતા ધીખતા રહે છે સ્ત્રી બીચારી તો પોતાનુ દુખ મનમા જ સમાવે છે એટલે તે બહાર દેખાતા નથી જખમના દરદ જે જખમી હોય તે જાણે ખાવાપીવાનુ પેટ પુરતુ હોય પણ જ્યા ચિત્તની શાતિ ન હોય ત્યા સુખનો સ્વાદ ક્યાથી મળે?

પુરુષ એટનો બધો સદ્દનગીન નથી હોતો અને તેથી ઘણીવાર દુનિયામા પણ દુખી દંપતી દૃષ્ટિએ ચઢે છે આ બધાંનુ કારણ માત્ર એટલું જ છે કે લોકોને વર શોધી કાઢવા માટે જોઈએ તેટની છુટ નથી મી પટેનનુ બિલ જો મજૂર થાય તો નાતની તો નહીં પરંતુ સરકારની દૃષ્ટિએ લગ્નનુ ક્ષેત્ર બહોળુ બને અને પરનાતમા થયના લગ્ન તે કાયદેસર ગણાય પટેન પહેના બસુએ એક મુસદ્દો ધારાસભામા આણ્યો હતો તે આના કરતા વધારે ફેરફાર કરનારો હતો કેમકે હિંદુ ઓ જેઓ હિંદુ નહી તેની વચ્ચે પણ વિવાહ કરાવવાની છુટ તેથી મળતી હતી તે બિલ ઘણાને ન ગમ્યુ પરંતુ પટેનનુ બીલ તેવુ નથી હિંદુઓ જ માહોમાહે પરણી શકે એમ તે કહે છે કોઈને પરનાતમા પરણાવવાનો તે બળાત્કાર કરતુ નથી અણસમજુને સ્વાર્થી લોકો સમાજને ભડકાવી મારે છે પટેનના બિલથી વર્ણાંતર લગ્ન અને તે લગ્નથી પેદા થતી સંતતિ કાયદાપ્રમાણે બધા હક્ક ભોગવી શકે અને તેને કોઈ કટુ વચન કહી ન શકશે તેટલુ કરે છે હાલના બ્રિટિશ સિવિલ મેરેજ કાયદાથી જે એમ કહે કે અમે હિંદુ નથી તેને આ પ્રમાણે પરનાતમા પરણવાની છુટ છે ત્યારે આપણે જે સ્વ_ હિંદુ હોવાનુ અભિમાન રાખીએ છીએ તેને એ છુટ મળતી નથી વડોદરા તથા કોલ્હાપુર રાજ્યમા આવો કાયદો છે ત્યા કંઈ આર્યધર્મનો નાશ થયો નથી. હિંદુ તે હિંદુ જ રહ્યા છે વેદ ત્યા ભણાય છે ને ભણાશે શાસ્ત્રીઓ, સંન્યાસીઓ અને અન્ય વિદ્વાનોએ આ મુસદ્દાને ટેકો આપ્યો છે કોલ્હાપુર નરેશ પોતે તેની તરફેણમા છે * તેથી આપને વિનતી કરૂ છુ કે ભારતના ભાવિ ઉદય માટેનુ તથા આપણી અડચણોને દૂર કરનાર આ બિલને તમે વધાવી લેશો

---

* નવસારી આર્યધર્મપરિષદ્‌મા માનનીય પટેલના વર્ણાંતર લગ્નસંબંધીના મુસદ્દાને ટેકો આપતા કરેલુ ભાષણ આ પ્રસંગ નામદાર છત્રપતિ શ્રીમંત કોલ્હાપુરાધીશ તથા શાહાપુરાના રાજાસાહેબ વગેરે અનેક મહાપુરુષો હાજર હતા પ્રેક્ષકોની સંખ્યા આઠ હજાર ઉપર હશે જેમા લગભગ એક હજાર સ્ત્રીઓ હતી સમય સંજોગથી ભાષણ પૂરૂ પરિષદ્‌મા વચાયુ નહતુ તે અત્રે પ્રસિદ્ધ કરવામા આવે છે —છ

બે વિખ્યાત મહારાષ્ટ્રવાસીઓનાં અવસાન.

લેખક—રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ., એલએલ. બી.

અનેક દિશાઓમાં પોતાના ઉપયોગી કાર્યોથી પોતાના પ્રાન્તમાં વિખ્યાત થયેલા બે પુરૂષો મહારાષ્ટ્રે હમણાં જ ગુમાવ્યા છે, અને હેમના અવસાનની નોંધ લેતાં ખાસ ખેદ એટલા માટે થાય છે કે એ ઉભયના વય મૃત્યુયોગ્ય ન્હોતાં; પરન્તુ ભારતના દુર્ભાગ્યે હેના વિખ્યાત સન્તાનો અકાળે યમના ભોગ થઇ પડે છે એ એક એવું તો મર્મવેધક સત્ય છે કે જેના સમ્બન્ધમાં ભારતવાસીઓ કરુણ લાચારી ભોગવે છે. ભારતના કમનસીબે રાષ્ટ્રીય એકતાની વાતો કરવા છતાં એક પ્રાન્તના લોકો બીજા પ્રાન્તના લોકોના જીવનપ્રવાહોથી વસ્તુત અસ્પૃષ્ટ રહે છે, અને એક જ હિન્દના ભાગો હોવા છતાં મહારાષ્ટ્ર તથા ગુજરાત જેવા સમીપસ્થ પ્રદેશો પણ મુખ્યત્વે પોતપોતાના સંકુચિત જગતોમાં જ રચ્યાપચ્યા રહે છે. આશા છે કે રાષ્ટ્રીય એકતાની ભાવના સંકુચિત પ્રાન્તિકતામાંથી ભારતવાસીઓને ક્રમે ક્રમે મુક્ત બનાવશે. આ કરુણ અવસાનનોંધનો એક હેતુ પ્રાન્તિકબન્ધુતાની ભાવની પ્રેરણા છે,—બન્ને સદ્ગત વ્યક્તિઓના પ્રતિનું મ્હારૂં માન પ્રદર્શિત કરવાની અને હેમનાં સ્તુત્ય દૃષ્ટાન્તો ગુજરાતના સરળવર્ગના અનુકરણ માટે રજુ કરવાની ઈચ્છા ઉપરાંત. ત્હેવી પ્રવૃત્તિઓ તરફ સક્રિય આદર બતાવવામાં ગુજરાતે મહારાષ્ટ્ર પાસેથી ઘણો બોધ લેવા જેવો છે.

૧

પ્રો. એચ. જી. લિમયે.

મહારાષ્ટ્રે જે બે ગૃહસ્થો ગુમાવ્યા છે હેમાંના એક પ્રો. એચ. જી. લિમયે છે. ૪૭ વર્ષની ઉમ્મરે હૃદય બન્ધ પડવાથી હેમનું અવસાન અકસ્માત્ તા. ૨૬-૨-૧૯૧૯ ને દિવસે પૂનામાં થયું. હેમના અવસાનના સંજોગો અત્યન્ત કરુણ હતા. પ્રો. લિમયેના શરીરનો બાંધો મજબૂત ન હતો, પરન્તુ હેમની તકલાદી કાયાને તેઓ નિયમિત આહારવિહારથી કામચલાઉ તંદુરસ્તીમાં રાખી શક્યા હતા. અને તેથી જ અશક્ત અને વ્યાધિગ્રસ્ત શરીરની પાસેથી પણ અદ્ભુત કામ લેનાર ચતુર કલાવિદોમાંના તેઓ એક હતા. પૂનાની એજ્યુકેશન સોસાઇટી એ મહારાષ્ટ્રના તપોજીવનનો વિજયસ્તમ્ભ છે, અને મહારાષ્ટ્રની કેટલીક ઉત્તમ ઉન્નત વ્યક્તિઓએ પોતાનાં લોકકલ્યાણમય જીવન એ સંસ્થાની પવિત્ર વેદી ઉપર સમર્પ્યાં છે. પ્રો. લિમયે એ વ્યક્તિઓમાંના એક હતા. ફર્ગ્યુસન કૉલેજમાં તેઓ ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અધ્યાપક હતા. અધ્યાપક તરીકેનું હેમનું જીવન અતિશય સફલ હતું, અને કૉલેજના તંત્રમાં તેઓ એક અતિશય અગત્યનું સ્થાન ભોગવતા હતા. હેમના શિષ્યોના તેઓ ગાઢ અનુરાગી હતા એટલું જ નહિ, પરન્તુ સાચા હિતચિંતક હતા. હેમના શિષ્યોનું મમતાભર્યું માન સંપાદન કરવા તેઓ ભાગ્યશાળી થયા હતા અને તે ઉપરાન્ત ફર્ગ્યુસન કૉલેજના મુખ્ય અધ્યાપક

પ્રિન્સિપાલ પનાન્જ્ય તેમ જ તે સંસ્થાના બીજા અધ્યાપકો સાથે તેમનો ભારે સમ્બન્ધ હતો પોતાના વિશેષ વિષય ... તે ગમનો ... પોતાના શિષ્યોની આપવાની સારી ... , શિષ ... સમતાળના ... , ... પ્રતિ ... નહીં ... કેળવાની કળા, કૉલેજની ... નગાનગે ના મનતાજના ... મહિમ ગામ, ... ઉત્તરની જવાબદારી



વહેવાની કાર્યદક્ષતા, પોતાના સહયોગીઓ સાથે સારો સમ્બન્ધ ... સ્વરૂપમાં એક સારા અધ્યાપકના અનેક સદ્‌ગુણો તેમનામાં ધ્યાન ખેંચે તેવા અંશમાં હતા પરન્તુ એક સારા અધ્યાપક હોવામાં જ તેમનું ... સમાઈ ગયું ન હતું એ વિષયે વિશાળ સમભાવવાળા અને વિવિધ શોખવાળા સંસ્કારી સજ્જન હતા એક બાજુથી કેળવણીને લગતા પ્રશ્નોના

તેઓ જેમ અભ્યાસી હતા અને કેળવણીને લગતી પ્રવૃત્તિઓમા ભાગ લેતા તેમ બીજી બાજુ-થી ઇતિહાસના તથા અર્થશાસ્ત્રના પ્રશ્નોના પણ તેઓ સારા અભ્યાસી હતા અને તે વિષયો વિષે ઘણાક ઉત્તમ લેખો લખતા ઇતિહાસના મૂળ સાધનો જોવા તપાસવાનો તેઓને શોખ હતો અને પોતે જાતે મહારાષ્ટ્રના ઇતિહાસની સાધનસામગ્રી જોઈ મહારાષ્ટ્રનો ઇતિહાસ લખવાની હેમની ઇચ્છા હતી, તે ઇચ્છા હેમના અકાળ અવસાને ફલીભૂત થવા દીધી નહિ બાકી મહારાષ્ટ્રની ઇતિહાસસંપત્તિમા એક કીમતી ઉમેરો થાત

એક ઉંચા પ્રકારના અધ્યાપક અને વિશાળ તથા વિવિધ જ્ઞાનવાન્ વિદ્વાન્ હોવા ઉપરાંત પ્રો. લિમયે ઉંચા પ્રકારના લેખક હતા વિદ્વત્તાના તેમ જ વર્તમાન રાજકીય-જીવનના પ્રશ્નો વિષે અંગ્રેજીમા તથા મરાઠીમા વિચારયુક્ત અને ઠરેલ લેખો તેઓ વારંવાર લખ્યા કરતા આ બાબતમાં જે ગુજરાતીઓએ અધ્યાપક તરીકે કે શિક્ષક તરીકે જીવનકાર્ય સ્વીકાર્યું હોય હેમણે પ્રો. લિમયેનું દૃષ્ટાન્ત અનુકરણ કરવા જેવું છે માસિકોમા ઉંચા પ્રકારના લેખો આવે એમ જેઓ ઇચ્છતા હોય હેમને શિક્ષણ કાર્યમા જોડાયેલા સુશિક્ષિત સ્ત્રીપુરુષો પાસેથી ઉંચા પ્રકારના લેખો માગવાનો અધિકાર છે ગુજરાતી પ્રોફેસરો આ દિશામા પોતાનું કર્તવ્ય બરાબર બજાવતા ક્યારે થશે? પોતાની માતૃભાષાની ઉન્નતિમા અને પોતાની માતૃભાષાના માસિકોને ઉંચી ભૂમિકાએ લઈ જવામા મહારાષ્ટ્રના જે અધ્યાપકોએ સ્તુત્ય હિસ્સો આપ્યો છે હેમાના પ્રો. લિમયે એક હતા.

આ સર્વ ઉપરાંત પ્રો. લિમયે કેળવણી સમાજ સુધારો અને રાજકીય કાર્યની પ્રવૃત્તિઓમા યથાશક્તિ સક્રિય ભાગ લેતા મુંબાઈની યુનિવર્સિટીમા તેઓ ફેલો હતા અને સેનેટમા સક્રિય ભાગ લેતા યુનિવર્સિટીના અભ્યાસક્રમમા દેશી ભાષાઓને સ્થાન અપાવવા માટે તેઓએ ખાસ પ્રયાસ કર્યો હતો, અને એ પ્રશ્ન હેમણે પોતાનો કર્યો હતો રાજકીય બાબતોમા તેઓ ગોખલેના અનુયાયી હતા, અને હેમણે સ્થાપેલી "સર્વન્ટસ ઑફ ઇન્ડિયા સોસાઇટી"મા તેઓ અને સેટ્રી મન્દ કામથી તથા સલાહથી આપતા સ્વભાવે તેઓ મર્યાદી વિવેકી, શાન્ત, સૌમ્ય અને ઠરેલ હતા હેમનામાં એક પ્રકારની એવી મીઠાશ અને મોહિની હતા કે હેમના પરિચયમાં આવનારને હેમને માટે કુણી લાગણી અને માન થયા વિના રહે નહિ મ્હારી સાથેના હેમના સ્વલ્પ અંગત પરિચયમા હેમણે મ્હારા માન અને સ્નેહ સરલતાથી સંપાદન કર્યા હતા અને તેઓના વિશેષ ગાઢ પરિચયમાં આવવાની મ્હારી ઇચ્છા ઇચ્છા જ રહી! હેમના આત્માની સદ્ગતિ થાઓ!

૨.

શ્રીયુત હરિ નારાયણ આપટે.

મહારાષ્ટ્રે બીજી જે વિખ્યાત વ્યક્તિ ગુમાવી છે તે શ્રીયુત હરિ નારાયણ આપટે છે મરાઠી સાહિત્યની સમૃદ્ધિમા હેમણે જે મ્હોટા ફાળો આપ્યો છે તેથી તેઓએ વર્તમાન મહારાષ્ટ્રમા જે કીર્તિ સંપાદન કરી છે તે અમર રહેવાનો સંભવ છે બંગાળીમા નવલકથાકારોમા

કૃષ્ણચરિત્ર' રૂ ૧-૮-૦ એન એમ ત્રિપાઠી ઍન્ડ કંપની, મુંબાઈ

જે સ્થાન બંકિમચન્દ્ર અને ગુજરાતમાં ગોવર્ધનરામ ભોગવે છે તે મહારાષ્ટ્રમાં શ્રીયુત આપટે ભોગવે છે તેઓ "દક્ષિણના સર વૉલ્ટર સ્કૉટ" તરીકે ઓળખાય છે હેમની અનેક નવલકથાઓ અને વાર્તાઓ મહારાષ્ટ્રના સાહિત્યમાં અદ્વિતીય સ્થાન ભોગવે છે, અને "કરમણુક"ના તંત્રી તરીકે તથા 'પણ લક્ષમાં કોણ લે છે?' અને "ઉષ કાલ" જેવી નવલકથાઓના કર્તા તરીકે શ્રીયુત હરિ નારાયણ આપટેનું નામ જ્યાં જ્યાં મરાઠી ભાષા બોલાય છે ત્યાં ત્યાં ઘરગતુ શબ્દ થઇ પડ્યો છે હેમના અવસાનથી મહારાષ્ટ્રે એક ઉંચા પ્રકારનો લેખક ગુમાવ્યો છે

શ્રીયુત આપટે યુનિવર્સિટીની કેળવણી લઇ શક્યા ન હતા, કારણ કે બીજા અનેક બુદ્ધિશાળી વિખ્યાત પુરૂષોની બાબતમાં બન્યું છે તેમ હેમના રસ્તામાં 'ગણિતશાસ્ત્ર'—"માથામેટિક્સ'—આડે આવ્યું હતું મિ મલબારીએ એક સમયે આ મતકથન કરતાં જણાવ્યું હતું—"*Mathematics may have done much for mankind in my case it has shut the doors of the University against me*" પોતાની કેળવણીની ખામીને શ્રીયુત આપટે ગ્રેજ્યુએટોને શરમાવે એવા ખાનગી અભ્યાસથી અને વિદ્યાવ્યાસંગથી પૂરી હતી વાચનને માટે તેઓએ અજબ શોખ મેળવ્યો હતો, અને જો કે હેમનો જુદા જુદા વિષયોનો અભ્યાસ બહુ ગાઢ ન કહી શકાય છતાં તેઓ '*One of the best-read men in the Deccan*"—"મહારાષ્ટ્રના એક બહુશ્રુતમાં બહુશ્રુત પુરૂષ" કહેવાતા તેઓ એક આરૂઢ પુસ્તકપ્રેમી હતા અને હેમના શોખ વિવિધ હતા ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, કાવ્ય નાટક, તત્વશાસ્ત્ર આદિ અનેક વિષયોમાં તેઓ આનંદ ભર્યો રસ લેતા, અને એ સર્વ વિષયોનો એક સરકારી અને રસિકજનને શોભે એવો હેમને પરિચય હતો

એક ઉંચા પ્રકારના નવલકથાકાર અને લેખક હોવા ઉપરાંત તેમ જ એક વિવિધ શોખવાળા અને વિશાલ વાચનવાળા સરકારી જન હોવા ઉપરાંત તેઓ અનેક સાર્વજનિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર ભાગ લેતા પુનામાં તથા મહારાષ્ટ્રમાં એવી અગત્યની પ્રવૃત્તિઓ થોડી હશે જેમાં તેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ ન ધરાવતા હોય ગુજરાતમાં આ બાબતમાં જેવું સ્થાન રા બ રમણભાઇ મહીપતરામ નીલકંઠ ભોગવે છે તેવું વાંધક શ્રીયુત હરિ નારાયણ આપટે ભોગવતા પુના મ્યુનિસિપાલિટીના તેઓ વર્ષો પર્યન્ત સભાસદ હતા અને ત્રણેક વર્ષ સુધી તેઓ હેના પ્રમુખ હતા પુનાની ડેક્કન સભાના તેઓ ઘણા વખત સુધી એક મંત્રી હતા. ન્યુ પૂના કૉલેજ, આનન્દાશ્રમ, ડેક્કન સભા, યુનિવર્સિટી અને બીજી કેટલીક સંસ્થાઓને હેમની ખોટ પડશે ઇ સ ૧૯૧૫ માં તેઓ પૂનામાં મળેલી પ્રાન્તિક રાજકીય પરિષદના સ્વાગતમંડળના પ્રમુખ હતા તેઓ કૉંગ્રેસના દૃઢ અનુરાગી હતા અને તે રાષ્ટ્રીય મહાસભાના અનેક અધિવેશનો પ્રસંગે હાજર હતા મહર્ષિ રાનડેના તેઓ આરૂઢ અનુયાયી અને શ્રીયુત ગોખલેના નિકટ મિત્ર હતા હેમના અવસાનથી મહારાષ્ટ્રના સાહિત્યને જ માત્ર નહિ, પરન્તુ સાર્વજનિક જીવનને પણ ભારે ખોટ પડી છે

ઉષા–સ્વરાજ્ય પ્રતિજ્ઞા

(પ્રથમ ખંડ)

લેખ.—ગ ગોઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજી

(સચિત્ર ચાતુ ઐતિહાસિક વાર્તા)

પ્રકરણ ૪ થુ

દશ

'Fare thee well oh! fare thee well!
How I have loved my hate shall tell!'

—*Irish Melody*

(દુહા)

'લાગી દુ:ખની લાય, ઓલાયે નહીં ઉગમા
સુખદુ:ખ લય થાય, —વ્હાલાં ના વદતું હવે?'
'અમે પરદેશી પાન, વાતે વિટોળે આવીના,
ન દીધા અમને માન પાદરથી પાછા વળ્યા'

આરી પગને, વિચારમા લીન થયેલો યુવાન અનંતાજી ધીમે ધીમે . ગાર ઝાડી નીચેના ચોગાનમા આવ્યો તેના મનમા અત્યારે આશા, ઉમંગ તથા નાઉમેદી–દિલગીરી ક્રોધના પરસ્પરવિરોધિ વિચારો તુમુલ યુદ્ધ ચલવી રહ્યા હતા ભાવિ-હમેશા ઠગનાર લલચાવનાર જુઠી આશા આપનાર ભાવિ–અત્યારે તેનાપર એક રીતે પ્રસન્ન થયેલી દેખાઇ–તે પ્રમાણ મોહેનશનો-માનના વશનો–યુવાન અત્યારે ભાવિના ઉચ્ચ પગથીયાપર ચઢેલો હતો સમસ્ત રોહી-મોરાના સૈન્યનુ આધિપત્ય પોતાને મળ્યુ, એ નગીનદેરીની । ધારેલી મોગાલ–અમૂલ્ય ભેટ હતી પૂરેપૂરી એ ન મે ાન કર્યું અને પોતાના ગજના તે સુખથી ખુબ ભર્યો એ નગીનગરીની બીજી ભેટ હતી આમ ભાવિ પૂર ઉમેં। આપી પોતાને એક તરફથી ઉચ્ચે ચઢાવતી, ત્યારે બીજી તરફથી પોતાના પ્રેમપર– સ વારમાઈ બાબત પોતાપર જબરદસ્ત ફટકો પડ્યો –આ ભાવિએ બીજી તરફની અથી ર્ની–આથી જન્મ પામતી દીલગિરી–શોક તેને ક્રોધિત કરતી ચમકાવતી આવા પરસ્પરવિરૂદ્ધ વિચારોનુ સામ્રાજ્ય તેના હૃદયમા અત્યારે જામી ગયુ હતું તે આગળ વધ્યો ત્યા તેની પુઠે કોઇએક પગલાનો ઘસારો તેને કાને પડ્યો તે ચોક્યો, પાછા ફરી જોયુ એક સ્ત્રી બાઈ મોઢાપર કાળો બુરખો નાખીને પોતાની પાછળ પાછળ આવતી જણાઈ

" આનદી ! " તે બોલી ઉઠ્યો, " શુ છે ? "

" સાવધાન ! ધીરેથી બોલો " આનદી ધીમેથી બોલી –" હુ દેખાઈ જઇશ એ બીતિથી હું તો આઠ ફરીફરીને મરવા જેવી થઇ ગઇ બાઇસાહેબને ખબર પડી છે કે તમે આજ અહી

આ યા છો, નેમજે ઉપરની ગચ્છીમાથી તમને જોવા–અને તમને એકદમ તેડી લાવવા મોં ગોલી છે "

" મવારમા ! " મગનજી ગુથરાતો આશ્ચર્યથી બોલી ઉઠ્યો — ' અને તે પણ અહીં ? "

" હા અહીં બાન્યસાહેબ તેને હવે એક પળ પણ લીધી નમ્તા નથી જ્યારે જ્યારે કામ માટે બાનસાહેબ કે એ મળવા આવે છે, ત્યા" ત્યાર હરી ા બાઈસાહેબને પણ સાથે લાવે છે બાસાહેબ એક બાસ એબાપ્તો બ' ફાર્ગ આપ્યા છે, યા સારેજ બોકાવવા હોય કે તેટલો વખત તે એમ છે "

" ગઘુસાહેબ તમારે અ્ય ફાર્ગ ચાલો, હવે ઝટ મ્હારી પાછળ પાછળ આવો " એમ બોલી તે પાછી ફરી અને ઉતાવળે ચાલવા લાગી ત ફાઠ ખમચ્યો, એક પળ માત્ર અટક્યા એક નુ ગી જન તે પ્રાણથી પણ વધારે મ્હાનો હતો, તેના તરફથી નાકિનો સંદેશ ! વળી આવા અન્તોમા તે ગમનુ તે જીવનુ જોખમ છે તે પણ પોત સ્નમુનો શાન્તિમા પ્રયો–ગનુ તે પગ માન્–ના મોં નાગી ફરી લીધુ અને હિમ્મતથી તેના પગના આગળ વધ્યા પુન તે મહલમાં પ્રવેશ થયો જે માન તે દાસીની પૂંઠે પૂંઠે ગયો તે બાજુ સગભગ ઉજ્જડ જેવી હતી, એક બે રાળુ પછી એક અન્ધીગાર બિત પચ્ચે ગીડી આવી, તે પર ચઢ્યો ઉપરના ગોખમા આ વો અને નાસીની પૂંઠે આગળ વધ્યો તે મનમા હસ્યો ખમા ઉપ્યા કર્યા–નાટકનો જેવો હતો–એક અલૌકિક નુંદર્યનો સંગે–પોતાની પ્રિયતમાનો સંદેશો–તેમ વળી ખુલી રીતે ખુલ્લા શબ્દોમાં તેને નહી મળવાનું હજી તેના પિતા ન ફરી પોતાને કહેવામા આવુ મ્હારાનું–મારે ભય શાનો ? તે હિમ્મતથી આગળ વધ્યા એક બધ બારણા પાસે આનન્દી જાળી, દ્વાર ખોલતી નટકો ઊગી, બોલી —

' જાઓ, સાહેબ, અન્દર જાઓ બાઈસાહેબ તમારી રાહ જૂવે છે "

તે યુવાન અ દર દાખલ થયો એક બાગી પાસેથી આનન્દ–આશ્ચર્યનો દબાયેલો અવાજ–મધુર ધરતી જેવો મીઠો અવાજ આવ્યો અને બીજી જ પળે સ ગજી મહારાણાની સન્મુખ ઉભો

સુન્દર સમસ્ના મોહક દૃષ્ટિવાળા ચપળ નયનોવાળી શણગારેલી, એક ડરી ગયેલ પ્રેમાળ બાળક હાથ ગાર ની નજરે જોઈ રહે છે તે જ પ્રમાણે તેના તરફ જોઈ રહી તેની તેની–આ બાળા અતિ સુંદર અને પૂર્ણ પ્રેમમા પડેલી–બાળાની પ્રીતભરી નજર નમતા અનુગ્રહની ભિક્ષાની છટાસહિત સ્વીકારી ! તેનો આવકારો લંબાવેલો હાથ પોતાના હાથમા લીધો અને આવી અલૌકિક સુન્દરીનો પ્રેમ પોતાપર ઢળવા માટે ઈશ્વરનો ઉપકાર માન્યો

" મને ખબર નહી કે તમે અહીં આવ્યા હશો ? " મગ–એ તો બાગી પાસેના સુખાસનપર બેસાડતા કહ્યુ અને તેના તરફ જોયુ તેના ચહુ થોડા વખત પહેલા રોતી આંખોથી રક્તમ થઇ ગયના જોઈ તે મનમાં મુંઝાયો

" સરદાર, તું જાણે છે શુ થયુ છે તે ? "

હિંદી પ્રેસ માલિક ... સન એમ ... એન્ડ કંપની, મુંબાઈ

'હા ખાનસાહેબે પોતે હમણા જાહેર કર્યું છે "

" હાય ! " આ શબ્દ તેના નજતા હોઠોમાંથી બહાર પડયા અને તે દુઃખમા–શોકમા ડુબેલી દેખાતી મુંગી રહી તેણે પુન પ્રશ્ન કર્યો — ' પણ આ લગ્નની વાતની તને ક્યાં ખબર પડી, સરદાર ? "

"ત્રણ દિવસ થયા" સરદારમાઈએ નિરુત્સાહ પૂર્ણ અવાજથી ઉત્તર આપ્યો પિતાશ્રીએ એક મહિનો થયા મને અહીં નાના શિરપુર મામાને મોકલ્યા અમે પણ ત્યાંથી તરત નીકળ્યા. અને ઘણો આનંદ થયો અમને અહીં આવે પાંચ દિવસ થયા હાના ! આપણે છુટા પડે આજ લગભગ આઠ નવ મહિના થયા નહીં ? મ્હારું હૃદય તને મળવા એકાગ્ર તલપી રહ્યું હતું તને અહીં મળાશે એ વિચારે હું આનંદમા ડુબી–આશાભરી–હોંસભરી અહીં આવી–અને તને ન દીઠો ! પિતાએ સમાચાર આપ્યા કે તું સાસ્વડ તરફ ફોજ સમાવવા ગયા છે આતુર નેત્રે ત્હારી રાહ જોતી હતી, ત્યા ત્રણ દિવસપર પિતાએ ભયંકર સમાચાર આપ્યા કે ખાનસાહેબ મ્હારા લગ્ન રોહિડખોરાના દેશમુખના પુત્ર જોડે કરવાનું ઠરાવ્યું છે ! ધડાકો થયો ! સર્વ આશા–ઉમેદ નષ્ટ થઈ–અરેરે ક્રૂર ભાવિએ શું રંગ દેખાડ્યા અને દેખાડશે ? હું ઠગાઈ ચોરાઈ ! મ્હારી તારા તરફની લાગણી–ત્હારા તરફનો પ્રેમ તે સર્વથી તે માહિતગાર છે પ્રથમ તેમનો વિચાર મ્હારી સાથે ત્હારા લગ્ન કરી આપવાનો હતો અહીં તે વિચાર તેમણે અનેક રીતે દર્શાવ્યો હતો અને આ બળતા હૃદયમા અમૃત રેડ્યું હતું ' અહાહા તે વખતે કેટલો આનંદ થયો હતો, પણ હવે તે નષ્ટ થયા ભૂંસાઇ ગયો ! ત્હારા સબંધી વિચાર સુદ્ધા કરવો નહી તને મળવું સુદ્ધા નહીં તને સદંતર ભૂલી જવો એવી સખ્ત આજ્ઞા થઈ છે આ હૃદયને ક્રૂર આઘાત થયો છે મને સખત જાપ્તામા રાખી છે, એક પળ પણ વીલી મૂકતા નથી માત્ર દરબારમા કે ખાનસાહેબને મળવા જાય એટલો વખત જ વીલી મુકે છે, તે પણ મને અહીં સાથે લાવી આ ખડમા બેસાડી જાય છે આનંદી અને હું અમે બેઉ કેદીની સ્થીતિમા છીએ '

"અહા આ કેવું ભયંકર સ્વપ્ન છે !" ખિન્ન અવાજે સરોજી બોલ્યો

'હા, ભયંકર સ્વપ્ન !' નિશ્વાસ નાખતી સરદારબાઈ બોલી –જ્યારથી પિતાએ આ ભયંકર સમાચાર કહ્યા ત્યારથી વારંવાર એમ જ વિચાર આવ્યા કરે છે કે આ સત્ય નહિ હોય ઈશ્વર આવો ભયંકર અને દુષ્ટ બનાવ બનવા નહી દે મને એમ જ લાગે છે કે આ કેવળ ભયંકર સ્વપ્ન છે–ખરૂં નથી '

તે બારી બહાર જોતી હતી સરોજી તરફ જોતી નહોતી કારણ તેને લાગતું હતું કે તેની તરફ નજર કરતા, જે હિમ્મત અને મજબુતી ધરી હતી તે પીગળી જઈ રડી દેવાશે તે તેની સવિધ વિચારમગ્ન સ્થીતિમા ઉભો હતો તે પોતનો હાથ તેના હાથમા લઈ પવિત્ર શપથ લે કે તેને ક્યારે પણ ત્યજશે નહી, તેની અને તેની પ્રિયતમાની વચ્ચે કોઈ પણ કારણ પડી બન્નેને તેરાજકા થયું પણ હોય છતાં એ તે વચ્ચે આવવા દેશે નહી–એવું સરદારબાઈના મનમા તે વખતે રમતું હતું

"કાંઇ પણ મહતના રાજકારણને લઇને આ પગલું લેવાયું છે" તેને મૌન ધારણ કરતો જોઈ સકવારબાઇ,દુ ખ ને શોકભરી મુદ્રાથી બોલવા લાગી 'પિતાજીએ વિશેષ કાંઈ ખબર આપ્યા નથી પણ માત્ર રાજકીય બાબતને લીધે ત્હારા લગ્ન રોહિડખોરાના દેશમુખના પુત્ર જોડે કરવાનું ખાનસાહેબે અને મેં નક્કી કર્યું છે બે દિવસમા વેશવાળ થશે અને બે અઠવાડીઆમા તો લગ્ન પણ થઇ જશે હવે ત્હારે સરફોજીને વિસારી મુકવો જોઇએ, તેની સાથે કાંઇ પણ સબંધ ન રાખવો અને આને બાળપણની મૂર્ખાઈ સમજી, સઘ ભુલી જવું, વગેરે નિષ્ઠુરપણે જણાવ્યું મ્હારા તો હોશ જ ઉડી ગયા હું વખતી જોઈ રહી રડી કરગરી વિનતિ કરી કાકલુદી ભરેલે અવાજે ઘુંટણીયે પડી-પગે પડી-ઉંડા પાથરી પિતાજીપાસે મ્હારા જીવનની પૂંજીધારી ન કરવા-મ્હારુ હૃદય ચીરી ન નાખવા વિનવણી કરી મે કહ્યું કે મ્હારા સરફોજીથી વિખુટી કરો તે પહેલા તો મને મારી નાખો પણ કહ્યું વિનતિ કરી હાથ"

'વાહ, વાહ ! પછી'" વચ્ચે સરફોજી બોલ્યો

"સરફોજી, તમે પિતાજીનો સ્વભાવ તો જાણો છો, આ સઘથી તેમનુ સગ દીલ પીગળ્યું નહી મ્હારા અશ્રુથી અને કાકલુદી ભરેલા અવાજનું કાંઇ પણ પરિણામ થયુ નહી, તે તો નિષ્ઠુર અને અડગ જ રહ્યા"

સરફોજીએ કાંઈ પણ ઉત્તર આપ્યો નહી તે શુ કહે ? તે સાબળને સારી રીતે જાણતો હતો, કે, સાબળ પોતાની મહત્તાકાંક્ષા અને યોજનાઓ અમલમા મુકવા માટે જે કોઇ પણ માર્ગમા વિરોધ રૂપે આવે તેને જડ મૂળથી ઉખેડી નાખવામા કાંઇ પણ દયા કે માયા લાગણી દેખાડે એવો ન્હોતો પછી ભલેને તે ખુદ પોતાનું બાળક હોય !

'અરેરે, તું આજ અહીં આવનાર છે, એની ખબરસુદ્ધા મને આપવામાં આવી ન્હોતી. સહજ જ મ્હારી નજર નીચેના ચોગાનમાં પડી, ત્યા દરબારમા જતા મેં તને જોયો-હું આશ્ચર્ય પામી તરત આનંદીને ત્હારી તપાસ કરી તને અહીં લાવવા મોકલી તને આ ભયંકર દુખથી ભરપૂર સમાચાર આપવા બોલાવ્યો અરેરે-"દુખથી સકવાર ડુસકા ખાતા બોલી -" સર ફોજી, સરફોજી, આ કેવી ભયંકર આપત્તિ ! તું કાંઇ ઉપાય યોજી શકતો નથી ? તમે કાંઇ સુઝે છે ? અરેરે, ત્હારો વિયોગ કેમ સહન થશે ? આમ છુટા કેમ પડાશે ? ઓ ઇશ્વર, ઓ વિધાતા ! આ તે શું કર્યું ? આપણો પ્રેમ, પવિત્ર ખરો પ્રેમ કોણ છોડાવી શકશે ?"

તે ઘણી ગળગળી થઈ ગઈ એટલામાં બ્હારના દરવાજા તરફ કોઇના પગના સભળાય જેવું કેમ, તે તરફ લગાડેલા સરફોજીએ તેને આશ્વાસન આપવા તેનુ સાંત્વન કરવાનો ડોળ આરંભ કર્યો તે ખરો મતલબી હતો, આ સુંદર સ્ત્રીને તે ચ્હાતો હતો, પણ ખરો વિરલ પ્રેમ શું વસ્તુ છે તે તેના મતલબીયા મહત્તાકાંક્ષી હૃદયમા જાણતો ન્હોતો સકવારબાઇને તેના અનુપમ સૌંદર્ય માટે જ તે ચ્હાતો હતો તે તેને માટે અત્યારે પોતાપર ખાનસાહેબનો ગુસ્સો વ્હોરી લેવા કે પોતાની મહત્તાકાંક્ષાને આઘાત આપવા તૈયાર ન્હોતો તે તેનું સાંત્વન કરતો બોલ્યો.

"સફનાર, અત્યારે હું કાંઇ પણ કરી શકું તેમ નથી ક્રૂર ભાવિ અને હારા નિષ્ઠુર પિતાએ મને દયાહીન ક્રૂર ફટકા માર્યો છે આ ફટકાથી મ્હારી બુદ્ધિ બ્હેર મારી ગઇ છે તે ક્હ્યું એમ મ્હારે કાંઇપણ વિચાર કરવો જોઇએ ત્હારા પિતા ધારે છે તેમ ખરેખર હું કાંઈ આશક તજવાનો નથી. જગત્ બાને સમજીને કહું છું કે એક ફાટેલ જુની પુરાણી વસ્તુની જેમ ખુણે નાખી દેવા જેવી હું વ્યક્તિ નથી ત્હારા પિતા ભૂલ કરે છે મ્હારે વિચાર કરવો જોઇએ કાંઈ યુક્તિ યોજવી જોઇએ અને તે દરમ્યાન વ્હાલી! તું નમ્યું આપ્યાનો તેમની ઇચ્છાને આધિન થવાનો ડોળ કરજે ખુલ્લી રીતે ત્હારા પિતા સામે ખાનસાહેબ સામે થઇ જવાય નહી આપણે તેમનેજ તેને સારી રીતે જાણીયે છીએ બન્નેમાં દયા કે લાગણીનું નામનિશાન પણ નથી કેવળ સ્વાર્થના પુતળા! તે જરા પણ સામે થવાના ચિન્હ નાખશે-જરાપણ માથું ઉંચકીશ તો ત્હારો પિતા તને શિક્ષા કરવામાં પાછી પાની નહી કરે તને નમાવવા, તાબે કરવા તેની પાસે પુરી સત્તા છે તેનો અને ખાનસાહેબનો ગુસ્સો મ્હારા પર ત્રુટી પડશે તે મની યોજનાની વચ્ચે આવનાર આડખીલી હું છું એવું જણાય તો મને ઉખેડી નાખવામાં પળ માત્રનો પણ તેમને વિલંબ લાગશે નહિ-હું કચડાઇ જઇશ-સ્વામુખના પુત્ર સાથેના ત્હારા લગ્ન એ આ માતબરની તેમની યોજનાઓમાં મુખ્ય છે આ તું અને હું બન્ને સારી રીતે જાણીયે છીયે'

પાર્વતીની ભયની છાપ તેના ચ્હેરાપર સ્પષ્ટ રીતે પડી સફનારબાઈ ધ્રુજતી તેના તરફ જોઇ રહી તેણે જે ક્હ્યું તે અક્ષરશ સત્ય હતું આ તે સારી રીતે જાણતી હતી એક દયાહીન પારધિની જાળમા સપડાયેલા આ બે પક્ષી હતા છૂટા થવા પ્રયત્ન કરવો તે પણ નિરર્થક હતો આસપાસ પૂર્ણ સત્તાવાન હતો, તે પણ ક્રૂર ઝનુની સ્વભાવનો હતો તેની આસપાસના રેંટ આરા-તેનું પોતાનું બાળક-તેનું આ એકનું એક બાળક-તેના હાથમા તેની મહાન રાજકીય યોજના માટે જેનો અધિષ્ઠાતા સર્જખાન-ખાનસાહેબ હતો-આ સર્વે મ્હોરા પ્રમાણે હતા ને સર્વે તેની આવડતને મહા મારે પરતંત્રતાની ધુસરીમાં-વિજાપૂરી સત્તાના હાથમાં સોંપવાની મહાન યોજનામાં હથીયારરૂપ હતા. એક નિરૂપયોગી હથીયાર-નકામો મ્હોરો જરા પણ દીન બન્યા વગર બેરહેમીથી તે ફેંકી દે એવો હતો આ બધું તેમ સફનારબાઈ સારી રીતે જાણતા હતા-એ મોટામા તે માદિની પૂર્ણપણે રાજ્ય કરતી પૂર્ણ ભય ઉપજાવની પણ આ યુવાન બાળાના મનમા તે માદિનીની સામે થવાની-તે આજ્ઞા ભંગ કરવાની ઇચ્છા-પ્રેમ અને સુખ માટે પ્રબળ યુદ્ધ ચલાવવા-સામે થવાની ઇચ્છા પૂર્ણપણે રાજ્ય કરતી હતી

"વ્હાલી, હવે હું વધારે વખત અહીં ખોટી થઈ શકતો નથી" તે બોલ્યો અને સફનારના ખાંધાપર દુઃખથી આ દિલથી લટકતા નમ્ર હાથો છૂટા કર્યા-"ત્હારા પિતાએ મને તને મળવા મના કરી છે અને હું તો અહીં ઘણો વખત રોકાયો"

"હું તને નહી જવા દઉં-મને લાગે છે કે મ્હારા જીવનમાંથી સઘળું મ્હારૂં જાય છે'

"વ્હાલી હવે અહીં વધુ રહેવામાં બહુ જોખમ છે હિમ્મત રાખ સમયને ઓળખ હું તને ઈશ્વરના સલામતીથી કરતો આપણે પાછા મળીશું જન્મ તના પ્રભુપર વિશ્વાસ રાખ"

'મગીશુ કમારે ' ના ' રની રીતે "

' સાજે, ગામ મ્હાર ધમનાળા આગળ આનંદીને મોકનજે-હુ તેને પન આપીશ- આજ હારા પિતાો મળીશ - ત્ય હજુ તે વિચાર મ્હવે પાતાની એ-ની એક પુત્રી-એકનુ એક માળ -તા સુખ ા ખ ાહી કર હાય મન નળે યુક્તિથી હુ વાત જાી જોઇશ"

નિરાશાથી સહસારે જા- મુણુ-ચુ ચનુમા આવેન અશ્ર મતામળેનતે ખાચ્યુ રોની ગચ્ચુ-તેણે પુન તેનો હાથ પ-ળ્યા તે ખરેખર અનન નુ હતી આ વારે તેને ખરે ઉમળકા આવ્યો તે ખરેખર તેો ન્હાના હતો ાની નુરી આથે નગનથી જોકાર-તે એ ઉભય માટે સુખપ્રદ અો મહત્ત્વનુ થાત તેના મગરગીનુ સામળીને આ વર્ત ખન કંઈ પણ તેની સામે યવાનુ તેના મનમા આ યુ નહો લામ થવુ એ હાથ કરી મત્યુને માનાનના જેવુ છે સર્ગેહક, મતનની સ્વાર્થી સર ત તે સારીરીતે જાણતો હતો આની અપ્રતિમ લ ાાને ખોવી-સતને માટે ગુમાવી બેસી તે નો રણુ ભારી હતું પણ બીજા ઘણા કાયો ભવિષ્યમા મળવાના હતા અત્યાર મળી રહ્યા હતા ત વિચા થી તેનુ જીવન તો ઘણુ અગ યનુ ના યુ તે વિચાર તેને મહાગભરાઇથી સહેના ની ડો પાડી શકયો તો હિમ્મતવાન ગનના ભનામણ કરતો બોલ્યો "વ્હાની નની સનામનો મત આવે તો યા ર ખરે ત હે આ સરકાર નમ્યુ આપશે નહીં હુ પ્રતિજ્ઞાપૂર્વક કહુ છુ કે મ્હારૂ વેર મ્હારો ધિ કાર-જે ર નેગમુખનો નાશ કરી રહારા પ્રયેનો મ્હારો સબળ પ્રેમ સાચીન કરી આપશે તુ હિમ્મત ખ ' આમ બોલતો ઉતાવો સન્કાર આવેને માો નીકળી ગયા સન્માનમાઝ તેની અદ્રશ્ય થ ી આકૃતિ તરફ નિ શ્વાસ ખતી જોઇ રહી તે ાથી હવે રહેવાયુ નહીં સુખમહ ગમની મ્હોગ તખ્તાપર માથુ મૂકી મ ાને મ્હોઢુ ઢાંકી ધ્રુસકે ધ્રુસકે તે ડવા લાગી ચાલુ

ગ્રન્થાવલોકન.

૧ ભારતનો ટંકાર (સ્વદેશગીતનાકા યોનો સગ્રહ) લેખ- - ા અ દેશ કરામ ખબરદાર, મદ્રાસ ૧૯૧૯ મૂલ્ય આના બાર

ભારતીા ટંકારના કતા ા અરદેશર ખબરદારની નવી ઓળખાણ કરાવવાની ગુજરાતને જરૂર રહી નથી પારસી લેખકોમા શુદ્ધ અને સરળ ગુજરાતી લખનાર આગળીો વેડે ગણાય એટલા છે અને તેમાં રા ખબર ાર બેશક ઉચ્ચ સ્થાન મેળવે છે ખુદ ગુજરાતી હિન્દુ લેખકોમા પણ એ ભાાનુ સ્થાન એક સારા લેખક તરિક કયારનુયે ગણાઈ ચૂક્યુ છે એ પારસી લેખકનવુએ ગુજરાતની સેવા કાવ્યો દ્વારા ી છે અને પરિણામે એમના કાવ્યસિકા, વિલાસિકા અને પ્રકાસિકા એ ત્રણ પુસ્તક આજ પહેલા પ્રસિદ્ધ થઇ ચુકયા છે સ્વ

મનગાગીના કાવ્ય તેનો અતિ નામો છતા વિદ્વત્તાભર્યો ઉપોદ્ઘાત લખ્યો એમણે પોતાની ગુજરાતને ઠીક ૭મ જમા ધો ે આમ એમની આદિ પ્રવૃત્તિ વિગ ગુજરાત જાણીતું છે એમનામા સ્વદેશપ્રેમની ધૂન જાગી છે એમણે એ ધૂનનો આદાનેક ગુજરાતમા જગા યો છે અને દેશપ્રેમના એમના કા યોરૂપી એ નાનીઓ ગુજરાતીના અગ્રગણ્ય માસિકોમા વા નાર મોકલતા હતા—આ સુન્દર કાવ્યોનો સત્કાર ગુજરાતે એક સાથે કર્યો છે એમ માનવાને અમ્હને મજબૂત કારણ છે આ કાવ્યોનો સગ્રહ આજ ભા તનો ટગર એ નામથી ગ બહાર પાડી પ્રકટ કર્યો છે અને અમ્હારે કહેવુ જોઈએ કે ગુજરાત ની આથી એમણે એક સારી સેવા કરી છે હિન્દના જીવન સમગ્રમા આજ ચોગરદમથી ચેતન, નેતન અને ચેતનના જ સ્ફુર્તિ ગો ઝગઝગે છે તેવા વખતમા એ ચેતનને વધારે પુષ્ટિ આપે એવા સાહિત્યની જરૂર છે ભા તનો ટગર એવા ચેતનને ગુજરાતમા તો જરૂર મન આપશે શુદ્ધ અને સરલ ભાષામા દેશભક્તિના ઉચ્ચ સ્વરો પ્રબળાવતા એમના કાવ્યો બેશક ગુજરાતે વાંચવા યોગ્ય અને મનન લાયક છે એમા દંપતી પ્રેમના સૂરો નથી, ગાનનમ્ન ને વૈધવ્યનાં દુઃખના રોણા નથી કે નથી એમા જીવનયાત્રાના મી ા કે કડુ અનુભવો—એમા તો મ્હદેશની શાન્તિના મગનો અને દેશભક્તિના રમણો અને આધુનિક ભાવનાના છે સુન્દર છપાઈ સાથેના આ કાવ્ય સગ્રહને ગુજરાત યોગ્ય સત્કાર આપશે એવી અમ્હને આશા છે ગુજરાતના સન્તાનો એ કાવ્યોને જીવનમા જરૂર ઉતારે એ મોટો અમ્હારો અભિલાષ છે

૭ ગોપાલકૃષ્ણ ગોખલેના વ્યાખ્યાનો ભાષાન્તરકર્તા । મહાદેવ હરિભાઇ દેસાઈ પ્રકાશક, ઑલ ઇન્ડિઆ હોમરૂલ લીગ, મુબાઈ ।૨ ૮૨ મૂલ્ય આના દસ

હોમરૂલ લીગ તરફથી પ્રગટ થયેલા ભારતના અનમોલ ની રત્ન ગોપાલ કૃષ્ણ ગોખલેના વ્યાખ્યાનોના પુસ્તકનો સ્વીકાર કરતા અમ્હને અભિમાન થાય છે રત્ન નરવીર શ્રીમાન ગોખલેજીનાં વ્યાખ્યાનોનો મ્હોટો ભાગ અંગ્રેજીમા જ છે એમને તેનો લાભ ગરવી ગુજરાતના કુંવરોને—અંગ્રેજી ભાષાથી અજાણને—મળવો મુશ્કેલ હતો તે લાભ આ સ્વરાજ્યલીગે આપ્યો છે તેમના વ્યાખ્યાનો અંગ્રેજીમા મદ્રાસના નટેશન પ્રેમી પુસ્તક પ્રકાશક મિ જી એ નૅટેસને ૧૧૩૬ પાનાના એક મોટા પુસ્તકના આકારમા પ્રસિદ્ધ કરી દેશભારતની પ્રજાને બેશક બહુ મોટો લાભ આપ્યો છે સ્વરાજ્યસભાની આ સંસ્થાએ એવો લાભ ગુજરાતને આપવા માંડ્યો છે એથી આશા રહે છે કે ગુજરાતના અનેક મનુષ્યો એ મહાન તપસ્વીના અમૂલ્ય વાક્યોનો પ્રસાદ લાભ પ્રમાણમા મળે અને ભાવિ ગુજરાતના યારા સપૂતોને તન લાગે

આ પુસ્તકમા નવ ગોખલે એ ભારતની મહોજ્જવલ પ્રસિદ્ધ વ્યક્તિઓ સ્વ નાની માઇ ૨ ગાને, સર મહેતા, બાનર્જી, દિનકુમાર ઘોષ, નિવેદિતા, મિ હ્યુમ અને સર વે બન આદિ—કે જેમના જીવન ભારતની એકનિષ્ઠ સેવામા જ સમર્પાયા હતા તેમના સબંધમા પ્રસંગો

ગુજરાતની જૂની વાર્તાઓ (સચિત્ર) રૂ ૨—૦—૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની મુબાઈ

' મગીશ ? ક્યારે ? ક્યા ? કેની રીતે ?"

" આજે, ગામ મ્હારી પ્રમનાળા આગળ આવીને મોકલે — તેને પત્ર આપીશ— આજ લ્હાન પિતાને મળીશ કદાચ હજુ ને વિચાર કરે પોતાની એની એક પુત્રી—એકનુ એક નામ—લના સુખની નાખ નહી કરે કદાચ મા વરો યુક્તિથી વાત મારી જોઇશ."

નિરાશાથી સકવાએ ડો પુણ્યનુ ચહુઆ આવેલ અષ્ટ મહામહેનતે બાઝ્યુ રોપી નાખ્યુ—તેણે પુ તેનો હાથ પકડ્યા તે ખરેખ અનન્ય હતી આ વારે તેને અંગે ઉમંગો આવ્યા તે ખરેખર તો ન્હાતો હતો જાણી પુરી સાથે વાત્યથી બોલ્યુ—તે એ ઉભય માટે દુખપ્રદ અને મહત્વનુ સ્થાન તેની મગજગીનુ સાગરીને આ ર્તા બધુ પણ તેની સામે થવાનુ તેના મનમા આ સુ નથી સામે થવુ ગે હાવ કરીને મૃત્યુ મેળાવના જવુ છે સગુણ, મતલબી સ્વાર્થી, સ ગ તે સારીરીતે જાણતો હતો આણી અપ્રતિમ રમાનાને ખોરી—મહાને માટે ગુમાવી બેસરી તે તો ઘણુ ભારી હતુ પણ બીજા ઘણા ત્યેઓ અતિ પામા મળવાના હતા, અત્યારે મગી રહ્યા હતા તે વિચાર થી તેનુ જીવન તેને નગ અગ યનુ ના લુ તે વિચાર તેને મહાસ્ત્રાવથી સહેનાહથી દૂરો પાડી નાખ્યો તો હિમ્મતવાન બનના બનાવણ કરતો બોલ્યો " વ્હાલી, નરી મનામનો વગર આવે તો યા પછી તે આ સત્કાર્ય નગ્યુ આપણે નહી પ્રતિજ્ઞાપૂર્વક કહુ છુ કે મ્હારૂ વેર મ્હારો પિતા—જ દેશમુખો નાશ કરી લ્હારા પ્રયેનો મ્હારો મગજ પ્રેમ સાબીત કરી આપને તુ હિમ્મત રાખ, ' આમ બોલનો ઉતાવળો સન્તોષ આવેલે માગ નીકળી ગયો સન્વારમાથ તેની અસ્પષ્ટ થતી આકૃતિ તરફ નિશ્વાસ નાખતી ભેઠ રહી તેનાથી હવ રડાયુ નહી ગુલામગ ફેરની ભેગ તતીયાપર માથુ મુકી મેહારે અશ્રુ નાખી ધ્રુસકે રુગ તે રોવા લાગી ચાલુ

ગ્રન્થાવલોકન.

૧ ભારતનો ટંકાર (સ્વદેશગીત કા યોનો સંગ્રહ) લેખક — ના 'અ ન કેશમજી ખબરદાર, મદ્રાસ પૃષ્ઠ ૯૪ મૂલ્ય આના બાર

ભારતનો ટંકારના કર્તા ના અરદેશર ખબરદારની નવી ઓળખાણ કરાવવાની ગુજરાતને જરૂર રહી નથી પારસી લખનારમા શુદ્ધ અને સરલ ગુજરાતી લખનાર આગળીને વેડે ગણાય એટલા છે અને તેમા રા ખબરદાર બેશક ઉચુ સ્થાન મેળવે છે ખુદ ગુજરાતી હિન્દુ લેખકોમા પણ એ ભાઈનુ સ્થાન એક સારા લેખક તરીકે ક્યારનુયે ગણાઈ ચુક્યુ છે એ પારસી લેખકબન્ધુએ ગુજરાતની સેવા દા ચોકારા જ કરી છે અને પરિણામે એમના કાવ્યરસિકા, વિલાસિકા અને પ્રભાતિના એ ત્રણ પુસ્તકો ગુજરાતમા આજ કેટલાક વર્ષ પહેલા પ્રસિદ્ધ થઇ ચુકયા છે સ્વ

[illegible]નો અને તેમાં છતા વિદ્વત્તાભરી ઉપોદ્ઘાત લખીને એમણે પોતાની [illegible] છે આમ એમની [illegible] ગુજરાત [illegible] એમની [illegible] છે એમણે એ પુસ્તકો [illegible] ગુજરાતમાં [illegible] એમના [illegible] ગુજરાતીના [illegible] સુન્દર [illegible] ગુજરાતે [illegible] છે એમ માનવાને [illegible] આ [illegible] ભારતનો [illegible] એ નામથી [illegible] છે [illegible] ગુજરાતની [illegible] એમણે [illegible] જૈન, [illegible] અને [illegible] એ [illegible] વધારે પુષ્ટિ આપે એવાં [illegible] છે [illegible] ગુજરાતમાં [illegible] આપશે [illegible] એમના [illegible] ગુજરાતે [illegible] અને [illegible] નથી, [illegible] નથી [illegible] અને [illegible] છે સુન્દર [illegible] આપશે એવી આશા રાખીએ છીએ ગુજરાતના [illegible] એ [illegible] અભિલાષા રાખીએ છીએ.

[illegible] ગોખલેના ભાષણો [illegible] મરાઠી [illegible] ૧૯૨, મૂલ્ય આના [illegible]

[illegible] પ્રગટ થયેલા [illegible] અભિમાન થાય છે [illegible] ગુજરાતી [illegible] છે તેમના વ્યાખ્યાનો [illegible] પાનાના [illegible] પ્રસિદ્ધ [illegible] છે [illegible] ગુજરાતી [illegible] પ્રમાણમાં [illegible]

[illegible] આ પુસ્તકમાં [illegible] ભારતની [illegible] સાલ [illegible] ભારતની [illegible]

[illegible] ૧૯ [illegible] જુની [illegible]

પાત્ર જે જ ઉ તેખો કર્યા હતા, તેનો સગ્રહ છે ક઼ પણ મહત્વના અને C I" રહસ્યથી વ્યાપેલા આ પ્રાસગિ વિચારો આ ન્હાના પુસ્તકમા છે

ગુજરાતના પ મ - બાપુ અને ભારતના સર્વપૂજ્ય કર્મયોગી મહાત્મા ગાધીજીએ અ પુસ્તક એમની શુદ્ધ અને સ્પષ્ટ ગુજરાતીમા ન્હાની સરખી પરન્તુ ગે ન્હાનાશમા એમના નિશાન ૯ યનુ મદરન વ્યાપતી-દેશપ્રેમની ભભકભરી ચિણગારીએ જ વિસ્તારતી અને સ્વ ગોખને માટે મરી રીગતા હૃદયની ઉત્કૃષ્ટ લાગણીઓ "ર્શાવતી પ્રસ્તાવના લખીને પુસ્તકને વધારે ઉપયોગી બના યુ છે આ ઉપરાંત તેમા આપણા આ ભારતવીરોની છબીઓ મુકવામા આવી છે આપણા ગુજર બાનુઓના જીવનને ઉન્નત કરવાનુ આ અતિ અમૂલ્ય સાધન છે આપણી નાગરોમા આ પુસ્ત ક્યારે પ્રવેશ પામશે ?

આ સ્થળ એટલી સૂચના કરવી યોગ્ય લા ઠે કે સ્વ ગોખનેના સર્વ ભાષણોના વિભાગ પાડી ન્હાના ન્હાના પુસ્તકોના આકારમા એ આખો સગ્રહ બહાર પડે એવી વ્યવસ્થા થશે તો દેશને પ્રજાને વધો લાભ થશે સર ફીરોઝશાહ તથા ડા દાદાભાઈ આદિ દેશના પ્રસિદ્ધ પુરુષોની પ્રસાદીઓ પ્રાન્તમા જેમ ઘણ્થી વધારે વ્ ચાર તેમ વધારે સાર થશે અમ્હે આ વાતપર સ ના નાનતાઓનુ ધ્યાન ખેચવાની જરૂર જોઈએ છીએ રા મહાદેવે રેલા આ શુદ્ધ ગુજરાતી ભાષાન્તર માટે અમ્હે તેમને અભિનન્દન આપીએ છીએ ગુજરાતે આ પુસ્તકને અવશ્ય વધાવવુ જોઈએ આવા પુસ્તકોને નહિ વધાવે તો પછી કોને વધાવશે ?

ર ગો ત્રિ

૩ કવિતા-કલાપ (કાવ્યનો સગ્રહ) લેખ -રા ચાપસી વિઠ્ઠલદાસ ઉદેશી, કલકત્તા, પૃષ્ઠ ૧૦૮, મૂલ્ય આના ચૌદ

રા ચાપસી પ્રસ્તાવનામા જ જણાવે છે કે ' કવિતા બુદ્ધિ કરતા હૃદયનો વિષય વધારે છે ' રા ચાપસીના આ ઉદ્ગારને આધારભૂત ગણી એમનો કવિતા-કલાપ તપાસતા સ્પષ્ટ જણાઈ આવે છે, કે પોતાના ઉદ્દેશને અનુસરવાને રા ચાપસીએ ઠીક પ્રયાસ કર્યો છે આ કવિતા- લ પના ઘણા ખરા ક ચો માસિકોમા બહાર પડેલા હોવાથી રા ચાપસીનુ નામ ગુજરાતી સાહિત્યમા જાણીતુ છે વિચારશ્રેણી સામા ય છે, છતા સામાન્ય વિચારોને કવિતાની ભાષામા મૂકતા જે નીરસતાનો દોષ આવી જાય છે, તે દોષ આ પુસ્તકમાથી દૂર રાખવામાં આ યો છે ભાષા નિર્મળ છે ૃ લાપમા સુન્દર ન યો ઘણાં છે, અને તેમાયે વિશે કરીને ' સિદ્ધાર્થનો ગૃહત્યાગ,' અને ' જે પારણાની દોરી ઝાલે, તે જ તારે દેશને ' વધારે સુન્દર લાગે છે હાલના ગુજરાતી સાહિત્યમા તો પુસ્તકને સ્થાન મળે તે જરૂરનુ છે ગુજરાતી સાહિત્યને અમર-જીવન અપાવવામા આ પુસ્તક મદદ કરતા થઈ પડે તેમ તો નથી, એટલી જ એના ખામી છે સાહિત્યને અમર-જીવન અપાવવા તરફ રા ચાપસી જો પ્રયાસ કરે, તો દીર્ઘ અરી સાહિત્યની સાચી અને સારી સેવા કરી શકે, એમ અમારૂ માનવુ છે

રા પડ્યા, બી એ

[illegible]

સમાલોચકનુ વાર્ષિક લવાજમ રૂ ૪,

હિન્દુસ્થાન બહાર શીલીંગ ૭॥ = રૂ. પોણા છ.

છુટક અંકની કિંમત રૂ. ૦-૮-૦

ન્હાની, મ્હોટી, જાહેર કે ખાનગી લાયબ્રેરીના

પુસ્તકોના ઉત્તમ સંગ્રહ.

૧.

સ્વ. ગોવર્દ્ધનરામ ત્રિપાઠી —

	રૂ આ
સરસ્વતીચન્દ્ર ભા ૧ થી ૪	૮–૮
લીલાવતી જીવનકલા	૦-૧૨
દયારામનો અક્ષરદેહ	૧–૪
સ્નેહમુદ્રા (કાવ્ય)	૧–૦
Marriage Forms under Ancient Hindu Law	0-12
Classical Poets of Gujarat (1916 Edn)	0-6

ડૉ. કાન્તિલાલ પંડ્યા —

સ્વ. ગોવર્દ્ધનરામનું જીવનચરિત	૧–૦

સ્વ. ડૉ. મણિલાલ નભુભાઈ —

બાળવિલાસ	૧–૦
ગુલાબસિંહ	૨–૦
ચારિત્ર	૧.૦
સુદર્શન ગદ્યાવલિ	૫–૦

રા. મણિલાલ છબારામ ભટ્ટ —

ચારણીની રાણી (સાત સુન્દર ચિત્રો સાથે)	૨–૦
સુંદર બ્હેન	૦ ૧૨
ગુજરાતની જુની વાર્તાઓ(ચિત્રોસાથે)	૨–૦
પૃથુરાજ ચૌહાણ અને ચંદબરદાયી (નવી આવૃત્તિ ૭ ચિત્રો સાથે.)	૨–૦
રતિસુંદરી	૧–૮
પતિવ્રતા સતિઓ (૨૪ ચિત્રો સાથે)	૩–૦
પ્રતિમા નાટક	૧–૦
ગુર્જરી, મુંબાઈની શેઠાણી	૧–૪

રા. છગનલાલ હરિલાલ પંડ્યા —

	રૂ આ
કાદમ્બરી (સચિત્ર) આવૃત્તિ પાંચમી	૨–૦
એક અપૂર્વ લગ્ન (નવલકથા)	૦–[illegible]
ક્રાઈસ્ટનું અનુકરણ ભાગ પહેલો	૦–૮
સચિત્ર મૂનાક્ષરનાં પત્તા	૦–૮
મનોરંજક વાર્તાવલિ (છપાય છે)...	૦–૬
વિશુદ્ધસ્નેહ	૦–૮

રા. ગણપતરામ અનુપરામ ત્રવાડી -

જ્ઞાનમહૅન્ત (સેલ્ફહેલ્પનું ગુજરાતી ભાષાન્તર)	૩–[illegible]
દરિઆપરના દેશોની વાતો.	૨–૦

રા. હિંમતલાલ અંજારિઆ —

કવિતા પ્રવેશ	૧–૦
કાવ્યમાધુર્ય	૧–૮
મધુબિન્દુ	૦–૪
કિન્ડરગાર્ટન અંગેની ૭ લેખો	૦–૬

સ્વ. ભગુભાઈ ફતેહચંદ કારભારી —

અંગ્રેજી–ગુજરાતી–પૉકેટ ડીક્ષનેરી	૧-૧૨
ગુજરાતી–અંગ્રેજી ,,	૧-૧૨
સ્ટાર અંગ્રેજી ગુજરાતી ડીક્ષનેરી.	૦–૧૨
ટોડકૃત રાજસ્તાન (બે ભાગમાં)	૫–૦

રા. ભોગીન્દ્રરાવ દીવેટીઆ.—

આસીસ્ટંટ કલેક્ટર	(મળતી નથી)
નવરંગી બાનુ	૦-૪
કાઉન્ટ ટૉલ્સ્ટૉયની વાતો	[illegible]–૪
ઉષાકાન્ત [નવી આવૃત્તિ છપાય છે]	
મોહિની	૧–૦
મો[illegible]	૦–૧૨





જીનતાન.

જીનતાન—ઉલટીને તરત જ બંધ કરે છે.

જીનતાન—પાચનશક્તિ માટે અકસીર છે.


જીનતાન—શક્તિ માટે એના જેવી એક પણ ચીજ નથી.

આખો વખત ખો ખો કરનારાઓએ જીનતાનનો તરત જ ઉપયોગ કરવો.

દરિયાની મુસાફરી કરનારા દરેક માણસો તંદુરસ્તી માટે જીનતાન પાસે રાખે છે.

જીનતાન—ગાનારાઓ અને ભાષણ કરનારાઓ પોતાના ... ને માટે જીનતાનનો જ ઉપયોગ કરે છે.

જીનતાનની એક બે ગોળીઓ પાનમાં ખાવાથી પાનનો અજબ સ્વાદ આવે છે અને મોંમાંથી દુર્ગંધ દૂર કરવા માટે જીનતાન વાપરવાની ખાસ ભલામણ કરવામાં આવે છે.



જીનતાનનું એક પડીકું આજે જ ખરીદો.

કીમત ... ગોળી કાચની શીશી સાથે રૂ ૧)
... —ની ... ડબી સાથે ૦-૪-૦
... —ગોળીનું પડીકું ૦-૧-૦

સોલ એજન્ટ્સ—જીનતાન એજન્સી,
(... ચાર ચોમન)
જુમામસજીદ, મુંબઈ.

દરેક ... વેપારીઓ જીનતાન વેચે છે.

૩૨ આપના ઓરડાના ... નીચે ...



Printed by K. R. Mitra, at the Manoranjan Press 3 Sandhurst Rd Girgaon, Bombay
Published by Ramaniyaram Govardhanram Tripathi at Messrs N M Tripathi & Co s
Princess Street Kalbadevi Bombay

સમાલોચક

મુખ્ય લેખો.

સ્વરાજ્યના પન્થે

હિન્દમા સન્નિપાત.

ઇશ્વાડની સાર્વજનિક શાળાઓ.

સ્ત્રીશિક્ષા વિષયક ચર્ચા-

Printed by K. R. Mitra, at the Manoranjan Press 3 Sandhurst Rd Girgaon Bombay;
Published by Ramaniyaram Goverdhanram Tripathi, at Messrs N M Tripathi & Co's,
Princess Street Kalbadevi Bombay

સમાલોચક

મુખ્ય લેખો.

કહોને ?

એ તે ચીમાજોશી અમણી

કેવી રીતે ખુશ થઈ શકી ચારૂ?

જ્યારે તેને

ત્રિભોવનદાસ ભીમજી ઝવેરીને

ત્યાથી

સૂર્ય સમાન તેજસ્વી ને ફેશન પ્રમાન

અલંકારો આપવાનુ વચન

આપવામા આવ્યુ ત્યારે જ.

સોના, ચાંદી અને ઝવેરાતના દાગીનાના વેપારી.

શેખમેમન સ્ટ્રીટ, મૂળજી જેઠા મારકીટ સામે, મુંબાઈ.

ટેલીફોન નંબર ૩૭૮૧

Oct-18.



આપનું ઓ રમા મુમાનેજની નાપ નગા

૧૫ આગા ... નામાંકનની નોંધ લેશો

ઇન્ડિયન પરફ્યુમરી

નવકુસુમ તેલ—આપણને ગમતી અને બહુ મધુર લાગતી સુગન્ધ પાસે બેસનારને એકદમ તેમાં મગ્ન બનાવે છે કામમાં જીવ ના પરોવે, માથું ફર્યા કરે. અને માથું દુખ્યા કરે અને વાળ ખરી પડે, એવા રોગો ઉપર વિશેષ ગુણકારી છે જડી બુટીઓના પ્રયોગ વડે બનાવવામાં આવ્યું હોઇને સુગન્ધિદાર અને ગુણકારી છે અને કિંમત પણ થોડી છે શીશી ૧ ના બાર આના, ત્રણ શીશીના રૂપીઆ બે, ડઝન શીશીના રૂપીઆ સાત

રૂહ ગુલાબ રૂ. ૮૦) ૬૦) ૪૦) રૂપીઆ ... તોલાના

ઇત્ર ઇત્ર ગુલાબ, મોતી દર ૧ા તો. થી રૂ. ૧૫) તોલા સુધી
ઇત્ર કેવડા, કેતકી ૧ા) તો. થી રૂ. ૧૦) તોલા સુધી
ઇત્ર મોતીયા, મુ ...ીના ૧ા) થી રૂ. ૮ તોલા સુધી
ઇત્ર શાહનાજ, મુ અમ્બર, મદનમસ્ત ૧ા) થી રૂ. ૫) તોલાસુધી
ચમેલી, ચમ્પા, મોગરો, જુહી ૧ા) થી રૂ. ૫) તોલા સુધી
ખસ, પાનડી, ૧ા) થી ૨) તોલા સુધી
રૂહ ખસ, રૂહ પાનડી, રૂ. ૨) થી રૂ. ૫) તોલા સુધી
પોદીના, આમ, મિટ્ટી ગિલ ૨) થી રૂ. ૫ તોલા સુધી

તેલ તેલ ચમેલી, રૂ. ૨,૪,૫,૮,૧૦ સુધી દર શેરના
તેલ બેલા, રૂ. રૂ. ૨ાા, ૪, ૫, ૭, ૧૦ સુધી દર શેરના
તેલ મસાલા રૂ. ૨, ૪, ૮ સુધી દર શેરના
તેલ મેંહદી, ગુલાબ, રૂ. ૨, ૪, ૮, સુધી દર શેરના

અર્ક ગુલાબ જળ રૂ. ૪,૩,૨,૧ સુધી દર શીશીના, ત્રણ આની શીશીના રૂ. ॥। ॥– ।≡, ।=,
કેવડા જલ રૂ. ૫, ૨ાા, ૧ાા સુધી દર શીશીના, ત્રણ આની શીશીના રૂ. ॥।, ।≡

આ સુગન્ધિદાર તેલ અત્તરો વિગેરેની એક વખત તો જરૂર પરીક્ષા કરી જુઓ

ધી ઇન્ડિઅન પરફ્યુમરી ઑફિસ, નં. ૩.
પાયોનિયર રોડ, અમદાવાદ.

પ૬ પૃષ્ઠ.]

સમાલોચક.

[૩ ચિત્ર

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत्।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥ भ. गी. १७-१५

પુસ્તક ૨૮ મું.] મે ઈ. સ. ૧૯૧૯. [અંક પ મો.

તંત્રી—રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.
રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ., એલએલ. બી.
પ્રકાશક—રા. રમણીયરામ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી.

વિષયાનુક્રમણિકા.

વાર્ષિક લવાજમ રૂપીઆ ચાર,
હિન્દુસ્તાન બહાર શીલીંગ છ=રૂ. પ-૧૨-૦. છુટક અંકની કિંમત આઠ આના.
૧૯૧૯, ૧૯૨૦ ને ૧૯૨૧ ના ત્રણ વર્ષના લવાજમ રૂ. ૧૦, હિન્દ બહાર રૂ. ... મનાય
... આ લવાજમ અગાઉથી જ લેવામાં આવે છે.



ભવાનીને દંડવત કરી શબ્દો ઉચ્ચાર્યા.

સમાલોચક] પૃષ્ઠ ૨૭૦ [મે, ૧ સં ૧૯૬૮

ચિત્રકાર શ્રી રવિશંકર રાવળ] [[illegible]

સમાલોચક.

अनुद्वेगकर वाक्य सत्य प्रियहित च यत्।
स्वाध्यायाभ्यसन चैव वाङ्मय तप उच्यते ॥ भ गी १७-१५

પુસ્તક ૨૮ મું.] મે ઈ. સ. ૧૯૧૯. [અંક ૫ મો

તંત્રી—રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.
રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ., એલએલ. બી.
પ્રકાશક—રા. રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી.

વિષય. વિષયાનુક્રમણિકા. પૃષ્ઠ.

વાર્ષિક લવાજમ રૂપીઆ ત્રણ,
હિન્દુસ્તાન બહાર શીલીંગ છ=રૂ. ૫-૧૨-૦. છુટક અંકની કિંમત આઠ આના.
૧૯૧૯, ૧૯૨૦ ને ૧૯૨૧ ના ત્રણ વર્ષના લવાજમ રૂ. ૯, હિન્દ બહાર રૂ. સવાપાંચ.
આ લવાજમ અગાઉથી લેવામાં આવે છે.



પુસ્તક ૨૪ મુ,]　　　મે, ઈ. સ ૧૯૧૯　　　[અંક ૫.


સ્વરાજ્યના પન્થે મતાધિકાર.

લેખક—રા મણીલાલ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી.

" These are the gifts (of freedom, the power to develop and the power to heal) that we are asking for Ireland, the power to develop for ourselves, in our own way, our own qualities. The power to develop for ourselves the resources of our own country, the power to strike off the minds of the youths of Ireland the chains that are there to day, to free their hands and to enable them to develop their own characters and the resources of their own country We ask from you power to develop, we ask also the power to heal So long as English ascendency is associated with one creed in Ireland with one class, and with one party, so long will the healing of these wounds be absolutely impossible In other words, you should trust the people, and the moment you do it, I believe in my heart and conscience, there and then, once and for all, you will have ended the blackest chapter in the history of your country. "


—Mr Redmond in the House of Commons on 30th March 1908

"The Reforms Scheme is intended to release the duly elected representatives of the people, in part at any rate,



कामन्दकी अत्रैव कोऽपि कस्या अपि वल्लभस्तिष्ठति ।

—માલતીમાધવ, અંક ૧ લો.



પુસ્તક ૨૪ મું,]   મે, ઈ. સ. ૧૯૧૯.   [અંક ૫.

સ્વરાજ્યના પન્થે મતાધિકાર.

લેખક—રા. રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી.

"These are the gifts (of freedom, the power to develop and the power to heal) that we are asking for Ireland, the power to develop for ourselves, in our own way, our own qualities The power to develop for ourselves the resources of our own country, the power to strike off the minds of the youths of Ireland the chains that are there to day, to free their hands and to enable them to develop their own characters and the resources of their own country We ask from you power to develop, we ask also the power to heal So long as English ascendency is associated with one creed in Ireland with one class, and with one party, so long will the healing of these wounds be absolutely impossible In other words, you should trust the people, and the moment you do it, I believe in my heart and conscience, there and then, once and for all, you will have ended the blackest chapter in the history of your country"

—Mr Redmond in the House of Commons on 30th March 1908

"The Reforms Scheme is intended to release the duly elected representatives of the people in part at any rate,

from the Control of the Civil Service The Civil Services have also openly declared their hostility to any real reform It is absurd in these circumstances to place the future of Indian Constitutional Reforms in their hands The reforms are a gift of Parliament, not of the Civil Service × × They shoud not be allowed in future, as they have done in the past, to nullify the policy of the people of England '

—The Hon'ble Sir Sankaran Iyer in
his Minutes of Dissent on the
Despatch of the Government of India

ઇ સ ૧૮૮૫ ના વર્ષમા અંગ્રેજી વિદ્યાના સરકારથી જેમના જીવન વધારે વેગભર્યાં બન્યા હતા અને જેમના હૃદયમા હિન્દના દુ ખો અનેક રીતે સાલ્યા કરતા હતા, તે ભારત સન્તાનોમાના ઘણાક તેજસ્વી અને દેશાભિમાની નરરત્નોએ કૉંગ્રેસરૂપી હિન્દની રાષ્ટ્રીય પરિષદ્ સ્થાપી હતી એ પરિષદ્ના આ ચોત્રીસ વર્ષના જીવનયુગમા હિન્દના ઇતિહાસમા જે પરિવર્તનો થયા કર્યાં છે તેનો એક સામટો હિસાબ કરવાનું સ્થળ આ નથી નિશાળોના અભ્યાસક્રમમા દાખલ કરેલા નિર્માલ્ય અને અધૂરા અને એકપક્ષનુ જ દિગ્દર્શન કરાવતા ઇતિહાસના અભ્યાસકોને આ ચોત્રીસ વર્ષનો પોતાની જન્મભૂમિનો સાચો અને તેજસ્વી ઇતિહાસ તો કૉંગ્રેસના જ હેવાલોની સત્તાવાર આવૃત્તિઓ પુરી પાડી શકશે જ્યા સુધી દેશના એક એક અભ્યાસીએ આ હેવાલોનો પુરો અભ્યાસ કર્યો નથી કે હિન્દની રાષ્ટ્રીય પરિષદ્ સાથે સકળાયલુ અને દિન ઉગે વૃદ્ધિંગત થયેલુ હિન્દનુ જીવન જ્યા સુધી સમીક્ષ્યુ નથી ત્યા સુધી સ્વાતન્ત્ર્યમુક્તિ માટેની હિન્દની લ્હડાઇઓનુ સાચુ દર્શન તેમને આવી શકશે નહીં એ માટે આ હેવાલો હિન્દના ઇતિહાસમા, હિન્દના જીવનમા અને હિન્દીઓના કલ્યાણમા જેમના હૃદયો રમ્યા કરે છે તેમણે અવશ્ય વાચવા જોઇએ આ બધા ઉપરાંત છેલ્લા પાચ વર્ષનો ઇતિહાસ તો ખરેખરો સક્રાન્તિનો જ ગણાઇ શકે એ સક્રાન્તિયુગે અસાધારણ પરિવર્તનો જેમ જગત્ સમસ્તમા કર્યાં છે તેમ આ કાલમા હિન્દના જીવનની બધી દિશાઓમા પણ મ્હોટે ભાગે મહાપરિવર્તનો થયા છે

ઈ સ ૧૯૧૫ ના અત કાળમા મુબાઈના જ નહિં, પરન્તુ ભારતસમસ્તના એક મહા ભારત વીર સર ફિરોજશાહ મહેતાના સ્વર્ગવાસ પછી મળેની હિન્દી રાષ્ટ્રીય પરિષદે, પરિષદ્ના મડપમાથી હૃદયભેદી જે રાષ્ટ્રઘોષણા કરી હતી અને એ ઘોષણાના પ્રચડ નાદો જે ઉગ્રતાથી દેશમા ગાજી રહ્યા છે એના પરિણામે હિન્દ આ જ અપૂર્વ રીતે જાગૃત બન્યુ છે યુરોપના યુદ્ધના મધ્યકાળમા ઇ સ ૧૯૧૭ મા મિ મોન્ટેગુએ તા ૨૦ મી ઑગસ્ટે જાહેરનામુ બહાર પાડ્યુ કે હિન્દુસ્તાનમા ત્યાના વતનીઓને જવાબદાર રાજતત્ર આપવાની ઇચ્છા ના સમ્રાટ્ જ્યૉર્જની સરકાર હિન્દી સરકારની સહાનુભૂતિથી દર્શાવે છે અને આ રીતે હિન્દની પ્રજાને ધીમે ધીમે પણ સ્વરાજ્યના પગથિએ ચ્હડાવવામા આવશે પરિણામે મિ મોન્ટેગુ હિન્દમા આવ્યા, લૉર્ડ ચેમ્સફર્ડ અને તેમના અગભૂતો સાથે રહી હિન્દની સ્થિતિનો તેમણે વિચાર કર્યો—કર્યે

ગતે ને કયા પ્રમાણમા હિન્દને લોકશાસનના જીવનમાં સહિસલામત રીતે મૂકી શકાય વિગેરેનો વિચાર એમણે કર્યો એ તપાસને અંતે ગયા જુલાઇ માસમા એમણે મોન્ટેગુ-ચેમ્સફર્ડનો એકત્ર હેવાન બહાર પાડ્યો એ હેવાન-એ મહાન દસ્તાવેજ વિદ્વત્તાથી ભરપૂર છે એ દસ્તાવેજમા ઉંચા પ્રકારની બુદ્ધિ અને વ્યાવહારિક જ્ઞાનનું અગાધ ધન છે છતા હિન્દના રાષ્ટ્રીયજીવનને અને હિન્દવાસીઓ જેને હિન્દી જીવન જ કહી શકે એવા દૃષ્ટિબિન્દુઓથી આ હેવાલ મ્હોટે ભાગે રહિત છે ગોકળગાયની ક્વાકની અડધા કુટની મુસાફરીની માફક હિન્દને ઉપર લઈ જવાની બહુ ઉતાવળ તેમા દર્શાવાઈ છે દેશના રાજકીય જીવનમા અગ્રપદ ભોગવનાર હિન્દીવાનોમાના કેટલાકોએ આ હેવાનને તે છતાપિ અધુરો પણ ટેકો આપવાની ઇચ્છા દર્શાવી ત્યારે દેશના મ્હોટા ભાગે આ હેવાનને જ અધુરો અને અસંતોષકારક ગણી રાષ્ટ્રીય પરિષદોના અધિવેશનોદ્વારા વધારે ઉદાત્ત અને વિશાળ માગણીઓ રજુ કરી દિલ્હીની છેલ્લી કોંગ્રેસે કરેલી માગણીઓથી ઘણાના મન ભડકી ઉઠ્યા અને બાહુકને દેખી છોકરાઓ ગભરાઈ જાય તેમ દિલ્હીના ઠરાવોએ એમને ભડકાવી દીધા મિ મોન્ટેગુના હેવાનમા નક્કી કર્યા પ્રમાણે સ્વરાજ્યના પન્થે મોકલવા માટે હિન્દમા કેવી રીતે અને કેવા ધોરણોપર લોકને મતાધિકાર આપવો અને રાજ્યકારોબારમા કયા વિષયો લોકને સોંપવા અને કયા સરકારને હસ્તક રાખવા વિગેરે વિષયોનો નિર્ણય કરવા માટે એ 'કમિટિ'ઓ હિન્દી સરકાર તરફથી નીમાઇ હતી

મતાધિકારનો વિષય રાજ્યકારોબારના વિષયો નક્કી કરવાના કાર્ય કરતા કાર્ય સરલ છે આ કમિટિઓના કાર્યવ્યવહારને આપણે નિષ્પક્ષપાત કે સ્વતન્ત્ર કહી શકીશું જ નહિ, કારણ કમિટીના સભ્યો જ કહે છે કે પ્રાન્તિક ધારાસભાઓના બંધારણ અને તેની ચુંટણીને લગતી જે જે યોજનાઓ કમિટીએ સૂચવી છે તેની જોખમદારી સંપૂર્ણ રીતે જો કે પોતે લેછે, તથાપિ પણ બંગાળ, બિહાર અને ઓરીસા, સંયુક્ત પ્રાન્તો, પંજાબ અને મધ્યપ્રાન્તો માટે કરવામા આવેલી ભલામણો તે તે પ્રાન્તની સરકારે રજુ કરેલી યોજનાઓને અનુસરતી મોટે ભાગે છે મતાધિકાર નક્કી કરવાની કમિટીમા પ્રજાપક્ષના બે જાણીતા પુરૂષો ઓં મિ સુરેન્દ્રનાથ બેનરજી અને ઓં મિ શ્રીનિવાસ શાસ્ત્રી હતા આ છતાં પણ પ્રસ્તુત પ્રાન્તના હાકેમોની જ યોજનાઓ ઉપર વજન મુકવામા આવે તેમની જ યોજના પ્રમાણે મતાધિકાર નક્કી કરવાનું ઠરાવ કરવામા આવ્યું હતુ એથી અમ્હને કાંઇક વધારે શોક થાય છે બંગાળાના કે બીજા કોઈપણ પ્રાન્તના હાકેમો કરતા આ બન્ને હિન્દી ગૃહસ્થો વધારે બુદ્ધિશાળી અને હિન્દના જીવનને વધારે સૂક્ષ્મતાથી સમજનારા છે એવું અમ્હે માનીએ છીએ અને એમણે ધાર્યું હોત તો આ મતાધિકારનો વિષય વધારે ઉદાર બનાવી શકાયો હોત આ કમિટીએ આ બાબતમા મુખ્ય જે વિચારો દર્શાવ્યા છે તે નીચે પ્રમાણે છે—

૧. સ્ત્રીઓને મત આપવાનો હક્ક કમિટી કબુલ કરી શકતી નથી.

[પ્રજાને ખબર છે કે બાબુ બેનરજી એક આગળ પડતા સુધારક છે બ્રહ્મોસમાજી છે અને બ્રહ્મોસ્ત્રીઓ બંગાળામા કેળવણીમા આગળ છે એમનામા પડદાનો રીવાજ નથી શાસ્ત્રી આર પણ એમના જ ઉગ્ર સુધારક છે છતા પણ સ્ત્રીઓને મત આપવાના હક્ક સ્વીકારવા

Marriage forms under Ancient Hindu law As 12 N M Tripathi & Co ,Bombay

માટે એમણે પોતાનો અભિપ્રાય આપ્યો નથી દેશના જીવનને જ્યારે વેગ આપવાની વાત જ નથી થતી પણ એ માટે જ્યારે સ ીન (!) પગના લેવાય છે તે વખતે આ બન્ને હિન્દીજનોએ આમ શા માટે ન્યું હશે તેનો ઉત્તર પ્રજાએ હકકથી તેમની પાસેથી કઢાવવો જોઇએ આશ્ચર્ય તો એ છે કે હિન્દના રાજકીય જીવનના વિરોધક પક્ષના મિ હોગે આ મતની તરફેણ કરી છે]

કમિટીએ આ પ્રમાણે દેશના જાહેરજીવનના એક અગત્યના પ્રશ્નમા સ્ત્રીઓને પોતાનો ધર્મ બજાવવા દેવાની જરૂર જોઈ નથી આ સમન્ધમા કમિટીએ જે કંઈઅસકુચિતવૃત્તિ દર્શાવી છે એ ખેદનો વિષય છે યુનિવર્સિટીની કેળવણી લીધેલી હોય અગર તો લક્ષ્મીની માલિક હોય તેમને પુરૂષોના જેટલા જ મતાધિકાર હોવા તા માટે ના જોઇએ? આશા છે કે દેશમા આ સમન્ધમા જોઈએ તેટલા પ્રમાણમા જોરાને ચર્ચા થશે અને સુધારાનો કાયદો-કાનન તરિકે પસાર થાય તે પહેલા આ અભિપ્રાયો મળતા દેશજનો અને સન્નારીઓ યોગ્ય રીતે યોગ્ય દિશામા પોતાની પ્રવૃત્તિઓ જરૂર વાળશે

૨. મત કોણ કોણ આપી શકે ?

મત આપવાનો સાધારણ નિયમ કમિટીએ એવો સ્વીકાર્યો છે કે તે સમન્ધમા મિલકત [ ] ધોરણ જોવુ મિલકતની લાયકાત તરીકે જમીનની મહેસુલ, જમીનનુ ભાડુ ગામડાઓમા સ્થાનિક કર અને શહેરોમા મ્યુનિસીપલ કર તથા આવક ઉપરના કરને સ્વીકારવામાં આવ્યો છે આ ઉપરાત હિન્દી લશ્કરના અમલદારો જે નોકરીમાથી ફારેગ થયા હોય અને પેન્શન પર હોય તેમને પણ મત આપવાનો હક્ક સ્વીકારવો છે કમિટીની ગણતરી પ્રમાણે જુદા જુદા પ્રાન્તમાથી નીચે પ્રમાણેની સખ્યાને મત આપવાનો પહેલવહેલો હક મળશે

મદ્રાસ ઇલાકો	૫૪૨,૦૦૦	પંજાબ	૨૩૭,૦૦૦
મુંબાઈ ,,	૬૫૩,૦૦૦	બિહાર અને ઓરીસા	૫૭૬,૦૦૦
બંગાળા ,,	૧,૨૨૮,૦૦૦	મધ્યપ્રાન્ત	૧૫૮,૫૦૦
યુનાઇટેડ પ્રોવિન્સીસ	૧૪૮૩,૫૦૦	આસામ	૩૦૦,૦૦૦

ઉપરના હિસાબે મુંબાઇ ઇલાકાની લગભગ બે કરોડની વસ્તીમાથી ફક્ત સ્હાડા છ લાખ માણસને મત આપવાનો અધિકાર મળશે, પરન્તુ સ્ત્રીઓ અને વીસ વર્ષની નીચેના પુરૂષોની સખ્યા બાદ કરતા મત આપવાની યોગ્યતાવાળા હોઇ શકે એવાની સખ્યા લગભગ ૭૫ લાખની છે, પરન્તુ લખી વાચી શકે એવાની સખ્યા તો મુંબાઇ ઇલાકામા નવથી દસ લાખની જ છે દિલગીરી, ગોરા અગ્રેજ રાજ્યના સુધારક અમલ પછી સ્વરાજ્યનો પટો હપતે નક્કી કરતી વખતે અને હિન્દી સ્વરાજ માટે નાયક ઠરાવવા માટે યોગ્યતા મુકરર કરવાનો સમય આવતા ખબર પડે છે કે હિન્દમા કેળવણીના વોરટો સંકુચિત વૃત્તિઓથી બાની દેવામા આવ્યા હતા એવી દલિલમા સત્ય રાખુ ઉંચુ તરી આવે છે બે કરોડ માણસની વસ્તીમાથી ફક્ત સ્હાડા છ લાખ જ મત આપવાના અધિકારી નીવડી શકે એ વસ્તુસ્થિતિ દેશનુ દારિદ્ર્ય અને કગાલિયતપણુ જણાવે છે આશા છે કે સ્વરાજ્યના નવા હપતા પછી દેશના ધનિકો અને કેળવણીમા રસ લેના નાગરિક દેશના આ જીવન ન વધારે લક્ષ્ય આપશે

આમ મુંબાઈની અને બીજી પ્રાન્તિક સભાઓમા વધારે ભાગ દેશજનો લઈ શકે એવી ગોઠવણ કમિટી સૂચવે છે આ મત આપવાની લાયકાતમા નીચેનું ધોરણ રજુ કરવામા આવ્યુ છે—

૧. મુંબાઈ શહેરની સીમાની બે માઈલ અંદર જે પુરુષો વસતા હોય અને મિલકત ધરાવતા હોય અથવા મુંબાઈ શહેરમા ... દિવસે રૂપીઆ ૧૨૦ થી ઓછુ અને કરાચીમા રૂપીઆ ૬૦ થી ઓછુ ભાડુ ભરતા હોય નહિ

૨ મુંબાઈ અને કરાચી શિવાય સર્વ મ્યુનિસીપાલીટીઓ, કેન્ટોન્મેંટો અને જાહેર કરેલા વિસ્તારોમા

ક. જ્યાં ઘરવેરો વાર્ષિક ભાડાની આકણીપર લેવામા આવતો હોય ત્યા જેઓના ઘરની વાર્ષિક આકણી રૂ ૩૬ થી ઓછી ના હોય અથવા પંચમહાલ જીલ્લામા રૂ ૨૪ થી ઓછી હોય નહિ, અને જ્યા ઘરવેરો મિલ્કતની આકણીપર લેવામા આવતો હોય ત્યા જે ઘરની આકણી રૂ ૧૫૦૦ થી ઓછી નહિ અને પંચમહાલ અને રત્નાગિરિ જીલ્લાઓમા રૂ ૧૦૦૦થી ઓછી હોય નહિ,

- ખ. જ્યા ઘરવેરો લેવામા આવતો હોય નહિ ત્યા ઑક્ટ્રોય અથવા ટોલ ટેક્ષ શિવાય જેઓ મ્યુનિસીપલ કર તરીકે દર વર્ષે ઓછામા ઓછો રૂ ૩ નો કર ભરતા હોય

૩. કરાચી શહેર શીવાય સિંધની મ્યુનિસીપાલીટીઓ કેન્ટોન્મેન્ટો અને જાહેર કરેલા વિસ્તારોમા જે ઘરોના ભાડાની વાર્ષિક આકણી રૂ ૩૬ થી ઓછી હોય નહિ તે ઘરના માલેકો અથવા તેટલુ ભાડુ ભરનારાઓ

૪. સર્વે ઇન્કમટેક્સ ભરનારાઓ

આ ધોરણ મુંબાઈ ઇલાકાને માટે છે અને રાષ્ટ્રીય દૃષ્ટિથી જોતા કે વિચારતા આ ધોરણ ઘણુ ઓછુ છે અને કમિટીએ ધાર્યું હોત તો આથી પણ વિશાળ યોજના એ રજુ કરી શકી હોત પરન્તુ વર્તમાનસ્થિતિના કરતા આ યોજના વિસ્તૃત છે એ કારણોને લીધે કેટલાક વર્ગે સંતોષ દર્શાવ્યો છે આ ઉપરાંત મુસલમાન બંધુઓ માટે, યુનિવર્સીટિ માટે તેમ જ વ્યાપાર ઉદ્યોગની સંસ્થાઓ માટે પણ જુદી જુદી યોજનાઓ કરવામાં આવી છે કોમી પ્રતિનિધિત્વ એ દેશના ભાવિને નુકશાનકારક છે, છતાં પણ હિન્દુ બીજો હાથ મુસલમાન બંધુઓ છે અને એમની તીવ્ર ... માન આપવામા દેશનું ઐક્ય વધારે સાધ્ય બનતું હોવાથી દેશભક્તો તેમની માગણી સ્વીકારી છે તે પ્રમાણે કમિટીએ પણ તેનો સ્વીકાર કર્યો છે અને તે વાજબી જ થયું છે આપણે ઇચ્છીશું કે પાંચ વર્ષ પછી આ આખી યોજનાનું ફરીથી નિરીક્ષણ કરવામા આવે તે સમયે આ કોમી પ્રતિનિધિત્વનું સ્વરૂપ નષ્ટ થાય અને હિન્દુ-મુસલમાન એક હિન્દીજાતિમા—એકરૂપમા પ્રગટી નીકળે દેશી રાજ્યોની પ્રજા હોય તો પણ ચુંટણીમા ઉભા રહેવાનો હક કમિટી આપે છે હિન્દી સરકાર તેની વિરુદ્ધ છે કમિટીની યોજના પ્રમાણે પ્રાન્તિક સભાઓ નીચે પ્રમાણે બની શકે—

પ્રાન્ત—	સભ્ય સખ્યા	નિમાયલા	ચુંટાયલા
મદ્રાસ	૧૧૮	૨૫	૯૩
મુંબાઇ	૧૧૧	૨૪	૮૭
બંગાળ	૧૨૫	૨૫	૧૦૦
યુનાઇટેડ પ્રોવિન્સીસ	૧૧૮	૨૩	૯૫
પજાબ	૮૩	૨૨	૬૧
બિહાર અને ઓરીસા	૯૮	૨૫	૭૩
મધ્યપ્રાન્ત	૭૦	૧૭	૫૩
આસામ	૫૩	૧૪	૩૯

ઉપર પ્રમાણે કમિટીએ કરેલી સુચનાઓનુ ટુકુ દર્શન કરાવ્યુ છે કમિટીએ જે ધોરણ રચ્યુ છે તે દેશને સમસ્ત રીતે ગ્રાહ્ય થઈ શકે તેમ નથી કેળવણીનુ ધોરણ લક્ષ્યમા લેવાની જરૂર છે કારણ કે આ યોજના પ્રમાણે કેળવાયના વર્ગને એક તરફથી બહુ અન્યાય થાય છે. સ્ત્રીઓને માટે પણ જે પ્રતિબન્ધ મૂકવામા આવ્યો છે તે જરૂર દૂર થવો જોઇએ ૧

૨.

પ્રાન્તિક ધારાસભાઓની ઉપર વર્ણવ્યા પ્રમાણેની યોજના કરતા હિન્દની વડી ધારાસભાની યોજના તો ઘણી અસંતોષકારક છે પ્રાન્તિક ધારાસભાઓમા જ્યારે ચુંટણીનું તત્વ સીધી રીતે સ્વીકારવામા આવ્યુ છે ત્યારે વડી ધારાસભા માટે એ તત્વનો સ્વીકાર કરવાનું કાર્ય કમિટિને અશક્ય લાગ્યુ છે હાલની પ્રાન્તિક ધારાસભાઓમાંથી જે પ્રમાણે વડી ધારા સભામા સભ્યો મોકલવામા આવે છે તે જ પ્રમાણે અને તે જ પદ્ધતિ મોટે ભાગે લગભગ કાયમ રહે છે વર્તમાન ધારાસભામાં જ્યારે ચુંટાયલા સભાસદોની સખ્યા અડસઠની છે ત્યારે કમિટીની સૂચના પ્રમાણે એ સખ્યા વધીને એંશીની થશે મુસલમાન ભાઇઓનું અને અન્ય સસ્થાઓનુ પ્રતિનિધિત્વ પણ એમા કાયમ રહેશે, મોન્ટેગુ ચેમ્સફર્ડ રિપોર્ટમા આ વડી ધારાસભામા સભ્યોની સખ્યા સોની સૂચવી છે ત્યારે કમિટી એંશીની સૂચવે છે। એ ઉપરાંત મોન્ટેગુ રીપોર્ટમાં જુદી જુદી સસ્થાઓ અને કેટલીક કોમો માટે પણ અલાહેદી ગોઠવણ કરવામા આવી છે કમિટીના અભિપ્રાય પ્રમાણે આવી જુદી ગોઠવણ કરવાનુ તેમને અશક્ય લાગ્યુ અને પરિણામે ત્રીજે રસ્તો અડસઠને ઠેકાણે એંશીની સખ્યા કરવાનો લહાવો જુદી ગોઠવણની મુશ્કેલીઓ હોવાથી રીપોર્ટમા દર્શાવેલી સખ્યાથી પણ ઓછી સખ્યા કમિટિએ કરી તેનુ કારણ દર્શાવવામાં આવ્યુ નથી અમ્હે પુચ્છીએ છીએ કે સોની સખ્યા જે હિન્દની દૃષ્ટિએ પણ ઓછી જ છે તે કાયમ રખાઈ હોત લખનૌની ૧૯૧૬ ની કૉંગ્રેસમા પ્રાન્તિક ધારા સભામા સવાસોની અને વડી ધારાસભાના સભ્યોની સખ્યા ૧૫૦ માટે માગણી થઇ હતી કલકત્તાની કૉંગ્રેસમા એ ઠરાવને બાબુ બેનરજીએ ત્હેમની હમેશની વીરતાથી ટેકો આપ્યો હતો, અને પ્રજાના બબ્બે પ્રતિનિધિઓ આવી કમિટીઓમા હોવા છતા પણ કૉંગ્રેસલીગની યોજનાની આગળ ધકેલવામા કમ પાછાં પગલાં હશે તે સ્હમજવુ બહુ મુશ્કેલ છે અને સાધારણ બુદ્ધિમા તો એ વાત પેસી જ શકે એવી નથી કૉંગ્રેસના ભવ્ય મડપમા ભવ્યતાથી દેશને કૉંગ્રેસને અને કૉંગ્રેસના ધ્યેયને વફાદાર રહેવાની શિક્ષા આપનાર પ્રજાના આ નાનીતા નયોવૃદ્ધ દેશનાયક ત્યા હોવા છતા સ્થિતિ કેમ વિપરીત થઈ હશે એનો ઉત્તર દેશ શા માટે ના માગી શકે ?

૩

આ બે ઉપરાન્ત ત્રીજી સસ્થા કાઉન્સીલ ઑફ સ્ટેટ નામની મૉંટેગુ-ચેમ્સફર્ડના રીપોર્ટમા સૂચવ્યા પ્રમાણે ઉભી કરવામા આવશે રીપોર્ટની સૂચના પ્રમાણે આ કાઉન્સીલમા બધા મળીને પચાસ સભ્યો હોવા જોઇએ અને તેમની નિમણુક પ્રાન્તિક ધારાસભાના સભ્યો તરફથી થવી જોઇએ કમિટી સૂચવે છે કે આ સભ્યો ગવર્નર જનરલ સાથે મળીને સત્તાવન સભ્યોની થાય અને પ્રાતિક ધારાસભામા બીનઅધિકારી સભ્યો તરફથી એ સભાસદોની ચુટણી થાય

અને જણાવવાની જરૂર છે કે દેશના વિચારશીલવર્ગના મ્હોટા ભાગે આ સસ્થાની અગત્ય સ્વીકારી નથી અને એની ઉપયોગિતા કોઇને પણ જણાઇ નથી કમિટિએ આ વાતપર જોઇએ તેટલુ લક્ષ આપ્યુ નથી એ શોકની વાત છે

કમિટીની આ સૂચનાઓ હિન્દી સરકાર એકદર રીતે સ્વીકારે છે પરન્તુ તેમા કેટલાક ફેરફારો સૂચવે છે એમના અભિપ્રાય પ્રમાણે દેશી રાજ્યોની પ્રજાને ચૂટણી કરવાનો કે ચૂટણીમા ઉભા રહેવાનો હકક આપવો જોઇએ નહિ મિલ્કતના ધોરણશિવાય ચૂટણીનુ બીજુ ધોરણ હોવુ જોઇએ નહિ મદ્રાસના મતાધિકારીની સખ્યા વધારી, બગાલ, સંયુક્ત પ્રાતો, ને આસામ વિગેરેનાની સખ્યા ઓછી કરવી પછાતવર્ગના લોકોના લાભ બરાબર સચવાયા નથી માટે કેટલાક પ્રાતોમા તો વધારો થવો જોઇએ યુનિવર્સિટિઓને અનાહેદો હકક આપવાની જરૂર નથી અને મદ્રાસ, પજાબ, આસામ વિગેરેના જમીનદારો સબન્ધમા ફરી વિચાર કરવો જોઇએ મુસલમાનો માટે એકદરે વ્યવસ્થા ઠીક છે તો પણ બગાળામા ૩૪ ને ઠેકાણે ૪૪ ની સખ્યા કરી, મદ્રાસના બ્રાહ્મણેતર વર્ગ માટે મુસલમાનોની ૬૧ જગ્યા માંથી ૩૦ જગ્યા રોકવી તેવી જ રીતે મુબાઇમા મરાઠાઓ માટે શો વધુ કરવા મુબાઇ સરકારને પુછવુ વડી ધારાસભા તથા કાઉન્સિલ ઑફ સ્ટેટ માટેની હિન્દી સરકારની સૂચનાઓ ખાસ અગત્યની નથી

ઉપર પ્રમાણે મતાધિકાર નિશ્ચિત કરવા માટે નિમાયલી કમિટીના રીપોર્ટનુ આ ટુકુ દર્શન છે લોકશાસન શુ છે અને એ જવાબદારી લેવા હિન્દની પ્રજાની તૈયારીઓ શુ શુ છે એ સૌ હિન્દનો ભાવિ ઇતિહાસ વધારે સચોટ રીતે કહી આપશે આપણે એ જ ઇચ્છીશુ કે કમિટીઓના રીપોર્ટો ઉપરથી પાર્લમેન્ટમા રજુ કરવામા આવનાર ખરડો વધારે લોકશાસક પ્રેરક બને અને હિન્દની પ્રજાને પોતાનો ઇતિહાસ અને પોતાનુ જીવન ઘડવાનો અનેરો પ્રસગ આપે પરન્તુ આ બધા પછી—આ ચુટણીઓ થયા પછી ધારાસભાઓમા લોકનાયકોના વિશાળ સમૂહ પછી પણ એ પ્રતિનિધિઓને કાયદાઓ ઘડવામા અને દેશનાજીવન ઘડવામા જે અધિકારો આપવામા આવશે તેપર જ હિન્દના કલ્યાણનો વિશેષ આધાર રહેશે આ કમિટી સાથે સરકારના હસ્તક ક્યા વિષયો રાખવા અને પ્રજાને કયા રીતે વ્યવહાર કરવા કયા સોપવા એ નક્કી કરવા માટે નિમાયલી બીજી કમિટીની સૂચનાઓ, હિન્દી સરકારો એ સૂચના સ્હામેનો વિરોધ અને નામદાર સર વ્હેરન આયર એક બગાલી હિન્દી હૃદયથી લખેલી જુદી નોંધ—એ સૌનો વિચાર કરવો

[1] નીતિદર્પણ ૨ ૦—૮—૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુબાઇ

પણ બહુ આવશ્યક છે એ વિષયની ગહનના અતિ ઉંડી છે, છતા પણ રહેતુ ટુક દર્શી આગળપર વાચકો સમક્ષ રજુ કરીશુ

કમિટીની સૂચનાઓ મોગી અને અતિ અસતોષકાર હોના છતા પણ હિન્દી સરકારની તે વિરૂદ્ધની સૂચનાઓ તો હિન્દને તદ્દન પાછળ જ મૂકી દેવાની વાત કરનારી અને હિન્દની પ્રજાને તો એ કેવળ અસ્વીકાર્ય જ છે જેર જુલમથી કે, પ્રજાની અનિચ્છાથી દાબન ચલી રાજ્ય વ્યવસ્થા પરિણામે નિષ્ફળ જ નીવડે છે એ રાજનીતિના સિદ્ધાન્તોને સ્હમજનારાઓને સમજાવવાની શુ હજી પણ જરૂર રહી છે ખરી? કે આશ્ચર્ય થાય છે કે હિન્દી તેના આત્મનિર્ણયના અધિકારો અને તેના વિશાળ પ્રમાણમા આપવાના વિચારો અનેક વખતે દર્શાવવા પછી પણ હિન્દી સરકાર આટલી બધી આનાકાની અને મમત્વ ધારી રાખે છે હિન્દની અમૂલ્ય સેવાઓ પછી પણ હિન્દની બ્યુરોક્રસી કેટલા બેગરી અને કેટલી ઉદાર તાથી હિન્દીજનોને નવાજે છે તેના દ્રષ્ટાન્તો દેશનો વર્તમાન ઇતિહાસ જોનાર પાસે પ્રત્યક્ષ ઉભા છે દ્રષ્ટાન્ત તરીકે રાઉલેટ બીલ જેવા ભયકર અને સુધરેલી પ્રજાને પણ શરમાવે કે જેથી મનુષ્યના હક્ક પણ ભલુતી ઉંડે તેના બીનો હિન્દી પ્રજાને શિર પહેરાવી દેવા અને પરિણામે દેશમાં દેશના દુર્ભાગ્યે ચોતરફ અશાન્ત જીવન ઉભુ કરવુ વિગેરે આપણે માટે ઓછુ કમનસીબ નથી અમે તો અંત કરણથી એ જ ઇચ્છીએ છીએ કે હિન્દીઓને અને એમના હૃદયો જીતવા માટે પ્રેમ અને વિશ્વાસ જરૂરના છે તેટલી જરૂર બીજા કોઈની નથી કમિટીઓની બીજી સૂચના સ્હામે હિન્દી સરકારની સૂચના વધારે બેગભરી, ઉદાર અને રાજનીતિના ઉદાત્ત ભાવોથી ભરિત હોત એવુ અમ્હે ઇચ્છીએ છીએ પણ સ્થિતિ ઉલટી બની અને સર શકરન નાયર જેવા ભારતના નરરત્નને એ સૂચનાઓ સ્હામે મહા વિરોધ ઉઠાવવો પડ્યો એ સરકારને માટે તો ખરેખર વિચારવા જેવુ જ છે સરકારના રાજકારોબારમા હિન્દીજનો સહયોગ કરે અને વખત જતા બ્યુરોક્રસીની આપખુદ સત્તા સામે સર શકરન નાયર જેવાઓએ પોકાર ઉઠાવવો પડે કે લોકના પ્રતિનિધિનેતાઓએ ધારાસભામાથી રાજીનામા આપવા પડે એનો અર્થ ન્હાનો સુનો નથી અમ્હે સર શકરન નાયરના અભિપ્રાય સાથે સમત છીએ–દેશ સમસ્ત એ સાથે એક છે અને આ વીર પુરુષના નિડરતા માટે દેશ સમગ્ર એમનો ધન્યવાદ આપે છે

ધારણા પ્રમાણે હિન્દી સુધારાનુ બીલ આવતા માસમા એટલે જુનમાસની શરૂઆતમા બ્રિટિશ પાર્લમેન્ટ પાસે રજુ કરવામા આવશે આપણા દેશના આગેવાની ગણાતા વયોવૃદ્ધ દેશ નાયકો આ પ્રસગે ઇગ્લડમા છે એ શુભ ચિહ્ન છે અને આપણે પુરો વિશ્વાસ રાખી શકીશુ કે જે ઉદાત્ત દેશપ્રેમથી આ નાયકો ઇગ્લડ ગયા છે તે ભાવથી બ્રિટનની પ્રજા પાસે હિન્દના સર્વ સાધારણ હકકોની પરપરા એ રજુ કરશે, અને સામ્રાજ્યના એક પરમ અગ તરીકે હિન્દનો સ્વીકાર કરવાની અગત્ય જણાવશે સામ્રાજ્યને માટે આ સમય અને આ પ્રસગ જેવો કટો કટીનો છે તેવો અમ્હારે સ્પષ્ટતાથી કહેવુ જોઈએ કે હિન્દ અને બ્રિટનના ઈતિહાસમા કદિ ઉભો થયો નથી પોતાનુ આત્મગૌરવ સાચવવાનો આ મહાન પ્રસગ બ્રિટન જેવા દેશે શુ? હિન્દ એ ઝીણવટથી તપાસે છે સામ્રાજ્યના ચિરસ્થાયીપણાનો આધાર આ પ્રસગે બ્રિટન હિન્દને કેવો ન્યાય આપે છે અને કેટલા અધિકાર આપી તેના જીવનને સ્વાતત્ર્ય અર્પે છે એ ઉપર જ રાખે છે

ગુનામગિરીનો ગજબ રૂ. ૨-૦-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુબાઇ.

નામદાર આગાખાનકૃત 'હિન્દમાં સંધિકાળ.'

લેખક—પ્રો. હરિલાલ માધવજી ભટ્ટ, બી. એ.

છેલ્લાં બે વર્ષમાં હિન્દનું રાજકીય વાતાવરણ તોફાની બન્યું છે. વર્તમાન વિગ્રહને લીધે ઘણી બાબતોમાં દુનિયા નવા દૃષ્ટિબિન્દુથી જોવા લાગી છે અને તેની અસર હિન્દ ઉપર થયા વગર રહે જ નહીં. આ નવા દૃષ્ટિબિન્દુનો હિન્દની હાલની ચાલતી રાજ્ય પદ્ધતિની સાથે સમન્વય કરવો એ રાજ્યનીતિનું મહત્ત્વનું કામ થઈ પડ્યું છે. બ્રિટિશ રાજ્યકારોબારી મંડળ જે આજ સમયમાં અધિકારને મોખરે છે તેમણે એ ફરજ સ્વીકારી છે અને તેના જાહેર સમર્થનમાં બ્રિટિશ પાર્લમેન્ટે હિન્દી પ્રધાનને મુખેથી જણાવ્યું છે કે હિન્દમાં બ્રિટિશ રાજ્યનીતિનું સૂત્ર ધીમે ધીમે પણ નિશ્ચિત પગલાં ભરી દેશને જવાબદાર રાજ્યતંત્રના માર્ગપર મૂકવાનું છે અને તેને માટે કેવાં પગલાં ભરવા યોગ્ય થશે એ સંબંધે હિન્દી પ્રજાના અભિપ્રાય જાણવા તથા તેની ચર્ચા કરવા મિ. હિન્દી પ્રધાન હિન્દમાં આવી નામદાર વાઇસરાયની સાથે મળીને પ્રજાના પ્રતિનિધિઓના વિચારો સાંભળશે અને તેમની સાથે રૂબરૂ મસલત ચલાવશે. આ પ્રસંગ હિન્દને માટે અતિ મહત્ત્વનો હતો એ નિઃસંશય છે અને તેવે વખતે હિન્દના હિતને માટે આમરણાંત પ્રયત્નશીલ, સમર્થ બુદ્ધિશાળી નેતાઓ, દાદાભાઈ, ફિરોઝશાહ, ગોખલેની સેવાની હિન્દને ખોટ પડી હતી એ દેશનું દુર્ભાગ્ય જ હતું. આ પ્રસંગનું મહત્ત્વ સમજી તેવે પ્રસંગે દેશના પ્રામાણિક બળોને મોખરે ઉભા રહી તેને દોરવાનું કામ કરવાનો લ્હાવો લેવાનો નામદાર આગાખાને મનસુબો કર્યો પરંતુ તે વખતે તેઓ દુઃખદ અને થકવી નાખે એવા મરજના ભોગ થઈ પડ્યા હતા અને જે નામાંકિત સર્જ્યનોની તેમણે સલાહ લીધી તેઓએ જણાવ્યું કે આ સ્થિતિમાં તમે હિન્દ પાછા ફરશો તો મુંબઈ પહોંચતાની પખવાડીયાની અંદર તમને સખ્ત વ્યાધિ થઈ આવી બિછાને પડવું પડશે એટલે જે જાતની દેશસેવા કરવાનો તમારો મનસુબો છે તે પાર પડી શકશે નહીં પણ જો અમારૂં કહ્યું માની હમણાં વાઢકાપ કરાવી અમારા કહ્યા પ્રમાણે દવાદારૂ કરશો તો ૭ માસમાં તમે પાછી તમારી તન્દુરસ્તી મેળવી શકશો. આથી કુદરતી રીતે તેમને ઘણી નાસીપાસી થઈ પરંતુ ડાક્તરોની રજાથી અને મિત્રોની સલાહથી તેમણે પોતાના આરામનો સમય આ પ્રસંગે હિન્દના રાજ્ય-બંધારણને દુનિયાના બીજા સુધરેલા દેશોના રાજ્યબંધારણ સાથે એકરૂપતામાં લાવવા માટે શું શું આવશ્યક છે તે સંબંધી પોતાના વિચારોને લખી કાઢવામાં ગાળ્યો અને પ્રસ્તુત પુસ્તક તેના પરિણામ રૂપે બહાર પડ્યું છે. એ પુસ્તકની અંદર નામદાર આગાખાનની ઉન્નત વિચારશ્રેણી, તેમનો વિશાળ અનુભવ અને હિન્દ માટેની તેમની ખરા હૃદયની ઊર્મિ નજરે પડે છે. ઇતિહાસ એ રાજ્યનીતિ શીખવાની શાળા છે એ સૂત્રની સાબીતિ આ પુસ્તકમાં ઠેકાણે ઠેકાણે નજરે પડે છે અને સ્વરાજ્ય અને સ્વતંત્રતા માટે ખાસ મનુષ્યના 'જન્મ-સિદ્ધ હક' ઉપર લીન ચનાને મ ને તેમ ઇતિહાસની સાક્ષીથી કેટલું મહત્ત્વનું સમર્થન

થાય છે એ આ પુસ્તક ઘણી અચ્છી રીતે બતાવી આપે છે એ દરે હિન્દના રાજકીય પ્રશ્નોના નિરાકરણમાં આ પુસ્તક અતિ મહત્વનુ ગણાય એ નિર્વિવાદ છે અને તેથી તેનુ દષ્ટિબિન્દુ લક્ષમા આવે એ હેતુથી એ પુસ્તકની વિચારશ્રેણીના મુખ્ય અશો અહીં ઉતારવાનો આરાદા રાખવામા આવ્યો છે

હિન્દના રાજકીય પ્રશ્નોનો વિચાર કરતા પ્રથમ આપણે હિન્દી જનસમાજના બધારણનો વિચાર કરવો જરૂરનો છે હિન્દી સમાજનો મૂળ પાયો હિન્દુધર્મના અનુયાયીરોપર રચાયો છે કે જે ભીલ વગેરે કેટલીક જગલી જાતિઓ બાદ કરતા, આ દેશના જુનામા જુના વતનીઓ ગણી શકાય તે પછી સાતમા સૈકાથી મુસલમાનોના મોજા ઉપર મોજા સિન્ધને માર્ગે દેશ ઉપર આવવા માડ્યા અને આજે તેમની સખ્યા સાડા૭ કરોડની થવા જાય છે ૧૬ સ ના તેરમા સૈકાથી યુરોપીય સસ્કૃતિના પ્રતિનિધિઓ આ દેશમા દાખલ થયા અને તેમણે ધીમેધીમે રાજકીય સત્તા જમાવી યુરોપીય સસ્કૃતિના મુખ્ય અગો જેવા કે કુદરતનો ગૂઢ અભ્યાસ, વ્યાપારઉદ્યોગમા યાત્રિકશકિતઓનો ઉપયોગ, વળી નાની નાની મુડી એકઠી કરી તેનો આર્થિક ઉપયોગ કરવો વિગેરે પ્રવૃત્તિઓ દેશને શીખવી અને છેવટે પ્રજાના નાના સમૂહને ખ્રિસ્તિ ધર્મનો અનુયાયી બનાવી આ પાશ્ચિમાત્ય સસ્કૃતિના બીજ તેમનામા વાવ્યા છે તે ઉપરાત દેશમા વસવાટ કરી રહેલા યુરોપીયન અને યુરેશીયનો આ પાશ્ચિમાત્ય સસ્કૃતિના સીધા અને કાયમના પ્રતિનિધિઓ છે વળી દૂરના પૂર્વના દેશો ચીન અને જાપાનની અસર પણ હિન્દી સમાજઉપર થઈ છે ઓગણીસમી સદીના મધ્યમા હિન્દનો બ્રહ્મદેશ સાથે સબધ શરૂ થયો અને તેને પરિણામે એ સદી પુરી થયા પહેલા એ દેશ હિન્દનો એક ભાગ બન્યો છે હિન્દ સાથેની રાજકીય ગાઠ છુટી પાડવાની કયારેક કયારેક સૂચના કરવામા આવે છે પણ તે દીવસે દીવસે વધારે અવ્યવહારૂ થતી જાયછે આ પ્રમાણે હિન્દ આજુબાજુના નબળા દેશોને આવરી પોતાની અસર નીચે લાવતુ જાયછે

આ વૃદ્ધિની ક્રિયા માત્ર પૂર્વમા બ્રહ્મદેશને જ લાગુ પડીછે એમ નથી વાયવ્ય ખણામા બલુચિસ્તાન જેવો ખાસ મુસલમાની દેશ પણ મનષ્ય સત્તાથી વિગેરે જોરાવર બળોને લીધે હિન્દની સરહદની અદર આમેજ થયો છે અને અરેબીયન સમુદ્ર વિધીને પેલી પાર આદન અને ઇરાની અખાતના કાંઠા પરના નાના નાના સસ્થાનો હિન્દી સરકારની આમન્યા નીચે આવેલ છે આ ખાસ મુસલમાની અને પરદેશી રાજ્યસત્તાઓ પણ વિશાળ અર્થમા હિન્દી કહી શકાય અને આદન કે લાહેજના રહેવાસીઓના રાજકીય વિચારો કરાચી કે જજીરાના વતનીના વિચારોથી બહુ ભિન્ન માલમ નહીં પડે

તેમ આ વૃદ્ધિની ક્રિયાની હવે હદ આવી છે એમ પણ નથી એથી ઉલટુ દબાણે સ્થાપેલા હિન્દના સામ્રાજ્યથી હિન્દની સસ્કૃતિની અસર આસપાસના મુલકોમા કુદરતી રીતે જેટલે અશે ફેલાઈ શકે તેમા અકુદરતી અટકાવ મુકવામા આવ્યો છે કેટલા કાયમમા બ્રિટિશ પરદેશની રાજ્યનીતિ ઉપર હિન્દની જેટલી અસર થઇ છે તે ઇ ના ઓગણીસમી સદીમા એ અસર ગોધી અને આક્રમણ ગીજ ને રીતે ઓળખી હતી અને તેને પરિણામે ઈરાની અખાતમા બ્રિટિશ

પારદેશિક રાજ્યનીતિનું સુત્ર ઇરાનની સ્વતત્રતા અને મેસોપોટેમીયા અને પૂર્વ અરબસ્તાન ઉપર ટર્કીનુ આધિપત્ય જાળવવાનું હતું આથી હિન્દી વ્યાપાર અને હિન્દી રાજકીય તાનાવ ઘુની અસર હિન્દની પૂર્વમા આવેલા આછી વસ્તીવાળા દેશોમા ફેલાઇ શકી નથી પણ જો મુગલ શાહેનશાહત પડી ભાગી ન હોત અથવા તેના પછી આખા હિન્દપર સમર્થ સયુક્ત હિન્દુ સામ્રાજ્ય સ્થપાયુ હોત તો ઇરાની અખાતના કાઠા ઉપરના મુલકોને હિન્દના આધિપત્ય નીચે ક્યારના એ લાવવામા આવી ગયા હોત એ બિનાની કોઈ પણ શંકા કરી શકે ? આ હિન્દની વૃદ્ધિની ક્રિયા કોઇ પણ જાતના કોનગ્રેસ કે રાજકીય વાતાવરણથી અગળી રહે તેમ છે જ નહીં બીજુ ગમે તે થાય, અને ગમે તે સત્તાનો વાવટો હવે પછી બગદાદ કે બસરા ઉપર ફરકે પણ હિન્દી સસ્કૃતિ, હિન્દી વ્યાપાર અને હિન્દી પ્રજાનો વસવાટ એ મેસોપોટેમીઆ, ઈરાન અને અરબસ્તાનમા વધારે ને વધારે જોર પકડશે આથી હિન્દમા મુસલમાનોનુ મહત્ત્વ વધશે અને તે સાથે જે દેશો એકલા મુસલમાની ગણાય તેમા હિન્દુ અસર વધારે પ્રમાણમાં અમિજ થવાથી હિન્દના હિન્દુ અને મુસલમાનોના એખલાસમા વધારો થશે

આ વૃદ્ધિ માત્ર એશિયામા જ થવાની એમ પણ નથી બ્રિટિશ અમલના આગમન પહેલાથી પૂર્વ આફ્રિકાના કિનારાના મુલક સાથે હિન્દને વ્યાપારનો અને દરીયાઇ સફરનો સબધ હતો. પ્રાચીન યુગમા ગ્રીક વ્યાપારીઓએ દક્ષિણ ફ્રાન્સ અને ઇટલીમાં પોતાના વ્યાપારી થાણા સ્થાપ્યા હતા તેવી જ રીતે અઢારમી સદીના અતમા હિન્દી વ્યાપારીઓનુ થાણુ પૂર્વ આફ્રિકાના કિનારા ઉપર સ્થપાયેલુ હતુ ઓગણીસમી સદીમા આ થાણાવાસીઓ કિનારાપરના અને જગબારના સુલતાનના વિશાળ મુલકમાં નવો સુધારો ફેલાવવામા અગ્રણી હતા અને જ્યારે એ વિશાળ મુલક ઇગ્લાડ જર્મની અને ઇટલીએ વહેંચી લીધા ત્યારે આ હિન્દી સસ્થાનિકે કુદરતી અને અનિવાર્ય કારણોને લઇને તે સુધરેલી યુરોપીય સરકારોને સ્તભ જેવા, રાજ્યકારભાર અને વ્યાપારમા સરકાર અને પ્રજા વચ્ચેના મધ્યસ્થ તરીકે થઈ ઉભા બ્રિટિશ પૂર્વ આફ્રિકાની રેલ્વેઓ હિન્દી મજુરોએ બાધી છે અને તેનુ શાસ્ત્રીય અને ઔદ્યોગિક કામ જેમાં યુરોપીયન બુદ્ધિ અને કુશળતાની જરૂર ન હોતી પણ જે ત્યાની આફ્રિકન જાતિની શક્તિની બહાર હતુ તે બધુ હિન્દીઓએ કર્યું છે તે જ પ્રમાણે ઉત્તરમા અફઘાનિસ્તાન અને ટિબેટમા પણ હિન્દી જીવનના પ્રવાહો જાણે કુદરતી બળના જોરથી હોય નહી એમ પેસે છે અને એ દેશોને હિન્દની તરફ આકર્ષે છે

આ પ્રમાણે જો આપણે થોડા જ સમય-વધારે કે એક કે બે દાયકા-પછીના ભવિષ્યનો વિચાર કરીએ તો આપણને લાગશે કે તેટલા અરસામા હિન્દના આર્થિક વ્યાપારી અને બુદ્ધિવર્ધક બળોની અસર હિમાલયની દક્ષિણે આવેલા અને સમુદ્રથી વિટળાયેલા વિભાગમા જ સમાઇ ન રહેતા તે પશ્ચિમમા આદનથી મેસોપોટેમીયા, ઇરાની અખાતના બન્ને કાઠાથી તે ખુદ હિન્દમા, હિન્દની આરપાર થઈ પૂર્વમા બ્રહ્મદેશ અને મલાયા દ્વીપકલ્પ સુધી, દક્ષિણે નાતાલથી ઉત્તરે બોખારા સુધી અને ટિબેટથી સિંગાપોર સુધી સર્વ પ્રદેશોમા ફરી વળશે આ દેશોના

મોટા સમૂહને દક્ષિણ એશિયાનું સયુક્ત રાજ્ય (*South Asiatic Federation*) કહેવામાં આવે તો ખોટુ નહીં કહેવાય અને આવા સયુક્ત રાજના મધ્યબિન્દુ અને આધાર તરીકે હિન્દ ગ્હેરો

આ પ્રમાણે હિન્દી સવાલને તેના વિશાળ દૃષ્ટિબિન્દુથી આપણે અવલોકીએ તો તેમા ૪૦ કરોડની માણસ જાતના શ્રેયનો સમાસ થાય છે અને તેમા આરબ, અને બ્રહ્મા, ગીએગી અને મિગાની, અફઘાન અને બગાની, મરાઠા અને મનાથી જેવી ઘણી જાતોનો સમાવેશ થાય છે આ બધી જુદી જુદી જાતો અને હજારો નાના નાના સસ્થાનો અને રાજ્યસત્તાઓ વચમા એકની એક યુરોપીય સત્તા જેણે ન્યાય અને વ્યવસ્થા માટે પોતાનો હક સાબીત કર્યો છે તે અગ્રજી સત્તા છે એટલે એ સત્તાની બાહેનરી નીચે આ બધા રાજ્યો, સસ્થાનો, મુલકોની એકત્ર સયુક્ત સસ્થા સ્થપાય એ અત્યારે જગતના રાજકીય મહા પ્રશ્નોમા અગ્રનુ સ્થાન ધરાવે છે અને તેના માટે એ પ્રશ્નની વિગતવાર ચર્ચા આ પુસ્તકમા ઉપસ્થિત કરી છે

અર્વાચીન ઇતિહાસ જે એક બાબત સ્પષ્ટપણે સાબીત કરે છે તે એ છે કે જે દેશમા રાજસત્તા ભોગવનાર વર્ગ લોકવર્ગના મોટા સમૂહની ઉન્નતિનુ કાર્ય ધીમે ધીમે પણ નિશ્ચિત રીતે કરે નહીં અને તેથી કરી રાજ્યની ઇમારતનો પાયો વિશાળ અને ઉંડો એટલે કે સમગ્ર પ્રજા વર્ગ ઉપર રચ નહીં તે દેશ વર્ષોના વર્ષો સુધી અધાધુધી અને અવ્યવસ્થાને પાત્ર બને છે અને કદાચ વિનાશ પણ પામે છે રશિયાનો ઇતિહાસ જુઓ, ટર્કિનો દાખલો જુઓ ચીનનો દાખલો જુઓ, એ ત્રણે દેશમા જો પ્રજાને અજ્ઞાનના અધારામાથી બહાર કાઢી, રાજ્યકારભારમા ભાગ લેતી કરવાની શરૂઆત વીસ વર્ષ વહેલી કરવામા આવી હોત તો એ દેશોની આજની સ્થિતિ આવત? આથી ઉલટા દાખલા પણ છે કે જ્યા ડહાપણશાળી અને સ્વદેશપ્રેમી અમીર વર્ગે બુદ્ધિમાન સ્વદેશી રાજકર્તાની સાથે સહકાર રચી પ્રજાના દરેક વર્ગના લાભ અને સ્વાર્થોને એવા ગુથી દીધા છે કે પ્રજાપક્ષના આગેવાનો રાજ્યના સ્તભ થઇને ઉભા છે આ દાખલો આપણે જાપાનમા જોઇએ છીએ

ઐતિહાસિક કારણોથી હિન્દ અને તેની આસપાસના રાજ્યો અને પ્રજાઓના ભવિષ્યની છેવટની જવાબદારી ઇંગ્લાડને સોંપાઇ છે અને જો તે આ કામમા ફત્તેહમદ ન થાય તો દક્ષિણ એશિયા મનુષ્યજાતિ ઉપર આવી પડેલી એક મહાન આફતનુ ક્ષેત્ર થઇ પડશે એ નિ સશય છે હાલનો રશિયાનો ઇતિહાસ બતાવી આપે છે કે હિન્દના ભવિષ્યને માટે જેઓ જવાબદાર છે તેઓ 'ચાલે છે તેમ ચાલવા દો' એવી માન્યતા નીચે પ્રજાના મોટા વર્ગને પોતાની ફરજો અને હકોનુ જ્ઞાન આપી સમાજ તરફની પોતાની જવાબદારી શીખવશે નહીં તો તેઓ ભયકર જોખમ ખેડશે

વળી આધુનિક ઇતિહાસના આ શિક્ષણ ઉપરાત, આતર કારણો તેમ જ હિન્દની પડોશના રાજ્યો અને સસ્થાઓમા હસ્તિ ધરાવતાં બળો એવી જાતના છે કે અત્યારની રાજ્યનીતિ

આગીવાસ્નાતાગો (સચિત્ર વાર્તા સગ્રહ) રૂ ૨-૦-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુબાઇ.

ચાલુ રાખવાથી પરિણામે હિન્દ અને ઈગ્લાંડના હકમા ગંભીર નુકસાન થયા વગર રહે કે નહીં આમાના કેટલાકની આપણે ટુકી તપાસ કરીએ

આ કારણોમા સરથી પ્રથમ બાબત તો એ છે કે, ઈ સ ૧૯૧૪ ના છેલ્લા ગાળા સુધી એશીયા અને આફ્રિકાવાસીઓ વિરુદ્ધ યુરોપીયન ગોરા લોકની એકતા એ યુરોપીય રાજ્યનીતિના સૂત્રનો પાયો હતો આ એક નાનો દાખલો માગે આશય સ્પષ્ટ કરવા બસ થશે હિન્દમા સરકારી બ્રિટિશ અમલદાર વર્ગ અને ગોરી વેપારી આલમ બન્ને 'યુરોપીયન' ઉપ નામથી ઓળખાતા અને સામાન્ય રીતે રાજ કરનાર અને જેનાપર અમલ ચલાવવામા આવે છે તે વચ્ચેનો ફરક 'યુરોપીયન' અને 'દેશી' અથવા થોડા વખતથી જરા વધારે સારૂ નામ વપરાય છે તે લઈએ તો 'હિન્દી' શબ્દોથી દર્શાવાતો જર્મન ફ્રેંચ, ઈટાલીયન વેપારી કે ધર્મપ્રચારક બ્રિટિશ અમલદારો અને વેપારીઓ સાથે સામાજિક સહવાસમા આવતા અને જાણે એક જ રાજકર્તા યુરોપીઅન કુટુમ્બના સભાસદ હોય તેમ સઘળા હક ભોગવતા પણ વર્તમાન વિગ્રહે આ એકતાને નષ્ટ કરી છે જર્મન અને ઑસ્ટ્રીયન વેપારી કે ધર્મપ્રચારકને હિન્દમા કેદ કરવામા આવ્યો છે અથવા તેમને સ્વદેશ પાછા વાળવામા આવ્યા છે દૂરના ગામડાઓમા પણ ખબર પહોંચ્યા છે કે આપણા દેશી લશ્કરે યુરપના રણક્ષેત્રપર ગોરા લશ્કર સામે બાથ ભીડી છે અને હાથોહાથ લડાઈ કરી છે આ પ્રમાણે લાંબા વખતથી મનાતી આવેલી જાતીય ઉત્કૃષ્ટતાની ભાવના નષ્ટ પામી છે અને તેને બદલે બ્રિટિશ શહેનશાહત નીચે જે બધા એક જ વાવટાને નમતા હોય તેઓ વચ્ચે એખલાસ અને મિત્રતા જામવા માંડી છે

આ એખલાસ પૂરેપૂરો જામે તેને માટે યુદ્ધમા કુશળતા અને વિગ્રહનાની એ બે સિદ્ધાંતો ઉપર આધાર રાખવો જોઈએ પણ એ તો સર્વાનુમતે કબુલ થઈ ચુક્યુ છે કે આ વિગ્રહમા હિન્દે પોતાના શહેનશાહ અને સામ્રાજ્ય તરફ બતાવેલી વફાદારી બીજા કોઈપણ કરતા ઉતરતી નહતી લડાઈમા ઉતરેલા કોઈપણ દેશમા, ખુદ ઈગ્લાંડ કે જર્મનીમા પણ હિન્દની કાયદાને અધીન પ્રજાના પ્રમાણમા અરાજકતા અને હિંસાના પરમાણુઓ એટલા ઓછા ન હતા જે નાનાં અને નજીવા મંડળોએ સામ્રાજ્યની મુશ્કેલીને પ્રસંગે દેશમા તોફાન જગાડવાના પ્રયત્ન કર્યા તે માત્ર સમુદ્રમા એક ટીપા બરાબર હતા અને બધા વર્ગના લોકો ઈગ્લાંડને તેની મુશ્કેલીને સમયે મદદ કરવા બહાર પડ્યા હતા એટલું ખરૂ કે લશ્કરી ભરતીમા આવતા માણસોની સખ્યા દેશની વસતની કુલ સખ્યાના પ્રમાણમા ટુંકી છે પણ તે કઈ વફાદારીની ખામીને લીધે નહીં પણ હિન્દની લશ્કરી જરૂરીયાતના પ્રકરણમા બતાવીશ તે પ્રમાણે ઐતિહાસિક, સામાજિક અને રાજકીય કારણોને લીધે છે તદ્દન પરદેશી સત્તાના અમલ **નીચે વસનાર કોઈ પણ પ્રજાએ વફાદારીને કારણે હિન્દના જેટલા આત્મભોગ આપ્યાનો ઇતિહાસમા બીજે કયાય દાખલો મળી શકશે?**

આમ હિન્દની વફાદારી હવે ઐતિહાસિક હકીકત બની છે અને જો કે ઈગ્લાંડના દુશ્મનો એ હકીકતનો અર્થ સમજતા નથી છતા તેનુ કારણ સ્પષ્ટ અને સહેલાઈથી સમ-

જાય તેવુ છે જો કે પરદેશીઓને હિન્દ એ એક જીતાયનો દેશ લાગે છતાં હિન્દમા બ્રિટિશ અમલ હિન્દીઓની મદદથી એટનો બધો ધીમે પ્રસર્યો છે અને જીત તથા રાજ્યકારભાર એટલા લાંબા વખતથી બ્રિટિશ બુદ્ધિ અને અને હિન્દી હાથના સહકારથી ચાલેલ છે કે સામાન્ય હિન્દીને પોતાનો દેશ પરદેશી સત્તા નીચે છે એવી લાગણી થતી નથી એ લાગણીના પ્રથમ દર્શન જ્યારે તે ઇંગ્લાડના સ્વરાજ્ય ભોગવતા સસ્થાનોમા જાય છે ત્યારે તેને થાય છે જો કે તેઓએ પણ હવે વધારે ઉદાર રાજ્યનીતિ અખતિયાર કરવાનો ઠરાવ કર્યો છે આ હિન્દી વફાદારીની લાગણી ચાલુ રહે તે માટે જરૂરનું છે કે અમલ ચલાવવાની પદ્ધતિમાં ફેરફાર દાખલ કરી પ્રજાને પોતાના દેશના અમલ ઉપર કાબુ રાખવામા વધારે ને વધારે હક બક્ષવા આંતર અને બાહ્ય ઘણા બળોને પરિણામે અત્યારે ખાસ કરીને શિક્ષિત હિન્દીઓ પોતાના દેશના રાજ્યકારભારમા હિસ્સો ધરાવવાની જરૂરની વાસ્તવિકતા સમજવા લાગ્યા છે

હવે આપણે હિન્દની સરહદ ઉપર આવેલા દેશોનો દાખલો લઇએ તો તેઓમાથી કેટલાક અમુક પ્રકારનુ સ્વરાજ્ય ભોગવતા હતા અને કેટલાક સ્વતંત્ર રાજ્ય હતા દાખલા તરીકે મેસેપોટેમીયાનો દાખલો લઇશુ તો જણાશે કે ટર્કીશ અમલ નીચે રાજસત્તા અને પ્રજા વચ્ચે સમાનતા હતી અને તે પ્રાન્તને ટર્કીશ પાર્લમેન્ટમા પોતાના સભાસદો મોકલવાનો બીજા પ્રાન્તો જેટલો જ હક હતો હવે જ્યારે એ પ્રાન્ત બ્રિટિશ મુલક બનશે ત્યારે તેમા માત્ર અમલદારોનો રાજ્યકારભાર દાખલ કરવો અશક્ય છે, અને જો મેસેપોટેમીયામા પ્રજાના સહકારના સિદ્ધાંત ઉપર રાજ્યવ્યવસ્થા કરવામા આવે તો તે જ વખતે હિન્દની સરકાર પ્રજાનો બિલકુલ જવાબદાર ન હોય એ બે વાતને એક બીજા સાથે મેળ નહી ખાય દેશમા અજ્ઞાનનુ પ્રમાણ ક્રમભાગ્યે ઘણુ મોટુ છે અને ખાસ કરી અશિક્ષિત વર્ગમાં વિભાગો ઘણા ઉંડા છે છતા ઉપલા અને વચલા વર્ગમા તો એ અભિપ્રાય સર્વત્ર ફેલાઇ ગયો છે કે હિન્દી રાજ્યપદ્ધતિ હવે વેળાસર પ્રજાના વિશ્વાસ અને સહકાર ઉપર પ્રજાના અભિપ્રાયને જવાબદાર રૂપમા રચાવી જોઇએ

¹વળી જો કે હિન્દી પ્રજાનો ઘણો મોટો ભાગ, ગામડાઓમા વસનાર અજ્ઞાત ખેડુત તથા ઉભડ વસ્તીનો બનેલો છે છતા એ પણ યાદ રાખવાની જરૂર છે કે શહેરમા વસનાર ભણેલ વર્ગની સખ્યા નાના યુરોપીય રાજ્યોની આખી વસ્તીની બરાબર થવા જાય છે ઇ સ ૧૯૧૧ ની વસ્તીગણત્રી પ્રમાણે ૧ કરોડ ૮૫ લાખ ભણેલાઓની સખ્યા હતી અને દર વરસ નિશાળો, પાઠશાળાઓ અને કારખાનાઓ ગામડાના મોટા સગ્રહમાથી મોટીને મોટી સખ્યામા શહેર અને કસ્બાઓ તરફ આકર્ષે છે અર્વાચીન હિન્દનો પરિચય ધરાવનાર દરેક જણ કબુલ કરશે કે અત્યારે શહેરોમા અને દરેક વર્ગમા જે આકાક્ષા સર્વોપરિ છે તે એ છે કે પોતાના દેશના રાજ્યકારભારને એવુ સ્વરૂપ આપવામા આવે કે તે પોતે એક સ્વતંત્ર સામ્રાજ્યના શહેરી તરીકે પોતાનું માથુ સ્વમાન સાથે ઉચુ રાખી શકે અને તે જ વખતે પોતાના દેશના નીચલા વર્ગના લોકને જીવનના ઉચ્ચતર પગથીઆપર ચઢવાનાં સાધન પુરા પાડી શકે

---

¹ સચિત્ર મૂલાક્ષરના પત્તાં રૂ ૦-૮-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુબાઈ

વળી જાહેર મતાનો તરફ હિન્દના દષ્ટિબિન્દુમા પણ મહત્ત્વનો ફેર થયો છે ઘણી વખત અગ્રેજ અમલદારોએ મને જણાવ્યુ છે કે મરહુમ સૈયદ અહમદની મોટી ખોટ છે અને તેની રાજ્યનીતિ હવે નાબુદ થઈ છે મે તેઓને જવાબ આપેલો છે કે એ ખીલાફતની ખોટ અને તેની મુસલમાન તરફની રાજનીતિ આજના વખતમા ચાલશે નહીં જે ગૃહસ્થો આ ગીને વાત કરતા તેઓ માગ આ જમાનાનો અર્થ બરાબર સમજતા કે નહીં એ બાબત મને શકા છે પણ અહીંઆ આ જમાનામા જે નવુ દ્રષ્ટિબિન્દુ પ્રાપ્ત થયુ છે તે મારે સ્પષ્ટ કરવાની જરૂર છે

પચીસ વર્ષ પહેલા સામાન્ય હિન્દી મુસલમાન પોતાને એક સર્વદેશીય ધાર્મિક મડળના સભાસદ તરીકે ગણી, હિન્દમા તો એક નિષ્પક્ષપાતી સરકાર કાયદા નિયમ અને ન્યાય જાળવે છે અને તે સરકારની આમન્યામા પોતે વસે છે એમ માનતો પણ તેની રાજકીય અને જાતીય અગત્યતો તુર્કસ્તાન, ઇરાન, મોરોક્કો અને ઈજીપ્તમા પોતાના સહધર્માનુયાયીઓ સ્વતત્ર રાજ્ય સત્તા ભોગવતા હતા તે બિનાથી મનાતી એ કે તે પોતે મહારાણી વિક્ટોરીયાનુ આધિપત્ય સ્વીકારતો, ત્યા તેનુ રાજકીય સ્વમાન તો કોન્સ્ટાન્ટિનોપલ અને ફેઝના સુલતાન અને તેહરાનના શાહ અને કેરોના ખેદિવથી સતોષાતુ વળી આ સ્વતત્ર મુસલમાનરાજ્યોને બ્રિટિશ સરકારની મોટી મદદ હતી એ બિના તેને નિરતર સતોષ આપતી પરતુ આ એક જમાનાની અદર આખી મુસલમાન દુનિયાની સ્થિતિમા ફેર પડ્યો છે અનિવાર્ય સજોગે નીચે ઉત્તર આફ્રીકાના મુસલમાન રાજ્યો નાબુદ થયા છે ઈરાન ધીમે ધીમે માત્ર ઇગ્લાડ અને રશીયાના લાગવગનો મુલક (*Sphere of Influence*) જેવુ થઈ રહ્યુ છે ટર્કી ધીમે ધીમે જર્મનીના એક તાબાના મુલક જેવી સ્થિતિમા આવી પડ્યુ છે પરિણામ એ થયુ છે કે હિન્દી મુસલમાન અત્યારે બધી તરફ મુસલમાન સત્તાઓને હિન્દી મુસલમાનોની સ્થિતિ કરતા પણ વધારે કફોડી સ્થિતિમા જુવે છે એટલે પોતાની રાજકીય સ્વતત્રતાની આશા અને બને તો બીજા મુસલમાન દેશોને વધારે ઉન્નત સ્થિતિએ પહોચાડવાનો આધાર તે હિન્દ ઉપર જ રાખે છે

બીજી એક બાબત જે ધ્યાનમા રાખવા જેવી છે તે એ છે કે જૂની સ્થિતિમા મુસલમાનો પોતાને હિન્દુસમાજની અદર માત્ર પાચમા ભાગની વસ્તી તરીકે જ જોઇ શકતા હતા ત્યારે અત્યારે નવી સ્થિતિમા, પશ્ચિમ એશીયાના રાજ્યોમા ચાલતી અવ્યવસ્થામાથી જ્યારે દક્ષિણ એશીયાનુ સયુક્ત રાજ્ય બધાશે અને તેના કેન્દ્ર તરીકે હિન્દ રહેશે ત્યારે તે રાજ્યમા હિન્દના ૭ કરોડ પાંચ લાખ મુસલમાનોમા દક્ષિણ ઇરાન મેસોપોટેમીયા, અરબસ્તાન અને અફઘાનીસ્તાનના ૪ કરોડ મુસલમાનો ભળશે અને કૈફતની સખ્યાની વાત બાજુએ મુકી મુલકના દ્રષ્ટિબિન્દુથી જોઇએ તોપણ દક્ષિણ એશીયાના મુસલમાન મુલકોનો વિસ્તાર અગાઉના હિન્દ જેટલો લગભગ થઇ રહેશે એટલે ભવિષ્યના સયુક્ત રાજ્યમાં મુસલમાનો હિન્દુઓની લગભગ સરખા આવીને ઉભા રહેશે

હવે મુસલમાન પ્રજા મૂકી આપણે વિશાળ હિન્દુસમાજ તરફ નજર ફેરવીએ તો તેના શિક્ષિત વર્ગમાં સર્વોપરિ લાગણી એ છે કે જે મહાન વિગ્રહમાં બ્રિટિશ સામ્રાજ્ય જોડાયું છે તે બેલજીયમ અને સર્વિયા જેવા નાના રાજ્યોની સ્વતંત્રતા અને સ્વાધિકાર જાળવવા માટે ખાસ લડવામાં આવે છે તો તેથી આ સૂત્રગર્ભિત રીતે સ્થાપિત થાય છે કે દરેક પ્રજા પછી તે નાની હોય કે મોટી પણ તેને રાજકીય સ્વતંત્રતાનો જન્મથી જ હક છે જે સિદ્ધાંતો મિત્રરાજ્યોની યુદ્ધમાં ઉતરવાની રાજ્યનીતિ ન્યાયી ઠરાવે છે તે સિદ્ધાંતો સર્વત્ર લાગુ પાડવા જોઇએ અને તો પછી ફલિત થાય છે કે હિન્દને પણ સ્વરાજ્યના માર્ગ ઉપર મૂકવું જોઇએ અત્યારે હિન્દ અને ઇજિપ્ત એ બે જ એવા દેશ છે કે જ્યાં રાજ્યસત્તા સ્થિર છે અને દેશ સુધારામાં આગળ વધેલ છે છતાં ત્યાંની સરકાર પ્રજાને બિલકુલ જવાબદાર નથી અને જ્યાં રાજસત્તા પ્રજા કરતાં ઉંચી પ્રતિની ગણાય છે પંદર વર્ષ ઉપર જ્યારે હિન્દમાં લૉર્ડ કર્ઝનનો અમલ હતો અને ઇજિપ્તમાં લાર્ડ ક્રોમર અધિકાર ચલાવતા હતા ત્યારે રશીયા, ટર્કી, ઇરાન અને ચીન બધા દેશની હકુમત એ જ ધોરણપર ચાલતી પણ આજે રશીયા અને ચીન પ્રજાસત્તાક થઈ ગયા છે અને પર્શીયા અને ટર્કીમાં નિયંત્રિત રાજ્યસત્તા (*Constitutional government*) સ્થપાઇ છે એટલે હવે હિન્દ એ એક જ એવો દેશ રહ્યો છે કે જ્યાં પ્રજાકીય મંડળો હસ્તી ધરાવતા નથી અને જ્યાંનો કારભાર પ્રજાના પ્રતિનિધિને જવાબદાર નથી

હવે આ સામાન્ય કારણો બાજુએ મુકીએ તો પણ રાજ્યકારભારની સુગમતા માટે પણ આવશ્યક છે કે રાજનીતિમાં અને અમલની પદ્ધતિમાં ફેરફાર થવો જોઇએ પ્રથમ તો રાજનીતિનો સર્વમાન્ય સિદ્ધાંત જે અંગ્રેજ અર્થશાસ્ત્રીઓએ સ્થાપિત કર્યો છે તે એ છે કે સધર નાણાં સંબંધી સ્થિતિ એ સારા રાજ્યકારભારનો પાયો છે ફ્રાન્સમાં રાજસત્તા તુટવાનું કારણ અને આજની રશિયા અને ટર્કીની સ્થિતિનું કારણ એક જ છે—નાણાં સંબંધી દિવાળીઆ જેવી હાલત હવે હિન્દના બ્રિટિશ અમલ ઉપર જે એક ટીકા કરવામાં આવે છે—અને તે ટીકા વાજબી છે—તે એ છે કે વીસમી સદીમાં પણ હજી સરકારે અજ્ઞાન અને રોગ નાબુદ કરવા માટે જોઇતા પગલાં ભર્યાં નથી અને અટકાવી શકાય એવા કારણોથી થતા મરણોની વાર્ષિક સંખ્યા લાખોની થવા જાય છે તો દેશના આ જરૂરના સવાલોને પહોંચી વળવા માટે સાધન ક્યાંથી કાઢવા ? તેના બે જ રસ્તા છે પ્રજાના પ્રતિનિધિઓને સમજાવી તેઓની સંમતિ મેળવી નાણાં ઉત્પન્ન કરવા, અથવા માત્ર વડી સરકારે પોતાના હુકમથી કર નાખવા લોર્ડ ક્રોમરે મારી સાથેની વાતચીતમાં અનેકવાર કહેલું કે હિન્દ અને ઇજિપ્તમાંનો બ્રિટિશ અમલ હલકા કરની સાથે જ બંધબેસતો થઈ શકે, એટલે હવે જો સુધરેલા દેશોમાં સામાજિક સુધારા માટે સરકાર જે ફરજો પોતાની તરીકે સ્વીકારે છે તે હિન્દની સરકારે પોતાને માટે સ્વીકારવી હોય તો પ્રજાના પ્રતિનિધિઓને પોતાની સાથે સહકારમાં યોજ્યા વગર છુટકો નથી

હવે સાંપત્તિક સ્થિતિ મુકી આપણે એટલા જ મહત્વના એક બીજા સવાલ તરફ ફરીએ, તે સવાલ દેશના રક્ષણનો છે આ સવાલમાં પણ સરકાર અને પ્રજાએ પોતાની જવાબદારી

વહેલી લેવાની જરૂર છે આ છેલ્લા વિગ્રહથી સાબીત થયુ છે કે દેશના બચાવ માટે સર્વ પ્રકારની તૈયારી કરવા માટે દરેક પ્રજાએ તત્પર થવુ જોઇએ ઓસ્ટ્રેલિયા એક ટાપુ હોવાથી તેને બધી બાજુએ સમુદ્રનુ રક્ષણ છે છતા સર્વજનિક લશ્કરી તાલીમ સ્વીકારવી પડી છે અને હિન્દમા પણ કોઇપણ જાતની રાષ્ટ્રીય લશ્કરી તાલીમની યોજના ઘડયા વગર છુટકો નથી અને તેને માટે પ્રજાકીય સસ્થાઓની મારફત પ્રજા અને સરકારનો સહકાર થવો જોઇશે. આમ થશે ત્યારે જ બ્રિટિશ હિન્દ દુનિયાના બીજા સુધરેલા દેશોની હારમા આવવાનો પોતાનો દાવો રજુ કરી શકશે

ઉપર પ્રમાણે પહેલા બે પ્રકરણમા દુનિયાની ફરતી જતી સ્થિતિમા હિન્દનુ સ્થાન તથા હિન્દની રાજ્યવ્યવસ્થામા કરવા જોઇતા સુધારા ની આવશ્યકતા દર્શાવી નામદાર આગાખાન પોતાની સૂચનાઓની વિગતમા ઉતરે છે અને તે ચર્ચામા પણ તેમની ઉન્નત વિચારશકિત અને નિર્ભય સ્વદેશપ્રીતિ સ્થળે સ્થળે નજરે પડે છે હિન્દનુ રાજકીય વાતાવરણ અત્યારે ડહોળાઇ ગયુ છે અને તેમા મહત્વના પ્રશ્નો બાજુએ રહી જઈ માન અપમાનના વ્યકિતવિષયક સવાલોએ અયોગ્ય મહત્વ પકડયુ છે તેવે વખતે નામદાર આગાખાનનુ આ પુસ્તક રાજકીય વિષયોમાં માર્ગદર્શક વિચારશ્રેણી પૂરી પાડે છે અને તેથી દેશના હિત ધરાવનાર દરેક હિન્દીને એ પુસ્તક ધ્યાનપૂર્વક વાચવાની અને તેનુ મનન કરવાની આગ્રહપૂર્વક ભલામણ કરવામા આવે છે.

કવિ ખદ્યોત.

લેખક —રા ચુનિલાલ વર્દ્ધમાન શાહ

દોહરા

નિશિમ મહી થાતા પ્રગટ, કઈ એક કવિ ખદ્યોત
તિમિરે નષ્ટ થઇ જતા, સૌનો જીવન સ્રોત ૧

પામે છે તે સત્વ, આપીને નિજ પ્રાણ
લોકોની અવહેલના, અપયશ ને અપમાન ૨

એક રીતે પણ તે જનો, કરે જગત કલ્યાણ
તે થકી જ સત્કાર્યનુ થાયે છે નિર્માણ ૩

ગદી માટી ઉપર જન, કરે ન દષ્ટિપાત
કચરાતી સૌ પગ તળે, રહ્યા કરે અજ્ઞાત ૪

પણ તેનો રસ ગ્રહણ કરી, થાયે જેની પુષ્ટિ
એ ગુલાબના છોડથી, થતી જગતની તુષ્ટિ ૫

---

¹ કિંમત રૂ ૦-૮-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુંબાઇ

બાપની બુદ્ધિ.

લેખક—ના. ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા. એન એમ ઈ

"તમે બધા ધાગઠો એટલું એ અહેલું નથી" ગનણ ભરીને બેઠા હતા ત્યા કીરપારામ ડોસા બોલ્યા "એક કહેતી છે કે ડાહ્યું છોકરૂ જ પોતાના બાપને ઓળખે છે પણ કેટલીક વાર એવુય બને છે કે પોતાના છોકરાને, બાપ ડાહ્યો હોય તો જ ઓળખી શકે છે છબીનદાસ અહિં હાઝર હોત તો એ પોતે આ બાબતમા સાક્ષી પૂરત એ બિચારાએ વર્ષોના વર્ષો ચિંતામા ગાળ્યા અને આખરે તો દુનિયાને બીજે છેડે પણ 'હીરાભાઈ' શોધે જઇ આવ્યા'ની માફક જવા તૈયાર થયો હતો, અને આ બધાનું કારણ માત્ર એટલું જ કે તેને આ વિષયમા મનમા કાંઈ શંકા ઉત્પન્ન થઈ હતી!"

"આશરે સોળ વર્ષ પહેલા, એપ્રીલ માસમા એક ગુરૂવારે આ ગોટાળો શરૂ થયો એ વખતે એનો છોકરો માત્ર એકાદ માસનો હતો એમના પડોશના ઘરમા પેલો વજેરામ અને તેનુ કુટુમ્બ રહેતુ હતુ, અને તે થોડાક વખત પછી આફ્રિકા ઉપડી જવાના હતા તે'દિવસે છબીનદાસની સ્ત્રી માણેક અને વજેરામની વહુ મહાલક્ષ્મી બજારમા ગયા હતા આ બન્ને કુટુમ્બ વચ્ચે પ્રથમ તો કાઇ હેતભાવ વહી જતા નહતા પણ પછી બન્ને ઘરમા માણેકને અને મહાલક્ષ્મીને એકે વખતે છોકરા આવ્યા આથી એકદમ એકેકમા વ્હાલના પુર છુટ્યા અને એકેકને સામસામા સલાહ આપવામા અને છોકરાંના ગુણાનુવાદ ગાવામા બન્ને સ્ત્રીઓનો આખો વખત પસાર થઈ જતો આવી સ્થિતિમા આફ્રિકા જવાનુ હૈયું એટલે નુગડાંલત્તા ખરીદવા માટે બન્ને સાથે નિકળી પડ્યા હતા ઘેર છોકરા સભાળવાનુ કાર્ય છબીનદાસ ઉપર આવી પડ્યુ અને મહાલક્ષ્મીએ પોતાના છોકરાને પણ ત્યા જ મૂક્યો

"એક છોકરાને સભાળશો તેવી રીતે બેને સભાળશે,' માણેકે કહ્યુ 'અને આપણે એકાદ કલાકમાં તો પાછા આવીશુ પણ તમે મહેરબાની કરીને કોઇ છોકરાને અડકતા નહિ. અમે બન્નેને દુધ પીવડાવીને સુવાડી દીધેલા છે એટલે નિરાંતે ઉંઘ્યા કરશે'

"આ પ્રમાણે ગોઠવણ થઈ, બન્ને છોકરાને પાસેપાસે સુવાડવામા આવ્યા અને બન્ને સહીયરો બજારમા ઉપડી ગઈ

"હવે બન્યુ એવુ કે તે દિવસે સવારથી જ 'કયુ છોકરૂ વજનમા વધારે છે' એ વિષય ઉપર ગરમાગરમ ચર્ચા ચાલતી હતી અને છબીનદાસ પોતાના છોકરાનું વજન વધારે છે એમ ભાર મૂકી મૂકીને જણાવતા હતા બન્ને સ્ત્રીઓ ગઈ તે પછી છબીનદાસને આ વિચાર આવ્યો અને એમાં સાચુ શુ છે તે શોધી કહાડવાની ઈચ્છા થઈ માણેકની ખાસ આજ્ઞા હતી કે છોકરાને અડકવા નહિ—અને માણેકની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી પરિણામ કેવુ આવે છે એની છબીન-

દાસને સંપૂર્ણ માહીતિ હતી—છતાંપણ આ ઇચ્છાને તે દબાવી શક્યો નહિ અને એ પ્રયોગ કરવાનો નિશ્ચય કર્યો. બન્ને છોકરાને વારા ફરતી તેણે ઉંચકી જોયા અને તે ઉપરથી એ એવા નિર્ણય ઉપર આવી શક્યો કે પોતાનો, છોકરો કાંઇ નહિ તો, વજનમાં એક શેર વધારે હતો! આ નિર્ણયથી આનંદમાં આવી જઇને તેણે બેમાંથી કોણ લાંબુ છે તે જોવાનો અખતરો કરી જોયો. ટેબલ ઉપર એક ધાબળી પાથરીને તેણે બન્ને છોકરાને સુવાડયા અને પછી માપી જોવા માંડયા. આ અખતરો એટલી સહેલાઇથી થઇ શક્યો નહિ કારણ કે એક છોકરાને પકડીને તેના પગ લાંબા કરે ત્યાં બીજો છોકરો પગનું ટુંટીયું વાળી દે અને તેના પગ સીધા કરવાનો યત્ન કરે ત્યાં પહેલો છોકરો ટુંટીયું વાળી દે. આથી ઘડીકમાં તેને લાગતું કે પડોશીનો છોકરો બે ઇંચ લાંબો છે અને ઘડીકમાં જણાતું કે પોતાનો છોકરો એક ઇંચ તો લાંબો હશે જ. આમ કરતાં આખરે તેણે નિશ્ચય કર્યો કે બન્ને છોકરા લંબાઇમાં સરખા જ છે. પણ એટલામાં વખત ઘણો થઇ ગયો. અને પોતાની પત્નીને પાછા આવવાનો વખત થઇ ગયો હતો એટલે તેણે ઉતાવળમાં બન્ને છોકરાને ઠેકાણાસર ગોઠવી દીધા. આ જ વખતે તેને એક વિચાર આવ્યો. અને એ વિચારથી જ તે આભો બની ગયો. કયો છોકરો કોનો છે તે જ તે ભુલી ગયો હતો!

"અને ખરેખર તે ભૂલી ગયો હતો. વજન માપવામાં અને લંબાઇ માપવામાં, ટેબલ ઉપર સુવાડવામાં અને ઉંચકવામાં તેણે છોકરાઓને તદ્દન ભેળવી દીધા હતા. ગમે તેમ તેણે જોવા માંડયું પણ બન્ને સરખા જ! ગોળ દડા જેવા મોં, જાડા જાડા હાથ અને ટુંટીયાં વાળી દીધેલા પગ! બન્નેમાંથી કોઇને અડકવા જાય એટલે રડવા જેવો ચહેરો કરવાનું પણ બન્ને એક સરખું જ કરતા હતા. પ્રથમ છમીનદાસ એમ મગરૂબીથી કહેતો કે મહાનંદમીના છોકરા કરતાં પોતાના છોકરાને બમણા લાંબા વાળ છે પણ હવે જ્યારે તેણે જોવા માંડયું ત્યારે જણાયું કે બન્નેના વાળ વચ્ચે અર્ધા ઇંચનો પણ તફાવત નથી. વજનનું પણ તેમ જ થયું. જ્યારે તે જાણતો હતો કે ક્યો છોકરો પોતાનો છે ત્યારે તેને તે છોકરો એક શેર વધારે લાગતો હતો પણ હવે તેને બેમાં એક ઔંસનો પણ ફેર નહિ જણાયો. અને અધુરામાં પૂરૂં આ પ્રમાણેના ચોળાચોળ થવાથી બન્ને છોકરા નિદ્રાને ત્યાગીને, આ પ્રમાણેની વર્તણુકની સામા પોતાનો વાંધો દર્શાવવા મોટેથી રડવા, અને જાણે કેમ છમીનદાસ બન્નેનું ખુન કરતો હોય તેમ બન્ને તેટલા જોરથી રડવા મંડ્યા!

"અને જ્યારે આ પ્રમાણે તે ગુંચવાડાના ચક્કરમાં પૂરેપૂરો સપડાઇ ગયો હતો ત્યારે તેણે કોઇનાં પગના સાંભળ્યા. માણેક આવી એમ ધારીને ક્યાં સતાઉં ને શું કરૂં એ વિચારથી ભયભરત થઇને તે ગભરાતો હતો એટલામાં માણેકને બદલે શ્રી રામચન્દ્ર ઘરમાં દાખલ થયા.

'આહા હા!' શ્રી રામચન્દ્ર હસતા હસતા બોલ્યા 'મધુર સંગીત ચલાવવા માંડ્યું છે કે શું? એ તો ભાઇ એમ જ હોય. કુંવારા કોડે મરે અને પરણેલા પીડાએ મરે! અને વળી ઓહો! તમારે તો બે નાનાં નાના પોરિયાં છે કે શું! એમાં જ તમે તો મજનૂન જેવા થઇ ગયા દેખાવો છો!'

"પણ છબીલદાસે જ્યારે પોતાના દુઃખની બરાબર સમજણ રામચન્દ્રને પાડી ત્યારે રામચન્દ્રને એમાં મશ્કરી જેવું લાગ્યુ જ નહિ

"'આહ એમાં ગભરાવા જેવું કશું છે જ નહિ જેમ બાળકો હતા તેમ, પાછા સુવાડી દ્યો એમની માઓ ઝપાટામાં પોતપોતાના છોકરા ઓળખી કહાડશે' રામચન્દ્રે ઝટવારમાં નિકાલ લાવી નાખ્યો

"અરે પણ ભાઈ મારાથી આ વાત મારી સ્ત્રીને તો કહેવાય નહિ' છબીલદાસ બિચારો ગભરાતો ગભરાતો બોલ્યો 'એણે મને સાફ ના કહી હતી કે મારે છોકરાને અડકવું નહિ'

"પણ એને કહીને તમારે કામ શું છે?' રામચન્દ્ર બોલ્યો 'જેમ છોકરા હતા તેમના તેમ સુવાડી દ્યો તમારા એક શબ્દ વિના પણ કુદરત જ તેમને પોતપોતાના છોકરા ઓળખાવી આપશે'

"'ના ના એમ બને કેમ? છબીલદાસ બોલી ઉઠ્યો બન્નેના વાળ સરખા, મોં સરખા, નાક સરખા આંખ, સરખી પગ સરખા—'

"અરે ભાઈ એમ નથી રામચન્દ્ર પોતાનું ડહાપણ દેખાડતા બોલ્યો 'એ તો એ માતામાં એવી કુદરતી શક્તિ જ હોય છે—એ પોતાના બચ્ચાને ગમે ત્યાંથી ઓળખી શકે છે'

'પછી બન્ને જણે મળીને છોકરાઓને જેમ હતા તેમ સુવાડી દીધા થોડીવારમાં માણેક અને મહાલક્ષ્મી આવી પહોચ્યા મોડુ થઇ ગયું હતું તેથી મહાલક્ષ્મીએ તરત એક છોકરું ઉપાડી લીધુ અને પોતાને ત્યાં ચાલી ગઇ

"આટલી સહેલાઈથી મહાલક્ષ્મી પોતાના છોકરાને ઓળખીને લઇને ચાલી ગઈ તે જોઇને છબીલદાસ તો છક જ થઇ ગયો અને રાતના વાળુ કરતી વખતે આનન્દમાં આવી જઇને 'માતાની કુદરતી શકિત' 'કુદરતની સ્ત્રીઓને અપરિમિત બક્ષીસ' વિગેરે વાક્યો બોલતો ગયો માણેક તો આ બધા વાકયો સાંભળીને ગુંચવાડામાં જ પડી ગઈ અને એમાં તેને કશી સમજણ જ ના પડી માત્ર એક વખત જરા છબીલદાસ ગભરાઈ ગયા માણેક છોકરાને સુવાડતી વખતે તેની આંખ સામુ જોઇને કહ્યુ કે' આમ છોકરાની આંખ કેમ સુજી છે! કાંઇ રડ્યો છે કે શું ?"

"જેમ તેમ હિમ્મત લાવી છબીલદાસ બોલી ઉઠ્યો કે અરે એ તો સહેજ એ રડેલો, પણ મેં જરા થાબડી કરી એટલે રહી ગયો '

"આ ખુલાસાથી માણેક સંતોષ પામી અને છબીલદાસ સ્ત્રીઓ અને કુદરતને ધન્યવાદ આપતો સુઈ ગયો

"પરંતુ આ સ્વસ્થતા ઝાઝો વખત ટકી નહિ પોતાનો છોકરો આખી રાત ઉંઘી જ રહેતો એને બદલે આ છોકરાએ તો રડવાનુ શરૂ કર્યું અને વચમાં વચમાં પાંચ પાંચ મીનીટની વિશ્રાંતિ લઈને તેણે આખી રાત તે ચાલુ રાખ્યું સવારે ચાર વાગે જ્યારે છબીલદાસ છોકરાને હાથમાં ઉંચકીને ફરી ફરીને થાકી ગયો ત્યારે આખરે તેણે માણેકને કહ્યુ 'અરે!

આ છોકરો બદલાઇ તો ગયો નહિ હોય? આપણો છોકરો આમ કોઇ દિવસ રડતો નહતો પણ આપણા પડોસી તો પોતાના છોકરાને માટે આવી ફરિયાદ હતી ખરી

" માણેક આ સાભળતા જ પથારીમા બેઠી થઇ ગઈ અને ગુસ્સાથી બોલી મા પોતાના છોકરાને ઓળખી શકે નહિ એવો આરોપ મારા ઉપર મૂકતાના કાંઇ શરમ લાગે છે ખરી? આમ તે બાપ! એક મહિનામા આજે સ્હેજ ઉજાગરો કરવો પડ્યો તેથી એ છોકરો જ તમારો નથી એમ કહેતા તમારી જીભ તૂટી નથી જતી? બીજા હોય તો ઉલટુ આવુ કામ કરવાથી તેમને આનદ થાય તેને બદલે તમારો તો જીવ જાય છે તમે તમારે નિરાંતે ઘોર્યા કરો અને એ છોકરાને મને આપી દો

" આ પ્રમાણે કહીને માણેકે છોકરાને લઇ લીધો અને છબીલદાસને ઉંઘવાનું ફરમાવ્યુ પણ એ બિચારાને બિલકુલ ઉંઘ આવી નહિ આખી રાત એના એ જ વિચારોએ તેના મનમા તોફાન જગાડ્યુ ઓફીસ ગયો ત્યા પણ એના એ જ વિચાર

ઑફીસમાં આ શકા દૃઢ થઇ તેના પડોશીએ રાતની વાત કરતા કહ્યુ કે એમનો છોકરો એક મહિના પછી તેજ રાતે ઘસઘસાટ ઉંઘ્યો હતો

" સ્હાંઝે છબીલદાસ ઑફીસથી ઘેર આવ્યો ત્યારે માણેક પોતાના છોકરાને રમાડતી બેઠી હતી કાઇંક બ્હાનુ કહાડીને છબીલદાસે મહાલક્ષ્મીની મુલાકાત લીધી પણ તે પણ પોતાના (છબીલદાસના મત પ્રમાણે ધારી લીધેલા) છોકરાને લાડ લડાવતી હતી

" છબીલદાસે આ વિશે કાઇંક સૂચના કરવા માંડી એટલે મહાલક્ષ્મીનો મિજાજ ગયો અને કહેવા લાગી ' શી વાત કરોછો? હુ મારા છોકરાને ઓળખી શકુ નહિ? એ તો ઠીક છે કે તમે છો, બાકી જો કોઈ બીજો આ પ્રમાણે વાત કરવા આવે તો હુ એમ જ ધારૂ કે એણે દારૂ પીધો હશે હા બન્ને છોકરા સરખી ઉમ્મરના છે સહેજસ્હેજ મળતાપણુ લાગે-બાકી ક્યા તમારો છોકરો અને ક્યાં મારો! તમારા એના રૂપ જોતાં કાઇ તમારો છોકરો છેક ગોરો નથી પછી તો ભાઈ ઇશ્વર જેવા આપે તેવાને લઇને બેસવાનુ, આપણો કાંઇ ઉપાય છે? કેમ ખરૂને, મારૂ કુકલુ-મુકલુ-મારૂં લાડુ છોકરૂં!'

આટલુ બોલીને મહાલક્ષ્મી તો પોતાના છોકરાને ચુમન ઉપર ચુમન કરવા લાગી છબીલદાસ તો એ છોકરાને પોતાનો જ ધારી બેઠો હતો એમને પોતાના છોકરાને મહાલક્ષ્મી આટલા લાડ લડાવે એ જોવુ એનાથી ખમાતુ જ નહતુ શ્રી રામચન્દ્રના મતની સત્યતા વિશે તેને શક ઉત્પન્ન થયો અને આખરે તે એવા નિશ્ચય ઉપર આવ્યો કે છોકરાઓને પાછા બદલાવી નાખવા અને એ પ્રમાણે આ પોતે જ ઉભા કરેલા ગોટાળાનો અંત લાવવો

પણ આ નિશ્ચયને અમલમા મૂકવામા તેને ઘણી યુક્તિપ્રયુક્તિઓ કરવી પડી. ગમે તેમ સમજાવી પટાવીને તેણે માણેકને બજારમા મોકલવી પડી એક છોકરાને એક આનો આપવાનો કરીને મહાલક્ષ્મી તો પીવર બોલાવે છે એમ કહેવડાવ્યુ મહાલક્ષ્મી ઇ એટલે

બીજી મૂકેલી નદી તે બાનુઓને તાબે માગીને જ ગઇ હતી આથી મહામહેનતે બારીમાંથી ચડીને છબીલદાસ ઘરમાં દાખલ થયો અને ત્યાં જઇને ઝડપથી છોકરાઓને ફેરવી લીધા બન્ને સ્ત્રીઓ પાછી પોતપોતાને ત્યાં આવી અને તેમ છતાં કાંઈ બોલી નહિ એટલે છબીલને સંતોષ થયો અને પોતાની ભૂલને લીધે કાંઈ વધુ ખરાબ પરિણામ નહિ આવ્યું તેથી બહુ આનંદ પામ્યો

" પણ જ્યાં બે સ્ત્રીઓને એકદમ બહુ બ્હેનપણાં થઈ જાય અને એકેકને બ્હેન ઠરતાં પણ અધિક ગણવા માંડે ત્યાં સમજી લેવું કે એ દોસ્તી થોડા વખતની છે અલ્પ સમયમાં બ્હેનપણાં તુટી જવાના જ અને એકેકને બોલવાનો વ્યવહાર પણ નહિ રહેવાનો આમાં પણ એમ જ બન્યું એક અઠવાડીયામાં બન્નેના બ્હેનપણાનો અંત આવ્યો અને પછી ચોવીસે કલાકનું દાઝનું યુદ્ધ મડાયું માણેકે મહાલક્ષ્મીના છોકરાના વાળ ઉપર વરસાદ વરસાવવા માંડ્યો ' હાય હાય, આવા ગોરા વાળ તો વાંદરાને માથે જોયા છે-કોઇ માણસને માથે જોયા નથી '

" છબીલદાસે ધીમે રહીને જ્યારે કહ્યું કે એવા જ ગોરા વાળ પોતાને પણ હતા ત્યારે તરત જ જવાબ મળ્યો કે ' હું તમારી વાત કરતી નથી મોટા માણસને એવા વાળ હોય તો ચાલે પણ છોકરાંને ? હું જો એની મા હોઉં તો તો શરમથી મરી જાઉં '

" કોઈ દિવસ પેલા છોકરાના કદના ગાન ઉપર જ આખ્યાન ચાલે ' એ છોકરો તંદુરસ્ત ! જાડો ડુક્કર જેવો જણાય છે, અને દુધ પીરાવ્યા જ કરે છે તે કોઈ દિવસ ફુલીને ફાટી જવાનો છે ! હું જાણું છું એ કેવો થવાનો છે ! પણ એવા હલકટ આદમીઓને તે કેવા છોકરા થાય ! આપણો છોકરો આટલા નાનપણથી જ કેવો નાજુક અને સુઘડ છે '

" આ પ્રમાણે માણેકે છબીલદાસને જ કહેવાનું શરૂ કર્યું એટલું જ નહિ પણ બહારના માણસોઆગળ પણ એની એ જ વાત ચલાવ્યા કરતી ' જોયો એ ભૂત જેવો ને ભેંસ જેવો છોકરો-મારે જો એવો છોકરો હોય તો તો ! લજવાઈને મરી જાઉં અને કોઇને એ છોકરાને બતાવવાની મારી હિંમત ચાલે જ નહિ '

" જ્યારે જ્યારે આ પ્રમાણે વાત થતી ત્યારે છબીલદાસ પોતાના મનમાં ખુશ થતો અને હરખાતો કે પોતે છોકરાઓને બદલાવી લીધા તેથી જ પોતાને નમીસે આ પાપ વળગ્યું નહિ

" આ વાત વખત જતાં મહાલક્ષ્મી અને તેના ધણીને કાને આવી મહાલક્ષ્મીએ પોતાના ધણીને આથી એક્ઝેક્... દાસના હાડકાં રંગી નાખવા તૈયાર થયો હશે કયાં છબીલદાસ-ખ... ગા જેવા માણસ અને કયાં પેલો મહાલક્ષ્મીનો ધણી-પાહેલવાન જેવો ... ત્યો અધમુઓ જ થઈ ગયો પણ એના સુભાગ્યે આફ્રિકા ... કુટુંબ ત્યાં ઉપડી ગયું

— કલ્પની, મુંબાઇ

" આ પછી વાત વિસરે પડી છબીલદાસનો કાકુ પહેલા તો માંદો માંદો ચાલ્યા કર્યો પણ માણેકની માવજતથી થોડા વખતમાં સારો થઇ ગયો અને ધીમે ધીમે ગોળીના જેવો બની ગયો. છબીલદાસને પણ પોતાના છોકરાને જોઈને પૂર્ણ સંતોષ થતો. થોડા વખત પછી એવું બન્યું કે ગાઈ પડોશાએ આવીને વાત કરી કે પેલા લોકો આફ્રિકા પહોંચી ગયા છે અને મુસાફરીમાં એમનો છોકરો ઘણો જ માંદો થઇને રૂની પુણી જેવો થઈ ગયો હતો આથી માણેક એટલી ખુશ થઈ ગઇ કે છબીલદાસે હિમ્મત લાવીને પોતાની પત્નીને કહ્યું, ત્યારે તું-તને મહાલક્ષ્મીના જેવો છોકરો નથી તેથી રાજી થાય છે કે ?"

" રાજી ? મને એના જેવો છોકરો હોત તો હું શરમથી મરી જ જાત "

" 'તેને એવો જ છોકરો મળત પણ સહેજમાં બચી ગઇ' છબીલદાસે કહ્યું

" 'એટલે ?' માણેકે પૂછ્યું

" ' કેમ ! તે દિવસે તું અને મહાલક્ષ્મી બજારમાં ગયા હતા તે દિવસે છોકરા બદલાઇ જ ગયા હતા ને—' છબીલદાસે કહ્યું

• ' ' હવે એ વાત જ જવા દો ને,' માણેક બોલી 'ઉંડી અંધારૂં હતું અને મોડું થઈ ગયું હતું એટલે ઉતાવળમાં એ પ્રમાણે ભૂલ થઇ ગઈ પણ બીજે દિવસે સવારે જ અમને અમારી ભૂલ જણાઇ હતી અને અમે બદલાવી લીધા હતા '

" ' શું ?' છબીલદાસે એકદમ પૂછ્યું 'તમે છોકરા બદલાવ્યા હતા ?'

" ' વળી કારનો ! અને એ બાબત તો અમે કેટલું હસ્યા પણ હતા ' માણેકે કહ્યું

" ' પણ ક્યારે ? ક્યારે બદલાવ્યા હતા ?' છબીલદાસે ગભરાઇને પૂછ્યું

" ' વળી બીજે દિવસે સવારમાં જ '

" આથી છબીલદાસ તો સડક જ થઇ ગયો. અને ઉંડી વિચારમાળામાં પડી ગયો. ઘટની વારે જ્યારે બોલ્યો ત્યારે તેનો પ્રશ્ન પણ માણેકને તદ્દન વિચિત્ર જ લાગ્યો. છબીલદાસે પૂછ્યું "અહિંથી આફ્રિકા તો ઘણું દૂર ખરૂંને ?

" પછી માણેકના ઉત્તરની રાહ જોયા વિના એકદમ રામચંદની સલાહ લેવા છબીલદાસ ઉપડી ગયો. છબીલદાસ એટલો ગભરાઈ ગયો હતો કે ઘણા વખત સુધી તો રામચંદને એની વાતમાં સમજણ જ પડી નહિ પછી જ્યારે છબીલદાસ કાંઇક શાંત થયો ત્યારે થોડી થોડી સમજણ પડવા માંડી .

" ' રામચંદ, એ તો થયું એમ કે,' છબીલદાસે ખુલાસો કર્યો, ' તે દિવસે રાતે મેં ગરબામાં છોકરા બદલાવી નાખ્યા તમે કહેતા હતા કે મા પોતપોતાના છોકરાને ઓળખી કહાડશે પણ તમે ખોટા ઠર્યા અને તેમણે ખોટા જ છોકરા લીધા હતા એટલે તે રાતે અમને પેલો રતનો છોકરો આવ્યો હતો બીજે જ દિવસે સવારે તેમણે પોતાની ભૂલ જોઇ અને પોતપોતાના છોકરા લઈ લીધા હતા પણ આ વાતની મને ખબર ન હતી એટલે બીજે દિવસે સાંજે પાછા મેં ડહાપણ કરીને છોકરા બદલાવી નાખ્યા પરિણામ એ થયું કે આગે લાગ્યો.

વહાલો છોકરો પેલા હરામખોરો પાસે છે અને એ લોકો દુનિયાને બીજે છેડે જઈને બેઠા છે હવે આ વાત મારે મારી પત્નીને કહેવી શી રીતે અને મારે કરવું શું ?'

" આથી રામચંદ્રે ઘણો વિચાર કરીને સલાહ આપી અને તેથી ગોટાળો ઘટવાને બદલે ઉલટો વધી ગયો

" ' તમારે કહેવાની જરૂર જ શી છે ?' રામચંદ્રે સલાહ આપી ' જે પ્રમાણે સ્થિતિ છે તે પ્રમાણે સારી છે ને જે પ્રમાણે તમે કહો છો તે પ્રમાણે ખરૂં હોય તો પણ એમાં વાંધો શો છે ? તમારી સ્ત્રી આ છોકરાથી સંતોષ માને છે અને પેલા લોકો આફ્રિકામાં પેલા છોકરાથી રાજી છે ફક્ત તમે આ વાત જાણો છો અને તમારે એમાં એમની બધી ચિંતા કરવાનું કાંઈ કારણ નથી બન્ને સ્ત્રીને એક છોકરૂં છે પછી તમારે એમાં પંચાત કરવાનું કારણ જ નથી તમે તમારે મુંગા બેશી રહો આટલી જ મારી સલાહ છે !'

" છબીલદાસને આથી સંતોષ વળ્યો જ નહિ એણે કહ્યું કે રામચંદ્ર પોતે છોકરા વિનાનો હોવાથી એને બાપને પોતાના છોકરા માટેની લાગણી કેવી હોય છે એ વિષેની ખબર જ નથી, અને બાપ તરીકે પોતાની ફરજ છે કે પોતે આફ્રિકા જવું અને પોતાના ખરા છોકરાને પાછો લઈ આવવો

" ' અરે કાંઇ ગાંડા થયા !' રામચંદ્રે કહ્યું ' એક તો મુસાફરીનો ખર્ચ પણ નાનો સુનો થવાનો નથી અને તેમ છતાં પણ ધારો કે તમે ગયા તો ત્યાં જઈને તમે શું કરો ? તમે એના છોકરાને લઈ લ્યો અને તેના બદલામાં આ છોકરાને મૂકી આવો ! તમે જાણો છો કે મહાલક્ષ્મીનો ધણી પહેલવાન જેવો છે, જો એક વખત એ એમ જાણે કે તમે એના છોકરાને એના પોતાના ઘરમાંથી એની રજા વિના ચોરી લઈ આવ્યા, તેનું નામ એને પૂછ્યા વિના રાખ્યું અને એની મરજી વિરૂદ્ધ શિતળા પણ કઢાવ્યા તો પછી તમારા હાડકાંનો વિચાર કર્યો ? એ બધું સહન કરી લ્યો પણ તેમાં તમને ફાયદો શો ? તંદુરસ્ત છોકરાને મૂકી આવીને માંદાને લઈ આવવો ! મુસાફરીમાં કદાચ મરી પણ જાય એની તો એની તબીઅત છે પાછા રોગ આવીને માણેક તમારી જે ખબર લે તે તો વાત જૂદી માટે એ ફાંફાં જવાદ્યો અને મુંગા મુંગા બેશી રહો '

" આ વાત છબીલદાસને ગળે ઉતરી અને દિવસો ગયા

" પણ એના મનમાંથી આ વાત ગઇ નહતી, અને બધા વિચાર કરતા હતા કે છબીલદાસને આ શું થઇ ગયું છે બિચારી માણેક પણ એની એ જ ફરિયાદ કરતી હતી અને છબીલદાસ પેલા બિચારા છોકરાને જે રીતે ગાળો દેતો તે ઉપરથી તો બધા જ એને ધિક્કારતા

' ' શું મારે કમાવું તે આ પારકાના છોકરાને માટે ? છબીલદાસ એમ રોજ રોજ દિવસે રામચંદ્ર આગળ ફરિયાદ કરતો ' અને મારો છોકરો બિચારો આફ્રિકામાં રખડે ?'

" વળી જ્યારે છોકરો છ વર્ષનો થયો ત્યારે એને કોઈ દૂરના સગા તરફથી એક હજાર રૂપિયા મળ્યા એટલે છબીલદાસનો પાછો મિજાસ ગયો 'હાય હાય ! આટલો આટલો પૈસો આવ્યો જાય છે તે પારકો છોકરો વાપરશે ! એનું નાક તો જૂઓ દહાડે દહાડે પેલાના જેવું જ થતું જાય છે એનું મો તો જૂઓ—કેવો વિચિત્ર છોકરો છે !'



તોડી નાખેલી ખાડીયાની પોલીસ ચોકી



બળી ગયેલી તાર ઑફીસ.



ભદ્રમા કલેક્ટરસાહેબની કચેરીનુ બળી ગયેલું એક બીજુ મકાન.




બળી ગયેલી રેકર્ડ ઑફીસ.

[બારમી એપ્રીલનુ અમદાવાદના જાહેર તોફાનનુ કરુણાભર્યું દશ્ય આ ચિત્રો કંઈક આપી શકશે પાટનગરની પાયમાલીનું]



જયાથી પહેલી ગોળી છુટી તે ત્રણ દરવાજાની પોલીસ ચોકી.



સારંગપુર દરવાજાની બળી ગયેલી પોલીસ ચોકી.



કલેકટર સાહેબની બળી ગયેલી કચેરી.



મેટ્રીકની પરીક્ષાનો ખાખ થયેલો મંડપ.

 [ફોટો લેનાર રા કૃષ્ણલાલ ગજ્જર, એમ એ. કોપીરાઈટ

" વળી તેમા માણેકને જણાયુ કે છબીલદાસ છાનામાના પૈસા, રમકડા વિગેરે આફ્રિકા મહાલક્ષ્મીના છોકરાને મોકલાવે છે એટલે તો પછી વિંગાણુનુ પુછવુ જ શુ ! બરિચ છબીલદાસથી કાંઇ સતોષકારક ખુલાસો આપી શકાયો નહિ એને ખાસગ ખાતા ખાતા માથુ તૂટી ગયુ અને એનુ મગજ નબળુ પડતુ જાય છે એવો શક ઉત્પન થયો તે જુદો

" એક દિવસ માણેક છબીલદાસના ટેબલના ખાના ખોળતી હતી તેમાથી વિલ જડ્યુ તો જણાયુ કે પોતાના તમામ મિલકત એણે પેલી મહાલક્ષ્મીના છોકરાને આપવાનુ જ લખી દીધુ હતુ એ તો મશ્કરી હતી એમ છબીલદાસનુ કહેવુ કોણ માને ? જેમ તેમ કરતા એ તોફાન પત્યુ એમા વળી બીજુ સળગ્યુ

" આફ્રિકાથી એવી ખબર આવી કે મહાલક્ષ્મીનો છોકરો ઘોડા ઉપરથી પડી ગયો છે અને હવે બચવો મુશ્કેલ છે આ ખબર સાભળીને છબીલદાસ ઘરમાથી ગૂમ થઈ ગયો અને પાછળ કાગળ મુકતો ગયો કે પદર વર્ષની જૂદાઇ સહન કર્યા પછી હવે સહન થતુ નથી માટે હુ મારા વહાલા છોકરાને મળવા આફ્રિકા જાઉ છુ '

" આ બનાવથી હુ આ ગોટાળામા દાખલ થયો માણેકે મને તેડાવ્યો ને બધી વાત કહેવા માડી પ્રથમ તો મને અદર કાંઈ સમજણ પડી નહિ માત્ર એટલુ જણાયુ કે છબીલદાસનુ મગજ કોઇ કારણથી ચસકી ગયુ છે અને તે કાંઈ પણ પગલુ ભરે તે પહેલા તેને અટકાવવો જોઇએ, હુ તરત જ સ્ટેશને ગયો અને સુભાગ્યે તેને વખતસર પકડ્યો

" પ્રથમ તો એણે પાછા ફરવાની ના જ પાડી, પણ આખરે મેં બહુ સમજાવ્યો ત્યારે ઘેર આવીને તેણે બધો ખુલાસો કરવાનુ કબુલ કર્યું સાથે રામચદ્રને પણ લીધા ઘેર આવીને મેં જે અહિ કહ્યુ છે તે પ્રમાણે તેણે બધુ કહ્યુ

" આ ઉપરથી મેં કહ્યુ, 'ભાઇ, આ બધા ફેરફારમા અને છોકરાઓની અદલાબદલીમા મને બિલકુલ સમજણ પડતી નથી પણ એક વાત તો ચોક્કસ છે–તે એ કે તમારે આટલી બધી ચિંતા વ્હોરવા કરતા તમારા પત્નીને આ બધી વાત કહેવી જોઇતી હતી '

" ' હુ પણ એમ જ ધારૂ છુ, ' માણેક બોલી ઉઠી ' હુ તરત જ બધો શક દૂર કરી શકત એક બે વખત છોકરાઓ બદલાઈ ગયેલા એ બાબત હુ કબૂલ કરૂ છુ અને એમા અમે હમેના પણ ખરા, બાકી અદર શક જેવુ તો કશું હતુ જ નહિ એક હજાર છોકરામાથી પણ હું મારા છોકરાને શોધી શકત '

' જુઓ, મારૂ કહેવુ ખરુ પડ્યુ ને ! રામચદ્ર બોલી ઉઠ્યા ' માતામા એવી કુદરતી બક્ષીસ જ હોય છે જુઓ, કુકડી પોતાના બચ્ચાને કેવી ઓળખી કહાડે છે ? મેં છબીલદાસને પહેલેથી જ કહેલુ કે એ બધી વાત મા ઉપર છોડી દ્યો–એ પોતાના છોકરાને ઓળખી જ લેશે. એ માની કુદરતી બક્ષીસ—'

"'હવે માની કુદરતી બક્ષીસની વાતમાં પુળો મૂકો,' માણેકે કહ્યું 'જે બાબતમાં તમે સમજતા નહિ હો તે બાબતમાં તમે ભાયડાઓ માથું નહિ મારતા હો તો શું થાય?! એમાં કોઈ નદી નાત પણ નથી અને કુદરતી બક્ષીસ પણ નથી. છોકરાને જન્મવી જ ડાગ ખભા ઉપર લખ્યું હતું એટલે ભવ્ય થાય જ કેમ! અરે, બતાવ તો આ બધા અપડ કાલાઓને તારૂં લખ્યું'

'હું, જમીનદાસ અને રામચન્દ્ર નાખું જોઇ લ્યો!'"*

ઉજ્જવલ ભારત માત.

લેખક —ના. ચાપસી વિઠ્ઠલદાસ ઉદ્દેશી.

(રાગ મેહાડ)

ઉજ્જવલ ભારતમાત,
અમારી ઉજ્જવલ ભારતમાત.
સકલ વિશ્વવિખ્યાત,
અમારી ઉજ્જવલ ભારતમાત
અચલ ધર્મના પ્રકાશથી જે—
શોભે છે દિનરાત,
પવિત્રતાની પુણ્ય પ્રભામય—
પતિતપાવની માત —અમારી ઉજ્જવલ ભારતમાત—
ભક્તિધર્મના મોતમનો ભરી—
જેના ઉરની વાત
શૌર્યધર્મની સ્વતંત્ર શક્તિ—
રોમ રોમ રહી વ્યાપ્ત —અમારી ઉજ્જવલ ભારતમાત—
ધીર, વીર, ગંભીર થયા છે—
જેના પુત્ર સુજાત
દેશ વિદેશ સકલ પૃથ્વીના—
જેના ગુણથી જ્ઞાત —અમારી ઉજ્જવલ ભારતમાત—
ગૌરવભરી પ્રતિમા એ માની,
ચરણ પૂજો સૌ સાથ
એક કંઠથી કરો ભાઇઓ —
"માત!—અમારી માત!"—અમારી ઉજ્જવલ ભારતમાત,
ઉજ્જવલ ભારતમાત, અમારી ઉજ્જવલ ભારતમાત
સકલ વિશ્વવિખ્યાત, અમારી ઉજ્જવલ ભારતમાત.

---

* અંગ્રેજી ઉપરથી

ઇંગ્લંડની સાર્વજનિક શાળાઓ.

ઇટન અને હેરો.

લેખ—ગ રતિપતિરામ ઉદયરામ પંડ્યા, બી એ

ઇંગ્લંડની મોટામા મોટી સાર્વજનિક શાળાઓ વિન્ચેસ્ટર, ઇટન, હેરો, રગ્બી માર્લબરો ચાર્ટર હાઉસ, હાર્નેબરી, અને શ્રુસબરી છે આમાંની થોડીક વિષે આપણે અત્રે જોઇશું વીલીઅમ ઑવ વીકહામની સ્થાપેલી વિન્ચેસ્ટર જુનામા જુની શાળા છે અને ઇટન અને હેરો ઘણી પ્રખ્યાત શાળાઓ છે ઇંગ્લંડમા ઇટન જુનામા જુની મોટી સાર્વજનિક શાળા છે આ શાળા છઠ્ઠા હેન્રીના સમયમા ઇ સ ૧૪૪૦ મા સ્થપાઈ હતી તે વખતે તેનું નામ 'The King's College of our Lady of Eton' હતું, અને છઠ્ઠા હેન્રીના પહેલાના રાજાએ દબાવી દીધેલા પરદેશીઓની વાર્ષિક ઉપજમાંથી તેને વર્ષાસન આપવામા આવતુ હતુ વિન્ચેસ્ટર નમુનાની શાળા તરીકે પ્રખ્યાત થઈ આરંભમા "૨૫ ગરીબ અને હુંશિયાર બુદ્ધિશાળી વિદ્યાર્થીઓને" માટે સગવડ તે શાળામા કરવામા આવી હતી પણ ૧૪૪૩ મા હેન્રી રાજાએ પોતાની નવી યોજના વધારી અને બુદ્ધિશાળી વિદ્યાર્થીઓની સંખ્યા વધારીને ૭૦ સુધી નાખી તે શાળાની સ્થાપના થઇ, તે વખતે એક મુખ્ય અધિકારી, દસ પુરોહિત (*Priests*) ચાર કારકુનો, ૭ મુખ્ય ગાયકો, એક શિક્ષક, અને તે ઉપરાંત પહેલા જણાવી ગયા તે ૨૫ બુદ્ધિશાળી વિદ્યાર્થીઓ, આટલાની નિમણુક કરવામા આવી હતી પણ ઇ સ ૧૪૧૩મા આ બુદ્ધિશાળી વિદ્યાર્થીઓથી જુદા પડતા વર્ગના સામાન્ય બુદ્ધિશાળી વિદ્યાર્થીઓને પણ તે શાળામા પ્રવેશ કરવા દેવામા આવ્યા હતા અત્યારે સામાન્ય બુદ્ધિશાળી વિદ્યાર્થીઓનો મોટો ભાગ તે શાળામા છે આ વખતે જ ઇટન અને રાજ્યની શાળા કેમ્બ્રીજ વચ્ચે નવો સબંધ બંધાયો હતો પણ આ રાજ્યની શાળા છઠ્ઠા હેન્રીએ સ્થાપી અને તે હજુ પણ ચાલે છે

ઇટનમા અત્યારે સરાસરી આશરે હજાર વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે શરૂઆતમા જરૂરની ચીજ એ હતી કે કાયદેસર પરણેલા માબાપના ઇંગ્લંડના જ વિદ્યાર્થીઓ દાખલ થવા જોઇએ આ વિદ્યાર્થીઓ આઠ અને સોળ વર્ષની વચની ઉમરના હોવા જોઇએ પણ ઇ સ ૧૮૬૭ ના કાનુનથી એવુ પસાર કરવામાં આવ્યુ કે, બારથી પંદર વર્ષ સુધીની ઉમરના બ્રિટીશ સામ્રાજ્યમા જન્મેલા કોઇપણ બાળકોને તેમા દાખલ કરી શકાય તેવુ પ્રમાણ પણ યોગ્ય રાખવામા આવ્યુ છે તેમાં પ્રવેશ થવાને માટે હરિફાઈ ઘણી જ તીવ્ર છે ઉંચા કુટુંબના છોકરાઓનો જન્મ થયા પછી તરત જ તેમના નામ નોંધાય છે કેટલાક રાજકુંવરોએ —આપણા દાબના પાટવી કુંવરે અને તેમના ભાઈ પ્રિન્સ આલ્બર્ટ પણ—ઇટનમા થોડી ઘણી કેળવણી લીધી છે

આધુનિક ઉત્કૃષ્ટ વિષયોની રૂઢીયુક્ત વ્યવસ્થા શિક્ષણપદ્ધતિમા દૃષ્ટિગોચર થાય છે, પણ, ઓગણીસમી સદીના પહેલા સમયમા 'ભણવીનુ ધોરણ લગભગ સપૂર્ણ રીતે જૂની પદ્ધતિનું હતું, અને સામાન્ય વિષયો ઉપર ધ્યાન આપ્યા પછીથી જ બીજા વર્ગોપર સારૂ ધ્યાન અપાતું.

રાજપાઠશાળા કેમ્બ્રીજમા બુદ્ધિશાળી વિદ્યાર્થીઓમા ઈનામને માટે ઘણી સ્કૉલરશીપો ઉઘડી છે, અને આકસફર્ડ અને કેમ્બ્રીજ ની પાઠશાળાઓમા પણ કેટલીક મુલ્યવાન સ્કૉલરશીપો, અને મૂલ્યવાન ઈનામો રાખવામાં આવ્યા છે

શાળાનું મકાન ઇ સ ૧૪૪૧ ના વર્ષમાં સ્થાપવામા આવ્યુ હતું, અને ઇ સ ૧૪૪૩ મા તેનો થોડો ભાગ જ વપરાતો હતો પચાસ વર્ષ પછી જ તે મકાન પૂરેપૂરૂ ઉપયોગમા લેવાયુ આધુનિક પાઠશાળા તેના જુના મકાન કરતા ઘણે દરજ્જે ચઢીઆતી બની છે હનમ જાતના લોકોની નિશાળને માટે એક દેવળ, નવી નિશાળ, અવલોકન-સ્થાન (*observatory*) રસાયણી પ્રયોગશાળા, (*Chemical Laboratory*) અને વિદ્યાર્થીઓના નવા વાસ-ગૃહો (*Boarding Houses*) ઉભાં કરવામા આવ્યા છે, અને ઇ સ ૧૯૦૮ મા સાતમા એડવર્ડ રાજાએ, ઇટનના જે વિદ્યાર્થીઓએ બોયર લોક સામેની લડાઇમા ભાગ લીધો હતો અને જેઓ તે લડાઈમા મરાયા હતા, તેમની યાદગીરીમા મકાનોની સુન્દર હાર બધાવી આ મકાનોમા, નિશાળોને લગતો એક વિશાળ ખડ, ઘુમ્મટવાળી અષ્ટકોણયુક્ત પુસ્તકશાળા, અને ઉત્તમ સગ્રહ-સ્થાન છે

આ શાળાનું સૂત્ર એકસૂત્ર તરીકે મુદ્રિત થયેલુ વાક્ય 'ઇટન આબાદ થાઓ ' એ જ છે, અને આ વાક્યથી શહેનશાહતના દરેક ભાગમાં સ્પર્દ્ધાનાં કાર્યોને વધારે ઉત્તેજન મળ્યુ છે

ટેમ્સ નદીના કાઠા ઉપર આવેલી શાળામા રમતગમ્મતને સારૂ વિશાળ મેદાન છે, હલ્લેસા મા નારાઓને માટે ઇટન લાબા સમયથી ઘણુ પ્રખ્યાત છે, અને ઑક્સફર્ડ અને કેમ્બ્રીજની શાળાઓમા ઘણા પ્રખ્યાત હલ્લેસા મારનારાઓને મોકલ્યા છે ડયુક ઑફ વેલીંગ્ટન સમ્બન્ધે એવુ કહેવાય છે કે, વૉટર્લુની પ્રખ્યાત લડાઇ, ઇટનના રમવાના મેદાન ઉપર તે પ્રથમ જીત્યો હતો, અને ફુટબૉલને મળતી એક રમત (વૉલ-ગેમ) ખાસ કરીને ઇટનના મેદાનોમા જ રમાય છે નવેમ્બરની ૩૦ મી તારીખે ઉત્સવક્રિયા કરવામા આવે છે, આમા પાઠશાળાના વિદ્યાર્થીઓ અને તેમના વિરૂદ્ધ-પક્ષકારોની વચ્ચે ફુટ-બૉલની હરિફાઇ-રમત રમાય છે મહાન ઉત્સવ તો જુનમા તા ૪ થીએ, ત્રીજા જ્યૉર્જના જન્મોત્સવને દિવસે જ ઉજવાય છે આને ભાષણનો દિવસ કહે છે, અને વિદ્યાર્થીઓનાં સગા વહાલાઓની દેખાવડી અને રગત ઠઠ જામે છે ઉત્સવ પૂરો થયા પછી શાળાની હોડીઓનો સમૂહ હારબન્ધ ટેમ્સ નદી ઉપર ફરતા નીકળે છે લૉર્ડ્સ ક્રીકેટ ગ્રાઉન્ડ ઉપર ઇટન અને હૅરોના વિદ્યાર્થીઓ વચ્ચે ક્રીકેટ-મૅચ દરેક વર્ષે રમાય છે, અને લડનમા તે જોવા જેવો બનાવ થઈ રહે છે

પહેલાના સમયમા ઇટનમા એક વિચિત્ર રિવાજ પાળવામા આવતો હતો તેને 'મોન્ટેમ' અથવા સૉલ્ટ ડે' કહેવામા આવતો, આ રિવાજ ક્યારે અને કેવી રીતે મૂળ નાખી બેઠો,

તે જણાયુ નથી, પણ ઈ સ ૧૫૬૧ ના ક્રોનીકલમાં તે પહેલવહેલો જ વર્ણવામા આવેલો છે ત્રણ વર્ષમા એક વાર બ્હાટ મ્યુઝડેને દિવસે રિવાજ પાળવામા આવતો અને ઈ સ ૧૮૪૭ મા તેનો છેલો તહેવાર પળાયો એક સરદારની સરદારી નીચે વિદ્યાર્થીઓનુ સરઘસ નીકળતુ બધા વિદ્યાર્થીઓ હાથમા ઉંચા વાવટા સાથે, વાજાઓ વગાડતા વગાડતા 'બાથ રોડ' પાસે આવેલી 'સૉલ્ટ હીલ' નામની ન્હાની ટેકરી તરફ જતા, અને રસ્તે જનારાઓ પાસેથી તેમ જ જોવા ઉભેલાઓ પાસેથી 'સૉલ્ટ' નામનુ ઉઘરાણુ લેતા ઉઘરાણેની રકમ કોઈવાર ૧૦૦૦ પૌન્ડથી પણ વધારે થતી, અને આમાથી ખર્ચ બાદ થયા પછી બાકી વધેલી રકમ નિશાળના સરદારની મુડી કહેવાતી

કેટલીક દંતકથાઓ માટે, અને જે મહાન્ વ્યક્તિઓએ ઈટનમા કેળવણી લીધી છે, તે મહાન્ પુરૂષોની યાદગિરી માટે ઇટન ઘણુ પ્રખ્યાત છે ગ્લૅડસ્ટને પણ ઈટનમા જ કેળવણી લીધી હતી દેવળની મુલાકાત લેવા આવનારાઓને છોકરાઓએ કોતરેલા મહાન્ પુરૂષોના નામ બતાવવામા આવતા, પણ તે છોકરાઓ જાણતા ન હોતા કે કીર્તિના ક્રિયાથી તે મહાન્ પુરૂષોના નામ ભવિષ્યમા અનંત થવાના જ હતા

હૅરો.

ઇલિઝાબેથ રાણીના સમયનુ ક્રોનીકલ વાચતા જણાય છે કે જૉન લીઑન્સ નામનો ઉદાર સ્વભાવ અને આચારવાળો એક જમીનદાર હતો, અને તે પોતાની આવકમાથી હૅરોના ગરીબ માણસોની કેળવણી માટે વર્ષે વીસ માર્ક જુદા રાખતો તેની યોજના ધીરે ધીરે ખીલવણી પામવા લાગી, અને ઈ સ ૧૫૭૧ મા હીલ ઉપર હૅરોમા "ફ્રી ગ્રામર સ્કૂલ" (વ્યાકરણની સ્વતંત્ર નિશાળ) સ્થાપવાને મજુરીની સનદ મેળવવા રાણીને તેણે અરજ કરી જ્યારે તેને સનદ આપવામાં આવી, ત્યારે ઈ સ ૧૫૯૨ મા તેણે પોતાની મિલ્કતનો એ તૃતીયાશ ભાગ તે શાળાને આપવાનુ પોતાના વસિયતનામામા જાહેર કર્યું ઘણા લાંબા સમય સુધી હૅરો વિષે કાઇપણ જાણવામાં આવ્યુ નહિ, કારણ કે માત્ર કેળવણી આપવામા જ વર્ષાસનની રકમ પૂરી થઇ જતી છોકરાઓની ભોજન વ્યવસ્થા, લુગડા લત્તા, પુસ્તકો, અરે! એટલુ જ નહિ, પણ પેન્સીલ, હોલ્ડર, શાહી, અને કાગળોને સારૂ પણ તેમના માબાપને દરકાર રાખવી પડતી ઈ સ ૧૬૬૦ મા રાજ-શાળા કેમ્બ્રીજના માજી શિક્ષક રેવરન્ડ વીલીઅમ હોમ, હૅરોના તે સમયના હેડમાસ્તર, ને એમ લાગ્યુ કે, ઈંગ્લંડના મોટા કુટુંબના બાળકોને આ શાળામા લાવવાને સારૂ વિદ્યાર્થી-આશ્રમો સ્થાપવાની આવશ્યકતા છે આવી જાતની જરૂર તે શાળાના કેટલાક વહીવટ કરોને પણ જણાઇ હતી. આ સમયથી જ હાલની સસ્થાની શરૂઆત થઇ, આ શાળાને પ્રસિદ્ધિમા લાવવાને કરવામા આવેલા યત્નો લગભગ ફળિભૂત થયા, પણ ઉદાર દિલના મૂળ સ્થાપકની ઇચ્છાઓ અને ધારણાઓ વ્યાજબી રીતે પાર પાડવામા આવી છે કે નહિ, તે હજુ સશયયુક્ત છે જૉન લીઑન્સનો મૂળ ઉદ્દેશ એ હતો કે હૅરોમાં રહેતા ગરીબ માણસોના બાળકોને મફત-કેળવણી આપવી પણ હાલ તે શાળામા મફત-કેળવણી સમુળગી આપવામા આવતી નથી

ઇંગ્લંડની સાર્વજનિક શાળાઓમાં લંડનથી બીજે જ નંબર હૅરો આવે છે તેમાં આશરે ૪૫૦ છોકરાઓ હાજરી આપે છે, અને શાળામાં ફી વિગેરેમાં આવતી વાર્ષિક આવક લગભગ ગોક હજારની ગણવામાં આવે છે એ જ બતાવી આપે છે કે શાળાની કેળવણીની કિમ્મત ઘણી જ વધારે છે સામાજિક શાળાની ફી તરીકે ૧૫ પાઉન્ડ (૨૨૫ રૂપિયા) લેવામાં આવે છે ગણિતના ૪ પાઉન્ડ (૬૦ રૂપિયા), અને ફ્રેન્ચભાષા શીખવાને ૨ પાઉન્ડ અને ૫ શિલીંગ (૩૬ રૂ ૧૨ આ) દર વર્ષે લેવાય છે •

અઢારમી સદીની શરૂઆતમાં ડૉ થૅકરે પહેલાં ઈટનની શાળામાં મદદનીશ શિક્ષક તરીકે કામ કરતો હતો તેને જ્યારે હૅરોમાં મુખ્ય શિક્ષક તરીકે નિમવામાં આવ્યો, ત્યાર પછીથી હાલના સમયમાં હૅરોમાં જોવામાં આવતી ઈટનની શિક્ષણપદ્ધતિ તેણે દાખલ કરી હતી વિદ્યાર્થીઓને* બાર વર્ષથી ન્હાની ઉમ્મરે દાખલ કરવામાં આવતા નથી પ્રાથમિક પ્રવેશ-પરીક્ષા લૅટીન વાક્ય-રચના, અને ગ્રીક ગદ્ય અને પદ્યમાં લેવાય છે અભ્યાસના ક્રમમાં સાહિત્ય, ગણિત, ફ્રાન્સ અને જર્મનીનો ઇતિહાસ, અને ભૂગોળ રાખવામાં આવ્યાં છે ઑક્સફર્ડ અથવા કેમ્બ્રીજ માટે ઘણી કિમતી સ્કૉલરશીપો કાઢવામાં આવી છે આમાની એક સ્કૉલરશીપ આઈસાગેના ગ્રેગરીએ વાર્ષિક ૧૦૦ પાઉન્ડ (૧૫૦૦ રૂપિયા)ની ચાર વર્ષ ચાલે તેવી સ્કૉલરશીપ કાઢી છે

શાળા-જીવન સાદુ અને સ્વતંત્ર હોય છે વિદ્યાર્થીઓને એક જ મકાનમાં સાથે શિક્ષકની દેખરેખ નીચે રાખવામાં આવે છે વ્યવસ્થાને સાચવવાની જવાબદારી અને સત્તા નિશાળના પહેલા પંદર છોકરાઓના હાથમાં રાખવામાં આવી હોય છે આ છોકરાઓ મૉનીટર્સના નામથી ઓળખાય છે બીડી વિગેરે ગુન્હાને માટે, અને નિયમના ભંગને માટે શારીરિક શિક્ષા કરવાની સત્તા એ મૉનીટર્સને આપવામાં આવેલી હોય છે નિશાળના પહેલા સાઠ છોકરાઓને મજુરો અને નોકરી રાખવાને નિમેલા હોય છે પાંચમા ફૉર્મથી નીચેના છોકરાઓને નોકરો તરીકે કામ કરવાની કોઈવાર જ જરૂર પડે છે સવારનો નાસ્તો અને ચા ટેબલ ઉપર લાવવાને, અને રકાબીઓ લાવવા લઈજવાને નોકરો રાખવામાં આવે છે વળી ક્રીકેટ અને ટેનીસના દડા ખાળવાનુ કામ પણ તે નોકરોનુ જ હોય છે ફુટબૉલ અને ક્રીકેટ જરૂરી રમતો છે ઈટનની સાથે હરિફાઈ કરવી એ સ્હેલી વાત નથી કુદવાનુ, તરવાનુ અને બંદૂક ફોડવાનુ પણ ઘણુ ચાલે છે

જ્વલંત કારકીર્દીવાળા વિદ્યાર્થીઓને સારૂ હૅરોને ઘણુ માન ઘટે છે સર રૉબર્ટપીલ વાઈકાઉન્ટ પામરસ્ટન લૉર્ડ ઍબર્ડીન, શૅરીડન, અને બાયરન આ જ શાળામાં કેળવણી પામ્યા હતા ઈ સ ૧૮૦૫ સુધી ઈટન તરફથી જ હેડમાસ્તર નિમવામાં આવતો હતો તેની સામે બાયરને વાંધો ઉઠાવ્યો, અને આ વાત આખરે એટલી બધી વધી ગઈ, કે લશ્કરી ખાતાને વચ્ચે પડવુ પડ્યુ તુર્કસ્તાનની સત્તામાંથી ગ્રીસને છુટું કરવામાં બંડ ઉઠાવનારનુ જીવન કેવુ બળવાખોર હશે તે આટલાથી જ સ્હમજાય છે *

ચાઇના બાગ, મુંબઈ }
તા ૫-૩-૧૯ }

* માડર્ન રીવ્યુના ફેબ્રુઆરી ૧૯૧૯ ના લેખપરથી

લીલાવતી જીવનકલા ૨ ૦-૧૨-૦ ચીન એમ ત્રિપાઠી ઍન્ડ કંપની, મુંબઈ

આર્યધર્મ પરિષદ્ પ્રસગ

લેખક—ર મોહનનાથ કેદારનાથ દિક્ષિત, એન એમ એન્ડ એસ એફ બી એમ

અમર કીર્તિ થોડા જ મેળવે છે

ગોઇટે નામનો એક વિદેની કવિ કહી ગયો છે કે, " જ્ઞાનથી પણ અવિચ્છિન્ન રહે એવુ કઈ પ્રતાપી અને પ્રૌઢ સ્મારક મુકા પછી મૂકી જવુ નશ્વર રૂપે નાશ પામી જાઈ, ત્યારપછી પણ સદાને માટે જીવવુ, એમા જ વાસ્તવિક પ્રીતિ છે આવા મનુષ્યો જવલ્લે જ જન્મે છે ઘણા માણસો પોતાની છેલ્લી દરમ્યાન ભલ યોગ્ય ગણાય એ રા રાજાઓ જન્મ્યા, અને ગયા, પણ તેમાના ઘણા ખરા, તો, માત્ર નિશાળના છોકરાઓને માથે વશાવળીમા નામ ગોખાવી, ભારરૂપ બન્યા છે જયારે અશોક અકબર, શિવાજી, નેપોલીયન, અલેકઝાંડર, એવી વ્યક્તિઓ આગળીને વેઢે જ ગણી શકાય એવી છે

સ્વામી દયાનંદના આગમનની આવશ્યકતા.

ધર્મગુરુઓ પણ દરેક સમયે જન્મે છે, અને જાય છે પણ તેમાના ઘણા જ થોડા સમાજના ઉપર કાયમની છાપ બેસાડી ગયા છે ધર્મસ્થાપન કરનારા મહાત્માઓનો જન્મ એ ઇશ્વરી સકેત મુજબ હોય છે એ શ્રીમદ્ ભગવદ્ ગીતામાનો શ્લોક यदा यदाहि धर्मस्य ग्लानिर्भवति भारत । अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् આ શ્લોક આપ સહુની જાણમા છે અને આ શ્લોકની ખરી સત્યતા, અનેક વખતે દૃષ્ટિએ પડી છે સમાજ જ્યારે જ્યારે ધર્મ અને નીતિથી દૂર થઈ પાપકર્મો કરવામા પ્રવૃત્ત થાય છે, ત્યારે કોઇ વિશેષ તેજસ્વી પુરુષ, ધર્મ સ્થાપનાર્થે આ જગતમા ઇશ્વરી પ્રેરણાથી નિર્માણ થાય છે સર્વ ધર્મમાના અવતારોની કલ્પના, શકરાચાર્ય બુદ્ધ, મહમદ, ક્રાઇસ્ટ વગેરે ધર્માચાર્યોનાં ચરિત્રો આ વાતની સાક્ષી આપે છે આ ઇશ્વરી યોજના અજબ છે આ ઇશ્વરી સકેતથી મહર્ષિ સ્વામી દયાનંદનો આ દેશમા જન્મ થયો હોવો જોઇએ ગયા સો ૧૫ થયા અને તેથી વધારે વર્ષ ઉપર હિન્દુસ્થાનમા હિન્દુઓની ધાર્મિક અધમતા, અને સામાજીક પતન, એટલે સુધી વધી ગયા હતા કે આપણા મહર્ષિ સ્વામી દયાનદ જેવા અવતારી પુરુષની, અત્યન્ત આવશ્યકતા હતી હિન્દુધર્મના અનેક પથો, જેની છાયા નીચે અનેક અન્યાયો, અનેક વહેમો, અનેક પાખંડો દુરાચરણો, અને અધર્મોએ આશ્રય લીધો હતો, તે ધર્મ તરીકે ગણાતા આવા ધર્મમાર્ગોના આશ્રય નીચે અનેક જાતની સામાજીક અનીતિ, બાળલગ્ન, વિધવાવિવાહ પ્રતિબંધ, અને બીજા અનેક જાતના એવા ભયકર ચાલો ચાલતા હતા, કે તે અજ્ઞાન દૂર કરવા આવા પુરુષને આપણી દુનીઆમા મોકલવાની ઇશ્વરને જરૂર લાગી આપણો ધર્મ તથા સમાજ એટલે સુધી અધકારમા ડુબી ગયા હતાં, કે વિદ્વાન્ ગણાતા લોકોમાં પણ અધર્મ અન્યાયી અને અનીતિથી ભરપુર રૂઢીઓને માન ન

આપી આપણા ધર્મશાસ્ત્રોમા ફરમાવેલા ખન આદેશો ને કોઇ વ્યક્તિ આચરણમા મુકતી, તો તેને આચાર્યો ધમનુ બહાનુ કાઢી સમાજથી દુર કરતા એવે વખતે ને મહાન પુરુષે હિન્દમા આવી હિન્દુ સમાજનો હાથ પકડી, અધમ સ્થિતિમાથી અસત્યનો નિષેધ કરી, ઉચે લાવના પ્રયાસ આદર્યો અને પોતાનુ જીવન એ જ પ્રયાસમા સમર્પ્યું, તે મહાન પુરુષના આ દેશને મફળ કરના આપણે સર્વે અને મળ્યા છીએ જે બહેનો તથા ગૃહસ્થોએ અત્રે પધારવાની તસ્દી લીધી છે, તે સર્વેને અમારી નવસારી નગરીના વનનીઓ તરફથી ખરા અત કરણપૂર્વક અભિનન્દન આપુ છુ આશા છે કે આપ મહર્ષિ દયાનદે શરૂ કીધેલા ઉક્ત પ્રયાસમા યથાશકિત મદદ કરશો

માર્ટીન લ્યૂથરે (*Emancipation of human mind*) માનસિક દાસત્વને દુર કરવાને જે કામ યુરોપમા કર્યુ તે જ કામ મહર્ષિદયાનદે ભારતમા આરભ્યુ હતુ માર્ટીન લ્યુથરને પોતાના કામમા ઘણી અડચણો પડી હતી, સ્વામીશ્રીને તેનાથી ઓછી પડી ન હોતી ને તે છતા પણ નિડરપણે, તેઓ પોતાના કામમા આગળ વધ્યા, અને ગુજરાત જેવા પ્રદેશમા પણ, સત્ય અને સ્વાતત્ર્યની નોબત શરૂ કરતાર તે મહાત્માના યશોગાન ગાવાનો પ્રસગ આવ્યો.

સ્વામીજીની અમૂલ્ય સેવાઓ.

મહર્ષિ સ્વામી દયાનદ સરસ્વતીની પ્રશસા કરવી એ સો ટચના સોનાપર ઢોળ ચઢાવવા યત્ન કરવો, તેના જેવુ છે ઉડી નજર નાખતા સ્વામીશ્રીએ દેશના ઐક્યને વાસ્તે જે ઉડા પાયા આજ ચાલીસ વર્ષની વાત ઉપર નાખ્યા હતા, તેનું રહસ્ય હાલના સુધારકો અને રાષ્ટ્રીય પરિષદ્‌ના પુજારીઓ, હવે સમજવા લાગ્યા છે આ પાયા તે દેશમા સામાન્ય હિન્દી ભાષા, નાગરી લિપિ અસત્યોદ્ધાર, અને પરધર્મમા ગયેલા હિન્દુઓની શુદ્ધિ છે સ્વામી ગુજરાતમાં જન્મેલા હોવાથી, એમની માતૃભાષા ગુજરાતી છતા, તે માતૃભાષાનો ભોગ આપી, દેશના ઐક્યને જે ઘણ જ અગત્યનું ગણાતુ સાધન તે એમણે યોજ્યુ સસ્કૃત ભાષા તો પોતે પૂર્ણ હતા, અને ગીર્વાણ ભાષા પોતાને અનન્ય પ્રિય હતી છતા તેનો પણ ભોગ આપી હિન્દીને વળગી રહી–હિન્દી ભાષા જે લોકસમૂહની રાષ્ટ્રભાષા થઇ શકે એમ લાગી–તેનો ભાષણ, લેખન, તથા શિક્ષણ દ્વારા પ્રચાર કર્યો આર્યસમાજે સ્વામીશ્રીના મીશનને વળગી રહી, તેમના આ મહાપ્રયાસને એટલે સુધી સફલ કીધો છે, કે, હાલ આર્યસમાજ હસ્તક ચાલતી લગભગ ૮૦૦ સસ્થાઓમા હિન્દી ભાષાદ્વારા કેળવણી તથા વ્યાખ્યાનો અપાય છે તે જ પ્રમાણે નાગરી લિપિનુ સમજી લેવુ અસત્યોદ્ધારનો સવાલ પણ એમણે હાથ ધર્યો અને મહાન્ કઠીન પ્રશ્ન હાલ એટલે સુધી ચર્ચાયો છે કે આ સામાજિક પ્રશ્નને હવે ગઇ રાષ્ટ્રીય પરિષદે રાજકીય પ્રશ્ન ઠરાવ્યો છે પ્રત્યેક મહાન વ્યક્તિ પોતાની જીદગીમા પ્રકાશતી નથી કારણ તેના પ્રયાસની ગહનતા, તથા દીર્ઘ દૃષ્ટિપણુ, સામાન્ય લોકોથી સત્વર સમજી શકાતા નથી પરતુ જેમ જેમ કાળ જાય છે, તેમ તેમ ઝળકતો હીરો, વધારેને વધારે પ્રકાશવાન થતો જાય છે, અને થશે એમ હુ ખાત્રીપૂર્વક માનુ છુ.

નવસારી પત્રિકામાં " આર્યધર્મ પરિષદના વિરોધમાં મોટું વાતાવરણ છે" એમ આવ્યું છે એ જોઈ મને ઘણો જ વિસ્મય તથા ખેદ થાય છે હું કાંઈ આર્ય સમાજનો સભાસદ નથી છતાં આપ સર્વ ભાઈઓ જેઓ વિરોધી હોય, તેમને પણ ભલામણ કરૂં છું કે આર્ય સમાજના દશ નિયમો, સર્વ આપાસને દરેકે વાંચી મનન કરવા જેવા છે તે પછી જો તમે તમારા હૃદયને પુછશો, કે કયો નિયમ તેની ખરી માન્યતાની વિરૂદ્ધ છે ? તો હું ખાત્રીથી ભાર મુકીને કહુ છુ કે, જે હિન્દુ સાધારણ કેળવણી લીધેલો બુદ્ધિવાદિ, એટલે પોતાની અક્કલથી સારાસાર જાણનાર, અને પરોપકારી સદાચરણી હશે, તો તે દરેક હિન્દુ તેનો સ્વીકાર કરશે અને એ દૃષ્ટિથી તે આર્યસમાજી છે આર્યસમાજી એ કાંઈ લાલ, લીલા, કે પીળા, રંગથી આળું ઉજળુ કે વાદળુ ચુંદડી ઓઢવાથી નથી ગણાતા રુદ્રાક્ષ કે તુળસીની માળા હાથમાં લેવાની તે માટે આવશ્યકતા છે જ નહીં પરંતુ સત્ય બોલવું, ચાલવું, પોતાની બુદ્ધિથી સારાસાર પીછાનવું, અને સદ્‌ગુણી તથા પરોપકારી થવું એટલે તે વગર ચિન્હે આર્ય સમાજી થઈ જ ચુક્યો તો પછી આવા સારા કામમાં વગર સમજે નકામો વિરોધ કરવાથી શું ફાયદો ? તમે ભાઈઓ અને આવી જે ઉપદેશ થાય તે સાંભળો, અને તમારૂં શ્રેય કરી લ્યો અને તમે વિરોધભાવથી કદાપિ, આવ્યા હો તો પણ તમારા શ્રેયાર્થે હું તમો વિરોધીઓનો પણ પ્રેમપૂર્વક આદર સત્કાર કરૂં છું પરિષદની સમાપ્તિ વખતે તમો વિરોધી તરીકે નહીં પણ સમાજી તરીકે મંડપમાંથી વિદાય થશો એમ મને આશા છે

આર્ય સમાજના સર્વમાન્ય સિદ્ધાન્તો.

આપણા સમાજની સ્થિતિથી મનુ કોઈ કંટાળ્યા લાગો છે ફેરફાર માટે આતુરતા સર્વત્ર સ્થળે જણાય છે પ્રાચિન વિચારનો મોહ જેમને છે, તેઓ પુનરૂદ્ધારની હીમાયતી કરે છે, પરંતુ બદલાયલી પરિસ્થિતિમાં પુનરૂદ્ધાર થવો સંભવિત નથી થતો હોય તો સર્વાંશે કરવો ઈષ્ટ નથી નિયોગથી પ્રજોત્પત્તિ કરવાની પદ્ધતિ એકવાર સશાસ્ત્ર ગણાતી આજના નીતિ વિચારો એટલા તો બદલાયા છે કે એવું કામ ઘણું જ અનીતિનું ગણાય બીજા કેટલાક સુધારાનો આગ્રહ કરે છે પણ આજે સુધારાની હીલચાલ તે પણ સર્વાંશે સારે માગ જતી જણાતી નથી, વિદેશીનું અનુકરણ સર્વાંશે થાય એ ઠીક નથી એનાથી જે સારૂં તે લેવું જ જોઈએ પરંતુ વિલાયતી છે તેથી તે સારૂં છે એમ માનવું એ ભૂલ છે આ પક્ષના વિચાર કરતા બેતાલા પડે છે યુરોપીઅન વર્ણના જેવું વાતાવરણ અત્રે ઉભુ કરવા એક પક્ષ તત્પર છે બીજો પક્ષ પૂર્વ અને પશ્ચિમ બન્નેમાં જે સારૂં હોય, તેનો યોગ સાધી સ્વીકાર કરનારો છે અને મને બીજા પક્ષને વાસ્તે માન છે, કેમકે એ પક્ષ કદી પણ વિસરતો નથી કે વર્તમાન તે ભૂતકાળનું સંતાન છે અને ભવિષ્ય કાળનો પિતા છે એ વાત જો આપણે સારી રીતે સમજી લઈએ તો કદાપિ એવડુંકી ભરેલા ફેરફાર કરવાનું, નહીં થાય આ વાત મહર્ષિ સ્વામી દયાનંદ સરસ્વતી, તથા સ્વામી વિવેકાનંદ પ્રભુ પાસેથી શીખીને, આપણે ટેવા જોઈએ પ્રાચીનકાળમાં પણ નઠારી વસ્તુઓ ન હતી, અને સુધારાને અવકાશ ન હતો એમ માનવું ભૂલ ભરેલું છે

असतो मा सद्गमय । तमसो माज्योतिर्गमय॥

આર્યસમાજ લોકોની ઉન્નતિ કરવાનું શીખવે છે, જ્ઞાનનો પ્રચાર કરે છે, વેદધર્મને વિસ્તારે છે, તેનું સંશોધન કરી તેના દોષો દૂર કરવા મથે છે, દેશમાં અનેક મતમતાંતરોના પ્રસારને લીધે, છિન્ન ભિન્ન થયેલી પ્રજા, જે ધર્મભ્રષ્ટ કર્મભ્રષ્ટ, અને સર્વ રીતે ભ્રષ્ટ થઈ ગયેલી છે, તે પ્રજાની ધર્મભાવના તથા ઐકયતા જગાડવા, ભગીરથ પ્રયાસ તેણે આદર્યો છે, સત્ય કેળવણી લેવા શરીર સુધારવા માટે અનેક જગાએ ગુરૂકુળો ઉઘાડયા છે, કન્યાવિદ્યાલયો ખોલ્યા છે, જ્યાં ભારત ભૂમિના બાળક બાળકીઓને ખરે રસ્તે દોરી કેળવવામાં આવે છે. સ્ત્રીના, વર્ણના, ખોટા વર્ણના બંધનો, દૂર કરવા માટેના તેના અનેક પ્રયાસો બહુ જ ફળદાયક નીવડ્યા છે. જે આશયથી સ્વામિજીએ આ પ્રવૃત્તિ શરૂ કરી, તે મારી સમજ પ્રમાણે અતિ ઉત્તમ હતો. અનેક જાતોની વચ્ચેનો જે કર્દિ શિથિલ થતો જાય છે. કુલિનો, પોતાની મોટાઈ જે તેમને અત્યંત પ્યારી હતી, તે હવે જવાબદારીવાળી છે, એમ સમજવા લાગ્યા છે આર્યસમાજના જ પ્રયાસથી, સદ્‌ગુણ સિવાયની મોટાઈ લાંબો વખત સુધી ભોગવી નહીં એમ પણ સમજવા લાગ્યું છે. વળી પ્રત્યેક વ્યક્તિ તથા પ્રજાને સંપૂર્ણ વિકાસ પ્રાપ્ત કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ, એવો બધાને ખ્યાલ આવવા લાગ્યો છે. મનુષ્યમાત્ર સરખા છે અને તેમાં કોઈ રાજ ચલાવવાને અને કોઈ ધર્મક્રિયા કરાવવા માટે જ સર્જાયા નથી, પરંતુ જેઓ ગુણકર્મથી તે કરવા યોગ્ય હોય તે બધા તેમ કરી શકે એવી માન્યતા ફેલાવવા લાગી છે. આ બધું આર્યસમાજના પ્રયાસને આભારી છે. અનાવળ બ્રાહ્મણોમાં વિધવા વિવાહ શરૂ થયો. તેનું કારણ એ જ કે વ્યક્તિમાં ન્યાય સમજવાની અને ન્યાય આપવાની આતુરતા વધી. જો પુરૂષ સ્ત્રીના મરણ પછી પરણે, તો સ્ત્રી શામાટે તેની મરજી હોય તો ફરી લગ્ન ન કરી શકે? અલબત્ત, આપણે કોઈને મરજી વિરૂદ્ધ પરણવાનું કહેવાનું નથી. તેમ જ ના પરણવાનું કહેવાનું નથી. દરેક વ્યક્તિને આ વાતની છુટ હોવી જોઈએ. સમાજબંધનો સમાજને સુરક્ષિત રાખવા માટે છે, પણ એ બંધનોથી જો વ્યક્તિનો વિકાસ અટકતો હોય, અત્યાર અન્ય રીતે નુકસાન થતું હોય, તો એ બંધનો શિથિલ થવાની આવશ્યકતા છે.

સમાજસુધારકનાં કાર્યો.

આ પ્રાચીન સુધારાનો મૂળ આશય 'પ્રત્યેક વ્યક્તિ અને પ્રજાના હક્ક સ્વાતંત્ર્યને માન આપીને જ રહેણી કરણી રાખવાનો છે.' જો પ્રજાજનની શારીરિક, નૈતિક કે માનસિક વૃત્તિને વિરોધી કરનાર કંઈ પણ નજરે પડે તો તે ચાલુ ન રહેતા બદલાવવું જોઈએ. યુરોપમાં પણ પાદરી વર્ગનો જુલમ બહુ વધી ગયો અને રોમના કેથોલીક પંથ તરફથી અનેક રીતે લોકોને કનડગત થવા માંડી ત્યારે ત્યાં ધર્મશોધનના પ્રયાસ થવા માંડ્યા અને તેની અસર માત્ર ધર્મમાં જ નહીં, પણ અન્ય પ્રદેશોમાં જણાઈ. પણ અહીં પણ તેવું થતું હોય એમ જણાય છે. સ્વરાજ્યને માગનારાનો બીજાના ઉપર મોટો અધિકાર ભોગવવાને આતુર ન જ હોવા જોઈએ. અને તેથી જ અસ્પૃશ્યોદ્ધારની અનેક ઝુમ્બેશ સળગાઈ છે. સ્ત્રીઓને વધુ હક આપવાની હીલચાલ શરૂ થઈ છે. આ મહાન્ વિગ્રહને અંતે

અર્વાચીન સુધારાનો હેતુ પ્રત્યેક વ્યક્તિ તથા સમાજને સ્વતંત્ર રીતે વિકાસ પામવા દેવાનો છે.

પ્રજાઓએ આત્મનિર્ણય (*Self-determination*) દ્વારા પોતાની વ્યવસ્થા કરી લેવાનુ જે પ્રેસીડેંટ વીલ્સન કહે છે તે સિદ્ધાંતમાત્ર રાજ્યવ્યવસ્થાને જ નહી પરંતુ એકંદરે સકલ સમાજ-વ્યવસ્થાને લાગુ થઇ શકે તેવો છે આર્યસમાજ મૂર્તિપૂજાને નથી માનતા એનો અર્થ કોઈક એવો કરે છે કે ખરા પુરૂષોને તે પૂજનીય ગણતો નથી આ એક નકારનો ભ્રમ છે શિવાજી મહારાજને અકબર બાદશાહ જેવા વિરલ નરની તેમ બુદ્ધ, નાનક કબીર તુલસીદાસ જેવાની પ્રતિમા તરફ આદર બતાવવાને કશો વાંધો નથી દેશના મહા પુરુષોનુ સ્મરણ નિરન્તર રહે તેટલા માટે તે જરૂરનુ છે પરંતુ પ્રભુતા નામે પથ્થર પૂજવા જોઇએ નહિ જ્યાંરે નજર સાધ્ય તરફ રહેતી નથી ત્યારે પ્રવૃત્તિનુ ફળ જણાતુ નથી. પ્રગતિ હમેશા અમુક ધોરણે થાય છે વિજયમેના માત્ર આગળ જ ધસ્યા કરતી નથી પરંતુ થોડુ આગળ વધીને જોય છે, કે બહુ છેટુ મૂળ સ્થાનકથી પડ્યુ તો નથી ? કુમક આવી પહોંચે એટલે દૂર ધસવા હરકત નથી પણ એકવાર ત્યા ગયા બાદ બીજાઓ આવી રહે છે, ત્યાંસુધી થોભવુ જરૂરનુ છે મહાન હિન્દી પ્રજાનુ ઐક્ય એ રીતે થશે આપણે ત્યા વનભાવના ઉચ્ચ, અને વિશાળ થવી જોઇએ અભ્યુદય અને નિઃશ્રેયસ જેનાથી થાય, સુખ અને ઉન્નતિ જેટલે ક્રમે તેટલી થાય તે ધર્મ જેનાથી પડતી આવે તે ધર્મ નહીં પણ પાપ નિંદા કરવાની સુખ છે અને તેટલી આગળ ધસનારને સહાય આપી, આગળ ધસવુ જોઈએ જેનાથી બહુ આગળ ન જવાય તેને તોડી ન પાડતા જેટલુ તેણે સાધ્યુ તે બદલ તેનો ઉપકાર માનવો જોઇએ, તેને શાબાસી આપવી જોઇએ હિન્દમા ઘણા-જણ આર્યસમાજમા જોયા વગર ખાસ આર્યસમાજી છે એ જ વાત આપણા અભ્યુદયનુ અવશ્ય શુભચિહ્ન છે જ્યા જ્યા અન્ધકાર હોય ત્યા ત્યા રોશની આવવી જ હો અજ્ઞાન અને દુષ્ટ પની મલીનતા પ્રકાશ વગર જવાની નથી મહર્ષિનો એ મહામંત્ર હતો કે મિત્રભાવે બધાનુ નિરીક્ષણ કરી બધાના ઉદ્ધાર માટે ખરો પ્રયાસ આ રીતે પ્રકાર જોઇએ પરસ્પરસહાય કરવી વનસ્પતિ પણ પ્રકાશ તરફ વળે છે તો શામાટે માનવ જાતને કોઇનેતોડી પાડવા નહીં તેનાથી વિમુખ રાખવી જોઇએ ? જગતમાથી ચાર વર્ણ જતી રહેના ર છે એમ લાગે છે અને તેને બદલે બે વર્ણો જ—નાસ્તિક અને ગુનામ રહે નહીં, તે જોવાનુ છે શ્રીમંત કે ગરીબ અને સ્વતન્ત્ર કે પરતન્ત્ર એવા ભેદ બ્રાહ્મણ ને બ્રાહ્મણેતરના ભેદ કરતા આગ નહીં પણ વગર છે, એ ખુબ યાદ રાખજો (*The end of man is in action, not in thought*) માત્ર વિચાર કરવા,ભાષણ આપવુ એ કઈ ઉપયોગનુ નથી *Hell is paved with good intentions* નાનો વાસ સારા વિચારોથી બધાયો છે પણ સ્વર્ગનો માર્ગ સારા કર્મોથી રચાયો છે પ્રાચીન ભાવનાને, નવા પ્રકાશથી તેનેજેમ બનાવી પશ્ચિમની રીતે તેનેસિદ્ધ કરવા યત્ન કરશો તો પ્રભુ આપણુને જરૂર સહાય છે એમ માનજો પ્રભુની સાહાય્યથી અને આપણા પ્રયાસથી ભારત ધર્મ તેમ જ ધર્મ વિશાળની બીજી બાબતમા, પૂર્ણ રીતે ઝળકી રહે એ જ આ અન્તરની ઉમેદ છે

સત્કાર વચનો.

હમારૂ નવસારી ગામ વડોદરા નરાધીશ શ્રી મહારાજા સયાજીરાવનું સુન્દર શહેર છે; કેળવણી તથા અન્યપ્રવૃત્તિ માટે કંઇક મશહુર છે હિન્દના દાન, દાદાભાઇના વડિલોનુ વતન છે એવી સુન્દર ભૂમિમાં આપ સહુને પધારેલા જોઇ મને આનન્દ થાય છે ટાટાએ અહિ જન્મીને સકળ દુનિઆમા નામ મેળવ્યુ, તેમ અહીં આર્યો એકઠા થઇને પોતાના હૃદય, પ્રેમ શૌર્યથી ભરી, સમસ્ત ભારતમા ઐક્ય નાચશે, ગાન ગજાવશે એવી આંશા રાખુ છુ સત્ય, સૌજન્ય અને સ્વાતન્ત્ર્ય, એક નહી પરન્તુ અનેક જીવનપ્રદેશમા પ્રસાર કરવાનુ મહાન યશસ્વી કાર્ય આપે માથે લીધુ છે અને તેથી, ભાઇઓ તથા બેનો, તમારો સત્કાર કરતા મને અતિ આનન્દ થાય છે

નવસારીમા આર્યધર્મના વિચારનો પ્રસાર થવાની જરૂર

મને નવસારી શહેર લાડકુ છે ને જોકે તેનો કે તેમા ઐતિહાસિક બનાવો ઘણા બન્યા નથી તથાપિ તે મહાપુરૂષોની જન્મભૂમિ છે એ યાદ રાખતા પણ કહેવુ પડે છે કે, આ શહેરમા તથા આજુબાજુના ગામમા વસ્તી કોળી, કણબી, ઘોર કનિષ્ટ અથવા હલકી નહીં, પણ મધ્યમ ગણાતી લોકોથી છે તે વસ્તીમા પણ ધર્મને નામે ઘણો જ અધર્મ ચાલતો હોવાથી હિન્દુ ધર્મનો સત્ય અર્થ, તથા ખરૂ રૂપ બતાવવુ બહુ આવશ્યક હુ ગણુ છુ તેથી ખાસ કરીને આ શહેરમા આર્યધર્મપરિષદ્ ભરવાની જરૂર હુ જોઉ છુ અને જે વિદ્વાન પન્ડિતો, વ્યાખ્યાન કર્તાઓ, તથા ભજનિકોએ અત્રે આવવા આમન્ત્રણ સ્વીકારેલા છે, અને જેમના પ્રભાવશાળી ભજનકીર્તનો, તથા વ્યાખ્યાનોથી આ શહેરના તથા આજુબાજુના ગામડાઓમાં વસતા હિન્દુઓને, હિન્દુધર્મનુ ખરૂ સ્વરૂપ, માલમ પડશે તે સર્વે પંડીતો, વ્યાખ્યાનકર્તાઓ, તથા ભજનિકોનો, ખરા અંત:કરણપૂર્વક હુ આદર સત્કાર કરૂ છુ અમને આ કઠણ કામમા ઉદાર હાથથી, મદદ કરવા જે મહાન છત્રપતિ કોલ્હાપૂરના મહારાજા સાહેબ તથા રાજાધિરાજ શહાપુરના મહારાજાસાહેબ, અત્રે આવવા, અનેક કામ દૂર કરી, તસ્દી લીધી છે, તેમનો ખાસ કરીને વિનયપૂર્વક આદરસત્કાર કરવાની આ આજ્ઞા માગુ છુ આપ સર્વ સન્નારી તથા ગૃહસ્થો અત્રે જે પધાર્યા છે તે સર્વેનો પણ આ નાનકડી નગરી તરફથી, પૂર્ણ પ્રેમથી સ્વાગત કરૂ છુ અને સભાનુ કામ શરૂ કરવા પ્રમુખ સાહેબની નિયમસર ચુટણી કરવા વિનતી કરૂ છુ હવે થોભીશુ નહિ. ચાલો આપણે પ્રભુનુ સ્મરણ કરી આગળ જઇએ *

---

* નવસારીમા આર્યધર્મ પરિષદ્ સમયે સ્વાગતમંડળના પ્રમુખપદેથી આપેલુ ભાષણ

ગુજરાતની સ્ત્રીશિક્ષણ વિષયક સંસ્થાઓ

૭. ભગિની સમાજ.

લેખક –રા કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ, બી એ , એલએલ બી

વનિતા વિશ્રામ કરતા કાંઇક જુદી તરેહનુ કાર્ય કરતી આ ભગિનીસમાજની સસ્થા છે તેની સ્થાપના તા ૧૯ ફેબ્રુઆરી ૧૯૧૬ ને દિવસે–સ્વ મહાત્મા ગોપાલ કૃષ્ણ ગોખલેની પ્રથમ સવત્સરીને દિવસે–તેમના સ્મારક ચિન્હ તરિકે જ થઈ હતી આ સસ્થાનુ સતત કાર્ય કરનાર હિન્દ સેવક સમિતિવાળા ભાઇ કરસનદાસ ચિતલીયા છે અલબત્ત તેમની મદદમાં બીજા સન્નારીયો છે પરતુ કામનો બોજો મોટે ભાગે, ઘણે મોટે ભાગે ભાઈ ચિતલીયા ઉપર જ છે

મુખ્ય ઉદ્દેશ.

આ ભગિની સમાજનો મુખ્ય ઉદ્દેશ તો સ્ત્રીજાતિની ઉન્નતિ થાય એવા ઇલાજો યોજવાનો અને તેનો યથાશક્તિ અમલ કરવાનો છે આ રીતે તેનુ કર્તવ્યક્ષેત્ર તો ઘણુ વિશાળ કલ્પેલુ છે પરતુ સ્ત્રીશિક્ષણ વિના સ્ત્રીઉન્નતિનો અભાવ ઓછો છે, એમ આ સમાજના કાર્ય વાહકોને લાગ્યુ છે, અને તેથી સ્ત્રીશિક્ષણનુ માર્ગ તેઓએ હોંસથી ઉપાડી લીધ છે. શિક્ષણમા તેઓએ જુદા જુદા ઉપાયો આદર્યા છે ફક્ત વર્ગોથી જ તેઓએ સતોષ મા યો નથી આ જુદા જુ ા ઉપાયો આપણે હવે તપાસીશુ

પુસ્તકો યા પત્રિકા અને પ્રસાર

બીજી સસ્થાઓ કરતાં જે વિશેષ પ્રયત્ન આ સમાજે કર્યો છે તે પત્રિકાઓ પ્રસિદ્ધ કરવાનો છે સ્ત્રીઓ માટે, એમની હાલની સ્થિતિ જોતા, ખાસ વાચનની જરૂર છે એમ કાર્યવાહકોને લાગ્યુ પર તુ આવુ સાહિત્ય અત્યારે આપણી ભાષામા નથી, અને જેટલુ છે તેટલું સ્ત્રીઓના હાથમા જઇ શકતુ નથી આમ વિચારી તેમણે જુદા જુદા વિષયો ઉપર પત્રિકાઓ લખાવીને પ્રસિદ્ધ કરવાની યોજના કરી તેમા સ્ત્રીઉપયોગી વિષયો પસદ કરવામા આવે છે અને તેનો પ્રસાર પુષ્કળ થાય તેવા ઉપાય કરાય છે

આ પત્રિકાઓ સાથે નાના નાના પુસ્તકો પ્રસિદ્ધ કરવાનુ પણ તેમની યોજનામા હતુ. આ બે વર્ષમા ૩૮ પત્રિકાઓ અને બે પુસ્તકો આ સસ્થા તરફથી પ્રસિદ્ધ થયા છે આમાથી ૭ પત્રિકાઓ જીવનચરિત્રની છે અને બીજી સ્ત્રીઓને લગતા પ્રશ્નો કે સ્ત્રીઉપયોગી વિષયો સંબધી છે બે પુસ્તકોમા એક સ્વ ભોગીલાલનુ ' સ્ત્રીઓ અને સમાજ સેવા " છે તેની આકર્ષક અને ઉપયોગી પ્રસ્તાવના મહાત્મા ગાધીજીયે લખેલી છે બીજી ચોપડી રા પત્નીગરની ' નવા યુગની વાતો ' છે આ રીતે આ પત્રિકા અને પુસ્તકોનુ કાર્ય આ સસ્થા તરફથી થાય છે. પત્રિકાઓના પ્રસારથી જ્ઞાન દેવાનુ તે પદ્ધતિ સારી છે ખાસ કરીને જેઓને વાચન તરફ આદરભાવ છે તેમને માટે તો તે રીત સારી જ છે પરતુ પત્રિકાઓના વિષયો પસદ કરવા

માટે વ્યવસ્થિત યોજના જોઈએ કોઈ લખનાર મળે એટલે ગમે તે વિષય લખાવી છપાવી દેવા તે બરાબર નથી એક કે બે વિદ્વાનોના અધિપતિપણા નીચે પત્રિકાઓની પ્રસિદ્ધિ થવી જોઈએ પત્રિકાઓ માટે વિષયની પસંદગી અધિપતિએ કરીને લાયક લેખકો ખોળવા જોઇએ, અને તેમનીપાસથી ઉત્તમમા ઉત્તમ કાર્ય લેવુ જોઇએ તે માટે પૈસા આપવા પડે તો આપીને પણ ઉત્તમ કામ લેવામા એકંદરે લાભ છે આ રીતે પત્રિકાઓમાથી છેવટે આ ઉપયોગી વિષયનુ "શબ્દ જ્ઞાન સગ્રહ" જેવુ નિપજવી ચાહીએ ચરિત્રો પણ જો વ્યવસ્થિત રીતે લખાવાયા હોય તો વધારે સારૂ ઇતિહાસ પ્રસિદ્ધ સ્ત્રીઓ, પરોપકારી સ્ત્રીઓ, સ્ત્રી-દુઃખ-ભજન પુરુષો, વગેરેના ચરિત્રો વ્યવસ્થિત રીતે લખાવાયા હોય તો આ ચરિત્રોનાં પુસ્તકો થઇ શકે અને એ રીતે ગુજરાતી સાહિત્યમા સ્થાયી વધારો પણ થાય આ સૂચના કરીને હુ કાઈ હાલની પત્રિકાઓની સેવા ઉતારી પાડવા ઇચ્છતો નથી માગતો પરતુ, આ સમાજ વધારે ઉપયોગી કાર્ય કરવા પ્રેરાય તે હેતુથી જ આટલી નમ્ર વિનતિ કરૂ છુ

સ્ત્રીવાચન ગૃહો.

પત્રિકાઓ લખાવવા ઉપરાત જે બીજુ ઉપયોગી કાર્ય આ સમાજ કરે છે તે ગુજરાતમા જુદેજુદે સ્થળે સ્ત્રીઓ માટે વાચનગૃહો ઉઘાડવાનુ છે કુલ ૮૦ વાચનગૃહ, (જેમાના ૫૦ તેહ બરોબર કામ કરે છે) ઉઘાડવામા આવ્યા છે આમાં ભગિનીસમાજની પત્રિકાઓ ઉપરાત બીજા પણ ઉપયોગી અને જાણીતા માસિકો અને પુસ્તકો મોકલવામા આવે છે કેટલેક સ્થળે આ અર્ધી કિંમતે અને કેટલેક ઠેકાણે તદ્દન મફત મોકલવામા આવે છે

મારા ધારવા મુજબ આ કામ ઘણુ જ ઉપયોગી છે સ્ત્રીઓ માટે સાહિત્ય ઉત્પન્ન કરવુ અને એ સાહિત્ય વાચે તેવી સ્ત્રીઓ તૈયાર કરવી એ બ ને કાય તરફ ધ્યાન આપવાનુ છે વળી સ્ત્રીઓને પુસ્તક મળી શકે તેમ હોય છે, પણ વાંચન તરફ તેમનુ ધ્યાન હોતુ નથી, અથવા તેઓ એકલા એકલા વાચીને સમજી શકાય એવુ જ્ઞાન હોતુ નથી માટે કોઈ ઉત્સાહી બેનને હાથે વાચન-ગૃહ સોંપાવી, તેમને બીજી સ્ત્રીઓને વાચી સભળાવવાનુ કાર્ય નાખવાથી ઘણો લાભ થવાનો સભવ રહે છે આ બાઇને વાચનનુ સાહિત્ય તો પૂરૂ પાડવામા આવે જ છે આવા વાચનગૃહો ઘણે સ્થળે નિકળે, અને જ્યા નિકળેલા છે ત્યા પૂર્ણ કર્તવ્યબુદ્ધિથી કાર્ય થાય, તો અવશ્ય સ્ત્રીઓનુ જ્ઞાન વિકાસ થાય, અને તેમની બુદ્ધિ ખીલે પચાસ વાચનગૃહો કયા કયા ગામમા છે, તથા તેની વ્યવસ્થા, કોણ કરે છે, અને તેનો લાભ કેવો લેવાય છે તેની વિગત ભગિનીસમાજના ૧૯૧૮ ના હેવાલમા આપેલી છે આ હકીકતથી કોઇ પણ રીતે નિરાશ થવા કારણ નથી નાના નાના ગામડામા, જ્યા બીજા સાધનો હોવાનો સભવ નથી, ત્યા, આવા વાચનગૃહો વધારે પ્રમાણમા છે તે આનંદની વાત છે કેટલેક સ્થળે તો શિક્ષણનુ કામ પણ થાય છે દરેકે દરેક ગામે આવા વાચનગૃહનો લાભ લેવો જોઇએ

વ્યાખ્યાનો.

મુબાઈ શહેરમા સ્ત્રીજીવનમા જાગૃતિ આવે તે હેતુથી જુદા જુદા લત્તાઓમા સ્ત્રીઓ માટે વ્યાખ્યાનોની યોજના ભગિનીસમાજ તરફથી કરવામા આવી હતી વળી સ્ત્રીઓમાં

પરસ્પર ઓળખાણ વધે તે હેતુથી સ્નેહસંમેલનો પણ કરવામા આવ્યા હતા આવા વ્યાખ્યાનો તથા સ્નેહસંમેલનો ગે વર્ષમા ૧૦૦) થયા હતા આ સંખ્યા ઘણી સારી કહી શકાય વ્યાખ્યાનકારમા મીસીસ બીસેન્ટ, મહાત્મા ગાંધીજી, સૌ શારદાબેન રા અમૃતલાલ ઠક્કર, રા જમનાદાસ દ્વારકાદાસ રા ચંદ્રશંકર પંડ્યા વગેરેના નામ જોવામા આવે છે સ્ત્રીઓએ ફક્ત બાર વ્યાખ્યાનો જ કર્યાં હતા

સ્ત્રીઓ પોતે અંદર પોતાને ઉપયોગી અને જાહેર જીવનને લગતા અંદર વ્યાખ્યાનો અને ચર્ચાઓ કરે તે ઘણુ ઇચ્છવા જોગ છે તે માટે વધારે સંખ્યામા તેઓને ભાષણ કરવા લલચાવવા તરફ ભગિનીસમાજના કાર્યવાહકે એ લક્ષ રાખવુ જોઇયે આ સભાઓ ફક્ત સ્ત્રીઓ માટે જ હોય છે એટલે સ્ત્રીઓને તેમા ભાષણ કરતા શરમ આવવાનો સંભવ તો નથી જ

વૈદક અને વિજ્ઞાનના વ્યાખ્યાનો નકશા કે મૅજીક લૅન્ટર્નની મદદથી કરવામા આવ્યા હતા તે સંતોષની વાત છે આવી રીતોથી સ્ત્રીઓમા ઉપયોગી જ્ઞાન પ્રસારવાની ઘણી જ જરૂર છે એવા વ્યાખ્યાનો વધારે પ્રમાણમા થાય તે ઇચ્છવાયોગ્ય છે

સ્ત્રીશિક્ષણ વર્ગો.

પત્રિકાઓ, વાચનગૃહો કે વ્યાખ્યાનોથી જ આ સમાજના કાર્યવાહકોએ સંતોષ માન્યો નથી તેઓ એમ સ્વીકારતા લાગે જ છે કે અક્ષરજ્ઞાન તથા ત્યારપછીનુ પદ્ધતિસર શિક્ષણ સ્ત્રીઓ જો લઇ શકે તો જ તેઓ બીજા સાધનોનો લાભ વધારે લઈ શકે વળી હિન્દુ-સમાજમા બાળલગ્નનો રિવાજ પ્રચલિત હોવાથી કન્યાઓને પુરુ શિક્ષણ મળી શકતુ નથી. નાની વયમા જ તેમને નિશાળ છોડવી પડે છે, અને ત્યાર બાદ તેઓ સંસાર વ્યવહારમા પડી જાય છે આવી બાળાઓનુ અધુરૂ શિક્ષણ પૂરૂં કરાવવાના હેતુથી, તેમ જ મોટી ઉમ્મરની સધવા કે વિધવા સ્ત્રીઓને શરૂવાતથી શિક્ષણ આપવાના હેતુથી આ સમાજ તરફથી શિક્ષણવર્ગો ખોલવામા આવ્યા છે મુંબાઇમા બે વર્ગો અક્ષરજ્ઞાન માટે છે એક વર્ગ હુનરજ્ઞાન માટે છે તથા બીજા ૭ વર્ગો જુદા જુદા ગામોમા ચાલે છે સ્ત્રીઓ માટે હુન્નરના શિક્ષણની જરૂર ઘણી જ છે આપણા સમાજની સ્થિતિ સામાન્ય રીતે ગરીબ છે, અને તેમાયે સ્ત્રીઓ તો ઘણી જ પરાધીન છે તેઓ જો ઘેર બેઠા કાંઇને કાંઇ ઉદ્યોગ કરે તો તેથી દરેક પક્ષે તેમને લાભ થવા સંભવ છે માટે હુન્નરજ્ઞાન માટેના વર્ગો જેમ બને તેમ વધારે પ્રમાણમા ખોલવા આ સમાજને હુ આગ્રહ કરૂં છુ પણ તે સાથે એટલી પણ વિનંતિ કરૂ છુ કે કેવળ હુન્નરજ્ઞાન માટે વર્ગો હોય ત્યા પણ અમુક શિક્ષણ તો આપવુ જ જોઇયે એવો સિદ્ધાન્ત રાખવો જોઇયે જ્યારે આપણે ફરજીયાત પ્રાથમિક શિક્ષણની હિમાયત કરીયે છીયે ત્યારે આટલી બાબત ધ્યાનમા રાખી દરેક હુન્નર વર્ગમા પણ પ્રાથમિક શિક્ષણ તો ફરજીયાત કરવાની આપણી ફરજ છે જ

શિક્ષણ વર્ગો માટે બીજી પણ એક બે વાતો કહેવાની છે મોટી ઉમ્મરની સ્ત્રીઓ માટેના વર્ગોમા હમેશા હાજરી બહુ જ અનિયમિત હોય છે આમા ભણાવનાર તથા ભણનાર તથા તેમના કુટુંબી-

ઓની હોય છે ભણનારીની અગવડો ધ્યાનમા લઇને આ વર્ગોનો વખત બપોરના નવરાશ કલાકનો ગોઠવેલો હોય છે જ્યારે હાજરી અનિયમિત રહે છે તે ઘણુ જ ખોટુ કહેવાય આ સબધમાં ખાસ કરીને જે બાઇઓ ભણવા જાય છે તેમના પતિને એટલી જ વિનતિ કરવાની છે કે, તે બાઇઓને ભણવા જવા માટે તેમણે ઉત્તેજન આપવુ તથા નાના નાના કૌટુબિક કાર્યો માથી તેમને છુટી કરી વર્ગોમા જવાનો વખત તેમને આપવો જોઇયે આમા સવાલ ફકત કાર્યની ગોઠવણીનો જ છે તુમારી બીજુ કાઈ જ નથી

વર્ગોના વ્યવસ્થાપકોને જે વિનતિ કરવાની છે તે ક્રમ સબધી છે આ શિક્ષણવર્ગોના ક્રમ પદ્ધતિસર ગોઠવાવા જોઇયે ઘણુખરૂ આ વર્ગોમા ગમેતેમ શિક્ષણ અપાયા કરે છે આમ થવાથી શીખનારને જોઇયે તેવો લાભ થતા નથી તે માટે પદ્ધતિસર ક્રમ ગોઠવીને, તે ક્રમ મુજબ જ નિયમિત શિક્ષણ આપવાનો નિશ્ચય થવો જોઇયે અને બનતા સુધી આવા જુદા જુદા વર્ગો વચ્ચે ક્રમની એકતા હોય તો ઘણુ સારૂ શિક્ષક પણ યોગ્ય અને પૂરતા હોય તો એકંદરે લાભ છે વળી ભણવા આવતી બાઇઓમાથી કોઇને શિક્ષણના કાર્યમા રસ લેતી જોઈ શિક્ષિકા થવા પ્રવૃત્ત કરાય તો ઘણુ સારૂં

આર્થિક સ્થિતિ.

પત્રિકાઓ, પુસ્તકો, વાચનગૃહો, શિક્ષણવર્ગો, હુન્નરવર્ગો આ બધુ ચલાવવાને માટે અને નિભાવવાને માટે પૈસાની ઘણુ જ કામ પડે છે અને આ સમાજને પૈસો નથી આવી મળ્યો એમ કહી શકાય તેમ નથી પ્રથમ વર્ષમા લગભગ રૂ ૨૮૦૦ ની આવક થઈ હતી, અને ખર્ચ પણ તેટલુ જ થયુ હતું બીજા વરસમા આ સમાજે પોતાનુ ક્ષેત્ર વિશાળ કર્યું અને શરૂવાતથી જ ખર્ચનો અદાજ રૂ ૬૦૦૦ થશે એમ જાહેર કર્યું હતુ અને જાહેર પ્રજાયે આ અદાજનો જવાબ પણ ઘણી ઉદારતાથી આપ્યો છે એમ કહી શકાશે બીજા વર્ષની આવક રૂ ૭૬૦૦-- ની થઈ છે અને ખર્ચ રૂ, ૫૧૦૦ નો થયો છે આ રીતે આ સમાજની આર્થિક સ્થિતિ સતોષ કારક જ ગણી શકાય એવી છે અને તે ઉપરથી સમાજના મત્રિઓની ખતનો ખ્યાલ આપણને આવી શકે તેમ છે કારણકે મત્રિઓની ખતની મ્હેનત વિના આટલી આવક થઈ શકે જ નહિ આ કારણથી ભવિષ્યને માટે બહુ સારી આશા રહે છે

મહાત્મા ગાધીજી અને આ સમાજ.

આ સમાજમા રસ લેનારા બેનો અને ભાઇઓમા ઘણા જાણીતા નામો જોવામા આવે છે અને તે માટે આ સમાજને ખરેખર ભાગ્યશાળી લેખી શકાય સમાજના પ્રમુખ મીસીસ શારદા મ્હેતા બી એ છે ઉપ-પ્રમુખ લેડી લક્ષ્મીબાઇ જગમોહનદાસ તથા મીસીસ જાઇજી પીટીટ છે આ ઉપરાંત મહાત્મા ગાધીજી પણ વારવાર તેમા સલાહ આપે છે, અને બીજો ભાગ લે છે "સ્ત્રીઓ અને સમાજસેવા" નામે પુસ્તક સમાજ તરફથી બ્હાર પડયુ છે તેની પ્રસ્તાવનામા તેમણે બાળલગ્ન થાય છે તેથી કન્યાઓનો વિકાસ અટકી પડે છે એમ દર્શાવી શોક કર્યો હતો, અને તે નુકશાન અટકાવવાના એક વ્હેવારૂ માર્ગ તરિકે તેમણે યુવકોને પ્રાર્થના



ગાઉનેડ મિત ને દેશી હિન્દ

સમાલોચક] [મે ૧ સ ૧ ૧૯

ચિત્રકાર મ ચોટિગ] [ચોપીના



જન્મભૂમિ છોડી જતા રાણા પ્રતાપને ભીમાશા પોતાનો ખજાનો અર્પણ કરે છે

સમાલોચક] [મે, ઈ સ ૧૯૧૯

ચિત્રકાર શ પંડિત] [કોપીરાઈટ

કરી હતી કે જો તેઓના લગ્ન બાળક કન્યા સાથે થતાં હોય તો તેમણે લગ્ન થયા પછી પણ બ્રહ્મચર્ય પાળવુ અને કન્યાને કેળવણી મળે તેવા ઉપાય યોજવા આ સવાદ ઘણી જ મનન કરવા યોગ્ય છે વળી સમાજનુ બીજુ વર્ષ પુરૂ થયુ ત્યારે વાર્ષિક સમેલન કરવામા આવ્યુ હતુ તેના પ્રમુખ તરીકે પણ ગાધીજીને પસદ કરવામા આવ્યા હતા અને તે પ્રસગ માટે તેમણે એક વિચારપૂર્ણ વ્યાખ્યાન લખ્યુ છે તેમા તેઓ સ્ત્રીઓની સેવા કરવામાં સ્ત્રીઓની જ જરૂર છે એમ જણાવી કહે છે કે, જ્યાં સુધી હિન્દુસ્તાનમા સ્ત્રી એક રતિભાર પણ દબાયલી રહેશે, અથવા ઓછા હકકો ભોગવતી હશે ત્યાં સુધી હિન્દુસ્તાનનો ખરો ઉદ્ધાર થવાનો નથી " એમના વ્યાખ્યાનમા તેઓ નીચે દર્શાવેલી બાબતો તરફ ધ્યાન આપવાનુ કહે છે

૧ ઘણે ઠેકાણે સ્ત્રીઓ અજ્ઞાન અવસ્થામા છે તેમ પછાત સ્થિતિમા છે, તેમના જીવનનો અભ્યાસ કરવો,

૨ હિન્દુ ધર્મશાસ્ત્રમા, ઘણુ કરીને ક્ષેપક શ્લોકોથી, સ્ત્રીઓ ઉપર આક્ષેપો મૂકેલા છે તે દૂર કરાવવા પ્રયત્ન ચાલુ રાખવા.

૩ સ્ત્રીઓને તેમની અવનતિનુ ભાન કરાવવુ

૪ અતિશય પછાત રહી ગયેલા વર્ગોમા જઈ પોતાને જે અનુભવપૂર્વક જ્ઞાન હોય તે તેઓને સ્નેહપૂર્વક આપવુ પોતાને જે જ્ઞાન ન હોય તે મેળવવા પ્રયત્ન કરવો

૫ સેવા વ્રત સ્વીકારી અસહાય બાળાઓના સહાયક બેલી થવા પ્રયત્ન કરવો

૬ આપણાં કાર્યો વડે લોકો ઉપર પ્રભાવ પાડવો, કલમ ચલાવીને નહિ

૭ મુગા કાર્યોને પ્રધાનપદ આપવું

ગાધીજી પોતાના ભાષણમા જણાવે છે કે સ્ત્રીઓને ઉપયોગી બાબતોનુ જ્ઞાન આપવા માટે તેઓ અક્ષરજ્ઞાન લઈ રહે ત્યા સુધી થોભવાની જરૂર નથી " અક્ષરજ્ઞાન વિના ઘણાયે કાર્યો થઇ શકે છે, તો પણ અક્ષરજ્ઞાન વિના ન ચાલી શકે" એવી દૃઢ માન્યતા એમની થયેલી છે ત્યાર બાદ પુરૂષ કરતા સ્ત્રીનો કાર્યપ્રદેશ ભિન્ન હોવાથી તેમની કેળવણીનો ક્રમ પણ ભિન્ન રહેવો જોઇયે આમા અગ્રેજી ઉપરનો ખોટો મોહ તજવા એ ખાસ આગ્રહ કરે છે એ સબધીનુ એમનુ લખાણ ખાસ વાચવા યોગ્ય છે

આ પ્રમાણે આ મહાપુરૂષ પણ આ "સમાજના" કામ તરફ નજર રાખી તેમા રસ લે છે તેથી ભવિષ્ય માટે વણી સારી આશા રહે છે વળી આ સમાજમા હિંદુ અને પારસી બેનો એક બીજાની મદદમા રહી કામ કરે છે તે પણ એક શુભચિહ્ન છે

કાઇક સૂચનાઓ.

આ સમાજે બે વર્ષમા પૂર્ણ ઉત્સાહથી જે કાર્ય કરી બતાવ્યુ છે, તથા પોતાની પ્રવૃત્તિના જે પુરાવા આપ્યા છે, તેથી હું કાઇક વધુ સૂચનાઓ કરવા લલચાઉ છુ સ્ત્રીઓના હક્ક સબ

દિનામા જગવાના રહે છે કે નહિ તે તપાસવાનુ ચાનકભર્યું કાર્ય આ સમાજે ઉપાડી લેવુ ઘટે છે ઘણા વર્ષો ઉપર આવુ કાઇક કાર્ય મસારનુધારા સમાજ તરફથી થતુ હતુ પરતુ આ બાબતમા વધારે જાગૃતિથી કાર્ય કરવાની જરૂર છે એને તે માટે ભગિની સમાજ-એ સ્વ હાથે અથવા તો બીજા મડળોની સાથે રહીને—ઉપયોગી કાર્ય કરી શકશે એમ હું ધારૂ છુ સમાજમા, ગજ્જગબાગમા, કાયદામા કે ધર્મપુસ્તકોમા, જ્યાં જ્યા સ્ત્રીઓના હકકો દરજ્જા ઉપર તરાપ માગ્વામા આવી હોય ત્યા ત્યાં તેમનો હકક સ્થાપન કરાવી આપવાનુ કાર્ય આ સમાજે ઉપાડી લેવુ ઘટે છે તે માટે જે કાઇ હીલચાલ કે ચળવળની જરૂર હોય તે તેણે ચલાવવી જોઇએ

બીજુ એક કાર્ય આ સમાજ મુબાઈમા કરે તો ઘણો લાભ થાય એમ મારૂ માનવુ છે સ્ત્રી ઉદ્ધારમા સ્ત્રી કેળવણી અગત્યનો ભાગ ભજવે છે એમ તો આ સમાજ માને જ છે અને તે માટે તેણે ઘણા પગલા પણ લીધેલા છે પરન્તુ જેને માધ્યમિક શિક્ષણ કહીએ છીયે તેનુ શા ? તે આપને તો જ આપણુને આપણા આખા સમાજને કાર્યકરનાર સ્ત્રીઓ મળશે હિન્દુ, ગુજરાતી હિન્દુ, સ્ત્રીઓમા માધ્યમિક શિક્ષણનો પ્રચાર ઘણો ઓછો છે મુબાઈમાં તે માટે જે કન્યા હાઇ સ્કૂલો છે, તેનો લાભ ઉચ્ચવર્ગ શિવાયની હિન્દુ કન્યાઓ લઈ શકતી નથી—અને આ વર્ગમાથી પણ જોઇએ તેટલી સખ્યા તેનો લાભ નથી લેતી, એના કારણો પણ દેખીતા છે એમાંનો શાનો ક્રમ આપણા સમાજની હાલની પરિસ્થિતિને જરા પણ અનુકૂલ નથી તેની વ્યવસ્થા પણ હિન્દુ પરિસ્થિતિથી અજાણુ શિક્ષિકાઓના હાથમાં છે શિક્ષણનો સમય પણ પ્રતિકુલ છે તથા ખર્ચ પણ વધારે આવે છે આ કારણોને લીધે સ્ત્રીઓના માધ્યમિક શિક્ષણ માટે અનકૂલ કરવામા "મહિલાવિદ્યાલયો"ની ઘણી જ જરૂર છે આવા વિદ્યાલયો સુરત અને અમદાવાદમા ચાલુ થઈ ગયા છે મુબાઈમા તેની ઘણી જ જરૂર છે તો ભગિની સમાજ તરફથી આ કાર્ય ના ઉપાડી લેવાય ?

અતમા આશા રાખુ છુ કે આ ભગિનીસમાજની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય અને સ્ત્રીઓની સર્વદેશીય ઉનતિ કરવામા તે સાધનભુત બનો.*

---

* આ વિષય નીચે ગયે વર્ષે વનિતાના લલિતા વનિતાશ્રમની સસ્થાના કાર્યનુ નિરૂપણ સમાલોચકના માચ માસના અકમા કરવામા આવ્યુ હતુ તે તરફ વાચકોનુ લક્ષ્ય ખેચવાની હુ જરૂર લેઉ છુ—કેશવપ્રસાદ

બોધિસત્વ

લેખક—શ્રી હુમમનરાય હરિલાલ ધ્રુવ.

બ્રહ્મદત્ત જ્યારે વેણાએ કાશીમાં રાજ કરતો હતો તે વખતે, બોધિસત્વ તે ગામના એક ધનવાન બ્રાહ્મણ કુટુંબમાં જન્મ્યો હતો મ્હોટી ઉમ્મરે ત્હેણે અભ્યાસ પુરો કર્યો હતો ત્યાર પછી ભોગવિલાસ ઉપર વિતરાગ થવાથી, ત્હેણે સન્યાસ સ્વીકાર્યો અને પર્વતના નિર્જન ગહ્વારમાં નિવાસ કરવાને તે ચાલ્યો ગયો ત્યાં નિયમિત ધ્યાન ધારણાદ્વારા, પરાવિદ્યા અને અંતર્દષ્ટિ મેળવીને, શાન્તિમાં તે વખત ગાળવા લાગ્યો

એક દિવસ, તેલ મીઠું વિગેરેની જરૂર પડવાથી, કાશીમાં તે આવી પહોંચ્યો વલ્કલ પહેરેલો સન્યાસી, બારણે બારણે ભીક્ષા માગવા માટે ચાલ્યો તેના ખભા ઉપર કાળા હરણનું કાળું ચામડું ઝુલતું હતું માથા ઉપર જટાબંધ લાંબા કેશ હતા, પીઠ ઉપર બે બાજુએ બે ઝોળી લટકતી હતી રાજમહેલના સિંહદ્વાર આગળ ભિક્ષા માટે આવી પહોંચતા, રાજાને તેને જોવાની ઇચ્છા થઈ મન તાપ વિમુક્ત સન્યાસીની પ્રશાન્ત મૂર્તિનો ઉજ્જ્વલ જ્યોતિ નિહાળીને રાજાનું ચિત્ત આકર્ષાયું પરમ સમાદરપૂર્વક રાજમહેલમાં તેની વ્યવસ્થા કરી બહુમૂલ્ય આસન અને ઉપાદેય આહાર્ય મળવાથી સન્યાસી ઘણા સંતુષ્ટ થઈને રાજગૃહમાં દિવસ ગાળવા લાગ્યા, આવી રીતે સોળ વર્ષ ચાલ્યા ગયા

એવામાં ખબર આવ્યા કે, સરહદ ઉપરની પ્રજાએ બળવો કર્યો છે રાજા દિના વિલંબે સૈન્ય સામંત લઈને, બળવાખોરોને દાબી દેવા ચાલ્યો રાણી સુભદ્રા ઉપર સાધુસેવાનો ભાર આવ્યો

એક દિવસ, રાણી સુભદ્રા સાધુના ભોજનની તયારી કરીને તેની રાહ જોતી હતી સાધુ હજુસુધી આવ્યા નહિ એમ જાણીને પોતે શયનગૃહ તરફ ચાલી, વિચાર કર્યો કે દિવસનું બારે પ્રથમ જ ઉઠે છે ત્યારે સાધુને એટલામાં હું સ્નાન કરી લઉં ત્યારે ગરમ પાણી લઈ સુગંધી જલમાં સ્નાન કરી, કીમતી સુન્દર વસ્ત્રોમાં સજ્જ થઈ એક મંચ ઉપર બેસીને સાધુની રાહ જોવા લાગી

ધ્યાનના આનન્દમાં ડુબેલો સાધુ ભોજનની વાત વિસરી જ ગયો હતો એકાએક તેને ચેતન થઈ આવ્યું કે, ભોજન તો હજી કર્યું નથી! રાણી બહુ કરી તો, આટલો વખત સુધી, તેની રાહ જોતી હશે વ્યાકુલ થઈને, યોગ બળવડે આકાશમાર્ગે પોતે રાજમહેલ તરફ રવાના થયો

આ તરફ રાણી, મહેલના બ્હારી આગળ, એકચિત્ત બેસી રહી હતી મૃદુ સમીર દ્વારમાર્ગ પ્રવેશ કરીને, ત્હેના અલક લટોને ડોલાવીને, નૃત્ય કરતો હતો સાતાનના આ અસીમ રૂપના ચરણમાં, બહારની શ્યામલ વનરાજીની સ્નિગ્ધ કાન્તિ અને અસીમ નીલ આકાશની અતુલ શોભા, મિલન માટે વિનતી કરતી હતી રાણી સુભદ્રા નીચી દૃષ્ટિએ, આ આનન્દના સુધાપાનમાં તન્મય બની, ગઈ હતી આ ગંભીર મૌનસીનતની નિસ્તબ્ધતા ભગ

કરીને સાધુ એકાએક શન્ય માર્ગે ત્યા આવીને ઉભો રહ્યો રાણી ચમકી ઉઠી ને ઉભી થઈ ગઈ ત્હેના અસ્તવ્યસ્ત થઇને સરી ગયલા વસ્ત્રમાથી, અતુલનીય રૂપચ્છટા ઝરી જતી હતી સન્યાસી ઉદ્ભ્રાત થઇને, તે અસામાન્ય રૂપમાધુરી નિહાળતો નિહાળતો કામનાથી દગ્ધ થવા લાગ્યો અન્તરદષ્ટિ વિલુપ્ત થઇ પાંખવિનાના પખીની માફક તે તડફડવા લાગ્યો ખાવાનુ મ્હોમા ન પેઠુ કામનાથી જર્જરિત થઇને, મહેલમાથી તે પાછો આવ્યો રાજાના ઉદ્યાનની અન્દર આવેલી પોતાની કુટિરમા, શૈય્યામા સુતેસુતે તે મનમોહન રૂપના ધ્યાનમા ને ધ્યાનમા, સાત દિવસ તેણે વીતાડી નાખ્યા આહાર નહિ, નિદ્રા નહિ ! તેનુ અતર કામનાથી ભસ્મિભૂત થવા લાગ્યુ

રાજા બળવો શમાવી દઇને, સાત દિવસ પછી સરહદ ઉપરથી પાછો આવ્યો વિજય પામ્યા પછી આખા શહેરની પ્રદક્ષિણા ફરીને, આનન્દ સાથે રાજા મહેલમા દાખલ થયો ત્યાર પછી સાધુને મળવા માટે તે ઉદ્યાન તરફ ગયો બોધિસત્વ અનિવિષણ્ણવદને શય્યામા સૂતો હતો રાજાએ ધાર્યું, સાધુનુ કદાચ આરોગ્ય બગડયુ હશે પગરજ માથે ચ્હડાવીને, તેણે પુછ્યુ, "પ્રભુ, આપને કઈ અસુખ થયુ છે ?"

"હા, મ્હારૂ હૃદય કામનાથી દગ્ધ થાય છે એ જ માત્ર મ્હને અસુખનુ કારણ છે"

"શેની કામના પ્રભુ ?"

"સુભદ્રામાટે"

"એમ હોય તો તે આપની થઈ ! અને હુ આપના ચરણમા અર્પણ કરીશ"

સન્યાસીની સાથે મહેલમા તે પાછો આવ્યો રાજાએ રાણીને કિમતી વસ્ત્રોમા સજ્જ થવાને કહ્યુ ત્યાર પછી બોધિસત્વના હાથમા સુભદ્રાને ત્હેણે અર્પણ કરી જતી વખતે રાણીના કાનમા છાનુ છાનુ કહી દીધુ કે, "જો જે, જ્યાસુધી બની શકે ત્યાસુધી આ સાધુને પાપમાથી બચાવવાનો યત્ન કરજે"

રાણીએ ઉત્તર આપ્યો, "ભય ન ધરશો મહારાજ ! હુ જરૂર તેમને બચાવીશ"

રાણીને લઇને સાધુ વનતરફ ચાલ્યો શહેરપાર જતા ન જતાંમા તો રાણી બોલી ઉઠી, "આપણે રહીશુ કેમ કરીને ? એકાદ ઘર તો જોઇએ જ તો ! રાજાપાસે પાછા જઇને એકાદ ઘર માગીવો !" સન્યાસીએ રાજાપાસે જઇને ઘર માગ્યુ રાજાએ ત્હેને એક પડી ગયા જેવી જીર્ણ ધર્મશાળા દાન આપી સાધુ સુભદ્રાને તે ઘરતરફ લઈ ગયો પણ રાણી આ અસ્વચ્છ જીર્ણ ઘરમાં દાખલ થવાને કોઇપણ રીતે રાજી ન થઇ

સાધુએ પૂછ્યુ, "હવે મ્હારે બીજુ શુ કરવાનુ છે ?"

રાણીએ ઉત્તર આપ્યો, "કેમ ! આ ઘર સાફ કરો"

કોદાળી, પાવડો અને સાવરણી લેવાને સન્યાસીને તેણે રાજાને ત્યાં મોકલ્યો. સાધુએ ગરજને માર્યે, ઘર બધુ સાફ કર્યું, છાણવાળીને ભીંતો લીંપી પડી. ત્યાર પછી રાણીએ ફરીથી પાછો એને રાજમહેલમા મોકલીને પથારી, બિછાનુ વિગેરે મગાવરાવ્યુ એકેએક ખાટલા, કામળી, લોટા,


વાડકી વિગેરે મગાવ્યા. સાધુ એકએક વખત એકેક વસ્તુ લાવે એટલે તરત જ રાણી એને બીજી એકાદ વસ્તુને માટે હુકમ આપે એ બંધાને સારૂ ઘડીએ ઘડીએ એ સન્યાસીને રાજમહેલતરફ દોડાવતી ત્યારપછી પાણી આણીને, સાધુએ રાણીને નહાવાની વ્યવસ્થા કરી મહેલમાંથી આણેલા ગોદડા પાથરીને શય્યા સજાવી એ શય્યામાં રાણીસાથે બેસીને, આદરપૂર્વક બન્ને બાહુ તેના કંઠને વીંટ્યા. સાધુનું આખું અંગ થથરી ઉઠ્યું રાણી તેના મુખતરફ તાકીને બોલી ઉઠી, "તમે તો સાધુ છો એ વાત વીસરી ગયા કે?" આ વાણી કેટલી ગભિર! સુભદ્રાનું વદનમંડળ સતીત્વની આભાથી પ્રકાશી ઉઠ્યું રાણીની તે પવિત્ર ગંભીર વાણીવડે સાધુના અંતરનો મેઘ ઓગળી ગયો લુપ્ત ચેતના ફરી ઉદ્દિપ્ત થઇ અજ્ઞાનતાના અંધકારમાંથી મુક્ત થઇને તે ફરી સત્યના આ લોકમાં પ્રવેશ પામ્યો.

સાધુ બોલી ઉઠ્યો, "હમણાંને હમણાં જ ત્હને રાજાના હાથમાં પાછી સોંપી દઇને હું પર્વતોમાં ચાલ્યો જઈશ" સાધુ સુભદ્રાને સાથે લઇને ધીરભાવે રાજા આગળ ખડો થયો અને કહ્યું, "મહારાજ, તમારી રાણી હવે મ્હારે નથી જોઇતી. એના ફક્ત તેને મેળવવા માટે જ મ્હારા હૃદયની અંદર વાસના જાગી ઉઠી હતી પરન્તુ, સુભદ્રાનું સૌન્દર્ય જ્યારે મ્હારા ચિત્તને દબાવી બેઠું તે વખતે વાસના પછી વાસનાનાં પૂરોએ આવીને મ્હારા અંતરની શાન્તિ વિનષ્ટ કરી દીધી"

ક્ષણ પછી જ સાધુની અંતર્દૃષ્ટિ પાછી આવી પૃથ્વીઉપરથી ઉંચે ઉડીને, વાયુ ઉપર આસન કરીને, રાજાની આગળ સત્યના મહિમાનો ઘોષ કરતો તે હિમાલય તરફ ચાલ્યો ગયો. પછી અચિન્તિત અંતર્દૃષ્ટિ મેળવીને, પ્રેમ અને મૈત્રીથી પરિપૂર્ણ થઇને, બ્રહ્મલોકમાં તેણે નવો જન્મ મેળવ્યો.

મહારાજ માધવદાસજી.

લેખક—રા સન્મુખલાલ ઝવેરીલાલ પંડયા, બી એ



હિન્દના ગ્રામ્યજીવનના અભ્યાસીને એ સત્યનું તો તુરત દર્શન થાય છે કે તેમાં ધર્મના અને સરકારના શૂન્ય જેવા પ્રતિનિધિઓ બહુ સત્તા ભોગવે છે કારણ એ છે કે તેમાં દ્રષ્ટિખૂણમાં હજી સુધી સરસ્વતી અને સ્વતંત્રતાની દેવીઓને જવાનો અધિકાર નથી મળ્યો પરિણામે વિસમી સદીના બીજા દશકમાં પણ બુદ્ધિના અને નીતિના દાસત્વની બેડીઓમાંથી હિન્દનો મ્હોટો ભાગ મુક્ત નથી આ શોચનીય પરિસ્થિતિનો લાભ જેમ સરકાર લે છે તેમ ધર્મના આચાર્યો પણ લે છે એ જ અજ્ઞાનતા, એ જ નૈતિક અશક્તતા આપણા રાષ્ટ્રીય આદર્શોની સિદ્ધિમાં આડે આવે છે તે આજે પ્રતિપાદન કરવાનું રહ્યું નથી પરન્તુ હિન્દ જાગે છે હેમાં ઉગતા પુણ્યપ્રભાતે અંધકારના કિલ્લાઓમાં જાળીયા મુકી, બારીઓ ખોલી, દ્વારો ઉઘાડી પ્રકાશ લઇ જવા જે ધન્ય દયો પ્રયાસો કરે છે તેમાં યુગધર્મની જ પ્રેરણા છે અને કૃતફલ થયાનું જ આશ્વાસન છે

આપણી ધાર્મિક સંસ્થાઓની ધર્મની, નીતિની અને સમાજહિતની ભાવનાઓ શોચનીય રીતે શિથિલ થઈ ગઇ છે અને તેથી શિક્ષિતવર્ગને તેમની સત્તા હાનિકારક લાગે છે એક વિભાગ તો તે સત્તા નિર્મૂળ કરવાના મતનો છે, પરન્તુ વ્યવહારદૃષ્ટિએ વિચાર કરનારને માટે તો આ એક કૂટ પ્રશ્ન છે હકીકત એ છે કે સમાજના અશિક્ષિત અને મ્હોટા ભાગઉપર આ સંસ્થાઓ અપૂર્ણ સત્તા ભોગવે છે તે વર્ગની દશા અરક્ષિત હશે ત્યાં સુધી તેમનું આ શિથિલ જીવન અને અસ્તિત્વ પણ ક્ષમ્ય છે એટલે તે ધર્માચાર્યો જ્ઞાનવિસ્તારના કાર્યમાં સહાય આપે એ આશા ગર્ભની વધારે પડતી છે

આ પરિસ્થિતિમા ધાર્મિકસસ્થાઓની સમાજહિતની શક્યતાઓ ગન્યરત અને તેમાં આશ્ચર્ય જેવુ કઇ નથી રાજ્ય પ્રકરણમા છે તેમ ધર્મસસ્થાઓમા પણ સ્વાર્થના જામી ગયના બધનો–*Vested interests*–છે, અને સ્વાર્થના ગા ધુમ્મસથી છવાયના મા ાલીઓની ભાવનાઓ અને દષ્ટિઓ કુટિલ હોય તેમા ની નવાઈ? એ સસ્થાઓ પાસે વ્યવસ્થા છે, પૈસો છે, સત્તા છે એટલે જો અધકારના અને અધર્મના સામ્રાજ્યને જડમૂળ કરવું હશે તો જન સેવાના પ્રતીઓએ કટિબદ્ધ બની વધારે અને વધારે વ્યવસ્થિત યોજનાઓ ઘડી પાડો સામાન્ય જનસમૂહને કેળવીને મ્હેના પોતાના પક્ષમા લેવો પડશે અને પછીથી એમ પ્રાપ્ત કરેલી સવ શક્તિથી આત્મનિર્માણના અને ધર્મના યુદ્ધો લ્હડના પડશે એ ભૂલવાનુ નથી કે આ યુગ વ્યવસ્થિત પ્રયાસોનો છે વિચારના પ્રદેશમા નાવ થીના પાડતી અને વ્યવહારના પ્રદેશમા સ્વતન્ત્ર સાધનો યોજતી અસાધારણ વ્યક્તિઓને દૂર રાખીએ તો પછી ગમે તે એક ઉદ્દેશથી પ્રેરાયલી અન્ય સર્વ ઉચ્ચ અને સાધારણ શક્તિ એકત્રિત થાય તો તે વધારે ઉપયોગી અસર કારક અને સફળ બને એવો સભવ વધારે છે

તે ધાર્મિક સસ્થાઓ જો પોતે જ અનાચાર, અનીતિ અને રૂઢિનુ સ્મિતર છોડી આધ્યા ત્મિક, નૈતિક અને સસ્કારી વાતાવરણ પ્રસારશે નહિ તો પશ્ચિમમા જે દશા "ચર્ચ" ની થઇ છે તે તેમની થશે હાલ તો રાષ્ટ્રના આત્માવિર્ભાવમા સહાય કરવાને બદલે તેઓ પ્રલવરૂપ થઈ પડે છે, એટલે જો તેઓ તેમની ભાવનાઓ અને તેમનો વ્યવહાર બદલશે નહિ તો સમાજ આજે નહિ તો કાલે આત્મનિર્ણયનો અધિકાર અજમાવશે, નવી સત્તાના મદમા તે સસ્થા ઓને છિન્નભિન્ન કરી નાખશે અને પોતાના રાષ્ટ્રીય ગૌરવ, સ્વમાન અને અર્થને અનુકૂલ તેમનુ સ્વરૂપાન્તર કરશે સત્તા અને પૈસાના અનર્થો દૂર કરવા એ વિસમી સદીના કાર્યક્રમમા મ્હોટે અક્ષરે લખાયલુ છે

ધાર્મિક ક્રિયાઓના તે નિશ્ચેતન અને વિરૂપ સ્વરૂપોથી સસ્કારી સમાજ હવે સતોષ પામનો નથી ધર્મનો કહેવાતો પ્રતિનિધિ પોતાને બદલે લગ્નમડપમા પોતાની સહધર્મચારિણીનો સ્વીકાર કરે છે એ કેટલા સસ્કારી યુવકોને ગમતું હશે? મર્યાદીની ભાવના, સસ્કા વિધિની ભાવના સ્વયમેવ ઘણી સુદર છે તેમની પવિત્રતા અને ઉચ્ચતા અન્ય ધર્મોમા નથી પરતુ અજ્ઞાન અને રૂઢિના દાસ બનેલા સમાજે તેમને વિધવાઓની પેઠે વિરૂપ બનાવી દીધી છે અને આપણી નૈતિક અધમતાએ આપણને સર્વ વિરૂપ, અર્થહીન અવનતિકર અને અપમાનકારક રૂઢિઓના દાસ બનાવ્યા છે

ધર્મની ભાવના આજે બદલાઇ છે તે તરફ સ્વાર્થદષ્ટિએ પણ ધર્માચાર્યોએ જોવાની જરૂર છે આજે હવે લોકોને તે ધર્મની જરૂર નથી રહી, જે મતમતાતરોના સાકડા અને કનહોત્તેજક પાખડમાર્ગો સીમારી ધર્મના રાજમાર્ગોની ઉપેક્ષા કરે છે ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ ની પેઠે તેના ક્રમમા પણ વિશાળ, સીધા અને અજવાળાવાળા ધોરી રાજમાર્ગો રચવાની યોજના છે નવા ધર્મમા અસહિષ્ણુતાને પણ સ્થાન મળશે અને મતમતાન્તરો માટે રાજમાર્ગોની બાજૂએ પગ પાથ

મારી વીસ વાર્તાઓ (સચિત્ર વાર્તા સગ્રહ) રૂ ૨-૦-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની મુબાઇ,

રીએ—*foot paths*—રાખનામા આવશે નવધર્મમાં આવના જન્મનો જ વિચાર નહિ કરાય, પરંતુ આ જન્મમા પણ સમાજની આધ્યાત્મિક, નૈતિક, માનસિક અને શારીરિક સુધારણાનો વિચાર પ્રથમ થશે વ્યક્તિના સંવર્દ્ધનીય અને શક્તિપ્રમાણે સપૂર્ણ આત્માવિભાવને અનુકૂલતાઓ આપવા માટે ગૃહ, સમાજ, રાજ્ય અને ધર્મ સ્વસત્તાની મર્યાદાઓની પુનર્વ્યવસ્થા કરશે, પ્રથક્ નાઓમા થતા પ્રયાગોનો તે માટે સમન્વય કરશે અને સમાજના શારીરિક આરોગ્યનો માનસિક સ્વાતંત્ર્યનો, નૈતિક શુદ્ધિનો અને આધ્યાત્મિક શક્તિસૌંદર્યના વિકાસનો નવો કાર્યક્રમ યોજશે, તે ધર્મ માનવસમાજને તેના આદર્શ તરફ વાળશે, તે ધર્મ નવું જગ સ્વીકારશે, સત્કારશે અને આગ્રહશે

પશ્ચિમમા રાજ્યના કર્તવ્યપ્રદેશો વિસ્તરતા જોઇ એમ લાગ્યા વિના તો નથી રહેતુ કે ૨૦૦૧ ની સાલમા ધર્મની સીમાઓની પણ પુનર્વ્યવસ્થા થઇ હશે નવી સદીમા વ્યક્તિ સ્વાતંત્ર્ય અને સમાજહિતની સમન્વિત અને ઉદાર મર્યાદાઓથી નિયન્ત્રિત બનેલા નવા ધર્મનો કાર્યભાર કદાચ રાજ્ય સ્વીકારે તો તેમા આશ્ચર્ય પામવા જેવુ નહિ બને શિક્ષણની ભાવનાઓની અનેક દૃષ્ટિઓથી પુનર્ઘટના થયા કરે છે તે સમયે પ્રગલ્ભ થયા વિના નિશ્ચિત પરિણામો જોવા શક્ય નથી, પરંતુ એટલું તો સ્પષ્ટ થતુ જાય છે કે રાજ્ય–પ્રજાસત્તાક રાજ્ય –પ્રજાહિતના ઘણા નવા કર્તવ્યધર્મોનો અંગીકાર કરશે મજૂરવર્ગને રહેવા માટે સારા ગૃહો આપવા અને માનુષીજીવન ગાળી શકે એટલી આર્થિક અને બીજી અનુકૂલતાઓ આપવી એ લૉઇડ જ્યોર્જના નવા કાર્યક્રમમાં છે તો થોડા દશકો પછી જે ધર્મોની પ્રેરણાઓ અને તેના દીરેના આવાસો ઉપર લગભગ સમસ્ત માનવસમાજ જીવે છે તેમને શુદ્ધ, સમર્થ અને સુન્દર બનાવવા માટે અનેક લૉઇડ જ્યોર્જ ઉભા થશે એમા શી શંકા? રાષ્ટ્રોની સ્પર્ધામાં ઉતરેલા હિન્દે પણ આ ભાવનાઓ ઝીલવા માટે તત્પર થવુ પડશે

હિન્દ આધ્યાત્મિક જીવન ગાળતુ, સ્વપર્યાપ્ત હતુ અને અન્યદેશોના વિચારપ્રવાહોથી મુક્ત હતુ ત્યારે તેની સામાજીક અને ધાર્મિક સસ્થાઓ પ્રશસનીય રીતે ઉપયોગી હતી તેમની પ્રબંધશક્તિ અને શાસનપદ્ધતિ માટે માનશુદ્ધિ થયા વિના રહેતી નથી આજે તો હવે તેમ નિશ્ચેતન અને અનનત શરીરો રહ્યા છે અને તેથી સતત દરિદ્રતા, નૈતિકભ્રષ્ટતા અને બુદ્ધિનુ દાસત્વ જોવામા આવે છે

બાવાઓના જૂદા જૂદા સંપ્રદાયો, તેમના પ્રબંધો, તેમની શાસનપદ્ધતિ આદિ જાણીને આજે પણ માનશુદ્ધિ થાય એમ છે તેમનો મૂલ ઉદ્દેશો નષ્ટ થઈ ગયા છે, પરંતુ હજીય તેમની કેટલીક પ્રેપાનિઓ ચાલ છે, દિવસે દિવસે તે પણ શિથિલ બનતી જાય છે અને તેમાથી જીવન ઓછુ થતુ જાય છે–જો રહ્યુ હોય તો આજે તો તેમનો મોટો ભાગ દેશને સામાજીક અને આર્થિક ભારરૂપ છે નથી રહી હવે તેમની આધ્યાત્મિક સમૃદ્ધિઓ કે પરમાર્થની ભાવનાઓ નથી રહ્યા તેમના બુદ્ધિના વભવો કે તેમની નીતિની સપત્તિઓ

પરન્તુ મહારાજ માધવદાસજી એક સારા અપવાદ છે ગુજરાતમા તેઓ સારામાં સારા યોગી છે એમ હમને કહેવામા આવ્યુ હતુ, પરંતુ હમે સાંભળ્યુ છે કે વીરમગામની આસપાસ કોઈક ઠેકાણે માધવદાસજી નામના જ એક ચમત્કારી યોગી વસે છે, તેઓ સાધારણ જનોને સુલભ પણ નથી અને યોગીઓની પ્રકૃતિ પ્રમાણે જનતાથી દૂર રહેવાનું પસંદ કરે છે માધવદાસના માધવદાસજી પોતાની જે કંઈ સિદ્ધિઓ છે તેનો લાભ સમાજને ઉત્કટથી આપવા તત્પર છે વ્યાખ્યાનોમા તેમની યૌગિક સિદ્ધિઓનું જે કંઈ જ્ઞાન હમને થયુ હતું તે ઉપરથી અને એમની ઉદાત્તતાથી હમારો એમને માટે ઉંચો મત બંધાયો હતો હઠયોગથી, બુદ્ધિમા ઉતરી શકે અને અભ્યાસથી સરલ અને એવી શારીરિક ક્રિયાઓથી તેઓ અનેક જાતના રોગ સારા કરી શકે છે આ ક્રિયાઓથી કષ્ટસાધ્ય રોગો સારા થાય છે તેમા કંઈ આશ્ચર્ય જેવુ નથી કારણ કે શરીરની શુદ્ધિ માટે આ પ્રયોગો ઘણા અસરકારક છે શરીરને-કુદરતના યત્રને જ-તેનુ કાર્ય કરવા ઉત્તેજન મળે તો તે ઔષધોપચાર કરતાં વધારે ઈષ્ટ છે તેમ તો સ્વતંત્ર અને પક્ષ રહિત સર્વ બુદ્ધિઓ સ્વીકારશે

માનવબુદ્ધિનું બરાબર માપ કહાડી હિન્દના ઋષિઓએ ગાયત્રીનો મત્ર ઘડયો છે અને અધિકારની મર્યાદા મૂકી છે તે લક્ષમા રાખ્યા પછી પણ આ ક્રિયાઓ શીખવા માટે ઘણા માણસો અધિકારી બની શકે એમ છે ક્રિયાઓમા કંઈ ગહનતા નથી, પરન્તુ તેના અભ્યાસ માટે પ્રવીણ ઉપદેશ, સ્વસ્થતા, મનોબલ અને સયમની ઓછી જરૂર નથી આ અધિકાર પ્રાપ્ત કરવો એ અસાધ્ય નથી પણ મ્હોટા ભાગને માટે દુષ્ટસાધ્ય છે-ટૂંકમા તે ચારિત્ર્યના કેટલાક ઉંચા ગુણોની અપેક્ષા રાખે છે

માધવદાસજીના વ્યાખ્યાનોમા કોઈ પણ પ્રકારની અનીતિનો અભાવ જોઈ હમને ઘણો સંતોષ થયો હતો તેઓ ભક્તિમાર્ગના ઉપાસક છે અને તેથી કે અન્ય કારણોથી તેમણે અનુભવજ્ઞાનવિના બીજા જ્ઞાન સાથે સબન્ધ નથી રાખ્યો તેઓ ગમે ત્યાં હોય તો પણ અમુક કલાક ધ્યાનમા ગાળે છે વ્યાખ્યાનમા રોજ રાત્રે ભજનની જે ધૂન જામતી તેથી અમારા ચિત્ત ઘણાં પ્રસન્ન બનતાં-બની શકતું ત્યારે હમે પણ એમા ભાગ લેતા પ્રભુના દરબારમાં જવા માટે અનેક જાતના ડગરઓની યોજના માનવબુદ્ધિએ કરી છે તેમા આ એક ઘણી સરલ અને સુંદર યોજના છે તુલસીદાસજીના પ્રખ્યાત રામાયણમાથી ગાવાઓ તેમના સુન્દરસ્વરવડે અને કાશી જેવાથી નર્મદાતીરે ગજવતા, એ પવિત્ર સ્થાનની પવિત્રતાનો સાક્ષાત્કાર કરાવતા અને સંસારી જનોના સંસારી સ્વાર્થમાંયે ઉન્નતના દેખાડતા

માધવદાસજી આજે ૧૦૫ વર્ષના છતાં તેમની સિદ્ધિઓને પરિણામે એક યુવાનને પણ શરમાવે તેવુ માનસિક અને શારીરિક સામર્થ્ય ધરાવે છે તેમની વાતમાં, આનંદની ચપલતા અને યોગીનુ ગૌરવ છે તેમની ગીરનાર જેવી ઉંચી અને ભવ્ય આકૃતિ કાળી કફનીને પણ શોભાવે છે તેમનુ સતત સ્મિત કરતું અને ગૌરવાન્વિત વદન, માયાળુ અને ચપલ આંખો, વિશાલ કપાલ અને વધતા વધતા જતા ભારથી સહેજ બનતી ડોક એક વાર જોયા પછી સ્મરણમાંથી ભુલાય એવાં નથી તેમનુ વ્યક્તિત્વ માનબુદ્ધિ ઉત્પન્ન કરે એવુ છે

તેમની જુવાન પ્રમાણની પણ ઉદાર પ્રકૃતિથી પણ માન થયા વિના રહેતું નથી ભોજન સમયે બે વખતે દરિદ્રનારાયણ જમાડાય છે અને તે સમયે જે કાંઈ મંદિરની આસપાસ હોય

તેનુ આતિથ્ય પંક્તિભેદ વિના કરાય છે એમ હમને ર્‌હેવામા આવ્યુ હતુ કે ગયા દુષ્કાળમા ચારસો માણસો ત્યા બે વખતે જમતા અને સર્વેનુ આતિથ્ય ત્યા સંતોષકારક રીતે થતુ સાતસો સાતસો બાવાઓની જમાતો લઈ જેઓ હિન્દની યાત્રા ત્રણવાર પગે કરી આવ્યા હોય તેમનામા પ્રબંધ શક્તિ ઉચ્ચ પ્રકારની હોય એમા આશ્ચર્ય પામવા જેવુ કઈ નથી હિન્દમા સર્વ પ્રકારની શક્તિસમૃદ્ધિ છે, દુર્ભાગ્યે તેના આવિર્ભાવ અને વિકાસ માટે અનુકૂલતાઓ નથી મળી

મહારાજ શ્રી બગાલના હોવાથી તેમને આ પ્રતિકૂલતાઓનુ ભાન ઘણુ તીવ્ર છે-અને તેમનુ રાષ્ટ્રીય સ્વમાન તિલક કે મોતીલાલ ઘોષથી ઉતરે એવુ નથી તેઓને હિન્દની અવનત દશા માટે ઘણી લાગણી છે અને તેમણે તે સ્થિતિ સુધારવાના યથાશક્તિ પ્રયાસો પણ કર્યા છે થોડા વર્ષો ઉપર દસબાર હજાર સાધુઓની એક કૉન્ફરન્સ તેઓએ મેળવી હતી અને સર્વ વ્યવસ્થાના ખર્ચ અને આતિથ્ય ધર્મ પોતે સ્વીકાર્યા હતા ત્યા યોગ અને સંસ્કૃત શીખવવા માટે તેઓએ એક શાળા અને એક અખાડો સ્થાપ્યાં હતા, પરન્તુ ગાયકવાડના દબાણને લીધે તે તેમને બંધ કરવા પડયા પ્રવૃત્તિમય પ્રકૃતિ હોવા છતા હવે તેઓ નિવૃત્ત થતા જાય છે અને માલસરથી થોડે દૂર રાણાપૂરમા એકાતમા ગાળે છે

હવે તેમની પાસે માત્ર આઠ દસ શિષ્યો જ રહે છે તે બધા સાધારણ શક્તિના પરતુ સારા અને માયાળુ સ્વભાવના છે સાફ મુખરેખા-*profile*-વાળા 'ઓદ્ધવદાસજી, કઇ પણ બોલવામા આનંદ માનતા કેશવદાસજી,' દમન્હદે તો તેમા પણ કૃષ્ણ કૃપા દેખતા જય જયકૃષ્ણજી અને વ્યવહારકુશલ મગલદાસજી સિવાય પૂજારી આદિ ત્યા હમેશા રહે છે અને પ્રવાસીઓનુ કે મ્હેમાનોનુ આતિથ્ય કરે છે, કાળી કફની તાણી જ્યારે સર્વ ભજન માટે ભેગા થાય છે ત્યારે શભુના ગણ જેવા જ તે બધા દેખાય છે એક સન્ધ્યાકાળે વૃક્ષોની ઘટામાથી નીકળીને પાણીદાર ઘોડી ઉપર બેઠેલા ઓદ્ધવદાસજી ખાખચોક તરફ આવતા હતા ત્યારે તેઓએ ઇતિહાસકાલના કાઇક રાજસન્યાસીનુ ભાન કરાવ્યુ હતુ' સર્વેને સતતસ્મિતથી વધાવતા જયજયકૃષ્ણજીમા મુગ્ધાભાવ હતો અને તે પણ સ્મરણમા રહે એવા હતા હમે જે ખડમા રહેતા તે ઉપર માળીઆમા એક ગુપ્ત બાવા નિવાસ કરતા હતા આખો દિવસ સર્વ ઋતુઓમાં નર્મદાતટે અને સારી રાત એ માળીઆમા રામનામનુ સ્મરણ કરવામાં ગાળતા માણસ સવાદશીલ પ્રાણી છે પરન્તુ આવા એકાતવાસથી તેનુ માનસિક બધારણ કેવુ બદલાય છે તેનો હમે અભ્યાસ કરતા મનુષ્યકૃતિ પોતાની સત્તા અજમાવતી અને તે ગુપ્તબાવા જતા આવતા હમારી સાથે રોજ કઇને કઇ બોલવાનો પ્રયાસ કરતા હમારા બે માસના ત્યાના નિવાસ પછી સમભાવના બન્ધનો દૃઢ થયા હતા અને હમને સસારી જીવોને તો એ વિયોગથી લાગણી થઈ હતી એ એકલતાના સગીને શી લાગણી થઈ હશે તે તો પ્રભુ જાણે પણ જો મજનૂને લયલા મળી હોય કે ગોપીને તેનો કૃષ્ણ મળ્યો હોય, નરસઇઆને તેનો સ્વામી મળ્યો હોય કે આશકને તેની સનમ મળી હોય તો તે પ્રેમજનની વા ભક્તજનની એકલતા પૃથ્વી ઉપર એક ન્યૂરી અને આત્મનિષ્ટ દુનિયા રચે છે, તે એકલતા ઈર્ષા કરવા જેવી છે, તે એકલતાના ઉપભોગી એક વિના સર્વથી વિરક્ત છે

ફ્રનાગીકન પોએટ્સ ઑફ ગુજરાત (અમેઝ)રૂ ૦-૬-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની,મુબાઈ

ઉષા—સ્વરાજ્ય પ્રતિજ્ઞા.

(પ્રથમ ખંડ)

લેખક—ર. શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજી

(સચિત્ર ચાલુ ઐતિહાસિક વાર્તા)

પ્રકરણ ૫ મુ

સ્વરાજ્ય પ્રતિજ્ઞા

"આવો ભાઇઓ ક્ષેત્ર વિશાળા, ત્યાંહ આપણે જઇને,
મધુરો વાયુ અંગે લેતા મનમા રંગી થઇને
ઉં પાયળથી કિરણ પસરતા, તેની શોભા નિરખી,
હરતુ ચિંતન કરીને શક્તિ પ્રભા ઇચ્છિયે હરખી,
સજ સંઘ થઈ, દઢ સંપ કરી, ધન સૈન્ય રચી ભૂમિયે
જય રંગ કેરૂ હો, સુખ સંપાદના હો—
અનેક બંધનમાથી છુટવા, દહાડો પાસે આ યો
જય કીર્તિનો સ્તંભ દેશમા, રચાય તેવો આ યો
એ મદમાતા જાલમ શત્રુ, રાજી રહે સહુ કેમ,
દાસપણામા આપણને સહુ સુખ માણતા જોઈ,
નથી વેઠાતાં તે વેરિએ, કારાગૃહ અધારા!
પરન્તુ માતા પ્રભુ ઇચ્છા છે, હવે થશે અજવાળા,
સજ સંઘ થઇ, દઢ સંપ કરી ધન સૈન્ય રચી ભૂમિયે
જય રંગ કેરૂ હો, સુખ સંપાદના હો—
નીચી ડોકે કર જોડીને, કહીએ હાજી હાજી,
હાજી હાજી આના માની રહ્યા છે રાજી રાજા,
આર્ય સંતતિ વિર્ય વિનાની, હીણી છેક ગણાઈ
હવે વિચારતું ચિત્ત ધિક છે, હવે તો જાગતું વાઈ,
સજ સંઘ થઈ દઢ સંપ કરી, ધન સૈન્ય રચી ભૂમિયે
જય રંગ કેરૂ હો સુખ સંપાદના હો—
'આર્ય અહ ને ગાજે શોભે,' તેવુ કરશુ પણથી,
નધારી દશુ ઉર ઉમંગને, મન તન ભાગ ગણથી,
સ્નેહ શૌર્યને પ્રદીપ્ત કરીશુ, સ્વતન્ત્ર નક્કી થઈશુ,
એવા દહાડા ઢુકડે દીસે જય રંગ દહાડા નદીસ
—સજ, સંઘ, થઇ, દઢ સંપ કરી ધન સૈન્ય રચી ભૂમિયે
જય રંગ કેરૂ હો, સુખ સંપાદના હો—

—નન"

ગત પ્રકરણોમાં બનેલા બનાવોની પૂર્વે લગભગ અઢીએક માસ પૂર્વે રાહીડખોરામાં ગઢીડાના પહાડપર આવેલો એક અતિ પુરાતન રોહીડેશ્વર મહાદેવના દેવાલય તરફ પ્રિય વાચક ! ત્હારૂં લક્ષ્ય ખેંચુ છું. આ મંદિર અતિ પુરાતન હતું તે હેમાડપંની પદ્ધતિનું—મ્હોટા મ્હોટા કાળા પથ્થરોનું–બાંધેલ હતું, નકશી કામ સહેજ સહેજ હતું નીજ મંદિર જ્યાં શંકરની પિંડી હતી તે ન્હાનું હતું તેની આગળનું સભામંડપ આસરે ત્રીસ ચાળીસ માણસો બેસી શકે એટલું મ્હોટું હતું તેને મ્હોટા મ્હોટા કાળા પથ્થરના ચોરસ થાંભલા હતા, આજ ફાલ્ગુણ શુકલપક્ષની દ્વિતીયાની સંધ્યાનો સમય હતો મંદિરમાં એક મહાત્મા સાધુની અખર તેજસ્વી મૂર્તિ એક વ્યાઘ્રાસનપર બેઠેલી નજરે પડતી હતી તે મૂર્તિ વૃદ્ધ દેખાતી હતી, લાંબી શ્વેત દાઢી અને શ્વેત વાળ, લાંબો ભગવો ઝભ્ભો, એકંદર તેનો દેખાવ, અજાણનાર, તેના પ્રત્યે પૂજ્યભાવ ઉત્પન્ન કરનારો હતો અને " પૂર રામ રામ જયરામ' નો એક સરખો જપ ત્યાં પૂર ધૂનથી ચાલી રહ્યો હતો એવામાં ત્રણ ચાર મરાઠા ત્યાં આવ્યા તેમને જોતા તેઓમાં વૃદ્ધ દેખાતા મરાઠા ગૃહસ્થને સંબોધિ સાધુ મહારાજ બોલ્યા – ' આવો, આવો, નરસોપત ! બેસો હમણાં જ થોડા વખતમાં બધા આવી પહોંચશે, વખત થવા આવ્યો છે તમારી ઉચ્ચ ભાવના, સ્વદેશ માટેની– સ્વધર્મ માટેની ઉત્કટ–લાગણી માટે તમને ખરેખર ધન્યવાદ ઘટે છે આવો, બેસો "

મહારાજને નમન કરતા, તેમની સામે તેઓ બેઠા એટલામાં તો " જય બજરંગબલી, જય હરી " કરતા એક બીજા ઉંચા સાધુ મહારાજ આવ્યા, તેની સાથે એક ગૌરવર્ણો ઉંચો, ભવ્ય દેખાવનો, સાદા પોષાકમાં એક મરાઠા યુવક હતો તેની કમ્મરે તલવાર હતી, માત્ર પહેરણ પહેર્યું હતુ, માથે એક સાદો સફેત ફટકો વિંટાળ્યો હતો, અને નવાઈ તો એ હતી કે માથે તરતનો ઘા લાગવાથી કાંઇ પાટો બાંધેલો હતો તેણે પાસે આવી સાધુ મહારાજને પ્રણામ કર્યા આ નવીન પુરૂષ તરફ સર્વેનું લક્ષ્ય ખેંચાયું સ્વામિ મહારાજે આ નવીન યુવાન તરફ ટીકી ટીકીને જોતા તેની સાથે આવેલા સાધુને પુછ્યું " નરહરજી ! આ ગૃહસ્થ કોણ ?"

" મહારાજ, આ યુવાન એક ખરો વીર મરાઠો છે, સ્વરાજ્ય માટે પ્રાણ આપનાર સાચી લાગણી ધરાવતો આ એક વીર યુવાન છે આ વીર સાથે આજ સવારે માર્ગમાં પંદર વીસ મુસલમાનોની ટોળીનો ભેટો થયો તેઓએ એક અપમાન કર્યું–પછી આપ જાણો છો જ ને એક છે છેડાયલા વ્યાઘ્ર પેઠે આ વીર તેમનાપર તુટયો–ખૂબ ઘુમ્યો પાંચ છને તો બેભેગા કર્યા પણ ક્યાં પંદર વીસ જણ અને ક્યાં આ એકલો ! છતાં તેમને તોબાહ તોબાહ પોકરાવી, પણ એટલામાં એના માથાપર તલવારનો સખ્ત ઘા પડતા એ તમ્મર ખાઇને નીચે પડયો– બેશુદ્ધ થઈ ગયો ચોરટાઓ એને મુવેલો ધારી ચાલતા થયા હું તે વખતે ત્યાંથી પસાર થતો હતો ત્યાં આ ધમાચકડી જોઇ અટકયો, અને બાજુની ઝાડીમાં સંતાયો આ વીરને મદદ કરવા હું આગળ વધુ છું ત્યાં તો એ પડયો, હું પાછો અટકયો તેઓ ચાલતા થયા તેઓ મારી નજર બ્હાર જતાની સાથે હું તેની પાસે ગયો મેં જોયું તો એ માત્ર બેશુદ્ધ થયો હતો પાસેના કમંડળમાંથી તેના મ્હોંપર શીતળ પાણી છાંટી, ઘા રોઘ પાસેના વનમાંથી વનસ્પતી લાવી,

લગાડી, પાટા બાંધ્યા. થોડી વારે તે જાગૃત થયો. સર્વ હકીકત જાણી વૃક્ષ નીચે થોડી વાર આરામ લઈ, એ હુશીયાર થતા, પુછતા, જાણ્યુ આ વીર પુરુષ મહારાજાની સેવામા જવા નીકળ્યા હતા, પિતાની વિરુદ્ધ થઈ, ઘેરથી ભાગી નીકળ્યા. તેમની એક જ ઇચ્છા સ્વદેશ માટે સ્વધર્મ માટે મહારાજાએ ઉપાડેલ ઝુંડામાં સામેલ થઇ પ્રાણ અર્પણ-કામે આવવુ-એ મ્હોટા ખાનદાન કુટુંબના છે" એમ કહી સ્વામિ મહારાજની છેક નજીક જઇ તેના કાનમાં કાંઈ કહ્યું. એ સાંભળતા સ-આશ્ચર્યથી-પ્રેમથી, આ રથી સ્વામિ મહારાજે આ નવીન યુવક તરફ જોયુ અને હાથથી બેસવા તેને ઇસારો કર્યો

સુમારે અર્ધ ઘટિકા વીતી હશે, ત્યા દૂરથી ઘણા માણસો કુચ કરતા ચઢી આવે છે, કોઇ ઘોડા પર છે અને ઘણા પગપાળા છે એવુ તેમને દેખાયુ. તેઓ આ મંદિર તરફ આવતા દેખાયા. વધારે નજીક આવ્યા, તો ચારપાંચ જણ ઘોડાપર હતા અને બીજા ઘણાજણ પગે ચાલતા હતા. એટલામા સુમારે એક અષ્ટમાશ ઘટિકા ગઈ હશે કે નહી ત્યાં, 'જય ભવાની' એવો ઘોષ કરતી કરતી આ ટોળી મંદિરની હદમા આવી. તેઓ મરાઠા હતા એ સ્પષ્ટ દેખાતુ હતુ. તેમને આવતા જોઈ મંદિરમાના લોકો ઉઠ્યા અને સિંહદ્વાર પાસે આવ્યા.

આવેલા માણસો ઘણા હતા સાંજ પડવા થઇ ગઇ હતી. સૌથી આગળ બે જુવાન-છોકરાઓ મ્હોટી મસાલો પકડી ચાલતા હતા, તેની પાછળ ચાર સુવારો ચાલતા હતા. તેમની પાછળ સરદારી પોશાકમા, છેક કિશોર વયનો એક પુરુષ ઘોડાપર બેસી આવતો હતો. તે શરીરે ઘઉંવર્ણો હતો, તેની આંખો અતિશય તેજસ્વી, પાણીદાર, અને વિસ્તૃત, પરન્તુ તેમની વિશેષતા તેમની વિશાળતામા ન હોતી પણ તેમા ઝળક્યા રહેતા અદ્વિતીય તેજમા હતી. તેનુ અણીયાળુ નાક ગરુડની ચાંચ જેવુ હતુ. તે શરિરે ઘણો ભવ્ય હતો એવુ ન્હોતુ. તે મૂર્તિ ઠીંગણી હોય એવુ લાગતુ. તારૂણ્યની પતાકા અદ્યાપિ તેના ઓષ્ટપર અગર દાઢીપર વિશેષપણે ઝળકવા લાગી ન્હોતી, તેનો પોશાક તદ્દન સાદો, એક લાંબો અંગરખો, મરાઠશાઇ પાયજામો, અને માથાપર તે વખતની નાનકડી કાંઈ મરાઠશાઇ તો કાંઇ બાદશાહી ઢાંચાની પાઘડી હતી. તેના ચંચળ નેત્રો એકસરખા અહીં તહીં ફરતાં હોઈ જાણે કેમ સર્વ દિશા તરફ શુ ચાલે છે તેનુ એકદમ ગ્રહણ કરતા ન હોય એવાં જણાતા હતાં. તેનો ઘોડો અરસનબીમથકી આણેલો હતો. પોતા પર સ્વાર થતા પોતાના સ્વામિ માટે તેને ગર્વ થતો હોઇ તે બીજાને જાણે તુચ્છ ગણતો હોય તેમ વારંવાર ડોક ઉંચી નીચી કરતો ચાલતો હતો. તેનીપર બેઠેલો તેજસ્વી યુવાન પોતાની પાસેના બીજા માણસ સામે વળીને ધીમે અવાજે કાંઇ વાતો કરતો હતો. તેની પાછળ બીજા બે મજબૂત યુવાન-ઉમ્મરમાં લગભગ આ યુવાન જેટલા જ એકાદ બે વર્ષ વધતા ઓછા ઘોડાપર હતા. તેમની પાછળ દસ બારજણ ચાલતા હતા. આ પાછળ ચાલનારા લોકોના અંગ પર વસ્ત્રની ન્યૂનતા ઘણી હતી એમ કહેવામા હરકત નથી. તેઓ પણ બધાં યુવાન જ હતા. બહુ ઉંચા ન્હોતા, સાધારણ કદના હતા, પણ તેમની આંખો તેજસ્વી હતી. તેઓ યુવાનીનો યોગ્ય ઠાઠમાઠ કરી ચાલતા આવતા હતા. તે ટોળી હવે મંદિરના પટાંગણમાં આવી પહોચી

તે તેજસ્વી યુવાન ઘોડાપરથી ઉતર્યો કે તરત બીજા એક માણસે આગળ વધી તેનો ઘોડો પકડયો તેની પાછળના બે સ્વારો પણ ઉતર્યા તેઓ મંદિર તરફ વળ્યા મંદિરના દ્વારપર ઉભેલા લોકોએ તેમનું નમન કરી વધાવ્યા સ્વામિજીએ હાથ ઉંચા કરી આશીર્વાદ આપ્યા આ તેજસ્વી યુવાને શીર નમાવ્યું, અને આંખો ઉંચી કરી સ્વામી નજીક ઉભેલા નવીન યુવાન-પર તેની આંખ ગઇ, આશ્ચર્યથી જોતા સ્વામિ તરફ નજર કરી-સ્વામિ તેની ભાવના સમજી જરા હસીને બોલ્યા —" શિવબા, આ ગૃહસ્થ આપણામાંનો જ છે, તે ખરો મરાઠા બચ્ચો છે "

સ્વામિની સાથે શિવાજી અંદર ગયા એક માણસે આગળ જઈ સ્વામિના આસન સામે વાઘાંબર પાથર્યો તેપર શિવાજી બેઠા તેની પાસે આપણો આ નવીન મરાઠો વીર બેઠો શિવાજી સાથે આવેલા બીજા વીરો ઉભા રહ્યા બે જણાએ મ્હોટી મસાલો હાથમાં ધરી હતી, બીજા મંદિરમાંથી ઘીની બત્તી ધીમું અજવાળું નાખી રહી હતી સ્વામિજી એ વાત કરતા કરતાં કહ્યું "હવે અહીં કાંઇ ગુપ્ત રાખવા જેવું નથી અહીં સર્વ મંડળ ખાનગી આપણું જ છે શિવબા, આવા માણસો મળે અને શ્રીઅંબામાતાની કૃપા હોય તો હા હા કરતા બધું થાય—આ વીર પુરૂષની ખરી ઓળખ હું હવે કરાવું છું આનું નામ નાનાસાહેબ, એ તોરણાના કિલ્લેદારનો પુત્ર કેવળ સ્વરાજ્ય માટે સ્વદેશાભિમાનની લાગણીથી પિતાથી લડી નાશી આવ્યો છે—એને દેશ માટે દાઝ છે, તમારી પેઠે જ તેને મ્લેચ્છોનો અતિશય તિરસ્કાર છે—એ ઘરબાર ત્યજી માત્ર તમારી ટોળીમાં ભેળાવા નીકળ્યો છે, અને તમને દરેક કામમાં ઉપયોગી થાય એવો છે આ વૃદ્ધ વીર નરસોપંત, અને આ તેમના પુત્ર દાદોજી એઓ શાહીડખોરાના દેશપાંડે-દેશ-કુલકર્ણી ખરા અંતઃકરણથી આપણી તરફ છે-આપણામાં જોડાયા છે—દરેક રીતે મદદ કરવા તૈયાર છે, પણ માત્ર બહારથી આપણી વિરૂદ્ધ બાદશાહીના ખરા સેવક એમ ડોળ દેખાડનારા છે તે પણ એક રીતે ઇષ્ટ છે આ સુબોજી જેધે, દેશમુખ કાન્હોજીના સ્વદેશવત્સલ પુત્રને તો આપ ઓળખો છો તેની પવિત્ર માતા સાવિત્રીબાઇ પણ આપણા કાર્યમાં સહાનુભૂત છે જે મહાન ઈમારત ચણવી છે તેનો આજે પાયો નાખવા આપણે અહીં એકત્ર થયા છીયે "

" આવા વીરો મળે, શ્રી ભવાનીની અને આપની તથા ગુરૂમહારાજને મહા પુરૂષની કૃપા હોય તો તે કાર્ય કેટલું જલદીથી થાય ? આ સર્વ જ્યારે થશે એ અહોરાત્ર મનમાં આવી મન બળી ભસ્મ થાય છે હવે નથી સખાતું એ—ચોરટાઓનો જુલમ—ત્રાસ નથી સ્હેવાતો—આ મુસલમાન શાહીમાં મરાઠાઓનું જે અપમાન, ઉચ્છેદ થાય છે તે કેવી રીતે દૂર કરવો તે જ વિચાર દિવસ રાત્ર મનમાં ભમ્યા કરે છે મનમાં વારવાર એમ જ આવે છે કે જે વડિલે મેળવ્યું, તે ખાઈ તેની વ્યવસ્થા કરી સ્વસ્થ બેસવામાં બહાદુરી નથી આપણે મરાઠા હિંદુ, સર્વ દક્ષિણ દેશ યવનોએ ગ્રાસ્યો, દેવ બ્રાહ્મણ ગાય અને તિર્થોને તેમણે પીડા કરી, ધર્મ ડુબાડયો આ રક્ષણ માટે પ્રાણ પણ વેચી, ધર્મનું રક્ષણ કરવું, પરતંત્રતાની બેડી તોડવી, પરાક્રમ કરી તેમના હાથમાંથી મુલક ખુચવી લેવો અને તે અન-સ્વતંત્રતાનું અન્ન ભક્ષણ કરવું એ જ, એ જ આજન્મે આપ્યાનું સાર્થક દૈવપર ભાર ન મૂકવો પુરૂષપ્રયત્ન બલવત્તર છે દૈવ લંગડા છે વાસ્તવ પ્રયત્ન અચળ—

કરવા એમાં જેમ જેમ અધિક સહાય થાય, તેમતેમ અધિક કરે જના–દેવ સર્વ કાર્યો પાર પાડનાર સમર્થ છે” “આને આ વિચારો હમેશા ઘોળાયાં કરે, તેથી ગુરૂજી નહિ૭પતની સલાહ પુછી તો “ વડિને દૌલત (જહાગીર) સપાટ કરી તેમાન ગુમારી કાળો દાગ બેસાડશો ” આ તરેહનો ઉત્તર–શું કઈ, વડિલની અને ગુરૂજી પણ બ્હીક રહે છે મ્હારા આ વિચાર, મ્હારી આ વૃત્તિ તેમને બિલકુલ પસંદ નથી એ આપ તો જાણો છો વડિલતરફથી રોજરોજ પત્રો આવે છે, તેમા એ જ વાત, એજ રૂપમાં, મા સાહેબ સુદ્ધા આમ કરીયે નહી, તેમ કરીયે નહી, આમ કર્યાથી આમ થાય, ફલાણો ગુસ્સે થશે, આપણાપર આફત તુટી પડશે, તું કેવો નિરંકુશ છે મ્હોટાઓનું વચન માનવું જોઈએ વગેરે આવો નિત્ય ઉપદેશ કરે છે કદીકદી અમને વદે છે, અમારી સોબત ખરાબ છે, આ દુષ્ટ છોકરાઓ જેમ ભટકાવે તેમ ભટકે છે. હવે કાંઇ ન્હાનો નથી આ શબ્દો સાંભળતા એકંદર રીતે જોતા વડિલો અમને અનુકૂલ નથી પણ મ્હારો તો પક્કો નિશ્ચય છે કે જે બીડું ઝડપ્યું તે પાર પાડવું જે કાર્ય શરૂ કર્યું તે છેવટપર્યંત લેવું અને પછી તેમા પ્રાણ જાય તો પણ—”

વૃદ્ધ સ્વામિ આ સાંભળીને મનમાં જરા હસ્યો સર્વે આ સ્વસ્થ ચિત્તથી સાંભળતા હતા સર્વેના ચ્હેરાપર વીરશ્રી ચમકી રહી હતી “ જય ભવાની ” નો ઘોષ કર્યો સ્વામિએ હમાને કહ્યું –“શિવબા, શ્રીની આજ્ઞા છે કે જે કાંઈ થવાનું છે તે ત્હારે જ હાથે જે ઉદ્ધાર થશે તે ત્હારે જ હાથે અસ્તુ–હમણાં અહીં જે વિધિ કરવાનો છે તે પ્રથમ કરી લઇએ ”

શિવાજીએ સ્વામિ તરફ જોયું તરત ઉઠ્યો શ્રીના નીજ મંદિરમા જઈ, પ્રદક્ષિણા ફરી પાછો બ્હાર આવ્યો સામે શ્રીભવાનીની ભવ્ય મૂર્તિ હતી ત્યા નમન કર્યું અને એક ધ્યાને તે સામે જોઇ રહ્યો આ વારે તેનું તેજ કોઇ જૂદા જ પ્રકારનું દેખાવા લાગ્યું તેનો પ્રથમનો ચ્હેરો અને અત્યારની મૂર્તિમાં વિલક્ષણ અંતર જણાયો તેના સાથીઓ એક ટસે તેની સામે જોઈ રહ્યા શિવાજી આસપાસની સર્વ ઉપાધિથી અલિપ્ત થઇ બીજી જ કોઈ પરિસ્થિતિમા હોય એવું દેખાયું ઘણીવાર સુધી તે કાંઈ બોલ્યો નહી પરંતુ તે પછી શ્રી ભવાનીને દંડવત કરી તેણે આ શબ્દો ઉચ્ચાર્યા “ કાંઇ સંકટ આવશે સાવધાનતાથી રહેવું પરિણામ સારૂં આવશે સાવધપણે ઉપક્રમ કર્યાથી યશ પામ, મંદિરનું તોરણ બાંધજે ”

આ શબ્દો તેમા મોઢામાથી બ્હાર પડ્યા સ્વામિ અને બીજાઓએ તે સ્પષ્ટ સાંભળ્યા શિવાજી માતા આગળ નમન કરી નિશ્ચેષ્ટ પડી રહ્યો, ધીમે ધીમે થોડી વારે તે શુદ્ધિમાં આવવા લાગ્યો આંખો ઉઘાડી તલવાર કાઢી ભવાની આગળ મુકી પછી તાનાજી, યેશાજી નરસોબા વગેરે સવએ એક પછી એક ત્યા આવી, ‘ હું ભવાનીની સેવામા અને ગૌ બ્રાહ્મણનો છળ થાય છે તે દૂર કરવા પ્રાણ અપવા પછી તેઃ પણ આવું પાછું જોઇશ નહી ” એવા શબ્દોમા શપથ લઇ, આઈભવાનીને પ્રણામ કરી, શિવાજીની તલવાર ઉંચકી મસ્તકપર મુકી પાછી ત્યાર મુકી શિવાજીને પ્રણામ કર્યા આ પ્રકાર થયો સૌ સૌ સ્થાનકે ચાલી ગયા.

શિવાજીએ સ્વામિ તરફ ફરીને "શી આજ્ઞા શ્રી?" આ પ્રશ્ન કર્યો સ્વામિએ તે, ઉદ્ગાર પુન ઉચ્ચાર્યા તેપરથી શિવાજી બોલ્યો –"ચિહ્ન સારા છે તેમ ચૈતન્યતા પણ છે શ્રી અંબા ભવાની સમર્થ છે જે કરવાનુ છે તે કેવળ એકનિષ્ઠાથી પ્રયત્ન જારી રાખવો આપણે નિર્ભય થઈ વર્તવાનુ છે જ્યા સુધી અંબાભવાનીની કૃપા છે, સ્વામિ મહારાજની કૃપા છે, તમારા જેવા સહાયકો છે ત્યા સુધી પૂર્ણ જય આવશે એમ મને તો અણુ માત્ર પણ શંકા આવતી નથી"

આટલુ કહી ઉઠયા, સર્વે ઉભા સજ્જ થયા તે જ, વીરતાથી અલૌકિક રીતે ઝળકી રહી હતી શિવાજીએ હાથમા નકરને માથેથી બીડ પત્ર લઈ આગળ ચલાવ્યુ —

"તમે જાણો છો કે આજ આપણે અહીં ઘણુ અગત્યનુ–અતિમહત્વનુ કાર્ય કરવા એકત્ર થયા છીએ આજ આપણા ભવિષ્યનો–આપણો બોધનાર મહાન્ ઇમારતનો–પાયો રચવાનો છે શ્રીગૌરીશંકર–આ સમન્ધખોરાના કુળદેવ સ્વયંભૂ–તેમણે અત્યાર સુધી યશ આપ્યો અને તે સર્વ મનોરથ તે અને માતા અંબાભવાની હિન્દવી સ્વરાજ્ય કરી પૂરા કરશે તેમની આજ્ઞા છે આજ તેમની સાક્ષિએ પ્રતિજ્ઞા કરૂ છુ કે યવનાએ પાયમાલ કરેલ દેશ, ગાબ્રાહ્મણ દેવોનો કરેલો છળ, તોડી ધર્મરક્ષી હિન્દવી સ્વરાજ્ય સ્થાપીશ, અને હિન્દુવાણી પુનઃ સ્થાપીશ આ મ્હારી પ્રતિજ્ઞા છે–ને વજ્રપાત છે આ રાજ્ય થાય એમ શ્રીની ઇચ્છા છે"

સર્વેએ "જયભવાની!" નો જયઘોષ કર્યો અને પ્રતિજ્ઞા કરી આ વખતનો દેખાવ લાંબા સમય સુધી સ્મરણમાંથી ખસે તેવો નહિ, જીવનમા કોઇ અનેરૂ તેજ અને શૌર્યના સ્થાર પુરે તેવો, ભવ્ય અને પ્રચંડ હતો નિર્માલ્ય અને નપુંસકોને પણ એકદમ પુરૂષાર્થમાં ફેંકી દે અને સ્વરાજ્યના યુદ્ધમા પ્રાણત્યાગ કરવાની પણ મહેચ્છાઓ તેમના મસ્તિષ્કમા–ભરી દે–એવો હતો ! માતૃભૂમિને માટે–તેની પરાધીન અવસ્થામાંથી તેને મુક્તિ અપાવવા ભેગા મળેલા આ વીરસંઘનુ પ્રતિજ્ઞા દશ્ય તેમના દુશ્મનોને પણ જરા વાર ખમવાની ફરજ પાડે, તેમને માટે માન ઉત્પન્ન કરે એવો ગૌરવથી ભર્યો આ પ્રસંગ હતો સર્વેના ચ્હેરા વીરશ્રી તાથી ભરેલા અને આનન્દોત્સવથી પ્રફુલ્લિત અને તેજસ્વી થયા હતા વિલક્ષણ પ્રભા પથરાઇ હતી, અને સ્વરાજ્ય સ્થાપનાની પ્રતિજ્ઞા થઇ મહારાષ્ટ્રના હિન્દવી સ્વરાજ્યનો તે પાયો થઇ

—ચાલુ

અનગલરમ ૯૩ ૦—૮—૦ એન એમ ત્રિપાઠી ઍન્ડ કંપની, મુંબાઈ

૨૫ આપના ઑર્ડરમાં સમાલોચનાની નોંધ લેશો.

[illegible] આપના [illegible]મા સમાલોચ[illegible] નોંધ લેશો [illegible]


૨૭. આપના ... સમાલોચના, ...

૨૯ આપના ઓર્ડરમાં સમાલોચકની નોંધ લેશો

કૃ. આપના ઑર્ડરમાં સમાલોચનની નોંધ લેશો.

Printed by K. R. Mitra, at the Manoranjan Press 3 Sandhurst Rd Girgaon Bombay

સમાલોચક



લેખો.

તમારે ત્યાં શુભ પ્રસંગોપર

ટી-પાર્ટી—

નાચ-પાર્ટી—

એટ-હોમ

ઈવનીંગ એન્ટરટેનમેન્ટસ

ઇત્યાદિ મેળાવડાઓમાં—

ડેકોરેશન્સ ને તેની ગોઠવણ કરવાનું અમને સોંપો

કોઈપણ કામ--

વાજબી દામથી—

ટુંક વખતમાં—

અને તમને ૧૦૧ ટકા સંતોષ મળે તેવું કરી આપીશું

એગ્રીમેન્ટસ મંગાવો –

ભાવ તાલ જરૂર પુછાવો—

ગોવિંદજી વસનજી.

[illegible]

[illegible] } મુંબાઈ. [illegible]

[illegible]


Feb 37

જ. આપના ઑર્ડરમાં સમાલોચકની નોંધ લેશો.

આપના ઓર્ડરમાં સમાનોગની નોંધ લેજો

લખો

૧૧ આપના ઑર્ડરમા સમાલોચકની નોંધ લેશો



આ સુગન્ધિદાર તેલ અત્તરો વિગેરેની એક વખત તો જરૂર પરીક્ષા કરી જુઓ.

ધી ઇન્ડિઅન પરફ્યુમરી ઑફિસ, નં ૩.

પાયોનિઅર રોડ, અમદાવાદ.

Nov-18

૧૫ આપના નોકરના સમાચાર (નંબું વેગ)

अनुद्वेगकर वाक्य सत्य प्रियहित च यत्।
स्वाध्यायाभ्यसनं चेव वाङ्मयं तप उच्यते ॥ भ गी १७-१५

પુસ્તક ૨૪ મું.] જુન ઈ. સ. ૧૯૧૯. [અંક ૬ ઠો.

તંત્રી—ગ. બી. એ.
રા. એ., એલએલ. બી.
પ્રકાશક—રા. રમણીયરામ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી.

વિષય. વિષયાનુક્રમણિકા. પૃષ્ઠ.


વાર્ષિક લવાજમ રૂપીઆ ચાર,
હિન્દુસ્તાન બહાર શીલીંગ છ=રૂ. ૫-૧૨-૦. છુટક અંકની કિંમત આઠ આના.
૧૯૧૮ ૧૯૧૯ ને ૧૯૨૦ ના ત્રણ વર્ષના લવાજમ રૂ. ૧૦, હિન્દબહાર રૂ. સવાપંદર
આ લવાજમ શરૂઆતમાં જ લેવામાં આવે છે



મારો બાલુડો કા'ન.

સમાલોચક]
ચિત્રકાર ગ. વાડિંગ]

[જુન ૬ સ ૧ ૧૯
[કોપીરાઈટ



સમાલોચક,]
[ચિત્રકાર રા પંડિત]

[જુન ઈ સ. ૧૯૧૯
[કોપીરાઈટ

वैखानस —(हस्तमुद्यम्य)

राजन्, आश्रममृगोऽयं न हन्तव्यो न हन्तव्यः ।

[દુષ્યન્ત રાજા શિકારે જતાં હરિણને પોતાનું લક્ષ્ય કરે છે તે વખતે આશ્રમનો મુનિ 'એ આશ્રમનો મૃગ છે માટે મારવા યોગ્ય નથી' એમ બૂમ પાડતો હાથ ઉંચો કરે છે તે દૃશ્ય]



પુસ્તક ૨૪ મું,] જુન, ઈ. સ. ૧૯૧૯. [અંક ૬

હિન્દી રાજકીય સુધારા

સ્વાયત્ત અને પરાયત્ત વિષયો.

લેખક—રા. હીરાલાલ હરજીવન ગણાત્રા, બી. એ.

પ્રાસ્તાવિક.

બ્રિટિશ હિન્દુસ્થાનમાં આજ સુધી જે રાજ્યવહીવટ ચાલ્યો છે, તે ખામીભર્યો છે, રાષ્ટ્રીય પ્રતિભાને અને પ્રગતિને સાનુકૂળ નથી, પોષક નથી, પરન્તુ વિઘાતક છે, એ પ્રકારની કબુલાત પરોક્ષ રીતે હાલ રાજકીય સુધારા કરવાના સંચાલનમાં જોવામાં આવે છે. આવી કબુલાત કરતાં તે કરનારાઓને ઘણું કષ્ટ થયું છે, તથાપિ અન્ય માર્ગ ન હોવાથી તેમને એટલું નૈતિક બળ બતાવવું પડયું છે. બ્રિટિશ હિન્દને રાજકીય સુધારા આપવાના સંચાલનથી અત્યાર સુધીમાં આપણને માત્ર શબ્દો, શબ્દો જ મળ્યા છે, અને તેમાં પણ કેટલોક ક્લેશ ઉત્પન્ન કરવામાં આવ્યો છે, હજી એ ઉપરાંત વધારે પેલો પદાર્થ આપણને મળ્યો નથી. અને માત્ર શબ્દો ઉપર કોઈ પોતાનું જીવન ટકાવી શકે નહિ. રાજકીય સુધારા બ્રિટિશ હિન્દને આપવાને માટે મંથન થઈ રહ્યું છે. એક તરફથી સરકાર-અમલદારોનો વિશાળ સમૂહ દોરીઓ ખેંચી રહ્યો છે, ત્યારે બીજી તરફથી અસંખ્ય પ્રજાસમૂહ પોતાની શક્તિઓનું પરિસ્થિતિ અનુસાર કેવળ માગણીઓ કરવામાં, 'સનદશીર ચળવળ' ચલાવવામાં ધ્યાન રોકી રહ્યો છે. એક ઉક્તિ એવું કહે છે કે, કુતરું તાણે ગામ ભણી અને શિયાળ તાણે સીમ ભણી, એવી લીલા વર્તમાન રાજકીય સંચાલનમાં જોવામાં આવે છે. આવી હોંસાતોંસી—આવી ખેંચાખેંચીમાં ઉભયપક્ષે સત્ય, ન્યાય આદિ સર્વદા શ્રેયસ્કર ગુણોનો ન્યૂનાધિક અનાદર થાય એ સંભવે છે, અને પ્રજાવર્ગ તરફથી તેવો અનાદર થયો નથી, માત્ર રાજ્યકર્તા વર્ગ તરફથી જ થયો છે

એમ સત્યતાપૂર્વક આપણે કહી શકીશુ નહિ, પરન્તુ આ સમ્બન્ધમા એ કહેવાય કે, અજ્ઞાનાહત-હિન્દુસ્થાનમા અધિકાંશ અજ્ઞાનાહત-પ્રજાવર્ગનુ એવુ વલણ અન્યાય કિંવા ક્ષમ્ય ગણી શકાય, દૂરદર્શી, જ્ઞાનવાન મુત્સદ્દી પ્રજાહિતપ્રિય રાજ્યકર્તાઓનુ એવુ વલણ બહુધા અક્ષમ્ય અને સર્વથા અનુદાર ગણાય

આ પ્રમાણે પ્રતિસ્પર્ધા ચાલી રહી છે, અને સર્વત્ર અસતોષ જોવામા આવે છે તેનુ એક જ કારણ એ છે કે, હિન્દમા રાજ્યકર્તા કોમ અને પ્રજાવર્ગ ભિન્ન ભિન્ન દેશોના-ભિન્ન ભિન્ન ખડોના છે, તેઓની ટેવો, પ્રતિભા, સસ્કૃતિ, પ્રકૃતિ સર્વથા ભિન્ન હોવાથી રાજાપ્રજા વચ્ચે જે એકતાનતા હોવી જોઇએ, અને એકમેકના શ્રેયને અર્થે સમાજહિતકર શાશ્વત નિયમોનુ પરિપાલન ઉભયે પોતપોતાની સ્થિતિ અનુસાર કરવુ જોઇએ તે સ્વાભાવિક રીતે યથાર્થ થઈ શકતુ નથી, તેઓ એ એકની સાથે ભળી શકતા નથી તેમના મન હૃદયો અને વિચારો એક થઈ શકતા નથી ભિન્નતા રહે જ છે, એ ભિન્નતાથી સ્વાર્થબુદ્ધિ પોષાય છે, એકને ભોગે અન્યાયી રીતે અન્યનો સ્વાર્થ સાધી લેવાનુ વલણ લેવાય છે, અથવા એવુ વલણ લેવાય છે એમ માનવામા આવે છે તેથી જ કલહ ઉપસ્થિત થાય છે કલહ ઉપસ્થિત થવાથી બ્રિટિશ રાજ્યપદ્ધતિના સર્વોત્તમ મશહૂર સદ્ગુણો હિન્દની બ્રિટિશ રાજ્યપદ્ધતિમાં ઉતરી શકતા નથી, અથવા ઉતરી શકે છે તો તેમનુ અભિનન્દનીય ઇષ્ટ સ્વરૂપ ખડિત થાય છે, અને તેની જ સાથે પોતાની રાજ્યભક્તિ અને રાજ્યનિષ્ઠાને માટે આખી દુનીયામા સુવિખ્યાત થયેલી હિન્દી પ્રજાની રાજ્યનિષ્ઠા પ્રતિ શકા કરવાનો અવકાશ લભ્ય થાય છે આ પ્રકારના ભિન્નભાવથી રાજ્યવહીવટમા તથા અન્ય પ્રકારે હિન્દમા કેટલી અસંતોષકારક ચીજો જોવામા આવે છે, એનુ વિસ્તૃત વર્ણન આપવા બેસીશુ તો એક મોટા થોથા ભરાઇ જાય, પરતુ તેમ કરવાનો આપણને અત્રે અવકાશ છે નહિ આ કારણ સ્વાભાવિક પરિસ્થિતિમાથી ઉદ્ભવેલુ છે, તથાપિ તે અનિવાર્ય નથી જો રાજ્યકર્તા વર્ગ કોમકોમના દેશભાર ભૂલી, આ અમારો દેશ, આ તમારો દેશ એવા વિચારથી ઉત્પન્ન થતી સ્વાર્થવૃત્તિનો બને તેટલો પરિત્યાગ કરી જે સર્વજ્ઞ પ્રભુ પરમાત્માએ એમની ઉપર 'ગોરા લોકોનો બોજો' લાદેલો છે, તે ઉપાડવાને પ્રામાણિકપણે, ઇશ્વરપ્રિયતાપૂર્વક યત્નો કરે તો તેમના કાર્યો માટે હિન્દી પ્રજા શકા કરે-તેમનો ખોટો અર્થ કરે એટલી બધી હિન્દી પ્રજા નગુણી કે કૃતઘ્ન નથી અને તેમ થઈ શકે છે

એક જ કારણ.

હિન્દમા રાજ્યપદ્ધતિ સુધારવાને માટે, હિન્દને જોખમદાર રાજ્ય આપવાને માટે, સચાલન કરવામા આવ્યુ, અને તેને પરિણામે મો ચે રીપોર્ટ તૈયાર કરીને પ્રકટ કરવામા આવ્યો, એ ઉપર દર્શાવ્યા પ્રમાણે ઇષ્ટ દિશામા પ્રામાણિક પ્રયત્ન છે એમાં જેટલી જેટલી બાબતોનો સ્વીકાર કરવામા આવ્યો છે, તે બ્યુરોક્રેટિક-આપખુદ રાજ્યસત્તાની ઝગઝગતી ખામીઓ છે એ ખામીઓથી મહાન હિન્દી પ્રજાને જે વેઠવુ પડ્યુ છે, તે દોષના પ્રાયશ્ચિત્તનો અને તે દોષનુ નિવારણ

મો. ચે. રીપોર્ટ.

---

[*] સરસ્વતીચન્દ્ર ભાગ ૨ જો રૂ ૧-૮-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુબાઇ

કરવાનો પ્રારમ્ભિક પ્રયત્ન છે, અને એટલો પ્રયત્ન કરવામા પણ અપૂર્ણ નૈતિક બળ તથા હીંમત બતાવવામા આવ્યા છે આશરે દોઢસો વર્ષના બ્રિટિશ અમલમાં હિન્દની જે દુર્દશા થઈ છે તેનો એ રીપોર્ટમા સત્તાવાર સ્વીકાર કરવામા આવ્યો છે એમ થવુ જ જોઈતુ હતુ જ્યા સુધી મનુષ્યના શરીરમા શુ વ્યાધિ છે તેની ખબર ન પડે ત્યાસુધી ચિકિત્સક યોગ્ય ઉપાય યોજી શકતો નથી, તેવી જ રીતે રાજકીય શરીરનો વ્યાધિ સમજાય નહિ ત્યાસુધી તેનો યોગ્ય ઉપાય પણ યોજી શકાય નહિ આ સ્થળે અમારે એટલુ કહેવુ પડે છે કે ચિકિત્સકો મી મોંટેગ્યુ અને લૉર્ડ ચેમ્સફર્ડ સપૂર્ણ રીતે સત્ય ચિકિત્સા કરી શક્યા નથી (એ તેમના રીપોર્ટના ભાગે અને ખરેખરી વસ્તુસ્થિતિના જ્ઞાનને સરખાવતા સ્પષ્ટ થાય છે) તથાપિ એમની પરિસ્થિતિ જોતા તેમણે પ્રશસનીય કાર્ય કર્યું છે, અને પોતાની ચિકિત્સા પ્રમાણે ધીમેથી પરતુ સચોટતાથી કાર્ય કરી શકે એવા ઉપાયો એમણે જે દર્શાવ્યા છે, તે આસપાસની વસ્તુસ્થિતિ જોતા યોગ્ય ગણાશે એક રાજ્યપદ્ધતિ દીર્ઘ કાળથી ટકી રહી હોય તેણે પોતાના મૂળ ઉંડા નાખેલા હોય તે રાજ્યપદ્ધતિને બદલવી એ વિધ્વંસપોષક રીતિથી નહિ, પરન્તુ વિકાસક્રમાનુસાર થવુ જોઈએ, પરન્તુ સાથે સાથે એ પણ ભૂલવુ જોઈતુ નથી કે વિકાસક્રમમા પણ સોપાનો હોય છે, અને પ્રથમ તબક્કે કેટલા સોપાન ઓળગવા એ વિષે ઘણો મતભેદ હોવો થવા સભવ છે આપણે ઈચ્છીએ છીએ કે, મો. ચે રીપોર્ટમા જેટલી પ્રગતિ કરવાની અભિલાષા દર્શાવવામા આવી છે, તેના કરતા ઘણી અધિક પ્રગતિ કરવાની પરેખા દોરવામા આવી હોત, આપણે ઇચ્છીએ છીએ કે હિન્દી પ્રજાને "પ્રગતિમાન જોખમદાર રાજ્ય" આપવાના પ્રયાસોમા અધિક ચપળતા અને અધિક ત્વરા બતાવવામા આવે પરન્તુ ચિકિત્સક દ્વિપુટીને એ રૂચ્યુ નથી, વિપક્ષે સત્તાપ્રિય રાજ્યકર્તાવર્ગનો અભિપ્રાય એવો છે કે ચિકિત્સકો જોઈએ તેથી વધારે "રામબાણ" ઉપાયો યોજે છે, અને તેઓ પોતે અપૂર્વ નિ સ્વાર્થતાપૂર્વક (તેમના કહેવા પ્રમાણે) એ જાતની દવાઓ યોજવાનો ઉપદેશ આપે છે અતિમ પરિણામ શુ આવે છે, તે હજી જોવાનુ છે

મો ચે રીપોર્ટ સર્વાગે સપૂર્ણ ન હતો એમા વિગતો ઉમેરવાની હતી વિગતો ઉમેરવાનું કાર્ય અતિશય કઠિન હતુ તેથી તેને માટે એક ખાસ કમિટી રાખી. લૉર્ડ સાઉથબરોના પ્રમુખપણા નીચે નીમવામા આવી હતી તે કમિટીનુ કાર્ય મતાધિકારનો નિર્ણય કરવાનુ તથા મો ચે રીપોર્ટમા વર્તમાન બ્યુરોક્રેટીક અને આગામી લોકપ્રિય રાજ્યપદ્ધતિના યુગાન્તરમા જે મિશ્ર રાજ્યપદ્ધતિ યોજવાની સૂચના કરવામા આવી હતી તેને અનુસાર વિષય વિભાગ કરવાનુ હતુ

સાઉથબરો કમિટી.

મતાધિકાર કમિટી તથા વિષયવિભાગની કમિટીએ પોતાના રીપોર્ટો પ્રકટ કર્યા, અને ગભીર સુધારાની યોજનાને માટે એક બીજો થોથો પ્રકટ કરવામા આવ્યો આ રીપોર્ટમા મો ચે રીપોર્ટમા આકારેલી યોજનાને ઘણુ ખરૂ અનુસરવામા આવી, તથાપિ અધિકારીઓ પોતાની દિશામા વહાણ હાંકવાને સતત પ્રયત્નો કર્યા કરતા હોવાથી અને આવા વિષયોમા તેમને વિવેચન આદિમા અગ્રસ્થાન મળેલુ હોવાથી મો ચે રીપોર્ટ કરતા પ્રસ્તુત રીપોર્ટો અધિક

નિરાશાજનક નીવડ્યા. તત્પશ્ચાત્ હિન્દી સરકારે રાજકીય સુધારા વિષે પોતાના અભિપ્રાયો એક જુદા ખરીતામાં લખી મોકલાવ્યા, તેમાં અધિકારીઓ પોતાની જ દિશામાં સુધારાને આકર્ષવાને પ્રયાસો કરે છે એ વલણ સ્પષ્ટ રીતે માલુમ પડી ગયું, અને તેથી જ હિન્દી સરકારની કાર્યવાહી સભા (*Executive Council*)ના હિન્દી સભ્ય સર શંકરન નાયરને પોતાના ભિન્ન અભિપ્રાયો દર્શાવતી નોંધો લખવી પડી એ નોંધો સર શંકરન નાયરે એવી સચોટ રીતે લખેલી છે, તેમાં અનુભવસિદ્ધ રીતે એવી સખ્ત ટીકા કરવામાં આવી છે કે, તેવી હિન્દી સરકારને નીચું જોવાનો સમય આવ્યો છે એ જોતાં અમે પ્રત્યેક હિન્દીને વાચવા તેમ જ વિચારવાની ખાસ ભલામણ કરીએ છીએ અને અમે હિન્દી સુધારાની નૂતન યોજનામાં વિષય વિભાગ ચર્ચીશું, અને ફીટેમ (વિષય વિભાગની) કમિટીનો રીપોર્ટ, તથા હિન્દી સરકારનો એ સબંધી ચોથો ખરીતો અને સર શંકરન નાયરની પૃથક્ નોંધ એ સર્વનો યથોચિત ઉપયોગ કરીશું

મિશ્ર રાજ્યપદ્ધતિ વિષય વિભાગનું મહત્ત્વ.

મો૦ ચે૦ રીપોર્ટમાં વર્તમાન પરિસ્થિતિને બંધબેસ્તી આવે, તથા સાથે સાથે લોકપ્રિય રાજ્યપદ્ધતિની પ્રાપ્તિની દિશામાં પ્રગતિ કરી શકે એવી એક યોજના આકારવામાં આવી છે અમે ઉપર કહ્યું તેમ પ્રસ્તુત યોજના ખામી રહિત છે, તેમાં આપણે અધિક આશાવંત તત્ત્વની આશા રાખી ન હતી, એ આપણી રાજકીય અભિલાષાઓને પરિતૃપ્ત કરી શકે છે, એમ આપણે કહ્યું નથી, અને કહેતા નથી આપણે કહ્યું છે અને કહીએ છીએ કે, વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં છતાં પણ તેમ જ તેને બંધબેસ્તી આવે એવી યોજના આકારી શકાત અથવા પ્રસ્તુત મિશ્ર યોજનામાં સુધારા વધારા કરીને તેને વિશેષ ઉપયુક્ત બનાવી શકાત હિન્દી રાષ્ટ્રીય પરિષદ્ અને અખિલ-હિન્દ મોસ્લેમ સમિતિના અસાધારણ અધિવેશનોમાં તેમ જ “વિનીતોની” પ્રથમ પરિષદમાં પણ દર્શાવવામાં આવેલા અભિપ્રાયોથી એ મુદ્દો સ્પષ્ટ થઈ ગયો છે કે, મો૦ ચે૦ રીપોર્ટમાં આકારેલી યોજના સંતોષજનક નથી પરંતુ એ જ યોજનાના પાયા ઉપર પાછળથી બાંધકામ કરવામાં આવ્યું તથા આવતું હોવાથી તથા હવે પછી પણ તે જ મુખ્ય પાયા તરીકે લેખવામાં આવશે તેથી આપણે એ યોજનાને આધારભૂત લેખીશું એ યોજનામાં હિન્દી સરકારને અને પ્રાંતિક સરકારોને પૃથક્ રાખી પ્રાંતિક સરકારોમાં જેમ બને તેમ વધારે લોકપ્રિય તત્ત્વ દાખલ કરી, જેમ જેમ રાજ્યવહીવટનો વ્યાવહારિક અનુભવ વિશેષ મળતો જાય તેમ તેમ રાજ્યપદ્ધતિને ઉત્તરોત્તર અધિક ‘ઉદાર” બનાવીને, અધિક લોકપ્રિય તત્ત્વનો તેમાં ઉમેરો કરીને પ્રગતિમાન જોખમદાર રાજ્યપદ્ધતિ સંપૂર્ણ રીતે દેશમાં દાખલ કરવી, એવો ઉદ્દેશ રખાયો છે એ ઉદ્દેશ અનુસાર પ્રાંતિક સરકારોના બે ખંડ પાડવામાં આવશે, એક ખંડ ઉપર ગવર્નર અને કાર્યવાહી સભા (*Executive Council*) સત્તા ચલાવશે અને દ્વિતીય ખંડ ગવર્નર અને લોકપ્રિય તત્ત્વની બહુમતી-

વાળી ધારા સભાઓને આધીન તેમ જ જોખમ દાર મત્રીઓ અધિકાર ભોગવશે આ પ્રમાણે પ્રાતિક સરકારો દ્વિ-ખડી બનશે, એક ખડ કેવળ અધિકારીઓનો અને દ્વિતીય લોકપ્રિય સત્તાનો. આ ઉપરથી આપણે એમ સમજવાનુ નથી કે, એ બને વિભાગો એકબીજાથી પૃથક્ અને સ્વતત્ર રહીને પૃથક્ અને સ્વતત્ર રીતે કામ કરી શકશે ઉભય વિભાગો એક જ સત્તાના હાથ નીચે રહેશે—ગવનરને સર્વોપરી સત્તા મળશે, તથાપિ એ સર્વોપરી સત્તાનો નિરકુશ ઉપયોગ નહિ થઈ શકે, કેમકે લોકપ્રિય તત્ત્વની બહુમતીવાળી ધારાસભાઓ ક્રમે ક્રમે વૃદ્ધિગત સત્તા અને લાગવગ પ્રાપ્ત કરશે અને સર્વોપરી નિરકુશ અધિકારીને પણ એ લોકસત્તાને નમવુ પડશે પ્રાતિક સરકારોના એ બે વિભાગો શી રીતે કરવા કે તેથી કરીને રાજ્યવહીવટના જે વિભાગ પર લોકહિતનો મોટામા મોટો આધાર હોય અને જેમા રાજ્યવહીવટી અનુભવ મેળવવાની અત્યન્ત આવશ્યકતા હોય તે વિભાગ સત્તાધારીઓને નહિ પરતુ ખરેખર લોકહિત હૈડે ધરાવનાર હિન્દીઓને જ મળે, અને જે વિભાગમા સત્તાધારીઓ વિના ચાલે એમ ન જ હોય તેમને તે વિભાગ મળે એ મુખ્ય મહત્ત્વનો પ્રશ્ન છે મિશ્ર યોજના હેઠળ પ્રાતિને જોખમદાર રાજ્યતત્રની શાળાઓ બનાવવાની છે, હિન્દુસ્થાનને પ્રજાકીય રાજ્ય આપવાની વેધશાળાઓ બનાવવાની છે, અને તેથી દ્વિ-ખડી યોજનામાં બહુ કુશળતાથી વિષયવહેચણી કરવાની છે સભવે છે કે, વિષયોની વહેચણી એવી રીતે થાય કે વર્તમાન સત્તાધારીઓ સઘળી સત્તા તથા ઉપયોગી વિષયો દબાવી બેસે અને સત્તાહીન પ્રકારે બોજો ખેચવાનું અને પ્રજાજનમા અપ્રિય થવાનુ જ રાજ્યના લોકપ્રિય વિભાગને સોપે આમ હોવાથી જ નવીન યોજનાનો સઘળો આધાર વિષયોની વિવેકપુર સર વહેચણી ઉપર રહે છે અને તેથી જ એ વિષય પરત્વે વિગતવાર ચર્ચામાં ઉતરવુ પડે છે

એ ચર્ચામા ઉતર્યા પહેલા મિશ્ર યોજનાની નવીનતા અને અદ્દષ્ટપૂર્વતા વિષે ઝાઝુક વિચારીએ હિન્દુસ્થાન દેશ પરિસ્થિતિના બળને લીધે અનેક પ્રયોગોનુ ક્ષેત્ર બનેલો છે અધુના અત્યત ઉચ્ચ પ્રતિની પરતુ અત્યત આપખુદ, અત્યત કુશળ પરતુ અત્યત નિષ્ફળતાપ્રિય અને અત્યત મ અત્યત ખર્ચાળ પરતુ અત્યત ઓછો લાભ આપનારી, અને સરવાળે ખામીઓથી અપૂર્ણતાઓથી ભરેલી રાજ્યપદ્ધતિ આપણા જ દેશને મળી છે સુધરેલા અને આગળ વધેલા સર્વ દેશોમાં આપણા દેશના જ સત્તાધારીઓ—સીવીલ સર્વંટો વિગેરેને ભારેમા ભારે પગાર અપાય છે અને તેઓની અનેક રીતે પ્રશસા થતી હોવા છતા જનહિતની દૃષ્ટિએ જોતાં તેઓએ દેશની ઉન્નતિ અને આબાદીને માટે ઓછામા ઓછુ કામ આપ્યુ છે એ કબુલ કરવુ પડશે એ જ પ્રમાણે આ નવીન મિશ્ર યોજના પણ કોઈ દેશના ઇતિહાસમા જોવા જાણવામા આવી નથી; એ યોજના તદ્દન નવીન છે, અદ્યાપિ કોઈ પણ દેશે એના જેવી યોજનાને વ્યવહારમા ઉતારી નથી આપણા દેશમા પ્રથમ જ એનો વ્યવહાર થશે, અને તેથી આપણો દેશ ભાગ્યવાન ગણાશે કે ભાગહીન તે તો હજી ભવિષ્યના પડદા પાછળ રહેલુ છે એ યોજનાના આ નવીન લક્ષણને લીધે દેશના હિતચિંતકોના હૃદયોમા કદાચિત્ ભય ઉપજે તો તે

સમાર દર્પણ (નાટક) રૂ ૦-૧૨-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની મુબાઈ

સ્વાભાવિક છે વસ્તુત એવો ભય ઉપજ્યો પણ છે તેથી એ હિનચિંતકોએ એવી દલીલ કરી હતી કે, જ્યારે એ યોજનાથી પ્રાંતોમા અને જોખમદાર રાજ્ય દાખલ કરવાની નેમ રાખવામાં આવી છે, અને એ યોજનાને ભૂતકાળમા વ્યવહારમા ઉતારવામા આવી હોય એવી ઇતિહાસ સાક્ષી પૂરતો નથી, ત્યારે સર્વ પ્રાંતોમા એવી યોજનાના પ્રયોગો કરવાને બદલે કેટલાક આગળ વધેલા પ્રાંતોમા (ઉદાહરણ તરીકે મુંબાઇ ઇલાકો) સપૂર્ણ જોખમદાર રાજ્યની પદ્ધતિ પ્રયોગ તરીકે દાખલ કરવામા આવે તો શુ? તેઓની આ દલીલમા વજન છે, તથાપિ જેઓને માત્ર ગોકળ ગાયની ગતિ જ સ્વભાવત ગમતી હોય, જેઓને આગળ વધવુ જ ન હોય અને બીજાઓને બને ત્યાસુધી આગળ વધવા દેવા ન જ હોય તેઓ એવી દલીલો કેમ સાભળે? અને તેથી ઉલટી રીતે તેઓ વિપરીત દલીલ કરે છે જે મુબાઈ પ્રાંતને માટે સપૂર્ણ જોખમદાર રાજ્યતંત્રની માગણી માત્ર રાષ્ટ્રીય પરિષદે જ નહિ, મોસ્લેમ લીગે જ નહિ, પરતુ મુબાઈની ધારાસભાના પ્રજાકીય સભ્યોએ પણ કરી હતી તે જ પ્રાંતની સરકાર દેશના તનુજોને તેમના પોતાના હકક તરીકે જોખમદાર રાજ્ય આપવાને અને એ રીતે તત્ર ભવાન્ સમ્રાટ્ના પ્રતિનિધિ તરીકે હિન્દી પ્રધાને પ્રકટ કરેલા હિન્દને જોખમદાર રાજ્ય આપવાના મહાન ઉદ્દેશને સમાન આપવાને કેવા પ્રયત્નો કર્યા છે? તે કહે છે કે, આવી તદ્દન નવીન અને વ્યવહારમા કદાપિ ન મુકાયલી યોજનાનો અમલ કરવાનો વિચાર પણ શા માટે કરવો? પ્રિય વાચક બહુ ઉદાર હો તો પણ એમ ન ધારી લેશો કે, મુબાઈ સરકારે પોતાની હકુમત હેઠળના પ્રાંતમા સપૂર્ણ જોખમદાર રાજ્યતંત્ર દાખલ કરવાની દરખાસ્ત કરી હતી વિપક્ષે એ 'ઉદાર' સરકારે મિશ્ર યોજનાનો બહિષ્કાર કરીને કોઈ અન્ય પ્રકારની યોજના રજુ કરી હતી, તેનુ વ્યાવહારિક પરિણામ એ આવત કે, પ્રજાને જોખમદાર રાજ્ય મળવાનો સમય દૂરતર જાત આ મિશ્ર યોજનાની સામે થવામા અને એ રીતે તત્રભવાન્ સમ્રાટ્ની પ્રદર્શિત ઇચ્છાની સામે થવામાં મુબાઇની સરકાર એકલી અટુલી ન હતી મદ્રાસના પેલા પ્રખ્યાત ગવર્નર લોર્ડ પેટલેંડની સરકાર તેમ જ બીજા પ્રાંતોની સરકારોએ પણ એમા ભાગ લીધો હતો, અને પોતાનો અવાજ પૂર્યો હતો અધિકારીવર્ગ અને પ્રજાવર્ગ વચ્ચે આ પ્રમાણે જે પ્રતિસ્પર્ધા ચાલી રહી છે, તેનુ અતિમ પરિણામ તો આપણે ઉપર કહી ગયા તદનુસાર ભવિષ્યના ઉદરમા છે જેઓને ન્યાય, સત્ય અને પ્રજાસત્તાના અતિમ વિજયનો વિશ્વાસ છે, તેઓ પરિણામ શુ આવશે? તેની ભવિષ્યવાણી ભાખી શકે છે

મુખ્ય અને પ્રાંતિક સરકારો વચ્ચેનો સબધ.

આ નવી યોજનામા ઉપરી સત્તાનો અકુશ ઘટાડીને નીચેની સત્તાને વિગતોમા બને તેટલી સ્વતત્રતા આપવી, અને કાર્ય કરવાની શરુઆત કરવાની શક્તિ પણ તેની ખીલવટ દેવી, એ આશય રાખવામા આવ્યો છે અત્યાર સુધી પદ્ધતિ એ છે, કે, મુખ્યત્વે પાર્લામેન્ટ બ્રિટિશ હિન્દના રાજ્યવહીવટ માટે જોખમદાર હોવાથી સર્વાંગે તેનો અકુશ હોવો જોઈએ પરતુ પાર્લામેન્ટ પોતાનુ આ કાર્ય પ્રામાણિકપણે ચીવટથી બજાવી શકી નહિ તેણે હિન્દી સામ્રાજ્યના પ્રશ્નો તરફ અક્ષમ્ય નિ સ્પૃહા, વિરાગવૃત્તિ અને અજ્ઞાન બતાવ્યા છે સિદ્ધાતમા પાર્લામેન્ટ જોખમદાર હોવા છતા એ ભવ્ય મડળીને નામે હિન્દી

પ્રધાન અને ઈંડીઆ ઓફીસના સભ્યો હિન્દનુ રાજ્યતંત્ર ચલાવે છે આ ઈંડીઆ ઓફીસમા પણ સભ્ય તરીકે વાનપ્રસ્થ બનેલા મ્યુરોક્રેટો બેઠેલા હોય છે, તેથી જે વહીવટ ચલાવવામા આવે છે, તેમા અસંખ્ય ખામીઓ રહી જાય છે વળી મેઢે દેશ ઉપર તે દેશથી લગભગ ૬૦૦૦ માઈલ જેટલા અંતરે રહીને એક સભા રાજ્યવહીવટ ચલાવે, તે રાજ્યવહીવટ કેટલો સંતોષકારક ચાલી શકે ? તેનો પણ વિચાર કરવાનો છે અહિંયાના સત્તાવાળાઓને જે ગેરવાજબી અને આવશ્યક ભાસે તે ત્યાના સત્તાવાળાઓને ઉલટુ ભાસે અને ત્યાના સત્તાવાળાઓને જે આવશ્યક લાગે તે અહિના નુકશાનકારક પણ લેખાય આ પ્રમાણે હિન્દી રાજ્યવહીવટનુ રગશીયુ ગાડુ જૂની ઘરેડમા ચાલ્યા કરે છે તેના ગેરલાભોનુ આપણને અનુભવજ્ઞાન છે અને દિનપ્રતિદિન એ જ્ઞાનમા પ્રત્યક્ષ અનુભવનો ઉમેરો થતો જાય છે એટલે તે વિષે લાંબી ચર્ચા કરવાની જરૂર નથી ત્યારે ખરેખરા રાજ્યકર્તાઓ હિન્દી પ્રધાન અને ઇંડીઆ ઓફીસ ગણાય અહિંયા વાયસરોય અને ગવર્નર–જનરલ જે કહે અથવા કરે તેના હુકમો ફેરવવાની સત્તા પણ હિન્દી પ્રધાન અને ઇંડીઆ ઓફીસને છે, અને વ્યાવહારિક રીતે લગભગ સઘળી બાબતો વિષે એ રાજ્યકર્તા મંડળી પાસેથી ગવર્નર-જનરલ હુકમો મેળવી કામ કરે છે હિન્દી સરકારની ઉપર હિન્દી પ્રધાનનો હુકમ ચાલે અને હિન્દી સરકાર પોતે પ્રાંતિક સરકારોપર એવુ ઉપરીપણુ ભોગવે અને લગભગ પ્રત્યેક મહત્વની બાબતમા પહેલેથી પરવાનગી મગાવે અથવા તે મંજુર કરાવરાવે વસ્તુત પ્રાંતિક સરકારો હિન્દી સરકારને પૂછ્યા વિના, અને હિન્દી સરકાર હિન્દી પ્રધાનને પૂછ્યા વિના પાણી પણ પી ન શકે, એવી સ્થિતિ કાયદાથી, અને રૂઢીથી અસ્તિત્વમા આવેલી છે આવા સખ્ત અંકુશો ઢીલા કરવા અને જોખમદારીની ભાવના વિકસાવવી એ આશય નવીન યોજનાનો છે પરતુ તેની જ સાથે પાર્લામેન્ટની જોખમદારી સિદ્ધાંતમા છે તે ઓછી ન થવી જોઇએ, પાર્લામેન્ટની સત્તામા કાપકૂપ ન થવી જોઇએ, એમ કહેવામા આવે છે આપણે તે સ્વીકારીએ છીએ તેમ થતા જ હિન્દી સરકાર કહે છે કે, સિદ્ધાંતમાં અમે પાર્લામેન્ટને જોખમદાર છીએ, તેથી અમે ગમે તેટલી સત્તા મહેરબાનીની રૂએ પ્રાંતિક સરકારોને આપીએ તો પણ અમારી જોખમદારી અખંડિત રહેવી જોઈએ અમારી સત્તા સંપૂર્ણ રહેવી જોઇએ ઇત્યાદિ આવા પ્રકારના વાંધા એ નકામી મુશ્કેલીઓ ઉભી કરીને કઠિન કાર્યની કઠિનતામા વધારો કરવા જેવા છે સ્વતંત્રતા આપવાની વાત થઈ એટલે તેની સાથે જ સત્તા તેમ જ જોખમદારી આપવા પડે છે, અને તે જેટલા અપાય તેટલા મૂળ સત્તા અને મૂળ જોખમદારીમાથી ઓછા થવા જોઇએ અલબત્ત, પાર્લામેન્ટની મુખ્ય સત્તા અને મુખ્ય જોખમદારીની સામે અમારે કાંઈ કહેવાનુ છે જ નહિ કેમ કે બ્રિટિશ હિન્દુસ્થાનને " સામ્રાજ્યાંતર્ગત સ્વરાજ્ય " આપવાનુ છે, તેનો અર્થ એ થાય છે કે, પાર્લામેન્ટનુ સર્વોપરીપણું સ્વીકારવામા આવે પરતુ તેથી હિન્દી સરકારે પોતાની જોખમદારી માટે કે પ્રાંતિક સરકારોએ પોતાની જોખમદારી માટે નકામા પોકારો કરવાની જરૂર નથી તેમની સત્તાનો એટલો બધો નાશ થતો નથી વ્યાવહારિક રીતે તેમની સત્તાની માત્ર વહેચણી જ

થાય છે, અને છેવટે પ્રાંતિક સરકાર કે અન્ય કોઈ પણ સરકાર પાર્લામેન્ટને જોખમદાર તો રહેશે જ આથી અમે હિન્દી સરકારની સર્વ સત્તા અને જોખમદારી લઇ લેવાનુ કહેતા નથી અમારૂ કથન માત્ર એટલુ જ છે કે, એ જ પાર્લામેન્ટના આદેશથી હિન્દુસ્થાનને જોખમદાર રાજ્ય આપવાને માટેના સંચાલનમા જે પ્રકારે એ આશય પરિપૂર્ણ કરવાનો ઇરાદો રાખવામા આવ્યો હોય, તે પ્રકારના ઇરાદાની સામે આવા વાંધાઓ લઈને અપરોક્ષ કે પરોક્ષ રીતે તેની સામે વિરોધ કરવો એ કાર્ય હિન્દી સરકાર કે અન્ય કોઈ પણ સરકારનુ છે નહિ તેઓએ એટલી વાત સ્પષ્ટપણે સમજી લેવી જોઈએ

વસ્તુસ્થિતિ આમ હોવાથી નવીન યોજનામા પ્રાંતિક સરકારો અને હિન્દી સરકાર વચ્ચેના સમ્બન્ધ કેવા બંધાશે, એનો વિચાર આપણે કરવો જોઇએ વિષયવિભાગની કમિટીને આ પ્રશ્નનો નિર્ણય કરવાનુ નીચે પ્રમાણે સોંપવામા આવ્યુ હતુ —

"હિન્દી સરકારની જોખમદારીઓના યોગ્ય પરિપાલનને અનુકૂળ રહે એવી રીતે કાયદા બાંધવા વિષે, વહીવટી, અને નાણા વિષયક સ્વાતંત્ર્ય હિન્દી સરકારથી પોતાને અધિકમા અધિક આપવામા આવે એ દૃષ્ટિએ કમિટીએ આ સમ્બન્ધમા ભલામણ કરવી —

(૧) પ્રાંતિક સરકારોએ બજાવવાના કાર્યો.

(૨) પોતાની જોખમદારીઓનુ પરિપાલન પ્રાપ્ત કરી શકાય એ પ્રકારે પ્રાંતિક વિષયોના સમ્બન્ધમા હિન્દી સરકારે અંકુશના અધિકારો ક્યા ક્યા રાખવા જોઇએ અને તે અધિકારોનો ક્યા કારણોથી અને કઈ રીતે અમલ થવો જોઇએ

ઉપરાંત કમિટી આ સમ્બન્ધમા વિશેષ ભલામણો કરે— '

(૧) પ્રાંતિક સરકારોએ વહીવટ કરવાના વિષયોમાથી ક્યા ક્યા વિષયો દરેક પ્રાંતમા મંત્રીઓને આપવા

(૨) સોંપાયેલા—પરાયત્ત વિષયોના સમ્બન્ધમા ગવર્નર–ઇન–કાઉન્સીલને ક્યા અધિકારો વાપરવા, અને ક્યા કારણોએ તથા કયા પ્રકારે એ અધિકારોનો ઉપયોગ કરવો જોઇએ '

ઉપર સમજાવવામા આવ્યુ છે તેમ નવીન યોજનામા દ્વિ–ખન્ડી રાજ્યપદ્ધતિ આંકાઈ છે, તે વિષે જ ઉપલા પ્રશ્નોત્તર વિચાર કરવાનુ કમિટીને સોંપાયુ હતુ પ્રાંતિક સરકારના બે ખન્ડ પાડી એક ખન્ડ ગવર્નર–ઇન્ કાઉન્સીલના હાથમા રહે અને દ્વિતીય ગવર્નર અને ધારાસભાને જોખમદાર મન્ત્રીઓના હાથમા રહે એવી વ્યવસ્થા રચવાનો ઇરાદો રખાયો છે એ બે ખન્ડો વિષે વિગતવાર વિચાર કર્યા પછી હિન્દી સરકાર અને પ્રાંતિક સરકારો વચ્ચેના સમન્ધોનો વિચાર કરવો આવશ્યક છે કમિટીને જે કાર્ય સોંપવામા આવ્યુ હતુ તેમાં સ્પષ્ટ દર્શાવવામા આવ્યુ છે કે, હિન્દી સરકારથી પ્રાંતિક સરકારોને જેમ બને તેમ અધિક સ્વતન્ત્રતા આપવી, અને તે કારણે વહીવટી તેમ જ નાણાવિષયક સ્વતન્ત્રતા આપવી અલબત્ત, હિન્દી સરકારની જોખમદારીઓના પરિપાલનના માર્ગમા તેથી અન્તરાયો નડવા ન જોઈએ, એવી શરત રાખવામા આવી તેનો અર્થ પ્રાંતિક સરકારોને હજી કેટલાંક

અંકુશમા રાખવાનો છે ખરો પરન્તુ તેનો અર્થ એવો થતો નથી કે, હિન્દી સરકારે પોતાનો અંકુશ જેમ બને તેમ ઓછો ઢીલો કરવો, અથવા એ પ્રાંતોને અધિકમા અધિક સ્વતન્ત્રતા આપવાના માર્ગમા આડખીલી બનવુ કમિટીએ પોતાને મળેના આદેશ પ્રમાણે, પોતાના જ્ઞાન અનુસાર કેટલીક ભલામણો કરી તેણે પ્રથમ સમગ્ર હિન્દુસ્થાનના હિતને લગતા વિષયોની જરૂરી તપસીલ કરી તે વિષયો હિન્દી સરકારને સોંપ્યા, કેટલાક વિષયો પ્રાંતિક હોવા છતા તેમાં હિન્દી સરકારને લાગતુ વળગતુ હોય તેમને હિન્દી સરકારના કાયદાને આધીન રાખવા એવી ભલામણ કરી જે વિષયો સમગ્ર-હિન્દના ન લાગ્યા, તેમને પ્રાંતિક ગણીને તેમના બે વિભાગ પાડ્યા (૧) સ્વાયત્ત (*reserved*) અને (૨) પરાયત્ત (*transferred*) આ પ્રાંતિક વિષયોમા અને પ્રાંતિક રાજ્યવહીવટમા હિન્દી સરકાર કેટલો અધિકાર અને કેટલો અંકુશ રાખી શકે, એનો વિચાર કરવાનો છે પરાયત્ત વિષયોમા હિન્દી સરકાર નીચે પ્રમાણે પોતાની સત્તાનો ઉપભોગ કરવા ઇચ્છે છે

(૧) હિન્દી સરકારના વિષયોનો વહીવટ સુરક્ષિત બનાવવા

(૨) હિન્દના અથવા એકથી અધિક પ્રાંતોના હિતમા કાયદાનુ એકરૂપપણુ ઇષ્ટ લાગે ત્યારે એવી એકરૂપતાની પ્રાપ્તિને માટે

(૩) જાહેર નોકરીઓનુ અમુક હદ સુધી સંરક્ષણ કરવા—આ હદ હવે પછીથી વિશેષ નિશ્ચિત કરવામા આવશે

(૪) એક કરતા વધારે પ્રાંતોપર અસર કરનારા પ્રશ્નોનો નિર્ણય કરવા

હિન્દી સરકાર આવી સત્તા પોતાને માટે પ્રાંતિક સરકારોના સબંધમા માગે છે આ ચાર મુદ્દાઓનો વિચાર કરતા આપણને લાગે છે કે, વ્યાવહારિક રીતે હિન્દી સરકાર બને તેટલી સર્વ સત્તા અદ્યાપિ પોતાના કબજામા રાખવા માગે છે—સત્તાનો ત્યાગ કરવો એને ગમે ? હિન્દી સરકારના પોતાની વહીવટના જે વિષયો હોય, જેમને સમગ્ર-હિન્દના વિષયો તરીકે ઓળખાવવામા આવ્યા છે, તે વિષે હિન્દી સરકારને પ્રાંતિક સરકારોના કાર્યમા માથુ મારવાનો અધિકાર હોવો જોઇએ આપણે તે સબંધમા તકરાર કરતા નથી પરન્તુ એ વિષે એટલુ વક્તવ્ય છે કે, ક્યા વિષયને પ્રાંતિક ગણવો અને ક્યાને સમગ્ર-હિન્દનો ગણવો, એનો નિર્ણય પુખ્ત વિચાર પછીથી થવો જોઇએ સરકારના અભિપ્રાય પ્રમાણે વિષયોની વહેંચણીની ટીપ બનાવવામા આવી છે, તેમા દર્શાવેલા સમગ્ર-હિન્દના વિષયોની વિગતવાર ચર્ચામા ઉતરવુ પ્રસ્તુત સ્થળે યોગ્ય નથી, અને એવી ઊંડી વિગતોમા ઉતરવાની હાલ આવશ્યકતા પણ નથી હિન્દી સરકારે બીજા મુદ્દાપર અંકુશ માગ્યો છે, તે અત્યન્ત વાંધાભર્યો છે—આ મુદ્દો કુંભારના ચાકડાના પૈડા જેવો છે, તેનો ઘડો પણ ઉતારી શકાય, અને ગાગર પણ ઉતારી શકાય એ મુદ્દાનો સમય સમયપરત્વે ગમે તેવો અર્થ કરી શકાય, અને હિન્દી સરકાર એ રીતે અનેક વિષયોપરત્વે પ્રાંતિક રાજ્યવહીવટમા માથુ મારી શકે આખા પ્રાંતો વચ્ચે એકસરખા કાયદા રાખવાની આવશ્યકતાના આધારપર હિન્દી સરકારને દરમ્યાનગીરી કરવાની સત્તા આપવી ઇષ્ટ છે ? અને વ્યાવહારિક રીતે એકસરખા કાયદા લાભદાયક છે ? સર્વ પ્રાંતોમાં

કેટલાક કાયદા એકમ આ સત્તાની રૂએ રાખવાની આવશ્યકતા અમને સમજાતી નથી ધારો, કે એક કાયદો અમુક પ્રાંતે પસાર કર્યો છે તો તે કાયદો એવો સરસ અને સર્વ સ્થળે લાગુ પડે એવો હોય કે તે પસાર કરવો ઇષ્ટ ગણાય અને તેથી લાભ થાય એમ હોય તો પ્રત્યેક પ્રાંતની ધારાસભા પોતાના હિતની ખાતર તેને સ્વીકારી લે, અને તેવો કાયદો પોતાના પ્રાંતો માટે યોગ્ય નથી તે કાયદો સર્વ પ્રાંતોને માટે એક વા અન્ય કારણે સ્થાનિક પરિસ્થિતિથી પ્રતિકૂળ લાગતા હોય કિંવા તેવો કાયદો ઘડવાની પ્રાંતિક રાજ્યતંત્રને જરૂરત લાગતી હોય ત્યાં જો હિન્દી સરકારને ઇષ્ટ લાગે કે એવો કાયદો સર્વ પ્રાંતોમાં થવાની જરૂર છે, તો તેવો કાયદો પસાર કરાવવાને માટે હિન્દી સરકારને સત્તા આપવી, અથવા એવો અન્ય કોઈ અધિકાર એ સંબંધમાં હિન્દી સરકારને આપવામાં આવે એ પ્રાંતોને "કાયદા બાંધવા વિષે, નાણાંકીય અને રાજ્યવહીવટ સંબંધમાં અધિક સ્વતંત્રતા" આપવાના આશયથી વિરુદ્ધ છે, અને તેથી એવી સત્તા હિન્દી સરકારના હાથમાં આપવી ન જોઈએ. જો એવી સત્તા હિન્દી સરકારને આપવામાં આવે તો તેથી પ્રાંતિક સ્વરાજ્યના વિકાસમાં તેને જેટલા અંતરાયો નાખવા હશે, તેટલા તે નાખી શકશે અને હિન્દી સરકારના ભાવને તથા અન્ય પ્રાંતોના કામને હરકત કરે નહિ એવો કાયદો અમુક પ્રાંતને માટે સારો છે, અને અમુક પ્રાંતો માટે નહિ એવો નિર્ણય કરવાની વિશાળ સત્તાની માગણી કરવામાં હિન્દી સરકાર પોતાને સર્વજ્ઞ અથવા સર્વથી અધિક ડહાપણવાળી માને છે? ભૂતકાળમાં હિન્દી સરકારે અતિ-વિશાળ અને અતિ-વ્યાપક સત્તાઓનો ઉપભોગ કર્યો છે, અને તેથી હિન્દુસ્થાનને ઘણું જ નુકસાન પહોંચ્યું છે એવું નુકસાન ફરીથી ખમવાને હવે હિન્દમાં શક્તિ કે ધીરજ રહી નથી જાહેર નોકરીઓના સંરક્ષણના મુદ્દાપર હિન્દી સરકારે જે સત્તા માગી છે, તે વિષે હજી ભવિષ્યમાં કેટલોક વિચાર થવાનો હોવાથી, તે સંબંધમાં વિશેષ ઊંડા ઉતરાય નહિ તો પણ હિન્દી સરકારને એવી સત્તા આપતા પહેલા તે વિષે પુષ્કળ વિચાર અને ઉહાપોહ થવાની જરૂર છે પ્રથમ એ ધ્યાનમાં રખાવું જોઈએ કે, હિન્દી સરકારને આપવામાં આવેલી સત્તા પ્રાંતિક સ્વરાજ્ય અને પ્રાંતિક સ્વતંત્રતામાં કાપકૂપ કરી શકે એવી ન હોવી જોઈએ હિન્દી સરકાર જાહેરનોકરીઓને માટે આટલી બધી ચિંતા બતાવીને જે સત્તા માગે છે, તે જ આપણા હૃદયમાં સંશય ઉત્પન્ન કરે છે વળી હિન્દી સરકારે ધ્યાનમાં રાખવું જોઈએ કે, જાહેર નોકરીઓને કોઈ હાઉ ખાઈ જવાનો નથી. અમારા અધીન મત અનુસાર જે જાહેર નોકરીઓ "શાહી" ગણવામાં આવતી હોય, એટલે કે જે જાહેર નોકરીઓ હિન્દી સરકારના સીધા વહીવટ હેઠળ હોય તે જ જાહેર નોકરીઓનું સંરક્ષણ કરવાની હિન્દી સરકારને સત્તા મળવી જોઈએ તે ઉપરાંત નહિ એક પ્રાંતથી અધિક પ્રાંતોપર જે પ્રશ્નોની અસર થાય તેવા પ્રશ્નોવિષે હિન્દી સરકાર દરમ્યાનગીરી કરવાની સત્તા માગે છે આ સત્તાપણ અતિ-વ્યાપક છે કોઈ પ્રશ્ન વિષે વિવાદ પ્રાંતપ્રાંત વચ્ચે ઉપસ્થિત થાય ત્યારે હિન્દી સરકારને દરમ્યાનગીરી કરવાની સત્તા આપતા પહેલા તે પ્રાંતો પરસ્પર સમાધાની કરી લે છે કે કેમ? એ જોવું જોઈએ, જો તેઓ પરસ્પર મળી સમજતા હોય તો હિન્દી સરકારે નકામું માથું

શા માટે મારવું જોઈએ? આ સર્વ કારણોનો વિચાર કરી કમિટી એવા નિર્ણયપર આવે છે કે, સમગ્ર–હિન્દના વિષયોના સંરક્ષણને માટે તેમ જ જે પ્રાંતો પરસ્પર મળી સમજે નહિ તે પ્રાંતો વચ્ચેના પ્રશ્નોનો નિર્ણય કરવાને માટે હિન્દી સરકારને પ્રાન્તિક સરકારના મર્મમાં હસ્તક્ષેપ કરવાની સત્તા આપવી, અને હિન્દી સરકારની માગણીઓ કરતાં આ સ્થિતિ આપણી દૃષ્ટિએ વિશેષ સંતોષજનક લાગે છે.

આ ઉપરાંત હિન્દી સરકારે પોતાને માટે અન્ય પ્રકારે વિશાળ સત્તા માગી છે, અને વિષય વિભાગિની કમિટીએ તે આપવાની હા પાડી છે. આ સત્તા એ છે કે, "ગવર્નર–જનરલ–ઇન્–કાઉન્સીલ તરફથી જે હુકમ આપવામાં આવે, તે ભલે તે ખાતાને–સ્વાયત્ત વા પરાયત્તને આપવામાં આવે તો પણ તેનું પાલન તે ખાતા તરફથી કરવામાં આવે એની કાળજી રાખવાની" ફરજ ગવર્નરને માથે નાખવી. આવી સત્તા આપવી ઈષ્ટ છે? એની તરફેણમાં દલીલ રજુ કરવામાં આવે છે કે હિન્દી સરકાર દેશના સારા રાજ્યવહીવટને માટે જોખમદાર હોવાથી કેટલાક કાયદાઓ અનુસાર સામાન્ય દેખરેખ અને વ્યવસ્થાને માટે પ્રાંતિક સરકારો ઉપર કેટલીક સત્તાઓ ગવર્નર–જનરલ–ઇન્–કાઉન્સીલને આપવામાં આવી છે. નવીન યોજનામાં ગવર્નર–જનરલ–ઇન્–કાઉન્સીલની તે સત્તાઓ લઈ લેવામાં આવશે? અમે નથી ધારતા. ત્યારે પ્રથમથી જ વિશાળ સત્તા મળેલી હોવા છતાં, અધિક સત્તા સ્પષ્ટ રીતે શા માટે આપવી? અને એ સત્તાના દુરૂપયોગનો બહુ કડુ અનુભવ હોવાથી જ ગવર્નર જનરલ ઇન્ કાઉન્સીલના બ્યુરોક્રેટીને વિષે સંશય રહ્યા કરે છે. એક વખત સુરાજ્ય અને વ્યવસ્થિત વહીવટના હિતને માટે અમુક સત્તાની જરૂર છે, એમ કહ્યા પછી તે સત્તાનો તેમણે દુરૂપયોગ કર્યો. જાણવામાં છે કે મોર્લી મીંટોના ધારાસભાઓ વિષેના નવા સુધારાઓને એ જ બ્યુરોક્રેટીક કુશળતાએ લગભગ ફળહીન બનાવી દીધા હતા. આ વખતે એનાઓનો હસ્તસ્પર્શ પણ ન થવો જોઈએ, તદ્દન આવશ્યક ન હોય એથી અધિક સત્તા તેમને આપતાં બ્હીવું જોઈએ.

વિષયોની વહેંચણી–સમગ્ર હિન્દના અને પ્રાંતિક.

હવે આપણે નવીન યોજના અનુસાર વિષયોની વહેંચણી કેવી રીતે કરવામાં આવનાર છે તે જોઈશું. ઉપર કહેવામાં આવ્યું છે કે, વિષયોના મુખ્યત્વે બે ખંડ પાડવામાં આવ્યા છે (૧) સમગ્ર હિન્દના, (૨) પ્રાંતિક. પ્રાંતિક વિષયોના બે ખંડ પાડવામાં આવ્યા છે (અ) સ્વાયત્ત, (આ) પરાયત્ત. હિન્દી સરકારે એ સંબંધમાં પોતાની ખાસ યાદી પ્રકટ કરી છે. આ યાદી સંપૂર્ણ ન આપતાં તેમાંથી મહત્વના વિષયો આપ્યા છે —

સમગ્ર હિન્દના વિષયો	પ્રાંતિક વિષયો	
	સ્વાયત્ત	પરાયત્ત
*નૌસૈન્ય, ખુશ્કીસૈન્ય, અને વિમાની સૈન્ય ઈ૦	કેળવણી	સ્થાનિક સ્વરાજ્ય
દારૂગોળા, મન્મોગ્નાપ ઈ૦	જમીનના મ્હેસુલનો વહીવટ	હોસ્પીટલો ઈ૦
પરદેશો અને દેશી રાજ્યો સાથેના સંબંધો	દુષ્કાળમાં મદદ આપવી—	જાહેર આરોગ્ય ઈ૦
વ્યવહારના સાધનો	ન્યાયનો વહીવટ ઈ૦	પ્રાથમિક અને માધ્યમિક દેશી ભાષાની કેળવણી
વહાણો મોટા બંદરો	પ્રાંતિક લૉ રીપોર્ટ	ખેતીવાડી
પોસ્ટ, ટેલીગ્રાફ ટેલીફોન અને વાયરલેસ	ખનિજ પદાર્થોના વિકાસ	સીવીલ વેટરીનરી ખાતું
ચાલી મ્હેસુલના સાધનો—	ઔદ્યોગિક સંશોધન અને ઔદ્યોગિક વિકાસ	સહકારી મંડળીઓ
કસ્ટમ્સ, રૂ આબકારી વેરો આવક વેરો, મીઠું સ્ટેમ્પ ઈ૦	બંદરો	જંગલો (માત્ર મુંબાઈમાં જ)
કરન્સી અને સીક્કા	પોલીસ	આબકારી વેરો
હિન્દનું જાહેર કરજ	પ્રમીશ જુગાર વિગેરેનો અટકાવ ઈ૦	ખતપત્રોનું રજીસ્ટ્રેશન
કંટ્રોલર અને ઓડીટર જનરલનું ખાતું.	વર્તમાન પત્રો, ચોપડીઓ અને છાપખાનાપર અંકુશ	ધર્માદા ખાતા
સીવીલ લૉ,	ગુન્હા કરનારી ટોળીઓ	ખોરાકની ચીજો અને બીજી ચીજોનું મિશ્રણ
વ્યાપાર—બેંકીંગ અને વીમો	ઢોર પુરવાના વાડા	તોલ માપ
દુષ્કાળના વખતોમાં અનાજ, ઘાસચારો વિગેરે પ્રાંતોમાં પૂરા પાડવા	સરકારી છાપખાનું	પ્રદર્શનો ઈ૦
અફીણની બનાવટ અને વેચાણ પર અંકુશ	મતાધિકાર અને પ્રાંતિક અને હિન્દી ધારાસભાઓની ચુંટણીઓ	
*ઔદ્યોગિક સંશોધન અને ઔદ્યોગિક વિકાસ	જાહેર નોકરીઓપર અંકુશ	
*ખનિજ પદાર્થોના વિકાસપર અંકુશ	નાણાં ઉછીનાં લેવા	
ફોજદારી કાયદો		
મુખ્ય પોલીસ બંધારણ અને રેલ્વે પોલીસ		
હથીયારોના કબજા અને		

* આ વિષયો અમારા મતપ્રમાણે પ્રાંતોને સોંપવા જોઈએ

સમગ્ર હિન્દના વિષયો	પ્રાંતિક વિષયો	
	સ્વાયત્ત	પરાયત્ત
ઉપયોગ ઉપર અંકુશ ઔષધીય સંશોધન હિન્દી સરકારના દફતરો અને શાહી પુસ્તકાલય હિન્દી સરકારનાં મકાનો *ધાર્મિક(*Ecclesiastical*) વકીલાત (પાદરીઓ વિગેરે રાખવાને) હિન્દની મેટ્રૂ વસ્તીપત્રક અને આંકડા સમગ્ર હિન્દની નોકરીઓ સરકારીનોકરોની ચાલચલન કેળ?? નિયમો		

ઉપર પ્રમાણે વિષયોનું વર્ગીકરણ થયેલું છે આ યાદી સંપૂર્ણ નથી પરંતુ હિન્દી સરકાર કેવી રીતે વિષયોની વહેંચણી કરવા માગે છે તે એની પરથી માલૂમ પડે છે સ્વાયત્ત અને પરાયત્ત વિષયોના સબન્ધમા ઉપસ્થિત થતા પ્રશ્નોની ચર્ચા હવે આગામી અંકમા કરીશું

—અપૂર્ણ

---

*આ વિષયો અમારા અધીન મત પ્રમાણે પ્રાંતોને સોંપવા જોઇએ

સ્વરાજ્યના પન્થે હિન્દી સુધારાનો કાયદો.

લેખક —રા રમણીયરામ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી.

'સ્વરાજ્યના પન્થે'ના અમ્હારા છેલ્લા લેખમા સૂચવ્યા પ્રમાણે હિન્દના રાજકીય સુધારાનો ખરડો બ્રિટીશ પાર્લમેન્ટમા મિ મોન્ટેગુએ ગયા જુન માસના આરંભકાલમા રજુ કર્યો છે તેના બન્ને વખતના વાચનો બ્રિટીશ પ્રજાના આ પ્રતિનિધિઓની સસ્થામા વચાઇ ગયાં છે છતા પણ એ ખરડાની સાચી સત્તાવાર નકલ હિન્દની તેત્રીસ કરોડની વસ્તી સમક્ષ મૂકવામા આવી નથી એ ખરડો હિન્દની પ્રજાના કલ્યાણ માટે, તેમના રાષ્ટ્રોદ્ધાર માટે ને હિન્દની પ્રજાને તેના દેશના રાજ્યકારોબારમા વધારે સત્તા અને વધારે સ્વાતત્ર્ય આપવા માટે તૈયાર કરવામા આવ્યો છે એ ખરડો તયાર કરવા પાછળ હિન્દમાટેના મુખ્ય મત્રી આદિ બ્રિટીશ અધિકારીઓએ ધન અને કાળનો પુષ્કળ વ્યય કર્યો છે પણ જે પ્રજાના હિતાર્થે કહેવાય છે તેમ એ તૈયાર કરવામા આવ્યો છે તે જ પ્રજા તે ખરડાની પુરેપુરી સત્તાવાર વિગતો હજી જાણતી નથી હિન્દની સરકારે ખરડાની વિગત પ્રસિદ્ધ કરી છે, તે અધુરી હોઈ સપૂર્ણ નથી જ્યા સુધી પુરી વિગતો પ્રજા પાસે રજુ થઇ શકે નહિ ત્યા સુધી પ્રજા એ ખરડાના વ્યાજબીપણા માટે શુ કહી શકે ? પરન્તુ એ ખરડો હિન્દની પ્રજા માટે તો જીવન અને મૃત્યુના પ્રશ્ન જેવો અતિ ગભીર છે એટલે અધુરી વિગતોપર પણ પોતાના સત્ય અભિપ્રાય, પોતાના હૃદયને જે ખરૂ અને વ્યાજબી લાગે તે કહેવાનુ એ પ્રજાનુ કર્તવ્ય છે એથી કદાચને કોઇને પણ અન્યાય થાય—જે થવા પણ સભવ છે અને તેમ થાય તો તે માટે અમ્હે અતિ દિલગીર થઇશુ—પરન્તુ તે માટે સરકારોજ શિર જોખમદારી રહે છે **રજુ થયેલો ખરડો વાસ્તવિક રીતે તો કહેવુ જોઇએ કે બ્રિટીશ પાર્લમેન્ટ પાસે પણ રજુ કરતા પહેલા હિન્દની પ્રજાની સમક્ષ ચર્ચા અને વિવાદમાટે રજુ કરવાની જરૂર હતી.** જે પ્રજાના લાભમાટે એ ખરડો તૈયાર કર્યો છે તે પ્રજાને એની વિગતો જાણવાની—જણાવવાની સૌથી પહેલી અગત્ય છે અસ્તુ હિન્દની પ્રજાને આવી રીતેભૂલી જવાનો આ પ્રસગ કાંઈ પહેલો જ નથી એટલે અધિકારીઓની રાજસત્તાની આ ચાલતી આવેલી પદ્ધતિથી અમ્હને આશ્ચર્ય લાગતુ નથી, પરન્તુ કેવળ એટલો જ ખેદ થાય છે કે હિન્દની પ્રજાને એણે આપેલા ભોગ અને કરેલા ત્યાગના મહા મ્હોટા પ્રમાણ બ્રિટીશ પ્રજાની પાસે મોજુદ હોવા છતા પણ પાચપાચ વર્ષથી એ મહાન્ સેનાઓની પોતાને જ મ્હોંએ પ્રશસ્તિના પ્રચડ નાદે ગાયા પછી પણ હિન્દના સબન્ધમા જુની પુરાતન સશય, વ્હેમ અને ત્રાસ અને નીતિથી ભરેલી જ રાજ્યનીતિ અખત્યાર કરવામા આવે છે મોન્ટેગુ—ચેમ્સફર્ડ રીપોર્ટ, એ રીપોર્ટના આધારે નિમાયલી ખર્ચાળ કમિટીઓ, અને એ કમિટીઓના રીપોર્ટો ઉપર હિન્દી સરકારના મહા મ્હોટા ખરીતાઓ, અને છેવટે એ સૌ ઉપરથી જ છેવટે તો ચાલે એમ તૈયાર કરવામા આવેલો આ સુધારાનો ખરડો હિન્દની પ્રજાને અને ત્હેમના આશાભર્યાં હૃદયોને કેવલ આઘાત જ દેનારો અતિ અસતોષકારક અને દુ ખ આપે

એવો જ છે હિન્દની તેત્રીસ કરોડની પ્રજાએ બ્રિટીશ સત્તાધિકારીઓ પાસે આજ વર્ષોના સબન્ધ પછી, એમની મહામૂલ્યવાન સેવાઓ પછી, અને આજ આટલી પ્રશસ્તિઓ સાંભળ્યા પછી કાંઈ જુદી જ આશા અને કાંઈ જુદા જ પરિણામની કલ્પના કરી હતી દુર્ભાગ્યે એ આશા આજ તુટી છે એ હિન્દનું હૃદય એના ઉંડાણમાંથી કહે છે

હિન્દની પરમ મોંઘી સેવાઓનાં ફલ અને પરિણામ અતિ ભાગ્ય આપશે એવી સુન્દર આશાઓ હિન્દના કેટલાક મહાજનોએ પણ દર્શાવી હતી। તેમના અનુભવે અને તીવ્ર દષ્ટિવાળા વિશારદ મગજોએ પ્રજા સમક્ષ આ વાત જોરથી રજુ કરી હતી પણ પ્રજા એ માનતી ન હતી બીજા પક્ષે આ સેવાઓ પછી પણ તેના ફલ અને પરિણામ જોઈએ તેટલાં સુન્દર અને સ્વાદિષ્ટ મળવાનાં નથી એવું કલ્પી લીધું હતું આ વાત આ પક્ષ દેશમાં દુંદુભિ નાદથી ગર્જાવી હતી, પ્રજામાં કોઈ નવું ચેતન એથી આવ્યું પ્રજા જાગૃત થઈ પ્રજા સચેત બની પ્રજાએ એ વાત ખરી માની આમ બે પક્ષ સાથે ત્રીજો સ્વાર્થી પક્ષ ઍંગ્લોઈન્ડિયનનો આ બે પક્ષના વિરોધથી આનન્દ કલ્લરવમાં નાચવા કુદવા લાગ્યો લડાઈ પુરી થતાં નામ૰ સરકારે પોતાની સત્તા અજમાવવા માંડી પરિણામે અશાન્તિ પ્રવર્તી હત્યાકાંડ હિન્દીજનોના લ્હોહીની રેલ ચાલી કૉર્ટ માર્શલ મારફતે બાબુ કાલિનાથ રૉય જેવા શાન્ત દેશસેવકો અને રાજ્યસેવકો અન્યાયના ભોગ થઈ પડ્યા હિન્દની રાજ્યવ્યવસ્થા સુધારવા માટે ખરડો રજુ થયો—પ્રસિદ્ધ થયો આ ઇતિહાસે હિન્દ આજ નિરાશ અને કેવળ ગમગીન બન્યું છે હિન્દમાં અશાન્તિના બીજ ઉંડા ગયા છે મિ મૉન્ટેગુએ પાર્લમેન્ટમાં આ ખરડો રજુ કરતી વખતે એમની મિઠી જીભથી ઘણાં સુન્દર વાક્યબાણો છોડ્યાં છે મિ હોર્નિમેન જેવાને માટે અધુરી અને એકપક્ષીય વાતો ઉપર આધાર રાખી અન્યાય કરનાર હિન્દની બ્યુરોક્રસીના વર્તનને અભિનન્દન અપાયાં છે—એ વર્તનમાં ન્યાય જોવાયો છે। પ્રજાએ હવે પોતાનો ઇતિહાસ પોતે ઘડવાનો છે, અને પોતાના જ દેશને જીવન અને મૃત્યુમાં કયાં સ્થાન આપવું છે તેનો ગંભીરતાથી વિચાર કરી પ્રવૃત્ત થવાનું છે જે પક્ષે હિન્દની રાષ્ટ્રીયસમિતિથી જુદા પડી રીસાવાનું પસંદ કર્યું છે તે પક્ષે હવે વધારે રીસ કરવાની જરૂર રહી નથી એ વાત તો જોઈ હશે બીજા પક્ષે હવે પ્રથમ પક્ષ તરફ ક્રોધ અને આક્ષેપોની પરંપરા રજુ કરવામાં ડહાપણ નથી એ જોયું હશે હિન્દના આ બે પક્ષે સમજવાની જરૂર છે કે હિન્દને માટે એક હિન્દીજનને જેટલું લાગશે તેટલું અન્યને કોઈ કાળે પણ લાગી શકે એમ નથી અંધશ્રદ્ધા અને અધુરા અનુભવથી નિન્દનીય મોહિનીઓના પાશમાં સપડાવાથી દેશમાં શો લાભ અને શો નુકસાન થાય છે તેનો વિચાર વધારે પાકટ બુદ્ધિથી કરવાની જરૂર છે અમ્હે આશા રાખીશું કે દેશનો યુવાનવર્ગ આ વાત વધારે સમજશે

મિ મૉન્ટેગુએ રજુ કરેલો ખરડો ૨૦ મી ઑગસ્ટ ૧૯૧૭ ના સંદેશાને પણ અમ્હારા અધીન મત પ્રમાણે સમન્વિત નથી તદ્દન અસંતોષકારક અને અધુરો છે આથી આપણી પ્રજાને એથી જોઈએ તેવો લાભ નથી ધારાસભાઓમાં ખરૂં છે કે પ્રજાના પ્રતિનિધિઓની સંખ્યા વધશે ફક્ત આવા કેટલાક ન્હાના સુધારાઓ સિવાય આ ખરડો હિન્દની વર્તમાન

રાજ્યવ્યવસ્થા ચાલુ રાખે છે ! ગવર્નરોની વધી પહેલી નિરંકુશ સત્તા ઓછી કરવાને ઠેકાણે વધારવામા આવે છે અને વડી સરકારની હકુમતને તો અડકાતુ પણ નથી !! બીનની સત્તાના વિગતો પુરેપુરી બહાર પડ્યા પહેલા આ અધુરા ખરડાપર વિવેચન અસ્થાને છે, છતા ઉપર કહ્યુ તેમ આપણો ધર્મ છે કે આપણો સાચો અભિપ્રાય આપણે રજુ કરવો જોઇએ મિ મોન્ટેગુનો આ અસંતોષકારક ખરડો પાર્લામેન્ટની જોઇન્ટ કમિટીઓ પાસે રજુ કરવામા આવ્યો છે એ કમિટી તેમા ફેરફાર કરશે, કેટલીક કલમો વધારશે અને એમ તૈયાર થયેલુ બીલ– ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા ઍકટ ૧૯૧૯'–ના રૂપમા પસાર થશે કાગ્રેસની ૧૯૧૮ ની આપણી છેલ્લી બેઠકે નીમેલા આપણા પ્રતિનિધિઓ ઇંગ્લાંડ ગયા છે એમણે મિ મોન્ટેગુ પાસે જોઇન્ટ કમિટીના સભાસદો સમક્ષ પોતાની જુબાનીઓ આપના–પોતાના એટલે હિન્દની તેત્રીસ કરોડની પ્રજાના સાચા હૃદયના ઉદ્ગારો રજુ કરવા ઇચ્છા દર્શાવી છે આ ઉપરાત વિનીત પક્ષના પરન્તુ હિન્દના કલ્યાણોદ્ધારમા એકપગે તત્પર એવા બાબુ સેનરજી વિગેરે મહાજનો પણ ત્યા છે એટલુ આપણુ સદ્ભાગ્ય છે એ મહાજનો પોતાનુ કર્તવ્ય પુરેપુરૂ કરશે અને પ્રભુ પાસે આપણે પ્રાર્થીશુ કે હિન્દને ન્યાય મળો, તેત્રીસ કરોડની માનવ પ્રજાને પોતાના દેશના શાસનમા વધારે સત્તા, વધારે સ્વાતંત્ર્ય મળો અને દેશને જગતની પ્રજાઓમા ઉન્નત સ્થાન આપો

પ્રશ્ન એક બીજો ઉભો એ થાય છે કે જ્યારે ઇંગ્લાંડમા અત્યારે આ પ્રવૃતિઓ થાય છે ત્યારે હિન્દી પ્રજાએ અહિં શુ કરવુ જોઇએ ? પંડિત માલવિય આદિ ઘણા દેશનાયકો અત્યારે હિન્દમા છે ગયે વર્ષે મોન્ટેગુ રીપોર્ટ સમ્બન્ધમા વિચાર કરવામાટે મુબાઇમા કૉંગ્રેસનુ ખાસ અધિવેશન કરવામા આવ્યુ હતુ મિ મોન્ટેગુના આ ખરડા ઉપર વિચાર કરવા ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટીની એક અસાધારણ સભા બોલાવવાની જરૂર હોવાનો અભિપ્રાય કેટલીક દિશાઓથી દર્શાવાયો છે અને એ વ્યાજબી જ છે આ ખરડાપર હિન્દસમસ્તે પોતાનો સત્ય અભિપ્રાય જલદીથી એકમતથી પ્રસિદ્ધ કરવો જોઇએ

હિન્દની વર્તમાન પરિસ્થિતિ હિન્દીજનમાત્રને અત્યત કારમા દુ ખમા જ ડુબાડી દેનારી અને મહા પીડાઓથી ગ્રસ્ત બની છે કારણ કે પ્રજા સમસ્તના ના કોઇ મહા ગુન્હાથે, તેનાપર નિરંકુશ બ્યુરોક્રસી સત્તાનો અમલ ચાલતો હોઇ, દેશ સમસ્તના માન્ય વીરજનોને દેશપાર કરાય છે, ત્હેમની ધનસંપત્તિ રાજ્યના ભંડારમા જમે થાય છે, અને એવી અનેક કારમી શિક્ષાઓ થાય છે કાયદાની અદાલતોમા ન્યાયના તોલન થયા નથી અને આ મહાન્ કારમી શિક્ષાઓ પ્રજા માને છે કે અન્યાયથી જ છવાયલી છે આવી અનેક દુ ખી પરિસ્થિતિઓ જ્યા સામ્રાજ્ય ભોગવે છે ત્યાં હિન્દીજનોને સિટીઝન નાગરિક તરીકે વસવાના હકક મળ્યા છે કે મળવાની શરૂઆત પણ થઇ છે એવુ કોઇ સત્ય રીતે માની શકે ? પરાણે કે સત્તાના પાશથી ઘેરાઇને માનવા મનાવવામા ચાવો નવી આ દૃષ્ટિથી જ અમ્હે આ નવુ 'બીલ' જોઇએ છીએ અને અમ્હને તો અમ્હારૂ હૃદય કહે છે કે આ બીલ શૂન્યકાર છે, હિન્દના સ્વરાજ્યની આશા હજી દૂરદૂર છે, હિન્દીઓ વધુ ચારિત્ર્યવાન્ બની, વધુ દેશભક્ત અને સામ્રાજ્યભક્ત બની, પ્રભુને વધુ સગીનતાથી અને નિકટપણે ઓળખી, સ્વાશ્રયી બનશે, વીર બનશે ત્યારે જ હિન્દને સ્વરાજ્ય મળશે આ બીલ આપણે આગળ ઉપર તપાસીશુ

ફાઉન્ટનપેનની બનાવટ.

લેખ. —ગ મગનલાલ મણિરામ ભટ્ટ.

ક્રમે ક્રમે જગત્ વિકાસે છે મહાન ઉત્કર્ષ પામતા નાગની માફક અહીં તહીં પ્રજા નીકળે છે પરંતુ પરિણામે તેનું પતન વિશેષ ત્વરિત હોય છે હાલ ઈજીપ્ટમા કાર્થેજ ગ્રીસ કે રોમમા અને અંતે યુરોપ અને અમેરિકામા માનવપુત્રો ઉન્નતિના અફાટ શિખરે જઈ પહોંચે છે અન્ય સર્વ ઉત્કર્ષો નષ્ટ થયા છે શું આપણી ઉન્નતિનો અંત પણ એવો જ નિર્માયો હશે? આપણે માત્ર એટલુ જ કહી શકવાને સમર્થ છીએ કે આધુનિક તત્વો એના અંતની વિરુદ્ધ સૂચના કરે છે



અમેરીકામા ફાઉન્ટનપેન બનાવવાના કારખાનામા ચક્રો બનાવવાના વિશાળ ઓરડાનો દેખાવ.

આપણા ઉત્કર્ષ હાલ વિગ્રહની કસોટીમાથી પસાર થાય છે શાન્તિવાદીઓ બહારથી એવો અભિપ્રાય જણાવે છે કે વિગ્રહનુ અયોગ્ય લંબાણ કરવાથી માનવજાતિ ફરીથી જંગલી સ્થિતિમા જઈ પડશે, પરંતુ ઇતિહાસના પ્રમાણો તેમના અભિપ્રાયની વિરુદ્ધ છે સમસ્ત જગત્ પર રોમનોએ આધિપત્ય મેળવ્યા પછી, જ્યારે તેમણે પોતાના આગલા સૈનિકજીવનનો ત્યાગ કરી આળસુ અને નાજુક વ્યવહારોનો સ્વીકાર કર્યો, ત્યારથી જ તેમનુ મહાન સામ્રાજ્ય ક્ષય પામવા માંડ્યુ અત્યંત નાશકારક યુદ્ધો પણ જે જે પ્રજાએ તેમા ભાગ લીધો હોય, તેમનુ કલ્યાણ જ સાધે છે નેપોલિયનના સર્વ વિગ્રહો તેમ જ ઇંગ્લાંડ અને અમેરિકા વચ્ચે જે જે યુદ્ધો થયા હતા તે જ દૃષ્ટાન્ત તરીકે બસ છે હાલના વિગ્રહ કરતા પણ નેપોલિયનના યુદ્ધોથી ફ્રેન્ચ

જગતને વિગ્રહનુ આ થયુ ત રતુ એ વિગ્રહોના પરિણામરૂપે તે પ્રજાઓએ અનેક ઉચ્ચ સિદ્ધિઓ પ્ર ત ગી તેમની આર્થિક સ્થિતિમા આશ્ચર્યજનક સુધારો થયો અને તેમના સાહિત્ય અને ગા િ ય વિકાસ પામ્યા, એટલુ જ નહીં પરંતુ આ મહાયુદ્ધમાથી પ્રજાઓ પુનર્જન્મ લઈ અ ત ર ાતની રચના ફરીથી થાશે અને આપણી સંસ્કૃતિ ઉચ્ચતર થશે એક જ નાહમિ ારની આ અનનો નિર્ણય થશે—આ મહાન સૈન્યોના અંતના યુદ્ધ પછી

વિચાર કરો યુદ્ધના અંત પછી મ્હોટી તોપોને મેખ મારવામા આવશે, રાક્ષસી ભયાનક ય ા ા સન લાગોને ભિન્ન રવામા આવશે, બળવાન નૌકા સમૂહોને પાવગઓથી શણગાર વામા આવ ા અજનની તજેગીમા તાર સમશેરીન વહાણો સપાટીની ઉપર આવશે કિ ના ઓમાથી ગાળણના સાધનો દૂર રી સૈનિકોને ત્યાથી રજા આપવામા આવશે અને ડગેરો યોદ્ધાઓ પોતાના ગૃહ તરફ પાછા વળશે પ્રજાઓમા શાન્તિનુ ગ ત્ય સ્થપાશે અ ે સન મનુ ો જગતની પુનર્રચના રવા સયુક્ત થશે



રણરની ભુગ થીના ખુલા સાગ ગય છે

અને આ ચમત્કાર ક્યાર પૂર્ણ થશે ? વિગ્રહ જગાડનારી પ્રકૃતિઓ જ્યારે શમિત થઈ શાન્ત થશે, ત્યારે યુદ્ધે રવામા આવતી મન ચમ ત્કારીક શોધોની નિષ્ફળતા ત્યારે પુરવાર થશે ત્યારે જ જગતની પુનર્રચનાના કાર્યનો આરમ્ભ થશે જગતના ઇતિહાસમા વર્તમાન સમય અતિશય મહત્વનો છે, આ સમયના રાજનીતિનિશારદ પુરુષોને પણ એક ન્હાની સાધારણ અને બ્હારથી ક્ષુદ્ર જણાતી વસ્તુ આશ્ચર્યકારક થઇ પડે છે મનુષ્યની બુદ્ધિમાથી ઉત્પન્ન થએલી, એ અતિશય સામાન્ય છતા મહા ગગીઆન કરામત, સમશેર કરતા પણ બળવત્તર ગણાતી લેખિની જ છે એ ન્હાની સામાન્ય લેખિનીની એક નાગીથી વિગ્રહ શાન્ત પડે છે અને આપણે નૂતન યુગમા પ્રવેશ કરીએ છીએ

વિષયનો વિસ્તાર કરવાને માટે આ માત્ર અતિશયોક્તિ ભરેલી શૈલીનો ઉપયોગ કરવામા આવે છે જેમ ધારવામાં રાજનીતિમા શૃગારના જેવુ નૈપુણ્ય ધરાવનાર વૃદ્ધ કાર્ડિનલ

રિરો-યુનો પણ એવો અભિમાન હતો કે " સમશેર કરતાંયે કલમ બળવત્તર છે " " મેગ્ના ચાર્ટા " (*Magna Charta*) થી તે " ડીક્લેરેશન ઓફ ઇન્ડીપેન્ડન્સ " (*Declaration*



રબ્બરની ભુ ગળીઓ ધમીને સાફ કરવામા આવે છે એ વિશાળ ઓરડાનો દેખાવ.

of Independence) પર્યંત તેમ જ [illegible] સ્વતંત્ર સંસ્થાઓની સ્થાપનામા, અને સમસ્ત માનુષ જાતિની સ્વતંત્રતા પ્રા[illegible] ામા પ્રત્યેક ક્રમે લેખિનીની જ સહાયથી

એ સર્વ બની શકયુ છે લેખિનીની જ સહાયથી વ્યકિતઓ અને પ્રજાઓ વચ્ચેનો સર્વ સબંધ ભવાય છે ઉદ્યોગ, યાપા , ધર્મ, અથ અને રાજ્ય બધારણ એ સર્વ, લેખિનીની જ સહાયથી સપ્રમાણ અને ગારવશાળી બને છે આ શોધ-કલમ-માનવજાતિના ઉત્કર્ષનુ સાધન છે, અને લેખિનીનો પ પરા ઇતિહાસ જાણવાથી જગતની સસ્કૃતિનુ ક્રમવાર અને સપૂર્ણ ભાન થઈ શકે છે કલમ વિષે સ થી પ્રાચીન સૂચનો બાઇબલમા અનેક સ્થળે મળી આવે છે એ કલમો લોખડમાથી બનાવવામા આવતી અને તે વડે ચુનાના તેમ જ અન્ય નરમ પત્થરોપર કોતરીને લખી શકાતુ બાઇબલમા એક સ્થળે સાદી અ ો કલમો વિષે સૂચના કરવામા આવી છે ઇ સ પૂ૨ ૨૦૦૦ વર્ષપર એસિરિઅન રાજાઓએ અને ફિનિશયનોએ, વિજયસત્તા જાહેર કરવામા, તેમ જ ભવિષ્યની પ્રજાને માટે તેમનુ ગણિતશાસ્ત્ર અ ો ખગોળવિદ્યા સબધનુ અપૂ ગ્રાન સગ્રહી રાખવાને માટે, પીછાઓ અને બરૂમાથી બના વેલી કલમોનો ઉપયોગ કર્યો હતો ગ્રીક પ્રજાએ પોતાની સસ્કૃતિના આજ્ઞાપત્રો લખ-વામા કાગડા અને હસના પીછામાથી બનાવેલી કલમોનો ઉપયોગ કર્યો હતો ઇ સ પૂર્વે ૮૫ મા રોમન પ્રજા પીતળ અને ચાદીની કલમો અને તે ઉપરાત લોખડમાથી બનેલી મ્હોટા સોયાના આકારની સ્ટાઇલસ-કલમોનો ઉપયોગ કરતા હતા પરન્તુ મારામારીના પ્રસગોમા સ્ટાઇલસનો છૂટ્ટ્યેણ ઉપયોગ થતો હોવાથી તેના



અગ્નની ભુ ગળીઓને સાફ કરવાની પ્રથમ ક્રિયા.

વપરાશનો પ્રતિબન્ધ કરવામા આ યો હતો શેક્સપિઅરે અને પેરેડાઇઝ લૉસ્ટ (*Paradise Lost*) મા મિ ટને, હસના પીછાની કલમવડે લખ્યુ હતુ નેપોલિયને પોતાના આજ્ઞાપત્રોમાં પીછાની કલમવડે અને લિન્કને 'ઇમેન્સિપેશન ડેકલેરેશન'મા પોતાની પેનવડે સહી કરી હતી આ ભયાનક સમયમા વિલ્સન અને જગતના અન્ય રાજનીતિજ્ઞ પુરૂષો, જગતની સમસ્ત સસ્કૃતિના સ્વરૂપમા ફેરફાર કરી નાખે એવા પ્રબળ શબ્દો, શાસ્ત્રીય લેખનપદ્ધતિમા ઉચ્ચતમ વિકાસ પામેલી, ફાઉન્ટનપેનવડે લખે છે

આ પ્રમાણે આપણે પત્થર, હાથીદાંત, જનાવરના ચામડાં અને પાંદડાં, ચર્મપત્ર, તાડપત્ર, ભોજપત્ર, અને તામ્રપત્ર વગેરેના આરમ્ભકાળના લેખનથી તે આધુનિક સમયની અમેરિકન ફાઉન્ટનપેનસુધીના પ્રત્યેક યુગનું આપણે સંયુક્ત અવલોકન કરી ગયા.

અમેરિકન ફાઉન્ટન પેનવિષે વિદેશીઓ પણ ભાગ્યે જ અજાણ્યા હોય છે. જ્યાં જ્યાં લેખિનીનો ઉપયોગ થાય છે, ત્યાં સર્વત્ર એ પેનવિષે સારૂં જ્ઞાન હોય છે. પાત્રીશવર્ષપર, પ્રતિવર્ષે ૨૦૦ પેન બની શકે એવું એક કારખાનું ખોલવામાં આવ્યું હતું. હવે એ જ કંપની પ્રત્યેક વર્ષે લાખો પેનો બનાવે છે અને એની આડતો જગતના સર્વ દેશોમાં વિસ્તરાવતી છે. અમેરિકન ફાઉન્ટનપેનો વિવિધ આકાર અને પ્રકારની બનાવવામાં આવે છે. કેટલીકપર હીરાકણી જડેલી હોય છે અને કેટલીક સુવર્ણથી અલંકૃત હોય છે અને તેનું મૂલ્ય સો ડોલર કરતાં પણ વિશેષ હોય છે. આ ઉપરાંત તદ્દન સાદી રબર પેનો પણ તૈયાર કરવામાં આવે છે અને જ્યાં જ્યાં એ ઉદ્યોગ ચાલુ હોય છે ત્યાં એનો સામાન્ય ઉપયોગ થાય છે.



રબરની ભુંગળીઓની કોતરણી તપાસતી છોકરીઓ.

આધુનિક ઔદ્યોગિક જીવનમાં ફાઉન્ટનપેનની અગત્યની અતિશયોક્તિ કરી એ લગભગ અસંભવિત જ છે. જો બે શબ્દના સંક્ષિપ્ત સ્વરૂપમાં કહી શકાય તો અર્વાચીન જગતનું રહસ્ય તાત્કાલિક પ્રવૃત્તિ છે અને ફાઉન્ટનપેન શામાટે એટલી અગત્ય ધરાવે છે? કારણ કે એ પેન તે જ ક્ષણે ઉપયોગમાં લઇ શકાય છે "તે જ ક્ષણે"-બસ એ જ એનું રહસ્ય છે. સર્વદા તૈયાર રહેતી આ લેખિનીની ચમત્કારિક સહાયવડે જે ક્ષણે નિશ્ચય થાય તે જ ક્ષણે પ્રવૃત્તિ કરી શકાય છે. વિજય અને પરાજય વચ્ચેનો ભેદ આધુનિક પ્રવૃત્તિઓ પાછળ રહેલું વિજળીક બળ અને અર્વાચીન ઉદ્યોગોનું રહસ્ય એ સર્વ એ જ સૂત્રમાં રહેલું છે.

* સરસ્વતીચન્દ્ર ભાગ ૨ જો રૂ ૧-૮-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ

નવીન શોધોપરથી પ્રજાની પ્રગતિની પરીક્ષા કરી શકાય છે અગાશી, ટબ, આગગાડી, આગબોટ એ સર્વ પ્રગતિના લક્ષણો છે જ્યાં જ્યાં એનું અસ્તિત્વ હોય છે ત્યાંની પ્રજા આગળ વધેલી હોય છે પરંતુ ફાઉન્ટનપેન ત્યાંની ખરી સ્થિતિની પરીક્ષા તે દેશની ન્હાની પ્રવૃત્તિઓપરથી જણાય છે અને ફાઉન્ટનપેન એના જેવી ન્હાની વસ્તુ વિશે પ્રગતિસૂચક છે. એથી એના અંકસંખ્યા પ્રમાણે પૃથ્વીપર ૧૫૮૦૭૫૫૧૦૦૦ મનુષ્યોની વસ્તી છે. તેમની સંસ્કૃતિ અને બુદ્ધિના પ્રમાણના નીચના ત્રણ વર્ગ પાડી શકાય —

(૧) ફાઉન્ટનપેનનો ઉપયોગ કરી શકે એટલી આગળ વધેલી પ્રજા,

(૨) ફાઉન્ટનપેનનો ઉપયોગ કરવો એ અગત્યનું છે એમ જે પ્રજાને ભાન થતું છે

(૩) અને જે પ્રજા ફાઉન્ટનપેન વિષે તદ્દન અજાણ છે—આવી પ્રજાઓ વર્ણુંખંડ જંગલી સ્થિતિમાં જ હોય છે. નીચેની વિગતો નજરમાં રાખવા જેવી છે. યુનાઇટેડ સ્ટેટ્સના ધનની ગણતરી ૧૮૦૦૦૦૦૦૦૦૦૦ થી તે ૫૦૦૦૦૦૦૦૦ ડોલર સુધીની થાય છે. આ ધનનો

પેનની આંકડીઓ જેમાંથી બનાવવામાં આવે છે તે સોનાનું પાન

મોટો ભાગ ફાઉન્ટનપેનથી લખાતા આંકડાઓ તરીકે રહેલો છે. આધુનિક જીવનમાં વિમો ઉતારનારી સંસ્થાઓ મહત્વ ભાગ ધરાવે છે. તેથી અનેક ગૃહોને રક્ષણ મળે છે. એની પાછળ જે ગુપ્તશક્તિ રહેલી છે તે ફાઉન્ટનપેન છે. મહાન્ ઉદ્યોગો માટે કરવામાં આવતા કોન્ટ્રાક્ટો, ઓક અને મોટા મોટા સફરો અને કોડો ડોલરના મૂલ્યવાળા માલના અસંખ્ય ઓરડરો, અને સમસ્ત વ્યાપારની સર્વ પદ્ધતિનો આધાર ફાઉન્ટનપેનપર રહેલો છે. આધુનિક વ્યાપારપદ્ધતિ ફાઉન્ટનપેન વિના અશક્ય થઈ પડત. આ ખરૂં જોતા એવી અગત્યને અનુસરીને જ એ પેનની શોધ થઈ છે. મનુષ્યની ખરી પરીક્ષા માટે ફાઉન્ટનપેન એક ઉત્તમ સાધન છે. કારણ કે એ પરથી તેની પ્રગતિનું સત્યપ્રમાણ આંકી શકાય છે. વ્યવહારિક બુદ્ધિથી આપણને એટલું તો સ્પષ્ટ જણાય છે કે ફાઉન્ટનપેન વિના વ્યાપાર કરનારનું એ શસ્ત્રથી સજ્જ થયા વિના યુદ્ધમાં જવા સમાન છે. વિશેષમાં આટલું પણ સિદ્ધ થાય છે કે, વર્તમાન સમયમાં વિજય મેળવવાને માટે તલવાર કરતા બળવત્તર લેખિનીની જરૂર છે. એટલું જ નહીં પણ યોગ્ય પ્રકારની જ લેખિની આપણે ઉપયોગમાં લેવી જોઈએ. પેન એવી હોવી જોઈએ કે તેનીપર વિશ્વાસ રાખી શકાય અને તેનો યોગ્ય સમયે ઉપયોગ કરી શકાય.

૧ સરસ્વતીચંદ્ર ભાગ ૩ જો ૩ ૭-૦-૦ એમ. એમ. ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ

આ સિદ્ધાંતનું પુદ્દભુમિપર જેટલું જ્ઞાન હોવુ જોઇએ તેટલુ જ જ્ઞાન નાવબ્તહા મા આવશ્યક છે આ પ્રાથમિક સિદ્ધાંત પ્રત્યેક નવુવિદ્યાર્થીને પણ આવશ્યક છે, કારણ કે એ આ વર્તમાન સમયનું વિશ્વમાન્ય શિક્ષણ છે સમયાનુસાર નેપનલમિત ગેરી-કોત પણ મર્યને માટે સદા સજ્જ થઈ રહેવુ-એ વ્યાવહારિક નીતિનો સામાન્ય નિયમ છે

ફાઉન્ટનપેન બનાવવાની પદ્ધતિમાં જે અમેરિકન કંપનીઓ ન પ્રાણના સામેલી છે તેની મુલાકાત લીધા વિના એ બાબત કેટલી નાજુક ભરેલી છે તેનો ખ્યાલ આવી શકે નહીં એ બનાવટમા અસાધારણ સૂક્ષ્મતાની જરૂર છે કારણ જે નમના ની પર ની ઠાર તેમાં રહેજ પણ ફેર પડે તો પરિણામમા એ પેન ન રૂડે ને ... આખી પ્રસંગે ... થઇ પડે, અને તેથી કદાચ મ્હોટા વ્યાપારનો વિનાશ થાય એ પેનની બનાવટમા અસંખ્ય પ્રકારની વિવિધતા હોવાથી તેનું સંપૂર્ણ વર્ણન કરવુ અશક્ય છે તેથી તે વિષે થોડીક સૂચના જ અત્ર આપી શકાશે

એનો યોગ્ય આરમ્ભ કરવાને માટે પ્રથમ તો આપણે દક્ષિણ અમેરિકાના ... વાવેતરોમા આવી પ્હોંચ્યા છીએ, એમ અનુમાન કરવુ પડશે બોલીવીયામા બેની નદીના તટપર આવેલા ઉપવનોમા એ વાવેતરો છે અને *Hevea Brasiliensis* એ નામના સાઠ ફીટ ઉંચા રબરના વૃક્ષો ઉગે છે

બેને મઢેલી પેનને આ ગાળના પહેલા તેનાપર ઇરીડીયમ મૂકવામા આવે છે

આ રાક્ષસી વૃક્ષમાથી " પારા-બેની-બોલીવન *Para—Beni—Bolivian* એ નામનો રબરનો ગુંદર ઉત્પન્ન થાય છે અને એ ગુંદર ફાઉન્ટન પેનની બનાવટમા ખાસ ઉપયોગી થઇ પડે છે જે સ્થાનમા એની ઉત્પત્તિ થાય છે તે પ્રદેશ ઉષ્ણ કટીબંધના પ્રદેશોના સરખી આશ્ચર્યજનક અમર્ફ ફળદ્રુપતા ધરાવે છે પશુઓની સહુલ, અને સતત અંધકારથી છવાયલા એ ગીચ ઘરાવાળા મહાવનમા ગુમ અને અનેક ઉડાણો સમાયલા છે જે પ્રમાણે ન્યૂ ઈંગ્લાન્ડમા મેપલના વૃક્ષમાથી ખાંડને માટે રસ મેળા

વામા આવે છે તે જ પ્રમાણે ત્યાના શ્યામ વતનીઓ આ રબરના વૃક્ષોમા ચીરા પાડી સાથે ગોઠવેલા એક પ્રકારના માટીના પ્યાનાઓમાં તેના રસને એકઠો કરે છે ઓગસ્ટ અને ફેબ્રુઆરી મહીના વચ્ચેની સુકી ઋતુમા શીતળ સંધ્યા સમયે આ કામ કરવામા આવે છે આ પ્રમાણે આખી રાત આ રસ એક સરખો ગળ્યા કરે છે, અને રહનારના પ્હોરમા તો તે માટીના પ્યાલાઓ ભરાઇ જાય છે અને એ બધો રસ બીજા એક મ્હોટા પાત્રમા એકઠો કરવામા આવે છે

આ રસમાથી પછીથી રબર બનાવવામા આવે છે એ રસને હવે સુકવીને સખત બનાવવો જોઇએ આ રસને 'દૂધ' કહેવામા આવે છે જે વાસણમા એ 'દૂધ' એકઠુ ભરેલુ હોય છે, તેમા ત્યા કામ કરનાર કારીગર, એક પ્રકારની ત્રણ ફીટ નાળી લાકડી, બોળે છે એ લાકડીને છેડે—માટીનુ બનાવેલુ પોલી અપાટીનાનુ બીબુ જડેલુ હોય છે અન્દર બોળવાથી રબરના રસનુ એ બીબાપર એકસરખુ પાતળુ પડ બધાય છે ત્યારપછી ગરમ કરેલાં તાડફળની વરાળમા એ લાકડીને ધ રામા આવે છે તેથી એ રસ ઘ થઇને બધાઈ જાય છે તેપર પાછુ બીજુ પડ એ જ પ્રમાણે તૈયાર કરવામા આવે છે આ પ્રમાણે એક અનુભવી કારીગર એક કના મા લગભગ ૫–૬ રતલ જેટલ રબર બનાવી શકે છે આ રબરના પડોને ચીરીને



સોનાની પેનની અણીઓપર ધાર ચડાવવામા આવે છે

લાકડીપરના બીબાપરથી ઉકેલીને સુકવવામા આવે છે આ કાચા રબરના જથ્થાને એની નદીપર લાવવામા આવે છે જે કંપનીએ એ માલ ખરીદ્યો હોય તેનો પ્રતિનિધિ એ માલને તપાસે છે અને ત્યારપછી પારા નામના બંદરપરથી યુનાઇટેડ સ્ટેટ્સ તરફ મોકલવામા આવે છે

આ રબરના પડોને બીસ્કીટ કહેવામા આવે છે. (વાચકોએ એટલુ ધ્યાનમા રાખવુ કે આ બીસ્કીટ ખાવાના ઉપયોગમા આવતા નથી !) જે ફેક્ટરીઓમા આ બીસ્કીટો લાવવામા આવે છે તેનુ આપણે અવલોકન કરીએ આગળ આપણે જણાવ્યુ જે રબરનો રસ

¹ લીલાવતી જીવનકળા રૂ ૦–૧૨–૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઇ

જોયો હતો તે જ અને ખીસ્કીટના રૂપાતરમા છે તેમ જ બીજી અનેક પદ્ધતિઓની એનુ રૂપાતર થતુ જગે આ ફેક્ટરીઓમા, રબરના કકડા કરી, સુકવી, પિટાળી, જળથી સાફ કરી, સખત બનાવી, વાળી નકામા ભાગોને કાપી નાખી, છાપ મારી, ઓપ ચડાવી, પેક કરીને અન્તે બ્હાર્ઓમા ચડાવી જ્યા એવા સર્વ ભાગોને છેવટના એકત્ર કરવામા આવે છે એવી ફેક્ટરીઓમા મોકલવામા આવે છે મનુષ્યની શોધકશક્તિ, ન્હાની વિગતોમા સપૂર્ણતા, ચાતુર્ય, પરીક્ષકશક્તિ, અને યત્રની કાર્યશક્તિ એ સર્વ એક જ પરિણામને માટે એકત્ર ગતિમાન્ થઈ રહેલા છે મનુષ્યનાક અને યત્રનાળ સેવકરૂપે કાર્ય કરે છે



આ સર્વ રસમય હોવા છતા પણ આપણે અત્રે વધારે અટકી શકીએ એમ નથી જ્યા ફાઉન્ટનપેન છેવટને માટે સમા[illegible]મા આવે છે એવી ફેક્ટરીની આપણે મુલાકાત લઈએ આપણે જે ફેક્ટરીમાથી બ્હાર આવ્યા તેની સમીપ જ કદાચ એ ફેક્ટરી હોય ફેક્ટરી માટે સ્થાન નિર્ણય કરવામા બજાર અને મજુરીની સ્થિતિ વિગેરે અનેક કારણો ધ્યાનમા લેવા પડે છે આપણે જે ફેક્ટરીમા આવ્યા છીએ તો રસ માળ છે

સોનેરી પેનની અણીઓને ઇરીડીયમથી ઓગાળે છે. અહીં ફાઉન્ટપેનની સુવર્ણની અણીઓ, ઉપર બેસાડવાનુ ચાપવાળુ ઢાંકણ બનાવવામા આવે છે, તેમ જ ઉપર સોનુ અને ચાદી મઢવાનુ કામ અને પેનના સર્વ વિભક્ત અંગોને છેવટને માટે એકત્ર કરવામા આવે છે તે ઉપરાત ફાઉન્ટપેનને જ યોગ્ય શાહી બનાવાય છે એ ઉદ્યોગ પણ સાથે સાથે રસો ઉપયોગનો છે આરમ્ભમા અવલોકન કરવાને માટે જ્યા ધાતુને ગાળીને એકઠી કરવામા આવે છે તે સ્થાનમા જવુ સુગમ થઇ પડશે ત્યા મોટા પ્રમાણમા ગાળેલુ સોનુ હોય છે અને એક કારીગર ત્યા કામ કરી રહ્યો છે એ સુવર્ણમાથી ધીરેધીરે છેક છેવટે સપૂર્ણ પેન બની રહેશે આ સોનાના રસમાં ચાદી અને તાંબાની મેળવણી કરવામા આવશે કારણ કે સતત ઉપયોગ માટે બનાવાતી પેનને માટે ધાતુનુ ઘણુ સખત મિશ્રણ

હોવુ જોઇએ શ્રેષ્ઠ પ્રકારની પેનો માટે ૧૪ સોનુ (*Fourteen Carats fine*) વાપરવામા આવે છે



પેન બરાબર તૈયાર થયેથી હુશિયાર માણસોએ તપાસ્યા પહેલા કારખાનામાંથી મોકલવામા આવતી નથી.

યુનાઇટેડ સ્ટેટ્સની એસે ઑફિસ (ધાતુની પરીક્ષા કરનાર સંસ્થા) માંથી જે સુવર્ણની લગડીઓ આવે છે તેનું સાધારણ માપ ત્રણ ઇંચ લંબાઇ અને એક સમચોરસ ઇંચ પહોળાઇ

હોય છે તે દરેકનુ મૂલ્ય લગભગ ૫૦૦ ડોલર હોય છે એ સુવર્ણવાળા મિશ્રણમાંથી પતરા બનાવવામા આવે છે એ પતરાઓમાંથી સુવર્ણના સર્પ જેવી પટીઓ કાતરવામાં આવે છે અને એ પટીઓમાંથી પેન બનાવી શકાય તેવા ન્હાના કટકા પાડવામાં આવે છે ત્યાર પછી એ કટકાઓને સળ પાડી ઇરિડિયમ નામની ધાતુવડે અણીદાર કરવામા આવે છે આ ઇરીડીયમ ધાતુ યુરલ પર્વતમા ઉત્પન્ન થાય છે અને તેના એક રતલની કિંમત ૧૫૦૦ ડોલર હોય છે જ્યારે સુવર્ણના એક રતલની કિંમત ૨૪૦ ડોલર હોય છે આ ઇરીડીયમવાળી અણીને થોડો વખત ટંકણખાર અને પાણીના મિશ્રણમા બોળી મુકવામા આવે છે, અને ત્યાર પછી દીર્ઘ સમય સુધી અગ્નિમા તપાવવામા આવે છે ત્યાર પછી એ પેનને ગોળ વાળવામા આવે છે અને અણી આગળ ફાટ પાડવામા આવે છે આ ફાટ પાડેલી પેનોપરથી આપણને ઈ સ પૂર્વ ૨૦૦૦ વર્ષપરના યુગનુ સ્મરણ થાય છે, કારણ કે તે યુગમાં એ જ પ્રમાણે ફાટ પાડેલી બરૂની પેનો વપરાતી હતી. કારીગરો વાપરે છે તેવો એક બળવાન્ મેગ્નીફાઇંગ ગ્લાસ (જેમાંથી ન્હાની વસ્તુ ઘણી મોટી દેખાય છે તે કાચ) માંથી નિરીક્ષણ કરવાથી એ કૃતિની અત્યંત સુંદરતા તેની અપ્રતિમ સંપૂર્ણ કોરો અને એ સુવર્ણની પેનની કરણ ઇરીડીયમ ધાતુની સંપૂર્ણ ગોળાકૃતિ આદિ ગુણો, સ્પષ્ટ જણાય છે આ સર્વ અતિ સૂક્ષ્મ હોવા છતા પણ લેખન સિદ્ધિને સંપૂર્ણ વિશ્વસનીય કરવામા સહાયરૂપ થઈ પડે છે ખાસ કરીને પેનોને અણીદાર કરવાનો પ્રયોગ અત્યંત રસમય છે પેનની ભવિષ્યની ઉપયોગિતા અને સફળતાનો આધાર આ જ પ્રયોગપર રહેલો છે અનેક પ્રકારની અને વિવિધ પ્રમાણમાં કઠણતા કે મૃદુતાવાળી પેનો બનાવવી પડે છે એક મિનિટમા ૨૦૦ શબ્દ લખનાર કોર્ટ સ્ટેનોગ્રાફર, (સંક્ષિપ્તાક્ષર લિપિમા લખનાર) તેમ જ લાખો ડોલરનો ચેક લખનાર શાન્ત વ્યાપારી, અથવા ડાબા પક્ષથી જમણા પક્ષ તરફ પોતાની ન્હાની લિપિમા લખનાર બર્મીનીઝ અને જગતના સર્વ લેખકો એ જ પેનનો ઉપયોગ કરે છે આ પ્રમાણે સર્વ ભાગોને એકત્ર કરી તેનીપર પડ ચડાવી, સુવર્ણ અને ચાંદીથી શણગારી, ચળકાટ આપીને બનાવેલી ફાઉન્ટન પેનની સંપૂર્ણ કૃતિનુ આપણે અવલોકન કર્યું

— એ ફાઉન્ટનપેન કદાચ કોઇ સમાજની વિખ્યાત સ્ત્રી, કોઇ જાપાનિઝ રાજનીતિજ્ઞ, કે કદાચ બોલશેવીકના હાથમા પણ જાય! એ કોણ કહી શકે? મુનેહની શરતો નીચે સહી કરવાને તેમને પેનની જરૂર તો પડે કાય એ સર્વ ? ... કરવા માટે પણ એનો ઉપયોગ થાય તો શુ આશ્ચર્ય થશે?

સ્વામી હંસ.

એક સત્યાગ્રહીનુ જીવન.

લેખ —ગ. મોતીલાલ જેહાલાલ મહેતા.

આપણા આર્યદેશના આગમના ખાસ સ્વભાવ એ છે કે તેની દૃષ્ટિ અબાધિત પરમ સત્ય તરફ એકદમ આકર્ષાય છે, અને કોઇ કોઇ તે સત્ય પ્રાપ્ત કરવાનો આગ્રહ એટલો બધો ગમે



સ્વામી હંસ.

છે કે ગમે તેવા વિકટ સંકટ વેઠીને પણ તે સત્ય પોતાનું કર છે એવા સત્યાગ્રહી આર્યોને આપણે મહાત્મા કહીએ છીએ; તેવા કેટલાકના જીવન આપણા ઇતિહાસમા પ્રસિદ્ધ છે હરિશ્ચંદ્રનો ટેક,

પ્રહ્લાદનો પ્રભુપ્રેમ, નચિકેતાનું બલિદાન, ધ્રુવનું તપ, સીતા અને સાવિત્રીની પતિભક્તિ વિગેરે સત્યાગ્રહના દૃષ્ટાંત છે તેઓ અનેક સંકટો વેઠી પોતાના સત્યાગ્રહથી દુર્લભ વસ્તુ સુલભ કરી શક્યા હતા એવા એક સત્યપ્રિય મહાત્મા સ્વામી હંસનું વર્તમાન જીવન-આત્મબળ કેટલું



શ્રી દત્તાત્રેયના દેવાલયમાં થયેલા દર્શનનું સ્વરૂપ.

કામ કરી શકે તે પ્રત્યક્ષ બતાવે છે અને તે લોકોપયોગી હોવાથી અને તેનું વૃત્તાંત આપવું યોગ્ય લાગે છે

પૂર્વાશ્રમમાં સ્વામી હંસનું નામ ગજાનન પાંડુરંગ નાડેકર હતું તેમનો જન્મ શકે ૧૮૦૦ માં થયેલ છે તેથી હમણા તેમની ઉમર ૪૧ વર્ષની છે તેમના પિતા પાંડુરંગ નાડેકર ધુળીઆના

* પતિવ્રતા સતિઓ (બીજી) રૂ ૩-૦-૦ એ. એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઇ.

એક પ્રસિદ્ધ વકીલ હતા તેઓ પરમ સાત્વિક વૃત્તિના હતા ગજાનનરાવની બાલ્યાવસ્થામા જ તેમના માતુશ્રી સ્વર્ગવાસી થવાથી તેમના તિયરૂપ પિતા તથા તેમના મોટા ભાઈ માથે તેમના બધો ભાર આવી પડ્યો. ગજાનનરાવ પોતાની ન્હાની ઉમરમા બહુ જ સિકણુ હતા પણ તે જ ન્હાની ઉપરે હિમાલયના ઘોર અરણ્યમા હિંસક પશુઓના સહવાસમાથી કૈલાસ માનસ સરોવર અને ગૌરીકુંડ જેવા નિર્જન સ્થળોની તિર્થયાત્રા કરી આવી શક્યા છે તેનુ કારણ તેમને પોતાનામા આત્મવિશ્વાસ હતો

રા ગજાનનરાવનો અભ્યાસ અંગ્રેજી સાતમા ધોરણ સુધી થયો હતો તે વખતે તેમના પિતા સ્વર્ગવાસી થયા મેટ્રીકની પરીક્ષામા નાપાસ પડવાથી તેમણે તે અભ્યાસ છોડી તારનુ કામ શિખવા શરૂ કર્યું તારની પરીક્ષાને બે ત્રણ મહિનાની વાર હતી તેવે સમયે પુનામા પ્લેગ હોવાથી તે દેહુ-ક્ષેત્ર કે જે ભુમિ શ્રીતુકારામમહારાજના પગથી પાવન થયેલ છે ત્યા ગયા ત્યા દરરોજ ઈંદ્રાયણી નદીના કાંઠા ઉપર સાયંકાળે જવાની એમને ટેવ હતી રોજની માફક એક દીવસ ત્યા જઈ બેસ'તા તે વખતે ત્યાનો દેખાવ જોઈ સસાર મૃગજળ માફક નશ્વર લાગવાથી તે વિચારનુ એકદમ જોર થયુ. અસાર વસ્તુનો ત્યાગ કરવાનો નિશ્ચય થયો તેથી સાથે નાવેલ કપડા પુસ્તક વિગેરે જે જે નશ્વર ચીજો સાથે હતી તે બધી ઈંદ્રાયણી નદીમા તેમણે અર્પણ કરી એવી રીતે બધા પરિગ્રહ સંત તુકારામ મહારાજના ચરણમા મુકી પોતે તેનાથી મુક્ત થયા આવી મનોવૃત્તિ એકદમ થવાનુ મુખ્ય કારણ તેમના આગના જન્મનુ પુણ્ય બહારી આવેલ હશે અથવા તે પુણ્યભૂમિ અને પવિત્ર નદીના સાન્નિધ્યનો પ્રતાપ હશે ૧૮–૧૯ વર્ષની ઉમરે રા ગજાનનરાવને આમ દઢ વૈરાગ્ય ઉત્પન્ન થયો

વૈરાગ્ય ઉત્પન્ન થવાના પ્રસગો માણસને ઘણીવાર આવે છે પણ ઘણાને તેની અસર તેમના મન ઉપર કાયમ રહેતી નથી અભ્યાસથી મતિ શુદ્ધ થાય છે અને વિવેક અને વૈરાગ્યથી સ્થિર થાય છે આવુ શુદ્ધ અને સ્થિર થયેલુ મન ભગવત્ ચરણમા અર્પણ કરવાથી ઇષ્ટસિદ્ધિ મળે છે રા ગજાનનરાવ તારની પરિક્ષાનો વિચાર છોડી તરત જ ધુળીઆ આવ્યા આ વખતે તેમની પહેલાની વિલાસી મનોવૃત્તિઓનો લોપ થયો હતો અને તેની જગાએ મૌનવૃત્તિ ઉત્પન્ન થઈ હતી વિલાસનો પરાભવ કરી તેની જગાએ વૈરાગ્ય જામ્યો હતો દેહ એ જ દેવ એ માન્યતાને બદલે ઇશ્વર જ સત્ય છે એ વિચારનુ જોર વધ્યુ હતુ શ્રીગુરુદત્તાત્રેયની કથા, તેની ગાયત્રીમંત્રનો જપ, અને હરિનામ સ્મરણ તેનો તેમને વ્યવસાય લાગ્યો ફક્ત શરીરયાત્રાને માટે ગાયના દૂધ પીતા તેમના પિતા લક્ષાધિપતિ હતા તે સ્વર્ગવાસી થયા પછી તેની મિલકત (લગભગ ૪ લાખની) રા ગજાનનરાવ અને તેના મ્હોટા ભાઇ માટે રહી પણ તેના મ્હોટા ભાઇની સ્ત્રીને સાથે રહેવુ અનુકૂળ ન થવાથી બન્ને ભાઇને જુદા થવાનો પ્રસગ ઉત્પન્ન થયો આ પ્રસગથી પણ રા ગજાનનરાવનો વૈરાગ્ય વધ્યો તેમને ભાગે આવેલ લગભગ બે લાખની મોટી મિલકત પોતાની સ્ત્રીને સોંપી પોતે ઇશ્વરપરાયણ થઇ જીવન ગાળવાના નિશ્ચયપર આવ્યા પણ તેમની સ્ત્રીપણ પતિવ્રતા સાધ્વી હોવાથી તેણે તે સ્થિતિ સ્વીકારી નહી અને કાંઇ મિલકત ન રાખતા ફક્ત પતિસેવામાં જીવન ગાળવાનુ પસંદ કર્યું એવી મોટી મિલકતનો ઉપયોગ પરમ પુરૂષાર્થમાં

વિઘ્નકર્તા થશે એવુ રા ગજાનનરાવને લાગવાથી તેમણે તે કેળવણી અને અન્નદાનમા વાપરી નાખી અને જ્યા આપી ત્યાં પણ પોતાનુ નામ પ્રસિદ્ધ થાય નહી તેવી ઇચ્છાથી આપી હતી કારણ કે દાનના અભિમાનથી પણ પુણ્યાય સફળ થવામા વિઘ્ન નડે છે તે રકમમાથી ફક્ત રૂ ૨૫૦૦ રૂપીઆ પોતે રાખ્યા તે એવા હેતુથી કે ભવિષ્ય માટે નિર્વિઘ્ન ૧૨ વર્ષનુ તપ નિશ્ચિન્ત રીતે થઈ શકે તે રકમ વ્યાજે મુકી અને તેવી રીતે લગભગ ૧૫ રૂપીઆનુ માસિક ખર્ચ રાખી બને સ્ત્રીપુરૂષ રહેવા લાગ્યા તેમણે પોતાની સ્ત્રીને કહ્યુ હતુ કે ઘરની બાબતમા તેમને પુછવુ નહીં એ જે તયાર કરે તે આનદથી જમી લેશે તેથી ઘરની વ્યવસ્થા બધી તેમની સ્ત્રી જ રાખતા શ્રીગુરુદત્તાત્રયની એક સુદર છબી રા ગજાનનરાવના જોવામા આવતા તેવી જ બીજી તે ચિત્રકાર પાસે તૈયાર કરાવી તેને સાગ ચોકઠામા મઢાવી તેના ઉપર પોતે ધીરે ધીરે ધ્યાન વધારવા માડ્યુ અને બ્રહ્મચર્ય, તપ, ભક્તિ, વૈરાગ્ય વિગેરેથી મન ઉપર અકુશ વધારી મનને સ્વાધીન કરી શક્યા તેમને તે વખતે કોઈને મળવાની ફુરસદ ન હોતી ગુરુના ચિંતનમા અને તેના દર્શનની આતુરતામા ગાડા જેવા થઇ ગયા હતા પોતાની ઓરડીમાથી ફક્ત જમવા માટે જ બહાર આવતા ધીરે ધીરે તેમની ઉંઘ પણ જતી રહી અને કોઇ કોઈ વખત વીશ-વીશ કલાક સુધી એક જ ધ્યાનથી રહેતા એક વખત તેમને કોઇ એક હસ સ્વરૂપ સ્વામીનો સહવાસ થયો તેમની પાસેથી આસન પ્રાણાયામ વિગેરેની યોગક્રિયા શિખ્યા આવા સતત અભ્યાસથી તેમનો ધ્યાનયોગ એટલે સુધી પહોચ્યો કે જ્યારે જ્યારે શ્રીગુરુદત્તાત્રેયની સ્તુતિ અથવા કથા તેમના કાન ઉપર પડતી કે તરત જ તે તન્મય થઇ જતા અને બહારના જગતના ભાનથી શૂન્ય થઇ સમાધિસ્થ થતા તેમની પહેલી તપશ્ચર્યા આ રીતે ચાલી

એવી રીતે મનોનિગ્રહથી જીતેંદ્રિય થઈ સાતમી ભૂમિકા ઉપર સ્થિર થયા પછી રા ગજાનનરાવને પવિત્ર તીર્થ સ્થળોના દર્શન કરવાની ઇચ્છા થઈ તેથી અનેક પવિત્ર સ્થળોની જાત્રા પાંચ વર્ષ સુધી અનેક સંકટ વેઠી કરી ત્યા નિર્જન સ્થાનમા બહુ વખત વ્યતીત કરતા હતા ધૂણીઆમા એક વખત ધ્યાનસ્થ સ્થિતિમા ગુરુની આજ્ઞા થઇ કે તેમણે ગિરિનારમા જવુ તે ઉપરથી ગિરિનાર ગયા અને ત્યાથી દત્તાત્રેયની પાદુકા આગળ સાત દિવસ સુધી ગુરુ ચરિત્રનુ પારાયણ કર્યું અને ત્યા દત્તજયંતી વખતે પણ જતા હતા ગમે તેવા સંકટ વેઠીને દેહ પડે તો પણ શ્રીગુરૂ દત્તાત્રેયના દર્શન કરવા એ જ એક ઇચ્છા તેમની રહી હતી તેથી ગિરિનારમા શરૂ કરેલ તપ સમયે એક વખત અવાજ આવ્યો કે " તું ગૌરીકુંડ આવે તો હું તને દર્શન આપીશ " એ પ્રમાણે ત્રણ વખત અવાજ આવ્યા પછી પોતે પુછ્યું કે " મેં ગૌરીકુંડ જોયેલ નથી " તે ઉપરથી એક નકશો તેમની નજર આગળ આવ્યો કે જેમા જોયું કે મુબાઈથી કાઠગોદામ સ્ટેશને હિમાલયમા જઈ ત્યાથી માનસરની તરફથી જતા શ્રીકૈલાસ માનસ સરોવરની નજીક ગૌરીકુંડ આવેલ છે તે ઉપરથી તેમણે ત્યાં જવાનો નિશ્ચય કર્યો

એ પ્રમાણે નિશ્ચય કરી ગિરિનારથી મુબાઈ આવી, મુબાઈથી દિલ્લી એક્સપ્રેસમા બીના સ્ટેશને બીજે દિવસ પહોચ્યા ત્યાથી રતલામ મેલમા કાનપોર અને ત્યાથી લખનૌ ગયા લખ

જુનાગઢગિરિનો નકશો (મઢેલ વાળો) રૂ ૨-૦-૦ એ. એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુબાઈ.

નીથી બરેલી થઇ કાથગોદામ સ્ટેશન જઈ પહોચ્યા ત્યાથી હિમાલયના પહાડ ચડવાની શરૂઆત કરી તે કહે છે કે " હિમાલયમા મારા જેના હાલ થયા તે લખવા બેસુ તો મારા ઉપર અતિ શયોકિતનો આરોપ આવશે આમ છતા માગ ઉપર જે સકટ આવી ગયા છે તેની સામા થવાને ગુરૂ મહારાજની દયાથી મને શકિત પણ આવી હતી "

એક વખત એક જગલી હાથી તેમની પછાડે પડયો હતો તે વખતે તેમની સાથે એક ભોમીઓ હતો હાથી અને સર્પમા એક સ્વભાવ એવો હોય છે કે તે જ્યારે રતિક્રિડા કરતા હોય તે વખતે જો તેમને કોઇ જુએ તો તેની ઉપર ખીજી તેની પછાડે દોડે છે એવા એક વખતે એક હાથીના જોડા તરફ અજાણતા દૃષ્ટિ પડતા હાથી ખીજવાઇને તેમને મારવા દોડયો તેમના ભોમીઆએ બુમ પાડી કે ' મહારાજ ભાગો પીછે એ હતી આ રહા હૈ ' તે ઉપરથી તેઓ એક બેખડ સુધી દોડયા હાથી બહુ જ નજીક આવી પહોચવાથી અને બીજે કાઈ વળીને બચી જવાનો રસ્તો ન હોવાથી તેમણે અને તેમના ભોમીઆએ તે બેખડ ઉપરથી નીચે ભુસકો માર્યો હાથી બેખડના માથા ઉપર આવી ક્રોધથી સૂઢ આગળ લાવીને ફૂફા મારવા લાગ્યો પરતુ નિરાશ થઇને શાન્ત ઉભો હતો સ્વામીજીએ પોતાના હિમાલયના પ્રવાસનુ એક પુસ્તક મરાઠીમા લખેલ છે તેમા જણાવે છે કે " તે ખાઈ ઘણી ઉંડી હતી બેખડ ઉપરથી પડતા જ અમને મૂર્છા આવી હતી ભોમીઆને દશ અગ્યાર કલાકે શુદ્ધિ આવી હતી બે દિવસ બેશુદ્ધ રહ્યો મારી કેડ સુજી ગઈ હતી પરતુ હાડમાને માઠ ઇજા થઇ ન હોતી પદર દિવસે સાજો થયો પણ શકિત આવતા ઘણા દિવસ લાગ્યા ભખ ઉપરથી ભુસકો માર્યો તે જ વખતે મહારાજના ચરણારવિંદનુ ધ્યાન ધરીને દેહ ફેંકયો હતો મને લાગ્યુ કે પ્રભુની ઇચ્છા એટલી હશે કે વધારે ઇજા ન થતા અમે ત્યાએ એ પ્રમાણે વાઘ રીંછ વિગેરે હિસક પશુના સપાટા માથી પણ અમે બચ્યા હતા તરશ ભુખ ટાઢી વિગેરેથી મને અને મારા ભોમીઆને ઘણો જ ત્રાસ થતો એક વખતે એક મ્હોટા અરણ્યમા અમે રસ્તો ભૂલ્યા અને સાત દિવસ સુધી કોઇ મનુષ્ય કે પ્રાણી અમને નજરે પડયુ નહી ત્રણ દિવસ અમને ઝાડના પાના સિવાય કઇ જ આહાર મળ્યો ન હોતો '

શ્રી કૈલાસ માનસ સરોવરની યાત્રાએ નિકળતા કાથગોદામ સ્ટેશન છોડી રસ્તામા ભીમતાલ, ધારી, મૌરનાલી, દેવીધુરા, ધુના ઘાટ વગેરે સ્થળો જોતા જોતા તે માવાવતી પહોચ્યા ત્યા કેટલાક સન્યાસી અને બીજા માણસો તેમને કહેવા લાગ્યા કે તમે જે પ્રવાસ કરવા ધારણા રાખો છો તે બહુ જ મહાકામ છે તમારા શરીરનો બાંધો બહુ જ નબળો છે તો તમે આખો હિમાલય કેવી રીતે ઓળગી શકશો તેની અમને બહુ ચિંતા રહે છે પણ તેનો તે એક જ ઉત્તર આપતા કે मैं सद्गुरुका बच्चा कभी नहीं हुगा दिलका कच्चा

માવાવતીથી નીકળી ગર્નીસાગ ગયા ત્યાથી ગેરન્યા, ત્યાથી પીઠોરાગઢ, ત્યાથી નાનર કનાલી છીના અને ત્યાથી અસ્કોટ પહોચ્યા અસ્કોટથી નીકળી તીન્યા ગામ પહોચ્યા ત્યા એક વખત પોતે પર્વતના સુંદર દેખાવો જોતા હતા એવામા ચારપાચ જુવાન છોકરીઓ

તેમની આસપાસ આવીને બેસી અને તેમની સામું જોઈ રહી તે બધી અન્દર અન્દર પોતાની ભાષામાં વાતો કરવા લાગી સ્વામીજી પોતાના પ્રવાસવર્ણનના પુસ્તકમાં લખે છે કે 'મારું ધ્યાન તે છોકરીઓ તરફ જરાએ ન હોતું ત્યાં ઝુપડાની અંદર એક શાળામાસ્તર તે છોકરીઓનું ભાષણ સાંભળતો હતો તે છોકરીઓ મોટેથી હસી અને તે માસ્તર પણ હસતો હસતો બહાર આવ્યો અને મને કહ્યું 'સ્વામીજી આ છોકરીઓનો તમારા ઉપર પ્રેમ થયેલ છે તમે અહિંયાં જ રહો એવી તેમની ઇચ્છા છે' માસ્તરને મેં કાંઈ જવાબ આપ્યો નહીં શાળામાસ્તરનું મન તે છોકરીઓને નાચવા ગાવાને કહેવાનું હતું પરંતુ મેં તેની ઇચ્છા દર્શાવી નહીં તેથી તે વાત પડી રહી."

એક દિવસ એક રાતના ઘોર જંગલમાં એક વૃક્ષ તળે સ્વામીજી અને તેમનો બાબી એ જમીન પાથરી ઝાડના થડનું ઓશીકું કરી પડ્યા હતા અને ટાઢ મટાડવા એક તાપણું સળગાવી બન્નેની વચમાં રાખ્યું હતું તે વખતના પ્રસંગ વિષે સ્વામીજી લખે છે કે "સુતી વખતે શ્રી સદ્‌ગુરુનું ધ્યાન ધરી મેં નામ સ્મરણ કર્યું. પેટમાં સુદ્ધાં અન્ન ન હોવાથી અને સારું થાક જવાથી સુતાં વાર જ મને નિદ્રા આવી. લગભગ એકના સુમારે હું જાગ્યો. આ વખતે અમારી ધુણી સતેજ બળતી હોવાથી અન્ધારામાં તેનો પ્રકાશ આજુબાજુમાં સારી રીતે પડતો હતો. સુતાં સુતાં મારી નજર સહેજ મારા પગ આગળ ગઈ ત્યાં જેનું માથું ઓશિકાના ભાગ આગળ અને પુછડી મારા પગ આગળ એવી રીતે એક વિકાળ વાઘ નાસોચ્છ્વાસ ખેંચતો બેઠો હતો તે મેં જોયો. મેં અરધી ઉઘાડી આંખથી મારા બાબીના તરફ નજર કરી એટલે પણ તેવી જ રીતે મારી સામું જોયું અને તેના સંકેતથી મને ખાત્રી થઈ કે જેમ પડ્યા છો તેમ જ પડી રહો બીલકુલ હાલશો નહીં. વાઘને જોતાં જ ભયથી મારા ટાંટીઆ ગળી ગયા. આખા શરીરે થરથર કંપ થઈ ગયો અને સાવ ગભરાઈ ગયો. મનમાં મહારાજનું નામસ્મરણ કરતો નિશ્ચિન્ત પડી રહ્યો. થોડીવારે તે વાઘ ઉઠી ઉભો થઈ ભયંકર ગર્જના કરી પોતાની લાંબી પુંછડીને ઘડીએ ઘડીએ પછાડી. તે વખતે મેં મારા પ્રાણની આશા છોડી મનમાં ને મનમાં નામસ્મરણ ચાલુ જ રાખ્યું હતું. સુમાર પંદર સેકન્ડ ઉભા રહીને મારા બાબીઆએ નામ લીધું. પછી મારી આગળ આવી ઉભો રહી મારા પગ સામું પોતાની ક્રુર નજરથી જોઈ અમારા ઉપરથી એક મોટી ફાળ મારી કુદી ગયો. એવી રીતે ત્રણચાર વાર ફાળ મારી નિબિડ ઝાડીમાં વાયુ વેગે ત્યાંથી અદૃશ્ય થઈ ગયો. આ વખતે પ્રભાત કાળના ચારના સુમાર હતા. વાઘ અમારી પાસેથી દૂર ગયો એવું જોતાં જ મારા બાબીઆએ કહ્યું 'મહારાજ, અમે લોકો જો નહીં ચેત્યા, તો કદાચ ઘણો ભોગ, ...વો બીજો એક ધક્કો મારી જાત થાત.' પછી અંધારામાં ... અમે સુખરૂપ ... આગળ ચાલ્યા અને ... વખતથી ... આવા સંકટમાંથી ભગવાન નારાયણે અમોને મુક્ત કર્યા એ જ્યારે યાદ આવે છે ત્યારે તેના ચરણકમળ ઉપર નમાશું આપ્યા વગર રહેતા જ નથી" "જાકો રાખે સાંઈયાં મારી સકે ન કોઈ" એ મહાવાક્યની અહિં સાક્ષી ખરી પડી.

એના પણ પ્રકાર આ મુસનમાની તામાના ગામોમાં અનેક બનતા, સારાંશ તે વખતના લોગ લેનુ—મુસનમાનોનુ વર્તન એટલુ બધુ અસહ્ય થયુ હતુ, કે, સૌના મનમા તે માટે અનિવાર તિરસ્કાર ઉત્પન્ન થયો હતો આનુ કારણ મુસનમાનોની મગરૂરી—પોતે જ્યકર્તા એ વિચાર ખ્યાનથી તેઓ અતિ પ્રમત્ત થયા હતા, અને જોઇએ ત્યારે જોઇએ તે વખતે કોઇનુ પણ ઉપમર્દ કરવામાં આજુબાજુ જોતા નહી બુરી રીતે ગૌ, બ્રાહ્મણ, સ્ત્રીઓનો છળ, દેવોને અપમાન, મદિરો ભ્રષ્ટ કરવાની પ્રથા, ધર્મસંબંધી જુલમ વગેરે વાતો પ્રત્યક્ષ થતી આથી નવા જમાનાના યુવકો તો મુસનમાની સત્તાથી પૂરેપૂરા ત્રાસ્યા હતા ઘણા સરદારોને પણ એમ જ લાગતુ કે આ ભયકર સ્થિતિમાથી છુટવાનો માગ નિકળે તો ખોટુ નથી આ ભયકર સ્થિતિમાથી હિન્દુઓને—મહારાષ્ટ્રીયોને—બાહેર કાઢવા કોઇપણ અવતારી પુરૂષ ઉત્પન થશે, એવુ પણ ભોળા ભાવાર્થી લોકોમા પસર્યુ હતુ, અને તે પર ઘણાની શ્રદ્ધા પણ બેઠી હતી નવા જમાનાના તરૂણોની તો એવી સ્થિતિ થઈ હતી કે તેમને કોઇપણ માર્ગદર્શક—મુખી જોઇતો હતો આગન એટલે ઉમરાવે આપ્પાના જમાનાના માણસોપૈકી પુષ્કળ મરાઠા સરદારો, મનસબદારો, કિલ્લેદારો વગેરેને આ સ્થિતિમાથી મુક્ત થવુ સારૂ એવુ લાગતુ ખરૂ, પણ તેમનામા મુસનમાન બાદશાહીની પરત્વે આપણુ—એ માટેની જબરદસ્ત કૃતજ્ઞતા જાગૃત હતી શહાજીરાજાનો પુત્ર શિવબા પૂણા સુપા વગેરે પ્રાંતમા અને માવળમાં કાંઈ ગડબડ કરે છે બડખોરી ઉઠાવે છે, એવુ આ કિલ્લેદારો, સરદારો, મનસબદારો વગેરેને કાને આવતુ ત્યારે, 'ગાંડો, ઉદ્ધત, મૂર્ખ છોકરો નાહકનો મરશે!" "મૂર્ખ, ઉદ્ધત છોકરાઓ કાંઇપણ કરી પોતાના માથાપર પથરા પાડી લેશે, તેમના હાથથી મુસનમાની બાદશાહતનુ શુ થનાર છે? ક્યા મહાવિશાળ આ શાહી અને ક્યા આ મુઠીભર માકડાઓ! નાહકના પોતાના પગ પર કુહાડી મારે છે!" વગેરે ઉદ્ગારો કાઢતા આપ્પાસાહેબ જેવા જે પૂરા રાજ્યભક્ત હતા તેઓને તો એમ જ લાગતુ કે બાદશાહી વિરૂદ્ધ આવી ઉદ્ધતાઈ કરનારા આ કૃતઘ્ન મૂર્ખ છોકરાઓને પકડી અન્ધારી કોટડીમા પૂરી ચાબખાના માર મારી તેમની શુદ્ધ ઠેકાણે લાવવી જોઇએ આપ્પાસાહેબ હમેશા આ ઉદ્ગારો કાઢતા તે બાદશાહના ખરા ભક્ત હતા પ્રસગે પોતાના પુત્રના મુખમાથી ભયકર ઉદ્ગારો નિકળતા સાભળતાં તેના અગપર કાટા ઉભા થઇ તેને અતિશય સંતાપ થતો, અને તેમાં વળી ઉપર વર્ણવ્યા પ્રમાણેનો પ્રસગ બન્યો પ્રત્યક્ષ તેનો પુત્ર મુસનમાનોની સેવા કરનાર નથી એવુ ખરી ત્રાગુ કરી જાણતો થયો ત્યારે તેના મનમા શુ થયુ હશે? આજ આટલી પેઢી આપણે બા શાહી અન્ન ખાતા આવ્યા, આપણી રગેરગમા તેનુ અન્ન છે, આપણે તેમની સેવામા જ આપણા દિવસ કાઢવા, તેને માટે પ્રાણ પણ અર્પવા એ જ ખરો પુરૂષાર્થ, એ જ ધર્મ તેના વિરૂદ્ધ એક શબ્દ પણ ઉચ્ચારવો એ કેવળ નિમકહરામી, એવા વિચારના જે કાઈ થોડા ઘણા જહાગિરદારો, કિલ્લેદારો હતા, તેમા આપ્પાસાહેબ પ્રમુખ હતા એમ કહેવામા હરકત નથી અને તેનો જ પુત્ર તેનાથી છેક ઉલટા વિચારનો ઉપજે, એ કાળનો અને ઋણાનુબંધનો કેવો મહિમા! આપ્પાસાહેબનો બા શાહીપર જેટલો

દઢપ્રેમ તેટલો જ નાનાસાહેબનો તે પ્રતિ તિરસ્કાર આથી અત્યારે આપ્પાસાહેબની કેવી ચમત્કારિક સ્થિતિ થઈ હશે? મહારાજાના નિરંકુશ અને ઉદ્ધત છોકરાની કૃતિ કર્ણોપકર્ણ આવે ત્યારે હમેશ અપ્પાસાહેબ તેના પર હસે, તેની ટર ઉડાવે ગાળો આપે અને આપ્પાસાહેબના મુખમાથી જેમ જેમ આ શબ્દો સભળાય, તેમ તેમ નાનાસાહેબનુ અન્ત કરણ અધિક દઢ થઈ શિવાજીબદલ તેની પૂજ્યબુદ્ધિ અધિકાધિક વધે આ નાનાસાહેબના મનની તૈયારી આપ્પાસાહેબની કૃતિનુ જ ફળ હતુ આથી આપ્પાસાહેબને બીજી શકા આવી કે આ મૂર્ખો શિવાજી પાસે તો ગયો નહી હોય ? એ જ પ્રમાણે ત્રીજી શકા આવી કે પોતે સ્વત નીચેના ગામોમાથી પોતાના જેવા જ ઉદ્ધત છોકરા એકઠા કરી લૂટફાટ બડ કરવાની તૈયારી તો કરતો નહી હોય? આ પ્રકારની ત્રણ શકાઓ વારવાર મનમા ખડી થઇ તેને અતિ ત્રાસ આપતી હતી અરેરે, જો આમાનુ કાઇ પણ થયુ હશે તો હમેશ માટે તે પુત્રની આશા ગઇ હવે તે પાછો ફરશે નહી એવી તેને પૂર્ણ નિરાશા થઇ તે જ નિરાશામા, તે જ સતાપમાં આપણે ઉપર કહી ગયા તે પ્રભાતે તે વૃદ્ધ કિલ્લેદાર નીચુ માથુ રાખી વિચારપમળમા વિટળાયનો બેઠો હતો તે શિવાય તેના અનેક દુ ખદ વિચારોનુ બીજુ પણ એક કારણ બન્યુ હતું તે કાલે સાંજે બિજાપૂરથી આવેલ લખોટો હતો

પુત્રની તપાસ કરાવી પત્તો મળ્યો નહી દુ ખદ પિતા દુ ખમા—શોકમા દિવસ ગાળવા લાગ્યો પુન બોલાને આ જ લગભગ એક માસ વીત્યો હતો તેના દુ ખમા તો હજી પૂર્ણપણે શુચાયનો હતો ત્યા બિજાપૂરના પત્રે તેમા પૂરતી કરી તે વિચારગ્રસ્ત સ્થિતિમાં બેઠો હતો તેને કાઈ પણ સુઝતુ ન હોતુ પુત્રની આશા હવે છોડી હતી તે સતાપ, ક્રોધ, નિરાશાના વિચારમા શૂન્ય હૃદયે બેઠો હતો એટલામા તેની વિચારશ્રેણીનુ ભગ કરતા એક હજુરીયાના શબ્દો તેને કાને અથડાયા — "સરકાર, બિજાપૂરનો જરૂરનો લખોટો લઇ એક સ્વાર આવ્યો છે અને અત્યારે જ આપને મળવા માગે છે '

ભયકર સ્વપ્નમાથી જાગૃત થતો હોય તેમ ચમકતો ત્રાસી બોલ્યો — ' બોલાવ, બોલાવ તેને એકદમ " મન સાથે બડબડ્યો —' વળી શુ બોલાણુ મડાઇ છે ?

થોડીવારમા બિજાપૂરથી લખોટો લાવેલ મુસલમાન સ્વાર અદર દાખલ થયો, નમી કુરનીસ કરી લખોટો કિલ્લેદારને આપ્યો તેની સલામ તરફ લક્ષ્ય ન આપતા કિલ્લેદારે લખોટો ફોડ્યો અદરનુ મજકુર ઘાડ ન હોતુ પણ તે વાચતા તેનુ મુખ કાળુ ડીબ્બા જેવુ થઇ ગયુ ક્ષણમાત્ર ખિન્ન થઈ સ્વસ્થ બેઠે, પણ તરત જ શુદ્ધિમા આવ્યા જેવુ થઈ હજુરીયાને બોલાવી આ સ્વારની વ્યવસ્થા કરવાનુ ફરમાવ્યુ અને પુન લોડને ટેકીને સ્વારી પડી દુ ખમય ઉપાધિ ॥ માઈ વિચારોને તેને અત્યત શોકસાગરમા ડબાડ્યો થોડોવખત આ સ્થિતિ રહી, પછી કાઇ વિચાર આવતા પોતાના માનીતા વિશ્વાસુ સેવક સુભાનીયાને બોલાવ્યો આજકાલ કિલ્લેદાર સાહેબની સ્થિતિ વિચિત્ર હતી, તેથી ડરતો દબાતો સુભાનીયો હાજર થયો, નમી, મુજરો કર્યો તેની સામે જોઈ ગભીરાઇથી આપ્પાસાહેબ બોલવા લાગ્યા —

"સુભાનીયા, તુ અમારો પેઢીજાત ઈમાની નોકર છે આજ એક અતિ જરૂરી અને વિશ્વાસનુ કામ પડ્યુ છે તે તુ બરાબર કરશે ના? આજ અમારે બિજાપુરથી બીજો લખોટો આ યો છે તેની તને ખબર ? શે અગાઉનીનો વખત છે, ખૂબ સાવધતાથી કામ બજાવવાનુ છે હુ પત્ર લખી આપુ છુ તે લઇ ત્હારે મિર્જાપુર જવાનુ છે મુરારરાવસાહેબને એ પત્ર હાથોહાથ પહોચાડવાનો છે ખૂબ સભાળથી, "

હજુ વધુ બોલે છે ત્યા એક દાસી દોડતી દોડતી ગભરાતી ગભરાતી દાખલ થઇ અને " મહારાજ, મહારાજ, ગજબ થયો ! ગજબ થયો ! " એમ પોકારવા લાગી

"પણ શુ છે ? શુ છે ?" ચિંતાના કપાળપર આટીઓ પાડતા આપ્પાસાહેબ બોલી ઉઠ્યા

" મહારાજ, ચન્દ્રાબાઈ અને ચીંગી આજ સવારથી પોતાના મહેલમા નથી અને ક્યાંએ મળતા નથી, ગજબ થયો સરકાર ! "

" હૈં ! શુ, શુ ?" હાથ પછાડતા આપ્પાસાહેબના મુખમાથી આ શબ્દો બ્હાર પડ્યા !

—અપૂર્ણ

વખત ગુજરાતમા અગ્રગણ્ય ગણાતા હતા અને અમદાવાદના જાહેરજીવનમા એમનુ નામ હમેશા પ્રથમ જ મૂકાતુ હતુ ગુજરાતને માટે એમનુ હૃદય કેટનુ અને કેવુ બળતું હતુ, એમના જીવનમા ગુજરાતને માટે એમણે કેટલો સમય ગાળ્યો હતો વિગેરેની કેટલીક બારીક વિગતો આ સગ્રહમાથી મળી આવે એમ છે ગુજરાતની રાજકીય અને સામાજિક અને આર્થિક સ્થિતિની નિર્બલતા અને કંગાલીયતપણાને અગે એક સાચા ગુજરાતીનુ હૃદય જેવી રીતે બળતુ હોય તેવી જ રીતે દિ બા અબાલાલનુ હૃદય ગુજરાતને માટે બળતુ હતું એ કથાની સાક્ષી આ પુસ્તકમાના હેમના ભિન્ન ભિન્ન પ્રકારના લેખોનો સમૂહ પુરે છે રાજકીય સ્થિતિની અધમતા અને પરાધીનતાના પ્રસગો વર્ણવતા સીધી ગુજરાતી ભાષામા અમલદારોને ટાણા માર્યાં છે, ત્યારે પ્રાન્તની કંગાલીયતભરી સાસારિક પરિસ્થિતિઓના દુઃખભર્યાં વર્ણનો રજુ કરતા અને પ્રજાને પોતાના કર્ત્તવ્યોના ભાન કરાવતા નીડરતાથી હેમના દોષો ખુલા કર્યા છે સ્ત્રીઓની શારીરિક નિર્બળતાએ આજ સદીઓ થયા ગુજરાતમા જે ઘર ઘાલ્યુ છે અને ગુજરાતનો પ્રજાવર્ગ જે રીતે આ દુર્ભાગ્ય તરફ બેદરકાર રહ્યો છે તે સ્હામે પણ એમણે સચોટ રીતે ઠપકો આપ્યો છે ગુજરાતના શિક્ષિતવર્ગ—પછી તે સ્ત્રી હો કે પુરૂષ હો, ધનિક હો કે રક હો—જે હો તે હો પણ હેમણે સૌએ દેશના આના દારિદ્યો દૂર કરવા સતતતાથી સબલ પ્રયત્નો કરવા જોઇએ દેશ સમસ્તની શારીરિક નિર્બળતા એટલી બધી અધમ દશાયે પહોચી છે કે એના પરિણામે આજે દેશ પરાધીનતા અને પરાશ્રયમા ડૂબી ગયો છે દેશની ઉનતિ અને પ્રજાના કલ્યાણની વાતો કરવામા જે સમય આપણા દેશહિતચિન્તકો ગાળે છે એટલો વખત સતત કાર્ય કરવા તરફ પ્રેરવા એ વધારે જરૂરનુ છે ગુજરાતમા પણ આ દોષ બહુ ઉંડો પેઠો છે અને દિ બા અબાલાલભાઇએ આ દોષને બહુ સ્પષ્ટ શબ્દોમા દર્શાવ્યો છે પ્રારભશૂરા ગુજરાતે સ્વદેશીની અને બૉયકૉટની બગીય હિલચાલને પ્રસગે દિ બા અબાલાલભાઇના નેતૃત્વ નીચે જે સબલ ટેકો દેશને આપ્યો હતો તે વાત ગુજરાતનો એ સમયનો ઇતિહાસ જાણનાર કહી શકે એમ છે દિવાન બહાદુર કહે છે તેમ ' સાધન તમામ ઘર આગળે તૈયાર છે, પણ આપણુ આળસ આડે આવે છે ખરૂ પુરૂષત્વ ટ્હાડા લોટીમા નથી, સાહસ તથા પરાક્રમમા છે, ' વિગેરે ઘરગથ્થુ અને અતિ માર્મિક વાકયો ગુજરાતનુ જીવન જીવનારી વ્યક્તિઓ સ્હમજે તો ઘણ કલ્યાણ થાય તેમ છે આમ આ આખુ પુસ્તક ઉપયોગી વિષયોથી ભરપુર છે અને ગુજરાતને અમે નમ્ર પણ સખત વિનતિ કરીએ છીએ કે તેણે આ લેખસગ્રહ અવશ્ય વાચવો અને મનન કરવો રા વૈકુઠનાને જે પ્રેમપરિશ્રમ લીધો છે તેનુ સાર્થક એ ભાઇને થયુ ક્યારે લાગશે કે આ પુસ્તકને ગુજરાત સન્માનથી પ્રેમપૂર્વક વધાવી લેશે ત્યારે ગુજરાતી સાહિત્યમા તો બેશક આ પુસ્તક ઉચુ સ્થાન લેશે અને ઉપયોગી નિવડશે

આ ઉપરાત ગુજરાતના એક જાણીતા વિદ્વાન પ્રૉ બળવતરાય ઠાકોરે આ પુસ્તકની શરૂઆતમા લગભગ પોણોસો પાનાનો દિ બા અબાલાલભાઇ ઉપર નિબધ લખી પુસ્તકને વધારે

મસ્તનીગ્રહ ભાગ ૨ જો. રૂ ૧-૮-૦ એન એમ. ત્રિપાઠી એન્ડ કપની, મુબાઈ.

ઉપયોગી બના યુ છે પ્રૉ ઠાકોર અતિ વ્યવસાયી હોવા છતા પણ દિવાન બહાદુર તરફના ત્હેમના સ્નેહભર્યા મમતને લીધે ત્હેમણે જે સુન્દર અને વિદ્વત્તા ભર્યો ઉપોદ્ઘાત લખ્યો છે તે માટે અમ્હે ત્હેમને અભિનન્દન આપીએ છીએ પ્રૉ ઠાકોર યોગ્ય રીતે દિવાનબહાદુરને રજુ કરે છે કે 'અમ્બાલાલ ભાઈ મહા પુરુષ હતા નહિ અમ્બાલાલભાઇ પ્રતિભાશાલી હતા નહિ, અમ્બાલાલભાઇને એમના જમાનાની હારમા એમના જમાનાની દૃષ્ટિએ જોવાના છે, આથી ઉચ્ચતર દાવો એમના માટે કરવામા આવે તો એવી વકિલાત એ સત્યનિષ્ટ અને મહાપુરુષોના સાચા ઉપાસક પોતે જ અયોગ્ય ગણે' પ્રૉ ઠાકોરે આ રીતે દિવાનબહાદુરની તુલના નિષ્પક્ષપાત રીતે જોનાર એક વ્યક્તિ તરીકે કરી છે અને તે કહેવું સત્ય જ છે આપણામા વીરપૂજાનો અન્ધભાવ જે રીતે વર્તમાનમા પ્રચલિત થયેલો જોવામા આવે છે અને એ ભાવને અંગે આપણે ક્ષણભર આપણી અને સ્હામાની જાતને ભૂલી જઈ જે વધારે કે ઓછી પડતી તુલના કરીને પ્રજાને અવળે માર્ગ દોરી જઈએ છીએ ત્હેમણે આ ગુણ લેવાની અને સ્હમજવાની જરૂર છે પ્રૉ ઠાકોરને દિવાનબહાદુર માટે ઘણુ ઉંચુ મમત્વ હતુ, ત્હેમને માટે સંપૂર્ણ માન હતુ છતા પણ જે વિવેકદૃષ્ટિથી એમણે તુલના કરીને આ આખો ઉપોદ્ઘાત લખ્યો છે તે બેશક ઉંચા પ્રકારનો છે આ લેખ પ્રૉ ઠાકોરના એક ઉત્તમ લેખ તરીકે આજ પ્રજા પાસે રજુ થયો છે દિવાન બહાદુર સાથેના ત્હેમના અંગત પરિચયો અને પ્રસંગો દ મિયાનના ત્હેમના—દિવાનબહાદુરના—વિચારો અત્રે દર્શાવીને આ લેખને વધારે ઉપયોગી બનાવ્યો છે

આ રીતે આ પુસ્તકની ઉપયોગીતા વધારીને રા વૈકુંઠલાલના શ્રમને એમણે વેગ અને ઉત્સાહ આપ્યા છે આમ પુસ્તકની ઉપયોગીતા અને પ્રકાશકના શ્રમને સ્હમજીને ગુજરાત તેની યોગ્ય કદર કરશે એવી અમ્હને આશા છે અમ્હે રા વૈકુંઠલાલને આ પ્રસિદ્ધિકાર્ય, માટે અભિનન્દન આપીએ છીએ પુસ્તકમા પ્રસિદ્ધ થયેલા લેખો અને ભાષણો શિવાય કેટલાક બાકી પણ રહ્યા છે અને અમ્હે રા વૈકુંઠલાલને સૂચવીશુ કે એ બાકી રહેલ સંગ્રહમાથી પણ કોઇ કદાચને ઉપયોગી તત્વ બાકી રહ્યુ હોય તો તે તારવી કહાડી તેની બીજી આવૃત્તિ વખતે પ્રજા પાસે રજુ કરે

—ર. ગો. ત્રિ.

૩. પવિત્ર હૃદયની પ્રાર્થનાનુ માન એક ચિત્ર પ્રકાશક, સી એન શર્મા, માણાનગર મૂલ્ય રૂપીઓ એક

રા શર્મા તરફથી ઉપર કથિત ચિત્ર અમ્હને અવલોકન માટે મળ્યુ છે તે ઉપકાર સાથે અમ્હે સ્વીકારીએ છીએ ચિત્ર પરિચયમા રા શર્મા લખે છે તે પ્રમાણે આ ચિત્ર જુદી જુદી જાતની અનેક શાહીમા છપાયુ છે અને તેનુ કદ અઢાર ઇંચ પહોળુ અને બાવીસ ઇંચ લાંબુ છે આ ચિત્રને તૈયાર કરાવતા રા શર્મા લખે છે કે હજારોનો ખર્ચ થયો છે ચિત્રની વિગત એવી છે કે 'ગર્ભવતી એક મનોહર હરિણી એક નાના બચ્ચા સાથે ભયાનક સંયોગોથી ઉભી છે એક શીકારીએ તેને ઘેરી વનમા એક તરફ આગ લગાડી છે બીજી બે બાજુએ જાળ પાથરી છે અને એક તરફ પોતે બાણમાં તીર ચઢાવી કૃતાંત સદ્દશ ઉભો છે પાસે તેનો કુતરો

પણ તૈયાર છે હરિણી આ ભયાનક અવસ્થા જોઈ રક્ષા માટે શુદ્ધ અંતઃકરણથી પ્રાર્થના કરે છે તે જ વખત આકાશમાં અચાનક ઘનઘોર ઘટા છવાઈ રહે છે અને મૂશળધાર વરસાદ વરસવા માંડે છે જેથી વનમાં લાગેલ આગ બુઝાઈ જાય છે, વાવાઝોડાથી જાળ તુટી જાય છે ઉપરથી વિજળી પડે છે અને કુતરો મરી જાય છે પાછળથી ઘાસમાંથી એક સાપ નીકળી શીકારીને કરડે છે અને તેથી તેનું મૃત્યુ થાય છે આ પ્રમાણે તે દીન હરિણીને સહાય કરી પરમકૃપાળુ પ્રભુ તેનો પ્રાણ બચાવે છે '

ચિત્રની છપાઈ એકંદરે સુઘડ અને સ્વચ્છ છે અને ભાવ પણ એક દરે ઠીક દર્શાવ્યા છે પ્રભુના અસ્તિત્વમાં અશ્રદ્ધા રાખનાર નાસ્તિકવર્ગને અને પ્રભુથી ડરતા પણ પાપકર્મમાં સ્વચ્છન્દે વિહાર કરનારાને પ્રભુભક્તોના સુન્દર આદર્શો અને સફલ શ્રદ્ધાનું પરિણામ આ ચિત્ર દર્શાવે છે ચિત્રકલાની દૃષ્ટિએ પણ આ ચિત્ર સારૂં છે અને તેની કિંમત પણ સાધારણ છે જો કે અમ્હે ઇચ્છીએ છીએ કે કેવળ આર્ટ પેપર ઉપર જ છાપીને આ ચિત્ર વેચાય છે તે કરતાં ચિત્ર વળી જાય નહિ અને બગડે નહિ તે માટે પ્રકાશકે બીજી કોઈ વધારે સારી ગોઠવણ કરી હોત પ્રયત્નને અમ્હે આ ચિત્ર માટે ભલામણ કરીએ છીએ અને રા સી એલ શર્મા, શાન્તિભુવન, બાગનગર, ચોવીસ પરગણા, એ સરનામેથી ચિત્ર રૂપીઆ એકના મૂલ્યે મળી શકે છે

—સ. ઑ.

ન્હાની, મ્હોટી, જાહેર કે ખાનગી લાયબ્રેરીનાં

પુસ્તકોના ઉત્તમ સંગ્રહ.

૧.

સ્વ. ગોવર્દ્ધનરામ ત્રિપાઠી —

	રૂ. આ.
સરસ્વતીચન્દ્ર ભા. ૧ થી ૪	૯–૮
લીલાવતી જીવનકલા	૦–૧૨
દયારામનો અક્ષરદેહ	૧–૪
સ્નેહમુદ્રા (કાવ્ય)	૧–૦
Marriage Forms under Ancient Hindu Law	0–12
Classical Poets of Gujarat (1916 Edn)	0–6

પ્રૉ. કાન્તિલાલ પંડ્યા —

સ્વ. ગોવર્દ્ધનરામનુ જીવનચરિત	૧–૦

સ્વ. પ્રૉ. મણિલાલ નભુભાઈ —

બાળવિલાસ	૧–૦
ગુલાબસિંહ	૨–૦
ચારિત્ર	૧–૦
સુદર્શન ગદ્યાવલિ	૫–૦

રા. મણિલાલ છબારામ ભટ્ટ —

ઝાંસીની રાણી (સાત સુન્દર ચિત્રો સાથે)	૩–૦
સુંદર બ્હેન	૦–૧૨
ગુજરાતની જુની વાર્તાઓ(ચિત્રોસાથે)	૨–૦
પૃથુરાજ ચૌહાણ અને ચંદ્રવરદાયી (નવી આવૃત્તિ ૭ ચિત્રો સાથે)	૨–૦
રતિસુંદરી	૧–૮
પતિવ્રતા સતિઓ (૨૪ ચિત્રો સાથે)	૩–૦
પતિમા નાટક	૧–૦
ગુર્જરી, ગુર્જરીની શેશાળી	૧–૪

રા. છગનલાલ હરિલાલ પંડ્યા —

	રૂ. આ.
કાદમ્બરી (સચિત્ર) આવૃત્તિ પાંચમી	૨–૧૦
એક અપૂર્વ લગ્ન (નવલકથા)	૦–૮
કાઉન્ટનુ અનુસરણ ભાગ પહેલો	૦–૮
સચિત્ર મૃનાક્ષરના પત્તા	૦–૮
મનોરંજક વાર્તાવલિ (છપાય છે)	૦–૮
નિશુલ્કસ્નેહ	૦–૮

રા. ગણપતરામ અનુપરામ ત્રવાડી —

જાતમહેનત (સેલ્ફહેલ્પનું ગુજરાતી ભાષાન્તર)	૩–૦
દરિઆપરના દેશોની વાતો	૨–૦

રા. હિંમતલાલ અંજારિઆ —

કવિતા પ્રવેશ	૧–૯
કાવ્યમાધુર્ય	૧–૮
મધુબિન્દુ	૦–૪
કિન્ડરગાર્ટન સમ્બન્ધી ૭ લેખો	૦–૬

સ્વ. ભગુભાઈ ફતેહચંદ કારભારી —

અંગ્રેજી–ગુજરાતી પૉકેટ ડીક્ષ્નેરી	૧–૧૨
ગુજરાતી–અંગ્રેજી " "	૧–૧૨
સ્ટાર અંગ્રેજી ગુજરાતી ડીક્ષ્નેરી	૦–૧૨
ટોડકૃત રાજસ્તાન (બે ભાગમાં)	૫–૦

રા. ભોગીન્દ્રરાવ દીવેટીઆ —

આસીસ્ટંટ કલેક્ટર	(મળતી નથી)
નવરંગી બાળકો	૦–૪
કાઉન્ટ ટૉલ્સ્ટૉયની વાતો	૦–૪
ઉષાકાન્ત [નવી આવૃત્તિ છપાય છે]	–
મોહિની	૧–૦
મોતીસીટર	૦–૧૨

એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કંપની, બુકસેલર્સ ઍન્ડ પબ્લીશર્સ

પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ, નં. ૨.

આપના ઓર્ડરમાં સમાલોચકની નોંધ લેજો

ઑર્ડર સમાચારની નોંધ લેશો

Printed by K. R Mitra at the Manoranjan Press, 3 Sandhurst Rd Girgaon Bombay,
Published by Ramanyaram Goverdhanram Tripathi at Messrs. N M Tripathi & Co's
Princess Street Kalbadevi Bombay

સમાલોચક

મુખ્ય લેખો.

૨ આપની [illegible]માં [illegible] નામ લેજો.

નં. ૩૫૪, કાલબાદેવી રોડ, મુંબાઈ નં. ૨.



આપના ઓર્ડરમા સમાલોચકની નોંધ લેજો

...આપનો ઑર્ડરમાં સમાલોચકની નોંધ લેશો

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत्।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥ भ. गी. १७-१५

પુસ્ત- ૧૪ મું.] જુલાઈ ઈ. સ. ૧૯૧૯. [અંક ૭ મો.

તન્ત્રી—રા. અંબાલાલ બુલાખીરામ જાની બી. એ.
રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ., એલએલ. બી.
પ્રકાશક—રા. રમણીયરામ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી.

વિષય. વિષયાનુક્રમણિકા. પૃષ્ઠ.

વાર્ષિક લવાજમ રૂપીઆ ચાર,
હિન્દુસ્તાન બહાર શીલીંગ છ=રૂ. ૫-૧૨-૦. છુટક અંકની કિંમત આઠ આના.
પૂરવણી, ૧૯૧૮ ને ૧૯૨૦ ના ત્રણ વર્ષના લવાજમ રૂ. ૧૦, હિન્દ બહાર રૂ. સવાપંદર.
આ લવાજમ શરૂઆતમાં જ લેવામાં આવે છે.



સમાલોચક, } રામચન્દ્રની મૂર્છા. [જુલાઈ, ઇ સ ૧૯૧૯
ચિત્રકાર, રા પટેલ] [કાપીરાઈટ

[શમ્બુકને મારીને રામચન્દ્રજી પંચવટીમાં વાસન્તી સાથે ફરે છે ત્યાં સીતાજીનું સ્મરણ થતાં મૂર્છા થાય છે ત્યારે સીતાજીના હસ્તનું સ્પર્શસુખ અનુભવવાનો સંભ્રમ થતાં રામચન્દ્રની સ્થિતિ]

રામ [આનન્દથી નયન ઓકાઈ જાય છે] અયિ વાસન્તિ ! પ્રભુનો પાડ માન

વાસન્તી દેવ ! કેમ નાકું ?

રામ બીજું શું હોય ? જાનકી ફરી મળી

વાસન્તી: અરે ! દેવ રામભદ્ર ! ક્યાં છે ?

રામ [સ્પર્શસુખનો અભિનય કરતા] જો આ સામે જ [illegible]

—ઉત્તરરામચરિત, અંક ૩



સિદ્ધરાજ અને રાણકદેવી.

સમાલોચક]
ચિત્રકાર રા પંડિત]

[જુલાઇ, ઇ સ ૧૯૧
[પીગઇર

[શ્રી ખેંગારને હણી સિદ્ધરાજ રાણકદેવીના અ ત પુરમા આવે છે રાણકદેવીને પોતાનો સ્વીકાર કરવા કહે છે દેવી અસ્વીકાર કરે છે સિદ્ધરાજનો ક્રોધ ચિત્રમા ક્રોધિતરાજ તેના પુત્રનો વધ કરવા તરવાર ખેંચે રાણી અને પુત્ર ભયગ્રસ્ત જણાય છે]



પુસ્તક ૨૪ મું,]   જુલાઈ, ઈ સ ૧૯૧૯   [અંક ૭.

મહાયુદ્ધનો આરમ્ભ ઓગસ્ટ ૧૯૧૪

લેખક—પ્રૉ બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર બી એ

[ઇંગ્લાંડે જર્મની સામે યુદ્ધ માંડ્યું સર એડવર્ડ ગ્રે અને એસ્ક્વિથના ભાષણો અને હિન્દના વાઇસરોય લૉર્ડ હાર્ડિંગે હિન્દમાંના ઇંગ્રેજ અને દેશી લશ્કરનો ઘણો મોટો ભાગ રણભૂમિ તરફ મોકલી દીધો, એ ખબરો, લગભગ સાથે જ પ્રસિદ્ધ થયા આ સોનેટ એ અરસામાં લખી હતી હવે જર્મનીએ સન્ધિની શરતો સ્વીકારી છે અને આખી દુનિયામાં પ્રજાસત્તાનો વિકાસ ઉન્નતતર અને ઝપાટાબંધ આવ્યો છે, એટલે આ તે ટાંકણે કરેલી પ્રાર્થના છે]

પૃથ્વી વૃત્ત

અર્થાનુસારી યતિબન્ધ.

પિતા, દિવસ આ ઉગે, અરુણ આભ દેખાય આ,
—પ્રકાશ પણ કેમ એ નિરખિ વ્હેમ ખાતી દગ ?
નિશાન્તસપના વિષે ઊડિ હતી ઉષા સૌમ્ય જે,
ઝબૂકિ પલકેક પ્રેમશ થી વિલીન ગૈ જ જે,
ન તે ... આજનો રુધિરરંગી આ લાલિમે
—અને તદપિ વાય છે અનિલ મસ્ત ઉત્સાહના,
વહે છ ... વ્યોમમાં ગર્જન ભૂમિભક્તિ તણાં
... પ્રકટી રહે ... યજ્ઞ ...

પ્રભો વિશ્વ આ નવો, જગત આ નવો, તેહમા
જુના રતનમત્ર કેમ અરપુ જુની પ્રાર્થી ॥
નાી નિ જુ ॥ ધરુ, ન અસતી ક્રિયા ક ડુ
નટે નણુ અપૂનને નનન વેદમનાનતિ।
પડે નનન નહિમા અનુનમૂલ્ય ળવો બનિ।
નિત નખનખા કરો સફ્ન યગદી ॥ પ્રભો।×

મૈસુરની સોનાની ખાણ.

એક મુલાકાત.

લખક—શ્રી કાન્તિલાલ છગનલાલ પડ્યા, એમ એ

મૈસુર રાજ્યની સોનાની ખાણોની મુલાકાત લેવા હુ બહુ આતુર હતો સન ૧૯૧૧થી ૧૯૧૩ સુધી જ્યારે હુ બેંગલોરમા તાતાએ સ્થાપેલા ઇન્ડિઅન ઇન્સ્ટિટ્યૂટ આફ સાયન્સમા હતો તે વખતે મ્હારા મિત્રોની સાથે ત્યા જવાને માટે બે વાર પરવાનગી મેળવી હતી, પરતુ અનિવાર્ય સયોગોને લીધે તેઓની સાથે હુ જઇ શક્યો ન્હોતો તેથી આ ઉનાળામા હુ જ્યારે પાછો આ ઇન્સ્ટિટ્યૂટમા રજા દરમ્યાન કામ કરવા આવ્યો ત્યારે આ ખાણો જોવા તરત પ્રયાસ કર્યો અહીંના એક પ્રોફેસરની મારફત પરવાનગી મેળવી અને તા ૭ મી જુનનો દિવસ નક્કી થયો

૧ બેંગલોરથી કોલાર

અમે ૭ જણ હતા અમારે પ્રાતઃકાળમા ૭ ૨૦ વાગે બેંગલોર છાવણીને સ્ટેશનથી નીકળતી મદ્રાસ એન્ડ સધર્ન મરાઠા રેલ્વેની ગાડીમા નીકળવાનુ હતુ ઇન્સ્ટિટ્યુટના વિદ્યાર્થી-નિવાસગૃહમા અમે સૌ રહેતા હતા ત્યાથી આ સ્ટેશન બરોબર ચાર માઇલ દૂર હતુ તેમ ઇન્સ્ટિટ્યૂટ બેંગલોર શહેરથી પણ એટલુ દૂર છે કે આ સ્થળે કોઈ વાહન તૈયાર હોતુ નથી ને પરોઢીએ એટલે વ્હેલુ શહેરથી—ઓછામા ઓછે બે માઇલ જેટલે અંતરેથી ગાડી લઇને આવે એ પણ અસભવિત હતુ તેથી અમે ચાલતા જવાના હતા, અને તેથી સવારે ૭ વાગે મોડામા મોડુ નીકળવુ જોઇએ એમ હતુ

વિદ્યાર્થીઓના નિવાસગૃહના વર્ણનથી જેઓ થોડા ઘણા પણ પરિચિત હશે તેઓને આશ્ચર્ય નહિ લાગે કે અમારા ૭ જણમાથી એ જણુ રાત ૧ જાગેલો ને ઉઠવાનો વખત થયો હશે

× યુદ્ધ ચાલ્યુ તે દરમિયાન લગભગ પદર લાખ હિન્દીઓ સૈનિકો તરીકે જુદા જુદા રણક્ષેત્રામા લડ્યા હતા મજુરો તરીકે પણ કટલા લાખ હિન્દીઓ ગયા હતા તે જુદા આ સર્વમાથી કેટલા ખપી ગયા કેટલા ઘવાયા એની ચોક્કસ સખ્યા જણાવવામા નથી પણ તે દોઢ લાખ ઉપર તો હોવી જ જોઇએ એવી ધારણા છે ઇગ્લાડ ફ્રાસ અને અમેરિકાના લશ્કરોના પ્રમાણમા કેટલા હિન્દીઓ ગુમ થયા હતા અને તેમાના ખપી ગયા અને ઘવાયા તે પણ જુદા

કરીને એણે બીજાને જગાડ્યો સ્વાભાવિક રીતે કેટલા વાગ્યા ? એ પ્રશ્ન થયો, પરન્તુ બન્નેમા થી કોઇની પાસે ઘડીયાળ નહિ હોવાથી, આ મહત્વના પ્રશ્નનો નિર્ણય કરવાને તેઓ બન્ને ત્રીજાની ઓરડી આગળ આવીને બારણુ ઠોકવા લાગ્યા પહેલો મગાળી હતો—કલકત્તા યુનિવર્સિટીનો એમ એ સની હતો નાનનો જરા મ્હેરો હતો અને તે કારણુની હોય કે બીજા કોઇ હેતુથી હોય—પોતાની ઓરડીમા મ્હોટો શખ રાખતો ને વારવાર ફુકતો આ પ્રમાણે અત્યારે શખના ઘોરથી, બારણાના અવાજથી તેમ જ બુમથી પણ ત્રીજા—જે પજાબી લાલા હતા—એમની ઉંઘ ઉડી તો ખરી, તેમ થોડી વાર પછી શખ ફુકનારને પણ ખબર પડી કે સૂતાગ જાગ્યો કે કેટલા વાગ્યા એમ પૂછતા, લાલાજીએ વિજળીનો દીવો પ્રગટાવી લગભગ ચાર વાગવા આવ્યા છે એમ જવાબ દીધો

આ જવાબથી બગાળી મહાશય તથા એમનો સાથી—જે મેંગલોરમા જન્મેલ પણ હવે મૈસુરનિવાસી થયેલો મદ્રાસ યુનિવર્સિટિનો ગ્રેજ્યુએટ હતો—તે બન્નેને નિરાત વળી કે આપણે વખતસર ઉઠ્યા છીએ બહાર વરસાદ ઝરમર ઝરમર પડતો હતો આગળી નાત પડતો, એટલે ઠડ ઘણી જ હતી લાલાજીને ઉઠવાનુ કહી, તેઓ બન્ને બીજાઓને જાગૃત કરવા લાગ્યા આ મુશ્કેલ કામને માટે પણ વખત પૂરતો હતો એટલે નિરાતે—એક પછી એક દરેકની ઓરડી આગળ—પછી તે અમારા ટમાનો એક હોય કે ન પણ હોય પરન્તુ અત્યંત નિષ્પક્ષપાતથી તેઓ લગભગ દરેક જણની ઓરડી આગળ ગયા ને જ્યારે અદર સૂતા દીવો પ્રકટાવે એટલે એ જાગૃતિની સજ્ઞા લઇ આગળ વધવા લાગ્યા

મ્હારી આખ પણ ઢોલ વાગે ઉઘડી હતી, પણ તેઓના જેટલી સમાજસેવાની તીવ્રબુદ્ધિ નહિ હોવાથી, તેમ કદાચિત્ નિદ્રાની કાળજી વધુ કદર હોવાથી, સમાચાર પછી ઉઠીશ એમ કરી સુઇ રહ્યો હતો ત્યા તો મ્હારી બારી આગળ ગખ ને વાસળી બે વાગવા માડ્યા આખરે ના છૂટ્યુ ”—“ ઉપકાર થયો ” કહી એમને વિદાય કર્યા

આમ કરતે કરતે અમારી ભાગી, નાહી, ન્હા નાસ્તો લઇ, ૭ વાગતે નીકળવાને તૈયાર થઇ વરસાદ બધ રહે તો એમ આશા રાખી હતી, પણ એ આશા ઇન્દ્રરાજાએ સાભળી નહિ—કે કાનો કોઇ અગમ્ય “ સેન્સર ” ને લીધે, એમને પહોચી નહિ હોય છેલ્લી ઘડીએ કેટલાએક જણાની ઓળખોળા કરી—કારણ કે દરેક જણ છત્રી રાખવાની જરૂર જોતા નથી—કેટલાક ફરી ઉંઘી ગયેલાઓને ઉઠાડી, એમની છત્રીઓ લઇ અમે ધારવી સ્ટેશન તરફ ઝડપમા નીકળી પડ્યા

વરસાદ ઝીણો ઝીણો ચાલુ હતો પણ પ્રાત કાળના ઉજાસમા બીની વીતેલી, લીલા ઝાડોની ઘટાઓ, લાલ માટીવાળા ઉંચા નીચા પ્રદેશો, એ સર્વથી બનેલા મનોહર દેખાવે અમારી ચાર માઇલની મજલ આનન્દકારક બનાવી દીધી બૅંગલોર ધારવી (કેન્ટોન્મેન્ટ)નુ સ્ટેશન આવી બહુ જ સાકડુ ને ન્હાનુ છે ભીડ ઘણી હતી ગાડી જરા મોડી થઇ પરન્તુ જરા સાવધતાથી તેમ જ અમારા સઘ પહેરવેશથી—કેટલાકની અંગ્રેજી ટોપીથી—અમે ૭ જણા

એએ એ આમો– ' ૨૨ માગમા બેમે " એવો ્મો રોખી લીવો અમે સુખમા હતા–પણ મેમ્ન્ડકનાસ અહિત બીજા બધા ્ાા ભોરમ ભરાતના હતા ્માગ ખાનામા કોઈએ આવવાનો પ્રયત્ન પગ ન ્ના એ જેઈ જગ આ ાય નાગ્યુ

ઠાન ી ર્ર ાી ઉપ્ાયા પછી ્ગનેગ્ની અ ગ્રે્ તથા પ્રિરિત નસ્તીના લત્તાઓ, ગોનીના મનાહર બગનાઓ રમ્ય એક સરખ ગ્નાઓ ગૃહ–ઉદ્યાનો વગેરે જેવામા ઘણી મઝા પડી રસ્તામા આવતા સ્ટેશનોના નામના પાટીઆ ઉપર અ ગ્રેજી ઉપરાત બીજી ભાષાઓ હતી એ વિ પણ વાનાગ રમ્ઠ ન્ા નથા ન રારો થતા ૯–૧૦ વાગે મોરિગપેગ સ્ટેશન આ યુ–અથવા વસ્તુત અમે એ સ્ટેશને આવ્યા અમારી ગાડી સીધી મદ્રાસ જતી ્તી અને અમારે ન મ ીને કોનરગો ્રી ્ રેલ્વે 'મા બેસવાનુ હતુ તે તૈયાર ઉભી હતી એમા બે ા પછી ગાડી ન્યારે ત ઉપડી ાનુ એની ઝડપ બ્ુમા બ્ તો ૧૫ ૧૭ માઇલની હતી નહી ન્યાર તા તેથી ય અર્ધા થઈ જતી

લગભગ દશ વાગને *Nine reefs* –' નન મેરે " નામનુ સ્ટેશન દીઠું કોનરની સોનાની ખાણાના પ્રા શ ગરૂ થયો એની સાળીની આસપાસના કેટલાક મકાન તથા સચા ભ નગેરેના દેખાવથી મગી ચુખી અહીંથી જેવા અમે અ ગળ વધ્યા એટલે મરખાનાઓ,•ખાણના મોંગ ઉપર ઉભા કરેલા ઉંચા ઉંચા લોખંડના સચાઓ, ખાણમાથી ની્ળેલા પથ્થરો તથા ઝીણી આસમાની રગની રેતીના પ્રચંડ ઢગલાઓ વચ્ચે વચ્ચે સરસ બાગ બગીચાવાળા બગ લાઓ તથા સેંકડો એકસરખા ઝુ પડાઓની હાગની હાર વગેરે ઝડપમા નજરે પડવા લાગ્યુ ્રસ્તામા તો ' ઉર્ગામ " ્રીતે બીજુ સ્ટેશન આ યુ સાથી આગળ વધ્યા એટલે ' ચમ્પીઅન " નામનું સ્ટેશન આ યુ જે ગૃહસ્થ અમને ખાણો બતાવવાના હતા તેઓ અહીં અમને મળ્યા પણ અમારે તે પછીને તથા છેક છે ને સ્ટેશને ઉતરવાનુ હતુ આ સ્ટેશનનુ નામ " મારીકુપ્પ ' હતું, અને અમે સના દસ વાગે ત્યા ઉતર્યા

૨ ખાણની અ દર જમીનથી ૯૦૦૦ ફીટ નીચે.

આખો રસ્તો અમે ઘણી મઝા ્રી હતી, અને હવે આ નવીન સ્થળ જેઈને અમે થાક-બાક સૌ ભૂલી ગયા, ને પુષ્્ળ આતુરતાથી અમારા ભોમિયાની સાથે નીકળ્યા એ ગૃહસ્થ મૈસુર રાજ્યના અમલદાર હતા ને બધી ખાણોના સબ–ઈન્સ્પેક્ટર હતા ખાણોમા થતા અક સ્માતોની તપાસ ્ગી, તથા રાજ્યે ઘડેલા કાયદાઓ ખાણ ચલાવનારી કંપનીઓ બરોબર પાળે છે કે નહિ તે જેવુ એ એમનુ કામ હતુ સાજ સુધીમા તો એમનુ બહુ સારૂ ઓળખાણ થયુ તથા એમના તરફ આભાર તથા આ્ર ઉત્પન્ન થયા

અમારી ટોળીમા સૌ રસાયનના અભ્યાસીઓ હતા ગ્રેજ્યુએટ, જુદી જુદી યુનિવર્સિ-ટિનો, ઇન્સ્ટિટ્યૂટમા જુ ા જુદા વિ યો ઉપર કામ કરેલા, અને લગભગ સૌ જુદી જુદી માતૃભાષા બોલનારા હતા બગાળી પજા ી, ને એમ જન્મથી નહિ પણ નિવાસથી મૈસુરી ્અન ્યા ા િરે તો હુ ્ી ચુકેલો છુ ચોથો મૈસુર યુનિવર્સિટીનો બી એ અને " પડ્ક

મૈસુરીઅન" હતો, એટલે ત્રીજો ને ચોથો એ જણ કાનડી બોલતા હતા પાયમો મેગનાનો હતો પણ એની માતૃભાષા તુલુ હતી–જે લગભગ એક બોલી જ છે, તખાની સ્વાતી ભાષા નથી લખવા વાચવા માટે કાનડી સાધારણ રીતે વપરાય છે એ ત્રણ જણા કાનડીમા વાત કરી શકતા, ને બાકીના અમે ત્રણ હિન્દુસ્થાનીમા વાત કરતા–જો કે મ્હોટે ભાગે અંગ્રેજી વપરાતી

ખાણનુ કામ અમે જે ક્રમમા જોયુ તે ક્રમ જોવાની સગવડો લીધે ચાલુ રહ્યો હતો પરન્તુ આ કામની બરોબર સમજ પડે તે માટે આ લેખમા સોનાના જીવનનો જે ક્રમ હોય છે તે ક્રમપ્રમાણે વર્ણન કરીશ અમે દીઠુ એ ક્રમમા નહિ

ખાણોનુ દર્શન નાખ્યા પછી, ચિત્રો નિહાળ્યા પછી પણ, તહેનો મગે ખ્યાલ આવતો નથી એમ અમને જોયા પછી લાગ્યુ, એટલે વાચનારને પણ પૂરેપૂરો–આબેહુ ખ્યાલ આ ન્હાનકડા તથા સરળ લેખ ઉપરથી આવશે એ આશા મ્હે રાખી જ નથી કમતા કાઇક ખ્યાલ આવે—સત્યના કાઇક અંશનુ દર્શન થશે– તો પણ ઓછુ નથી

અમે ૧૦ વાગે સ્ટેશનેથી નીકળ્યા ને પાછા લગભગ ૨॥ વાગે આવ્યા ને છતા કેટલીક અગત્યની વસ્તુઓ પણ–અમારા ભોમિઆની સગવડને ખાતર–છોડી દેવી પડી હતી લગભગ ૪॥ કલાકનુ ચાલવુ તથા ફરવુ–અને તેમા પણ ખાણના મુખ્ય ભાગ જ જોયા–એટલે ખાણના આખા કામનો વિસ્તાર કેટલો હશે ત્હેની કાઇક સમજ પડશે

ધાતુઓ પૃથ્વીની ઉપર અથવા અંદર બે પ્રકારના રૂપમા મળી આવે છે કા તો તે બીજા તત્ત્વો અથવા પદાર્થો સાથે રાસાયનિક રીતે મળી ગઈ હોય છે અથવા તે પોતાના શુદ્ધ રૂપમા જ હોય છે સોનુ મ્હોટે ભાગ એટલું શુદ્ધ જ હોય છે, જો કે કેટલેક સ્થળે એની સાથે રૂપુ ચાદી અથવા ટેલુરીઅમ નામની ધાતુ રાસાયનિક રૂપે મળી ગયા હોય છે કોલારની ખાણોમા સોનું શુદ્ધ રૂપે જ છે, એટલું જ નહિ પણ તે "ક્વાર્ટ્ઝ" જાતના સ્ફટિકોમા એના ઝીણા રજકણો અથવા પટીકાકાર નસો સ્પષ્ટ દેખાય એમ હોય છે તેમ કેટલાક સ્થળોમા આ 'ક્વોર્ટ્ઝ' પથ્થરને બદલે ગંધક વગેરેવાળા પદાર્થોનો ભેગ હોય છે, તેમાથી સોનુ જુદુ કરવુ વધારે મુશ્કેલ પડે છે આ ખાણોમા નો પથ્થરમા સોનાની રેખાઓ જણાય છે, ને તે પ્રમાણે તેઓ તે રેખાની પૂઠે પૂઠે જવાય એમ ખોદતા જાય છે તેમ કરતા કરતા કેટલેક સ્થળે એક માઇલથી પણ વધારે ઉંડુ ખોદવુ પડ્યુ છે એટલે માણસ નીચે જવાને, ખોદવાને, ખોદી કાઢેલો કચરો તેમ જ ધાતુને ઉપર ચડાવવાને, વગેરે કામને માટે બહુ અટપટુ સચાકામ ગોઠવવુ પડે છે

અમે કેટલાક સુવર્ણરેખના પથ્થરના નમૂનાઓ દીઠા મ્હોટો ભાગ "ગ્રેનાઇટ" જેવા દેખાવનો હતો, ને તેમા રજકણો ચમકતા હતા કેટલાકમા એ નજરે ન દેખાય એવા બારીક હોય છે તેમ કેટલાક ખાસ નમૂનાઓ પણ એકઠા કરી રાખ્યા હતા, જે દૂર

જેના શ્વેત સ્ફટિક હતા, ને તેમા અતિ સ્પષ્ટ સુવર્ણ રેખાઓ તરી આવતી હતી આ અસાધારણ સારા નમૂના બહુ સુન્દર દેખાતા હતા

ખાણના મોં ઉપર જબરદસ્ત મકાન હતુ દરવાજે પઠાણી પહેરેગીરો હતા થોડી થોડી વારે મજૂરોનુ ટોળુ ખાણમાથી છૂટુ થઇને ધસી આવતુ, પણ દરવાજા આગળ દ્વાર બંધ ગોઠવાઈ જતુ દરવાન દરેકને નગભગ નમ કરીને ઝડતી લેતો-જ્યો બગલ, માથાની ટોપી, કાછડી, વગેરેમાની કોઈ જગ્યાએ સોનુ સતાડ્યુ ન હોય એની ખાત્રી કરી લેતો કુદરત તથા વિજ્ઞાનના મોહરસથી આકર્ષાયલા અમારા ચિત્તને દુનિયાના વ્યવહારીપણાના આ દર્શને પહેલો આંચકો માર્યો

ઉપરથી ખાણમા ઉતરવાને તેમ જ નીચથી ઉપર આવવાને નિફ્ટ "હોય છે ગઈ ઠેકાણે તે વિજળીથી ચાલે છે, ને બીજે ઠેકાણે વરાળયત્રથી ચાલે છે અમે યત્રઘરમા-"એન્જીન-હાઉસ"મા ગયા એક ખાસ બનાવેલ ખુરશી ઉપર ડ્રાઇવર બેઠો હતો જગતના કયાણનો ભાર એના ઉપર હોય તેમ તે સ્થિર ગભીર મૂર્તિવત્ બેઠો હતો એટલામા "ટન ટન" બે ટકોરા થયા એકદમ-પણ બહુ જ સાવધાનથી-યત્રમાફક એનો હાથ હાલ્યો, એક કળ દબાઈ એકદમ યત્રો ફરવા લાગ્યા મ્હોટુ પ્રચડ "ચારખુ-પૈડુ" જેની ઉપર પોલાદની પતીના ગુથેલા પાચ-૭ આગળ પહોળા એના મજબુત દોરડાં વીંટાએલા હતા, તે ફરવા માડ્યુ અમો હિસાબમા આવ્યુ કે "લિફ્ટ" ચાલતા થયા છે બે "લિફ્ટ" હતા-ને વારાફરતી ઉપર નીચે જતા એક ઉપરથી ઉતરવા માડતો ને જ વખતે બીજો નીચેથી ઉપર ચઢતો યત્રની ઝડપ ધીમે ધીમે વધી ડ્રાઇવરના મ્હો સામે બે મ્હોટા કાળા ઘડીઆળ જેવા, પણ એક કાટાવાળા, ગોળ યત્ર હતા તેના ઉપર જુદે જુદે સ્થળે O, ૨૫ ૩૨, અને B એમ લખેલુ હતુ કાટાઓ તે ઉપર ફરતા હતા બન્ને "લિફ્ટ" ગમે તે વખતે ક્યા છે તે આ ઘડીઆળ બતાવતુ, ને તે જ ડ્રાઇવરનો મુખ્ય આધાર હતો જ્યારે લિફ્ટ મથાળે હોય ત્યારે કાંટો મીંડા ઉપર હતો ૨૫ ઉપર આવ્યો ત્યારે "લિફ્ટ" ૨૫૦૦ ફીટ અથાત્ લગભગ અર્ધો માઇલ નીચે ઉતરી ચૂકેલો હોય તેમ ૩૨ એટલે ૩૨૦૦ ફીટ એ બે સ્થળે બે સ્ટેશનો હતા ને એથીય નીચે B એટલે છેક તળીઉ (*Bo Hom*) જે અહીં લગભગ ૪૦૦૦ ફીટ ઊંડુ હતુ જ્યા જ્યા આ કાંટો હોય તે ઉપરથી લિફ્ટની તે ક્ષણની સ્થિતિ એક નજરે જોઇ શકાતી હતી

ડ્રાઇવરનુ કામ બહુ જ ગભીર જોખમદારીનુ છે કારણ કે દરેક લિફ્ટમા ઓછામા ઓછા પચાસ માણસો હોય છે આવી રીતે બન્ને "લિફ્ટ" કનાતની અંદર કેટલી વાર ચઢઉતર કરે છે જ્યા "લિફ્ટ" રોકાવાનો હોય તે પાસે આવતા બહુ જ ધીમેથી ઉતારે છે કહે છે કે એક ડ્રાઇવરે શરાબનમા લિફ્ટને ઝનાટા બધ ઉતરવા દીધો, ને તળીઉ પાસે આવવા છતા પણ ઝડપ ધીમી ન કરી પરિણામે આખો લિફ્ટ-જે ઝડપથી જ વધની

જતી જ પથી નીચે ઉતરતો હતો, તે ખાણના તળીઆમા એવા જોરથી ભરાયો, કે હેનો કેટલોક ભાગ જમીનની અ ર પેસી ગયો અને કેટલાક માણસોને સખ્ત ઇજા થઈ પ્રાંત ને મ્હોટો દ ક તથા જેનયાત્રાનો નાભ મળ્યો પણ અમે જેને દીઠો હતો હેની હુનીઆરી તથા કાળજીના વખાણ થતા હતા, ને એના દેખાવ ઉપરથી જ ગબીરપણે એ કામ કરતો હતો એ તો સાફ જણાતુ હતુ ૫ નરચનાની ખુબી એવી છે કે એ ઝન કહીં, ખાણનુ મોઢુ કહીં ને ખાણનુ તળીઉ કહીં ત્તા બેહુ જ સારી રીતે સનાઓ વગેરેથી બધી જગ્યાઓને સઘી માહિતી મળતી હતી

પછી અમે લિફ્ટ પાસે ગયા દરેક લિફ્ટ મે માળનો હતો, અને દરેકમા ૧૫ મજૂરો રહેતા મ્હને બહુ ન્હાના લાગ્યા, પણ એકમાથી નીકળતા મજુરોને ગણતા બેસતા ૨૩ ગણ્યા * છતા અમે તો નવ જણા જ ઉતર્યા, અને ત્હોયે અમને જગા ભીડ જણાઈ આ મે માળ વાળા મે લિફ્ટ જેમ માણસોને માટે હતા તેમ હેની બીજી તરફ બે બીજા લિફ્ટ હતા તે પણ એવી રીતે ચઢઉતર કરતા હતા, અને તે ખાણમાથી નીકળતી ધાતુ પથરા વગેરેને ઉપર ચઢાવતા, તથા ખાણમા બીજી જે સામગ્રી લાકડાના પાટડા, હથિઆરો, ચૂનો વગેરે જોઈએ તે નીચે ઉતારતા

સાધારણ "હાઈડ્રૉલિક લિફ્ટ" નો અનુભવ તો હતો પરતુ તેમા તો ૨૫-૫૦ કે બહુમા બહુ તો ૭૫-૧૦૦ ફીટથી વધારે ચઢઉતર કરવાનો સભવ આપણા દેશમા હોતો નથી અમેરિકાના ગગનચુબી મકાનોમા હોય છે પરન્તુ ત્યા પ આટલુ અ તર હોતુ નથી અમારે ૩૨૦૦ ફીટ નીચે ઉતરવાનુ હતુ છતા અમને ત્રણચાર મિનિટથી વધુ વખત ન લાગ્યો લિફ્ટને ઉતરવાનો જે રસ્તો હતો, જેને તેઓ શાફ્ટ (*shaft*) કહે છે, તે બધી બાજુથી મજબુત ચૂનાકામથી બાંધેલો હતો ને એ ગોળાકાર ભીંતમા ઉતરતા નવીન મઝા અમે ચાખી થોડી વારમા ૨૫૦૦ ફીટ આગળનુ સ્ટેશન-દીવાઓ માણસો વગેરે અમારી નજર આગળ ઝબકી જતા રહ્યા-ઉપર ચઢી રહ્યા એક ખાસ શારીરિક અનુભવ સૌને એ થયો કે કાનમા જાણે ખ ૂબ જોરથી દબાણ થતુ હોય-જાણે કાન બહેરા થઈ જતા હોય એવુ લાગ્યુ. ૫ ૧ તે વખતે મમે થુંક ઉતારવાથી પાછા કાન ઠીક થઈ જતા આમ નીચે ઉતરતા ત્રણ ચાર વાર કરવુ પડ્યુ એમા કાંઇ પીડા ન હતી, પણ નવો અનુભવ હતો ખાણની તળેની વધારે ભારે હવાના દબાણથી એમ થાય છે એમ અમને કહેવામા આવ્યુ

એમ કરતે કરતે લિફ્ટની ગતિ ધીમી પડી, એટલે અમારુ સ્ટેશન આવ્યુ હશે એમ ધાર્યુ ધરતીની ૩૨૦૦ ફીટ નીચે અમે પહોંચ્યા લિફ્ટના બે માળ પ્રમાણે જ બરોબર બે માળવાળુ સ્ટેશન હતુ વિજળીના દીવા બળતા હતા બે ત્રણ યુરોપિઅનો ને બીજા હિન્દીઓ હતા અમે બહાર નીકળ્યા અમે ખાલી કરેલા લિફ્ટમા બેસવા માટે છૂટા થયેલા મજૂરો ખુબ જોરથી ધસ્યા આ મજૂરો આઠ કલાક જમીનની નીચે કામ કરે છે આઠ આઠ કલાકે તેઓ છૂટે છે ને બીજાઓ તેઓની જગા લે છે એમ ચોવીસે કલાક લાગલાગટ કામ ચાલે છે

* અપવાદ ૩ ૭-૧૦-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ

અવ ા ા આ પ્રેગમા સૂયના ઝાખામા ઝાખા અજવાળાનો પ્રવેશ પણ અશકય છે એને વિજળીના દીવાને લીધે ચોવીસે કલાક એક જ પ્રકારની અવસ્થા રહે છે–રાત દિવસના ભ રહેતા નથી બધો દિવસ કહો કે બધી રાત કહો–સૌ એકનુ એક છે

એક રાતભી માથાનો પ્રચંડ ઇટેલિઅન, "કાર્બાઇડ"નો દીવો લઇને, અમને બતાવવાને માટે અમારી સાથ ઉપરથી ઉતર્યો હતો અમે પહોચ્યા તે વખત છૂટીનો હતો–એટલે નીચેના સઘળા મજૂરો ઉપ જવાને તલપી રહેલા હતા સેંકડો માણસો ઉપર ચઢવાના, ને એક વખતે બાજુમા બાજુ તો પચાસ જ જઈ શકે–તેમા વખતે અમારા જેવા કે જોનારાઓ કે બીજા કામવાળાઓ આવજા કરે, એટલે તે બિચારાઓની અધીરતાનો તો પાર જ રહે નહિ સ્ટેશનથી જરા દૂર લોખડના દરવાજા હતા ત્હેની બારીમાથી એકેકને જ બહાર કાઢવામા આવતા, પણ એ લોકોની અકળામણ તથા ધસારો એવા હતા કે તેઓના મુકાદમો દોરડાના સાટકાઓથી જ એમને કાંઈક અંકુશમા રાખી શકતા. અમે ઉતર્યા કે તરત આ ધસારો ત્હેની સાથે સટાક સટાક એમ ઝડપમા ફરતા સાટકાનો અવાજ, ને ત્હેનો માર પામેલા મજૂરોની બૂમો–એ બધો અણધાર્યો દેખાવ જોઇને અમે સ્તબ્ધ થઈ ગયા ખરૂ હશે કે આ લોકો–ખાણમા લાગલાગટ કામ કરીને તેમ જ તેઓના આખા જીવનથી કરીને એવી સમજણવાળા નહિ રહી શકતા હોય કે પોતાની મેળે હારબધ તથા વ્યવસ્થાપૂર્વક ઉપર જાય એવી સમજવાની એમની શક્તિ રહેલી નહિ હોય, અને પ્રહારથી વધારે નરમ એવી કોઈ વાતની અસર એમના ઉપર થઈ શકે એમ નહિ હોય તે છતા,–તેઓ મનુષ્યના કરતા જનાવરને વધારે મળતા હશે એટલે સુધી કબુલ કરીએ તો પણ, આ સખ્ત તથા હૃદયહીન નિયામકપદ્ધતિ જોઈ અમારૂ દિલ કમકમ્યુ અમે પૂછયુ કે આ સિવાય બીજી કોઈ રીતે નિયમ જાળવી ન શકાય? જવાબમા નકાર મળ્યો. પણ તે અમારે ગળે ઉતર્યો નહિ

આ બારીમા ઉભેલાઓને તથા ધસી આવતાને અમારા રાક્ષસી ભોમિઆએ હઠાવ્યા, ને તેઓની હારની વચ્ચે થઇને અમે ટનલમા પેઠા. આ ટનલ ઘણી મ્હોટી હતી ઉચામા ઉચો માણસ પણ સકોચવિના ચાલી શકે એટલી ઉંચી લગભગ ત્રણચાર માણસ હારબંધ ચાલી શકે એટલી પહોળી હતી વિજળીથી પ્રકાશિત હતી પથ્થર વગેરે લઈ જવાને માટે ટ્રૉલિની રેલ્વે હતી બધી પાસથી એવુ મજબૂત કામ કરેલુ હતું કે જમીનના ભારથી કે બીજા કોઇ કારણથી કોઇ ભાગ ધસી પડે નહિ સોનાની રેખવાળા પથ્થરો કેવા હોય છે, કેવી રીતે એમને છુટા કરે છે, કેવી રીતે એમને લઈ જાય છે, એ રેખાની પૂઠે પૂઠે કેટલીક વાર નવા જ માર્ગો કેમ રચવા પડે છે, કેટલીક વાર તે બન્ધ થતા મજબૂત લકકડકામ તથા પથરાઓથી કેવી રીતે પુરી દેવાય છે, ટનલોરૂપી શેરીઓના કેવી રીતે ફાટા નીકળે છે, એ બધુ ફરીને અમે દેખ્યુ

અમારા ઇટેલિઅન ભોમિઆનુ નામ ઝેપેટી હતુ એના હાથનો એસેટિલીન ગેસનો દીવો અમને સ્થળે સ્થળે બહુ ઉપયોગી થઇ પડયો ઝેપેટીનુ અગ્રેજી તો બોબડુ તોતડુ

હતુ પણ આજ હાલ કેતા ત્રીસ વર્ષ સુધી આ મજૂરોની સાથે કામ કરતા હોવાથી મજૂરોની તામિલ ભાષા એ ઘણી ઝડપથી બોલી શકતો હતો, મજુરોની સાથે હસતો તો ખરો જ તે, ન મિત્રમા વાતો કરતો, આ ઉપર ગૃહસ્થ સોનાની ખાણની અંદર એક અજાયબ માણસ હતો

અમે પાછા સ્ટેશને આ પા જેમિંગ થી લિફ્ટ ઓમા પા એમા બેસીને એથી ય નીચે—ઠેઠ તળીએ લગભગ ૪૦૦૦ ફીટ નીચે ઉતર્યા અહીંનુ ચણતર કામ વધારે તાજુ દેખાતુ હતુ એથુને એવુ સ્ટેશન હતુ પરન્તુ ઉપરથી ય વધારે જમણી લીટ, વધારે વેગવાળો ધસારો, ને તે અનુમાન વધારે ઝડપથી ફરતા માટાઓ—અમે જોતા એ ભોંયમાથી ફરી ફરી, નવુ ખોદકામ થતુ હતુ તે જોતા ગયા ત્યા કેટલાક મજુરો—વધારે શાન્ત, વધારે દેરેના કે વધારે નબળા—મજૂરો બેઠા બેઠા વાતો કરતા હતા કોઈક લાબા થઈને નિદ્રા લેતા હતા! નિ ને માટે ખરેખર આ અજબ સ્થળ હતુ પણ ધક્કામુક્કી ખમીને ય મોટા જવાના કરતા, પોતાનો વારો આવે ત્યારે જવુ એમ પસંદ કરી તે બેઠા હતા. એમનો વારો ક્યારે આવશે? સ્ટેજ એ કહ્યાં થને, એમ અમને કહ્યા કરી કે એવો જવાબ મળ્યો

અમને ટનનો માટે ઘણો ખરાબ વિચાર હતો—અન્ધારી ભયંકર, ખરાબ—ભારે હવાવાળી હશે એમ ધાર્યું હતુ—જોવા પહેલા પણ અહીં તેવુ કોઈ જ ન હતુ ઉપરના કરતા હવામા પણ કાંઈ ફેર જણાતો ન હતો એથી નવાઈ લાગી તેમ ખાસ હવા ચોખ્ખી રાખવાને બીજી ખાણોની પેઠે આ ખણમા કોઈ યન્ત્ર કે ઉપાય રચ્યા નહોતા પણ મૈસુર કંપનીની આ ખાણ એટલી વિશાળ છે એના મ્હોટા ચારપાંચ છે ને બીજા બધા તદ્દન ઉભા સીધા છે ત્યારે એક તીરછેસ (*Inclined*) છે એ સર્વથી જ હવાની આવજાવર જોઈએ તેવી રહે છે જો કે સખ્ત દબાણવાળી હવા (*Compressed air*) ની નળીઓ ટનલમા હતી પરન્તુ તે ખોદકામમા ઉપયોગી થતી હતી હવા સુધારવાના કામમા નહિ

અમે પાછા મજૂરોના ટનુની રોગામા થઈને સ્ટેશને ગયા સાટક્કા ચાલુ જ હતા લિફ્ટ આવ્યો એટલે એમા બેઠા ઉપર ચઢતા જેતજેતામા ઉપરના બે સ્ટેશનો વટાવી "હાશ" કરતા ફરીથી સૂર્યપ્રકાશનો આવકાર લેતા મથાળે પહોંચ્યા અમે સવારે એક વાગે નીચે ઉતરવા ગયા હતા ઉપર આવ્યા ત્યારે ત્રણ વાગી ગયા હતા એક કલાક જણાયો પણ નહિ.

ખાણની મુલાકાત કરવાની સમે ત્હેને પરવાનગી મળતી નથી ને જઓને મળે છે તેવામાથી ઘણાને ઉપરનુ બધુ કામ બતાવી, ખાણનુ મોઢુ દેખાડી વિદાય કરવામા આવે છે નીચેનુ કામ એવી જાતનુ છે, જેમા અકસ્માતોનો સંભવ છે, અને કામમાં રોકાણ પણ થાય, એથી ખાસ સ્પષ્ટ પરવાનગી હોય છે તેઓને જ નીચે લઈ જાય છે અમે તે મેળવી હતી તેથી અમે આ અગાધા ખાણ દશ્ય દેખી શક્યા

ખાણમાં જે જે સોનાની રજવાળા પથ્થરો નીકળે છે તે બીજા પાસના લિફ્ટથી જમીન ઉપર આવે છે તઓના લિફ્ટ જમીન ઉપર અટકતા નથી, પણ જમીનથી એ વધારે ઉચે ચઢે છે, ને મુકરર કરેલ જગ્યાએ ઠલવાય છે એ ધાતુ ત્યાથી પાછી એક ખાસ રેલના

¹ આ મધુકોશ ૩ ૧—૦—૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની મુંબાઈ

ખુલ્લા જગાઓમાં રંધાય છે, આ ન્હાની રેલ્વે મૈસુર કંપનીની પોતાની છે એના એન્જીન પણ ન્હાના હતા એ રેલ્વે ઉપર થઈને લગભગ બે અઢી માઇલની મુસાફરી કરીને આ પથ્થરો બીજી ક્રિયાઓ જે કારખાનાઓમાં થાય છે, તે સ્થળે પહોંચે છે ત્યાં ગયાથી સોનાના જીવનના બીજા પ્રકરણો અમારી નજરે પડ્યા

અપૂર્ણ—

મેંગનોર,
તા ૧૬- ૧૯

દુઃખની વાત કહીં જઈ કરવી ?

લેખક—રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ. એલએલ. બી.

વાત કહીં જઈ કરવી?
દુઃખની
વાત કહીં જઈ કરવી?
પ્રિય વિણ કોને સુણાવવી?
દુઃખની
વાત કહીં જઈ કરવી?
પ્રેમ, ગો શું પ્રિય મુજ પી?
—મનની મનમાં શમવવી
દુઃખની
વાત કહીં જઈ કરવી?
પ્રિયજનનીતી ખૂબ સમભાવે
—આપવીતી આપ સહવી
દુઃખની
વાત કહીં જઈ કરવી?

બાગ મુઝફ્ફરખાન આગ્રા,
તા ૧૪-૩-૧૯૧૯

ગુજરાતની શારીરિક નિર્ધનતા અને તેની તપાસની જરુર.

લેખક—રા પોપટલાલ ગોવિન્દલાલ શાહ, એમ એ

ગુજરાતની બહાર રહેનાર અથવા ફરનાર ગુજરાતીને ગુજરાતના ગૌરવનું ભાન થયા વિના રહેતું નથી ગુજરાતી વેપારીની સાહસબુદ્ધિ અને દીર્ઘદૃષ્ટિ પ્રાચીન સમયથી પ્રસિદ્ધ છે.

ગુજરાતનું આર્થિક ગૌરવ.

પશ્ચિમ હિંદુસ્તાનનો પ્રાચીન વેપાર ખંભાત, ભૃગુકચ્છ, કલ્યાણ વિગેરે બંદરોના ગુજરાતીઓના સાહસને જ લીધે મ્હોટો થવા પામ્યો હતો હાલમાં પણ કરાચીથી રંગુન, અને મેંગલોર અને મદ્રાસથી કાનપુર અને અમૃતસરમાં ગુજરાતી વેપારીઓના ટોળેટોળાં જોવામાં આવે છે દ્રવ્યપ્રાપ્તિની ઇચ્છાથી ફક્ત વણિક જ બહાર નીકળ્યા છે તેમ નથી પરંતુ ઔદિચ્ય અને નાગરોના સરથાનો ઉત્તર હિંદુસ્તાનમાં ઠેર ઠેર જોવામાં આવે છે આ લોકો પણ પોતાના બુદ્ધિબળની સરસાઈને લીધે પોતાની એઠના જાળવી ગયા છે, અને બસે ત્રણસે વર્ષથી ગુજરાત છોડયા છતાં પણ ગુજરાતી ભાષા બોલે છે આ પ્રદેશોમાં તેમ જ ગુજરાતમાં બુદ્ધિબળ, સાહસ, ખંત, અને ઉદ્યોગપરાયણતા, વિગેરે ગુણોને લીધે ગુજરાતીઓની આર્થિક દશા એકંદર સારી ગણાય છે અને તે કારણથી તેઓ ગુજરાતના ગૌરવમાં વૃદ્ધિ કરે છે

આ પ્રમાણે એક બાજુએથી ગૌરવની મહત્તા વધતી જાય છે ત્યારે બીજી બાજુએ ગુજરાતીઓની શારીરિક નિર્ધનતા જોઈને ખેદ થયા વિના રહેતો નથી ગુજરાતની બહાર રહેનારી

ગુજરાતની શારીરિક નિર્ધનતા.

પ્રજાઓની શરીરસંપત્તિ સાથે સાધારણ ગુજરાતીને સરખાવતા ગુજરાતીની નિર્બળતા એકદમ જ જણાઈ આવે છે ગુજરાતીઓની આર્થિક અને માનસિક સંપત્તિ માટે જેટલો ઉંચો અભિપ્રાય બંધાવામાં આવે છે તેટલો જ હલકો અભિપ્રાય તેમની શારીરિક સંપત્તિ માટે હિંદના બીજા ભાગોમાં જોવામાં આવે છે* ગુજરાતની નિર્બળતાના નિશાનો દરેક જગ્યાએ ખુલ્લાં દેખાય છે ગુજરાતના શહેરોમાં સાધારણ મનુષ્યની મેદનીમાંથી વિશાળ ખભા અને પ્રફુલ્લિત આકૃતિવાળા મનુષ્યો કેટલા થોડા દેખાય છે? નિશાળો અને કૉલેજમાં જતા ગુજરાતની આશાના સ્તંભરૂપ બાળ અને યુવવર્ગમાંથી પણ કેટલાના મ્હો ઉપર તંદુરસ્તીનો રંગ દેખાય છે? સુકાયેલા ગાલ અને ફીક્કા ચહેરાવાળા યુવકોનું ભવિષ્ય તેમના જીવનની મહેચ્છાઓ, અને જીવનકલહમાં વિજય મેળવવાની તેમની શક્તિ પણ સંકુચિત થયેલી હોય તેમાં નવાઈ શું? ગુજરાતમાંથી રજપુત સિવાય બીજી કોઈ જાતના લોક યુદ્ધના કામને માટે લાયક ગણાયા નથી હિંદી લશ્કરની કોઈ પણ ફોજ ગુજરાતમાંથી એકઠી કરવામાં આવી નથી પંજાબ અને ઉત્તર હિંદની પ્રજાઓમાંથી શિખ મુસલમાનો રજપુત, અને બ્રાહ્મણોની પણ ટુકડીઓ કેટલા વર્ષોથી દેશની લશ્કરી કીર્તિ દીપાવી રહી છે મગહ અને મરાઠી કંપનીઓએ પણ સારું કામ કરી બતાવ્યું છે થોડાં વર્ષ પહેલાં બાપના કહેવાતા

---

* હિંદનો ઇતિહાસ રૂ ૧-૮-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ

બગાનીઓ પણ પોતાની શારીરિક સમ્પત્તિ સુધારી શક્યા છે ફૂટબૉલની રમતમા બંગાળીઓ ઉઘાડે પગે રમવા છતા અંગ્રેજો સાથે વણીવાર જીતી શક્યા છે, તેમની એમ્બ્યુલન્સ ટુકડીઓ યુદ્ધક્ષેત્રમા માન પામી આવી છે અને પાયદળ અને ઘોડેસ્વાર લશ્કરી ટુકડીઓમા શિક્ષિતવર્ગ સ્વેચ્છાથી જવાને તૈયાર થઈ ગયો છે પરતુ હિદી સગ્રહિત સૈન્યમા કેટલા ગુજરાતીઓએ પોતાના નામ નોંધાવવાની હિંમત કરી છે? અને તેમાથી કેટલા શારીરિક તપાસમાથી પાસ થયા છે? લશ્કરી વૈદક નોકરી માટે હગામી ઑફીસર તરીકે પારસી ઉપર ડાક્ટરો આ મહાયુદ્ધમા મોકલવામા આવ્યા છે તેમા રાજીખુશીથી જનાર ગુજરાતીઓની સખ્યા ભાગ્યે આગળીના વેઢા ઉપર ગણી શકાય તેટલી છે શિક્ષિતવર્ગ સિવાય બીજા વર્ગોમા પણ શારીરિક નિર્ધનતા સ્પષ્ટ દેખાય છે આપણા જાનમાલના સરક્ષણને માટે ચોકીદાર અને પગીને બદલે હવે પરદેશી ભૈયાઓ અને પઠાણો રાખવા પડે છે ગુજરાતી મર્દાઈની રમતોમાની ભાગ્યે જ કોઈ હવે રમાય છે વળી ક્રીકેટ, ફુટબોલ અથવા હોકી જેવી રમતોમા ગુજરાતીઓએ પોતાનુ ઝળહળતુ ઝળકાવ્યુ નથી કસરતશાળાઓ અને અખાડાઓ ગુજરાતમા ક્યા દેખાય છે? વડોદરા જેવા શહેરમા જોવામા આવતા ચોગઠેડ અખાડાઓ પણ ફક્ત દક્ષિણીઓના સસર્ગને લીધે ટકી રહ્યા છે અને તેનો લાભ લેનાર ગુજરાતીઓની સખ્યા ઘણી જ ઓછી છે આ લખવાનો હેતુ એમ નથી કે દરેક પ્રજાનો દરેક મનુષ્ય કુસ્તી કરવાને અને યુદ્ધને માટે તૈયાર હોવો જોઈએ, પરન્તુ પોતાના રક્ષણને માટે અને પોતાના જીવનક્રમ અને જીવનધર્મના પાલન માટે આવશ્ય શક્તિ અને શારીરિક સપત્તિ મેળવવી એ દરેક મનુષ્યનુ પ્રથમ કર્તવ્ય છે અને આ દિશામા ગુજરાતીઓ કર્તવ્યવિમુખ છે તે સવને કબુલ કરવુ પડશે ગુજરાતમા સાધારણ મનુષ્યના આયુષ્યની દોરી ટુકી છે બાળકો, સ્ત્રીઓ અને પુરૂષોનુ મરણ પ્રમાણ બેહદ વધારે છે—શરીરનો બાંધો નબળો છે—ઉંચાઇ પહોળાઇ અને વજન જોઇએ તેના કરતા ઓછા છે—ગુજરાતીઓનો ખોરાક જોઇએ તેટલો પુષ્ટિકારક નથી—તેમા ચહા, તમાકુ અને બીજા ઉત્તેજક પદાર્થોનું પ્રમાણ વધતુ જાય છે—એકદર ગુજરાતની શારીરિક નિર્ધનતા દરેક ચિંતનશીલ મનુષ્યને ચમકાવે તેવી જ છે શારીરિક સમ્પત્તિના અભાવે માનસિક ધૈર્ય અને હૃદયબળ પણ ઓછા જ હોય છે અને આ કારણથી ગુજરાતીઓના ગુણોમા, કાર્યોમા અને સસ્થાઓમા નિડરતા અને સ્વતત્રતાને બદલે ભીરૂતા અને પરતત્રતા વધારે જોવામા આવે છે આ વસ્તુસ્થિતિ ફેરવવાની દરેક મનનશીલ મનુષ્યની ફરજ છે અને તે સબધી કેટલીએક માર્ગદર્શક સૂચનાઓ કરવી એ આ લેખનો મૂખ્ય ઉદ્દેશ છે

શારીરિક નિર્બળતા અને જ્ઞાતિસસ્થા.

ગુજરાતની શારીરિક નિર્ધનતાના કારણોની તપાસમા તેમ જ તેના ઉપાયોની યોજનામા આ વિષયનો જ્ઞાતિસસ્થા સાથેનો સબધ ઘણો જ અગત્યનો છે ગુજરાતની સામાજીક સ્થિતિના લાક્ષણિક તત્ત્વોનું તારણ કરતા અને હિંદની જ બીજી પ્રજાઓની સમાજીક સ્થિતિ સાથે સરખાવતા સ્પષ્ટ થાય છે કે જ્ઞાતિઓના અસખ્ય પેટાભાગો અને તડો એ તો ફક્ત ગુજરાતનુ એક લક્ષણ છે જ્ઞાતિ રીવાજ હિંદના લગભગ દરેક ભાગમા પ્રચલિત છે પરતુ પ્રાથમિક ચતુર્વર્ણના અસખ્ય ભેદો, તેના અસખ્ય પેટાભાગો, તડો અને લગ્નસબધી એકડા, અને ગોળ

ઉત્તર રામચરિત નાટક રૂ ૧–૧૨–૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુબાઈ

એ તો ખાસ ગુજરાતમાં જ જોવામાં આવે છે જ્ઞાતિસંસ્થા વિષે ઝીણું વિવેચન કરવાનું આ સ્થાન નથી પરન્તુ ન્હાની ન્હાની ન્યાતો અને શારીરિક સંપત્તિ સાથેનો શાસ્ત્રીય સંબંધ ઘણો જ અગત્યનો છે સુપ્રજનન શાસ્ત્ર (*Eugenics*) ના પ્રયોગો જોતાં, અને વિચારથી એમ સિદ્ધ થયું છે કે લગ્નનો સંબંધ એક જ જથામાં થવાથી પ્રજાના માનસિક અને શારીરિક ગુણો —સારા અને નરસા—નું દૃઢીભવન (*accentuation*) થાય છે પરન્તુ તેની સાથે શારીરિક શક્તિ અને બળ ઓછાં થતાં જાય છે આ સિદ્ધાન્ત ખાસ નવો નથી કારણ કે બળદ અને ઘોડા ઉછેરનારા તેને સારી પેઠે જાણે છે અને બળવાન અને મજબુત સાધાના ગેર મેળવવા માટે તેઓ એક જ ટોળાના નર અને માદાને ભેગાં થવા દેતા નથી પ્રાચીન હિંદમાં પણ કન્યા વ્યવહારનું ક્ષેત્ર મહોળું હોવું જ જોઇએ એ સત્ય સ્વીકારાયું હતું, અને સગોત્રીઓમાં કન્યા વ્યવહારનો નિષેધ હતો જ્યાં સુધી ગોત્ર અને જ્ઞાતિઓ વિશાળ હતાં ત્યાં સુધી આ નિયમ પાળવાને મુશ્કેલી નડી નહીં પરન્તુ જ્ઞાતિઓના અસંખ્ય પેટાભાગો થઇ જવાથી અને દરેક જ્ઞાતિમાં સગોત્રીની સંખ્યા વધી જવાથી આ નિયમ હવે બરાબર પળાતો નથી અને સપીંડી સિવાય સઘળાં ટોળાઓ સાથે કન્યાવ્યવહાર થઇ શકે છે વળી પચાસ અથવા સો ઘરની ન્યાતોમાં આ નિષેધ પણ જાળવી શકાતો નથી એકંદર હિંદના પ્રાંતો કરતાં ગુજરાતમાં કન્યાવ્યવહારનું ક્ષેત્ર ઘણું જ સંકુચિત છે આ બધી વસ્તુસ્થિતિ જોતાં ગુજરાતની શારીરિક નિર્બળતા અને જ્ઞાતિવ્યવસ્થાનો સંબંધ સ્પષ્ટ થાય છે

આ સંબંધ ખરો હોય અથવા ખોટો હોય તો પણ શારીરિક ઉન્નતિના ઉપાયો અને સાધનોની યોજનામાં આ જ્ઞાતિસંધારણ ઘણું જ ઉપયોગી થઇ પડે તેમ છે, આ વિષયમાં જ્ઞાતિમંડળો અને જ્ઞાતિના નેતાઓના કર્તવ્ય અને જોખમદારી ઘણાં જ

જ્ઞાતિમંડળોનું કર્તવ્ય

ભાર છે સામાજીક સુધારણાના વિષયમાં અને દરેક સામાજીક પ્રશ્નોના વિચારમાં વિષમજાતીય વિશાળ સમૂહોને બદલે ન્હાના ન્હાના સમજાતીય સમૂહોનો અભ્યાસ કરવો અને તેમની ઉન્નતિના ઉપાયો યોજવા સુગમ પડે છે અને આપણી જ્ઞાતિઓ ઘણે અંશે આવી સમજાતીય સમૂહોની કક્ષામાં મુકી શકાય લગ્ન, જન્મ, મરણ, ખાનપાન, અને મોજશોખના રીતરીવાજોમાં જ્ઞાતિના બધા કુટુંબો ઘણું ખરૂં મળતા આવે છે, આ કારણથી શરીરશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અને સુપ્રજનનશાસ્ત્ર, એ સઘળાની દૃષ્ટિએ આપણી જ્ઞાતિઓની શારીરિક સંપત્તિનો અભ્યાસ કરવો આવશ્યક છે કારણ કે તેવા બારીક અભ્યાસ સિવાય ગુજરાતની શારીરિક નિર્બળતાના ઉપાયો યોજી શકાય નહીં સદ્ભાગ્યે ગુજરાતની લગભગ સઘળી જ્ઞાતિઓમાં નવા યુગનું કાંઇક ચેતન જોવામાં આવે છે—મિત્રમંડળો ઇનામના મેળાવડા, ભાષણો, જ્ઞાતિપત્રો, વિગેરે પ્રવૃત્તિઓ આપણા સુશિક્ષિતવર્ગના ચેતનમય માનસિક ઉન્નતિની નિશાની છે આ માનસિક ચેતનની સાથે શારીરિક વિકાસની જરૂર ન્હીકાળ એમ ધારીને શારીરિક નિર્બળતાના કારણો અને ઉપાયો વિષે રચના કરી યોગ્ય ધારી

છે આશા છે કે જ્ઞાતિમંડળો અને યુવકમંડળો આ સૂચનાઓ ઉપાડી લેશે અને આ સંબંધમાં સંગીન કામ કરવાની હિંમત ધરશે

આ વિષયમાં ઉપાયોની યોજના અને વિચાર કરતાં પહેલાં વસ્તુસ્થિતિનો ખરો ખ્યાલ આવે તે માટે ખરી વિગતોના આંકડા ભેગા કરવાની જરૂર છે ગુજરાતીઓની કહેવાતી

શારીરિક તપાસ.

નિર્બળતા કેટલે અંશે ખરી છે અને તેમાં વધારે બગાડ-વિકાર કઈ દિશામાં છે તે જાણવાને ખેરનાં સઘળાં નહીં તો અમુક સમૂહોની શારીરિક તપાસની ખાસ જરૂર છે ઉંચાઇ, પહોળાઇ, હાથના અને પગના સ્નાયુઓના માપથી તેમ જ ફેફસાં, ગળું, દાંત, અને આંખની વૈદ્યકીય તપાસથી રોગિષ્ટ અને અપકવ (*Stunted*) અવયવો જણાઇ આવશે, અને તેમની સંપૂર્ણ વૃદ્ધિ માટે આપવા ઉપાયો યોજી શકાશે આવી તપાસથી બાળલગ્ન અને બ્રહ્મચર્ય ભંગના અનિષ્ટ પરિણામો સમાજની સામે સ્પષ્ટ-મૂર્તિમંત દેખાડી શકાશે શારીરિક તપાસના લાભ ઘણી દિશામાં સ્પષ્ટ થાય છે અને રાજ્ય તરફથી આવી તપાસ થવી જોઇએ એમ હવે સાંભળવામાં આવે છે પાશ્ચાત્ય દેશોની નિશાળોમાં તો આવી તપાસની જરૂર સંપૂર્ણ રીતે સ્વીકારાઇ છે અને હિંદમાં પણ ઘણે ખરે ઠેકાણે આ પ્રવૃત્તિ થોડા સમયથી શરૂ થઇ છે મુંબાઇ શહેરમાં થએલી આવી તપાસના એક રિપોર્ટ ઉપરથી સિદ્ધ થયું છે કે નિશાળે જતા છોકરામાંથી અડધા ઉપરાંત સંખ્યા રોગિષ્ટ હોય છે, આ તપાસમાં આંખના રોગોથી પીડાતાની સંખ્યા ૨૧ ટકા, કાનના રોગવાળાની સંખ્યા ૧૪ ટકા, દાંતના રોગવાળાની સંખ્યા ૪૪ ટકા, ગળા અને નાકમાં સોજા અથવા ગાંઠથી પીડાતાની સંખ્યા ૪૧ ટકા અને બીજા રોગોથી પીડાતાની સંખ્યા ૬ ટકા-એ આંકડા સૌને ચમકાવે તેવા છે બાળકો, સ્ત્રીઓ, અને પુરૂષોની શારીરિક તપાસ યોગ્ય ડાક્ટરો પાસે કરાવવામાં આવે અને તેમના રોગ દૂર કરવાને પ્રયત્ન કરવામાં આવે, તો આપણામાં સ્ત્રીઓ અને બાળકોની મરણ સંખ્યા ઓછી થાય, અને ભવિષ્યની પ્રજા નિરોગી અને મજબુત થાય એમાં સન્દેહ નથી ચમકાવે તેવી જરૂર હોય છે અને ર

પરન્તુ આ નાગરિક તપાસની સાથે સાથે આર્થિક સ્થિતિની તપાસની તા અને સ્વતંત્રતા ગુજરાતીઓ પોતાના આહારમાં આવશ્યક પૌષ્ટિક તત્વો ખાય છે કે કેમ ફેરવવાની દરેક મન

આર્થિક તપાસ

શરીરના વ્યાપારને માટે દાળ, ચોખા, ઘઉં, દૂધ, ઘી વગેરે કરી એ ર ટેના પ્રમાણમાં આવશ્યક છે તે શરીર વ્યાપ કહાડયું છે આ પ્રમાણમાં ગુજરાતીઓ ખોરાકના ઉપાયોની યોજના પાચન કરી શકે છે કેમ ? શરીરને પુરતો ખોરાક ગ્રહવાની શક્તિ આ જ્ઞાતની સામાજિક સ્થિતિ પાચન શક્તિ ઓછી છે અથવા તો કસરતની ખામી છે ? અને જેમ દની જ બીજી પ્રજાઓ કાર્યક્રમમાં અન્તર્ગત ન હોય તેવા માણસો જોઇતા સાત્વિક અને ખાય છે કે જ્ઞાતિઓના અસંખ મ ? તે ખોરાક ખાવામાં આર્થિક વિઘ્નો નડે છે કે કેમ ? રાતનું એક લક્ષણ છે જ્ઞાતિ વસ્તુઓ મોંઘી થતી જાય છે અને બીજી દિશાએથી સ્ત્રીપુરૂષોને માં પ્રચલિત છે પરંતુ પ્રાથમિ અને લગ્નસંબંધી એકતા, અને ગો

કે અને તેના પ્રમાણમા આરક વધતી નથી, તેના સમયે ખોરાકની માગનમા ફ્સર થાય છે ? પોરના સુખ લાગે ત્યારે દુધને મળે ઘા અને તમાકુના ધૂમાડામા જ સતોષ માનવામા આવે છે તે વાત ખરી છે ? સાધારણ રીતે ખર્ચનો મ્હોટો ભાગ જીવનનિર્વાહની આવશ્યક વસ્તુઓ ઉપર જ થવો જોઈએ તેમ થાય છે ? કે તેને બદલે મહારના આડબર–ફેશનમા લગ્નપ્રસગમા ન્યાતવરામા, પોશાકમા અને મોજ શોખની વસ્તુઓમા જ ખર્ચ વધતુ જાય છે ? ગુજરાતમા બાળકોનુ અને સ્ત્રીઓનુ મરણ વધારે કહેવાય છે તે વાત ખરી છે ? તેને મરણ પ્રમાણ અને ખોરાકની સાથે સબધ છે કે નહીં ? અને સબધ હોય તો કેવા પ્રકારનો છે ? આ અને આવા બીજા અનેક પ્રશ્નોનો વિગતવાર અને ઝીણવટથી અભ્યાસ કરવાની જરૂર છે જ્ઞાતિના દરેક કુટુબો તરફથી તેમનુ નામ લીધા સિવાય તેમની શારીરિક અને આર્થિક સ્થિતિના પત્રકો ભરાવવાની ગોઠવણ થાય તો જોઈએ તે ગોઠવણ કરવામા જ્ઞાતિના યુવકમડળો અને બીજી સસ્થાઓ ઘણુ જ અગત્યનુ કામ કરી શકે તેમ છે આ કામ કેવી રીતે કરવુ તેની વીગતવાર યોજના હાલમા અસ્થાને ગણાશે, કારણ કે કાર્યવાહકોના ખરા ઉત્સાહના અભાવે આવી યોજનાઓ મહાર પાડવાથી કાંઈ લાભ નથી ઉલટુ " યોજનાઓનો સુકાળ અને કૃતિઓનો દુષ્કાળ " એ કલક આપણા ઉપર વધારે લાગતુ જશે, એવો ભય રહે છે તે છતા આ લેખક આ સબધી સપૂર્ણ વિગત કોઈપણ વ્યક્તિને અથવા જ્ઞાતિમડળને આપવાને તૈયાર છે હાલમા તો ફક્ત આ સબધી આપણી અજ્ઞાનતા અને આવા અભ્યાસનો લાભ દર્શાવવાનો છે અને આ કામની વિરુદ્ધ શકાના સમાધાન કરીને લેખ પુરો કરીશુ

જ્ઞાતિ એક પચાયત–એક સ્વતત્ર સસ્થા તરીકે પોતાની ઉન્નતિ અને વિકાસ માટે ઘણુ કરી શકે ધધા, આરામ, ધર્મભાવના વિગેરે કારણોને લીધે જ્ઞાતિકન્ટો આવા કાર્યમા એકદ હ કત લાવે છે પરતુ આપણી આ ૫ નવા યુગના યુવકોઉપ

(?) છે–તેમનો ઉત્સાહ અને ઉમગ, તેમની નિ ૨ ૭ા અને નિર્દોષના અ તેમની સમાજસેવા તરફની તીવ્ર ભાવના અદમ્ય અને ધ્યાના

જાતીય સમૂહોનો અ માં પણ ઉપયોગી અને સફળ નીવડે કરશે એવી આશા સર્વ તરફથી રખાય

આપણી જ્ઞાતિઓ ઘ નામય ઉત્સાહ અને ઉમગ બહાદુરગીરી કહેવાતા વર્ગનો તોડી નાખ

મરણ, ખાનપાન, ર તુ નવા યુગના ભૌતિક અને આધ્યાત્મિક બળ આપણા સુવ નગની

મળતા આવે છે, આ ન તપાસ કરવાની વિરુદ્ધ એમ કહેવાશે કે આપણી શારીરિક સપત્તિ

દષ્ટિએ આપણી જ્ઞાતિ વધાર થઈ શકે તેમ નથી તો આ સબધી તપાસ, ગણતિ પત્રકો

આંકડા અભ્યાસ સિવાય થં ખર્ચ શામાટે કરવા ? આવા નિરાશાવાદી અથવા પ્રારબ્ધવાદીને મતો-

ગુજરાતની વગેરે ર સાથ ૃ પ્રજા અને દેશના પ્રારબ્ધ ઉપર નિર્વાહ ન્હોય હમેશાને માટે

ધનામના મેળાવડા, ભાષણો એવી વાત કોઈપણ બુદ્ધિવાન મનુષ્ય એક સેકડ પણ કબુલ કરી

આનસિક જીવનની નિશાની રબ્ધવાદી થઈને આળસમા જ પોતાનો વખત ગુમાવે તેને માટે

ગણે એમ ધારીને શારીરિક નિષ્ વધારે કરી શકે જ નહીં પરન્તુ સમાજના ભવિષ્યના અને

સાપ્રત પ્રશ્નોના ઉકેલ માટની આવા જ વિચાર રાખવામા આવે તો કોઈ પણ પ્રકારની ઉન્નતિ અશક્ય છે મનુષ્ય એ એક પ્રાણી છે અને તેની ઉન્નતિ અને ઉત્ક્રાંતિ સમય અને યુગના બળોને લીધે અમુક દિશામા થયા જ કરે છે, પરન્તુ આ અધ બળોને ઓળખીને તેમની ઉપર પોતાનો સપૂર્ણ નહીં તો થોડો પણ કાબુ રાખવાની શક્તિ મનુષ્યમા છે તે શક્તિનો ઉપયોગ કરવો એમા જ માનુષિક જીવનની સફળતા છે અને આવી શક્તિના ઉપયોગ કરવાના પ્રસગો ગુમાવવા એ જ માનુષિક જીવનની નિષ્ફળતા છે—અને પ્રજાઓની પડતીનુ કારણ છે પ્રયત્ન કરનાર મનુષ્યને જ ઈશ્વર સહાય થાય છે—પ્રયત્નહીન મનુષ્યને જ સૃષ્ટિના ભૌતિક અને આધ્યાત્મિક બળો ઉપર વિજય મળી શકે છે અને આવા પ્રયત્નો કરવામા જેમ જેમ વિઘ્નો, ઓછા અતરાયો આવે અને તે સબધી ખર્ચની ગોઠવણ કરવાની જ્ઞાતિના નેતાઓની ફરજ છે

જ્ઞાતિસેવા અને દેશસેવા.

બીજી બાજુએથી એમ કહેવામા આવશે કે " અમે અમ્હારી પ્રવૃત્તિ જ્ઞાતિ જેવા ન્હાના કામમા નહીં નાખીએ અમારૂ કાર્યક્ષેત્ર વિશાળ છે અમે તો દેશની જ વાતો કરીશુ—આખા સમગ્ર દેશના જ કલ્યાણના કાર્ય કરીશુ બીજુ કાર્ય અમારે નકામુ છે" આ ઉત્સાહી પુરૂષોને આપણે એટલો જ જવાબ આપીશુ કે ન્હાનામાથી જ મ્હોટા થવાય ન્હાના કાર્યો કરીને જ મ્હોટા કાર્યો કરવાથી જ વિજય મળે છે વળી ગુજરાતીઓની નિર્બળતા એ આપણા દેશનો મ્હોટો પ્રશ્ન છે, અને તેનો ઉકેલ કરવાને માટે ન્હાના ન્હાના સમૂહોની સ્થિતિનો અભ્યાસ અને તે સ્થિતિ સુધારવાને ઉપાયોની યોજના આપણા પોતાને જ હાથે થવાની જરૂર છે શારીરિક નિર્બળતા આખા હિંદની બધી પ્રજાઓમા જોવામા આવે છે હિંદમા જન્મ વખતે સરેરાશ જીવન આયુષ્ય ૨૩॥ વર્ષનુ ગણાય છે, ઇંગ્લંડમા ૪૬ વર્ષનુ ગણાય છે હિંદમા દર વર્ષે જન્મતા બાળકોમાથી દર હજારે બસેંથી ત્રણસેં પહેલા વર્ષમા જ મરી જાય છે ઇંગ્લંડમા દર હજારે ફક્ત ૧૨૭ મરે છે હિંદમા દર હજારે મરણનુ પ્રમાણ ૩૪ નુ છે ત્યારે ઇંગ્લંડમા હજારે ફક્ત પદર માણસો મરે છે હિંદી સ્ત્રીઓની જીવનશક્તિ ઘણી જ ઓછી છે અને ૧૫-૩૦ વયની ઉમ્મરે દર હજારે ૬૦ સ્ત્રીઓ મૃત્યુવશ થાય છે આ શોચનીય આકડાઓનો ખરો અર્થ સમજનારને આ વિષયમા આપણી ફરજ શુ છે તે વિષે સદેહ હોઈ શકે જ નહીં કલમના એક જ લીસોટાથી અથવા તો મ્હોંના એક જ શબ્દથી આ પ્રશ્નનો ઉકેલ થઇ શકે તેમ નથી ન્હાના સમૂહોનો વાસ્તવિક અભ્યાસ કરવામા અને ઉપાયો યોજવામા મ્હેનત, ખત, ઉત્સાહ અને દૃઢ નિશ્ચયની જરૂર છે આ ગુણોનુ સેવન અને વૃદ્ધિ કરવામા જ દેશોન્નતિ સમાઇ જાય છે દેશોન્નતિના વિચારો કરવા અને સ્વપ્નોં અનુભવવા સ્હેલ છે પરન્તુ સગીન કામ કરવુ કઠિન છે સ્વરાજ્યની સઘળી યોજનામા ગ્રામ્ય પચાયતોને અગ્રસ્થાન આપવામા આવે છે અને સગીન કામની આશા રાખવામા આવે છે તેનાથી પણ વધારે અગત્યનુ કામ શહેરોની પચાયતો—જ્ઞાતિમડળો કરી શકે પરન્તુ તેમ કરવામાં જ્ઞાતિતત્રને પણ નિરાકી દેશસેવાની પુનિત અને પ્રેરક

ભાવનાની જરૂર છે તે આપણા યુવક વર્ગની નજર બહાર જવુ ન જોઇએ નાતિની ઉન્નતિના ઉપાયો યોજવા એ પણ દેશસેવા જ છે–સમાજ સેવા એ દેશસેવાની સીડીનુ પ્રથમ પગથિયુ છે અને આ પગથિયુ છોડીને ઉચે કુદકો મારવાનુ કામ જેટલુ ચિત્તાકર્ષક લાગે પરન્તુ તેટલુ જ જોખમભરેલુ છે

ત્રીજી શકા–એ કે "આવી શારીરિક અને આર્થિક તપાસ કરવાની જરૂર અમારૂ મન સ્વીકારે છે અને તેવુ કામ કરવાની અમારી ઇચ્છા પણ છે, પરન્તુ જુના રીવાજને વળગી રહેનારા અમારા જ્ઞાતિબન્ધુઓ આવી તપાસને હાસ્યપાત્ર ગણશે" આ શકાનો પ્રત્યુત્તર એટલો જ કે તમારૂ મન આ વિષયમા દૃઢ નિશ્ચય ઉપર આવ્યુ નથી દૃઢ નિશ્ચય હશે તો આગળ દેખાતી આવી મુશ્કેલીઓ અને વિઘ્નો પોતાની મેળે દૂર થઇ જશે કોઇપણ નવુ કાર્ય કરવામાં વિઘ્નસતોષી જરૂર આડે આવવાના અમદાવાદમા પ્રજાના લાભ માટે ગાડીના નળ નખાવતી વખતે પણ સ્વર્ગસ્થ ન ... નગરશેઠ ... ક્ષણિક વિરોધ ખમવો પડ્યો હતો તેવી જ રીતે પણ નવુ કામ કરવામા હાસ્ય, ઇર્ષા ... એ સઘળુ ખમવાની જરૂર છે આવા વિરોધને લીધે ... શરૂ ... એ આચાર ... ગોને નહીં આવી હરકતો આગળ ... ને જ નડે કે કોઇ પણ કામ કરવાની દૃઢ ઇચ્છા અને નિશ્ચય હોય તો તે ... આગળ ... વળી વિરોધ અને અંતરાયોના ડુંગર ઓળગીને બીજી તરફનો રસ્તો હમેશ સુગમ અને સુન્દર છે અને આ કાર્ય કરવામા આપણુ ધ્યાન ... અંતિમ લક્ષબિન્દુ ઉપર રાખવાની જરૂર છે ... સમાજના ... કાર્યોમા માન અથવા અપમાન, પ્રશસા અથવા નિન્દા જેવા ક્ષુદ્ર વિચારોની પોતાના નિર્મિત માર્ગમાથી ચળવાની જરૂર રહેતી નથી વિરોધ અને આનન્દ ... પણ ગુજરાતની શારીરિક નિર્બળતાના ઉપાયો યોજવા માટે કાંઇ પણ સગીન કામ કરવાની જરૂર સ્વીકારાશે એવી આશા રાખીને અત્રે વિરામીશુ+

નડિયાદ
તા ૧૭-૮-૧૯૧૭

+ આ લેખ લખાયા પછી પ્રતિકૂળ સજોગોને લીધે છપાવી શકાયો નથી આ સબધી એક પત્રક તૈયાર કરવામા આવ્યુ છે ઇચ્છાવાનોને તે પત્રક ભરી આપવાને ખાતે તૈયાર છે એવી ઇચ્છા દર્શાવવાથી મોકલી આપવામાં આવશે —પ્રો ગો શાહ ...

અમેરિકામાં રંગનો ઉદ્યોગ.

એક ટુંકુ અવલોકન.

લેખક—ના મગનલાલ મણિશંકર ભટ્ટ.

રંગ અને વારનિસ બનાવનારી લગભગ ૫૦૦ ફેકટરીઓ સમસ્ત અમેરિકામાં વિસ્તારેલી છે, અને એ ઉદ્યોગમાં લગભગ ૨૦૦૦૦૦૦૦૦, ડોલર રોકાયેલા છે આ ઉપરથી



રંગ બનાવવાના કારખાનામાં રંગ ઉકાળવામાં આવે છે.

જણાશે કે એ ઉદ્યોગ સામાન્ય નહી, પરંતુ યુનાઇટેડ સ્ટેટ્સના મુખ્ય ઉદ્યોગોમાં એનો સમાવેશ થાય છે આ માલનો ઘણો મોટો જથ્થો પરદેશમાં ચલાવવામાં આવે છે એપરથી એટલું તો નક્કી કરી શકાય કે, અમેરિકામાં ખરીદી અને વેચાણની સ્થિતિ રંગની બના

વટના ઉદ્યોગને અનુકૂળ થઇ પડે છે જ્યાં જ્યાં સંસ્કૃતિ પામેલી જનસમાજ હોય ત્યાં મકાનોને સુંદરતર કરવા, અને તેમનું આયુ દીર્ઘ કરવામાં સહાયરૂપ થતા રંગના ઉદ્યોગમાં ઉપયોગી થઈ પડતો એક પ્રકારનો કાચો માલ દેશની અંદર અથવા તો વેસ્ટ ઇન્ડીઝની સમીપમાં જ, ખાણો વિગેરે સ્થળોમાંથી મળી આવે છે અથવા તો ઉત્પન્ન કરવામાં



૭. ઝાડમાંથી ગુંદર કાઢવામાં આવે છે

આવે છે આખી દુનીઆમાં વપરાતા ટર્પેન્ટાઈન તેલ, જ્યોર્જીઆ અને તેની સમીપના પ્રદેશોમાં આવેલા પાઈનવૃક્ષના વનોમાંથી ઉત્પન્ન કરવામાં આવે છે

એવી ગણત્રી કરવામાં આવી છે કે રંગ અને વાર્નિશની વાર્ષિક પેદાશ લગભગ ૩૦૦૦૦૦૦૦૦ ગેલન જેટલી થાય છે આ માલ બનાવનારી ફેક્ટરીઓ યુનીઅનના પ્રત્યેક


સસ્થાનોમા આવેલી છે પરતુ મુખ્ય ફેક્ટરીઓ, ન્યૂયોર્ક, ક્લીવલેન્ડ, ફીલાડેલ્ફીઆ, જર્સી સીટી, ડીટ્રોઇટ ચીકાગો અને સેન ફ્રાંસીસ્કોમા આવેલી છે આ ફેક્ટરીઓમા પ્રતિ વર્ષ કરોડો ગેલન ઉત્પન્ન થાય છે અને ઘણા કારીગરોને અને રોજી મળે છે સ્વદેશી અને વિદેશી વેપારનો ઘણો ખરો આધાર આ જ ફેક્ટરીઓપર રહેલો છે અન્ય ફેક્ટરીઓની પ્રવૃત્તિ માત્ર સ્થાનિક જ હોય છે અને વિદેશના વ્યાપારમા તેમનો કાંઈ પણ હીસ્સો હોતો નથી તેમની જોકે સ્થાનિક અગત્યતા વત્તા અથવા ઓછા પ્રમાણમા તો હોય જ પરતુ તેમની પ્રવૃત્તિઓ એટલી વિશાળ નથી કે તેને રાષ્ટ્રીય ઉદ્યોગની પક્તિમા મુકી શકાય પરતુ જે ભવ્ય ફેક્ટરીઓ આખા દેશમા આવી રહેલી છે, અને જેના ગ્રાહકો પ્રત્યેક ગામ અને શહેરમા મળી આવે છે, તે વિષે આપણે હવે વર્ણન કરીશુ આ સસ્થાઓ માત્ર



જુદાજુદા રગોના મિશ્રણને હલાવામાં આવે છે.

યુનાઇટેડ સ્ટેટસમા જ નહીં પરન્તુ જગતમા સર્વોચ્ચ પ્રકારનો માલ પુરો પાડવાને માટે સુવિખ્યાત છે આ અભિપ્રાયની વિરૂદ્ધ કોઈ પણ મત આપવાનો ભય રાખવાની જરૂર નથી પ્રત્યેક ચુટાયના પ્રતિનિધિઓ પણ ઉપના જ અભિપ્રાયને ટેકો આપે છે એ સસ્થાઓ ઘણા વર્ષ પહેલા સ્થપાઈ હતી એમાની એક એની સ્થાપના તો સો વર્ષ પૂર્ણ થઇ હશે એ કારણોને લીધે એ સસ્થાઓએ દેશના ઔદ્યોગિક જીવનમા, દૃઢ અને ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે આ ફેક્ટરીઓ જમીનના વિશાળ ભાગોપર પથરાયલી છે અને તેમા યોજવામા આવેલી યત્રવ્યવસ્થા બહુ ઉચ્ચ પ્રકારની છે એ *Mixed Paint* (રગનુ મિશ્રણ) *Paste Paint* (સફેદ જસત અને સફેદ સીસાનુ મિશ્રણ), ઇનેમલ, સ્ટેઇન પેઇન્ટ,

વિગેરે વિવિધ રંગો આધુનિક પદ્ધતિને અનુસરીને બનાવવામા આવે છે આ મારિતી અને ફેક્ટરીઓમા થોડા યા વધુ પ્રમાણમા વારનિશ બનાવવામાં આવે છે પરતુ વારનિશ બનવવાનો ઉદ્યોગ, એજ પ્રવૃત્તિ માટે ખાસ સ્થપાયની સસ્થાઓ જ મુખ્ય પ્રમાણમા ચલાવે છે કેટલી- સસ્થાઓ માત્ર પેસ્ટ પેઇન્ટ (*Paste Paint*) બનાવે છે, અને કેટલીક



સસ્થાઓમા પેસ્ટ પેઇન્ટ અને આરે તરત ઉપયોગમા લઈ શકાય એવો નીક્સ્ડ પેઇન્ટ (મિશ્રિત રગ), પણ બનાવવામા આવે છે રગના ઉદ્યોગના વિષય પર વિચાર કરતાં આ બે પ્રકારની સસ્થાઓનો ભેદ ધ્યાનમા રાખવો આવશ્યક છે જે રગારીઓ આપણા મકાનો રગવા આવે છે, તેઓ પોતાની જરૂર પ્રમાણે રગ ઉપયોગમા લે છે એ તો આપણે

સ રસ્વતીચદ્ર ભાગ ૨ જો, ૨ ૧-૮-૦ ઓ। એમ ત્રિપાઠી એન્ડ કપની, મુબઈ

જોયુ હશે અને આ બનાવટ તેઓ પોતાની સ્વતંત્ર મરજી પ્રમાણે કરે છે જે પ્રકારનો રંગ જોઈતો હોય તેની યોગ્યતા આણવાને માટે તેઓ બાળેલુ સેના *Sienna* અને અન્ય જોઈતા રંગોનું મિશ્રણ બનાવે છે એનું પણ આપણે અવલોકન કર્યું હશે આ પદ્ધતિમા એ લાભ સમાયલો છે કે, ભિન્ન ભિન્ન શક્તિના લાકડામો અને લોખંડના કામો અથવા તો



જમીનમાંથી ખોદી કહાડેલા રંગ રંગની મટ્ટી મુકવામાં આવે છે તેની ઢગલીઓ.

સમીપમાનાં કોઈ રંગો સાથે નવા રંગો અનુકૂળ કરી શકાય આ રંગારાઓના અરનો માન પુરો પાડનારી ખાસ જુદી ફેક્ટરીઓ હોય છે જેમા, ડ્રાઈ ઝીન્ક ઓક્સાઈડ (*Dry zinc oxide*) અને શીસું (*Dry lead*) બનાવવુ, અથવા એ પદાર્થોને ચૂર્ણ કરીને તેનું કોઈ પણ તેલસદ મિશ્રણ કરવ, એ જ કામ માત્ર કરવામા આવે છે એ મિશ્ર

ભુને રંગવાના ઉપયોગમાં લેવાને માટે અંગ્રેજોનો રંગ, અને કોઈક વખત ટર્પેન્ટાઇનના સરખું પાતળું યા બીજું તેલ જ ઉમેરવાની જરૂર રહે છે પરંતુ આ પ્રવૃત્તિ કરનારી ફેક્ટરીઓ, તૈયાર રંગ બનાવનારી ફેક્ટરીઓથી કે ભિન્ન હોય છે વ્યવસ્થામાં સુધારો થવાને લીધે, તેમ જ કારીગરોના રંગવાના ચાતુર્યને લીધે આ નવી પદ્ધતિથી રંગારાઓ અને તેમના ઉપયોગમાં આવતી વસ્તુઓની વપરાશમાં ઘણો જ ઘટાડો થયો છે એ કથનમાં કશું શકાસ્પદ નથી પરંતુ તેથી જસત અને સીસાની બનાવટ બનાવનારી મહાન્ ફેક્ટરીઓના વેપારના પ્રમાણમાં બહુ ફરક પડ્યો નથી કારણ કે તેમનો માલ નવી પદ્ધતિથી કામ કરનારી ફેક્ટરીઓને વેચવામાં આવે છે, અને તેથી તેમને ઘણો સારો નફો પડે છે



રંગના નમુનાઓ કાર્ડ ઉપર છપાય છે.

જે ફેક્ટરીઓમાં વાપરવા માટે તૈયાર રંગ "*Ready for use*" બનાવવામાં આવે છે તેની કામ કરવાની પદ્ધતિ તદ્દન જુદી જ હોય છે કેટલીક ફેક્ટરીઓ પોતાનો જોઈતો સુકો રંગ પોતાના જ કારખાનામાં બનાવી લે છે અને આ ફેક્ટરીઓમાં પેસ્ટ પેન્ટ (*Paste Paint*) બનાવવામાં આવે છે આ પ્રમાણે કેટલીક સંસ્થાઓમાં કાચા માલમાંથી, અંતરમાં આણી શકાય અને હવાથી તરત જ ઉપયોગમાં લઈ શકાય એવો ઉચ્ચ પ્રકારનો રંગ બનાવવામાં આવે છે બીજી કેટલીક ફેક્ટરીઓ તૈયાર સુકો રંગ, અથવા મિશ્રણ કરવા યોગ્ય ચૂર્ણ કરેલું સીસું ખરીદ કરી તેમાંથી તૈયાર રંગ બનાવે છે આ પદ્ધતિની માફક ઓટોમોબાઇલ (*automobile*) ઉદ્યોગની સંસ્થાઓમાં કેટલીક કંપનીઓ માલ જુદી જુદી ફેક્ટરીઓમાં [illegible] છે પરંતુ એક ક્રિયા એ સર્વ ફેક્ટરીઓમાં સામાન્ય હોય છે [illegible] તૈયાર રંગ કરી શકાય

એવું જે મિશ્રણ કરવામા આવે છે એ જ ક્રિયા એક મહાન ઉદ્યોગરૂપે ગણી શકાય. કારણ કે એ જ ઉદ્યોગના સબંધમા અમેરિકા જગતના સર્વ રગ બનાવનારા દેશોમાં, પ્રથમ સ્થાન ભોગવે છે રગના ઉદ્યોગની આ પ્રવૃત્તિ યાંત્રિક સુધારાઓને પરિણામે માત્ર થોડા સમય થયા જ સંપૂર્ણતાએ પહોંચી છે તૈયાર રગ બનાવવાને માટે પ્હેલી ફેક્ટરી સને ૧૮૬૦ મા ન્યૂયોર્કમા સ્થાપવામા આવી હતી પરંતુ યોગ્ય ક્રિયાની તેમ જ એ ઉદ્યોગમા આવશ્યક શાસ્ત્રીય સિદ્ધાંતોના અજ્ઞાનતાને લીધે, કોઇ પણ પ્રકારનુ સંતોષકારક પરિણામ આવી શક્યુ નહીં ઘણા વર્ષો પછી બીજી મ્હોટી સંસ્થાઓએ આ નવા ઉદ્યોગ તરફ ધ્યાન દોડાવ્યુ તેમણે યોગ્ય પ્રમાણમા ધનનુ રોકાણ કરી મીશ્રણશાસ્ત્રી રસાયણ શાસ્ત્રીઓ અને અન્ય પ્રવિણ જાણકારોની સહાયતા મેળવી આ પ્રયત્નો વિજયી નીવડ્યા મૂખ્યત્વે કરી જસત સીસુ અને લીના



રગના પીપની અંદર જ રગને ઘૂંટવામાં આવે છે.

સીડ તેલ, તેમ જ વિવિધ રગોનુ અંદર મિશ્રણ કરી એ તૈયાર વાપરી શકાય એવો રગ બજારોમા વેચાયો, અને એપરથી મ્હોટા પ્રમાણમા એ રગ બનાવવાની ફેક્ટરીઓ ખોલવામા આવી અસલની પદ્ધતિથી રગારાઓ જે રગ હાથથી બનાવતા હતા, તેના કરતા આ યત્રબળથી બનાવેલો રગ ઉતરતો નહીં પણ ચઢતો છે, એવુ રગારાઓ અને ઘરના માલિકોના મગજોપર ઠસાવવાને માટે, વિશાળ પ્રમાણમા જાહેરાત કરવાનો આરમ્ભ કરવામા આવ્યો પરતુ રગારાઓ પોતાની અસલી પદ્ધતિને માટે ઘણો ઉચ્ચ અભિપ્રાય ધરાવતા હતા તેમને ખાત્રી હતી કે તેમનાથી કોઇપણ પદ્ધતિ ચઢી શકે તેમ નથી, તેમ જ તેઓ પોતાની કળા બ્હારના માણસોને કદી પણ બતાવતા નહીં આ કારણોને લીધે પ્રથમ ઘણી અડચણો પડી પરંતુ જાહેરમા યત્રબળથી બનેલા રગના પ્રયોગો કરી બતાવ્યા પછી એની ઉચ્ચતા વિષે લોકોની ખાત્રી થઇ આ

વિરૂદ્ધતા હજુ પણ સર્વાંશે દુર થઇ નથી પોતાની મરજી પ્રમાણેના પ્રયોગોથી રગ બનાવવામા ન્હાના રગારાઓને કાંઇક વિશેષ લાભ થતો હોવાને લીધે જ તૈયાર રગ હજુ સુધી સપૂર્ણ ફેલાવો પામી શકયો નથી અનેક પ્રકારના રગો વેચવામા આવે છે મ્હોટી સસ્થાઓ ઉંચી જાતના અનેક પ્રકારના રગો પુરા પાડે છે અને ન્હાની ફેકટરીઓમા સસ્તા ભાવનો નકામા પ્રકારનો રગ બનાવવામા આવે છે અને એ માન ગીરો અથવા મેલ-ઓર્ડર પેઢીઓના મારફતે વેચવામા આવે છે

આ તૈયાર મિશ્રણ કરેલા રગનો ઉદ્યોગ અમેરિકામા એટલો બધો અગત્યનો થઇ પડયો છે કે પરિણામે, દેશમા સર્વત્ર અસખ્ય ફેકટરીઓની સ્થાપના થવાને લીધે ઘણા સસ્થાનોને પોતાની



વાર્નિશને તૈયાર કરવામા આવે છે

દશમા આવેલી સસ્થાઓપર અકુશ મુકવાને માટે ધારાસભા મારફતે કાયદાઓ ઘડવાની જરૂર પડી છે એ કાયદાઓનો હેતુ એવો છે કે સારા અને ઉતરતા માલ વચ્ચેનો ભેદ સમજાય, એ બે પ્રકારનુ અયોગ્ય મિશ્રણ થાય નહીં તેમ જ ઉતરતા માલપર સારા માલના લેબલ લગાડી લોકોને છેતરી શકાય નહીં ઉત્તર ડાકોટા સસ્થાનમાં એવો કાયદો છે કે દરેક ડબા પર જે નિયમો અનુસરીને બનાવટ કરવામા આવી હોય તે છાપવુ અને મસાચુસેટ્સ સસ્થાનમા (*Masachusetts*) [illegible] છે તે લેબલપર જણાવવુ પડે છે [illegible] ઉદ્યોગમાં [illegible] તરફથી [illegible] પ્રકારના અમુક પ્રમાણ નક્કી કરવામા આવેલુ [illegible] પરથી [illegible] માલીક તેમનો માલ [illegible] કે અશુદ્ધ છે તે જાણી શકે એવી [illegible]

હાઇટીંગ, ચીનિકા, અને એવા પદાર્થોનું પ્રમાણ વધારે હોય છે, તેની બનાવટને મ ુ ઉચ્ચ પ્રકારની ગણવામા આવતી નથી લીન્સીડ ઓઈલની સાથે જસત અને સીસુ મુખ્ય પ્રમાણમા જેમા મિશ્ર થયેલા હોય, અને મેળવણીના પદાર્થો જેમા હોય નહીં અથવા તો અતિ અલ્પ પ્રમાણમા હોય તે જ રગ તદ્દન શુદ્ધ ગણાય છે રીી પદ્ધતિને અનુસરીને અમુક રગ બનાવવામા આવ્યો છે એ જો ખરીદનારને જાણવાની ફરજ હોય તો, ઉત્તર ડાકોટાના સરકારી ખાતા તરફથી પ્રસિદ્ધ થયેલો રીપોર્ટ ઘણી મ્હેનતથી મળી શકે છે તે વાચવાથી ભેળ કરેલા રગો તરત ઓળખી શકાય છે, જો કે એવા હલકા રગ પણ ઘેનનના ભાવ પ્રમાણે બહુ મોઘા હોતા નથી પરતુ મ્હોટી અને પ્રસિદ્ધ સસ્થાઓના સબધમા ઉપલી સૂચનાઓ અનાવશ્યક છે કારણ તેમનો માલ ઘણો જ વિશ્વાસપાત્ર હોય છે

આ બનાવટના વેચાણને માટે, એ મ્હોટી ફેક્ટરીઓ તરફથી મોટી સખ્યામા સેલ્સમેનો રોકવામા આવે છે આવા સેલ્સમેનો આખા દેશમા ભમી આવે છે એ લોકો બે રીતે કામ કરે છે કેટલાક એક ગામ અથવા પ્રદેશમા જઈ તેટલા વેપારીઓને માલ વેચે છે અને કેટલાક પોતાના તરફથી એક એજન્ટ નીમે છે જેની સાથે એવી શરત કરવામા આવે છે કે તે બીજી કોઈ ફેક્ટરીનો માલ રાખે નહીં વળી ખરી મોટી અમેરિકન ફેક્ટરીઓ આ પાછલી પદ્ધતિ પ્રમાણે કામ કરે છે વર્તમાનપત્રો, માસિકો, મારફતે તેમ જ અનેક રીતે જાહેરખબરો પ્રસિદ્ધ કરવા પાછળ તેઓ ઘણુ ધન ખર્ચે છે એક ફેક્ટરી માત્ર વર્તમાનપત્રો દ્વારા જ જાહેરખબરો આપે છે તેમ જ ઘરધણીઓપર પત્ર લખીને જણાવે છે પરદેશોમા પણ એ ફેક્ટરી એ જ પદ્ધતિને અનુસરે છે મેક્સિકો, પોર્ટો માના, કોસ્ટારિકા, સાલ્વેડોર, પુએટોરિકો, સેન્ટોડોમિંગો અને એવી પાસેના અમેરિકન પ્રદેશોના વર્તમાનપત્રોમા દર અઠવાડીએ જાહેરખબર આપવામા આવે છે, અને તે મારફતે પરદેશી આહકોને અમેરિકન રગના ઉપયોગ વિષે સૂચનાઓ કરવામા આવે છે. આ પ્રમાણે જાહેરખબરો આપવાની બીજી પદ્ધતિ એ છે કે, મોટી સસ્થાઓ, પ્રવિણ માણસોના હાથ નીચે ખાસ ખાતાઓ ખોલે છે એ માણસો શિ૫શાસ્ત્રીઓને અને મકાન બધાવનારાઓને રગ શી રીતે વાપરવો તેના સબધમા સલાહ આપે છે તેમ જ તેઓને માટે સામાન્ય સૂચનાઓ છપાવી પ્રસિદ્ધ કરે છે એ રગના ડાઘા, લોડાપર લગાવેલા નમુનાઓ, તેમ જ જુદા જુદા માલના જુદા જુદા ઉપયોગો દર્શાવનારા ન્હાના પુસ્તકો અને ચોપાનીયાઓ ફેક્ટરી તેમ જ એજન્ટો તરફથી ઘણી ઉદારતાથી વ્હેચવામા આવે છે એક મ્હોટી સસ્થાએ એક એવુ ખાતું ખોલ્યુ છે કે જે ઘરધણીઓને રગ વાપરવાના સબધમા સહાય આપે છે, અને રગ, પડદાઓ, ફર્નિચર વિગેરેની રચના વિષે પણ સલાહ આપે છે

ઘણી ખરી મ્હોટી સસ્થાઓ જો કે રગનુ કામ કરે છે પરતુ અનેક સસ્થાઓ સાથે સાથે એ ઉદ્યોગ જોડે સબધ ધરાવનારા પદાર્થોનું કામ પણ કરે છે એમા ખાસ ઘરના માલીકો ઉપયોગી થઈ પડતો મ્હેટલ પેઈન્ટ અગત્યનો છે આ રગ માળની જમિન, લાકડકામ,

ફર્નિચર વિગેરેને માટે ઉપયોગમા આવે છે એની બનાવટ તેલ અથવા તો વારનિશમા થાય છે લાકડુ હલકુ હોય તો તેને ઉચ્ચ પંક્તિનુ જ હોય તો તેની શોભામા વધારો કરવા માટે એ રંગ વપરાય છે મકાનોના અંદરના ભાગને અલંકૃત કરવામાટે ઇનેમલ પેઇન્ટ વપરાય છે અને એ ઉદ્યોગ પણ સરખી અગત્યતા ધરાવે છે આ બન્ને જાતના રંગ માટેની માગણી છેલા થોડા વર્ષોમા ઘણી વધી ગઇ છે એક ફેકટરી માત્ર એ બે જ પ્રકારના રંગ બનાવે છે અને તે નિય સઘળા જાતીના માસિકો અને વર્તમાનપત્રોમા જાહેરખબર આપે છે તે જ પ્રમાણે તેલ અથવા વારનિશમા તૈયાર કરેલા માળના તળીયા માટે અને પત્રકામો, વ્હાણો, ખેતીવાડીને લગતા ઓજારો, છાપરા, કાંકરેવી અને સીમેન્ટના મકાનો યોગ્ય રંગનો પણ મ્હોટો વેપાર ચલાવવામા આવે છે મોટા શહેરોની આસપાસ ઘણા નવા મકાનો બંધાતા હોવાથી, મ્હોટી ફેકટરીઓએ, 'વોશન પેઈન્ટ' બનાવવાનો આરમ્ભ કર્યો છે અને ત્યાના ન્હાના ઘરો માટે એ રંગ લોકપ્રિય થઈ પડ્યો છે મકાન બાંધનારાઓ અને રંગનારાઓ, અંદરના ભાગો રંગવામાટે અમુક પ્રકારનો રંગ વાપરવુ પસંદ કરતા હોવાથી એક નવી જાતનો રંગ બનાવવામા આવ્યો છે જે સુકાયા પછી સુંવાળી મખમલ સરખો જણાય છે આ રંગને ધોવાથી પણ નુકસાન થતુ નથી તેમ જ એનો ઉપયોગ તન્દુરસ્તીને અનુકૂળ થઇ પડતો હોવાથી કેટલાક ભાગોમા વધારે પ્રિય બની એ જ વાપરવાનો ચડસ પડ્યો છે અને હોસ્પીટલ સેનીટેરિઅમ, અને જાહેર મકાનોમા પણ એ જ વપરાય છે પરદેશોમા એ રંગને દાખલ કરવાનો પ્રયત્ન કરવામા આવે છે એ ઉપરાંત 'કેલ્સિમાઇન્સ' નામનો ઉચ્ચ પંક્તિનો રંગ મ્હોટા પ્રમાણમા બનાવવામા આવે છે એ દિવાલ અને શીલીંગપર લગાડવામા આવે છે કેલ્સીમાઇન અનેક રંગના હોય છે અને તે બે પ્રકારના બનાવવામા આવે છે ગરમ અથવા ઠંડા જળમા મેળવીને તેને બ્હાર અથવા અંદરના ઉપયોગમા લઇ શકાય છે આ રંગ ન્હાના અથવા મોટા ડબામા મળે છે સાધારણ રીતે એના પાંચ પાઉન્ડના પેકેટો વેચાતા મળે છે જોકે પરદેશમા મોકલવામા આવતો માલ સોથી નવસો પાઉન્ડના વજન સુધીના ડબાઓ કે પીપમા ભરવામા આવે છે કેલ્સિમાઇન પેઇન્ટ દક્ષિણ અને મધ્ય અમેરિકા અને વેસ્ટ ઇન્ડીઝના વેપારીઓમા ખાસ વધારે પ્રમાણમા ખરીદવામાં આવે છે અને તેઓ એ માલને દેશાવર પણ ચલાવે છે

હિન્દી રાજકીય સુધારાઃ
સ્વાયત્ત અને પરાયત્ત વિષયો.

લેખક–રા. હીરાલાલ હરજીવન ગણાત્રા, બી એ

(ગયા અંકથી ચાલુ)

હિન્દી રાજકીય સુધારાના સચાલનમા હિન્દને નવીન રાજ્યતન્ત્ર કેવુ આપવાનુ છે, તે સમ્બન્ધમા શી શી યોજનાઓ ઘડાઇ રહી છે, સ્વાયત્ત પરાયત્ત વિષયોની વ્હેંચણીનો પ્રશ્ન કેટલા મહત્વનો અને કેટલો ગભીર છે, ઇત્યાદિ આપણે જોઈ ગયા

મુખ્ય પ્રશ્ન ! હવે ક્યા વિષયો સરકારે પોતાના હસ્તમા રાખવા જોઇએ અને ક્યા ક્યા વિષયો પ્રજાકીય મન્ત્રીઓને–પ્રજાના પ્રતિનિધિઓને સોપવા જોઇએ, અને ક્યા આધારે ? તેનો સવિસ્તર વિચાર અત્રે આપણે કરીશુ વિષયોની વ્હેંચણીનો પ્રશ્ન મુખ્ય છે અને તેની ઉપર હિન્દના નવીન રાજ્યતન્ત્રની સફળતાનો ઘણો આધાર રહે છે એ વ્હેંચણી અમુક સિદ્ધાતો અને અમુક નિયમોને અનુસરીને થવા જોઇએ, આ વિષય સરકારે હાથમા રાખવો ઠીક છે, અને આ વિષય મન્ત્રીના હાથમા આપવો સારો છે, એવા સ્વાર્થમગ્ન સમૂહોના વિચારને સ્થાન ન મળવુ જોઇએ આ સામાન્ય સિદ્ધાતો અને નિયમો સ્હેલાઈથી સમજી શકાય એવા છે હિન્દની પ્રજાને 'સતોષ' આપવાને માટે તેઓને 'જોખમદાર રાજ્યનુ દાન કરવાનુ છે અને અતમા એ જોખમદાર પ્રજાકીય તન્ત્રનો ક્રમશ સમ્પૂર્ણ વિકાસ થાય એવા પ્રકારે વિષયોની વ્હેંચણી થવી જોઇએ આ નેમને અનુસરીને પ્રથમ પ્રાન્તિક જોખમદાર રાજ્ય આપવાની તરફેણમા ઘણા છે, પરન્તુ તમામ પ્રાન્તિક સ્વતન્ત્રતા અપાશે, એવી યોજના આકાશ છે એ અનુમાનથી પણ આ તેમ પણ વિચારને લીધે કાપકુપ કરવાના વિચારો થાય છે એ સમ્બન્ધમા મુખ્ય અને સીધો પ્રશ્ન એ જ છે કે તમે જોખમદાર રાજ્ય હિન્દને ખરેખાત આપવાના છો કે નહિ ? અમારી માન્યતા પ્રમાણે આ પ્રશ્નનો પ્રત્યુત્તર નકારમા વાળી શકાવાનો નથી કેમ કે હિન્દની સ્થિતિ, અને ગ્રેટબ્રિટનની પ્રતિજ્ઞા સત્ય, ન્યાયાદિ તેમના શાશ્વત સિદ્ધાંતો તેમ જ રાજકીય આવશ્યકતા પણ તેમને હકારમા જ પ્રત્યુત્તર આપવાની લગભગ ફરજ પાડે છે હવે હિન્દના રાજકીય સુધારાના સચાલનમા ગ્રેટબ્રિટનથી પાછુ પગલુ ભરી શકાશે નહિ, એ સ્પષ્ટ છે એથી જ્યારે જોખમદાર રાજ્યતન્ત્ર અથવા સ્વરાજ્ય હિન્દને આપવાનુ જ હોય તો તે અને તેના ઓછા બડબડાટ અને અતુરતા અથવા સંકોચવૃત્તિના ઓછા પ્રદર્શન સહિત અપાય તો તેની અસર અદ્ભુત થાય એ નિ શક છે જે દાન આપવામા હાથના જેવી વૃત્તિ બતાવવામા આવે, અને બડબડાટ કરવામા આવે તેના પ્રમાણમા દાનમા સાત્વિક દાનવૃત્તિ છે એવુ ની રા ત નહિ તેમ એવા દાનથી

કોઈનુ પણ કલ્યાણ સધાતુ નથી હિન્દને જોખમદાર રાજ્ય આપવામા પણ ઢીલ કરવામાં આવશે, તે આપવામા વિલંબ કરવામાં આવશે, આટલું આપવુ અને આટલું ના આપવુ એવો વિચાર કરવામાં જે સમય વ્યતીત કરવામા આવશે તો હિન્દી પ્રજાના મનમા જે અસતોષ છે તેમા વૃદ્ધિ થશે અને તેમા ઉભયનુ અહિત છે, એ સ્પષ્ટ છે હિન્દી પ્રજાને સ્વરાજ્યને માર્ગે ચલાવવાની હોય, જો તેને સ્વરાજ્યના પાઠો ભણાવવાના હોય અને જોખમદારીની ગુટિકાઓ ગળાવવાની હોય તો તેમની સ્વાતંત્ર્ય ચલાવવાની શક્તિમા ક્રમશ વૃદ્ધિ ગત ઉમેગ ભરેલા પૂર્વક થાય એવી રીતે સુધારાનુ રાજ્યતંત્ર ગોઠવવુ જોઈએ અને એ જ કારણથી સ્વાયત્ત અને પરાયત્ત વિષયોની વ્હેંચણી થવી જોઈએ જે વિષયો પોતાના હસ્તમા અને અંકુશમા રાખ્યા વિના પ્રજાની દૃષ્ટિએ પ્રજાના હિતને ભારી નુકસાન થતુ હોય, તે વિષયો યોગ્ય સમય વ્યતીત થયા પછીથી પ્રજાના પ્રતિનિધિઓને સોંપવાના ઉદ્દેશપૂર્વક સરકારી અમલદારોએ પોતાના હસ્તમા રાખવા, અને બાકીના સકળ વિષયો પ્રજાના વહીવટને માટે તેમને સોંપી દેવા જોઈએ જો પ્રાતોને સપૂર્ણ સ્વતંત્રતા જેમ બને તેમ શીઘ્ર આપવી હોય તો તે એ વિના અન્ય માર્ગ છે જ નહિ એવો અમારો દૃઢ અભિપ્રાય છે नान्यः पन्था विद्यतेऽयनाय ।

વિષયોની વ્હેંચણીને માટે ઉપર જે ધોરણ બાંધવામા આવ્યુ છે તેની કદર મુત્સદ્દીગીરીના ઉપયોગ વિના, નિષ્પક્ષપાત, સત્યાવલંબી ન્યાયાન્યાય વિવેકબુદ્ધિના ઉપયોગ વિના કદાચિત થઈ શકે એમ છે અને તેને વ્યવહારમા ઉતારતા નો અપૂર્વ ધૈર્ય

અનુદારતાનુ દર્શન.

દાખવવુ પડે છે એ ધૈર્ય મુત્સદ્દીપણુ એ ઉદારતા બતાવવામાં હિન્દી સરકાર સમર્થ નીવડી નથી, એ શોકની વાત છે જો ઉપરોક્ત ધોરણ સ્વીકારાયું હોત તો સરકારે પોતાને માટે થોડા વિષયો રાખ્યા હોત પરન્તુ ના, તેને બદલે સરકારે જ્યા ત્યા પોતાનો હાથ રાખવાનો ઉદ્યમ કર્યો છે સરકાર કહે છે કે અમે હિન્દના સુરાજ્ય વ્યવસ્થા અને શાતિને માટે જવાબદાર છીએ, માટે અમારાથી ઉપર કહ્યુ તે પ્રમાણે ઘણુ ખરુ પ્રજાના પ્રતિનિધિઓને કેમ સોંપી શકાય ? એ પ્રશ્નનો પ્રત્યુત્તર સેહલો છે કે, જેમ હિન્દી સરકાર હિન્દના સુરાજ્ય, વ્યવસ્થા અને શાતિને માટે જવાબદાર છે તેમ જ ખુદ હિન્દી પ્રજાનુ જનસ્વભાવાનુસાર પોતાના સુરાજ્ય વ્યવસ્થા અને શાતિમા અપાર હિત સમાયલું છે, તેથી તેઓ તેને માટે બેદરકાર રહેશે નહિ અમેરીકાએ ફીલીપાઈન્સના ટાપુઓને કેવી રીતે સ્વરાજ્ય આપ્યુ તે તરફ અમે સરકારનુ ધ્યાન આકર્ષીએ છીએ ફીલીપાઈન્સના ટાપુઓના કરતા બમણા કે ત્રણગણા સમયમા પણ હિન્દને સપૂર્ણ સ્વરાજ્ય મળે તો પણ અહોભાગ્ય ! હિન્દી સરકાર જે ખરીતો વિષય વ્હેંચણીવિષે મોકલ્યો છે, તે ઉપરથી હિન્દી સરકારની અનુદારતા અને સંકોચવૃત્તિ સ્પષ્ટ થઈ જાય છે એ ખરીતામા જણાવ્યા પ્રમાણે વિષયોના ત્રણ વિભાગો પાડવામા આવશે (૧) સમગ્ર હિન્દના (૨) પ્રાતિક—સ્વાયત્ત (૩) પ્રાતિક પરાયત્ત —પ્રાતિક પરાયત્ત વિષયોમા પણ કેટલેક સ્થળે અમુક શરત સહિત જ તેમને પરાયત્ત કરવામા આવ્યા છે, તે શરત એ છે કે હિન્દી ધારાને તે આધીન હોવા જોઈએ, અર્થાત જો તે વિષયોના

વહીવટમા હિન્દના કાયદાનુ ઉલ્લઘન થતુ હોય તો તેમા હિન્દી સરકારને હસ્તક્ષેપ કરવાનો અધિકાર રહેશે તે ઉપરાત પ્રજાકીય ધારાસભાને જોખમદાર 'મન્ત્રી' ને પરાયત્ત વિષય કે વિષયોના વહીવટ સોપાયા છતા, સરકારને તેઓ અધીન રહે તે માટે તેમને નમાવવાને કેટલાક અધિકારો માગવામા આવ્યા છે, તેમને ગડગડીયુ આપવાની પણ સત્તા મગાઈ છે, અને અન્ય મન્ત્રી નીમવામા ન આવે ત્યા સુધી તેના ખાતાનો વહીવટ ગવર્નર પોતાના નોકરોની સહાયથી ચલાવે, એમ પણ કહેવામા આવ્યુ છે એ તો જાણે ઠીક; પરતુ અમુક વિષય કે વિષયો 'મન્ત્રી'ને સોપવામા આવ્યા હોય તે છતા જો નોકરશાહીને લાગે કે તે વિષય કે વિષયો સોપવા જેવા નથી, અથવા તેમના વહીવટમા મન્ત્રીની અયોગ્યતા માલૂમ પડે તો તે વિષય કે વિષયો પાછા સ્વાયત્ત વિષયોની કોટિમા મુકાઈ શકે આવી સત્તા સરકાર પોતાને માટે માગે છે આ અતિ વિશાળ સત્તાની વાત સાભળીને અમને એક બોધદાયક વાર્તાનુ સ્મરણ થાય છે એક બકરીને દિવસમા ૨૩ કલાક વાસચારો ખુબ નીરવામા આવતા હતા, પરતુ ૧ કલાક એક વ્યાઘ્ર ની પાડોશમા રાખવામા આવતી હતી, જેથી બકરીનુ વજન વધતુ નહિ અને ઘટતુ યે નહિ તેવી જ રીતે સરકારના હાથમા એક તરફથી આવી બધી સત્તા આપવામા આવે અને બીજી તરફથી પ્રજાને ગમે તેટલી સ્વતન્ત્રતા આપવામા આવે તો પણ તે સ્વતન્ત્રતા લુપ્ત થવાનો ભય ઉપસ્થિત જ હોય છે અને એવી યોજનામા હિન્દીપ્રજા સ્વરાજ્યના પથ ઉપર સ્વલ્પ પ્રગતિ કરી શકે, અધિક નહિ નોકરશાહીનો અત્યારસૂધીનો ઇતિહાસ તપાસો, અને આવી સત્તાઓને માટે તેઓ યોગ્ય છે કે નહિ, આવી સત્તાઓનો સદુપયોગ નહિ પણ દુરૂપયોગ થવાનો જ ભય છે કે નહિ એનો વિચાર કર્યા પછીથી જો તેઓ પોતાની તરફેણમા કાઈ નિશ્ચયાત્મક કારણ બતાવી શકે તો જ તે સત્તાઓ તેમને આપો, અન્યથા એવી સત્તાઓ તેમને આપવી ભયોત્પાદક અને હાનીકારક છે સ્વતન્ત્રતા અને નોકરશાહીને નૈસર્ગિક વેર હોય છે, અને નોકરશાહી પોતાનો લાભ લેવાને અતિ આતુરતાવાળી હોય છે એ લોકપ્રસિદ્ધ છે સીવીલ સર્વીસના નોકરશાહીના હસ્તમા આવુ હથીયાર આપવુ એ કોઇપણ રીતે અભીષ્ટ નથી

સરકારી અમલદારોની મનસ્થિતિ અને નવણ પત્રે ઉપરની ટીકા ધ્યાનમા રાખીને આપણે હવે ક્યા વિષયોની કેવી ન્હેંચણી કરવી તે તરફ વળીએ આ વિષય વિચારતા પ્રથમ આપણુ ધ્યાન દેશની કેળવણી તરફ ખેંચાય છે આપણા દેશની કેળવણીની સમગ્ર પદ્ધતિ આદિથી અન્ત સુધી એવી વિચિત્રતામય છે અને એ પદ્ધતિમા એવા અક્ષમ્ય અને અસહ્ય સ્ખલનો કરવામાં આવ્યા છે, તેમ જ એની પ્રગતિ તરફ વિચારનું સપૂર્ણ મહત્વ જોના એટલી નિષ્ઠુરતા બતાવવામા આવી છે, સક્ષેપમા અમારો એ ખાતું એટલુ બધુ દોષવાન્ દગ્ગોચર થાય છે કે, અનમા તે હિન્દી વિદ્યાર્થિઓને તેમ જ હિન્દ સમસ્તને મહાન્ નિરાશાજનક નીવડ્યુ છે, અને તેથી એના દોષોને માટે જેટલુ કહીએ તેટલુ ઓછુ છે અત્યારે આપણે પરદેશોની શિક્ષણપદ્ધતિઓની મુક્તકઠે પ્રશસા કરીએ છીએ, આપણા વિદ્યાર્થિઓ હજારો રૂપીઆ ખર્ચીને ઇગ્લડ, ફ્રાન્સ, જર્મની, અમેરિકા,

કેળવણી.

જપાન ઈત્યાદિ દેશોમા જાય છે, ત્યાથી કેળવણી પામી પાછા ફરે છે, અને પછીથી તેમને દેશની વિશિષ્ટ પરિસ્થિતિમા જે સ્થાન મળે છે, તેને અનુસરીને પોતાનુ જીવન ગાળે છે કોઈ પણ દેશની ઉન્નતિનો આધાર તેની કેળવણીની પદ્ધતિ અને તેના પ્રચાર ઉપર રહે છે જાપાન વિગેરે દેશોની કેળવણીની પદ્ધતિના પરિણામે તેમની થયેલી ઉન્નતિ વિષે આપણે મુગ્ધ બની જઈએ છીએ, પરતુ તેથી આપણને શો લાભ? આપણા દેશમા પ્રાથમિક, ઉચ્ચ, વ્યાપારિક, ઔદ્યોગિક ટેક્નીકલ આદિ સર્વ પ્રકારના શિક્ષણમા ગભીર ભૂલો કરવામા આવી છે, અને તેમા પ્રગતિ પણ જોઈએ તેટલી થઈ શકી નથી આ અત્યત અસતોષકારક સ્થિતિને માટે નોકરશાહી અને તેનો કારભાર જ જોખમદાર છે નોકરશાહીએ આ વાત અનેક વેળા કબુલ પણ કરી છે હિન્દી સરકારના છેલ્લા ખરીતામા પણ એનો સ્વીકાર કરવામા આવ્યો છે, છતા આશ્ચર્ય એ છે કે થયેલી ભૂલો સુધારવા, થયેલા પાપનો પશ્ચાત્તાપ કરવા નોકરશાહી દેશની કેળવણીનો વહીવટ પોતાના હસ્તમા અને કાબુમા રાખવા માગે છે જે ખરીતાનુ અવલોકન અત્ર થાય છે, તેમા નોકરશાહી તરફથી એવી સૂચના કરવામા આવી છે કે, પ્રાથમિક કેળવણી પ્રજાકીય મન્ત્રીઓને આપવી પરન્તુ માધ્યમિક તથા ઉચ્ચ કેળવણી તો સરકાર 'માબાપ' ના હસ્તમા જ રહેવા દેવી. આ છેલ્લી સૂચનાને માટે આપણે હિન્દી સરકારનો ઉપકાર માનવાનો છે જ્યારે વિષયનિર્ણાયક કમીટીએ તો કેળવણીનો આખો વિષય પ્રજાકીય મન્ત્રીઓને સોપી દેવાની દરખાસ્ત કરી છે મોન્ટેગ્યુ—ચેમ્સફર્ડ રીપોર્ટમા પણ કેળવણીના વિષયને પરાયત્ત રાખવામા આવ્યો છે તથાપિ હિન્દી સરકારનો ખરીતો તેથી ઉલટી વાત કરે છે શુ હિન્દી સરકારની ઉદારતા? કેળવણીને સ્વાયત્ત વિષય તરીકે રાખવામા સરકારના આશયો રાજકીય છે, એવો શક સહજ ઉદ્‌ભવે છે એની સામે વાંધો લેતા સર શંકરન્ નાયર પણ પોતાની નોંધમા નીચે પ્રમાણે ટીકા કરી છે

"તેઓ કેળવણીને સ્વાયત્ત વિષય રાખવા માગે છે, તેઓ મને ભય છે કે કેળવણી વિષયક પ્રગતિના લાભમા નહિ પરન્તુ રાજકીય કારણોને માટે એમ કરે છે તેઓની પોતાની દૃષ્ટિમા કેળવણીની કોઈ પણ યોજના નથી, અને તેમના પુરોગામિઓ હિન્દી હોવા છતા પ્રયોગ પછી પ્રયોગ કર્યે જાય છે અને તેઓએ પોતે સ્વીકાર્યા પ્રમાણે તે પ્રયોગોનો અત નિષ્ફળતામા આવ્યો છે"

આપણી સરકારની—નોકરશાહીની કેળવણીપ્રતિ કેવી રાજનીતિ છે, તેનુ વર્ણન કરવા બેસીએ તો પાર આવે નહિ એમાં સરકારના કેટલાક કાર્યો બુદ્ધિપૂર્વક થયલા દેખાય છે, ત્યારે કેટલાક દોષો સ્વભાવત જ થયા છે કેળવણીની પ્રગતિ તરફ જે નિસ્પૃહા બતાવાઈ છે, તે બુદ્ધિપૂર્વક દોષ થયલો છે, ત્યારે પરદેશી કેળવણીની પદ્ધતિના ઘુટડા આ દેશના લોકોની પ્રતિભાને માફક આવે ન આવે તો પણ તેમને ગળે ઉતારી દેવાના પ્રયત્નોમા સ્વાભાવિક દોષ થયો છે જે કેળવણીની પદ્ધતિ એક દેશના લોકોને અનુકૂળ હોય તે દેશના લોકોથી ભિન્ન રુચિ, ભિન્ન પ્રકૃતિ અને ભિન્ન સસ્કૃતિ તથા ભિન્ન પ્રતિભાના લોકોને તે જ કેળવણીની

પદ્ધતિ અનુકૂળ ન જ આવે એ કુદરતી છે પાશ્ચાત્ય કેળવણીને આ દેશમા ઠોકી બેસાડવાના જે પ્રયત્નો કરવામા આવ્યા છે, અને અદ્યાપિ આવે છે, તેના પરિણામો કેના સુન્દર (?) આવ્યાં છે અને આવે છે, તે આપણી વર્તમાન સ્થિતિને અનુભવનાર અને તેપર વિચાર કરનારને અને આપણી સામાજિક પરિસ્થિતિમા, આપણા વિચાર આચારમા એથી કેટલો પ્રચડ ફેરફાર થઇ રહ્યો છે, અને કેળવણીની પદ્ધતિના અસતોષકારક લક્ષણ સામે કેવો પોકાર થાય છે તે યથાર્થ જાણનારને સમજાયા વિના રહે એમ નથી આ પ્રમાણે કેળવણીના ક્ષેત્રમા જે નોકરશાહીએ દેશને અપાર નુકસાન કર્યું છે, તે જ નોકરશાહીના હસ્તમા વધારે દીર્ઘ કાળ સુધી કેળવણી જેવી અમોઘ કામદુધા કેમ રહેવા દેવાય ? ન જ રહેવા દેવાય કેળવણીની સગીન પ્રગતિ ઉપર દેશની રાજકીય પ્રગતિનો આધાર છે, એમ પણ કહેવામા આવે છે તેથી પણ કેળવણી નોકરશાહીના હસ્તમા રહેવી ન જોઇએ, કેમકે નિ સશયાત્મક રીતે નોકરશાહીએ દેશની રાજકીય પ્રગતિની સામે પોતાનો વિરોધ શબ્દોમા તેમ જ કાર્યોમા દર્શાવ્યો છે એવી સ્વાર્થપરાયણ નોકરશાહીની વ્યાવૃત્તિપર ત્રીશ કરોડ પ્રજાનું ભવિષ્ય છોડવુ એ કોઇ રીતે સલાહ ભરેલુ નથી કેળવણી—સુયોગ્ય કેળવણીપદ્ધતિની ખામીને લીધે દેશની સામાજિક, આર્થિક અને વ્યાપારિક ઔદ્યોગિક ઉન્નતિ પણ અટકે છે તેમા અનેક અન્તરાયો પડે છે એ અન્તરાયો સ્વરાજ્યને યોગ્ય વિકાસ મળે તેટલા માટે દૂર કરવાની જરૂર છે જેઓ પૂરતો વિચાર કરી શકતા નથી, તેઓની વિચારશક્તિને ઉત્તેજિત કરવાની, તેમની ભાવનાઓને સુદર બનાવવાની અને તેમના અન્ત કરણને, તેમના આત્માને પ્રબુદ્ધ કરવાની આવશ્યકતા છે એને માટે કેળવણીની પદ્ધતિમા સુધારા થવાની જરૂર છે, અને તે સુધારેલી પદ્ધતિને ત્વરાપૂર્વક વ્યવહારમા યોજવાની આવશ્યકતા છે આ કાર્ય શુ અમલદારોથી સેંકડો વર્ષોમાયે થઇ શકશે ? નહિ જ તેઓ પરદેશી હોઇને પ્રજાકીય-પ્રજાપોષક કેળવણી કદાપિ આપી શકે નહિ અને હિન્દની મહાન્ આવશ્યકતા એથી દૂર થઇ શકે નહિ આમ હોવાથી કેળવણીનો સમગ્ર વિષય પ્રજાકીય મન્ત્રીઓને સોપી દેવો જોઇએ કેળવણીનો વિષય પ્રજાને, પ્રજાકીય અગ્રેસરોને સોપાયા વિના હિન્દને સ્વરાજ્ય મળવાનુ નથી, તેની પ્રાપ્તિને માટે તૈયારીઓ પણ બહુ જ મદ થશે, માટે એ વિષય પરાયત્તની યાદીપર મુકાય તેને માટે સબ પ્રયત્નો થવા જોઇએ

હવે આપણે દેશની આબાદી સાથે સીધો સબધ ધરાવતા સપૂર્ણ મહત્વના બીજા વિષય તરફ વળીએ એ વિષય વ્યાપાર અને ઉદ્યોગોનો છે દેશની બૌદ્ધિક પ્રગતિ અને વિદ્યાસપત્તિ સાથે કેળવણીનો સબધ છે, તેમ દેશની આર્થિક ઉન્નતિ અને આબાદી સાથે વ્યાપાર અને ઉદ્યોગોનો સબધ છે આપણા દેશના વ્યાપારીઓને અનેક પ્રકારની અગવડો વેઠવી પડે, તેમની તરફ વિષમ વર્તન ચલાવવામા આવે, દેશના ઉદ્યોગોને વિકાસને માટે અવકાશ ન મળે અથવા બહુ ઓછો મળે, અને સરકારની વ્યાપારી તેમ જ ઔદ્યોગિક રાજનીતિને લીધે દેશને ખમવુ પડે,

વ્યાપાર અને ઉદ્યોગો.

સરસ્વતીચન્દ્ર ભાગ ૪ થો રૂ ૩-૮-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુબાઇ

એ આપણે નાના હાથથી જોયુ છે નોકરશાહીની વ્યાપારી અને ઔદ્યોગિક રાજ્યનીતિએ કેના માઠા ફળ હિન્દુસ્થાનને ચખાવ્યા છે, તેની પ્રતીતિ ઔદ્યોગિક કમીશનના રીપોર્ટમાં પંડિત મદનમોહન માલવીયે જે અનુભવસિદ્ધ ટીકા પોતાની જુદી નોંધમા લખી છે, તે ઉપરથી થાય છે એક વેળા આપણા દેશના ઉદ્યોગો ધમધોકાર ચાલતા હતા અને દેશના અસખ્ય સ્ત્રીપુરુષો તેથી પોતાનુ ગુજરાન ચલાવતા, સતોષ કારક સ્થિતિમા રહી શકતા અને તે ઉદ્યોગોની ઉત્પત્તિઓ પરદેશોમાં પણ મુલકે વખણાતી હતી તેવી જ રીતે આપણા દેશનો વ્યાપાર દેશની અન્દર તેમ જ પરદેશો સાથે પણ ઘણા મોટા પાયા ઉપર ચાલતો હતો અત્યારે તેમાનુ કશુ નથી આપણા ઉદ્યોગો હણાઈ ગયા, આપણો વ્યાપાર પહેલાના કરતા મોળો પડયો, દેશમાથી ધન ઓછુ થવા લાગ્યુ,અને તેને પરિણામે દેશના ચેતનને વધારે ને વધારે ગોબ લાગ્યો વ્યાપારમા લક્ષ્મી વસે છે અને તે વ્યાપાર જો કરમાતો જાય તો એ દેશની આબાદ સ્થિતિ કેટલો સમય ટકી શકે ? અત્યારે આપણે જોઈ એ છીએ તો અત્યત હૃદયભેદક સ્થિતિ જોવામા આવે છે દેશની આબાદી વ્યાપારના મથકો અને શહેરો ઉપરથી જોવાની નથી, પરન્તુ તેના ગામો અને બહુ દુર ગ્રામ્યજનોની આબાદી ઉપરથી માપવાની છે તેઓમા કેટલાકને તનતોડ મહેનત મજુરી કરવા છતા પેટપૂરતુ અનાજ મળતુ નથી, ઘણાને ભૂખમરો વેઠવો પડે છે, અને કેટલાકને તો આવા દુષ્કાળના સમયમા પાદડા ખાઇને પણ રહેવુ પડયુ હતુ, તથા જીવન નિભાવવાને માટે કેટલાક અમાનુષિક કાર્યો પણ કરવા પડ્યા હતા જે દેશનો વિશાળ જનસમૂહ આવી સ્થિતિમા હોય તે દેશ આબાદ શી રીતે ગણી શકાય ? હજી સ્વરાજ્યની પ્રાપ્તિના સમયમા દેશની ઉન્નતિને માટે ઘણા નાણા ખર્ચવા જોઇશે એ નાણા મેળવવાને માટે દેશની સામાન્ય આર્થિક સ્થિતિમા અભિવૃદ્ધિ કરવાને માટે ઉપાયો યોજવા પડશે જે નોકરશાહી અત્યાર સુધી દેશની ઔદ્યોગિક પ્રગતિ તરફ બેદરકાર રહી છે, તે એવા ઉપાયો યોજશે એમ આપણે માની શકતા નથી આપણો આ અવિશ્વાસ અસ્થાને નીવડે એ આપણે ઇચ્છીએ છીએ પણ આપણા મનોરથો ઉપર જ આપણે આ વિષયમા આધાર રાખી શકીએ નહિ એ વિષય પરાયત્ત હોવો જોઇએ, અને પ્રજાકીય મન્ત્રીઓને સોપાવો જોઇએ વિષય નિર્ણાયક કમિટીએ એ વિષયને પરાયત્ત બનાવવાની દરખાસ્ત મુકી છે પરન્તુ હિન્દી સરકાર પોતાના ખરીતામા તેથી ભિન્ન વાર્તા કરે છે તેઓ સક્ષેપમા પોતાના વિચારો જણાવે છે કે, “ઉદ્યોગોનો વિકાસ સ્થાનિક સરકારોએ અને હિન્દી સરકારે એક સાથે હાથમા લેવો જોઇએ, અને સ્થાનિક સરકારોને લાગતુ વળગતું હોય ત્યા સુધી તો આ વિષયને સ્વાયત્ત રાખવો જોઇએ” અર્થાત હિન્દી સરકાર ઉદ્યોગોનો આખો વિષય પોતાના જ હસ્તમા રાખવા માગે છે પ્રજાકીય મન્ત્રીઓને તે આપવાની ના પાડવામા આવે છે આ સૂચના હાનીકારક છે તે ઉપર દર્શાવવામા આવ્યુ છે જ ઉદ્યોગોનો વિષય પ્રજાકીય મન્ત્રીઓને જ સોપાવો જોઈએ હિન્દ દેશના સર્વોત્તમ લાભોને માટે એ આવશ્યક છે, તેની ઉપર જ સ્વરાજ્યની ભવ્ય ઈમારત ચણવાની છે ને એ વિષયમા હિન્દી સરકારને કાંઈ પણ દરમ્યાનગિરી કરવાનો હક્ક આપવામા

આવે તો પણ ધારાસભાના અંકુશ હેઠળ કામ કરતા હિન્દી મન્ત્રીને તે હક મેળવવો જોઇએ હિન્દી સરકારને પોતાને દેશના હિતને માટે ઉદ્યોગો ચાલુ કરવા હોય તો તેનો વાંધો નથી, પરન્તુ ઉદ્યોગોના સમ્બન્ધમા સ્થાનિક સરકારોને મદદ આપવાનો હક હિન્દી સરકાર પોતાના હસ્તમા રાખશે તો તેથી અનેક અનિષ્ટ પરિણામો આવવાનો ભય રહે છે 'મદદ' ના નામ હેઠળ સ્થાનિક સરકારોને હિન્દી સરકારની તેમ જ હિન્દી પ્રધાનની લગભગ હમેશા પરવાનગી લેવી પડે એવી પદ્ધતિ પડી જવાથી સ્થાનિક સરકારોએ જે થોડા થોડા પ્રયાસો કર્યા છે તે પ્રયાસોમાં અસંખ્ય અન્તરાયો ભૂતકાળમા નડ્યા છે, અને તે જ અનિષ્ટો ચાલુ રહે તે દેશના હિતને માટે કોઇ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી

આ સમ્બન્ધમા એક ભય રાખવામા આવે છે તેનુ જરા અવલોકન કરીએ અમલદારી વર્ગની તરફદારીમા એમ કહેવામા આવે છે કે જો ઉદ્યોગોનો વિષય પ્રજાકીય મન્ત્રીઓને સોંપવામા આવશે, તો બ્રિટિશ મુડીદારો હિન્દુસ્તાનમા પોતાની મુડી રોકશે નહિ અને રાખશે પણ નહિ, કેમકે તેમને હિન્દીઓ તરફ અવિશ્વાસ અને અસમાન વર્તનનો ઉંડો ભય રહેશે બ્રિટિશ મુડીદારોને હિન્દી પ્રજા તરફથી આવા વર્તણુનો ભય રહેતો હોય તો તેનુ એક જ કારણ છે, જે સ્પષ્ટ જણાવવામા આવતુ નથી એ કારણ એ જ છે કે, તેમણે પોતે અથવા તેમના અમલદારોએ હિન્દી વ્યાપારીઓ તરફ અસમાન વર્તન ચલાવ્યુ છે, તેથી હિન્દીઓનો સમય આવતા તેઓ વેર વાળશે તો ? એવો ભય તેમના મનમા ભરાઇ રહે છે નહિ તો એવા ભય વિના હિન્દી પ્રજાને પોતાના વર્તનને માટે બીજી કાંઇપણ પ્રતીતિ આપી નથી—આપી શકી પણ નથી, તેને માટે તેમને તેને અવકાશ પણ આપવામા આવ્યો નથી અને અમને વિશ્વાસ છે કે હિન્દી પ્રજાને જો એવો અવસર પણ આપવામા આવ્યો હોત અથવા હવે પછી આપ વામા આવે તો પણ તેઓ સમભાવથી જ વર્તન અથવા વર્તશે પોતાના સદ્ભાવની ઉત્તમ પ્રતીતિ હિન્દે યુરોપીય સગ્રામના સમયમા આપી છે જેની પ્રશંસા સર્વત્ર અસ્ખલિત થઇ રહી છે એટલી જ પ્રતીતિ સાચા અંગ્રેજ બચ્ચાને માટે બસ નથી શું ? હિન્દનો આત્મા હિન્દનુ અન્તઃકરણ તેમા જોવાયુ નથી શું ? જેઓ આવી સચોટ પ્રતીતિ પછીથી પણ શકાની દૃષ્ટિએ જુએ તેઓ ખરેખાર માનુષીય ગુણોથી નીતિબળથી આત્મબળથી અને તેની સ્થિરતાથી તદ્દન અપરિચિત અને અજ્ઞાત હોવા જોઈએ—અને બદલે ધારો કે ઉદ્યોગોનો વિષય પરાયત્ત કરવાને બદલે સ્વાયત્ત જ રાખવામા આવે તો હિન્દની પ્રજાને અમલદારી વર્તણુમા અપૂર્વ ફેરફાર થશે એવી કોઈપણ રીતે ખાત્રી મળી શકે છે ખરી ? નહિ જ તેથી ઉલટી રીતે જો ભૂત-કાળનુ વર્તણ ભવિષ્યના વર્તણુની છાયા રૂપે હોય તો હિન્દી પ્રજાને અવિશ્વાસ સકારણ આવે એમા કાંઇપણ આશ્ચર્ય નથી એ વિષે સર ગંગાધર રત્નાયર પોતાની પૃથક્ નોંધમા લખે છે કે

' પરન્તુ અનુભવ ઉપરથી અચકાયા વિના હું નિશ્ચયાત્મક રીતે કહુ છુ કે, જ્યા સુધી સરકારને લાગે વળગે છે, ત્યા સુધી હિન્દી સાહસોને નુકસાન થાય એવી રીતે તેઓ પરદેશી

સાહસો તરફ અનુચિત કૃપા બતાવનો એવા ભયનુ સંગીન કારણ છે–સત્ય છે કે, ઔદ્યોગિક કમીશને ભલામણો કરી છે (જે ભલામણો પોતે અસતોષકારક છે) જે કેટલેક અંશે હિન્દીઓને મદદ કરે, પરન્તુ અહિંયા પણ જ્યારે ભલામણોને વ્યવહારમા યોજવાની હોય છે ત્યારે એમની ઉપર આપણે કેટલો થોડો આધાર રાખી શકીએ તે આપણે અનુભવપરથી જાણીએ છીએ ”

સર શંકરન્ નાયર જેવા ‘ હિન્દી ’ સરકારના હિન્દી સભ્ય આવો અભિપ્રાય આપે, ત્યારે તેમનુ કથન કેટલુ આધારભૂત ગણાવુ જોઈએ એનો આપણે વિચાર કરવાનો છે જ્યારે એમને સપૂર્ણ નિરાશા લાગી હશે ત્યારે જ તેમણે આવા ઉદ્ગારો કાઢ્યા છે અને તેમા પણ સઘળી ફર્યાદો શી રીતે સમાવી દેવાય ? પ્રત્યેક વિષય એવો છે કે, જો તેની સવિસ્તર તપાસ કરવા બેસીએ તો અકેક ઉપર અકેક ગ્રન્થ લખાય પણ તેમ કરવાની સર શંકરન્ નાયરને કે આપણને ફુરસદ નથી

ઉદ્યોગોનો વિષય સ્વાયત્ત રાખવાને હિન્દી સરકારે પોતાના ખરીતામા એક બીજી નિર્માલ્ય દલીલ કરી છે, જે એટલી બધી વેળા કરવામા આવે છે કે જો તેમા કાંઈ પણ માલ હોય તો તે જતુ રહે છે હિન્દી સરકાર કહે છે કે અનુભવવિનાના લોકોના હસ્તમા ઉદ્યોગોનુ ખાતુ જઈ પડશે તો તેથી દેશને લાભને બદલે હાની પહોંચશે આટલી બધી ચિન્તા હિન્દી સરકાર આપણા દેશને માટે કરે છે, પરન્તુ આપણે એટલા બધા નગુણા અને કૃતઘ્ની છીએ કે, આપણાથી તેની કદર જ બુઝાતી નથી, અને ઉલટી રીતે હિન્દી સરકારની સામે વાંધો લઈએ છીએ ત્યારે હવે હિન્દી સરકારને માટે તો ઉત્તમ માર્ગ એ જ છે કે જ્યારે તેમની આવી ચિન્તાનો ખોટો અર્થ કરવામા આવતો હોય ત્યારે તેમણે એમ ચિન્તા કરવી છોડી દઈ, હિન્દીઓને પોતાનુ ફોડી લેવા દેવુ જોઈએ

ત્રીજો અગત્યનો વિષય ખેતીવાડીનો છે હિન્દુસ્થાન દેશમા મુખ્ય ધંધો ખેતીવાડીનો છે, વસ્તીના ૮૦,૮૫ ટકા લોકો ખેતીવાડીપર જ આધાર રાખે છે હિન્દુસ્થાનની જમીનમાંથી કાચુ સોનુ પાકે છે, એ વાત ખોટી નથી પરન્તુ લગભગ અક્ષરશ:

જમીનની મ્હેસુલ. સત્ય છે હિન્દુસ્થાન એ દુનીયાનો અનાજનો મોટો કોઠાર છે, એમ કહેવામા અત્યુક્તિ નથી આવા રસાળ અને ફળદ્રૂપ દેશમા ખેતીવાડી તરફ લોકોની આવડી મોટી સખ્યા ધ્યાન આપે તો પણ દેશ સદા સુકો ને સુકો લાગે છે, તેનુ શુ કારણ ? એક જ દુષ્કાળ આવી જતા લોકો નિરાધાર બની જાય છે, તેમના હાલને અને અન્નને વૈર બધાય છે તેનુ શુ કારણ ? તેનુ કારણ એ છે કે, એક તરફથી ખોરાકની ચીજો પરદેશમા મોટા જથ્થામા ખેંચાઈ જાય છે, અને બીજી તરફથી ખેડુતોને જમીનનુ મ્હેસુલ પ્રમાણમા ઘણુ વધારે આપવુ પડે છે સરકારે હિન્દુસ્થાનમા અમુક અમુક વર્ષોની મુદ્દતે જમીનની મ્હેસુલની આકણી નવેસરથી કરવાની પદ્ધતિ રાખી છે ખેડુતોએ મહેનત મજુરી કરીને જમીનની પાક આપવાની શક્તિમા વધારો કર્યો હોય ત્યા તો નવી આકણીનો સમય

થતા જમીનની મ્હેસુલમા વધારો કરવામા આવે એટલે ખેડુતના નસીબમા તો શેરનુ શેર જ રહેવાનુ અને વધારો કરવામા આવે તે જમીનની ફળદ્રુપતા પ્રમાણે કરવામા આવતો હોય તો પણ ઠીક પ તુ ઘણીવેળા આ.પી કરનાર અમલદારોની અયોગ્ય માગણીઓ સતોષવામા આવી ન હોય અથવા તેમને અન્ય રીતે સતોષ આપ્યો ન હોય તો પણ જમીનની મ્હેસુલ વધારી દેવામા આવે છે તેથી ઉલટી રીતે જમીનની મ્હેસુલમા ઘટાડો તો ભાગ્યે જ થતો હશે ખેડુતો પોતાની મહેનત જેટલુ પણ દ્રવ્ય જમીનમાથી મળતુ નથી તેથી તેઓ ગરીબ સ્થિતિમા રહે છે સરકાર એમ કહે છે કે, જે જમીનદારીઓની આકણી હમેશને માટે કરવામા આવી હોય તે બાદ કરતા જમીન રાજાની મીલ્કત છે, અને કારોબારી સરકાર પોતાની મરજીપ્રમાણે જે ભાડુ ઠેરવે તે ભાડુ આપવાને ખેડતો બધાયલા છે અને મ્હેસુલના બધારણમા કોઇપણ ચોક્કસ નિયમપૂર્વક ઘટાડો વધારો થતો નથી. આખી દુનીયામાં એકલો હિન્દ જ એવો દેશ છે કે જ્યા મ્હેસુલની આકણી કરવામા કાયદો, કે રૂઢી કે હરીફાઇ કશાની ગણના કરવામા આવતી નથી હિન્દની વધતી જતી ગરીબાઇનુ એક મુખ્ય કારણ આ જ છે આ કારણને દૂર કરવાની જરૂર છે અને જ્યારે અમુક સિદ્ધાતને કે નિયમને અનુસરીને મ્હેસુલની આકણી કરવામા આવશે ત્યારે જ એક કડવી ફર્યાદનુ મૂળ દૂર થશે આને માટે એક ઉપાય એ છે કે, કાયમની આકણી જેમ બગાળમા કરવામા આવી છે તેવી જ રીતે અન્યત્ર પણ કાયમની આકણી કરી નાખવી કાયમની આકણીથી સરકારને એટલો બધો ગેરલાભ જતો નથી, જ્યારે રૈયતને તેથી ઘણો લાભ થાય છે જમીનની મ્હેસુલના સબધમા વિષય વિભાગિની કમિટી સુચવે છે કે, જમીનપરના કર (સેસીઝ)ને પ્રાન્તિક વિષય ગણવો જોઇએ, અને તે પરાયત્ત વિષયોની યાદીમા રહેવો જોઇએ પરતુ એ જ કમિટી કહે છે કે, જમીનની મ્હેસુલ ઉઘરાવવાનુ કામ કારોબારી અધિકારીઓનુ હોવાથી ઠરાવેલી મુદ્દતે મ્હેસુલની આકણી બાબતના વિષયને સ્વાયત્ત વિષય ગણવો જોઇએ આ બે વાતો પરસ્પર બધ બેસતી નથી સરળ માર્ગ તો એ જ છે કે મ્હેસુલ વધારવાની સત્તા માત્ર કારોબારી અધિકારીઓને જ આપવી ન જોઇએ, પરતુ તે ધારાસભાને જ સોપવી જોઇએ.

આ પ્રમાણે સામાન્યત વિષયોની વ્હેંચણી થવી જોઇએ પરતુ ઉપર કહેવામા આવ્યુ છે તે પ્રમાણે પોતાનો જ સ્વાર્થ સાચવતો અને પોતાનો જ કક્કો ખરો કરાવવાનો નોકરશાહીનો ઉદ્યમ અટક્યો નથી અને જ્યા સુધી અતિમ નિર્ણય નહિ આવે ત્યા સુધી એમનો અને એમના 'સાથેના સ્તુતિપાઠકો' નો એવો ઉદ્યમ અટકવાનો પણ નહિ હવે આપણે એક મહત્ત્વનો પ્રશ્ન નાણાની કોથળી વિષે વિચારવાનો છે એ પ્રશ્નનો વિચાર સર્વથી પ્રથમ કરવાનો છે કેમકે નાણા વિના રાજ્યકાર્ય ક્યાથી થઈ શકે? અને જેમના હાથમા નાણા રહેશે તેઓના હાથમા સઘળુ રહેશે એમ કહેવામા ખોટુ નથી એટલા જ માટે રાજકીય સુધારા વિષેની આપણી માગણીમા પ્રથમ નાણાની કોથળી મેળવવાની માગણી આપણે કરી હતી અલબત્ત, આપણી એ માગણી ઓછી ન હતી અને આપણી સરકાર એટલી બધી ભોળી નથી કે એવી સત્તા આપણને આપી દે હવે

નાણા કોથળી.

મરજ કાન્સ અન્ડર ઍન્શીયન્ટ હિન્દુ લા રૂ ૦-૧૨-૦એન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુબાઇ

દ્વિખડી યોજનામા સ્વાયત્ત અને પરાયત્ત વિષયો વિષે નાણા-કોથળીની સત્તાની વ્હેંચણી શી રીતે કરવી ? એ મહત્વનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે આ સબધમા બે સૂચનાઓ કરવામા આવી છે એક તો એ કે, વિષયો પ્રમાણે નાણા કોથળીના વિભાગો પાડવા નહિ પરતુ પ્રત્યેક ખાતાની આવશ્યકતા અને યોગ્ય ફાળા પ્રમાણે તે ખાતાને ખર્ચવાના નાણા આપવા આ સૂચના રાજ્યની એકતાના વિચારઉપર રચાયની છે એ યોજનાને પરિણામે પ્રાતિક કાર્યોને માટે જે કર વેરા નાખવાના હોય તેને પરાયત્ત વિષય ગણવામાં આવ્યો છે વિષયવિભાગિની કમિટીએ સૂચવ્યુ છે કે, પ્રથમ હિન્દી સરકારને પ્રાતિક સરકારે પોતાની આવકમાથી જે ફાળો આપવાનો હોય તે જૂદો કાઢવો, પ્રાતિક દેવુ ફેડવાને અને સ્વાયત્ત ખાતા માટે જોઇતી રકમો પણ જૂદી કાઢવી આમા હિન્દી સરકારને આપવાનો ફાળો તથા પ્રાતિક દેવુ ફેડવાને જોઈતી રકમ એ બન્ને ચોકકસ રકમો છે હવે સ્વાયત્ત ખાતાને માટે છેલા વર્ષ પ્રમાણે અથવા છેલા થોડાક વર્ષોની સરેરાશ રકમ પ્રમાણે રકમ જુદી કાઢવામા આવે તો તે રકમ પણ ચોકકસ જ ગણાય એ રકમો અલગ કાઢ્યા પછીથી મ્હેસુલની સઘળી પુરાંત મન્ત્રીના ઉપયોગને માટે જ રહેવી જોઇએ, તેથી કમિટીના અભિપ્રાય પ્રમાણે કરવેરા નાખવાનો વિષય પરાયત્ત હોવો જોઈએ એ સબધમા નાણાની રકમો નક્કી કરવામા જો કાઈ મતભેદ ઉભો થાય તો “ મિશ્ર વિષય ” તરીકે ગવનર તેનો નિર્ણય કરી શકે હિન્દી સરકારની સૂચના કરતા આ સૂચના તદ્દન વિરૂદ્ધ છે અને તેટલે જ અશે એ અગીકાર કરવા જેવી છે હિન્દી સરકારની સૂચના શી છે ? તે વિવિધ સૂચનાઓ કરે છે, તેમા નીચેની સૂચનાઓનો સમાવેશ થાય છે, ‘ પ્રાતો પાસેથી વિશેષ ભાગ લેવાની સત્તા મધ્યસ્થ સરકારે પોતાના હસ્તમા અનામત રાખવી, પોતાને જરૂરી લાગે તેવા ખર્ચને માટે સગવડ કરવાને આવક વધારવાની સત્તા સ્પષ્ટ શબ્દોમા સરકારના પ્રત્યેક અર્ધભાગને આપવી જોઇએ, સરકારના પ્રત્યેક અર્ધભાગને માટે મળી શકના સાધનોનો વિભાગ કરવો જોઈએ, સરકારના એકખડે બીજાને આવક આપવાની પદ્ધતિ દાખલ કરવી જોઈએ ઈત્યાદિ સૂચનાઓ હિન્દી સરકારે કરી છે આવી સૂચનાઓ કમિટીની સૂચનાની સાથે સરખાવતા કેટલી આતરપ્રીય કે અનાદરણીય છે, તે આપણે સમજી શકીશુ હમેશાની જેમ એમા પણ જેમ બને તેમ અધિક અકુશ અને જોખમદાર રાજ્યતત્રની પ્રગતિને ઢીલમા નાખવાનુ વલણ દૃગ્ગોચર થાય છે એથી સરકારના બે મોટા ભાગના થઈ પડશે, એકમેકની સાથે સમાનતા ભાગ્યે જ સચવાશે, એકમેક વચ્ચે તકરારો થવાના પ્રસગો ઘણા ઉભા થશે, અને ધારાસભા તરફની તેમની જોખમદારી ઓછી રહેશે એટલુ જ નહિ પણ દાઝયા ઉપર ડાંમ દેવાના ન્યાયાનુસાર અદાજપત્ર સબધી ઠરાવો મન્ત્રીઓની વિરુદ્ધ જાય તો તેમને રાજીનામુ આપવાની ફરજ પડે એવી સૂચના કરવામા આવે છે, જેથી મન્ત્રીઓની જોખમદારી હણાઈ જાય છે તેઓ સરકારના હાથમા રમકડા જેવા થઈ પડે છે, અને ધારાસભાઓની સત્તા પણ લગભગ હાલની ધારાસભાઓ જેવી નિર્બળ અને પરાધીન બની જાય છે હિન્દી સરકારની આવી ઉદારતાનો આપણે આભાર અગીકાર કરવો જોઇએ પરન્તુ તેમના આ પ્રતિગામી ખરીતાની અસર બ્રિટિશ પાર્લામેન્ટ ઉપર કેવી થાય છે, હિન્દી રાજકીય સુધારાનો ખરડો કેવી રીતે પસાર કરવામા આવે છે

અને તેમા આપણને શુ શુ આપવામા આવશે, એ સર્વ આપણે હજી જોવાનુ છે ઘણાઓ તો નિરાશા જ બતાવે છે, અને કહે છે કે એમાથી આપણને પ્રમાણમા કાંઇ જ મળવાનુ નથી જો હિન્દુસ્થાન આટલી બધી આશાઓ પછી નિરાશા પ્રાપ્ત કરશે, તો તેની ઉપર કેવી પ્રચંડ અને ઉંડી અસર થશે, એ કલ્પી શકાતું નથી પરન્તુ અમને એટલી પ્રતીતિ થાય છે કે આટલી રિયતિએ પહોચ્યા પછીથી ભય રાખવામા આવે છે તે પ્રમાણે હિન્દને હતાશ કરવામા નહિ આવે

હિન્દી રાજકીય સવાલ વિષે લખતા અમે જોઇંટ કમિટીની નીમણુંક વિષે અને તેના કાર્યક્ષેત્રવિષે લખ્યાવિના રહી શકતા નથી બ્રિટિશ પાર્લામેન્ટની દીવાને-આમ અને દીવાને-ખાસની એક સયુક્ત—જોઇન્ટ કમિટી હિન્દી રાજકીય સુધારાના ખરડાપર સવિસ્તર વિચાર ચલાવવાને બેસી ચુકી છે એ કમિટીમા જેઓની નીમણુકો થઇ છે, તેમની યોગ્યાયોગ્યતા વિષે પૃથક્ પૃથક્ ટીકા કરવાની જરૂર નથી પરંતુ એ કમિટીમા દ્વિખડી રાજ્યતન્ત્રના પક્ષકારોની મોટી સખ્યા છે અને મી મોન્ટેગ્યુની પોતાની નીમણુક એ કમિટીમા કરવામા આવી છે, તેથી તેની સામે વાધો લેવામા આવ્યો હતો, અને અહિંયા એંગ્લો-ઇંડિઅન તરીકે ઓળખાતા વર્તમાનપત્રોએ એ વાધાને સકારણ ગણીને તેને અનુમોદન આપ્યુ છે, તેથી તે આપણા હિતને બાધક નહિ તો તો થોડા અંશે પણ લાભકારક હશે, એવુ અનુમાન સહજ થાય છે આપણને એટલો તો સતોષ છે એ સયુક્ત કમિટીમા દ્વિખડી રાજ્યતન્ત્રના પક્ષકારોની બહુમતી છે, એ આપણા પ્રતિપક્ષીઓને એટલા માટે વાધાભર્યું લાગે છે, અને આપણને એટલામાટે આદરણીય છે કે, હિન્દી રાજકીય સુધારાના મો ચે રીપોર્ટમા જે સયુક્ત યોજના રજુ કરવામા આવી હતી, તેમા દ્વિખડી રાજ્યતન્ત્રનો પક્ષ કરવામા આવ્યો છે આ દ્વિખડી રાજ્યતન્ત્રની યોજનાની સામે અહિની પ્રાતિક સરકારોએ કેટલીક યોજનાઓ રજુ કરી છે, તેમના કરતા આપણને દ્વિ-ખડી યોજના વિશેષ આદરણીય છે, એ ઉપર બતાવવામા આવ્યુ ? ગમે તેમ કરીને એ દ્વિ-ખડી યોજનાને ઉંધી પાડવાનો વિચાર રખાયો છે જો કે તેમા તેઓ સફળ થશે કે કેમ? એ અમને શકાસ્પદ લાગે છે હવે જ્યારે પાર્લામેન્ટની સયુક્ત કમિટીના કાર્યક્ષેત્ર માટે એમ કહેવામા આવ્યુ છે કે, મો ચે રીપોર્ટની દ્વિ-ખડી યોજના તથા અન્ય યોજનાઓનો વિચાર કરવાની સ્વતન્ત્રતા એ કમિટીને મળશે, અને તે પોતાને યોગ્ય લાગશે તેવી યોજનાની ભલામણ કરશે એટલે જો સયુક્ત કમિટી નિશ્ચય કરે તો કર્યુ કારવ્યુ સઘળુ ધૂળધાણી કરી નાખે એવી સત્તા તેને છે જો તેઓ દ્વિ-ખડી યોજનાનો પરિત્યાગ કરે તો નિસશય એક વેળા ખોદેલો ડુગર ફરીથી ખોદીને નાનકડો ઉંદર કાઢવા જેવો ઘાટ થશે અને હિન્દી પ્રજાને તે મહાન્ નિરાશાજનક થશે પરંતુ તેમ થવાનો અવકાશ ભાગ્યે જ રહેલો છે, એ આપણે સયુક્ત કમિટીની બધારણ ઉપરથી જોઇ શક્યા છીએ એથી જ હિન્દી પ્રજાના પ્રતિપક્ષીઓને પોકાર ઉઠાવવો પડ્યો છે પરંતુ બ્રિટિશ પ્રજા તેઓના આવા પોકારની ગણના કરશે નહિ

જોઇંટ કમિટી—હજી શુ ફરીથી ડુંગર ખોદવામા આવશે?

મેઘદૂતનાં બે ભાષાન્તરો.

લેખક—રા. રતિપતિરામ ઉદયરામ પંડ્યા, બી. એ.

ગુજરાતના વિદ્વાન વર્ગે ગુજરાતને મેઘદૂત જેવા રસિક કાવ્યનો સ્વાદ ચખાડવા જે સ્તુત્ય પ્રયત્નો કર્યા છે, તેને માટે ગુજરાત તેમનો જેટલો ઉપકાર માને તેટલો ઓછો છે. સ્વ. રા. કિલાભાઈ ઘનશ્યામ મેઘદૂતના ભાષાન્તરની પ્રસ્તાવનામાં જણાવે છે કે મેઘદૂતના ગુજરાતી ભાષામાં ૭ ભાષાન્તરો થયાં છે. અત્યારે તો આધુનિક ગુજરાત સમક્ષ ગુજરાતી સાહિત્યનું ગૌરવ વધારનાર બે જ ભાષાન્તરો મૂકવામાં આવ્યાં છે. પહેલું ભાષાન્તર સ્વ. રા. કિલાભાઈ ઘનશ્યામે કરેલું છે અને બીજું રા. ન્હાનાલાલ કવિએ કરેલ છે. રા. કિલાભાઈના મરણથી ગુજરાતી સાહિત્યમાં વૃદ્ધિ થતી અટકી પડી છે. તેમના ભાષાન્તરની શૈલી જ કોઈક મનોહર હતી એમ કહ્યા વિના નથી ચાલતું. ગુજરાતી ના અંકમાં એમણે અજ-વિલાપનું પણ સુંદર ભાષાન્તર કર્યું છે.

સુવિદિત ગુજરાતને રા. કવિ ન્હાનાલાલનું ઓળખાણ કરાવવું પડે તેમ નથી. એમણે ગુજરાતી સાહિત્યની અપૂર્વ સેવા બજાવી છે અને હજુ પણ એમની કલમમાંથી અવિચ્છિન્ન સાહિત્યામૃત વહ્યા જાય છે અને તેનો ઉપભોગ કરવા ગુજરાત ભાગ્યશાળી બનતું જાય છે. ગુજરાતનું ગૌરવ વધારનાર કવિશ્રી દલપતરામે દેહનો ભાવ જ પોતાની કવિત્વ-શક્તિનું આધાન રા. ન્હાનાલાલમાં કરેલું છે એથી જ કહેવું પડે છે કે કવિત્વ-શક્તિ રા. ન્હાનાલાલને જન્મથી જ વરી છે. ગુજરાતના અગ્રગણ્ય કવિ—રા. ન્હાનાલાલકૃત ભાષાન્તર કોઈ પણ રીતે ઉતરતું તો નહિ જ હોય, એમ માનવાને આપણને સબળ કારણ મળે છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનું ભાષાન્તર ગુજરાતમાં એક અગ્રસ્થાને વખણાયું છે, અને ભાષાન્તરકર્તા તરીકે પણ એમણે સારી ખ્યાતિ મેળવી છે. પ્રસ્તાવનામાં રા. ન્હાનાલાલ લખે છે—'મ્હારા આ ભાષાન્તરની ખામીઓ કેટલીક તો મ્હોટી ખબર છે. મૂળની શબ્દ ચમત્કૃતિ ભાષાન્તરમાં નહીં જેવી જ છે. શ્લેષ ને વ્યંજના પ્રકારો બનતા યથાવત્ ઉતર્યા નથી. શબ્દોના ધ્વનિ યે પૂરા રહસ્યમય સમજાયા નહીં હોય. સંસ્કૃત મૂળમાં જે કાંઈ હોય, તેમાંથી બનતું બધું ગુજરાતી ભાષામાં ઉતારવું એ ભાષાન્તરની મ્હારી ભાવના; આ ભાષાન્તરમાં યે યથાશક્તિ અનુવર્તન છે.'

ભાષાન્તરની ભાવના શું હોઈ શકે? કેટલાકનું એમ માનવું છે કે, મૂળમાંના શબ્દોને ભાષાન્તરમાં ઉતારવા. આમ કરવામાં ભાષાન્તરમાં મૂળનો ભાવાર્થ ન સચવાય, તેના ઉપર ભાષાન્તરકારોનું ધ્યાન રહેતું નથી. આને લીધે જ ભાષાન્તર ક્લિષ્ટ થઈ જાય છે. બીજા કેટલાકનું એમ માનવું છે કે, મૂળમાંના રસ અને ભાવાર્થ સાચવી ભાષાન્તર થવું જોઈએ. વળી કેટલાક એમ સમજે છે કે મૂળ કરતાં ભાષાન્તર ચ્હડીઆતું ન થવું જોઈએ. આવી દૃષ્ટિ રાખી ભાષાન્તર કરવા જતાં મૂળ કરતાં ભાષાન્તરની ખરી ખુબી જણાતી નથી. આ બન્ને પક્ષ એકપક્ષી છે

મૂલમા જો સરળતા રહી હોય તો ભાષાન્તરમા પણ સરળતા હોવી જ જોઈએ મૂલનો રસ ભાષાન્તરમા અવશ્ય સચવાવો જોઈએ મૂલના હાવભાવ ભાષાન્તરમા સપૂર્ણ સમાવા જોઇએ, શબ્દનો વિનિમય સમજાવો એ જરૂરનો નથી મૂલ કરતા ભાષાન્તર ચઢતુ કે ઉતરતુ થાય, તેનો આધાર ભાષાન્તરની ભાષાના ગૌરવ ઉપર રહ્યો છે મૂલ કરતા ભાષાન્તર ન્હાનીયાતું ન જ થવુ જોઇએ, એ માન્યતા યોગ્ય તો નથી જ મૂલનો લેખક ભાષાન્તરની ભાષામા લખે તો કેવુ લખી શકે ? એવી જ દૃષ્ટિ ભાષાન્તરકર્તાની હોવી જોઈએ ભાષાન્તરની સાચામા સાચી ભાવના તો આ જ

મેઘદૂતના ભાષાન્તરમા સ્વ રા કિલાભાઈએ અને રા કવિ ન્હાનાલાલે જુદી જુદી ભાવના ધ્યાનમા રાખી હોય એમ જણાઇ આવે છે સ્વ રા કિલાભાઇના ભાષાન્તરમાથી સ્પષ્ટ જણાઇ આવે છે કે, મહાકવિ કાલિદાસ જો ગુજરાતી ભાષામા મેઘદૂત લખે, તો તે કેવુ લખી શકે એ જ દૃષ્ટિએ આ ભાષાન્તર થયેલુ જણાઈ આવે છે ત્યારે રા ન્હાનાલાલે પોતે જ ગુજરાતીમા મેઘદૂત લખે તો તે કેવી રીતે લખી શકે તે દૃષ્ટિથી ભાષાન્તર કર્યું લાગે છે રા કવિ ન્હાનાલાલે મૂલના ભાવ અને રસ સાચવવા બનતા પ્રયત્ન કર્યા છે છતા સ્વ રા કિલાભાઈના ભાષાન્તરનો રસ ચાખ્યા પછી રા કવિના ભાષાન્તરનો રસ મોળો લાગે છે મૂલની સાથે સાથે રા ન્હાનાલાલના અને સ્વ રા કિલાભાઈના ભાષાન્તરના થોડાક જ દૃષ્ટાન્તો ફક્ત નીચે વાચતા આપણા મન ઉપર શી છાપ પડે છે, તે આપણે જોઇએ

૧ अप्यन्यस्मिञ्जलधर महाकालमासाद्य काले
स्थातव्य ते नयनविषय यावदत्येति भानु ।
कुर्वन्सध्यावलिपटहता शूलिन श्लाघनीया—
मामन्द्राणा फलमविकल लप्स्यसे गर्जितानाम् ॥ —कालिदास

કો બીજે યે સમય ઘન ! તુ જો મહાકાળ જાય,
તો તો રહેજે નયનપથથી સૂર્ય ડૂબ્યા સુધી ત્યહા
નોબત સાંજ શિવપૂજનની ને વગાડી યશસ્વી
મીઠા ઘેરા ગરજણતણુ પુણ્ય નિર્ગોપ લેજે —ન્હાનાલાલ

જો તુ દોડે જલધર મહાકાલને ધામ પોચુ
તો ત્યા રે'જે દિવસ સઘળો આથમે ત્યા સુધી તુ,
સધ્યા પૂજા શિવતણી થતા, ગર્જના રૂપ તારી,
કર્જે આત્મા સરળ, મૃદુરી નોબતો ગગડાવી —કિલાભાઈ

બીજી લીટીનુ અક્ષરશ ભાષાતર થવાથી રા ન્હાનાલાલનુ ભાષાતર કેવુ અસ્વાભાવિક અને અસ્વાભાવિક થઈ ગયુ છે, એ સહજ જણાઈ આવે છે સ્વ રા કિલાભાઈનુ ભાષાતર ગુજરાતી ભાષાને અનુગુણ થઈ પડે તેવુ એકદમ જણાઈ આવે છે બીજો દૃષ્ટાત લઇએ —

૧ લૉર્ડ ચેસ્ટરફિલ્ડનો પુત્રપ્રતિ ઉપદેશ રૂ ૧-૮-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ

२ गच्छन्तीनां रमणवसतिं योषितां तत्र नक्तं
रुद्धालोके नरपतिपथे सूचिभेद्यैस्तमोभिः ।
सौदामिन्या कनकनिकषस्निग्धया दर्शयोर्वी
तोयोत्सर्गस्तनितमुखरो मा च भूर्विक्लवास्ताः ॥ —कालिदास

રાત્રે જાતી રમણભવને ત્યહિંની સુન્દરીને,
સોયવિંધાતે તિમિર નજરો રાજમાર્ગે રૂંધાતા,
ભૂમિ દાખવજે નિકષચિતરી હેમરેખા શી વીજે,
મા ગર્જન્તો, નવ વરસતો, મ્હારી નાર ડરે તે —મ્હાનાલાલ

ચાલી જાતી રમણ સમીપે નારીને, રાજમાર્ગે,
મોટે મોટું જરી નવ સુઝે એવી અંધારી રાતે
સોના રેખા સમ વિજળીથી માર્ગ દેજે બતાવી
ના તું વૃષ્ટિ કરી ગરજતો, બ્હી જશે તે બિચારી —કિનાભાઈ

આમ ગ હાનાલાલનું ભાષાતર જેટલું અસ્પષ્ટ છે તેટલું જ રવ રા કિનાભાઈનું ભાષાંતર સ્પષ્ટ છે; અને તેથી જ તે મનોહર લાગે છે

३ आनन्दोत्थं नयनसलिलं यत्र नान्यैर्निमित्तै-
र्नान्यस्तापः कुसुमशरजादिष्टसंयोगसाध्यात् ।
नाप्यन्यस्मात्प्रणयकलहाद्विप्रयोगोपपत्ति-
र्वित्तेशानां न च खलु वयो यौवनादन्यदस्ति ॥ —कालिदास

આનંદાશ્રુ નયન મહીં ત્ય્હાં, અન્ય ના કારણે કો,
શામે પ્રિયને મિલન, સ્મરતો એ જ, ના અન્ય તાપ,
પ્રીતિકલ્હો વિણ વિરહ તો અન્ય શાથી ન થાય'
ને યક્ષોને વય નથી ખરે! અન્ય કો યે યુવાથી —મ્હાનાલાલ

આનંદાશ્રુ વગર, નયને આંસુ હોયે ન બીજા,
બીજો તાપ રૈમરવિણ નથી, જે શમે પ્રેમી જોતાં
જ્યાં છે માન પ્રણય કલહે, રૂસણામાં વિયોગ,
યક્ષોને જ્યાં નથિ વય, બિજુ, માત્ર તારુણ્ય એક —કિનાભાઈ

४ शब्दाख्येयं यदपि किल ते यः सखीनां पुरस्तात्
कर्णे लोलः कथयितुमभूदाननस्पर्शलोभात् ।
सोऽतिक्रान्तः श्रवणविषयं लोचनाभ्यामदृष्ट-
स्त्वामुत्कण्ठाविरचितपदं मन्मुखेनेदमाह ॥ —कालिदास

શબ્દે ભાખ્યા સખિમુ વચને કાન માંહી જ ક્હેતા,
સખી સ્હામે યે, મુખપરસને કાજ, ઘેલો થતો જે,

તે કાનોથી પણ દૂર, વળી આંખથી યે અદીઠ,
તાનાવેલ્યે ત્હી પદ ત્હને મુજ મુખે આમ કહે છે —ન્હાનાલાલ
હોઠે કે'વા સરખુ, સખીઓ દેખતા તે છતાંયે,
કે તો આવી, અધર રસના લોભથી, કંઈક કાને,
તે છે, તારા શ્રવણથી તથા દૃષ્ટિથી દૂર માટે,
ઉત્કંઠાથી પદ રચી રૂડા કા'વતો મિત્ર સાથે. —કિલાભાઈ

અસ્ફુટતાનો દોષ રા ન્હાનાલાલના ભાષાન્તરમા સ્પષ્ટ જણાઈ આવે છે સ્વ. રા કિલાભાઈ બની શકે તેટલા સરળ થયા છે છતા ગુજરાતી ભાષાનુ ગૌરવ પણ સાચવી શક્યા છે મૂલના શબ્દોને જ વળગી રહેવાનો રા કવિન્હાનાલાલનો પ્રયાસ જોકે જણાઇ આવે છે, તો પણ મૂલના વિચારોને સરળ ભાષામા મૂકવાનો પ્રયાસ સ્વ કિલાભાઈનો છે ભાષાન્તર કરવામા જરૂરનુ તો એ જ છે

૫ शापान्तो मे भुजगशयनादुत्थिते शार्ङ्गपाणौ
शेषान्मासान्गमय चतुरो लोचने मीलयित्वा ।
पश्चादावां विरहगुणितं तं तमात्माभिलाषं
निर्वेक्ष्यावः परिणतशरच्चन्द्रिकासु क्षपासु । —कालिदास

મ્હારા શાપની અવધ જ ઉઠ્યે શેષશય્યાથી વિષ્ણુ
તો આંખોને મીંચી વિતવ તું બાકીના ચાર માસ
ને વિરહગુણ્યા વિવિધ નિજના કોડ સૌ આપણે બે
પછી પૂરીશુ ઉતરી શરદે રાત્રિએ ચંદ્રિકામા, —ન્હાનાલાલ
પૂરો થાશે અવધિ! જલદી દેવઊઠીથી શાપ,
માટે, આંખો મિચિ વિગમજે બાકીના ચાર માસ,
વાછાઓ જે વિવિધ મનમા ભેગી યે છે વિયોગે,
પૂરી કરીશું, મળી શરદની ઉજળી રાત્રિઓએ — કિલાભાઈ

'विरहगुणित' નુ ભાષાન્તર રા ન્હાનાલાલે "વિરહ ગુણ્યા" કરવામા ભાષાન્તરની ખરી ખુબી નષ્ટ કરી છે ત્યારે "ભેગી યે છે વિયોગે" સ્વ. રા કિલાભાઈએ કેટલુ સરળ અને સરસ ભાષાન્તર કર્યુ છે તે સહજ જણાઇ આવે છે

લબાણ વધારે થઇ જાય એ ભયથી આટલા જ દૃષ્ટાંતો લેવા બસ ધાર્યું છે તટસ્થ દૃષ્ટિએ જોતાં સ્વ કિલાભાઈનુ ભાષાન્તર રા ન્હાનાલાલના ભાષાન્તર કરતા ઘણે દરજ્જે ચ્હડી જાય છે રા ન્હાનાલાલ પોતાની આ ખામીઓથી અણજાણ્યા નથી, એમ એવો જાતે જ પ્રસ્તાવનામા લખે છે

પ્રશ્ન સ્વાભાવિક રીતે એમ ઉદ્ભવે છે, કે પોતાની ખામીઓ જાણ્યા છતા, રા ન્હાનાલાલ જેવા ગુજરાતના અગ્રગણ્ય કવિએ તે ખામીઓને દૂર કરવા કેમ યત્ન નહિ કર્યા હોય? પ્રયત્ન તેમની શકિતની બહાર તો નહોતા જ ખામીઓને બની શકે તેટલી દૂર કરી રા ન્હાનાલાલ ગુર્જરીના ચરણમા રસપૂર્ણ ખડકાવ્ય અર્પણ કરી શક્યા હોત જે સરળતા અને

મીઠાશ શ્રીમદ્ભગવદ્ગીતાના ભાષાન્તરમા જણાઇ આવે છે, તેવી સંગતતા અને મીઠાશ મેઘદૂતના ભાષાન્તરમા નથી જણાતી, એ જ નવાઈ !

મન્દાક્રાન્તાની માત્રાઓના મેળ પણ સમુળગાયે સચવાયા નથી અને તેની માત્ર એક જ શ્લોકથી આપણી ખાતરી થઇ જાય છે

નાજુક, યૌવન ઉગતી, અધરે બિમ્બ શો, નાભિ ઉંડી,
દાડમી દન્ત જ, ચકિત મૃગી શી દૃષ્ટિ કટિ પાતળી, ને
સ્તનઓને કઇ નમી, મલપતી ચાલ નિતમ્બ ભારે
એવી હશે ત્યહા, યુવતિ સૃજતા સૃષ્ટિ વિધિએ શું પ્હેલી !

આવી ખડકવાળી લીટીઓ રા ન્હાનાલાલના ભાષાન્તરમા અનેક છે જ્યારે સ્વ રા કિલાભાઇનુ ભાષાન્તર છંદબદ્ધ અને લેશપણ ખચકો ન લાગે તેવુ છે રા કિલાભાઇના ભાષાન્તરની મિઠાશ આને લીધે વધે છે

આટલુ બધુ કહ્યા પછી પણ એટલુ તો કહેવાની જરૂર છે કે રા. ન્હાનાલાલનુ ભાષાન્તર ગુજરાતી સાહિત્યમા એક અણમોલુ રત્ન છે દોષવાળુ છતાયે ભાષાન્તર ન્હાનાલાલનુ છે, એ વિસારવાનુ નથી મેઘદૂત જેવુ રસમય કાવ્ય, અને રા ન્હાનાલાલ જેવા રસિક શાસ્ત્રીય ભાષાન્તરકાર, એટલે ભાષાન્તરમા વિપ્રયોગ શૃંગારનો રસ સંપૂર્ણ સચવાયો છે ગુજરાતી ભાષા રૂપી પાત્રમા ભરતા શૃંગારરસ નથી ગળાયો કે નથી છલકાયો, એમા જ રા ન્હાનાલાલની કળા સમાઇ છે મેઘદૂત જેવા ખંડકાવ્યનુ ભાષાન્તર કરવા તરફ જ એમની વૃત્તિ દોરાઇ, એ જ કવિની રસજ્ઞવૃત્તિનુ પુરતુ પ્રમાણ છે જો એમણે મેઘદૂતનો પ્રસગ લઇ, તદ્દન નિરાળુ કાવ્ય લખ્યુ હોત તો ગુજરાતને ગુજરાતી કાલિદાસનો લાભ અવશ્ય મળત મારૂ તો એમ માનવુ છે કે રા. ન્હાનાલાલ ભાષાન્તર માટે સર્જાયા નથી તેમની સ્વતંત્ર કૃતિઓમા તેઓ રસની જે જમાવટ કરે છે, તેવી જમાવટ ભાષાન્તરમા તેઓ કરી શકયા નથી સૌન્દર્યનાં આ દોલનોથી ડોલાયમાન થતુ અને સ્વતંત્ર વાતાવરણમા સ્વેચ્છાનુસાર વિહાર કરતુ રા. ન્હાનાલાલનુ કવિહૃદય, ગમે તેવા રસમય કાવ્ય કે શ્લોકનુ ભાષાન્તર કરવામા, છંદ, અનુપ્રાસાદિ નિયમોને શી રીતે અનુસરી શકે ? રા ન્હાનાલાલ જેવુ ગુણસુન્દર ભાષાન્તરના પીંજરામાં પૂરાઈ રહે જ નહિ મેઘદૂતના ભાષાંતરમાંયે એમણે ન્હાનાલાલપણુ બતાવવા યત્ન કર્યો છે પણ ફાવી શકાયુ નથી તેનુ કારણ એ કે આ તો કવિકુલગુરૂ કાલિદાસના મેઘદૂતનુ ભાષાન્તર છે રા ન્હાનાલાલનુ ભાષાન્તર દોષરહિત હોય કે દોષયુક્ત હોય, (અને દોષમુક્ત કોણ નથી હોતુ ?) છતા પણ ગુજરાતી સાહિત્યને ગુજરાતના અગ્રગણ્ય કવિની પ્રસાદી મળી ગઇ છે અને ' લાભ તેટલુ પુણ્ય ' એમ સમજી, ગુજરાતે તે પ્રસાદીનો સંપૂર્ણ ઉપભોગ કરવાનો છે ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ કરવી એ પોતાનુ ધર્મકાર્ય છે એમ અંતઃકરણથી માનનાર રા ન્હાનાલાલના ભાષાંતરને ગુજરાત સ્વ રા કિલાભાઇના ભાષાન્તરની માફક વધાવી લેશે અને રા ન્હાનાલાલના નિઃસ્વાર્થ પ્રયાસને અનુમોદન આપશે

નડિઆદ નાગરવાડા }
તા ૫ ૫ ૧૯૧૯ }

રોજગાર ૧-૮-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઇ

વિજ્ઞાન—મન્દિર.

લેખ —પ્રૉ.-કાન્તિલાલ છગનલાલ પડ્યા, એમ એ

૧. નવા ખિતાબો.

શહેનશાહના જન્મદિવસ નિમિત્ત જે ખિતાબો હમણા ઈનાયત થયા છે તેમા અમે હજી સુધી એક જ વ્યક્તિનુ નામ દીઠુ છે જેને એના વૈજ્ઞાનિક કાર્યને લીધે ખિતાબ અપાયો હોય લેફ્ટેનન્ટ—કર્નલ સ્ટીવન્સન લાહોરની સરકારી કૉલેજના પ્રિન્સિપાલ તથા નામાંકિત પ્રાણિજીવન શાસ્ત્રી છે એમને સી આઈ ઈ બનાવવામા આવ્યા છે તેઓએ પોતાની આ વિષયની મહત્ત્વની શોધખોળો ઉપરાત, લાહોરની આ કૉલેજમા કેટલા વર્ષો સુધી શિક્ષણ આપીને હવે પ્રાણિશાસ્ત્રના સખ્યાબંધ વિદ્વાન યુવકો તૈયાર કર્યા છે તેમાના ઘણાઓ પજાબમા તથા સયુક્ત પ્રાન્તમા પ્રોફેસરોની પદવી ભોગવે છે, તથા કેટલાકોએ તો જાતે શોધખોળ કરીને સારૂ નામ કાઢ્યુ છે કલકત્તા જેમ સર પ્રફુલ્લ ચન્દ્ર રાયને લીધે રસાયનનુ કેન્દ્ર થયુ છે, તેમ—જો કે તેથી તો ઓછે જ અશે—લાહોર પ્રાણિજીવન તથા વનસ્પતિશાસ્ત્રનુ કેન્દ્ર થયુ છે ખિતાબોની લ્હાણીમા ઈંગ્લન્ડમા હવે વિજ્ઞાનશાસ્ત્રીઓના તરફ કાંઈક કૃપાદૃષ્ટિ થવા લાગી છે, હિન્દમા સ્વાભાવિક રીતે તેથી વધારે ધીમાશ છે

૨. અમેરિકાના રસાયનશાસ્ત્રીઓ.

૧૯૧૮ ના સપ્ટેમ્બરમા અમેરિકાની કેમિકલ સોસાયટી (રાસાયનિક સભા) નો વાર્ષિક ઉત્સવ થયો હતો તેમા કેટલાક મહત્ત્વના કાર્યની સાથે એક એવો ઠરાવ થયો હતો જેની રૂએ ત્રણ નામાંકિત જર્મન રસાયનશાસ્ત્રીઓ—પ્રો નર્ન્સ્ટ, પ્રો ઑસ્ટવલ્ડ ને પ્રો એમિલ ફિશર—જેઓ સભાના "ઑનરરી" સભ્ય હતા, તેઓના નામ કાઢી નાખવામા આવ્યા હતા વળી આ સભાએ દેશના રસાયનશાસ્ત્રીઓની વર્ગણી તથા યાદી કરી છે તે ઉપરથી માલૂમ પડે છે કે ૧૫૦૦૦ રસાયનશાસ્ત્રીઓના નામ નોંધી શક્યા છે વળી યુનાઈટેડ સ્ટેટ્સની સરકારે લડાઈના કામને માટે ૧૪૦૦ રસાયનશાસ્ત્રીઓ—યુનિવર્સિટીની પદવી ધારણ કરનારા ઓને રોકેલા છે તે છતા વધારે વિજ્ઞાનને માટે યોજના થાય છે જેથી નિશાળનુ ભણતર પૂરૂ કરી રહેનાઓને એક વર્ષની તાલિમથી બીજાની દેખરેખ નીચે કામ કરવા લાયક બનાવી શકાય બે વર્ષની તાલિમથી તેઓ ખાસ વિષયના કામને માટે લાયક થઈ શકે ને ત્રણ વર્ષના તાલિમથી જાતે શોધખોળ કરવા યોગ્ય થાય હિન્દમા આવુ કાંઈ પણ છે?

૩. રૉકફેલર ઈન્સ્ટિટ્યુટ

અમેરિકા જેવા ધનાઢ્ય દેશમા જે અનેક કરોડાધિપતિઓ છે તેઓમા તેલીઆ રાજા રૉકફેલરનુ નામ સૌને જાણીતુ છે અમેરિકાવાસીઓ જેમ પૈસો કમાવો જાણે છે તેમ કમાણનુ દાન શ્રેષ્ઠ ઉદ્દેશોને માટે કેમ કરવુ એ પણ જાણે છે આખી દુનિઆની સર્વ પ્રજાઓ આગળ

અમેરિકાવાસીઓ આ મતેના દષ્ટાન્ત તરીકે ઉભા રહી શકે એમ છે વિખ્યાત એન્ડ્રુ કાર્નેગીની પેઠે રૉકફેલરે પણ અગળક ધન-વિદ્યા-કળા-વિજ્ઞાન આદિને માટે અર્પણ કર્યું છે "રૉકફેલર ઇન્સ્ટિટ્યૂટ" ના નામથી જગત્-પ્રસિદ્ધ પામેલી વૈજ્ઞાનિક સંસ્થા એ આનો એક નમૂનો માત્ર છે આ ઉપરાંત રાકફેલરે રૉકફેલર ફાઉન્ડેશન" અર્થાત્ "રૉકફેલર ટ્રસ્ટ" જેવી એક સંસ્થા સ્થાપી છે એનો સન ૧૯૧૯ નો રીપોર્ટ થોડા સમય ઉપર પ્રગટ થયો તે ઉપરથી આખી દુનિયામાં જુદા જુદા પ્રદેશોમા મનુષ્ય-કલ્યાણનું કેવું કામ આ સંસ્થા કરે છે એનો તથા એ કામને અગે એના હાથમા કેટલી સાધનસંપત્તિ છે એ બન્નેનો ખ્યાલ આવે છે સામાન્ય વાર્ષિક આવકનો મ્હોટો ભાગ યૂરોપની લડાઇના કામ સબન્ધમા ખર્ચવામા આવ્યો હતો, કારણ કે "સ્વતંત્રતાનાં બળોની ફતેહ ઉપર આખા જગતની પ્રજાઓના કલ્યાણનો આધાર" આટલો સ્પષ્ટ રીતે રહે છે પરંતુ એનો અર્થ એમ નહિ કે તેઓએ લડાઇને અંગે ઘણી ખરી આવક ખર્ચી બીજું કાંઈ કર્યું નહિ મૂળ મૂડીનું ફંડ છે તેમાથી ન્યૂસંસ્થાપકોએ ૫૦ લાખ ડૉલર (લગભગ ૧ કરોડ ૫૦ લાખ રૂપિઆ) કાઢી લીધા સંસ્થાપક રૉકફેલરે એમા એટલી જ રકમ ઉમેરી આપી, પરિણામે લગભગ સવા ત્રણ કરોડ રૂપિઆની રકમ પોતાના વાર્ષિક કાર્યો ચાલુ રાખવાને માટે તેઓના હાથમા રહી। તેમાથી જે જે કાર્યો થયાં તેઓમા મુખ્ય આ છે ફ્રાન્સમા ક્ષય રોગની સ્હામે, પ્રજામત કેળવી લડત ચલાવવાનું કામ આર્કાન્સાસ ને મિસિસિપિની ખીણના પ્રદેશોમા (યુનાઇટેડ સ્ટેટ્સમા) મેલેરીઆના સ્હામી લડત, આખી પૃથ્વી ઉપરથી પીળો તાવ નષ્ટ કરવાની લડતનો આરંભ, ચીનમા વૈદકીય કૉલેજોની સ્થાપના અને ફિલિપાઈન દ્વીપોની વચ્ચે કામ કરે એવી એક હૉસ્પિટલ-સ્ટીમરની વ્યવસ્થા આ "ફાઉન્ડેશન" ની અત્યારે કુલ મુદ્દી ૧૨ કરોડ ડૉલર અથવા ૫૦ કરોડ રૂપિઆ છે। અને એની વાર્ષિક આવક ૭૦ લાખ ડૉલર અથવા તો લગભગ સવા બે કરોડ રૂપિઆ જેટલી થાય છે।

આની પાદશાહી રકમની સખાવત અને એનો સદુપયોગ એના પરિણામોનો વિચાર કરવો જોઇએ, હિન્દમા રૉકફેલર ને કાર્નેગી ન હોય, તોપણ ટાટા જેવા પણ બીજા કેટલા નીકળ્યા? અગ્રેજી વૈજ્ઞાનિક પત્રોમા દરેક અઠવાડીએ કાઇને કાઇ સખાવતો જ્ઞાનને અર્થે થયેલી વાચવામા આવે છે ને તે પણ ન્હાનીસૂની નહિ હિન્દ ગરીબ છે, પણ હિન્દમા શ્રીમન્તો નથી એમ નથી હિન્દમા જે નથી તે એ જ છે કે શ્રીમન્તોની આંખ હજી ઉઘડી નથી ધર્માદાનું રહસ્ય ભૂલાઈ જવાયું છે, ને જે ધર્માદા ખાતે જાય છે તે મ્હોટે ભાગે વ્યર્થ ગુમાવાય છે ઘણી વાર તો તે દેશને નુકશાન પણ કરે છે જ્યા આ પ્રાથમિક સિદ્ધાન્તોનો સમજ જ પૂરી ઉતરી નથી, ત્યા ખાસ વિજ્ઞાનને માટે તથા વિજ્ઞાનદ્વારા લોકકલ્યાણને માટે ધર્મદાન થાય એ આશા તો હજી બહુ દૂર છે

૪. રગ બનાવવાનો ઉદ્યોગ

રગનો ઉદ્યોગ જર્મનોએ કેવો ખિલવ્યો, એ ખિલવણીમાથી તેઓએ કેટલું દ્રવ્ય મેળવ્યુ તથા કેટલી આર્થિક સત્તા આખી દુનિયાની ઉપર બેસાડી અને એ ઉદ્યોગને અગે જ માળ

માલ્યથી–લડાઈની સામગ્રી પણ કેવી સરસ તૈયાર થઈ–એ બધી વાત ઘણાખરા વાચકોને મુખ્ય અ ગમાં વિદિત હશે લડાઈને લીધે જર્મન ર ગો મળતા બ ધ થયા ત્યારે મહાપ્રજાઓએ પોતે તે ર ગો બનાવવાને મહાભારત પ્રયાસ કર્યા ને તેમાં કેટલેક અ શે તે પ્રજાઓ ફાવી–વાત પણ અજાણી નહિ હોય એ વાતના એક પ્રકરણમા આ રગના ઉદ્યોગની ખિલવણી માટે રાજ્યે શુ કર્યું એની હકીકતનો સમાવેશ થાય છે ઇંગ્લન્ડની અ દરના જુદા જુદા કાર ખાનાઓને સરકારે મદદ કર્યા પછી "બ્રિટિશ રગની ક પની લિમિટેડ" સ્થપાઈ આ એકદરે સરકારની મદદથી ઉભુ થયેલુ સાહસ છે એમા ન સમાયની ક પનીઓની વચ્ચે ૩૧ મી માચ ૧૯૧૮ સુધીમા ૧૦ લાખ પાઉન્ડ (૧॥ કરોડ રૂપિઆ) વહેંચાવાના હતા ને બીજા બે વર્ષમાં એટલી જ બીજી રકમ–એટલે કુલ ત્રણ કરોડ રૂપિયા અપાશે આ ત્રણ કરોડ રૂપિયામાથી, ૯૦ લાખ રૂપિયા મકાન, સચા વગેરેને માટે ખર્ચાશે, ૨૭॥ લાખ રૂપિઆ શોધખોળના ખર્ચ માટે વપરાશે ને બાકીના લોન તરીકે—કુલ ૨૦ વર્ષમા પાછી અપાય એવી સરતની લોન તરીકે–આપવામા આવશે તે ઉપરાત સુલેહ થયા પછી દશ વર્ષના સમય સુધી દેશાવરથી આવતા ર ગને અ કુશમાં રાખવામા આવશે જેથી તેઓ ઇંગ્લન્ડનુ બજાર હાથ કરી અ ગ્રેજી ર ગને હઠાવી કાઢે નહિ

આ બધુ ડૉ સર વિલિઅમ ટિલ્ડેને હમણાં કેટલીક હકીકત રજુ કરી છે તે ઉપરથી જણાય છે કે ગત વર્ષમા જર્મન ર ગના કારખાનાઓએ પણ પોતાની મુડી ઘણી વધારી છે એટલે સુધી કે આખા જર્મનીમા રંગના કારખાનાઓની કુલ મૂડી ગણીએ તો તે ૭૫ કરોડ રૂપિઆથી પણ ઘણી વધારે થાય ત્યારે અ ગ્રેજી ર ગવાળાઓની કુલ મૂડી અત્યારે એના દશમા ભાગ જેટલી જ–૬ થી ૭ કરોડ જેટલી જ થાય છે આ આર્થિક તફાવત ઉપરાત જર્મન રસાયનશાસ્ત્રીઓ તથા કારીગરોની સ ખ્યા, અનુભવ, તાલિમ વગેરે પણ અંગ્રેજોના કરતા ઘણુ વધારે છે એટલે સુલેહ પછી અ ગ્રેજી કારખાના કયા લગી ટકકર ઝીલી શકશે એ જોવાનુ છે અલબત, સુલેહની શરતો ઉપર, ને સુલેહ પછી જર્મની કેવુ રહે છે–એના ઉપર સૌથી પહેલો આધાર છે

અંધતા.

લેખક—બ્હેન સરોજિની રમણભાઈ નીલકંઠ, (બી એ)

(ગયા અંકથી ચાલુ)

૪.

હમારા મેનુ જીવન આમ નીરસ રીતે ચાલ્યું જતું પણ થો ! વખત પછી આ એકાંત જીંદગીમા ભંગ પડયો મ્હારા પતિના કાકી પોતાને ગામથી હમને મળવા આવ્યા, પરસ્પર કુશળ સમાચાર પૂછાયા પછી તરત જ એ બોલ્યા, 'કુસુમ, ત્હારી આંખો ગઇ તે તો ખરેખર બહુ ખોટું થયુ પણ તુ ત્હારા દુ ખથી ત્હારા વરને શુ કામ દુ ખી કરે છે ? ત્હારે એને બીજી વાર પરણવા દેવો જોઇએ '

વિચિત્ર મૌન પથરાયુ મ્હારા પતિએ જો આ વાતને હસવામા કાઢી નાખી હોત તો એ ત્યાથી જ અટકત પણ એ જરા થમક્યા બ્હીતા બ્હીતા મૂખતાથી મ્હેં કહ્યુ' ત્હમે ખરેખર એમ ધારો છો ? કાકી, ત્હમારે એવુ ન બોલવુ જોઇએ '

કાકી મ્હારા તરફ ફર્યા 'કેમ કુસુમ, હુ શું ખોટું કહુ છુ ?'

હુ કૃત્રિમ હસી 'કાકી,' મ્હેં કહ્યુ, 'ત્હમે મ્હારા કરતા બીજા કોઈની સલાહ લો તે વધારે ઠીક નહિ ? ચોર ચોરી કરતા પ્હેલા ઘરધણીની રજા લેતો નથી '

કાકીએ ધીમા પડી કહ્યુ ' હા, ત્હારુ કહેવુ ખરૂ છે બેટા અવનીશ, ચાલ, આપણે ખાનગીમા મસલત ચલાવીએ, તુ એ બાબતમા શુ ધારે છે ?'

થોડા દિવસ પછી મ્હારા પતિએ મ્હારા દેખતા કાકીને પૂછ્યુ 'ત્હમે કોઈ એવી સારા ઘરની છોકરીને ઓળખો છો કે જે કુસુમને કામકાજમા મદદ કરે ?' અલબત્ત એમને ખબર હતી કે મ્હારે કોઇની મદદની જરૂર નહતી પણ હુ કાઇ બોલી નહિ

કાકીએ જવાબ દીધો 'બધી ઘણીએ છે અરે મ્હારી પોતાની મામાની છોકરીને જ એક પરણાવવા જેવડી છોકરી છે, અને છોકરી છે પણ બહુ સારી, હો ત્હારા જેવો જમાઈ મળે તો એ લોકો બહુ જ ખુશી થાય '

ફરીથી મ્હારા પતિ પરાણે હસીને બોલ્યા, 'પણ મ્હેં ક્યા પરણવા માટે પૂછ્યુ છે ?'

કાકીએ જવાબ દીધો 'કોઇ સારા કુલીન કુટુમ્બની છોકરી ત્હારી સાથે પરણ્યા વિના ત્હારા ઘરમા રહે ખરી ?'

એ વાત ખરી છે એમ તો એમને કબુલ કરવુ પડ્યુ અને પછી ગભરાઇને એ ચૂપ રહ્યા. એમના ગયા પછી મ્હારી અંધતામા કેદ થએલી હુ એકલી બેસી રહી અને ઇશ્વરની પ્રાર્થના કરી બોલી, 'હે પ્રભુ ! મ્હારા પતિને બચાવ !'

કેટલાક દિવસ વીત્યા પછી એક દહાડો સ્હવારે હુ દેરાસરમાંથી બ્હાર નીકળતી હતી તે વખતે કાકીજીએ મ્હારા બે હાથ પકડી કહ્યુ "કુસુમ, જેની વાત કરતી હતી તે છોકરી આ રહી એનુ નામ હેમાંગિની ત્હને મળીને બહુ ખુશી થશે હેમુ! આમ આવ, જો ત્હારી બ્હેનની સાથે ઓળખાણ કર!'

મ્હારા પતિ આ જ ક્ષણે ઓરડામા દાખલ થયા કોઇ નવી છોકરીને જોઈને જાણે આશ્ચર્ય લાગ્યુ હોય તેવો ડોળ કર્યો અને પાછા જવાનો ઢોગ કરવા માડ્યો પણ કાકી બોલી ઉઠ્યા, 'બેટા અવનીશ, નાસે છે કેમ? એમ કરવાની કાંઈ જરૂર નથી આ મ્હારી ભાણેજ હેમાંગિની ત્હમને બધાને મળવા આવી છે હેમ, અવનીશને પ્રણામ કર'

જાણે બહુ જ આશ્ચર્ય લાગ્યુ હોય તેમ મારા પતિ એ ક્યારે આવી, કેમ આવી, કોની સાથે આવી વિગેરે પ્રશ્નો કાકીને પૂછવા મડ્યા આ આખા પ્રસગની કૃત્રિમતા હુ સ્હમજી ગઇ હેમાંગિનીનો હાથ પકડી હુ ત્હેને મ્હારા ઓરડામા લઈ ગઈ ત્હેનુ મુખ મ્હારા બે હાથમા લેતા મને જણાયુ કે તે આશરે પદરેક વર્ષની છે અને રૂપવતી છે

આમ ત્હેનુ મુખ હુ પપાળતી હતી એટલામા એ ખડખડાટ હસી પડી પછી બોલી 'તમે શુ કરોછો? મ્હારા ઉપર જાદુ કરો છો?

હમારા બે વચ્ચે રહેલા માળા ત્હોડી આ હાથે એ ક્ષણમા વિખેરી નાખ્યા એના ગળાની આસપાસ મારો હાથ નાખી મ્હેં કહ્યુ, 'બ્હેન હુ ત્હને જોવાનો પ્રયત્ન કરૂ છુ,' અને પુન ડાબો હાથ ત્હેના ગાલ ઉપર ફેરવ્યો,

ફરીથી પુષ્કળ હસતા તે બોલી, 'મ્હને જોવાનો પ્રયત્ન કરો છો? હુ કઈ ત્હમારી વાડીમા ઉગેલા શાક જેવી છુ તે હુ કેટલી પોચી છુ તે જોવા માટે મને ટેરવી ફેરવીને તપાસો છો?'

એકદમ મને ધ્યાન આવ્યો કે હુ અધ છુ તે એ જાણતી નહિ હોય તેથી મ્હે કહ્યુ, 'બ્હેન હુ આધળી છુ'

હેમાંગિની કાંઈ બોલી નહિ, ત્હેની મ્હોટી સુન્દર આખો જાણે મ્હારા મ્હો ઉપર તાકીને જોઈ રહી હોય એમ મ્હને લાગ્યુ એ આખો દયાપૂર્ણ હોય એમ પણ લાગ્યુ તે વિચારમા પડી અને જરા ગુચવાઈ જરાવાર અટકી ત્હેણે કહ્યુ, 'હુ હવે સ્હમજી તેથી જ ત્હમારા વર એમના કાળીને અહિ મ્હેલા બોલાવ્યા હશે'

મ્હે જવાબ દીધો, 'ના, ત્હારી ભૂલ છે એમણે બોલાવ્યા નહોતા એ તો એમની મેળે જ આવ્યા'

હેમાંગિની ખૂબ હસતા બોલી, માસીને તો એવી જ ટેવ છે બોલાવ્યા વગર જ આવ્યા તે સારૂ કર્યું ને? પણ હુ કહો તેટલાની શરત મારૂ કે હવે એ આવ્યા છે એટલે કાઇ જલ્દી પતશે નહિ

આટલુ કહીને જરા અટકી ત્હેને કાઇક ગુચવણ થતી હોય એમ લાગ્યુ ત્હેણે કહ્યું, 'પણ બાપાજીએ મ્હને અહિ શુ કામ મોકલી? ત્હમને ખબર છે?'

મૃદુલા રૂ ૦-૧૨-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુબાઇ

હમે વાત કરતા હતા તે દરમિયાન કાશીજી ઓરડામા આવીને ઉભા હતા ત્હેમને હેમાગિનીએ પૂછ્યુ 'માસી, ત્હમે અહિંથી પાછા ક્યારે જવાના છો?'

કાશી આ સાભળી બહુ અકળામણમાં પડ્યા અને બોલ્યા, 'આવો તે સવાલ પૂછાતો હશે? ત્હારા જેવી વહુવતી તો કોઈ ન જોઈ હજી તો હમણા આપણે આવ્યા ને એટલામા પાછા જવાની વાત કરે છે!

હેમાગિનીએ કહ્યુ, 'ત્હમારી વાત તો જાણે ઠીક છે આ ઘર ત્હમારા ભત્રીજાનુ છે પણ મ્હારુ શુ? હુ તો ત્હમને ચોખ્ખુ કહુ છુ કે મ્હારાથી અહિ રહેવાશે નહિ.' મ્હારો હાથ પકડી ત્હેણે કહ્યું 'ત્હમે શુ ધારો છો, બ્હેન?'

મ્હેં ત્હેને પાસે લીધી, પણ હુ કાંઈ બોલી નહિ કાશી બહુ મુંઝવણમા પડ્યા હતા એમને લાગ્યુ કે પાન હવે વધી છે એટલે હેમાગિનીને એમણે પોતાની સાથે નદીએ ન્હાવા જવાની સૂચના કરી પણ એ તો મ્હને વળગીને બોલી 'ના હુમે બે સાથે જઈશુ' કાશીને લાગ્યુ કે પરાણે લઈ જવાનો પ્રયત્ન કરીશુ તો નકામી સામી થશે એટલે વાત પડતી મુકી

હમે બે નદીએ જતા હતા ત્યારે રસ્તામા મ્હને હેમાગિનીએ પૂછ્યુ, 'ત્હમને કેમ કાઇ છોકરા નથી?'

આ પ્રશ્નથી ચમકીને મ્હેં જવાબ દીધો 'એ તો હુ શુ જાણુ? પરમેશ્વરે મ્હને નથી આપ્યા એ જ કારણ

'ના એ કારણ નથી ત્હમે કાઇ પાપ કર્યું હશે જુઓ આ મ્હારા માશી એમને પણ છોકરા નથી કારણ કે એમના મનમા પાપ છે પણ ત્હમારા મનમા શુ પાપ છે?'

આ શબ્દોથી મ્હારૂ હૃદય ચિરાયુ પાપના પ્રશ્નનુ નિરાકરણ મ્હારાથી થઈ શક્યુ નહિ ઉંડો નિશ્વાસ મૂકી હુ મનમા જ બોલી, 'પ્રભુ તુ ખરૂ કારણ જાણે છે'

હેમાગિની બોલી ઉઠી, 'અરે રામ! નિસાસો કેમ નાખો છો? મ્હારૂ કહેવુ તો કોઈ કદિપણ ધ્યાનમા લેતુ જ નથી' અને ત્હેનુ હાસ્ય નદીની આસપાસ ગાજી ગયુ

૫.

મ્હને લાગ્યુ કે હવે મારા પતિના કામમા ઘણો વિક્ષેપ પડતો હતો દૂરથી બોલાવના આવે ત્યારે જતા નહિ, અને પાસેના દરદીઓને પણ જેમ બને તેમ જલદી પતાવી ઘેર આવતા રહેતા પહેલા તો માત્ર બપોરે જમવા વખત અને રાત્રે જ ઘરના અન્દરના ભાગમા આવવાની ત્હેમને ફુરસદ મળતી પણ હવે તો કાશીની ખબર પૂછવાને બ્હાને વારવાર ત્હેમની પાસે આવતા, એ કાશીના ઓરડામા આવે ત્હેની મ્હને તરત ખબર પડતી કારણ કે એકદમ 'હેમાગિની જરા પાણી લાવજે'ની બૂમ પડતી જેના તો આ બાલિકા કહ્યા પ્રમાણે કરતી પણ પડી તો ચોખ્ખી ના જ કહેતી એટલે માશી માથાથી બૂમ પાડે કે, 'હેમુ, હેમુ, હેમાગિની' પણ એ તો મ્હને દયાર્દ્ર હૃદયથી વળગી રહેતી ભય અને શોકની મિશ્રિત લાગણીથી મૌન જ ધારણ કરતી કોઈ વખત શિકારીનો ભોગ થએલા પ્રાણી પેઠે ભયથી ધ્રુજતી

આ અરસામાં મ્હારા ભાઇ કનકત્તાથી મ્હને મળવા આ યા એમની નિરીક્ષણ કરવાની શક્તિ કેવી તીવ્ર હતી તેમ જ એ કેવા કરડા પરીક્ષક હતા તે હું જાણુતી હતી મ્હને બ્હીક લાગી કે મારા પતિને સાક્ષી આપવી પડશે અને પોતાનો બચાવ કરવો પડશે તેથી કૃત્રિમ હાસ્ય અને હર્ષથી મ્હેં મ્હારી ખરી સ્થિતિ ઢાકવાનો પ્રયત્ન કર્યો પરન્તુ મ્હેં જોઇએ તે કરતા વધારે નાટક કર્યું એ હાસ્ય અને હર્ષની કૃત્રિમતા તરત દેખાઇ આવી

મ્હારા પતિએ તો ઉઘાડો અણગમો દેખાડવા માંડ્યો, અને મારા ભાઇને મ્હોએ જ પૂછી જોયુ કે, ' ત્હમે ક્યાં સુધી રહેવાના છો ? ' આખરે એમની અધીરાઇ વધતા એમણે મ્હારા ભાઇનું અપમાન કરવાની શરૂઆત કરી આથી મોટાભાઇને જવાની ફરજ પડી જતા પ્હેલા ત્હેમણે મ્હારા માથા ઉપર હાથ મૂક્યો અને જરાવાર એ જ સ્થિતિમા ઉભા રહ્યા મ્હારા માથા ઉપર મૂકેલો ત્હેમનો હાથ ધ્રુજતો હતો અને મૂક આશીર્વાદ આપતી વખતે ત્હેમની આખમાથી એક અશ્રુબિંદુ મ્હારા મ્હો ઉપર પડયુ

એક દિવસ એપ્રિલ મહિનાની સાઝ હતી તે દિવસે ગામમા બજાર ભરાયું હતું લોકો ખરીદી કરી પાછા પોતપોતાને ઘેર જતા હતા માવઠુ થવાના ચિહ્ન જણાતા હતાં વરસાદના થોડા છાટા પડતા પૃથ્વીમાથી નીકળતી સ્હરીવાસ બધે ફેલાઇ હું મ્હારા ઓરડામા એકલી હોઉ ત્યારે કદિ પણ દીવો રાખતી નથી કારણકે કદાચ મ્હારા લુગડાનો છેડો જ્યોતને લાગી જાય તો બળી મરૂ અથવા દીવો પડી જાય તો આગબાગ લાગે આથી હુ અધારામા જ ભોય ઉપર બેઠી હતી મ્હારા અ ધ જગતના પરમેશ્વરની મ્હેં પ્રાર્થના કરવા માડી ' ઓ ઇશ્વર ! ત્હારૂં મુખ ઢકાયલુ છે હુ એ જોઇ શકતી નથી હું જોરથી પકડી રહી છુ મ્હારા હાથમાંથી લોહી નીકળશે ત્યા સુધી એ છોડવાની નથી આ ઉછળતા મોજામા ટકી રહેવાની મ્હારામા શક્તિ નથી હે પ્રભુ ! તુ હજી ક્યા સુધી મારી કસોટી કરવાનો છે ? હજી ક્યા સુધી ? મારા પલગને કપાળ અડકાડી હુ ઉંધુ માથુ નાખી બેસી રહી, અને રડવા માડયુ એવામા મ્હને લાગ્યુ કે પલગ જરા હાલ્યો બીજી ક્ષણે હેમાંગિની મ્હારી પાસે આવી મારે ગળે વળગી મ્હારા આસુ લુછી નાખ્યા આજે એ અંદરના ઓરડામા કેમ રહી હતી અને અધારામા એકલી કેમ સુઇ રહી હતી તેની મ્હને ખબર ન હતી મ્હને એણે કાઇ પૂછ્યુ નહિ એક શબ્દ પણ બોલી નહિ. માત્ર પોતાનો ટાઢો હાથ મ્હારા કપાળ ઉપર મુક્યો, મ્હને ચુંબન કર્યું અને જતી રહી

બીજે દિવસે સ્હવારમા હેમાંગિનીએ પોતાની માશીને કહ્યુ, ' ત્હમારે અહિં રહેવુ હોય તો ભલે રહો, મ્હારે તો નથી રહેવુ હુ તો ઘરની નોકર સાથે મ્હારે ઘેર જવાની છુ '

માશીએ કહ્યું ' એકલા જવાની કાઇ જરૂર નથી હવે હુ પણ જવાની જ છુ ' એમ કહી જરા હસતા હસતા એક ન્હાની દાબડીમાથી મોતી જડેલી વીંટી લઇ આવ્યા

' જો હેમુ, મ્હારો અવનીશ ત્હારે માટે કેવી સરસ વીંટી લઇ આવ્યો છે ! '

હેમાંગિનીએ હાથમાથી વીંટી ઝુટાવી લીધી, અને બોલી, ' જુઓ માશી જરા બરાબર જો જો હો મ્હને કેવુ સરસ તાકતા આવડે છે ? ' આમ કહેતા તેણે વીંટી બારીમાથી સ્હામેના તળાવમાં ફેંકી દીધી !

ભય ક્રોધ અને આશ્ચર્યથી કાકીના શરીરના રૂવેરવા ઉભા થઈ ગયા મ્હારી તરફ ફરી મ્હારે વાસે હાથ મૂકી ઉભા રહ્યાં અને મ્હને ફરી ફરીને કહેવા મડ્યા, " કુસુમ, જો આ નાદાની વિષે એક અક્ષર પણ અનન્તરાયને કાને ન જાય હો એ જાણશે તો બહુ જ ગુસ્સે થશે" મ્હેં એમને ધીરજ આપી કે એવી બ્હીક રાખવાની જરૂર નથી મ્હારા હોઠ બ્હાર એક અક્ષર પણ નીકળવાનો નથી.

બીજે દિવસે ઘેર જવા નીકળતા પ્હેલા હેમાંગિની મ્હને ભેટી અને બોલી, 'બ્હેન, મ્હને સંભારજો હો! ભુલી ન જતા'

હેના મુખ ઉપર હાથ ફેરવતા મ્હેં કહ્યુ, " બ્હેન, આંધળા માણસોની સ્મરણશકિત બહુ તીવ્ર હોય છે હેનૂ માથુ પાસે લઈ હેના વાળ અને લલાટપર મ્હેં ચુમ્બન કર્યાં મ્હારી દુનિયા જાણે એકદમ નીરસ થઈ ગઈ હેમાંગિનીના જવાથી સૌન્દર્ય, હાસ્ય અને યૌવન જે મ્હારી પાસે રમણ કરી રહ્યા હતા તે અદ્દશ્ય થઈ ગયા હાથ લાંબા કરી હુ અંધકારમા ફાંફાં મારી. ગોતવા મડી કે મ્હારી શૂન્ય દુનિયામા શુ બાકી રહ્યુ છે!

મ્હારા પતિ મોડેથી અંદર આવ્યા એ બન્નેના જવાથી જાણે પોતાને બહુ જ નિરાત વળી હોય એમ દેખાડ્યુ પણ તે ઉપર ઉપરનું જ હતું કાકીના આવવાથી પોતાના કામમા બહુ ખલેલ પડી એમ જુદુ જુદુ કહેવા મડ્યા!

અત્યાર સુધી તો મ્હારા પતિની અને મ્હારી વચ્ચે માત્ર અંધતાનો એક જ અન્તરાય હતો પરન્તુ હવે એક બીજો અન્તરાય ઉમેરાયો—હેમાંગિની વિષે નિશ્ચલ મૌન એમણે એ બાબત વિષે તદ્દન ઉદાસીનતા દેખાડી, પણ હુ જાણતી હતી કે એમના ઉપર એને વિષે કાગળો આવતા હતા

મે મહિનાની શરૂઆત હતી મ્હારી દાસી એક દિવસે સ્હવારે મ્હારા ઓરડામા આવી મ્હને પૂછવા મડી, 'નદીના કુરજા ઉપર બધી શેની ધમાલ ચાલે છે? શેઠ કયા જવાના છે?'

વાતમા કાંઈક ભેદ જણાયો ખરો પણ દાસીને તો મ્હેં એટલો જ જવાબ દીધો, 'એ તો ન કહેવાય'

વધારે પૂછવાની એની હિમ્મત ચાલી નહિ નિસાસો મૂકી જતી રહી

ત્યારે મ્હારા પતિ મ્હારી પાસે આવ્યા, અને બોલ્યા 'પાસેના ગામમા મારે એક દરદીનો જોવા જવુ છે કાલે સ્હવારમા વ્હેલા નીકળવુ પડશે ત્યા બે ત્રણ દિવસ રોકાવુ પડશે'

હુ પથારીમાંથી ઉઠી એમની સ્હામે ઉભા રહી મ્હે જોરથી કહ્યુ, 'શા માટે મારી આગળ જુઠુ બોલો છો?'

એમની ઝીભ જવાબ દેતાં અટકી 'હુ—શુ—હુ શુ જુઠુ બોલુ છુ?'

મ્હે કહ્યુ, 'હમે પરણવા જાઓ છો'

એમણે જવાબ દીધો 'નહિ'

થોડી ક્ષણ સુધી સંપૂર્ણ શાન્તિ પ્રસરી આખરે મ્હે શાંતિ તોડી

'મને જવાબ દો ' મે ખૂબ ધાંટો પાડીને કહ્યુ 'કહો કે હા'

ધીમા પડધા પેઠે એમના હોમાથી શબ્દ નીકળ્યો 'હા'

મ્હે વધારે ધાંટો પાડી કહ્યુ, 'ના હુ ત્હમને પરણવા નહિ દઉ હુ ત્હમને આ મ્હોટી આફત, ભયકર પાપમાથી બચાવીશ જો એમા સફળ ન થાઉં તો પછી હુ ત્હમારી પત્ની થઇ શા કામની ? અને મ્હારી ઇશ્વરભકિત પણ શા કામની ?'

ઓરડામા મૃત્યુવત્ શાન્તિ પ્રસરી હુ જમીન ઉપર એકદમ બેસી ગઇ, અને મ્હારા પતિના પગને વળગી બોલવા મડી, ' મ્હે શુ કર્યું છે ? મ્હારામા ત્હમને શી ખામી લાગે છે ? મ્હને ખરેખર કહો ત્હમારે બીજી પત્ની શુ કરવા જોઇએ છે ?'

મ્હારા પતિએ ધીમેથી જવાબ દીધો, ' લે, હુ ત્હને ખરુ કહી દઉ છુ, હુ ત્હારાથી બ્હીઉં છુ, ત્હારી અ ધતા ત્હને કિનામા લઈ ગઇ છે ત્યા મારાથી પ્રવેશ થઇ શકે તેમ નથી મ્હારે મનથી તુ હવે સ્ત્રી નથી રહી ઇશ્વર જેવી ભયપ્રદ થઇ છે મ્હારી રાજની જીદગી ત્હારી સાથે કદાપ તેમ નથી મ્હારે તો એક સ્ત્રી જોઇએ–માત્ર એક સાધારણ સ્ત્રી, જેને હુ વઢી શકુ જેની સાથે હુ મીઠુ મીઠુ બોલી શકુ, જેને લાડ કરી શકુ, ઠપકો આપી શકુ '

'અરેરે ! મ્હારુ હૃદય ચીરીને જુઓ ! હુ એક સાધારણ સ્ત્રી નથી તો કોણ છુ ? હુ પરણી ત્યારે હતી તેની તે જ કન્યા છુ, મ્હારામા એની એ જ ભકિત, એનો એ જ વિશ્વાસ છે !'

આ પ્રસગે હુ કયા શબ્દો બોલી તે મ્હને યાદ નથી માત્ર એટલુ સાભરે છે કે મ્હેં એમ કહ્યુ કે 'ઇશ્વરને સાક્ષી રાખીને કહુ છુ કે જો હુ સત્યશીલ પત્ની હોઉ તો ત્હમે કદિ પણ આવુ અધમ કામ કરી શકશો નહિ ત્હમારા સોગન તોડી શકશો નહિ, ત્હમે આવુ ઘોરતર પાપ કરો તે પ્હેલા કા તો હુ વિધવા થઇશ કે કા તો હતભાગિની મૃત્યુ પામશે '

આટલું કહેતા હુ બેશુદ્ધ થઇ નીચે પડી જ્યારે મ્હને શુદ્ધિ આવી ત્યારે પણ અધારુ જ હતું દિવસ ઉગ્યો નહોતો પક્ષીઓ શાત હતા મ્હારા પતિ જતા રહ્યા હતા

એ આખો દિવસ હુ દેરાસરમા પ્રાર્થના કરતી બેસી રહી સાઝે વિજળીઓ અને ગર્જનાઓ સાથે જોરમા વરસાદ પડ્યો હમારુ ઘર હાલી ગયુ દેવ આગળ માથુ મૂકી હું સુતી હતી પરન્તુ મ્હારા પતિનુ તોફાનમા રક્ષણ કરવાની મ્હે યાચના કરી નહિ–જો કે આ વખતે એ નદીમા ભયકર સ્થિતિમા તો હશે જ મ્હેં માત્ર એટલી જ યાચના કરી કે મ્હારુ પોતાનુ ગમે તે થાય પણ મ્હારા પતિ આ મહા પાપમાથી બચજો !

રાત્રિ પસાર થઇ ગઇ બીજે દિવસ પણ મ્હે દેરાસરમા જ ગાળ્યો સાઝે બારણા આગળ ખખડાટ થયો જ્યારે બારણું જોરમા ઉઘડ્યુ ત્યારે હુ જમીન ઉપર બેભાન પડેલી હતી મ્હને ઉચકી મ્હારા ઓરડામા લઇ ગયા

શુદ્ધિ આવતા મ્હારા કાનમા કોઇકે કહ્યુ 'મ્હેન !'

પાચ પ્રેમકથા, રૂ ૦–૬–૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુબાઇ

મ્હને લાગ્યુ કે હુ મ્હારા ઓરડામા હેમાંગિનીના ખોળામા માથુ મૂકી સૂતી છુ મ્હારૂ માથુ ખસેડતા ત્હેના કપડાનો ઘસારો સંભળાયો લગ્નની કન્યાનો રેશમી પોશાક હતો હે ઇશ્વર ! ઓ મ્હારા પ્રભુ ! મ્હારી પ્રાર્થનાઓ ત્યારે નિષ્ફળ થઇ ? મ્હારા પતિ આખરે પતિત થયા ?,

હેમાંગિનીએ માથુ નમાવી મ્હારા કાનમા મધુર સ્વરે કહ્યુ ' મ્હેન, મ્હાની બ્હેન, હું હમારા લગ્ન પ્રસંગે ત્હમારો આશીર્વાદ માગવા આવી છુ '

પ્રથમ તો વિજળી પડતા વૃક્ષ જડ થઇ જાય તેમ હુ જડ થઇ ગઇ પછી હુ બેઠી થઇ અત્યત દુ ખથી હુ પરાણે બોલી ' ત્હને આશીર્વાદ કેમ ન આપુ ? ત્હે કાંઈ ખોટુ નથી કર્યું '

હેમાંગિનીએ એની રીત પ્રમાણે અ હાસ્ય કર્યું " ખોટુ ? " તે બોલી ઉઠી, ' ત્હમે પરણ્યા તે ત્હમે સારૂ કર્યું અને હુ પરણી તે ખોટુ કર્યું એમ કહો છો ? '

ત્હેના હાસ્યનો સ્મિતથી જવાબ વાળવાનો મ્હે પ્રયત્ન કર્યો, મ્હે મનમા જ કહ્યુ ' મ્હારો પ્રાર્થના કઈ સર્વશક્તિમાન્ નથી, ઇશ્વર ઇચ્છા બળવાન્ છે મ્હારા શિરપર હવે દુ ખના ઝાડ ભલે ઉગે પણ એની મ્હારી ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધામા ન્યૂનતા ન આવે એટલે બસ '

હેમાંગિની મ્હને પગે લાગી મ્હારા પગને હાથ પણ લગાડ્યો મ્હે ત્હેને આશીર્વાદ આપ્યો, ' સુખી થજે ત્હારૂ સૌભાગ્ય અખડ રહો '

પણ હેમાંગિનીને સતોષ થયો નહિ ' બ્હેન મ્હને એકલીને આશીર્વાદ આપો તે ન ચાલે ત્હમારે હમારૂ સુખ સંપૂર્ણ કરવુ જોઇએ, આ ત્હમારા પવિત્ર હાથથી મ્હારા પતિને પણ ત્હમારા વરમા ગ્રહણ કરવા જોઇએ ઉભા રહો હુ એમને અન્દર ત્હમારી પાસે લઇ આવુ

હા, લઇ આવ મ્હારી પાસે '

થોડીક ક્ષણ પછી પરિચિત પગલા અને પરિચિત અવાજ કાને પડ્યા, ' કુસુમ, કેમ છે ? '

હું બનગ મારીને ઉઠી વાંકા વળી પ્રણામ કરતા મ્હે બૂમ પાડી ' મ્હોટાભાઇ ! '

હેમાંગિની જોરથી હસી પડી ' ત્હમે હજી એમને મ્હોટા ભાઇ કહો છો ? હવે ને કહેવાય ? હવે તો ન્હાના બનેવી કહો એમનો કાન ખેંચો ને એમને ખીજવો એ તો હવે મને—ત્હમારી ન્હાની મ્હેનને—પરણ્યા છે '

' હવે હુ સઘુ સ્હમજી મારા પતિ ભલા પાપમાથી બચ્યા છે પતિત થયા નથી

' હુ જાણતી હતી કે મોટાભાઇએ કદિ ન પરણવાનો નિશ્ચય કર્યો હતો મારા માતાના મૃત્યુ પછી એમને લગ્ન માટે આગ્રહ કરનાર કોઈ રહ્યુ ન હતુ પરન્તુ મ્હે એમની બ્હેને એમને પરણવાની ફરજ પાડી હતી મારે ખાતર જ એમણે આ સંભોગ આપ્યો

મારી આંખોમાથી હર્ષના આંસુ નીકળી પડ્યા, અને મારા ગાલપરથી નીચે સર્યા પ્રયત્ન કરતા હુ રોકી શકી નહિ. મોટાભાઇએ મારા વાળમા પોતાની આંગળીઓ ભરવી હેમાંગિની હસતી હસતી મને વળગી

જમનાબ્હેન સ્મારક અંક ૩ ૨-૬ ૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ

બાકીની રાત્રિ મારા પતિના આગમનની આતુરતાથી વાટ જોતી હુ જાગતી જ સૂઈ રહી લજ્જા અને નિરાશાનો આવેગ એ કેવી રીતે સહન કરી શકશે ત્હેની હુ કલ્પના કરી શકી નહિ

મધ્યરાત્રિ વીત્યા પછી મારા ઓરડાનુ બારણું ધીમેથી ઉઘડ્યુ પલગપર બેઠી થઇ મ્હેં સાભળવાનો પ્રયત્ન કર્યો મારા પતિના પગના સભળાયા મારૂ હૃદય જોરથી ધબકવા મડ્યુ પલગ પાસે આવી એમણે મ્હારો હાથ પકડ્યો, અને બોલ્યા 'ત્હારા ભાઇએ મ્હારો અધઃપાત થતો અટકાવ્યો છે એક ક્ષણિક મોહને લીધે હુ નીચે પડતા જતો હતો હુ ભ્રમિત થઈ ગયો હતો, અને મુક્ત થવાનો માર્ગ દેખાતો ન હતો જે દિવસે હુ નાવમા બેઠો તે દિવસ મ્હારા હૃદયપર કેટલો ભાર હતો તે માત્ર ઇશ્વર જાણે છે નદીમા તોફાન શરૂ થયુ અને આકાશમા પણ તોફાન થઈ રહ્યુ હતુ ભયમા પણ મ્હારા હૃદયમા એક ઉંડી ઇચ્છા હતી કે હુ ડુબી જાઉં અને મ્હારી જીંદગીને મ્હેં જે પાશથી બાધી હતી ત્હેમાથી મુક્ત કરૂ હુ મથુરગજ પ્હોચ્યો ત્યા મ્હેં ખબર સાભળી અને તેથી હુ છુટો થયો ત્હારા ભાઇએ હેમાગિની સાથે લગ્ન કર્યું આ ખબર મ્હેં કેટલા આનદથી અને કેટલી લજ્જાથી સાભળી તે ત્હને શી રીતે સ્હમજાવુ ? ફરીથી હુ હોડીમા જલદી બેઠો આ આત્મોદ્ધારની ક્ષણે જ મ્હને ખબર પડી કે મ્હારૂ સુખ ત્હારામા જ વસેલુ છે તુ ખરેખર એક દેવી છે.'

મ્હેં હાસ્ય અને રૂદન સાથે જ કહવા માડ્યા 'ના, ના મ્હારે દેવી નથી થવુ હુ માત્ર ત્હમારી ન્હાનકી પત્ની જ છુ હુ માત્ર એક **સાધારણ સ્ત્રી** જ છુ '

'પ્રિયતમ કુસુમ, મ્હારે પણ ત્હને કાંઈક કહેવુ છે હવે કદિ પણ મ્હને 'મ્હારા દેવ' કહી લજ્જિત કરીશ નહિ '

બીજે દિવસે સ્હવારે શખનાદથી ગામમા આનદ પ્રવર્ત્યો, પરન્તુ તે લગભગ સર્વ નાશની રાત્રિ વિષે કોઇ કાઇ જ બોલ્યુ નહિ ×

× સર રવિન્દ્રનાથ ટાગોરના The Vision ઉપરથી

અનભારચન્દ્રિકા ૨ ૧-૮-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુબાઇ.

નાથનાં નયણાં.

લેખક —રા ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા.

મ્હારા નાથના નયણાના નેહ,
ન ભૂલ્યા જાયે સખી !
મ્હેનાં અંતરની લાગણીની લેહ
કેમ વિસરાયે સખી ? —મ્હારા૦

ઝબૂકે વસંત જ્યારે આંખડીમાં મ્હારી,
વ્હેતા હૃદય અમી ઝરણા રે,
માડીને મીટમીટ ઝીને ઝીનાવે
નાથના પ્રેમપુર નયણા—
ન ભૂલ્યા જાયે સખી ! —મ્હારા૦

ઝગઝગતી જ્યોતિ ચંદ્રની ચંદ્રની,
વ્યોમે પ્રકાશપુર આવે રે,
નાથના નેનનની જ્યોતિ રૂડેરી,
જીવન અજવાળા લાવે રે—
કેમ વિસરાયે સખી ? —મ્હારા૦

પ્રેમી ને પ્રેમમયીની ગીતા,
નાથને નયને વચાતી રે
મટકે મટકે રસમંત્રોની,
શાંતિ અનેરી ઉભરાતી —
કેમ વિસરાયે સખી ?
મ્હારા નાથના નયણાંના નેહ
ન ભૂલ્યા જાયે સખી !

ઉષા–સ્વરાજ્ય પ્રતિજ્ઞા.

(પ્રથમ ખંડ)

લેખક —રા શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજી.

• સચિત્ર ચાતુ ઐતિહાસિક વાર્તા

પ્રકરણ ૭ મુ

લખોટા-તેપર વિચાર.

"No easy hope or lies,
Shall bring us to our goal,
But iron sacrifice,
Of body, will and soul
There is but one task for all,—
For each one life to give
Who stands if freedom fall?
Who dies if England live?"

—*Kipling*

ગત પ્રકરણોમા બનાવો બન્યા તેને લગભગ બે એક માસ વીત્યા હશે, તે પછી એક સવારે બળવંતનગરમાં નરસ પ્રભુ દેશપાંડે પોતાના પુત્ર દાદાજી સાથે કાંઇ વિચારમા બેઠો હતો પિતા પુત્ર બેઉની ચર્યાપર ગોઢની છાંયા પ્રસરી હતી નરસ પ્રભુ દેશપાંડે વૃદ્ધ થયાથી રોગીષ્ટભોગનો સર્વ કાર્યભાર તેનો યુવાન પુત્ર દાદાજી ચલાવતો હતો અને નરસ પ્રભુની તો નામની જ એપર દેખરેખ હતી તેમની અત્યારની ચિંતાનુ મુખ્ય કારણ તો દાદાજીપર આજ પ્રભાતે બિજાપૂરથી નવા સુબા સર્જેખાન તરફથી આવેલા લખોટાનુ હતુ તે લખોટો હાથમા આવતા, વાચતા દાદાજીએ ક્રોધથી—સતાપથી હાથ પછાડ્યા પિતા પાસે પત્ર લઇ ગયો પત્ર વચાવ્યો તે વાચતા વૃદ્ધ કંપી ઉઠ્યો વિચારમા પડ્યો શોકસાગરમા ડુબ્યો અને બળતા સતાપથી ધ્રુજી ઉઠ્યો —

'પુત્ર ! મેં તો પહેલેથી જ તને કહ્યુ હતુ, પણ તે માન્યુ નહી જોયુ ? આ ઉદ્દતાઇનુ ફળ ? શિવાજી રાજા સાથે જો ઠર્યા કરો હો દાગ્યો ? આ કાઇ વખત છે ? બાદશાહી ! કેટલી સદીઓથી જામેલી બા શાહીનો નાશ થવો તે કાંઈ રહેલો છે ? ઉદ્દતાઇનુ ફળ મળ્યા વગર રહેશે

નથી માટે હજુ આ વિચાર ત્યજી દઈ ખરી ભક્તિથી–ભાવનાથી બાદશાહની સેવામા તત્પર રહેવુ મને પણ ત્હારી સામે ખરડયો સ્વરાજ્ય સ્થાપવાની પ્રતિજ્ઞામા સાથે ગણ્યો હવે શુ ઉપાય ?" આમ કગાન કાયરની કાયરતાના ભીરુત્વ દર્શાવતા અનેક શબ્દો વૃદ્ધ સરદાર ઉચ્ચારના લાગ્યો

દાદાજીએ છેડાતા વીરતાથી મક્કમપણે ઉત્તર આપ્યો –"પિતાજી ! પિતાજી ! આમ છેક હિંમત ન હારો બીકના બનો 'શ્રી રોહિડેશ્વર સ્હાય છે, શ્રીઅબા ભવાની બધુ સારૂ જ કરશે આમ નાહિંમત શુ થાઓ છો ? યુક્તિથી કામ કરવુ છે શિવાજી મહારાજપર આ લખોટો મોકલીને તેમનો અભિપ્રાય મગાવીશુ આપને ડર રાખવાનુ કાઇ જ કારણ નથી, હા" આમ દાદાજી પિતાના ગભરાયલા મગજને સાત્વન કરવા લાગ્યો અને પિતાએ "તને ગમે તેમ કર" એમ કહ્યુ અને તરત દાદાજીએ શિવાજીપર એક પત્ર લખી આ આવેલા લખોટાની નકલ સાથે બીડી ઉપર મ્હોર સીક્કો કરી, પોતાના ખાસ વિશ્વાસુ માણસને સોપી એકદમ રવાના કરી દીધો ખાનનો આ લખોટો જેણે આટલી ચિંતા કરાવી તે શુ હશે તે જાણવાની જીજ્ઞાસા પ્રિય વાચક ! તને હશે તે પત્ર નીચે પ્રમાણેનો હતો

(બાદશાહી નીશાન) સા શકે ૧૫૬૭ ચૈત્ર શુ ૧૩

" ઇજ્જતદાર દાદાજી નરસ પ્રભુ દેશપાંડે કુલકર્ણી તા રોહિડખોરે અને વેલવડખોરે તે સુ॥ ખમસ અર્બન અલફ વજારત માહબ સીવાજી રાજે ફરજંદ શાહાજીરાજેએ શહાથી બેઇમાની કરી ત્હારા ખોરામા રોહિડેશ્વરના ડુંગરના આસરાથી પુડાવો (બ) કરી, માવળા વગેરે લોક એકઠા કર્યા, અને ત્યાથી જઈ તે કિલ્લાપરના થાણા ઉઠાવી પોતે કિલ્લામા ઘુસ્યો તેણે લોકો વગેરેનો જમાવ કર્યો, તેમા તુ સામેલ હોઈ ફિસાદ કરી રાજા મજકુર નિસ્બતને રસદ આપે છે થાણા શિરવલના આમિન પાસે રજુ થતો નથી, જમાવ સિલરજુમા કરતો નથી અને બેઠપેઠાની વસૂલ પણ સરકારને ભરતો નથી મગરૂરી ભરેલા જવાબો થાણદાર અને નાઇકવાડિયોને આપે છે, એ જાહેર થયુ છે આ વાત ત્હારી જમેદારીની ઇજ્જતને છાજતી નથી માટે થાણા મજકુરના આમિનને મળતા રહેવુ અને તણખો જમા કરી આપવો એ ન થતા તને બિજાપૂર લાવી ગરદન મારવામા આવશે, અને જમેદારી હક્કનુ કાઇ ચાલનાર નથી એ મનમા ખૂબ સમજવુ આ પત્રથી દિવાનમા મળતા રહેવુ, છ ૧૧ સફર (સા શક ૧૫૬૭ ચૈત્ર શુ ૧૩) (જૂઓ શિવકાલીન પત્ર વ્યવહાર પત્ર ના ૨૬૭)

પિતાપુત્રે આ લખોટાની નકલ પોતાના પત્ર સાથે શિવાજીપર બીડી અને કાગળે રોજે રોજના ઉત્તરની રાહ જોઇ રહ્યા પાચ દિવસ ગયા પણ તે પાચ યુગ જેવા તેમને થયા અને શિવાજીનો ખલિતો આવ્યો દાદાજીના આનંદનો પાર રહ્યો નહી ઉતાવળે પત્ર ફોડયો–વાચ્યો આનંદથી નાચતો પિતા પાસે દોડયો, અને વધાઇના સમાચાર દઇ પિતાને આપ્યા અને શિવાજીનો નીચેનો પત્ર ઉત્સાહથી વાચી સભળાવ્યો

(શ્રી શિવ)

" રાજશ્રી દાદાજી નરસ પ્રભુ દેશપાંડે અને કુલકર્ણી તા રોહિડખોરે અને વેળવંડખોરે પ્રતિ શિવાજી રાજે સુ।। સમય અર્બેન અલ, તમને મેહેરબાન વજીરનો (સિક્કો) બિજાપૂરથી હુકમ આવ્યો તે હાલુ બિનતના આમને તમારાપર મોકલ્યો, તેપરથી તમારા પિતા નરસિંગાના હવાનદિન થવા વગેરે કેટલુંક લખ્યુ, તે।। ઉન મા વાદાથી બેઇમાની તમે કે અમે કરતા નથી શ્રી રોહીડેશ્વ તમારા ગોગના આદિ કુળદેવ તમારા ડુંગર માથાના પથાગ પર શેંદ્રી સુધીના સ્વયંભૂ છે, તેમણે અમને યશ આપ્યો અને તે સર્વ મનોગત ભવિષ્યમા હિંદવી સ્વરાજ્ય કરી પૂરનાર છે, માટે બાબાને ચિંતા કરવા દેશો નહી ધીરજ ભાગો આપશો, અને તમે તે કાગળ લઇ તગન હજુ મા આવજો * * * બાબાનું તમારૂં અને અમારૂં શ્રીપાસે ઇમાન થયુ તે કાયમ રજુપાય છે એમા અંતર અમે અને અમારા વંશજ પુત્રના પુત્ર વતન વગેરે ચલાવવા કસુર કરનાર નથી આ રાજ્ય થાય એવુ શ્રીના મનમા ઘણું છે એ પ્રમાણે બાબાના મનની ખાત્રી કરી તમે આવો તા ૭ ૨૯ સફર, બહુ શુ લખવુ (મોર્તબ) (શકે ૧૫૬૭ વૈશાખ શુ ૧) (જુવો શિવકાલિન પત્રવ્યવહાર પત્ર ન ૨૬૮)


× × × ×

પ્રિય વાચનાર, હવે આપણે સાલ્હેરથી થોડા માઈલ દૂર આવેલ રાની ડુંગરાઉ પ્રદેશ તરફ જરા વળશુ

આ ભાગમા, ગીચ ઝાડીવાળા ભાગમા, એક પહાડના પાયથા પાસે બે ઉંચી ઉંચી ટેકરીઓના મધ્ય ભાગમા આવેલી દરીમા પાસે પાસે બે ઝુંપડા હતા ગીચ ઝાડી અને તેમા વળી અંધારૂં જે ઠેકાણે આ ઝુંપડા હતા તે એટલા બધા અગમ્ય હતુ ઝાડો એવા ખીચોખીચ આવેલા હતા કે પગરખી સુદ્ધા કરવી એ પણ અશક્ય હતુ આ વખતમા વાઘ, વાંદરા, ભામરા વગેરે આ અરણ્યનો ઘણો ઉપયોગ કરતા આ અરણ્યમાં હિંસ્ર શ્વાપદો પણ ઘણા હતા તેમ બાદશાહતના જુલમથી કરો ભિન્ના ખ્યાત નથી તેથી કહો કિંવા પોતાની સ્વદેશભૂમિ અને સ્વધર્મનો નાશ કેમ સહન ન થવાના કારણથી કહો, દૂર બનેલા માનવી-પ્રાણીઓની પણ થોડી થોડી વસ્તી હતી આ અરણ્યના અંદરના ભાગમા આવેલી ઉપલી બે ઝુંપડી તરફ આપણે જવાનુ છે એ ઝુંપડીઓની આસપાસ પાએક માઇલ સુધીની જગ્યા જરા તરા સાફસુફ કરેલી હતી એ ઝુંપડીમા હનુમાનની મૂર્તિ હતી, તેની સન્મુખ ધુણી હતી, તે પાસે એક સાધુ મહારાજ બેઠા હતા અને તેની આસપાસ ચાર પાંચજણ બેઠા હતા તેઓ કોઇ સાધારણ ચોર લુંટારૂ ન્હોતા, પણ આપણી ઓળખના વીરો હતા સાધુમહારાજ સિવાય બધા તરૂણો હતા ઝુંપડી બ્હાર બે ત્રણ જણ છેટે છેટે તપાસ રાખતા ફરતા નજરે પડતા હતા અંદર એઓના કાંઇ વિશેષ વિચારમા ગુંથાયલા હતા

" શિવબા ! ખરેખર તમને ધન્ય છે શ્રીભવાનીની ત્હારાપર કૃપા છે, તે અમથી નથી ખરેખર, ત્હારા હાથથી સર્વ મરાઠા એક ઠેકાણે મળી, હિન્દવી સ્વરાજ્ય-મહા રાજ્યની સ્થાપના

થનાર એ નિ:સંદેહ" એટલું કહી સ્વામિએ પોતાની પાસે બેઠેલા પાણીદાર તેજસ્વી તરૂણની પીઠ થાબડી "શાબાશ! શાબાશ!" એવું કહ્યું એટલામાં નાનાજીએ સ્વામિ તરફ જોઈ કહ્યું –





[ચિત્રકાર ના પતિ] ત્યારે સ્વામિજીને કાનમાં ... કહ્યું [ફોટોગ્રાફ
— ... ૮૧

"સ્વામિમહારાજ! અમે બધા ન્હાનપણથી જ ચિત્રમાં 'ચિત્રકાર ...' કહીએ છીએ તે અમથું નથી આજે તેમણે જે યુક્તિથી કામ પાર પાડ્યું તે ધન્ય છે આ બાબતો લાવવામાં કેવી યુક્તિ કાઢી કે ન પૂછો વાત એક વિચાર આવે ... ઉત્પન્ન થનારી આફત આવે કે તરત તેનો ઉપાય સુઝ્યો જ છે

શિવાજી તેને વધુ ન બોલવા દેતા પોતે વચ્ચે બોલી ઉઠયો "સ્વામિમહારાજ! આજનો શિકાર મ્હોટો મળ્યો છે તે શ્રીભવાનીના ચરણમા અર્પણ કર્યો છે બિજાપુર ખજાનો જતો હતો–જાણે તેમના બાપની જ મતા! ગરિબ ગુરબાને ત્રાસ આપી ભીખારી બનાવવા, સરદારોને લૂટવા, અને પોતાના ખુબ ઘર ભરી બાકી થોડુ ઘણુ બાદશાહને મોકલવુ શ્રીની કૃપાથી મને અગાઉથી બાતમી મળી અને ત્યારથી મ્હારા આ વીરો સાથે નિશ્ચય કર્યો કે આ ખજાનો બિજાપૂર બાદશાહ પાસે જવા ન દેતા અંબામાતાના ચરણકમલમા નાખી મૂકવો આ ખજાના સામે વળી શિપાઇ–શિબંદી હશે એમ લાગતું હતું, પરતુ અમને લાગ્યુ તેટલી ખબરદારી ન્હોતી યુક્તિથી યોજના યોજી કાન ગને ઓચિંતો છાપો મારી આ ખજાનો ઉઠાવ્યો એકાએક હલ્લો આવ્યાથી આ ચોરગાઓ "તોબા, તોબા, યા અલ્લા અલ્લા!" કરતા છક્ક થઈ નાઠા પદરેક જણાએ સામનો કર્યો તેમને તરત ધૂળ ચાટતા કર્યા આ ચકમકમા મ્હારી આ બે ભુજાઓ–મ્હારા આ બે વીરો તાનાજી અને યેશાજીએ પરાક્રમની કમાલ કરી દેખાડી"

"શાબાશ!" એવા ઉદ્‌ગાર સ્વામિએ કાઢ્યા અને ગભીર મુદ્રા કરી આગળ બોલ્યા – "આજ લગભગ બાર તેર દિવસથી જે વિચાર ચાલે છે તે પર વધુ વિચાર ચલાવવો જોઇએ હવે ભવિષ્યના વિચાર કરવા જોઇએ, તે પર આપણી એકદર ઇમારત અવલબી છે દાદાજી નરસપરના પત્ર ઉપરથી અને બીજા સજોગો અને સમાચારો પરથી આપણી બાતમિઓ તેમને કાને જાય છે આ સર્જેખાનને બરાબર સ્વાદ ચખાડવો છે રોહિડખોરામા તરત કાંઇપણ ભયકર ગડબડ કરશે તે માટે ઉપાયો યોજવા છે શ્રી રોહિડેશ્વરના મદિર સાથે આપણો સબધ છે એ તેમને ખબર પડી ગઈ છે અને તેની ધમકી પણ અપાઈ છે તેમા કાંઇ ગુપ્ત ગુફા છે અને ત્યા આપણી હિલચાલ થાય છે, ત્યા આપણે કાવના પચીયે છીયે એવો વ્હેમ તેમને ગયો છે, તેઓ આજ કાલમા એ ધમકીનો ઉપયોગ પણ કરે આપણે લખેલ કાગળપરથી હુ ધારૂં છુ કે દાદાજી અત્યારે આવી પહોચવા જોઇએ તેમા આજના બનાવથી તો બળતામાં ઘી હોમાશે તે પકકુ સમજશે કે આ કામ પણ આપણુ જ હોવુ જોઇએ. બાદશાહી ખજાનાપર હાથ નાખવાની બીજા કોઇની છાતી ચાલે નહી માટે હવે તરત તે પગલા ભરશે તે કાંઈ કરે તે પહેલા જ આપણે હવે કાંઈ હાથ ક્યા પણ દેખાડવો જોઇએ તેમના હાથમા ઘણા કિલ્લા છે તેમાથી નિદાન બે ચાર પણ હવે કબજ કર્યા વગર ગત્યતર નથી માટે આજ જ કયો કિલ્લો લેવો તે ઠરાવી નક્કી કરવુ જોઈએ આજ જો કિલ્લો લેવાનો વિચાર કરશુ નહી તો ભવિષ્યમા ભારી પડશે–"

શિવાજી આ સર્વ સ્વસ્થપણે સાભળતો હતો, અધવચ્ચે એક અક્ષર પણ તેણે ઉચ્ચાર્યો નહી એનુ સર્વ ચિત્ત કાંઇ પણ અત્યંત મહત્વના વિચારમા ગુથાયુ હતુ સ્વામિએ પોતાનુ બોલવુ પુરૂં થતા તેના તરફ નજર કરી અને કાંઈ પણ હિમત્ત કરી કોઇપણ કિલ્લો લેવાના વિચારમા ગુથાયો છે એમ તેને લાગ્યુ, અને તે શુ બોલે છે એની રાહ આતુરતાથી જોતા

લાગ્યા આ વખતે પ્રત્યેકના મનમાં કેવળ એ જ વિચારો ઘોળાતા હતા શિવાજીના અંત ચક્ષુ સામે તો મહારાષ્ટ્રના સર્વ કિલ્લા એક પછી એક દેખાઈ તેના ગુણદોષ નજરે પડતા હતા પ્રત્યેક કિલ્લાની તેને સારી માહિતી હતી, કિલ્લો લેવો તે બળકટ મજબુત મહત્ત્વનો–પણ તે કેવી રીતે લેવો કયો લેવો ઇત્યાદિ તેના મનમાં એકસરખી ભાવના ન જાગતી ચાલી, પણ એક વાત નિશ્ચિત થઈ નહી છેવટે સ્વામિ મહારાજે તેની પીઠપર હાથ રાખી કહ્યુ —

"કેમ શિવબા ! કોઇપણ કિલ્લો નક્કી નથી થતો ને ? મ્હારા મનમા એક કિલ્લો આવે છે પણ તેના માલિક અહીં બેઠા છે, તો એ વિચાર કેવો લાગશે તે આપ જાણો ?" એવુ કહી સ્વામિએ નાનાસાહેબપર અત્યંત સહેતુક દૃષ્ટિથી સ્મિત કરી જોયુ તે સાથે જ નાનાસાહેબ તેમની તરફ અને શિવાજી તરફ જોઇ બોલી ઉઠ્યો – ' હુ એ જ સૂચવનાર હતો આપને કિલ્લો સર કરવાનુ મનમા લાવો એટલી જ ઢીલ હા હા કરતા કામ ફત્તેહ થશે સૂર્યાજીરાવ અને હુ બન્ને મળી એ કામ હા હા કરતા પાર પાડીશુ હુ એમનો અહીં લાવનાર છુ પણ "

એટલામાં બ્હાર ચોકી કરતો એક પુરૂષ અંદર આવ્યો અને દાદાજી તરફ પ્રવેશ આપવાની રજા માગી આ વાત એટલેથી જ અટકી અને દાદાજીને એકદમ દાખલ કરવા હુકમ થયો– દાદાજી આવ્યો નમી મુજરો કરી બેઠો

શિવાજી —" કેમ દાદાજી, આટલામા જ ગભરાઇ ગયા કે ? બાપાને કહીયે હિંમત રાખો પહેલે જ પગથીયે ડરી જશો તો સર્વ મશીહ કેમ પહોંચશે ? સ્વરાજ્ય માટે માથાના બલિદાન પણ આપવા પડે, સમજ્યા ? એમા શુ થયુ ? અમે તમારી જ રાહ જોતા હતા લાવો તે પત્ર "

દાદાજીએ બિજાપુરનો લખોટો આપ્યો, શિવાજીએ પૂર્ણ ધ્યાનથી વાંચ્યો અને હસ્યો " સર્જેખાન બિજાપૂરથી દમામથી આવ્યો છે તેને ધૂળ ફાકતો કરી કાલે મ્હોરે બિજાપૂર પાછો કાઢવો છે, તેની જ યુક્તિમા છીયે શીખવાની સર્વ સાર કરશે "

" મહારાજ આપના પવિત્ર ચરણોપર હાથ મૂકી કહુ છુ કે હું રજે ગભરાતો નથી મ્હારો તો શુ પણ મ્હારા આખા કુટુંબનો અરે, મ્હારા સર્વ ખોરાનો પણ નાશ થાય તો પણ મ્હને તેની રજભાર પણ પરવા નથી આ મહાન કાર્ય માટે મ્હારા સર્વસ્વનો ભોગ આપવા હુ તૈયાર છુ–સ્વદેશ માટે પ્રાણની આહુતિઓ અપાય એ તો અમારૂં અહો ભાગ્ય !"

" અમારી તો તે વિષે પૂર્ણ ખાત્રી છે પણ હાલ પત્ર જોઇ પીછે કરી તમે હવે જાઓ મ્હારથી વધુ સારૂં સાથે બિલકુલ બગાડવુ નહી ઠાકિમના કેમ પરવા લેવા તેની યુક્તિ હું તમને જણાવુ છુ " શિવાજી હજુ વધારે બોલતો હતો ત્યા નરહર સ્વામિ " જય જય રઘુવીર " કરતો અંદર દાખલ થયો સર્વેની નજર તેના તરફ વળી તેના ચ્હેરાપર ખિન્નતાની ત્વેષની છાયા પ્રસરેલી દેખાતી હતી અને તેણે સ્વામિજીને એક બાજુએ બોલાવી તેણે ધીમેથી તેમના કાનમા કાંઇ કહ્યુ તેણે કહેલ બાતમી કાઇપણ વિલક્ષણ હોવી જોઇએ કેમ કે, તે સાંભળતા જ સ્વામિની ચર્યા કાંઈ ત્રસ્ત અને ખિન્ન થઇ અને પોતાની દાઢીપર હાથ ફેરવતા સચિંત મુદ્રાથી સર્વે તરફ તેમા વિશેષ નાનાસાહેબ તરફ જોયુ

ચર્ચાપત્ર.

શ્રીસયાજી સાહિત્યમાળા—પુષ્પ ૮ મું

(ચરિત-ગુચ્છ)

પ્રેમાનન્દ.

(સચિત્ર)

સાહિત્યમાળાનુ ૮ મુ પુષ્પ અને ચરિત્રગુચ્છ એટલે શુ ? ગુચ્છ એટલે પુષ્પોનો સમુદાય પરન્તુ આ તો સાહિત્યમાળાનું એક જ, ૮ મુ જ પુષ્પ છે અને પાછો ચરિતગુચ્છ છે માળાનુ પુષ્પ છે એ ખરૂ, પણ ગુચ્છ પુષ્પમા છે કે પુષ્પ ગુચ્છમા ? પુષ્પ અને ગુચ્છનો ગોટાળો કોઈ સમઝાવશે ? હાના અર્થહીન સસ્કૃતમય નામ આપી પુસ્તકની મહત્તા વધારવાના પ્રયત્નથી એક કેળવણી ખાતુ છેતરાય એ તો હદ થઈ

પુસ્તક સચિત્ર કે સચિત્ર પુસ્તક હાથમા આવતા જ, ત્હેના ચિત્રો જોઈ લેવાનુ મન થાય એ સ્વાભાવિક છે હુ આખુ પુસ્તક ઉથલાવી ગયો પણ કાઈ ચિત્ર જડયુ નહિ એટલે પુસ્તકને છેડે આપેલી ચિત્રસૂચી જોઈ તો જણાયુ કે ૧૬ ૬૬ અને ૮૭ સ્હામે બે ચિત્ર છે તે જોયા બે નકશા છે નકશા અને ચિત્ર વચ્ચે તો ભેદ સમઝાવવો પડે હેવો છે ? બાળક હાવી ભૂલ કરે તો ચાલે પણ ગુજરાતના પાટનગર જેવા વડોદરાનુ કેળવણી ખાતુ હાવી ભૂલ કરે તે તો ખેદજનક જ કહેવાય

પ્રેમાનન્દના અભ્યાસી થવા માટે પ્રેમાનન્દનુ ચરિત્ર મ્હે લીધુ, અને અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો, અને વાચતે વાચતે જે સશયો ઉદ્ભવ્યા ત્હેનુ પરિણામ આ લેખ છે મ્હે એ સશયોનુ નિવારણ કરવાનો પ્રયત્ન કર્યો છે ત્હેમા ભૂલ દેખાડનારનો ઉપકાર માનીશ

અનેક સુપ્રસિદ્ધ પુસ્તકો પ્રેમાનન્દનુ જીવનચરિત લખવામા સહાયભૂત થઈ પડે એમ છે અને કર્તાએ ત્હેમના નામ આપ્યા છે અને એક "વિદ્યાર્થી બની, એક અભ્યાસી તરીકે હેના જીવનનુ ચિત્ર દોરવુ એ વિચારે, આ ચિત્ર આલેખ્યુ છે" અને ઉદ્દેશ "પ્રેમની અને આનન્દની મૂર્તિ પ્રેમાનન્દનુ ચિત્ર હેવુ કહેવુ આલેખવુ કે તે ચિત્રથી તે કોણ હતો, ત્હેણે શા શા તથા કહેવા કર્યા કાર્યો કર્યા છે તે સર્વ બાબતથી વાચક માહિતગાર થાય એટલુ જ નહિ પણ તે સાથે ત્હેનુ જીવન તથા કવન આશા પ્રમાણે' (એટલે આશરે ૧૦૦ ટકા) પાના "ઉતરે," આ ધ્યાનમા રાખીને જે સશયો રજુ કરીશ

શરૂઆતનો પેરેઆફ કદી કદી આખા પુસ્તકનુ રહસ્ય સમઝાવતો, કદી કદી પુસ્તકની, ગોઠવણી સમઝાવતો, એમ જુદા જુદા ગ્રન્થકારો જુદી જુદી રીતે લખે છે "પ્રેમાનન્દ" ના પુસ્તકમા તે પેરેઆફમા તારા અને તારવાઓનો ઝગઝગાટ એવો બધો છે કે આખો

વનિતના । ગો રૂ ૧-૦-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુબાઈ

ઝખવાઈ જવાથી મગજ ગુચવાઈ જાય છે આ પેરેગ્રાફના રૂપકની સમજ પડતી નથી રૂપકનો પ્રયત્ન થયો છે પણ તે સફળ થયો નથી પ્રથમ ગ્રાસે મક્ષિકા પાત જેવી સ્થિતિ થઇ છે

આગળ આવે છે " પરંતુ કવિના ભાષામેધયજ્ઞની પૂર્ણાહુતિમા ત્હેણે પોતાનુ જે બલિદાન આપ્યુ તે બલિદાનના ગ્રન્થ દશમસ્કન્ધ " ઇત્યાદિ. આ શુ ? વાક્યનો અર્થ એક રીતે બેસાડવાનો પ્રયત્ન કર્યો પણ કવિના ભાષામેધયજ્ઞ એટલે શુ ? સાધારણ અર્થ તો જે યજ્ઞમા ભાષાનો ભોગ અપાય તે યજ્ઞ એમ થાય યજ્ઞમા અશ્વનો મેધ. એ તો સમજાય, પણ ભાષાનો મેધ ? પ્રેમાનન્દે તો ગુજરાતી ભાષાનો ઉદ્ધાર કર્યો છે, સંહાર કર્યો નથી ત્હારે યજ્ઞમા પોતાનુ (? પોતાની તરફથી) જે બલિદાન આપ્યુ તે હેના પુસ્તકો કેમ કહી શકાય ? મથાળે સાહિત્યમાળામા હાલનુ અર્થહીન સાહિત્ય ઉત્પન્ન થાય તો ગુજરાતી સાહિત્યની સ્થિતિ સુધરે શી રીતે ? ના. ગાયકવાડ તો પૈસા આપી દૂર રહ્યા ત્હેનો ઉપયોગ કઈ હેમના હાથમા ? આગળ પાને ૧૬ મે સાહિત્યયજ્ઞ શબ્દ વાપર્યો છે ત્હેનો અર્થ થઇ શકે ખરો.

પ્હેલા પેરેગ્રાફમા જેમ અર્થભેદ વગર જ તારા અને તારના શબ્દ વાપર્યા છે તેમ આગળ ચાલતા નથી, મહારથી, અને અતિરથીનો ઉપયોગ થયો છે જ્હારે હાલ એક જ જાતના શબ્દો સાથે સાથે વપરાય ત્હારે એ શબ્દના અર્થ વચ્ચેનો ભેદ બરાબર જાળવવાનો જોઇયે એ નિયમ દરેક શિષ્ટ લખનાર ધ્યાનમા રાખે છે

ભાષામેધયજ્ઞ જેવો જ બીજો ભારે શબ્દ ' ઐતિહાસિક સ્થિતિ " છે ઐતિહાસિક એટલે રાજકીય historical Political હેવો તો થઇ શકે નહિ Political અને historical અર્થભેદ ના સમજવાથી થયેલા ગોટાળાનુ આ પરિણામ હશે અને એ ઐતિહાસિક સ્થિતિ (?) ઉપર વિવેચન કરતા ચરિત્રકાર હેવા નિર્ણય ઉપર આવતા લાગે છે કે અંધાધુંધીના સમયમા પ્રેમાનન્દ અને સામળ ઉત્પન્ન થયા સ્વ ગોવર્ધનરામ લખે છે કે " *The three great poets who dawn upon our horizon with peace and quiet in the 17th century are Premanand, Samal and Akho* ' આમ એક જણ પ્રેમાનન્દને " *peace and quiet* " નુ પરિણામ કહે છે બીજો અંધાધુંધીનુ પરિણામ કહે છે તો આનુ શુ ? ઇતિહાસ પ્રમાણે તો આલમગીરના અવસાન પછી ગુજરાતમા અંધાધુંધી શરૂ થઈ એટલે ઇ સ ૧૭૦૭ પછી અને તે વખતે પ્રેમાનન્દ હેની ઉત્તરાવસ્થામા હશે એટલે પ્રેમાનન્દ એ અંધાધુંધીમા આશ્વાસનાર્થે કવિતા રચનાર નહિ પણ શાન્તિના પરિણામે ઉદ્ભવેલો કવિ એમ સ્વ ગોવર્ધનરામનુ માનવુ ખરૂ લાગે છે

આમ શબ્દના અયોગ્ય ઉપયોગની વાનગી દેખાડી હવે એક ચરિત્રકાર તરીકેની ફરજો કેવી અદા થઈ છે તે જોઇયે પ્રેમાનન્દની બાબતે જે દંતકથાઓ ચાલે છે તે આપી છે તે તો ઠીક પણ " એવા પુરુષની જીવનકથામા કાંઈ વિલક્ષણપણું હોય તો આશ્ચર્ય નથી " આ લખી એક જગ્યાએ જ્ઞાનપ્રાપ્તિ ચમત્કારથી થઇ એ દંતકથા પોતે માનતા હોય હેવો

ખ્યાન ઉત્પન્ન કરે છે, અને બીજી જગાએ પ્રેમાનન્દનુ જ્ઞાન એ મુસાફરીનુ પરિણામ હોય હેવો અભિપ્રાય આપે છે સામળ અને પ્રેમાનન્દ સમકાલીન હોવા બાબત એઓ રા કૃષ્ણલાલનો વિરૂદ્ધ અભિપ્રાય ટાંકી, એઓનો ઝઘડો સુપ્રસિદ્ધ છે એમ કહી, હેમની સમકાલીનતા સાબીત કરી હોય એમ માની લે છે અને નીચેનુ લખીને તો હદ જ કરી છે "પ્રેમાનન્દે નાટકો લખ્યા કે ના લખ્યા તે સાથે આ ગ્રન્થને થોડો સમ્બન્ધ છે" જો હાવો જ અભિપ્રાય હતો તો પ્રેમાનન્દનુ ચરિત્ર લખ્યુ જ શુ કરવા? પ્રેમાનન્દનુ કવન એ નાટકો છે કે નહિ તે વિશે ઉપર જણાવેના હેમના ઉદ્દેશ પ્રમાણે હેમણે લોકોને માહિતગાર કરવા જ જોઇયે પાણીમા રહેવુ અને મગર સાથે વેર હેવી બીની ઉત્પન્ન થઈ હશે? અને મહુથી વધારે શોકજનક તો એ છે જે આખુ પુસ્તક વાચી રહ્યા પછી પ્રેમાનન્દ તે એક સાધારણ માણભટ, બીજા કવિયોના લખાણોમાથી ચોરી કરી લખતો કવિતાકાર હતો હેવો ભાસ થાય છે પ્રેમાનન્દની પ્રતિભા વિષે માત્ર ઉલ્લેખ કર્યા છે પણ તે પ્રતિભા શેના ઉપર આધાર રાખે છે તે સ્હમજાવ્યુ નથી હેનુ કારણ મ્હને તો એ લાગે છે કે ચરિત્રકારને જ ખબર નથી

"હિંસક પ્રાણીઓના અને જાતજાતના ઝાડોના નામોથી જગતનું કવિએ વર્ણન સુન્દર બનાવ્યુ છે વીસમી સદીના કવિયોને અને કાવ્યગ્રન્થકારોને આ સિદ્ધાન્ત નૂતન લાગશે હિંસક પ્રાણીઓના અને ઝાડોના **નામથી** જ વનવર્ણન સુન્દર બનતુ હોય તો કવિતા બહુ જ સ્હેલી અને ગમે તે લખી શકે હેવી થાય" હાવા સિદ્ધાન્તો ધરાવનાર પાસે પ્રેમાનન્દના જીવન અને કવનનું રહસ્ય કી રીત્યે સ્હમજી શકાય? ના ગાયકવાડના કાર્યવાહકો હવેથી હાવા ગંભીર વિષય માટે વધારે લાયક મનુષ્યની પસદગી કરશે, અને મેલ ટ્રેનિંગ કૉલેજના કાર્યવાહકો ટાંચુ નમાલુ સાહિત્ય, પ્રેમાનન્દને માટે ખોટો ખ્યાન ઉત્પન્ન કરતું ચરિત્ર, ભવિષ્યના મ્હેતાજીઓને નહિ શીખવાડે, એ આશા સાથે આ લેખ સમાપ્ત કરીશ

વાદરા,
તા ૧૧-૧૦-૧૮

પ્રિયવદ નટવરરાય મ્હેતા.

સમાલોચકનું વાર્ષિક લવાજમ રૂ ૪;

હિન્દુસ્થાન બહાર શીલીંગ ૭॥ = રૂ. પોણા છ.

છુટક અંકની કિંમત રૂ. ૦-૮-૦

સમાલોચકની જાહેરખબરો હમેશા ઉત્તમ અને સ્થાયી ગ્રાહકો જ લાવી આપે છે. જાહેરખબરો વિનાનો વ્યાપાર એ વ્યાપાર નથી.

NO B.11

સંસ્કારી ગૃહોનાં અને પુસ્તકાલયનાં

અમૂલ્ય શૃંગાર.

જીવનના શૃંગાર ! ગૃહના વિલાસ !
વાધા ભરેલા વિચારો અને ચિત્રોથી તદ્દન નિરાળુ

નવુ પુસ્તક તૈયાર છે તૈયાર છે

રસિક વાર્તા સંગ્રહ **મારી વીસ વાર્તાઓ.** નવ સુન્દર ચિત્રો સાથે.

આ રસભરી અને ઉપયોગી વાર્તાઓને તમારા સ્ત્રી બાળકોના હાથમા વિના સંકોચે મૂકજો.

લેખક—રા કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇ, બી એ, એલએલ બી
લેખકની છબી સાથે સ્વચ્છ છપાઇ અને સુન્દર પાકી બાઇન્ડીંગ

કિંમત ફક્ત રૂપીઆ બે, પોસ્ટેજ જુદુ

ઉપરાત— તૈયાર છે ! નવા પુસ્તકો

ગુલામોની દુ સ્થિતિમા સમાજના માનવજીવનની ચિત્રી તારીઓ સુણાવતુ—લોકપ્રિય—સચિત્ર પુસ્તક!

દિલ ઉશ્કેરતી નવી નવલકથા ! **ગુલામગિરીનો ગજબ.** નવ સુન્દર ચિત્રો સાથે

લેખક—અ સૌ વિમળા સેતલવાડ

કપડાનું પાકુ પુઠુ, ગ્લેઝડ કાગળ, કિંમત ફક્ત રૂપીઆ બે, પોસ્ટેજ જુદુ

૨.

લલિતનાં કાવ્યો.

રા જન્મશંકર મહાશંકર બુચ, ઉર્ફે રા લલિતના કાવ્યોનો સંગ્રહ
તેમની છેલ્લામા છેલ્લી છબી સાથે

કપડાનુ પાકું પુઠુ, ગ્લેઝડ કાગળ, કિંમત ફક્ત રૂપીઆ એક, પોસ્ટેજ જુદુ

ઠેકાણુ—રા રમણીયરામ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી,
મોરારજી ગોકુલદાસ ચાલ ન ૨/૩૬, સેન્ડહર્સ્ટ રોડ, ગિરગામ,
મુબાઈ, ન ૪

Printed by K. R Mitra at the Manoranjan P... Sandhurst Rd Girgaon Bombay
Published by Ramaniyaram Gov... at Messrs. N M Tripathi & Co s
Printer

સમાલોચક

મુખ્ય લેખો.

હિદુસ્તાન
ભાગી વીસ વાતાઓ.
મૈસુરની સોનાની ખાણો.
હોમરનું ઈલિયડ
માનરંજનનું લક્ષ્યબિંદુ

વાર્તાઓ
ડા. પ્રતાપચંદ્રનું પ્રલોભન.
—ટૂંકી વાર્તા
ચાલુ સચિત્ર વાર્તા
ઉષા-'સ્વરાજ્ય—પ્રતિજ્ઞા.'
ઉપગત પ્રાસંગિક વિચાર,
અવસાન નોંધ, કવિતાઓ

તમારે ત્યાં શુભ પ્રસંગોપર

ટી-પાર્ટી—

નાચ-પાર્ટી—

એટ-હોમ

ઈવનીંગ એટર્ટેનમેન્ટસ

ઈત્યાદિ મેળાવડાઓમા—

રીફ્રેશમેન્ટસ માટેની ગોઠવણ કરવાનું અમને સોંપો

ફાંકડું કામ—

વાજબી દામથી—

ટુંક વખતમા—

અને તમને ૧૦૧ ટકા સંતોષ મળે તેવુ કરી આપીશું.

એસ્ટીમેટસ મગાવો—

ભાવ તાલ જરૂર પુછાવો—

ગોવિંદજી વસનજી.

મુખ્ય ઑફીસ-ચીંચબંદર.
બ્રાંચ નં. ૧ -ચકેલા.
બ્રાંચ નં. ૨ -ગ્રાન્ટરોડ.
} મુંબાઈ.

ટેલીફોન ૨૫૫૬,
ટેલીગ્રામ્સ—
"Sweetmart"

Feb 19

૭ આપના ઓર્ડરમાં સમાલોચકની નોંધ લેશો

સ્વર્ગસ્થની જન્મતિથિ શ્રી વિજયાદશમીને દિવસે બહાર પડશે.

સ્વ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી કૃત—

૧. સાક્ષરજીવન— પ્રો. બળવંતરાય ઠાકોરના પ્રવેશક તથા કર્તાની ત્રણ રંગની સુન્દર છબી સાથે.

કિંમત અગાઉથી ગ્રાહક થનારને રૂ ૨)

પોસ્ટેજ ચાર આના વધુ

નવા પુસ્તકો તૈયાર છે ! | થોડા વખતમાં બહાર પડશે !

૨. ઉપાકાત સચિત્ર નવલકથા

ગુજરાતના જાણીતા લોકપ્રિય વાર્તાકાર સ્વ. જોગીન્દ્રરાવ દિવેટિઆને કોણ ઓળખતું નથી ? ઉપાકાન્ત એમની જાણીતી અને લોકપ્રિય નવલ થાય છે. આ તેની નવી બીજી આવૃત્તિ છપાય છે. તેમાં આઠ સુન્દર ચિત્રો છે. ઘણા વખતે આ નવી આવૃત્તિ બહાર પડે છે.

કિંમત અગાઉથી ગ્રાહક થનારને રૂ. ૨)

પોસ્ટેજ ચાર આના વધુ

૩ કમલાનાં પત્રો

હિન્દુ સંસારના અનેકવિધ રંગની માહિતી આપતા કમલા ઘણી ચતુરાઈથી અને સચોટતાથી આ પત્રો પોતાના પ્રિયતમને લખે છે. પતિપરના પત્રો હિન્દુ સંસારની રૂઢિ મુજબ પ્રગટ થઈ શકતા નથી, પણ કમલાએ એ રૂઢિનો ભંગ કરી પોતાના પત્રો પ્રગટ કર્યા છે. આ પત્રો દરેક સમજુ સ્ત્રીપુરુષે ખાસ વાંચવા યોગ્ય છે. સ્ત્રીઓના હાથમાં આ પુસ્તક ખાસ શોભે એવું છે.

કિંમત અગાઉથી ગ્રાહક થનારને રૂ ૨)

પોસ્ટેજ ચાર આના વધુ


લખો

રમણીયરામ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી,

મોરારજી ગોકળદાસ ચાલ ન. ૨૩૬

સેન્ડહર્સ્ટ રોડ, ગિરગામ, મુંબઈ.





૧૧ આપના ઑર્ડરમાં સમાલોચકની નોંધ લેજો

- ૧૩ આપના ઑર્ડરમાં સમાલોચકનો ઉલ્લેખ કરશો

અવશ્ય વાંચો

સ્વતંત્ર વિચાર શ્રેણીથી, શુદ્ધ ગુજરાતી
ભાષામાં લખાયલા કોઈપણ વિષયક
પુસ્તકો,
શિષ્ટ અંગ્રેજી, બંગાળી, મરાઠી કે સંસ્કૃત
પુસ્તકોના અનુવાદો કે ભાષાન્તરના
પુસ્તકો,
વાર્તાઓ, નવલકથાઓ, નાટકો,
કે
સાહિત્યના કોઈપણ વિષયક,
રાજકીય, સામાજિક, સામાજિક, ઔદ્યોગિક
પુસ્તકો, ના
કર્ત્તાઓએ છપાવવા જવાનો કે
તેના પ્રકાશન માટે શોધ કરવા જવાનો શ્રમ
લેવો નહિ.
એ સંબન્ધમાં યોગ્ય માગણી સાથે પુરતી વીગતો
નીચેને ઠેકાણે લખી પુછાવશો તો
નિરાશ ઓછા થશો.

રમણીયરામ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી,
મોરારજી ગોકલદાસ ચાલ નં ૨, ૩૬,
સેન્ડહર્સ્ટરોડ, ગીરગામ, મુંબાઈ.

પ્રેમાળ ભાર્યા

વ્હાલાં ભૂલકાંઓ

અને

હિતેચ્છુ ભગિની

એમને માટે

ઘેર ઘાસલેટના ગંદા ચાટલા આપી લઈ જતાં પહેલાં વિચાર કરો.

તે કરતા આપણુ પુરાણુ ધુપેલ તેલ ભલુ

અને જો તે ચોખ્ખુ બનાવવા અગર મેળવવાની
મુશ્કેલી હોય તો પછી—

—કેશવકાન્ત—

તો છે જ—

ઘાસલેટથી તદ્દન નિર્મળ—ચોખ્ખુ અને સર્વે તેલોમા શિરોમણી

કિમ્મત દરેક શીશીના રૂ ૦-૧૨-૦

દ્વારકાદાસ જગમોહનદાસ

ઍન્ડ કંપનિ.

પ્રોપ્રાયટર્સ – { ધી કેશવ પરફ્યુમરી વર્કસ,
ધી હિન્દ બાગ ફેક્ટરી ઍન્ડ મેટલ વર્કસ,

નં ૧૪૭ અબદુલ રહેમાન સ્ટ્રીટ, મુંબાઈ

Feb 19

૧૫ પના ૐ રમા સ ની તેમ રેગ

अनुद्वेगकर वाक्य सत्य प्रियहित च यत्।
स्वाध्यायाभ्यसन चैव वाङ्मय तप उच्यते ॥ भ गी १७-१५

પુસ્તક ૨૪ મું.] ઑગસ્ટ ઈ. સ. ૧૯૧૯. [અંક ૮ મો.

તંત્રી—રા. અંબાલાલ બુલાખીરામ જાની બી. એ.
રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ., એલએલ. બી.
પ્રકાશક—રા. રમણીયરામ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી.

વિષય. વિષયાનુક્રમણિકા. પૃષ્ઠ.

વાર્ષિક લવાજમ રૂપીઆ ચાર,
હિન્દુસ્તાન બહાર શીલીંગ ૭=રૂ. ૫-૧૨-૦. છુટક અંકની કિંમત આઠ આના.
૧૯૧૮, ૧૯૧૯ ને ૧૯૨૦ ના ત્રણ વર્ષના લવાજમ રૂ. ૧૦, હિં. બહાર રૂ. સવાપ
આ લવાજમ શરૂઆતમાં જ લેવામાં આવે છે



સમાલોચક,] 'જ્ઞાનમેદવ્રત'ના કર્તા [ઑગસ્ટ, ઈ સ ૧૯૧૯

સ્વ. રા. ગણપતરામ અનુપરામ ત્રવાડી.

અવસાન તા ૩ જુલાઇ, ૧૯૧૯

પુરી પાડી છે ' હિંદુ શબ્દ ' સિંધુ ' શબ્દથી ઉત્પન્ન થયો હોય એ વધુ સંભવિત છે આર્યસમૂહમાંથી જેઓ સિંધુ ઉતરીને તે મહાનદની પૂર્વના પ્રદેશમાં આવી વસ્યા અથવા જેઓ ત્યાં જ કાયમ રહ્યા તેઓનું આગળપાછળ હિંદુ ' ઉપનામથી થયું હશે આમ હોય તો જ આપણે પોતે રાજી ખુશીથી હિંદુ સંજ્ઞા ધારણ કરી ચાલુ રાખી છે તેમ મને ગમે તેમ હો. મારે આ પ્રસંગે અટલું જ સ્પષ્ટ કરવાનું છે કે હું આ વિષય લખું છું તે ' હિંદુતા''નો અર્થ ' ઉક્ત ભારતવાસી આર્યોનું આયતન ' એવો સમજીને લખું છું

૨ આ હિંદુત્વ મારી સમજ પ્રમાણે બે પ્રકારનું છે, (૧) ધાર્મિક *religeous* અને (૨) જાતીય *racial* આ બે પ્રકાર એક બીજાથી સ્વતન્ત્ર છે, એટલે કે ધર્મે તેમ જ જાતિ, બન્ને પ્રમાણે જેઓ હિંદુ લેખાય તેમની મોટી સંખ્યા છતાં, કેવળ જાતિથી હિંદુ પણ ધર્મથી નહીં એવા સમુદાય પણ હવે જુજ નથી, જેવા કે જૈન– બૌદ્ધ–શીખ વગેરે અને આમ છે ત્યારે ફક્ત ધર્મથી હિંદુ હોય તે પણ નકારી કહાડાય તેવી વાત નથી અન્ય જાતિવાળાને હિંદુ ધર્મમાં લીધાના પ્રાચીન તથા મધ્યકાલીન દાખલા હોવાનું પણ કહેવામાં આવે છે

૩ કેટલા સમયથી આપણી ધાર્મિક સામાજી , આર્થિક વગેરે પરિસ્થિતિને લગતા પ્રશ્નોની ચર્ચામાં ' હિંદુત્વ ના આ બે ભિન્ન પ્રકારનું અસ્તિત્વ દૃષ્ટિમાંથી ખસી જવા પામ્યું છે અને તેને લીધે અભિપ્રાયો તથા નિર્ણયોમાં અનિષ્ટ ગરબડો થવા પામી છે જુદા જુદા સંપ્રદાયના અનુયાયીઓ પોતે સ્વીકારેલા ધર્મ-પંથો સુરતપણે સેવે તેમાં કશું ખોટું નથી, પરંતુ જ્યારે તે ધર્મપંથને જ ' હિંદુત્વ ' લેખવાના દુરાગ્રહમાં પડી જવાય છે ત્યારે તેને પરિણામે, અકારણ મતભેદો તથા તજ્જન્ય વૈમનસ્ય કેળાય છે આ જુના દરદના વધારામાં વળી એક નવો વ્યાધિ ઉમેરાયો છે વર્તમાનમાં સમાજ સુધારકોનો મોટો ભાગ, હિંદુત્વના આ બે પ્રકારમાંથી જો પોતાને નડે તેવું સ્થાન્તર પામ્યો છે, અને તે પણ મહામહેનતે કે અતિ ઉતાવળે એ તપાસી જોવાની ધીરજ દાખવતા નથી અને જાણ્યે કે અજાણ્યે, મોટલે હિંદુત્વ ઉપર જ પ્રહાર આદરી બેસે છે પરંતુ હિંદુસમાજની સુધારણાનો પુરૂષાર્થ જેમણે હાથ ધર્યો હોય તેમની કર્તવ્ય કોટીમાં હિંદુત્વનો વિનાશ તો ન જ હોઈ શકે એટલું એમણે પોતે પણ ધ્યાન રાખવું પડશે બીજી તરફથી પોતાને ચુસ્ત હિંદુ માનનારા ભાઇઓ અમુક સુધારો હિંદુત્વના કયા પ્રકારને અસર કરે છે તથા તે મમત્વ છે કે માત્ર કોઇ આકસ્મિક વા નૈમિત્તિક આવી લાગેલી ઉપાધીને જ ખસેડી કહાડે છે, તે જોવા વિચારવા જેટલી શાન્ત વૃત્તિ રાખી શકતા નથી અને સુધારકો તરીકે ઓળખાતા જે કંઇ સૂચવે તે હિંદુત્વને વિનાશક જ હોય એવું માની બેસે છે . આવી અસહિષ્ણુતા સ્વપક્ષનું અપૂર્ણ જ્ઞાન અથવા સ્વપક્ષની નબળાઈ બતાવે છે

૪ આપણા સમાજની ઉપર કહેલી સ્થિતિમાં " હિંદુત્વ"ની યથાશક્ય મીમાંસાની જરૂર ઉભી થઈ છે તેવી મીમાંસા કરવાની યોગ્યતા અભ્યાસ, જ્ઞાન કે બુદ્ધિબળથી–કોઇ પ્રકારે–હું

ધરાવતો નથી તેનું મને બરાબર ભાન છે આમ છતાં જે યોગ્ય અધિકારવાળા પુરુષો પોતાથી પ્રવૃત્ત નથી થતા તેઓ મારી આ ધૃષ્ટતાથી ખીજવાઈને પણ "ચક્રહાથ ધરે" તો મારો હેતુ-ભર આવે એવી કંઈક લાલચથી હું પ્રેરાયો છઉં

૫ મે ઉપરમાં ઈસારો કર્યો છે તેમ, મારી સમજપ્રમાણે હિંદુત્વ (૧) ધાર્મિક તથા (૨) જાતીય એવા બે સ્વતંત્ર પ્રકારનું છે યથાશક્તિ અવલોકન કરતાં આ બેમાંથી ધાર્મિક પ્રકારનું સ્વરૂપ માત્ર 'વેદમાં પ્રામાણ્ય બુદ્ધિ" નું જ જોવામાં આવે છે, અને તે પણ એટલા પુરતી જ કે "સ્વમતને વેદમાંથી પ્રમાણ મળવું જોઇએ શુદ્ધ અંતઃકરણમાં પ્રેરણાથી સત્યનો ભાસ થાય છે તે સાધન સતેજ રાખવું અને નિગ્રહમ તર્કની અપ્રતિષ્ઠાથી બચવા માટે માત્ર એટલો અંકુશ કે અકુંઠિત-બુદ્ધિમાં જે સત્ય ભાસે તેનું વેદમાંથી પ્રમાણ મળી આવે તો જ તે ગ્રહણ થાય. "ધાર્મિક હિંદુત્વ"નું સ્વરૂપ આ પ્રકારની વેદમાં પ્રામાણ્ય બુદ્ધિનું જ સમજાય છે અન્ય માનવ પ્રજા કરતાં હિંદુઓમાં વધુ અધ્યાત્મ તત્ત્વજ્ઞાનીઓ તથા મહર્ષિઓ થયા તે આ અકુંઠિત બુદ્ધિ વિકાસનું સ્વાભાવિક ફળ હતું

"જાતીય હિંદુત્વ" પૂર્વે જે આર્યગણ આ ભારતવર્ષમાં આવી વસ્યો અથવા વસ્યો તેના સીધા પુરુષવંશપણામાં જ હોઈ શકે અને છે

૬ વેદ ચાર છે તે દરેક વેદના ત્રણ વિભાગ કરવામાં આવ્યા છે — (૧) મંત્ર અથવા સંહિતા, (૨) બ્રાહ્મણ અને (૩) ઉપનિષદ્ પુરાતન કાળમાં એક ચોથો પણ વિભાગ હતો તેને ઉપવેદ અથવા તંત્ર કહેતા મંત્ર વિભાગમાં મંત્રોનો જ સમાવેશ કરવામાં આવ્યો છે મંત્રો એટલે એવા વાક્યો કે જેના સ્વરનું અમુક ક્રમે ઉચ્ચારણ કરવાથી તેઓમાં રહેલી શક્તિથી અમુક પરિણામ ઉત્પન્ન થાય, એવી માન્યતા છે આ મંત્રો દેવોની પ્રાર્થના અથવા સૂક્તો રૂપે છે અનેક કોટિના પ્રાણીઓમાં જેમ મનુષ્ય બીજાથી ચ્હડીયાતું છે તેમ મનુષ્યથી ચ્હડીયાતી બીજી પણ કોટિઓ છે જેમાં એક દેવકોટિ છે પરસ્પર મનુષ્યો જેમ વધુ ઘટુ શક્તિવાળાં હોય છે તેમ મનુષ્યોથી વધુ શક્તિવાળા દેવો વગેરે છે ને તેમની સહાય માણસો મેળવી શકે એવી પણ માન્યતા છે વેદના "બ્રાહ્મણ" વિભાગમાં કર્મકાંડ સંબંધી સૂચનાઓ આવેલી છે, અને જે ક્રિયાઓમાં મંત્રોનો ઉપયોગ થાય છે તે ક્રિયાઓની વિધિ સમજાવેલી છે ઉપરાંત તેના સંબંધના કેટલાક આખ્યાનો પણ આપેલા છે આ કર્મકાંડ અમુક વિધિપુરઃસર કરવાથી અમુક ફળ ઉત્પન્ન કરે તેવી તે કર્મોમાં જ શક્તિ છે એવી માન્યતા છે અને તે કર્મો અમુક દેવને ઉદ્દેશીને કરવાથી તે દેવની સહાય મેળવાય એવી પણ માન્યતા છે "ઉપનિષદ્" વિભાગમાં બ્રહ્મ ઈશ્વર જીવ, જગત અને બંધન તથા મોક્ષ સંબંધે તત્ત્વદર્શક શિક્ષણ આપવામાં આવ્યું છે અને તે પણ આખ્યાનોથી સમજાવવાનો તેમાં પ્રયત્ન કરેલ છે 'ઉપવેદ' તંત્ર યાને વિભાગમાં પદાર્થ-વિજ્ઞાન-શાસ્ત્ર તથા તે સંબંધી પ્રયોગવિધિનો સમાવેશ કર્યો હતો હાલની વૈદિક ક્રિયાઓની સાથે અથવા તો તેમને બદલે, કેટલીક તાંત્રિક વિધિઓનો ઉપયોગ

ઉપ સનામા થતો જોવામા આવેછે, તોપણ "તંત્ર' એ નામથી ઓળખાતા પુસ્તકોને હવે સામાન્ય રીતે વેદના અ ગ લેખવામા આવતા નથી

૭ ૧ ન્યાય ૨ વૈશેષિક ૩ સાખ્ય, ૪ યોગ, ૫ મીમાસા અને ૬ વેદાન્ત આ તત્વનિર્ણયો ને દર્શન છે છએ દર્શનમા, ' દુ ખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ 'નુ સમાન પ્રયોજન છે, અને તે જ્ઞાનથી જ સિદ્ધ થાય એ નિર્ણય પણ સર્વ સામાન્ય છે પરન્તુ સહુએ પોતપોતાના તત્ત્વનિર્ણયના જ્ઞાનને જ તેનુ સાધન માન્યુ છે આ તત્ત્વનિર્ણયો જુદાજુદા છે પહેલા, બીજા ને પાચમા દર્શનોમા ઇશ્વરનુ અસ્તિત્વ માનેલુ હોય તો પણ તેને કાંઈ અગત્યતા આપી નથી ત્રીજુ તો સ્પષ્ટ નિરીશ્વરવાદ છે ચોથા તથા છઠ્ઠા દર્શનમા ઇશ્વરના અસ્તિત્વનો સ્વીકાર તથા તેની સાર્વભૌમતાનુ પ્રતિપાદન છે પહેલા બે દર્શનમા જગતના પદાર્થોના જ્ઞાનનો વિસ્તાર છે અને તે પરમાણુઓના સમૂહોની રચનાથી બન્યાનો તત્ત્વનિર્ણય છે ત્રીજામા પદાર્થોમા ઉપાદાન કારણ તરીકે એક પ્રકૃતિ નામના સૂક્ષ્મ તત્ત્વનુ ગ્રહણ કરી, તેની સ્વાભાવિક વિકૃતિથી સૃષ્ટિ બને છે તથા પ્રતિશરીર જીવ સ્વતન્ત્ર તત્ત્વ છે એવો નિર્ણય છે ચોથામા પદાર્થોના વાસ્તવ સ્વરૂપ, સકલ્પવિકલ્પ રહિત મન થાય ત્યારે જ સમજાય એવો નિર્ણય છે અને મનની એવી અવસ્થાને અતિમ સાધ્ય ગણીને તેની પ્રાપ્તિના ઉપાયોનુ શિક્ષણ આપ્યુ છે પાચમામા કર્મકાડ અને તેના અલૌકિક ફળને જ સર્વસ્વ માનીને તેના સ્વરૂપ તથા વિધિ વિસ્તારથી સમજાવ્યા છે છઠ્ઠામા પદાર્થાન્તર જડ પ્રકૃતિને નહીં જેવી ઠેરવીને, ચૈતન્યતત્ત્વનુ સ્વતન્ત્ર અસ્તિત્વ તથા તેના જ્ઞાન ઉપર જ અન્તિમ શ્રેયને ટેકવ્યુ છે આમ એક બીજાથી કેવળ નિરાળા અને સ્વતન્ત્ર નિર્ણયો ઉપર આવેલ છતા, તે સર્વે દર્શનકારો હિંદુધર્મ-દૃષ્ટિમા સરખા પ્રતિષ્ઠાપાત્ર લેખાયા છે, કેમ કે તે સર્વની વેદમા પ્રામાણ્ય બુદ્ધિ નિર્વિવાદિત હતી પ્રત્યેક દર્શનકારનો નિર્ણય, વેદમા ઉપરમા ગણાવેલા ચાર વિભાગમાથી એક અગર બીજાથી અથવા તો હરકોઇ વિભાગ માટેના અમુક કથનથી સાધાર ઠરે છે

૮ જે એકના જ્ઞાનથી સર્વ જ્ઞાન થાય એ શુ ? આના પ્રશ્નના ઉત્તરમા મુંડકોપનિષદ્‌મા એવો પાઠ છે કે,—

द्वे विद्ये वदितव्य इति ह स्म यद्ब्रह्मविदो वदन्ति परा चैव अपरा च

એટલે આ વિશ્વના યથાર્થ જ્ઞાન માટે "પરા" તેમ જ "અપરા' (*Philosophy and science*) એ વિદ્યા આવશ્યક ગણેલી છે. સત્યનિર્ણયમા આ બન્ને વિદ્યાને પરસ્પર ઉપકારક જેમણે માનેલી તેમની ધર્મ ભાવના સાકડી શી રીતે હોઇ શકે ? બુદ્ધિવિકાસનું અને સત્યની શોધ ખોળનુ ક્ષેત્ર ઉપર પ્રમાણેનું અમર્યાદિત અન્ય કોઈ પ્રાચીન સમાજે રાખ્યુ જાણ્યુ નથી હિંદુઓ-ભારતવાસી આર્યોની આ વિશિષ્ટતા અને તેથી એ જ ખરૂ ધાર્મિક હિંદુત્વ" "સત્યાન્નાસ્તિ પરો ધર્મ ' એ અચળ સિદ્ધાન્ત અને 'धियो यो नः प्रचोदयात्' એ નિત્ય પ્રાર્થના હિંદુત્વના ઉક્ત ધાર્મિક સ્વરૂપની સાબીતી આપે છે 'અન્તઃકરણ' ના 'સત્યશુદ્ધિ" (રાગ દ્વેષથી આવેષ્ટિત નહીં થયેલી નિર્મળ ચિત્તવૃત્તિ) રાખવાનો આગ્રહ ધર્મબોધમા જગે જગે

સરસ્વતીચન્દ્ર ભાગ ૧ લો રૂ ૨-૮-૦ અન એમ ત્રિપાઠી એન્ડ કપની, મુંબાઈ

જોવામા આવે છે તેનુ કારણ પણ આમ અકુંઠિત વિવેકબુદ્ધિ (તુલનાત્મક વિચારશક્તિ) દ્વારા જ સત્ય શોધવાનું વલણ રાખેલુ તે સમજાય છે

૯ કેવળ યજ્ઞયાગાદિ કર્મને જ મહત્ત્વ માનનારા, કેવળ ભક્તિપરાયણ જીવન સ્વીકારનારા, અદ્વૈતના જ્ઞાનમા જ નિષ્ઠાવાળા, નિરીશ્વરી એટલે કેવળ સ્વભાવને જ માનનારા, યોગ દ્વારા થાય તે અનુભવને જ પ્રમાણ ગણનારા વગેરે, વેદનુ મુખ્ય તાત્પર્ય પોતાની બુદ્ધિમા જેવુ ઉતર્યું તેવો પ્રમાણિકપણે બોધ કરનારા સર્વે કોઇ અમારા માનનીય આચાર્યોની ગણનામા આવી શક્યા છે તે પૂર્વકથિત બુદ્ધિસ્વાતંત્ર્ય તથા સત્યાગ્રહને જ આભારી છે પરંતુ આ બધા માથી કોઇ એક મત એવો સર્વમાન્ય થયો નથી કે જેને ધાર્મિક હિંદુત્વ તરીકે ચીંધી શકાય કર્મમાર્ગમા પેટા ભેદથી શ્રૌત, સ્માર્ત, સનાતની વગેરે થયા, ઉપાસનાને મુખ્ય માનનારામાં ભાગવત શૈવ, વૈષ્ણવ, શાક્ત, ગાણપત્ય, સૌર વગેરે થયા, જ્ઞાનનિષ્ઠાવાળામા પણ કેવળાદ્વૈત, શુદ્ધાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈત વગેરે વર્ગ પડ્યા અને આ બધાના અવાંતર ભેદથી અનેક પંથો પ્રકટી નીકળ્યા આમ છતા જ્યાહાં સુધી તેઓ વેદનો આધાર સ્વીકારે છે ત્યાસુધી તે કોઇને "હિંદુ ધર્મ બાહ્ય" ની સંજ્ઞા આપી શકાઇ નથી તે પ્રત્યેકને વેદના આધાર બતાવી તથા યુક્તિવાદથી પોતાના મતનું મંડન તથા અન્ય મતનું ખંડન વર્ચ્યબુદ્ધિથી કરવાની છૂટ રહેલી છે બીજી તરફથી તે કોઇ એકને "મહિંદુત્વ" કહી શકાય નહીં એ પણ સ્પષ્ટ છે ટૂંકામા એક વેદ ઉપરની શ્રદ્ધા સિવાય અન્ય સર્વ પ્રકારે સત્યની શોધ અકુંઠિત રાખેલી જોવામા આવે છે અને એ જ હિંદુત્વ તરીકે ઓળખાવી શકાય તેવી, અન્ય ધર્મોમા અવિદ્યમાન અને હિંદુ સર્વમાં સામાન્ય વિશિષ્ટતા છે

૧૦ હિંદુધર્મમાં જે અથાગ જીવન સીંચાયુ તે આ વેદઉપરની શ્રદ્ધા સત્યપરાયણતા અને બુદ્ધિસ્વાતંત્ર્યની ત્રિપુટીને જ આભારી છે, એવી મારી માન્યતા થાય છે જે સમાજ નિરીશ્વર સાંખ્યના પ્રણેતા કપિલમુનિને ઈશ્વરના અવતારમા કબુલ રાખી શકે તથા જે બુદ્ધ ભગવાન અને આચાર્ય શંકરાચાર્યજી બન્નેને અવતાર પુરુષ તરીકે કબુલ રાખી શકે તેવો ઉદાર ચિત્ત સમાજ અવશ્ય દીર્ઘાયુ થાય સત્યના સશોધનમાટેની આવી પ્રામાણિક સ્વતંત્રતાની ગતિનો જ્યારે અવરોધ થયો વા કરવામા આવ્યો ત્યારે તેના પરિણામે અમારા વિદ્વાનોની વિદ્વત્તા બે દિશામા વપરાવા લાગી –(૧) ભિન્ન અને સ્વતંત્ર નિર્ણયોમા ઐક્ય ઘટાવવાના પ્રયાસમાં અને (૨) જે તે સપ્રદાયને સત્ય મનાવી અન્યનો તિરસ્કાર સાધવામા આ બન્ને પ્રવૃત્તિ હિંદુસમાજની બુદ્ધિને જકડી નાખનારી હોઈને, તેની અસર ધીરે ધીરે "બુદ્ધિ નાશ"ની એટલે, શ્રી ભગવદ્ગીતાના સિદ્ધાન્ત પ્રમાણે, સમાજના વિનાશની થાય તો શું આશ્ચર્ય ? આ વ્યાધિનો ઉપચાર કરવાનુ કામ હિંદુસમાજના પ્રેમી, વે. ઉપર પૂર્ણ શ્રદ્ધાવાળા, કુશાગ્ર બુદ્ધિવાળા અને કોઈ એક ન્હાના કુંડાળામા નહીં ફસાયેલા મહાત્માનું છે

૧૧ પરસ્પર વિરોધી તત્વનિર્ણયો ઠેઠ નિરીશ્વર વાદ સુધીના હિંદુસમાજથી જીરવી શકાયા, પરંતુ કેવળ જડવાદ તેનાથી જીરવાયો નહીં એક અનુસ્યૂત આત્મચૈતન્ય માનીને,

પ્રતિ શરીર તેના પ્રથક પ્રથ આભાસ કલ્પ્યા, અથવા પ્રતિશરીર સ્વતંત્ર ન્હાનાન્હાના ચતન્ય માન્યા, પણ પ્રાકૃતિક શરીરથી અતિરિક્ત ચેતન જીવાત્માનું અસ્તિત્વ હિંદુઓએ, મત ભેદ વિના, કબુલ રાખ્યુ છે આથી ઉલટુ કેવળ જડાત્મક જગત માનનારા મતને કદી પણ મૂળ ઘાલવા વેગ આ યુ નથી અંતિમ તત્વનિર્ણયો જુદા જુદા છતા, કર્તવ્યાકર્તવ્ય થતા પ્રબંધ ઘણા સમાન્ય થઇ રહેલા જોવામા આવે છે તેનુ કારણ આ "જીવ" તત્વનો સ્વીકાર છે

૧૨. મુક્તિના સ્વરૂપ અનેક પ્રકારના કલ્પાયા છતા, અમે તે સર્વને અવકાશ મળ્યો તોપણ, સંસારદશામા

(૧) આ જગત વ્યવસ્થિત રચનાવાળુ છે, અવ્યવસ્થિત ખીચડો નહી

(૨) સમષ્ટિમા બનતા બનાવો (જેને અધિદૈવિકની ઉપમાથી ઓળખાવવામા આવેછે તે સહેતુક અને નીતિપુરઃસર હોય છે

(૩) શરીરથી ભિન્ન સૂક્ષ્મ 'જીવ'નુ અસ્તિત્વ છે

(૪) એ જીવને વ્યક્તિગત તેમ જ સામુદાયિક સારા માઠા બધા કર્મોની અસર થાય છે

(૫) તેવા કર્મોના જે તે સમયના સંસ્કાર–સમૂહને બંધ બેસતા સ્થૂળ શરીરોમા જીવનો પુનઃ પુનઃ પ્રવેશ થાય છે

(૬) તે સ્થૂળ શરીરનુ માતપિતાના શરીરોની હાલતથી, તેમના આહાર વિહાર ના નિયમનથી, જન્મની પૂર્વે અને પછીના અમુક સંસ્કારોથી, તેમ જ બાળના પોષણ ઉછેર તથા કેળવણી વગેરેથી સારૂ માઠુ થવાપણુ અને તે

(૭) પ્રત્યેક જીવની સારા માઠા નવીન કર્મોથી પોતાના સૂક્ષ્મ તેમ જ સ્થૂળ શરીર અને આ લોક તેમ જ પરલોક સુધારવા બગાડવાની શક્તિ

આ મતુ હિંદુધર્મના સર્વસામાન્ય સિદ્ધાન્તોમા આવે છે અને વેદનુ સર્વોપરી પ્રામાણ્ય નહીં સ્વીકારનારા જૈન વગેરે હિંદુ જાતિના સમુદાયોમા પણ આ નિર્ણયો માન્ય છે.

૧૩ આશ્રમવ્યવસ્થા અને આશ્રમોના વિશેષ ધર્મો પણ ધાર્મિક હિંદુત્વમા સર્વસમ્મત જણાય છે વર્ણવિભાગ સ્વાભાવિક હો ના બુદ્ધિપુરઃસરની યોજના હો, પરંતુ તે જ્યા સુધી ગુણકર્મ ઉપર અવલંબિત હતા ત્યા સુધી "ધાર્મિક–હિંદુત્વના અને જ્યારથી જન્મ ઉપર સ્થિત થયા ત્યારથી "જાતીય–હિંદુત્વના' અંગ તરીકે સ્વીકારાયેલ છે "દ્વિજ' સંજ્ઞાથી જેનુ ઐક્ય સૂચવાય છે તે ત્રિવર્ણમા એક કાળે લગ્ન તથા ભોજન વ્યવહાર હતા ખરા, પરન્તુ તે ત્રિવર્ણના શૂદ્રો જોડે લગ્ન વ્યવહાર કોઇ પણ સમયે ઇષ્ટ મનાયો જણાતો નથી ત્રિવર્ણમા પણ સ્મૃતિકાળમા જ લગ્નવ્યવહાર બુદ્ધિપુરઃસર બંધ પાડવામા આવેલો સમન્વય છે અને તે કાળે સમાજના કલ્યાણ અર્થ રચાયેલો પ્રબંધ હાલ પણ સર્વ સમ્મત છે મતલબ કે, લગ્નવ્યવહાર પ્રત્યેક વર્ણમા જ થાય અને એક બીજા વર્ણમા આમન સામન.

સરસ્વતીચંદ્ર ભાગ ૩ જો રૂ ૨–૦–૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની મુંબાઈ.

ન થઈ શકે, તથા એક વર્ણમાં પણ ગોત્રમાં ન થાય, આ વ્યવસ્થા “ જાતીય હિંદુત્વ ”નું સર્વસામાન્ય આવશ્યક અંગ બનેલી જણાય છે આ સિદ્ધાન્તની જડ એટલી મજબુત થઇ છે કે બીજા ધર્મોમાં ગએલા પણ પોતાના સમુદાયની લગ્નવ્યવસ્થામાં સવર્ણમાં જ લગ્ન કરવાનો નિયમ પાળતા રહ્યા છે ભાગ્યે શ્રુતિકાળમાં પણ માત્ર ચાર વર્ણનો જ હિંદુ સમાજમાં સમાસ થતો એમ કહી શકાતું નથી ‘ નિષાદ ’ નામના પાંચમા વર્ણનો ત્યાં ઉલ્લેખ જોવામાં આવે છે, કે જેને વૈદિક કર્મનો અધિકાર પણ અપાયેલ

૧૪ બીજી તરફથી વર્ણોમાં પરસ્પર ભોજનવ્યવહારનો પ્રતિબંધ જે હાલ પ્રવર્તે છે, તેનું નિશ્ચયાત્મક ધાર્મિક કે જાતીય સ્વરૂપ શંકાસ્પદ રહે છે “ યસ્ય કન્યા તસ્ય હવિ ’ એ નિયમ જોતાં, ત્રિવર્ણમાં લગ્ન વ્યવહાર બંધ થયો તે ભેગો ભોજન વ્યવહાર પણ બંધ પડ્યો હશે એટલું કહી શકાય છે ખાદ્યાખાદ્ય અને આભડછેટને લગતી સમજણ કોઈ પણ એક વર્ણની આખા ભારતવર્ષમાં એકસરખી વર્તમાન સમયે પણ નથી તેમ કોઈ કાળે એક સરખી હતી એવું માનવા આધાર મળતો નથી એક વર્ણના પેટામાં અનેક નાતો તથા એ નાતો વચ્ચે પરસ્પર ભોજન અને લગ્ન વ્યવહારનો પ્રતિબંધ તો મ્હોટે ભાગે રૂઢિજન્ય જ છે, શાસ્ત્રવિહિત નથી અને તે બે તથા પ્રતિબંધમાં કોઈ સામાજિક લાભનો હેતુ હશે તો પણ હાલ રહ્યો નથી આથી હમણાં આ બે તથા પ્રતિબંધને “ ધાર્મિક ” વા “ જાતીય ” હિંદુત્વનું આવશ્યક અંગ લેખી શકાય તેવું છે જ નહીં

૧૫ એક બીજા વર્ણોમાં લગ્ન થવાથી વર્ણસાંકર્ય થાય અને તે અનિષ્ટ છે એવા નિર્ણય ઉપર સ્મૃતિયુગમાં સર્વ સ્મૃતિકારો આવ્યા જણાય છે તેવા લગ્નથી ઉત્પન્ન થયેલી પ્રજા પિતા અગર માતા કોઈ એકના વર્ણમાં રહેતી નથી પરંતુ કંઈ વિચિત્રતા પામે છે એમ ગણીને તેમને હિંદુ સમાજમાં—પ્રાચીન ચાર વર્ણથી જુદી જ સત્તા આપીને—સ્થાન રાખેલ છે કેટલીક નાતોની આ પ્રમાણે ઉત્પત્તિ થયેલી જોવામાં આવે છે, અને તેમાંથી અમુક જોડે ચાતુર્વર્ણ્ય પ્રજાએ વ્યવહાર નહીં રાખવાની આજ્ઞા પણ છે પરંતુ તે વર્ણાન્તર લગ્નથી થયેલી સર્વ ઉત્પત્તિઓ પતિત સામાન્ય નથી હિંદુ પુરુષથી કોઈ અન્ય જાતિની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલી પ્રજાને પણ ‘ જાતીય હિંદુત્વ ” બાહ્ય ગણવાનો કોઈ પ્રબંધ વા ઐતિહાસિક દાખલો જાણવામાં આવ્યો નથી

૧૬ કોઈ એક પુરુષે સમકાલીન એકથી વધુ પત્ની કરવી નહીં, અથવા વિધુરથી પુનર્લગ્ન થાય અને વિધવાથી ન થાય એ વ્યવસ્થા, ગમે તેવી હિતકર હોય તોપણ, હિંદુત્વના આવશ્યક અંગમાં લેખી શકાય એવો તેનો સ્વીકાર સમષ્ટિથી કદી થયો જણાતો નથી કોઈ એક વર્ણ તરફથી કે નાત તરફથી પોતાના સભ્યો પરત્વે જે વિશેષ નિયમો, વિધિરૂપથી વા નિષેધરૂપથી સ્વીકાર્યા હોય તે, જે તે વર્ણ કે નાતના ધર્મ છતાં, હિંદુત્વના આવશ્યક અંગમાં લેખી શકાય નહીં

૧૭. આ સંક્ષિપ્ત અવલોકનથી ફલિત એ થાય છે કે "ધાર્મિક-હિંદુત્વ"મા આવશ્યક નંબર ૫ મા કહેવાયુ તે પ્રકારની "વેદમા પ્રામાણ્યબુદ્ધિ," નંબર ૧૨ માં ગણાયેના સિદ્ધાંતોનો સ્વીકાર અને આશ્રમ વ્યવસ્થામા શ્રદ્ધા એટલુ છે આ શરતો પુરી પાડે તે કોઇપણ મનુષ્ય "ધર્મે હિંદુ" ગણી શકાય, તથા જેનામાં તેની ખામી પડે તે "હિંદુધર્મ બાહ્ય' ગણાય. "જાતીય-હિંદુત્વ"મા આવશ્યક જનક પિતા નંબર ૬ના ઉત્તરાર્ધમા નિર્દિષ્ટ કરેલા ભારત વાસી આય હોવાનુ તથા નંબર ૧૩ અને ૧૫ મા સ્પષ્ટ કર્યા પ્રમાણેના વર્ણવિભાગનો સ્વીકાર એ બે અંગ છે આ પ્રમાણે (૧) ધર્મ તથા જાતિ ઉભયત હિંદુ, (૨) ધર્મથી નહીં પણ કેવળ જાતિથી હિંદુ અને (૩) જાતિથી નહીં છતા કેવળ ધર્મથી હિંદુ એવા, એક બીજાથી ત્રણ સમુદાયોનો હિંદુ સમાજમા સમાસ થાય છે

રાજકોટ,
તા ૧૬ જુલાઈ સને ૧૯૧૯

શોભનાને.

લેખ- —રા ચુનિલાલ વર્દ્ધમાન શાહ.

સ્નેહરસ-ભીના કલાપીનો મધુરો સ્નેહરસ—
ચાખ્યોં, પીને, પામી તુ તો સ્વર્ગદોરી, શોભના !
ના ધરાયુ આ જગત્ કે ના ધરાઇ તુ કદા,
તોય આલમ કેરી તુ અમૃતકટોરી, શોભના !
સત્ત કવિઓ, શાયરો, ને વાચકો રસિના તણા
શિર ઝુકે જેની સમીપ, તેની તુ ગોરી, શોભના !
રસ ઝીલી, વિદ્યા ભરી, ઉત્સંગમા નિવસી અને,
રાજવી ગુરુની બની શિષ્યા, કિશોરી શોભના !
એકદા એ સ્નેહીના મંદિરની જે દેવી હતી,
તેનુ દિલ જોના હૃદયવૃત્તિ અધીરી, શોભના !
મેઘ આકાશે ચડ્યો, ને ક્ષણ કલાપી દુઃ ઉડિયો,
તે ટહુકા છે રહ્યા અમ ચિત્ત ચોરી, શોભના !
તો હવે તુ કે બતાવી દે જો ગોલા તાહરી,
હૃદયની ઉંડી ગુહા કોરી, ચકોરી શોભના !


વઢવાણમીડી,
તા ૨૦-૬-૧૯

મારી વીસ વાર્તાઓ.*

(અવલોકન)

લેખક—પ્રૉ. બળવન્તરાય કલ્યાણરાય ઠાકોર, બી. એ.

આ સંગ્રહને આવકાર દેતાં આનન્દ થાય છે. બંગાળી અને મરાઠીમાં આવા સંખ્યાબંધ સંગ્રહોમાંથી વાંચનારા પોતપોતાની રુચિ પ્રમાણે પસંદગી કરી શકે છે, ત્યારે ગુજરાતીમાં લઘુ



'મારી વીસ વાર્તાઓ'ના લેખક,
રા. કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ, બી. એ., એલ્એલ્. બી.

વાર્તાનું ક્ષેત્ર હમણાં જ સારી રીતે ખેડાવા લાગ્યું છે. માસિક અને મુદ્દતી પત્રોની સંખ્યા અને સ્થિતિને આ જાતના સાહિત્ય સાથે નિકટનો સમ્બન્ધ જણાય છે, અને ગુજરાતી પત્રો હજી બંગાળી અને મરાઠીના કરતાં પાછળ છે ત્યાંસુધી ટુંકી વાર્તાઓનો ફાલ ગુજરાતની વાડીમાં આછોઓછો જ ઉતરવા સંભવ છે.

* લેખક: રા. રા. કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ, એલ્એલ્. બી. પ્રકાશક: રા. રા. રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી.

સ્નેહમુદ્રા રૂ. ૧-૦-૦ એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ

સચિત્ર ચોપડીઓ અને માસિક સાપ્તાહિકો ગુજરાતીમા બહુ ઓછા છે, એટલે આ ચોપડી એ કારણથી પણ વિશેષ આકર્ષક થઈ પડવા વકી છે આ ચિત્રો કહાડવામા રા રા રવિશંકર મહાશંકર રાવળે કેટકેટલા બારીક વિચાર કર્યા હશે તેની અટકળ બાંધવી હોય તો વાચનારને અમારી ભલામણ છે કે તેમણે પૃ ૧૦૬ સામે મુકેલું ચિત્ર ધ્યાનથી તપાસવુ



ત્હમારા આત્માને આ સ્નેહસત્કાર કરવા દેશોને ?

—માનતી મ ૦પ પૃ ૮૮

રા રા કેશવપ્રસાદની લખાવટ શુદ્ધ સાદી અને વ્યવહારુ છે, ચરણી ગદ્યને માટે આવી લખાવટ જ ઉત્તમ છે, અને તે ગુજરાતીમા જેમ વધારે ઝડપથી સર્વમાન્ય અને લોકપ્રિય થાય તેમ ભાષા સાહિત્ય અને વાડ્મય ત્રણેને ફાયદો છે, પરતુ ચરણી લખાણમાં યે જ્યાંત્યાં સાક્ષરતા ઘુસાડવાની ચળ આપણામા વ્યાપી ગઇ છે અને ભૂ. ધીમેધીમે જ જશે એમ લાગે છે,

શ્રીયુત ગોવર્દ્ધનરામ (સચિત્ર) રૂ ૧-૦-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુબાઇ

આ ચોપડીમા જ આરભમા મુકેલા " અર્પણાયે ઓન" વાપરી પદચ્યુત અને અશુદ્ધ સાક્ષરતાના નમૂના જેવા છે જુવો—પેન કેન સામગ્રી,' 'અહો આશાભરી,' 'વ્યર્થ શબ્દભંડારના ભંડારથી ભરપૂર,' ' જગ જગ્યા (? જ્યા) નથી,' 'વિદૂષકના રસ,' 'સામગ્રીઓથી ભરિત થાળ,' 'પ્રેમ પરિશ્રમ' (—આ શબ્દો અનુવાદમા લેબર ઑફ લવનો અર્થ આવતો નથી), 'ધ્યાનથી



ઍગ્રિસ્ટ્ર સાહેબને પગે પડીને તે બોલી

—કારાગૃહની કિશોરી, પૃ ૫૪

લક્ષ્ય આપ્યુ છે' સાડાનવ પાનાની 'ભરિત થાળ'મા પણ આટલા કાંકરા, આ ચોપડી પસદ કરવામાં પ્રકાશકના કારણ અને હેતુ એમની આશાઓ અને ઊર્મિઓ કેવા હશે તે જોવા માગતા વાચનારને બાપડાને ભારે પડી જાય એ ઉઘાડુ છે

રા રા કેશવપ્રસાદ આ ચોપડીના નિવેદનમા લખે છે કે " આપણા સામાજિક આર્થિક કે રાજકીય પ્રશ્નો " ટુકી વાર્તાના ગજામા " ક્યાથી " ઠાલવામા આવે,

ઉપાકાન્ત (સચિત્ર નવલકથા, પ્રથમ આવૃત્તિ) રૂ ૨—૦—૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુબાઈ

છોકરો ખાય છે અને બીજા કોઈ કોઈને ખર લે છે,—સંસાર સુધારા જેવા પ્રશ્નોમાં આચાર વિચારની આ વલણ અને આ દિશાનું મૂળ એના વિષયોની અતિગહનતાનો જે ખ્યાલ છે, તેજ આવી સાહિત્યરચનાઓનું પણ મૂળ છે અને આવી વાર્તાઓનો સારબોધ ઉપરછલ્લા વાંચનાર ધારતા હશે તે કરતા વિશેષ તત્ત્વો વાળો હોવાથી જ વધારે વાસ્તવિક અને ધ્યાનમાં લેવા લાયક હોય છે આ વાર્તાનો સારબોધ શું એવો વાળો છે કે સ્ત્રીપુરુષોની સમાનતા વધતી



આ તમારી પરીક્ષાનું ઇનામ.

—પરીક્ષાનું ઇનામ, પૃ ૨૭૮

અથવા તે છૂટ છે? વેશ્યાગૃહે ઘટે અને તદ્દન નાબુદ થાય, માતાપિતાના શારીરિક આર્થિક ગજા ઉપરાંતની સંખ્યામાં પ્રજા થાય છે, બાળ-બાળકીના પોતાના યથાયોગ્ય વિકાસ સાધવાની માતાપિતાની પવિત્ર ફરજ તે અદા કરી ન શકે એટલી સંખ્યામાં પ્રજા થાય છે તે અટકાવાય માનવજાતિની અતિ વિષયાસક્તિ અંકુશમાં આણી શકાય એ જ સુધારાની ખરી દિશા

મનોરંજક વાર્તાનિધિ, રૂ ૦—૧૨—૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ.

રાઓમા સાધારણ રીતે સોનાની રજ ચમકતી હોય છે ને અભ્યાસથી ફરીને બહુ બારીક રજ પણ ચળકતી દેખી શકાય છે

આવી જાતના, ટ્રેનમાથી ઉતારી, કપડાના વાહન ઉપર બેસાડી, ખાયણીઓમા ફેંકનાર યંત્રો ૭ સાત હતા. ખાયણીઓ પણ તેટલી જ હતી ખાયણીમા કુટાઈ કુટાઈને ન્હાના ન્હાન કટકાઓ થોડી થોડી મુદતે, ખાયણીની નીચે ઉભી રાખેલ "ટ્રૉલિ"—ન્હાની પાટા ઉપ ચાલનારી ગાડીમા, ઠલવાઈ જતા આ "ટ્રૉલિ"ઓ છેડાવિનાના દોરડાની મદદથી જ પ્રસાર કરતી, અને એ દોરડુ નીચુ હોવાથી દૂરથી જોનારને એમ લાગતુ કે આ પથ્થરોની ગાર્ડ એની મેળે જ પાટા ઉપર ચાલે છે

આ ટ્રૉલિઓ કારખાનાના બીજા એક ભાગ આગળ ઠલવાતી હતી અને એ ભાગનુ કામ જોતા અમને ઘણી મઝા પડી એની નજદીક અમે પહોચ્યા કે સચાઓનો ખુબ મ્હોટો અવાજ અમારે કાને પડયો અમારા ભોમિઆએ અમને દૂર ઉભા રાખી, અન્દર શુ જોવાનુ છે તે સમજાવ્યુ ને કહ્યુ કે "અન્દર એટલો ઘોંઘાટ છે કે અન્દર તમારાથી પૂછાશે કે બોલાશે નહિ" પાસે જતા ઘોંઘાટ વધતો માંડયો, ને દરવાજો ઉઘાડી અમે અન્દર પેઠા તથા અમારી પાછળ પાછો દરવાજો અફળાયો કે ધમ ધમ કરતા હથોડાઓના પ્રચંડ ઘોંઘાટથી અમારા કાન બ્હેરા થઇ ગયા એક બીજો રાક્ષસી યુરોપીઅન, આપણા પહેલ વાનોની પેઠે ડોલતો ડોલતો ચાલતો, અમને મળ્યો ને ઇશારતથી અમને પાછળ આવવા કહ્યુ ટ્રૉલિમાથી આવેલા પથ્થરોના કટકાઓ અહીં ખડાઈ ખડાઇ ભૂકો થઇ જતા હતા અમે એક મ્હોટા ઓરડા જેવા લંબચોરસ મકાનમા હતા, જેની બન્ને લાંબી બાજુએ પ્રચંડ ખાયણીઓની હારની હાર હતી દરેક ખાયણીમા પાચ પાચ પરાઇઓ યંત્રથી વારા ફરતી પડતી હતી ઉપરથી પથ્થરના કટકાઓ પૂરાયા કરે, આ ખાયણીઓમા કુટાઇને છેક ઝીણી રેતી જેવા થઈ જાય ખાયણીમા પાણીના નળ હતા એટલે પાણી પણ આવ્યા કરતુ, ને ખાયણીમાથી બહાર નીકળતુ પાણી પોતાની સાથે ઝીણી રેતીને ઘસડી જતુ યંત્રરચના એવી હતી કે મ્હોટા કટકાઓ અથવા તો બારીક રેતીના દાણાથી મ્હોટા દાણાઓ પણ ખાય ણીમા જ રહે ને ઘણા ઝીણા રજકણ હોય તે જ પાણી સાથે બહાર નિકળે

આ પ્રમાણે પાણી જે ઝીણા રજકણોને લઇ જતુ તેમા સોનાના ને પથ્થરના બીજા કણો લગભગ જૂદા પડી જતા હતા દરેક ખાયણીને તળીએથી આ પાણી વહી જતુ હતુ, તે વહેતા વહેતા એક લાંબા તથા પહોળા ટેબલની ઉપર પારો પાયરેલો હતો ત્હેના ઉપર થઇને નીચે એક મ્હોટા નળમા ઉતરી પડતું આ પારાનુ 'મેળાવરાનુ ટેબલ' એ આખા કારખાનામા સૌથી મહત્વનુ સ્થળ હતુ કારણ કે પારો ને સોનુ જ્યારે ભેગા થાય છે ત્યારે તે મળી જાય છે, ને પારો પોતાના ઘણા ખરા દેખીતા ગુણોને છોડી દે છે આમ થવાથી તે જરા સ્થિર થાય છે એની ચપળતાને બદલે સ્થિરતા પામે છે,અને સૌથી વધારે તો એ કે આ બધા રેતીમાટી તથા બીજી ધાતુઓના રજકણોમાથી લગભગ એકના સોનાને જ તે આમ પકડી રાખે છે.

મૈસુરની સોનાની ખાણો.

એક મુલાકાત.

લેખક—પ્રો કાન્તિલાલ છગનલાલ પંડ્યા, એમ એ

[ગયા અંકથી ચાલુ]

૩. ખાણની ઉપરના કારખાનાઓ.

સોનાની ધાતુવાળા પથ્થરના ન્હાના મ્હોટા કટકાઓ ખાણમાંથી ખોદી કઢાયા પછી, લિફ્ટથી ઉપર ચઢી, રેલ્વે ટ્રેનમાં સ્વાર થઇને ઉપરનાં કારખાનાઓમાં જાય છે આ રેલ્વે લગભગ અઢી માઇલ લાંબી હશે પરન્તુ પગવાટે જવાનો રસ્તો એટલો બધો લાંબો ન્હોતો એ રસ્તો ઘણો સારો બાંધેલો હતો રસ્તા ઉપર સરસ બગીચાઓ હતા, એક ખ્રિસ્તી દેવળ, એક કનસઉમ, ઑફિસો વગેરે હતું કંપનીએ જ આ સર્વ વસાવેલું છે રસ્તો પણ એણે બાંધેલો, અને પોલિસ વગેરેની વ્યવસ્થા પણ એ જ કરે છે જો કે મૈસુર રાજ્ય સૌની ઉપર દેખરેખ રાખે છે

ઉપરના કારખાનાઓ ઘણા વિશાળ, તથા વિસ્તીર્ણ જમીન ઉપર બંધાયેલા હતા અમે જો કે જુદા જુદા ક્રમમાં તે જોયા હતા, પરતુ આપણે તો આ સુવર્ણશિલાઓની સાથે જ પ્રયાણ કરીશું

ટ્રેનમાં બેઠેલી આ શિલાઓની મુસાફરી એક બહુ ઉંચી જગ્યાએ પૂરી થાય છે ત્યાં એવી વ્યવસ્થા રાખવામાં આવી હોય છે કે તે ડબાઓ સ્હેલાઈથી જુદા જુદા ખાનાઓમાં ઠલવી શકાય આ ખાનાઓ રેલ્વેની સપાટીથી ત્રાંસા નીચે ઉતરતા હોય છે ને ત્હેનું તળીઉં ત્રાંસા લોઢાના મજબુત જાડા સળીઆનું હોય છે તે ઉપર થઇને પથ્થરો સરકતા સરકતા નીચે ઉતરે છે, જ્યારે ધૂળ રેતી તથા છેક ઝીણા કાંકરાઓ એ સળીઆઓની અંદર થઈ નીચે બીજા ખાનામાં ઉતરી જાય છે આ પ્રમાણે પથ્થરાઓ ઠલવાય છે તથા ચળાય છે જેવા મ્હોટા પથરાઓ નીચે સરી આવે છે કે તરત જ એમને મ્હોટી ખાયણીમાં લઈ જવામાં આવે છે આ કામ યન્ત્ર વડે થાય છે લગભગ એક વાર પનાનું મજબૂત કપડું આ પથ્થરોને ઉપાડીને ખાયણીમાં ઠાલવી દે છે આ કપડું ફાટે નહિ માટે નીચે લોઢાના પતરા હોય છે, ને તે યન્ત્રદ્વારા ગોળને ગોળ ફર્યાં જાય છે, આ પ્રમાણે પથરાઓ નિરન્તર ઉચકાઈ ખાયણીમાં પડ્યા કરે છે ખાયણીમાં પહોંચ્યા પહેલા, એના માર્ગની બન્ને બાજુઓએ હારબંધ દસબાર છોકરાઓ ઉભા હોય છે તે આ કપડા ઉપર જતા પથ્થરો ઉપર નજર રાખે છે, ને એમની નજરે જે પથ્થરો સોના વિનાના દેખાય છે તેવાઓને તેઓ વીણી ઉપાડી લે છે આથી નકામો કચરો આગળ જવા પામતો નથી. અમુક પથ્થરોમાં સોનું છે કે નહિ તે તેઓ કેવી રીતે પરખી શકતા હશે—ખાસ કરીને આટલી ઝડપથી—એ જાણવા જેવું છે સોનાવાળા પથ

શાઓમાં સાધારણ રીતે સોનાની રજ ચમકતી હોય છે ને અભ્યાસથી કરીને બહુ બારીક રજ પણ ચળકતી દેખી શકાય છે

આવી જાતના, ટ્રેનમાથી ઉતારી, ટબ ના વાહન ઉપર બેસાડી, ખાયણીઓમા ફેરનારા યંત્રો ૭ સાત હતા ખાયણીઓ પણ તેટલી જ હતી ખાયણીમા કુટાઈ કુટાઈ ને ન્હાના ન્હાના કટકાઓ થોડી થોડી મુદતે, ખાયણીની નીચે ઉભી રાખેલ " ટ્રૉલિ "-નાની પાટા ઉપર ચાલનારી ગાડીમા, ઠલવાઈ જતા આ " ટ્રૉલિ "ઓ ઈલેક્ટ્રિસિટિના દોરડાની મદદથી જ પ્રવાસ કરતી, અને એ દોરડુ નીચુ હોવાથી દૂરથી જોનારને એમ લાગતુ કે આ પથ્થરોની ગાડી એની મેળે જ પાટા ઉપર ચાલે છે

આ ટ્રૉલિઓ કારખાનાના બીજા એક ભાગ આગળ ઠલવાતી હતી અને એ ભાગનુ કામ જોતા અમને ઘણી મઝા પડી એની નજદીક અમે પહોચ્યા કે યંત્રોનો ખુબ મ્હોટો અવાજ અમારે કાને પડ્યો અમારા ભોમિયાએ અમને દૂર ઉભા રાખી અંદર શુ જોવાનુ છે તે સમજાવ્યુ ને કહ્યુ કે " અંદર એટલો ઘોંઘાટ છે કે અંદર તમારાથી પૂછાશે કે બોલાશે નહિ " પાસે જતા ઘોંઘાટ વધવા માડ્યો, ને દરવાજો ઉઘાડી અમે અંદર પેઠા તથા અમારી પાછળ પાછો દરવાજો અડકાવ્યો કે ધમ ધમ કરતા હથોડાઓના પ્રચંડ ઘોંઘાટથી અમારા કાન બ્હેરા થઇ ગયા એક બીજો રાક્ષસી યૂરોપીઅન, આપણા પહેલવાનોની પેઠે ડોલતો ડોલતો ચાલતો, અમને મળ્યો ને ઇશારતથી અમને પાછળ આવવા કહ્યુ ટ્રૉલિમાથી આવેલા પથ્થરોના કડકાઓ અહીં ખરાઈ ખડાઇ ભૂકો થઇ જતા હતા અમે એક મ્હોટા ઓરડા જેવા લંબચોરસ મકાનમા હતા, ત્હેની બન્ને લાંબી બાજુએ પ્રચંડ ખાયણીઓની હારની હાર હતી દરેક ખાયણીમા પાચ પાચ પરાઇઓ યંત્રથી વારા ફરતી પડતી હતી ઉપરથી પથ્થરના કકડાઓ પૂરાયા કરે, આ ખાયણીઓમા કુટાઇને છેક ઝીણી રેતી જેવા થઈ જાય ખાયણીમાં પાણીના નળ હતા એટલે પાણી પણ આવ્યા કરતુ, ને ખાયણીમાથી બ્હાર નીકળતુ પાણી પોતાની સાથે ઝીણી રેતીને ઘસડી જતુ યંત્રરચના એવી હતી કે મ્હોટા કકડાઓ અથવા તો બારીક રેતીના દાણાથી મ્હોટા દાણાઓ પણ ખાયણીમા જ રહે ને ઘણા ઝીણા રજકણ હોય તે જ પાણી સાથે બ્હાર નિકળે

આ પ્રમાણે પાણી જે ઝીણા રજકણોને લઇ જતુ તેમા સોનાના ને પથ્થરના બીજા કણો લગભગ જુદા પડી જતા હતા દરેક ખાયણીને તળીએથી આ પાણી વહી જતુ હતુ, તે વહેતા વહેતા એક લાંબા તથા પહોળા ટેબલની ઉપર પારો પાથરેલો હતો ત્હેના ઉપર થઇને નીચે એક મ્હોટા નળમા ઉતરી પડતુ આ પારાનુ ગળણુ 'ટેબલ' એ આખા કારખાનામા સૌથી મહત્વનુ સ્થળ હતુ કારણ કે પારો ને સોનુ જ્યારે ભેગા થાય છે ત્યારે તે મળી જાય છે, ને પારો પોતાના ઘણા ખરા દેખીતા ગુણોને છોડી દે છે આમ થવાથી તે જગ-મ્યાન થાય છે એની ચંચળતાને બદલે સ્થિરતા પામે છે, અને સૌથી વધારે તો એ કે આ બધા રેતી માટી તથા બીજી ધાતુઓના રજકણોમાથી લગભગ એકલા સોનાને જ તે આમ પકડી રાખે છે.

આ પ્રમાણે આ પારાના ' ટેબલ ' ઉપરથી ઝીણા રજકણો લાવતુ પાણી નિરન્તર વહ્યા કરે છે ને તેમાની સુવર્ણરજ પારાની સાથે ઝલાઇ જાય છે આની રીતે પોણાભાગથી પણ વધારે–લગભગ ૮૦ ટકા જેટલુ સોનુ પારાની ભેગુ મળી જાય છે, ને બાકીનુ–કા તો બહુ બારીક હોવાથી, કે હજી પણ ઝીણા રેતી–પથ્થર વગેરેના રજકણથી છુટુ ન પડેલુ હોવાથી વહીને પાણી ભેગુ નળમા પડે છે

વખતોવખત એક લાન રબ્બરના કટકાવતી આ પારાની સપાટી ઉપરથી સુવર્ણ–પારાનુ મિશ્રણ (જેને અંગ્રેજીમા *amalgam* કહે છે તે) સાભરી લેવાય છે એટલે પાછી તાજા પારાની સપાટી ઉપર આવે છે, ને વધારે સુવર્ણ–રજને ઝાલી લે છે

આવી રીતે આ કારખાનામા સોનાની કાચી ધાતુનો ખુબ બારીક લોટ જેવો ભૂકો થતો, ને તેમા જેટલુ સોનુ હોય તેહેનો લગભગ પોણો ભાગ પારાની સાથે મળી જૂદો પડી જતો પારાની સાથે મળવાનુ કાર્ય એક ક્ષણમા તથા ન્હાની સરખી જગ્યાએ થતુ પણ ખાયણીઓની ભીમસેનની ગદા જેવી પરાઇઓની કાન ફોડી નાખે એવી ક્રિયાથી, આ કારખાનાનો આખો દેખાવ કાંઈક જુદી જ જાતનો થઇ જતો હતો

હવે અહીંથી સુવર્ણની સવારી બે રસ્તે વહેંચાઈ ગઈ, ને જેમ આગળ જતી તેમ ન્હેના વધારે ફાટા નીકળતા હતા એક રસ્તો પારા–સુવર્ણના મિશ્રણનો હતો એના ઉપર બહુ જાપતો હતો અને તે રસ્તો જોવાની અમારી ઇચ્છા અતૃપ્ત રહી ફક્ત વર્ણન સાભળીને તથા અમારી રાસાયનિક કલ્પનાનો આશ્રય લઇને સતુષ્ટ થવુ પડ્યુ આ મિશ્રણને બીજા એક કારખાનામા ગાળવામા આવે છે એનુ યત્ર ઉદ્ગાલન–યત્ર જેવુ હોય છે પારો ગરમીથી વ્હેલો ઉડી જાય છે, સોનુ તેટની ગરમીએ સ્થિર હોય–છે–એ ગુણનો લાભ લઇ, આ મિશ્રણને ગરમી આપતા પારો વાયુરૂપે ઉડી જાય છે, એને ઠડો કરીને પારા તરીકે ફરીથી કામમા લેવાય છે સોનુ આની રીતે જૂદુ પડે છે, એને ગાળીને લગડીઓ બનાવે છે

અંગ્રેજો હિન્દુસ્થાનમા આવ્યા તે પહેલા પણ આ ખાણોમાથી સોનુ કાઢવાનો હિન્દી વતનીઓએ પ્રયાસ કર્યો હતો અને જો કે તેઓની પાસે આજના જેવા તથા આજના જેટલા સાધનો નહિ હોવાથી કદાચિત્ તેઓ હાલની પેઠે પૂરેપૂરૂ સોનુ પથ્થરમાથી જુદુ નહિ પાડી જાણતા હોય, તો પણ અત્યાર લગી કહ્યુ તે રીતે પારાની મારફત તેઓ સોનુ કાઢી શક્યા હશે પરતુ હાલના જમાનામા ચોથા પાચમા ભાગ જેટલુ સોનુ જવા દેવુ–ખોઇ નાખવુ એ આજના વિજ્ઞાનને અસહ્ય છે, તેમ આપણાં વધાર ખચાળ કારખાના–યત્ર–આદિની વ્યવસ્થાને એ નુકસાન પોષાય પણ નહિ તેથી એ ભેગને કેવી રીતે જૂદો કરવો એ મહત્ત્વનો પ્રશ્ન છે, ને એની ક્રિયા જોવા જેવી હોય છે

ઉપર કહ્યા પ્રમાણે એ–ચોથા પાચમા ભાગનુ સોનુ–જે પારાથી જુદુ પાડી શકાયુ નથી તે રેતી–પથ્થર વગેરેની બારીક ભૂકીની સાથે મ્હોટા નળમા પડે છે આ કાદવવાળુ પાણી એક ખાસ યત્રમા લઈ જવામા આવે છે, જેમા એના પાછા બે ભાગ પાડવામા આવે

છે આ યન્ત્રમા તે પાણીવાળા રજકણોને એવી ગતિ આપી ચકર ચકર ફેરવવામા આવે છે કે અત્યન્ત બારીક રજકણો પાણીની સાથે એક તરફ વહી જાય છે ને લગાર મ્હોટા કણો બીજી તરફ કાંપ તરીકે એકઠા થાય છે આ મ્હોટા કણોને ફરીથી દળવાને માટે એક જુદી જાતનું યન્ત્ર કામમા લેવાતુ હતુ લાંબા ગોળ ફરતા ભુંગળા જેવા આ યન્ત્રમા બીજા કઠણ "ફ્લીન્ટ" પથ્થરના કટકાની સાથે આ ભાગને જોરથી ફેરવવામા આવે છે, ને "બૉલ-મિલ"ની પેઠે આ મ્હોટા પથ્થરોની વચ્ચે વારંવાર કુટાઇને એની ઘણી બારીક રજ થાય છે થોડે થોડે વખતે આ ઝીણી રજવાળુ પાણી, ગુણીઆ જેવા જાડા કપડાવતી ઠણી લેવાય છે—યન્ત્રદ્વારા જ પછી ત્હેને પાછુ પારાની ઉપર પસાર કરતા એમાનુ સોનુ પારાની સાથે મળી જાય છે આવી રીતે જે સોનુ પારા સાથે જુદુ પડે છે, ત્હેને ઉપર કહ્યા પ્રમાણે જ, જુદા કારખાનામા ઉર્ધ્વપાતન-વિધિથી શુદ્ધ કરાય છે

હવે આ પહેલી વિધિથી તેમ જ બીજી વિધિથી જે પાણી અત્યન્ત બારીક રજકણોને લઇને નીકળ્યું હોય છે તેમાનુ સોનુ મેળવવાનુ બાકી રહ્યુ એ સેના પાણીને મ્હોટી મ્હોટી ટાકીઓ ભરવામા આવે છે ખાસ યન્ત્રવતી ત્હેને ડોળી નાખવામા આવે છે ને પછી અમુક પ્રમાણમા પોટૅશિઅમ સાએનાઇડ નામનો પદાર્થ પાણીમા મેળવીને એમા ઉમેરવામાં આવે છે આ પદાર્થ પ્રાણિમાત્રને એક કાતિલ ઝેર છે, પરન્તુ જ્યા સુધી એનો ઉપયોગ થતો નથી ત્યાસુધી બારીક કણીઓ સાથે થઇ ગયેલા સોનાને પાછુ મેળવી શકાતુ નથી એનો ઉપયોગ એ રસાયનશાસ્ત્રની એક મ્હોટી શોધ છે કારણ કે ફરતા જથ્થામા એને નાખવામા આવે તો લગભગ બધાય સોનાને—ગમે ત્હેવા બારીક રજકણો હોય તો પણ ત્હેને તે પોતાની સાથે બાંધી લે છે, અને એમના સયોજનથી એક તદ્દન નવો જ સુવર્ણ-ક્ષાર ઉત્પન્ન થાય છે આ ક્ષારની ખુબી એ છે કે તે પાણીમા ઓગળી શકે છે એટલે આ કાદવની સાથે આ ક્ષાર ખુબ મળી જાય એટલી સભાળ લેવાય—જોઇએ તેટલી વાર બન્નેને હલાવાય ને ભેગા રખાય—તો પારાના હાથમાથી છટકેલુ સોનુ આખરે રાસાયનિક રીતે બધાઇ જાય છે પણ તે એક ક્ષારના દ્રાવણરૂપે હોય છે સોનુ આ રૂપે હોય છે ત્યારે બીજા તદ્દન પથ્થર માટી વગેરે પદાર્થો એમને એમ રહે છે તે પદાર્થોને ગાળી કાઢવા માટે મ્હોટા મ્હોટા ગાળણ-યન્ત્રો *Filter-press* હતા તેમા પસાર થતા માટી બધી જોરથી નિચોવાઇ પણ શકાતી, જેથી લગભગ બધુ પાણી તેની માટી વગેરેથી અલગ થઇ જતુ, ને સોનાના ક્ષારના દ્રાવણનુ ટીપેટીપુ જુદુ ગાળી લેવાતુ

આ છુટુ પડેલુ સ્વચ્છ દેખાતુ પાણી, જેમા સોનુ એક ક્ષારના દ્રાવણરૂપે છે ત્હેને બીજા કારખાનામા લઇ જાય છે ત્યા ખાસ બનાવેલ ટાકીઓમા તે પડે છે પછી તેમા જસદ નાખતા જસદ ધીમે ધીમે ઓગળી જાય છે ને સોનુ - ઝીણી ભુકીના રૂપમા—નીચે પડે છે ક્ષારમા સોનાની જગ્યા જસદ લે છે ને સોનુ અલગ થાય છે અર્થાત્ જસદનો ક્ષાર બને છે ને તે

પાણીમા ઓગળેલો રહે છે, તથા સોનુ ધાતુરૂપે જુદું પડે છે આ માતુ પછી ભઠીમા નાગવામા આવે છે, ને પારાની મળિના સોનાની બેગુ થઇ જઇ, આખર ન્હોની ઈંટોના આકારમા તે આ કારખાનાંમાથી બહાર નીકળે છે

આ સોનાની ઈંટ પણ તદ્દન શુદ્ધ સુવર્ણ નથી તેમા પણ ચાદી, ત્રાંબુ, વગેરે બીજા પદાર્થોનો લગભગ ૬ ટકા જેટલો ભેગ હોય છે આથી વધારે શોધન કરવાનુ કાર્ય ઇંગ્લન્ડમા જ થાય છે, એટલે આ રૂપમા એ સોનુ હિન્દમાથી વિલાયત પ્રવાસ કરે છે

આ સોનાની ઈંટો અમે જોઈ હતા કપનીની ઑફિસમા તિજોરીનો મજબુત ખડ છે એની ભીંતો ચારે તરફ તેમ જ ઉપર નીચે ઓછામા ઓછા એક હાથ સુધી નક્કર પોલાદની હતી એક ઈંટ અમે જોઈ, ત્યારે તે બતાવનાર અંગ્રેજે અમને મશ્કરીમા કહ્યુ કે "તમારામાથી કોઇ આ ઈંટને એક હાથે ઉચકી શકશે તો હુ એને આ આખી ઈંટ લઇ જવા દઇશ" પરંતુ એનુ વજન તથા આકાર એવા હતા કે બે હાથે ઉચકવી પણ મહા મુશ્કેલ હતી એણે કહ્યુ કે એકેકી ઈંટ આશરે ૧૧૦૦ આઉંસ જેટલી હોય છે અર્થાત્ લગભગ ૩૫ શગાળી સેર જેટલું વજન થાય! તેમ કીમત પણ કાઇ ન્હાનીસૂની ન્હોતી અદાજ કાઢતા તે એક ઈંટ સાઠ હજાર રૂપિઆથી પણ વધુ કીમતની થતી આ તિજોરીના ખડમા જ આવી રીતે રહેજ સાત આઠ લાખ રૂપિયાનુ સોનુ પડેલુ હતુ!

સોનુ પૃથ્વીમાથી કયા રૂપમા મળે છે અને ત્હેનું છેવટ રૂપ કયુ હોય છે—આ કપનીની આજુબાજુમા—ત્હેનો કાઠક ખ્યાલ આથી આવી શકશે વસ્તુત જેમ જમીનની તળે ખાણની અદર પણ બીજા ઘણી જાતનાં કામ થતા હતા, તેમ જમીનની ઉપર પણ આ અણુવિન કારખાનાંઓ ઉપરાત, ત્હેને અગે ઉત્પન્ન થયેલા ઘણા કારખાનાઓ હતા દાખલા તરીકે આગગાડીને માટે, યાત્રિક કાર્યો માટે, વિજળીના કાર્યને માટે લોખડના કાર્યને માટે, વગેરેને માટે જુદા જુદા કાર્યાલયો—'વર્કશૉપ' હતાં ખ્વતીરકને માટે, સોનાની કસોટી વગેરે કરવાને માટે ઑફિસોનુ એક ઝુમખુ હતુ વળી સોનુ કાઢી, લીધા પછી જે માટી–રેતી વગેરે ફેંકી દેવાય, તેનો ઢગલો એટલો મોટો થઈ ગયો હતો કે ઠેકઠેકાણે એના નિર્મમસર રચેલા, બહુ વિશાળ તથા ઉંચા સપાટ ટેકરાઓ થઇ ગયા હતા રાખોડી રગના કિલ્લા જેવા આ ઢગલાઓ સોનાના સહોદર હોવા છતા તદ્દન નકામા હતા ફકત હાલમા જ એની ઈંટો બનાવી બાંધકામમા લેવા માટે પ્રયાસ શરૂ થયા છે તે ફાવશે તો એ પણ નકામા નહિ જાય બને તો કોઈપણ ચીજ નકામી ન જવી જોઈએ—એ અર્વાચીન ઔદ્યોગિક વિજ્ઞાનનુ એક મ્હોટું સૂત્ર છે

આ ઉપરાત, ખાણોની અદરના રસ્તાઓ વગેરેને માટે આધાર તરીકે લાકડાના મ્હોટા પાટડા જોઇએ, તે દુરથી મગાવી વ્હેરી તૈયાર કરવાનુ કારખાનુ, તથા એવા બીજા આનુષગિક સ્વતત્ર પણ ન્હાના ન્હાના કામના ખાતાઓ કોનરમા જન્મ પામ્યા છે

૬ પ્રકીર્ણ હકીકત.

અમે જે ખાણ જોઈ તે પરથી જોતા એક મ્હોટી ખાણનો થોડોક ભાગ જ હતો. તે આખી ખાણ મૈસુર કંપનીની છે. એવી કુલ પાંચ કંપનીઓ કોલારમા છે, ને સૌ એક બીજાથી સ્વતંત્ર રીતે કામ કરે છે. સૌમા અમે જોઈ તે કંપની હમણા વધારે સમૃદ્ધ છે. જો કે બીજી એક કંપની જમીનની સપાટીથી લગભગ ૬૦૦૦ ફીટ–એટલે એક માઇલ કરતા વિશેષ નીચે ઉતારી છે, તો પણ આ મૈસુર કંપનીનું ભાગ્ય–અર્થાત્ એના હાથમા આવતુ સોનુ વધારે છે, તેમ એના યંત્રો વગેરે પણ વધારે સારા કહેવાય છે. જો કે સૌમા લગભગ એક જ પ્રકારના યંત્રો વપરાય છે. કહે છે કે અમે જે ઈંટો–સોનાની ઈંટો જોઈ તેની એક લગભગ દરરોજ આ એક જ કંપની તૈયાર કરે છે. એની મૂડી સ્ટેજ ૫૦ લાખ રૂપિઆની હશે. બધી કંપનીઓ અંગ્રેજોની છે, લંડનમા સ્થપાઇ છે, ને અંગ્રેજી મૂડીથી કામ કરે છે એ વાત જાણીતી છે.

કોલારનો ઇતિહાસ જાણવા જેવો છે. આપણા વિખ્યાત બલિરાજાની તથા બાણાસુરની ભૂમિ તે આ. એટલે પુરાતન કાળથી જ સુવર્ણ માટે આ ભૂમિ વિખ્યાત હોવી જોઇએ એ સમજી શકાશે. પ્રાચીન રાજાઓ ' મહાબલિ " અને " બાણ " વંશના હતા ને છેક ઈસ્વી સનના દસમા સૈકા સુધી એ જ નામથી જાણીતા થયા હતા. આ પ્રદેશમાથી સોનુ કાઢવાનો પ્રાચીન કાળમા પ્રયાસ થયો હતો એની નિશાનીઓ હજી મળે છે. પછીથી ટિપુ સુલતાને પણ પ્રયાસ કર્યો હતો.

ઠેક સન ૧૮૭૩ પછી મૈસુર રાજ્યે આ સ્થળે ખાણો કરવાનો અંગ્રેજોને હક આપ્યો, ને ૧૮૭૫ મા ઉર્ગામની પહેલી ખાણ ખોદાઇ. તે પછીથી મૈસુર રાજ્યે કાવેરીના ધોધમાંથી વિજળી બનાવવાનુ કારખાનુ સ્થાપ્યું, ત્યારે ૯૨ માઇલ જેટલે દૂર આવેલા આ સ્થળને તેઓએ વિજળી પહોંચાડી. કંપનીઓ તે બદલ દરેક વર્ષે એક ઘણી સારી રકમ મૈસુર રાજ્યને આપે છે. તે ઉપરાંત જમીનનું ભાડુ, પાણીનો કર તથા ખાણમાથી સોનાની જે નિકાસ થાય તે ઉપર અમુક ભાગ " રૉયલ્ટી " તરીકે પણ આપે છે. આ સર્વ મળીને મૈસુર રાજ્યને આખા કોલાર ના સુવર્ણ-ક્ષેત્રમાથી વર્ષે દિવસે હાલ નીચેક લાખ રૂપિયા મળે છે!

આ ઉપરથી કંપનીને પોતાને કેટલો મહાભારત નફો થતો હશે, એ સમજાશે. સન ૧૯૦૪ સુધીમા આખા પ્રદેશમાથી બે ક્રોડ દશ લાખ પાઉન્ડ એટલે ૩૧॥ કરોડ રૂપિઆની કીમતનુ સોનુ આ કંપનીઓ કાઢી ગઈ હતી! તે પછીના ૫-૬ વર્ષોમા વળી જે કાઢ્યુ તે જુદુ. આ જબાર રકમમાથી તેઓએ ૮૦ લાખ પાઉન્ડ–એટલે ૧૨॥ કરોડ રૂપિઆ શેર-હોલ્ડરોને ડિવિડન્ડ (નફો) તરીકે આપ્યા હતા, ને દસ લાખ પાઉન્ડ–એટલે ૧॥ કરોડ રૂપિઆ મૈસુર રાજ્યને આપ્યા હતા. ૧૯૦૪ની સાલમા બધી કંપનીઓની કુલ મૂડી ૨૫ લાખ પાઉન્ડ (૩॥ કરોડ રૂપિઆ)ની હતી. પરંતુ લંડનની બજારમા તે વખતે જ એની કીમત આથી ચાર ગણી હતી!!

આ સર્વે વિચાર કરી શકનાર તથા સમજનાર માણસો, તેટલા માટે, દિલગીર થયા છે કે મૈસુરરાજ્યે પરદેશી મૂડીથી આ ખાણો ચલાવી ખરૂં છે કે રાજ્યને તાત્કાલિક લાભ વગર શ્રમે થયો છે, પરંતુ વધુ ધીરજ ને વધુ દીર્ઘદૃષ્ટિ વાપરીને કોઇ હિન્દી પેઢીઓને જ આ કામ સોંપ્યું હોત તો તે માટે બેશક થોડા-પચીસ વીસ વર્ષો થોભવું પડત, પરંતુ તે પછી આ ખાણોનો બધો લાભ હિન્દુસ્થાનને જ મળ્યો હોત તાતા॥ જેવી કંપનીઓએ હિન્દમાં અપૂર્વ ઉદ્યોગો ગજાવર પાયા ઉપર ઉભા કર્યા છે એ જોયા પછી, આપણા દેશમાં આ ખાણોનું કામ કરનાર દેશી કંપનીઓ કદી ન જ નીકળત એ દીલપદનું વચન અસ્થાને છે પરંતુ એ વાતનો વિચાર વ્યર્થ છે લગભગ ૧૯૮૫ સુધી આ કંપનીઓને પટો મળેલો છે, અને તે પછી એ પટો ચાલુ ન કરાય તો પણ તે વખતે જમીનમાં કેટલું સોનું બાકી રહ્યું હશે!

મૈસુર રાજ્યમાં કોલારનું "ડિસ્ટ્રિક્ટ" છે ને તેમાં કોલાર શહેર છે ડિસ્ટ્રિક્ટની વસ્તી સન ૧૯૦૧ માં લગભગ પોણો લાખ હતી, ને કોલાર શહેરની વસ્તી ૧૨ હજારની છે ખાણોનું કામ શરૂ થયા પછી "કોલાર-ગોલ્ડ-ફીલ્ડ" (સુવર્ણ-ક્ષેત્ર)નો સન ૧૮૮૭ માં જન્મ થયો અત્યારે ત્યાં ત્રીસ હજાર માણસો કામ કરે છે, જ્યારે એની કુલ વસ્તી ૩૮ હજારની છે આખો પ્રદેશ પૂર્વ ઘાટના ઉંચા પર્વતની સપાટી ઉપર આવેલ છે દરિયાથી લગભગ ૨૮૦૦-૨૯૦૦ ફીટ ઉંચે છે હવા, દેખાવ વગેરે મનોહર છે બેંગલોરની પેઠે

[1]પૃથ્વી ઉપરના ઘણાય પ્રદેશમાં સોનું પાકે છે સૌથી વધારે ટ્રાન્સવાલમાં ને યુનાઇટેડ સ્ટેટ્સમાં નીકળે છે સન ૧૯૦૮ ના આંકડા પ્રમાણે ત્રીજે નંબર ઑસ્ટ્રેલિઆનો, ચોથો રશિઆનો, પાંચમો મેક્સિકોનો, છઠ્ઠો હિન્દુસ્થાનનો ને સાતમો કૅનેડાનો હતો હાલમાં તો વર્ષે દિવસે સ્હેજ ત્રણચાર કરોડ રૂપિઆની કીમતનું સોનું કોલારમાંથી બહાર પડે છે પરંતુ તેમાંથી હિન્દી મજૂરોને જે પગાર મળતો હશે, અને મૈસુર રાજ્યને વિજળી, પાણી, ભાડું, રૉયલ્ટી વગેરેના બદલામાં મળે છે તે જુજ રકમ સિવાય બાકીનો બધો ભાગ હિન્દમાંથી બહાર જાય છે.

કંપનીના કામની વ્યવસ્થા દેખીતી સરસ છે પણ યૂરોપ અમેરિકામાં મૂડીવાળા ને મજૂર વર્ગ વચ્ચે જે મુશ્કેલીઓ ઉભી થયા કરે છે તે કેવી રીતે થતી હશે એ આ ખાણો જોયે સમજી શકાય છે અંગ્રેજોના સુન્દર બાગબગીચાવાળા બંગલા અને મજૂરોને માટે બંધાવેલા ઝુંપડાની સરખામણી કરીએ, ખાણની અંદર કામ કરતા મજૂરોની જે હાલત હતી તે જોઇએ, અને કંપનીવાળાઓ આટલો નફો કરે છે ત્યારે સાધારણ મજૂરને મહિને દસ કે પંદર રૂપિઆથી વિશેષ મળે જ નહિ એ ઉપરાંત અકસ્માતોથી થતું શરીરનું નુકસાન તો જુદું એ સર્વના વિચારથી મજુરવર્ગની સ્થિતિ કાંઇક સમજાય છે મૈસુર રાજ્યે પટો આપતી વખતે ખાણોના વહીવટ સમ્બન્ધી કાયદાઓ કર્યા છે, અને તે કાયદાઓ બરોબર પળાય છે કે નહિ, ખાણોની અંદર ચડઉતર કરવા માટેનું સંચાકામ જોઇએ તેવું મજબૂત છે કે નહિ તે તપાસવા,

[1] આત્મનિમજ્જન ૨૬ ૧૯૦૮-૯ એન. એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ,

અકસ્માતો ન્હાના મ્હોટા થયા કરે થાય છે ત્હેમને બને ત્યાં વગી અટકાવવા ને ન અટકાવાય તો તે પછી તપાસ કરી, કંપનીના અમલદારોનો કે બીજા કોઈનો દોષ હોય તે ઓળખી ત્હેનો રીપૉર્ટ કરી ન્યાયમન્દિરમાં તેઓના ઉપર કામ ચલાવવા વગેરે કાર્યને માટે મહુરસ્થાને અમલદારો નિમ્યા છે જે ગૃહસ્થે અમને ખાણો બતાવી તે તેવા એક અમલદાર હતા ખાણોમાં ગરજી આ દેખરેખને લીધે મજુર વગેરેને કાળજી તથા રક્ષણ મળે છે એક મ્હોટું દવાખાનું તથા રોગીઓને રહેવાનું ગૃહ (હૉસ્પિટલ) પણ આ કંપનીઓ પાળે છે ત્યાં ખાણમાં ઇજા પામેલા માણસોને મફત સારવાર મળે છે

× × × ×

આ તથા આવા પુષ્કળ વિચારે અમારા મગજમાં ખાણો જોતે જોતે તથા જોયા પછી આવ્યા સ્હાંજે પાંચ વાગે અમને પાછા ફરવાની ટ્રેન મળી અને બેંગલોર છાવણીને સ્ટેશને અમે આઠ વાગ્યા પછી ઉતર્યાં

આ મુલાકાતથી અમને અત્યન્ત મઝા પડી કલ્પનામાં ન આવી શકે એવા પ્રસંગો તથા સ્થળો નજરે જોવાને મળ્યા હજી પણ તે ખાણોના જુદા જુદા ભાગના દેખાવો મનોદૃષ્ટિ સમક્ષ ચિત્રિત થાય છે ખાણોના મોં ઉપરના મ્હોટા મ્હોટા લોખંડના મિનારાઓ, નરમી રાખોડી માટીના કિલ્લાઓ જેવા ઉંચા ઢગલાઓ મજૂરોના હારબંધ ને એક જ જાતના હજારો પામર ઝુંપડાંઓ, અમલદારોના સુન્દર ઉદ્યાનોવાળા બંગલાઓ, તે ઉપરાંત હજાર રાક્ષસી હથોડાઓની ટીપામણીના પ્રચંડ ઘોંઘાટવાળું કારખાનું તથા ત્યાંનો પહેલવાન કેગમેન ખાણમાં ઉતરતા ચઢતા "લિફ્ટ"ના નિયામકની બૃહસ્પતિ જેવી શાન્ત ગંભીર નિશ્ચલ મૂર્તિ, ખાણની અંદર ઉતરતા "લિફ્ટ"માં થતો અનુભવ અને એ સૌથી પણ વધારે ઉપર ચઢવા આવતા મજૂરોને નિયમમાં રાખવા માટે ઇટાલિઅન રાક્ષસોના મારતા કોયડાઓ, લિફ્ટમાં જગા ને બદલે કોયડાનો સપાટો પામનારા મજૂરોની રીસ—દુઃખની ચીચીઆરીઓ ને ફાવી જનારાઓનો જગવી હર્ષનાદ—એ સર્વ ચિત્રો હજી પણ નજર આગળ તરવરે છે સોનાની ઈંટોના ઝગમગાટની સાથેને સાથે આ દેખાવો કદી છૂટા ન થાય એવી રીતે ગુંથાઈ રહેશે, ને સ્મૃતિપટ ઉપર અંકિત થઈ રહેશે

નડિઆદ,
તા ૧૨, જુલાઈ, ૧૯૧૯

દાક્તર પ્રતાપચંદ્રનું પ્રલોભન.

લેખક—રા છગનલાલ હરિલાલ પંડ્યા, બી એ

રાત્રિના અગીઆર વાગ્યાનો સમય હતો સર પ્રતાપચંદ્રના ભવ્ય ભવનમાં ચારે પાસ શાન્તિ પ્રસરી રહી હતી નોકરવર્ગ પોતાના કામથી પરવારી ઘણે ભાગે નિદ્રાવશ થયો હતો કાઉન્સિલ વાળીના, મારે જોવાના રસીઆ ત્યાં પણ પહોંચી ગયા હતા આ ભવનની શોભા બહારથી જ મોહ પમાડનારી હતી એમ ન હતું અંદર જ્યાં જુઓ ત્યાં લક્ષ્મીના આવાસના ચિહ્ન પ્રત્યક્ષ જણાતા હતા જે જે સરસામાન બંગલામાં ગોઠવેલો હતો તે અતિ ઉત્તમ કારીગરીનો અને એક મહાન્ શ્રીમાન્ ગૃહસ્થની ઉચ્ચ સ્થિતિને છાજે તેવો હતો આ પ્રમાણે અગણિત દ્રવ્યના વ્યયે સર્વ ચીજો સંપાદન કરેલી હોવા છતાં સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરનારને ન તો જણાઈ આવતું હતું કે એક ગૃહિણીના કોમળ હાથની ત્યાં ખામી હતી ગૃહ-વ્યવસ્થા સન્નારીઓની સંભાળ અને દેખરેખ નીચે જુદી જ રહી શકે છે એ સુપ્રસિદ્ધ છે અપરિણિત ગૃહસ્થોનો ઘર આધાર તેમના નોકરો ઉપર જ રહે છે તેઓ એવા સુશિક્ષિત ક્યાંથી હોય કે સ્વામીની અર્ધાંગનાના જેવી કાળજીથી તેમની લક્ષ્મીનો સદુપયોગ કરી શકે? શસ્ત્રવૈદ્ય તરીકે દા પ્રતાપચંદ્રે થોડા જ વખતમાં એવી તો વિખ્યાતિ મેળવી હતી કે તેમના નગરમાં તો શું પણ તે આખા દેશમાં તેમના નામથી વિદ્વદ્વર્ગ ભાગ્યે જ અજાણ્યો હતો ગમે તેવો કઠિન શસ્ત્ર પ્રયોગ પણ તેઓ એવી સફાઈથી કરતા કે દરદીને તેથી આરામ જ થઈ જતો

એટલું તો કહેવું જોઈએ કે સ્વભાવે તેઓ જરા ઉગ્ર ને તામસી જણાતા, તથા કોઈનો પરિચય કરવાની સ્પૃહા રાખતા નહિ જેને તેમની ગરજ પડતી તે મોટી માગી ફી આપીને તેમની અનુપમ શક્તિનો લાભ લેતા તેથી તેઓને કોઈ સાથે હળવા મળવાની ઝાઝી ઇચ્છા ન હતી તેમના મિત્ર હોવાનું માન કોઈને પણ ન હતું એમ કહેવામાં અતિશયોક્તિ લેશ પણ નથી જ્યારે તેઓ નિર્ધન હતા ત્યારે તેમને ઘણા મિત્ર હતા ને આજ ધનવાન્ થયા ત્યારે કોઈ ન મળે! જેમ જેમ પોતાના ધંધામાં તેઓ નામના વિશેષ મેળવતા ગયા તેમ તેમ સમાજથી અલગ પડતા ગયા અગાઉ જ્યારે તેમની સ્થિતિ એક સામાન્ય દાક્તરનાથી ઊંચી ન હતી ત્યારે તેઓ સારી રીતે શહેરીઓ સાથે સહવાસમાં આવતા તે વેળા તો આ—… સાધન સંપાદન કરવા માટે તેમને ઘણાની ખુશામત પણ કરવી પડતી સ્ત્રીવર્ગમાં પણ ઘણા જણ તેમની શસ્ત્રવિદ્યામાં પ્રવીણતા જાણી તેમના વખાણ કરનાર તરીકે નીકળે એમ હતું પણ જ્યારથી નામદાર સરકારે તેમની પરમાર્થ બુદ્ધિની—તેમની અદ્ભુત ચતુરાઈની—તેમના મનની તથા હાથની દૃઢતાની અને તેમની નિઃસ્વાર્થ સેવાની કદર કરીને તેમને "સર" નો ખિતાબ આપ્યો ત્યારથી તો તેઓ સામાન્ય પંક્તિથી એટલા ઉંચે ચડી ગયા કે પોતાના ધંધાને લગતા કાર્યના પ્રસંગ વિના બીજા કોઈ સાથે ભાગ્યે જ પરિચયમાં આવતા અને તેમના એકાન્તપ્રિય સ્વભાવથી તેમના પ્રસંગો પણ ઓછા થતા પરંતુ તેઓ

એટલુ તો સ્વીકારતા કે ' પૈસો મ્હારો પરમેશ્વર " એ કહેવત એમણે ખરી કરી ન હતી એમની ઇર્ષ્યા કરનારની તો ખોટ જ ન હતી પણ કોઇથી એટલી વાતની ના કહેવાની નહિ કે દરિદ્રીને પણ તેમની સેવાની અગત્ય જણાય તો તેઓ નમ્ર રીએ તે સ્વેચ્છાથી કરતા તેમના સ્વભાવનું પરિવર્તન શાથી ને ક્યારથી થયુ તે જગત્ ક્યાંથી જાણી શકે ? પરંતુ તેમનો અંતરાત્મા તો સાક્ષી પૂરતો જ હતો આટલી બધી સમૃદ્ધિ ને આટલી બધી કીર્તિ મેળવ્યા છતા તેમના હૃદયમા એક સ્થાન ખાલી જ હતુ સરયૂ બાળાની સાથે પોતાનો લગ્નસંબંધ કરવાની તેમણે સાતેક વર્ષ ઉપર ઇચ્છા રાખી હતી પણ તે કાળની તેમની અકિંચન સ્થિતિ જોઇને તેના પિતાએ તેનું પાણિગ્રહણ અન્ય જન સાથે કરાવી દીધુ, ત્યારથી તેઓનુ મન ખાટું થઇ ગયુ હતુ ને સમાજ ઉપર એક રીતે જાણે તિરસ્કાર આવી ગયો હતો તેથી મ્હોટા મેળાવડાઓમા પણ તેઓ ભાગ્યે જ ભાગ લેતા પોતાના મનની એકની એક ચિંતા સદા કાળ તેમના હૃદયને બાળી મૂકતી હતી તેમાથી મનને બીજે માર્ગે દોરવા માટે તેમણે પોતાના ધંધામા સારી કારકીર્દિ મેળવવા માટે અથાગ શ્રમ કરવા માંડ્યો ને જેમ જેમ તેમની હાથચાલાકીની પરીક્ષાના પ્રસંગ આવતા ગયા તેમ તેમ સર્વની ખાત્રી થતી ગઈ કે તેઓ શસ્ત્ર-પ્રયોગમા તો એકકો જ છે આ પ્રમાણે તેમણે છેલ્લા પાંચ સાત વર્ષમા એટલી તો નામના મેળવી કે તેઓ પોતે એ તેથી કેટલીકવાર અજાયબ થઇ જતા એક કાળ એવો હતો કે જે ગૃહસ્થના મકાનમા તેઓ ભાડે રહેતા તેને તેઓ ચઢેલ્યું ભાડુ પણ ચુકાવી શકતા નહિ તેવામા જ તેમનું ધ્યાન તે મકાનના માલિકની પુત્રીના અદ્‌ભુત લાવણ્ય વડે આકૃષ્ટ થયેલું અને તેની ઇચ્છા પોતાને વરવાની છે એમ પોતાના સમજવામા પણ આવેલું પરંતુ તેના પિતાને તે સંબંધ અનિષ્ટ લાગવાથી તેમણે બીજી જ ઘટના કરી દીધી, એટલે ડાક્તર બિચારા નિરાશ થઇ ગયા તેમના હૃદયમા આને લીધે એટલો તો આઘાત થયો કે ત્યારથી તેમણે ઇતર સ્ત્રીના સહવાસનો જ ત્યાગ કર્યો એ બાળાને અનિચ્છાએ આમ તેના પિતાની આજ્ઞાને અધીન થવુ પડ્યું તે તેઓ સારી રીતે સમજતા હતા તેથી તેના ઉપરનો તેમનો પ્રેમ અને શ્રદ્ધા જેવાને તેવા રહ્યાં, પણ પછી પોતે ધીમે ધીમે એવી ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યા કે પુનરપિ તેનુ દર્શન પણ લેવાનો પ્રસંગ બન્યો જ નહિ આજ એકાન્તમા તેઓ બેઠા હતા તે વેળા તેમને પોતાની પરિસ્થિતિનો વિચાર આવતો હતો, " આ દ્રવ્યલોભી જગતમા મ્હારૂં કહું એવુ શુ છે ? લક્ષ્મી તો મ્હારે ઘણી થઈ કીર્તિ પણ હુ મેળવાય તેટલી મેળવી શક્યો. 'સર' પણ બન્યો અને મને કહેવામાં આવે છે કે હુ જો કોઈ કુલીન કન્યા જોડે લગ્ન કરૂં તો હજી પણ મને આથી ઉંચી પદવી મળે પણ મ્હારે તેનુ શુ કામ છે ? કહે છે કે પેલા રાજા મિત્રભરનાથની પુત્રી મને વરવાને તૈયાર છે પણ એ તે મને કે મ્હારી સમૃદ્ધિને તે હુ સમજી શકતો નથી એવા લગ્ન કરીને સુખ પણ શુ મેળવવાનુ ? જેના સમાગમથી મ્હે અક્ષય સુખ શાન્તિની આશા રાખેલી તે તો હાથથી ગઇ, હવે તેનુ સ્થાન પૂરે એવી કોઈ હું દેખતો નથી. તેનુ સ્મરણ જ્યાં સુધી મ્હારા હૃદયમા હજી તાજુંને તાજું છે ત્યાં સુધી બીજી કોઇ ઉપર મ્હારો

સ્નેહ રહેશે પણ શી રીતે ? આ મ્હારા બંધુઓ જો જાણે કે મ્હારૂ મન ો ામા હજી પણ સુર તો તેઓ કેના દિગ્મૂ બને ?"

આ વિચાર-પરંપરાની ઘટમાળ તેમના મનમાં ચાલી રહી હતી તેટલામા તેમની સ નિજળીનો ઘંટ એકાએક જોરથી અવાજ કરવા લાગ્યો આટલી મોડી ગતે પોતાને મ કોણ આ યુ હશે તે સમજી નહિ શકવાથી તેઓ જરા વિસ્મિત થતા હતા એટલામા જ ઊભે રહીને ખોલીને દ્વારપાળે અ ર પ્રવેશ કર્યો અને અદબથી સામે ઉભા રહીને અરજ કે, "સાહેબ ! આપને મળવાને કોઈ માણસ આવેલો છે "

તે પોતાનુ વાક્ય પૂરૂ કરે તે પહેલા તો તેની પાછળ અસ્વચ્છ વસ્ત્ર પહેરીને આ બેમાકળા ચહેરાવાળો, કોઇ આધેડ ઉમરનો, સામાન્ય વર્ગનો માણસ પણ ઉભેલો જણાયો દાક્તર સાહેબનો મિજાજ ગયો

"શુ તને એટલી પણ અકલ નથી કે મ્હારા મકાનમા મ્હારી રજા વિના તુ ગમે માણસને આટલી રાતે પ્રવેશ કરાવે છે ને ઠેઠ મ્હારી સમીપ પણ લાવવાની હિંમત કરે છે, મ્હારો પગાર ખાય છે તે આની બેદરકારી માટે ?—"

નોકરે પાછળ ફરીને જોયુ તો જે માણસને તે દૂર ઉભો રાખીને આવ્યો હતો તે વગર પોતાની પછવાડે પછવાડે ચાલતો આવેલો જણાયો તેથી તેના ગભરાટનો પણ પાર રહ્યો

"સાહેબ ! મ્હેં તેને આવવાની સાફ ના પાડી અને આટલી રાતે આપ કોઇને મ નથી એમ ચોખ્ખુ કહી દીધુ પણ એ તો એવો હઠીલો થયો કે મને ગાંઠયો જ નહિ, ને ઘણા જરૂરી કામ માટે આપને મળવુ છે-મળ્યાવિના ચાલે એમ છે જ નહિ-એવી એવી કરવા લાગ્યો તેથી હુ આપની રજા લેવા આવ્યો ત્યા તો એ વગર પરવાનગીએ ઉપર આ યો જણાય છે"—

"માફ કરજો સાહેબ—" પેલા મળવા આવનારે વગર પૂછે પોતાની મેળે જ ગ ઝુકાવીને ઝંપલાવ્યુ-આપની મદદની મ્હારે એટલી બધી જરૂર છે કે હુ જો પરવાનગી મેળ રહુ તો વાર થઇ જાય ને દર્દી માર્યો જાય તેથી મ્હેં એમને એમ જ આપની પાસે હ થવાની છૂટ લીધી છે આપ ા ોકરનો કઇ દોષ નથી મ્હારે એને જરા ડરાવવો પણ પડયો હ

દાક્તર સ્વભાવે તીખા છતાં કોઈ માણસની કાર્યસિદ્ધિ માટેની અડગ હિમ્મત જોઇને ખ ખાનેથી તેના વખાણ કરવા ચૂકતા નહિ તેથી આવી રીતે વગર રજાએ પ્રવેશ કરનારને પણ તેમને હવે કંઇક સદ્વિચાર આ યો દ્વારપાળને તેમણે ઇસારાથી પોતાને સ્થાને જ સૂચના કરી ને તેના ગયા પછી તેઓ પેલા અજાણ્યા માણસ સામુ જોઈ પૂછવા લાગ "બોલો, હવે તમારે મ્હારૂ શુ કામ છે ? તમારે મ્હારી મદદ જોઇતી હશે"

"હા જી મ્હારો પુત્ર મૃત્યુ-શય્યા ઉપર સૂતો છે આપની મ ાહિ મળે તો તે પ્રાણ-ત્યાગ કરશે એમ મ્હારા દાક્તર ગગુવી બાણુએ મને હમણા જ કહ્યુ તેથી હુ અ

પાસે દોડતો આવ્યો છું એને જે પ્રયોગ કરવાનો છે તે આપના સિવાય અન્ય કોઈ કરી શકે એમ છે જ નહિ, અને હમણાં જ તે નહિ થાય તો પછી તેને બચવાની આશા નથી ”

“ હા ગયુની ગણ ?”

“ સાહેબ ! આપના જેવા મહાન શસ્ત્રવૈદ્ય એવા સાધારણ દાક્તરને ન ઓળખે, પણ એ તો આપની અતિશય તારીફ કરે છે, ને આપ જ આ કેસ હાથમાં લ્યો તો મ્હારા પુત્રનું આયુષ્ય લંબાય એમ જણાવે છે—આપ જોશો કે એમણે તેની બધી હકીકત એક કાગળ ઉપર લખી પણ આપી છે ” એમ કહેતે કહેતે તેણે એક કાગળ ગજવામાંથી કાઢીને ડાક્તર પ્રતાપચંદના હાથમાં મૂક્યો તે લેતે લેતે તેઓએ પ્રશ્ન કર્યો—

“ તમે શું ધંધો કરો છો ? ”

“ હું સાહેબ, દુકાનદાર છું ”

‘ તમે જાણો છો કે મ્હારી ફી પાંચસો રૂપિયા છે ? ”

“ પાંચસો રૂપિયા !” જાણે હબકી ગયો હોય તેમ તે બિચારો ઉદ્વિગ્ન ચહેરે ને ફાટેલી આંખે ડાક્તરના સામું જોતો જોતો બોલ્યો—“સાહેબ, મ્હારી પાસે તો પાંચસો પૈસાએ હાલ નથી હું ગરીબ માણસ છું ને પેટનું પૂરૂં માણમાણ કરૂં છું પણ આપ જે માગો તો મ્હારા વ્હાલા પુત્રની ખાતર, પેટે પાટા બાંધીને પણ હું ધીમે ધીમે તે રકમ ભરી કરી આપીશ—હફતે હફતે કંઈ લખતો રહીશ— ”

“ આ તે કંઈ ઉધાર માલ લેવાની દુકાન સમજો છો કે શું ?”— ડાક્તરે મિજાજ જવાથી ચીડાઈને પ્રશ્ન કર્યો પણ જેમજેમ તેમની દૃષ્ટિ તેમના હાથમાંના કાગળઉપર ફરતી ગઈ તેમ તેમ કેવો શસ્ત્રપ્રયોગ કરવાનો છે તેની વિગત તેમના સમજવામાં આવતી ગઈ તેથી તેમાં તેમની રૂચિ પણ ઉત્પન્ન થઈ કેસ અસાધારણ ભયંકર હતો, પણ પોતે જો તેમાં સફળ થાય તો પોતાની વાહવાહ હજી વધારે થાય અને શસ્ત્રવૈદ્યોમાં તેમની ગણના હજી પણ ઉચ્ચ દરજ્જે થાય એ તેઓ સમજતા હતા જોખમ મ્હોટું હતું પણ પોતાની ચાલાકીથી તે ઉપાડવાને તેઓ સમર્થ બનશે એમ તેમની ખાત્રી હતી તેથી જ્યારે તેમને સમજાયું કે આવનાર માણસ કંગાલ સ્થિતિનો છે ત્યારે તેમનું મન બદલાઈ ગયું ને કાગળ વાંચી ગજવામાં મૂકતાં મૂકતાં તેઓ બોલ્યા કે—‘ જાઓ, તમારો કેસ હું વગર ફીએ હાથમાં લઈશ—આ પ્રયોગ કરવા તરફ મ્હારૂં મન આકર્ષાયું છે”

પેલો માણસ પાઘડી ઉતારી તેમને પગે લાગવા અને ઉપકાર જણાવવા પ્રયત્ન કરતો હતો તેને બળાત્કારે પાછો રાખી તેમણે ઘંટ વગાડી પોતાની મોટર મંગાવવાનો હુકમ આપ્યો, અને પોતે શસ્ત્રોની પેટી તપાસી બધી તૈયારી કરવા લાગ્યા

“ તમારૂં નામ શું ? ”

“ મ્હારૂં નામ, સાહેબ, કાન્તિચરણ મુકુરજી છે ’

આ શબ્દો કાને પડતા જ દાકતર જરા ચમક્યા ! " મુન્દરજી ! ત્યારે તમારા છોકરાનુ નામ શું શ્યામચરણ ? "

" હા, સાહેબ મ્હારા ધન્યભાગ્ય કે એને આપ આમ ઓળખતા જણાઓ છો "

" એ મોટર હાંકે છે કે ? "

હાજી ! અગાઉ તો અમારી સ્થિતિ સારી હતી તેથી મોટર પણ ઘરની જ હતી પણ હવે તો એ ભાડુતી મોટર હાંકે છે તે કદાચ આપને કોઇવાર તેમા બેસાડી ફેરવી આવ્યો હશે "

" ચૂપ—હવે નકામી બક બંધ કરો— દાકતરે ધુરકીને તેને વધારે બોલતો અટકાવ્યો

શ્યામચરણનુ નામ સાભળતા જ તેનું ઓળખાણ પડતા જ તેમના મનમા અનેક વિચારો ભૂતકાળના પોતાના જીવન સબંધી તરી આવવા લાગ્યા સરયૂને તેના પિતાએ પરણાવી દીધી હતી તે આ શ્યામચરણ સાથે જ એ વાત તેમને હવે નક્કી સમજાઇ પ્રથમથી પણ તે જાણવામા તો હતી પણ હમણા પોતાની મદદ માગનારનો જ તે પુત્ર હશે એ ખ્યાલ તો આ ક્ષણે જ આવ્યો " ત્યારે શું જેણે પોતાનુ જીવતર ધુળધાણી બનાવ્યુ હતુ પોતાના પ્રેમનો ક્યારો સુંકાવી નાખ્યો હતો— પોતાની પ્રાણેશ્વરીનુ હરણ કર્યું હતુ—તેનો જ જીવ બચાવવો? શા માટે ? પોતાને કંઇ તેમ કરવાની ફરજ તો ન હતી તેઓ પ્રયોગ કરીને તેને જીવિતદાન ન આપે તો સરયૂ વિધવા થાય અને પછી—મારે ફરીને પાછી પોતાની પણ બની શકે—પણ આમ એક દરિદ્રીના જીવની હત્યા જાણી જોઇને થવા દેવી એ શુ ઉચિત કહેવાય ? સ્વાર્થ માટે પરમાર્થની હાનિ કરવી એ તેમના મનને બહુ હીણુ લાગતુ હતુ તેથી વળી તેમનુ મન ડગ્યુ ને આપેલા વચન પ્રમાણે જ તેમણે વર્તવા નિશ્ચય કર્યો પોતાના મનના સમાધાનની ખાતર વળી એમણે પ્રશ્ન કર્યો

" તમારો આ પુત્ર પરણેલો છે, નહિ વારૂ ? "

" હાજી તેની સ્ત્રી બિચારી તેની આ દશા જોઇને એવી તો વિહ્વળ બની ગઈ છે કે તેના મનની સ્થિતિ પણ ઘણી ચિંતાજનક થઇ પડી છે તેમના આખા જીવતરમા કદી કલેશ થયો નથી તે એક બીજા ઉપર સારી માયા રાખે છે ",

" ત્યારે સરયૂ તેના પતિને ચાહતા પણ શીખી જણાય છે " મનમા ને મનમા દાક્તરે સ્વપ્નો ઉભરો કાઢ્યો "મ્હારા જેવા ભિખારીને એ શાની સંભારતી હશે ? એને મન તો હજી હું તેવો જ હઇશ મ્હારૂ નામ એણે હમણા સાભળ્યુ હશે ખરૂ ? આ માણસ મને તેડવા આવ્યો છે તેથી અનુમાન તો એમ થાય છે કે એના ઘરના સઘળાએ મને બોલાવવાનુ નક્કી કર્યું હશે-કોણ જાણે શુ હશે— "

આમ વિચારમા પોતે પડી ગયા હતા, એટલામા પાસેના ટેલીફોનની ઘંટડી જોરથી વાગવા માંડી—આટલી મોડી રાતે વળી મ્હારૂ કોને કામ પડયુ હશે એ શ ! થતા પોતે પોતાનો મનોવેગ શમાવીને ટેલીફોન પાસે જઈ વાત ચલાવી —'હા, હું દાક્તર પ્રતાપચન્દ્ર તમારી સાથે વાત કરૂ છુ તમારૂ નામ ?—આશુતોષ બેનરજી—ઠીક—હલો સાહેબ આપને હુ

સારી રીતે ઓળખુ છુ (તેમના જેવા લક્ષાધિપતિ-ઝના મ્હોટા વ્યાપારીને કોણ ન ઓળખે ?) મ્હારૂ શુ કામ છે ?-(ઉત્તર)-મ્હારી પુત્રી એકદમ બિમાર થઇ ગઇ છે ડાક્તરો કહે છે કે તમે આવીને એને અમુક શસ્ત્રપ્રયોગ હમણા જ કરો તો એ બચે એમ છે આવી વખતે તમારા આરામનો ભગ કરીને તમને તેડાવુ છુ તે માટે માફી માગું છુ પણ તમે જરૂર આવશો એવી આશા રાખુ છુ ફી રૂ ૧૦૦૦ હમણા જ આપી દઇશ ”

આ છેલા શબ્દો ડાક્તરને તેના આવનાર મુકરજીને કાને પડતા તે ચમક્યો “ અરે, પ્રભુ-હવે મ્હારા પુત્રને જીવતો જોવાની સર્વ આશા વૃથા જ કે ? આવી મ્હોટી ફી મુખીને મ્હારા ગરીબના ઘરમા જોખમી કામ માટે ડાક્તર શાના આવે ? ”-તે ગળગળો થઈ ગયો- મો યે તો મનમા જ પણ હાથ ચોળીને એવા ચાળા કરવા લાગ્યો કે ડાક્તરનુ ધ્યાન તેના ઉપર તરત જ ગયુ સેમણે તેને શાન્ત થવાને સૂચવ્યુ અને પોતે વળી ટેલીફોનપર લાગે વળગ્યા “ શુ એક હજાર રૂપૈયા આપવાને આપ તૈયાર છો-(ઉત્તર) હા-(પ્રશ્ન) પણ મ્હારી પાસે એવો જ બીજો જરૂરી કેસ હમણા આવેલો છે ને તે કર્યાવિના મ્હારે ચાલે એમ નથી માટે આપ બીજા કોઈ ડાક્તરની મદદ મેળવી લેશો, આપની પુત્રીને ખાસ મ્હારી જરૂર હોય એમ હુ સમજતો નથી ”

ની અસાધારણ નિર્લોભતા ? આવે પ્રસગે હજારમા એકાદજણ જ ભાગ્યે એવા નીકળે કે જે આવતી લક્ષ્મીને લાત મારીને કેવળ પરોપકારમા જ પ્રસન્ન આવી ઉદારતા-આવી મહાનુભાવતા-આવી દયા જોઈને કોનુ હૃદય આર્દ્ર ન થાય ? મુકરજી બિચારો ફરીથી પગે પડવા જતો હતો પણ તેને ડાક્તરે વાર્યો, ને “ ને છેો હવે-મોટર આવી ગઈ છે-” એમ કહી-શસ્ત્રોની પેટી નોકરને આપી-પોતે મોટરમા બેસી ગયા તથા સાથે મુકરજીને પણ બેસાડ્યો

બતાવેલે ઠેકાણે જવા માટે મોટર ઉપડી ગયાના નિઃશબ્દ સમયમા સર પ્રતાપચદ્રનુ મન પોતે આદરેલા કાર્ય ઉપર વિચારમા લીન થયુ ‘ ગામાટે એક મહેલામા સહેના પ્રયોગ માટે મળતી મ્હોટી ફી છોડી હુને આવો ભયકર શસ્ત્રપ્રયોગ મ્હે માથે લીધો ને તે પણ બદલાની કંઈ અપેક્ષા રાખ્યા વિના ? મ્હારો શ્રમ સફળ થશે તો ઠીક પણ ધારો કે એ દુ સાધ્ય કાર્યમા હુ નિષ્ફળ થયો તો ?—વળી વિચાર આવ્યો કે જગત્ ભલે ગમે તેમ કહો- હુ તો શુદ્ધ હૃદયથી પરહિત કરવા તત્પર છુ અને મ્હારૂ મન જ સાક્ષી પૂરે છે કે મને એમા પ્રભુ સાહાય્ય થશે જ ’

થોડી વારમા મોટર યોગ્ય સ્થળે ઉભી રહી એટલે મુકરજી ઉતરી ડાક્તર સાહેબને એક અંધારી ગલીમાં થઇને પાસેના એક માળ ઉપર તેડી ગયો ચોથે દાદરે પહોચતા તેણે કમાડ ઠોક્યુ એટલે અન્દરથી એક સ્ત્રીએ આવીને તે ખોલ્યું ડાક્તરની દ્રષ્ટિ તેના ઉપર પડતાં જ તેમને ખાત્રી થઈ કે જે સત્વની છબી તેમના દિલમાથી આટલા વર્ષ થયા ખસી ન હતી તે જ પ્રત્યક્ષ પોતાની સામે ઉભી હતી તેને જોતા ભૂતકાળના કેટલાક સસ્કારો તત્કાળ જાગૃત

મહાકવિ હોમરનું ઇલિઅડ.

લેખક—રા સાકરલાલ અમૃતલાલ દવે, બી એ

(પૃ૦ ૭૩૧ થી અનુસંધાન, અધ્યાય ૩)

મેનેનેઅસ અને પૅરિસ વચ્ચે દ્વંદ્વ યુદ્ધ થાય છે, અને ઍફ્રોડાઇટી પૅરિસને ઉપાડી લે છે
હેલન તથા પ્રાયમ ટ્રૅયના કોટ ઉપરથી એકાઇઅન સેનાને નિહાળે છે

હવે દરેક ટુકડી પોતાના સરદારની સાથે બરોબર ગોઠવાઇ ગઇ, ત્યારે ટ્રોજન લોકો પખીના ટોળાની પેઠે કળાણુ ને ભૂમરણુ કરતા કુચ કરવા લાગ્યા, અને એકાએક હિમ તથા વરસાદ પડતાં ન્હાસી જતાં, સાગર ભણી કોલાહલ કરી ઊડતા, વ્હેંતિયા માણસોનો વિનાશ કરવાને પરોઢિયે ક્રૂર યુદ્ધ મચાવતા બગલાનો આકાશમા ગુમાટ થઇ રહે, તેવો શોર ત્યાં મચી રહ્યો પણ બીજી બાજુએ ધૈર્ય દાખવતા અને પરસ્પર સહાયતા કરવાને અતિ ઉત્સુક થઇ રહેલા ઍકાઇઅનો શાન્તિથી કુચ કરી આવતા હતા

જેમ દક્ષિણવાયુને લીધે ગિરિશૃંગો ધુમરથી છવાઈ જાય, જો કે તેથી ભરવાડના પેટમા ફાળ પડે પણ લુટારાને રાત્રીના અન્ધકાર કરતાએ વધારે મઝા પડે, અને જેમ એક ઢેફાના કરતા વધારે આખથી જોવાય નહિ, તેટના બધા ધ૦ ધૂળના ગોટા બન્ને સેનાના પરસ્પર પ્રયાણથી આકાશમા ઊડવા લાગ્યા, અને અતિશય ત્વરાથી મેદાનમા થઈને લશ્કરો ધસવા લાગ્યા

આ પ્રમાણે બન્ને સેના પરસ્પર ધસતી પાસે આવી પહોચી, ત્યારે તેજસ્વી ઍલેકઝાન્ડ્રસ+ ટ્રોજન સેનાનો રક્ષક બન્યો તેણે ખભા ઉપર વ્યાઘ્રચર્મ તથા વક્ર ધનુષ્ય અને ખડ્ગ ધારણ કર્યાં હતાં અને બે કાસાની અણીવાળા ભાલા હાથમા હલાવતે હલાવતે તેણે આર્ગાઇવ લોકના સર્વ સરદારોને પોતાની સાથે દારુણ દ્વન્દ્વયુદ્ધ કરવાનુ આહ્વાન આપ્યુ પરતું જ્યારે એરીઝને વ્હાલા મેનેનેઅસે તેને સેનાના અગ્રભાગમા લાંબા પગલા ભરી આવતો જોયો, ત્યારે તે ઘણો ખુશ થયો કેમકે જેમ કોઈ ભૂખ્યા સિંહને શિંગાળા સાબરનુ કે જંગલી બકરાનુ મડદુ હાથ લાગે ને તે ખુશ ખુશ થઈ જાય, અને ચપળ કુતરાંઓ તથા તરસ્યા શિકારીઓ તેની પાછળ પડ્યા હોય તોપણ તે ઝડપથી તેને ખાવા મડી જાય તેમ તેજસ્વી ઍલેકઝાન્ડ્રસ નજરે પડ્યો એટલે મેનેનેઅસ રાજી રાજી થઈ ગયો, કારણ કે તેણે ધાર્યું કે હવે આ પાપીનુ વેર લેવાનો સમય આવી પહોચ્યો છે તેથી તરત જ તે રથમાથી ભોય પર બખ્તરસહિત કૂદી પડ્યો.

પણ જ્યારે તેજસ્વી ઍલેકઝાન્ડ્રસે તેને અગ્રણી વીરસમૂહમા દીઠો ત્યારે તેના હૈયામા ધ્રાસ્કો પડ્યો, અને મૃત્યુથી છૂટવાનો યત્ન કરતો તે પોતાના મિત્રમડળની મધ્યે પાછો હઠવા મડ્યો જેમ કોઇ માણસ પર્વતની ખીણમા સાપ જોતા પાછો ધપે ધ્રુજતો ધ્રુજતો પોતાનુ શરીર ભેળ ભેળ ટકાવી રાખે, પાછો ફરે, અને તેના મ્હો ઉપરનુ લોહી ઊડી જવાથી ફીકો

+ પૅરિસ

પડી જાય, તેમ તે એટ્રિયુસ-સુતના ભયે તેજસ્વી એલેકઝાન્ડ્રસ ભય દ્રોજનોના સમૂહમાં પાછો હટતો ગયો પણ હેક્ટરે તેને દીઠો, અને તે તેને તિરસ્કારપૂર્વક આ પ્રમાણે ઠપકો દેવા લાગ્યો "દુષ્ટ પૅરિસ, સુન્દર મુખાકૃતિવાળા ચોર, હે સ્ત્રીના કામી, તું જન્મ્યો જ ના હોત કે કુંવારો જ મુઓ હોત તો કેવું સારૂં થાત ! ખરેખર હું તો એમ જ ઇચ્છું છું, અને આ પ્રમાણે અમને શરમાવવા કરતાં અને બધા માણસોના તિરસ્કારપાત્ર થવા કરતાં એ જ ઠીક હતું હું ધારૂં છું કે પેલા દીર્ઘકેશ એકાયઅનો હસતા હશે અને કહેતા હશે કે ટ્રોજનોએ રાજકુંવરને પોતાને શ્રેષ્ઠ બનાવ્યો છે, પણ એ તો માત્ર શરીરે જ સુન્દર છે અને એનું હૈયું તો નિર્બળ નું નેમાલું છે તારા સમુદ્રગામી વહાણમાં બેસી વિશ્વાસુ મિત્રોની સાથે તું સાગરસ્નાન કરી આવ્યો વિદેશીઓના સહવાસમાં રહી દૂર દેશાન્તરથી શસ્ત્રધારી વીરોની લાવણ્યવતી વધૂને લેઇ આવ્યો, તે શું તારા પિતાને, તારા નગરને, અને આખા રાજ્યને કાંટા સમાન સાલવાને જ માટે? આપણા શત્રુઓને રાજી કરવાને જ માટે? અને તારૂં પોતાનું મ્હોં નીચું નમાવવાને જ માટે? અને એરીઝને વ્હાલા મેનેલેઅસની સાથે શું તારાથી ટક્કર નહિ ઝીલાય? જરા જો તો ખરો, કે જેની મનોરમા પત્ની હવે તારા સમાગમમાં છે તે વીરનું પાણી કેટલું છે આમ નીચું મ્હોં રાખી તું ધૂળમાં આળોટીશ, તો પછી તારી તન્તી શા કામની તેમ જ એફ્રોડાઇટીએ બક્ષેલા તારા સુન્દર કેશ ને મનોહર મુખાકૃતિ પણ શા કામના? ખરેખર ટ્રોજનો જ બાયલા છે, નહિ તો તેં જે સંકટ ઊભું કર્યું છે તે બદલ તને ક્યારનોએ પથરા મારી પૂરો કર્યો હોત"

એટલે તેજસ્વી એલેકઝાન્ડ્રસે તેનો ઉત્તર વાળ્યો "હે હેક્ટર, તેં મ્હને માપસર ઠપકો દીધો છે, અતિશય નીચો નથી જેમ કોઇ માણસ વહાણ બનાવવાનું લાકડું કુહાડાથી ઘડતો હોય અને તીણી કુહાડી પાટિયામાં પેસવાથી ઉપરનો ઘા જોસભેર વાગે, તેમ તારૂં હૃદય સદા તીક્ષ્ણ છે અને તારી છાતીમાં હમેશ નિર્ભયતાનો જ વાસ છે તેથી મ્હને કંઇક જોર આવ્યું છે સુવર્ણરેહા એફ્રોડાઇટીની સુન્દર બક્ષિસો મ્હને મળી છે તે માટે તું મ્હને મ્હેણાં મારતો મા દેવતાઓએ સ્વેચ્છાથી બક્ષેલી બક્ષિસોની કદી અવગણના કરવાની નથી કમકે માત્ર પોતાની ઇચ્છાથી જ કોઈ પણ મનુષ્યને તે મળતી નથી પણ જો તારી ઇચ્છા એમ જ હોય કે મ્હારે યુદ્ધમાં ઊતરવું અને લડવું, તો બીજા સર્વ ટ્રોજનોને અને એકાયઅનોને નીચે બેસાડી દે, મ્હને તથા એરીઝને વ્હાલા મેનેલેઅસને વચ્ચોવચ્ચ આવવા દે અને હેલનને સારૂં તથા તેના સઘળા ધનને સારૂં અમને બન્નેને દ્વન્દ્વયુદ્ધ કરવા દે અમારા બેમાંથી જે જીતે ને પોતાનો હાથ ઉપર રાખે, તે સઘળું દ્રવ્ય તથા તે સ્ત્રીને એકદમ કબજે લે ને પોતાને ઘેર લેઇ જાય અને બીજા બધાએ મિત્રભાવ રાખવો ને સંપ ન તૂટે તે માટે દૃઢ સોગન લેવા જેથી ફરીને તમે બધા તમારા ફળદ્રુપ ટ્રૉયમાં રહો અને પેલા બધા ઘોડાના ચરવાના આર્ગસમાં તથા સુન્દર સ્ત્રીઓના નિવાસસ્થાન એકાઇઆમાં જઈ વસે"

તેના આવા વચન સુણી હેક્ટર ઘણો ખુશ થયો, અને વચ્ચે જઈ ટ્રોજનોની ટુકડીઓને વચમાંથી ઝાલેલા પોતાના ભાલા વડે શાન્ત થઈ જવાનું કહ્યું અને બધા નીચે બેસી

ગયા પણ દીર્ઘકેશ એકાઇઅનોએ તેના પ્રત્યે બાણ તથા પથરા ફેંકવા માંડ્યા એટલે નરપતિ એગેમેમ્નન મ્હોટેથી બોલી ઊઠ્યો 'હે આર્ગાઇવ લોકો, બસ કરો, હે એકાઇઅનો ! બાણ મા ફેંકો, કેમકે ઝગઝગતા ટોપવાળો હેક્ટર કંઈક કહેવાને આવ્યો છે "

તેણે આમ કહ્યું, એટલે તેઓ લડતા બંધ પડ્યા અને સત્વર શાન્ત થઇ ગયા અને હેક્ટર બન્ને સૈનાની વચ્ચે રહી બોલ્યો "સાંભળો હે ટ્રોજનો તથા સુબખ્તરધારી એકાઇઅનો જેને લીધે આ વિગ્રહ ઊભો થયો છે તે એલેકઝાન્ડરનું કહેણ હું તમને સંભળાવું છું તે સાંભળો તે કહે છે કે બીજા બધા ટ્રોજનોએ ને એકાઇઅનોએ આ વસુન્ધરા ઉપર પોતાના રમ્ય શસ્ત્રો મૂકી દેવા અને હું તથા એરીઝને વ્હાલો મેનેલેઅસ વચ્ચોવચ આવીએ, અને હેલનને સારૂ તથા તેના સકળ દ્રવ્યને સારૂ અમે બન્ને દ્વન્દ્વયુદ્ધ કરીએ અમારા બેમાથી જે જીતે ને પોતાનો હાથ ઉપર રાખે, તે સકળ દ્રવ્ય તથા તે સ્ત્રીને એકદમ કબજે લે, ને પોતાને ઘેર લઈ જાય પણ તમારે બધાએ મિત્રભાવ રાખવો પડશે અને સુનેહનો ભંગ ના થાય તે માટે દૃઢ સોગન લેવા પડશે "

તે આમ બોલ્યો, એટલે તેઓ સર્વ મૌન ધારી શાન્ત ઊભા રહ્યા પછી બધાની સમક્ષ દીર્ઘ સિંહનાદવાળા મેનેલેઅસે કહ્યું —'હવે તમે બધા મ્હારૂ કહેવુ પણ સાંભળો, કેમકે સૌના કરતા મ્હારૂ હૃદય વધારે શોકાકુળ છે એલેકઝાન્ડરના પાપે ને મ્હારા કલહે કરીને તમને ઘણ ઘણા દુખ પડ્યા છે પણ હવે હું ધારૂ છુ કે આર્ગાઇવ અને ટ્રોજનોને વિગ્રહથી મુક્ત થવાનો સમય આખરે આવી પહોચ્યો છે અમારા બેઉમાથી જેનુ આવી બન્યુ હશે, તે ભલે અહીં મૃત્યુવશ પડી રહે પણ તમે બધા તો સત્વર છૂટા થઈ આવ્યા જાઓ તમે પૃથ્વી ને સૂર્યને માટે એક કાળી ને એક ધોળો ઘેટા લાવો, અને ઝ્યુસને માટે એક અમે લાવીએ પછી મહાન પ્રાયમને અહીં બોલાવો અને તેની પાસે સોગન લેવડાવો, કારણ કે તેના પુત્રો ગર્વિષ્ઠ અને વિશ્વાસઘાતક છે તેથી કદાચ કોઈ ઝ્યુસના સોગન ના પાળે ને તેની આજ્ઞાનુ ઉલ્લંઘન કરે જુવાનિયાઓના હૃદય ઊછળી રહ્યા હોય છે પણ જો કોઇ વૃદ્ધ પુરુષ વચ્ચે હોય છે, તો તે આગળ પાછળ જુએ છે જ અને આ પ્રમાણે ઉભય પક્ષને માટે ઉત્તમ પરિણામ આવશે

તેના વેણ સાંભળી એકાઇઅનો અને ટ્રોજનો ખુશ થયા તેમણે ધાર્યું કે હવે ભયાનક વિગ્રહથી આપણે છૂટ્યા તેથી તેમણે રથ અટકાવ્યા, અને નીચે ઊતરી તેમના કવચ ઊતારી નાખ્યા બધા કવચ ભોય પર પાસે પાસે મૂક્યા ત્યારે વચમા થોડી જ જગા બાકી રહી ઘેટા લાવવાને પ્રાયમને બોલાવવા હેક્ટરે સત્વર નગરમા બે દૂત મોકલ્યા અને નરેશ એગેમેમ્નને ટૅલથાઇબિઅસને પોતાના વહાણમા જઇ એક ઘેટો લઈ આવવાનો હુકમ કર્યો અને અભિજાત એગેમેમ્નનની આજ્ઞા તેણે માથે ચડાવી

હવે આકાશિની શુભ્રભુજા હેલન પાસે ગઇ તેની નણંદ, પ્રાયમની સૌથી ખૂબસુરત અને લાડકી પુત્રી, અને એન્ટીનરના પુત્ર હેલિકેઅનની પત્ની લેઓડિકીનો વેષ લઈ તે તેને કંઇક સંદેશો કહેવા ગઇ હેલન પોતાના ખંડમા એક મ્હોટું નીલ રંગનુ બેવડા પનાનુ થાન વણતી

હતી, અને અશ્વવિનેતા ટ્રોજનો તથા કવચધારી ઍકાઇઅનો વચ્ચે તેને પોતાને જ લીધે એરીઝ જે ઘણા યુદ્ધો મચાવ્યા હતા તેના દૃશ્યો તે થાન ઉપર ભરતી હતી આઇરિસે તેને જોઈ અને તે લઘુગતિ દેવદૂતી તેની પાસે ઊભી અને બોલી "ચાલ મ્હારી વ્હાલી બહેન અશ્વવિનેતા ટ્રોજનો અને કવચધારી ઍકાઇઅનોના અદ્ભુત પરાક્રમો જોવા હોય તો મ્હારી સાથે ચાલ મેદાનમા ભયંકર યુદ્ધ કરવાને આતુર થઈ રહેલા અને પરસ્પર અશ્રુના વ્હેળા વહાવનાર જગમા જુકેના યોદ્ધાઓ હમણા શાન્ત થઇ ગયા છે લડાઇ બધ પડી છે વીરો ઢાલને અઢેલી ઊભા છે, અને લાંબા ભાલા તેમની પાસે જમીનમા ખોસેલા છે પરતુ તારે માટે ઍલેક્ઝાન્ડ્રસ તથા એરીઝને વ્હાલા મેનેલેઅસ વચ્ચે લાંબા ભાલાનુ દ્વન્દ્વયુદ્ધ થનાર છે, અને તુ જે વિજયી થશે તેની પ્રિયપત્ની થઈશ"

આમ કહી દેવીએ તેના હૃદયમા તેના પ્રથમ પતિ માટે, તેના નગર માટે, અને તેના માબાપ માટે મીઠી લાલસા ઉત્પન્ન કરી.

તરત જ તેણે મ્હો ઉપર ઝગઝગતા શણનો ઘુંઘટ પહેરી લીધો અને પોતાના ખંડમાંથી ઉતાવળી ઉતાવળી ચાલી તે વખતે તેની આંખમાંથી એક બોર જેવુ આંસુ પડ્યુ તે એકલી ન હતી તેની સાથે તેની બે દાસીઓ, પિટ્યુસ-પુત્રી આઇથ્રી અને વૃષભાક્ષી કલાઇમીની હતી સત્વર તે સ્કાઇઅન દરવાજા આગળ આવી પહોચી ત્યા પ્રાયમ તથા તેની સાથે પૅન્થોઅસ, થિમૉઇટીઝ, લૅમ્પસ, કિલટિઅસ, એરીઝનો વંશજ હિકેટેઅન, તથા જોગિયા નૃપિઓ આઉકેલેગન અને ઍન્ટીનર ટ્રોજનોમા વૃદ્ધ પુરુષો હોઈ સ્કાઇઅન દરવાજે બેઠેલા હતા અવસ્થાને લીધે આ સર્વ વૃદ્ધો હવે યુદ્ધમા ભાગ લેતા ન હતા, પણ હજી તેઓ ઘણા સારા વક્તાઓ હતા જેમ વનમાં એક વૃક્ષ ઉપર ઘણા તીડ એકઠા થઇ બેસે અને તીણે અવાજે બોલે તેમ તે દરવાજાના બુરજ પર વૃદ્ધ ટ્રોજનો બેઠા હતા હવે જ્યારે તેમણે હેલનને બુરજ તરફ આવતી જોઈ, ત્યારે તેઓ ધીમે સાદે, છતા સત્વર પરસ્પર બોલવા લાગ્યા "ખરેખર આવી સ્ત્રી સારુ લાંબા સમય સુધી ટ્રોજનો તથા કવચધારી ઍકાઇઅનો કષ્ટ સહન કરે એમા તેમનો કંઈ વાંક નથી તે અમર દેવીઓના જેવી સુંદર અને દિવ્ય છે તેમ છતા તે આટલી બધી સુરૂપ છે છતા, ભલે તેમના વહાણમાં બેસાડી મોકલી દેવી જોઈએ અને આપણને તેમ જ આપણા પછી આપણા છોકરાંને કષ્ટ દેવા અહીં રાખવી જોઈએ નહિ"

તેઓ આમ કહેતા હતા, એટલામા પ્રાયમે બૂમ પાડી અને હેલનને બોલાવી 'આવ, બેટા અહીં આવ મ્હારી પાસે બેસ અહીંથી તારા પ્રથમ પતિ, તારા સગા વ્હાલા, અને તારા મિત્રો દેખાશે હું તને દોષ દેતો નથી હું તો આ શોકજનક ઍકાઇઅન વિગ્રહ ઊભો કરનાર દેવોનો જ દોષ દેખુ છુ વારુ, મ્હોને કહે જોઈએ આ સુરૂપ, મહાન, પ્રચંડ, ઍકાઇઅન વીર કોણ છે? ખરેખર, એના કરતા એ મૂઠ ઊંચા બીજા વીરો દેખાય છે, છતા મ્હે આ આંખે તો એના જેવો દર્શનીય અને ભવ્ય પુરુષ કદી જોયો નથી એના લક્ષણ રાજાના જેવા જ જણાય છે

એટલે સ્ત્રીરત્ન હેલને ઉત્તર દીધો વ્હાલા સસરાજી, તમને હું પૂજ્ય ગણું છું અને તમારાથી બ્હીતી રહું છું, મ્હારૂં ઘર, મ્હારા સગા, મ્હારી ન્હાની બાળિકા, મ્હારી સખીઓનો રમ્ય સમાગમ–એ સર્વ તજી હું આપના પુત્ર સાથે અહીં આવી, તે વેળાએ જીવણ મૃત્યુનો જ મ્હને આનંદ મળ્યો હોત તો કેવું સારૂં થાત! પણ મ્હારા ભાગ્યમાં એવું ન્હોતું, અને તેથી જ હું રડી રડીને ગળી ગઇ છું હવે તમે મ્હને જે પૂછો છો તેનો હું ઉત્તર દઉં છું આ ઍટ્રયુસ-સુત સમ્રાટ ઍગેમેમ્નન છે એ સુરૂપ રાજા છે તેમ જ પ્રબળ શૂળધર છે અને એ મ્હારા જેઠ થતા હતા, અરેરે, હું કેવી નિર્લજ્જ! —ચાલુ

માનવ જીવનનું લક્ષ્યબિંદુ.

લેખક–ઠાકોર શ્રી ગોહેલજી.

પ્રવૃત્તિમય આ કર્મભૂમિ વિવિધ વિચાર અને સ્થિતિના મનુષ્યોથી ભરપુર છે, એકની સ્થિતિ પુત્રસંપત્તિ તથા અન્ય શ્રેષ્ઠ સાધનોથી રમેલી અને રચાએલી હોય છે તો એક અતિ તીવ્ર પરિતાપ અને દારિદ્રની ઉપાધિમાં પોતાનું જીવન ગાળતા દૃષ્ટિગોચર થાય છે આ દેખીતા તફાવતથી ચચળ માનસિક શકિત માનવજીવનમાના આ દરયનુ રહસ્ય શોધના પ્રવૃત્ત થાય એ સ્વભાવિક છે મહાન બુદ્ધિશાલી અને તત્વચિંતક મહાત્માઓ તથા ઋષિમુનિઓએ પ્રકૃતિના અતિ ઉંડા પ્રદેશમાં આ રહસ્યનુ પ્રકટીકરણ કરવા અનેક વખતે જાણવા યોગ્ય પ્રયત્નો કર્યાં છે અને આપણા માનનીય ધર્મશાસ્ત્રો એ હકીકતની ખાત્રી આપણને આપી તેનુ મનન કરવા અને શિક્ષણ ગ્રહણ કરવા દોરે છે–દરેક વ્યક્તિ બુદ્ધિની વિકસીત થએલી સ્થિતિના પ્રમાણમાં આ મહાન ધર્માત્માઓના વિચારો ગ્રાહ્ય કરી શકે છે તો પણ જન-સ્વભાવની સામાન્ય ટેવ એવી છે કે તેની પોતાની જ નિશ્ચયાત્મક શકિતથી જ દરેક વસ્તુના તાગ્યુ અને સાબીતી ખોળવા આતુર રહ્યા કરે છે મનુષ્યની અંદર જે અમૂલ્ય અને પ્રબળ શકિતઓ રહેલી છે તેમાં નિર્બુદ્ધિરૂપી શકિત ભારી અગત્યતા ધરાવે છે અને તેને લીધે જ કોઇનું કહેલું સ્વનિશ્ચય સિવાય તાત્કાલિક નહી સ્વીકારી લેવાનો માનવજીવનનો કુદરતી સ્વભાવ હોઇ શકે છે

દરેક માણસ આ પ્રકારના જ હોય છે એમ કહેવું કે સમજવું ઈષ્ટ નથી કેટલાકને સ્વાભાવિક શ્રદ્ધા પણ પ્રાપ્ત થએલી હોય છે જ્યારે કેટલાક કમબ્યકને લીધે બીજાઓથી દોરવાઈ જાય છે મતલબ કે દુનીયાની અંદર એકસરખા વિચારવાન્ મનુષ્યો હોઈ શકે નહી જેથી સામાન્ય વસ્તુસ્થિતિનો ચિતાર એ જ નિયમ તથા સિવાયની સ્થિતિ અપવાદ રૂપ ગણાય છે

વિશ્વની અંદર ચાલી રહેલ આ અદ્ભુત નાટ્ય પ્રયોગ આપણને બતાવી આપે છે કે પ્રારબ્ધ–પૂર્વજન્મમાં કલ્પિત થવી અવશેષ રહેલ ભાવનાઓનું એ પરીણામ છે પરમકૃપાળુ

પરમાત્માની સૃષ્ટિમા કાંઈ પણ કાર્ય કારણવિના ઉત્પન્ન થતુ નથી એ વાત મનુષ્યમાત્રને પોતાના જીવનમા હરેક વખતે તેના અનુભવવામા આવે છે અને મનુષ્યદેહરૂપી કૃતિ એ જગતમાત્રમા ખાસ મુખ્ય કૃતિ છે તેથી તે ઉત્પન્ન થવામા પણ કાંઈ બીજ અને હેતુ હોવા જોઈએ એમ માનવુ એ ન્યાયયુક્ત તથા આવશ્યક છે

હરેક પુરૂષમા જે જે શક્તિઓનો સંગ્રહ થએલો છે તે સર્વ મહાન પ્રભાવવાળી અને ચૈતન્યયુક્ત વ્યક્તિઓ છે, હરેક મનુષ્યની ભાવના કેવળ પરિસિદ્ધ થવા જ જોઈએ અને આ નિયમ એવો છે કે ફળની ઇચ્છારહિત તેમ જ તૃષ્ણાની ભાવના સિવાય થએલ કર્મોથી કોઇ પણ જાતનુ પણ બંધન ઉત્પન્ન થઈ શક્તુ નથી આશા-આકાંક્ષાયુક્ત સંકલ્પરૂપી બી મનમા રોપાય કે તે ક્રમે ક્રમે સ્થૂળાકાર ધારણ કરવાની ગતિમા પ્રવૃત્ત છે તેમ જ વળી તેની સિદ્ધિ ચાલુ જન્મમા થતી શેષ રહી જાય તો દેહ ધારણ થયા સિવાય પુરી થવી અશક્ય હોઈ તેવા કારણોથી દેહોત્પત્તિ થાય છે આ ભાવનાઓ જે હેતુસર હોય તથા તે જેવી હોય તેવી બુદ્ધિ, સ્થિતિ અને સંજોગ વચ્ચે જન્મ પામે છે અને એ રીતે જીવન ભોગવાય છે મનુષ્ય માત્રની ભાવનાઓ એકસરખી હોઇ શક્તી નથી વળી તે સારી કે નરસી યોગ્ય કે અયોગ્ય ઇત્યાદિ પ્રકારની હોય છે એટલે સુખી કે દુખી રોગી કે નિરોગી અને ગરીબ કે તવંગર વિગેરે પ્રકારની સ્થિતિના કારણરૂપે તે રહેલી છે જે વડે એમ જણાય છે કે જીવનમાની અવશેષ ભાવનાઓ દેહ ધરવાનુ પ્રયોજન છે તે જ વડે એમ પણ સિદ્ધ થાય છે કે ભાવનાઓ ચાલુ જન્મમા પણ જે સંબંધ અને હેતુની તે હોય છે તે પ્રમાણે સિદ્ધ થાય છે શુભ યા અશુભ ભાવનાઓ હમેશા કાર્યરૂપે પરિણમે છે અને કાર્યો વખત જતા રેખ પેખતી જાય છે આ ક્રમ માનવજીવનમા ચોક્કસ થએલો છે તમારી ભાવનાઓ વહેલી કે મોડી, સ્થૂળ રૂપમા આવે અને ફળ રૂપે પ્રકટ થવી જ જોઈએ એ એક અબાધ્ય અને અટલ-નિયમ છે મનુષ્યનુ ચારિત્ર્ય આ પ્રમાણે જ ઘડાએલુ હોય છે

જગતમા ઘણે ભાગે પોતાની આ શક્તિઓનો ખ્યાલ મનુષ્યના સઘળા ભાગને નથી હોતો અને ઘણો મોટો ભાગ પ્રકૃતિદેવીની સેવામા અહર્નિશ અથાગ શ્રમિત થતો દેખાય છે જો ક નિયમનુ રહસ્ય સમજી ફળની ઇચ્છા રહિત થઈને તેમ થતુ હોત તો નહિ ગણી શકાત તેમ છે પરંતુ તૃષ્ણાયુક્ત ભાવનાઓથી પ્રેરાઈને થએલી ઉત્પન્ન થતી ભાવનાઓ અમનમા ભાવનાને વ્યક્તિને મર્યાદિત તેમ જ સંકુચિત જીવનવાળી બનાવે છે તેના મૂળ પ્રભાવ અને શાન્તિ તેથી દબાઈ જાય છે અને સ્વસ્વરૂપનુ ભાન તે મહત્તર ભુલી જાય છે આવી સ્થિતિમા કોઈની ઇચ્છા ધનવાન વેપારી થવાની તો કોઇની ઇચ્છા વકીલ કે સત્તાધીશ ઇત્યાદિ થવાની હોય એવી જુદી જુદી ઇચ્છાઓ કરેલી હોય છે આ તમામની અંદર મૂળ હેતુ દ્રવ્ય એકઠુ કરવાનો રહેલો છે દેહ એ એક એવી કીમતી રજકણોથી બનેલ છે કે જેમા ભોગ ભોગવવાની આસક્તિની, સંગ્રહ કરવાની, મહાન થવાની, અગર સંતોષી થવાની પણ ભાવનાઓ તેમા થયા કરે છે ગત જન્મની ચાલુ દેહ ઉત્પન્ન થવાના કારણભૂત આવી કોઇ પણ ભાવનાઓ અવશેષ હોવાનુ આ તમામ ઉપરથી મનાઈ શકે છે.

એટલે દેહ ધારણ થવા પછી–મરણ, રોગ, ભોગ સુખ કે દુ ખ તેની સંચિત ભ વનાઓ પ્રમાણે થયા કરે છે–ઉપર ઉપરથી જે લક્ષ્યબિંદુ દેખાય છે અથવા પ્રવૃત્તિ રહેલું છે તે આ પ્રમાણે દ્રવ્યપ્રાપ્તિનું છે અને તેમા અપવાદરૂપ વ્યક્તિઓ પણ મળી આવે છે આ લક્ષ્યબિંદુ અજ્ઞાનતાને લીધે ઉત્પન્ન થએલુ છે અગર ભ્રાન્ત થએલુ છે એમ આપણે ખરી સ્થિતિ અને સ્વરૂપ જાણ્યા પછી માની શકીશુ સૃષ્ટિની અન્દર પ્રથમ દરજ્જાનો સર્વથી શ્રેષ્ઠ તથા અમુલ્ય અવતાર મનુષ્ય વર્ગનો છે તેમા જેનુ જીવન વર્તમાન છે તેવા મનુષ્યો ઊંડા ઉતરી જ્ઞાનગમ્ય પ્રદેશમા વિચરશે તો જણાશે કે–ભાવનાઓ અને વાસનાઓ–સિદ્ધ થવાનુ સામર્થ્ય ધરાવે છે બીજી યોનિઓમા અને મનુષ્યયોનિમા આવા જાણપણા પુરતો જ તફાવત છે અને માનવ જન્મની શ્રેષ્ઠતા મુખ્યત્વે કરી તેને અવલબીને જ છે મનુષ્ય ઉપાધિવાળી કકામયુક્ત ભાવના કે ઇચ્છાઓ જો ન કરે તો તેને દુ ખનો આભાસ માત્ર પણ ન થઈ શકે હુ ચૈતન્ય સ્વરૂપ છુ એવી દૃઢ ભાવનાને પરિણામે દેહ ધારણ થવાનુ કારણ નથી એમ જાણ્યા બાદ તેનાથી ઉતરતી બીજી દરેક ભાવનાઓ ઉપરથી તેનાથી ઉતરતી સ્થિતિ અર્થાત દેહ ધારણ કરવાનુ કારણ બને છે એ નિર્વિવાદ જણાઈ શકે છે મનુષ્ય વર્ગમા ઘણો ભાગ અશુભદર્શી વિના-કારણે અને વસ્તુસ્થિતિ સારી હોવા છતા પણ તેવો જણાય છે તેવા પ્રકારમા આવતા આવરણયુક્ત જીવાત્માઓને આ બીના ઉપરથી એમ શામાટે ન માનવુ જોઈએ કે આપણી ભવિષ્યની ઘટનાઓ ઘણી જ સરસ છે કેમ કે જીવનમુક્તિ કે વિદેહમુક્ત થવાની અત્યુત્તમ દૃઢ ભાવનાઓની વાત તો બાજુ રાખીએ તોપણ તે સીવાયની દરેક ભાવના જે દેહ ધરવાનુ કારણ છે તેમાની એક ભાવના એવી છે કે જેના પરિણામમા સુખ અને શાન્તિ જ રહેલા છે અરે તે એવા પણ હોઈ શકે કે આપણી સંસારી જરૂરીઆતો સબન્ધમા જે જે આપણને જરૂરતુ, ખપતુ અગર તો તાત્કાલિક આવશ્યક જણાય તે આપણામા રહેલા અનન્ત સામર્થ્યમય ચૈતન્યના પ્રભાવે વગર તકલીફે કટાળા ભર્યા શ્રમ સિવાય અને સહેલાઈથી આપણને પ્રાપ્ત થએ જશે અને હુ તો માત્ર આપણા મૂળ સ્વરૂપને પામવાની આપણી ભાવનાઓ હતી બલ્કે ગત જન્મમા ઓછી દૃઢતાના પરિણામે અવશેષ રહેતા તે પુરી કરવા, સ્વસ્વરૂપ દૃઢતા કરવા, તે જ સ્વરૂપના પ્રભાવે આ સંસારચક્ર ચાલે છે અને તે જે આધીન છે એવી, દૃઢ પ્રતીતિ કરવા જ સરજાયેલા છીએ, મોહોટાઈ કે કીર્તિ ઇત્યાદિ આપણને એ પ્રમાણે જ પ્રાપ્ત થશે હવે જ્યા લગી આપણી પૂર્વ વાસનાઓ શુ છે કેવી છે એ આપણે જાણીએ નહી ત્યા લગી હવ પછી એમ શા માટે આપણે ન માનવુ જોઈએ કે આવી શુભદર્શી ભાવનાઓ જ આપણે કરેલી હતી સ્થૂળ દેહ કે સ્થૂળ તત્વો એ દરેક આપણી ઇચ્છાને આધીન જ છે દરેક પરિણામ આપણી ઇચ્છાશક્તિએ જ નિપજાવેલા છે આમ દર્પણ સમજ્યા બાદ તેનાવડે જો મુશ્કેલ ઘટનાઓ થઈ શકતી હોય તો સારી પણ કેમ ન થઈ શકે? માત્ર જેવી ભાવના તેવુ જ પરિણામ આત્મા કે જે આપણુ અમર અને ખરેખરૂ સ્વરૂપ છે તે કોઈ આકારયુક્ત નથી કે અમુક જગોની અંદર તે બંધ હોય પણ કે પવનની પેઠે વ્યાપક કોઈ પણ સ્થિતિ આખા બ્રહ્માંડમા એક સરખો વ્યાપ્ત

રહે છે અને મનુષ્યનુ એ સ્વરૂપને પ્રમાણે સર્વ વ્યાપક હોવાથી એવી કોઇપણ જગો નથી કે જે એનાથી દુર હોય-માટે એની વ્યાપકતા દરેક સ્થળે હોવાથી તે તે સ્થળે એનુ સામર્થ્ય અમલમા આવી શકે છે એવી આજ્ઞાઓનુ પ્રતિપાદન થયા કરે છે આપણે કનિષ્ઠ ભાવનાઓ કરતા હોઇએ તો એમ જ માનવુ કે યો ભ્રષ્ટ સ્થિતિમાથી પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરવાના કર્તવ્યમા ગતિ કરતા જ આપણે મરણ સમયના ટીએ કેમ કે ત્યાં લગીની ભાવનાઓ પણ દેહ ધરવાનુ કારણ તો છે જ માટે તેવી શાંતિયુક્ત ભાવના જ અવશેષ હતી એમ શા માટે નહી માનવુ? મનુષ્યના પોતાના જ દેહમાં જો કે ચૈતન્ય પ્રભાવે ઇચ્છાઓ થાય છે અને એવી જે ઇચ્છાઓ થાય છે તે અમલમા લાવવા સ્થળ પરમાણુઓ રૂપી દેહ તરત જ આધીન બને છે જેવી ઇચ્છા થઈ કે શબ્દ બોલ્યા વિના પણ માત્ર પ્રેરણાથી હાથ વિગેરે એની સેવામા એનુ ફરમાન અંગિકાર કરવામા પ્રવૃત્ત થઈ જાય છે આ ન્યાયે એ વ્યાપ્ત હોવાથી ઉપર પ્રમાણે દરેક જગાએ એની પ્રેરણાએ અમલમા આવી શકે કે પીંડે તે બ્રહ્માંડે સ્વભાવ સામાન્ય જ છે ભિન્ન ભિન્ન પાત્રોમા રમણ કરનાર દિવ્ય આત્મસ્વરૂપમય છતા દેહાધ્યાસથી અહંમમત્વને પ્રાપ્ત થનાર મનુષ્ય! તારો મોટાઇ, અને અતુલ સામર્થ્ય આ સ્થળ સ્થળ પરમાણુઓ અરે અજ્ઞાન આવરણમા રમનાર મનુષ્ય સુદ્ધા પણ આકર્ષી શકે છે સત્ચિત અને જડ ભાવનાઓનુ મને પ્રયોજન નથી જીવન પણ લાંબુ અને મારૂં જ ભોગવવાનુ તુ ધારે તો તે પણ તારે માટે અપ્રાપ્ય નથી ગત જન્મની યોગભ્રષ્ટ ભાવનાઓ કે આત્મસ્વરૂપ દર્શન પ્રાપ્ત કરી શેષ રહેવાથી તેની દૃઢ પ્રતીતિ પૂર્ણ કરવાની ભાવનાઓ જ્યાં અને મહાન જીવન ઉત્પન્ન કરે છે કેમ કે તેમા દૃઢ થવાનો તો અવશ્ય લગાણ ભર્યો સમય જ હોવો જોઇએ તેવી દર્શના સ્ફુરણ સાજ થતી નથી અગર કદી આવા પ્રકારની ભાવનાઓ હોય તો પણ પૂર્ણ આયુષ્ય મોજ મજાહ અને આનન્દપૂર્વક તમે ભોગવી શકશો માટે દરેક ભાવનાને ઉન્નત જ કરો માયિક પ્રવૃત્તિથી જ દેહોત્પત્તિની હસ્તી છે અને તેવી માયિક પ્રવૃત્તિમાથી વધુ એની અસરમા રહતા મનનવાનુ મુશ્કેલ છે અને તેથી તેવી ભાવનાઓ હમેશા વામે વખતે દર્શાય છે માટે જ આવી ભાવનાથી દેહધારીઓના લાંબા આયુષ્ય,તેવા સંભવિત છે તેના સંસારી જીવનની ધુંસરી નિરૂપાધિક સરળતાથી તથા આનન્દ યુક્ત આવે છે આવી ઉચ્ચ ભાવનાઓને આ પરિણામો આવવા સંભવિત છે એમ માની શકાય છે મનુષ્યનુ કર્તવ્ય છે કે તેણે પોતાની ભાવના અને વિચારો ઉપર પ્રમાણે જેમ બને તેમ ઉચ્ચ બનાવવા નાક અને તીન તૃષ્ણામા ભોગ વિનાસની આસક્તિના દર્શા તથા અશુભેચ્છક વૃત્તિઓમા રહેનારને પ્રાપ્ત થતા ફળ અનિષ્ટ જ હોય છે પોતાનુ શુદ્ધ સ્વરૂપ જાણનારને એવી ભાવના થતી જ નથી કેમ કે તે જાણે છે કે એવી કોઇ શક્તિ નથી કે મારી જરૂરીયાત અને ઇચ્છાને આડે આવી શકે તેની, સાત્વિક, અને સાત્વિક વૃત્તિઓમા કોઇ પ્રસંગે ફેર થતો જ નથી, બધા તેના પોતાના જ સ્વરૂપ ભાસે છે અને તેથી તે સર્વ પ્રત્યે પ્રેમ અને મનાનુસાર ના આચરણો જ પ્રવર્તે છે તેની દરેક ઇચ્છા આત્મસ્વરૂપને અવલંબી હોય

છે સર્વમા વ્યાપી રહેલ એવી આત્મસ્વરૂપની પ્રભાવશાળી ભાવનાઓ જ બીજા પ્રત્યે અસર કરી શકે છે તે સિવાયની રાગદ્વેષયુક્ત ભાવના, તે જ કરનાર પ્રત્યેક અસર કરતી હોવાથી તેને જ હાનિકારક થાય છે રાંક ભાવનાઓવાળો પોતે રાંક જ બને છે મારે અમુક મળે હું અમુક થાઉં એવી માગ માગ કરવાની કે મમત્વવાળી ભાવના તેને માગણ અથવા દરિદ્રી જ બનાવે છે વિષયભોગની ઇચ્છામા અતિ આસક્ત થનારને તેના ફળ કડવા જ આવે છે જગત આનંદસ્વરૂપ જ છે અને તેમા કોઇને દીલગીરી કે શોક લાવવા અગર પ્રવર્તન કરવા અખત્યાર નથી છતા તેમ કરનાર પોતાની કસુરનો ભાગી થાય છે સ્વસ્વરૂપને જાણ્યા કે સમજ્યા સિવાયની ભાવાઓ—નિ સાર ભાવનાઓ પ્રામલ્ય વિનાની હોય, તેમ જ તે બીજા પ્રત્યે લાગુ થાય નહી એમ માનવુ કોઈ રીતે અનુચિત નથી યોગદર્શનના જ્ઞાન અને અભ્યાસથી પૂર્વ સચિત ભાવનાઓ જાણી શકાય છે મતલબ જ્ઞાનદ્રષ્ટિએ તે પણ અગમ્ય નથી આ દરજ્જે જ પહોચનારની વૃત્તિ શુદ્ધ ભાવનાથી હમેશા દુર હોઈ શુભકર્મી જ હોય છે અને ત્યા લગી નહી પહોચનાર પૂર્વભાવનાઓ કેવી હતી એ સ્પષ્ટ જાણે નહી ત્યા સુધી તે સારી જ હતી એમ માને તે જ ઇષ્ટ છે આનંદમય રહેવુ, એ મતલબે શાસ્ત્ર પ્રતિપાદન કરે છે અને તેમા દૃઢ શ્રદ્ધા રાખવી એ આવશ્યક છે મહાન બુદ્ધિશાળી તત્વચિંતક મહાત્માઓ અ અપાર ઉદ્યોગથી શોધી કહાડેલા અવર્ણનીય સત્યોનો મહિમા અગાધ છે કઠોપનિષદ્મા કહેલુ છે કે —

एतदेवाक्षर ब्रह्म एतदेवाक्षरम्परम् ।
एतदेवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ॥

મતલબ કે બ્રહ્મને જાણીને જે જેની ઇચ્છા કરવામા આવે છે તે તેનુ થાય છે આવી શુદ્ધ અને સત્યભાવનાઓ કરનારનુ આરબ્ધ ખરાબ હોઇ શકતુ નથી શ્રીમદ્ ભગવદ્ગીતાના વચન પણ તેના જ છે

अनन्याश्चिन्तयन्तो मा ये जना पर्युपासते ।
तेषा नित्याभियुक्तानां योगक्षेम वहाम्यहम् ।

અનન્યભાવથી બ્રહ્માની ઉપાસનાના પરિણામે યોગ ક્ષેમ નિરૂપાધિક રીતે ચાલે છે એવો ફલિતાર્થ આમા પણ છે અને તે તમામ પરથી એમ જણાય છે કે આવી ભાવનાઓ જે દેહમા આવૃત થએલી હોય તેનુ પ્રારબ્ધ અથવા ગત જન્મની ભાવનાઓ તેના મૂળરૂપે તેવી જ હોવી જોઇએ એમ માનવુ નિ સશય છે સબબ, સશયાત્મક વૃતિઓ દૂર કરી જે લક્ષ્ય બિંદુ સત્યના મહાન નિયમપર અવલબી રહેલુ છે તે જ ગ્રહણ કરી જગતની તુચ્છ ભાવનાઓ ત્યાગી દેવાથી પ્રાયઃ જીવનને ઉન્નત અને શ્રેષ્ઠ પણ બનાવી શકાશે આમ કરવાથી માનવજીવનનુ સાર્થક થશે તથા વિચારપ્રદેશમા ચૈતન્યપ્રભા ઝળકી નિકળશે

પ્રાસંગિક વિચાર

લેખક–રા. રમણીયરામ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી

૧ પંજાબની ભયગ્રસ્ત દશા અને પરિણામ

હિન્દની તેત્રીસ કરોડની બ્રિટીશ સામ્રાજ્યની પ્રજામાં રાજદ્રોહ અને રાજ્યક્રાન્તિના લક્ષણો બહુ ઓછા છે અને મિત્રવાળા છે એવી માન્યતાને અંગે તેની પ્રજા સમગ્રતને તદ્દન નિઃશસ્ત્ર કર્યા પછી પણ, દેશના જાહેરજીવનના પ્રબલ પોષક છાપખાનાઓ અને વર્તમાનપત્રો ઉપર "પ્રેસઍક્ટ" રૂપી પ્રચંડ તીક્ષ્ણ તરવાર લટકતી મુકી પ્રજાના લોકજીવનના પોષક તત્ત્વને હમેશા ભયમાં મુકયા પછી પણ, અને તે સિવાય "સ્નેહ, શાન્તિ અને સુરાજ્ય–સુવ્યવસ્થા"ના નામથી અનેક કાયદાઓ રચાયા–યોજાયા અને અમલમાં મુકાયા–મુકાતા છતાં પણ બ્યુરોક્રસી સત્તા પુરતી રીતે સાધનસંપન્ન નથી એ કારણ દર્શાવી રાઉલેટ બિલનો નવો ફોજદારી કાયદો કમિશનની ટેમ્પરીઓપરથી હિન્દના વિશાળ મેદાનપર ધડકેથી દેવામાં આવ્યો છે અને એ બાદ પછીનો ઇતિહાસ પ્રજાને પુરતો માહિત છે એટલે અત્રે એનું વિવેચન નિરર્થક છે પરંતુ એ ઇતિહાસ-પ્રસિદ્ધ પ્રસંગના પરિણામે પંજાબના પ્રજાજનોમાંના કેટલાક ઉપરાંત ત્યાંના આગેવાન લોકનાયકો લાલા હરકિસનલાલ પંડિત રામભજ દત્ત ચૌધરી, ડૉ સત્યપાલ, ડૉ કિચલુ ને બાબુ કાલિનાથ રૉય આદિને જે સખ્ત શિક્ષા કરવામાં આવી છે તે સ્હામે પ્રજાસમસ્તે પોતાનો સખ્ત વિરોધ દર્શાવ્યો છે, તેમાં અમ્હે અમ્હારો નમ્ર સૂર પુરવાની અત્યારે જરૂર જ સ્હમજીએ છીએ એ પંજાબી આગેવાનોમાંના કેટલાક સંબંધમાં જે શિક્ષાનું પ્રમાણ ઓછું કરવામાં આવ્યું છે તે એક રીતે સન્તોષકારક ગણી શકાય પરન્તુ એ સર્વ મહાપુરુષોને એક પણ દિવસ કે એક ક્ષણ પણ જે શિક્ષા ભોગવવી પડી છે કે પડશે તે કેવળ અન્યાયથી રંગાયેલી રહેશે લૉર્ડ ચેમ્સફર્ડ આદરેલા આ જોહુકમી કાર્યો સ્હામે પ્રજાના પ્રતિનિધિઓએ જો કે સખ્ત પોકાર ઉઠાવ્યો છે, છતાં પણ અમ્હારા નમ્ર મત પ્રમાણે પ્રજાએ પોતાનું પુરેપુરૂં કર્તવ્ય બજાવ્યું નથી પંડિત માલવિયજી અને બીજા ઘણાઓએ મિ મોન્ટેગ્યુને આ તોફાનો સમ્બન્ધમાં નિષ્પક્ષપાત રીતે તપાસ કરવા માટે સૂચવ્યું છે એ ખરૂં છે મિં મોન્ટેગ્યુને અનેક વ્યવસાયપરત્વે એ કાર્ય હાથમાં લેવા હજી અવકાશ મળ્યો નથી, હિન્દની બ્યુરોક્રસીના આ કૃત્ય માટેનો તેનો હિસાબ હજી કોઈએ પુછ્યો નથી તેથી વખતે જરૂરનું છે કે હિન્દના જ લોકનાયકોએ પોતે આ કાર્ય ત્વરાથી ઉપાડી લેવું જોઇએ અને પ્રજાની સ્વતન્ત્ર કમિટિઓએ સચોટ તપાસ કરી બ્રિટિશ પાર્લમેન્ટ પાસે, જગતની પ્રજાઓના મહાસભા—લીગ ઑફ નેશન્સ પાસે પોતાનો સત્તાવાર બ્હેનાન રજુ કરવો જોઇએ અને જ્યાં સુધી એમ થશે નહિ ત્યાં સુધી હિન્દને પોતાની પ્રતિષ્ઠા સાચવી રાખવાનો હક્ક શો છે એમ અમ્હે પુછીએ છીએ નામદાર સરકાર પોતાનાં કર્તવ્ય ના કરે તો તેમને તે કરતાં શિખવવાનું કર્તવ્ય પ્રજાનું છે કાયદાસરની લડતો લ્હડી જગતની પ્રજાઓ પાસે પોતાનું ગૌરવ પોતે સાચવવાનું છે અન્યાયથી અને જોહુકમથી જ

રગાયની આ સખ્ત શિક્ષાએ અને એ શિક્ષાને પાત્ર બનેલા દેશના મહાનુભાવિત અને સુશિક્ષિત અમલદારોને થયેલા આ અન્યાય સ્હામે પ્રજાએ દેશસમસ્તના ખુણેખુણામા ચોમેર જાહેર સભાઓથી સખ્તમા સખ્ત વિરોધ દર્શાવવો જોઇએ જ્યા સુધી ન્યુરોક્રસીના આવા અન્યાયભર્યા પગલાનો હિસાબ લેવાને ... જગતની પ્રજાઓના એ સત્ પાસે મુ વામા આવશે નહિ ત્યા સુધી ન્યુરોક્રસીનો અમલ સ નદીન થશે નહિ મ સન્ન ઑડ્વાયર અન્ડ કંપનીના રાજ્યમાગ્ભારનો હિસાબ, સતનરીને જ્યા સુધી તપાસાશે નહિ અને ગુન્હેગારને યોગ્ય શાસન મળશે નહી ત્યા સુધી હિન્દની પ્રજામા અસતોષ મૂળ જરૂર જ રહેવાના અમ્હે ઈન્ડીએ કહીએ ... થી મત્ય હેવાની જરૂર લાગે છે કે પ્રજામા ઉ ... ગ લેના અસતોષના આ બીજ એ જ મ ગ નિમ ... બીજો ઉપાય છે ... હોઈ જ શકે નહિ મહાત્મા ગાંધીજી અને પંડિત માલવિયજી જેવાના નેતૃત્વ નીચે આ સબન્ધમા યોગ્ય કમિટિઓ નીમાય એ બહુ જ ઈચ્છવા યોગ્ય છે

૨. સ્મારક યોગ્ય અધિકારીઓ!!

પજાબના છેલ્લા તોફાન વખતે બનતા પ્રસગોનો ઈતિહાસ પ્રગટ પામે અત્યારે તો થોડો થોડો — ત્રુટક ત્રુટક જ મળ્યા કરે છે ત્યાના માજી ગવર્નર માઇકલ ઑડ્વાયર ... પોતાના કુખે એક જ વીરરત્ન જન્મ્યા છે એ સાહેબનુ એક મહાસ્મારક ઉભુ થવાની જરૂર છે ... અને કમ ... અશાન્ત જીવન ઉભુ કરવા માટે એમનુ નામ પંજાબમા તો ખાસ કરીને અમર થયુ છે દેશી ભાષાઓની કહેવત પ્રમાણે એમને તો સાથે પહેલા નમસ્કાર કરવા પડશે હેસ્ટીંગ્સની તપાસ બ્રિટીશ પાર્લમેન્ટે કરી હતી તે વખતની બ્રિટીશ પ્રજા હાલ જેટલી લોકશાસક ન હતી તો હજારો નિર્દોષને હાનિ પહોંચાડનાર આ માજી અધિકારીનો હિસાબ ... પ્રતિનિધિ વર્તમાન પાર્લમેન્ટ અને બ્રિટીશ પ્રજા નહિ પુછે શુ? હિન્દની પ્રજાએ એમનું સ્મારક ઉભુ કરવુ જોઇએ અને તે સાથે લયનાપુરના કર્નલ સાહેબ હોગસન જેવા અનેક અધિકારીઓના ... એ સાહેબે ગઈ ૨૪ મી એપ્રીલે પ્રજાને માર્શલ લૉની રૂએ ફરમાવ્યુ હતુ કે ના. સમ્રાટના મોટા-અધિકારીઓને લોકો બરાબર માન આપતા નથી માટે તેમની પત્નીને યોગ્ય સૌ કોઇએ તેમને સલામ કરવી અને દેશી સદ્ગૃહસ્થોને અપાતા સન્માન તેમને આપવા એટલે કે ... ગાડીમા કે એવી રીતે જનારા મુસાફરોએ ગાડીમાથી કે ઘોડા પરથી ઉતરીને, અને છત્રીઓ લઇને જતા મુસાફરોએ છત્રી નીચી રાખીને એ અધિકારીઓને એમણે સલામ કરવી નહિ તો હાર્યે જય જય (!) કરવા ના. સમ્રાટના આ અધિકારીઓને પોતાને ના. સમ્રાટને માટે કે બ્રિટીશ સામ્રાજ્યને માટે જે માન છે તેનો કેટલામો ભાગ આવા અક્કલવંત અધિકારીઓને હશે એ તેમના પોતાના જ ... કહી શકશે આવાના સ્મારકો હિન્દમા ઉભા થવા જ જોઈએ એવી ... કરે તો બેશક પ્રજાએ સ્વીકારી લેવી જોઇએ આપણા દેશમા આવા તો ઘણાએ પાક્યા હશે એમનુ વસ્તીપત્રક કરાય તો અક્કલવંતના પ્રદર્શનમા એ યાદી બહુ ઉપયોગી નીવડે ... પાર્લમેન્ટ

---

* ... સસાર પંપુ (...) રૂ ૦—૧૨—૦ એન એમ ત્રિપાઠી એન્ડ કં, મુંબાઈ

હજી ક્યાં સુધી આવા આક્રમણને હિન્દમાં મોકલ્યા કરશો ? આજ પ્રમાણે દિલ્હીમાં પણ ત્યાંના ખ્યાતીતા અને લક્ષ્મીવાન્ ગૃહસ્થોને પોલીસ તરીકેનો પોશાક પહેરી, શહેરમાં ફાનસ ફેરવાનો અને શુ હથિયારો પકડવા માટે કે તોફાન થતા અટકાવવા માટેનો હુકમ ત્યાંના કમિશનર સાહેબે બે માસમાં કહાવ્યો હતો. આવા આવા અર્થહીન અને અનર્થકારક હુકમો અને અપમાનકારક-ખાનગીખર્ચી કમો કરનાર મિજાજ અમલદારોના હમારામાં વધતી બનાવ જાય એમાં અજાયબ જેવું શું? પ્રભુ એમને કોઇ સારી બુદ્ધિ નહિ આપે ? આ આકાશકુસુમવત છે, પણ આવાઓનું વસતીપત્રક તો જરૂર કરવાની અગત્ય છે એ કોઇ નહિ કહે ?

૩ ગુજરાતની આવતી પરિષદો

(ક) ત્રીજી ગુજરાત રાજકીય પરિષદ બે ત્રણ દિવસ ... ... ભરાવાની છે. તે હવે પ્રસિદ્ધ થઇ ચૂક્યું છે. આજ ગુજરાતના ... ... જનમાં ... રસ લેવાય છે, દેશની રાજકીય ઉન્નતિમાં પ્રયોગના અને ... ... ધુમે છે એ એક રીતે સંતોષની વાત છે. ઉપરાંત બેઠકી પણ આવી ... ... ગુજરાતની રાજકીય પરિષદોનો ઇતિહાસ જોતાં—એ પરિષદોના કાર્યક્રમ ... નિરીક્ષણ કરતાં ... સંતોષ થાય છે ... તેનો એક ... ... જણાઇ છે. એના પરિણામે જે જે સ્થળે પરિષદો ભરાય છે ત્યાં ત્યાંના ... ... અસંતોષ બીજ રોપાયા છે. ગોઠવણ કરતાં ... ... કે જે ગામમાં કે શહેરમાં કોન્ફરન્સ ભરવામાં આવે ત્યાંના આગેવાન ... ... તમને વધુ ... ... આપીને કાર્ય કરવાના જ આપણી ફરજ ઊભી રહે છે ... ... વાત ... ... વિસરાઇ ગઇ હતી અને તેથી પરિણામ સુંદર ... ... થયું નથી ... ... સફળ બનાવવા માટે ... ... આગેવાન ગૃહસ્થોને પોતાને મળેલા અસંતોષના કારણો એમણે ... ... છે. ભવિષ્યમાં આ વાત પરિષદના ... ... એવી આશાથી જ આ ... સૂચના કરવાની ... ... જરૂર લાગે છે. ગુજરાતના ... ... જનમાં અત્યારે પરિષદોદ્વારા ને તેને અંગે ... ... ઉપભોગ આપીને પણ કામ કરતા યુવાન બન્ધુઓના ઉત્સાહને અને કામને જોઇને સર્વ ... ... સાથે સાથે અભિમાન થયા વિના રહે એમ નથી, પણ પરિષદોના ... પહેલાં ગુજરાતના કેટલાક ગુજરાતીઓએ પોતાના શહેરના કે ગામના જાહેર જનમાં સાધન અને સમયની અનુકૂળતા પ્રમાણે પણ યથાશક્તિ સારો ભાગ લીધેલો છે એ વાત અત્રે કહેવાની જરૂર છે. પરિષદના ... ... આ વાત લક્ષ્યમાં રાખવી જ જોઇએ અને તેના ... ... વ્યવહારમાં તેમની સાથે જ મળીને ... માર્ગે જવું જોઇએ. સ્વરાજ્ય લેવાની આગ્રહપૂર્વકની ... ... ને ત્યારે જ ન્યાય મળી શકે ને ત્યારે જ આપણી લાયકાત વધી ગણી શકાય.

રાજકીય પરિષદ્ તરફથી પ્રગટ થયેલો બંધારણનો ખરડો આજ એ ન્ન અધુરો પ્રસિદ્ધ થાય છે અમને ગઈની પરિષદોના સંપૂર્ણ હેવાલના રીપોર્ટો બહાર પડ્યા નથી, કે પરિષદોએ નીમેલી જુદી જુદી સમિતિઓના કાર્ય પરિણામો હજી બહાર આવ્યા નથી !! એ શું સૂચવે છે ? કે કામ કરવા માટે ગુજરાતમાં માણસોની કાં તો ખોટ છે કે કાર્યની વ્હેંચણી કરવાની અગત્ય ચાલકોએ જોઈ નથી આટલે વખતે પણ આ ખરડો પ્રગટ કર્યો છે એ માટે એમને ધન્યવાદ આપીશું અને સૂચવીશું કે એ ખરડો ગુજરાતના જાણીતા ગુજરાતીઓને મોકલી તેના ઉપર વિવેચન–સુધારો–અભિપ્રાય સૂચવવાનું આમંત્રણ મોકલવું એટલું જ નહિ પણ આપણે આશા રાખીશું કે કેટલાક અનુભવી અને બુદ્ધિશાળી ગુજરાતીઓને ખાનગીમાં મળીને પણ એમની સૂચનાઓ લેવામાં આવશે તથા એ સૌને પરિષદમાં એ ચર્ચા–નાવવા માટે પુરતો આગ્રહ થશે આપણે આ પરિષદમાં ગુજરાતના સંભાવિત ગુજરાતીઓ અતિ નિરાશા જનક ભાગ લે છે એ એમને માટે જરાકે વ્યાજબી ગણાતું નથી ગુજરાતના જીવનપ્રશ્નોમાં ગુજરાતીઓ રસ લઈ ધમશે નહિ તો કોણ ધમશે ? મુંબાઈથી ગોધરા જવું કે નડિઆદ જવું કે સુરત જવું કે તે જ પ્રમાણે અમદાવાદથી સુરત ગોધરા કે નડિયાદ જવું એમાં ખર્ચનો બહુ પ્રશ્ન રહેતો નથી, તેમાં યે વકિલો, સારા ધંધાદારીઓ અને ધનિક વિદ્વાનોને તો એ પ્રશ્ન રહેવો જ જોઈએ નહિ વળી ગુજરાતના મુખ્ય મુખ્ય શહેરોમાં ને ગામોમાં તો ગુજરાતીઓને પોતાનો મિત્ર કે પોતાના સગા વ્હાલા અને સંબન્ધીઓ પણ મ્હોટે ભાગે હોય છે તેવી અનુકૂળ સ્થિતિમાં પરિષદમાં આપણા સંભાવિત ગુજરાતીઓ મ્હોટા પ્રમાણમાં હાજરી આપે નહિ એ કેવળ શરમાવનાર જ ગણી શકાય અમ્હે ઈચ્છીએ છીએ કે ચાલુ વર્ષે સુરતમાં ભરાનારી ગુજરાતની રાજકીય પરિષદમાં આ સર્વ ભાઈઓ અને ગૃહસ્થો જરૂર પધારશે જ ને પરિષદના મંડપને અને મુખ્યત્વ એના કાર્યવ્યવહારને સંગીન મદદરૂપ બનશે

સુરતની આ રાજકીય પરિષદમાં પ્રમુખ કોણ થાય એ પ્રશ્ન આજ ઘણાને થતો હશે પરિષદના પ્રમુખ તો જે જીલ્લામાં પરિષદ ભરાતી હોય તેની બ્હારના જ જીલ્લામાથી પસંદ થવા જોઈએ નડિયાદના મંડપે કરેલી એ ભૂલ ફરી થવા ના પામે એ ખાસ જોવાનું છે બીજી વાત ગુજરાતના જાહેરજીવનથી જેમ બને તેમ મ્હોટા ભાગે જે જાણકાર હોય, તેમાં પુરતો રસ લેતા હોય, જાહેરમાં પ્રતિષ્ઠા અને સન્માનને પાત્ર હોય અને પરિષદના વ્યવહારો દક્ષતાથી સાંગોપાંગ અમલ કરે એવા ગૃહસ્થની અને તે પણ ગુજરાતીની જ પસંદગી થવી જોઈએ મુંબાઈમાં રહેતા કચ્છી બિરાદર રોડીઆઓ કે મદ્રાસ–પુના પંજાબમાં રહેતા પારસી બિરાદરો ગુજરાતના પ્રત્યક્ષ જાહેરજીવનથી કે ગુજરાતને લગતા અનેકવિધ ન્હાના મ્હોટા પ્રશ્નોથી બહુ મ્હોટે ભાગે અજાણ્યા જ હોઈ ગુજરાતથી દૂર તેટલા દૂર જ છે અને રહે આવા સંજોગોમાં એમની પસંદગી ગુજરાતની પરિષદોના પ્રમુખ તરીકેની હોઈ જ શકે નહિ દેશ સમસ્તના જીવનમાં ગમે તેવી ઉંચી પદવી એમણે મેળવી હોય તે પરથી એવું કોઈ રીતે ફલિત થતું નથી કે એવા ગૃહસ્થો પ્રમુખપદ માટે લાયક નર ગણાઈ શકાય ગુજરાત માટે તો એના જ **જાહેર જીવનના અને લોકજીવનના પ્રશ્નોથી સર્વથા સંપૂર્ણરીતે જ્ઞાત હોય અને એમાં રસ લેતા હોય એવા જ ગુજરાતીઓમાથી પરિષદના પ્રમુખ પસંદ થવા જોઈએ.** આ દૃષ્ટિએ જોતા અમ્હને અત્યારે નીચેના ગૃહસ્થોના નામ વધારે યોગ્યતાને પાત્ર લાગે છે —

૧ સર ચિમનલાલ હરિલાલ સેતલવાડ, મુબાઈ
૨ ધી ઑ. મિ ગોકળદાસ કહાનદાસ પારેખ, મુબાઈ
૩ રા. ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી બી એ એલએલ બી, મુબાઇ
૪ ઑ રાવસાહેબ હરિલાલ દેસાઇભાઈ દેસાઈ, બી એ, એલએલ બી, અમદાવાદ,
૫ રાવસાહેબ અંબાશંકર મહારાજ, વકિલ, ભરૂચ આ સર્વ સદ્‌ગૃહસ્થો ગુજરાતમાં સર્વેને જાણીતા જ છે અને આશા છે કે પરિષદ્‌ની સ માનદારિણી સભા આ ઉપર યોગ્ય વિચાર ચલાવી પ્રમુખ તરીકે* લાયક ગૃહસ્થની લાયક જ નિમણુક કરશે અમુક ગૃહસ્થ અમુક જ પક્ષના છે અને અમુકના નથી એ કારણ તેની પસદગી વખતે વિચારવા કરતા એમની યોગ્યાયોગ્યતા જ જોવી જોઇએ

(ખ.) ત્રીજી ગુજરાત કેળવણી પરિષદ્‌.

ભરૂચ મુકામે ઈ સ ૧૯૧૭ મા મે વર્ષ પૂર્વે ભરાયલી બીજી ગુજરાત કેળવણી પરિષદ્‌નો સમારભ પુરો થતા ૧૯૧૮ મા નડિઆ મા આ પરિષદ્ ભરવાનો ઠરાવ કરવામા આવ્યો હતો ગયે વર્ષે દુકાળના અને અન્ય મોંઘવારીના વખતના કારણો નીચે ગુજરાત કેળવણી મડળના સત્તાધિકારીઓએ નડિઆ મા પરિષદની બેઠક ભરી નહતી નડિઆ ના ગૃહસ્થોએ આ સ્હામે પોતાનો વિરોધ દર્શાવ્યો હતો તે પછી આવતે વર્ષે એટલે આ વર્ષે ૧૯૧૯ મા ભરવાનો વિચાર નક્કી કર્યો હતો ચાલુ વર્ષ અદ્યાપિપર્યંત તે બાબતમા હજી કાઇપણ વિચાર થયો નથી એ કેવળ ખેદજનક જ છે આશા છે કે કેળવણી મડળ આ બાબતમા યોગ્ય પગલા વેળાસર જ લેશે અને પરિષદ્ ક્યા અને ક્યારે કેવા ધોરણ ઉપર ભરવી તે સૌ નિશ્ચિત કરવામા આવશે કેળવણી પરિષદ્‌ના પ્રમુખ તરિકે જુનાગઢના કેળવણી ખાતાના ચિફ એજ્યુકેશનલ ઑફિસર અને ગુજરાતના જાણીતા લેખક રા છગનલાલ હરિલાલ પડ્યા બી એ, રાવસાહેબ કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી એ, રા કેશવલાલ હર્ષદરાય ધ્રુવ બી એના નામોમા સર્વથા અનકૂલ નીવડશે આ ત્રણે ગૃહસ્થોને પોતાને કેળવણી ખાતાનો લાબા કાળનો પુરતો અનુભવ છે અને એમાથી કોઇની પણ પસદગી પરિષદ્‌ને સફળ નીવડશે મડળના પ્રમુખ રા ગાધીજીનુ લક્ષ્ય આ તરફ દોરાશે એવી આશા છે.

(ગ) ત્રીજી ગુજરાત સસાર સુધારા પરિષદ્,

ગયે વર્ષે નડિયાદમા નિશ્ચિત કર્યા પ્રમાણે આ પરિષદ્‌ની ત્રીજી બેઠક આ સમયે સુરતમા જ ભરાશે બીજી કોઈ પણ પરિષદોના કરતા આ પરિષદોના વ્યવહાર માટે તો ગુજરાતમા બહુ મત ભેદ સ્વાભાવિક રીતે ઉભો થાય છે પણ અમ્હારૂ માનવુ છે કે એ મતભેદને મ્હોંમા જ ટાળી શકાય એમ છે સ્વરાજ્યના હક્ક માગનારાઓ ા ક મ્હોટા સમૂહમા સસાર સુધારાના અનેક પ્રશ્નો સબન્ધમા બે અભિપ્રાય ધરાવનારા પક્ષો છે એ બન્ને પક્ષ સમય સાધનનો અને વ્યવહારને વધારે નિકટપણે સ્હમજવાનો પરિશ્રમ લેશે તો આ પરિષદ્‌ને અગે લેવામા આવતો સર્વ પરિશ્રમ સફળ થવાનાં ચિહ્ન વધારે નજદીક છે જગતના પ્રવૃત્તિરથમા-હિન્દનો પ્રગતિરથ ઇશ્વર કૃપાયે ઠીક વેગથી ચડી ગ્યો છે અને તેમાયે હિન્દના સર્વ પ્રાન્તોમાંનો ગુજરાત પ્રાન્ત પણ પોતાનુ કાર્યક્ષેત્ર વિશેષ ઉદારતાથી અને ઉદાત્તતાથી વિશાળ કરતો ગ્યો છે તેવા સમ-

ચમા કેટનાક આશાવાદીઓ આનાના ઉડ્ડયનોમા જ રમતા લૂમના ગી પ્રજાના મ્હોટા ભાગને ભૂલી જવાનો દોષ અજાણતા કરી રહ્યા છે એ વાતની પ્રતીતિ મ્હેજે થઈ શકે એમ છે સસાર સુધાર ના પ્રશ્નોની યોગ્ય વિચારણા ઉપર દેશની પ્રગતિનો આધાર કેટલો રહ્યો છે એ વાત વર્તમાન ગુર્જ પ્રજાની મહ્મજ્જનાની બગલ ગી નથી તાતસ્યકૂપ ના ન્યાયને પાટલાઓની વિમટતાથી વળગી પોતાના અભિપ્રાય ફેલાવવાનુ અને તેને જ પ્રતિપાદન કરવાનુ કાર્ય કરનાર વર્ગની નવી જાણી સાતાના કાલની કોઈ નિશ્ચિત રેખા કે નથી જાણતી પ્રજાના કલ્યાણ માર્ગે આરોહણ કરતી કે ઉદાર પ્રવૃત્તિઓ ત્યારે પ્રજાના નવીન વર્ગની અભિલાષાઓ દિન ઉગે વધતી જાય છે અને એમની એ અભિલાષાઓને પોતાના પ્રવૃત્તિમાર્ગે દોરનારા ને પોષનારા બીજા વર્ગમા એક 'બડખોર' વર્ગ ઉભો થયો એ 'બડખોરો' ને પોતાના વહાલા સબળ કારણો કે હિન્દુસસારની કૃત્રિમ રૂઢિઓના પાશમા એ બડખોરા રહેવાનુ પસંદ કરે નહિ અને સ્વતંત્રતાના માર્ગે મળતી ના હોય ત્યા જોર જુલમથી ખચતી લેવાના પ્રયત્નો કરે એ કેવળ સ્વાભાવિક છે, એટલુ તો સહજ ઉદાર દૃષ્ટિથી જોનારને લાગ્યા વિના રહેતુ નહિ આ બન્ને પક્ષના તરફેણમા અને વિરૂદ્ધમા મૂકાય એવી દલિલો છે તાતસ્ય કૂપ ના ન્યાયને વળગી રહેનારા વર્ગ પોતાની કોઈ પણ નિશ્ચિત યોજના પ્રજા પાસે વિચાર માટે મૂકવાનુ જાણ્યુ ન થી દૃષ્ટાન્ત તરીકે પરદેશ ગમનના વિરોધમા તેમની યોજના પ્રજા જાણતી નથી, જ્ઞાતિસુધારણની વ્યવસ્થાઓ અને સમુદ્ર પ્રયાણના પ્રતિબંધોને પોષક તત્વોની યોગ્યતાના પ્રમાણો કયા સુદૃઢ પાયા ઉપર એ રચના માગે છે એ પ્રજા જાણતી નથી સ્ત્રીઓને મત આપવાના અધિકાર નથી તેની તરફેણમા વિચારશીલ મગજોને પોતાના મતમા ભેળવે એવા સબળ કારણો અપાતા નથી અને આવી રીતે હિન્દુસસારના જીવનપ્રશ્નોમા અતિ અગત્યના સ્થાન ભોગવતી પરિસ્થિતિઓ સમજવમા વિચાર કરવા માટે એ પક્ષે અતિ ઉદાસીનતા દર્શાવી છે ધર્મ અને નીતિના કેવળ સૂત્રો જ ટાંકવાથી કે હજારોવર્ષ પહેલાના પ્રાચીન ઋષિમુનિઓના જીવનચરિત્રોમાથી છૂટક છૂટક દૃષ્ટાન્તો ટાંકવાથી જ વર્તમાન પ્રજા તેમનો સ્વીકાર કરે એ સ્થિતિ લાંબો વખત ચાલુ રહી શકે એવો સંભવ જ નથી જુના પક્ષે નવી દૃષ્ટિથી ને નવા દૃષ્ટિબિન્દુઓથી દેશની પરિસ્થતિના વિચાર કરવાની અગત્ય છે અને એ અગત્ય સમજી સમાજ સુધારાની પરિષદોપર કેવળ દોષ જ દેવાના કામ કરવાથી દૂર થવાની જરૂર છે બહુ દુઃખની વાત છે કે આ પરિષદો અને એના કાર્યવાહકોને કેવળ ગાળિપ્રદાનથી જ વધાવી લેવાનુ કાર્ય વિદ્વત્તાની શુષ્ક અહતામાં તણાઇ રહેતા કેટલાક ગુજરાતી ભાઇઓ લઈ બેઠા છે એ વર્ગમાના આવા કેટનાક વિદ્વાનભાઈઓની વિદ્વત્તાને એ શોભતુ નથી એવી નથી સચવાતી ધર્મયુદ્ધની કે નીતિયુદ્ધની નીતિ પરન્તુ એથી વિદ્વત્તા કલંકિત થાય છે અને પ્રજાને બુદ્ધિવ્યાપારમા ગેરવાના કેટલીમૂખતા અને અંધકારના કાળા પાશમા ઘેરી લેવાનો દોષ થાય છે ગુજરાતનુ–દેશનુ હિત ગાળિપ્રદાનથી–પોતાના જ જાતિભાઈને કેવળ નિન્દવાથી સરતુ નથી અને સરવાનુ નથી અમે અંત કરણથી ઇચ્છીએ છીએ કે આ પરિષદની બેઠકમા ગઈ બન્ને બેઠકોની માફક ગુજરાતીઓ પુરા ઉત્સાહથી ભાગ લેશે નૉ આનન્દશંકર બાપુભાઇ ધ્રુવ કે રાજકોટના જાણીતા વૃદ્ધ નાગરિક રા કલ્યાણરાય જેઠાભાઈ બક્ષી કે વડોદરાના રા ગોવિન્દભાઇ હાથીભાઇ દેસાઇ બી એ, એલએલ બી કે અમદાવાદના રા જીવનલાલ બૅરિસ્ટરમાથી કોઇની પણ પસદગી

પરિષદની બેઠકો અનુકૂળ જ નીવડશે. પ્રથમ તો ગૃહસ્થો સનાતન ધર્મના સિદ્ધાન્તોને નિકટ પણે સમજતા થશે અને વિદ્વાન કોઈ પરિષદને સર્વથા સિદ્ધિ આપશે એવી આશા વધારે પડતી નથી.

(ચ) છઠ્ઠી સાહિત્ય પરિષદ.

૧૯૧૫ માં સાહિત્ય પરિષદની ચોથી બેઠક સુરતમાં રા. નૃસિંહરાવ દિવેટિયાના પ્રમુખપદે મળ્યા પછી આજે ચાર વર્ષે એની છઠ્ઠી બેઠક આવતા ડીસેમ્બરમાસમાં અમદાવાદમાં ભરવામાં આવનાર છે એમ પ્રસિદ્ધ થયું છે. એ પરિષદ સંબંધમાં ખાસ કંઈ જાણવાજોગ બહાર આવ્યું નથી પરન્તુ તેના પ્રમુખપદ માટે અમદાવાદના રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળાની પસન્દગી વધુ મતે થઈ છે અને તે યોગ્ય જ થયું છે. રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળા ગુજરાતના એક જૂના લેખક છે અને તેમની સાહિત્યપ્રવૃત્તિઓ પણ જનસમાજમાં જાણીતી છે અને એમની નિમણૂક યોગ્ય જ ગણાય. વળી આ ઉપરાંત સુરતમાં ભરાયેલી પરિષદની બેઠકની પદ્ધતિને અનુસરીને સાહિત્ય, વિજ્ઞાન અને ઇતિહાસના પેટાવિભાગોના પ્રમુખોની ચુંટણી થઈ હતી. સાહિત્યના વિભાગ માટે રા. રા. મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠીનું નામ રજુ કરવામાં આવ્યું હતું અને અમે માનીએ છીએ કે એ વિષય માટે તો તેમની જ પસન્દગી પરિષદે કરવી જોઈતી હતી પરન્તુ એમનું નામ પાછું ખેંચી લેવામાં આવ્યું અને રા. બ. રમણભાઈનું નામ રજુ થયું. રા. મનસુખરામ ત્રિપાઠીની વિદ્વત્તા તથા ગહન અભ્યાસ માટે ગુજરાતમાં બે મત છે જ નહિ. તેમનું નામ કેમ ખેંચી લેવામાં આવ્યું હશે તે સમજાઈ શકે તેમ નથી પણ એથી ખેદ થાય છે. રા. બ. રમણભાઈની પસન્દગી સર્વ રીતે સારી જ હોવા છતાં સાહિત્યની દૃષ્ટિએ રા. મનસુખરામની પસન્દગી બેશક વધારે યોગ્ય ગણાત. ઇતિહાસના ઉપ-પ્રમુખ તરીકે પ્રૉ. બળવંતરાય ઠાકોરની ચુંટણી, તથા વિજ્ઞાન માટે પ્રૉ. [illegible]ની ચુંટણી થઈ છે એ પણ ઠીક જ થયું છે. વિજ્ઞાન તથા ઇતિહાસના વિષયો ગુજરાતમાં ઘણે ભાગે ભુલાઈ ગયા જેવા છે, ગુજરાતી ભાષામાં આ વિષયો માટે જોઈતો ઉત્સાહ જણાયો નથી. એ વિષયોના ઉહાપોહ તથા સંગીન ચર્ચા અત્યારે તો જરૂરી જ છે અને આશા છે કે સાહિત્યના આ અંગો વિશેષ વિકાસ પામે અને લોકજાગૃતિ મેળવે એવા પ્રયાસો પરીષદ હાથ ધરે તથા પરિષદના પ્રમુખ મહાશય તથા અન્ય ઉપપ્રમુખો પોતાના વિષયો માટે ગુજરાતમાં ઉત્સાહ વિસ્તારે. ગુજરાતના ગુજરાતી સાહિત્યમાં રસ લેવાનો ધર્મ દરેક ગુજરાતીનો છે અને તે પ્રમાણે આચાર વિચારથી પરિષદના કાર્યને ફતેહમંદ કરવા દરેક ગુજરાતી ઉત્સાહી બનો એવી આશા છે.

પરિષદના કાર્યવાહીઓએ પરિષદની બેઠક પ્રથમ નવેમ્બર માસમાં ભરવાનું યોગ્ય ધાર્યા પછી ડીસેમ્બરમાં બેસવાનો નિશ્ચય કર્યો હશે તેની માહિતી નથી. ડીસેમ્બર માસમાં ગુજરાતીઓનો કેટલોક ભાગ તો રાષ્ટ્રીય પરિષદની બેઠક વાસ્તે જનાર હોય છે તેમને માટે

જ્ઞાન સંપાદન કરતા પોતાના વિચારોમાં મક્કમ હોવા છતાં તેઓ દુરાગ્રહી ન હતા, અને હેમની સાથે મ્હારે થએલા અનેક વાર્તાલાપોમાં કોઈપણ પ્રસંગે સહેજ પણ અપ્રિયતા થયેલી મ્હને યાદ નથી જેમ પોતાના અભિપ્રાય પ્રતિપાદન કરવા તેઓ મક્કમ રહેતા તેમ સામા પક્ષને શું કહેવાનું છે તે શાન્તિથી સાંભળવા તેઓ તત્પર રહેતા ભાઈ ન્હાનાલાલ અને મિત્ર અખંડાનન્દ એ બન્ને આગ્રહી વ્યક્તિઓ છે, અને તેથી હેમનો અનુકૂલ ન લાગતા માર્ગોના સમ્બન્ધમાં એ મનો ઉકળાટભર્યું, તથા સખ્ત બોલી જાય છે તે માટે હેમણે મ્હારે મ્હોંએ બતાવેલો શોક પણ હેમના સ્વભાવની મીઠાશ ઉપર પ્રકાશ નાંખે છે "પણ ગાંધીજી જેવા મહાત્મા માનું છું તે મ્હેં મહાત્મા કહ્યા ત્હેમાં ન્હાનાભાઈએ શાને મિજાજ ખોવો જોઈએ?—" એ ભાઈ પટીવારના નમ્રભાવ આજે મ્હારા કાનમાં ગુંજ્યા કરે છે, સત્ય અને ન્યાય માટે હેમને જબરજસ્ત પ્રેમ હતો, અને અસત્ય તથા અન્યાયના તેઓ કટ્ટા વિરોધી હતા તેઓ પાખંડીઓ ધુતારા, પાખંડમાં ઉછરતા મતાગ્રહ અને ધર્મને નામે હિન્દુ સમાજમાં જે અનેક ધતિંગો ને ઢોંગો થાય છે તે સર્વની સખ્ત ટીકા કરતા અને સંકુચિતતા નહિ સુધારનાર અને પ્રગતિના તેઓ પરમ મિત્ર હતા હેમના પરિચયમાં આવનાર કોને હેમના માટે માન અને સ્નેહની વૃત્તિ નહિ થઈ હોય? તેઓ નવીન વિચાર ધરાવનાર અને વિવેકી હોવાથી જેઓ હેમના અંગત સમ્બન્ધમાં આવ્યા હશે હેમને હેમના અવસાનથી અંગત ખોટની લાગણી થયા વિના ભાગ્યે રહેશે

પરન્તુ ભાઈ પટીવારના અવસાનથી માત્ર અંગત ખોટની લાગણી થઈને અટકે તેમ નથી હેમનું અવસાન એ એક પ્રજાકીય ખોટ છે ભાઈ પટીવાર ચોરવાડના વતની હતા અને જાતે ગિરનારા બ્રાહ્મણ હતા તેઓ સ્વભાવે સાહસિક હોવાથી ન્હાની ઉમ્મરે મુંબાઈ આવ્યા હતા અને મુંબાઈમાં હેમણે ઘણાં વર્ષો ગાળ્યાં હતાં તેઓએ બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું હતું અને લગ્ન કર્યું ન હતું હેમનું આખું જીવન જાણવા જેવું છે અને મ્હને આશા છે હેમના કોઈ સ્નેહી હેમનું જીવનચરિત્ર યથા કાળે પ્રકટ કરશે તેઓએ સ્વર્ગે જતાં એટલાં બધાં પુસ્તકો લખ્યાં છે કે હેમના સ્નેહીઓ હેમને મશ્કરીમાં "સતના કારખાનાર" કહેતા સાધારણ અન્દરનાગા લોકોમાં તથા સ્ત્રીઓમાં હેમનાં પુસ્તકો ઘણાં વંચાય છે હેમની શૈલી સાદી અને વગતુ છે તેમ જ હેમની લખવાની ઢબ પણ એવી છે કે સામાન્ય લોકોને હેમનાં લખાણો વાંચવાં ગમે લોકપ્રિય અને લોકોપયોગી પુસ્તકોના લેખક તરીકે ગુજરાતમાં ભાઈ પટીવારે અદ્વિતીય સ્થાન મેળવ્યું છે

જનસમુદાય માટે પથ્થ વિચારોથી ઉભરાતું સરલ સાહિત્ય ઉત્પન્ન કરનાર લેખક હોવા ઉપરાંત ભાઈ પટીવાર ગુજરાતના એક ઉત્સાહી સાર્વજનિક કાર્યકર હતા એ એક અગત્યની વ્યક્તિ હતી તેઓને ગુજરાત તથા ગુજરાતીઓ માટે એટલો બધો પ્રેમ હતો કે હેમના હિતની જેટલી પ્રવૃત્તિઓમાં હેમનાથી પ્રત્યક્ષ કે પરોક્ષ ભાગ લેવાય તેટલો લેવા તે ચૂકતા નહિ ખરેખર,

ભાઇ પઢીઆર સત્પુરૂષોમાં અને સાર્વજનિક કાર્યકર્તાઓની બાબતમાં રંક એવા ગુજરાતના એક અમોલી સંપત્તિરૂપ હતા અને ત્હેમના જવાથી ગુજરાતના સાર્વજનિક જીવનને ભારે ખોટ પડી છે.

ભાઇ પઢીઆર એક વિલક્ષણ વ્યક્તિ હતી ત્હેમનો દેખાવ વિલક્ષણ, ત્હેમનો પોષાક વિલક્ષણ, ત્હેમનું બોલવું ચાલવું વિલક્ષણ—ટુંકામાં ત્હેમનું સર્વ વિલક્ષણ હતું, અને એ એમની વિલક્ષણતા જ એમને સ્નેહ અને માનની પાત્ર બનાવતી એ વિલક્ષણ વ્યક્તિ વીસરી વીસરાય એમ નથી ને ગુજરાતમાં એમનું સ્થાન ખાલી જ રહેશે. એમના જવાથી એમના વ્હાલસોયા, હાલકા અને વિવેકી 'જી'ને ન પૂરાય એવી ખોટ પડશે. પ્રભુ 'જી'ને આ અસહ્ય આઘાત સહી લેવાનું સામર્થ્ય આપે અને ભાઇ પઢીઆરના આત્માની સદ્‌ગતિ કરે!

મોતીબાગ બંગલો, સોનાપુર, }
તા ૨ ૮ ૧૯૧૯,

વિખૂટાં પડતાં.

લેખક—રા કુસુમાકર.

(ગઝલ)

વિરહની આવની ઘડીમાં હૃદય ભીનું ઘડી બનતાં,
મુખે અમી-ઓત આવે તે નહિ અટકાવશો કોઇ
હૃદય સહરા સમું સુકૂં કઠિન હા! વજ્રના સરખું
ખીલે કનિષ્ઠ બની ત્યારે નહિ કરમાવશો કોઈ
ચઢીઆર સ્નેહસુતું એ ગળી જાયે પ્રીતિ સ્નેહે
વહે ગંગા ની ત્યાર નહિ અટકાવશો કોઇ
અરે! *ધનગન ભરી દુનિયા બસૂરા સૂર છે જ્યાં ત્યાં,
હૃદય-વીણા મીઠી વાગે ન એ અટકાવશો કોઈ
હૃદય તિમિરે ભર્યું પ્રકટે નહિ જો સ્નેહનો જ્યોતિ,
હૃદય! સારી ત્યારે એ નહિ બુઝાવશો કોઇ
બુરો અપરાધ ને રૂખનો કઇ ભૂલે થયા હોય,
કદી અભાગી આત્માને નહિ અભડાવશો કોઇ
હૃદયથી, નેનથી, મુખથી, સુધા ગળી સદા રહેજો
હૃદયની મીઠી વૃત્તિ નહિ ગુંગળાવશો કોઇ
હૃદય અમી-સ્ત્રોતથી મીઠું પુનિત એકાદ અશ્રુ હા!
ગરી પાપણુ કરે ભીની નહિ ઢુંપાવશો કોઇ

---

*દુનિયાના વિષમ મનુષ્યો હૃદયને સારાના રાગમુ શુષ્ક બનાવી દે છે એ સુવિદિત છે તેટલું એની હદ સુધી કે કઠ આરોના મીઠા વચનો કઠની બહાર નીકળી શકતા નથી હૃદયની ઘણ ક્ષણો જ્યારે હૃદય પ્રેમનું પાત્ર બને છે ત્યારે તે સ્વભાવ પ્રેમ હૃદયરતિ રસ-સિંચન નથી થવા દેતી એ સ્વાનુભવથી આ કાવ્ય પ્રેરાયું છે.—કુસુમાકર

અમરભૂમિના સંત ઓલીયા !

લેખક–રા જમાલ હીન્જી દેવાણી.

અમરભૂમિના સત ઓલીયા !
અમૃતરસથી રચેલો, સ્વર્ગનો સ્વામી અમૃતલાલજી !
સ્વર્ગે હવે તુ સીધાવ્યો !

અમરભૂમિ

ગગનવિહારી ગરુડ, ઓ !
ઉડતો જ્ઞાનના આકાશે, આજ થયો, હા ! અદ્દશ્ય ત્હું !
ત્હારી ભોમે ઉજ્જો ?

અમરભૂમિ

ગુર્જરી વાડીના ઓ, મોરલા !
અમૃતશબ્દે ટહૂકયો, ટ્હૌકાર ત્હારો આજ આથમ્યો !
મધુરી કેકા ગઈ ! હા !

અમરભૂમિ

તત્ત્વસરના સુન્દર હંસના !
તત્વ–મોતીડા ચર્યો ત્હુ, તત્ત્વસરોવર ત્હેં તજ્યુ !
છોડી મોતીડા પરાંયે,

અમરભૂમિ

ભક્તિપુનિત ચાતક દેશનો !
પ્રભુતાબિન્દુ ઝીલ્યા ત્હેં, બિન્દુ ધર્યાં પૃથ્વીને પદે,
પ્રભુચરણે વિરામ્યો !

અમરભૂમિ

સ્વાર્થરહિત ભક્તરાજ ઓ !
ઉજ્જ્વલ ભેખ ધર્યો ત્હેં ! લોક તણા હિત કારણે
મોક્ષધામે ગયો ત્હુ !

અમરભૂમિ

દેહ, દેહી તણો વૈદ્ય ઓ !
ઔષધ દીધા જનોને શાન્તિ દીધી દેહ, દેહીને
શાન્તિધામે સીધાવ્યો !

અમરભૂમિ

પૂર્ણ દયામય જ્યોતિ એ !
દીનના અનુકમ્પા તું, દીનની આશીષ શુદ્ધ ઝીલતા
જ્યોતિરૂપે વિરાજો !

અમરભૂમિ

સ્નેહભીનો સ્નેહયાગી ! એ
સ્નેહ પાયો પીધો તેં ! પ્યાલા ભરી સમતા તણા,
સ્નેહસ્મરણો સતાવે !

અમરભૂમિ

બ્રહ્મઉપાસી યોગિરાજ ! એ !
જગત, પ્હાડ ભમ્યો તું બ્રહ્મતણી શોધ સાધતા,
બ્રહ્મધામ વિરાજ્યો !

અમરભૂમિ

---

* ઉપરનું કાવ્ય પુના ગુજરાતી બંધુ સમાજના સેક્રેટરી ભાઈશ્રી ગોવર્ધનભાઈ ઈશ્વરભાઈ પટેલના આગ્રહથી પ્રો બી કે ઠાકોરના પ્રમુખપણા નીચે, ૨૪૦ અમૃતલાલ સુન્દરજી પઢીઆરના દેહ જીવન વૃત્તાન્ત ઉપર વ્યાખ્યાન આપવાને સમયે ગાવામાં આવ્યું હતું

ઉષા-સ્વરાજ્ય પ્રતિજ્ઞા.

(પ્રથમ ખંડ)

લેખક —ગ રોઠ પુરૂષોત્તમ નિઆમ માનજી.

(ચાનુ સચિત્ર ઐતિહાસિક વાર્તા)

પ્રકરણ ૮ મુ

"સ્વરાજ્યનુ તોરણ બાંધો."

" Fortune gives her hand to a bold man "

' બે નસીબી પે અય દીન તુ અબસ રોતા હય,
જો વીખા કીતાબે કુ રતને થોડી હોતા હય,"

" Now Scotland ! shortly shalt thou see,
With God's high will, thy children free,
And vengeance on thy foe !

સ્વામિમહારાજે સચિત દૃષ્ટિથી જોયુ પણ શુ પ્રકાર છે તે કોઈથી સમજાયુ નહી એક ક્ષણમાત્ર એ સ્થિતિ રહી ગભીર અવાજે 'સિરમા સાથે મારે ખાનગી વાત કરવી છે માટે સર્વે થોડા વખત પાડોશની ઝુપડીમા વિશ્રાંતિ લ્યો !" એમ આજ્ઞા કરી સર્વે વિચારમા પડતા ઉઠયા, અને નિમિષ માત્રમા તો ઝુપડીમા માત્ર શિવાજી અને સ્વામિજી રહ્યા અને ઘણે ધીમે અવાજે સ્વામીજીએ નરહર સ્વામિએ આપેલ સર્વ બાતમી શિવાજીને કહી સભળાવી અને અંતે બોલ્યા — "શિરમા, એક રીતે થયુ તે આપણા લાભનુ જ થયુ પૂર્વેની સ્થિતિમા આપણુ કાર્ય વધવાને ઘણી અડચણ આવી હોત પણ આ જે બીજો પ્રકાર સાંભળ્યો તે કાળજી ઉત્પન્ન કરવા જેવો છે" આ સબધી ઉભયે થોડો વખત વિચાર કર્યો અને કોઈ ઠરાવપર આવ્યા પણ દાદાજી નરસના દેખતા આ સર્વ વાતચિત થવી ન જોઈએ અને તેને પહેલા પતાવવો એ વિચારવી દાદાજીને અંદર બોલાવ્યો તેની સાથે અર્ધ ઘટિકા જેટલો વખત સર્વ વાતચિત કરી શુ પગલા ભરવા તે કેવી યુક્તિ રચવી વગેરે સર્વ સ્પષ્ટ રીતે તેને સમજાવ્યુ મિર્ઝા ઉપર કેવો પત્ર લખવો ને સર્જેખાનને શુ લખવુ તેના ખરડા પણ તૈયાર કરી આપ્યા અને પૂર્ણ સાવચેત રહી સર્વ કામ કરવુ એવી ભલામણ આપી તેને વિદાય કર્યો તે ગયા પછી તરત સર્વેને અંદર બોલાવ્યા

સ્વામિએ ગાઢ અવાજે ગભીર મુખથી નરહર સ્વામિએ લાવેલ ખબર કહી સભળાવી તે પણ નાના સાહેબને સમોવીન કરી આ હકીકત કાને પડતા નાનાસાહેબ એકદમ સતપ્ત થયો

તેનું સર્વાંગ નિરીક્ષણ તેનું મુખ તેની ચર્યા, તેના ડાઘા, આ સનાપથી એટલા શાન્ત થયા કે તે શું કરશે અને શું નહિ એનું મનને લાગવા માંડ્યું

"મને લાગ્યું જ હતું—મેં હજાર વખત કહ્યું પણ હતું પણ મને જ ઉલટા 'તું નિમકહરામ, મ્હારા નામને બટ્ટો લગાડવા ઉત્પન્ન થયો,' એવું એવું કહી ગાળો ભાંડતા હવે પણ તેમની આંખો ખુલી એ સારું થયું મહારાજ, સ્વામિમહારાજ આ થયેલી વાત સાંભળી આનંદ પામવાને બદલે ચિન્તાતુર કેમ દેખાઓ છો? ઘટિકા પૂર્વે જે વાત કરવાનું આપણે વિચાર કરતા હતા, તે કરવાનો માર્ગ હવે ખુલ્લો થયો, તે વાત હવે સહેલાઈથી પાર પડશે પહેલાં તે કામ કરવું ઘણું ભારી પડ્યું હોત પ્રાણ ગયા શિવાય કિલ્લો પોતાના હાથમાંથી જવા દેત નહીં તે વૃદ્ધ થયા ખરા પરંતુ તેમનો સનાપ, તેમની ધીરતા તેમનું પરાક્રમ, એમાં અણુમાત્ર પણ ફરક પડ્યો નથી જે વાત એક વખત તેના મુખમાંથી બ્હાર પડી તે અન્યથા પણ કરવા કોઈ સમર્થ નથી. એ જો આપણને અનુકૂળ થાય તો આપણા મનમાં ગણેલી ઈચ્છાનુસાર સ્વરાજ્યની સ્થાપના ક્ષણમાં કરતા થઈ જાય પણ તેમનું આ 'પાપ' જેવડું ખરાબ સ્વામિભક્તિ—એ એનામાં એટલી હદ છે કે બિજાપૂર ગયા પછી હજુર પોતાના હાથથી પોતાનું માથું ઉડાવવા આજ્ઞા કરે તો એટલી જ ખોટી સમજશે, કહ્યું જ સમજશે તેમાં આઘું પાછું જુવે નહીં કદાચ મને પકડી બિજાપૂર લઈ જાય અને પોતાને હાથે મ્હારો વધ કરવા હુકમ થાય તો તરત જ મ્હારો વધ કરે વગેરે! આવા ખરા સ્વામિભક્તની કિંમત ન જાણી આ હરામખોરે તેની આવી દશા કરે? ક્યારે ક્યારે આ નરકસ્થિતિમાંથી છુટશું?" અહીં અટક્યો કુમો ભગવંત આવ્યા વાત ભૂલ્યા પ્રમાણે થયું, થોડી પળો પછી પુન પુછ્યું—"તેમને પકડી બિજાપુર લઈ ગયા? હે! તેમને લઈ ગયા? બીજા સર્વેને પણ લઈ ગયા કે શું?"

સ્વામિ એક અક્ષર સુદ્ધાં બોલ્યા નહીં આથી તે ઘણો અધિરો થયેલો દેખાયો સ્વામિની ચર્યાપરથી વાતપણ અનિષ્ટ પ્રકાર છે એમ તર્ક કરતો પુન બોલ્યો—"બોલો, બોલો, જે હોય તે સ્પષ્ટ કહો તે કહેવાથી મને જેટલું દુઃખ થશે નહીં તેટલું તમારા આ મૂકપણાથી થાય છે કહો સ્પષ્ટ કહો મને સંશયમાં રાખો નહીં આ હરામખોરે શું કર્યું તેનો કેમ નથી બોલતા, એમની સાથે મ્હારી પત્નીને પણ લઈ ગયા છે નહીં? તેમની સાથે એની પણ વિટંબના કરી છે નહીં? કેમ બોલતા નથી? સ્વામિમહારાજ, કેમ બોલતા નથી? તમારા આ મૂક રહેવાથી જ મ્હારા પ્રશ્નનો ઉત્તર મળી ચુક્યો. ઠીક છે હવે હું તમને, મહારાજને નમસ્કાર કરું છું ને આવેલી વાટે જાઉં છું મને ઘણી ઉમેદ હતી કે આપ જેવાના આશ્રયમાં રહી સ્વધર્મ માટે કોઈપણ મ્હારા આયુષ્યનો ઉપયોગ કરીશ પણ તેવો યોગ નસીબમાં દેખાતો નથી આ જ પળે જઈ તેને છોડવવી, કિંવા તે પ્રયત્નમાં પ્રાણ અર્પવા એ મ્હારૂં મુખ્ય કર્તવ્ય સમજું છું હું ભગવાનો બચ્ચો, મ્હારી પત્નીની

વટખના થયની આભળી હાથમા તારાં છે ત્યા સુધી, કિંમતુના, આ કુડીમા પ્રાણ છે ત્યા સુધી સ્વસ્થ બેસનારો હુ નથી ''

આ તેનુ બોલનુ એક સરખુ ચાલુ હતુ પરતુ સ્વામિએ કે શિવાજીએ કોઇએ સમાધાનના શબ્દો ઘણા વખતસુધી કાઢયા નહી સાભળેલ બાતમીથી ઉદ્દેન ગોન્વેગ એક વખત શબ્દ દ્વારે બ્હાર પડી તેનો જોસ કમી થયા પછી આપણે બોલીયે તો તેનો કાંઈ ઉપયોગ થશે, નહી તો કાઇપણ થશે નહી"એવુ તે પક્કુ જાણતા હતા, તેથી તેને યથાસ્થિત બોલવા દીધા પછી છેવટે તેને જોસપર આવેલો જોતા સ્વામિજી બોલ્યા—"આવી દુષ્ટ બાતમી માન આપવા અમે પ્રવૃત્ત થયા એમ તને લાગે છે? ગાંડા, ત્હારી પત્ની કેવી ચતુર છે! તે તેમને હાથ આવી જ નથી, આગળથી જ નીકળી ગઇ કયા ગઇ તે હજુ સમજાયુ નથી માટે હવે તુ ગાળાના કાંઇ પણ વિચાર કરતો નહી થઇ તે ચિંતમના ત્હારી નહી! અમારી સર્વેની, મહારાષ્ટ્રની, સર્વ મરાઠાની થઇ, એમ તુ પક્કુ સમજ ત્હારી પત્નીની સર્વ બાતમી એક અઠવાડીયામા મેળવી આપીશ તુ બેફીકર રહે નરહર સ્વામિના બાતમીદારો કાઇ કમી નથી તરત ખબર લાવશે એ કાળજી તને નહી પણ અમને છે શિવાય ત્હારી પત્ની તે જાધવોની પુત્રી છે જેવી તેવી નથી અપમાનનો, છળનો પ્રસગ આવે તો પ્રાણત્યાગ કરશે પણ પોતાનુ બિરુદ રાખશે એ તને ભરોસો નથી?"

શોકથી અત્યત ઉદ્વિગ્ન થયલું નાનાસાહેબનુ ચિત્ત કિંચિત સ્થિર થતુ દેખાયુ એ જોઇ શિવાજીએ સમાધાનના શબ્દો બોલવાની શરૂઆત કરી ' તુ અને અમે, આપણે સર્વે એક થયા છીયે એક છીયે, જે ત્હારૂ માનાપમાન ત્હારા ચિત્તની કાળજી, તેજ અમારૂ માનાપમાન, અમારા ચિત્તની કાળજી આ તુ પક્કુ જાણજે તને જે વાતની આટલી કાળજી લાગે છે તેટલી કાળજી કરવાનુ કારણુ નથી ત્હારી સ્ત્રી ખરેખર તે વખતે ન્હિલાપર ન હોતી તે ત્રણ દિવસ અગાઉ દાસી સાથે ત્યાથી નીકળી ગઇ હતી, તે પોતાને પિયર ખાસ ગઈ હશે શિવાય એક અઠવાડીયામા તેની પક્કી ખબર મેગવવા અમે વચન આપીયે છીયે તુ ગભરા નહી મગદા બચ્ચાને આમ ગભરાવુ યોગ્ય નથી" એવા આશ્વાસનના શબ્દો કહ્યા યેશાજી અને તાનાજીએ પણુ તે પ્રમાણે તેને કહ્યુ ત્યારે અંતે તેનુ ચિત્ત સ્વસ્થ થયુ અને હવે શુ વિચાર કરવો તે વિચાર તરફ પુન સર્વેનુ લક્ષ્ય લાગ્યુ

એટલામા શિવાજીને તો પૂર્ણ તદ્દી જ લાગી હતી નાનાસાહેબે આપણુને તોરણા સર કરવાનું કાર્ય કેટલુ સહેલાઇથી થઈ શકશે એ કહ્યુ હતુ તે અક્ષરશ તેઓ પોતાના મનમા રાખી લીધુ તોરણાનો કિલ્લો હાથમા આવે તો બહાર થાય તે કિલ્લો અતિ વિકટ અને આપણુને જોઇએ તેવો પૂર્ણ મોકાનો હોઇ, હાલની સ્થિતિમા પૂર્ણ ઉપયોગી થશે એવુ તેને લાગતા માડયુ, પણ, મુખ્ય અડચણ એ હતી કે રંગરાવ આપ્પા મોટા સ્વામિભક્ત હોવાથી કામ સહેલાઇથી પાર પડશે નહી, પરતુ અત્યાર આવેલા સમાચારપ્રમાણે આપ્પાસાહબના હાથમાથી તોરણાની, શુભજણની સર્વ પત્રો ખુચવી લઇ તેને પકડી બિજાપુર લઈ ગયા હશે તો આ

કિલ્લો હસ્તગત કરવાનુ કામ ખરેખર જ સુગમ થશે, એવુ તેને પાકુ લાગવા માડ્યુ અને એ જ વિચારમા દેને તે તન્દ્રી લાગી સર્વે તે તન્દ્રી લાગેલી જોઈ શાત થયા બોલવા બધ થયા એટલામા તેના ઓષ્ઠ હાલવા લાગ્યા અને નીચેના શબ્દો બહાર પડ્યા "સાવધપણે ઉપક્રમ કર્યાથી યશ ખાસ– મદિરના તોરણ બાધો–' સ્વામિએ આ શબ્દ સ્પષ્ટ સાભળ્યા ધીમેથી સર્વેને સભળાવ્યા, અને બોલ્યા –" આ શબ્દો પુન બોલાયા પૂર્વે રોહિડેશ્વરમા બોલાયા, અને આજ અહીં સાક્ષાત્કાર થયો–ફતેહ છે" એટલામા શિવાજી જાગૃત થયો તેની તરફ ફરી સ્વામિએ તે શબ્દો ફરી સમજાવી કહ્યુ કે — 'ફતેહ છે શિવબા, હવે બિલકુલ શકા રહી નથી આપણને જે જોઈએ તે કલ્પના બહાર એવો મહા પ્રસાદ મળ્યો શ્રીસમર્થ ગુરુના મનમા ત્હારે હાથે જે કરાવવાનુ આ યુ તે અમથુ આવ્યુ નથી બાપા, ત્હારો અધિકાર જ તેવો છે"

" મહારાજ, આપની અને તે મહાત્માની કૃપા જે કરશે તે જ થશે !"

' શિવબા 'સાવધપણે ઉપક્રમ કારી યશ આવશે મદિરના તોરણ બાધ !' આ શબ્દો પુન બોલાયા બીજુ શુ જોઈએ? હવે કમર કસી પૂર ઉમેદથી કરો કામની શરૂઆત—પણ "સાવધપણે' એ શબ્દો ખુબ ધ્યાનમા રાખજે નહી તો ભળતુ જ પરિણામ આવશે, માટે દરેક કાર્ય 'સાવધપણે જ કરવાથી યશ આવશે એ ભૂલતુ નહી ચાલો, આજથી ચાર મહિનાની મુદત દઉં! ચાર મહિના પૂરા થાય તે જ દિવસે સૂર્યાસ્ત પહેલા કિલ્લા પર તમારા પગલ પડી, સ્વતત્રતાની ધ્વજ ઉડી કિલ્લા પર સત્તા સ્થાપના થાય અને તમારો અમલ ત્યા શરૂ થવો જોઈએ એ દૃઢ સકલ્પ–નિશ્ચય !"

શિવાજીનુ સર્વ લક્ષ સ્વામિ તરફ હતુ તેમણે તરત ઉત્તર આપ્યો —"મહારાજ, આપના ઉપદેશ બહાર અમે બિલકુલ નથી ચાર મહિનાની અવધિ પૂર્ણ છે આજ જ જઈ કિલ્લો લઈએ એ સ્થિતિ છે, પણ તેનો ઉપયોગ શો? કાલ પાછો ખાલી કરવો પડે સર્વ સામગ્રી એકત્ર કરવા આટલી મુદત તો જોઈએ રગરાવ આપાને સ્થળે સહ્યાદ્રિ'વાખાનનો માણસ કિલ્લેદાર આવતા ઘા તેના તરફથી તે પરગણામા, તેના પ્રત્યેક ગામમા, લોકોને ત્રાસ થવાનો જ એવો ત્રાસ થયા કે સર્વેના મન તૈયાર થયા જ એમ સમજજો, અને એ તૈયાર થયા તો એક ચપટી માત્રમા એમને ચોળી નાખીશુ 'મદિરાનુ તોરણ બાધ!' મહારાજ આ શબ્દોનો અર્થ પણ હવે હુ સમજ્યો—સ્વરાજ્યનુ તોરણ બાધ–તોરણ એ તોરણાનો કિલ્લો સર કરી શરૂઆત કર—એ જ એનો અર્થ, અને 'યવનોએ ઉચ્છેદ કરેલા મદિરોની પુન સ્થાપના થનાર તેનુ તોરણ એટલે કે પહેલા તુ આ કિલ્લો લેનાર'—આ જ એનો અર્થ, નહી મહારાજ?"

"શાબાશ," સ્વામિએ ઉત્તર આપ્યો —"બરાબર સમજ્યો તને ધન્ય છે હવે વિચાર કરતા બેસી રહેવાનો વખત નથી હવે 'સાવધ રહી' કાર્યની શરૂઆત કરવી જોઈએ બિજાપૂરમા હવે ત્હારે માટે દિવસાનુદિવસ અધિકાધિક વાતો વિચારો ચાલી રહ્યા છે માટે હવે બીજુ તીજુ પડતુ મૂકી ઉપક્રમ કેમ કરવો તેનો વ્યૂહ રચ" આટલા ભાષણ પછી તેઓ ભવિષ્યના વિચારમા ગુથાયા

× × × ×

ના ના , હવે નાપને નેમા અને િ ાનના ગ આપણે કાઠી ાઠએ સલાહ આપ્યા પ્રમાણે રેતમ ાજે ાે િશાપૂર તથા નજરખાન ર પા ાના કર્યો, અને શિવાઈ ે ના ન ના ાી, િ ાપુરથી પન પર આવી પીતે ન કર આપણે લશ્કર આપશું

ર ા ાર ગત મરમારા વિજો તે િ નપુરા પણની ાદ નોતો હતો દરમ્યાન વિ ણ ના ાન્યું ,ાતમ પ્રનતર પા નવા નુમા સ મ્પા પ્રસન્ન થયા અને માનસહ તે ા િરનગ ાલાવ્યો એક વખત ત્યા જઈ પણ આવ્યો અને ત્ર સમાધાન થયુ સર્જેખાને પણ વિજાપૂર ખુન ભનામણું લખી અને અ તે િ ાપૂર પાલિતો આવ્યો

(બાદ ાની મિકા)

"દાદા મદા અનામ તાઠનરમ પનુ ાપાડે દેરફુ ાક િતથા ગામ ઇનામી તા શેહીકબારે દેવા વેલન બારે કિર ા મહાજનુ મીત ચૌન નવ૨ પા ઝા બા સા મુગાવત થાદ ભાઈ ગુરમ પત્તાના હુકમથી મેળ માન વછરી હુકમ તમારે ાગે પાન્યો તેમા રજમન અજ મત ખાન મેન ા ાતીવાઝરાજે ા પુ ાવામા (બ ન) નમે મળનીપા થઈ શહિદેમની પહા પર તનાતા પારામા હાજર સારનેોને જ્માર તર્ગે બામનો કર્યા, જે તીને મજા મહાર નિરદૈયે તમને પા લખ્યો, તેમા ઇમાન ધરાવો ફિરાદી મનનમ ૭ ૨૮ મહરમા લખ્યા છે," એ ખબર ગા ર દેશમુખ અને ખોપડે નને જોઈ દેશમુખાએ ગાા મિરા ામાં જાહેર કરી,એ જાણ્યું નમે ફરારી થયા એકે ખોરાનું માનક ફિરાન થયું હાા હજુ ની મહરબાનીથી આ જાહેર નામુ દરમા કુ છે તો તને રયત,પટરા ાી બીજા નનન ાર અમ ાકુ સ્થા બાયા સહિત પોતપોતાની મકાનોમા આવો પેટામા આવી હાજર થવુ અને એક પેટાની ખેતી ઇ આબાદી કરી સરકાર વસૂલ આપવુ અને તમારે જમાદાર ર નહાન હામતિ ઇસાફ નિગી હક મિન તકરાર લેવા દરેક બાબ દરએક મતલબ તન્ગીર કરો તે નમે મુબારક ાા હુકમથી કરી હશે તે વીશે હરગીજ હિસાાનમાથી તમો જ્મ થનનપો ા ૧૫ નરિ નાખાર (મોા ન) (શાકે ૧૫૬૭ જ્યેષ્ઠ વદ્યાર) (જુઓ શિવપ્રસિનપત્ર યાદાર-પા ન ૨૧૯)

પુન ેહિડખોગામા વરતી રમાવરા સર ન દેશગન ઠગ કાાઠ િરનત ગયો આ વખતે સર્જેખાનનો મુકામ વિરનત હતો કાન્હોજી જેધો ગહિમ્પારાનો દેશમુખ અને દાદાજી નડુ વચ્ચે બહા ઘી લખ્ય ન્હોતુ પણ પાર ક્રી હતું તે વખત આવે અમરાગે કાન્હોજી જો પણ આ વખતે શિરવળ હતો, ચો આપણે ાથા ા ત્રીજા પ્રકરણમા તેના પુ રસાથે બા ન દેશમુખની પુત્રીના લગ્ન કુ સર્જેખાને નક્કી કર્યું હતુ તે આપણે જોઈ ગયા છીએ તે વખત હવે આવી પહોચ્યો હતો

સમાલોચકનુ વાર્ષિક લવાજમ રૂ ૪;
હિન્દુસ્થાન બહાર શીલીંગ ૭ા = રૂ. પોણા છ.
છુટક અંકની કિંમત રૂ. ૦-૮-૦
સમાલોચકની જાહેરખબરો હમેશા ઉત્તમ અને સ્થાયી ગ્રાહકો જ લાવી આપે છે. જાહેરખબર વિનાનો વ્યાપાર એ વ્યાપાર નથી.



સમાલોચકનું વાર્ષિક લવાજમ રૂ ૪,

હિન્દુસ્થાન બહાર શીલીંગ છ = રૂ. પોણા ૭.

છુટક અંકની કિંમત રૂ. ૦-૮-૦

સમાલોચકની જાહેરખબરો હમેશા ઉત્તમ અને સ્થાયી ગ્રાહકો જ લાવી આપે છે. જાહેરખબરો વિનાનો વ્યાપાર એ વ્યાપાર નથી.



સમાલોચક

મુખ્ય લેખો

જુદી જુદી જાતના વરકન્યાનો વિવાહ.

સ્ત્રીશિક્ષણ વિષયક સંસ્થાઓ—અમદાવાદ વનિતાવિશ્રામ.

વીર અને વીરપૂજા

વાંચવા યોગ્ય નવાં પુસ્તકો ૧ જ્ઞાનગિરીનો ઝખ ૨ મારી વીસ વાતો ૩ સાગર ઇ૧ન

૫૬ પૃષ્ઠ.] સમાલોચક. [૬ ચિત્રો.

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत्।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥ भ. गी. १७-१५

પુ. ૨૮ મું] સપ્ટેમ્બર ઈ. સ. ૧૯૧૯. [અં. ૯ મો.

તંત્રી—રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.
રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ., એલએલ. બી.
પ્રકાશક—રા. રમણીયરામ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી.

વિષયાનુક્રમણિકા.

વાર્ષિક લવાજમ રૂપીઆ ચાર,
હિન્દુસ્તાન બહાર શીલિંગ ૧૦॥=રૂ. ૫-૧૨-૦. છુટક અંકની કિંમત આઠ આના.
૧૯૧૯, ૧૯૨૦ ને ૧૯૨૧ ના ત્રણ વર્ષના લવાજમ રૂ. ૧૦, હિન્દબહાર રૂ. ૧૬ ...
આ લવાજમ શરૂઆતમાં જ લેવામાં આવે છે



મ્હારા વ્હાલા ! સુર ! હૃદયથી દાસ તું ઇશનો થા !–કલાપિ

ચિત્રકાર રા રવિશંકર પંડિત]



સ્તક ૨૪ મું,] સપ્ટેમ્બર, ઈ. સ. ૧૯૧૯ [અંક ૯.

નીંદર હો! શાન્તિ મીઠી દે દેને.

લેખક—રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ., એલએલ. બી.

શાન્તિ મીઠી દે દેને,
નીંદર હો!
શાન્તિ મીઠી દે દેને.
શ્રાન્તિ બધી હરી લેને,
નીંદર હો!
શાન્તિ મીઠી દે દેને
રોજની સાથી, આજ શું નાની!
આમ રીસાની તું શાને?
નીંદર હો!
શાન્તિ મીઠી દે દેને
થાકી ગયો છું, અવશ થયો છું,
લો મીઠીમધી લેને
નીંદર હો!
શાન્તિ મીઠી દે દેને

બાગ મુઝફ્ફરખાન,
આગ્રા, તા. ૧૫-૩-૧૯

પ્રાસંગિક વિચાર.

લેખક—રા. રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી.

૧. સાપ્તાહિક 'નવજીવન'.

૧૯૧૬ ના જુલાઇ માસમાં રા. ઇન્દુલાલ યાજ્ઞિકે 'નવજીવન અને સત્ય' એ નામથી માસિકપત્ર પ્રગટ કરવા માંડ્યું ત્યારે ગુજરાતનું જાહેરજીવન એટલું બધું મોળું અને ફિક્કું હતું કે ગુજરાતના જે યુવાનોએ પોતાના જીવનને દેશપ્રેમના શુદ્ધ સાત્વિક હેવારામાં હીંચવાની 'જરૂર' જોઇ કોઇ નવા જ તીર્થની યાત્રા તરફ પગલાં માંડ્યાં હતાં તેમાંના રા. ઇન્દુલાલ એક નવ યુવાન ઉત્સાહી–આશાભર્યા ગુજરાતી પણ હતા અને નવજીવને માસિક તરીકે ગુજરાતમાં કેવળ થોડા જ સમયમાં જે કાર્ય કર્યું છે તે જનતુ જાણીતું છે એ નવજીવન તા ૭ મી સપ્ટે. મ્બરથી કર્મવીર ગાંધીજીના તંત્રીત્વ નીચે સાપ્તાહિક પત્ર તરીકે પ્રગટ થવા માંડ્યું છે, એથી એક તરફથી જ્યારે સંતોષ થાય છે, ત્યારે બીજી તરફથી ખેદ થાય છે, સંતોષ એટલા માટે કે ગુજરાતને નવજીવનના શુદ્ધ ઉંચા હેવારા આપી શકે એવાં સાપ્તાહિકો અને દૈનિકોની આજ ગુજરાતમાં બહુ ભૂખ છે એ ભૂખ ભાંગનાર જોઇએ તેવા સમર્થ કોઈ પત્રો અત્યારે જણાતાં નથી, એવા સમયમાં નવજીવનના સાપ્તાહિક રૂપને અમ્હે તો અભિનન્દન જ આપી શકીએ અને તે પણ એવી ઉચ્ચ આશાથી કે નવજીવનનું કાર્ય સંગીન તત્વોથી જ આમેજ થઇ ચિરંજીવ બને "ખેદ" એટલા માટે કે જેમ આવાં સાપ્તાહિકોની અગત્ય છે તેમ એવાં માસિકોની પણ તેટલી જ જરૂર છે નવજીવન ઉપરાંત એ જ પ્રકારના બીજા શિષ્ટ માસિકોની સંખ્યા વધેલી જોવા અમ્હે વધારે ઉત્સુક છીએ નવજીવનના આદર્શો વિસ્તારવાનું કામ નવું જ પત્ર પ્રગટ કરી પાર પાડી શકાત, તો ગુજરાતને જોઇતું મ્હોટે ભાગે મળી રહેત પરંતુ નવજીવનના પ્રથમ અંકથી ગુજરાતના જાણીતા વિદ્વાન લેખકોએ તેમાં પોતાના ટુંકા લેખો આપીને દેશજીવનના પ્રશ્નોમાં રસ લેવાની તત્પરતા બતાવી છે એમાટે એમને આપણે અભિનન્દન જ આપીશું, અને વધારેમાં ઇચ્છીશું કે આ તત્પરતા આટલેથી જ ના અટકી પડતાં ગુજરાતના નવજીવનને ઘડવાને તેના શુદ્ધ સ્વરૂપમાં એ વધારે શક્તિમાન બનશે જાહેરજીવનમાં જ્યારે આપણા વિદ્વાનો, અભ્યાસકો ને વિચારકો ઘુમતા રહેશે ત્યારે જ ગુજરાતીઓની વિદ્યા સાર્થ થઇ ગણાશે.

નવજીવનના સાપ્તાહિક પત્ર પાસે અમદાવાદના ફર્સ્ટ ક્લાસ મૅજીસ્ટ્રેટ સાહેબ–મિ ડી એમ મેકાવાલાએ તા ૩૦ ઑગસ્ટ ૧૯૧૯ ના હુકમથી રૂ ૫૦૦)ની જમીનગીરી માગી મૂકાવી છે રા ઇન્દુલાલના જુવાનીના ઉત્સાહી વિચારોમાં આજ સુધી જે ભય કે શંકાને સ્થાન મળ્યું નથી તો રા રા મોહનદાસ કરમચંદ ગાંધીજી જેવા પાક્કટ બુદ્ધિના–રાજ્યના અને લોકના પરમ ભક્તના તંત્રીત્વમાં અમદાવાદના બન્ધુઓને ભય લાગ્યો અને રા ઇન્દુલાલની પાસે રૂ પાંચસોની જામીનગીરી ત્યાંના મૅજીસ્ટ્રેટે માગી આમાં કાંઇ અર્થ છે ખરો? કદાચને આ તો ભૂતકાળની ભૂલને સુધારવાનું આવશ્યક ગણાયું હશે અમ્હે તો એ જ આશા રાખીએ છીએ અને

ઇચ્છીશુ કે અમલદારવર્ગમા વિવેકબુદ્ધિનો સારો વિકાસ થાય અને દેશના રાજકીય જીવનને તેના યોગ્ય માર્ગે જવા દેવામા અવરોધના કારણો પોતે ના બનતા પ્રજાનો અને લોકના નેતાઓનો, શિક્ષિત વર્ગનો અને સભાવિત ગૃહસ્થોનો વિશ્વાસ મેળવવાની બુદ્ધિ તેમનામા સતેજ થાય વ્હેમી માણસોની મુસાફરીઓ હમેશા અધુરી ને અધુરી રહે છે અને કદાપિ પુરી થઇ શકતી નથી એ અનુભવવાક્ય ત્હેમના કાર્યવ્યવહારમા ઉતરશે તો તેથી દેશને-પ્રજાને અને સૌથી વધારે તો આખા સામ્રાજ્યને જ ફાયદો છે-લાભ છે, હાનિ નથી આ અમલદાર વર્ગના અધિકારીઓ ક્યારે સ્હમજતા થશે ?

૨. જાહેર ભાષણોઉપર પ્રતિબન્ધ,

અમદાવાદના ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ મિ જી ઈ ચેટફિલ્ડે તા ૨૭ ૯ ૧૯ ના રાજનો હુકમ કહાડ્યો છે કે,

'હુ જી ઇ ચેટફીલ્ડ એસ્કવાયર, અમદાવાદ જીલ્લાનો ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ, ડીસ્ટ્રીક્ટ પોલીસ એક્ટની કલમ ૪૨ પ્રમાણે આ ઉપરથી સર્વે લોકોને ખબર આપુ છુ કે મારી ખાસ પરવાનગી સીવાય તા ૨૮ ૯ ૧૯ થી તા ૨૧ ૧૦ ૧૯ સુધીમા અમદાવાદમા પાનકોર નાકાથી ફરતા દશ માઇલ સુધીમા જાહેર ભાષણ કરવા નહિ !!!'

મિ ચેટફીલ્ડનો આ હુકમ અમદાવાદ શહેર કે જીલ્લાની વર્તમાન સ્થિતિથી માહિતગારને જણાશે જ કે તદ્દન બીનજરૂરી અને અઘટીત છે એપ્રીલના છેલ્લા દુ ખભર્યા રમખાણ પછી આખુ ગુજરાત આજ પાંચ છ માસથી તદ્દન શાન્ત છે આવી સુલેહભરી સ્થિતિમા પણ મિ ચેટફીલ્ડને આ હુકમ શા માટે પ્રગટ કરવો પડ્યો છે તે સ્હમજી શકાય તેમ નથી પણ *Strange are the notions of the Bureaucracy*—અમલદારી વર્ગની નીતિનું ધોરણ કોઇ વિચિત્ર સજોગોથી જ રચાયલુ છે 'વા વાયો નળીયુ ખસ્યુ તે દેખી કુતરૂ ભસ્યુ' એ પ્રમાણે ડાગો લાઠ કરવાની આ પદ્ધતિ જ્યારે અસ્વીકાર્ય ગણાશે અને વિવેકબુદ્ધિથી શાસન કરવાની પદ્ધતિ-નીતિ અમલદારવર્ગ સ્હમજતા થશે, ત્યારે પ્રજા વધારે સુખી થશે રાજા પ્રજાના પરસ્પરના સુખમાં-પરસ્પરના હિતમા વધારો થાય એવી રાજનીતિ શા માટે અખત્યાર કરવી જોઇએ ? અમદાવાદની પ્રજાને પ્રજાની દૃષ્ટિએ પણ કાંઇ ઓછી હાનિ થઇ નથી પ્રજા સ્હમજે તો એને જે કારમી શિક્ષા થઇ છે તે બસ છે અને રાજ્યના હિતની દૃષ્ટિએ કહો કે પ્રજાના સુખભર્યા જીવનની દૃષ્ટિએ કહો તે રીતે પણ આ હુકમ અમ્હને તદ્દન બીનજરૂરી અને અર્થવિનાનો નિરર્થક લાગે છે આશા છે કે મે કમિશનરસાહેબ પોતાના હાથ નીચેના અધિકારીઓ વિવેકમર્યાદાના અમૃત પાશે અમ્હને વ્હેમ છે કે ગયા માસની આખરમા નામદાર ગાંધીજીના રા. હીરાલાલ પારેખ, એમ એ ના પ્રમુખપદ નીચે પ્રજાજનના મામલા સમ્બન્ધમા અમદાવાદના શહેરીઓએ ભરેલી જાહેરસભાથી કે કદાચને અમદાવાદ શહેર ઉપર નાખવામાં આવેલા નવ લાખ રૂપીઆના દંડની વસુલાત લેવા જતા તોફાન થવાની ધાસ્તીથી મિ ચેટફીલ્ડને આ હુકમ કહાડવો પડ્યો હશે પરંતુ તેમા માજી કમિશનર મિ

ડીસેમ્બર ૨ ... એસ એમ ત્રિપાઠી એન્ડ કંપની પ્રખ્યાત

બીજા અધિકારીઓના કૃત્યને ભલેને નામદાર વડી સરકાર વ્યાજબી ઠરાવે, પરન્તુ પ્રભુના ન્યાયી દરબારમાંથી, મનુષ્યોના સ્વતંત્ર અને ઉન્નત હૃદયોમાંથી તો તેમના કૃત્ય માટે ભારે શિક્ષાઓને જ એ લાયક—પાત્ર હોવાના ઉન્હા નિશ્વાસ નીકળી ચુક્યા છે. પંજાબનાં રમખાણો અને એ રમખાણમાં માર્યા ગયેલા હજારો નિર્દોષ પ્રજાજનો માટે શોક દર્શાવાય કે અધિકારી વર્ગના આપખુદ કૃત્યો સ્હામે પ્રજાજનો વિરોધ દર્શાવે એથી પ્રજાની સુલેહને કે શાન્તિનો ભંગ થતો નથી. પંજાબના અધિકારીબન્ધુઓ સ્હામે અમદાવાદના શહેરીઓએ વાંધા દર્શાવવા જોઇએ નહિ, એવી મિથ્યા પક્ષપાતવૃત્તિથી દોરાઇને જો કદાચને એ હુકમ પ્રગટ કરાયો હોય તો તે એકદમ રદ થવો જોઇએ. નહિં તો એ હુકમ શા માટે કહાડવામાં આવ્યો છે તે પ્રજાને જણાવવું જોઇએ, અને ખાત્રી કરાવવી જોઇએ કે એ હુકમમાં તથ્ય છે—એ હુકમ જરૂરી અને વ્યાજબી છે. પ્રજાની દૃષ્ટિએ તે વિના આ હુકમ ગેરહુકમ જ ગણાશે. શાન્તિને ચ્હાનારા—ન્યાયનીતિને પૂજનારા આપણા ઇલાકાના નામદાર ગવર્નર સાહેબે આ બાબતમાં યોગ્ય કરવું જોઇએ—એ એમનો ધર્મ છે.

૩. ખેડા જિલ્લાઉપર આક્રમણ.

તા ૧૦ મી એપ્રીલ અને તે પછીની દશની ભયંકર સ્થિતિથી કોણ અજાણ્યુ છે? અમદાવાદ પંજાબના તોફાનની અસર નડિઆદને પણ કાંઈ લાગી ગઈ અને પરિણામે નડિઆદના કોઈ તોફાની અને હલકટ આદમીઓએ રેલ્વેના પાટા ઉખાડી નાખી 'એકના પાપે વ્હાણ ડુબે' એ ન્યાયે આખા નડિઆદના સુન્દર નામને શહેરને માટે કલંકિત કર્યું. એ દિવસનું સ્મરણ થતાં અમ્હારૂં હૃદય કંપે છે અને રૂવાંટા ઉભા થાય છે. ઇશ્વરકૃપાથી પસાર થતી રેલગાડી વખતસર બચી ગઈ. આ ગુન્હાને પરિણામે જેમ બધે થયું તેમ નડિઆદમાં પણ કેટલાક જણોને પોલીસે પકડ્યા. તેમને ખાસ કોર્ટો પાસે રજુ કર્યા. અને કમિશનરોએ પુરાવાની ખામીને લીધે તેમને છોડી મુક્યા. ખરા ગુન્હેગારો પકડાયા નથી. ખેડા જિલ્લામાં તે સમયમાં મચનાર્યની સંપૂર્ણ શાન્તિ અને ઓરાગરાન સુનેહથી સંતોષ પામીને, અને નડિઆદની મ્યુનિસીપાલીટીએ કલેકટરસાહેબની તીવ્ર ઇચ્છાને સહેજ પણ આનાકાની વિના તાબે થઇને પરમ ધર્મકર્તવ્ય તરીકે નામદાર સરકાર સાથે સહકાર કરવા તત્પરતા દર્શાવી અને સાથે ગુન્હેગારોને પકડી લાવનારને કે શોધી આપનારને રૂ ૫૦૦—નું ઇનામ જાહેર કર્યું. તે સમયના ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ મિ. કર જણાવે છે કે, "નડિઆદના શહેરીઓની એક પ્રતિનિધિસંસ્થા તરીકે નડિઆદની મ્યુનિસીપાલ બોર્ડ મારફત નડિઆદના વતનીઓને જણાવવાનું કે પ્રથમ તો જે કટોકટીનો સમય સુભાગ્યે આજે વીતી ગયો છે તે દરમિયાન તેઓએ કાયદા અને બન્દોબસ્તને માન આપ્યું તેની હું કદર પીછાનું છું. વળી જે આગેવાનોએ મર્યાદા સાચવવા માટે પોતાની ભાગ બજાવેલી છે, તેમને મારા તરફથી ખાસ ધન્યવાદ આપું છું."

આ ધન્યવાદ પત્ર એક ચઢેરા આપનાર–તે જ શહેરનો મુખ્ય ઉપરિ–અમલદાર! આ પત્ર તા ૨૬ મી એપ્રીલે મ્યુનિસીપાલીટીને લખવામા આવ્યો હતો મ્યુનિસીપાલીટીની આર્થિક સ્થિતિ નિર્બલ અને કફોડી હોવાછતા પણ એણે રૂ ૫૦૦ નુ ઈનામ જાહેર કર્યું! આશ્ચર્ય એ જ છે કે જે અમલદાર પોતે જેને જે કાર્ય માટે ધન્યવાદ આપે છે તેને જ તે કાર્ય માટે અદાલતની તપાસ પહેલા જ ગુન્હેગાર ઠરાવી સજાને પાત્ર કરે છે આ પરસ્પર વિરોધ અને ના સમજી શકાય તેવી કોઈ દલિલ કે મે માસની છેવટમા મ્યુનિસીપાલીટીના આ સત્કારને 'કુછ હિસાબ'મા ના ગણતા નડિઆદની પ્રજાના બે મ્હોટા વર્ગને જ શિક્ષાપાત્ર ગણી દુકાનના વાણીઆ અને પાટીદારોના ખર્ચે વધારાની પોલીસ રાખવા માટે એણે એ ભલામણ કરી છે અને તેના કારણોમા એ બતાવે છે કે,

૧ નડિઆદના લોકોએ હોમરૂલની હીલચાલમા ભાગ લીધો

૨ ખેડાની સત્યાગ્રહની ચળવળ સમયે નડિઆદ મિ ગાંધીનુ મુખ્ય મથક હતુ

૩ રા ગાંધી વાણીઆ છે અને મિ ગોકલદાસ તલાટી તથા મિ ફુલચંદ શાહ પણ એ જ જ્ઞાતિના છે

૪ ટ્રેનને પાટાપરથી ઉતારી પાડવાનો ગુન્હો એ ખેડા સત્યાગ્રહના સીધા પરિણામરૂપ છે

આ કારણોની નોંધ આપના વીગતો રજુ થઇ નથી કે આ કારણો ખરા જ છે એવુ માનવાને એમની પાસે કઇ સબળ પુરાવા છે કે કેમ એવુ કાંઇ પણ મિ મૅજીસ્ટ્રેટસાહેબ જણાવતા નથી અને સત્ય હકીકત કોઈ જાણતું નથી નડિઆદના વાણીઆઓનો મ્હોટો ભાગ વેપારીનો છે જે વેપારીઓ દ્રવ્યસંચયના પૂજકો છે અને પાટીદારભાઇઓનો મોટો ભાગ ખેતીવાડીને ચાહનારો છે એમના જીવનવ્યવહારમાં બીજા તત્વો આમેજ થઈ શકે એવુ નથી નડિઆદની પ્રજાનો મ્હોટો ભાગ–અને નડિઆદને ઉંડાણમાથી સમજનાર ને જાણનાર તો એ જ માને છે કે આ ભયંકર ગુન્હાના કરનાર નડિઆદના વતનીઓ નથી પણ બહારના જ કોઇ તત્વો હશે અગર તો કોઇ સુધારા વિનાના મવાલીઓનુ કામ છે પણ પ્રજા પોતે ગુન્હેગાર નથી રા ગોકલદાસ તલાટી એ નડિઆદની મ્યુનિસીપાલિટીના પ્રમુખ છે ખાનદાની અને અમીરી ગુણેથી નડિઆદ–ખેડા જીલ્લાની પ્રખ્યાત પ્રજાના પ્રેમને પાત્ર થયેલા એક માહિર વકિલ છે તેઓ સાર્વજનિક પ્રવૃત્તિઓમા હોંશથી અને ઉલટભેર ભાગ લેનાર શહેરી છે રા ફુલચન્દ શાહ એ તેવા જ ઉત્સાહી અને નમ્ર યુવક છે હા, નડિઆદના સાર્વજનિક જીવનને [illegible] અને નડિઆદની પ્રજાના [illegible] વ્યવહારમા [illegible] મળેલા પ્રકાશવાન પ્રવૃત્તિઓને નિરન્તર ચેતના રાખનાર તરીકે બીજાઓ સાથે આ ગૃહસ્થોએ પણ એટલો જ ઉલટભર્યો ભાગ લીધો છે અને લેશે પણ તેથી શુ ? સરકારનો હમેશા તેમણે સત્કાર કર્યો છે અને સદ્ગુણને આવકારીને [illegible] આપવો એ કયો માર્ગ –કઈ નીતિ અને કયુ ધોરણ ? નડિઆદની પ્રજાએ જે આત્મસંયમ અને ઉચ્ચ કર્તવ્યબુદ્ધિ એ કટોકટીના સમયે દર્શાવ્યા છે તેના બદલામા આ આવો ભારે દંડ! નડિઆદની પ્રજાએ તા ૧૪ મી સપ્ટેમ્બરે નામદાર મુંબાઇ સરકારના આ ઠરાવ સ્હામે પોતાનો વિરોધ દર્શાવવાને

યોગ્યરૂપમાં નમ્રતાપૂર્વક જે અરજી કરી છે તે બેશક તેઓએ યોગ્ય જ કર્યું છે અને અમ્હને આશા છે કે મુંબાઇની નામદાર સરકાર આ અરજી ઉપર પરતુ ધ્યાન આપશે હાથ નીચેના અમલદાર સેક્રેટરીના જ બોલ ઉપર વિશ્વાસ મુકી એક આખા ગચ્છને આવી રીતે સખ્ત શિક્ષા કરાય તે પહેલાં નામદાર ગવર્નરસાહેબ પુખ્ત તપાસ કરશે એવી અમે આશા રાખીએ છીએ અને નડિઆદની પ્રજાને થએલા આ ગેરઇન્સાફની દાદ મળશે ન્યાય આપવાની ના કહેવી એ નીતિ અખત્યાર નહિં કરવામાં આવે એવી આશા શું આ કદરદાન ન્યાયપ્રિય ગવર્નરસાહેબપાસેથી આપણે ના રાખી શકીએ? શા માટે નહિ?

૪. વાઇસરૉયની ધારાસભાની દિલ્લી બેઠક.

આ નામદાર લૉર્ડ ચેમ્સફર્ડ ૧૯૧૬ માં હિન્દમાં પ્રથમ આવ્યા ત્યારે હિન્દની પ્રજાને ત્હેમની શાસનનીતિ અજાણી હતી, જો કે કેટલીક દિશાઓથી એમ તો પસંદગી નામદાર લૉર્ડ હાર્ડિંજની તુલનામાં 'કુછ બિસાત'માં નથી એટલું જ નહિ પણ એ પસંદગી બરાબરની થઇ જ નથી એવું પણ આપણને જણાવવામાં આવ્યું હતું હિન્દમાં આવ્યા પહેલાંની ત્હેમની કારકિર્દીથી જાણીતા હિન્દવાનોએ આ મત દર્શાવ્યો હતો, પરન્તુ દેશભક્તે એ ઉપર વજન આપ્યું નહિ અને 'નીવડે વખાણ' ગણી, ના કર્યાં વખાણ કે ના જો ગેરવિરુદ્ધ અભિપ્રાયની તરફેણમાં અને આશા રાખી કે લૉર્ડ હાર્ડિંજની માફક આ નામદાર પણ ઉદારતાથી અને પ્રેમથી અને વિશ્વાસથી પોતાની નીતિનું ધોરણ હિન્દમાં વિસ્તારશે 'લૉર્ડ હાર્ડિંજ અને ચેમ્સફર્ડ'ના લેખમાં * અમે તે વખતે જણાવ્યું હતું કે "આ દેશનું હૃદય સમજનાર, આ દેશના ઉન્નત અભિલાષો, આ દેશની અનેકવિધ પ્રબલ હાજતો, અને આ દેશની કીર્ત્તિ, પ્રતિષ્ઠા અને ગૌરવ વધારવાની હૃદયની ઇચ્છા, હિન્દ અને હિન્દવાસીઓને પોતાના જ ગણી તેમના તરફ પ્રેમ અને સન્માનથી જોનાર-વાઇસરૉય હિન્દને જોઇએ છીએ નવા વાઇસરાય લૉર્ડ ચેમ્સફર્ડ આ દેશનું રાજસૂત્ર હાથમાં લીધું છે અને અમ્હને સંપૂર્ણ આશા છે કે 'હિન્દ અને હિન્દવાસીઓ'ને પોતાનાં ગણી હિન્દની કલ્યાણકારક અનેક સત્પ્રવૃત્તિઓમાં સાચા અમીરી હૃદયથી પ્રસન્નતા મેળવશે હિન્દનું સાચું હૃદય સમજવાને માજી વાઇસરૉય લૉર્ડ હાર્ડિંજે જે પ્રશંસનીય અને ઉદાર રાજનીતિ ગ્રહણ કરી હતી તે કરતાં પણ સવિશેષ ઉદારચરિત રહી, હિન્દના અનેક બુદ્ધિશાળી આત્માઓ સાથે હૃદયથી એક થઇ, ત્હેમના વિચાર જાણી, ત્હેમની મારફતે દેશની અનેકવિધ પ્રવૃત્તિઓથી સહૃદય માહિતગાર બની ત્હેમની જ મારફતે આ દેશનું હૃદય સ્હમજી નામદાર લૉર્ડ ચેમ્સફર્ડ હિન્દનું રાજ્યતંત્ર પ્રેમથી ચલાવશે એવી અમ્હે દૃઢ આશા રાખીએ છીએ."—અતિશય ખેદથી આજે અમ્હારે જણાવવું પડે છે કે હિમાલયના ગગન ચુમ્બિત શીતલ શીખરોએ પણ પહોંચે એમ નથી એવી અમ્હારી આ ન્હાનીશી પણ ભવ્ય આશા આજ ચૂર્ણવિચૂર્ણ થઇ ગઈ છે આ નામદાર સાહેબની કારકિર્દીનો ઇતિહાસ હિન્દની પ્રજા જાણે છે એને અને એનું ટુંકુ પણ દર્શન કરાવવાનું સ્થળ નથી પરન્તુ એ નામદારના

* જુઓ સમાલોચક અંક એપ્રીલ ૧૯૧૬

પ્રમુખપદ નીચે વર્ષમા બે વાર બેસતી ધારાસભાની છેલ્લી બેઠક ઉપર ને તેના કાર્યપદ્ધ ઉપર આપણે નજર નાખીશું ફેબ્રુઆરી માસની ગઈ બેઠકી બેઠક જેમ 'રાઉલેટ બિલ'થી પંકાઈ ગઈ છે, તેમ સપ્ટેમ્બરની આ છેલ્લી બેઠક 'ઇન્ડેમ્નિટી બિલ'થી પંકાઈ છે આ બન્ને બેઠકોમા આપણે શું જોયું? પ્રજાએ શું ધાર્યું? આપણે જોયું કે સત્તાધિકારીઓની નજરમા લાગ્યું તે 'બહુજનહિતાય બહુજનસુખાય' ગણી પ્રજાએ સ્વીકારવું જ જોઈએ એવી એક રાજનીતિ આજ દેશમા સર્વોપરિ સત્તા ભોગવે છે આ ઠરાવોની સંખ્યાથી વસતા આ મહાન દેશની પ્રજાના મજબુત અભિપ્રાયને 'કુછ હિસાબ'માં નહિં કરી દાદ પણ દેવાની નથી! એ એ પ્રજાની નાલાયકાત ઠરાવે છે પ્રથમ બેઠકમા હિન્દના આ પવર પ્રતિષ્ઠિત પ્રતિનિધીઓએ રાઉલેટ બિલ પસાર નહિં કરવા, અને થોડો સમય થોભી જવા ધારાસભાને કરગરી કરગરીને શું ના કહેવાનું પણ ઘણું હતું અમ્હે તો એમ પણ કહીએ છીએ કે એટલી આજીજી અને કાકલુદીભરી વિનંતિઓ એ પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓમાથી કોઇ પ્રજાને પણ કરવી નહિ ઘટે! પણ તે સર્વેનું પરિણામ શું આવ્યું? સત્તા અને પ્રજાએ—જગતે આખાએ જોયું છે પરિણામ દુઃખમા આવ્યું દેશમા ભયંકર અપકૃત્યો થયાં દેશને શરમાવવું પડ્યું! સત્તાધિકારીઓમાંના ઘણાએ આમ પોતાની સત્તાનો દુરુપયોગ કર્યો આ વખતની બીજી બેઠકમા એ દુરુપયોગ મ્હામે કાયદાથી શિક્ષા થઇ શકે નહિં એવી એક યોજના કાયદાતરીકે એ યોજના ન્યાયશાસ્ત્રોના પોથાઓ ભેગી મુકાઈ રહી! એ યોજનાએ કાયદો 'ઇન્ડેમ્નિટી બીલ' તરીકે ઓળખાતો થયો પંડિત મદન મોહન માલવિય જેવા રાજનીતિજ્ઞ અને દેશના પરમ આદરપાત્ર ભક્તને ગઈ બેઠકમાથી 'સરકારસાથે સહકાર મ્હારાથી બને તેમ નથી' કહી રાજીનામું આપ્યું હતું તે વીર નર ફરી પ્રજાની ઇચ્છાને માન આપી ધારાસભામાં બિરાજ્યા હતા એ અડગ વીર પુરુષે ફરી પ્રજાની બાંહ્ય ધરી અને પંજાબના ભયગ્રસ્ત ભાગના ઉપર અને આ ઇન્ડેમ્નિટી બીલ સ્હામે પ્રજાનો વાદ સંભળાવ્યો પણ પરિણામ તો જાણીતું જ હતું કે પ્રજાપક્ષને અને પ્રજાના અભિપ્રાયને આવા વિષયોમા સ્વીકારાય એમ હતું જ નહિં! અને આ કાયદો પસાર થયો!

આ બેઠકમાથી આજ નિશ્ચયપૂર્વક જણાઇ આવ્યું છે કે નામદાર લોર્ડ ચેમ્સફર્ડ પ્રજાના મતને માન આપવાને જરાકે તૈયાર નથી અને પ્રજાના મનથી એ સાહેબ ઉતરી ગયા છે રાઉલેટ બિલ વખતનું તેમનું ભાષણ જેટલું નિરાશાજનક હતું તે કરતાં પણ આ સમયનું તેમનું ભાષણ વિશેષ નિરાશાભર્યું અને હિન્દવાસીઓને શલ્યની માફક હૃદયમાં તીવ્ર વેદના કરતું ખૂંચે એવું હતું ખરેખર, ઘણા ખેદ સાથે, કહેવું પડે છે કે ઘણા વખતથી એક સ્થિર રાજનીતિજ્ઞ પુરુષ પાસેથી આવા વચનો અમ્હે સાંભળ્યા જ નથી પંજાબની ભયંકર દશાને માટે-સનાતનથી જ હિન્દની પ્રજાના અનેક હિતૈષીજનોના દુઃખભર્યા મરણો માટે, કે પ્રજાને વેઠવી પડેલી ભયગ્રસ્ત મુશ્કેલીઓ માટે આશ્વાસનનો એક શબ્દ પણ જેમા નહિં, ખરા ગુન્હેગારોને પકડી યોગ્ય શાસન આપવાની જેમા વાત પણ નથી,

અને આ દુ ખભર્યા ઉ ત્પાત માટે કેવળ હિન્દીજનોને જ દોષવાન્ ગણવાનો જેમા પુરો પ્રયત્ન થયો છે, અને પોતાની રાજનીતિ સર્વાંશે સફલ થયાનુ જેમા દુદુભિનાદથી દર્શાવવામા આવ્યુ છે એવુ આ ભાષણ સાભળી નાચી એક હિન્દીજન તો નિ શ્વાસ જ નાખી રહે છે અમ્હે પુછીએ છીએ કે ગવર્નર મિત્રને આટલી બધી તજામારીથી—જે પ્રજા ઉપર ત્હમને રાજ્ય કરના પ્રભુએ મહા સદ્ભાગ્યની એક તક આપી છે અને પ્રભુની પરમેચ્છાથી એ સત્તા ભોગવો છે તે પ્રજાના સર્વમાન્ય પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓનાસમસ્ત અભિપ્રાયોને કુછ હિસાબમા ના ગણી, દેશ સમસ્તની પ્રજાના એક અભિપ્રાય વિરુદ્ધ અને—એકે અવાજ નકારતો પ્રમત ચોપનીજ્યા પછી પણ—એ બીલ પસાર કરી કાયદા તરીકે ન્યાયશાસ્ત્રને કલકિત કરવા શા માટે પસાર કરી દીધો ? અને પ્રજાના પ્રતિનિધિઓએ કલ્પેલા ભવિષ્યના સત્ય જ્યારે પછીથી પ્રત્યક્ષ થયા ત્યારે એ તોફાનો માટે પ્રજાના એ પ્રતિનિધિઓને અને પ્રજાને જ શા માટે એકલાં દોષવાન્ ગણવા ? એ ન્યાય કેનો ? પછી પણ મહાત્મા ગાંધીજી સ્હામે દિલ્હી પંજાબમા પ્રવેશ કરવા સ્હામે તદ્દન બીનજરૂરી પ્રતિબંધ મૂક્યો શા માટે શુ ગાંધીજી બડખોર છે ? નહિ જ ! છતા એ પ્રતિબંધ મુકવાની ભુલને પરિણામે દેશમા ખળ ભળાટ થાય—કોઇ ના ઇચ્છિત્ર જોગ તોફાનો થાય તો શાન્તિથી અને ઉદારતાથી તેને સમાવી દેવાની જરૂર હતી ગાંધીજીએ ઉચ્ચારેલા *Some educated and clever man or men*—કોઇ શિક્ષિત અને હોશિયાર વ્યક્તિ કે વ્યક્તિઓ—ના શબ્દો નામદાર ચૅમ્સફર્ડસાહેબ પોતાના પ્રમાણ તરીકે નોંધી એ મહાત્માને બીજો અન્યાય કરે છે ગાંધીજીએ ઉચ્ચારેલા આ શબ્દો એ એમના જીવનમા એમણે કરેલી એક મહા ભૂલ છે એવુ અમ્હારૂ માનવુ છે મુબાઇથી અમદાવાદ રહવારમાં ૧૧ સ્હાડાનવ વાગે ઉતરી, પરભાર્યા કમિશનર કે કલેક્ટરસાહેબને મળવા ગયા, ગામમા હાજર થયા પહેલાનો અને અમ્હારૂ ધારવુ એવુ જ છે કે ત્યાંની પરિસ્થિતિની **પ્રત્યક્ષ રીતે** પુરેપુરી તપાસ કર્યા પહેલાનો આ ત્હેમનો ઉતાવળથી અપાયલો અભિપ્રાય છે અસ્તુ છતા પણ દલિલ તરીકે માનીએ કે ગાંધીજીના આ શબ્દો સત્ય હતા તો પણ નામદાર વાઇસરૉયસાહેબ જેવા રાજકારભારના ગણાતા દક્ષ નાયક અમદાવાદ માટે વપરાયલા શબ્દો દિલ્હી પંજાબને પણ લગાડી દેતા ચુકતા નથી એ ખરેખર આશ્ચર્ય પમાડે છે અમ્હે તેથી અતિશય ખિન્ન થઇએ છીએ, ગાંધીજીએ પણ આનો ખુલાસો જાહેરમા પ્રસિદ્ધ કર્યો છે

બીજી વાત આમ વાતને અને વસ્તુસ્થિતિને ફેરવી નાખી હાન્ટરકમિટી બીનની આશ્ચર્ય કૃત્તુ પ્રમાણ એ નામદારશ્રી આપેછે અને પછી શાન્તિથી આ બધા તોફાનના કારણો તપાસવા અને તેનો ઉપાય કરવા ૭ મહાજનોની કમિટી નીમ્યાનાત રજુ કરે છે એ કમિટીમાના ગૃહસ્થો આ દેશને અને તેની પ્રજાને ન્યાય આપી શકે એવુ અમ્હે ઘણુ ઇચ્છીએ છીએ, પણ આપણુ દુર્ભાગ્યુ જેમ હમેશા ધાર્યુ જ રહે છે એમ આમા પણ થશે એવો અમ્હને મહા ભય છે એ કમિટીના ગૃહસ્થોમા ગુજરાતના જાણીતા શહેરી સર ચિમનલાલ સેતલવાડ પણ એક છે આ એક જ ગૃહસ્થ એવા છે કે જે પ્રજાને જાણીતા છે અને ધારશે તો પોતાનો સ્વતંત્ર અભિપ્રાય દૃઢતાથી રજુ કરશે પણ આ કમિટી ઉપર હિન્દી સરકારની મહેરબાનીની દૃષ્ટિ રહેવાની—કારણ

લૉર્ડ ચેમ્સફર્ડનો પુનર્મતિ ઉપદેશ ૨ ૧—૪—૭ એમ એમ ત્રિપાઠી એ કંપની, મુબાઇ.

રેશાહી કમિટી-જે પ્રકારની પ્રજાએ માગી હતી-છે, તે નથી અને આપણે કયાં જાણતા નથી કે આવી કમિટીઓમાં એક હિન્દીજન લગભગ કશું જ કરી શકે એમ હોતું નથી અત્યારે તો એ કમિટીપર પ્રજા વિશ્વાસથી જોઈ શકે એમ નથી ખરેખર આ બધી વસ્તુસ્થિતિ દેશને દુભવે છે

હવે ત્રીજી વાત નામદાર સાહેબ કહે છે કે હિન્દની રાજકીય પરિસ્થિતિ સુધારવા માટે સુધારાનો જે ખરડો આજ પાર્લમેન્ટ પાસે છે, તેને અમ્હે-અમ્હારી સરકારે-ઉતારી પાડવા પ્રયત્ન કર્યો છે એવો આક્ષેપ એમની સરકારપર પ્રજાએ મુકયો છે એ નામદાર એમાં સત્ય નથી એમ છાતીઠોકીને કહે છે એ એ જ કહે બીજું ના કહે અને લોક મૂર્ખ છે કે આવી ખોટી વાતો કરે છે પણ અમ્હે એટલી વાત તો એ નામદારને કહીશું કે સાહેબ, બુદ્ધિ કોઈના બાપની નથી બુદ્ધિનો કોઈને ઈજારો અપાયો નથી જો આપ સાહેબને અને આપના સહકારિઓને પ્રભુએ બુદ્ધિ આપી છે તો આ તેત્રીસ કરોડ હિન્દવાસીઓને પણ બુદ્ધિ આપી છે એમને વિચાર કરવાને મગજ છે અને આપના અભિપ્રાયો પ્રજાએ આદરપૂર્વક જાણ્યા છે અને આપને જે સારૂં લાગે છે તે અમ્હને અકારૂં લાગે છે પ્રજા તો માને જ છે કે આપની સરકારે મોકલેલા ખરીતાઓ મોન્ટેગુ ચેમ્સફર્ડ રીપોર્ટથી પણ ઓછું કરવા ઈચ્છા રાખે છે. લોકની આ સમજ ગેરસમજ હશે, પણ છે તે આ છે, આ રહેશે અને પ્રજા પોતાના આ અભિપ્રાયને સત્ય માને છે

છેવટની વાતમાં નામદારશ્રી પ્રજાને ઉપદેશ આપે છે અને તે બરાબર છે કે ભૂતકાળના વાતો ઉપર રમમાણ કર્યા કરી આપણે ગાડાની માફક જાતીય કટુતા વધાર્યા કરવી એ ઈચ્છવા યોગ્ય નથી વિગેરે, અમ્હે એ નામદારશ્રીને પુછીએ છીએ કે આ દેશના શિક્ષિતજનોએ કયારેય એવું કર્યું છે કે જેથી આવી કટુતા ઉભી થાય? અને અમારું આત્મજનો તો આપણા રક્ત છે અને અમારો તો જીવનમંત્ર છે કે સામ્રાજ્યભાવ બધે વિસ્તારવો પણ નામદારશ્રીના સહકારીઓ આ ધારાસભાની બેઠકોમાં તદ્દન ના છાજતા યોગ્ય વાગ્બાણો અને તેના મહા આરોપણો દેશના પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓ સામે હમારા તરફથી કોઈ પણ પ્રતિબંધ વિના સ્વચ્છંદતાથી છોડ્યા કરે અને આપ સાહેબ મુગે મોઢે જોયાં કરો, એંગ્લો ઈન્ડિયન પત્રકારો એમના-અમ્હારાપર ખોટા ગંદના આરોપણ કરે અને એવું ઘણું ઘણું દેશમાં થાય છે તે સ્હામે આપે શું કર્યું? આપની સરકાર જાણે પોતાને એથી કાંઈ લાગતુ વળગતુ ના હોય એમ મૌન ગ્રહી બેસી રહી છે આપની પેતી અધિકારી કહેવત શું કહે છે? અને માથી તો સાત્વિક મનોવૃત્તિવાળાની વૃત્તિઓ પણ ઘડીભર ચળી જાય એમાં દોષ કોનો? આ વાત દિવા જેવી સ્પષ્ટ છે અને હિન્દીજનોના કરતા યૂરોપીયન બંધુઓ, એંગ્લો-ઈન્ડીયન પત્રકારો વિગેરે આપના જમણા હાથોએ જેટલું સહમજવાની જરૂર છે તેટલું આજે જ અમ્હારે માટે હશે અમ્હારો તો સામ્રાજ્યધર્મ એ એ જ ધર્મ છે બ્રિટિશ સામ્રાજ્યના પૂજકો આ હિન્દવાસીઓ છે પણ એ પૂજાની નથી હમારે ત્યાં ખાની કદર કે નથી ઘટતી અમ્હારી ખાર.

૫. બે જયન્તિઓ.

ચાલુ-સપ્ટેમ્બર માસમાં હિન્દનું પરમ હિત જેને હૈડે છે અને જેની રગેરગમાં વ્યાપક છે એવી બે મહાન વ્યક્તિઓના જીવનયુગની જયન્તિઓ પ્રજાએ ઉત્સવ કર્યો છે એ મહાન વ્યક્તિઓ મહાત્મા ગાંધીજી અને વિદુષી બીસેન્ટ મહાત્મા ગાંધીજીની પચાસમાં

વર્ષની જયન્તિ પ્રજાએ બહુ ઉત્કટથી અને અત્યન્ત પ્રેમભાવથી ઉજવી છે " જનની જણજે કાં દાતા કાં શૂરવીર, નહિ તો રહેજે વાંઝણી ' એ કહેનારે પરમ સત્ય કહ્યું છે હિન્દનાં પુત્રો, અને પુત્રીઓ આ કહેલુ યથાર્થ રીતે સ્હમજી પોતાના જીવનમા ઉતારી રહે તો કાળના પ્રભાતમા દેશનો સાંગોપાંગ ઉદ્ધાર થાય પણ એ પ્રારબ્ધ હોય ક્યાંથી ? મહાત્મા ગાંધીજીએ એક હિન્દીજન તરીકેનુ જીવન પુરેપુરી રીતે સાર્થક કર્યુ છે કર્મયોગના એ મહાન્ તપસ્વીએ જગતની પાસે જે પ્રબળ અને તેજસ્વી આદર્શ રજુ કર્યો છે તેનુ મૂલ્ય આંકયુ પણ અંકાય એમ નથી પ્રજાએ ગાંધીજીના પરમ મોંઘા સેવાજીવનને બરાબરનુ ઓળખ્યુ અને કદર કરી એક ઠીક સારા દ્રવ્યનુ ઉઘરાણુ કર્યું પણ ગાંધીજીએ કહ્યું કે ' એ કરતા તો મ્હારામાં સાચા લાગતાના ગુણો તમારામા ઉતારશો તો તેથી મ્હને વિશેષ આનન્દ થશે !' ખરુ સત્ય કહ્યુ મનુષ્યનો સ્વભાવ છે કે ઉર્મિ આવે જગત ઉથલાવે અને પછી હતા ત્યાના ત્યાં આ દુર્બલ મનોવૃત્તિથી પર થવુ એ એક મહાગુણ છે પરિક્ષાનો આ કામ કામ આજ જણાય છે

વિદુષી મિસેસ બી ઍનીબેસન્ટની જયન્તિ પણ બહુ ઉજવાઈ છે એ બાઈનુ જીવનનુ સેવાવ્રત છે એની સેવાઓ પણ કીમતી છે એની આહુતી બહુ મૂલ્યવાન્ છે પરધર્મી અને પરદેશીય હોવા છતાય હિન્દને માટેનો એનો પ્રેમ અતિ ઉંડો છે એ સૌ જાણે છે નહિ સેવા કરવાની હિં દેવા એવા પરધર્મીઓ, અને પરદેશીઓ માટે આટઆટલી ઉંડી ભરી લાગણીઓ સરકારી અને દાનવીર હ્રદય સિવાય બીજુ રાખે પણ કોણ ? તેમાયે એક સ્ત્રીજન આટલી પુક્ત વયે–કે જે વયે તો આપણા દેશમાં કરોડો જીવતાયે નથી કે જીવે છે તો યે બાપડા મરેલા જેવા–આટલી ભગીરથ સેવા હિન્દની કરે એ કાંઈ ઓછા મહત્ત્વની વાત નથી એવી શૂરવીર 'માતાઓ' હિન્દમા જન્મે અને હિન્દનુ હિત હૈડે વસવાનુ શીખતા શીખે તો આપણા સર્વ પ્રયત્નો સફળ થતા તે કેટલીવાર ? આ મહાન્ સ્ત્રીરત્ને હિન્દના રાષ્ટ્રીયજીવનમા જે અપૂર્વ સેવાવાસ જગાડ્યો છે તે માટે હિન્દ તેનુ ચિરકાલપર્યન્ત ઋણી જ છે આ બાઈનું જીવન જેટલુ હિન્દને અને હિન્દની પ્રજાને કલ્યાણસાધક બન્યું છે તેમ ઘણા ઓછા જનોનાં જીવન બન્યા છે અને એ રીતે વિશ્વ જનોની કોટીમા આ બાઈ મુકાવા માટે સર્વાંગે યોગ્ય જ છે

આ બન્ને મહાજનોના જીવન કેવળ હિન્દવાસીઓએ જ નહિ પરન્તુ સમસ્ત વિશ્વે સ્હમજવાની જરૂર છે એમના જેવા સેવાવ્રતીઓ વિરલ છે અને વિરલ જ હોય છે આ અતિ માંગલિક પ્રસંગે જગતના મહાન્ પિતા પાસે આપણે માગી લઇએ છીએ કે આ બન્ને મહાન્ જનોને ચિરાયુષ સાથે સર્વશક્તિ અને સાધન અર્પજે કે જેથી જનસમાજના પરમ કલ્યાણના સ્હેમનાં વ્રત એ સર્વ રીતે પૂરેપૂરા પાર પાડી શકે મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે અને કોઈ સર્વરીતે સંપૂર્ણ હોતુ નથી એ નિયમ સર્વ કોઇએ નિરન્તર મન આગળ ખડો જ રાખવા જેવો છે આ પ્રમાણે આ બન્ને મહાન્ વ્યક્તિઓના વિચારથી, કોઇ કોઇ વાર કોઈ કોઇ સ્થળે કોઇના મન દુભાયા હશે પરન્તુ એ વીર જનોના હ્રદય જેટલા શુદ્ધ અને દૃઢ છે તેટલા જ તેમના કાર્યો દીપી નીવડે છે અને હિન્દવાસીઓમા ।। ઘણાઓ જેમના જીવન પણ સેવા અર્થે જ ગાળવામા આવે છે ત્હેમણે પણ સહિષ્ણુતા અને ઔદાર્યના ગુણગ્રાહક થઈ એક અધના યાત્રાળુ બની જવાનો તેમનો પરમ ધર્મ , એ લક્ષ્યમા લેવાનુ છે આટલું સ્હમજાયે હિન્દનો ઉત્કર્ષ કાળના વ્હાણે સિદ્ધ થશે એમા શક નથી

જુદી જુદી જાતનાં વર કન્યાનો વિવાહ.*

લેખક–રા મહાશંકર ઈન્દ્રજી દવે.

અનુલોમ વિવાહ.

હિન્દુઓના ધર્મશાસ્ત્રોમા લખ્યુ છે કે બ્રાહ્મણ બ્રાહ્મણાદિ ચારે વર્ણની ક્ષત્રિય ક્ષત્રિયાદિ ત્રણે વર્ણની, વૈશ્ય વૈશ્યાદિ બે વર્ણની અને શૂદ્ર ફક્ત શૂદ્રવર્ણની કન્યાઓ સાથે વિવાહ કરી શકે

બૌધાયન કહે છે કે —

वर्णानुपूर्वेण चतस्त्रो भार्या ब्राह्मणस्य । तिस्रो राजन्यस्य । द्वे वैश्यस्य । एका शूद्रस्य । १।८।२–५

વિષ્ણુ કહે છે કે —

अथ ब्राह्मणस्य वर्णानुक्रमेण चतस्त्रो भार्या भवन्ति । तिस्रः क्षत्रियस्य । द्वे वैश्यस्य एका शूद्रस्य । २४।१।४

મનુ કહે છે કે —

शूद्रैव भार्या शूद्रस्य सा च स्वा च विशः स्मृते ।
ते च स्वा चैव राज्ञश्च ताश्च स्वा चाग्रजन्मनः ॥ ३।१२ ॥

કોઈ કોઈ ઋષિઓ હિન્દુ-જાતિનો શૂદ્ર-કન્યા સાથેનો વિવાહ નિન્દાયેલો છે જેમ કે યાજ્ઞવલ્ક્ય (૧–૫૬)

यदुच्यते द्विजातीनां शूद्राद्दारोपसंग्रहः ।
नैतन्मम मतम् यस्मात्तत्रायं जायते स्वयम् ॥*

અર્થાત્ એવી વાત ચાલે છે કે પ્રાચીન ધર્મશાસ્ત્રો મુજબ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય શૂદ્રકન્યા સાથે વિવાહ કરી શકે છે એ મારો મત નથી, કારણ કે પરણનાર પોતે જ ભાર્યાના ગર્ભમાં પુત્રરૂપે જન્મગ્રહણ કરે છે એમ'ની યાજ્ઞવલ્ક્ય તે પછીના શ્લોકમાં બ્રાહ્મણને ત્રણ વર્ણની, ક્ષત્રિયને બે વર્ણની અને વૈશ્યને એક વર્ણની કન્યા સાથે વિવાહ કરવાનો ઉપદેશ આપે છે જેમ કે —

* (૧) જીવ વિદ્યા અને સૌજન્ય વિદ્યા (Biology and Eugenics) જુદી જુદી જાતના વિવાહની વિરુદ્ધ નથી, (૨) આવી જાતના વિવાહથી દેશનું ઐહિક કલ્યાણ છે (૩) પવિત્ર મહાશયનું ચિત્ત શાન્ત થવાથી કે હિન્દુઓમા જુદી જુદી જાતના વરકન્યાના વિવાહ શરૂ થઇ જાય તેમ ધારવાનું નથી (૪) અત્યારે પણ હિન્દના કેટલાક ભાગમા અનુલોમ પ્રતિલોમ વિવાહ થાય છે અને એ વિવાહથી ઉત્તમ પ્રજા ઉત્પન્ન થતાની જાતના દાખલા છે ઈત્યાદિ બહુ જાણવા જેવી વાતો આ નિબંધમા લખી નથી આ નિબંધનો હેતુ ફક્ત હિન્દુશાસ્ત્રો આવી જાતના વિવાહ વિરુદ્ધ નથી એ સમજાવવા માટે કેટલાક શાસ્ત્રીય પ્રમાણો જ આપેલ છે

तिस्रो वर्णानुपूर्वेण द्वे तथैका यथाक्रमम् ।
ब्राह्मण-क्षत्रिय-विशां भार्य्या स्वा शूद्रजन्मन ॥ १-५७ ॥

પૂર્વોક્ત બૌધાયનના વચન સાથે આ વચનની તુલના કરતા જણાશે કે, બૌધાયનનાં 'चतस्र' 'तिस्र' અને 'द्वे' પદને બદલે અનુક્રમે 'तिस्र' 'द्वे' અને 'एका' પદ મુકી શ્લોક બનાવતા યાજ્ઞવલ્કયનો શ્લોક મળી શકે છે આ ઉપરથી જણાય છે કે યાજ્ઞવલ્કયના મત પ્રમાણે બ્રાહ્મણનો શૂદ્રકન્યા સાથેનો વિવાહ નિન્દનીય છે* યાજ્ઞવલ્કય શૂદ્ર-કન્યા સાથે વિવાહ કરવામા મત આપતા નથી, એ ખરૂં છે પરન્તુ એવો વિવાહ થઇ ગયા પછી તેને ગેર કાયદેસર ન માનતા સિદ્ધ માને છે તેના મત પ્રમાણે પણ આવા વિવાહ કાયદાવિરૂદ્ધ નથી તે કહે છે કે પરિણીતા (विवाहयेत विधि स्मृत १-९२) શૂદ્રાના ગર્ભમા બ્રાહ્મણ, ક્ષત્રિય, કે વૈશ્યથી જે પુત્ર થાય તેને અનુક્રમે નિષાદ (પારશવ), ઉગ્ર, અને કરણ કહેવા (१-९१-९२) દાયપ્રકરણમા યાજ્ઞવલ્કય કહે છે કે બ્રાહ્મણને બ્રાહ્મણીથી ઉત્પન્ન થયેલ, ક્ષત્રિયાણીથી ઉત્પન્ન થયેલ, વૈશ્યાણીથી ઉત્પન્ન થયેલ અને શૂદ્રાથી ઉત્પન્ન થયેલ પુત્રો હોય, તો બ્રાહ્મણીના પુત્રોને ધનના ચાર ચાર ભાગ, ક્ષત્રિયાણીના પુત્રોને ત્રણ ત્રણ, વૈશ્યાણીના પુત્રોને બબ્બે અને શૂદ્રાના પુત્રોને એકેક ભાગ આપવા

चतुस्त्रिद्व्येकभागा स्युर्वर्णशो ब्राह्मणात्मजा । २।१२५

આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે મહર્ષિ યાજ્ઞવલ્કય 'नैतन्मम मतम्' કહી દ્વિજવર્ણ શૂદ્રા સાથે વિવાહ કરે, તેમાં અસમ્મતિ જણાવે છે; છતા એવા વિવાહ થયા બાદ તેને ગેર કાયદેસર અગર અસિદ્ધ ગણતા નથી

પ્રતિલોમ વિવાહ.

ઉપર જે વિવાહ વિષે કહેવાઇ ગયું તે અનુલોમ વિવાહ એની જાતના વિવાહ કરવાથી વર-કન્યાની કદીપણ નિંદા થતી નહિ પરન્તુ પ્રતિલોમ વિવાહ ધીમેધીમે નિંદાપાત્ર થઇ પડ્યો. (તો શૂદ્ર સાથે બ્રાહ્મણી, ક્ષત્રિયા કે વૈશ્યાનો વિવાહ વૈશ્ય સાથે ક્ષત્રિયા અને બ્રાહ્મણીનો વિવાહ અને ક્ષત્રિય સાથે બ્રાહ્મણીનો વિવાહ નઠારાં કર્મ તરીકે ગણાતો તોપણ એવા વિવાહ થઇ ગયા બાદ ગેરકાયદેસર ગણાતા નહિ એટલું જ નહિ પણ જો વરકન્યા મોટા ઘરના સતાન હોય, તો પ્રતિલોમ વિવાહથી ઉત્પન્ન થયેલ સતાનો હલકી વર્ગમા ગણાતા નહિ યયાતિ ક્ષત્રિય, તેણે બ્રાહ્મણ શુક્રાચાર્યની કન્યા દેવયાની સાથે વિવાહ કર્યો હતો આ વિવાહથી જે સતાનો ઉત્પન્ન થયા તે 'સૂત'મા ગણાયા ન હોતા પરન્તુ ક્ષત્રિયમા શ્રેષ્ઠ ગણાયા હતા શ્રીકૃષ્ણ ભગવાને દેવયાની-યયાતિના વંશમા જન્મગ્રહણ કર્યો હતો.

देवयान्यामजायेता यदुस्तुर्वसुरेव च । महाभारत १।७५।३८

બ્રાહ્મણ કશ્યપની કન્યા સુમતિ ક્ષત્રિય સગરની સ્ત્રી હતી (વિષ્ણુપુરાણ ૪।૪।૧)

* અપરાર્ક અને વિજ્ઞાનેશ્વર મન્વાદિ સાથે એકવાક્યતા સાચવવા માટે જુદો અર્થ કરે છે ' सवर्णा पुन स्तवर्थी मुख्या स्थितेव,' ' सवर्णा पुन सर्वेषां मुख्या स्थितेव ' ।

આધુનિક ટીકાકાર कुल्लूकभट्ट ના મત મુજબ પ્રતિલોમ વિવાહ થઇ શકે નહિ, અને પ્રતિલોમ જ પુત્રવડે કરાતા શ્રાદ્ધાદિ કર્મવડે કંઇ ઉપકાર થતો નથી (मन्वर्थमुक्तावली ૧૦।૧૦ ૧૦।૧૨) આ સિદ્ધાંત યોગ્ય નથી એ ઉપરના વચનોથી જણાશે પાછળ અમે બ્રાહ્મણકન્યા સાથે ક્ષત્રિયના વિવાહના ઉદાહરણો આપ્યા છે હવે સ્મૃતિમાં એવા વિવાહની જે સ્પષ્ટ વિધિ આપેલી છે, તે બતાવીએ છીએ પુનાના આનંદાશ્રમ અને કલકત્તામાં જીવાનંદે છપાવેલી 'उशनस्' સ્મૃતિમાં કહ્યું છે કે —

नृपाद्ब्राह्मण-कन्यायां विवाहेषु समन्वयात् ।
जातः सूतोऽत्र निर्दिष्टः प्रतिलोम-विधिर्द्विजः ।
वेदानर्हस्तथा चैषां धर्मानामनुबोधकः । ॥૨ શ્લોક ।

બ્રાહ્મણકન્યા જો ક્ષત્રિય સાથે પરણે, તો તે વિવાહથી જે પુત્ર ઉત્પન્ન થાય, તેને સૂત કહેવો તે દ્વિજ છે, માટે વેદ ભણવાનો તેને અધિકાર છે તે બધાને ધર્મ સમજાવે છે (પાદટીપ) 'वेदानर्ह' શબ્દનો અર્થ 'वेदान् अर्ह' અથવા બધા વેદનો અધિકારી "वेद+अनर्ह" 'वेदानर्ह, આવો અર્થ અહિં યોગ્ય લાગતો નથી કારણ કે વેદમાં અનધિકારી હોય તો, તેનું દ્વિજત્વ સંભવિત નથી તેમાં પણ તે પછીના પાંચમા શ્લોકમા ચોરીથી ઉત્પન્ન થયેલ ક્ષત્રિય-બ્રાહ્મણીના પુત્રનું દ્વિજત્વ વર્ણન કર્યું નથી આથી જણાય છે કે ખુલ્લી રીતે-વિધિપ્રમાણે થતા વિવાહમા ક્ષત્રિયના ઔરસથી બ્રાહ્મણીને જે સંતાન થાય તે દ્વિજ ગણાતું

ब्राह्मण्यां क्षत्रियात् चौर्यात् रथकारः प्रकीर्तितः ।
वृत्तं च शूद्रवत्तस्य द्विजत्वं प्रतिषिध्यते ॥

બ્રાહ્મણીના ગર્ભમાં ક્ષત્રિયના ઔરસથી ચોરીછૂપીથી (છુપા પ્રેમના ફળ સ્વરૂપ) પુત્ર જન્મે, તો તે રથકાર કહેવાય છે તેના આચાર શૂદ્ર જેવા, અને તેમાં દ્વિજપણું હોતું નથી

कुल्लूक ના મત મુજબ પ્રતિલોમ જ પુત્રવડે કરાતી શ્રાદ્ધાદિ ક્રિયા નિષ્ફળ થતાં છતાં અનુલોમ જ પુત્રવડે કરાતી ક્રિયા નિષ્ફળ થતી નથી બ્રાહ્મણ-શૂદ્રાના સંતાન પારશવકૃત શ્રાદ્ધ પણ સફળ થાય છે, એમ તેમણે સ્વીકાર્યું છે (मन्वर्थमुक्तावली ९।१७९) માટે પિણ્ડલોપ થવાના ભયથી અસવર્ણ વિવાહમાં બાધા દેવી યોગ્ય નથી

અનુલોમ વિવાહથી ઉત્પન્ન થયેલી અંતરાલ-જાતિ.

જુદી જુદી વર્ણના વિવાહથી નવી જાતિ બને છે જેમ કે બ્રાહ્મણની વૈશ્યા સ્ત્રીના ગર્ભમાં ઉત્પન્ન થયેલ સંતાન અમ્બષ્ઠ, ક્ષત્રિય-શૂદ્રાનું સંતાન ઉગ્ર પરંતુ પ્રાચીન કાળમાં બ્રાહ્મણની ક્ષત્રિયાદિ સ્ત્રીઓથી ઉત્પન્ન થયેલ સંતાન બ્રાહ્મણ જ ગણાતી હતી ભૃગુવંશના બ્રાહ્મણ ઋચીક ક્ષત્રિય ગાધિની કન્યા (અર્થાત્ વિશ્વામિત્રની મોટી બ્હેન) સત્યવતી સાથે પરણ્યા હતા એ ક્ષત્રિયાનું સંતાન જમદગ્નિ બ્રાહ્મણ જ ગણાતા આ જમદગ્નિ નામી ઇક્ષ્વાકુવંશના રેણુની પુત્રી રેણુકા સાથે પરણ્યા હતા (વિષ્ણુપુરાણ, ૪।૭।૨૩) આ ક્ષત્રિયાના પુત્ર પરશુરામ બ્રાહ્મણ ગણાયા

કાળક્રમે ચતુર્વર્ણ સમાજનો એકવર્ણ અને અપરવર્ણનો તફાવત બહુ જ વધી ગયો ત્યારે એવો નિયમ થયો કે બ્રાહ્મણ-ક્ષત્રિયાનો પુત્ર પણ બ્રાહ્મણ કહેવાય નહિ યાજ્ઞવલ્ક્ય સંહિતામાં આ મત મળી આવે છે તે કહે છે કે બ્રાહ્મણ+ક્ષત્રિયાનું સંતાન મૂર્દ્ધાવસિક્ત, ક્ષત્રિય+વૈશ્યાનું સંતાન માહિષ્ય કહેવાય છે મહાજ્ઞાની ચાણાક્યે જ્યારે ઈ સ પૂ ચોથા સૈકામા અર્થશાસ્ત્ર રચ્યું ત્યારે પણ બ્રાહ્મણ+ક્ષત્રિયાના સંતાનો બ્રાહ્મણ અને ક્ષત્રિય+વૈશ્યાના સંતાનો ક્ષત્રિય જ ગણાતા કૌટિલીય અર્થશાસ્ત્રના ચોથા અધ્યાયમા લખ્યું છે કે —

ब्राह्मणक्षत्रिययोरनन्तराः पुत्राः सवर्णाः एकान्तरा असवर्णाः ।
ब्राह्मणस्य वैश्यायामम्बष्ठः शूद्रायां निषादः पारशवो वा ।
क्षत्रियस्य शूद्रायां उग्रः शूद्र एव वदत्यः ।


અનુશાસન પર્વ અને મનુસ્મૃતિના મત મુજબ વૈશ્ય-શૂદ્રાના સંતાનો વૈશ્ય ગણાય છે ચાણક્યના સમયમા આ મત અપ્રચલિત થઈ પડ્યો હતો તેથી જ તે લખે છે કે વૈશ્યના ઔરસથી શૂદ્રાના ગર્ભમા ઉત્પન્ન થયેના સંતાન શૂદ્ર કહેવાય છે (शूद्र एव-આ 'एव' શબ્દ લક્ષ્યમા રાખો) "ચાણક્ય પછીના વખતમા પ્રથમ કહેલો યાજ્ઞવલ્ક્યનો મત પ્રચલિત થયો અમરસિંહે 'નામલિંગાનુશાસન' માં અમ્બષ્ઠ ક્ષત્તા ઉગ્ર, ચંડાળ વગેરે મનુ-પ્રોક્ત જાતિની, અને મનુસંહિતામા ન કહેવાયેલ યાજ્ઞવલ્ક્યે કહેલી માહિષ્ય કરણ વગેરે જાતિની ઓળખાણ આપી છે તો પણ તેણે યાજ્ઞવલ્ક્યે કહેલી મૂર્દ્ધાવસિક્ત જાતિની ઓળખાણ આપેલી નથી આ ઉપરથી એમ જણાય છે કે અમરસિંહના વખતમા પણ ક્ષત્રિયા બ્રાહ્મણના સંતાનો સ્વતંત્ર મૂર્દ્ધાવસિક્તને નામથી ઓળખાતા નહિ, કહોય ત્યારે તેઓ બ્રાહ્મણ અગર ક્ષત્રિયના નામથી ઓળખાત હશે અમરસિંહને વરાહમિહિરનો સમકાલિન માનીએ તો આપણે સ્પષ્ટરીતે માનવુ પડશે " ઇ. સ ની છઠ્ઠી સદીમા પણ બ્રાહ્મણ-ક્ષત્રિયનો ભેદ હાલના કુલીન અને અકુલીનના ભેદ કરતા વધુ ન હોતો બારમી કે તેરમી સદીમા થઈ ગયેલા કેશવસ્વામી તેના 'नानार्थार्णव संक्षेप' નામક ગ્રંથમા મૂર્દ્ધાવસિક્ત જાતિની ઓળખાણ આપે છે

કલિમા વર્જનીય

અસાધારણ પંડિત સ્માર્ત ભટ્ટાચાર્ય રઘુનંદને કલિયુગમા અસવર્ણ વિવાહના નિષેધ માટે કેટલાક વચનો તેના ઉદ્વાહ-તત્વમા ઉતાર્યા છે

" कलौ तु असवर्णा अविवाह्यत्वमाह बृहन्नारदीयम् ।
समुद्रयात्रास्वीकारः कमण्डलुविधारणम् ।
द्विजातानामसवर्णासु कन्यासूपयमन्यथा ।
देवरेण सुतोत्पत्तिर्मधुपर्के पशोर्वधः ।
मांसादनं तथा श्राद्धे वानप्रस्थाश्रमस्तथा ।
दत्तायाश्चैव कन्यायाः पुनर्दानं परस्य च ।
दीर्घकालं ब्रह्मचर्यं नरमेधाश्वमेधकौ ।"

સરસ્વતીચન્દ્ર ભાગ ૨ જો રૂ. ૧-૮-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ



મધુરા ગાન તું ગાયે મિટી બેહિસ્ત થઈ જાયે —ઉમ્મરખય્યામ

ચિત્રકાર રા રવિશંકર પંડિત]

ફોટોગ્રાફી

महाप्रस्थानगमनं गोमेधं च तथा मखम् ।
इमान् धर्मान् कलियुगे वर्ज्यानाहुर्मनीषिण ।
मान्नादर्न गोमहिषादे ।—हेमाद्रिआचार—माध्वाचार्यादित्यपुराणम् ॥
दीर्घकालं ब्रह्मचर्यं धारणं च कमण्डलो ।
देवरेण सुतोत्पत्तिर्दत्तकन्या प्रदीयते ।
कन्यानामसवर्णानां विवाहश्च द्विजातिभिः ।

× × × ×

शूद्रेषु दासगोपालकुलमित्रार्धसीरिणाम् ।
भोज्यान्नता गृहस्थस्य तीर्थसेवातिदूरतः ।
ब्राह्मणादिषु शूद्रस्य पक्वादि क्रियापि च ।

× × × ×

एतानि लोकगुप्त्यर्थं कलेरादौ महात्मभिः ।
निवर्त्तितानि कर्माणि व्यवस्थापूर्वकं बुधैः ।
समयश्चापि साधूनां प्रमाणं वेदवद्भवेत् ॥

આ શ્લોકો પ્રામાણિક નથી આ શ્લોકોમાં કહેલાં કોઈપણ કાર્યને અધર્મ માની લેવાય એમ નથી. આ શ્લોકોમાં કહેલું છે કે મહાત્માઓએ કલિના આરંભમાં લોકરક્ષા માટે અનેક ધર્મશાસ્ત્રસંમત કાર્ય વર્જ્ય કર્યા છે. આ કાર્યો ખરેખર કલિયુગમાં વર્જ્ય હોત તો ખાસ કલિયુગમાં પ્રમાણ મનાતી પરાશરસ્મૃતિમાં તેનો ઉલ્લેખ થયો હોત. વેદવ્યાસ કલિયુગના આરંભમાં થઈ ગયા છે. તેઓના મહાભારતમાં તો આ વચનોમાંનું એકપણ વચન નથી એટલું જ નહિ પણ અઢારે પુરાણોમાં પણ આ બધાં વચનો નથી. આથી સંકોચ રાખ્યા વિના કહી શકાય તેમ છે કે એ વચનોનું પ્રામાણ્ય શંકાસ્પદ છે.

કલિમાં અશ્વમેધ.

આ વચન મુજબ અશ્વમેધયજ્ઞ કલિયુગમાં થઈ શકે નહિ. પરંતુ યુધિષ્ઠિરનો અશ્વમેધ કલિયુગમાં જ થયો હતો.[1] પુષ્યમિત્ર શુંગે (ઈ. સ. પૂ.—૧૮૪—૧૪૮) અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. યોગસૂત્રકાર પતંજલિમુનિ આ યજ્ઞના ઋત્વિક્ હતા. ઈ. સ. ની ચોથી સદીના મધ્યભાગમાં સમુદ્રગુપ્તે એક અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. આ યજ્ઞને માટે નવીન સુવર્ણ

---

[1] शतेषु षट्सु सार्द्धेषु त्र्यधिकेषु च भूतले । कलेर्गतेषु वर्षाणामभूवन् कुरुपाण्डवाः ॥ राजतरंगिणी કાશ્મીર આ વચન વરાહના વચનપરથી લખ્યું છે. યુધિષ્ઠિરના કલિયુગમાં જ થયાનો સાક્ષી આપનાર લેખ ... 'प्राप्तं कलियुगं विद्धि' महा० ... આ પરથી જણાય છે કે ... અશ્વમેધ કલિયુગમાં જ થયો હતો.

મ ઓ તેના ક લી ની આ મુ ામાની બે-ચાર મુદ્રા અત્યારે પણ મળી આવે છે સમુદ્ર ગુપ્તે ગૌત માન્યુ ત છ મ ૮૨૭ મા ગાદીએ બેઠા તેણે પણ એક અશ્વમેધ યજ્ઞ કર્યો સ ી આનના સદીમા આ સિસેને પણ એક અશ્વમેધ કર્યો હતો આપરથી જણાય છે કલિયુગમા અશ્વમેધયજ્ઞ કરવો નહિ, એવી નિષેધ આજ્ઞા ઈ મ ની સાતમી સદી સુધી પ્રચલિત ન ેતી અસવર્ણવિવાહ અને અશ્વમેધયજ્ઞ એ બન્નેનો નિષેધ એક જ વચનદ્વારા થયેલ છે માટે એ પણ કહેવુ પડે છે કે અસવર્ણવિવાહની મના પણ સાતમા સૈકા સુધી પ્રચલિત ન હોતી કારણ કે તે વખત ા પંડિતો એ આનાઓ જાણતા હોત તો હિન્દુધર્મના પુન ર ધ ર ગણાતા રાજાઓ કદી આ ાય કરત નહિ

કળિયુગમા મહાપ્રસ્થાન.

આ વચનોમા કળિયુગમા મહાપ્રસ્થાન ગમન પણ નિષિદ્ધ થયેલ છે, છતાં પ મ ધાર્મિક યુધિષ્ઠિ કળિયુગમા જ મહાપ્રસ્થાન કર્યું હતુ, અને મહામુનિ વ્યાસે મનિ ા માણ્ડુનેને ઉપદેશ આ ા મ ે જ મહાપ્રસ્થાનિ પર્વ રચ્યુ છે ભારતભાવદીપમા નીલ કંઠ કહ્યુ છે ‘— ' कृत ऋत नां तु महाप्रद्व खप्रस्तानां महाप्रस्थानादिना उपायेन देहत्यागो युक्त इति पाण्डवाचारेण प्रदर्शयन महाप्रस्थानिक पर्व आरभते । ” વ્યાસે ન અને કુરુપાંડવો કળિયુગમા જ થયા હતા તેના ઘણા પ્રમાણો છે તેમાના બે પહેલા પાનીમામા આપેલા છે એક બીજુ આ પ્રમાણે —

> पुनश्च तिष्ये सम्प्राप्ते कुरवो नाम भारता ।
> भविष्यन्ति महात्मानो राजान प्रथिता भुवि ।
> तेषा त्वत्त प्रसूताना कुलभेदो भविष्यति ॥ (मत्स्य १ ९४६ अ)

ફરીથી કળિયુગના આરંભમાં ભારતવર્ષમાં કૌરવ નામક મહાનુભાવ નૃપતિગણ ભૂમંડળ પર ગાજશે. હે દ્વિજસત્તમ તમારાથી ઉત્પન્ન થયેલ આ મહાન કૌરવગણના ઈત્યાદિ ર ે માપ થી સાબીત થાય છે કે ધુનને આવેલા વચનોમાનો મહાપ્રસ્થાન નિષેધ આધુનિ અને અપ્રામાણિક છે

કલિમા પરમહંસ અને જ્યોતિષ્ટોમ

કલિયુગમા જ્યોતિષ્ટોમ નિષિદ્ધ છે છતા ગુજરાત પોરોહિત્ય-કાશી કોઈ કોઈ ગ્રહણોમાં આ પ્રમાણનો જ્યોતિષ્ટોમ સોએક વર્ષ પહેલા પણ વિદ્યમાન હતો, તેની ઘણી સ બીતી મળે તેમ છે

કલિયુગના પરમહંસ થવુ નિષેધ રાયશું છે ‘ सुराप्रयोग शिशु च न कुर्वीत कलौ युगे । नेहु च महस । ” (अपार्क, २३ पृ) છતા ભગવાન શ ાચાર્ય પરમહંસ થયા હતા ૮— ૧૫૮૮ મા નૃસિંહ સરસ્વતીએ વન્તસારતીકા સુબોધિની રચેલ છે તે તેના ગુરુને પરમહંસ ના નામથી ઓળખાવે છે

અશ્વમેધ, મહાપ્રસ્થાન ગમન જ્યોતિષ્ટોમ, અને પરમહંસ થવ આ ાધુ કલિયુગમા વર્જ્ય ા યોગ્ય માન્યુ છે તથાપિ શિષ્ટ અપ ાદે તેનુ વ ન કર્યું નથી અર્ધજરતીય ન્યાય પ્રમાણે આ વચન ાના આ અંશને અપ્રમાણ માન તો ચાલશે કે ?

કલિયુગમા અસવર્ણ વિવાહમા સાક્ષાત્ પ્રમાણ.

કલિયુગના અસવર્ણ વિવાહ પણ થતા અને ન થતા હોત તો મહાભારતની ટીકા વ (ચાણક્ય) સ મૂ ચોથી સદીમા એના પોતાના અર્થશાસ્ત્રના દાયભાગ પ્રકરણમાના પુત્રવિભાગ પ્રકરણમાં ' બ્રાહ્મણ-ક્ષત્રિયાના પુત્રને બ્રાહ્મણ, ક્ષત્રિય-વૈશ્યના પુત્રને ક્ષત્રિય કહે છે ' વગેરે લખત નહિ અર્થશાસ્ત્રના દાયવિભાગ પ્રકરણમા બ્રાહ્મણને ચાર વર્ણની સ્ત્રીઓ હોય તે એના પુત્રને કેટલો ભાગ આપવો તે બતાવ્યુ છે અર્થશાસ્ત્ર એ તત્કાલિક રાજનિયમ નું સામાજિક સ્થિતિનું પ્રતિબિંબ છે એના પ્રથમા પણ જ્યારે બાહ્યગુપ્તે નંદકુળના ગ્રંથ ઉત્પન્ન થયો પુત્રને પ્રમાણે ભાગ આપવાની વ્યવસ્થા કરેલી છે, ત્યારે પછી કલિયુગમા અસવર્ણ વિવાહ અસિદ્ધ છે એવું કહી શકાય તેમ નથી યાજ્ઞવલ્ક્ય વગેરે સ્મૃતિઓમા જેટલો ભાગ જેને આપ્યો છે, તેટલો જ ભાગ અર્થશાસ્ત્રમા પણ આપેલ છે જો કલિયુગમા અસવર્ણ વિવાહ નિષેધ શાસ્ત્ર તે વખતે જાણીતુ હોત, તો ચાણક્ય જેવી પ્રખર બુદ્ધિમતિનો પુરુષ આ સૂત્ર લખત નહિ કોઈ બ્રાહ્મણની ચાર વર્ણની સ્ત્રીઓ હયાત હોય, પણ જો શૂદ્ર સ્ત્રીને જ પુત્ર જન્મે (બીજી બધી સ્ત્રીઓ નિ સંતાન હોય), તો તે પુત્ર પિતાના મતપ્રમાણે અર્ધો ભાગ અને ચાણક્યના મત મુજબ ત્રીજો ભાગ મેળવી શકે (વિષ્ણુ ૧૮ અધ્યાય ચાણક્ય ૬૦ અધ્યાય) પરન્તુ ક્ષત્રિય વૈશ્યસ્ત્રીને જ પુત્ર હોય તો તે બધા ભાગનો અધિકારી થાય છે આ વચનોથી સ્પષ્ટ રીતે સાબીત થાય છે કે ટીકાકારના વખતમા બ્રાહ્મણનો ચાર વર્ણનો વિવાહ નિષિદ્ધ હતો પરન્તુ પ્રસિદ્ધ તો હતો તેવી જ ચાણક્યના મતપ્રમાણે બ્રાહ્મણને ચાર સ્ત્રીઓ હોય તો બ્રાહ્મણીનો પુત્ર ૪ ભાગ, ક્ષત્રિયાનો પુત્ર ૩ ભાગ, વૈશ્યનો ૨ ભાગ, અને શૂદ્રનો ૧ ભાગ મેળવી શકે યાજ્ઞવલ્ક્યાદિનો પણ આવો જ મત છે ત્યાર પછી ચાણક્ય કહે છે કે જો ब्राह्मणानन्तरापुत्रस्तुल्यांश मानुषेषेत । (૯ અધ્યાય ૧-૧૭) આ પરથી જણાય છે કે ચાણક્યના સમયમા બ્રાહ્મણ-ક્ષત્રિયનો ભેદ ન હતો

કલિયુગમા અસવર્ણ વિવાહ નો બાબતનુ પ્રાયશ્ચિત્ત કઈ વધુ પાતુ નથી જો આ કાર્ય એક મોટામા મોટુ પાતક જન ગણાતુ હોત તો તેનુ જુદુ પ્રાયશ્ચિત્ત હેત રઘુનંદન ભટ્ટાચાર્ય 'चान्द्रायणेन चैकेन सर्वपापक्षयो भवेत्' આ વચન મુજબ અસવર્ણ વિવાહ કર્યા પછી ચાન્દ્રાયણ કરવાનુ જણાવે છે

છઠ્ઠી અને અગીઆરમી સદીમા અસવર્ણ વિવાહ

ઈ સ ની છઠ્ઠી સદીના આરંભમા વસુરાત નામનો બ્રાહ્મણ મહારાજ ભાનાદિત્યની બ્હેન સાથે પરણ્યો હતો આ વસુરાત કઈ નિગ્રન હિન્દુ અથવા અનાર્ય ન હતો, કારણ કે તેણે ચન્દ્ર-બ્રહ્મનો ગ્રંથ પકડી બૌદ્ધ પંડિત વસુબન્ધુની સાથે બહુ શાસ્ત્રાર્થ કર્યા હતા બાણ કવિ એ ગ્રંથમા લખ્યુ છે કે પ્રસિદ્ધ ગણિત બ્રહ્મગુપ્તે એક નીચજાતિની કન્યાસાથે વિવાહ કર્યો હતો આ સંબંધમા તેણે પોતાના પુત્ર તદ્ગમબ્રમેન સારે પત્ર લખ્યા હતો એ પત્રોમા તેનો ઉલ્લેખ શાસ્ત્રોમા પણ નોંધાયલો છે

---

[1] અખિલ ભારતના ગ્રંથ ૨ ૬૮-૮૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબઈ

કલિવર્જ્ય પ્રકરણનું ખરૂં તાત્પર્ય.

છાપના બૃહન્નારદીય પુરાણના બાવીસમા અધ્યાયમાં ચુનંદન ભટ્ટાચાર્ય નખેના નવો શ્લોક પડે છે એ શ્લોકાની (૧૨-૧૬) પૂર્વની પંક્તિ નીચે મુજબ છે -अस्वर्ग्य लोकविद्विष्टं धर्ममप्याचरेन्न तु ।

બંગાળીના પંડિતોએ આનો આ પ્રમાણે અનુવાદ કર્યો છે "જે લોકનિન્દિત તે ધર્મજનક હોય તોપણ આચરણીય નથી," આ શ્લોકાર્ધ જેવો છે તેવો જ યાજ્ઞવલ્ક્ય સંહિતામાં જોવામાં આવે છે (૧।૧) મિતાક્ષરામાં તેની વ્યાખ્યા આમ કરેલી છે -धर्म्यं विहितमपि लोकविद्विष्टं लोकाभिशस्तिजननं मधुपर्के गोवधादिकं नाचरेत् । यस्मादस्वर्ग्यम् अग्निषोमीयवत् स्वर्गसाधनं न भवति ।

અર્થાત્ કોઈપણ શાસ્ત્રવિહિત કર્મ પણ જો એવું હોય કે જેમાં લોકો (મિથ્યા) દોષ મૂકે,-તો તે કરવું નહિ, જેમ કે મધુપર્કમાં ગોવધ વગેરે, અગ્નિષોમીય પશુના આલંભનથી જેમ સ્વર્ગ મળે છે, તેમ તેથી તેવું સ્વર્ગ મળતું નથી

અપરાર્ક આ અર્ધ શ્લોકનો અર્થ આમ કરે છે —मधुपर्कादौ गोवधो विधवानियोग शूद्रादिकन्यादयोऽस्वर्ग्यत्वात् लोकविद्विष्टत्वात् विहिता अपि न कर्तव्या विशेषतः कलियुगे। अतएव स्मृतिः

गोपशुं देवरात् पुत्रं सत्रयोगं कमण्डलुम् ।
सुराप्रयोगं भिक्षुं च न कुर्वीत कलौ युगे ॥

भिक्षुः परमहंसः । तथा

अक्षता नरमेधश्च गोयज्ञश्च कमण्डलुः ।
देवराच्च सुतोत्पत्तिः कलौ पञ्च विवर्जयेत् ॥

અપરાર્ક કહે છે કે ગોપશુ વગેરે બધાં યુગમાં કરવાનાં નથી કારણ કે તે લોકનિન્દિત છે તેમાં પણ કલિયુગમાં તો વિશેષત કરવાનાં નથી આપરથી જણાય છે કે વિજ્ઞાનેશ્વર અને અપરાર્ક એ બન્નેના મતમુજબ કલિવર્જ્ય પ્રકરણું " अस्वर्ग्यं लोकविद्विष्टं धर्ममप्याचरेन्न तु આ વચનના ઉદાહરણ રૂપ છે માટે બૃહન્નારદીયનો ' अस्वर्ग्यं लोकविद्विष्टं धर्ममप्याचरेन्न तु ' શ્લોકાર્ધ કલિવર્જ્ય પ્રકરણના મૂળ સૂત્રરૂપ છે જો આ શ્લોકાર્ધ ભૂલી જઈએ, તો બૃહન્નારદીય પુરાણનો અભિપ્રાય સમજી શકાય તેમ નથી મિતાક્ષરાના (૨।૧૧૬) દાયવિભાગ પ્રકરણમાં પણ " अस्वर्ग्यं' આ શ્લોકાર્ધના બળવડે ' महोक्षं वा महाजं वा श्रोत्रियायोपकल्पयेत् ' આ વિધાન રહિત કર્યું છે કલિવર્જ્યમાં ' मधुपर्के गोवध ' નિષિદ્ધ છે આપરથી જણાય છે કે કલિવર્જ્ય પ્રકરણ એ ' अस्वर्ग्यं ' શ્લોકાર્ધનું વિસ્તૃત ભાષ્ય છે શાસ્ત્રવિહિત કાર્યના અનુષ્ઠાનમાં નિષેધ એ કંઈ નવીન પ્રભુસમ્મિત વિધિ નથી એ તો સાધારણ લોકોને શાસ્ત્રકારોએ મિત્રભાવે આપેલો ઉપદેશ છે આ ઉપદેશનું પાલન કરવાથી વ્યક્તિને શાંતિ મળે છે, તે ખરૂં છે, કારણ કે માણસો જેવું ધારે, જેને ધર્મ કહે; તે પ્રમાણે આચરણ રાખવાથી લોકો આપણાપર ભક્તિ રાખે છે, અને ગાળાગાળી થતી નથી આપરથી જણાય છે કે આ નિષેધ એ ધર્મવિધિ નથી-પણ

નાસાદિ ઉપદેશ માત્ર છે નાસ્ત્રોમા આમ મિત્રભાવે જે ઉપદેશ આપેલો છે, તે બધા શાસ્ત્રમા ભીમાંશે છે કેટલાક વિદ્વાનો એવા હોય છે કે એ અર્થ શાસ્ત્રવિરોધી હોવા છતા મેં આચાર વિરુદ્ધ જે પ્રતિ વર્તે છે તે સમાજમાં નિન્દા પામે છે માટે પોતાના સ્વાર્થ ઉપર નજર નથી સાધારણ માણસોએ સમાજ–વિરુદ્ધના આચાર ત જ ન દોરાવુ એ જ ઠીક છે પરંતુ જે મહા માણસો આમ કરે તો સમાજના અનિષ્ટ આચારો સમાજને જર્જરિત કરી મુકે–સમાજના કલ્યાણ માટે, પોતે અડચણ વેઠીને પણ, સમાજમા નવી ઉમગ કર ધર્મવિરોધી આચાર ચલાવવા જોઇએ, અને ભ્રષ્ટ દેશાચારો દૂર કરવા જોઇએ તેથી જ ધર્મ પળાય છે, હિન્દુશાસ્ત્રો આ મત વિરુદ્ધ નથી એ હિન્દુ–શાસ્ત્રોનુ ગૌરવ છે

જાતિ–ભેદનો ક્રમવિકાસ.

જાતિભેદ માટે હિન્દુઓને કેટલું માન છે, તે બધા નજરોનજર જુએ છે પૂર્વ જાતિભેદ ન હતો મહાભારતમા કહ્યુ છે કે—

"આ સમસ્ત જગત બ્રહ્માએ પ્રથમ સમસ્ત બ્રહ્મમય હતું, પછી ક્રમાનુસાર વિવિધ વર્ણો થયા છે જે બ્રાહ્મણો કામભોગમા અનુરક્ત તીક્ષ્ણ સ્વભાવવાળા ક્રોધી, સાહસિક, સ્વધર્મત્યાગી અને રતાશ પડતા અંગવાળા થયા, તેઓ તે ક્ષત્રિયપણુ પ્રાપ્ત થયુ × × × એ પીતવર્ણવાળા બ્રાહ્મણો વૈશ્યપણાને પામ્યા × × × આ પ્રમાણે કર્માનુસાર બધા બ્રાહ્મણો જુદી જુદી જાતોમા વેંચાઇ ગયા (શાન્તિપર્વ ૧૨૧૮૮)"

ત્યાર બાદ જ્યારે ચાર જાતિ ઉત્પન્ન થઇ, ત્યારે પણ સેંકડો વર્ષ સુધી તેઓના પરસ્પર વિવાહ ચાલે ચાલતુ હતુ ક્રમે ક્રમે અનુલોમવિવાહ ચાલુ રહ્યો, પણ પ્રતિલોમ વિવાહ બંધ પડવા લાગ્યો ત્યારે પણ સમસ્ત જાતિ વચ્ચે ખાવાપીવાનો વહેવાર હતો ત્યાર પછી શૂદ્રની સાથેનો ખાવાપીવાનો સંબંધ તૂટ્યો ત્યારે પણ શૂદ્રમા ગણાતા ચાકર, વગેરે સાથે ખાવાપીવાનો વહેવાર પ્રચલિત હતો તે પછીના વખતમા ક્ષત્રિય અને વૈશ્ય સુદ્ધાં ખાવાનો રિવાજ બંધ પડ્યો.

આ તરફ ચારે વર્ણમા પરસ્પર ભેદ જેમ જેમ વધવા લાગ્યો તેમ તેમ અસવર્ણવિવાહ પણ ઓછો થવા લાગ્યો ત્યારે પ્રશ્ન ઉઠ્યો કે બ્રાહ્મણના ઔરસથી ક્ષત્રિયા–વૈશ્યા–કે શૂદ્રાના ગર્ભમાથી જન્મેલ સતાનને સમાજ કયુ સ્થાન આપશે ? પ્રથમ યુગમા આ પ્રશ્નનો જવાબ એ મળ્યો કે બ્રાહ્મણ-શૂદ્રાનુ સંતાન નાગ ગણાવુ અને બ્રાહ્મણ–દ્વિજાના સતાનો બ્રાહ્મણ ગણાવા ત્યાર પછીના યુગના માણસો આવી મતોવાળા નહિ, તેમણે કહ્યું કે બ્રાહ્મણ + ક્ષત્રિયા=બ્રાહ્મણ બ્રાહ્મણ + વૈશ્યા=વૈશ્ય આ વખતે પારશવ (નિષાદ) નામની સૃષ્ટિ થઇ પછી અંબષ્ઠ નામની સૃષ્ટિ થઇ ત્યાર પછીના યુગમા મૂર્ધાવસિક્ત જાતિ થઇ આ પ્રમાણે ચાર વર્ણોને સ્થળે છત્રીસ જાતિ થઇ, અત્યારે તો આ જાતોમાં પણ અનેક પેટા જાતો ઉપજી છે, ગુજરાતમાં બ્રાહ્મણના જ ૮૪ ભાગ ગણાય છે, તેઓ વચ્ચે કન્યા વહેવાર તો નથી પણ

ખાનાપીનાનો વહેવાર પણ નથી. જાતિભેદને ઉત્તમ સમ્ય માનવાથી આવું જ પરિણામ આવે! ધીમે ધીમે જાતિની સંખ્યા વધતી જશે અને વિવાહનું ક્ષેત્ર નાનું થતું જશે. વિવાહનું ક્ષેત્ર ઘટવાથી કન્યા-વિક્રયનો ચાલ વધે છે. શાહુકારને કન્યાનો તોટો પડતો નથી, ત્યારે ગરીબ બ્રહ્મચર્ય પાળે છે. આમ ફરજીયાતીથી પળાતું બ્રહ્મચર્ય અનીતિને પોષે છે. આ બધાનો પ્રતિકાર કરવા માટે જાતિભેદ સત્વર ટળી શકે એવો ઉપાય શો છે?

પ્રાચીન શાસ્ત્રોના અધ્યયનની જરૂર

આ બધાનો અટકાવ કરવો હોય તો સમસ્ત દેશમાં-તેમાં પણ આપણા શાસ્ત્રી-પુરાણીઓમાં જૂનામાં જૂના શાસ્ત્રોનો ફેલાવો કરવો જોઈએ. તેઓને હિન્દુઓની પુરાતન કીર્તિ જેવા વેદ, બ્રાહ્મણ, ઉપનિષદ, રામાયણ, મહાભારત તથા પુરાણોનું મનન કરવું જોઈએ. હાલમાં તેઓ જે શાસ્ત્રોનું અધ્યયન કરે છે, તે એવા તદ્દન આધુનિક કાળના છે. આ શાસ્ત્રીઓમાંના ઘણા ખરા પ્રાચીન શાસ્ત્રોનો અભ્યાસ કરતા નથી. વૈદિક આચાર અને વર્તમાન આચાર કેટલા જુદા છે, એ તેઓ જાણતા નથી. આથી જ શાસ્ત્રીનાઓ અસવર્ણ વિવાહના વિરોધી છે. આ તેઓનો દોષ નથી, પણ તેઓ જે સિસ્ટમ (*System*) માં મનુષ્ય થયા છે તે સિસ્ટમનો દોષ છે. જાતિભેદ સુધારણાનો ભાર હાલમાં કોણ લે તેમ છે? દેશનો શિક્ષિત વર્ગ તો આ તરફ સંપૂર્ણ ઉદાસીન છે. તેઓ આ વાત જાણે છે કે ભટ્ટાચાર્ય-પંડિતો-શાસ્ત્રીઓ પુરાણીઓ હજુ પણ સમાજના નેતા છે, છતાં કંઈ પ્રયત્ન કરતા નથી. શાસ્ત્રીનાઓનું નિષ્કપટ હૃદય, વાક્યમાં આસક્તિ, દારિદ્રવ્રત, પરોપકાર વિમુખતા, સ્વાર્થીપણું વગેરે ગુણોથી તેઓ હજુ પણ ઘણો સમય હિન્દુઓના નેતા રહેશે. તેઓની સારી કેળવણીનો બંદોબસ્ત થાય તો સમાજ-સુધારનું કામ સહેલું થશે અને દેશનું કલ્યાણ થશે.

---

* બંગાળી પરથી

રાંકની મા

લેખક—રા. દામોદર જગનાથ દેસાઈ,

ચૈત્ર વદી ૭ નો દિવસ હતો. ચૈત્રી પુનેમનો મેળો થઈ ગયાને બે દિવસ વીતી ગયા હતા. તે છતાં આજ પણ રેલ્વેમાં ગર્દી તો તેની તેજ, ઘણા હતભાગી, નમુડીયા અને નિરુપાય મનુષ્યો, સશક્ત અને સબળ મનુષ્યોથી નિર્દયપણે ધકેલાયલા, હડસેલાયલા, પગ નીચે કચરાયલા અને વચનોથી અપમાનિત થયેલા લગભગ દરેક સ્ટેશને ગરીબો અને વયોવૃદ્ધ સ્ત્રી પુરુષો સ્ટેશનમાં જગ્યા ન મળવાથી દીલગીર અને ચિંતાતુર ચહેરે બીજી ટ્રેનની રાહ જોતા બેઠા, અને ત્રીજા વર્ગના લોકોને ત્રીજા કલાસમાં જગ્યા ન મળવાથી બીજા અથવા પહેલા વર્ગની પણ ટીકીટ લઈ ગાડીમાં બેસતા જોઈ પોતાની નિર્ધનતા, અને દુનિયાની દૃષ્ટિએ પોતાના શૂન્ય જીવન ને નિસાસા નાખતા જોવામાં આવતા. આ ઉપરનો નિસાસો કેટલો હૃદયભેદક છે તેનો—'ગરીબાઈ આપણી શું આવી પડી છે? ત્રીજા વર્ગના લોકો ગમે તેટલી સંખ્યામાં ગોંધાય, તેમાં આપણને શું નુકસાન? કંપનીને પૈસા તો પૂરા મળે છે ને?' આવું આવું નિરૂપણ કરનારા દુનિયાના માત્ર પણ ખ્યાલ ક્યાંથી હોય?

મ્હારે પણ તે જ દિવસે ઉરવાડી સ્ટેશનથી મુંબઈ જવાનું હતું. સ્ટેશન માસ્તર ને આગલા સ્ટેશનોથી તાર મળી ગયા કે—'થર્ડ કલાસની ટીકીટવાળા ટ્રેનમાં જગ્યા નથી!' કામ અગત્યનું હોવાથી બીજા વર્ગની ટીકીટ લઈ, ટ્રેન આવતા બીજા વર્ગમાં ચઢી બેઠો અને ટ્રેન ચાલતી થઈ.

સામે આવેલી ટેકરીઓ અને ખીણોનું અવલોકન કરતા મ્હારૂં મસ્તક એ તરફ હું ફેરવું તેવામાં જ, "દુ ખથી મરૂં છું બાપા" એ હૃદયદ્રાવક શબ્દો કર્ણેન્દ્રિયમાં અથડાયા. આશ્ચર્ય પમાડે એવું ચહેરા જે દેખાવ દૃષ્ટિગોચર થયો તે દર્શાવતાં પરમાર્થ થતા છતાં, હજુ તે સ્થિતિમાં ચિત્ર ખડું થાય છે, અને હું ઉંડા ઉંડાણના દીર્ઘ નિશ્વાસ સાથે આંખમાંથી અશ્રુબિંદુ ખરી આવે છે.

ટ્રેનના ડબ્બાના 'બાથરૂમ'ની આગળના ભાગમાં થોડી ખાલી જગ્યા રહે છે ત્યાં નીચે પાથરેલા એક ગોદડા ઉપર એક ગરીબ સ્ત્રી સૂતી હતી. પાસે તેનું મસ્તક ચાંપતો એ સાઠેક વર્ષનો વૃદ્ધ બેઠો હતો. સ્ત્રીનું આખુ શરીર તથા મસ્તક એક જાડી પીછોડીથી ઢંકાયેલા હતા છતાં પણ ઘડી ઘડી દુખથી અકળાતી અને મૂંઝાતી તે બાઈ જ્યારે હાથ, પગ, શરીર અને મસ્તક પરથી પીછોડી ખસેડી નાંખતી ત્યારે તેની દુઃખભરી અવસ્થાનું જોનારને ભાન થતું. ગરીબ બિચારી તે બાઈ અગ્નિથી દાઝેલી હતી—બેઠેલી હતી. કોણી સુધીના હાથની ચામડી બળી ગઈ હતી, છાતી તથા પીઠપરની ચામડી અગ્નિને દાઝવાથી સુજી ગઈ હતી અને લાલચોળ દેખાતી હતી. પગ ઉપર કોઈ ઠેકાણે દાઝેલું હતું, તો કોઈ ઠેકાણે

ફા નાએ ઉપડેના હતા આવા દુઃખથી પીડાતી તે બાઇની મુખાકૃતિ દીન અને શ્યામ જણાતી હતી

પાસે બેઠેલો વૃદ્ધ ઘડીક તે બાઇનું મસ્તક ચાપતો, તો ઘડીક તેણીના ખુલ્લાં થયેલાં અંગોને ખસી ગયેલી પીછોડીથી ફરીથી ઢાંકતો ઘડીકમા ઉંડા વિચારમા પડી જતો, તો ઘડીકમા મતેનોની સ્થિતિપર અશ્રુ પાડતો થોડીવાર આંખો બન્ધ કરી જાણે દુઃખના દરિયામા ડુબી જતો હોય તેમ માથું નમાવી શાન્ત બેસતો, પણ તે બાઇની દુઃખની બુમો સાંભળી આંખો ઉઘાડતો અને તેને શાન્ત અને પ્રેમાળ વચનોથી આશ્વાસન આપતો (પણ અરે! તે આશ્વાસન આપનારને જ ખરા આશ્વાસનની તે જ પળે જરૂર હતી દુર્ભાગ્યે આખા બીજા ક્લાસના ડબ્બામાં એવી વ્યક્તિ કોઈ પણ ન્હોતી) તેના મુખપર દીન ગંભીરતા હતી અને તે શોકની છાયાથી છવાયેલું હતું મગજમા જુદાજુદા વિચારોનું પરિવર્તન થયા કરતું હતું અને તેની અસર હેના મુખપર સ્પષ્ટ દેખાતી હતી ઘડીકમા હેનો ચ્હેરો શાન્ત દેખાતો, તો ઘડીકમા દુઃખોનું સ્મરણ તેને ઉશ્કેરાયેલો અથવા તો ઉદાસ બનાવી દેતું એક પળ તેની મુખાકૃતિ ક્રોધિત અને વિકાળ દેખાતી તો બીજી જ પળે તે સર્વ શાન્ત થઇ જતા માત્ર એક જ, ફરતા આવી આ વૃદ્ધની સ્થિતિ એકાગ્રચિત્તથી હુ જોઉ છુ ત્યાં જ ફરીથી સાંભળનારનાં હૃદયને કંપાવતો સ્વર નીકળ્યો

"બાપા! બળું છું—મરૂં છું"

'શાન્ત થા બ્હેન! પૂના હવે તદ્દન નજદીક છે' ખુલ્લા થયેલા પગને ઢાંકતો અને આંખમાંથી અશ્રુબિંદુ લુછતો વૃદ્ધ બોલ્યો

તે વૃદ્ધને કંઇક પુછવાનો મ્હને વિચાર થયો પણ મ્હારા પ્રશ્ન હેના દુઃખો કંઇક વધારે તાજું કરશે એ વિચારથી થોડીવાર તો હુ શાન્ત રહ્યો છતા પણ તેમના સંબંધમા કંઇક જાણવાની પ્રબળ ઇચ્છા થવાથી તેની પાસે ધીમેથી બેઠો અને મ્હેં પુછ્યું—

"કાકા! આ બાઇ તમારી પુત્રી છે કે? તેને આ શું થવાથી બળે છે તે કહેશો?"

તે વૃદ્ધે આંખો મ્હારા તરફ ફેરવી અને બોલ્યો,

"હા ભાઇ! એ મારી પુત્રી છે અને પંઢરપુરની યાત્રાએ હું તેને તેડીને ગયો હતો ત્યાં એક ઝુંપડીની અન્દરના ભાગમાં તે સુતી હતી અને હું દ્વારપાસે બહાર સુતો હતો મારા દુર્ભાગ્યે જે ગ્યાસલેટનો દીવો બળતો હતો, તે લગભગ મધ્યરાત્રીએ ફાટ્યો અને મ્હારી પુત્રીના શરીર—" દુઃખનો ઉભરો આવી જવાથી પૂરૂં બોલી શક્યો નહિ આંખોમાંથી અશ્રુ ધારાઓ વૃદ્ધના ગાલપરથી નીચે પડી મ્હારાથી પણ ન રહેવાયું અશ્રુબિંદુ આવ્યું પણ છુપી રીતે રૂમાલથી લુછી નાખ્યું

"પૂનામા કયે સ્થળે જવા માંગો છો?" મ્હેં ધીમેથી પૂછ્યું

"સાસુન હોસ્પિટાલમા ભાઈ! બીજે ક્યાં જાઉં? પૂનામા મારૂં નાનું સંબંધી કે ઓળખીતું કોઈ નથી અને હોય તો પણ મુજ ગરીબમા ગરીબ અને દુઃખથી સકડાયલા મનુ-

નો રહેતા આંગણા ઉપર ઉનું રહેવા પણ ખૂણે દેર પાને પચીમે પિઆ હતા તેમાંથી ઘાર ખાધા ખર્ચમાં ગયા અને બાકીના આ મારી પુત્રીના ઉપચારો કરવામાં ખર્ચાના આ ગાડીના ભાડા ગાડે મારાપર દયા લાવી ગાડી આ બીજા વર્ગના ડબ્બામાં મેસવાની રજા આપી નહિતર મારૂં શું થાત ?' હજુ જ્યાં આટલું બોલે છે ત્યાં પાછો રહેની પુત્રીનો સ્વાદ્દે સ્વર સભળાયો —

" બાપા ! હજી પૂના કેટલું દૂર છે ? હવે તો નથી રહેવાતું, હાય શું કરૂં ? ઓ બાપા !" એટલું બોલતા દુખની ચીસ પાડી તેણે હાથ અને માથાપરથી પાઘડી ખસેડી નાખી તે પાઘડીને ફરી ઠીક કરતો વૃદ્ધ બોલ્યો —

" બાપુ ! બેટા ! હવે નથી દૂર. હવેનું સ્ટેશન એ જ પૂનાનું ફક્ત પાંચ મીનીટ શાન્ત થઈને સૂઈ રહે બાપુ ! ત્હારી દુખની ચીસો મ્હારૂં અંતઃકરણ છેદી નાખે છે ઓ પ્રભુ ! પ્રભુ !"

એ મીનિટ થઈ પાંચ થઈ, તો પણ સ્ટેશન ન આવ્યું પીડાથી પીડિત તે બાઈ બેઠી થવા લાગી વૃદ્ધે ઘણા પ્રયત્ન કરી ધીમેથી સુવાડી અને હાથથી ધીમે રહી પંપાળવા લાગ્યો જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ વૃદ્ધની ચિન્તા વધતી ગઈ છેવટે પૂના સ્ટેશન આવ્યું અને ડબ્બામાં બેઠેલા માણસો ઉતરવા માંડ્યા પાંચ મીનિટમાં તો અમે બધુ જ મનુષ્યો ડબ્બામાં રહ્યા વૃદ્ધે બાઈને ઉપાડવા માંડી મેં મદદ કરી અને અમે સ્ટેશન બહાર નીકળ્યા

તે બાઈ બેસી શકે એવી સ્થિતિમાં તો હતી જ નહિ તેથી એક ઘોડાગાડી ભાડે કરી તેમાં તેને સૂવાડી અમે સસુન હોસ્પિટલમાં ગયા ત્યાં મ્હારો ઓળખીતો એક ડાક્ટર હતો તેને તે બાઈની સઘળી હકીકત કહી, તેની સંભાળ માટે પૂરૂં ભલામણ કરી, મ્હારે ઘેર જવા વૃદ્ધની મ્હેં રજા માગી વૃદ્ધ હાથ જોડી દીન પણ કંઈક સંતોષભર્યા સ્વરે બોલ્યો —

" ભાઈ ! બાપુ ! હા જાઓ તમે હવે તમારો મહત્ ઉપકાર શબ્દોથી હું વર્ણવી શકું તેમ નથી મારૂં હૃદય જ માત્ર જાણે છે કે તમે મ્હારા દુખમાં આ માર્ગે કેટલી શાન્તિ આપી છે ! મુંબઈથી જ્યારે નીકળ્યો, ત્યારથી ગાડીના સ્ટેશન સુધી તો મારે, ' ઉંચે આભ અને નીચે ધરતી ' જેવું હતું પૂનામાં જઈ મારા વૃદ્ધના પ્રાણસમાન આ પુત્રીની વેદના દૂર કરવાને શા શા પ્રયત્નો કરીશ અને કોની મદદ માગીશ, એ વિચારે મારા ઘરડા મગજને ગુંચવણમાં નાખી દીધું હતું આમ સામે ઉપસ્થિત થતી હજારો નિરાશાઓમાં આશાનું એક ઝાંખું બિંદુ પણ ન હોતું દેખાતું બારીક દિવસ પહેલાં મારૂં શાન્ત ઘર છોડી ને ડાક હાંભળા વટે માગી આ હાલી પુત્રી સાથે હું યાત્રાએ નીકળ્યો હતો, તે જ સ્થિતિમાં છોડેલા ઘરનું આગણું ફરીથી જોઈ શકીશ કે કેમ ? એ મને શંકાસ્પદ જણાતું હતું વૃદ્ધાવસ્થામાં આવી પડેલા આ દુખને શુદ્ધ વચનોથી શાન્ત કરતી આ પિતૃભક્તિમાં જ પોતાનો મોક્ષ માનતી મારી વિધવા પુત્રી આ ભયંકર વેદનામાંથી મુક્ત થશે કે કેમ ? એ સવાલ મ્હારા મગજમાં ઘડી ઘડી ઘૂમતો મારી આવી સ્થિતિમાં તમોએ જે મદદ આપી છે તેથી મારી સર્વ નિરાશાની વચ્ચે આશાને જન્મ થયો છે મારી ઘુંટતી હીંમતને ફરીથી પાછું સ્થાન મળ્યું છે અને મનના પ્રયત્ને

ગીને પણ મારી પ્રાણ સમા પુત્રી નારીનિ દુ ખ મગડી શરીર જ એમ મારા મને પાણી પ્રતીતિ થઈ ચુકી કે જાઓ ભાઇ ! તમે તમારા માર્ગમા પ્રવૃત્ત થાઓ પ્રભુ તમારૂં કલ્યાણ કરે વૃદ્ધ બોલતો અટક્યો હુ જવા લાગ્યો છેલ્લી દષ્ટિ તેના મુખ પર નાખી, તો જણાયુ કે મારી તરફ જે ઉપકારની લાગણી બતાવી તેના કરતા અધિક તેની વિવિધ ચક્ષુઓ ઉપકાર પ્રદર્શિત કરી રહી હતી

૨.

ઉપરોક્ત બનાવને બે એક માસ વીત્યા હશે તે વૃદ્ધ પિતા અને તેની પુત્રીને ફરીથી એક વખત મળવા મન ઘણી વખત ઇચ્છા થઇ આવતી પરંતુ ગૃહવ્યવસાયમાંથી છુટો થઇ શકુ એવી સ્થિતિમા ન હોવાથી તે ઇચ્છાને દાબી દેવી પડતી તો પણ વારંવાર તે વાત સ્મરણમા આવતા કંઇક ચિંતા અને કંઇક દુ ખ થતુ જેમ જેમ દિવસો જવા લાગ્યા તેમ તેમ તેમની સ્થિતિ જોવાની ઇચ્છા અતિ પ્રબળ થઇ છેવટે અશાડી બીજને દિવસે મુંબઇથી પૂના જવા રવાને થયો ટ્રેન ચાલી ત્યારથી જ મગજમા હજારો પ્રકારના વિચારો પરિભ્રમણ કરી રહ્યા હતા "તે બાઇની શારીરિક સ્થિતિ હવે કેવી હશે ? " "ડોસાની માનસિક સ્થિતિ હવે કેવી હશે ?" "તે બાઇના ચહેરા પર કુદરતી તેજ અને હાસ્ય રમતા હશે કે ?" "વૃદ્ધનો ચહેરો ચિંતામુક્ત થયો હશે કે ?" આ તથા આવા બીજા અનેક પ્રશ્નો મ્હારા મનને પૂછતો અને તેના જવાબોની વાટ જોઇ પણ હુ ઉતરતો પૂના સ્ટેશને ઉતર્યો પ્રબળ આતુરતાથી સસૂન હોસ્પિટલમા જઈ જે ઓરડામા તે બાઇનો ખાટલો રાખવામા આવ્યો હતો, ત્યા જઈ જોઉ છુ તો ઓરડો ખાલી હૃદયમા ફાળ પડી અને મરણનો આઘાત થયો કંઇ અવળુ તો નહિ બન્યુ હોય ? તેની કલ્પના કરવા લાગ્યો બીજી જ પળે મનને શાન્ત કરી જે ડૉક્ટરની સંભાળ નીચે તે બાઇને રાખેલી હતી તેની પાસે ગયો, અને એ દુ ખી પિતા પુત્રીનુ શુ થયુ ?' તે પૂછયુ ત્યારે કહ્યુ કે— 'બાઇને એક માસ પહેલા જ પૂર્ણ આરામ આવી ગયો હતો તે પછીના પચીસેક દિવસો તે પિતા પુત્રીએ અહીં રહેતા અન્ય દર્દીઓની સારવાર સારી રીતે કરી તેઓની સેવાવૃત્તિ એટલી બધી ઉચ્ચ હતી કે તેથી આ દવાખાનામા કામ કરતા સર્વ મનુષ્યોના હૃદયમા તેઓ પ્રત્યે કંઇ અનન્ય પ્રેમ જાગૃત થયો હતો અમારો વિચાર તેઓને આ દવાખાનામા જ રાખવાનો હતો પરંતુ પોતાને ઘેર જલ્દી જવાની તેમણે પ્રબળ ઇચ્છા જણાવી તેથી અમે સર્વેએ ફાળો કરી રૂા પચાસની રકમ કરી આપી અને તેઓ સજલનેત્રે અને ઉપકારદર્શક દષ્ટિએ અમારી સર્વની રજા લઇ બે દિવસ પહેલા જ ગયાં '

' હે ! બે દિવસ પહેલા જ ગયા ? ક્યા ગયાં ? તેમનુ ગામ કયુ ? તેઓના નામ શુ ? ' કંઇક આશ્ચર્યથી અને કંઇ અધિરાઇથી મે પૂછ્યુ

"તેમનુ રહેઠાણ મ્હેસાણાપાસે 'ભોયણ' ગામ છે, ત્યા છે વૃદ્ધનુ નામ 'હરિરાય' છે અને તેની પુત્રીનુ નામ 'શારદા' છે જતી વખતે તેમણે તમને બહુ સંભાર્યા છે '

ૐ શ્રીમદ્ વલ્લભાચાર્યજી રૂ ૧-૦-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઇ

" અને મારૂં પણ તમેએ મારી આમંત્રણને માન્ય કરી પરિશ્રમ લઈ , અહીં જે ગૌરવ મને આપી ગયા તે માટે હમારો પણ હું ઘણો જ આભારી છું " કહી પાછો ફર્યો. આ મેળાવડાથી મને સંતોષ અને આનંદ તો થયો, પરંતુ તે પિતા પુત્રીને ફરીથી મળી તેઓની સ્થિતિ જોઈ આવવાનો મેં નિશ્ચય કર્યો.

×   ×   ×   ×

' ગીરા ' જવાનો નિશ્ચય તો કર્યો હતો પરંતુ અમુક અનિવાર્ય કારણોને લઈને આર (?) વર્ષ પસાર થઈ ગયાં. આજનો ચોમાસાનો સમય પસાર થયા બાદ તે પિતા પુત્રી પહેલીવાર ટનમાં બીજા ક્લાસના ડબ્બામાં જોયાં હતાં, તે સ્થિતિ સ્મૃતિમાંથી ખસી ન્હોતી તેમજ ગીરા જઈ તેઓને ફરીથી મળવાનો વિચાર પણ ઝાંખો થયો ન્હોતો. લગભગ નવમું વર્ષ બેસતાં જ તે વિચાર પરિપક્વ થતાં અને આઠ દહાડાની રજા લઈ ' ગીરા ' જવા નીકળ્યો.

એક રવિવારની સવારે મહેસાણા ઉતર્યો. ત્યાંથી બેલગાડી કરી લગભગ બપોરના અગિયાર વાગે ' ગીરા ' પહોંચ્યો. દરવાજામાં ચાર-પાંચ માણસો હુક્કા પીતા બેઠા હતા. તેમને મેં પૂછ્યું:

" ભાઈ ! હરિરાય નામે બ્રાહ્મણ છે તેનું ઘર ક્યાં આવ્યું ? "

" કોણ હરિરાય ?? " એકે હુક્કો ફૂંકતાં પૂછ્યું.

" તેને શારદા નામે પુત્રી છે તે " મેં કહ્યું.

" અરે ! હરિરાય બ્રાહ્મણ અને શારદા તેની પુત્રી એ કોણ ? " એકે બીજાને પૂછ્યું.

" ઓ સમજ્યો હવે. શારદા એ તો રાંકની મા " ત્રીજાએ ખુલાસો કર્યો.

" ત્યારે ' રાંકની મા ' ને ત્યાં જવું છે એમ જ કહોને. ચાલો તે ભણી સાહેબને પહોંચાડી આવું " કહી તે મંડળીમાંથી એક ઉઠી આગળ ચાલવા લાગ્યો.

' રાંકની મા ' નો અર્થ શું હશે ! એ બાબત અનેક કલ્પનાઓ કરતો હું તે માણસની પાછળ પાછળ જવા લાગ્યો. એક બે શેરીઓ વટાવીને તે એક વડા જેવા મકાન પાસે થોભ્યો અને બોલ્યો ' આ વડામાં સામેના જ ઓરડામાં તે બાઈ તમને મળી શકશે.

' ઠીક ' કહી ' અનાથાશ્રમનું પાટિયું ' દરવાજા ઉપર વાંચી હું અંદર પેઠો, જતાં જતાં આસપાસ નજર ફેરી, તો જણાયું કે તે વડામાં ચોતરફ મળી લગભગ બારેક ઓરડાઓ હતા. ત્યાં માં ' ખોડ ' જેને કહેવામાં આવે છે, તે હતાં. બીજા ચારમાં અનાજ, ઘાસ વગેરેનો સંગ્રહ દેખાતો. સામેના ચાર ઓરડાઓ જે મોટા અને સ્વચ્છ હતા તેમાં લગભગ બારેક દર્દીઓના ખાટલાઓ હતા. આ સર્વ જોતાં જ મને કંઈ આશ્ચર્ય થયું અને શારદાને ગામના લોકો ' રાંકની મા ' શાથી કહે છે તેનો ખ્યાલ આવતાં અવર્ણ્ય આનંદ થયો.

એ સર્વ જોતાં, જે ઓરડો મને બતાવવામાં આવ્યો હતો, તે ઓરડાના બારણા આગળ જઈ અંદર જોઉં છું તો એક ખાટલા ઉપર વૃદ્ધ સૂતો છે અને પાસે સ્વચ્છ અને સાદાં શ્વેત વસ્ત્રોમાં સજ્જ થયેલી પાંત્રીસેક વર્ષની એક સ્ત્રી બેઠી છે. તેને તુરત જ ઓળખી તો ન શક્યો પણ સહેજ વારમાં જણાઈ ગયું કે તે વૃદ્ધ હરિરાય અને તેની પુત્રી શારદા હતાં. હું

જેમા અનાજ, કપડા, વાસણ વગેરે હતુ તે સર્વ જોઈ અમે પાછા જ્યા વૃદ્ધ હરિરાય સૂતા હતા, ત્યા આવ્યા

ને સ્થળનો સ્વર્ગીય આનંદ અનુભવતો અને વૃદ્ધ હરિરાય અને તેની દેવી પુત્રીની લાગણીઓ અને પ્રેમાળ વર્તનથી અત્યંત સુખની લ્હાણ લેતો, હુ ત્યા ચાર દિવસ રહ્યો. પાચમે દિવસે મુસાફરી પાછા જવાને તે પિતાપુત્રીની રજા માગી અને ત્યા રહ્યો ત્યારે રોજનો અહા! શુ તેમનો મીઠો આગ્રહ! પૂર્વે મે જે કિંચિત્ કહેલુ તે અતિ થોડુ રૂપ અર્પનાર તેમની ઉપકાર નહિ! અને સેવા-ધર્મના અંગીકારથી અનકૃત થયેલુ તે 'ગરીબ મા'નું નિર્મળ અને પ્રેમાળ મુખ!!!

જતે જતાં મગજમા તે સ્વર્ગીય ભૂમિના જ વિચારો મનમા મનમા ઉપજે અને આવેગથી બોલવા લાગ્યો,—

"ઓ સ્થાન હિન્દના શ્રીમંતો! હમે ધારો તો શુ નથી કરી શકતા? જેમ હમારા ઉપર અમુક પ્રકારની ધૂળ વળગી છે, તે દૂર કરો, અને પછી બનાવો જગતને હમારો કુદરતી ચળકાટ. આ ગોઠ નહિ, જેવુ બબુના 'ગરીબ મા'નો ગાયનો હમારી દૃષ્ટિ આગળ હમેશા રાખો અને વિચારો કે હમારા જેવા કેળવાયલા હજ્યો એક ગરીબ પણ કેટલુ ઉપકારક કાર્ય કરી શકે! કેટલા બધા અનાથ અને ગરીબ બાળકોને તમે તમારી પાસમા લઈ શકો છો! કેટલા બધા ભૂખ્યા, તરસ્યા અને દુઃખપીડિત યુવાનોને આશરો આપી, સેવા-પાઠ શીખવી ગૃહજીવનના સુખને દોરી શકો છો? અને કેટલા બધા વૃદ્ધ અને અથડાતા-પછડાતા સ્ત્રી-પુરુષોને તેમના જીવનની છેલ્લી ઘડીએ અન્ત પામેલા સંતોષ અને શાન્તિની ભાવના ઓને પાછી સજીવન કરી તેમના તપ્ત હૃદયોને કંઈક આરામ જ શાન્તિ અનુભવ કરાવી શકો છો! કેટલા સુખનો અનુભવ થવાનો છે? દુઃખીઓના હૃદયમા પેસી દુઃખ શુ છે તે જાણો, દુઃખના જેવો અસહ્ય છે તે અનુભવો. સ્વાર્થી સુખનો આનંદ લેવા તૈયાર થાઓ ત્યારે હમારા પાડોશીની હમારા ગામમા રહેનાર કોઈ દુઃખી નિરાધાર-વ્યક્તિની સ્થિતિ સમજમા લાવો, દૃષ્ટિ સમક્ષ ખડી કરો. એ થયા પછી તમારા સુખના ભોગો પણ એ તપ્ત આત્માઓને સુખ શાન્તિ જરૂરનુ અર્પન કરો. જો આટલુ કર્યુ તો તે જ હમારી મહત્તા તે જ તમારી કીર્તિ અમર રહેશે."

ગુજરાતની સ્ત્રીશિક્ષણ વિષયક સંસ્થાઓ

૩. અમદાવાદ વનિતાવિશ્રામ.

લેખક—રા. કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ બી. એ. એલએલ. બી.

ગુજરાતી સ્ત્રીઓની કેળવણીના ઇતિહાસમાં ખાસ નોંધી રાખવા લાયક બનાવ, [illegible] જુન માસની [illegible] તારિખે અમદાવાદમાં બન્યો હતો તે દિવસે [illegible] અમદાવાદ




શેઠ મ[illegible] ગીરધરદાસ

વનિતાવિશ્રામના વ્યવસ્થાપક મંડળના પ્રમુખ

વનિતાવિશ્રામ માટે બંધાનાર મકાનનો પાયો નાંખવાની ક્રિયા, ત્યાંના [illegible] એક મોટા મેળાવડા સમક્ષ, [illegible] હતી અને [illegible] હાથ [illegible] [illegible] ઉ

જીવન અર્પવાનો તેમણે નિશ્ચય કર્યો આ સંસ્થાની શરૂઆત ફક્ત એક વિધવાથી કરવામા આવી હતી

આ સંસ્થામા વિધવાઓને આશ્રય આપવા ઉપરાંત મોટી ઉમરની સ્ત્રીઓને શિક્ષણ આપવાની વ્યવસ્થા પણ કરવામા આવી હતી આ મોટી ઉમરની સ્ત્રીઓના વર્ગો સાથે




મો. છબીલાર સોમનાથ રૂપશાહ.

વનિતાવિશ્રામને રૂપીઆ પાત્રીસ હજારનુ ઉદાર દાન આપનાર દાનેશ્રીના વર્ષ(?)ની ધીમે ધીમે નાની છોકરીઓ માટે પણ પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા કરવાનુ તેમણે યોગ્ય ધાર્યું અને એક પ્રાથમિક શાળાની શરૂઆત પણ કરવામા આવી ત્યાર બાદ આ પ્રાથમિક શાળા ઉપરાંત સીવણ શિખવા માટે પણ વર્ગો ખોલવામા આવ્યા હતા અને તેનો લાભ સારો લેવાતો હતો

માધ્યમિક ક્રમ સમ્બન્ધી ચર્ચા.

ઈ સ ૧૯૧૭ મા અમદાવાદની અન્દર કન્યાઓના માધ્યમિક શિક્ષણનો પ્રશ્ન ઘણો ચર્ચાઇ ગયો હતો ત્યારે ઘણાકોનો મત એમ થવા માડયો હતો કે મુમ્બાઈ યુનિવર્સીટીની મેટ્રિ-



•મહિલાવિદ્યાલયના માનસશાલાનાં શિક્ષિકો તથા શિષ્યાઓ.

ક પરીક્ષાનો ક્રમ હિન્દુ કન્યાઓને અનુકૂળ નથી હિન્દુ સમાજના રીતરીવાજ મુજબ કન્યાઓ ઘણુંખરું ચાર વર્ષ નિશાળના અભ્યાસ માટે મેળવી શકતી નથી, તેથી ચાર વર્ષના ક્રમની અગત્ય કન્યાઓ માટે હતી વળી મેટ્રી ના ક્રમમા વનિતાઓને, કે ગૃહવ્યવસ્થાના શિક્ષણને, મિત-

---

ડિ ગોવિંદજી અને સહગણલક્ષ્મી ૧૦-૦-૦ જૈન ક્રમ નિપાણી ગેન્ડ ઃની, મુમ્બાઈ

ન અવકાશ રહેતો નથી, અને તે જ્ઞાન વિના તો કન્યા શિક્ષણ અધુરૂં જ કહેવાય પરંતુ શિક્ષણ શાસ્ત્રની, તેમ જ વ્યવહારદૃષ્ટિએ, મેટ્રીકની આમે મોટા સાધનો પરીક્ષા અને શિક્ષણ જે બાર વર્ષ લેવાના છે તે છે તેમાં બધું કાર્ય અંગ્રેજી મારફતે થાય છે આથી માતૃભાષા ગુજરાતીને અન્યાય થાય છે, તેમ જ ક્રમ ઘણો કઠણ પડે છે વળી આ ઉપરાંત ઇતિહાસ, વિજ્ઞાન વગેરે વિષયો પણ અંગ્રેજીદ્વારા ભણવાના હોવાથી તેનું જ્ઞાન પણ પોપટીયું જ થાય છે આવા અનેક કારણોથી તે ક્રમ અયોગ્ય લાગતો હતો અને તેથી કન્યાઓ માટે માધ્યમિક શિક્ષણ આપવાની એક સંસ્થા જુદા જ ધોરણ ઉપર સ્થાપવાનો વિચાર ચાલી રહ્યો હતો

મહિલા વિદ્યાલયની સ્થાપના.

આ વિચાર અમલમાં મુકાતા કેટલીવાર થાત તે કહી શકાતું નથી પણ તું શહેરને સુભાગ્યે વનિતાવિશ્રામના વ્યવસ્થાપક સુલોચનાબહેન તથા ભાવીના વિદુષી સમાજસેવિકા ... બહેનનો મેળ થયો આ વિચાર જરા વધારે ચર્ચાઈ અને પરિણામે અમદાવાદ વનિતાવિશ્રામ, મહિલા વિદ્યાલયની સ્થાપના થઈ સૌ ... મુખ્ય અધ્યાપિકા તરીકે ... કામ કરવા કબૂલ્યું અને સુલોચનાબહેને ધન મેળવવા તથા બીજી વ્યવસ્થા કરવા કામ ઉપાડી લીધું આ રીતે ૧૯૧૭ ના જુલાઈ માસની પહેલી તારિખે અમદાવાદમાં મહિલા વિદ્યાલય ... થયું આ સંસ્થાએ આ નવીન માર્ગ ગ્રહણ કરીને બહુ જ સારો દાખલો બેસાડ્યો છે, અને સ્ત્રીઓ પણ હવે ... કેવા કરી શકે છે તે સર્વેને બતાવ્યું છે

તેનો ક્રમ અને શિક્ષકો.

આ મહિલાવિદ્યાલયમાં હાલ ૧૫૦ કન્યાઓ અભ્યાસ કરે છે આપણા સમાજની પરિસ્થિતિ જોતાં, આ સંખ્યા ઘણી જ સારી કહી શકાય આગળ જણાવ્યું છે તેમ આમાં ... શિક્ષણ ગુજરાતીદ્વારા જ અપાય છે, અને છેક છેલ્લા વર્ષ સુધી ગુજરાતીનો અભ્યાસ ... કરાવવામાં આવે છે આના લાભ દેખીતા જ છે મહિલાવિદ્યાલયને આખો ક્રમ પાંચ વર્ષનો રાખવામાં આવ્યો છે અને તે આઠ ધોરણોમાં વહેંચી નાખેલો છે પહેલા ચાર ધોરણો છ છ માસના છે અને બાકીના ચારે એક એક વર્ષના છે આ રીતે અભ્યાસ ... બે વર્ષ ઓછો કરવાથી ઘણી કન્યાઓ તે પૂરો કરી શકશે સઘળું શિક્ષણ ગુજરાતીદ્વારા હોવાથી વિષયો શીખવવામાં કંઈક થોડો વખત છે, અને તેથી કાંઈ ... રાખવા છતાં, ... રહે છે અભ્યાસક્રમમાં ધર્મ અને નીતિનો તેમ જ ... ... છે અને તેનું ... પાયામાં ઘોરણથી વિષયો ... ઉપરાંત અને ... એના બે વિભાગ કરેલા છે આવશ્યક વિષયોમાં ગુજરાતી, અંગ્રેજી, ઇતિહાસ, ... અને ... છે આ ઉપરાંત બે ઐચ્છિક વિષયો કન્યાઓએ લેવાના છે પોતાના મનના વલણ મુજબ કન્યાઓને પોતાના વિષયો પસંદ કરવાનો અવકાશ રહે છે અને કોઈ ... વિષ...

માર્ગી પીમ ... (...) ... એમ ત્રિપાઠી ...

યનો અભ્યાસ કરવાનુ તેમને માથે પડતુ નથી આ ઐચ્છિક વિષયો નીચે પ્રમાણે છે સંસ્કૃત, ગણિત, રાંધણ, ચિત્રકળા, સગીત, હિન્દી, અને શિક્ષણશાસ્ત્ર

આ મહિલાવિદ્યાલય શિક્ષકોની બાબતમા પણ એકદરે ભાગ્યશાળી નિવડ્યુ લાગે છે આ શાર । ગેન ઉપરાંત, પ્રો શાહ, પ્રો વાલજી દેસાઈ, ગ પ્રાણજીવનદાસ, રા વિનાયક ત્રિવેદી જેવા જાણીતા અને વિદ્વાન સ્વેચ્છાશિક્ષકો તેને મળ્યા છે મહિલાવિદ્યાલયના મુખ્ય શિક્ષક ના ચતુર્લાલ ત્રિ પણ આ સબધી બહુ જ પ્રેમ ધરાવે છે અને ખરા રસથી અને ખત ડ પુર્વી કાર્ય કરે છે આટલી બધી અનુકૂળતા ભાગ્યે જ બીજી કોઈ સસ્થાને મળી શકે

પ્રાથમિક શાળા અને સ્ત્રીવર્ગો.

વનિતાવિશ્રામને અગે આવની પ્રાથમિક કન્યાશાળાના ક્રમમા પણ કાંઈક ફેર કરવામા આવ્યો છે પાચ ધોરણ સુધી ત્યા શિક્ષણ આપવામા આવે છે, અને દરેક ધોરણ છ માસનુ રાખવામા આવ્યુ છે આ ઉપરાત કન્યાઓને કાંત વાનુ ભરત પણ તથા પ્રાર્થના કરાવવામા આવે છે આ પ્રાથમિક શાળામા પણ હિન્દુ ઉપરાત કન્યાઓ ભણે છે

મોટી ઉમરની સ્ત્રીઓના વર્ગો જુદા જ ચલાવવામા આવે છે તેના ત્રણ વિભાગ કરવામા આવેલા છે પ્રાથમિક, માધ્યમિક, અને ઉચ્ચ આ ત્રણેનો લાભ હોંસથી લેવાય છે આ ઉપરાત બહારની સ્ત્રીઓને સીવણકામ શીખવવાનો વર્ગ પણ છે, અને એક અનુભવી પારસી બાઈ શીવવાનુ તેમ જ વેતરવાનુ કામ ત્યા શીખવે છે

નિરાશ્રિતગૃહ.

વનિતાવિશ્રામને અગે શરૂ કરેલુ વિધવાઆશ્રમ તે આ સસ્થાનુ એક ખાસ કાર્ય છે વિધવાઓ ઉપરાત નિરાધાર સ્ત્રીઓને પણ તેમા રાખવામા આવે છે વળી કેળવણી લેવા અને રહેવા ઇચ્છતી કુમારિકાઓ માટે પણ હવે વિશ્રામની યોજના કરવામા આવી છે આવા બાળાશ્રમની અગત્ય દીવસે દીવસે ઘણી જ વધતી જવાનો સભવ રહે છે કારણ કે કન્યાઓ માટે માધ્યમિક શિક્ષણ મેળવવાની સગવડ બહુ જ થોડા ગામોમા છે, અને તે સીવાયના ગામોની કોઈ રહેનારીને આવુ શિક્ષણ લેવાની ઈચ્છા થાય તો, આવા બાળાશ્રમ સિવાય તેનાથી તે લઈ શકાય જ નહિ. ધીમે ધીમે સસ્થાના અગને ખીલવવાથી ઘણો જ ફાયદો થવા સભવ છે. હાલમા આ આશ્રમમા પચી ક બાઈઓ રહે છે

પુસ્તકાલય.

આ સસ્થાને અગે એક પુસ્તકાલય પણ સ્ત્રીઓના ઉપયોગ માટે રાખવામા આવ્યુ છે. તેનો લાભ હરકોઈ સ્ત્રી લઈ શકે તેમ છે પણ હિન્દુ સ્ત્રીઓ પુસ્તકાલયમા જઈને ચોપડીઓ લેતી નથી એવો અનુભવ થવાથી, ફરતુ પુસ્તકાલય પણ ગોઠવ્યુ છે અને સ્વયસેવિકાઓ જુદા જુદા લત્તાઓમા ફરીને સ્ત્રીઓને ઘેર ચોપડીઓ આપે છે આ રીતે ઘણી લોકપ્રિય થતી જાય છે અને તેનો બહુ જ લાભ લેવાય છે

ભગિની વિદ્યોતેજક સભા.

આપણા સમાજમાં કન્યાઓ જુદાજુદા પ્રશ્ન ઉપર વિચાર કરતી તેમ જ વિવેચન કરતી થાય તે બહુ જ જરૂરનું છે, અને આ હેતુ સાધવા માટે આ સંસ્થાને અંગે એક ભગિની વિદ્યોતેજક સભાની સ્થાપના કરવામા આવી છે આ સભામા, વનિતાવિશ્રામમા અભ્યાસ કરતી ના હોય તેવી બાળાઓને પણ દાખલ કરવામા આવે છે આ રીતે આ સભા બાળાઓના સમાગમનુ અને વિદ્યાવૃદ્ધિનુ સ્થાન છે તેમા વારવાર ગરબા ગાવમા આવે છે, અન્દર અન્દર ચર્ચાઓ ગોઠવવામા આવે છે, તથા મહિનામા એકવાર કોઈ સુશિક્ષિત, સન્નારી અગૃહસ્થ પાસે વ્યાખ્યાન પણ અપાવાય છે

સંસ્થાના મકાન માટે દાન.

આ સંસ્થાને મકાનની ઘણી જ અગવડ અત્યાર સુધી આવુ રહી છે પરંતુ અમદાવાદના એક ઉદાર ગૃહસ્થની મદદથી તે અગવડ હવે ટળશે એમ લાગે છે વનિતાવિશ્રામ માટે એક મકાન બંધાવવા માટે શેઠ મોહનલાલ રૂપચંદદાસ તથા તેમના પત્ની સૌ ઉજમકોર બેને, પાત્રીસ હજાર રૂપિયાની ઉમદા રકમ બક્ષીસ આપી છે, અને તેમાથી બનાવવા ધારેલા મકાનનો પાયો હમણા જ મ ગાંધીજીને હાથે નખાયાનો ઉલ્લેખ આપણે ઉપર કરી ગયા છીએ આ રકમ વનિતાવિશ્રામને મળવાથી વનિતાવિશ્રામના વ્યવસ્થાપકોએ આ શેઠના પત્નીનુ નામ વનિતાવિશ્રામ સાથે જોડવાનુ નક્કી કર્યું છે અને હવેથી આ સંસ્થા "બાઈ ઉજમકોર વનિતાવિશ્રામ" નામે ઓળખાશે આ ઉદાર બક્ષીસ, અને અત્યાર સુધી ભેગી થયેલી બીજી રકમમાથી જે મકાન બંધાશે તે આ સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓ માટે પુરતા થઈ પડશે નહિ, માટે હજી પણ બીજી મોટી રકમની જરૂર રહે છે, અને આશા છે કે અમદાવાદના સમૃદ્ધિવાન્ નેતાઓમાથી કોઈ બીજી એક સુન્દર રકમની ભેટ આ સ્ત્રીઉન્નતિસાધક સંસ્થાને ધરીને સ્ત્રીપ્રત્યેના ઋણમાથી અમારાને કાંઇક અંશે મુક્ત કરશે

સંસ્થાનું ખર્ચ.

આ સંસ્થાનું ખર્ચ અત્યારસુધી જેમતેમ નભે જાય છે જેમ જેમ તેની પ્રવૃત્તિઓ વધતી ગઇ છે, તેમ તેમ ખર્ચ પણ વધતુ ગયુ છે, અને અત્યાર સુધી તો તે આવી પણ મળ્યું છે પરન્તુ ૧૯૧૫-૧૬ મા ત્રણ હજાર રૂપિયાની અન્દર વાર્ષિક ખર્ચ થતુ હતુ તેને બદલે ૧૯૧૯ મા ચાર હજાર રૂપિયા ઉપર ખર્ચ થશે એવો અડસટ્ટો ધારવામા આવ્યો છે આ વણ ઘણા ખર્ચને પહોંચી વળવા માટે આ સંસ્થાને ઉદાર હાથની મદદ મળવી જોઇયે આ સંસ્થામા ચરોતર અને કાઠીયાવાડની બાઇઓ પણ છે અને અમને આશા છે કે ગુજરાતનો દરેક ભાગ આ સંસ્થાને કંઈ ભાઈ ભેટતો ધરજ રહેશે

શિક્ષકપદ સ્થાપવાની સૂચના.

મકાન સાથે શિક્ષિકાની જરૂર પણ એટલી જ છે અને સારા શિક્ષકો નવચારતા હોય તો તેમને કાંઇક વિશેષ નામનો આપવી જોઇએ સેવાભાવનાથી કામ કરનાર ભેગી શમ્ય

તે તો બહુ જ ઉત્તમ વાત છે પણ તેમાં તથા પુસ્તકમાં વાર [illegible] પણ [illegible]
પ્રોવિડંટ ફંડની યોજના કરી આપાય તો સારા નિવડેલ શિક્ષિકાઓ મેળવી શકાય. પરંતુ
આ કાર્ય માટે સ્થાયી ભંડોળની જરૂર છે આ માટે જુદા જુદા ધનાઢ્ય ગૃહસ્થો
પોતાના નામના શિક્ષકપદ (*Chairs*) સ્થાપવા માટે રકમો આપે તો ઘણો જ લાભ થાય
આ રીતથી સંસ્થાને સંગીન લાભ થવાની ખાત્રી રહે છે, અને તે તરફ અમે સર્વેનું ખાસ
ધ્યાન ખેંચવાની રજા લઈએ છીએ

પંડિત મારુરિયાજીનો સંદેશો.

આ સંસ્થા સબંધી ટુંક હકીકત પુરી કરતા પહેલા, તેના મકાનનો પાયો નાખતી વખતે
પંડિત માલવિયાજીએ જે સંદેશો મોકલ્યો હતો તેમાનું એક વાક્ય મનન કરવા યોગ્ય હોવાથી
અત્ર ઉતારી લેવાની લાલચ હું રોકી શકતો નથી તેઓશ્રી જણાવે છે,

' પુરુષના જીવનને ઉન્નત બનાવવા માટે, તથા મનુષ્યજાતિના કલ્યાણને અર્થે સ્ત્રીઓ-
" એ, માતા, ભગિની, દુહિતા, અને પત્ની તરીકે, જે જે સ્વાર્થત્યાગ કરીને દુઃખ સહન કર્યા છે
" તેનું ઋણ પુરુષો તેમને ગમે તેટલા માન અને આશ્વાસન આપે તો પણ પુરૂં થાય તેમ નથી "

આ વાક્યો ખરેખર મનન કરવા યોગ્ય છે આ ઋણનો બદલો આપવાની વાત તો કોરાણે
રહી, પણ હજી તો આપણા સમાજમા આપણે સ્ત્રીઓ તરફના અન્યાયોમા વધારો જ કરતા
જઈએ છીએ તેમના ઉપર અનેક સામાજિક અંકુશો આપણે નાખ્યા છે તેમની બુદ્ધિના પૂર્ણ
વિકાસઅર્થે આપણે પુરતા સાધનો કે પુરતી તક પણ આપતા નથી જે વર્ગોમા કેળવણીનો પ્રચાર
સારો થયેલો છે, તે વર્ગોમા પણ સ્ત્રીઓના વિકાસ તરફ હજી લક્ષ આપવામાં આવતું નથી
અરે! હજી તો સ્ત્રીઓને પોતાને જ તેમની તરફ થતા અન્યાયોનો ખ્યાલ આવ્યો નથી
અને જ્યા સુધી તે ખ્યાલ તેના સાચા સ્વરૂપમા આવ્યો નથી ત્યાં સુધી ઉન્નતિ નથી
"ગુલામોને પોતાની અધમાવસ્થાનું જ્ઞાન જ ન હોય, પોતાની અવસ્થામાં જ તેમને તુષ્ટ સંતોષ
હોય તેજ ગુલામગીરીની ખરાબમા ખરાબ અવસ્થા છે, " આ કથન અનેક મહાપુરુષો કહી
ગયા છે આ સર્વ બાબતોઉપર મનન કરીને સ્ત્રીઓની 'સ્થિતિ' સુધારવા તરફ લક્ષ આપવું તે
આપણી ફરજ છે,

આવી સંસ્થાઓની વધતી જતી સંખ્યા.

અલબત્ત સ્થિતિ કાંઈક બદલાતી જાય છે ખરી પણ તે બહુ જ ધીમેધીમે વનિતાવિશ્રામ
અને મહિલાવિદ્યાલય જેવી સંસ્થાઓ સ્થપાઈ છે, પણ એક કરોડ ગુજરાતીઓની વસતીમા તેની
સંખ્યા કેટલી ઓછી છે, તેનો ખ્યાલ આપણે કરવો જોઈએ આવી સંસ્થાઓ, વિધવાશ્રમો, મહિ
લાવિદ્યાલયો આદિ હવે તો સ્થળે સ્થળે ઉઘાડવા જોઈએ જુનાગઢ, ભાવનગર, પાટણ વગેરે સ્થળોમા
મહિલાવિદ્યાલય માટે ચળવળ ચાલી રહી છે ખરી, પણ જે ગામમા ત્રણચાર પ્રાથમિક કન્યા
શાળાઓ હોય, તે દરેક ગામમા એક મહિલા વિદ્યાલય સ્થાપવું જ જોઈએ આ માટે ઉત્સાહ-

પૂર્વક અને સતત પ્રયત્ન સ્થળે સ્થળે થવા જ જોઈએ હવે તો મહિલાવિદ્યાલયોના ક્રમ રચના તથા તેની છેલ્લી પરીક્ષા–શાળાન્ત પરીક્ષા–તેની વ્યવસ્થા ગુજરાત કેળવણી મંડળના 'સ્ત્રી કેળવણી મંડળ' તરફથી થઈ છે અને તેથી સર્વત્ર ક્રમની એકતા આવશે તથા સર્વ અનુભવીઓને લાભ મળશે આશા છે કે જુદા જુદા ગામ આનો લાભ લેશે અને તમારે જરૂર યોગ્ય પ્રવૃત્તિ આ[illegible]

શિક્ષિકાઓ તૈયાર થવાની જરૂર.

આ સર્વ માટે સ્ત્રી શિક્ષિકાની બહુ જ જરૂર પડશે આ કાર્ય માટે અવકાશવાળી ધનવાન બાઈઓ, ધનવાન વિધવાઓ, તેમ જ સામાન્ય વર્ગના અને ગરીબ, સર્વ વિધવા બાઈઓ તત્પર થશે મહાત્મા ગાંધીજીએ પૂર્વોક્ત પ્રસંગે પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે "વિધવાના **દેહ અને આત્મા તો તેના દેશને જ સમર્પણ થવા જોઈએ**" આ બોધ ધ્યાનમાં લઈ વિધવાબાઈઓ આ દેશસેવાના ઉત્તમ કાર્ય માટે લાયકાત મેળવશે, અને સ્ત્રીશિક્ષણના કાર્યને સહુ ઉત્તેજન આપશે વિધવા આશ્રમોમાં જે વિધવાબાઈઓ હોય તેમને બને ત્યાં સુધી આ માર્ગે જ વાળવામાં આવશે એવી આશા રાખવામાં આવે છે

અભિનંદન.

આ લેખ પૂરો કરતાં પહેલાં બ્હેન સુલોચનાબેન તથા તેમના દરેક કાર્યમાં તેમને મદદ કરનાર, તથા આ સત્કાર્યમાં તેમને પ્રેરનાર, તેમના માતા રૂક્ષ્મણી બેન, તથા સૌ શારદા સુમન્ત મહેતા, તેમજ બીજા જે જે સન્નારી અને સદ્‌ગૃહસ્થોએ આ સંસ્થાની અનેક વિધ પ્રવૃત્તિઓ સફળ બનાવી છે તેમને ધન્યવાદ આપવો જોઈએ બાઈ જીવકોર તથા શેઠ સોમનાથ રૂપરામે આપેલા દાન માટે તેમને પણ ખાસ ધન્યવાદ ઘટે છે આ સંસ્થાના કાર્યવાહક મંડળના પ્રમુખ, શેઠ મનસુખલાલ છે, તથા એક ઉપપ્રમુખ લેડી ચિનુભાઈ છે આવાં ધનાઢ્યો સ્ત્રીહિતના કાર્યોમાં રસ લે છે, તેથી ભવિષ્ય ઉજળું જ છે, તે તો નિ સંદેહ જ છે અંતમાં આપણે પ્રાર્થના કરીશું કે પંડિત માલવિયાજીના આશીર્વાદ પ્રમાણે આ સંસ્થા આદર્શરૂપ બને, અને તેના જેવી સંસ્થાઓ સ્થળે સ્થળે સ્થપાય *

---

* આ લેખમાળાના પ્રથમ બે લેખો માર્ચ ૧૯૧૮ તથા મે ૧૯૧૯ ના સમાલોચકના અંકોમાં પ્રસિદ્ધ થયા છે તે તરફ વાચકોનું લક્ષ ખેંચીએ છીએ—કેશવપ્રસાદ

વીર અને વીરપૂજા.

લેખક –રા મણિશંકર દલપતરામ જોશી બી. એ

[અનુસંધાન અંક બીજો પૃ૯૭૧ થી]

૧. પેગંબર વીર.

ભરતખંડમા પેગંબર વીરો પોતા ।। ઉજ્જવલ ચારિત્રોથી હમેશ ઝળહળે છે - સઘળી જાતના ધર્મનેતાઓ પ્રજાના ભવિષ્ય ભાખનાર છે શ્રીકૃષ્ણ, બુદ્ધ, શંકર, રામાનુજ, નાનક વિગેરે ધર્મધુરધરોએ તથા તત્વજ્ઞોએ ભરતખંડનુ ભવિષ્ય ભાખ્યુ છે સઘળા મતમતાંતરોના પ્રવર્તકો, સુધારકો તથા પ્રજાજનના ધાર્મિક અગ્રેસરો ભવિષ્ય જોનાર હોય છે આવા જ કારણોને લીધે તેઓ પેગંબર તરીકે પૂજાયા હતા

'દરેક મનુષ્યનુ ભાવિ તેના પોતાના હાથમા છે,' એવુ એક અનુભવસિદ્ધ સૂત્ર છે પરન્તુ અમુક પ્રજાજનનુ ભાવિ, વર્તમાન સમીપ ખડુ કરી યથાસ્થિત તદ્રુપ બનાવવુ એ જ પેગંબર વીરની ખુબી તથા મ્હોટાઇ। આવી જ તેમની સમાજસેવા કહી શકાય આપણી પ્રજા ત્યારે જ જાગ્રત કારકીર્દિ વાળી થશે કે જ્યારે આપણા વાહકો સત્ય સંપૂર્ણપણે જોશે ધર્મનો ઝુંડો ખરેખર સત્યનો ઝુંડો છે મુસલમાન પેગંબર વીર મહમદે આરબ પ્રજાનુ ભવિષ્ય ભાખ્યું હતુ અને એને જ પરિણામે એણે પ્રજાને નવુ ચૈતન્ય આપ્યુ, અને મુસલમાનની એક મોટી પ્રજા બનાવી

૨ વીર–કવિ.

વાલ્મીકિ વ્યાસ ડૉ. સર રવિન્દ્રનાથ ટાગોર.

કવિ જમાનાના જમાનાનો (*Of age*) વીર છે મહાન પુરૂષો, વીર, ભવિષ્યવેત્તા અથવા કવિ તરીકે લેખાય છે કવિ એટલે ડાહ્યો પુરુષ (*Wise man*), આ નણ એના જુદા જુદા નામો છે તે જ કવિ વીર રસમય કવિતા ઉત્તમ પ્રકારે બનાવી શકે કે જે પોતે એક વીર હોય કવિ ચંદ બારોટનુ નામ અદ્યાપિ પર્યંત સુનેરી અક્ષરે ઇતિહાસપત્ર પર જવલંત કોતરાઇ રહેલુ છે તેનુ કારણ તેની કવિતાનો વીરધ્વનિ - કવિ ચંદની કવિતાની એક પંક્તિ સાંભળતા રજપૂત વીરનુ રક્ત ઉન્હું થઇ જઇ, રણરંગમા ક્રોધાગ્નિ–શત્રુદાવાગ્નિ પ્રગટાવતું । ધન્ય છે તે કવિ ચંદ બારોટને ! । વળી તે ઉપરાંત કવિ એક પ્રથમ પંક્તિનો વ્યવહાર કુશળ, મહાન વિચારક, કાનુન ઘડનાર અને મ્હોટા તત્વજ્ઞાની હોવો જોઇએ. શુ આ સઘળુ આદ્ય કવિ વાલ્મિકી તથા મહાભારત પ્રણેતા વેદવ્યાસમા દગ્ગોચર નથી થતુ ? નાટ્યકવિ શેક્સપીઅર, સંસ્કૃતસાહિત્યવિહારી કવિ કાલિદાસ આદિઓની પુણ્ય પ્રસાદિઓ કટોકટીએ દરેકને આ સત્ય દઢીભૂત કરી આપે છે ? મોટા પુરૂષોના શબ્દમા જ તેઓની મ્હોટાઇ

ફ્રિકનો ઇતિહાસ રૂ. ૧–૮–૦ એન એમ ત્રીપાઠી એન્ડ કંપની, મુંબાઇ

જણાય આવે છે. મેગેનીઅનના શબ્દો 'એરિસ્ટોટલ'ની આગ જેવા હતા. વળી કવિઓ પરાગ મનુષ્યો કુદરતના નિયમો વાચશે અને જનસમાજને ઉપયોગી ધોરણો ઘડશે. કવિની કલ્પના ગરિમા આ બાબતરિનું ભાન ભુલી જવાય છે. અને કંઈ અવનવો જ આનંદ અનુભવાય છે. કુદરતનો અવનવો ખેલ કવિ પ્રગટ કરે છે અને મનુષ્યહૃદયને આંજે છે. દરેક મનુષ્યમાં કવિત્વ થોડું ઘણું હોય છે અને તેથી લઈને જ જ્યારે કોઈ સુંદર કાવ્ય વાંચવામાં આવે છે ત્યારે તે કાવ્યનો ભાવ-રસ વધતા ઓછા પ્રમાણમાં દરેક મનુષ્યના તે રંગના પ્રમાણમાં અસર કરે છે. મહાભારતની શકુંતલા ઉપાખ્યાનની વાત ઘણા માણસો પોતાના કવિત્વાનુભવના પ્રમાણથી વર્ણવી શકે ખરા પરંતુ વિશ્વપ્રશસનીય શાકુંતલ નાટક તો કાલિદાસ જ લખી શકે, માટે જ વિશ્વવંદનીય કાલિદાસ, શેક્સપીઅર, હોમર, વ્યાસ, વાલ્મીકિ, ભર્તૃહરી તથા રવિન્દ્રનાથ ટાગોર જેવા કવિઓનો અક્ષય વારસો હમેશ જીવતો રહેશે. કવિ જ્યારે અમૂર્તતા સાથે અપરિમિત (Infinite) સત્યો કહે છે ત્યારે તે કવિવર થઈ શકે છે. કવિતા તે જ કે જેમાંથી અમીરસ ઝરે. કવિતાનું ગાન જ્યારે હૃદયપટપર સચોટ છાપ પાડી શકે ત્યારે તે ખરી કવિતા કહી શકાય. ગ્રીક લોકોએ તેમ જ પ્રાચીન વેદસપ્રણેતાઓએ કુદરતમાં તન્મય ગાન અહોનિશ થતું અનુભવ્યું હતું. કવિતા માટે જ ગેટે વિચાર છે. કવિમાં જ્યારે નિખાલસપણું, કલ્પનાશક્તિ વિગેરે પરિણામે હોય ત્યારે જ તે ખરું સત્ય મોહક ભાષામાં કહી શકે છે. 'દાંતે' કવિવર તે આવા છે. કારણ કે તે આપણે માટે અગમ્ય અચિંત્ય કવિતા રચે છે. એની કવિતા આટલી બધી ભવ્ય અને મનનીય છે કારણ કે એના જીવનચરિત્રની છાપ એની કવિતામાં તરી આવે છે. જ્યારે એના ઉપર દુઃખના વાદળો એક પછી એક આવી કનડવા માંડ્યું અને જ્યારે એ ઘરવિનાનો થઈ ગયો ત્યારે તેણે ભયાનક બીજી દુનીઆમાં વસવાટ કરવાનું શરૂ કર્યું. એવા વિકટ સમયમાં એનું મન અકલિત અગમ્ય ગાનમાં લીન થયું અને તેણે 'ડીવાઈન કોમેડી'નું પુસ્તક લખ્યું. આ પુસ્તક જ તેનું આશ્વાસન હતું અને આ બાબતમાં ફ્લોરેન્સના લોકો અગર કોઈપણ તેની આડ આવી શક્યું નહિ. કવિ પોતે કહેવા લાગ્યો કે 'તું પોતે (ભવિષ્યના) તારા પાછળ જા, તને પોતાને વિજયી બંદરનો કિનારો હાથ લાગશે જ.' તેનું પુસ્તક લખવાનું કષ્ટ અનહદ હતું. તે પોતે જ કહેતો કે આ પુસ્તકે મને ઘણા વર્ષો સુધી પાતળો બનાવી દીધો છે. હાલ તેનું શરીર 'રેવેના' શહેરમાં વિશ્રાંતિ લે છે. કવિઓનો જન્મ ઘણું કરીને આવો હોય છે. જો કે તેની જીવનકથા ઉકેલવામાં સાર નથી. દાંતેનું કાવ્ય આખા યુરોપનો અનુભવ ખડો કરે છે. માટે જ દાંતે આકાશમાંના તારાની માફક ઝગઝગે છે.

દાંતેએ જ્યારે ધર્મ અને ઈશ્વર શું છે તે શીખવ્યું છે, શેક્સપીઅરે વહીવટ અને શરીર શું છે તે પાઠ શીખવ્યું છે, કાલિદાસે જ્યારે કવિત્વમય કૃતિથી મોહીત કરી નાખ્યા છે ત્યારે ચાલુ જમાનામાં ભારતવર્ષના અગ્રગણ્ય કવિવીર ડૉ. સર રવિન્દ્રનાથ ટાગોર અનુભવસિદ્ધ જ્ઞાનથી આત્માને ઉન્નતિની દિશાએ શી રીતે પહોંચાડી શકાય તે શીખવે છે, અર્થાત્ ગરીબ દશામાં

સપનાયને ૭વ ઉન્નતિના એના વિચારો ધરાવી શકે અને પોતાના આત્માને ઉન્નતિની પરાકાષ્ઠાએ શી રીતે પહોચાડી શકે તે શીખવે છે

જો કોઈ મનુષ્ય કહી શકે કે 'અજ્ઞાન થાય અને અધાધુંધીમાથી આખા વિશ્વમા શાન્તિ પ્રગટે' અને આમ થાય તો તેના આત્મામાં શી સત્યાનિ પ્રગટેલી હોવી જોઇએ પરતુ એ કઈ કહેવા વાત નથી

માટે જ કવિ એટલે દિવ્યદૃષ્ટિવાળો પુરુષ આ કવિની પ્રના તે ઇશ્વરદત્ત બક્ષીસ છે નમા બનતા નજીવા ભાસતા બનાવોમા તેની દિવ્ય ચક્ષુ ઇશ્વરી કાયદો નિહાળી શકે છે આજ સદુપદેશસુધા શ્રીકૃષ્ણ ભગવદ્ગીતામા અર્પે છે —'

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥

૩. સાહિત્યવીર

પ્રેમાનન્દ, નર્મદ, નવલરામ અને ગોવર્ધનરામ.

સાહિત્યવીર એક પ્રોત્સાહક વીર છે અને તેથી જ એ સઘળાનો આત્મા લેખાય છે તે જે શિખવને તે દુનીઆ માનશે દાખલા તરીકે ફ્રાન્સમા રાજ્યપરિવર્તન (*Revolution*) સમયે રુસો અને વૉલ્ટેરે જે પાઠ પાઠવેલા તે તે સમયની પ્રજાએ સ્વીકારેલો એટલુંજ નહિ પણ તેઓ પૂજ્ય વ્યક્તિઓ થઈ પડ્યા હતા જ્યારે કુદરતી પ્રેરણા થાય છે ત્યારે જ અમૃતમય શબ્દો બ્હાર આવે છે આ પ્રેરણા તે જ નિખાલસપણું અને જે, સઘળી ચીજોના ગર્ભમાં રહેલું સત્ય ઇશ્વરી નિત્ય ચેતન જોઈ શકે છે તે જ વીર છે બ્હારના બનાવો ગમે તેટલા ક્ષુદ્રક હોય પરતુ તેમા વીર કુદરતી ચમત્કૃતિ નિહાળે છે ટુકમા તેનુ જીવન કુદરત હૃદયનુ છે એમ કહીએ તો ખોટુ નથી

જર્મન તત્ત્વજ્ઞ સાહિત્યજ્ઞના પ્રકૃતિપર વિવેચન કરતા જણાવે છે કે સઘળા બનાવોમાં એક ઇશ્વરી વિચાર ગર્ભસ્થ રહેલો છે પછી ભલે સાધારણ જનસમાજને આ કળવુ મુશ્કેલ હોય પરતુ સાહિત્યજ્ઞ તો આ સત્ય તત્વ જોઇ શકે છે એટલુ જ નહિ પરતુ તે મનોહર ભાવ દ્વારા બતાવી શકે છે વેદોના દ્રષ્ટાઓ શુ આ સત્યને પુરતી નથી આપી શકતા ? મહમદે પોતાની ભાષામાં પણ આ જ કહ્યુ હતુ એોડીને પણ આજ નિહાળ્યુ હતુ અને તેથી ફીક્ટ (*Fichte*) સાહિત્યવીરને એક દ્રષ્ટા ધર્મજ્ઞ કહેછે સાહિત્યવીરો જમાનાના શિક્ષકો છે જે ઇશ્વરી વિચારને અનુમોદન આપતા નથી અને ફક્ત ભભકામા તથા ખોટા ડોળ દમામમા રહી ઉપદેશ કરે છે તે ખરે મિથ્યાચારી છે ।

સાહિત્ય કુદરતનો છુપા ભેદ પ્રકટ કરે છે (*Literature is an Apocalypse of Nature–a revealing of the open secret*).

હવે આપણે ગુર્જર સાહિત્યવીરોપર દ્રષ્ટિ ફેરવીશુ નવલરામભાઈનુ સાદુ પણ ઉન્નત જીવન, નર્મદનાં પ્રેમ અને શૌર્ય, ભોળાનાથ જેવાની ઉદ્ગારો, ગોવર્ધનરામના અગાધ જ્ઞાન સાથે જીંદગીના ખરા આર્યપર વહન અને એમની મહાન મેધા, પ્રેમાનંદની સાહિત્યઉદ્ધાર માટે લીધેલી ભીષ્મપ્રતિજ્ઞા આ સર્વ જોતા સાહિત્ય વીરો ખરે વીરો જ છે એમ કહ્યાવિના ચાલશે જ નહિ તેઓએ ઘણુ વેઠ્યુ છે, સહ્યુ છે પણ તેઓએ પોતાના આત્મનિશ્ચયો સાચા પાડવામા પાછી પાની બતાવી નથી એ તેમનુ સાહસ, મોટાઈ અને માહાત્મ્ય સાહિત્યપોષક વીરો સ્વદેશસેવા કેવા પ્રકારે તથા કેટલી બજાવી શકે તે તેની વિદ્વત્તા દેશોદ્ધારની લાગણી તથા તેમના સતત પ્રયાસ જણાવી શકશે જ્યારે તેમના શબ્દેશબ્દમા જીવન આવશે ત્યારે તે શબ્દો નવુ જીવનચૈતન્ય રેડશે કવિ બાયરોનની પંક્તિના દરેક શબ્દમા જુસ્સો ભર્યું હતુ અને તેથી જ તેના પ્રત્યેક શબ્દો અમૃત સાથે નવો જુસ્સો પ્રગટ કરતા હતા કવિ નર્મદના શબ્દે શબ્દમા ગુજરાતના ભાવિ પ્રગતિમા ઉદ્ગારો રહ્યા છે અને એમનો દેશોદ્ધારનો જુસ્સો વાચકને એટલો બધો ઉત્સાહી બનાવે છે કે વાચક પણ કવિની સાથે પ્રેમ અને શૌર્યમા મસ્ગુલ થઈ જાય છે આવા કારણોને લીધે જ કહેવાય છે કે સાહિત્યરસિકોને શા ત્યકા ભારીઓ મનાવવા હશે

ગુજરાતના સાહિત્યપોષકોમા પ્રેમાનંદ, નર્મદ, નવલરામ અને ગોવર્ધન આમના નામો આપે છે પ્રેમાનંદ સાહિત્ય ઉદ્ધરનાર હતા સાહિત્ય જીતે નહિ ત્યા સુધી પાઘડી ન પહેરવાની પ્રતિજ્ઞા કોને તાજુબ ન કરે ? નર્મદ અને નવલરામનો જમાનો તેમને માટે પ્રતિકૂળ હતો તથાપિ તેમના જીવનચરિત્રો, ઉચ્ચ ભાવનાઓ અને સ્વદેશવાત્સલ્યતાથી જમાનો રંગાયો હતો જુઓ—

'તે અણહીલવાડના રંગ
તે સિદ્ધરાજ જયસીંગ

તે રંગ થકી પણ અધિક સરસ રંગ, થશે સત્વરે માત જય જય ગરવિ ગુજરાત'

—કવિ નર્મદ

ઉપરની પંક્તિમા કવિ ભૂતકાળની ગુજરાતની સ્થિતિ સંભાળી, ભવિષ્યની કેવી ઉંચી આશા બાંધે છે !

ગોવર્ધનરામનો જમાનો અનુકૂળ તો ખરો પરતુ એમની અડચણો ઘણી પડી હતી પરતુ એમણે, એ ગણકાર્યા, ગુજરાત પુનર્જાગૃત કર્યું, સાહિત્યવાડી ખીલવી અને પોતે સાહિત્યવિહારી વિરાગી થઈ સ્વચ્છંદે વિહર્યા એટલુ જ નહિ પણ એમણે પોતાના લોકપ્રિય 'સરસ્વતીચંદ્ર'નાં ૪ થા ભાગમા પ્રકરણો ૩૫ અને ૩૯ 'કુરુક્ષેત્રના ચિરંજીવો અને ભારતવર્ષનુ ભવિષ્ય અને દેશપ્રીતિનુ મનોરાજ્ય' દ્વારા પોતાના ઉદ્ગારો, ઉન્નતિના પગથીઆઓ એવી તો સ્પષ્ટ રીતમાં અને સહેલાઈથી દર્શાવ્યા છે કે ગુજરાત તે કબુલ કર્યાવિના ચાલશે જ નહિ કે ગોવર્ધનરામે કીર્તિ જીંદગીમાં ઘણુ કર્યું

સાક્ષરજીવન ર રૂ—— એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની છ

પ્રેમાનંદે ગુજરાતી સાહિત્યના બીજ રોપ્યા, નવલરામે 'લાગી પંચ' ક નર્મદે આનંદ અને ઉત્સાહ સાથે નવું ચેતન પ્રગટાવ્યું અને ગોવર્ધનરામે ગુજરાતી વૃક્ષને ફળરૂપ બનાવી મીઠાં ફળો ચખાડ્યાં આ ચારે વ્યક્તિઓ મહાન્ વ્યક્તિઓ ક જેને મોટા માણસો બનાવે છે તેને અસત્ય અને ખોટા ડોળ દમામપર ચલાવવુ નથી હોતી તેમને ખોટી મોટાઇ જુઓ—

- 'વ્યોમ દીપ નભ રવિ બિંદુ તો
- ધર દીવડા શા ખોટા'　　　　(રત્નમુદ્રા)

વળી તેમના ખુલ્લા નિખાલસ હૃદયોને કુદરત એક સ્વપ્નો ભંડાર ભાસે છે અને તેઓ ઈશ્વરી અંશ જૂએ છે મીરેબો, મહમદ અને નેપોલીઅનના જીવનચારિત્ર્યમાં સત્ય તરી આવશે તેઓના ઘડીઆળપર સત્યો કોતરી રાખવા માટે નહનો પણ અમલ કરતો

ગોવર્ધનરામને નવું જીવન આપનાર ગુજરાતી લાગણી પ્રેરક નાનાભાઈ હતા જનામા ગોવર્ધનરામે ગુજરાતી ભાષા અલંકારી, ગુજરાત ઉજાળ્યું એટલે ગોવર્ધનરામની વીર-પૂજા યોગ્ય કરી

નોંધ.

ત્યારે જ અ
નેપ્પ—ગ — ક્લાસ હીગ જે, સઘળી ચીજોના
ત્ન જોઈ શકે છે તે જ વીર છે કહેલ
૫ પરંતુ તેમાં વીર કુદરતી ચમત્કૃતિ નિહાળે તે
ીએ તો ખોટ નથી

મહાન કવિ હોમરનું ઈલિયડ.

લેખક—રા. સાકરલાલ અમૃતલાલ દવે, બી. એ.

(ગયા અંકથી ચાલુ)

તે બોલી રહી ત્યારે વૃદ્ધ પ્રાયમ ઍગેમેમ્નન પ્રત્યે આશ્ચર્યથી જોતો બોલ્યો ' અહા, ભાગ્યશાળી સુખી ઍટ્રાઇડીઝ, તારા પર પ્રભુની કૃપા છે, હવે હું સમજ્યો કે ઘણા ઘણા ઍકાઇઅનોને તું રાજા છે પૂર્વે દ્રાક્ષભૂમિ ફ્રિજિયામાં ગયો હતો, ત્યારે મ્હેં જોયું હતું કે સંગેરિયસ નદી કાંઠે ભાવભરી ફરી પડેલી ઑટ્રુયસ તથા તેજસ્વી મિગ્ડોનની સેનાઓ ચપળ અશ્વોવાળા ફ્રિજિયન લોકોથી ભરપૂર હતી કેમકે હું પણ તેમના પક્ષનો હોઇ, પુરુષો સાથે સ્પર્ધામાં ઉતરનારી ઍમેઝૉન સ્ત્રીઓ આવી હતી તે દિવસે, તેમની સાથે હતો છતાં તે લોકો પણ આ ચપળનેત્ર ઍકાઇઅનો જેટલા ન હતા "

પછી તે વૃદ્ધ રાજાએ ઓડિસ્યુસને દીઠો, અને પૂછ્યું ' વત્સ, ચાલ હવે જોઇએ ઍટ્રીયસ–સુત ઍગેમેમ્નન કરતાં મુંડ નીચો, પણ ખભે ને છાતીએથી વિશાળ આ કોણ છે તે કહે એનું બખ્તર વસુધા પર પડ્યું છે, અને એ પોતે ઘેટાના મ્હોટા ધણની પેઠે યોદ્ધાઓને હારબંધ ગોઠવે છે ખરેખર, ઘોળી ઘેટીઓના મ્હોટા ટોળાને વ્યવસ્થિત કરનાર પુષ્કળ ઉનવાળા ઘેટા જેવો જ એ મ્હને લાગે છે "

એટલે ઝ્યુસ–સુતા હેલને ઉત્તર દીધો " એ તો લેઅર્ટીઝનો પુત્ર ચતુર ઓડિસ્યુસ છે ઈથાકાની વિષમ ભૂમિમાં એ ઉછર્યો છે અને સર્વ પ્રકારની યુક્તિપ્રયુક્તિમાં પ્રવીણ છે "

ત્યારે જ્ઞાની ઍન્ટીનરે તેને કહ્યું ' સુંદરી, તું કહે છે તે ખરૂં છે, કેમ કે એરીઝને વ્હાલો મેનેલઅસની સાથે મુખ્ય ઓડિસ્યુસ પણ તારે માટે પ્રાર્થના કરવાને પહેલાં અહીં આવ્યો હતો તે વખતે મ્હેં મ્હારે ઘેર તેમનો સત્કાર કર્યો હતો, અને બન્નેના વિચાર તથા ડહાપણભરી યુક્તિઓ જાણી લીધી હતી પછી તેઓ ટ્રોજનોની સભામાં ભળી ગયા, અને બધા ઉભા હતા ત્યારે વિશાળ ખભાને લીધે મેનેલઅસ સૌથી સુંદર દેખાતો હતો, પણ બન્ને વીર નીચે બેઠા ત્યારે ઓડિસ્યુસ વધારે ભવ્ય દેખાયો. અને જ્યારે સૌની સમુખ તેઓ શબ્દજાળ ને સંવાદ આપવા લાગ્યા, ત્યારે મેનેલઅસે સંક્ષેપમાં પણ સ્પષ્ટતાથી, અચકાયા વગર ભાષણ કર્યું, કેમ કે તે વયમાં ન્હાનો હતો, તો પણ તે લાંબુ આંબુ ભાષણ કરતો નહિ, અને તેના વિચારો પણ અવ્યવસ્થિત હોતા પરંતુ કળાનિધિ ઓડિસ્યુસ ભાષણ કરવા ઉઠતો, ત્યારે થોડી વાર ઉભા રહી નીચું જોયા કરતો, નજર ભોંય પર જ રાખતો, દંડ આમતેમ હલાવ્યા વગર સજ્જડ પકડી રાખતો, અને કોઇ બુદ્ધિ વગરના જડ પુરુષ જેવો દેખાતો, તે વારે કોઇ તો એને ગમાર ધારે અને મૂર્ખ જ સમજે પણ જ્યારે તે છાતીમાંથી જોર કરી તેનો પ્રૌઢ સાદ કહાડતો, અને શિયાળાના હિમના ચોસલાં જેવા શબ્દો ઉચ્ચારતો, ત્યારે કોઇ મર્ત્ય

માનવીની મગદૂર ન હતી કે ગોડિસ્યુસની સાથે વાદમા ઉતરી શકે, ત્યારે તેની વિચિત્ર સ્થિતિથી ઉપજતુ આશ્ચર્ય અમારા મનમાથી જતુ નહોતુ

વળી વૃદ્ધ પ્રાયમે આઇઍસને દીઠો ત્યારે ત્રીજી વાર પૂછ્યુ " સારૂં, મ્હોટુ, માંસલ અને વિશાળ ખભાને લીધે આર્ગાઇવ લોકોમા સર્વોત્કૃષ્ટ ગણાતો આ સુરૂપ, મહાન બીજો ઍકાઇઅન યોદ્ધો કોણ છે ?"

એટલે લાંબા ઝભ્ભાવાળી હેલને ઉત્તર વાળ્યો " આ તો સર્વ ઍકાઇઅનોનો રક્ષક પ્રચંડ આઇઅસ છે અને પેલી બાજુએ ક્રીટના યોદ્ધાની વચ્ચે દેવ સમાન ઉભો છે તે આઇડૉમિનુસ છે, અને તેની આસપાસ એકઠા થયા છે તે ક્રીટનોના સરદાર છે એ જ્યારે જ્યારે ક્રીટથી આવતો, ત્યારે ત્યારે એરીઝને વ્હાલો મેનેલેઅસ તેને અમારા ઘરમા આવકાર દેતો અને હવે હુ બીજા બધા તીક્ષ્ણદૃષ્ટિ ઍકાઇઅનોને નીરખી શકુ છુ કે તેમને ઓળખી શકુ છુ, અને તેમના નામ પણ ગણાવી શકુ, પણ સેનાના બે સરદારો મ્હારી દૃષ્ટિએ પડતા નથી,–મ્હારા પોતાના સગાભાઈ, અશ્વવિનોદી કૅસ્ટર તથા મુષ્ટિયુદ્ધમા નિપુણ પૉલિડ્યુસીઝ હોતો. રમણીય લૅકિડીમનથી તેઓ આ લોકોમા આવ્યા નહિ હોય, અથવા તો તેમના સમુદ્રગામી વહાણમા બેસી અહી આવ્યા હશે, પરન્તુ હેલન આપણો તિરસ્કાર કરશે ને અપમાન કરશે એવા ભયથી આ વીર યુદ્ધમા ઉતરવાના નથી હોય "

તે આમ ધારતી હતી, પણ તેઓ તો તેમની પ્રિય જન્મભૂમિ લૅકિડીમનમા સ્હાલની પૃથ્વીના ખોળે નિરાંતે સૂતા હતા

ત્યાર બાદ, દેવોના સોગંદો પવિત્ર બલિદાન તરીકે બે ઘેટા અને વસુંધરામાથી મળેલો માણસને આનંદ આપનાર દ્રાક્ષરસ બકરાની મશકમા લેઈ નગરમા થઈને આવતા હતા. કૃત ઇડાઇઅસના હાથમા ચળકતુ મ્હોટુ પાત્ર અને સોનેરી પ્યાલા હતા, તે વૃદ્ધ પ્રાયમ પાસે આવ્યો, અને તેને ઉદ્દેશીને બોલ્યો " હે લેઑમિડનના પુત્ર, ચાલો, ઉઠો અશ્વવિનોદી ટ્રોજનોના તથા તામ્રબખ્તરધારી ઍકાઇઅનોના સરદારો તમને નીચે મેદાનમા બોલાવે છે, કેમ કે તમારે વિશ્વાસજનક સોગન લેવાના છે ઍલેક્ઝાન્ડર તથા એરીઝને વ્હાલો મેનેલેઅસ તેમના લાંબા ભાલા વડે તે સુન્દરી માટે લડશે, અને વિજેતા સુન્દરી તથા તેનો ખજાનો લઈ જશે અને આપણે બાકીનાએ મિત્રભાવ રાખવાનો છે, અને વધેરેલા ઘેટા માટે વિશ્વાસજનક શપથ લેવાના છે, અને ફળદ્રુપ ટ્રૉયની ભૂમિમા રહેવાનુ છે, તેમ જ તેઓ તથા ઘોડાના ચરનારા આર્ગોસમા તથા સુન્દરીઓના સ્થાન ઍકાઇઆમા જઈ વસશે "

તેના બોલ સુણી વૃદ્ધ કંપ્યો અને તેણે પોતાના સાથીઓને ઘોડા જોડવાનુ કહ્યુ તેમણે સત્વર તેમ કર્યું પ્રાયમ બેઠો અને તેણે લગામ ખેંચી, એટલે તેની પાસે સુંદર રથમાં ઍન્ટીનર બેઠો ગયો આ પ્રમાણે બન્ને જણે સ્કાઇઅન દરવાજામા થઈને મેદાન ઉપર તે શીઘ્રગામી ઘોડા દોડાવી મૂક્યા અને ટ્રોજનો તથા ઍકાઇઅનોની પાસે તેઓ આવી પહોંચ્યા ત્યારે તેઓ રથમાથી વસુધા ઉપર ઉતરી પડ્યા અને બન્ને સેનાઓની વચ્ચે ચાલવા લાગ્યા,

એટલે તરત જ નરપતિ ઍગૅમેમ્નન તથા જ્ઞાનનિધિ ઑડિસ્યુસ ઊભા થયા, અને રાજદૂતોએ કાથ સહિત દેવોને અર્પવાના પવિત્ર બલિદાન એકઠાં કર્યાં, દારૂ મ્હોટા પ્યાલામાં કહાડ્યો, અને રાજાઓના હાથ પાણી વડે ધોવરાવ્યા. પછી ઍટ્રાઈડીએ હાથ લાંબો કરી પોતાની તરવારના મ્હોટા મ્યાન પાસે સદા લટકતી કટાર કહાડી, અને ઘેટાના માથા પરના વાળ સાફ કરી નાખ્યા અને દૂતોએ તે ટ્રોજનો ને ઍકાઇઅનોના સરદારોમાં વ્હેંચી આપ્યા. પછી બધાની સમક્ષ ઍટ્રયૂસ-સુને હાથ ઊંચા કરી મ્હોટે સાદે પ્રાર્થના કરી "હે ઇડાગામી ઝ્યૂસપિતા મહા યશસ્વી મહાપ્રતાપી દેવ! હે સર્વદ્રષ્ટા સર્વશ્રોતા સૂર્યભગવાન! હે સર્વ સરિતાઓ! હે ભગવતી પૃથ્વી! અને અસત્ય શપથ લેનાર જનને મરણ પછી સતાપનાર હે પાતાળવાસી દેવતાઓ! તમે સર્વ સાક્ષી રહો અને આ સત્યનિષ્ઠ શપથ પર દ્રષ્ટિ કરો. જો ઍલેક્ઝાન્ડ્રૂસ મેનેલેઅસને મારી નાખે, તો તે પોતે હેલન તથા તેના સર્વ દ્રવ્યનો કબજો લે, અને અમે અમારાં સમુદ્રગામી વહાણમાં બેસી ચાલ્યા જઈએ. પણ જો સુવર્ણકેશ મેનેલેઅસ ઍલેક્ઝાન્ડ્રૂસને મારી નાખે, તો ટ્રોજનોએ હેલન તથા તેનું સર્વ દ્રવ્ય પાછું સોંપી દેવું અને ભવિષ્યની પ્રજા સભારે એવો યોગ્ય બદલો આર્ગાઇવ લોકને આપવો. પરન્તુ ઍલેક્ઝાન્ડ્રૂસ યુદ્ધમાં પડે ત્યારે પ્રાયમ અને પ્રાયમના પુત્રો મ્હને બદલો આપે નહિ, તો હું પાપનું વેર લેવાને લાગ પછી લડાઈ ચલાવ્યા કરીશ, અને યુદ્ધનો અન્ત આવે ત્યાંસુધી અહીં રહીશ."

આમ બોલી તેણે પોતાની ક્રૂર કટાર વડે ઘેટાના ગળા કાપી નાખ્યા. તેઓ ભોંયપર તરફડતા પડ્યા અને તેમનો પ્રાણ નીકળી ગયો, કેમકે પેલી કટારે તેમનું બળ હરી લીધું હતું. અને પછી તેમણે મ્હોટા પ્યાલામાંથી ચષકોમાં દારૂ રેડ્યો, અને ભોંયપર રેડી અમર દેવોની એ પ્રાર્થના કરવા લાગ્યા. અને ઘણા ઍકાઇઅનો તથા ટ્રોજનો આમ કહેવા લાગ્યા 'હે મહાયશસ્વી મહાપ્રતાપી ઝ્યૂસદેવ, અને હે સર્વ અમર દેવતાઓ, જે લોક આ શપથ તોડી પહેલું પાપ આચરે, તેમની બુદ્ધિ આ ભોંયપર રેડેલા દારૂની પેઠે નાશ પામો, તેમની તથા તેમના છોકરાની બુદ્ધિ વિનાશ પામો, અને તેમની પત્નીઓ વિદેશીઓની ઘેર દાસી થઈ રહો.'

તેઓએ પ્રાર્થના કરી, પણ ક્રોનસ-સુતે તેની સિદ્ધિની કૃપા કરી નહિ. પછી ડાર્ડનસના વંશજ પ્રાયમે કહ્યું "હે ટ્રોજનો તથા સુકવચધારી ઍકાઇઅનો, મ્હારૂં કહેવું સાંભળો. હું તો મ્હારા વાયુમય ઇલિઅસમાં પાછો જાઉં છું, કારણ કે મ્હારા પ્રિય પુત્રને એરીઝને વ્હાલા મેનેલેઅસની સાથે લડતાં હું મ્હારી આંખે જોઈ શકીશ નહિ. ઝ્યૂસદેવ જાણે છે, અને સર્વ અમર દેવતાઓ જાણે છે, કે એ બેમાંથી કોનું મૃત્યુ નિર્મિત થયું છે."

આમ કહી તે પવિત્ર વૃદ્ધ રાજાએ ઘેટા પોતાના રથમાં મૂક્યા, પોતે રથમાં બેઠો, અને લગામ ખેંચી, અને તેની પાસે તે સુન્દર રથમાં ઍન્ટીનર બેસી ગયો. આ પ્રમાણે તે બન્ને ઇલિઅસ પાછા ફર્યા. અને પ્રાયમ-પુત્ર હેક્ટર તથા દિવ્ય ઑડિસ્યુસે મળી પ્રથમ એક જગા માપી કહાડી. અને પછી એક કાંસાની કિનારવાળા ટોપમાં ચિઠ્ઠીઓ નાખી ખુબ હલાવી

માનવીની મગદૂર ન હતી કે ઓડિસ્યુસની સાથે વાદમાં ઉતરી શકે, ત્યારે તેની વિચિત્ર સ્થિતિથી ઉપજતુ આશ્ચર્ય અમારા મનમાથી જતું રહેતુ

વળી વૃદ્ધ પ્રાયમે આઇઍક્સને દીઠો ત્યારે ત્રીજી વાર પૂછ્યુ "નાઇ, મ્હોટુ માથુ તથા વિશાળ ખભાને ધારણ કરનાર આર્ગોસના યોદ્ધાઓમા સર્વોત્કૃષ્ટ દેખાતો આ સુરૂપ મહા બીજો ઍકાઇઅન યોદ્ધો કોણ છે?"

એટલે લાંબા દીર્ઘ વસ્ત્રવાળી હેલને ઉત્તર વાળ્યો "આ તો સર્વ ઍકાઇઅનોનો કિલ્લો પ્રચંડ આઇઍક્સ છે અને પેલી બાજુએ ક્રીટન લોકોની વચ્ચે દેવ સમાન ઉભો છે તે ઈડોમિન્યુસ છે, અને તેની આસપાસ એકઠા થયા છે તે ક્રીટના સરદાર છે એ જ્યારે જ્યારે ક્રીટથી આવતો, ત્યારે ત્યારે એરીઝને વ્હાલો મેનેલેઅસ તેને અમારા ઘરમા આવકાર દેતો અને હવે બીજા બધા તીક્ષ્ણદૃષ્ટિ ઍકાઇઅનોને નીરખી શકુ છુ ને તેમને ઓળખી શકુ છુ, અને તેમના નામ પણ ગણાવી શકુ, પણ સેનાના બે સરદારો મ્હારી દૃષ્ટિએ પડતા નથી,— મ્હારા પોતાના બંધુઓ, અશ્વવિજેતા કૅસ્ટર તથા મુષ્ટિયુદ્ધમા નિપુણ પૉલિડ્યુસીસ—કદાચ રમણીય લૅકિડીમનથી તેઓ આ સેનામા આવ્યા નહિ હોય, અથવા તો તેમના સમુદ્રગામી વહાણોમા એઓ અહીં આવ્યા હશે, પરન્તુ હેલન આપણો તિરસ્કાર કરશે ને અપવાદ બોલશે એવા ભયથી આ વીર યુદ્ધમા ઉતરવાના નહી હોય"

તે આમ ધારતી હતી, પણ તેઓ તો તેમની પ્રિય જન્મભૂમિ લૅકિડીમનમાં ભૂમિતલની ગોદ વિશે ક્યારનાએ નિરાંતે સૂતા હતા

દરમિયાન, તેના બે દૂતો પવિત્ર બલિદાન તરીકે બે ઘેટા અને વનસ્પતિમાંથી બનાવેલો માદક દારૂ અજચર્મની ઝોળીમાં લેઈ નગરમા થઈને આવતા હતા દૂત ઇડાઇઅસના હાથમા ચળકતુ મ્હોટુ પાત્ર અને સોનેરી ચષાણ હતા તે વૃદ્ધ પ્રાયમ પાસે આવ્યો, અને તેને સંબોધીને બોલ્યો "હે લેઓમિડનના પુત્ર, ચાલો, ઉઠો અશ્વવિજેતા ટ્રોજનોના તથા કવચધારી ઍકાઇઅનોના સરદારો તમને નીચે મેદાનમાં બોલાવે છે, કેમ કે તમારે વિશ્વાસજનક સોગન લેવાના છે ઍલેક્ઝાન્ડ્રસ તથા એરીઝને વ્હાલો મેનેલેઅસ તેમના લાંબા ભાલા વડે તે સુન્દરીને સારૂ લડશે, અને જિતનારો સુન્દરી તથા તેનો ખજાનો લઇ જશે અને આપણે બાકીનાએ મિત્રભાવ રાખવાનો છે, સપ્ત ન તૂટે તેટના માટે વિશ્વાસજનક શપથ લેવાના છે અને અમે ત્યારબાદ ટ્રૉયની ભૂમિમા રહેવાનુ છે, તેમ જ તેઓ બધા ઘોડાના ચરોવાળા આર્ગસમાં તથા સુન્દરીનિવાસસ્થાન ઍકાઇઆમા જઈ વસશે"

તેના બોલ સાંભળી વૃદ્ધ પ્રાયમ કંપ્યો અને તેણે પોતાના સાથીઓને ઘોડા જોડવાનુ કહ્યું, તેમણે સત્વર તેમ કર્યું પ્રાયમ બેઠો અને તેણે લગામ ખેંચી, એટલે તેની પાસે તે સુન્દર રથમા ઍન્ટીનર બેસી ગયો આ પ્રમાણે બન્ને જણે સ્કાઇઅન દરવાજામા થઈને મેદાન ઉપર તે શીઘ્રગામી ઘોડા દોડાવી મૂક્યા અને ટ્રોજનો તથા ઍકાઇઅનો પાસે તેઓ આવી પહોંચ્યાં ત્યારે તેઓ રથમાંથી વસુધા ઉપર ઉતરી પડ્યા અને બન્ને સૈનાઓની વચ્ચે આવીને ઉભા

એટલે તરત જનપતિ ઍગેમેમ્નન તથા કનાનિધિ ઓડિસ્યુસ ઊભા થયા, અને રાજદૂતોએ શપથ સહિત દેવોને અર્પવાના પવિત્ર બલિ એકઠા કર્યા, દારૂ મોટા પ્યાલામાં કહાડ્યો, અને રાજાઓના હાથ પાણી વડે ધોવડાવ્યા પછી ઍટ્રાઇડીઝે હાથ નાખી ફરી પોતાની તલ-વારના મ્હોટા મ્યાન પાસે સદા લટકતી કટાર કહાડી, અને ઘેટાના માથા પરના વાળ સાફ કરી નાખ્યા અને દૂતોએ તે ટ્રોજનો ને ઍકાઇઅનોના સરદારોમાં વ્હેંચી આપ્યા પછી સમક્ષ ઍટ્રીઅસ-સુતે હાથ ઊંચા કરી મ્હોટે સાદે પ્રાર્થના કરી "હે ઇડાગિરિ ઝ્યૂસપિતા મહા યશસ્વી મહાપ્રતાપી દેવ! હે સર્વદ્રષ્ટા સર્વશ્રોતા સૂર્યભગવાન! હે નદ સરિતાઓ! હે ભગવતી અવનિ! અને અસત્ય શપથ લેનાર જનને મરણ પછી સતાપનાર હે પાતાળવાસી દેવતાઓ! તમે સર્વ સાક્ષી રહો અને આ સત્યનિષ્ઠ શપથ પર દૃષ્ટિ કરો જો ઍલેક્ઝાન્ડ્રસ મેનેલેઅસને મારી નાખે, તો ભલે પોતે હેલન તથા તેના સર્વ દ્રવ્યનો કબજો લે, અને અમો અમારાં સમુદ્રગામી વહાણોમાં બેસી ચાલ્યા જઈએ પણ જો સુવર્ણકેશ મેનેલેઅસ ઍલેક્ઝાન્ડ્રસને મારી નાખે તો ટ્રોજનોએ હેલન તથા તેનું સર્વ દ્રવ્ય પાછું સોંપી દેવું અને ભવિષ્યની પ્રજા સ્મરણમાં રાખે એવો યોગ્ય દંડ આર્ગીવ લોકોને આપવો. પરંતુ ઍલેક્ઝાન્ડ્રસ યુદ્ધમાં પડે, છતાં પ્રાયમ અને પ્રાયમના પુત્રો મ્હને દંડ આપે નહિ, તો એ પાપનું વેર લેવાને હું ત્યાર પછી પણ લડ્યા કરીશ, અને યુદ્ધનો અન્ત આવે ત્યાંસુધી અહીં રહીશ."

આમ બોલી તેણે પોતાની ક્રૂર કટાર વડે ઘેટાના ગળા કાપી નાખ્યા. તેઓ ભોંયપર તરફડતા રહ્યા અને તેમનો પ્રાણ નીકળી ગયો, કેમકે પેલી કટારે તેમનું બળ હરી લીધું હતું અને પછી તેમણે મ્હોટા પ્યાલામાંથી પ્યાલાઓમાં દારૂ રેડ્યો, અને ભોંયપર રેડી અમર દેવોની એ પ્રાર્થના કરવા લાગ્યા અને ઘણા ઍકાઇઅનો તથા ટ્રોજનો આમ કહેવા લાગ્યા 'હે મહાયશસ્વી મહાપ્રતાપી ઝ્યૂસદેવ, અને હે સર્વ અમર દેવતાઓ, જે લોકો આ શપથ તોડી પહેલું પાપ આચરે, તેમની બુદ્ધિ આ ભોંયપર રેડેલા દારૂની પેઠે નાશ પામો, તેમની તથા તેમના છોકરાંની બુદ્ધિ વિનાશ પામો, અને તેમની પત્નીઓ વિદેશીઓને ઘેર દાસી થઈ રહો.'

તેઓએ પ્રાર્થના કરી, પણ ક્રોનસ-સુતે તેની સિદ્ધિની કૃપા કરી નહિ. પછી સમર્થ ડાર્ડેનસના વંશજ પ્રાયમે કહ્યું "હે ટ્રોજનો તથા સુબખ્તરધારી ઍકાઇઅનો મ્હારૂં કહેવું સાંભળો હું તો મ્હારા વાયુમય ઇલિઅસમાં પાછો જાઉં છું, કારણ કે મ્હારા પ્રિય પુત્રને એરીઅસના વ્હાલા મેનેલેઅસની સાથે લડતા હું મ્હારી આંખે નિહાળી શકીશ નહિ, ઝ્યૂસ જાણે છે, અને સર્વ અમર દેવતાઓ જાણે છે, કે એ બેમાંથી કોનું મરણ નિર્માણ થયું છે."

આમ કહીને પવિત્ર દેવ સમાન પુરુષે ઘેટાં પોતાના રથમાં મૂક્યાં, પોતે રથમાં બેઠા, અને લગામ ખેંચી; અને તેની પાસે તે સુન્દર રથમાં ઍન્ટીનૉર બેઠો અને આ પ્રમાણે તે બન્ને ઇલિઅસ પાછા ગયા, અને પ્રાયમ-પુત્ર હેક્ટરે તથા દૈવી ઓડિસ્યુસે મળી પ્રથમ એક જગા માપી કહાડી, અને પછી એક કાંસાના ટોપમાં ચિઠ્ઠીઓ નાખી ખૂબ હલાવી

ત્યા મેદાન પણ સારૂ હતુ, અને એક ન્હાનુ તોકરૂ પાસે

આવ્યુ હતુ આ સ્થળ પસદ કરી પોતાના માણસોને મહારના નજીક તબુઆ ઠોકવા હુકમ કર્યો એ હુકમ સાભળતા જ કહ્યુ "પણ આ તો હિન્દુઓનુ દહેરૂ છે " કરીમબક્ષ ચીડાઇને બોલ્યો —"કના એ ! તુ શુ હિન્દુની ઔલાદનો છે કે તને હિન્દુના મદિરનુ આટલુ બધુ લાગે છે ? વાહ કેવુ સરસ દેવાલય છે ! ચાલો, જલ્દી તબુ ઠોકો ! ત્યા સુધી હુ મદિરમા જઈ હુક્કો ગગડાવતો વિશ્રાતિ લઉ છુ અહમદખાન ! જરા હુક્કો તો ભરી લાવ, તલપ લાગી છે— જલ્દી ! જલ્દી !"

આમ કહેતો એ દાઢીપર હાથ ફેરવતો ફેરવતે મદિર તરફ ગયો મદિરમા આ વખતે એક સ્ત્રી અને એક યુવાન પુરૂષ—ઝીણવટાદી ઉમ્મરનો પુરૂષ—આશ્રયશ લેતા હતા તેમણે આ ટોળીનો પગરવ સાભળ્યો—સાંભળતા તે સ્ત્રી અને તે પુરૂષ ધ્રુજતા ભીંતને ટેકી ઉભા—તેમના હોસ કોસ ઉડી ગયા બન્નેનુ કાળજુ ધડકતુ હતુ બન્નેની આખો જમીન તરફ ગઈ અહમદ એક ધાબળો અને હુક્કો લઇ મદિરમા ગયો તેની પૂઠે પૂઠે કરીમબક્ષ પણ અદર ગયો અહમદ અન્દર જતા વાર આ સ્ત્રીપુરૂષને જોઈ મ્હોટેથી હસીને બોલ્યો —"યા ખુદા, જી હજુર, આશકમાશુક !" કરીમબક્ષ જરા પાછળ હઠ્યો, અને "કોન ! જનાના !" એમ બોલતો પાછો વળ્યો અને બ્હાર એક વૃક્ષ નીચે ધાબળો નાખવાનુ કહ્યુ ધાબળો પાથરી હુક્કો ભરી, તકીયો મૂકી અહમદ બાજુએ ઉભો, કરીમબક્ષ બેઠો એકબે વખત ગુડગુડ કર્યા પછી અહમદને કહ્યુ —"અન્દરના માણસને કહે કે અહીં ખાનસાહેબની છાવણી પડવાની છે, માટે તમે અહીંથી બીજે ઠેકાણે જાઓ "

અહમદે બારણા પાસે આવી પેલા તરૂણ પુરૂષને મ્હોટેથી બુમ પાડી કરીમબક્ષનો સંદેશો કહ્યો તે સાભળતા તે બન્ને સ્ત્રીપુરૂષ છુટકારાનો દમ ખેચતાં બ્હાર પડવા તૈયાર થયા અહમદખાન તે સ્ત્રીનુ મુખ જોવાની લાલચથી બારણા આગળથી દૂર ખસ્યો નહી. છેક બારણામા ઉભો હતો ત્યાંથી જરા બાજુએ થયો પણ તેની નજર તે સ્ત્રી તરફ એકસરખી લાગેલી હતી તે સ્ત્રીએ ઘુમટો કાઢ્યો અને બ્હાર નીકળવા લાગી પણ અહમદખાન હજુ ખસ્યો નથી એમ જોતા તે પાછી હઠી અને ધીમેથી તે પુરૂષના કાનમા તેને બાજુએ ખસવાનુ કહેવા ગણગણી તે પુરૂષે ગોઠી અને અદબશીર વાણીથી અહમદની પાસે આવી તેને દૂર થવા કહ્યુ તે પુરૂષને જોતાને તેનો અવાજ કાને પડતા જ અહમદ જરા ચમક્યો—પણ તરત દૂર તો થયો, પરતુ તેનુ લક્ષ્ય—તેમ નજર હવે તે સ્ત્રીને મૂકી તે પુરૂષ તરફ લાગી—તે અત્યત ધ્યાનપૂર્વક તે પુરૂષને જોઇ રહ્યો જેમ જેમ એ તેને વધુ જોતો ગયો તેમ તેમ તેની શકા દૃઢ થતી ગઇ અહમદ જેમ જેમ તેની તરફ જોતો તેમ તેમ તે પુરૂષ તેની નજર ચુકવતો તે સ્ત્રીસાથે મદિર બ્હાર નીકળ્યો અને તેઓ ગામ તરફની વાટ છોડી બીજી વાટ તરફ ચાલવા લાગ્યો અહમદ તેમની તરફ ઝીણી દૃષ્ટે જોઇ રહ્યો હતો તે બન્ને થોડ લગી હજી ગયા નહી હોય ત્યાં તેણે

ધ્યો,

આપ,

અને કરીમબક્ષે હકારનું ડોકું ધુણાવતાં તે કહ્યું અને આ પુરૂષઓને પકડી પાડી કહ્યું — "અજી, જનાબે આલી, આપને હજુર બોલાવે છે" આ સાંભળી તે પુરૂષ ગુંચવાયો પણ તરત ઉત્તર આપ્યો — "મને બોલાવવાની શી મતલબ? હું આને છોડીને શી રીતે આવી શકું? આપની મરજી હશે તો આને પાસેના ગામમાં પહોંચાડી પાછો આવીશ."

અહમદે નમ્રપણે પાછું કહ્યું — "જનાબ, આપના જનાનાને મંદિરમાં જરાવાર બેસવા દો આપને બિલકુલ ખોટી થશે નહીં" હવે બીજો ઈલાજ હતો નહિ એટલે તે બન્ને જણ લાચારીએ પાછા ફર્યાં મંદીરમાં તે સ્ત્રીને બેસાડી અંદર અખંડ ધુપ સળગતી બત્તીને પ્રકાશ હતો બ્હાર કરીમબક્ષ પાસે બે મસાલચી મસાલ પ્રગટાવી ઉભા હતા અહમદ જોડે તે કરીમબક્ષ પાસે આવ્યો રિવાજ મુજબ બંદગી સલામ વગેરે થયા પછી કરીમબક્ષે "આઈએ બેઠીએ." કહ્યું તે મુંઝાયો. કરીમબક્ષ અને અહમદ તેની તરફ નીહાળી નીહાળીને નિશ્ચિતદૃષ્ટિથી જોતા હતા, તેની સ્થિતિ વિલક્ષણ થઇ કરીમબક્ષે "તમે કોણ ક્યાંથી આવ્યા, ક્યાં ચાલ્યા?" વગેરે પ્રશ્નો પુછ્યા પરંતુ તે પ્રશ્નના ઉત્તર આપતાં તે મુંઝાયો છતાંયે કાંઇક ઉત્તર આપ્યા તો ખરા કરીમબક્ષને આ ઉત્તર ખરા નથી, એમ તરત જ લાગ્યું અને વધારે પ્રશ્નો પુછવા લાગ્યો તે તરૂણે મુંઝાઇ તે ઉત્તર આપ્યા આ ઉત્તરોથી કરીમબક્ષ અને અહમદ વચ્ચે વચ્ચે એકમેક સામે જોઈ હસતા હતા તે તરૂણે હવે ઉઠવા જવાની ખાહેસ રાખી પણ "ખાનસાહેબ હમણાં આવશે, તેમને મળી ખરી હકીકત કહી પછી તેમની રજા લઇ જ જજો" એમ કરીમબક્ષે કહ્યું

'છિદ્રેષ્વનર્થા બહુલીભવન્તિ' આ કહેવતનો ચેલા તરૂણને આ વખતે અનુભવ થયો એક ખાનના સપાટામાંથી છુટતા હતા, ત્યાં અમારા બીજા તિરમારખાન આવે પછી જાઓ શું કરે, બિચારો! લાચાર! પોતાથી બને એટલી ખટપટ કરી પણ કરીમબક્ષે એક જ ઉત્તર આપ્યો લાચાર થઇને પાછો દહેરામાં ગયો અહમદખાન દહેરા બ્હાર આવી બેઠો ઘણા વખત સુધી તેની સ્ત્રી તે સ્ત્રીની ઘુસપુસ ચાલી એટલામાં તણુઓ ડોકાઇ રહ્યા અને પાછળ રહેલા માણસો પણ આવી પહોંચ્યા—જ્યાં ત્યાં મશાલો મશાલો થઈ રહી હતી એક સરખી ગડબડ ઉઠી રહી મશાલોનું અજવાળું ચારે જગ્યાને પ્રકાશિત કરી રહ્યું કરીમબક્ષ ઉઠ્યો, તેણે પોતાના ઉપરીને ત્રણ વખત મુજરો કર્યો ખાનસાહેબ ઘોડાપરથી ઉતર્યા અને પોતાના તણુમાં પોતાના માણસોની સલામો ઝીલતા ગયા.

આ ખાન જુવાન હતો તેનો પોશાક સાદો હતો એક હાથમાં રેશમી રૂમાલ અને બીજા હાથમાં વાંકી તલવાર હતી દેખાવે તે ખુબસુરત હતો તણુમાં જઇ ચારપાઇપર અર્ધું બેસતો અર્ધું આળોટતો પડ્યો હજુરીયાએ આવી બાજુપર એક હુક્કો મુક્યો હુક્કો પીવો ખાને શરૂ કર્યો રસ્તામાં પકડેલા માણસનું સ્મરણ થયું ને તેને તરત લઇ આવવા ફરમાવ્યું તરત બે સિપાઇ કેદી જુવાનીયાને લઈ હાજર થયા જુવાનીયો કુર્નિસાત કરી હાથ જોડી ઉભો ખાનસાહેબ કાંઈ પુછવા જાય છે ત્યાં કરીમબક્ષ અંદર આવ્યો અને થોડા વખત સુધી ખાનના કાનમાં કાંઈ કહ્યું તરત 'તેને પણ લાવ' એવો હુકમ થયો અહમ પેલા તરૂણ પુરૂષને લઇ

આવ્યો તે તરૂણ અહમદની પુઠેપુઠે મુંગો અને ગભીર ચ્હેરો રાખી તબુમાં દાખલ થયો અંદર પગ મૂકી મુજરો કરી ઉંચે જોયુ તો સુભાનીયાની એના ચ્હેરાપર અને એની સુભાનીયાના ચ્હેરાપર નજર પડી એની ગભીરતા એકદમ જતી રહેતી લાગી, અને સુભાનીયો આશ્ચર્યચકિત થઈ ગભરાતો એના તરફ જોઈ રહ્યો. સુભાનીયાને જોતા જ તે તરૂણ મરાઠાનું ચિન્હ છેક બાવરૂ બની ગયુ—એ ખાનસાહેબની નજરમા તરત આવ્યુ ખાનસાહેબ એક-સરખા તે તરૂણ તરફ અને વચ્ચેવચ્ચે સુભાનીયા તરફ જોઇ રહ્યા આ દેખાવથી કરીમબક્ષ અને અહમદખાને એકમેક તરફ અર્થસૂચક નેત્રપલ્લવી કરી આ યુવાન મરાઠા તરફ ટીકી રહ્યા

—ચાલુ

ચિત્રપરિચય.

ચાલુ વર્ષમા સમાલોચક પ્રત્યે કેવળ મ્હાનઅરી દષ્ટિથી જોના અમ્હારા એક સ્નેહી રા રવિશંકર પંડિતે સમાલોચકમાં પ્રગટ કરવા પોતાના ચિત્રકામના કેટલાક નમુનાઓ મોકલ્યા છે એ ભાઇ વિદ્યાના વ્યસની છે અને ચિત્રકલાના શોખીન છે કૉલેજમાં હજી તો શીખે છે અને અવકાશના સમયે ચિત્રકલાનો શોખ વધારે છે એમની કેટલીક કૃતિઓ પહેલાં આમા પ્રસિદ્ધ થઇ છે આ અંકમાં પણ એમની બે કૃતિઓ છે. ૧ રાજકવિ સ્વાપિના બિલ્વમંગળનો વિષય છે ૨ ઉમર ખાયમની સુપ્રસિદ્ધ રૂબાયતનો વિષય છે ઉમર ખાયમની ફારસી કવિતાઓએ જગતના સાહિત્યમા કઇ અનનુ જ સ્થાન લીધું છે સાહિત્યવિષયક આ પ્રસંગો સર્વને જાણીતા છે એટલે પિષ્ટપેષણ અત્રે નિરથક છે

---

૨૧ આપના ...

સમાલોચક

મુખ્ય લેખો.

આઠમી પૌર્વાત્ય પરિષદ્

અને

સ્વ. હરિલાલ ધ્રુવના કાવ્યો

વિજ્ઞાન મંદિર.

વીર અને વીરપૂજા.

તીજોરીવાળાઓની

નવી રીતની હરીફાઇ.

લડાઇ પહેલા ઓસ્ટ્રીયાથી કાગળ જેવા પાતળા પતરાની તીજોરીઓ અત્રે આવતી હતી અને પ્રજાને માલની કદર નહી હોવાથી ઠીક સખ્યામા વેચાતી પણ હતી હાલમા તે તીજોરીઓ નહી આવતી હોવાથી તેની જગ્યા તેવી જ બનાવટની અમેરીકન અને બીજી તીજોરીઓએ લીધી છે એ તીજોરીઓ વેચનારા એવુ કહે છે કે ગોદરેજની તીજોરીઓ ગમે તેવી સારી હોય પણ અમેરીકા અને બીજા દેશોમા બનતી તીજોરીઓને કદી પુગી શકે નહી એઓ બીજુ એમ પણ કહે છે કે અમારી તીજોરીની ભલામણ અમારો કોન્સલ કરે છે કોન્સલનુ મુખ્ય કામ પોતાના દેશના માલનો ખપ વધારવાનુ હોય છે એટલે તે ભલામણ કરે તેથી કાંઈ એવુ ઠરે નહી કે માલ ભરોસાલાયક જ હોય

કોન્સલની ભલામણવાળી એવી એક ન્હાની તીજોરી મોટી કીંમત આપીને ગોદરેજે ખરીદી છે અને ફક્ત પાચ મીનીટમા તોડી છે અને જેઓને ખાતરી કરવી હોય તેઓને બતાવવા કારખાને રાખી છે

આગગાડી અને આગબોટનુ નુર, જગાત, ગોડાઉન ભાડા અને એજંટ તેમ જ છુટક વેચનારનો નફો એવા એવા અનેક ખરચ આયાત થતી તીજોરીઓ ઉપર પડે એટલે પરદેશી તીજોરીઓ હલકી મનાવગની હોય તો જ અહીંની સારી તીજોરીઓ સાથે હરીફાઇ કરી શકે એ સમજવુ મુશ્કેલ નથી

ગોદરેજે પાચ મીનીટમા જે તીજોરી તોડી તેની બનાવટ કેવી છે તે જાણવા ગોદરેજને ખરીદ કરવી પડી એ ઉપરથી વાંચનારે ધ્યાનમાં લેવુ જોઇએ કે તીજોરી નબળી છે યા મજબુત તેની ફક્ત જોવાથી કોઇને પણ સમજ પડી શકે નહીં તૈયાર થઇ રહેવા પછી પાચ મીનીટમા તોડી શકાય તે તીજોરી તેમ જ તોડતાં પચકનાડ ધાગે તેવી એકસરખી જ દેખાય

ગોદરેજનું કારખાનું—

ગેસ કંપની પાસે, પરેલ, મુંબાઈ.

તમારે ત્યાં શુભ પ્રસંગોપર

ટી-પારટી—

નાચ-પારટી—

એટ-હોમ

ઇવનીંગ એંટરટેનમેન્ટઝ

ઇત્યાદિ મેળાવડાઓમા—

રીફ્રેશમેન્ટસ માટેની ગોઠવણ કરવાનું અમને સોંપો—

ફક્કડ કામ—

વાજબી દામથી—

ટુંક વખતમાં—

અને તમને ૧૦૧ ટકા સંતોષ મળે તેવું કરી આપીશું—

એસ્ટીમેટસ મગાવો—

ભાવ તાલ જરૂર પુછાવો—

ગોવિંદજી વસનજી.

મુખ્ય ઑફીસ-ચીગબઝાર.
બ્રાંચ ન. ૧-હોર્નબી રોડ.
બ્રાંચ ન. ૨-આરટ રોડ.
મુંબાઈ.
ટેલીફોન ૨૫૫૫
ટેલીગ્રામ્સ—
"Sweetmart"

Feb 19

તાકીદે જોઇએ છે.

[illegible] ૧૯૯૯ [illegible] ([illegible])

[illegible] ([illegible])

[illegible] ગાંધી અને [illegible]

[illegible]

[illegible] C.O [illegible] આફિસ, [illegible]

[illegible] , નિરમાણ, [illegible]

[illegible] નામ કોણ નથી

પહેલા પાયોનીયર

પણ કંઇ નવી કૃતિઓ,

નવા ઘાટ, નવાં શણગાર, અને નવા [illegible]

તૈયાર કર્યા જ જાય છે

હમેશ

મુંબાઇમાં ઝવેરાતની દુકાનો ઘણી છે, અને

ઝવેરીઓ પણ ઘણા છે, અને તેમનું જુનાપણું

તો પણ [illegible] ઘણી જુનામાં જુનું છે

તે બતાવે મ્હોટા ઝવેરીઓ

મહેતા હરીલાલ રાયચંદ ભાણજીની કુંo

[illegible] નામ કહેવાય છે તેથી જુના ઝવેરીઓ

તો વિચારમાં જ પડી ગયા છે !

[illegible] ખુબ મુદતમાં [illegible] [illegible] પત્રમાં

અમારી દુકાને પધારો [illegible]

[illegible]



જાહેર ખબર આપનારાઓને ઓર્ડર આપતી વખતે આપના ઓર્ડરમા સમાલોચનની નોંધ લેશો

અવશ્ય વાંચો

સ્વતંત્ર વિચાર શ્રેણીથી, શુદ્ધ ગુજરાતી
ભાષામાં લખાયેલાં કોઈપણ વિષયક
પુસ્તકો;
શિષ્ટ અંગ્રેજી, બંગાળી, મરાઠી કે સંસ્કૃત
પુસ્તકોના અનુવાદો કે ભાષાન્તરના
પુસ્તકો,
વાર્તાઓ, નવલકથાઓ નાટકો;
કે
સાહિત્યના કોઈપણ વિષયક,
રાજકીય, સામાજિક, સાંસારિક, ઔદ્યોગિક
પુસ્તકો, ના
કર્તાઓએ છપાવવા જવાનો કે
તેના પ્રકાશન માટે શોધ કરવા જવાનો શ્રમ
લેવો નહિ.
એ સંબંધમાં યોગ્ય માગણી સાથે પુરતી વીગતો
નીચેને ઠેકાણે લખી પુછાવશો તો
નિરાશ ઓછા થશો.

રમણીયરામ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી,
મોરારજી ગોકળદાસ ચાલ નં ૨, ૩૬,
હર્સ્ટરોડ, ગીરગામ, મુબાઈ.

૪૪ પૃષ્ઠ.]

સમાલોચક.


'તેને જવાનુ સ્થાન હુ નિશ્ચિત કરી આપુ છુ' તેણે ખડખડાટ હસીને કહ્યુ

તેના ગૌર કપોલઉપરની લાલી-ને મે જોઇ-જોઇ હુ મુગ્ધ થઇ ગયો અને તેને મુ મારૂ સ્થાન નિશ્ચિત કરવાનુ કહ્યુ

તેણે મારા આમિત્રણ્યનાનુ કથન કર્યું અને પોતાની પછવાડે આવવાની ઇશારત કરી તેણે ચાલવા માંડ્યુ

ચાલતા ચાલતા હમે એક કુંજકુંજની અંદર આવ્યા ત્યા એક નુ ગાલીકની નીચે ઉપર બેઠી હતી તેની બસરીમાથી જગતમાનુ મી ગીત વહેતું હતુ તેની કાળી સાડી સોનાના મોતીથી ભરેલી હતી, અને આકાશગગાના કમરબંધ હતો તે મન્મથમા પચમીના ચંદ્રની તેણે કટારી ખોસી હતી યૌવનમે થી તેની આંખો ઉષા અને સામના જેવી ચકતી હતી, પ્રભાત અને સધ્યા જેના તેના બે લાલ હોઠમાથી બહુના શ્વેત શિખરો જેવી તેની દંતાવલિ દેખાતી હતી હુ જે દિવસની તમને વાત કહેવાનો હતો તે આ દિવસ છે, જે દિવસે મે 'મારી પ્રિયા' મેળવી હતી મે તેના ટાપુ ઉપરથી વાસળી ખસેડી લીધી તેના બે સુકોમળ હાથ મારા હાથમા રહીને રહી, તેના નયનના ઉંડાણમા મ અનહદ પ્રેમ દર્શન કર્યાં તેના બે હાથ મારે ગળે લપેટાઇ નીચા નમી ગયે તેના હોઠનુ ચુમ્બન કર્યું

ચુમ્બનથી ધરાતો જ નહીં તેણે પોતાની પચમીના ચન્દ્રની કટારી વડે મારૂ હૃદય ચીરી તેમા પોતાની સુન્દર આકૃતિ મૂકી હુ હજુ ચુમ્બન લેતો જ હતો, એમા કેટલો કાળ વહી ગયો અને હૃદયના ઘામાથી કેટલુ લોહી વહી ગયુ તેનુ મને ભાન જ ન રહ્યુ

પણ જ્યારે હુ જાગ્યો ત્યારે મે મને પોતાને પેલા ખાડ પર પડેલો દીઠો, જ્યા સરિતા અને સમુદ્રનો સગમ થતો હતો ત્યા મારા કેટલાક મિત્રો પણ આવ્યા હતા. તેઓ વૃદ્ધ થયા હતા અને તેમના વાળ સફેદ હતા કેટલાક પોતાની હોડીઓ પ સાળા અને મોતીથી ભરી લાવ્યા હતા, અને કેટલાક કીર્તિ વરી લાવ્યા હતા પરવાળાનાળાની હોડીઓ વજનથી લાધી

ઈ હતી અને હાંફથી તે જેમ બોલી શકતા નહોતા. બીજા કીર્તિના અભિમાનથી ફુલાતા હતા અને તેના ભાર નીચે ચગદાતા હતા, તે પણ હાંફતા અને બોલી શકતા નહિ. કેટલાક કીર્તિ વગર અને ખાલી ખીસામાંથી આવ્યા હતા, તે પણ હૃદયના ભારથી બોલી શકતા નહિ. હું અહીં ઉપર પડ્યો પડ્યો આ બધું જોતો, પણ કોઈ બ્હેરાને લીધે મારાથી ઉઠાતું કે બોલાતું નહી અને ઉદ્ધવનો ધા તો, તાજો જ રહેવાનો હતો. અમે એક બીજાના સામે ટગર ટગર જોતા પણ બોલી શકતા નહીં

જ્યાં ચૌની એમ જ સ્થિતિ હતી, ત્યાં ગુરુ મહેરબાની—ની રાહ જોઈ—એ આનીમાં

વીર અને વીરપૂજા

લેખક—રા. મણિશંકર હરિપ્રસાદ જોશી, બી. એ.

[ગયા અંકથી અનુસંધાન,]

ઉપદેશક વીર.

શ્રી શંકરાચાર્ય, શ્રીરામાનુજાચાર્ય, સ્વામી રામતીર્થ, સ્વામી વિવેકાનંદ, સ્વામી નારાયણ, રાજા રામમોહનરાય વિગેરે.

ઉપદેશક એક વીર છે. કારણ કે તે ઈશ્વરી પ્રેરણાથી પોતાનું કાર્ય, અહોનિશ હિંમત તથા ધૈર્યથી ચાલુ રાખે છે, એટલું જ નહિ પરંતુ લોકોના આંતરિક બંધારણોનો તે પિતા છે. તેનામાં ધાર્મિક તથા નૈતિક બળ એટલું બધું હોય છે કે તે હજારો ને લાખો જીવો પર પોતાની સામ્રાજ્યસત્તા ચલાવી શકે છે. એનું જીવન એટલું તો ઉન્નત હોય છે કે એના તેજમાં આખું વિશ્વ અંજાય જાય છે. જે ધર્મગુરુ પોતાની સત્તા અજમાવી શકતો નથી, તે ખરી રીતે ધર્મગુરુ જ નથી. તે તો ખરી રીતે 'અમો' કહે છે જેમ —

"ગુરુ કીધા મેં ગોકુલ નાથ,
ઘરડા બળદને ઘાલી નાથ,
ધન હરે પીડા ન હરે,
એ ગુરુ કેમ પાર ઉતારે ?"

અને

અખા ગુરુ થઈ બેઠો ઘાર, જેના શિર પર ન મળે ગુરુ કુંભાર,"

યુરોપમાં ધર્મની નવીન ક્રાન્તિ કરનાર લ્યુથર (*Luther*) અને નૉક્સ (*Knox*) ઉપદેશક વીરો હતા. આર્યાવર્તમાં શુદ્ધ શંકર તથા રામ વિવેકાદિઓ થયા છે.

આવા ઉપદેશક વીરો કયા પ્રસંગમાં ઉત્પન્ન થાય છે એ સવાલનો પ્રત્યુત્તર શ્રીકૃષ્ણ ગીતામાં આપે છે કે —

'यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽत्मानं सृजाम्यहम् ॥ ४-७

શુ આ પંક્તિઓ સત્ય નથી ? ..નિઓ નમ મિથ્યાગની વાણીના સંબોધ છે ત્યારે ઉપદેશકે જુસ્સાભર્યા શબ્દોમા ધર્મની લાગણી જાગૃત કરે છે ધર્મોપદેશકનુ મુખ્ય હથીયાર આત્મબળ છે તે જાણે છે કે ધર્મનુ મનોબળ બળ કરતા વધારે જોરાવર છે આથી જ તે કરોડો માણસમા નિડરપણે પોતાનો મત જાહેર કરી શકે છે કોણ જાણતુ હતુ કે 'લ્યુથર' જેવો સાધારણ પાદરી, પોપની (Of Pope) સત્તા ઉથલાવી નાખી શકશે ? તેનામા એ બળ ક્યાંથી આવ્યુ હતુ ? નેકી સત્ય જ્ઞાન અને એ મળે તેને પ્રેર્યો હતો માણસો વચ્ચે તેણે પોપના પત્રો બાળી નાખ્યા અને આખા યુરોપનો વિચાર ફેરવી નાખ્યો ! ! એ જ પ્રમાણે નિરીશ્વરવાદિઓ મતમતાંતરોના ખંડન કરનાર મીમાંસકનુ બળ હતુ

... મનુષ્ય શિખનાર છે એટલુ જ નહિ પણ તે કર્તવ્યશીલ છે જે જેનાથી તે શિખે છે તેનાથી જ તે ... શોધી પણ શકે છે ; કોઇ પણ જાતના નવાપણાની વૃત્તિવિનાનો માણસ તો છે જ નહિ આને જ પરિણામે તે નિત્ય તેમ જ પોતાની જાત વિષેના વિચારો પોતાની વિદ્યાના પ્રમાણમા કરી શકશે અને તેથી મનુષ્યજાતમાં નવી તૈયારીઓ, નવા સુધારાઓ તો થવાના જ

ધર્મગુરૂઓના ધર્મ માટે કર્તવ્યયત્ન કરેલા ..નો ખરે પ્રશંસનીય જ છે કારણ કે મરણ શરીરનુ જ થાય છે આત્માનુ નહિ જ જે માણસોએ ધર્મયુદ્ધો માટે આત્મબલિદાનો આપ્યા છે તે શુ એક જ પિતાના સૈન્યના બાળકો નથી ? અસત્ય અને અંધકાર સ્હામેનાં તેમની ઝુંબેશ કેટલી બધી સ્તુત્ય છે ? કોણ નહિ માનશે કે ધર્મગુરૂઓ 'દેશ અને સમયના દૃષ્ટાંતો ' ન હતા ?

ધર્મના યુદ્ધો ઘણાખરા 'મૂર્તિપૂજા' સ્હામેના પુકારો હોય છે મૂર્તિપૂજા એક વીરપૂજા છે અને મહાન્ પુરૂષોના જીવનચરિત્રો આપણી સાંનિધ્યમા હમેશ રાખી તેમના જેવા જીવનો આપણે બનાવવા એ તેનુ લક્ષ્ય છે પરંતુ મૂર્તિપૂજાના ઝગડા ખરૂ જોતા કેટલીક વિધિ સ્હામેના છે, એમ કહીએ તો ખોટુ નથી મૂર્તિ (*Idol*) એ *Eidolon* દૃશ્ય વસ્તુ અથવા સૂચક ચિન્હ છે તે ઇશ્વર નથી, પરંતુ ઇશ્વરની નિશાની છે માટે વીર-પૂજા એક પ્રકારની મૂર્તિપૂજા છે એમ કહીએ તો ચાલે. ત્યારે કેટલા.. મતોતેઓની મૂર્તિ-પૂજા અક્ષમ્ય છે તેનુ કારણ શુ ? તેઓનો મુખ્ય વાંધો ક્યા આગળ છે ? જંગલીમા જંગલી લોકો જેઓ કેનોપસ (*Canopus*) અથવા 'કબા' નામનો કાળો પત્થર (*Caabah Black-Stone*) પૂજતા તેઓ સ્તુતિપાત્ર તો છે જ આ જ પ્રમાણે વિચાર કરતા જણાશે કે કવિઓ તારલાઓમા અજબ સૌન્દર્ય નિહાળે છે, હળે છે, સિદ્ધાતરૂપે પ્રતિપાદિત કરે છે તે એક જાતની તારાની મૂર્તિપૂજા નહિ તો બીજુ શુ ? માટે મૂર્તિપૂજક નિખાલસ દૃષ્ટિબિંદુથી નિહાળવી જોઇએ આંગ્લ કવિ કૉલરીજ (*Coleridge*) કહે જ કે " તમે માનતા નથી " " તમે ફક્ત જે માનો છો તે માનો છો " આને આધુનિક જમાનામા

એક ચોક્કસ સિદ્ધાંતની સેવા કરી શકીએ (*Worship of the Formulas*) વિ કારને માનની મૂર્તિપૂજા તો રસમ-વિધિ-પૂજા (*Cant*) છે અને આની વિરુદ્ધ ધર્મ ગુરુઓનો પુકાર હોય છે વીર સત્ય ઓળખ છે અને નહિ કે તેની પ્રતિનિધિઓને અને તેથી જ તે નાના નાના ચિન્હ કરતાં કુદરતને વધારે ગણે છે યુરોપમા જાગેલુ પોપ-સામેનુ યુદ્ધ શુ શિખવે છે? પોપ સામે પડવાથી દરેક માણસ પોતાની જાતનો પોપ (*Pope*) બન્યો અને પોતે કળી શક્યો કે પોપ પર આધાર રાખવો નહિ ઝીણવટથી તપાસતા માલુમ પડશે કે માણસના અમુક માનવા અથવા ન માનવા માટે બ્હારની કોઈપણ વસ્તુ જ કે આજ્ઞા અટકાવી શકતી નહિ 'આત્મ પ્રકાશ' જ જરૂરની વસ્તુ છે "ખરા થાઓ, નિખાલસ હૃદયવાળા થાઓ" એ આ જગતનો સાર છે

વીર પૂજા? એક માણુસ આ મસ્તીમાં, નવી શોધક વૃત્તિ વાળો, સત્યવાદી હોય કે એ કંઈ દુર્લભ વાત નથી તેજ માણુસ સન્માનની દૃષ્ટિથી પોતાના ગુરૂને નિહાળી શકે કે જેનાથી તે અધારામાંથી અજવાળામા આવ્યો હોય અર્થાત્ જેનાથી તેનામા આત્મજ્યોતિ પ્રગટી હોય

ગૌતમબુદ્ધ અને લ્યુથરના જીવનચરિત્રો ઉકેલતા શુ માલુમ પડે છે? બુદ્ધના જીવનક્રમને બદલાવી નાખનાર પ્રસંગો તેમ જ લ્યુથરમા ધર્મનો જુસ્સો પ્રગટાવનારા પ્રસંગો તપાસતાં જણાશે કે તેમનો વૈરાગ્ય દેશના ભાવિરૂપ હતો લ્યુથરને ૧૯ વર્ષની ઉમ્મરે કાયદાના અભ્યાસ માટે તેના પિતાએ નિર્મ્યો હતો પરંતુ 'એલેક્સીસ' (*Alexis*) નામના એના દોસ્તદાર સાથે એ મેન્સફેલ્ડ (*Mansfeldt*) ગયો અને પાછા ફરતા, એરફર્ટ (*Erfurst*) આગળ 'એલેક્સીસ' ઉપર વીજ પડી એક ક્ષણમા તો લ્યુથરનો પ્યારો દોસ્ત હતો ન હતો થઇ ગયો-અનંત 'અનાદિ'મા મળી ગયો-લ્યુથરને તરતજ વિચાર ઉદ્ભવ્યો કે એક ચામડીના (અસ્તિત્વના) પડ કે રાજ્યથી એથી પણ શુ? મનુષ્યનુ ભાવિ બદલાવનાર ઇશ્વરસિવાય બીજુ કંઈ નથી' આવા વિચારથી તેની જીવનરેખા બદલાઈ અને એરફર્ટ આગળ આવેલા 'ઓગસ્ટાઇનના' મંદીરમા એ રહ્યો ગૌતમબુદ્ધના જીવનચરિત્ર તપાસતા પણ જણાશે કે અખંડિત સુખવૈભવ ત્યાગી ચાલી નીકળવું સત્ય નિ પણ માટે અથાગ શ્રમ વિગેરેના પ્રેરનાર અશુભ પ્રસંગો જ હતા આ ઉપર વિચાર કરતા 'જીવન શુ?' 'સત્ય શુ?' વિગેરે વિચારો એને ઉદ્ભવ્યા

મિત્રવાચક, આવા પ્રસંગો સાંભળતા તેમ જ વાચતા આપણને કંઇક તાજુબી થશે ખરી પરંતુ ક્ષણભર વિચાર કરતા જણાશે કે એમના સાદા પવિત્ર જીવનોને આપણી સમિપ આદર્શ રૂપ બનવા માટે એકાદ આવો પ્રસંગ બસ હતો બુદ્ધ અને ગૌતમ જો કે સસારમાં ફરતા હતા, પરંતુ તેમના હૃદયો સત્યમાટે તલસતા હતા જ્યારે આવા દુખદાયી પ્રસંગો તેમણે અનુભવ્યા, ત્યારે તેમની સત્યની મનોવૃત્તિ અધિક બળવાન બની અને આ સસારના માયાના આવરણો તેમણે

* "અર્થાત્" ૩ ૧-૮-૦ મેસેર્સ એમ વિપાકી, એન્ડ કંપની, મુબાઇ

અમેરી નાખ્યા સત્યની શોધ તેમ જ સત્યમાટે યા તેમ કરવામા તેમણે પોતાના જીવનનું બલિદાન આપ્યું અને ભગવદ્ગીતામા વર્ણવેલો 'કર્મયોગ' આ પ્રો

શ્રીશંકર રામાનુજ તેમ જ રામવિવેકાનંદો જેમા જીવન પલટાવી નાખનારા પણ આવા જ પ્રસંગો હતા તેઓને ઉપદેશ 'જગમિથ્યા'ની 'એકતાનો' જ છે શ્રી શંકરનો કેવલાદ્વૈતવાદ, શ્રી રામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈત અને સ્વામી રામતીર્થ તેમ જ વિવેકાનંદના આધુનિક દૃષ્ટિબિંદુથી વેદાંત દર્શનો, સંપૂર્ણ આત્મશ્રદ્ધા શિક્ષણ તથા પવિત્ર જીવનો ગાળવાનો ઉપદેશ આપી પૂરે છે કે તેઓ ધર્મવીરો' હતા

૧૫૨૦ના ડીસેમ્બરની ૧૦ મી તારીખે 'લુથરે' 'વીટનબર્ગમા' લોકોના પોકાર વચ્ચે 'પોપના પાપ માફ કરવાના પત્રો–આદેશો (*Bulls*) બાળી નાખ્યા! આ પોકાર વીટનબર્ગના લોકોનો નહિ હતો પરંતુ જાગૃત થએલી પ્રજાનો હતો સ્પષ્ટ રીતે જ જણાવી શકે છે કે તેમના આડંબરો ખોટા આડંબરો છે અને સત્યધર્મ આડંબર રહિત છે, જીવન સત્ય છે, અસત્ય નથી! બુદ્ધનો પ્રવ્રજિત દીક્ષા લઈ, ભૂખતરસ વેઠી! अहिंसा परमो धर्म આદિ ઉપદેશ, શ્રીશંકરની દૃઢ જીવનચરિત્રમા' કર્તવ્યપરાયણતા તથા દિગ્વિજય અને વેદાન્ત ધર્મ પરિપાલન, રામાનુજનુ વેદાંત મંથન તેમ જ રામવિવેકાનંદોના યુરોપ અને અમેરિકાના પર્યટનો તથા તેઓની ઉપદેશ સુધા, તદુપરાંત તેમણે વેઠેલી અનહદ આપત્તિઓ આ સર્વ તેમના જાગૃત થએલા ધર્મ વ્રતની સાખ પૂરે છે

ધીરપુરુષ એકને સત્ય માટે જાન સાથે લડતી પ્રજા સત્યનો પાનો તેમના જીગરમા એટલો ભર્યો હોય છે કે ઘણીવાર ગમે તેવું તેઓને પોતાના તનનું કે નથી રહેતું ધનનું ભાન એવા પ્રસંગોમા ધર્મવીરો સત્યનો માર્ગ પોતે શ્રમ વેઠી સરળ કરી આપે છે અને અનેક રીતે બીજાને ધર્મનો પંથ દેખાડી, અજબ, અલૌકિક આનંદ અનુભવાવે છે ટૂંકમા ધર્મવીરો આ દુનીઆપર સ્વર્ગ રચે છે એઓ સાત્વિકતા અને ઈશ્વરશ્રદ્ધા એવી તો અજબ રીતે આપણા મન ઉપર ઠસાવે છે કે 'कार्यं साधयामि वा देह पातयामि' નુ ન અપૂર્વપણો અમલ થતું લાગે છે.

રાજવીરો.

શ્રીરામચંદ્ર, વિક્રમાદિત્ય, ઉદયસિંહ, પ્રતાપસિંહ અને બનો રાણી લીલાવતી,

હિન્દુસ્તાન પ્રમાણે રાજા પૃથ્વી ઉપર પરમાત્મા છે એમ એની માન્યતા હોવાથી રાજા પ્રજાનો પાલકપિતા છે અને પ્રજા એમનો સંતાન છે રાજા પ્રત્યેની સન્માનની લાગણી–રાજનિષ્ઠા એ જ ખરી રાજભક્તિ છે અને આવા રાજભક્તિના અત્યુત્તમ ઉદાહરણોથી ભારત વર્ષ ઝળહળે છે! સલીમ સાથે હલદીઘાટના યુદ્ધ વખતે પ્રતાપસિંહ ઘવાયો ત્યારે સરદાર ઝાલારાણાએ તેના ઉપરનું છત્ર પોતા ઉપર ખેંચી લઈ પ્રાણ માર્ગ અર્પ્યો હતો! કેટલી બધી ઉદારતા! કેટલું બધું ધૈર્ય!! યુરોપીય ઇતિહાસ તપાસતા પણ આવા અનેક ઉદાહરણો મળી આવશે

*રાજાનુ ગૌરવ રાજ-વીર-સામ્રાટવીર થવામા સમાયલુ છે તેમ પ્રજાનુ રાજભક્ત થવામા છે રાજા ઉપર દેશનુ ભાવિ રચાયલુ છે સસ્કૃત પક્તિ છે કે राजा कालस्य कारणम्। કારણ કે જમાનો સતત ગતિમની ચક્રીની સાથે ફરે છે અને તેથી રાજા અને પ્રજા સમયને આધીન છે ત્યારે જ રાજા વીર થઇ શકે કે જ્યારે તે પ્રજાનો સપૂર્ણ સતોષ મેળવી શકે સિંહાસન રાજા આ સપાદન કરી શકાય છે તેનુ કારણુ કલ્પના તથા નેની પણ છે

જે મનુષ્યને આપણે આપણી પોતાના સર્વ હક્કો આપણા જાનમાલના રક્ષણ અર્થે અને શાંતિ અને ખુશાલી અર્થે આપીએ તે આપણો રાજા હોઈ શકે નહિ તો રાજા થઈને લૂંટી લે પ્રજા ભાગુ આગળ જઇ શકે એવી સ્થિતિ થશે રાજા શબ્દનો મૂળ અર્થ શોભવાવાળો અર્થાત્ જે પોતાનો રૂપ નામ તથા સદ્‌ગુણોને શોભાવે છે અગર જેનાથી સત્ર લાભ છે તે 'પોતે શોભવુ અને પોતાથી બીજાને શોભાવવાં' એ કઇ રહેલ વાત નથી માટે જ રાજા દૈવાંશી છે અને પૂજ્ય છે રાજા (*Resc*) એટલે રક્ષણ કરનારો (*Roi*) *King*—*Konning*—*Canning*—બાહોશ પુરુષ રાજાનુ બાહોશ પણુ રાજ્ય વધારવામા નથી પરતુ પ્રજા મનોરંજનમા છે રાજા વિનાનુ રાજ્ય—તૃણવિનાના વન જેવુ તેલ સિવાયના દિવા જેવુ જલવિનાની નદી જેવુ,અને ગૃહિણી વિનાના ઘર જેવુ છે

પ્રાચીન કાળથી રાજા ઉપરથી સવત્સર ગણાય છે વિક્રમાદિત્ય પૂર્વે યુધિષ્ઠિરનો સવત્સર ગણાતો આ પ્રમાણે અમુક રાજાના સમયથી હજારો વર્ષો ગણાયા કરે છે તેમા એક મહાન્ સિદ્ધાત સમાયેલો છે, તે એ કે રાજાનુ નામ અમુક વખત માટે જ નહિ પરતુ હમેશ ચિરંજીવ રહેવુ જ જોઈએ બાહોશ માણસ એટલે ખરા હૃદયવાળો નેકીવાન્ અને ઉચ્ચ કુટુંબવાળો પુરુષ માટે જ રાજા બાહોશ માણસ લેખાય છે શ્રી રામચન્દ્ર તથા શિવાજી વિગેરેના નામ સાભળતાં આપણી રાજભક્તિના પાઠ નથી વિચારતા ? કયા માણસને તેમને માટે નિસીમ પ્રેમ નથી ઉત્પન્ન થતો?

વીર કેવળ પુરુષો જ હોઇ શકે એમ માનવુ ભૂલભરેલુ છે હિન્દ ઇતિહાસપર પણ 'સ્ત્રીઓ' પણ પોતાના ઉજ્જ્વળ ચારિત્રથી ઓપે છે જેવા કે સતવાગના પહોરમા ગણાતુ સ્ત્રીમંડળ દ્રૌપદી; તારા વિગેરે, અર્વાચીનમા ઝાંશીની રાણી તેમ જ મહારાણી વિક્ટોરીઆ વિગેરે સ્ત્રીઓ વીર હોઇ શકે છે, એટલુ જ નહિ પરતુ વીરને ધારણ કરનાર છે એ તેમનુ વિશેષ ગૌરવ છે સમ્રાટ સત્તા ભોગવનારાઓની, સત્તા ચલાવનારાઓની તેમ જ મત મહાજનોની માતાઓ 'વીર' હતી એટલુ જ નહિ પરતુ 'જનની' નામને પૂર્ણ રીતે શોભાવનારી હતી રજપૂત કેસરીયા પહેરનાર સુભટો પણ ક્ષત્રિયાણીઓજ હતી ! આધુનિક સમરાંગણ પ્રસગે પણ સ્ત્રીઓએ કેટલો બધો ઉમદા ભોગ આપ્યો છે"

દુનિઆની વ્યવસ્થા માટે પણ વીર-પૂજાની જરૂર છે સઘળા સુધારાઓ, સઘળી ક્રાન્તીઓ નાશ થાય તથાપિ વીર-પૂજા તો ચાલૂ જ રહેવાની, માટે વીરપૂજા અનાદિ છે ધ્રુવમય વાદળાઓમા જેમ ધ્રુવ ઝગમગ છે, તેમ એ હમેશ જ્યોતિર્મય રહેશે દરેક મનુષ્ય આ

દુનીઆમા ગેરવ્યવસ્થા સ્હામે લગ્ના ઉત્પન્ન થયલો છે અને જે પ્રમાણમા માણસ પોતાની માણમાઈ સમજે છે તે પ્રમાણમાં તે જરૂર ગેરવ્યવસ્થા માટે લડશે જ શું જૈનસમાજને અણઘટતુ નથી કે જ્યારે સત્ય ઉપદેશ હસી જાય છે અને ખરાને ખોટા તરીકે પરખાય છે ? માટે મત્ય નુ છે તે બરાબર દળતો જો આપણે શીખીએ તો જ આપણે ખરી વીરપૂજા આદરી શકીએ

પ્રિય વાચક, ઉપર પ્રમાણે ' વીર અને વીરપૂજા'ની રૂપરેખા આલેખાઈ છી કાર્લાઈલનાં કેટલાક સિદ્ધાંતો એમા છાયા રૂપે છે તો હિંદુશાસ્ત્ર તથા સમાજ ા સિદ્ધાંતો પ્રધાન પક્ષે નડતા નથી છે, વીર અને વીરપૂજાના વાચનની સાર્થકતા ત્યારે જ થઈ સમજવી કે જ્યારે છોને ' વીર ' પ્રતિમા મૂકી શકાય અહમતા નષ્ટ થાય અને આનંદ અને ઓજસ પ્રગટે એમા જ આપણુ આર્ય ન રહસ્ય છે ભારત વર્ષ ત્યારે જ ઓપશે, કે જ્યારે ઉપર પ્રમાણેનાં વીરો ' આનંદ અને ઉત્સાહ ' સાથે કેસરીયા કરી પોતાના ઉજ્જ્વલ ચારિત્રથી તે દીપાવશે જોઈએ છીએ આપણને આવા વીરો કે જેઓ સાધુતા અને સુદર્શનના દીપકો ટકાવી શકે અને જીવનમાર્ગ સુગમ બનાવી શકે

ગ્રન્થાવલોકન.

૧ ૨૨ ગ. જમનાબાઈ મક્કઈ સ્મારક અંક, સ્ત્રીહિતોપદેશનો ખાસ અંક, પ્રકટ કરનાર ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ, મૂલ્ય રૂ ૨-૮-૦ ૮ ૩૨૨

જમનાબ્હેનના શોકમાં મળેલી સભાઓના વૃત્તાંતો, ત્હેમના સબંધમાં આવેલા સ્ત્રીપુરૂષોના વખાણો, ગરબીઓ અને દોહરાઓ તથા વર્તમાનપત્રોએ અને માસિકોએ લીધેલી અવસાનનોંધો, એ સર્વ એકત્ર કરી ત્હેમને માટે આ અંકમા વળી જાણવા જેવી માહિતી રજુ કરવામા આવી છે આ દૃષ્ટિથી ત્હેમના જીવનચરિત્રકારને અને ગુજરાતી સ્ત્રીઓને તો આ અંક ઘણો ઉપયોગી થશે.

સભાઓમા થએલા ભાષણો ઘણી સાધારણ ભૂમિકાના છે. ગુજરાતના પુરુષવર્ગમાંથી અવા ઉત્તમ ટિપના સારા વક્તાઓ મળવા મુશ્કેલ છે, તે વખતે સ્ત્રીઓમા વક્તૃત્વશક્તિ ઘણી ખીલી ન હોય તેમા આશ્ચર્ય પામવા જેવુ નથી વક્તૃત્વની દૃષ્ટિથી ન તપાસીએ તો પણ આ બે બ્હેનોનું વક્તવ્ય પણ સાધારણ પ્રકારનું છે જમનાબ્હેનના કાર્યવિસ્તારનું યથાર્થ માપ દર્શાવવા માટે કઈ કઈ ભાષણો અને લેખોમા યથાર્થ દૃષ્ટિસ્થાનો રજુ થયા છે આવાં ભાષણો અને લેખો શોધવા શ્રમ પડે એમ છે, કારણ કે અંકના ઘણા પાના અપરિપક્વ અને અશિષ્ટ શૈલી વિગેરે ને લીધા રોકીમ સરોજની નાયડુએ જે દૃષ્ટિબિન્દુઓથી જમનાબ્હેનને જોયાં

કુમાર તિલક ૧-૦-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઇ

છે તે જ—જો ગુજરાતી સ્ત્રીઓ સ્હમજે તો પોતાના જીવનને તે જ કસોટીએ કસતાં શીખે તે હિન્દી સ્ત્રીઓએ ગૃહજીવન અને સમાજજીવનનો સમન્વય કરી બન્નેનો ટેકો વિચાર કરવાનો હજી બાકી છે તે તેમના ધ્યાનમાં આવશે

લેખકોની નામાવલિ જોતાં પ્રતીત થાય છે કે જમનાબ્હેન ગુજરાતના હૃદયને સ્પર્શ શક્યાં હતાં એટલું જ નહિ પરંતુ ત્હેમના કાર્યથી ગુજરાતની બ્હાર પણ અસર કરી શક્યાં હતાં લખાણો વાંચતાં એ જણાય છે કે તે હૃદયમાં તેઓએ ઘણું ઉચ્ચ સ્થાન મેળવ્યું હતું મ્હોટા ભાગના લેખો ભાષણોથી ચ્હડતી પંક્તિના નથી તથા રા હિંમતલાલ અંજારીયા, રા ભોગીન્દ્રરાવ દિવેટીયા આદિના લેખો ભાત પાડે છે રા ચન્દ્રશંકર લખે છે તેમ "જમનાબ્હેનના જન્મથી ગુજરાતનું સ્ત્રીત્વ વધારે ગૌરવ પામ્યું છે અને તેઓ જન્મ્યાં ન હોત તો આજે નવા જમાનાનો—પૂર્વપશ્ચિમનો સ્નાતવ્યસંગમનો જે સમન્વય અત્યારે ગુજરાતના સ્ત્રીવર્ગને સુગમ છે તે અગમ્ય હોત" હમે ઇચ્છીએ છીએ કે ઝીણા વિશાળ દૃષ્ટિથી અને વિવેકબુદ્ધિથી લખાયેલા લેખો આ અંકમાં વધારે હોત ગુજરાતી વસન્ત અને સમાલોચક લીધેલ અવતરણો ઉચ્ચ પ્રકારની છે

આ ગ્રન્થને આકર્ષક બનાવવા માટે સારો પ્રયાસ થયો છે—પણ તે અસ્થાને લાગે છે મુખપૃષ્ઠ આદિ મનોહારક છે જમનાબ્હેનના દસેક ફોટોગ્રાફ આપેલા છે તેમાંથી ૨૮ મે પાને આપેલો સંગ્રહમાં રાખવા જેવો છે

આ અંકનો મ્હોટો ગુણ જમનાબ્હેનના સંબંધમાં રજુ કરવામાં આવેલી હકીકત પ્રમાણ છે અને તેનો મ્હોટો દોષ વિચાર અને શૈલીની અપક્વતા—*want of assimilation* અને અશિષ્ટતા—*looseness* છે

સમગ્ર અંકનું અવલોકન કરતાં અમને સંતોષ-કરતાં શોકની લાગણી વધારે પ્રમાણમાં થાય છે લગભગ આ આખો અંક નિસત્ત્વ અને ક્ષણજીવી લેખોથી ભરેલો છે લેખક થવાની ઇચ્છા હોવી એ એક વાત છે અને લેખકની શક્તિ હોવી, એ બીજી વાત છે નિસત્ત્વ લેખો અને લેખકો માટે ગુજરાતમાં ઓછા માર્ગ ન હતો પરંતુ, આ સર્વ લેખો આમંત્રિત છે એટલે લેખકો કરતાં પણ પ્રકાશકોએ આ નિષ્ફળ અંક માટે વધારે જવાબદાર છે હમે ઇચ્છીએ છીએ કે જમનાબ્હેનનું સ્મારક વધારે વિવેકબુદ્ધિથી અને ત્હેમના કાર્યની મહત્તાના પ્રમાણમાં ઉચ્ચ અને ચિરસ્થાયી સ્વરૂપમાં થયું હોત

ગુજરાતમાં આ સ્મારક અંક ત્રીજો પ્રસિદ્ધ થાય છે આ પદ્ધતિથી સ્મરણીય વ્યક્તિનું સ્મરણ અનેક દૃષ્ટિએ સુકર છે અને ગુણીજનનું ગુણપૂજન કરી ઉપકારવશ બનેલો વર્ગ આશ્વાસન મેળવે છે ભાઈ રણજીતરામનું સ્મારક હજુ ગુજરાત નથી કરી શક્યું, એ ઓછું શોચનીય નથી

ગોવર્ધનરામના એ સ્મારક અંકોમાં જે ચિરસ્થાયી તત્ત્વોનું દર્શન થાય છે તે આ અંકમાં નથી વાગ્પાર્થ છુટક લેખો દૃષ્ટિમાંથી દૂર રાખીએ તો પછી ૩૨૨ પાનાના આ અંકમાં નથી

વ્નની વિશાળતા કે વિવિધતા મહત્તાની વિવેકભરી પ્રશંસા કે પૂજા, અથવા લેખનશૈલીની સર ટીકા કે સરનતા ગુજરાતના શિષ્ટ લેખકો માટે બીજા ૩૫૨ પાનાનો ખાસ અંક ભરીને કૃતિકીર્તિ કરી શકાય એમ છે, પરંતુ હેમની સહાય વિના આવું સાહસ કેટલું શોચનીય રીતે નિષ્ફળ બને છે તે સત્યનું સ્મારક આ અંક રહેશે રા ઉત્તમલાલ અને રા આનન્દશંકર, રા મ્હાલ્હાલાલ અને રા નરસિંહરાવ, રા રમણભાઈ અને રા હરિલાલ આદિ સાહિત્યનેતાઓ "છેલ્લી અર્ધી સદીના શ્રેષ્ઠ ગુજરાતણને" અંતિમ અર્ધ્ય નથી આપી શક્યા એ જેટલું શોચનીય છે તેટલું જ આશ્ચર્યકારક છે

જમનાબ્હેનના નિકટ સમ્બન્ધમાં તેમાથી કદાચિત કોઈ નહિ આવ્યા હોય, પરન્તુ હમે આશા રાખીએ છીએ કે એક દશકથીએ વધારે વર્ષો સુધી સમસ્ત ગુજરાતના સ્ત્રીજીવનમાં નવચેતન પ્રેરનાર એ પુણ્યશાલિની વ્યક્તિના કાર્યથી તો એ ભાઇ અજ્ઞાન નહિ જ હોય જમનાબ્હેનને પાસેથી ન ઓળખનાર સરખી ગુજરાતીઓ પણ ગુજરાતના નવા સ્થાપાતા જીવનમાં ઇતિહાસથી વાકેફ ન હોય એ હમે માની શકતા નથી જમનાબ્હેનના સ્મરણીય વ્યક્તિત્વ માટે થોડા ટૂંક સસ્કારો ન આલેખી શકનાર વિદ્વાનો એ તે સમયના સ્ત્રીજીવનની તેમની સામાજિક અને શિક્ષણવિષયક દશાની ઝાંખી કરાવી નવગુજરાતના ભાવિ ઇતિહાસકાર માટે બહુ ઉપયોગી સામગ્રી રજુ કરી શક્યા હોત હમારાથી ઇચ્છા વિના નથી રહેવાતું કે જમનાબ્હેનની વ્યક્તિ અને કૃતિ માટે માન ધરાવનાર વિદ્વાનો ન્હાના હાના અવગણના કરવા જેવા કારણોની ઉપેક્ષા કરી શક્યા હોત

હમને માનવાને કારણ છે કે પ્રસ્તુત અંકના પ્રકાશકર્તાઓએ તે વિદ્વાનમંડળની મદદ મેળવવા પ્રયાસો કર્યા હતા દુર્ભાગ્યે એ મદદ ન મળી શકી તો પછી આવું લાગણીભરી સ્મારક આટલું બધું દ્રવ્ય ખર્ચીને કરવામાં આવ્યું તેમાં ભક્તિભાવ હશે અને છે પણ વિવેકની ઉણપ વધારે છે 'ગુજરાતી' પત્ર સૂચવે છે તેમ આવા સ્મારક અંકકર્તા કોઈ વિવેકી વિદ્વાન પાસે જમનાબ્હેનનું જીવનચરિત્ર લખાવાયું હોત તો તે વધારે ઉચિત અને ચિરસ્થાયી સ્મારક થાત વિવેક ઉપર આટલો ભાર મૂકવો પડે છે, તેનું કારણ એ છે કે ભક્તિની ઊર્મિઓ સત્યની અને ઔચિત્યની સીમાઓ સહજ ઓળંગી જાય છે સ્મરણીય વ્યક્તિએ જે ગુણો માટે દાવો કરવાનું સ્વપ્નેયે ન આણ્યું હોય તે ગુણોનું આરોપણ કરી લેખક વિવેકબુદ્ધિ સાથે પોતાનો સમ્બન્ધ સૂચવે તે સ્હામે હમને બહુ વાંધો નથી જેટલો અસત્યનાએ અનાવશ્યક આરોપણ સ્હામે છે તેમને જ દુઃખ થાત જો જમનાબ્હેનને કહ્યું હોત કે તેમનામાં વિદ્વત્તા છે તો આનો દૃષ્ટાંત આ અંકમાં આવું અર્થરહિત ઘણું જ છે ટુંકમાં, જમનાબ્હેનના આ અસંતોષકારક સ્મારકથી હમને જેવું દુઃખ થાય છે તેવું જ દુઃખ ગુજરાતના વિચારનેતાઓની શોચનીય અક્રિયતાથી થાય છે

* અર્થરહિત જો કાંઈ, સારું કાર્ય કર્યાના સર્ટિફીકેટો અને વખાણના તે નમો ગણીને સર્વ એકત્ર કર્યાથી સ્મારક અંક બનતો નથી સાધારણ વ્યક્તિનો આ સ્મારક અંક હોત તો એ ઠીક

શોધે તેવી, એ શક્તિ અને સમયનો બરાબર ગણાત સાધારણ વ્યક્તિને અસાધારણ રીતે આગળ આવવાની કલા—એ આ જગતમાં નથી અને અસાધારણને સાધારણ રીતે આલેખવામાં કલાનો બાધ નડતો નથી. જમનાબ્હેનનું વ્યક્તિત્વ વિરલ હતું. જગદુદ્ધારક સાધ્વીઓમાં પ્રવીણ થતા એ ચેતન અને એ ઓજસ્, સતત આવિર્ભાવ પામતી એ હૃદયની વિનાવટ અને એ પ્રેરણાશક્તિ, અને સ્વયમ્ સ્ફુરતી એ કર્તવ્યપરાયણતા અને એ સમાધાનકળા એમના વ્યક્તિત્વનાં મુખ્ય લક્ષણો હતાં. 'નમને નમતા ત્હોયે, ગૈનથી દરતા હતી' એ પંક્તિ જેટલી કૃષ્ણરામ માટે સાચી હતી તેટલી જ ત્હેમને માટે છે. ગુજરાતે ત્હેમને નાનું પણ આપેલું હતું અને ઘણી ઉચિત રીતે તેમની છાયા નીચે અનેક સત્પ્રવૃત્તિઓ જન્મીને પોષણ પામી હતી. એમના ઉદાર, પ્રેમપ્રચુર અને નિષ્પક્ષ માતૃત્વને જ પરિણામે સ્ત્રીઓ માટે શિક્ષણપ્રસારક ની આવશ્યકતાનો સ્વીકાર પણ પૂરો થયો ન હતો, સમાજના બંધનો ઓછાં શિથિલ ન હતાં ત્યારે ગુજરાતનો સ્ત્રીસમાજ હજી નવજીવનના આદર્શ વિનાનો હતો તે સમયે ઉદ્દેશ રહિત અને નિરુદ્યમ જીવન ગાળતી ગુર્જરબહેનોને દોરવાનો સંકલ્પ કરી સિદ્ધિ મેળવનારનું વ્યક્તિત્વ ગુજરાતના ઇતિહાસમાં ચિરંજીવ અક્ષરે નહિ આલેખાય તો ગુજરાતની ગુણજ્ઞતાનો પારો બહુ ઉંચા સીમાએ રહ્યો છે એ વાત ક્ષોભ વિના તો નહિ જ કરી શકાય. હમે આશા રાખીએ છીએ કે ગઈ સદીના મહાન ગુજરાતીઓ નર્મદાશંકર અને દલપતરામ, મણિલાલ અને કરસનદાસ, મનસુખરામ અને મણિભાઈના જીવનચરિત્રો વિના ગુજરાતી સાહિત્ય અધુરૂં રહ્યું છે તેમ આ સદીમાં નહિ બને અને મહાન ગુજરાતીઓની એ માળા ભવિષ્યમાં રચાશે ત્યારે જમનાબ્હેનને પણ ત્હેમાં ઉચિત સ્થાન મળશે.

ગુજરાતી સ્ત્રીઓ માટે આદ્ય સંસ્થાની હિન્દુ સ્ત્રીમંડળની સ્થાપના તે સંસ્થાનું કાર્યદક્ષ અને કર્તવ્યનિષ્ઠ નેતૃત્વથી કરેલો ત્હેનો નિર્વાહ, સેવાસદન અને વનિતાવિશ્રામના વિકાસમાં આપેલો હિસ્સો, દુષ્કાળમાં જાતે એ પ્રદેશોમાં ફરીને કરેલું સંકટનિવારણ, દક્ષિણઆફ્રિકાના સંકટ વખતે ગુજરાતણોને કેળવીને ભરાવેલું ફંડ, એ સર્વ સત્પ્રવૃત્તિઓનો સરવાળો ન્હાનો નથી. રાષ્ટ્રીય વીરોની જયંતી ઉજવવામાં આપણે ઓછા પાછા નથી અને રાષ્ટ્રનું હૃદય એકતારે કયારે પ્રતિધ્વનિત કરવું આપણે હજી શીખવાનું બાકી છે એ પ્રદેશમાંયે જમનાબ્હેને પ્હેલાં પગલાં પાડ્યાં. એમના નેતૃત્વ નીચે દર વર્ષ વર્ગમેળાવાની યોજના કરી, દાદાભાઈના સ્વાગત કરી, દેશસેવાનાં અખંડ વ્રતનો વિજયટંકાર કરી, ગુજરાતણો પુરુષોને શરમાવતી થઈ ત્યારથી દાદાભાઈ, ગોખલે, અને ફીરોજશાહની જયંતિઓ મુંબાઈમાં ઉજવાઈ આવી ન્હાની પણ પરિણામમાં દૂરગામી પ્રવૃત્તિઓ શોધી કહાડવામાં જમનાબ્હેન કુશળ હતાં. ગુજરાતણો કોઈ પણ નિમિત્તે એકત્ર થાય, શિક્ષણસંસ્કાર કોઈ પણ રીતે પામે, દેશોન્નતિની અનેક પ્રવૃત્તિઓથી અજ્ઞાન ન રહે, અને બને તો ત્હેમાં ભાગ લેતી થાય, ટૂંકમાં જીવનમાં જોમ અને આનંદ અનુભવે તે જોવા જમનાબ્હેન ઘણાં ઉત્સુક હતાં. તે માટે સમ્મેલનો, શિક્ષણવર્ગો, વ્યાખ્યાનમાળાઓ, ગરબાપાર્ટીઓ આદિ અનેક યોજનાઓ કરતા.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી રૂ. ૧-૦-૦ એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ.

અને આ સર લોકહિતની પ્રવૃત્તિઓ સાથે તેઓ ઉત્કૃષ્ટ અને સહયોગી
'જમનાબ્હેન ન જન્મ્યા હોત તો'—એ પ્રશ્ન સનાતનતામાં જ રહેવાના પ્રશ્નોમાંનો
એ સદ્ભાગ્ય છે, પરંતુ જમનાબ્હેન હતા ત્હોયે—અનુભવના માટે આ શૈલી અને મેં
સ્થાપ્યા છે ત્યારે—બીજા જમનાબ્હેન આજે ગુજરાતમાં નથી તે પણ સત્ય છે
એ વ્યક્તિ અને એ સિદ્ધિઓ માટે આ સ્મારક યોગ્ય નથી.

અંતમાં હમે ગુજરાતી હિન્દુસ્ત્રીમંડળના સભાસદોને અને કાર્યકર્તાઓને એક
હમી આ પ્રેમનો યોગ્ય ધારીએ છીએ તેમની સાથે જ સમસ્ત ગુજરાત
ભમનાની સ્મારક કરનાર વાસ્તે, જમનાબ્હેનના આદર્શો અને સિદ્ધિઓ વાસ્તે
પવિત્ર સ્મરણ વાસ્તે જે તેમને મમત્વ અને માનબુદ્ધિ યોગ્ય અંશમાં હોય તો
એ દ્રહનાં રોપાયલા બીજ મૂળમાં જ નાખી દેવા અને જમનાબ્હેને એવું
ઉદ્દા ના કાર્યને વધારે વેગથી અને ઉત્સાહથી પણ દીર્ઘદૃષ્ટિથી અને વિવેકથી
વર્તન કરીએ છીએ સભાસદોને જ્યાં અંતરાય રૂપ લાગતા હોય ત્યાંથી આપણ
કાર્યકર્તાઓએ પણ દૃઢ થવું જોઈએ અને હ્વેમને હવે આત્મનિષ્ઠાનો અધિકાર છે
આનો અર્થ એમ નથી કે સ્વાર્થબુદ્ધિથી પ્રેરાયલી કોઈ તોફાની ટોળીના હાથમાં
સોંપી દેવી હમારી ઈચ્છા એ છે કે મનમન મત એકમતીથી નહિ તે અનુમતિ
તન બનાવતા શીખે, તે માટે કાર્યદક્ષ અને કર્તવ્યનિષ્ઠ બને. જમનાબ્હેનની
એ કર્તવ્યનિષ્ઠા, અને એ સમાધાનવૃત્તિ ... તે ... આગમાં ઉતરે
હમને માનવાને કારણો છે કે પ્રસ્તુત અંકના પ્રયોજકતાઓએ તે ... એ આશા
નિર્ગમનાના પ્રયાસો કર્યા હતા દુર્ભાગ્યે જો સમાધાન ... અને, એ આશા
સ્મારક આટલું બધું દ્રવ્ય ખર્ચીને ... ધર્મમાં સદ્ધર્મ બને,
ગણુપ વધારે છે ... જીવનની પુનર્વ્યવસ્થાના પ્રાણ ... પાસે માગી લઈએ છીએ
... શ્રીમંત ... પોતાના જ ...
... પડતી ન નીવડે એ હમે ત્હેમની પાસે માગી લઈએ છીએ
—સ. ઊ. પંડ્યા, બી એ

૨. સુશિક્ષિત સ્ત્રી—(બાળકોના ગૃહશિક્ષણનો આદર્શ) લેખક સૌ
મુકુન્દરામ મહેતા, ક્રૌ ૧૭૫, મૂલ્ય ૩ ૧

જ્યારે બાળકોના ગૃહશિક્ષણનો પ્રશ્ન ગંભીરતાથી વિચારવામાં આવશે, ત્યારે ગુજ
... હતી હેવાતી નિર્માલ્ય પ્રજામાં કાંઈક ચેતન આવશે એ ગૃહશિક્ષણ કેવા પ્રકારનું હોવું જોઈએ
તથા તે આપવાની સાચી અને સરળ પદ્ધતિ કેવી હોવી જોઈએ, તેની જાણી આ પુસ્તકમાં
થાય છે પતિ ગુમ થયા પછી સીતાએ ... બાળકોના ગૃહશિક્ષણ ઉપર ધ્યાન આપ્યું
અંતમાં એ ગૃહશિક્ષણનું શુભ પરિણામ ... ગુજરાતમાં
સેર જરૂર છે આ પુસ્તકનું ... તક ગુણ
અંકમાં ઘણું છે તેથી
હોવાની વાર્તા રૂપે ...
લાગે છે ગૃહશિક્ષણને

ક્તોને
કે સર
કરી શ
અને
સાન
અધી
તેટલું
આશા
તવચેત
બ્હેનને
છનિષ્ઠ
થોડા
અને
સામર્થ્ય
અને
રક્યા હોત

ઉષા–સ્વરાજ્ય પ્રતિજ્ઞા.

(પ્રથમ ખંડ)

લેખક—રા શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજી.

(ચાતુ સચિત્ર અતિહાસિક વાર્તા)

પ્રકરણ ૧૦ મુ

કિલેદાર કેદ.

"મટ સાહિબકો મેત, કગડુ નહી કીજિએ,
બિના બિદ અગરિ, અકાજ ન કીજીયે,"

---

*"Anxiety disfigures the face of prosperity, and renders
It like a crystal glass blown up by impure breath"*

"રાજા જેને શિર રૂઠીઓ, તતે ક્રોધ તો નવ સમે,
'હમણા તો કહે તે કાઢએ, જોઇએ હરિને શુ ગમે ?"

પ્રિય વાચ-! ગત પ્રકરણમા નરહર સ્વામિએ આપણને જે સમાચાર આપ્યા–તેગિણુનો કિલ્લો ર્ગને પકડી લેઇ ગયા–તે પૂર્વ તેની પુત્રવધુ કિ નો છોરી એક દાસા સાથે ક્યા જતી રહી હતી તે જાણતી હતા, તે ન જોયુ આ બાતમીથી શુ થયુ તે પણ આપણે જાણીએ છીએ નરહર-સ્વામિને તેના હેર તરફથી આ ખબર મળ્યા હતા પર પર દિવસના તો સોપાર્ય ન કામગિરી સગ ધી જે કાઇ પત્તો-ખબર મળે તે આરી નરહર સ્વામિને ખબરે આપે-એકન્દર મહારાષ્ટ્રમા ક્યા શુ થાય છે, ક્યા શુ બને છે, તેની એન નાખી ખબર મળે અને તે તે શોધમા જે જે વખતે પોતાને ફાયદાનો પ્રસગ મળે તે તે વખતે તેનો લાભ લઇ લેવો–એવો પ્રકાર આજ ઘણા દિવસથી ચાલ્યો આ તો હતો મહારાષ્ટ્રના કી નાઓપર–પ્રલક્ષ બિજાપુરમા કિનકુના મ્હોટા મ્હોટા મુસલમાન, મોગલ સરદારો, મરાઠા સરદારોને ત્યા થતી સર્વ વાતોની યથાસ્થિત માહિતી મળ્યા વગર આપણ કાર્ય સધાને નહી, એવો શીધર સ્વામિનો ઉપદેશ હતો આ કાર્યચતુર આજ્ઞાન્ય વૃદ્ધ મહાત્મા, કોણ હતો, તેની પૂર્ણ માહિતી આપણે વખત આવે જણાવીશુ. શિવાજીએ તેનો પૂર્ણ ઉપયોગ કર્યો નરહર સ્વામિની એ ખાતાપર નિમણુક થઇ તે ઘણો ખબરદાર, કાબેલ યુવાન પુરૂષ હતો તેણે ગોસાઇઓ, વૈરાગીઓ ઇત્યાદિ ઘણાને પોતાને અનુકૂળ કરી લીધા હતા, અને પોતાનો હેતુ સાધવા સાધનો તૈયાર કરી રાખ્યા હતા; તેને જોઇતી સર્વ

ખબરો ચોપાસથી તેને મળતી, અને તે ખબર શ્રીધરસ્વામિને અથવા પરબારી મહારાજને તે તરત પહોંચાડવાનો તેનો આ ક્રમ ચાલુ જ હતો. તેને તેના હરે તોરણામાં પણ ર દિવસ પર બનેલા બનાવની ખબર આપી, ને તરત તે ત્યાંથી નીકળ્યો, અને ગત પ્રકરણમાં જોઈ ગયા તે ખબર આપી. વાંચનાર! હવે આપણે તેમને તેમની ગોઠવણ કરવામાં મગ્ન, તે દિવસ પૂર્વે પ૦ દિવસપર તોરણામાં જે બનેલા બનાવ તરફ લક્ષ આપીશું.

તોરણાના સ્વામિભક્ત વૃદ્ધ કિલ્લેદાર રંગરાવ આપાને પકડી લઈ આવવાના હુકમ સાથે વિજાપૂરથી સરદાર રણદુલાખાન આવ્યો. રણદુલાખાન કિલ્લાપર આવ્યો. કિલ્લેદાર સામો લેવા ગયો. ખાનની ઉમ્મર યુવાન, પરંતુ તે વધુ વિચારશીલ ઉમદા ખવાસનો, અને તેનામાં કર્તવ્યગારી પણ વિશેષ પ્રશંસનીય હતી, એની આ શાહની ખાતરી થવાથી, વિજાપૂરમાં મુરારિ જગદેવ પ્રમાણે જ તેનું પણ વજન હતું. તે સ્વભાવે આનંદી, ઘણો સારો, નિખાલસ મનનો, સદ્‌ગુણી, અને સદાચારી હતો. કિલ્લેદારને સામે આવતો જોઈ તે ઘોડાઉપરથી ઉતર્યો, અને સામે જઈ તેના બેઉ હાથ પોતાના હાથમાં લઈ કહ્યું—"કિલ્લેદારસાહેબ, હું હુકમનો બંદો, તેથી હુકમ પ્રમાણે આવ્યો છું. પણ આપની કોઈ પણ પ્રકાર માનહાનિ વગેરે થશે એવી રજ માત્ર પણ શંકા કરતા નહીં. હુકમ પ્રમાણે આપ મ્હારી સાથે ચાલો. આપના માનમરતબા પ્રમાણે આપને લઈ જઈશ. આપ મ્હારા વડીલના ઠેકાણે, મ્હારા વડીલતુલ્ય છો. આપની પછવાડે અહીં કોઈને પણ ત્રાસ થશે નહીં, તેનો હું પાકો બંદોબસ્ત કરીશ."

આ તેનું વિવેકપૂર ભાષણ સાંભળતાં કિલ્લેદારને ઘણું આશ્ચર્ય લાગ્યું. પોતાને પકડી લઈ જવા આવેલ તે પણ મુસલમાન સરદાર પોતાની સાથે આ રીતે વર્તશે એવું તેને સ્વપ્નમાં સુદ્ધાં ન હોતું. ખાને શરૂઆતમાં જ કિલ્લેદાર સાથે આવી નમ્રતાયુક્ત વર્તણુક ચલાવી, એ જોતાં તેના માણસો પણ આશ્ચર્ય પામ્યાં. સ્વામિભક્ત આવી રીતે વર્ત્યા પછી હાથ નીચેના શું કરે? ખાનના મનમાં કિલ્લાપર બિલકુલ મુકામ કરવાનું ન્હોતું, તેથી તેણે પોતાનો સર્વ લવાજમો ગઢનીચે પેઠ ગામમાં જ રાખી છડી સ્વારીએ ઉપર આવ્યો હતો.

તે તોરણા આવવા નીકળ્યો, ત્યારે તોરણાથી પશ્ચિમેક માઈલને છેટે ડુંગરના એક દેવાલય પાસે તેણે પડાવ નાખ્યો હતો, તે વખતે ત્યાં તેણે એક તદ્દન યુવાન હજુ જેના મુખપર મુછોની રુંવાટી પણ ફુટી ન્હોતી એવા એક તરૂણ, શરીરે અતિ ગૌર, નાજુક મરાઠા સરદાર અને તેની સાથે લગભગ તેની ઉમ્મરની એક સ્ત્રીને પકડ્યાં હતાં. આ બનાવ આપણે ગત પ્રકરણમાં વાંચી ગયા છીએ. તે મરાઠા સરદારપર તેનો પ્રેમ બેઠો. પૂછપરછ કરતાં તેણે ઉડાઉ જવાબો આપ્યા. તેના વિષે તેને વિશ્વાસ વ્હેમ ગયો. મરાઠા યુવકે જવા રજા માગી પણ ખાને રજા ન આપી અને મજાકમાં કહ્યું કે,—'તમે આજથી અમારા સ્નેહી થયા, અમારા મેમાન તરીકે થોડા દિવસ રહો. અમારી મેમાની ચાખો. તમારો સર્વ બંદોબસ્ત થશે. તમને હવે એમ છોડીશું નહીં. અમારી સાથે જ રાખીશું. આજથી તમને સરકાર સાહેબની

પદની આપીએ છીએ ' વગેરે કહી અતિ આગ્રહ કરી પોતાની સાથે રાખ્યો, અને તેની સાથે પૂર્ણ માનમર્તબાથી વર્તવા પોતાના માણસોને સખત તાકીદ કરી, અને પોતાના વિશ્વાસુ હજુરિયા અહમદ ખાનને તેની દેખરેખ રાખવાનું કામ સોંપ્યું.

આ નવીન યુવાન સરદાર ખાનસાહેબની સાથે હતો, તેને પોતાની સાથે કિલ્લાપર આવવા ખાને ઘણો આગ્રહ કર્યો, પરંતુ તેણે તે કબુલ કર્યું નહી. તેથી " મ્હારે જે કરવું છે તે તરત કરીને એકદમ પાછો આવું છું " એમ કહી ખાન થોડા માણસો સાથે ચાલતો થયો. અહીં પેઠ ગામની પાડોશમાં ખાને નાખેલ છાવણીમાં તેને આપેલ તંબુમાં આ નવીન તરૂણ મુસલમાન સરદાર અત્યંત વિચારમાં અહીંતહીં આંટાફેરા મારતો હતો. તેના મનમાં કાંઈ પણ ઘણા જ ઉદ્વેગ કરનારા વિચાર આવતા હતા, કારણ વારંવાર નિઃશ્વાસ નાખતો તણતણ વખત આંખોનાં આંસુઓએ લુછતો હતો. " એકદર પ્રસંગ ઘણો વિકટ—તેમાં પણ હમણા ઘટિકા અર્ધઘટિકામાં થનાર પ્રસંગ તો ઘણો વિકટ થશે. નાસી જાઉં તો તે પણ શક્ય નથી, નજરકેદ—હવે શું કરવું ? કરવા ગયા એક અને થયું બીજું જ ! આ પ્રસંગ ! કેવો પ્રસંગ આવ્યો ! અરે ! પણ આ વિકટ પ્રસંગનું વિલક્ષણપણ મનમાં લાવી આશ્ચર્ય—શોક કરતા બેસવાથી શું વળે એમ છે ? કાંઈ પણ ઉપાયની યોજના કરીએ તો તેનો ઉપયોગ ! " આવા પણ વિચાર તેના મનમાં આવતા હોય એમ લાગ્યું. મનના વિચાર મુખ વાટે જરા પણ બહાર નીકળતા હતા નહીં; કેમ કે છુપાઈ બહારથી કોઈ હેર સાંભળતો પણ હોય—તેણે પોતાનું એકદર વર્તન ઘણું સાવધગિરીનું રાખ્યું હતું. વિચાર થતા થતા કાંઈએક કલ્પના તેના મનમાં આવી. તેના ચિન્તાભર્યા ચ્હેરાપર કિંચિત્ સ્મિત દેખાયું.

× × × × ×

અહીં કિલ્લામાં રણદુલ્લાખાન અને કિલ્લેદારની ભેટ થયા પછી ઘણા વખત સુધી બન્ને વચ્ચે કાંઈ ગુપ્ત વાતચિત થઈ. તે થયા પછી ઇતર લોકોને બેઠકખાનામાં બોલાવ્યા, ત્યારે બન્નેના ચ્હેરા હાસ્યપૂર્ણ દેખાયાથી કિલ્લાપરના લોકોમાં રણદુલ્લાખાનને જોયા સાથે ' હવે કોઈ પણ ભયંકર બનાવ બનશે, રક્તપાત કોઈ પણ હિસાબે થશે, ' એવી જે એક જ ગડબડ ઉડી ગઈ હતી, તે હવે આટલાથી નહીં પણ ઘણે અંશે કમી થઈ, અને તેમને એવા ખબર આપ્યા કે કિલ્લેદાર કોઈ રાજ્યના જરૂરી કામ માટે થોડા દિવસ બિજાપૂર જનાર છે અને તે દરમ્યાન વહીવટ બંદોબસ્ત રાખવા બિજાપુરથી શીબંદી આવી છે તે રહેશે, અને કિલ્લેદારનું કામ સરદાર આપાસાહેબને જ નામે તેમના જ વિશ્વાસુ કારકુન હરિપંત ચલાવશે. બીજે દિવસે એને ખાન સાથે બિજાપુર જવાનું નક્કી થયું. આમ ખાનનો ઘણો વખત કીલ્લાપર વ્યવસ્થા કરવામાં ગયો. અને સાયંકાળ થયા પછી ખાન નીચે પોતાની છાવણીમાં આવ્યો. ખાન નીચે આવતાં જ તેને પોતાના નવીન મિત્રને મળવા ઘણી ઉત્કંઠા થઈ હોય એમ લાગ્યું. તંબુમાં દાખલ થતાં જ " સરદારસાહેબને શું કરે છે ? વિશેષ કામમાં ન હોય તો તેમની મુલાકાત લેવાની મ્હારી ઇચ્છા છે એમ જણાવો, " આવો સંદેશો મોકલ્યો.

રસ્તો મળતા જ સરદારસાહેબ ઉઠી ખાન પાસે જઇ અદબથી મુજરો કરી દૂર ગોરા તરફ જોઇ) હસી ખાન બોલ્યા 'કેમ સરદાર સાહેબ! આપને, મ્હારો પાકો દોસ્ત સમજતું છું અને આપ મ્હારી સાથે પારકાપણાનું વર્તન કેમ રાખો છો? તમે ઉપર આવ્યા નહી તેથી ત્યાં બનેલી સર્વ હકીકત તમને સાંભળવા મળી નહિ હોય" એમ કહી ખાને બનેલી સર્વ હકીકત કહી સંભળાવી અને કહ્યું:-"તમે ઉપર કેમ આવ્યા નહી? તેનું શું કારણ?" "કારણ, કારણ કાંઇ નહી, અમસ્તો આવ્યો નહી" એવો જ ઉત્તર આપ્યો પણ ખાન અર્થપૂર્વક હસ્યો અને તાગનો જ બોલ્યો, 'કાંઇ હરકત નહી કાલ સવારે તમારી અને કિલ્લેદારસાહેબની મુલાકાત કરાવીશ કેમકે તેઓ બીજાપુરપર્યંત આપણી સાથે જ છે" આ શબ્દો નીકળતા ત્યાં રોકતો સરદાર બોલી ઉઠ્યો —

"ખાનસાહેબ! માફ કરો નહી, નહી, મ્હારી અને તેમની મુલાકાત બિલકુલ કરાવશો નહી કારણ તેમનો મ્હારાપર પ્રેમ નથી મને જોતાં કોણ જાણે તેઓ કેટલો બધો સંતાપ થાય? જેનાથી તેમના પર આ પ્રસંગ આવ્યો તે મ્હારા નામથી બન્યો એવું તેમનું માનવું છે માટે કૃપા કરો મ્હારી અને તેમનો મેળાપ કરાવશો નહી એમ મ્હારી હાથ જોડી માગણી છે મને મ્હારે ગામ જવા દેવા મેં કદી કેટલી વખત આપને વિનતિ કરી પણ આપ તે માન્ય કરતા નથી; એટલે નિરુપાય પણ આ વિનતિ તો માન્ય કરશો જ!"

આટલું કહી આતુરતાથી ખાન સામે જોયું તરત ખાને કહ્યું -' આપની મરજી વિરુદ્ધ આપને સરદારી આપું છું, એ માટે આપને દુઃખ લગાડવાનું કારણ નથી આપનામાં સરદારી પણાના સર્વ ગુણ છે, તેથી જ સરદારી લેવા હું આગ્રહ કરું છું આપ મ્હારી સાથે બિજાપુર આવો ત્યાં આપને કેવો માન મરતબો મળે છે તે જુઓ, અને તે પછી ત્યાં રહેવું તમોને ગમે નહી તો પછી ખુશીથી તમે તમારે ગામ જજો પણ હવે એ વાત ઉચ્ચારશો સુધ્ધાં નહી જો એ વાત કરશો તો મને લાગશે કે તમને મ્હારાપર બિલકુલ વિશ્વાસ નથી કિલ્લેદારને મળવાની તમારી ઇચ્છા છે તો તેવો બંદોબસ્ત થશે, પછી શું?"

આ પછી અહીં તહીંના ઘોળ ધોળા ગપ્પા હાંકયા, અને 'જેગા, બેમો' કરતા છતાં પણ, અન્તે નવીન સરદાર ઉઠી પોતાના તંબુમાં ચાલતો થયો ખાન એકલો તેની પાછળ જોઇ રહ્યો અત્યારે ખાનનું મન અસ્વસ્થ લાગ્યું—આજ ભૂખ નથી, એમ કહી નહીં ખાધું અને કપડાં બદલી પલંગપર પડ્યો નિદ્રા માટે જેટલી બાહ્ય તૈયારી કરવાની તે સર્વ કરી, પરંતુ નિંદ્રાદેવી પ્રસન્ન થયાં નહીં આમ તેમ પલંગપર પાસાં બદલ્યાં પણ નિંદ્રા આવી નહી કેટલાક વખત સુધી આમ અસ્વસ્થ સ્થિતિમાં પડ્યો અને તે જાગી ઉઠ્યો, આંટાફેરા કરવા લાગ્યો તંબુના દ્વાર પાસે આવી આકાશમાં ચમકતા તારાગણો તરફ જોતો ઉભો રહેતી વખત [illegible] નિઃશ્વાસ નાખતો હતો તે ઉભો હતો તે વખતે ગોરામાં ઓરી પરંતુ કેટલીક વખત તે તરફ સરદારના તંબુ તરફ નજર નાખી પાંચસાત વખત તો તે તરફ જવા પ્રવૃત્ત થયો હોય એમ પણ [illegible] એટલામાં કોઇ એક માણસ તેની નજીક આવી ઉભો હોય એવો તેને ભાસ થયો ભાસ થયો

* શ્રીયુત ગોવર્ધનરામ (સચિત્ર) રૂ. ૧-૦-૦ એમ એન. ત્રિપાઠી એન્ડ કં., મુંબાઇ.

નીપેણ ખેખો ત્યાં તણે— હજુર આજ આપની આવી સ્થિતિ કેમ થઈ?' આ શબ્દો ઉચ્ચર્યા.

નવાબ સાહેબ એમ ચમકતા હોઈ બોલ્યા—"અહમદ! શું તું મ્હારી દિલચાલાકર નજર [illegible] છે? ચાલ, બાનતો થા—તો ચાલ પલાન?

પરંતુ અહમદ–[illegible] તા કે એક પગલું પણ પાછા ન હતાં–પુન બોલી ઉઠ્યો— 'પણ ખાવિંદ! આપની આ અસ્વસ્થતાનું કારણ આ મેર–[illegible] છે આપની દિલનવાજ સરકાર! [illegible] ગાબચાની આ મેરમની શી તાકાત! પગની ચાપ સાંભળી મ્હારી ગાદીમાંથી હું બ્હાર નીકળ્યો અને જોયું તો હજુર આપ પોતાના તણુ તરફ જોતા ગીઝ ગીઝ જોતા–વળી તંબુમાં જતા વળી બ્હાર આવતા [illegible] નજર કરતા ઊભતા–જોયા, સાહેબ! હું તરત બધું સમજી ગયો! [illegible] નથી ગરજિયાત [illegible] જે વાત કેવળ આપના હાથમાં છે, તે વાતનું બની આપને આટલી ચિંતા અસ્વસ્થતા, ને આટલો વિચાર શું કરવા જોઈએ તે? ફોકટ આપની આજ્ઞા હોય તો [illegible] શુદ્ધાખાનની ભયંકર ક્રોધિત મુદ્રા જોતાં અહીં જ તે અટક્યો, વધુ બોલી શક્યો નહીં. ખાન ક્રોધથી ઊછળીને એકદમ બોલી ઉઠ્યા—

'ચુપ અભાગી! એક અક્ષર પણ વધુ બોલ્યો તો તો ડોકું જ ઉડાવી દઈશ ચાલતો થા! હરામખોર! પાજી ગ્યાનો! અહમદખાં ચેતી ગયા. છેલ્લા શબ્દો કાને પડ્યા ન પડ્યા ત્યાં તો સપાટાથી વચ્ચે ભાગી ગયો. તેના ગયા પછી ખાનની સ્થિતિ અધિક જ અસ્વસ્થ થઈ તે પુન તંબુમાં ગયો [illegible] પણ એક પ્રકારના અત્યંત [illegible] યુક્ત વિચારે તેનું મન ઉદ્વિગ્ન થયું હોય એવું લાગ્યું. તે થાકીને અંતે પલંગપર પાછો પડ્યો અને મન માંહે જ બોલવા લાગ્યો— 'આજ પર્યંત હું આ બધી વાતોને કેવળ કાલ્પનિક સમજતો હતો. કેવળ દૃષ્ટાદૃષ્ટ થતાં જ આવી સ્થિતિ! મેં તદ્દન અસંભવ ધારેલું હતું પણ હવે આ પ્રત્યક્ષ અનુભવ! [illegible] પણ [illegible] આ રણશુક્લાખાન આવું [illegible] ક્યારે પણ [illegible] નહીં. મહત્ત્વાસ નાહીંમ્મત થાય નહીં, શક્તિ છૂટે [illegible] એ માટે આજ પર્યંત જેના બ્હાનાં કાઢતા તેવા જ કાઢીશ. આ કરતાં મને [illegible] ભક્તિની ઠેકાણું લાગવીશ નહીં પણ [illegible] પણ આથી વધારેના જો મ્હારા હૃદયમાં કોઈ વિચાર આવ્યા તો આત્મઘાત–આત્મહત્યા કરીશ" આવું બોલી તેણે અત્યંત દીર્ઘ નિશ્વાસ નાખ્યો. એમ આખી રાત્રિ જેમ તેમ પસાર થઈ.

દિવસ ઉગ્યો. [illegible] નીચે આવ્યો તો પોતાનીસાથે લઈ ખાને તરત બિજાપુર જવા માટે કૂચ કરી. સાથે નવીન મગન સરદાર પણ હતો, તેને વચન આપ્યા પ્રમાણે શ્રી નેદારની અને તેની મુલાકાત થવા દીધી નહીં. શ્રી નેદાર આમિલ ન વૃદ્ધ [illegible] તેની સ્વામિભક્તિની એકનિષ્ઠાની આ પ્રમાણેની કદર બચ્ચાળીમાં કદર થઈ!

—ચાલુ.

સમાલોચકનું વાર્ષિક લવાજમ રૂ ૪,

હિન્દુસ્થાન બહાર શીલીંગ ૭॥ = રૂ. પોણા છ.

છુટક અંકની કિંમત રૂ. ૦-૮-૦

સમાલોચકની જાહેરખબરો હમેશાં ઉત્તમ અને સ્થાયી ગ્રાહકો જ લાવી આપે છે. જાહેરખબરો વિનાનો વ્યાપાર એ વ્યાપાર નથી.

ન્હાની, મ્હોટી, જાહેર કે ખાનગી લાયબ્રેરીનાં

પુસ્તકોના ઉત્તમ સંગ્રહ.

૧.

સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠી—

	રૂ આ
સરસ્વતીચન્દ્ર ભા ૧ થી ૪	૯-૮
લીલાવતી જીવનકલા	૦-૧૨
દયારામનો અક્ષરદેહ	૧-૪
સ્નેહમુદ્રા (કાવ્ય).	૧-૦
Marriage Forms under Ancient Hindu Law	0-12
Classical Poets of Gujarat (1916 Edn)	0-6

પ્રૉ. કાન્તિલાલ પંડ્યા—

સ્વ. ગોવર્ધનરામનું જીવનચરિત્ર	૧-૦

સ્વ. પ્રૉ. મણિલાલ નભુભાઈ—

પ્રાણવિનિમય	૧-૪
ગુલાબસિંહ	૨-૪
કાન્તા	૧-૪
સુદર્શન ગદ્યાવલિ	૫-૦

રા. મણિલાલ છબારામ ભટ્ટ—

કાશીની રાણી (સાત સુંદર ચિત્રો સાથે)	૨-૦
સુંદર બ્હેન	૦-૧૨
રાજસ્થાનની જુની વાર્તાઓ (ચિત્રો સાથે)	૨-૦
પૃથુરાજ ચૌહાણ અને ચંદ બરદાઈ (નવી આવૃત્તિ ૭ ચિત્રો સાથે)	૨-૦
વનિસુંદરી	૧-૮
પતિવ્રતા સતીઓ (૨૪ ચિત્રો સાથે)	૩-૦
પ્રતિમા નાટક	૧-૦
ગુર્જરી, મુંબાઈની રોશની	૧-૪

રા. છગનલાલ હરિલાલ પંડ્યા—

	રૂ આ.
કાદમ્બરી (સચિત્ર) આવૃત્તિ પાંચમી	૨-૦
એકાન્તપૂર્ણ નગ (બીજી આવૃત્તિ છપાય છે)	
કાદંબરીનું અનુકરણ ભાગ પહેલો	૦-૮
સચિત્ર મધ્યાક્ષરના પત્તાં	૦-૮
મનોરંજક વાર્તાવલિ	૦-૧૨
વિશુદ્ધસ્નેહ	૦-૮
હાસ્યજનક નાના નાપ	૦-૬

રા. ગણપતરામ અનુપરામ ત્રવાડી—

[illegible] ([illegible] ગુજરાતી ભાષાન્તર)	૩-૦
દરિઆપારના દેશોની વાતો	૨-૦

રા. હિંમતલાલ અંજારિયા—

કવિતા પ્રવેશ	૧-૦
કાવ્યમાધુરી	૧-૮
મધુબિન્દુ	૦-૪
કિન્ડરગાર્ટન સંબંધી ૭ લેખો	૦-[illegible]


સ્વ. ભણુભાઈ ફતેહચંદ કારભારી—

અંગ્રેજી-ગુજરાતી પૉકેટ ડીક્શનેરી	૧-૧૨
ગુજરાતી-અંગ્રેજી "	૧-૧૨
સ્ટાર અંગ્રેજી ગુજરાતી ડીક્શનેરી	૦-૧૨
ટૉડનું રાજસ્થાન (બે ભાગના)	૫-૦

રા. ભોગીન્દ્રરાવ દીવેટીઆ—

આસીસ્ટંટ કલેક્ટર	(મળતી નથી)
નવરંગી બાળકો	૦-૪
કાઉન્ટ ટૉલ્સ્ટૉયની વાતો	૦-૪
ઉષાકાન્ત [સચિત્ર, બીજી આવૃત્તિ]	૨-૦
મોહિની	૧-૦
સોલીસીટર	૦-૧૨

એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કંપની, બુકસેલર્સ ઍન્ડ પબ્લીશર્સ,
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ, નં. ૨.



આખો વખત ખોં ખો કરનારાઓએ જીનતાનનો તરત જ ઉપયોગ કરવો.

દરિઆની મુસાફરી કરનારા દરેક માણસો તન્દુરસ્તી માટે જીનતાન પાસે રાખે છે.

જીનતાન—ગાનારાઓ અને ભાષણ કરનારાઓ પોતાના કંઠને માટે જીનતાનનો જ ઉપયોગ કરે છે

જીનતાનની એક બે ગોળીઓ પાનમાં ખાવાથી પાનનો અજબ સ્વાદ આવે છે ને મ્હોમાંથી દુર્ગંધ દૂર કરવા માટે જીનતાન વાપરવાની ખાસ ભલામણ કરવામાં આવે છે



જીનતાનનું એક પડીકુ આજે જ ખરીદો.

મોટું પડીકુ ગોળી ફેન્સી ડબી સાથે ૨ રુ
મધ્યમ પડીકુ ટીન ની ડબી સાથે ૦–૪–૦
નાનુ પડીકુ ફી ૦–૧–૦

સોલ એજન્ટસ—જીનતાન એજન્સી,
(જી આર ચૌબન)
જુમામસજીદ, મુંબઈ.

દરેક આબરૂદાર વેપારીઓ જીનતાન વેચે છે

વૈષ્ણવો અને સનાતનીઓને ખાસ ઉપયોગી અપૂર્વ પુસ્તક !

થોડા વખતમાં બહાર પડશે ! !

બંગાલના આ પ્રસિદ્ધ દેશસેવક સાધુ પુરૂષ

બાબુ અરવિંદ ઘોષના

નામથી કયો હિન્દીજન અજાણ્યો છે ?

આ વિદ્વાન્ નરરત્નના

વિદ્વત્તાભર્યા પંદર ઉત્તમ લેખોનો સંગ્રહ

અરવિંદ ઘોષનું તત્વજ્ઞાન.

છપાય છે-થોડા વખતમાં બહાર પડશે.

(તેમની સુન્દર છબીઓ તથા જીવનચરિત્ર સાથે)

લેખક,

રા. મોતીલાલ જેઠાલાલ મહેતા.

અગાઉથી ગ્રાહક થનાર પાસેથી

મૂલ્ય રૂપીઆ બે, પોસ્ટેજ ચાર આના જુદું

લખો — રમણીકરામ ગોવર્ધનરામ ત્રિપાઠી,

મોરારજી ચાલ્સ નં. ૨/૩૬,

સેન્ડહર્સ્ટ રોડ, ગિરગામ, મુંબાઈ.

સમાલોચક

મુખ્ય લેખો.

ગુજરાતની પ્રાન્તિક પરિષદો.

આપણા સાહિત્યને માટે
શું કરી શકીએ?

આત્મા પરમાત્માની રૂપરેખા
કેમ દોરી શકે?

તૃતીય રાજકીય પરિષદ.

વાર્તાઓ

ગૃહગમન—ની વાર્તા

ઉષા—'સ્વરાજ્ય—પ્રતિજ્ઞા'.
(ચાલુ ઐતિહાસિક વાર્તા)

ઉપરાંત અન્યાન્ય કવિતાઓ વગેરે

જાન્યુઆરી ૧૯૨૦ નો પહેલો અંક વી પી. થી મોકલવામા આવશે, તે સ્વીકારી લેવા સોને વિનતી છે.

'સમાલોચકનું ચાલુ લવાજમ.

સમાલોચકનુ વાર્ષિક લવાજમ ૩ ૪-૦

૧ હિન્દુસ્તાન બહાર શીલીંગ ૭॥ =રૂપીઆ પોણા છ.

ચાલુ ડીસેમ્બરના અમારા અંક સાથે 'સમાલોચક'નુ આ વર્ષ પુરૂ થઈ ન્યુઆરી ૧૯૨૦ ના અંકથી 'સમાલોચક'નુ નવુ વર્ષ શરૂ થાય છે તે વાત ઉપર મારા ગ્રાહકોનુ ધ્યાન ખેંચતા અમે વિનતિ કરીએ છીએ કે,

'સમાલોચક'ના આજ સુધીના વ્યવહારમા શરૂઆતમા અમારે લેવા જોઈતા લવાજમના નિયમ વિરૂદ્ધ પણ કેટલેક વખતે વર્ષ પુરૂ થતા સુધી પણ કોઈ કોઈ ગ્રાહકોના લવાજમ માટે રાહ જોવામા આવતી હતી,

પરતુ વર્ષના અમુક માસ પર્યંત અને કેટલીક મુદત સુધી લગભગ આખુ વર્ષ માસિક મગાવ્યા પછી અમારા એ ગ્રાહકો તરફથી છેવટે વી પી પાછુ ફેરવવામા આવે છે અને આમ લવાજમ મોકલવામા આવતુ નથી તેને લીધે અમારે નાહક ખર્ચમા ઉતરવુ પડે છે તેથી,

અમારા સર્વ ગ્રાહકબન્ધુઓને આથી વિનતિ કરીએ છીએ કે ૧૯૨૦ ના નવા વર્ષથ ઓએ અને જાહેર સસ્થાઓએ માસિક મગાવવુ ના હોય તેમણે ડીસેમ્બર પુરો થત તાકીદથી અમને તે પ્રમાણે ખબર કરવાની કૃપા કરવી કે અમ્હારે નાહકના ખર્ચમ પડે નહિ, અને જેમને ગ્રાહક તરીકે ચાલુ રહેવાની ઈચ્છા હોય તેમણે માસિકનું લવાજમ અને હિન્દુસ્તાન બહારના ગ્રાહકોએ રૂ પોણાછ તાકીદથી અમને મોકલી આપવ વી જેમનાં લવાજમ વખતસર નહિ મળે તેમને જાન્યુઆરીનો નવો અંક ત. કરવામા આવશે કારણ કે નવા વર્ષથી લવાજમ શરૂઆતમા જ લેવામા ા; હિન્દુસ્તાન બહારના જે ગ્રાહકોના લવાજમ ડીસેમ્બરની છેલ્લી તારીખ નહિ મળ્યાં હોય તેમને જાન્યુઆરીથી અંક મોકલવામા આવશે નહિ.

જરા વિચારશો?

સાધારણ રીવાજ મુજબ ગ્રાહકો માસિકનો પહેલો અંક વી પી થી મગાવે છે, પરન્તુ તેથ ી મુશ્કેલીઓ વધે છે કારણ કે,

પોસ્ટ ઑફિસવાળા એક જ દિવસે બધા વી પી લેતા નથી, પણ હમેશ થોડા થોડા લે છે રિણામે બધા ગ્રાહકોને વી પી જતા સ્હેજ છથી આઠ દિવસ થઈ જાય છે, એટલે વી. પી થી ડો જ મળે એ સ્હમજી શકાશે,

અમ્હારે વી પી કરતા નયુઘણી મહેનત કરવી પડે—લેબલ બનાવવાં, તેના ફોર્મ્સ ક વા સ્ટ ઑફિસમા આખા દિવસના દિવસો ગુમાવવા

છતા

ગ્રાહકોને અંક તો મોડા જ મળે, અને દસે કે બારે દિવસે, કે ગ્રાહક રજુન ખમાં ટેઃ તો વીસ પચીસ દિવસે અમ્હને પૈસા મળે, દરમિયાન નવો અંક તૈયાર થયો હોય તોયે જ્યા સુધી પોસ્ટ ઑફિસમાથી પૈસા ના મળે ત્યા સુધી એ નવો અંક મોકલી શકાય નહિ.

માટે જ

સૌ ગ્રાહકોને વિનતિ કરવાની કે તેમણે મનીઑર્ડરથી જ લવાજમના રૂ. ૪ મોકલી આપવાની કૃપા કરી ગોઠવણ કરવી, તેથી તેમને સ્હેજ પણ વધારે ખર્ચ નહિ થાય ઉપર પોતાનો ગ્રાહક નબર, નામ અને ગામનુ નામ સ્પષ્ટ રીતે લખવુ મનીઑર્ડરથી પણ ગ્રાહકોને રૂ ૪-૧-૦ નુ ખર્ચ થશે અને વી પી થી પણ તેજ થશે તો આટલી સવડતા શા માટે ના કરી શકાય?


પાછલા ગયા વર્ષોમા કેટલીક આર્થિક અગવડો વેઠીને પણ સમાલોચકમા નિયમ કરતા વધારે પૃષ્ઠ અને વધારે ચિત્રો આપવામા આવ્યા છે તે રીતે ૧૯૨૦ મા પણ આપવામાં આવશે એટલુ જ નહિ પરન્તુ મોઘવારી શમે અને શાંતિ પ્રવર્તે તો 'સમાલોચક'ને હજી વધારે મનોગમ્ય કરવાનો અમ્હારો અભિલાષ છે અને વધારે ચિત્રો તથા બનતા પ્રયત્નથી મેળવીને ઉત્તમ લેખો આપી સમાલોચકમા કલા અને સાહિત્યને વધારે સગીન સ્થાન આપવા અમારો નમ્ર સંકલ્પ છે, તે સકલ્પની સિદ્ધિ અમારા ઉદારચરિત અને સાહિત્યપ્રિય ગ્રાહકો અને ગુજરાતના અભ્યાસકો અને સુશિક્ષિત લેખકો, અને ગુજરાતના ચિત્રકારો એ સૌના ઉપર જ આધાર રાખે છે. ગુજરાત અને ગુજરાતી ભાઈઓ માટે અભિમાન રાખતા સ્વયસેવકોએ પોતાના વિચાર આચારમા મૂકી કાર્યવાહી થવાની જીવત જરૂર છે સમાલોચકના કાર્યવાહકો તેમના ઉત્સાહને અને સહાનુભૂતિને પ્રેમથી સન્માનસહિત વધાવી લેવા નિરતર તૈયાર છે; અને તે માટે તે હમેશા આગ્રહી અપેક્ષા રાખે છે

ગુજરાતના ઉત્સાહી ચિત્રકારો, એમેચ્યુર ફોટોગ્રાફરો અને વિદ્વાન્ અને ઉત્સાહી લેખકો પોતાની કૃતિઓથી સમાલોચકના કાર્યવ્યવહારમા પોતાના તરફથી સાહાય્ય આપી અમને ઉત્સાહ અને ઉત્તેજન આપશે એવી અમને દૃઢ આશા છે અમે અત્રે તે સર્વને અમને સહાયભૂત થવા નમ્ર વિનતિ કરીએ છીએ તેમ જ અમારા ઉદારચરિત ઉત્સાહી ગ્રાહકબન્ધુઓ પોતાના ઉદાર ઉત્તેજન ઉપરાત અમને નવીન ગ્રાહકો મેળવી આપવા કૃપા કરશે તો અમારા આ દેશહિતના કાર્યમા જરૂર સહાય્યરૂપ નીવડશે. 'સમાલોચક'ના ચિત્રો અને કાગળો વિગેરે માટે આ મોઘવારી—જે હજી પણ વધતી જ જાય છે—ના સમયમા અમારા ગ્રાહકોના આટલા ઉદાર આશ્રય અને સદ્ભાવ માટે તેમના મહદુપકારી બનીશુ

આ નમ્ર વિજ્ઞપ્તિ અરણ્યરૂદન નહી નીવડે એવી અમને આશા છે

મુબાઈ, ૧ લી ડીસેમ્બર ૧૯૧૯,
સમાલોચક ઑફિસ,
મોરારજી ગોકલદાસ ચાલ ન૦ ૨/૩૬,
સેન્ડહર્સ્ટ રોડ, ગિરગામ, મુબાઈ ન. ૪

રમણીયરામ ગો. ત્રિપાઠી
પ્રકાશક





૨૦ વરસની જુની દુકાન.

હીરા તથા ઝવેરાતના વેપારીઓ

સુરજમલ લલ્લુભાઈની કું.

હમારે ત્યાં કોઈપણ જાતના મોટી તથા નાની સાઈઝના
હીરાઓ તથા મોતી માણેક પાના વિગેરે ઝવેરાત છુટક
તથા જથાબંધ મળશે

હાલની ચાલુ ફેશનનું કોઈપણ જાતનું ઝવેરાત તથા સોના
ચાંદીના દાગીનાઓ તૈયાર તેમ જ ઓરડરથી બનાવી
આપવામાં આવશે

હમો માલની આંકણી કરી આપીશું તેમ જ ઝવેરાતના
દાગીનાને રીપેર કરી આપીશું

૨૦-૨૨૫-૨૨૭ કાલબાદેવી રોડ, પોસ્ટ ઓફીસની
સામે મુંબાઈ.

ટેલીફોન નં. ૨૨૩

ટેલીગ્રાફ એડ્રેસ, Calmness, Bombay

તમોને દેશી સાબુપર

વિશ્વાસ નથી.

કેમકે મોટે ભાગે દેશી સાબુ વાપરતા મારા શરીરની ચામડી તરડાઈ જાય છે,—પરન્તુ તમો જાણીને ખુશ થશો કે દેશી સાબુની એ બનાવટમા અમારા રસાયનશાસ્ત્રીઓએ મોટો સુધારો કરી આ નવો સુગંધી

સુગંધી સાબુ.

રેલ્વે સોપ

બનાવી બહાર પાડ્યો છે કે જેની ઉત્તમ બનાવટ તમા । સ્વદેશી ચીજો વાપરવાના ચાહને કાયમ રાખે છે વળી—


રેલ્વે સોપ.

કપડા ધોવાનો સાબુ વાપરો.
કીમતમાં કીફાયત. જલદી ઘસાય નહિ તેવો.

ધી રેલ્વે સોપ મેન્યુફેક્ચરીંગ કો.

☐ પ્રિન્સેસ સ્ટ્રીટ—મુંબાઈ.

વા ળ આ ટ વા પ રો.



શા તિ આ ટ વા પ રો

(રજીસ્ટર્ડ.)

આખા હિંદુસ્થાનમા આ તેલ જેવુ તેલ મળે તેમ નથી અમારા તેલ માટે ઉપરનો બ્લોક તપાસવો જેથી ઠગાશો નહીં

બાટલી એકની કીમત રૂ ૧, ટપાલખર્ચ જુદું વધુ માટે લખો—ગામોગામ એજન્ટો જોઇએ છે સારૂ કમીશન આપીશુ લખો—

વ્યવસ્થાપક. યોગબળ મન્ત્રાલય

૧૦૮, ગીરગામ બેકરોડ—મુંબાઈ નં. ૪.

P 1
Oct 19

P 2
Oct 19.

 આપના ઑર્ડરમા સમાલોચકની નોધ લેશો.

અવશ્ય વાંચો

સ્વતંત્ર વિચાર શ્રેણીથી, શુદ્ધ ગુજરાતી
ભાષામા લખાયલા કોઈપણ વિષયક
પુસ્તકો,
ભિન્ન અગ્રેજી, બગાળી, મરાઠી કે સસ્કૃત
પુસ્તકોના અનુવાદો કે ભાષાન્તરના
પુસ્તકો,
વાર્તાઓ, નવલકથાઓ, નાટકો,
કે
સાહિત્યના કોઈપણ વિષયક,
રાજકીય, સામાજિક આસારિક, ઔદ્યોગિક
પુસ્તકો, ના
કર્તાઓએ છપાવવા જનારાનો કે
તેના પ્રકાશન માટે શોધ કરવા જનારાનો શ્રમ
લેવો નહિ.
એ સબન્ધમા યોગ્ય માગણી સાથે પુરતી વીગતો
નીચેને ઠેકાણે લખી પુછાવશો તો
નિરાશ ઓછા થશો.

રમણીયરામ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી,
મોરારજી ગોકલદાસ ચાલ ન ૨, ૩૬,
સેન્ડહર્સ્ટરોડ, ગીરગામ, મુબાઈ

આ સમાલોચકની નોંધ લેશો.

આપના માં સમાલોચકની નોંધ લેશો

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत्।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥ भ गी १७-१५

પુસ્તક ૨૪ મું.] નવેમ્બર ઈ. સ. ૧૯૧૯. [અંક ૧૧ મો.

તંત્રી—રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.

રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ., એલએલ. બી.

પ્રકાશક—રા. રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી.

વિષય. વિષયાનુક્રમણિકા. પૃષ્ઠ.

વાર્ષિક લવાજમ રૂપીઆ ચાર,
હિન્દુસ્તાન બહાર શીલીંગ ૧૨॥=રૂ. ૫-૧૨-૦. છુટક અંકની કિંમત આઠ આના
આ લવાજમ શરૂઆતમાં જ લેવામાં આવે છે.



નામદાર ગોકલદાસ કહાનદાસ પારેખ,

પ્રમુખ

શ્રીજી ગુજરાત રાજકીય પરિષદ્—સુરત, ૧૯૧૯



પુસ્તક ૨૮ મું.] નવેમ્બર, ઈ. સ. ૧૯૧૯ [અંક ૧૧.

ગુજરાતની પ્રાંતિક પરિષદો.

લેખક—રા. રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી.

૧. ત્રીજી ગુજરાત રાજકીય પરિષદ.

ચાલુ નવેમ્બર માસની તા ૧,૨,૩ ની રોજ ગુજરાતના આ એક વખતના વૈભવશાળી શહેરમાં ગુજરાતની ત્રીજી રાજકીય પરિષદનું અધિવેશન નામદાર ગોકળદાસ કહાનદાસ પારેખના પ્રમુખપણા નીચે ભરાયામાં આવ્યું હતું. અમ્હારો એ અંગત મત હતો અને હજી પણ એ જ છે કે હિન્દ સમસ્તને માટે જેમ જરૂરનું છે તેમ જ ગુજરાતને માટે પણ આવશ્યક છે કે નવા અને જુના વિચારના યુવાન અને વૃદ્ધ ગુજરાતીઓએ આપણા પ્રાન્તના જીવનપ્રશ્નોના ઉકેલ સાથે મળી પરસ્પરના સહકારથી જ કરવા જોઈએ. શાંતિ અને વિચારભેદ ક્યાં હોતા નથી? અને એ પ્રશ્નો ચર્ચા તેના સત્ય સ્વરૂપમાં ક્યાંથી આવી શકે? આ જ સિદ્ધાન્તને અનુસરી અમ્હે નામદાર પારેખનું નામ પરિષદના પ્રમુખ તરીકે સૂચવ્યું હતું. પરિષદ પાસેથી એક આશાભર્યો ભાવનાવાદી તરીન મહેનતથી અમ્હે એ આશા રાખી હતી કે વીર નર્મદની વીર જન્મભૂમિ અને નર્મદાશંકર અને નર્મદાશંકરની આ માતૃભૂમિ પોતાના કર્તવ્યમાં કોઈ રીતે પછાત નહિ પડે, પ્રથમ બે પરિષદોની ખામીઓ અને સુધારી લેવામાં આવશે અને સુરતની પરિષદ ગુજરાતના રાજકીય જીવનને વધારે તેજસ્વી બનાવશે. મનુષ્ય માત્રમાં રાગદ્વેષ અને ઈર્ષ્યાના બીજ ન્હાના મ્હોટા રૂપમાં વિકાસ પામેલા હોય છે તેમ ગુજરાતમાં છે અને સુરતમાં પણ છે. એની પ્રતીતિ ગત જ દસકામાંથી અમ્હને થઈ ચુકી હતી. અમે આશા રાખી હતી કે એ ક્ષણિક નીવડશે

પણ ૧૯૦૭ ના આત્મઘાતિ પ્રસંગોથી કલંકિત થયેલું સુરત પોતાના દોષ હજી યથાર્થ રીતે સુધારી શક્યું નથી એ વાતથી અમ્હને ખેદ થાય છે પરિષદ્–રાષ્ટ્રીય પરિષદ–નો સમારંભ બહુ ઓછી રીતે ફતેહમંદ નીવડ્યો એમ અમ્હારૂં માનવું છે પ્રથમ બે પરિષદોએ જે પ્રતિકૂલ સંજોગોમાં રહીને પણ અસાધારણ સફલતા મેળવી હતી, તે સુરત અનુકૂલ સંજોગોમાં પણ મેળવી શક્યું નથી એ મહા ખેદની વાત છે ગોધરાના ન્હાના ગામડામાં, નડિઆદના ભયંકર દુષ્કાલમાં–એમણે–ત્યાંના નગરવાસીઓએ–જે ઉત્સાહ દર્શાવ્યો હતો, અને પરસ્પરના મતભેદોને દૂર કરી પરિષદ સફલ ઉતારી એ, સુરતે કર્યું નથી સુરતની પરિષદ્‌માં અડધો મંડપ ખાલી અને માત્ર સાડાત્રણ હજાર માણસોની હાજરી ! એ બતાવે છે કે પરિષદ્‌ના કાર્યવાહકોએ જોઇએ તેટલો ઉત્સાહ બતાવ્યો નથી સુરતની પ્રજા હજી પ્રજાજીવનમાં ઉંઘે છે કે શું? એ સ્હેજે સ્હેજે પૂછાય છે સુરતના સુરતીજનો કરતા બહારના અતિથિઓનું પ્રમાણ મ્હોટું–વિશાલ હતું

બીજી બાજુથી ગુજરાતના અગ્ર–ગુજરાતીઓ, શિક્ષિત જનો, પ્રતિષ્ઠિત અને ધનિક ગૃહસ્થોની ગેરહાજરી તરત જ આંખે ચ્હડે એમ હતી ગુજરાતના 'શહેરીઓ' પોતાની જ પ્રાન્તિક પરિષદોમાં ત્રણ દિવસ પણ નિયમિત હાજરી આપી શકે નહિં કે આપવા અશક્તિ બતાવે એ શરમમિશ્રિત અત્યંત ખેદની વાત છે ઑગસ્ટમાસના અંકના અમ્હારા લેખમાં અમ્હે સમસ્ત ગુજરાતીજનોને વિનતિ કરી હતી તે વિનતિ આમ અરણ્યરૂદિતમ્ નીવડી જોઇને અમ્હને અતિશય દુઃખ થાય છે આશા છે કે ગુજરાતીઓ પોતાનો સ્વધર્મ વધારે નિકટપણે સમજતા થશે–પ્રાન્તની જાહેરસેવામાં વિશેષ ભાગ લેતા શીખશે

સ્વાગત મંડળના પ્રમુખ રા બ ખંડુભાઇ ગુલાબભાઈ દેસાઈ લગભગ સીત્તેરથી પણ વિશેષ વયના વૃદ્ધ સુરતીજન છે એ વૃદ્ધ જન, નામે રા ગોકલદાસ પારેખ કે જેમનું વય પણ એટલું જ છે અને તે ઉપરાન્ત બીજા બે ત્રણ ગૃહસ્થો–એમની જ ઉમ્મરના–ને ગુજરાતની આ પરિષદ્‌ના માંચડા ઉપર જોતાની સાથે અમ્હને કંઈ અવનવી જ લાગણી થઈ હતી અને તે એ જ કે જે વૃદ્ધ વયે આ દેશજનો દેશસેવા કરવા આગલી ભની આજ તત્પર રહ્યા છે તે આપણું મંગલચિહ્ન જ બતાવે છે. રા બ ખંડુભાઇએ બાર પાનાનું ભાષણ બહુયે લગભગ પોતે વાચ્યું હતું રા બ ખંડુભાઈના આ ભાષણમાં હિન્દ સમસ્તને અને ગુજરાતને લગતા પ્રશ્નોની ચર્ચા હતી અમ્હારે ન્યાયની રીતિએ કહેવું જોઇએ કે રા બ ખંડુભાઇનું ભાષણ અમ્હે ધાર્યું હતું તે કરતા વિશેષ ઉંચા પ્રકારનું હતું આપણા વર્તમાન દેશજીવનને જે પ્રશ્નોએ અત્યારે હચમચાવી મુક્યું છે તે પ્રશ્નોની એકંદરે સારી ચર્ચા એ ભાષણમાં હતી. કોઇક કોઇક સ્થલે તો ભાષામાં શાપ હતું તો કોઇક કોઇક સ્થલે હિન્દનો એમાં પડેલા દુઃખ અને ત્રાસ અને અન્યાય સ્હામે વ્યાપેલો ક્રોધ અને ઠપકો હતા એ કહે છે કે,

"જીન સરોસની લડાઇમાં પ્રાણ પાથરી અપૂર્વ સેવા બજાવનાર સરદાર પંજાબની બહાદુર પ્રજા ઉપર જે કેર વર્તાયો છે તેથી પંજાબ તરફ આખા દેશની–લોકલાગણી ક્યારની ભારથી ઉશ્કેરાઇ છે અને તે વાત ખરા માટે, તથા બ્રિટીશ રાજ્યપરની શ્રદ્ધા ઓછી થતી નિરાશા અટકાવવા

રહે તેને માટે પંજાબના લોકનાયકોને ખુશ કરવા અથવા પંજાબની પ્રજાને સંતોષ થાય તેવી રીતે ન્યાય આપવો જ્યાં સુધી પંજાબના લોકનાયકો પંજાબની સખ્તાઈની રાજ્યનીતિના પરિણામે જે ત્રાસો ભોગવે છે ત્યાંથી છુટા ન થાય ત્યાં સુધી આખો હિંદ ગમે તેવા સુધારા આપવામાં આવે તો પણ પોતાનો આનંદ પ્રદર્શિત કરશે જ નહિ ' આ ઉપરાંત આફ્રિકાના નવા જંગલી અમાનુષી અને સ્વાર્થી કાયદા સ્હામે, ગ્રામ્ય પંચાયતોની ખીલવણી, ગુજરાતના બંદરોના વિકાસ વિગેરે સમ્બન્ધમાં પણ એમણે ટુંકમાં ઠીક જ કહ્યું છે

પરિષદના પ્રમુખ નામદાર ગોકળદાસ પારેખનું ભાષણ બીજી તરફથી વધારે ગૌણ અને ફિક્કુ હતું એમના ભાષણથી અમ્હને બહુ રીતે અતિશય નિરાશા થઈ એક તો એમના ભાષણમાં અંગ્રેજી શબ્દો એટલી બધી છુટથી વપરાયા હતા કે ગુજરાતી જ જાણનારા ગુજરાતીઓને આ ભાષણ વાંચતાં અને સાંભળતાંમાં મિથ્યા કાનક્ષેપ કર્યા જેવું સ્વાભાવિક રીતે લાગી જાય એક સાક્ષર વૃદ્ધ ગુજરાતીના ભાષણમાં આવી વર્ણસંકરતાની અવધિ જોઈ અમ્હારૂં મન બહુ ખિન્ન પામ્યું ' આ ભાષણ ગુજરાતી નથી પણ અંગ્રેજી છે ' એવું કહેતાં અમ્હે તો મંડપમાં લોકને સાંભળ્યા છે બીજું નામદારશ્રી પોતે એ વાંચીને લોકને સંભળાવી શકે એમ નહિ હોવાથી કોઈ તદ્દન અજાણ અને જેને બીલકુલ ગુજરાતી બોલતાં પણ આવડતું નહતું એવા કોઈ સુરતી પાસે ભાષણ વંચાવવામાં આવ્યું હતું અમ્હને ખબર છે કે પ્રતિનિધિઓમાંના કોઈએ આ બાબત ઉપર તેમનું ધ્યાન વાજબી રીતે ખેંચ્યું હતું, પણ પરિણામ શૂન્યાકાર આવ્યું ત્રીજી બાબત તો અતિ મહત્વની હતી તે એ કે અમ્હે એવી આશા રાખી હતી કે નામદાર પારેખ સાહેબનું ભાષણ ગુજરાતીઓને સારૂં પ્રોત્સાહન આપશે અને દેશના જીવનમાં અત્યારે જે કારી મુશ્કેલીઓ ઉભી થઈ છે તેના નવા જ માર્ગ એ બતાવશે પરન્તુ એમાંનું એમાં કાંઈ જ ન હતું ગુજરાતની પ્રજાએ રાઉલેટ બીલ જીવનમાં વણી દીધું છે સુધારાઓ કિંવા કમીશનોના પાઠ એ ભણી ગઈ છે અને દેશનો છેલ્લા પાંચ વર્ષનો ઇતિહાસ એના હોઠે છે તે વખતે તે બધાનું નિરર્થક પિષ્ટપેષણ જરૂરનું ન હતું એ નામદાર કહે છે કે,

"આપણા દેશમાં ઘણા માણસોનો અભિપ્રાય એ છે કે આપણું હિત ઘણાં ટ્રાન્સફર ખાતાં કરાવવામાં અને તેનો વહીવટ મીનીસ્ટરોને આપવામાં છે હું એ અભિપ્રાયની કેવળ મળતો નથી ' એમ વર્ણવી આપણા કામમાં આપણને અનેક મુશ્કેલીઓ નડશે તથા એવાં ખાતાં ચલાવવા આપણને માણસો નહિ મળે એવું એવું ઘણું કહે છે વિવાદની ખાતર આપણે આ વાત કબુલ રાખીશું પણ અમ્હે સાથે એ જ પુછીશું કે બીજા દેશોના ઇતિહાસમાં શું થાય છે? આપણા ભુતકાળના ઇતિહાસને પૂછશો? અને વર્તમાનમાં પણ બીજે જ શું અન્ધારૂં દેખાય છે? નામદાર સરકારના અધિકારીઓના જ્ઞાન અને બુદ્ધિના પ્રકાશ તો પંજાબની હન્ટર કમિટી પાસે એ માનવંતા જનોએ આપેલી સાક્ષીઓની સાક્ષીમાં રજુ થયાં છે અને વધારે નિકટપણે પુછીએ તો વકીલાતની પરિક્ષામાં ઉત્તીર્ણ થઈ પ્રથમ જ વાર ન્યાયાસન પાસે જતી વખતે એ નવા વકીલને કયા વેપારહારનું શું જ્ઞાન હોય છે? તેમ જ જગતનો બધો વ્યવહાર માં છે શરૂઆતમાં—વિવાહની

ખાતર સ્વીકારીએ કે—અને એ કંઇ સત્ય પણ છે કે—આપણને કટોકટી નડશે પણ તેથી શું ? જો બુદ્ધિ અને શક્તિ હશે તો બુદ્ધિશાળીનો અને ઘણું કામ મ્હેનતે કરી શકશે—આમ નામ કે ગોકલ્દાસ પારેખના અતિ નામના આપણામાં પ્રેરણાદાન તો નામ જ ન હતું તેમ રાજકીય વિષયોમાં કામ કરવાની મહત્તા ધરાવનાર વ્યક્તિઓને માર્ગસૂચક બોધ સૂચનાઓ ન હતી, કે ન હતી આપણા જીવન પ્રશ્નો ઉપર વ્યવસ્થિત ચર્ચાઓ, પણ હતી એમાં અનુભવની છુટક છુટક લાગણીઓ અને સરકાર માબાપ તરફ વધારે પડતો કે ઓછી પડતી સ્નેહરમ્ય હતા. એમ અધિકારીનાસન અને અધિકારી—ત્યકનઆની આસપાસની સુદૃઢ અને વ્યવસ્થિત મોહિનીનો અહંકાર અને પક્ષપાતની ઉંડી છાયા અને પ્રજાના જીવનના વર્તમાન અને ભવિષ્યના ઇતિહાસ તરફ પ્રમાણમાં થોડી કાળજી કે બીજાના અભિપ્રાય કે અભિલાષ માટે અંતરથી ઓછી માનવૃત્તિ પરિષદના સમારંભ વચ્ચે આખી પરિષદના સમૂહની ઇચ્છા વિરૂદ્ધ—કોઇ સમર્થ દલિલો વિના પોતાના અભિપ્રાયને જ વળગી રહી નૉં. ચેમ્સફર્ડની પાછા ખેંચાની લેવાના ઠરાવ મહામેનુ તેમનુ વર્તણ બિલકુલ ગેરવ્યાજબી અને પ્રજામાં તેમને માટે અસંતોષ—કઈ નારાજી—ઉભા કરે એવું હતું વિષય નિર્ણાયક સભામાં પ્રતિનિધિઓ સર્વાનુમતે જે ઠરાવ પરિષદમાં રજુ કરવા નિશ્ચિત કર્યું હતું, તે ઠરાવને છેવટે પોતાના નકારના જોગ ફેંસલાને લઇને પરિષદમાંથી ના મુકવા દેવામાં અમ્હને તો કંઈ જ દૂર અંદેશી કે અનુભવનું ડહાપણ જણાતું નથી વિષયનિર્ણાયકસભામાં પસાર કરેલા ઠરાવો પરિષદમાં ગમે તે ભોગે પણ રજુ થવા જ જોઇએ—એ ભાવે સમત ના હોનાર વ્યક્તિઓને પોતાના નકારનો સૂર પુરવાનો અધિકાર ક્યાં નથી ? આમ એકંદરે અમ્હને એમ આપણુથી—વર્તણુથી નિરાશ થવા જેવું લાગે છે—તેથી અમ્હને દુખ થાય છે અને અમ્હે આશા રાખીએ છીએ કે પરિષદોના પ્રમુખ મહાશયોએ બહુ શાન્તિ અને ડહાપણ અને વિવેક રાખવો જરૂરનો છે પ્રજાના અભિપ્રાયની મત્યાસ યના ઉપર ઉંડી નજર નાખી વિચાર કરવાની જરૂર છે આપખુદી સત્તાનો ઉપયોગ, અમ્હારે કહેવું જોઇએ જ છે કે અમ્હો તો પ્રથમ પરિષદમાં પણ થોડો લાગ્યો હતો, બીજી પરિષદમાં તો બહુ જ લાગ્યો હતો અને આ પરિષદમાં તો આમ અરુચિ જ થઇ હતી ! જો કે એ વૃદ્ધજનની એ એકંદર શાંત પ્રકૃતિ લોકનું ખાસ ધ્યાન ખેંચે એવી હતી નેતા થનારાઓએ ગમે તે ઉમ્મરે પહોંચ્યા પછી પણ નેતૃત્વ માટેના શિક્ષણપાઠ શીખવાની—અધુરા પુરા કરવાની જરૂર છે એ વાતની પ્રતીતિ અમ્હને તો આમ થઈ છે જ

હવે, પરિષદના ઠરાવો સંબંધમાં કહેતા અમ્હે પરિષદના સુકાનીઓનું લક્ષ્ય નીચેની બાબત તરફ ખેંચીએ છીએ—

આપણી પરિષદોનાં બંધારણ ઘડ્યા પહેલા આપણે પરિષદો ભરવાનું શરૂ કર્યું પ્રથમ પરિષદને વખતે બંધારણનો ખરડો તૈયાર કરવાનું નક્કી ઠર્યા પ્રમાણે એ ખરડો બીજી પરિષદ સમક્ષ રજુ કરવાનો હતો જ પણ 'આખા હિન્દુસ્તાનના પ્રશ્નોના વિચાર ત્રણ દિવસમાં થઈ શકે છે, ત્યારે આપણા ગુજરાતના સવાલોના વિચાર કરવા ત્રણ દિવસ પણ પુરતા થઇ શકેલ નથી એ ઘણું આશ્ચર્યકારક લાગે છે ' એ જ કે એવા જ કોઈ ન ઇચ્છવા યોગ્ય કારણો ગણેલાં માંહેનાથી પરિષદના એક જવાબદાર મહાશયે વિષયનિર્ણાયક સભામાં ઉચ્ચારેલા અમ્હને સ્મરણમાં

—તેના પરિણામે અને બીજા કેટલાંક કારણોને લઈને એ ખરડો પરિષદ પાસે રજુ કરવા વિચાર આ વખતે વર્ષ ઉપર મુલતવી રાખવામાં આવ્યો હતો. પરિષદના કાર્યના આ ઉપયોગી અંગ તરફ આમ અકારણ દુર્લક્ષ્ય આપવામાં આવ્યું હતું એ મહા ખેદનો વિષય છે. વર્ષે તો કાર્યવાહકોએ એ ખરડો—બહુ અધુરો કેટલાક માસ પહેલાં પ્રગટ કર્યો હતો. સ્વાગત મંડળના પ્રમુખ રા. બ. ખંભાઈએ પોતાના ભાષણમાં જણાવ્યું પણ હતું જ "નડિયાદ ખાતે નિમાયલી કમિટિએ આપણી પરિષદના બંધારણનો ખરડો તૈયાર કર્યો છે, જે આપ સમક્ષ રજુ કરવામાં આવશે." અમ્હને અત્યંત શોક થાય છે કે આ ખરડો રીતે બેદરકારી પણ રજુ કરવાની જરૂર કાર્યવાહકોએ જોઈ નથી. આમ પોતાની જ સગવડો તેવાની [illegible] દ્રષ્ટિ રાખવા સ્હામે અમ્હને સખ્ત વાંધો ઉઠાવવાની જરૂર લાગે છે અને હવે આ ખરડો જેમ બને તેમ જલદી નક્કી કરી આવતી પરિષદમાં સૌથી પહેલું સ્થાન એને આપવા જરૂર કાર્યવાહકો જોશે જ એમ અમે આશા રાખીએ છીએ.

પરિષદના ઠરાવો એકંદર રીતે સારી રીતે ઘડાયા છે અને સમસ્ત હિન્દના જીવન તેમ જ ગુજરાતને લગતા પ્રશ્નોને વ્યાજબી રીતે તેમાં સ્થાન આપવામાં આવ્યું છે. પંજાબ સરકાર અને તેની રાજનીતિ, ઇન્ડેમ્નિટી બીલ, ખીલાફત, ગુજરાતમાં સગવડ મેટરનમેન્ટ, ટર્કીને પ્રતિજ્ઞા, પ્રજાહક્કનું જાહેરનામું, છાપખાનાનો કાયદો, ડીફેન્સ ઑફ ઇન્ડીઆ એક્ટ, રોલેટ એક્ટ, આફ્રિકા, ગુજરાતમાં નહેરો, ગોચર, ગુજરાતના બંદરો, વિદ્યાર્થીઓ અને રાજકારી સભાઓ, જુનાગઢ, નડિઆદ અને બારેજડીમાં વધારાની પોલીસ, ચેક, સ્વદેશી, કેળવણી, ન્યાય અને કારોબારી ખાતાની જુદા પાડવા વિષે, જેવા મહત્વના ઠરાવો પરિષદમાં વ્યાજબી રીતે મુકવામાં આવ્યા છે અને વર્તમાનની ખાસ જરૂર છે કે ચર્ચા પણ એકંદરે સંતોષ આપે એવી જ હતી. ઠરાવો અને ચર્ચાઓના સ્વરૂપ તરફ દ્રષ્ટિ નાંખતાં કહેવું પડે એમ છે કે પરિષદ આ વિષયમાં તો સફળ હતી. પરન્તુ તે માટે સુરતને બહુ અભિનન્દન આપી શકાય તેમ નથી. સુરતના આગેવાનોની પણ હાજરી જોઈએ તેવી સંતોષકારક ન હતી. પરિષદના પ્રમુખ મહાશયને સમારંભ ખાસ થતાં સુંપમાં [illegible] પણ સમજવાના, કારણમાં સુરતની પ્રજા પછાત પડી એ આશ્ચર્યકારક જ ગણાય. આશા છે ફરી પ્રસંગ આવે સુરતનો ઉત્સાહ દ્વિગુણિત બનશે—આટલું છતાં પણ પરિષદનું કાર્ય આમ આગોપાંગ રીતે ફતેહમંદ ઉતર્યું તે માટે તેના એ કાર્યવાહકો તો અભિનન્દનને પાત્ર બેશક છે જ. 'સહિષ્ણુતા' અને "મતદાર" ના ગુણ આપણે ક્યારે સમજતા થઈશું?

૨. ત્રીજી મસાજે સુધારા પરિષદ્—સુરત.

સુરતની પ્રજાએ જો કાંઈ પણ અણધાર્યું કાંઈ કર્યું હોય તો તે આ પરિષદના સંબંધમાં જ છે એમ અમ્હારે તો વિશ્વાસપૂર્વક માનવું છે. પાછલી કોઈ પણ બેઠકોએ ના અનુભવેલા અનિષ્ટ પ્રસંગો આ પરિષદના સમ્બન્ધમાં ઉભા થયા હતા અને પરિણામે સંસાર સુધારા પરિષદ્ જેવી એક ઉપયોગી સંસ્થાના કાર્યમાં અકારણ ટંટો ઉભો કરવામાં અમ્હે તો સુરતની

પ્રજાને જ દોષવાન ગણીશુ માંહોમાંહેના અઘટિત દ્વેષ અને પરસ્પરના કહુવાદને અંગે આ પરિષદને રાજકીય પરિષદનો મંડપ ના મળ્યો—સુરતી પ્રજાએ ના આપ્યો એમ્હને આમાં નથી જણાયુ સ્વાપ [કે બુદ્ધિ] ઔચિત્ય—પણ જણાયો છે આત્મઘાતનો ક્રૂર પ્રયોગ

પરિષદના સ્વાગત મંડળના પ્રમુખ ડૉ મોહનનાથ દિક્ષિત તથા પરિષદના પ્રમુખ ગ. બ. હરગોવિન્દદાસ કાંટાવાળાના ભાષણો બહુ સાધારણ પંક્તિના અમ્હને લાગ્યા છે આ બન્ને ગૃહસ્થોને જે ટુંકા સમયમા આ કાર્ય સ્વીકારવાની અને પોતાના ભાષણો તૈયાર કરવાની જરૂર પડી હતી તેની અમ્હને ખબર છે છતા પણ આ બન્ને વિદ્વાન ગૃહસ્થોએ વધારે આત્મગૌરવવાળા—વધારે સચક અને માર્ગસાધક—ભાષણો તૈયાર કર્યા હોત તો વધારે સારૂ થાત ડૉ મોહનનાથના ભાષણમા તેમ જ ગ બ કાંટાવાળાના ભાષણમા અલબત્ત કેટલીક ઉપયોગી વસ્તુઓ હતી પરન્તુ પ્રમુખોના ભાષણોમા વિચાર અને ભાવનાઓ જે સબળ પ્રમાણમાં ઘટાવવી જોઇતી હતી તેનું એમા હતુ નહિ બીજી બાજુ પરિષદના આખા સમારંભની પૂર્ણાહુતિ માટે એકજ થોડો સમય હતો અને આખો કાર્યક્રમ એટલી થોડીવારમા ઉતાવળમા પુરો કરી દેવામાં આવ્યો હતો કે પરિષદના યથાર્થ નામને અનુરૂપ આ બેઠક ગણાઇ શકાય કે કેમ એ એક વિચારવા જેવો પ્રશ્ન છે પરિણામે આ પરિષદ પ્રથમની બે બેઠકો જેટલી એક દૃષ્ટિએ સફળ થઇ શકી નથી, તો પણ બીજી દૃષ્ટિએ આટલી આટલી મુશ્કેલીઓ વટાવીને પણ કાર્યવાહકોએ નાટકશાળામાં ભરેલી આ બેઠક માટે તેમને બેશક ધન્યવાદ ઘટે છે

રાજકીય પરિષદ સંબન્ધમાં અમ્હે જણાવુ છે તે જ પ્રમાણે સંસાર સુધારા પરિષદ માટે પણ સૂચવવાની જરૂર છે કે પરિષદનુ બંધારણ હવે કોઈ નિશ્ચિત સ્વરૂપમા મુકાવુ જ જોઇએ. બંધારણ વિના આપણું ગાડુ વ્યવહારના વિષે સુદૃઢ બની શકશે નહિ એને માટે જવાબદાર સંસ્થાની પ્રથમ જરૂર છે સુરતમા ઉભા થયેલા મતભેદમા અમ્હને તામસ અને દ્વેષ સિવાય અન્ય કાંઇ જણાયુ નથી સુરતની પ્રજા સમસ્તને અમ્હે નમ્રત પૂર્વક છતા પણ દૃઢતાથી વિનતિ કરીશુ કે સ્વરાજ્યની હિમાયત કરતા આપણે આપના ગૃહ વિશેષ વ્યવસ્થિત કરવાના છે એ વાત તરફ દુર્લક્ષ્ય આપવાથી આપણે આત્મઘાત જાણી જોઇને કરીએ છીએ. મતભેદ હોય તે તો કલ્યાણનુ ચિન્હ છે યોગ્ય ચર્ચાઓ અને વિવાદો કરી આપણા સામાજિક રીત રીવાજો અને રૂઢિઓમા કાળને યોગ્ય ફેરફારો કરવાની અગત્ય તો આપણે સૌ સ્વીકારીએ જ છીએ તો પ્રત્યેક વ્યક્તિ–સંસ્થાઓ પોતપોતાની બુદ્ધિ અનુસાર તેમા ફેરફારો સૂચવે એમા એ દૂષિત કેવી રીતે ઠરી ગણાય? કે એણે એવુ તે શુ મહા પાપ કર્યું ગણાય? આને માટે તો સહેલો અને સરળ માર્ગ એ જ છે કે એક જ પરિષદમા સૌએ ભિન્નભિન્ન વિચારના દેશપ્રેમી જનોએ સાથે બેસી વિચારની આપલે જરૂર જ કરવી જોઇએ અને છેવટે બહુમતિથી જે નિર્ણય થાય તે તેમણે કબુલ રાખવાનો ધર્મ સ્હમજવો જોઈએ.-પરન્તુ તેને ઠેકાણે વિષાદ ઉભા કરવા અને સ્નેહ અને સંપને ઠેકાણે દુશ્મનાવટ અને કુસંપ ઉભા કરવામા ડહાપણ નથી પરન્તુ તેથી તો આપણી પ્રતિષ્ઠા અને આપણુ ગૌરવ ઘણુ ઓછુ થાય છે અમ્હે તો હૃદયથી એ જ ઇચ્છીએ

ગીએ કે ગુજરાતી પ્રજા આત્મભાન ભૂલી જઇ વિવાદ અને કુસંપની આ આત્મઘાતિની નીતિનો ત્વરિત ત્યાગ કરશે અને શિષ્ટ અને સરકારી પ્રજાને શોભાવે એવા ઉત્તમ લક્ષણોથી અલંકૃત બનશે અને હિન્દની અન્ય પ્રજાઓની પોતે આદર્શરૂપ બનશે.

પરિષદના ઠરાવોમાંનો મ્હોટો ભાગ ગયે વર્ષે હતો તે જ છે એટલે એ સંબન્ધમાં લખવાનું તો પિષ્ટપેષણ જ ગણાય. ટુંકમાં આટલો ટુંકો વ્યવહાર પણ પરિષદ્ આટલી ચલવી તે માટે તેના કર્મચારી કાર્યવાહકોને આપણે ખરે જ ધન્યવાદ આપીશું. પ્રભુ ! ગુજરાતીઓને [illegible] અને સહિષ્ણુતાનાં અમૃત પીવાડજો ! વિશેષ શું ?

દેવીઓ બોલાવે.

લેખક—રા. કનુભાઈ અચાભાઈ દેસાઈ, એલ. એમ. એન્ડ એસ.*

જાગો જાગો હો ! જગના દેવ !
દેવીઓ બોલાવે. !
દેવીઓ બોલાવે—જગ—જનોને શમાવે !
જાગો જાગો હો જગના દેવ !
દેવીઓ બોલાવે !

સંસાર દ્વન્દ્વ સહેવા એ પ્રકૃતિ પુરાતન !
છે દ્વન્દ્વ પ્રભુ સરજ્યા એ એના જમાવે !
દેવ ! દેવીઓ બોલાવે ! —જાગો૦

સંસાર—સ્નેહ તપમાં, એ સ્વાર્થત્યાગ વનમાં,
પરાર્થ—પુણ્યપન્થમાં સજીવનો જીવાવે !
દેવ ! દેવીઓ બોલાવે ! —જાગો૦

રસ-પૂર્ણિમાએ ઝીલી અમિ ઓજથી એ સાચી
આત્મને ઉજાસે એવા દેવને અવતારે !
દેવ ! દેવીઓ બોલાવે ! —જાગો૦

યોગને અખંડ કરી આત્મના સાયુજ્ય કરી
આનન્દને અનન્ત એ જ દેવીઓ બનાવે !
દેવ ! દેવીઓ બોલાવે !
જાગો જાગો હો જગના દેવ ! દેવીઓ બોલાવે !

---

*[illegible] એલ. એમ. [illegible] એન્ડ [illegible]

યાદથી શું ઉડી જશે?

લેખક—રા. રા. મલયાનિલ.

જેના વિના ઘડીભર ન ચાલ્યું, યાદથી શું ઉડી જશે?
જે પ્રાણમાં પરોવાઈ તેની ઉપર પડદો થશે?
જે આંખમાં એની છવિ ત્યાં અન્ય આવી બેસશે?
આ દિલ ભુલાવે એવું તેવો દિલ શું કરતું હશે?

જે રક્તમાં સ્મૃતિ નેહીની વહે, રક્ત શું બદલી જતું?
જે જીંદગીનું અંગ તે શું એકદમ જ ઉડી જતું?
ને આકૃતિ અસલી છતાં શું માનવી ઉતરી જતું?
ના યાદ કેરી કંઈ નિશાની અન્યમાં લપકી જતું.

આવો હતો જો વિશ્વનો ક્રમ 'પ્રેમ' એ કહેતો નહિ,
કદી કંઈ ઈરાદે પ્રેમના તે ગોઠવણ સુખની કરી,
સંસારરણમાં શાંતિ ખાતર છાંયડી આવી મળી,
ચાલ્યા જતા વારે રહી તો યાદ પણ તેની નહિ.

પણ યાદ! છે ફરિયાદ ત્હારી, તું ઉડી કાં ઝૂપતી,
જે જાસ મહોબતનું હતું તેને સાથ લઈ જતી,
એ નિઃ સુખીપરે જાળનાં કાળાં પડળ છાઈ જતાં,
પણ યાદ! સૌ સોંપ્યા તો જીંદગી સાજે જવા.

જીવનારને ઉરે રહી જો યાદ! યાદિ આપતી,
તો પ્રેમની આરી ખુમારી નજરપર નહિ આવતી,
આંખે ચઢે છો મોત નવ પણ એ અમૃત ભુલાંત ના,
ઓ યાદ! ત્હારી જોડ રહેના જુલ્મ પ્રીત પંરપાતના,

દો દિલ્દાદારી-દિલભરી યાદિ વિના ડરજો નહિ,
ઓ દોસ્ત-દિલબર કાજ જો કુરબાન સઉ કરશો નહિ,
બાવો તમારી સઉ મજાઓ, પ્યારમાં જો બળી,
જેને ખુશાલી યાદની તેને મજા બીજી નહિ.

પ્રિય તુજ આવે !

લેખક—ના સુરેન્દ્ર.

વસન્તતિલકા

ત્યાગ્યું મને પ્રથમથી વિધિ ક્રૂર થાને,
આરામ ઉર નથી ઘોર ઝુમ વાગે
ને અર્ધ આશ-અભિલાષ જ ઉડીને,
હેનાં દબાતી રહેતો મુજને વિધિ એ ૧

શું શું હતા પ્રથમ દૃષ્ટિનદી તરંગો !
શા કલ્પનીય સુખ-સ્વપ્નના ઉમંગો !
આવી મનોરથ કદી દીન ત્રાસો !
ના, ના, કથાની મુજ મન નથી વિલાસો !! ૨

તો તો ન જાન પણ એક રત્ન મધુરી,
એ મેરી વી તક પામત શું અમૂલી ?
નિર્મિત જે જગ મહીં સુન્દર હતે તે !
સુખોપખુ વિધિ નાં ગિણુ ને પ્રનાશે ! ૩

હા ! હા ! હશે પ્રિયતમા મુજ ક્યાં ત્યાં !
રોની હશે દર થી મૂકીને નિસાસા
રે શાન્તિ નાથ ! મુજ દેવિ તણા ને !
"સન્દેશ ઉર —' પ્રિય તુજ આવે !"

તા. ૧૬-૧૦-૧૯

આપણા સાહિત્યને માટે આપણે શું કરી શકીએ ?

લેખક—પ્રો કાન્તિલાલ છગનલાલ પંડ્યા એમ એ

૧. ખુલાસો.

આપણું સાહિત્ય એટલે મુખ્યત્વે ગુજરાતી સાહિત્ય છતાં હિન્દની બીજી દેશી ભાષાઓના સાહિત્યને પણ, કારણ કે તે તે ભાષાવાળાઓને પણ આમાં કાંઈક વિચારવા જેવું મળશે, દેશી ભાષાઓની સ્થિતિ કેટલાક અંશોમાં સમાન હોવાથી

આપણે એટલે મુખ્ય બે "અન્ડર-ગ્રેજ્યુએટ" તથા 'ગ્રેજ્યુએટ" વર્ગ, તેઓ સાહિત્ય-સભાઓ દ્વારા કે અલગ અલગ વ્યક્તિ તરીકે શું કરી શકે એ તરફ ધ્યાન પ્રધાનપણે અત્યારે વિચારવાનું છે એમ નહિ કે તે સિવાયના ગુજરાતીઓ કાંઈ ન કરી શકે પણ આ વિષય કૉલેજની સાહિત્ય-સભા આગળ રજુ થયેલો હોવાથી તે સભાને લગતા મુખ્ય વર્ગોને જ પ્રધાનપણે લક્ષમાં રાખ્યા છે

કોઈ કોઈ આ પ્રસ્તુત ગુજરાતી સાહિત્ય-સભાને ખાસ ઉદ્દેશીને પણ કાંઈક સૂચન થયેલાં છે.

આ બે વર્ગવાળા ગુજરાતી સાહિત્યને માટે શું કરી શકે એની સંપૂર્ણ યોજના કે પરિપૂર્ણ વિચાર એક વ્યાખ્યાનમાં સમાવી શકાય નહિ તેથી એ હેતુ રાખ્યો જ નથી કેટલીક સૂચનાઓ—જે આ વિષયને અંગે માર્મિક તથા વ્યાવહારિક મહત્ત્વની જણાઇ છે તેઓ તરફ લક્ષ ખેંચવું એ મુખ્ય આશય છે

સાહિત્ય શબ્દ બે અર્થમાં વપરાય છે એ હવે સુવિદિત છે એક જેને શુદ્ધ સાહિત્ય કહેવાય છે ને જેમાં પ્રધાનપણે કાવ્ય, નાટક, નિબન્ધ આદિનો જ સમાવેશ થાય છે બીજો અર્થ વિશાળ છે ને કેટલીક વાર સમસ્ત વાઙ્મયથી સમજાય છે ઉપરના સિવાયના હરકોઈ વિષયના વિદ્વત્તાવાળા તથા ઉંચા પ્રકારના લેખોને તે લાગુ પડે છે અંગ્રેજીમાં 'literature" જેમ બન્ને અર્થમાં વપરાય છે, ને જેમ કાવ્યાદિ ઉપરાંત, ઇતિહાસનું, વિજ્ઞાનનું-વગેરેનું "literature' કહેવાય છે તેમ અહીં બન્ને અર્થોનો ઉપયોગ કર્યો છે, ને જ્યાં ખાસ ઉપયોગ હશે ત્યાં તે સ્પષ્ટ કરવા પ્રયાસ થશે

આ ખુલાસાથી કેટલીક ગેરસમજ થતી અટકશે એમ આશા છે

૨. આપણું સાહિત્ય કેવું છે ?

કેટલાક "ગ્રેજ્યુએટ' તથા 'અન્ડર-ગ્રેજ્યુએટ" મિત્રોનું ગુજરાતી સાહિત્ય તરફની આપણી ફરજ વિષે ધ્યાન ખેંચવા જતાં તેઓના તરફથી કેટલીક મુશ્કેલીઓ વારંવાર રજુ થતી સાંભળી છે આમાંની કેટલીક તદ્દન ન્હાની અથવા નહિ જેવી જ છે, બીજી થોડી ઘણી સાચી હોય છે તેમાંથી કેટલીક અજ્ઞાનપણે વધારે મ્હોટી માની લેવાય છે, ને બીજી

[illegible] ૧-૮-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ

કેટલીક પૂરેપૂરી સાચી છે તો પણ પ્રયત્નથી દૂર કરી શકાય એવી હોય છે એ વાત ભુલી જવાય છે. તાત્પર્ય એ કે દરેક કામમાં મુશ્કેલીઓ તો નડે છે જ અને દીર્ઘદ્રષ્ટિથી એ સમજી લેવી જોઈએ એ પણ ખરું. પણ મુશ્કેલીઓને જ જોયા કરવાની ટેવ—હરી એ આળસ, કાયરપણું તથા કર્તવ્યની અણસમજનું રૂપ છે. જેને કામ કરવું છે તેને મુશ્કેલીઓ જોઈ બેસી રહેવું પોસાય નહિ. બુદ્ધિ, દૃઢતા, શુદ્ધ હૃદય તથા તપ એ સર્વથી, લગભગ અશક્ય જેવા જણાતાં, કાર્યો પણ સિદ્ધ થતાં છે. ઇતિહાસ, જીવનચરિત્ર, સાહિત્ય એની સાક્ષી પૂરે છે.

(૧) સૌથી મ્હોટી ફરિયાદ એ સાંભળી છે કે ગુજરાતી સાહિત્યમાં છે શું? એ એવું નમાલું છે કે એની પાછળ કાળ ગુમાવવો એ સમય તથા શક્તિનો ગુમાવવા જેવું છે. એના કરતાં અંગ્રેજી તથા સંસ્કૃત સાહિત્યો જવાહીરોની ખાણ છે. એમાં રસ પડે છે, ઉત્સાહ આવે છે, જ્ઞાન મળે છે. ગુજરાતી શુદ્ધ સાહિત્ય જ નાનું જેવું છે તથા ઘણો આધાર રાખવા જેવું નથી. બીજા વિષયોનું સાહિત્ય તો લગભગ છે જ નહિ.

આ ફરિયાદમાં સત્યના ઘણા અંશો છે, ઘણા ઉપરના રૂપમાં સત્ય અત્યુક્તિથી બહુ દૂષિત થયું છે. એ ફરિયાદના ઉત્તરમાં ગુજરાતના સાહિત્યનો ઇતિહાસ કહીએ, ગુજરાતી ભાષાની સમૃદ્ધિની સ્થાપના કરીએ, ગુજરાતમાં હિન્દમાં સરસ છે તેમ—કેળવણી કેટલી ઓછી છે તે કહીએ, ગુજરાતની ગરીબાઈ કહીએ, ગુજરાતીઓનું અંક મ્હોટું વતન વ્યાપારિક છે એમ બતાવીએ, તો તેથી કાંઈ ફરિયાદીઓનું મનનું સમાધાન થતું નથી. હા, ગુજરાતી સાહિત્ય ઉપર રોષ કે તિરસ્કાર હોય તો તે નરમ પડે, પરન્તુ આ કારણોના ખુલાસાથી ફરિયાદમાં પ્રશ્ન કરેલી હકીકત ખોટી ઠરતી નથી, ને તેથી એ મુશ્કેલી તો એમની એમ રહે છે.

મ્હારા અભિપ્રાય પ્રમાણે એનો સચોટ ઉત્તર એક જ હોઈ શકે અને તે આ ફરિયાદીની વ્યાસત્યતા બતાવે એવો હોવો જોઈએ. અંગ્રેજી, સંસ્કૃત વગેરે સાહિત્યો કરતાં ગુજરાતી સાહિત્ય ઘણું પછાત છે, ઘણું અપૂર્ણ છે, ઓછું વિકસિત છે એ બધું કબુલ કર્યા પછી પણ, ગુજરાતી સાહિત્ય માટે હિંમતથી દાવો કરી શકાય એમ છે કે જગતના સાહિત્યમાં એણે પણ ફાળો આપ્યો છે. ગમે તેવાં પછાત હોવા છતાં ગુર્જર લેખકોએ એવું કાંઈક પણ રચેલું કર્યું છે કે જે જગતના શિષ્ટ સાહિત્યમાં—પછી તે ગમે તે ભાષામાં ગમે તે વસ્તુના ગમે તે કાળના માણસે લખ્યું હોય એવા શિષ્ટ સાહિત્યમાં—એ સ્થાન મળી શકે.

આ સંબન્ધી વિગતોમાં મતભેદ થાય એ સંભવિત છે. પરન્તુ, આ દૃષ્ટિએ આપણા સાહિત્યની તુલના કરવાની અગત્ય સ્વીકારાશે તો મતભેદ ઓછા થવાનો અથવા દૂર થવાનો પણ સંભવ છે.

આ દૃષ્ટિની તુલના તદ્દન નવી નહિ હોય, પરન્તુ તે સામાન્ય પણ નથી જ. વિવેચકો, સમીક્ષા કરી ગુર્જર લેખકોને જગતના અન્ય લેખકો સાથે સરખાવવા એ બહુ થોડાઓએ કરેલું જણાય છે. મ્હારા મિત્ર ન્હાનાલાલ કવિએ પોતાનો એક પ્રસંગ કહ્યો હતો તે વસ્તુસ્થિતિની આ

---

* કમળાના પત્રો ૨. ૨—૦—૦ એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ

જુ વાસ્તવિક રીતે પ્રગટ કરે છે એમ ના અમુક કાવ્ય સંબંધી એમના એક મિત્રે સહુ જ પ્રશંસાવચનો નમતે નમતે વાતમાં એમ કહી દીધું કે "આવું ગુજરાતમાં તો થયું નથી" ત્યારે કવિએ એ ના ઉત્તરમાં સ્હામો પ્રશ્ન પૂછ્યો કે 'ગુજરાતી સાહિત્યમાં ત્હમે એને અપૂર્વ કહ્યું તે ઠીક પણ ત્હમે અંગ્રેજી સાહિત્યના પણ રસિક અભ્યાસી છો તો અંગ્રેજી સાહિત્ય ત્હમે જોયું છે તેના મુકાબલામાં એ કેવું આવે તે કહી શકશો?" પણ આ મુદ્દાવાળા પ્રશ્નનો ઉત્તર એ મિત્ર ગળી જ ગયા

આ પ્રસ્તુત પ્રસંગનું કાવ્ય અંગ્રેજી શિષ્ટ કાવ્યોની બરોબરી કરી શકે એવું હતું કે ન હતું એ સવાલ બાજુએ રાખીએ, પણ આ પ્રસંગમાંથી એક મુદ્દો તો બહુ સ્પષ્ટ રીતે તરી આવે છે, અને તે એ છે કે હાલની યુનિવર્સિટીનું શિક્ષણ પામેલાઓ પણ અંગ્રેજી-સંસ્કૃત-ફારસી-ફ્રેન્ચ આદિ સાહિત્યના અભ્યાસથી કેળવાયેલી રસિકતાની દૃષ્ટિથી ગુજરાતી સાહિત્ય તરફ જોવાનું સામાન્ય રીતે જાણતા નથી એ શિક્ષિતવર્ગ કાં તો ગુજરાતી સાહિત્યોને તુચ્છ ગણી અભિમાનતાથી આપણા પોતાના સાહિત્યને અયોગ્ય રીતે ઉતારી પાડે છે અથવા તો 'અમે અંગ્રેજી વાંચ્યું, પણ ગુજરાતીનું શું જાણીએ?' "એ તો શાસ્ત્રીનું કામ"—એવી એવી રીતોથી ગુજરાતી સાહિત્યને તપાસવાનો યત્ન સરખોય કરતા નથી ને તેથી એ સાહિત્યની મહત્તાથી અજ્ઞાન જ રહે છે, અથવા તો, વિવેકશક્તિને ખીંટે મુકી છોડી દઈ, ગ્હેલું-રહેલું સરખા ગણી જોતા 'આ તો ગુજરાતી શેલી,' 'આ ગુજરાતી બાયરન' વગેરે સ્વાભિમાનપ્રેરિત અત્યુક્તિના દોષમાં પડે છે વાસ્તવિક રીતે, આ બન્ને દોષથી દૂર રહી શકાય પર-ભાષાઓના શિષ્ટ સાહિત્યોનો જેટલોય અભ્યાસ થયો હોય ત્હેનો, તથા તેથી સંસ્કાર પામેલી રસવૃત્તિનો પૂરો ઉપયોગ કરીને આપણા લેખકોની કૃતિઓ આપણે તપાસી શકીએ દીનતા યા અભિમાનને કોરે મુકી સ્વતન્ત્ર દૃષ્ટિથી એટલું તો જરૂર કરી શકીએ કે આપણે પરસાહિત્યમાં જે જે શિષ્ટતા દીઠી છે તેમાંનો કોઈ પણ અંશ ગુજરાતની કોઈ કૃતિઓ પણ પ્રગટ કરે છે કે કેમ

આ તુલના કરી શકાય એમ છે એટલું જ નહિ પણ તે કરવી એ શિક્ષિતવર્ગનો ખાસ ધર્મ છે આપણે બધા આ તુલનાના પરિણામે એકમત ઉપર ન આવી શકીએ તો પણ આપણા ગુજરાતી સાહિત્યના ગૌરવનું ભાન કરાવે એવું તો આ તુલનાથી ઘણું મળશે નવા શેક્સ્પીયર મ્હોટો કે મિલ્ટન, કાળિદાસ મ્હોટો કે શેક્સ્પીયર—એ તકરારો, અનન્ત છે, પરન્તુ એ ત્રણે-તેને જ એમની હરિફાઈમાં મુકાતા બીજા લેખકો-જગતના પ્રથમ પંક્તિના કવિઓ છે એની કોઈથી ના કહી શકાય એમ નથી તેવી જ રીતે આપણી દેશી ભાષાઓ માટે કરી શકીએ નોબલ-પારિતોષિક મળ્યું તેથી જ કાંઈ "ગીતાંજલિ શિષ્ટ કાવ્ય બનતી નથી," એ ઇનામ મળ્યા અગાઉ પણ તેઓએ રવીન્દ્રનાથ ઠાકુરની કૃતિઓ વાંચી હશે તેઓને એમાં શિષ્ટતાના અમર અંશો પ્રતીત થયા હશે જ, તત્ન સમકાલીન સાહિત્ય માટે [illegible] મતભેદ થાય પરન્તુ જરા જુની થયા પછી અમુક કૃતિ પ્રથમ પંક્તિની શિષ્ટતા પ્રગટ

---

* લોર્ડ ચૈસ્ટરફિલ્ડનો પુત્રપ્રતિ ઉપદેશ. રૂ ૧-૪-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ.

કે છે : નહિ એ નિર્બળ અશક્ય નથી ને ત્યારે જુની કૃતિઓને માટે—જેઓના નાંધેલાની ખાસ ઓળખાણ બહુ થોડી હોય—તેવાઓને માટે તો આવી તુલના ભારે મહત્ની છે

મ્હારા પોતાના અભ્યાસ તથા નિરીક્ષણને પરિણામે મ્હારો અભિપ્રાય છે, હું કહું શકું છું કે હિન્દની નાની મોટી મુખ્ય ભાષાઓમાં આવું ચિરંજીવ અમર સાહિત્ય મોજુદ છે કેટલાક લેખકોની મુખ્ય કૃતિઓ ને કેટલાની અમુક કૃતિઓ સમસ્ત જગતના શિષ્ટ સાહિત્ય આગળ આપણે ગર્વથી મુકી શકીએ એમ છીએ હિન્દી બંગાળી, મરાઠી, તામિલ વગેરેમાં પણ આવા દાખલા મળી આવશે ગુજરાતના અર્વાચીન સાહિત્યમાં ગોવર્ધનરામ તથા ન્હાનાલાલની કૃતિઓ છે આ વર્ગમાં મૂકાય બીજા કેટલાક—કલાપી કવિ કાન્ત નરસિંહરાવ, મણિલાલ નભુભાઈ વગેરે ઘણાની કાંઈ કાંઈ કૃતિઓ આ પંક્તિમાં જરૂર બિરાજે વધારે પહેલાના ગુજરાતી સાહિત્યમાં પણ પ્રેમાનંદ જેવાની આવી રત્નરૂપ કૃતિઓ છે

કોઈ એમ પૂછી શકશે કે આવું સાહિત્ય હોય તો પણ તે છે કેટલું? બેશક, એનો સમૂહ અલ્પ છે, કે ફ્રેન્ચ કે જર્મન કે સંસ્કૃત ભાષામાં એવા જ સાહિત્યના સમૂહ આગળ બહુ થોડો છે પરન્તુ ‘કાંઈ નથી” એ કહેવું તો ખોટી વાત કરે છે અને એટલું સમજતાં ફરિયાદનો મૂળ આધાર જતો રહે છે ને આપણા સાહિત્યની તરફ માનની દૃષ્ટિ ઉઘડે છે

વળી, બીજા વિષયોનું સાહિત્ય—વિશાળ સ્વરૂપમાં સાહિત્ય—આપણે ત્યાં થોડું ઓછું છે પણ એની ન્યૂનતા અંગ્રેજી ન જાણનારને નડે છે, આપણને નહિ અને આપણે તો તે ન્યૂનતા પૂરનારા થવું જોઈએ, નહિ કે એની ફરિયાદ કરનારા આપણે જ તે દૂર કરી શકીએ એનો ઉપાય આપણા જ હાથમાં છે અને એ ઉપાય કરવો એ આપણી ફરજ છે આ સાહિત્ય એ આપણી માતૃભૂમિની સેવાના એક મ્હોટામાં મોટાં સાધન છે છતાં, આપણા સાહિત્યના જુદા જુદા અંગોમાં કાંઈક મહત્ત્વનો ઉમેરો હવે થતો જાય છે—ભલે ધીમે ધીમે પણ થાય છે, એ વર્તમાન સાહિત્ય જોતાં જણાય છે ન્હાની તથા મ્હોટી વાર્તાઓ તથા હાસ્ય સંગ્રહોમાંની અભિનવ સમૃદ્ધિ બહુ સ્પષ્ટ છે, ને બીજા જ્ઞાનના પ્રદેશો તરફ સાહિત્ય પરિષદ્ તથા યુગના ભાષા વિદ્વાનોનું લક્ષ સારી પેઠે ખેંચાયું છે

(૨) બીજી ફરિયાદ —ગુજરાતી ભાષા વર્ગો”થવા લખાય છે તે અઘરી પડે છે સંસ્કૃત શબ્દો તથા રચના કઠિન થઈ પડે છે વાચનારાને ગ્રેજ્યુએટોને પણ તે ફાવતી નથી આકર્ષતી નથી ને તેથી ગુજરાતી સાહિત્યથી દૂર રહેવાનું જ મન થાય છે”*

આમાં એટલું સત્ય છે કે જેણે સંસ્કૃતનો કોઈ અભ્યાસ ન કર્યો હોય તથા જેણે ગુજરાતી પણ નહિ જેવું જ વાંચ્યું હોય તેને ગુજરાતનું ઉચ્ચ સાહિત્ય પ્રથમ દર્શને અઘરું લાગે, અને એની પાસથી ખાસ મહેનતની અપેક્ષા રાખે વળી કેટલાક લેખામાં સંસ્કૃતનો અતિરેક અથવા દુરુપયોગ પણ હોય છે, પરન્તુ ગુજરાતના જે ઉત્તમ લેખકો છે તેમાં એમ નથી. સંસ્કૃતનો ઉપયોગમાત્ર—એ જ જેને ખુંચતો હોય ત્હેણે આપણી ભાષા તથા સાહિત્યની ઉન્નતિના આ એક મ્હોટામાં મ્હોટા સાધનની બરાબર કદર કરવી જોઈએ વળી ઘણીવાર વાચકોનું

* કુમાર જેઠાલાલ વિ. રૂ ૦-૧૨-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ

આળસ—" અભ્યાસ " ને મને ઉપયોગી જોઈ જવાની જ ઇચ્છાઓ જ આ ફરિયાદનું મૂળ કારણ હોય છે આ વિષયમાં ગોવર્ધનરામ જે હમેશ જણાવતા, તે જે એમના એક સ્મારક-અંકમાં એક લેખકે ઉતાર્યો છે તે સમજવા જેવો છે વળી, કેટલીક વાર ' સ્હેલી ભાષા કરો " એમ કહેનારની દલીલનું પૃથક્કરણ કરતાં એમાંથી એટલી જ મતલબ નીકળે છે કે " વિચાર સ્હેલા કરો " વિચાર અઘરા હોય, ગહન હોય, સૂક્ષ્મ હોય તો ભાષા હમેશ એને અનુરૂપ થાય ને કેટલાક વિચારો જ સમજવા અશક્ત હોય છે તેઓ ફક્ત ભાષાનો જ વાંક કાઢે છે એમ તો અંગ્રેજીમાં પણ ઘણા લેખો તથા લેખકો છે જેઓને વિનાપ્રયાસે—અથવા તો પૂરે પ્રયાસે પણ—એના એ અંગ્રેજીભક્તો પણ બરાબર સમજી ન શકે માટે એટલો વિવેક કરવાની ખાસ જરૂર છે

મારા મત પ્રમાણે આપણો ગુજરાતી અભ્યાસ એટલો થોડો છે, અંગ્રેજી શિક્ષણથી અંગ્રેજીમાં જ વિચારો સમજવાની તથા વિચારો કરવાની ટેવ આપણને એટલી બધી પડી ગઈ છે કે જેઓનો ન્હાનપણથી ગુજરાતી વાચવાનો શોખ થયો ન થયો, તેઓને કૉલેજમાં ગયા પછી એકદમ ગુજરાતી તરફ વળતાં જરા મુશ્કેલ શ્રમ કરવો પડે છે તે ઉપાડવા જેઓ તૈયાર નથી તેઓ જ આ ન્હાનું બ્હાનું કાઢી ગુજરાતીથી અળગા રહે છે

આપણી કૉલેજોમાં ગુજરાતી શિખવાય, પુસ્તકશાળાઓ સ્થપાય, ગુજરાતી સભાઓ સ્થપાય, ગુજરાતીનો વધારે અભ્યાસ થાય તથા વિચારવામાં ને બોલવામાં વધારે ઉપયોગ થાય, તો આ ફરિયાદ કોઈ રીતે ગંભીર નહિ "

(૪) ત્રીજી ફરિયાદ કેટલીક વાર ગુજરાતી ભાષામાંની કેટલીક ખામીઓ ઉપર લઈને થાય છે સારા વાચકો નથી, ગદ્યશૈલીમાં બહુ ગોટાળો થાય છે, વ્યાકરણ આદિમાં પણ કેટલુંક અધૂરું જણાય છે એ બાબતની ફરિયાદો ગુજરાતી તરફ અનાદર તથા અણગમો થાય છે આ ફરિયાદ વાજબી છે, પરંતુ એ ફરિયાદ જ્યાં સુધી રહે ત્યાં સુધી ગુજરાતીઓ ગુજરાતી સાહિત્યનો અભ્યાસ કરી શકે જ નહિ એમ કહેનારા ગંભીર ભૂલ કરે છે આપણે આશા રાખીએ છીએ કે ગુજરાતનો વિદ્વાન વર્ગ તથા સમજુ ભાગ ધીમે ધીમે ઉપલી ખામી દૂર કરવા એક દિલથી પ્રયાસ કરશે પરંતુ સાહિત્યનો અભ્યાસ આ ખામીથી અટકી પડવો જોઈતો નથી, એટલું જ નહિ પણ ઉલટું સાહિત્યના અભ્યાસથી આ ખામીઓ ઓછી કરવાનો માર્ગ ખુલ્લો થાય છે

મ્હારા અનુભવ પ્રમાણે શિક્ષિતવર્ગ તરફથી જે કારણો અપાય છે, તેમાંથી વિચાર કરવા જેવાં ગંભીર આ ત્રણ જ છે બાકી ખરેખરી મુશ્કેલી સ્વાભિમાનની—ગુજરાત તથા ગુજરાતના સાહિત્ય પ્રતિ પોતાનું જે કર્તવ્ય ગુજરાતી તરીકે છે એની ગંભીર સમજણની જ છે

૭. ત્યારે આપણે શું કરી શકીએ ?

એ પ્રશ્નનો ઉત્તર હવે વધારે સ્હેલો છે

ગાંધીજી પહેલું હોય તો કર્તવ્યનું ભાન ઉત્પન્ન કરનારું છે જેની ધર્મબુદ્ધિ જાગૃત થઈ હ તેની સ્હામે બહુ જ થોડી મુશ્કેલી રહી શકે છે, અને જેને છે તે જ ટાળી અથવા જેની બુદ્ધિ હજી અજાગૃત છે તેને બીજા કોઈ ઈલાજે લાગુ થતા નથી તેથી આપણા સાહિત્ય તરફની આપણી ફરજ સમજી આપણે તે પાળવા તૈયાર થવા જોઈએ—એટલું માની નહીં. મને આવી સભા આગળ બોલવા જતાં આટલું માની લેવું એ અયોગ્ય નથી એ લહ નીકળેલાં—હું વિશેષ સૂચનાઓમાં ઉતરું છું

આપણે જે કરી શકીએ, તે કેટલુંક આવી સભાઓદ્વારા જ કરી શકીએ, ને કેટલુંક વ્યક્તિદ્વારા જ કરી શકીએ અલબત, વ્યક્તિઓની સભાની ઉપર, તથા સભાની વ્યક્તિઓ પર અસર થાય છે જ, તથા તેઓ અન્યોન્ય ઉપર આધાર રાખે છે એ ભૂલવાનું નથી

૧.) સાહિત્યસભા દ્વારા શું કરી શકીએ ?

સાહિત્યનો અભ્યાસ કરી શકીએ, સાહિત્યનું પરિશીલન કરી શકીએ વિવેચન વ્યાખ્યાનો ચર્ચા ઇત્યાદિથી આ કામ આપણે કરીએ છીએ સામાન્ય રીતે આવી સભાઓ તથા તમે જે પસંદ કરો છો તે ઉપરાંત બીજા બે કામની સૂચના કરવા ઇચ્છું છું

પહેલું તો એ કે ચર્ચાઓ તથા લેખોનું વાચન એ બન્ને હવે સભાસદોમાં પરસ્પર કેટલા રસ પેદા કરી શકતા નથી લેખ વાંચનાર કે પ્રમુખ થનાર વ્યક્તિને તો સભાસદ પાકાર છે તેમના ધ્યાન અભ્યાસની ઇચ્છાથી આવેલા નથી આ મંડળ ચર્ચા—માં કામ કરી જોયું છે, ને અમારો અનુભવ પણ તેથી જુદો નહિ હોય ને મારે વધારે કામ પડે, તથા ધાર્યો સંગીન અભ્યાસ થાય તે માટે, આ સભામાં જ જુદાં જુદાં અભ્યાસમંડળો કરી રાખવાં આ મંડળો એક બીજાથી સ્વતંત્ર હોય પોતપોતાને અનુકૂળ પડે એમ વ્યવસ્થા કરી અને એક જૂના કાવ્યોનો અભ્યાસ કરે તો બીજું મંડળ નવાં કાવ્યોનો અભ્યાસ કરે ત્રીજું એક મંડળ ગોવર્ધનરામ નો બીજું ન્હાનાલાલ, તો ત્રીજું પારસી લેખકો, તો ચોથું વ્યાકરણનું સાહિત્ય તો પાંચમું ભાષાવ્યાકરણ—જોડણી એમ મનગમતા વિષયો પસંદ કરે. નિયમિત સમયે મળે, પણ બનત એ કે દરેક વખતે તે મંડળના દરેક જણે પ્રસ્તુત વિષયનું વાંચીને આવવું, પછી એક જણ ચર્ચા ઉપાડે, બીજાઓ સામેલ થાય વગેરે આવા અભ્યાસમંડળોથી શું લાભ થાય છે હું મી. એ મા હતો ત્યારે મ સાહેબ*ની મદદથી પ્લેટો વગેરેનો અભ્યાસ કરવા અમે ય આવું એક ન્હાનું મંડળ થોડો વખત ચલાવ્યું હતું અત્યારે આપણામાં "ગ્રેજ્યુએટ એસોસિએશન" માં એ પદ્ધતિથી ત્રણ ચાર મંડળો રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ઇતિહાસ વગેરેનો અભ્યાસ કરે છે, ને એના પરિણામ બહુ સારાં આવ્યાં છે તે હું અનુભવથી કહી શકું

બીજી સૂચના એ છે કે, આવા અભ્યાસમંડળો ઉપરાંત, બીજું એક ન્હાનું મંડળ સાહિત્યમાં કાંઈક ઉમેરો કરવા માટે કાઢવું તેઓ કોઈ ન્હાનકડા ઉપયોગી પુસ્તકનું ગુજરાતીમાં ભાષાન્તર કે અનુવાદ કરે, અથવા ઉપયોગી જ્ઞાનનો સંગ્રહ કરી શકે આ કદાચિત્ પ્રશ્નને

* જુનાગઢ, બહાદુરખાન કૉલેજના પ્રોફેસર હરિલાલ માધવજી ભટ્ટ, બી. એ.

વિચિત્ર લાગશે પણ આનાની અમારી સેન્ટ ઝેવિયર્સ કૉલેજમા "શ્રીમતી નાગરી પ્રચારિણી સભા" એ એક ખાનગી વિષયક અંગ્રેજી પુસ્તકનુ ભાષાતર આની શીને-પૂર્ણ કર્યું છે (જે હવે છપાય છે) ને બીજુ પુસ્તક હજી હાથમા લીધુ છે એટલે સંયોજન તથા ઉત્સાહ હોય તો આ કામમાથી ઘણા મહત્વના પરિણામ થાય છે ભવિષ્યના સાહિત્યસેવીઓને માટે આ એક અમૂલ્ય શાળા થઈ શકે, તથા ગુજરાતી લખવાનો પહેલો મ્હાવરો, પાકા અને તથા અગત્યના કામ સારી દેખરેખ નીચે શરૂ થઈ શકે અત્યારે પણ કેટલાય સુશિક્ષિત ગુજરાતીઓ છે જેઓ પોતાને આવો લાભ કૉલેજ-જીવનની અંદર મળ્યો હોત તો આભાર માનત તથા ગુજરાતની નક્કી સાહિત્યદ્વારા સેવા કરી શક્યા હોત!

(૨) વ્યક્તિદ્વારા.

ઘણુ કરી શકીએ, તેમાથી કોઈક મુખ્ય વાત સૂચવવા યત્ન કરીશ

૧ આપણી હાઈસ્કૂલોના ઉપલા વર્ગોમા તથા કૉલેજોમા અંગ્રેજીમા જ બોલવાનો હુકમ છે ઘણે ઠેકાણે એ હુકમ પવિત્ર સંપ્રદાય કે રૂઢિ જેવો થઈ પડ્યો છે એનો ઉદ્દેશ અંગ્રેજી ભાષાનો વિશેષ પરિચય તથા કાબુ મેળવવાનો છે એ સારો છે પણ આપણે ત્હેનો ખરો ભાવ સમજ્યા નથી અને કૉલેજની બ્હાર પણ, હુકમ કે જરૂર હોય કે ન હોય ત્યા પણ, અંગ્રેજીનો ઉપયોગ કરવા અતિ આતુર રહીએ છીએ એ પણ કંઈ ખરાબ નથી, જો આપણા ગુજરાતીને પણ અંગ્રેજી શબ્દોથી ભ્રષ્ટ કરતા ન હોઈએ, તો, પણ હવે તો એવુ થયુ છે કે અંગ્રેજી શબ્દો વાપર્યા વિના નવા ગુજરાતીનુ એક વાક્ય પણ બોલવાનુ ભારે પડે છે આપણી બોલીમા આ બે ભાષાનો ખરેખરો સેળભેળ થાય છે, આપણા મગજમા—વિચારમા પણ થાય છે, ગુજરાતીની ટેવ છૂટતી જાય છે ન્હાના બચ્ચાને ન્હાની તતડ થયા કરે છે તેમ આપણને ગુજરાતી બોલતે બોલતે પણ અંગ્રેજી શબ્દો વિના ચ્હેન પડતું નથી તમે ગામમા ફેર જાઓ ત્યારે અંગ્રેજી ન જાણનાર તમારા માબાપ, ભાઈબ્હેન, પત્ની, કે ગામના કોઈ બીજા આદમીઓ સાથે પા અર્ધો કલાક પણ વાત કરવા યત્ન કરો તો તરત સમજાશે કે તમારી માતૃભાષાનું જ્ઞાન કેટલુ ઓછુ થયુ છે આ સ્થાન એટલી જરૂરનુ છે કે આપણા સાહિત્યમા કેટલાક પુસ્તકોમા લેખોમા તથા નાટકોમા આની ઘણી ટકોર કરવામા આવે છે ગાંધીજીએ પણ પોતાનો પવિત્ર ક્રોધ આની સ્હામે પ્રકટ કર્યો છે અને હવે આ ખામી—જે હિન્દુસ્થાનના દરેક પ્રાન્તમા આ એકે સરખા કારણોમાથી જન્મ પામી છે તે—આપણે ઓછી કરવી જોઈએ, ને અંગ્રેજી ભણેલા વર્ગે હવે પોતાની બોલી ઓછી હાસ્યપાત્ર કરવી જોઈએ

કૉલેજોમા, ઑફિસોમાં તથા જ્યા જ્યા જરૂર હોય ત્યા ત્યાં શુદ્ધ અંગ્રેજીનો "હુકમ" ભલે રહે પરંતુ બીજા બધા પ્રસંગોમાં માતૃભાષાનો હુકમ વધારે સખ્ત ગણાવો જોઈએ આપણી ખાનગી વાતચિતોમા વિચારો કરવામાં—જ્યાં જ્યા બને ત્યા ત્યા ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવાનુ આપણે વ્રત લેવુ જોઈએ આવુ વ્રત આપણે પાળીશુ ત્યારે જ ગુજરાતીનું

શીખવવામાં ઉતરશે ત્યારે જ આપણે જેને અભણ વર્ગ ('masses') કહીને માન આપીએ છીએ, એ આખી પ્રજાના હૃદયરૂપ વિભાગ સાથે આપણો સંબંધ વધારે ગાઢ થશે

આવી જ રીતે કાગળો લખવામાં પણ પોતાના સગાઓ તથા ગુજરાતી મિત્રોની ઉપર પણ આપણે ઘણું ખરું અંગ્રેજીમાં જ પત્રવ્યવહાર ચલાવીએ છીએ, તેનું કારણ અંગ્રેજીનું ગૌરવ માનીને અંગ્રેજીની ટેવને લીધે, ગુજરાતીથી શરમાઈને ત્યાગ કરીએ છીએ પણ આપણે અંગ્રેજી તેમ જ ગુજરાતી બન્નેમાં પ્રવીણતા મેળવવાની છે, નહિ કે માત્ર અંગ્રેજીની અંગ્રેજીમાં કાગળો ન લખવા એમ નથી કહેતો, પણ ગુજરાતીઓની સાથે મુખ્યત્વે ગુજરાતીમાં જ વ્યવહાર ચલાવવો—એ વ્રત તો દરેકે લેવું જોઈએ

૭ ગુજરાતીનો ખાસ અભ્યાસ કરવો જોઈએ વિદ્યાર્થી અવસ્થામાં આપણાં બાળકો આપણને બહારનું બહુ વાચન બનાવવું પડે છે, ને તે બનાવવું સારું છે—પણ તેમાં ગુજરાતી વાચન કરેલાં હોય એવો એમાં એક જ વિદ્યાર્થી હશે પણ દરેક વિદ્યાર્થીએ વર્ષમાં અમુક ગુજરાતી પુસ્તકો વાચવાનો નિશ્ચય કરવો જોઈએ ખાસ કરીને જે જેમાં અમુક ગ્રન્થો વાંચી જવા જ એમ કરવું જોઈએ સદ્ભાગ્યે કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓને માટે ઉત્તમ ગુજરાતી પુસ્તકો કાંઈ ઓછાં નથી

આ બે વાત તો દરેક વ્યક્તિએ કરવી જોઈએ

પણ કેટલાક આથી વધારે કરી શકે એવા હશે તેઓએ અભ્યાસમાં તથા ધંધામાં પોતાની ઉંડી વિદ્વત્તા તથા ઉચ્ચ શક્તિ ગુજરાતી સાહિત્યસેવાને ચરણે ધરવી જોઈએ

ગુજરાતી સાહિત્યના અભ્યાસ પછી નવી નવી દૃષ્ટિઓથી તુલના કરી વિવેચનનું સાહિત્ય સમૃદ્ધ કરી શકાય

અમુક વિષયમાં પોતે ખાસ જ્ઞાન સંપાદન કર્યું હોય તો, તે જ્ઞાન આપણા ગુજરાતી ભાઈઓને સુગમ કરવા તે જ્ઞાનને યોગ્ય આકારમાં ગુજરાતીમાં મૂકી શકાય આ પ્રમાણે સાહિત્યનાં જુદાં જુદાં અંગ-ઉપાંગ ખીલે તથા સમૃદ્ધ થાય ઇતિહાસ, પ્રવાસ, વિજ્ઞાન, જીવનચરિત, ભૂગોળ, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તત્ત્વચિન્તન—આદિ અનેક પ્રદેશમાં ગુજરાતી વિદ્યાર્થીઓ પ્રવીણતા મેળવે છે, ને કેટલાક વિદ્યાર્થી—અવસ્થા પછી પણ એકાદ વિષયનું વિદ્યાર્થીપણું ચાલતું રાખે છે તેઓની એક ફરજ એ છે કે અંગ્રેજી કે બીજી કોઈ પણ પરભાષા ન જાણનાર પરંતુ ઉત્સાહી ગુજરાતીઓને ગુજરાતીમાં જ તે વિષયનું શિષ્ટ તેમ જ ઉપયોગી જ્ઞાન મળી શકે એવાં સાધન તૈયાર કરવાં પારકી ભાષાઓ ભલે ભણાય, ને ખુબ ભણાવી જોઈએ એમ પણ કહીશ પરંતુ દેશની ૯૬ ટકા જેટલી વસ્તી જ્યારે કક્કો લખતાં પણ વાંચી લખી શકતી નથી, ત્યારે એને કેળવવાનું મુખ્ય કામ તો ગુજરાતી ભાષા દ્વારા જ થઈ શકશે, દેશસેવા કરવા ઇચ્છનારાને આ મ્હોટું મુખ્ય સાધન છે ગમે તેવું નમ્ર દેખાવ છતાં આવું સાહિત્ય, જો યોગ્ય પદ્ધતિથી થાય તો લોકોપકારક થશે જ

આ ઉપરાંત કોઈક સ્વપ્રતિભાથી કે ઉંડી વિદ્વત્તાથી આથી ય વધારે ઉચ્ચ સાહિત્ય અર્પણ કરી શકે એવા હશે. પ્રેમાનન્દ, મિલ્ટન, ગોવર્ધનરામ તથા બીજા ઘણા ગુજરાતીઓએ જે ઉદ્ગાર આશાઅંકિત બનાવી છે તે આપણી નસેનસમાં ઉતરવી જોઈએ, અને આપણામાંથી એવા પુરુષ કેટલાક નિકળવા જોઈએ—મ્હારી ખાત્રી છે કે તે નિકળશે જ—જેઓની પ્રસાદી કેવળ ગુજરાતના જ સાહિત્યમાં ચિરંજીવ થશે એટલું જ નહિ, પરંતુ જેઓની કૃતિઓ જગત્સમસ્તની સાહિત્ય-પરિષદ્‌ની પાસે રજુ કરતાં આપણે સગર્વાનન્દ જઈ શકીશું.

ઉપસંહાર—એક કાળે વિશ્વમાં હિન્દનું પદ બહુ ઉંચું હતું. ફરીથી તેવું પદ પ્રાપ્ત કરવા આપણે સૌ કોઈ પણ જાતના ભેદ વિના, ભેગા થયા છીએ. પણ આ કાર્ય એક પીરામીડ કે તાજમહાલ રચવાના કાર્ય કરતાં ય વધારે મુશ્કેલ છે. સર્વ પ્રકારની સંપત્તિની આપણા ચારિત્ર્યને તથા પ્રજાને આવશ્યકતા છે. એ સર્વમાં માતૃભાષાનું સાહિત્ય પણ એક છે. આ વાતની કદર તથા તીવ્ર ભાન થશે તો આ કાર્યમાં આપણે એક પગલું આગળ વધીશું.*

સ્વાહા.

આત્મા પરમાત્માની રૂપરેખા કેમ દોરી શકે?

લેખક—રા. [illegible]

આત્મા અને પરમાત્મામાં તો ફેર છે એમ માનનાર એક પુરુષને પૃચ્છતા તે ભાઈએ મને જવાબ આપ્યો કે "તમે પોતે શું છો તેનો પૂરો વિચાર કરી તમારા વિકાસક્રમમાં વૃદ્ધિ કરતા રહેશો તો તમને પરમાત્માનો કાંઈક વિચાર આવશે." મેં ધાર્યું કે હું મને 'એકમ' ગણીને પરમાત્માનો વિચાર કરીશ તો મને કાંઈ ખ્યાલ આવશે. દેશ, કાળ, વસ્તુ—જીવ—ચૈતન્ય—અને શક્તિના દૃષ્ટિબિન્દુથી મેં પરમાત્માનો ખ્યાલ કરવો શરૂ કર્યો, જેની વિગત હું નીચે આપું છું.

આવા યત્નથી કોઈને પરમાત્માનો ખ્યાલ આવે તો પણ આપણે માત્ર તેવા જ્ઞાનથી પરમાત્મરૂપ થવાશે નહીં. પરમાત્મરૂપ કેમ પહોંચાય, ને તેઓ કેમ જનાય, એ વિચાર ઉપર આપણે છેવટે ચર્ચા કરીશું.

એક ઓરડામાં બેઠા બેઠા આપણે વિચાર કરીએ તો તે ઓરડામાં 'અહિં અને ત્યાં,' 'ઉપર અને નીચે,' 'દૂર અને નજીક,' 'જમણા હાથ ઉપર અને ડાબા હાથ ઉપર' થીએ છે,

* [illegible] "ગુજરાતી સાહિત્ય-સભા" [illegible] ૧૯૧૯ ને રોજ, આપેલા વ્યાખ્યાન ઉપરથી આ લેખ તૈયાર કર્યો છે. —કા. છ. પંડ્યા

એમ આપણે જોઈએ છીએ. હવે ધારો કે જે ઓરડામાં તમે બેઠા છો તે ઓરડો આઠ ફીટ લાંબો અને આઠ ફીટ ઉંચો છે, અને ધારો કે તમારૂં શરીર–તમારૂં સ્થૂલ શરીર–એટલું ચારે બાજુ વધે છે કે તમારૂં શરીર બરોબર તે ઓરડા જેટલી જગા રોકે છે. ઓરડા જેટલી જગ્યા તમારૂં શરીર રોકતું હોવાને લીધે તે ઓરડામાં હવે 'અહિંઆ, અને ત્યાં,' 'ઉપર અને નીચે,' 'જમણું અને ડાબું,' 'દૂર અને નજીક,' એ તફાવત જતો રહે છે. હજી ધારો કે જે મકાનમાં તમે રહો છો તેટલી જગા તમારૂં શરીર રોકે છે તો તે જ મકાનમાં હવે "અહિંઆ અને ત્યાં,' 'ઉપર અને નીચે,' 'જમણું અને ડાબું,' 'દૂર અને નજીક,' વગેરે તફાવત રહેશે નહીં. એથી જરાક આગળ વધીને ધારો કે તમારૂં શરીર શહેર જેટલી જગ્યા રોકે છે, ને શરીર પ્રાંત જેટલી જગ્યા રોકે છે, ને શરીર ગુજરાત જેટલી, મુંબઈ ઈલાકા જેટલી, હિંદુસ્થાન જેટલી, એશીઆખંડ જેટલી અને છેવટે પૃથ્વી જેટલી જગા રોકે છે તો પછી પૃથ્વી મંડળમાં તમારા વાસ્તે—તમારા શરીર વાસ્તે—ઉપરનો તફાવત રહેશે નહીં. 'અહિંઆ અને ત્યાં' 'ઉપર અને નીચે,' 'જમણું અને ડાબું' 'દૂર અને નજીક,' એ શબ્દને અર્થ નહીં રહે. હજી આપણી કલ્પનાના ઘોડા વધારે દોડાવીએ. ધારો કે સૂર્યમાળા જેટલી જગા આપણું શરીર રોકે છે. ના, તેટલું જ નહીં, તેથી પણ વધારે નિર્મળ રાત્રિએ દેખાતા તારા અને આકાશગંગા અને તેથી પણ દૂરની જગ્યા તમારૂં શરીર રોકે છે. તમારૂં શરીર એટલી જગા રોકે છે કે તેની બહાર હવે જગા રહેતી નથી. હવે આ શરીર જે બધી જગા રોકે છે, જેની બહાર જગા નથી, જે પોતે જ સર્વ 'જગા' છે તેના સંબંધમાં હવે 'અહિંઆ અને ત્યાં,' 'ઉપર અને નીચે' 'જમણું અને ડાબું,' 'દૂર અને નજીક,' તો છે જ નહીં. જે કાંઈ છે તે માત્ર એક 'અનંત અહિંઆ' (*Infinite Here*) છે. ઉપર અને નીચે નામ વાસ્તે રહે એવાં ક્યાં છે? તે તો નિરર્થક થઈ પડે છે. 'આગળ અને પાછળ' પણ ક્યાં છે? 'જમણું અને ડાબું' પણ ક્યાં છે? 'નજીક અને દૂર' પણ ક્યાં છે? આપણે આપણા સ્થૂળ મન અને બુદ્ધિના બળથી ધારીએ કે આપણે અમુક જગા રોકીએ છીએ તો પછી પરમાત્મા જે આપણા આત્માથી સર્વોત્તમ છે ને સર્વ જગા રોકનાર હોય જ, પરમાત્મા સર્વ [illegible] છે.

હવે આપણે બીજી તરફથી વખતનો વિચાર કરીએ. 'હમણાં' વર્તમાન સમયમાં છે. હવે આજ કાલ અને આવતી કાલને તમારા મનમાં સમાવો. તમારા મનમાં 'ગઈ કાલરૂપ ભૂત' અને 'આવતી કાલરૂપ ભવિષ્ય' તમારા હમણાંના 'વર્તમાન'માં એક થશે અને તેણે તમારો વર્તમાન થશે. એ જ પ્રમાણે તમારા ભૂતમાં અને ભવિષ્યમાં એક દિવસ, એક અઠવાડિયું, એક માસ, એક વર્ષ અને એક સૈકાને તમારા હાલનાં 'વર્તમાન'માં જવા દો. પછી તમારા કાલના ભૂત અને ભવિષ્ય ઓછાં થતાં વર્તમાન વર્તમાન થશે. ધારો કે તમે એટલા બધા ભૂતમાં જાઓ છો કે તમને પોતાનો મનુષ્યદેહમાં જન્મ થતા તમે જુઓ છો. ભવિષ્યમાં તમે એટલાં બધાં આગળ જાઓ છો કે તમે તમારા મનુષ્યદેહને દૈવિ પ્રકૃતિમાં બદલાઈ જતા જુઓ છો. હવે,

[illegible]

તમારી મનુષ્ય કારકીર્દિ તમને વર્તમાનનો જ આભાસ આપશે તેમા ભૂત અને ભવિષ્ય રહેતા નથી એ જ પ્રમાણે જો તમે ભૂત અને ભવિષ્યમા ખુબ ખુબ દૂર જશો તો પૃથ્વીને ક્યારે તમે હયાતીમા આવતા જોશો, તે જ ક્ષણે તેને હાલની સ્થિતિમા તમે જોશો, અને તે જ વખતે તેનો નાશ પામતા તમે જોશો હજુ વધાર ભૂત અને ભવિષ્યમા જશો તો કોઈ અન્ય પૃથ્વી નાશ પામીને આપણી પૃથ્વી થતા અને આપણી પૃથ્વી નાશ પામીને બીજી કોઈ પૃથ્વી થતા તમે જોશો હવે તમારા મનમા પૃથ્વીનુ આખુ જીવન એક 'વર્તમાનપણું' છે તેની ભૂતની કારકીર્દિ અને તેના ભવિષ્યનો ઇતિહાસ તમારી એક 'વર્તમાનપણું'મા સમાઈ જાય છે હજી કલ્પનાને આગળ વધવા દ્યો સર્વે દેખાતા તારા, સૂર્ય, આકાશગંગા સર્વેને વરાળરૂપી, પ્રવાહી અને પછી સ્થૂલ ઘન શરીર લેતા જુઓ, અને તેમને સર્વેને પાછા નાશ પામતા જુઓ તેના ઘન શરીરો પ્રવાહી થઇ વાયુરૂપ થઈને નેબ્યુલ થતા જુઓ આ એક ચિતારમા કરોડો અને અબજો વર્ષોનો સમાવેશ થઇ જાય છે પણ આ એક હાલની 'અનન્ત હમણા' (*Eternal Now*)મા સમાઇ જાય છે હવે ધારો કે ભૂતમા તમે એટલે સુધી જાઓ છો કે તે, અગાડી ભૂત નથી, અને તમે એટલું ભવિષ્યમા જાઓ છો કે તેની પછી ભવિષ્ય નથી, તો તમે 'સર્વજ્ઞાન' છો તમે એક 'અનન્ત હમણા' છો ભૂત, ભવિષ્ય, અને વર્તમાન તમારી 'હમણા' (*Eternal Now*) મા સમાઈ જાય છે અનન્ત જ્ઞાન પરમાત્મા છે, પરમાત્માનુ સ્વરૂપ છે

હવે જો પહેલી કલ્પના–દેશ જગ્યાની કલ્પના અને બીજી કલ્પના–કાલ–વખતની કલ્પના–ને સાથે મૂકીએ તો તમે અનન્ત દેશ છો–અનન્ત જ્ઞાન છો પરમાત્મા અનન્ત દેશ છે અને અનન્ત જ્ઞાન છે ઉપરના બે જાતના વિચાર ઉપરથી આપણી નજરમા આત્મા અને પરમાત્મા વચ્ચે જે સબંધ છે તેનો અને તેઓની શા તનો હાર્દિક ચિતાર આવશે

હજુ સુધી આપણે માત્ર સ્થૂલ રૂપ–સ્થૂલ બાજુ–નો વિચાર કર્યો છે હવે આપણે 'ચૈતન્ય'–નો વિચાર કરીએ તમારા જીવ–ચૈતન્યમા સુખ, દુ ખ, રાગ દ્વેષ, વગેરે આવે છે અને જાય છે–પણ તમને તમારા સુખદુ ખનો આભાસ થાય છે તમારુ જીવ–ચૈતન્ય તમારી સ્થિતિનુ તમને ભાન આપે છે બીજાને થતા સુખ, દુ ખ, આનંદ, વગેરેનુ ભાન તમારા જીવ–ચૈતન્યમા સીધુ ઉત્પન્ન થતું નથી પણ હવે ધારો કે તમારા પોતાના જીવ–ચૈતન્યમા તમારા એક બાળકનુ ચૈતન્ય હજમ થાય છે, તેને જે સુખદુ ખ થાય છે તે તમને સુખદુ ખ થાય છે–તમારા જીવ–ચૈતન્યમા તમારા કુટુંબના સર્વે માણસોના જીવ–ચૈતન્યને સમાવી દ્યો–તેઓના સર્વ સુખ અને દુ ખ તમારા જ થશે તેઓ દરેકને જે કાંઈ લાગણી થશે તે તમને પણ થશે–જો એમ હોય તો તમારા જીવ–ચૈતન્યમા તેઓ છે

ધારો કે તમારા જીવ–ચૈતન્યમા તમે સૌ મનુષ્યનો સમાવેશ કરો છો, વળી તેમા તે સિવાય પ્રાણી, ખનીજ, દેવ વગેરેના જીવ–ચૈતન્યનો સમાવેશ કરો, એટલુ જ નહીં, પણ સર્વ સ્થાન અને સર્વ સમયની સર્વ ચીજો અને વ્યક્તિનુ જીવ–ચૈતન્ય તમારા જીવ–ચૈતન્યમા

માટે [illegible] થાય તો તમે 'સર્વ ચૈતન્ય' છો તમારા સ્વ-ચૈતન્યની મર્યાદા કોઈ નથી તમે જ અનંત ચૈતન્ય છો, તમે એક જ ચૈતન્ય છો આવું મહાન ચૈતન્ય કે જેની મર્યાદા બીજું કોઈ સ્વ-ચૈતન્ય નથી તે પરમાત્મા છે

હવે દેશ, કાળ, અને સ્વ-ચૈતન્ય એ સર્વ વિચારો સાથે મુકીએ તો પરમાત્માનું સ્વરૂપ આપણે ઉંચે દરજ્જે લઇ જઈ શકીએ, તોપણ આપણી કલ્પનાની સીમાની દૃષ્ટિમર્યાદાની હદ ઉપર દૂર બહુ દૂર, પણ ત્યાં જ, આપણા વિચારો આત્મા અને પરમાત્માનું ઐક્ય નામના બિન્દુને નીહાળે છે, પરમાત્માની બાબત આત્માની કલ્પનામાં આવી જાય છે

જે આત્મા સર્વજ્ઞાનમય છે, સદાનંદરૂપ છે, ને સર્વચૈતન્ય છે, તે આત્મા પરમાત્મા છે

હજી એક જુદા દૃષ્ટિબિન્દુથી વિચાર કરવાનો બાકી રહે છે મહાન શેક્સપીયરનું નામ તમે સાંભળ્યું હશે તે મહાન પુરુષે ઘણા નાટકો રચ્યાં છે હવે આપણે તેને તેના અભ્યાસના ઓરડામાં એક નાટક લખતાં જોઇશું તે 'હેમ્લેટ'નું નાટક લખે છે અને, હવે તેને તે નાટક પૂરું લખવા દો 'હેમ્લેટ'ને તેનો પાઠ ભજવવા દો 'હોરેશિયસ'ને તેનો પાઠ ભજવવા દો [illegible] એક બાજુ ઉભા રહીને જુઓ કે દરેક વ્યક્તિ તેના પાઠ કેવા ભજવે છે દરેક પોતાને એક સ્પષ્ટ જુદી વ્યક્તિ ગણે છે બીજી વ્યક્તિઓ તેનાથી જુદી છે હવે આપણે બારીકાઈથી જો જોઇશું તો ખુલ્લી રીતે માલૂમ પડશે કે 'હેમ્લેટ' પણ 'શેક્સપીયર' છે બીજાં સર્વ પાત્રો શેક્સપીયર છે ફરિસ્તાનો પાઠ ભજવનાર શેક્સપીયર છે, અને શેતાનનો પાઠ ભજવનાર પણ 'શેક્સપીયર' પોતે જ છે 'હેમ્લેટ'ના કાકા અને પિતા 'શેક્સપીયર' છે 'શેક્સપીયર' પોતાના જુદા જુદા માનસિક 'વિચારો' જુદે જુદે રૂપે ભજવી દેખાડે છે આ વિચાર દરેક પાત્રને લાગશે નહીં તેઓ એકબીજાથી ભિન્ન ભિન્ન છે શરીરમાં, વિચારમાં, વેશમાં અને રૂપ વગેરેમાં

શેક્સપીયરે 'હેમ્લેટ' જેવા ઘણા નાટકો લખ્યા છે તે સર્વ નાટકના પાત્રો પોતપોતાની હયાતી ભોગવે છે તો પણ તેઓ એક 'શેક્સપીયર' છે કોઈ એક પાત્ર 'શેક્સપીયર'નો વિચાર કરે તો શું કરે ? 'શેક્સપીયર'નું ખરું સ્થાન પોતાને એક અહંનો રસ્તો ખુલ્લો છે તે પાત્ર પોતાનો પાઠ બરાબર સમજ્યા ઉપરાંત જે નાટકનો તે પાત્ર છે તેના સર્વ પાત્રોનો અભ્યાસ તેણે કરવો દરેક પાત્ર શું શું શારીરિક, માનસિક અને આત્મિક લક્ષણો દેખાડે છે અને ભજવે છે તે, તથા દરેક પાત્રના સર્વ લક્ષણોનો અભ્યાસ કરવાથી તે નાટકનો હેતુ તેને માલૂમ પડશે પછી તે હેતુ બરાબર મનમાં રાખી તેને તે નાટક લખવા દો તેને તે નાટક માનસિક રીતે રચવા દો તમે જ તે કામ ઉપાડી લ્યો તમે નાટક લખશો નહીં, તેમ જ રહો એથી બોલશો નહીં, પણ તમારા મનમાં જ તેની રચના ગોઠવો. તમો તમારા મન સાથે એ સર્વ પાત્રનો મેળ પછી એક પાઠ ભજવો હવે, બીજું નાટક રચો અને તેના પાત્રનો પાઠ પણ તમારા મનમાં ભજવો હવે ત્રીજું નાટક રચો, ચોથું નાટક રચો અને જેટલા નાટકો તમે રચી શકો તેટલા નાટકના પાત્રો તમે ભજવો

[illegible] અંકિત [illegible] ૧૯૦૯ [illegible] છપાઈ [illegible]

૪ આપણે જો ધ્યાન દઈએ તો કોઈ એક અરૂપ-આકૃતિ પરમાત્મા છે, ને ઉક્ત આકૃતિ સત્ છે જેમાં આપણે સત્ કહીએ

૧ આપણે શરીરને મોટુ કરતાં સર્વ દેશ જેટલુ બનાવ્યુ તે શરીર દેશરૂપ થતાં, 'અહિંઆ' 'ત્યાં,' 'દૂર,' 'પાસે,' 'અંદર,' 'બહાર,' 'ઉપર,' 'નીચે,' વગેરે શબ્દો નીકળી ગયા, અને એક જ બાબત રહી, તે એક સર્વ 'અનંત અહિંઆ' છે જ્યારે સર્વ અહિંઆ છે ત્યારે ગતિ નથી, વિકાસ નથી, સર્વ સ્થિર છે

૨ આપણે આપણા શરીરના આયુષ્યને વધારી કાળ જેટલુ કરી દીધુ ત્યારે તે કાળરૂપ બન્યુ ત્યારે 'કાલે, આજે', નીકળી ગયા માત્ર એક જ સમય રહ્યુ, 'અનંત હમણાં' 'અનંત હમણાં' હોતાં વિકાસો અવકાશ નથી

૩ આપણુ જીવ-ચૈતન્ય વધતાં વધતાં તેમાં સર્વ જીવ-ચૈતન્ય સમાઈ ગયાં એટલે તે જીવ-ચૈતન્યની બહાર કંઈ રહ્યુ નહીં એટલે કોઈ બીજા જીવ-ચૈતન્યની જરૂર રહી નહીં આ ચૈતન્ય અચૈતન્ય જ છે

હવે આપણે સ્પષ્ટ રીતે જોઈએ છીએ કે આપણી સ્થૂલ કલ્પનામાંની પણ પરમાત્માને આપણે દેશ, કાળ અને જીવ-ચૈતન્યની બહાર મૂકવો પડે છે એ ત્રણ લક્ષણો તેને, જ્યારે તે પરમાત્મા [illegible] દેશ, કાળ, એ જીવ-ચૈતન્યથી મુક્ત આત્મા-પરમાત્મા-છે [illegible] કરે છે ત્યારે તે આત્મા છે, જીવ છે [illegible] દેશ, કાળ અને જીવ-

~~એક બિન્દુ (Point) [illegible]~~ [illegible] કલ્પનાથી [illegible] તે તો આપણુ [illegible] કલ્પનાની પાર ગયા [illegible]

હજી, આપણે વધારે કલ્પના કરીશુ કલ્પનાની પાર ગયા એટલે આપણે પોતે [illegible] ચૈતન્યની બહાર ઉઠી આપણે પરમાત્મપદ પાસે જઈશુ [illegible] સમજવાનો પ્રયાસ કરીશુ

આપણે કાળ અને દેશ શબ્દો વારંવાર વાપર્યા છે પણ તે શબ્દોનો ખરો અર્થ હવે સમજવાને પ્રયત્ન કરીશુ કાળ [illegible] વખત એટલે શુ ? તો જવાબ આપીશુ કે 'બનતા બનાવો,' [illegible] મુંબઈ હતો,' 'મંગળવારે સુરતમાં હીરાકનની પરબ [illegible] હારમાળા' 'સોમવારે [illegible] લગ્નમાં ગયો,' 'ગુરુવારે ત્યાંથી [illegible] ભાષણ આપ્યુ,' 'બુધવારે અમદાવાદમાં એક મિત્રને [illegible] જોવા ગયો હતો,' આમ આ [illegible] જીવનમાં બનતા નીકળી વિરમગામ સ્ટેશને એક દિવસ [illegible] મહિના, બનાવોની હાર, પરંપરા, તે વખત, કાળ [illegible] ઉપર [illegible] વરસ, સેકંડ, એ તો માત્ર કાળની ગતિનો માપ છે [illegible] ધીમે

ધીમે અથવા જલદી આવે તો દિવસ મોટો [illegible]

કરે તો દિવસ બહુ જ લાંબો [illegible]

જેટલો થાય હજી [illegible] તેની

[illegible] હજી ધીમી [illegible] તો દિવસ

[illegible] પડે તો 'દિવસ'

[illegible] સમજ પડી તેની [illegible] ઉપર

[illegible]

ફરી ફરે તો દિવસ એક કલાકનો થાય તેથી પણ બહુ ઉતાવળી ફરે તો દિવસ એક મિનિટનો થાય એમ દિવસની લંબાઈ ટુંકી અને ટુંકી થતી જશે તેમ જ પૃથ્વી સૂર્યની આસપાસ ધીમું ફરે તો વરસ મોટું થાય અને વધારે ઝડપથી ફરે તો વરસ ટુંકુ થાય અને બહુ જ ઝડપથી ફરે તો કદાચ વરસની લંબાઈ દિવસ કરતાંએ નાની થાય ૩ ૫ દિવસનું વરસ હતું તે ક કલ્પ વરસનો એક દિવસ થાય જો પૃથ્વી સૂર્યની આસપાસ બહુ જ ધીમે ધીમે ફરે તો વરસ મોટું ને બહુ જ લાંબુ થતું જાય અને છેવટે 'અનંતકાળ' જેટલું પણ થઈ શકે હવે ધારો કે આપણા બ્રહ્માંડમાંથી સૂર્ય, પૃથ્વી, ચંદ્ર, તારા, ગ્રહ વગેરે નાબુદ થઈ ગયા છે તો હવે કાળ ક્યાં છે? જે કાળ 'અનંતમાપ' (*Infinity*) કહેતા હતા તે ક્યાં છે? જેને તમે 'અનંત' કહેતા હતા, તે એટલું મોટું હતું કે તમારું 'માપ' બહાર હતું તમારાં અસંખ્ય માપ તેમાં સમાઈ જતા હતા પણ હવે જ્યારે માપ નથી ત્યારે માપવાનો અવકાશ ક્યાં છે? આપણે જે કાળ વિષે વિચાર છે, તે માત્ર બહારના સ્થૂળ બનાવોથી મપાય તેવો વિચાર છે તે ખરેખર શું છે તેનો અનુભવ આપણને થયો નથી, અને ત્યાં સુધી આપણે તકથી વિચાર કરીશું એક પગથીઆ પછી બીજું અને ત્યાં સુધી કાળના ખરા રૂપનું ભાન આપણને આવશે જ નહીં તમે એ સવાલ પૂછ્યો કે 'કાળ શું છે?' તમે એ જવાબ આપ્યો કે 'બનાવોની પરંપરા' પણ હવે તમે જોઈ શકો છો કે કાળ બનાવોની પરંપરા નથી, પણ તેનો 'આધાર' છે તે આપણા ઉપર-ચૈતન્યના મિનિટ કલાકથી માપવાનો નથી કાળ જે વહેતો હતો તે હવે વહેતો નથી પણ હવે પ્રવાહ નથી તે સ્થિર છે જો સ્થિર હોય તો ભૂત, વર્તમાન, અને ભવિષ્ય ક્યાં છે?

દેશ એટલે શું? 'બનાવોની ઓળખ વખતે હયાતી,' 'ઘણી ચીજોનું એક વખતે એકઠું રહેવું' તે આ એક ઓરડામાં ટેબલ, ખુરસી, કબાટ, પિકચર, ફાનસ વગેરે કાળની માફક આપણે એ દેશનો પણ વિચાર કરવાનો છે કાળ બંધન નીકળી જતાં દેશબંધન તો રહેતું નથી

જેમ કલાક, દિવસ, અઠવાડિયું, વરસ, વગેરે કાળના માપ છે, તેમ ઇંચ, ફુટ, માઈલ દેશનાં માપ છે વળી દેશના વિચારમાં લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ એ ત્રણ પરિમાણ છે કદાચ એવા પ્રાણી હશે જેના દેશના ઉપર-ચેતનમાં એક પરિમાણ હશે કેટલાક એવા પ્રાણી હશે જેના દેશના ઉપર-ચેતનમાં બે પરિમાણ હશે આપણા ઉપર-ચૈતન્યમાં દેશના ત્રણ પરિમાણ લંબાઈ પહોળાઈ, ઊંચાઈ છે એવા પણ દેશનું ભાન છે, જેમાં એક પરિમાણ અનુભવમાં આવે છે એવા પણ દેશનું ભાન છે, જેમાં બે પરિમાણ, પહોળાઈ અને લંબાઈ અનુભવમાં આવે છે એવા પણ દેશનું ભાન છે કે જેમાં ત્રણ પરિમાણો પહોળાઈ, લંબાઈ, ઊંચાઈ, અનુભવમાં આવે છે આપણને એવું પણ જાણવામાં આવ્યું છે કે કેટલાક પુરુષોને ચાર પરિમાણનું ભાન છે, જેમાં ચાર પરિમાણનું ભાન-પહોળાઈ, ઊંચાઈ, લંબાઈ અને ચોથું જેને વાસ્તે આપણે કાંઈ કહી શકીએ તેમ નથી, પણ 'સોંસરૂં' (*Throughout*) એ શબ્દ કહીં સૂચક છે।

---

૧ વીસમી સદીના ઉપરનાં ૨ ૦-૧૬-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની—મુંબાઈ

ચૈતન્ય ' આપણને ગમે તેટના અનત લાગે છે, પણ તે સર્વ 'અલ્પ' છે. જેમ બાળક પોતાની દેખી પાતાનુ પેટ ગમે તેટલુ—તેનાથી જેટલુ બની શકે તેટલુ—ફુલાવે, પણ તે મગ ના પેટના અલ્પ ભાગ જ હતાનો, તેમ આપણે આપણા બંધનમા રહેના 'જીવ-ચૈતન્યના' ગમે તેટના માન દેખાડીએ, અને પરમાત્માની રૂપ ધરીએ, પણ તે સર્વ દેડકીના ફુલેલ પેટ જેવા હતાના અને તેવી જ રીતે આપણો સર્વ 'અનત કાલ' અલ્પ છે આપણો સર્વ 'અ ... ' 'અલ્પ' છે, અને આપણુ સર્વ 'જીવ-ચૈતન્ય' પણ 'અલ્પ' છે આપણા જ્ઞાનના માપથી પરમાત્માની સીમા મપાતી નથી આપણે પોતે પરમાત્માના બીજ હોવાથી તેનુ માપ કરીએ, પણ જ્ઞાન તો તે માપથી પરમાત્મા મપાય તેમ નથી રાજનો માન-'ગજ-મીજ' ... પણ તે બીજ-સ્થિતિમા તે ગજની 'સીમા' માપી શકશે નહી આપણે આપણા ચિતારમા જગત્ ના માત્માને ચિતારવા માગીએ છીએ દેખીએ પણ તેમ જ થયુ હશે પરમાત્મા જે કાઈ છે તે તો આપણા જ્ઞાનના સર્વ વિચારોની બહાર જ છે આપણા વિચારો તેને તે જેમ છે તેમ ચિતરી શકશે નહી, પણ તેના આપણા વિચારમા તેનો ચિતાર દોરી ભક્તિભાવે નાના લઘુ માતપિતા આગળ જેમ બાળક વધારે કાલુ કાલુ બોલે તેમ તેમનો વધારે આનંદ ઉપજે છે, અને બાળકને વ્હાલથીભેટે છે, તેમ આપણુ આવુ કાલુ કાલુ બોલવુ સાંભળી પરમાત્મા આનદ પામી આપણને-બાળકોને-આશિષ દેશે

—અપૂર્ણ

અભિનન્દન.

લેખક—ડા બચુભાઈ રાવત.

અભિનન્દન છે દીપો સર્વના
ને નંદન વનના પાદપ !
પાદપ સમ ! વડીલ
સભાગ કંઠક,
પાઠવવા છે મ્હારે કંઠક સન્દેશ
આગાના અભિનન્દનો અતરના જ, હો !
નથી અહા કઈ બહિર શિષ્ટાચાર
કે પાશ્ચિમાત્ય 'ટ્રામવિટિ'ની ગંધ
કે ... ઉડાણના અમર આદોલન
આત્મની વિશુદ્ધ ભાવના અખંડ પડઘો
કેટકેટની દેખી દીપોત્સવીઓ,
કેટકેટની વીતરી જીવનવસન્તો ?

ક્યારેય આચર્યું છે કંઈ એવું
કે જેથી લખી શકાય
ત્હારી જીવનકથાનો મહા અધ્યાય,
માંડી શકાય ત્હારા જીવનકૃત્યો તણો અનુલેખ,
રમણી શકાય ત્હારી જીવનકથાના સંસ્મરણો,
કે નોંધાવી શકે તું ચિરયૌવનને ચોપડે ?
ઉકેલ્યા છે કો મહાનુભાવના જીવનમર્મ,
કે ઝીલ્યા છે કો મહદ્વ્યક્તિના જીવનસન્દેશ ?
દુઃખ અને ચિન્તા પીડિત
અકિંચન ભારતના પ્રજાજનોના
લોહ્યા છે કદિ આંખ અને હૃદયના અશ્રુઓ
આપી છે કદિ સ્નેહભાવે મળી સેવા
કે કકળ્યું છે તુજ ઉર, નિહાળી એ દીનદશા ?

વિશ્વના અદ્વિતીય, અપ્રતિમ, અપ્રમેય
પરમ તત્ત્વ તે સ્નેહ
ન હોય બ્રહ્માંડનું યે અસ્તિત્વ
જો સ્નેહ ન હોય તો
અનન્ત આ—પરમાણુનું સર્જન ને બ્રહ્માંડ,
ને અવતરણ ન હોત સ્નેહ વિના કદિયે.
એમ બંધાયું છે બ્રહ્માંડ સ્નેહ તાંતણે

પૃથ્વીપટ જ્યાં જ્યાં જળ
ને જ્યાં જ્યાં જળાશય
—નદી તે હોય ભલે ન્હાની કે મ્હોટી—
ત્યાં ત્યાં પડે છે પ્રતિબિમ્બ એ પ્રચંડ સૂર્યનાં
એમ બ્રહ્માંડનો પ્રત્યેક આત્મા
એ પરબ્રહ્મનું પ્રતિબિમ્બ.
સૌયે પ્રતિબિમ્બ જો એક પરબ્રહ્મનાં
તો કેમ ન રાખવો સમભાવ એ સૌયે પર ?
ને સ્નેહસૂત્રે સૌ અખિલ બ્રહ્માંડ બંધાયલું જ છે ના ?
સમભાવે સેવા દ્યો,
ને સ્નેહ અને સેવા, એ તો સંજોગિયા ભાઈબ્હેન

* અકિંચન મુસાફરના [illegible] રૂ. ૧-૮-૦ એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ.

ક્ષમાનાં તે બ્રહ્માસ્ત્ર ફેંકતો
ને સદા કરતો વિરોધીઓને યે એક વિપલમાં
વદને એને વિરાજતી સત્યની સૌમ્ય છાયા,
ને કદાચિદ્ કવચિદ્ તે પર
માનવ દશા વિનોદી દાખતુ તેનુ સ્મિત
દુઃખની રેખાઓ દોરતુ
અંગે અંગમાંથી સત્યના ઓજસ્ ઉડતા,
નયનમાંથી સત્યના તાર છૂટતા,
જાણે અખંડ યોગધારી અડગ યોગીન્દ્ર કો

"છઠ્ઠી એપ્રિલ, ઉપવાસને પ્રાર્થનાનો દિન,
સ્વતંત્રતાના સંરક્ષણાર્થ,
લોકના કલ્યાણ કાજે,
દેશના પુનરુદ્ધાર માટે"
ઉઠાવી એની એ આજ્ઞા
આખા આર્યાવર્તની આર્ય પ્રજાએ
બે આંખની બે કીકીઓ સની
હિન્દ માતની બે મહાપ્રજા
હિન્દુ અને મુસલમાન
મળી મન્મનપની નહેર ગળી મુસાઈની મસ્જીદમા,
સમસ્ત હિન્દની મસ્જીદ ને મન્દિરોમા,
ને ગુંથાઇ એક સ્નેહગ્રન્થમા
અગિયારમી એપ્રિલે ઘુમ્યો એનો સન્દેશ,
સત્યાગ્રહ ને સ્વદેશીવ્રતનો
હિન્દુમુસલમાનની એકતાનો,
અધ્યાત્મબળની અજનિ બળી
ગુજરાત ને ભારતપર,
વેરી એણે નવચેતના,
ને પરમ પ્રગતિનુ પ્રભાત
છઠ્ઠી ને અગિયારમી એપ્રિલ
અંકિત થયા છે સુવર્ણાક્ષરોએ
હિન્દી પ્રજાના વિજયવાળા ઇતિહાસને ચોપડે

સ્નેહમુદ્રા ૨ ૧૯-૦-૦ ... એમ વિદ્યાર્થી ... મુંબાઇ

ગુજરાતે શું ગુમાવ્યું ને શું મેળવ્યું ?
ગુર્જરીના ગત ગણપતરામ
ને 'અમન મગીબડા જેવી પરિયાર' ક્યાં ?
'નવપાતિ'ની મધુર લહરીના આનન્દ
અનુભવશે હવે ફરીને ગુર્જરસાહિત્ય—ઉપાસકો ?
માર્યાદિયો ને કમ્પનીઓએ
સોસાયટીઓ ને ગ્રન્થમાળાઓએ
ને છુટક સાહિત્ય સેવકોએ
ઉમેર્યાં છે થોડાંક પાન
ગુજરાતના સાહિત્યમંદિરના ગરવે
પણ તેથી
—આપણે ય પૂછીએ પ્રશ્ન
ગુજરાતના મહાકવિના શબ્દોમાં કે—
"ગુજરાતિમાં નવ પરસ્તના આવી ?
વીરોનો ર્જીદ આયુષ ને શૌર્યજંગ,
સ્ત્રીઓની શરીરસંપત્તિ ને રસિકતા,
બાળકોના થનગનાટ ને ઉલ્લાસ
વધ્યાં કે ખીલ્યાં ?
ગુજરાતની વિદ્વત્તા, સાહસને મન
ઉદારપણું દૂરઅંદેશી ને પરોપકાર,
મધુરતા સુન્દરતા ને પુણ્યજ્ઞાન"
વિકસ્યાં કે કરમાયાં ?
ને એથી એના ગૌરવ ને જાહોજલાલી
વધ્યાં કે ઘટયાં ?
શું કહેવું એ સાહિત્યને—
જેના ન ભણાયા હોય ગઈકાલના ગૌરવોના ઇતિહાસ
કે અજાણના પગલાંઓની પરમ્પરા ?
ઉમેરાયું છે આપણા સાહિત્યસમુદ્રમાં
આજ કંઈ ગયે વર્ષ ?
આ પ્રશ્નો શું અનુત્તર રહેશે ?

મુ. સરસ્વતીદય ને સ્વાશ્રય ; ૧૯૨૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની મુંબાઈ

આજ નૂતનવર્ષનો મંગળ દિન !
આપના આશીર્વાદ ઉતરો અમ દેશ, વિભુ !
દીપમાળ પ્રગટે છે આજે
ગૃહે ગૃહે ને દેવમન્દિરે
પ્રગટો એવી દીપમાળ આનન્દ ને ઉત્સાહની,
ઝગો એના રસજ્યોત સ્નેહ ને સેવાની,
ભભુકો એની જ્વલન્તજ્વાલ ઉન્નતિ ને અભ્યુદયની,
માનવ મન્દિરે
ને મનુજ ને ઉર ઉરે
કુનકાતીઓ ને ફુલડા કટોરીઓ ઉભરાય છે,
આનન્દ ઘટા નગ' છે,
આરતીઓ ઉતારાય છે,
ઉભરાઓ એમ ઉ ડાળીઓ મનુકુળવેલની
અવનવ અભિલાષના નવરંગ કુસુડે,
વગડો એના વિજયના ઘડીયાળ,
ને ઉતરો એવી પ્રગતિની મંગળ આરતીઓ
સમસ્ત માનવબ્રુન્દને હૃદયમન્દિરે

નૂતનવર્ષ, ૧૯૭૬

ગૃહગમન.

લેખક –શ્રી વ્યંકટરાવ ચિમનલાલ મેતલસવાર.

ફ્રાડીક ચક્રવર્તી ગામના છોકરાઓનો સરદાર હતો. નદીના કાદવમાં વહાણ ઠેકાણે ડાઓ બનાવવા સારુ પડેલો એક મોટો લાકડાનો કકડો એણે જોયો, ત્યાંથી એને આ કકડાને બીજી જગાએ ખસેડવાનો વિચાર થયો. એણે બધા છોકરાઓને કહ્યું કે "આપણે આ ખસેડીશું એટલે લાકડાનો માલીક ગુસ્સે થશે તે જોવાની આપણને કેવી મજા પડશે !" બીજા બધા છોકરાઓએ ફ્રાડીકને ટેકો આપ્યો ને દરખાસ્ત સર્વાનુમતે પસાર થઈ.

જેવી બધાએ લાકડાને ખસેડવાની તૈયારી કરી કે તરત જ ફ્રાડીકનો નાનો ભાઈ 'માખન' લાકડાપર બેસી ગયો. આ જોઈ છોકરાઓ વિચારમાં પડી ગયા. અને એક છોકરાએ એને ધક્કો મારી ઉઠી જવા કહ્યું. પણ માખન નફ્ફટાઈથી આવી રમત શું કર્યા કરતી એમ એના દિલમાં ઉદાસીનતાભર્યા વિચાર કરતો કરતો મુંગો બની બેસી જ રહ્યો. આથી ફ્રાડીક આગળ જઈને બોલ્યો "માખન, જો તું નહિ ઉતરે તો હું તને મારીશ."

---

૧ કુસુમ ચિત્ર ૩ ૧–૮–૦ એન. એમ. ત્રિપાઠી, એન્ડ કંપની, મુંબાઈ

આ સાભની માખન આકડાની જરા સારી જગ્યાએ ખસ્યો.

માખને ઊંચું ગણ્યું રે નહિ ને પોતે જો શિક્ષા ન કરે તો પોતાની સરદારની તથા મોટા-ભાઈની પદવીનું માન ના રહે. ધારી ફ્રાંકે પોતે બનાવેલી બીક પાર પાડવાનો નિશ્ચય કર્યો. આ કટાકટીને વખતે એ હિંમત હારી ગયો પણ તરત જ એના મગજમાં નવો જ વિચાર સ્ફુર્યો. આથી એને લાગ્યું કે એમ કરવાથી તો ઉલટી વધારે મઝા પડશે. આ વિચાર આવતા જ એણે છોકરાઓને લાકડું ઉપર બેઠેલા માખન સાથે જ ગગડાવી દીધું કર્યું. માખને આ હુકમ થતો સાંભળ્યો પણ પોતાને નાસી જવાનો વિચાર કર્યા વગર પોતાનો કક્કો ખરો કરવાના ઢંગથી પોતે બેસી જ રહ્યો.

છોકરાઓએ પોતાનું સઘળું જોર કાઢી એક, બે, ત્રણ બોલી લાકડું ગગડાવ્યું. લાકડું ગગડતાની સાથે જ માખનની હિંમત અને મોટાઈ પણ પુરી થઈ.

બધા છોકરાઓ ખુશી થઈ મોટી બુમો પાડવા લાગ્યા પણ હવે શું થશે એ વિચાર આવતા જ ફ્રાંક જરા ગભરાયો. આનું પરિણામ શું આવશે તેની એને બરાબર ખબર હતી. માખન જમીનપરથી ગુસ્સે થઈ બુમો મારતો મારતો ઉભો થયો અને ફ્રાંકને અડી લાતો મારી ને ધ્રુજતો ઘેર રડતો રડતો ઘેર ગયો.

ફ્રાંકે રમવાનું બંધ કરી નાખ્યું અને નદી કીનારે આવી ડુબી ગયેલી મોજ કરાવતી વાત ની નોટ પડી હતી તેની કોરપર ઘાસનો કકડો ચાવતો ચાવતો બેઠો. એવામાં એક હાડી નદી કીનારે આવી પહોંચી અને તેમાંથી એક બુઢ્ઢા વાળવાળો ને કાળી મુછવાળો આધેડ વયનો માણસ ઉતર્યો. આ માણસે ફ્રાંકને પુછ્યું કે 'ચક્રવર્તી ક્યાં રહે છે ?' ફ્રાંકે ઘાસ ચાવતાં ચાવતાં આંગળી કરી કહ્યું કે "ત્યાં" પણ એ કઈ જગ્યાએ દેખાડતો હતો તે સમજવું અશક્ય હતું તેથી આ અજાણ્યા માણસે ફરીથી જરા ઉંચેથી પુછ્યું. એ બોટપર પગ હલાવતો હલાવતો બેઠો બેઠો કાંઈક બેદરકારીથી બોલ્યો, "જા અને શોધી કહાડ" આટલું કહી એણે ફરીથી ઘાસ ચાવવું શરૂ કરી.

પણ એટલામાં એક નોકર આવી પહોંચ્યો અને ફ્રાંકને કહ્યું કે 'તમારી મા તમને બોલાવે છે' ફ્રાંકે આવવાનું ના કહ્યાથી નોકરે એને એકદમ ઉંચક્યો અને જેમ તેમ કરી એ મરજી વિરુદ્ધ છોકરાને ઘેર લઈ ગયો.

જ્યારે ફ્રાંક ઘેર આવ્યો ત્યારે એની માએ એને ગુસ્સે થઈને પુછ્યું "તેં માખનને મારવાનું હજુ છોડ્યું નથી ખરું ને ?" ફ્રાંકે જવાબ આપ્યો, "મેં એને માર્યો જ નથી. તમને કોણે કહ્યું કે મેં એને માર્યો છે ?"

માએ ક્રોધથી બુમ પાડી કહ્યું "જુઠું ના બોલ, તેં એને માર્યો જ."

ફ્રાંક એકદમ બોલી ઉઠ્યો "હું ખરું કહું છું કે મેં એને માર્યો નથી. તમે માખનને પુછી જુઓ." પણ પોતે પહેલાં કહ્યું હતું તેવી જ રીતે માખન બોલ્યો કે "મા, ફ્રાંકે મને માર્યો છે."

આ અન્યાય ફાટીક ખમી શક્યો નહિ એ એકદમ માખન તરફ દોડ્યો ને એને પકડીને જોરથી માથા ફાટીક મારતા મારતા બોલ્યો, "લે, જો; બોલ !! સાચું એ શોધ વધારે"

ફાટીકની માએ એકદમ માખનની તરફેણ લીધી, માખનને આઘો ખસેડ્યો ને ફાટીકને પકડી ખુબ માર્યો, આથી ફાટીકે માને ધક્કો માર્યો ત્યારે એ બોલી, "શું ! હરામખોર, તું તારી માને પણ મારીશ!"

આ ટાકણે પેનો ભુખરા વાળવાળો અજાણ્યો માણસ આવી પ્હોંચ્યો ને આ બધી ધામધુમનુ કારણ પુછ્યુ ફાટીક એને જોતા શરમાઇ ગયો

પણ જ્યારે ફાટીકની માએ આ અજાણ્યા માણસ તરફ જોયુ કે તરત જ નરમ થઇ ગઇ ને આશ્ચર્ય પામી આ આવનાર એનો ભાઈ હતો એ બોલી, "કેમ દાદા, તમે ક્યાંથી આવ્યા?"

આટલુ પુછ્યા પછી એ ભાઇને પગે પડી નમન કર્યા પછી એનો ભાઈ મુંબાઈ ધંધો કરવા ગયો હતો જ્યારે એ મુંબાઇમા હતો ત્યારે એની બ્હેનનો વર મરી ગયો હતો હાલ બીશામર કલકત્તે આવ્યો હતો તેથી બ્હેન ક્યા રહેતી હતી તેની શોધ કરી એને મળવા આવી પ્હોંચ્યો

થોડા દીવસો મોજ શોખમા ગયા પછી ભાઇએ બ્હેનને છોકરાઓની કેળવણી કેમ ચાલે છે તે વિષે પુછ્યુ બ્હેને કહ્યુ કે, ફાટીક રમતીયાળ, આળસુ અને ખરાબ છોકરો છે, એ ભણતો નથી ને જાત જાતની મ્હને હેરાન ગતિ આપે છે પણ માખન દરેક રીતે સારો છે ને વાત સમજવાનો ને કહ્યાગરો છે એને અભ્યાસ કરવાનો પણ શોખ છે આ ઉપરથી ભાઇએ ફાટીકને ભણાવવાનુ કામ માથે લીધુ અને એને કલકત્તે લઇ જવાનુ નક્કી કર્યું બ્હેનને પણ આ વાત પસંદ પડી. મામાએ ફાટીકને પોતાની સાથે કલકત્તે આવવુ ગમશે કે નહીં તે પુછ્યું ત્યારે ફાટીક બોલ્યો, "હા, ગમશે મને" એ એવા અવાજથી બોલ્યો કે બધાને એને જવું ગમે છે એવી ખાત્રી થઇ

ફાટીકને ભાઈ લઈ જશે એ વિચારથી માને ઘણી શાન્તિ વળી કેમકે ન જાણે કેમ પ્હેલેથી જ ફાટીક તરફ એની માને કાંઇક અણગમો હતો ને બે ભાઇઓ વચ્ચે પણ ખાસ પ્રીતિ ન્હોતી એને હમેશા બીક રહેતી કે કોઇ દીવસ ફાટીક માખનને તોફાનમા ને તોફાનમા નદીમા નાખી દેશે, માથુ ફોડશે અથવા તો કાઇ બીજી રીતે હાની પ્હોચાડશે જ આટલું છતા ફાટીકને જવાની વાત કરતી વખતે આનન્દ પામતો જોઇ એને ઘણુ દુખ લાગ્યુ

આ વાત થયા પછી ફાટીકને જવાનુ એટલુ તો મન થયુ કે એ હરરોજ મામાને ક્યે દીવસે જઇશુ એ પુછ્યા કરતો ખુદ વખત તો એને આ વિચારને લીધે ઉંઘ પણ આવતી નહિ ફાટીકે કલકત્તે જવાનુ કરતા પોતાનો મોટો પતંગ, લખોટીઓ ને માછલી પકડવાનો ગાળો તથા બીજી રમતની ચીજો નાના ભાઇને આપી દીધી જવાની વખતે ફાટીકે પોતાના ભાઈ તરફ આ રીતે ઉદાર હ્રદયના બતાવી

એ લોકો ,કલ-તે પહોંચ્યા ત્યારે કાંઈક પોતાની મામીને પહેલી જ વખત જોઈ મામી હર્ષિત થયા તે પણ પડ્યું નહિ, કારણકે પોતાના ત્રણ છોકરા ખોયા જ એ મામી એ બીજા આ છોકરાને અહીં લાવવામાં મોટી ભુલ કરી હતી

આ અરસામાં ૧૪ વર્ષનો છોકરો જેટલો કંટાળો આપે છે તેટલો કંટાળો બીજી કોઈ ઉમ્મર આપતી નથી એની આ કાચી ઉમ્મરમાં ઉપયોગી થઇ પડતો નથી તેમ બાળપણ છોડી જતો નથી એનાપર મોટી પડતું પણ અશક્ય હોય છે એ હમેશ ગોટાળો થઇ પડે છે જો એ બાળકની માફક વાત કરે છે તો લોકો એને બાળક જેવો જ ગણી એમ કહે છે કે એ મોટા માણસની માફક વાત કરે છે તો કેવો અસભ્ય છોકરો છે એમ કહેવાય છે ખરું જોતાં એની વાતચિતની બધા જ કંટાળે છે આ વખતે એ બાળપણું છોડી મોટપણમાં પ્રવેશ કરે છે તેથી એનો દેખાવ પણ કાંઇક વિચિત્ર થતો જાય છે એકદમ ઉંચો આડો વધવાને લીધે એના કપડાં નાનાં પડી જાય છે અને જરા કાંઈક કુબડો થાય છે, ને મેઢું પણ દુઃખતમાં હાડકાં નીકળવાથી બેડોળ થાય છે આપણે નાના છોકરાની ભુલો જતી કરીએ માફ કરીએ છીએ પણ ચૌદ વર્ષની વયના બાળકથી અજાણે ને વધુ સાનમાં છતાં એ થતાં ગયેલ ભુલો દરગુજર કરી શકતાં નથી આ રીતે છોકરાને પોતાની જાતપર એક જાતનો કંટાળો આવે છે તેથી જ્યારે એ મોટા માણસો સાથે વાત કરે છે ત્યારે ક્યાં તો અઘટતી ધૃષ્ટતા અથવા તો પોતાની જાતથી જ શરમાઇ ન છાજતું શરમાળપણું બતાવે છે

ખરું જોતાં આ ઉમ્મરે જ દરેક છોકરાને બીજા માણસ પોતાના તરફ કાંઇક લાગણી બતાવે એની જરૂર થાય છે અને જે કોઇ એના તરફ લાગણી દેખાડે છે તેનો એ ગુલામ થઇ રહે છે પણ એના પ્રત્યે ખુલ્લી રીતે કોઈ લાગણી દર્શાવતું નથી કારણ કે આવી રીતે લાગણી બતાવવી એ મોટા લાડ ગણાય છે ને છોકરાપર આની ખરાબ અસર થાય છે એમ મનાય છે આથી આવા દીવસો પસાર કરતાં તથા મળતાં દુઃખોને લીધે એના મનની સ્થિતિ અસ્થિર થાય છે

૧૮ વર્ષના છોકરાને પોતાનું ઘર જેટલું આનન્દદાયી લાગે છે તેવું બીજા કોઈને નથી લાગતું બીજાના ઘરમાં રહેવું એને ઘણું જ બરાબર લાગે છે ને એને ઓઓ તરફથી જો બે માયાળુ શબ્દો કહેવામાં આવે છે તો એ ગાંડો ગાંડો થઇ જાય છે, પણ જો ઓઓ એને સહેજ પણ ઠપકો આપે છે તો તે એને અસહ્ય લાગે છે

આથી મામીને ઘેર અણગમતા પરોણા થઇને રહેવાનું તથા વેંગ વાંકે પળે પળે મામીના મેણાં સાંભળવાનું કાંઈકને બહુ જ ખરાબ લાગતું હતું કોઈ પણ કામ એને મામી સોંપતી તો એ ઘણો ખુશ થઈ જતો ને કામ કરવા એવો મશગુલ થઈ જતો કે મામી એને ઠપકો આપી લેસન કરવા મોકલી દેતી

પોતાની કોઈ દરકાર કરતું નથી એ વિચારથી કાંઈકને જગાએ ચેન પડતું નહિ, એને બુલ્લી હવા વાળી જગાએ જવાનો વિચાર થયા કરતો પણ આવી જગ્યા પાસે હતી જ નહિ

ફલકનામા તો મોટા નોગ ધરે જ આના આથી એ હમેશ રાનના ઘેર જવાના વિચાર કરતા કરતા ઉંઘી જતો ને સ્વપ્નામા પણ એને આજ વિચાર થયા કરતા પોતે, જે મોટા આલ્હાદક મેદાનમા પતગ ઉડાડતો હતો તે મેદાન, આનન્દથી ગાતો ગાતો ને જુનો આરસો માગતો નદી ખીનારે આખો દીવસ મન મોજે વખતે ફર્યા કરતો હતો તે પ્હોળી નદી અને જે સન પાસે ફાવે તે વખતે એ ન્હાતો ને તરતો હતો તે ઝરો—એને આલેખો કરતા. પોતાના મિત્રોની ટોળી ને પોતે એ ટોળીનો સરદાર હતો એ વાત આભરી આવતી ને આ ઉપરાત પોતાની તરફ કોણ જાણે શાથી કાઇક નિસ્ત્રાગની નજરે જોતી પોતાની માના વિચાર એને નત દિવસ થયા જ કરતા એક જાતનો પ્રવૃત્તિવાળો નારીરિક પ્રેમ, પોતાના પર આતિ રાખનારની પાસે રહેવાની ઇચ્છા, આવી જાતના વ્હાલની ગેરહાજરીને લીધે થતી અકળ વ્યથા સધ્યાકાળને વખતે ના ગ્ડા ને માયપાસે જવાની ઇચ્છા જેવી માનો પ્રેમ મેળવવાની હૃદયની દારુણ વ્યથા—આવો, લગભગ પશુવૃત્તિવાળો પ્રેમ આ ગમ્માળ, બીકણ પાતળો ને કાઇક કદરૂપા દેખાવના છોકરાના હૃદયમા તન્મનાટ કરી રહ્યો હતો કોઇને આ નાનો ના વિકાર જણાતા નહિ પણ ફાટીકના મનપર આની ઘણી અસર થઇ રહી

આથી ફાટીક ભણવામા ઘણો પછાત પડી ગયો આખો દીવસ તે મૂઢ જેવો બેસી રહેતો અને વર્ગમા માસ્તરનો મુગે મોઢે માર ખાયા કરતો જ્યારે બીજા છોકરાઓ રમવા જતા ત્યારે એ એકલો બારી પાસે બેસી રહી દુર દેખાતા અપરા તરફ જોઇ રહેતો ને કદાચ કોઇ વાર ઉઘાડી અગાશીમા રમતા છોકરાઓ એની નજરે પડતા ત્યારે પોતાના મિત્રો મળવાની ઇચ્છાથી એનુ હૃદય ભરાઇ આવતુ

એક દીવસ એણે હિમ્મત ધરી મામાને પુછ્યુ "મામા, મ્હને ઘેર ક્યારે મોકલશો?" મામાએ કહ્યુ, "રજાઓ પડે ત્યારે" પણ રજાઓ તો નવેમ્બરમા પડવાની હતી ને નવેમ્બરને ઘણી વાર હતી

એક દીવસ ફાટીકની ચોપડી ખોવાઇ ગઇ ચોપડીઓ હતી ત્યારે જ એને લેસન આવડતુ નહિ ને હવે તો ચોપડી ખોવાઇ ગઇ એટલે લેસન આવડવાનો સભવ જ નહોતો. રોજ લેસન સારૂ માસ્તર એને મારતા અને મામાના છોકરાઓ પણ એની મશ્કરીઓ કરતા. આખરે એ એની મામી પાસે ગયો અને ચોપડીઓ ખોવાઇ ગયાની વાત કરી

મામીએ ગુસ્સે થઇ કહ્યુ, "મૂર્ખ છોકરા મહિનામાં પાચ ચોપડી તુ ખોઇ નાખે છે એટલે ક્યાથી નવી ચોપડીઓ રોજ રોજ લાવુ?"

રાતે ફાટીક નિશાળેથી આવ્યો ત્યારનુ જ માથુ દુખતુ હતુ તે રહ્યુ ને ટાઢ ચઢી આવી એને લાગ્યુ કે હવે મને મેલેરીઆ તાવ આવશે તાવ આવશે તો મામીને ભારરૂપ થઇ પડીશ આમ એ વિચાર એના મનમા આવી રહ્યો

સ્હવારે ફાટીક ક્યાંઇ દેખાયો નહિ આડોશી પાડોશીને ત્યા શોધ કરી પણ એનો પત્તો ન લાગ્યો શોધ કર્યા પછી બીજા દિવસે પોલીસને ખબર આપી. છેક સધ્યાકાળે પોલીસ માણસો

ના હૃદયથી ...

સુથાર્ડ

સ્ત્રા-હતા. બે પોલીસે એ ફ્રાંકીને ઉચક્યો હતો. તેમણે એના મામા પાસે સુવાડ્યો. ફ્રાંકના કપડાં પાણીથી તરબોળ થઈ ગયાં હતાં ને કાદવથી ખરડાયાં હતાં. એની આંખો નાચવે ચઢી ગઈ હતી; આખું શરીર ધ્રુજતું હતું. બીશપ સાહેબે એને ઉંચકી અંદરના ઓરડામાં સુવાડ્યો. આ જોઈ એની સ્ત્રી બોલી, "આ છોકરો આપણને કેટલા હેરાન કરે? તમે એને ઘેર કેમ નથી મોકલી આપતા?"

ફ્રાંકીએ આ શબ્દો સાંભળ્યા, એ રડી પડ્યો ને રડતાં રડતાં બોલ્યો, "મામા, હું ઘેર જ જતો હતો પણ આ લોકો મને અહીં પાછા લાવ્યા."

તાવ વધારે ચઢ્યો અને આખી રાત એને વાગી આવી. મામાએ ડાક્તર ને બોલાવ્યા. ફ્રાંકીએ પોતાની તાવથી લાલ થઈ ગયેલી આંખો ઉઘાડી અને બોલ્યો 'મામા, રજાઓ પડી કે નહિ? હું ઘેર જાઉં?"

બીશપના ગાલ ઉપર પણ આંસુ લુછી નાખ્યાં અને ફ્રાંકનો ગરમ અને સુકો થઈ ગયેલો હાથ પોતાના હાથમાં લીધો. એ ફ્રાંકની પાસે આખી રાત બેઠા. છોકરો ફરીથી બોલતો હતો, 'મા, આવી રીતે મને માર નહિ. હું તને ખરેખર કહું છું!"

બીજે દિવસે સવારે થોડો વખત ભાન આવ્યું. એણે જાણે પોતે કોઈને શોધતો હોય તેમ ચારે તરફ આંખો ફેરવી અને આખરે નિરાશ થઈ ગયો. ફરી અને નિઃશ્વાસ નાખી ઝીણે અવાજે બોલ્યો, "...."

બીશપ એના વિચાર કળી ગયા. પછી ધીમેથી બોલ્યા, 'ફ્રાંક, મેં તારી માને તેડવા માણસ મોકલ્યું છે."

દિવસ પુરો થયો ને સાંજે ડાક્તરે આવીને ધીરે અવાજે કહ્યું કે સ્થિતિ ઘણી ખરાબ છે. છોકરો આખરની ઘડીએ પહોંચ્યો હતો.

ફ્રાંકે ગણગણવા માંડ્યું, "નિશાળની પાસે જવા-નજીક રામ રહ્યા નિશાળની પાસે જવા-ચાર રામ, નિશાળની પાસે જવા...." કિનારે ઉભેલા મામાના નદીપર ફરતી હોડીના ખલાસીઓ આવી બુમો પાડતા હતા તે એણે ઘણીવાર સાંભળી હતી પણ હાલ એ તેને અગમ્ય ને અગાધ સમુદ્રની મુસાફરી કરવાની તૈયારીમાં હતો.

મોડી સાંજે ફ્રાંકની મા આઈ પહોંચી. ગાડીમાં, ધુળના ઢગલા ભરેલી આંખથી તેમ લથડીયાં ખાતી ખાતી એ ઓરડામાં દાખલ થઈ. એણે આવીને મોટે અવાજે રડવાનું શરૂ કરી દીધું. બીશપે એને આ વ્યાકુળતા શાન્ત પાડવા ઘણો પ્રયત્ન કર્યો પણ એ તો છોકરાની પથારીમાં પડીને મોટેથી બોલી ઉઠી કે, 'ફ્રાંક, મ્હારા બાળ, મ્હારા વ્હાલા બાળક!"

ફ્રાંકે માં ચાર પાંચ વાર ભાન ખોઈ પણ ..... એના હાથ એ સામે તેમ પકડ્યો ..... બોલ્યો, "શું?"

મા ફરીથી બોલવા લાગી, 'ફ્રાંક, મ્હારા બેટા ઓ મ્હારા બાપુ!'

ફ્રાંકે ધીમે ધીમે આંખ ..... હું તેને જોવા લાગ્યો તો, મા, આખર વખત બોલી કે "...

* હરિ ઉકાર ..... વાર્તા ઉપરથી

..... તા. ૨૦-૧૨-૦૭ જૈન ..... વિદ્યાર્થી ..... સર્વ .....

તૃતીય ગુજરાત રાજકીય પરિષદ્—રત.

લેખક—રા. હીરાલાલ હરજીવન ગપાવા બી. એ.

સુ રતમા–ગુર્જરાતની મોટાની મૂરત સુરતમા, ઇ સ ૧૯૦૭ મા રાષ્ટ્રીય પરિષદ્‌ના ભાગેન માટે જગતનીએ રચના સુરતમા–ગુજરાત રાજકીય પરિષદ્‌નુ તૃતીય અધિવેશન નવેમ્બર માસના પ્રારભમા મળ્યુ હતુ–અધિવેશન મળ્યુ અને પૂર્ણ થયુ ત્યારે

ગુજરાતની રાજકીય જાગૃતિ.

તેણે કરેલા કાર્યનો આપણે વિચાર કરવાનો છે જે સુરતની રાજકીય પ્રકરણમાં ૧૯૦૭ની વિખ્યાતિ સમગ્ર હિન્દમા સુજ્ઞાત છે, તે સુરતમા કુસપના ભયાનક ભડકા નીકળશે અને કદાચિત્ પોતાની પ્રચ જ્વાળામા ગુજરાત રાજકીય પરિષદ્ હોમાઈ જશે એવો ભય સકારણ રાખવામાં આવતા હતો સામાન્ય કહેવત છે કે, દૂધથી દાઝેલો છાશ પણ ફુક ફુકી પીએ, અને આવો ભય ઉત્પન્ન કરવાના સયોગો સર્વથા નહતા એમ કહી શકાશે નહિ સુરતમા કેટલાક કાર્યવાહકો કે કાગળોએ કેટલાક કાગળોની રીતે વિતંડાથી નવલુ ધારણ કર્યું, અને એવા ભયને પુષ્ટિ આપનાર દેશના મિત્ર હોવાનો ગર્વ કરનાર પરન્તુ વસ્તુત અભિમાનમાં જ આગળ નાર અને ગુજરાતી વર્તમાનપત્રોના નામને બટ્ટો લગાડનાર વર્તમાનપત્રોએ તેમના અસતોષનુ પ્રકટ કરનારા લેખો અને ટીપણીઓ પોતાની કટારોમા પ્રગટ કર્યા વસ્તુસ્થિતિ હતી તેના કરતા તેને બહુ અતિશયોક્તિવાળુ સ્વરૂપ આપવામા આવ્યુ હતુ સુરતી લોકો મરીમસાલા આદિના બહુ શોખીન હોય છે તેથી આમ થયુ હશે। સત્ય છે કે, સુરતમાંનો કેટલોક કુસપ હતો અને છે, તે આપણા પ્રાતિક વિકાસનો અને પરિણામે રાષ્ટ્રીય વિકાસનો વિઘાતક છે પરન્તુ તેનો કેટલાકોએ 'કાગનો વાઘ' બનાવી સુરતને પેટ ભરી ગાળ દીધી છે, તેમની સાથે હુ સહમત નથી સુરતીઓમા કેટલીક અસહિષ્ણુતા હતી અને તેણે શબ્દોમાથી એક પગથીયુ આગળ વધી આચારમા સ્થાન લીધુ હતુ, તથાપિ એ અસહિષ્ણુતા એટલી બધી તીવ્ર ન હતી, એમ કહેવાનુ હુ સાહસ કરૂ છુ અને પરિષદ્‌નુ અધિવેશન સારી રીતે પૂર્ણ સમાપ્ત થયુ એ જ બતાવી આપે છે કે, સામાન્ય વસ્તુસ્થિતિ તીવ્ર મતભેદ પૂર્ણ નહતી. અને એ પરિષદ્‌ની કાર્યવાહીના સમાચારો જોતા પરિણામ આપણને બતાવી આપે છે કે, ગુજરાત કેટલુ અને રાજકીય પ્રકરણમા જાગૃત બન્યુ છે, અને તેણે કેટલી પ્રગતિ કરી છે, તથા ભવિષ્યમા પ્રગતિ કરવાને કેટલુ સામર્થ્ય તેણે પ્રાપ્ત કર્યુ છે

ગુજરાત રાજકીય પરિષદ્‌નુ વય હમણા જ ત્રણ વર્ષનુ થયુ છે એટલે એનો ભૂતકાળ બહુ જુનો નથી છતા આપણા સ્વદેશપ્રેમી પ્રાત સ્મરણીય પિતૃવાત્સલ્ય પરમસાધુ મહાત્મા નાથાજીના આત્મબળપૂર્વક હસ્તે તેનો પાયો નખાયો હતો અને નિઃશક

ભૂતકાળના ત... એક દૃષ્ટિ।

છે કે એ મહાત્માનુ અગાધ બળ પરિષદ્‌ને ચિરસ્થાયી અને શક્તિમાન બનાવશે અને તેની જ સ્થિતિમાં ટકાવી રાખશે પ્રથમ પરિષદ્

ગુજરાતના પછાત ગણાતા પચમહાલ જીલ્લાના ગોધરા શહેરમાં ભરવામાં આવી હતી તે સમયે પ્રારંભ હોવાથી ઉત્સાહ અપાર હતો, અને આરંભશૂરાં પણ પુષ્કળ જોવામાં આવતું હતું તથાપિ ગોધરામાં વ્યવસ્થાની કેટલીક ખામી હતી એવી ફરિયાદ સાંભળવામાં આવી હતી આ પરિષદમાં એક ખાસ કાર્ય એ કરવામાં આવ્યું કે, પરિષદે નિયત કરેલું કામ સઘળું નિયમસર કર્યા કરવાને માટે એક કાર્યકારી મંડળ નીમવામાં આવ્યું એ મંડળે પચમહાલમાં વેઠ પ્રથા કાઢી નાખવાનો ઉદ્યમ જારી કર્યો હતો, એમ કહેવાય છે, આ પ્રમાણેનું કાર્યકારી મંડળ નીમવાનો નિયમ ચાલુ રાખવામાં આવ્યો છે, પરન્તુ મને ભય, એટલો જ રહે છે કે, અને તે સત્ય પડતો જાય છે કે આ કાર્યકારી મંડળમાં પણ પ્રથમના જેટલા જુસ્સા અને ઉત્સાહથી કામ કરવામાં આવતું નથી આ શેનું પરિણામ છે તે હું કહી શકતો નથી, પરન્તુ હાલ તો આગ ભઠીયાની ટેવને આભારી ગણું છે

આ મંડળના સબન્ધમાં એક બીજી વાત—આ મંડળ કામ કરે છે એ સાચી વાત, પરન્તુ મારા જ્ઞાન પ્રમાણે એ મંડળનું મુખ્ય અને મધ્યસ્થળ અમદાવાદ રહે એ મને વાંધાભર્યું લાગે છે એનો અર્થ એ થાય છે કે અમદાવાદ વિના અન્ય સ્થળોમાં રાજકીય જીવન હજી તો એટલું બધુ વિકસ્યું નથી, અથવા આ મંડળના કાર્ય કરનારાઓને યોગ્ય માર્ગે દોરવાને માટે અમદાવાદ અનિવાર્ય છે આવો અન્યર્થ પણ ગુજરાતના નવજીવનને કલંક લગાડે એવો છે, એટલું જ નહિ પણ વ્યવહારિક સ્થિતિ એટલી હોવાથી મારી માન્યતા પ્રમાણે રાજકીય જીવનનો એનાથી જ ખરેખરો વિકાસ અટકે છે, કેમકે અમુક વ્યક્તિ કે આગળીના વેઢા ઉપર ગણાય તેટલી વ્યક્તિઓના હાથમાં સઘળું કામ એકઠું થાય છે, અને તેઓ જેમ નચાવે તેમ નાચવું પડે છે જે સ્થળે પરિષદ્ ભરાય અને તે જીલ્લામાં બીજા બારમાસ સુધી મુખ્યત્વે કાર્યકારી મંડળે કામ કરવાનું હોય છે એવી પદ્ધતિ જોવામાં આવી છે તદનુસાર તે જ સ્થળે કાર્યકારી મંડળને માટે વ્યાવહારિક મુખ્ય અને મધ્યસ્થળ રહેવું જોઇએ રાજકીય પરિષદ્ ભરનારાએ અને તેમાં આગેવાનીભર્યો ભાગ લેનારાએ પરિષદ્ના ત્રણ દિવસ પૂરા થઈ ગયા અને મંડપ શૂન્ય થાય એટલે વ્યાવહારિક રીતે લોકોના રાજકીય જીવનવિકાસને માટેની પોતાની, જોખમદારી ઘણી ઓછી થઇ ગયેલી માને એ શોકજનક વસ્તુસ્થિતિ છે, પરન્તુ આપણા દુર્ભાગ્યે એમ જોવામાં આવે છે એનો અર્થ મારા ધારવા પ્રમાણે તો એવો થાય છે કે, તમે કોઇને જમવાનું આમત્રણ આપો છો તેની ક્ષુધા અધિક તીવ્ર બનાવવાના ઉપાયો યોજો છો, અને પછી તમે ધારો છો કે, 'જમવાના આમત્રણના ઉદ્દેશની સમાપ્તિ એટલેથી જ થઇ ગઇ! રાજકીય પરિષદ્માં જે ચર્ચાઓ થાય, જે વિવેચનો થાય જે જુસ્સો બતાવાય તે સઘળાનું દર્શન કર્યા પછી, અનુભવ્યા પછીથી, જેમણે એનું દર્શન કરાવવામાં આગળ પડતો ભાગ લીધો હોય તેઓ ઉદ્દિપ્ત બનેલી ક્ષુધાને શાન્ત કરવાને, સાધનથી તેને પૂરા પાડવાને તત્પર ન હોય તો એ ક્ષુધા મરી જ જાય ને! અને તેનું પરિણામ છેવટે શોચનીય આવે ને! એથી લોકોમાં નિરાશાનું તિમિર અધિક ગાઢ થતું જોવામાં આવે તો તેમાં કાંઈ નવાઈ છે ખરી? નહિ જ!

આ કાર્યકારી મડળના સબંધમા બીજી દુનિયા એ છે કે, તે જે કામ કરે છે તેનો અહેવાલ પરિષદ્ સમક્ષ અથવા જાહેર પ્રજા સમક્ષ મુકવામા આવતો નથી આ પ્રમાણે તેઓ પાછળ કામ કરે છે એમા અમને વાંધો નથી ડાબો હાથ જે કામ કરે તે જમણા હાથે પણ જાણવુ ન જ એ એ ક્રાઇસ્ટનુ સુવર્ણસૂત્ર વ્યક્તિગત જીવનને લાગુ પડે છે, સાર્વજનિક જીવનને નહિ એ બે સમજાવો જોઇએ છે આના અહેવાલ વિના પ્રજાને શુ જ્ઞાન થાય કે તેમના હિતકર દેશબંધુઓ તેમના કલ્યાણને માટે અમુક અમુક પ્રયત્નો કરી રહ્યા છે, અને તેમને અમુક અમુક દિશામા સહાય આપવાની આવશ્યકતા છે અને જનસમૂહને આ કાર્યકારી મડળોના લાભ અને ઉપયોગીતા પ્રત્યક્ષ ઉદાહરણથી ન સમજાય તો કુદરતી રીતે તેઓ કાર્યકારી મડળની ઉપયોગીતા વિષે તેમ જ સ્વય પરિષદ્‌ની ઉપયોગીતા વિષે સદિગ્ધ મનના રહેવાના. આ અને એવા અન્ય કારણોને લીધે અમારો ખાસ આગ્રહ છે કે, આ મડળે પોતાની બાર માસની કામગીરીનો અહેવાલ પ્રતિવર્ષ તૈયાર કરવો, તે પરિષદ્ સમક્ષ રજુ કરવો અને તેને પસાર કરાવી જાહેર પ્રજા સમક્ષ મુકવો હુ આશા રાખુ છુ કે આવો અતિ ઇચ્છવા યોગ્ય સુધારો અમલમા આવશે શુ આપણે એટલી આશા નહિ રાખી શકીએ કે આવતે વર્ષ જ એનો રીપોર્ટ પ્રકટ કરવામા આવે?

એ વાત એટલેથી રહી હવે દ્વિતીય રાજકીય પરિષદ્ નડીયાદમા ભરવામા આવી હતી તે નિહાળીએ આ પરિષદ્‌નુ પ્રમુખપદ માન રા વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલે દીપાવ્યુ હતુ આ પરિષદ્‌મા મારા ધારવા પ્રમાણે ઉત્સાહ ઓછો ન હતો કાર્યદક્ષતાની પણ ખામી ન હતી. ગુજરાતની પ્રખ્યાત સાક્ષરભૂમિ તરીકે નડીયાદ સુવિખ્યાત છે નડીયાદ પરિષદ્‌નુ કાર્ય સતોષકારક રીતે સમાપ્ત થયુ હતુ પરન્તુ એક ખામી હતી પરિષદ્‌નુ જીવન ભયમા આવી પડશે કે શુ? એવો ભય એક સમય ઉપસ્થિત થયો હતો દ્વિતીય પરિષદ્‌મા જ આના કામ થાય, એ આપણુ અહોભાગ્ય! આવી સ્થિતિ આણી મુકવાને માટે કેટલાક આપણી ભૂલ માને છે, કેટલાક બીજાનો ખોટો એવુ વલણ હતુ પ્રાન્તીય સચાલનમા આવુ દેખાવુ નભી શકે નહિ એવા નરમ અને પ્રજાકીય ભાવના વચ્ચે અથડામણ થયો, અને તેના ધારણ કરેલા અગ્નિએ પરિષદ્‌નો હોળીઓ કરવાનો વિચાર રાખેલ પણ તેમા તેને નિરાશા મળી—અન્ય સજ્જનોની ચતુરાઈ અને કુશળતાએ સ્થિતિ ઉગારી લીધી—એને માટે તેમને સહૃદય ઉપકાર માનવામા આવે છે

તૃતીય પરિષદ્‌મા માન રા પટેલના મુબાઇ ધારાસભાના સહચર મ ન ગો ગો ચદુલાલ કહાનદાસ પારેખ પ્રમુખપદે વિરાજ્યા હતા પેલી મહેતાજીવાળી ગુજરાતી કહેવતનો ઉપયોગ કરીએ તો જ્યારે નડીયાદ પરિષદ્‌ના મહેતાજી ખુબ ઉંડા

એક સરખામણી! ધુરધરતા અને પોતાનુ ચાલે તો માર મારવાને પણ પાછા ન પડે એવા ન હતા ત્યારે સુરત પરિષદ્‌ના મહેતાજીએ તેની તદ્દન ઉલટી દિશામા જ મુસાફરી કરી હતી અર્થાત્ તેઓ પ્રમાણમા બહુ જ નરમ હતા પટેલ સાહેબે પૂરેપૂરી

ઉચ્ચાઇ વાપરી હતી, જ્યારે સુરતમા પારેખ સાહેબે "વાણીના, મૂગ નીચી"નુ વતન આ ઉધી ધારણ કરી રાખ્યુ હતુ માન રા પટેલમા નવો યુગ અને નવા યુગનો પવન મૂ ...મ તા, ત્યારે મા. ગ. પારેખમા જુનો યુગ અને જુનો પવન દેખાતા હતા અને તેમા નવ ગતી આછી આછી અને દીપી ઉઠે તેવી ગતી નયનગોચર થતી હતી, માન ગ પારે પોતાની વૃદ્ધાવસ્થામા જે સદ્વિચારના અને જે સદ્‌ભાવ વૃત્તિ દાખવ્યા છે તને માટે તેમને સવથ ધન્યવાદ ઘટે છે અને તેમના ઉદાહરણનુ અનુકરણ ગુજરાતના નવજીવનમય યુવકો કરો એવી અભિલાષા રાખવામા આવે છે સુરતની ગુજરાત રાજકીય પરિષદ્‌ના "પ્રમુખશ્રી ના અ ડગપણ માટે વકતાસનપરથી મુનશીએ પ્રશંસા કરવામા આવી હતી, અને તેમના જે અનુભવી વૃદ્ધ ની સાથે સહકાર્ય કરવાની અભિલાષા નવીન ગુજરાતની છે એમ કહેવામા આ તુ તેનુ પાલન કરવામા આવશે તો તેથી ગુજરાતના ભાવિ જીવનપર બ અસરી અસ થશે એમ કહ્યા વિના ચાલતુ નથી તથાપિ નિષ્પક્ષપાતપણે કહેવુ પડશે કે ઉમદા રીતે પ્રમુખ પદની જોખમદારીઓ પરિપૂર્ણ કરવા માટે માન ગ પારેખે વધારે જાગ્રતતા બતાવવી જો તી નવીન ગુજરાતો તેમની કાર્યપદ્ધતિમા કાઇક ન્યૂનતા, દેખાઇ હોય તો તેમા વિસ્મય કારક કાંઇ જ નથી

સામાન્યપણે આટલુ કહ્યા પછી, અને સુરત ગુજરાત રાજકીય પરિષદ્‌ની કાર્યવાહી વિ વિશેષ વિચાર કર્યા પહેલા પરિ ના બધારણ વિષે કાઇક કહેવાની આવશ્યકતા લાગે છે ગુજ રાત રાજકીય પરિષદ્‌નુ વય ત્રણ વરસ નુ થયુ અ વાત સત્ય, પરન્તુ

એક એકડા વિનાના મીંડા !

એથી વધારે ઉંડા ઉતરીને આપણે એના બધારણની એના પાયાની તપાસ કરવાની જરૂર છે જે પાયા ઉપર આ ઇમારત ચણી છે તે પાયો સંગીન છે કે પોતો ખડક ઉપર છે કે રેતી ઉપર તેનો નિર્ણય કરવાની આવશ્યકતા છે આપણે ગુજરાત રાજકીય પરિષદ્‌નાં ત્રણ અધિવેશનો ભર્યાં, પરન્તુ તેનુ બધારણ કયા અધિવેશનમા નક્કી થયુ છે ? કોઇમાં નહિ ખરી રીતે એ બધારણ દ્વિતી અધિવેશનમા જ નક્કી થઇ જવુ જોઇતુ હતુ તેને બદલે તૃતીય અધિવેશન સમાપ્ત થઇ ગય છતાં બધારણનું નામઠામ માલૂમ પડતુ નથી ત્યારે બધારણ વિના થયેલા કાર્યને આપણે શુ ગણવુ ? તેને કયું નામ આપવુ ? આમા આપણી કાઇ સ્વભાવસિદ્ધ ન્યૂનતા, કાર્યકુશળ તાની ખામી નથી માલૂમ પડતી ? એવો તે શો અનિવાર્ય અંતરાય નડે છે, કે અદ્યાપિ પરિ ષદ્‌ના બધારણને ચોકકસ કરી લેવામા આવ્યુ નથી ? આશા રાખવામા આવે છે કે, આ ગામી વખતે ખામી દૂર કરવાને અને તેના લીધા પગલા ભરવામાં આવશે

સુરત પરિષદ્‌માં ઉપર ઉપરની દૃષ્ટિએ જોતા તો કાઇ ખાસ જોવા જેવુ દેખાતુ ન હતુ પરન્તુ એમા કેટલીક ખૂબીઓ જોવામા આવતી હતી ! સામાન્યતઃ સુરતના અધિવેશનમાં પ્રથમ

સુરત પરિષદ્

બે પરિષદોના જેવો લોકોનો ઉત્સાહ જોવામાં આવ્યો ન હતો, પરન્તુ તેના અનેક કારણો હતા પ્રથમ તો દેશની વર્તમાન સ્થિતિ ઘણી ને ...

પશ્ચાત પાડી દેવાને માટે અને તેમને નિરુત્સાહી બનાવવાને પૂરતી હતી વળી સુરતમાં જ કેટલાકોએ વિરોધનો કોલાહલ કર્યો હતો તે આપણે ઉપર જોઇ ગયા છીએ. તેમા લોકોના અતિસામાન્ય અને વ્યાપક અજ્ઞાને અભિવૃદ્ધિ કરી હતી લોકોનુ આ વિષયમાં ભયંકર અજ્ઞાન જોઇ કોઇનાથી ખેદ વિના રહેવાતુ નહિ અરેરે વિદ્યાવિલાસી ભારતવર્ષ! તારાં બાળકો આવા ગાઢ અજ્ઞાનાંધકારમાં! આવી પરિસ્થિતિમા પણ લોકોએ ભાગ લીધો હતો અને ઉત્સાહ બતાવ્યો હતો તે પ્રશંસનીય છે પરિષદ્‌ની સન્માનકારિણી સભાનુ અધ્યક્ષસ્થાન વયોવૃદ્ધ રા. બ. ખન્ડુભાઇ ગુલાબભાઇ દેસાઇને આપવામા આવ્યું હતુ, જ્યારે પ્રમુખપદ પણ તેવા જ અનુભવી વૃદ્ધ માન રા ગોકુળદાસ કહાનદાસ પારેખને અપાયુ હતું બન્નેના ભાષણો મનનીય હતાં. રા બ ખન્ડુભાઇનુ ભાષણ ઝળકદાર બાનીમાં લખાયુ હતુ જો તેને વાચનાર છટાદાર વક્તા હોત તો જરૂર તે ઘણુ જ દીપી ઉઠત માન રા પારેખના ભાષણમા ચર્ચેલા પ્રશ્નો ઉપયોગી છે, અને તેપર દર્શાવેલા વિચારો પણ માનનીય છે, તથાપિ શુષ્ક અને નીરસ રીતે દર્શાવવામાં આવ્યા છે, ભાષાશૈલી આકર્ષક નથી, ઝડઝમક પણ નથી, એટલું જ નહિ પરંતુ અનેક સ્થળે એ ભાષણ અસંખ્ય અંગ્રેજીભાષાના શબ્દો તથા શબ્દસમૂહોથી ખચિત છે તેમા અનુભવ છે, જ્ઞાન છે, જુસ્સો પણ છે, તથાપિ ભાષાએ એ સઘળાનુ મૂલ્ય ઘટાડ્યુ છે, એટલું કહેવું પડશે એમાં પંજાબનો પ્રશ્ન સારી રીતે ચર્ચ્યો છે, તેમ જ યુવાન ગુજરાતને નિરાશ નહિ બનતા કાર્ય કરવાનો બોધ પણ સારો આપ્યો છે અને આ ભાષણ વાચવાને માટે પણ માન. રા પારેખ અસમર્થ હોવાથી અન્ય ગૃહસ્થને આપવામા આવ્યુ હતું પરન્તુ તેમાયે એટલુ બધુ સાફલ્ય પ્રાપ્ત થયુ ન હતું

આ પરિષદ્‌ની કાર્યવાહી માટે કાયક એમા હિંદુ, મુસલમાન તથા પારસી ત્રણેએ પ્રમાણસર સારો ભાગ લીધો હતો, અને એ રીતે દેશબંધુ હોવાનો અને રાષ્ટ્રીય જુસ્સો ધરાવવાનો સાક્ષાત્ દાખલો આપવામા આવ્યો હતો વળી તેમા વૃદ્ધોએ ભાગ લીધો હતો અને યુવકોએ પણ ભાગ લીધો હતો પંજાબના બનાવો વિષે તથા રોલેટ કાયદાઓ વિષે સમગ્ર હિન્દમા પ્રચંડ ચળવળ ચાલી રહેલી છે, તે વિષે પરિષદમાં યોગ્ય ઠરાવો પસાર કરવામા આવ્યા હતા, અને તેનીપર જે ભાષણો થયા હતા અને તે ભાષણોને જે જુસ્સાથી આવકાર આપવામા આવતો હતો તે દર્શાવી આપે છે કે, દેશના ખુણે ખુણામાં એને વિષે કેવા વિચારો અને કેવી લાગણીઓ પ્રસરી રહી છે! તે ઉપરાંત મહત્વનો પ્રશ્ન ખેડુતોની સ્થિતિનો અને મહેસુલનો હતો એક વૃદ્ધ ખેડુતે હિન્દના ખેડુતોની દયાજનક સ્થિતિનુ આબેહુબ વર્ણન આપ્યુ હતુ—જે આપણને તો પરિચિત જ છે અને સ્પષ્ટ કહ્યું હતુ કે, ખેડુતોવડે જ રાજ્ય છે, તેમની આબાદ સ્થિતિ પર જ રાજ્યનો આધાર છે, માટે રાજ્યના શ્રેયને માટે ખેડુતોની સ્થિતિ આબાદ કરવાને સત્વર પગલાં ભરવા જોઇએ આ સ્વત, જો સુન્દર અને પ્રતીતિજનક દલીલો કરવાથી જ દહાડો વળી જતો હોય તો તો આપણે અસંખ્ય દલીલો કરી છે અને કરીએ છીએ અને કરીશું! મુશ્કેલી આગળ ખામી માત્ર કાર્ય કરવાની જ છે! સુરત પરિષદમા અન્ય બે નવીન પ્રશ્નો ચર્ચવામાં આવ્યા

જુનાગિરિનો ગજબ (સચિત્ર વાર્તા) રૂ ૨-૦-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ

જર્મન પૂર્વ આફ્રિકા બ્રિટિશોએ જીત્યુ છે, તે હિંદીઓને આપવાના સમ્બન્ધમાં હતો. આ ઠરાવ શ્રી. અતાણી નામના ગૃહસ્થને સોપવામા આવ્યો હતો અને તેમને માટે એટલુ કહેવુ જોઇએ કે શ્રી. અન્તાણીએ તેને સારો ન્યાય આપ્યો હતો. હિન્દીઓની શૂરવીરતા, ધીરતા અને ધર્મનાના તેમણે ઉદાહરણો આપ્યા હતા, કાળાગોરાઓ વચ્ચે કેટલુ કારણ વ્યાપારી હરીફાઈ છે એ દર્શાવ્યુ હતુ અને એ અદેખાઇને પરિણામે હિન્દીઓ પ્રતિનુ અસભ્ય વલણ ધારણ કરવામા આવે છે તથા આવ્યુ છે, તે દર્શાવ્યુ હતુ-આથી શ્રોતાજનના મનપર સુન્દર અસર થઈ હતી એ નિર્વિવાદ છે

અન્ય નવીન પ્રશ્ન સહકારની હીલચાલનો હતો. આ પ્રશ્ન વિવાદાત્મક નથી તેની ઉપયોગિતા અને તેના મહાન્ લાભોનો સર્વત્ર સ્વીકાર કરવામા આવે છે, અને આપણા દેશમાં દેશોન્નતિ સાધવાને માટે ગરીબ લોકો તથા મધ્યમ વર્ગના, ખાસ કરીને ખેડુતવર્ગના લોકોના સાભ્રને માટે આ હીલચાલ જે દેશમા વ્યાપક અને સગીન બનાવવાની જરૂર છે આ પ્રશ્ન ગુજરાત રાજકીય પરિષદ્‌માં આણવામા આવ્યો એ ઘણુ ઠીક કર્યુ છે એ હીલચાલ એથી વિશેષ લોકપ્રિય બનશે એ નિ:સશય છે અને ભાવિ રાજકીય જીવનને પોષવામા પણ તે સારી રીતે સહાયભૂત બનશે

સઘળી કાર્યવાહીનુ નિરીક્ષણ કરવાનો અત્ર અવકાશ નથી. પૈની કહેવત પ્રમાણે સર્વ સારૂ જેનુ છેવટ સારૂ - પરિષદ્ સારી રીતે સમાપ્ત થઈ એટલુ જ નહિ પરન્તુ તેણે સગીન કાર્ય કર્યું ! આશા રાખવામા આવે છે કે, તેમા જે કાર્યકારી મંડળ નીમવામા આવ્યુ છે, તે પોતાને સોંપેલુ કામ સારી રીતે બજાવી ગુજરાતને કૃતાર્થ કરશે, અને નવીન રાજકીય જીવનનો ઉપયોગ કરવાને તૈયાર કરશે.

ઉષા—સ્વરાજ્ય પ્રતિજ્ઞા.

(પ્રથમ ખંડ)

લેખક—રા ગે૦ પુરૂષોત્તમ વિશ્રામ માવજી.

(આનુ અચિત્ર ઐતિહાસિક વાર્તા)

પ્રકરણ ૧૧ મુ

પત્તિત્ર પ્રજા.

" It's easy enough to be pleasant
When life flows by like a song
But the man worth while is the man who can smile,
When every thing goes deadly wrong "

" When a people cease to have a national character to maintain they lose the main spring of whatever is laudable both in public and in private life, and the private sinks with the public character "

—Sir Thomas Munro

સર ન્ગા જવામર્દીસે, હિમ્મતસે મરૂગા,
નામર્દીકા ન્હે ટગ, ગવારા ન કરૂગા

"મ્હારાથી એ નહી બને, માતા, મ્હારાથી એ નહી બને "

વેલસરમા કાન્હોજી જેધે દેશમુખના અવાસમાં સાવિત્રીબાઇના પગપાસે ગુડણોપર હાથ રાખી પોતાના હાથ વચ્ચે મુખ રાખી બેઠેલા રોકાજીથી મુધોજીએ ઉપલા શબ્દો ઉચ્ચાર્યા. સાવિત્રીબાઈ–તેની માતા, કાન્હોજી જેધેની પત્ની ધ્રુજી ઉઠી, અને ધીમેથી બોલી —

"પુત્ર, ત્હારા પિતાની આજ્ઞા વિરૂદ્ધ ત્હારાથી જવાશે જ નહી જો તુ તેમની આજ્ઞા પ્રમાણે નહી કરે તો આપણા બધાનુ શુ થશે તે ઇશ્વરને ખબર!"

' શુ થશે ? ભલે તે મને મારી નાખે !" ક્રોધથી–દુ ખથી મુધોજી બોલી ઉઠયો

"અરે, જો તેમ થાય તો હુ કેમ જીવતી રહીશ ?"

"માતા, માતા, શુ આવી સ્ત્રી કે જેનો દરેક વિચાર, દરેક ઇચ્છા, લાગણી, અને વર્તન, આપણા દેશના નાશ તરફ વાળેલ છે—જે આપણા કટ્ટા શત્રુ–પીઢીજાત શત્રુની કન્યા–તે શત્રુ

ઉપા -સ્વનાત્ય પ્રતિગ્રા



સમાલોચક,] "મ્હારાથી એ નહિ બને" માતા! [નવેમ્બર ઈ. સ. ૧૯૧૯
મ્હારાથી એ નહિ બને' — પૃ ૬૨૪

ચિત્ર ૧૭—રા રવિશંકર રાવળ] [[illegible]

જે મરાઠા નામને લજવનાર—અતિ જુલમી—અરે, આ નિર્દય જુલમી સર્જેખાનને પણ સારો કહેવડાવે એવો નિષ્ઠુર જુલમગાર તેની કન્યા—તે પણ તેવી જ હોવી જોઇએ—તેની સાથે પરણ્યાના કરતાં તો મોત હજારગણું સારૂ છે માતા, આ કરતાં તો મને મુવેલો જોવાનું વધારે પસંદ કરીશ માતા, આ ચડાળો, અરે અમારા દેશના '

ઓચિંતો તે અટક્યો—ઓચિંતા ધરને ધ્રુજાવી નાખે એવા ભયંકર હાસ્યનો, દારૂ મસ્તીનો, ભારે પગલાંનો, હથીયારોના ખણખણાટનો, અને બેસુરા અવાજમાં અર્ધાંપર્ધાં બિભત્સ ગાયનોનો ધ્વનિ, અને તે સાથે જ એક સ્ત્રીની ભયની ચીચીયારીનો અવાજ તેને કાને અથડાયો તે ચમક્યો, ઉઠ્યો દરવાજા તરફ ધસતો બોલ્યો—"આ શું ? આ શું ?" પણ તેની માતાના આર્તસ્વરૂપ મંદ અવાજથી પાછો ફર્યો "નહી, સુધોજી જતો નહી કોઈ નથી એ તો બિજાપૂરી સિપાઇઓ છે તેઓ રાતને ચીડવતા હશે, અને તેનો તો હમેશાંનો ચીડીયલ સ્વભાવ છે બીજું કાંઈ નથી આપણે ત્યાં આ બાર સિપાઇઓ અને તેમનો નાયક રાખવામાં આવ્યા છે, તે સિવાય તેમનો સરદાર—"

"બાર બિજાપૂરી સિપાઇઓ અને તે પણ ખુદ રોહિડખોરાના દેશમુખના ઘરમાં ! વાહ, આ કેટલી આપખુદી ! કેવું અપમાન, હાય આ આપણી સ્થિતિ !" સુધોજી બોલી ઉઠ્યો, અને અતિ ઉદ્વિગ્ન થયેલા હૃદયમાંથી ઉત્પન્ન થતું એક પ્રકારનું ચમત્કારિક અતિ દુઃખ સંતાપનું હાસ્ય તેના હૃદયમાંથી બ્હાર પડ્યું—"ઓ ઇશ્વર !" તેણે નિર્બળતા તથા નિરાશાવાળી સત્તા કરતા હાથ લંબાવ્યા "ઓ ઇશ્વર, આ સર્વ અપમાન, શા માટે ? આ જુલમ સહન કરવો ! તોરણમાં, નવ લાખ ઉંબરેમાં, પૂરમાં, ધારગામમાં અને એવાં એવાં અનેક સ્થળોમાં શું બન્યું તે જાણવા છતાં, કાંઇપણ કરી શકવાને અશક્ત, અરે, આ ભયંકર ધિક્કારપાત્ર હેવાનિયતભરેલા અસહ્ય જુલમ સામે થવાને શક્તિહીન—અરે, પરતંત્રતા એ ત્હારો પ્રતાપ—અરે, જે દેશને ચાહીએ જે આપણો સ્વદેશ, આપણી માતૃભૂમિ અરે આપણો પવિત્ર ધર્મ, અરે, આપણાં જાન આ ઓ સગાં હાલાં, તેપર છડેચોક થતો અસહ્ય જુલમ દરેકે દરેક અન્યાય, ત્રાસ દુઃખ, મુંગે મ્હોડે જોઇએ, વેઠીએ, અને તેની સામે થઇ શકીએ નહી—અટકાવી શકીએ નહી એક આંગળી સુદ્ધાં ઉંચકી શકીએ નહી—અને એક પડેલા જડ કાષ્ઠ પેઠે મુંગા મુંગા પડ્યા રહીએ—અરે એ સર્વ વખત એ વેઠતા, આ જુલમી સત્તાના પગ ચુમતા, એક કરમરતા ગુલામની સ્થિતિમાં રહેવાનું પસંદ કરતા પડ્યા રહીએ—એ પણ દહાડા—પરતંત્રતા, પરતંત્રતા—પરતંત્ર પ્રજાની બીજી શી સ્થિતિ હોય ?—અરે, આ ભયંકર સ્થિતિ—તેમાં વળી આ નવો જુલમ અરે આ ધિક્કારપાત્ર લગ્ન—ઓ ઇશ્વર આ તું કેમ સહન કરે છે ? આ નિંદ્ય અપમાનવાળા તિરસ્કારયુક્ત લગ્ન સ્વીકારૂં તો મ્હારા જેવો નાલાયક બીજો કોણ ?'

"સુધોજી, દયા માતર !" ગદ્‌ગદ્ કંઠે માતાએ કહ્યું સુધોજી તેની પાસે દોડી ગયો, તેના પગપર માથું મુક્યું અને પોતાના હાથમાં મુખ રાખતો બાળક પેઠે નિસાસા નાખતો બોલ્યો —

"ક્ષમા, ક્ષમા, માતા—મ્હારાથી એ નહી બને—મોત આવે તે બ્હેતર પણ મ્હારાથી એ નહી બને"

તેના માથાપર તે પ્રેમથી હાથ ફેરવવા લાગી તેના ચક્ષુમાંથી જ ખાળી શકાયાથી અશ્રુ તેના શીર્ષ પર થઇ ગાલ—સુકાયલા પણ ગૌરવર્ણા ગાલોપર ટપકવા લાગ્યાં તે કાંઇ બોલી શકી નહીં જરા શાંત થતા મુધોજી ધીમેથી બોલ્યો—"માતા, વિચાર કરો અત્યારે આવે વખતે આપણે આ પગલાથી આપણા ઘરમા હાથે કરી એક જાસુસને શું દાખલ કરતા નથી? કેવો ભય છે? આ કરોકડીને સમયે જે વખતે આપણે આટલું બધું જોખમ ખેડીએ છીએ તે વખતે મહારાજ "

"ચૂપ, મુધોજી, નાદાન!" ધીમેથી પણ જોરથી સાવિત્રીબાઇ બોલી ઉઠી અને પોતાનો પાતળો શ્વેત હાથ પુત્રના મુખ પર જોરથી દાબ્યો " આ દિવસોમા આ દિવાલોને પણ કાન હોય છે " એમ ગભરાતી બોલી

" માતા, વ્હાલી માતા, ડરો નહી અહીં કોઇ સાંભળે એમ નથી " મુધોજી ગભીરાઇથી પણ ઘણે ધીમે સાદે હવે બોલવા લાગ્યો—" માતા, આ બાદિનની પુત્રી અને આપણી વચ્ચે શું લાગે વળગે? એ એના પિતાની જેમ આપણા કુટુંબના એકેએકને ધિક્કારે છે અરે, તે આ આપણા આખા પ્રદેશનો નાશ થઇ ગયલો જોવા ઇંતેજાર છે અરેરે, મને પળે પળે લાગ્યા કરેછે કે આપણી દરેક હિલચાલપર તે નજર રાખે છે, અને પોતાના ક્રૂર, જંગલી પિતાને છુપી રીતે સર્વ હીલચાલની ખબરો મોકલે છે, અને આપણને પરતંત્રતાની જાળમાં નાખવા—કચડી નાખવાનો દરેક ઉપાયો શુભ રીતે તે યોજે છે—આ સ્થિતિમાં રહેવું એ કંઇ જાનનું સમારસુખ—માતા! શું એ નર્કાવસ્થા નથી? એ કરતા તો મોત ભલું!"

" પણ તું શું કરી શકીશ, મુધોજી?" માતાએ અતિ દુ:ખના નિ:શ્વાસ નાખતા કહ્યું. મુધોજી ઉઠ્યો પોતાની લગીવનારા આંખમા આવેલાં અશ્રુ લુછ્યા, અને બોલ્યો —" માતા, મને વિચાર કરવા દો પિતા મને સાજ પહેરાવવાના નથી તે વખતે મુખ્ય બાડામા જવું છે અરેરે, પિતાજી આટલા સંગદીલ કેમ થયા? અને પોતાના પુત્રને આ ધિક્કારપાત્ર ગુલામી બાઝારમા વેચતા એમણે કેમ વિચાર ન કર્યો?"

" એ શું કરે? સરખાને ખુદ આ લફરૂં વળગાડ્યું શાહીદરબાર દાખલ્યો—શાહને નામે હુકમ કર્યો, અને તેની અવજ્ઞા કરવાથી આપણને અને મારાને સ્વાધીન કરવાની ધમકી સુધા આપી બાદિન સાથેનું પુરાણું વેર ભૂલી જઇ સખ્ય કરવા ફરમાવી બેઉનો મેળાપ કરાવ્યો" ક્યારેક મુદ્રાથી સાવિત્રીબાઇએ ઉત્તર આપ્યો.

" અરેરે આ અપમાન, આ ઉદ્ધમદ અને હમેશના દુ:ખમા દિવસો કાઢવા કરતા તો ધગધગતી આગમા બળી મરવું સારૂં હાય, પરતંત્રતા એ ન્હોંગ પ્રતાપ. એક ગુલામ અને આપણમા શો ફેર? આપણા વ્યવહારમા—ઘરસંસારમા પણ તેમની દખલ આપણે શિર નમાવી તેમની આજ્ઞા માથે ચઢાવવી! હાય—પણ આજ મ્હોટાભાઇ કેમ દેખાતા નથી? તમને મળ્યા છે?"

"ના, તે તો હું જાણું છું તે કેવા રામ છે "

"હા,' છે તો તેવા જ શું કહીયે ? બેફિકર, નિષ્કાળજી, મોજશોખ, એશ આરામમાં, મસ્ગુલ-કાલ રાતે આ સામેની ધર્મશાળામાં કેટલાક મુસલમાન, અમલદારો મળ્યા હતા, મોજમોજ ઉડાવતા હતા-દારૂની મસ્તી---આપણા ભાઇસાહેબ પણ ત્યાં જનો-મોડી રાતસુધી ગયા હતા, ખુબ દારૂની ધમ અને જુગાર ચાલ્યુ-અને બાજીરાવ પણ "આટલું કહી તિરસ્કારપૂર્વક તે જરા હસ્યો

"હું જાણુ છુ હું જાણું છુ નાહની વાત જ ન કરો તે તો તેના પિતાનો પુત્ર છે અને તું મ્હારો છે જે તું જે કાંઈ કરે તે પૂર્ણ વિચાર કરી, અને દુ:ખ-ચિંતા ન થાય એમ કરજે અવિચારી પગલુ ભરતો નહી" એમ કહી માતાએ બે હાથ લંબાવ્યા અને હાથમાં પુત્રનું માથુ પકડી તેના મસ્તકપર ચુમન કર્યું

"માતા, તું બેફિકર રહે હું જે કરીશ તે પૂર્ણ વિચાર કરીને જ કરીશ "

"પણ તું કાંઇપણ ઉતાવળભરેલુ કરતો નહી જે કાંઇ કરે તે મ્હારી સલાહ લઇને જ કરજે"

"હા, માતા, પહેલા તો મ્હારા હૃદયને પુછીશ ' ગણે ધીમેથી બોલવા લાગ્યો —"શિવાજી રાજાની પ્રથમ સલાહ લઇશ, ઇશ્વર પછી શ્રીશંકરેશ્વર પછીના મ્હારા સર્વ વિચારો તેમને માટે —આ ઉદારાત્મા માટે છે -મ્હારી સત્ ભક્તિ તેમને માટે છે તેમણે જે પવિત્ર ઝુંડો ઉપાડ્યો છે, સ્વરાજ્યમાટે જે રણયજ્ઞ આરંભ્યો છે, તેમાં જરૂર પૂર્ણ યશ આવશે જ વખત આવી પહોંચ્યો છે માતા, આપણો વખત આવ્યો છે મ્હારો અંતરાત્મા કહે છે અમારી છૂપી મહેનત સફળ થઇ છે આજ આ શહેરમાં ઘણા માણસો જોઇએ તે વખતે હથીયાર ઉપાડવા એક પગે તૈયાર છે આવે વખતે આ ભયંકર લગ્નનો વિચાર કેમ કરી શકુ ? આ ભયંકર જુલમને હું મ્હારૂં માથુ કેમ નમાવુ ? હું મ્હારૂ માથુ શિવમાનાજીને નમાવું, અને તેમના પવિત્ર ચરણોના શપથ લઇ કહું છુ, કે કદાપિ પણ હું આ બ્યાલખાનની પુત્રીને પરણનાર નથી મને આ મહાન શિવાજીમાટે મ્હારા પવિત્ર દેશમાટે-પરતંત્રતાની બેડીથી જકડાયેલી મ્હારી પવિત્ર ભૂમિમાટે મ્હારે કાર્ય કરવાનું છે અને મ્હારા તન મન ધન સર્વ એ મહાન કાર્યમાં હું અર્પુ છુ અને મને અંધિ કારયુક્ત લાગતી બેડી હું પહેરીશ નહી માતા હું રજા લઉ છું-" એમ કહેતા માતાને પ્રણામ કરી એકદમ ચાલતો થયો તેને બોલાવ્યો પણ તે પાછો આવ્યો નહી, ઉતાવળે ચાલ્યો ગયો, તે ગયો-હાફળી હાફળી થઈ માતા તેની પૂઠે બહાર આવી પણ તેનો પત્તો ન લાગે તે તેના ખંડમાં ગઈ તો ત્યાં એ ન મળે, પણ દફતરખાનાપર એક ચીઠી પડી હતી તે લીધી, ઉઘાડી, વાંચી તો સુધોજીના અક્ષર વાચતા ચમકી તેના હોસ કોસ ઉડી ગયા તે પત્ર સુધોજીએ પિતાપર લખ્યો હતો —

"આ મિજાજપૂરી જુલમીઓના પગ ચાટવા માટ બીજાને શોધી કાઢજો હું તે કરી શકુ તેમ નથી તે જૂની લાટીના તરફથી બાદલની પુત્રી હું પરણી શકીશ નહીં આપણી આજ્ઞાનો અમાન્ય કરી હું આપના આશ્રય હેઠળ આ ઘરમાં રહી શકતો નથી તે માટે ક્ષમા કરશો."

આ સવારે બન્યુ-મધ્યાહ્ન થઈ ગયા-ત્રીજો પ્રહર થયો દેશમુખે કિલ્લામાનો ખાડો દાહ્કે આવેના આ મ્હોટા મેમાનો માટે ખાલી કર્યો હતો, સજ્જ કર્યો હતો આજ બાજના ગોધનિક મુહૂર્તે વાગ્દાન હતુ રાત્રે ત્યા જમવાનુ અને નાચગાન અને દરબાર હતા ત્યા જવાની તૈયારી કરવા, સજ્જ થવા, દેશમુખ કાન્હોજી જેવે તે દિવસનુ કાર્ય ઉતાવળથી આટોપી ઉમેદ ભર્યા ઘેર આવ્યા

પ્રકરણ ૧૨ મુ

પરતત્ર પ્રજા—(ચાલુ)

" આસમા ! હાય ! દે જ ગમ ના કમે આયા હય અમ તો દસ
—આસમા ! ને દે ગમ !"

—"સાઇ સાઇ વે રાખો લાજ હમારી,
નદીઆ ઘેરી વારીવે નાવ પુરાણી મેગ મીઆ,
મૌના ઉતારે બેડા પાર "—સાઇ સાઇને

" (—

" His eye being big with tears
Turning his face he put his hand behind him,
And with affection wondrous sensible
He wrung Bassanio's hand, and so they parted "

કુદરતના અચળ નિયમોનો ભેદ સમજવા માનવી અશક્ત છે કાન્હોજી કેવી શુ ઉમેદમા ઘેર આવ્યા અને અહીં શુ ચિતાર તેમને માટે તૈયાર હતો. ગભરાયલી—શોકસાગરમા ડુબેલી સાવિત્રીબાઇ મ્હોનુ કાઢી તેને મળી નહી તેના મનમા હજુ આશા હતી કે સુધોજી પાછો આવશે, પોતાના વિચાર ફેરવશે, પણ તે માન આશા જ—ઠગારી ધુતારી નિરાશામા જ ફેરી જનાર આશા જ રહી તે ગયો તે ગયો જ—આવ્યો નહી વખત પોતાનુ કામ કરે ગયો—વખત પાણી વેગે વ્હેવા લાગ્યો, હવે શુ કરવુ ? શુ કહેવુ ? તે મુઝાઇ—વિચાર કરી દાસીને બોલાવી પુછ્યુ — " રાઇ, જો તો બાજી આવ્યો છે ? આ યો હોય તો સત્વર તેને લઇ આવ "

" હા જી, હમણા જ આવ્યા છે આજના સમારંભ માટે વસ્ત્રો સજવા ગયા છે—આ બોલાવી લાવી "

'થોડી વારમાં તો એક સુવાન તે ખંડમા દાખલ થયો તે તરફ જોતાં ક્રુજતે અવાજે પુછ્યુ — બેટા, કેમ કાંઈ પત્તો ? "

" ના જી, બધે ફરી વળ્યો તેના સર્વે ઠેકાણા તપાસ્યા પણ કાંઈજ પત્તો ન મળ્યો જો ત્યારે એ નહી આવે તો આ બધાનું શુ થશે ? આ એને શુ સુઝ્યુ ? અજાની તૈયારીનુ શુ ? આ કેવો ભવાડો ? વર વગરની જાન—'

" બેટા, ત્હારે આ ખબર ત્હારા પિતાને હમણા જ આપવા પડશે ? હુ તે કહી શકીશ નહી-મ્હારમાં હિમત રહી નથી મુધોજી કરતા, મ્હારા કરતા પણ ત્હારાપર તેમનો અધિક પ્રેમ છે "

" શુ તમે હજુ તેમને ખબર નથી આપ્યા ? " " ના "

" અરે ભગવાન, હમણા એક ઘડિકામા તો મ્હેતમા જઇ કૃષ્ણાજી જાદવનો તેમણે મળવાનું છે હવે શુ થાય ? મૂર્ખ નાદાન મુધોજી, આ ગાંડાઇભરેલુ પગલુ ભરવા અગાઉ તેણે વિચાર કરવો જોઇતો હતો ગાંડાઇભરેલુ પગલુ નહી તો બીજુ શુ ?-અહા હા, કેવો ભાગ્ય-શાળી-સ્વરાજ—જાદવનો જમાઈ જેની સર્વ અરે! મારે માનગમાં હાડ વાગે છે મારે માવળ ને ખુશી જ કહો ને-અરે, જેનું બિજાપુરમા અતુલ માન તેનો જમાઇ-કેવો ભાગ્યશાળી થયો હોત ?-અરે, તેને માટે નિર્માણ થયેલ કન્યા-વધુનુ મુખપણ જોયા વગર આ ઉદ્ધત પગલુ ભરી-બીક થઈ નાઠો-છટ્-તે કન્યા-વધુ જેનું સૌન્દર્ય અતુલ છે એવી વદન્તી છે-તેને તો એક વખત જોવી હતી ! અહાહા !' એવુ કહી મ્હોરેથી ખડખડ હસ્યો

માતાએ નિ શ્વાસ નાંખ્યો —"બાજી, તુ ત્હારા ભાઇને હજુ બરાબર ઓળખતો નથી મ ત્હારી માતાની ખરી લાગણી પણ તુ બરાબર જાણી શકીશ નહી તુ ત્હારા પિતાપર ગયો છે મુધોજી મ્હારાપર ગયો છે તુ આધારી, ચૈની, છે આ આપણા સુદર માવળને કચડી નાખતા ભયંકર જુલમોને બેદરકારીથી ખેપરવા થઇ તુ જુવે છે "બિજાપૂરની જુલમી સત્તાનું તું દબાણ છે તેની ત્હારાપર અસર નથી. ત્હારા મોજીલા સ્વભાવથી આ બધુ તુ મનમા લેતો નથી મુધોજીને તેનો દેશ, તેની પરતન્ત્ર દશાની કચ ચતી સ્થિતિ એક સલ ધમતુલ્ય-છતુલ્ય છે બિજાપૂર તરફથી અરે! આ સત્ત્વખાનને હાથે થતા દરેકે દરેક અત્યાચારો તેના હૃદયમા ડખતા ચીરતા-તે દરેકનુ જબરજસ્ત વેર લેવા તે તલપી રહ્યો છે તેનો પિતા અપ રોક્ષ રીતે "હથીયારરૂપ" બની આ અત્યાચારોમા સહાય આપે છે, એ જાણી તેને કેટલું દુ ખ થાય છે, તે, એક હુ અને બીજો પરમાત્મા જાણે છે તે તુ ક્યાથી જાણે ? ત્હારા પિતાનુ સત્ત્વખાનને આવી નામોશી રીતે તાબે થવુ એ એના હૃદયપર આ ઘુ છે એના અતરાત્માને સખત ફટકો પડ્યો છે એક મોજનો આનન્દી રમતીયાળ બાળક મટી તે કઠેર, હિમતી અને સહનશીલ પુરુષ બન્યો છે આ બાદશાહ આપણો યવનદ દનુ—આપણા લોકોનો ત છે પુ રી જાદવ, હાય—શુ વર્ષો પહેલાં આપણો કેવો ભયકર નાશ કર્યો તે શુ તુ ભુલી ગયો ? તે બાદશાહને સંપૂર્ણ,તિરસ્કારની નજરે તે જુવે છે અરે, જ્યારે ત્હારા પિતાનું તેની કન્યાસાથે લગ્ન કરવા

તૈયાર થવાનું ફરમાવ્યું, ત્યારે તેની કેવી સ્થિતિ થઇ હશે તે તુજ વિચાર કરતો તે આ નદાનરથા ઢગના મૃત્યુ ભનુ એમ લાગ્યું તે દુભાયો અને ચાલતો થયો—"

માતાનું આ બોલવું બાજી એકચિત્તે વચ્ચે કાંઇપણ બોલ્યા વગર સાંભળતો હતો તેની મુદ્રા ગંભીર થઇ તે હવે બોલ્યો —

માતા, હું જાણતો નહોતો કે તેની આ વચનવિરુદ્ધ આટલી બધી લાગણી છે! પણ હવે શું થાય? વખત તો આવી લાગ્યો અવનતિદશામાં તો જવું જોઇએ પિતાને હવે—આ સમાચાર આપવા જોઇએ પણ તેમને કહેવું શું? "

"આ કષ્ટો સહન કરવા, તેના ક્રોધને શાંત કરવા—" સાવિત્રી બોલી, તેની આંખોમાં ભયના ચિહ્ન દેખાયા —"બાજી! ત્હારો પિતા સર્જખાનથી ધ્રુજે છે—અરે, વખત આવે તો મુધોજીનો—અરે, મ્હારો પણ એ દુષ્ટોના વેરમાટે ભોગ—બલીદાન આપી દે"

"માતા, આ શું બોલો છો? પિતાજી જરા બીકણ છે—જરા ડરે છે ખરા—પણ આ વખત જ એવો આવ્યો છે—મ્હોટામ્હોટાઓ માથું નમાવી શરણ થાય તો આપણો શો ભાર? આપણામાં ઘણા ખરા હવે ઓછાવત્તા ડરપોક, નાહિમત બીરુ થઇ ગયા છીયે આપણું તેજ હણાયું છે—આપણું સ્વતંત્ર માન અને આપણા પુરૂષત્વની લાગણી બધી ખોઇ દીધી છે. તેઓએ આપણને ત્રાસથી—જોરથી—જુલમથી દબાવી બીક—કાયર બનાવી દીધા છે"

"હા, તમે એવા હશો પણ મ્હારો વીર મુધોજી નહી તું અને ત્હારો પિતા એશઆરામમાં રહેવા તેમના પગની ધુળ ચાટશો—જેને તમે વફાદારી કહો છો, તેને તેઓ ગુલામી કહે છે—તેઓ તમને પોતાના ગુલામ ધારે છે—તમારી ખુશામત માટે તેઓ તમને ધિક્કારે છે—શિવનાથ જેવા—મુધોજી જેવા પુરૂષોને તેઓ અદેખાઇથી જોતા ડરે છે—પણ જરા તંગ પણ માનની નજરથી જુવે છે"

"હા, હા, અને વખત આવે પાસેના ઝાડપર ફાંસીએ પણ લટકાવી દે છે" જરા મજાકમાં બાજી બોલ્યો તે હજુ વધુ બોલે છે ત્યાં નીચેથી તેના પિતાનો મ્હોટેથી બોલવાનો અવાજ સંભળાયો ગરીબ બિચારી સાવિત્રી ધ્રુજી ઉઠી—"ત્હારા પિતા તૈયાર થયા લાગે છે—જા બાજી તેની પાસે જા, હું તેમને મળી શકીશ નહી મ્હારામાં હિંમત નથી",

બાજી એક શબ્દ પણ ઉચ્ચાર્યા વગર ત્યાંથી ચાલતો થયો નીચે બેઠકમાં હજુરીયાને કાંઈ ફરમાવતા સજ્જ થયેલા કાન્હોજી દેશમુખ ઉભા હતા કાન્હોજી દેખાવમાં ઉંચો, જરા કાળો દમામદાર પુરૂષ હતો બાજી તેને જોતાં જ મુધોજી—ભાગ્યશાળી વરરાજાને સત્વર લાવવા કહ્યું બાજીરાવે હજુરીયાને જવાની સજ્જા કરી તે તરત ત્યાંથી ચાલતો થયો "બાજી, આ લગ્નથી આપણું ભવિષ્ય ઘણું સુધર્યું પેઢીઓથી ચાલતા આવેલા વેરનો નાશ થયો સરદાર—લનો સુબાનો સંબંધ થવા વિજાપુરમાં પણ માન વધશે બાદશાહના વહેવાઈ હવેથી, પરતંત્ર પ્રજામાંના મટી આપણે રાજકર્તા કોમમાં હવે દાખલ થયા—"

સમાચાર—ભયંકર સમાચાર તો આપના જેવાએ તે કાંઈપણ અચકાયાવગર, પિતાને આનંદી સુખસ્વપ્નનો નાશ કરતા શબ્દો બોલી ઉઠ્યો —"સુધીજી તો ગયો. પિતાજી તેણે સરદારબાઇ સાથે લગ્ન નહી કરવાની સખ્ત પ્રતિજ્ઞા લીધી છે. તે હવે આવનારો નથી."

આ સાંભળી કાન્હોજી તો સજ્જડ જ થઇ ગયો! મુંગો જ રહ્યો! તેના મ્હોંપર સીસાને રંગ પથરાયા જેવું થયું. તે ધીમેથી બોલવા લાગ્યો —"આ તો આપણા સર્વનો નાશ, બાજી અફસર નાશ અલ્બત. ક્યારે પ્રભુ આ ગુન્હો માફ કરશે નહી, બાદશાહ તેને થયેલ આ અસહ્ય અપમાન—તેની પુત્રીની થએલી આ મશ્કરી—અપમાનથી પૂર્ણ ધિક્કારની સાથે આપણી સામે જોશે. આ તેને જેવું તેવું અપમાન થયું નથી—મગતામાં ગયો હોમાયું—તેની જ્વાળા આપણ સર્વને બાળી ભસ્મ કરશે—તેનો ક્રોધ થએલો વૈરાગ્નિ પૂર જોરથી ભડકી ઉઠશે અને તેમાં આપણે સર્વે બળી ભસ્મ થઇશું—ઓ અમારી માતા! જગદંબા! રક્ષણ કર! રક્ષણ કર! આ નાદાને શું સુજ્યું? હાય, હાય કરી નઇ નાશ કર્યો—થઇ ચુક્યું—અરે, દુ ભાગીએ અમીર, હારી માતાનો શો હાલ થશે, હારો શિરચ્છેદ" હતાશ થતો કાન્હોજી બોલી ઉઠ્યો —"મ્હારે હારી માતાને હાથને હાથ મળવું જોઇએ."

"માતાજી અત્યારે આ જ ચિંતામાં માંદા થઇ ગયા છે. તેમને મળવાનું કાંઇ પણ કારણ નથી. સુધીજીએ કર્યું તે કાંઇ હવે તે સુધારી શકશે નહી. તમે અને હું પિતાજી! એ વિષે ઓના વગર વિચાર કરશું. સમય ભરાઇ આવ્યો છે. હવે વિચાર કરતા બેસવાનો વખત નથી. કાંઇપણ એકદમ કરવું જ જોઇએ."

"હા, ખરૂં બાજી! બચવાનો એકે ઉપાય દેખાતો નથી. હવે તો આજ કાંઇ બ્હાનું કાઢી વખત ફેરવવો અને જે કાંઇ થોડું ઘણું લેવાય તે લઇ આ આપણા વડિલોપાર્જિત ગામો, દેશ, જહાગિર દરબાર ત્યજી ચાલ્યા જવું. છુપી રીતે નાશી જવું. તે પણ વખતસર થઇ શકે તો જ—અરેરે, શું દહાડો આવ્યો—ઓ અરેરે અરેરે!"

"પિતાજી, શું બીજો માર્ગ નથી? સુધીજીએ કરેલ ભૂલ સુધારી શકાય એમ નથી?"

"તું શું કહે છે?"

"તે સુધારવા, શું હું અહીં હાજર નથી?

"શું? તું?"

"હા, હું બાજી!"

આ દુઃખના દાવાનળમાં આ વૃદ્ધના હૃદયમાં કાંઈ આશાના બિંદુ સ્ફુર્યાં, તે બડબડ્યો — "શું? તું બાજી?"

"હા, હું! સુધીજીને બદલે મ્હારા લગ્ન કરો અને આવેલી આ આફત ટાળો. પણ બાજી બીજી તો શકશે નહી!"

આનંદમાં આવતો કાન્હોજી બોલ્યો —" બાજી, બાજી ! ત્હારો કેટલો ઉપકાર - તેં આપણુ સૌને બચાવ્યા તુ ખરો-મ્હારા કુળ દીપક, તેની કાળજી કરતો નહી બાપ્પે સુપોજીને હજુ જોયો નથી લગ્ન મ્હારા પુત્ર સાથે કરવા એમ સરખેલે ફરમાવ્યુ છે-સુપોજી કે બાજી એ નામ પણુ ત્યારે મે સુપોજીને નક્કી કર્યો હતો-અને તે દર્શાવ્યુ હતુ, પણ હવે કાંઇ કહેવાનુ રહ્યુ ના તને સમજાવી સઘળ, તે કામ મ્હારૂ-બાજી, તુ મ્હારો ખરો પુત્ર છે"

" પિતાજી, હવે વેળા વીતી જાય છે વધો સહુ આગળ ચાલો "

" જા, પુત્ર, વ્હેલો, આવ મૂર્ખ સુપોજી ઉદ્ધત છોકરો ! હાન્હોજી આવશે " ફરી-ફરી આવે તો તેના આ ઉપાયના પગલાં માટે હુ હવે ગાદી કરીશ. જા, હુ પણ ત્હારી માનને જઈ આ આનંદના સમાચાર આપુ છુ

સુરત ૩. ૧-૮-૦ એન એમ. ત્રિપાઠી એન્ડ કંપની, મુબાઇ.

સ્વ. મ'પના ઓ' માં સમાલોચકની નોંધ જોશો

આનંદમાં આવતાં કાન્હોજી બોલ્યો —" બાજી, બાજી ! ત્હારો કેટલો ઉપકાર તેં આપણું સૌને બચાવ્યા તું ખરો-મ્હારા કુળ દીપક, 'તેની કાળજી કરતો નહીં' બાદને મુધોજીને હજુ જોયો નથી લગ્ન મ્હારા પુત્ર સાથે કરવા એમ સત્યખાને ફરમાવ્યું છે-મુધોજી કે બાઠ એ નામ પણ નથી, મેં મુધોજીને નક્કી કર્યો હતો-અને તે દર્શાવ્યું હતું, પણ હવે કોઈ મ્હારું કાંઈ બાદને સમજાવી લઇશ, તે કામ મ્હારું-બાજી, તું મ્હારો ખરો પુત્ર છે"

' પિતાજી, હવે વેળા વીતી જાય છે વળો સહુ આ ભણી ચાલો ''

" જા, પુત્ર, મેં તો, આજ મૂર્ખ સુરોજી ઉદ્ધત છોકરો ! હાં-ફરી આવશે નહીં-જો આવે તો તેના આ ઉદ્ધતપણાના માટે હું હવે ગાડું કરીશ જા, હું પણ ત્હારી માતાને મળી આ આનંદના સમાચાર આપું છું

---

૨૫ એપ્રીલ અંક મા સમાલોચકની નોંધ લેશો.

૨૬ આ પત્રનું ... સમાલોચકની નોંધ લેજો.

વૈષ્ણવો અને સનાતનીઓને ખાસ ઉપયોગી અપૂર્વ પુસ્તક !

થોડા વખતમાં બહાર પડશે ! !

બંગાલના આ પ્રસિદ્ધ દેશસેવક સાધુપુરૂષ

બાબુ અરવિંદ ઘોષના

નામથી કયો હિન્દીજન અજાણ્યો છે?

આ વિદ્વાન નરરત્નના

વિદ્વત્તાભર્યા પંદર ઉત્તમ લેખોનો સંગ્રહ

અરવિંદ ઘોષનું તત્વજ્ઞાન.

છપાય છે-થોડા વખતમા બહાર પડશે.

(તેમની સુંદર છબીઓ તથા જીવનચરિત્ર સાથે)

લેખક,

રા મોતીલાલ જેઠાલાલ મહેતા


અગાઉથી, ગ્રાહક થનાર પાસેથી

મૂલ્ય રૂપીઆ બે, પોસ્ટેજ ચાર આના નહ્

લખો — રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી,

મોરારજી ચાલ્સ નં. ૨/૩૬,

સેન્ડહર્સ્ટ રોડ, ગિરગામ, મુંબાઈ.



મુખ્ય લેખો.

પંડિત મદનમોહન માલવિય.

સત્યાગ્રહ.

આદર્શ વિદ્યાર્થી

આત્મા પરમાત્માની રૂપરેખા કેમ દોરી શકે ?

વિલમ્બ

પાછલા કેટલાક વખતથી સમાલોચકના અંકો પ્રગટ થતાં જે અનહદ વિલમ્બ થાય છે તેથી ગુણજ્ઞ ગ્રાહકોના મન દુભાતાં જોઈને અમ્હને ખેદ થાય છે. આ એમની સદ્ભાવશીલ સહિષ્ણુતા માટે અમ્હે નવમો ઉપકાર માનતા જણાવવાની રજા લઈએ છીએ કે છાપખાનામાં હાલમાં કામગરાની પુષ્કળ અછત હોવા સાથે બીજી ન કલ્પી શકાય એવી વિટંબણાઓ નડે છે એજ માટે અમને મુખ્ય કારણ છે. પણ ગનતી અવડતાએ સમાલોચક નિયમિત થઈ જશે એવો અમ્હને વિશ્વાસ છે. આ અગવડ દૂર કરવા માટે અમ્હારો પ્રયાસ તો ચાલુ જ છે. ગ્રાહકો આ ઢીલ અને વિલમ્બ માટે ક્ષમા આપશે એવી આશા છે. હજી એ જે માર્ચ સુધી આની વ્યવસ્થા થાશે તો તે માટે ગ્રાહકો ગુણગ્રાહી ઉદારતા દર્શાવશે એવી આશા છે.

સમાલોચક ઓફિસ,
મુંબઈ તા. ૬-૧૨-૧૯૧૯

—પ્રકાશક.

મુંબઈ વૈભવ પ્રેસ

સાધારણ રીવાજ મુજબ ગ્રાહકો માસિકનો પહેલો અમ્હારી સુરકેલીઓ વિષે છે કારણ કે,

પોસ્ટ ઑફિસવાળા એક જ દિવસે બધા વી. પી. અને પરિણામે બધા ગ્રાહકોને વી. પી. જતા સ્હેજ છથી આ મક ઓછો જ મળે એ સ્હમજી શકાશે,

અમ્હારે વી. પી. કરતા ઘણઘણી મહેનત કરવી પડે—લેબલ બનાવવા, તે અને પોસ્ટ ઑફિસમાં આખા દિવસના દિવસો ગમાવવા.

ગ્રાહકોને અંક તો મોડા જ મળે, અને દસે કે બારે દિવસે, કે ગ્રાહક રજુન બ
। વીસ પચીસ દિવસે અમ્હને પૈસા મળે, દરમિયાન નવો અંક તૈયાર થયો હોય તોયે જ્યા
પોસ્ટ ઑફિસમાથી પૈસા ના મળે ત્યા સુધી એ નવો અંક મોકલી શકાય •

માટે જ

સૌ ગ્રાહકોને વિનતિ કરવાની કે ત્હેમણે મનીઑર્ડરથી જ લવાજમના રૂ. ૪ આપવાની કૃપા કરી ગોઠવણ કરવી, તેથી તેમને સ્હેજ પણ વધારે ખર્ચ નહિ થાય ઉપર ગ્રાહક નબર, નામ અને ગામનુ નામ સ્પષ્ટ રીતે લખવુ મનીઑર્ડરથી પણ ગ્રાહકોને રૂ ૪– ખર્ચ થશે અને વી પી થી પણ તેજ થશે તો આટલી સવડતા શા માટે ના કરી શકાય?

પાછલા ગયા વર્ષોમા કેટલીક આર્થિક અગવડો વેઠીને પણ સમાલોચકમ કરતા વધારે પૃષ્ઠ અને વધારે ચિત્રો આપવામા આવ્યા છે તે રીતે ૧૯૨૦ માં પણ આપવામા એટલુ જ નહિ પરન્તુ મોઘવારી શમે અને શાતિ પ્રવર્તે તો 'સમાલોચક' ને હજી વધારે કરવાનો અમ્હારો અભિલાષ છે અને વધારે ચિત્રો તથા બનતા પ્રયત્નથી મેળવીને ઉત્ત આપી સમાલોચકમા કલા અને સાહિત્યને વધારે સગીન સ્થાન આપવા અમારો નમ્ર સ તે સકલ્પની સિદ્ધિ અમારા ઉદારચરિત અને સાહિત્યપ્રિય ગ્રાહકો અને શુદ્ધ અભ્યાસકો અને સુશિક્ષિત લેખકો, અને ગુજરાતના ચિત્રકારો એ સૌના આધાર રાખે છે ગુજરાત અને ગુજરાતી ભાઈઓ માટે અભિમાન રાખતા સ્વયસેવકોએ વિચાર આચારમા મૂકી કાર્યવાહી થવાની જીવત જરૂર છે સમાલોચકના કાર્યવાહકે તેમના અને સહાનુભુતિને પ્રેમથી સન્માનસહિત વધાવી લેવા નિરતર તૈયાર છે, અને તે માટે આગ્રહી અપેક્ષા રાખે છે

ગુજરાતના ઉત્સાહી ચિત્રકારો, એમેચ્યુર ફોટોગ્રાફરો અને વિદ્વાન અને ઉત્સાહી પોતાની કૃતિઓથી સમાલોચકના કાર્યવ્યવહારમા પોતાના તરફથી સાહાય્ય આપી અમને અને ઉત્તેજન આપશે એવી અમને દૃઢ આશા છે અમે અત્રે તે સર્વને અમને સહાયભૂત વિનતિ કરીએ છીએ તેમ જ અમારા ઉદારચરિત ઉત્સાહી ગ્રાહકબન્ધુઓ ઉદાર ઉત્તેજન ઉપરાત અમને નવીન ગ્રાહકો મેળવી આપવા કૃપા કરશે તો આ દેશહિતના કાર્યમા જરૂર સહાયરૂપ નીવડશે. 'સમાલોચક'ના ચિત્રે કાગળો વિગેરે માટે આ મોઘવારી—જે હજી પણ વધતી જ જાય છે સમયમા અમારા ગ્રાહકોના આટલા ઉદાર આશ્રય અને સદ્ભાવ માટે મહદુપકારી બનીશુ.

આ મમ વિજ્ઞપ્તિ અરણ્યરૂદન નહીં નીવડે એવી અમને આશા છે

મુબાઈ, ૧ લી ડીસેમ્બર ૧૯૧૯,
સમાલોચક ઑફિસ,
મોરારજી ગોકલદાસ ચાલ ન૦ ૨/૩૬,
સેન્ડહર્સ્ટ રોડ, ગિરગામ, મુબાઈ ન ૪

રમણીયરામ ગો. ત્રિપા
પ્રકાશક

Feb 19

તાકીદે જોઇએ છે.

અંગ્રેજી માસિક મોડર્ન રીવ્યુના જાન્યુઆરી ૧૯૧૬ ના અંકની બે નકલો (અડધી કીમતે)

ગુજરાતી માસિક નવજીવનના ડીસેમ્બર ૧૯૧૫ ના અંકની એક નકલ (અડધી કીમતે)

માસિકમાં જાહેર ખબરો લાવનારા ઉત્સાહી અને મહેનતુ કેન્વાસરો

ઐતિહાસિક અને સામાજિક નવલકથાના લેખકો લેખકોએ યોગ્ય માગણી સાથે પોતાના લેખ, લાયકાત અને દરજ્જો જણાવવા

લખો—ગ્રામ C/o સમાલોચક ઑફિસ, મોરારજી ગોકળદાસ ચાલ નં ૨-૩૬

સેન્ડહર્સ્ટ રોડ, ગિરગામ, મુંબાઇ

મુંબાઇમાં ઝવેરાતની દુકાનો ઘણી છે, અને
ઝવેરીઓ પણ ઘણા છે, અને તેમનું જુનાપણું
તો વળી ખૂબ લાંબી મુદતનું છે
તે છતાંએ મોડલ ઝવેરીઓ

મહેતા હરીલાલ રામકૃષ્ણની કું૦

એ ફક્ત ટુંક મુદતમાં જે નામ કહાડ્યું છે તેથી જુના ઝવેરીઓ
તો વિચારમાં જ પડી ગયા છે!!

અમારી દુકાને ગ્રાહકો સાથે જે રીતે વર્તવામાં
આવે છે તે અમારું નામ [illegible] છે

ગ્રાહકોને અમારે ત્યાં કશી પણ ચીકઝીક કરવી પડતી નથી

બહાર ગામના સંબંધમાં ઓરડરો વેલ્યુપેએબલ પોસ્ટથી તાકીદે મોકલવામાં આવે છે

ઠેકાણું—અબદુલ રેહેમાન સ્ટ્રીટ, મુંબાઈ.

આપના ઑર્ડરમાં સમાલોચકનું નામ લેશો

આપના ઑર્ડરમા સમાલોચકની નોંધ લેશો

જ. આપના અંકમાં સમાલોચકની નોંધ લેશો

તમોને દેશી સાબુપર વિશ્વાસ નથી.

" કેમકે ગોરે લાગે દેશી સાબુ વાપરતા તમારા શરીરની ચામડી તરડાઈ જાય છે,—પરન્તુ તમો જાણીને ખુશ થશો કે દેશી સાબુની એ બનાવટમાં અમારા રસાયન-શાસ્ત્રીઓએ મોટો સુધારો કરી આ નવો

સુગન્ધી

ગુનધી સાબુ.

રેલ્વે સોપ

બનાવી બહાર પાડ્યો છે કે જેની ઉત્તમ બનાવટ નરમાશ અને સુગન્ધી વાપરનાના આનંદને કાયમ રાખે છે વળી—

રેલ્વે સોપ.

કપડા ધોવાનો સાબુ વાપરો.

કીમતમાં કીફાયત. જલ્દી ઘસાય,

નહિ તેવો.

ધી રેલ્વે સોપ મેન્યુફેકચરીંગ કો.

પ્રિન્સેસ સ્ટ્રીટ—મુંબાઈ.

P 1

આ ળ મા ટે વા પ રો



શા ન્તિ મા ટે વા પ રો

(રજીસ્ટર્ડ.)

આખા હિંદુસ્થાનમાં આ તેલ જેવું તેલ મળે તેમ નથી અમારા તેલ માટે ઉપરનો ટ્રેડમાર્ક તપાસજો જેથી ઠગાશો નહીં

બાટલી એકની કીંમત રૂ ૧, ટપાલખર્ચ જુદુ વધુ માટે લખો—ગામેગામ એજન્ટો જોઈએ છે સારૂ કમીશન આપીશુ લખો—

વ્યવસ્થાપક, યોગબળ મંત્રાલય

૧૦૮, ગીરગામ બેકરોડ-મુંબાઈ નં. ૪.

P 2
Oct 191

આપના ઑર્ડરમાં સમાલોચકની નોંધ લેશો

—અવશ્ય વાંચો—

સ્વતંત્ર વિચાર શ્રેણીથી, શુદ્ધ ગુજરાતી
ભાષામાં લખાયલાં કોઈપણ વિષયક
પુસ્તકો,
શિષ્ટ અંગ્રેજી, બંગાળી, મરાઠી કે સંસ્કૃત
પુસ્તકોના અનુવાદો કે ભાષાન્તરનાં
પુસ્તકો,
વાર્તાઓ, નવલકથાઓ, નાટકો,
કે
સાહિત્યના કોઈપણ વિષયક,
રાજકીય, સામાજિક, સામાજિક, ઔદ્યોગિક
પુસ્તકો, ના
કર્તાઓએ છપાવવા જવાનો કે
તેના પ્રકાશન માટે શોધ કરવા જવાનો શ્રમ
લેવો નહિ.
એ સંબંધમાં યોગ્ય માગણી સાથે પુરતી વીગતો
નીચેને ઠેકાણે લખી પુછાવશો તો
નિરાશ ઓછા થશો.

રમણીયરામ ગોવર્દ્ધનરામ ત્રિપાઠી,
મોગરજી ગોકલદાસ ચાલ નં ૨, ૩૬,
સેન્ડહર્સ્ટ રોડ, ગીરગામ, મુંબાઈ

૧૫ આપના ઑર્ડરમાં સમાલોચકની નોંધ લેજો –

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत्।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥ भ गी १७-१५

પુસ્તક ૨૪ મુ.] ડીસેમ્બર ઈ. સ. ૧૯૧૯. [અંક ૧૨ મો.
તંત્રી—રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.
રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ., એલએલ. બી.
પ્રકાશક—રા. રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી.

વિષય. વિષયાનુક્રમણિકા. પૃષ્ઠ.

વાર્ષિક લવાજમ રૂપીઆ ચાર,
હિન્દુસ્તાન બહાર ગીલીંગ ૬૫॥=રૂ. ૫-૧૨-૦. છુટક અંકની કિમત આઠ આના.
આ લવાજમ શરૂઆતમાં જ લેવામાં આવે છે.

ઉષા—“ સ્વરાજ્ય-પ્રતિજ્ઞા ”



 પોતાના હાથમાંથી, બહુ મૂલ્યવાન મુદ્રિકા આપતા ગોર્યો—પૃ ૬૮૫

ચિત્રકાર—રા રવિશંકર રાવળ] [કૉપીરાઈટ



પુસ્તક ૨૮ મું,] ડીસેમ્બર, ઈ. સ. ૧૯૧૯ [અંક ૧૨.

પ્રાસંગિક વિચાર.

લેખક—રા. રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી

૧. હિન્દી રાજકીય સુધારાનું નવું બીલ

ચાલુ ડીસેમ્બર માસની તા. ૩ જી, ૪ થી અને ૫ મીએ ઇંગ્લાંડની પાર્લામેન્ટ પ્રતિનિધિ સભા—હાઉસ ઑફ કૉમન્સ—માં હિન્દને સ્વરાજ્યના ભાગ લઈ જનારો એક નવો ખરડો હિન્દખાતાના મુખ્ય મંત્રી મિ. મોન્ટેગુએ રજુ કર્યો હતો. આ ખરડો તૈયાર કરતા પહેલાં જૉઇન્ટ કમિટી પાસે હિન્દના અને ઇંગ્લાંડના, હિન્દી સરકારના કેટલાક પ્રતિનિધિઓએ અને એવા બીજા અંગ્રેજ ગૃહસ્થોએ પોતાના વિચાર દર્શાવ્યા હતા. હિન્દી રાષ્ટ્રીય પરિષદ એટલે ઇન્ડીઅન નેશનલ કૉંગ્રેસ તરફથી મોકલવામાં આવેલા મુખ્ય પ્રતિનિધિઓ ઉપરાંત હિન્દની હોમરૂલ લીગો—સ્વરાજ્ય સભાઓ અને મોડરેટ એટલે વિનિતપક્ષના કેટલાક આગેવાન સજ્જનો અને મુસલમાન બન્ધુઓ એ સર્વ ભાઇઓ હિન્દના હક્કને સ્પષ્ટ કરવા જૉઇન્ટ કમિટિ પાસે ગયા હતા. હિન્દી જનસમાજ સમસ્તે આ સર્વ દેશસેવકોનો ઉપકાર તો માનવો જ જોઇએ. આમ આ સર્વ જનોની સાક્ષિ પુરી થતાં ઉપલી તારીખોએ પ્રધાનજી મિ. મોન્ટેગુએ જે ખરડો રજુ કર્યો તે હાઉસ ઑફ કામન્સ સભામાંથી તો પસાર થઇ ગયો. બુક ... દિશાઓમાંથી કોઇક કોઇક જનો તરફથી આ ખરડામાં સારા નરસા સુધારા વધારા સૂચનાઓ થઈ હતી. કેટલીક સૂચનાઓ ખરડામાં દાખલ કરવામાં આવી હોત તો જે હિન્દીજનોએ પોતાના રક્ત પાણી જેને માટે જ રેડ્યાં છે હેમને અને હેમની માતૃભૂમિના સંતાનોને વધારે સંતોષ મળી શકત પરન્તુ એ થયું

નથી એ ખરે જ ખેદની કથા છે હિન્દના હૃદયને પુરો સતોષ મળતા હજી વખત છે એમ સ્વાભાવિક રીતે લાગી જાય છે અધીરાઇનો આક્ષેપ હિન્દીજનોમાના કેટલાક પોતાના જ ભાઇઓઉપર મુકીને સરકાર તરફનો ત્હેમનો પક્ષપાત વધારે દેખી પાડે છે હજી સરકારી અમલદારના દિલત્રોની દેદિપ્યમાન મોહિનીઓના પાશમાથી એ મુક્ત રહી શકતા નથી એ ખેદનો વિષય છે અધિનાય જેને આમ કહેવામા આવે છે તે અતરથી બગતા અને આગળી લગુકતા દારણ ખની બહારની વૃત્તિનુથી ગુરુ૫ છે અને આ ખરડો તેના બધાયે સારે અને ઉપયોગી અગ સાથે પણ હિન્દીજનોને સતોષ જ આપી શકે એમ નથી એવુ કહેવામા અમ્હે પાછા માનતા નથી સામાજિકને ચાહનારા અને સત્યાગ્રહમા પ્રભુત્વને જોનારા અમ્હારા સત્યવચનો તિરસ્કાર નહિ કરે એવી અમ્હને આશા છે મહીછ મિ મોન્ટેગુએ આ ખરડા રજુ કરી મજુર કરાવત અથાગ પરિશ્રમ લીધો છે એ તો નિર્વિવાદ છે અને એ મહાપુરુષ કેવા સજોગોમા અને કેટકેટલી વિટમ્બણાઓ સામે થઇને પોતાના કર્યની સિદ્ધિ આમ એક નિષ્ણાત રાજપુરુષ તરિકે સાધી છે એની અમ્હે કલ્પના કરી શકીએ છીએ અને હિન્દ અને હિન્દીજનો માટે આટલો સદ્ભાવ અને આટલો વિલક્ષણ ઉત્સાહ દર્શાવનાર મિ મોન્ટેગુનો અમ્હે તો કેવળ ઉપકાર જ માનીએ છીએ આ મહાપુરુષ દેવ નથી પણ સાધારણ મનુષ્ય તરિકે પરની નેકીમા આનન્દ માનનાર મહાજન છે અને એ મહાજનની મહાસેનાના બદનામા હિન્દ ત્હેમના પ્રતિ ઉપકાર વૃત્તિ બતાવે એ મ્હોટી વાત નથી જોઇન્ટ કમિટિએ પોતાનો કાર્યભાગ પુરા કરી જે સ્વરૂપમા આ ખરડો તૈયાર કર્યો હતો તે જ સ્વરૂપમા હાઉસ ઑફ કૉમન્સમા તે મજુર થયો છે અને હવે હાઉસ ઑફ લૉર્ડ્સ માથી પસાર થતા સમ્રાટશ્રીની અતિમ સહિ કરાવવા જશે એ મહોર થતા આ ખરડો કાયદો થશે નાતાન શરૂ થતા પહેના આ સર્વે કાય આટોપી દેવાની વ્યવસ્થા મિ મોન્ટેગુએ કરી છે ઉપરાત એવી ઇચ્છા દર્શાવી છે કે ૧૯૨૦ ના આવતા નવેમ્બર માસમા નવી ચુંટણીઓ કરી ૧૯૨૧ ના જાન્યુઆરીમા નવા કાયદા પ્રમાણે નવી ધારાસભાઓની બેઠક ભરવી આ વ્યવસ્થાને આમ આટલી ત્વરાથી અમલમા મુકવાની ઇચ્છા ખરે જ સ્તુત્ય છે હાઉસ ઑફ લૉર્ડ્સમા જ્યારે ખરડો રજુ થશે ત્યારે પણ લગભગ આજ સ્થિતિમા એ રહેશે એવુ અમ્હારુ માનવુ છે રજુ થયેલા સાગ સુધારાઓમા એક એ હતો કે સઘળા પ્રાતોમા ન્યાય, કાયદો અને પોલીસ સિવાયનાં બધા ખાતા પ્રજાના હસ્તમા મુકવા પરન્તુ એ થવા જેવુ હતુ તે ન થયુ એટલુ જ નાહ પણ મિ સ્પૉટ જેવાએ મુબાઇને માટે પણ છેવટ આ વ્યવસ્થા સ્વીકારવાની સૂચના કરી હતી તે પણ સ્વીકારાઇ નથી અને મિ મોન્ટેગુએ જવાબ દીધો કે 'જો મુબાઇને આ ખાતા સોપાય તો મદ્રાસ વિગેરે બીજા પ્રાન્તોને શા માટે ના સોપવા? પરન્તુ મુબાઇએ ગ્રામ્ય મતદારોની બાબતમા જોઇએ તેવી પ્રગતિ કરી નથી!' મુબાઇ ઠતાતાને કેવુ સારું સર્ટિફિકેટ! ગ્રામ્ય મતદાર મળે મુબાઇમા ગણો કે બીજે ગણો ત્યા સર્વે સ્થળે આમ જ્યા જેવી જોઇએ તેવી પ્રગતિ ના કરી હોય તેને માટે પ્રત્યક્ષ રીતે સરકાર જ જવાબદાર છે અમ્હારે કહેવુ જોઇએ કે આવી સૂચના પાના જે રદિયા મહીછએ આપ્યો

છે તે લોકને ગળે ઉતરે એવા નથી ખરી વાત છે કે પ્રાંતોની વ્યવસ્થામા લોકને વધારે હક્ક આપવામાં આવ્યા છે, પણ ત્યારે ગવર્નર સાહેબોની સત્તા વધારવામા આવી છે ચુંટણીનું તત્ત્વ વિશાળ કરવામા આવ્યુ છે, પ્રધાનોની સંખ્યામા પણ લોકના પ્રતિનિધિઓનું તત્ત્વ દાખલ કરવામા આવ્યુ છે અને પ્રમાણમા લોકશાસક વ્યવસ્થા ઠીક પ્રમાણમા સ્વીકારાઈ છે

આમ પ્રાંતોમા જ્યારે સ્વરાજ્યના સિદ્ધાન્તોને ઠીક પ્રમાણમા સ્વીકારવામા આવ્યા છે ત્યારે વડી ધારાસભામા ચુંટણીનું તત્ત્વ વિશાળ કર્યા શિવાય બીજા સંગીન સુધારા કોઈ જ નથી અને હીમતાની સરકાર તો હાલની માફક જ નિષ્કંટક રાજ્ય ચલાવશે એ નિર્વિવાદ છે હિન્દી સરકારના વધારાણમા કે તેને સુપ્રત કરાયની સત્તામા કોઈ જાતનો ઘટાડો કરવો અનાવશ્યક નથી એવું મિ મોન્ટેગુ અને માને છે જો કે ગવર્નર જનરલના કારોબારી મંત્રી મંડળમા ઓછામા ઓછા ત્રણ સભ્યો હિન્દીઓ હોવા જોઈએ એવી કેટલીક કલમો દાખલ કરવામાં આવી છે પરન્તુ એકંદર રીતે જોતા આ કાયદાથી પ્રજાને જોઈએ તેટલો સતોષ મળ્યો નથી હિન્દની મોંઘી સેનાના ખર્ચની આકાણી આમ ઘણી સસ્તી રીતે થતી જોઈને એકાદ આખો હિન્દીજન નિરાશ થાય તો એમા આશ્ચર્ય કશુ જ નથી પણ હિન્દમા એકતાનું ધોરણ નથી, અને આવો પરમાર્થ નથી કે નથી ઉંચુ ચારિત્ર્ય ત્યા આવી હીનદશા જેટલો સમય ચાલુ રહે તેટલી ઓછી જ છે હજી દેશસમસ્તના પરમહિતની વાતોને વિચારમા અને વ્યવહારમા ઉતારવાના પાઠો આપણે શરૂ જ કરીએ છીએ દેશના અગ્રગણ્ય નાયકોના દેશભક્તિથી માંડીને શરૂઆત કરતા નવજુવાન દેશપ્રેમીઓમા પોતાનો જ કક્કો ખરો માની લેવાની જે આદત પડી છે તેના કડવા ફળ આપણા દેશે અત્યારે તો નિત્ય ચાખવા પડે છે પરસ્પરના મતભેદને ભુલાતા નથી, કે એ ભુલવામા સમાયના મહાપાપને સમજવાની શક્તિ સ્ફુરી સમાજ વ્યવસ્થાની માફક જ રાજકીયજીવન છુટાછવાયા વ્યક્તિઓના છિન્નભિન્ન થઈ ગયુ છે પરન્તુ એ દુઃખનો વિષય છે પુરુષાર્થી પરમ ગનમા અવિચલ શ્રદ્ધા રાખનાર મહાન્ દેશસેવકો આજ જુદો ચોતરો જમાવી બેઠા છે એ મહાજનોનો આ પુરુષાર્થ ખરી સૂચવતો પાક નિર્બળતા સૂચવે છે અમે આશા રાખીએ છીએ કે આગામી રાષ્ટ્રીય પરિષદના સમારંભમા વિનીત પક્ષના મહાન્ અગ્રેસરો જરૂર હાજરી આપશે અને સમસ્તનો આ મહાન્ સમારંભ ખરે જ સમ ભીતિ અને ભયગ્રસ્ત અને નાસ્તિક ચિત્તની જનતા પક્ષપાતીઓને આશ્વાસન દેવા જરૂર આ મહાન દેશસંઘમા પ્રત્યક્ષ રહેશે એવી આશા છે સંઘ વિના ઉન્નતિ નથી એ સર્વ સાધારણ વાક્યનું મહત્વ શુ એમને જે ભૂલી જવાય ? આમ એક તરફથી મિ મોન્ટેગુએ નવો કાયદો કરી રીતે હિન્દને સોપ્યો કે ધારાસભાઓમા પ્રજાપક્ષ સદ્ભાગ્ય કરશે કે છે અને હિન્દની એકતાને દૃઢ કરવાની છે તે શુ બની જવાને ? હા, ખરૂ છે કે આ કાયદાથી દેશના એક મહાન્ મહાભાગો અસંતોષ જ છે એને સમારંભમા એ સામે ઘણા અને કારણે વધારે પાના પણ–

ગુલામગિરીનો ગજબ (અતિ વાર્તા) ભાષાંતર કર્તા લેખક એમ. વિદ્યાર્થી ગોન્ડ કંપની, મુંબઈ

[illegible] આવતા પણ એમ મનાતાં [illegible] હોવાથી સભામાં જવું નહિ [illegible] એમ [illegible] આ [illegible] જણાય છે તે પ્રમાણે નવા કાયદાથી પોતાનો [illegible] [illegible] સમાજો તેમના વિચાર જણાવવા સ્વતંત્રતાની સાંગી [illegible] [illegible] એમ [illegible] માનું છે કે [illegible] આમ 'મનમેળ મનમેળને ગળમે થી [illegible] [illegible] પતાવ [illegible] કામ કર્યું હોત તો જ ર નવો કાયદો ઘણું વધારે આપત પણ [illegible] [illegible] ત્યાંથી ફરી ગયા [illegible] હવે એક થાવ પ્રભુને [illegible] દેશને [illegible] અને [illegible] દરબારા [illegible] હિન્દીજનોના કલ્યાણ અર્થ એક થાવ! અમ્હારા તો આ સ્પષ્ટ અભિપ્રાય છે અને દેશના કલ્યાણનો સાધક છે [illegible]

હિન્દને આમ આ કાયદો [illegible] નથી આશા છે કે [illegible] પણ [illegible] આશો સુધારો થશે પણ તેમ ના થયું તો? એ પ્રશ્ન છે તો ઉત્તર એ છે કે [illegible] ઉપ[illegible] તેને એ વખત જલદીથી પાન આવે માટે [illegible] [illegible] વિના ને પ્રાધાન્ય [illegible] આટલા પછી પણ હિન્દના મુખ્ય મંત્રી મિ. મોન્ટેગુ અને હિન્દીજન [illegible] [illegible] માટે તેમને ધન્યવાદ આપતા આપણે તેમનો ઉપકાર માનીશું [illegible] હિન્દ [illegible] [illegible] અને લક્ષ્મીમાં જ [illegible] આ [illegible] માટે આપણે [illegible] ૨ [illegible] થવું તેમને પ્રભુ! આ મહાન્ હિન્દીજનને હિન્દની કલ્યાણકારક પ્રવૃત્તિઓમાં [illegible] અમ્હારા તેનાસ [illegible] હિન્દ [illegible] પોતાના દેશની સુવ્યવસ્થા [illegible] [illegible] આપી તેમના કાર્યમાં તેમને વિજયમાળા આરોપજે પ્રભુ! [illegible] [illegible] [illegible] ભાગની હતનો ફરી આ દેશમાં [illegible] હિમ્મત તો [illegible] પણ એના વિચારસુદ્ધા પણ ના કરી શકે એવી સર્વોપરિ સત્તા હિન્દીજનોના [illegible]

૨. મુસેહની ઉજવણી અને હિ[illegible]

જ દષ્ટિ દોરાતી કુદરતાતી—તુર્કી જમીનના પતનમાં જવા માટે શિક્ષા કરવાની સૂચના સાથે એની સત્તા તોડી નાખી ન્હાના ન્હાના ભાગોમાં એ દેશને વ્હેંચી નાખવાની વાતો ચાલે! જગતની મહાપ્રજાઓમાં મુસલમાનભાઈઓનું પ્રમાણ મ્હોટું છે, હિંદમાં પણ એમનું વિશાળ છે. આ પ્રશ્ને હિન્દના મુસલમાન બંધુઓને જાગૃત કર્યા. નામદાર બ્રિટીશ શહેનશાહતની પ્રજા તરીકે એમણે અરજીઓ કરી પણ સંતોષકારક ઉત્તર મળ્યા નહિ તો કોઈ કોઈ બ્રિટીશ રાજ્યાધિકારીઓની મનોવૃત્તિ બદલાતી પણ લાગી ત્યાં સુલેહની ઉજવણી કરવાનું ઠરેલું રાજ્યે કહ્યું. પણ શાંતિ છે ક્યાં? સુલેહ શી અને વાત શી? હિંદમાં તો અશાન્ત જીવન છે. સુલેહ છે ક્યાં? મુસલમાન બન્ધુઓ ખિલાફતના પ્રશ્નનું નિરાકરણ થતાં સુધી તદ્દન અસ્વસ્થ—અશાન્ત અને દુભાયલા છે. હિન્દુભાઇઓએ એમને પોતાની બાથ આપી છે. એક દેશના હિન્દના આ બે બાળકો—એક માતાના સ્તનો ધાવેલા બે બાળકો—એક શરીરના બે ડાબા અને જમણા હાથો; એમનાનું એ બીજા દુઃખી એ સ્થિતિ ઉભી થઈ ત્યાં કોઇએ પંજાબની ભયગ્રસ્ત ભયંકર દશાને લાવનારને સખ્ત યોગ્ય શિક્ષા કરવાનો પણ ઉપદેશ કરવા માંડ્યો. વળી અના યથી કેન્યામાં સસ્તા અને હિંદીજનોને મદદ મળી નથી વિગેરે કારણોથી—હિન્દમાં શાન્તિ નથી એ સિદ્ધ કર્યું માન્યું. ત્યાં મહાત્મા મોહનદાસજી ગાંધીએ પોતાનો દુંદુભિનાદ ગજાવ્યો એટલે નવું બાકી કર્યું નથી. દેશમાં સર્વ કોઈએ સુલેહની ઉજવણીને કારણે દુઃખની—શોકની અને મૃત્યુની ઉજવણી થઈ. સુલેહના શુભ ચિન્હોને બદલે શોકની ઉંડી છાયાઓ સર્વ જણાવા માંડી. પરિણામે તા. ૧૩ થી ૧૭ મી ડીસેમ્બર ૧૯૧૯ સુધી હિન્દે એક અવાજે સમજાવ્યું કે હિન્દમાં શાંતિ કે સુલેહ નથી પણ પ્રજા અશાન્ત અને દુઃખી છે. રાજ્યના કહેણનો માનપૂર્વક આમ અસ્વીકાર થયો. જે દેશના અધિકારીઓ અને પ્રજાજનો વચ્ચે આમ હરહંમેશ વિરોધ રહ્યા કરે તે દેશની શી રહમજરી? જ્યાં પ્રજા હમેશાં અશાન્ત રહે છે ત્યાં રાજ્યકારભાર કેમ શાન્તિથી ચાલી શકે? આ પ્રશ્ન ગંભીર અને વિચારને યોગ્ય નથી શું? હિન્દે આ વખતે દર્શાવેલ દૃઢતા અને અખંડતાને માટે આપણે બેશક જ અભિમાન લઈશું, ખાત્રી છે—ઈચ્છીશું કે આવા પ્રસંગો દેશના જીવનમાં જેમ બને તેમ ઓછા જ બને; એવી રાજનીતિ અખત્યાર કરવાની જરૂર અધિકારીઓ જોશે.

૩. હંટર કમિટિ શા માટે છે?—કૉંગ્રેસ કમિટિએ ધારણ કરેલી નીતિ વ્યાજબી હતી?

આ પ્રશ્નો દેશના હિતમાં જરૂરી જેટલા ઉપયોગી છે તે કરતાં સવિશેષ તેના ભવિષ્યના જીવનને ઉપયોગી છે. ગયા એપ્રીલના પંજાબની મહા કતલથી હિન્દીજનોના હૃદય પર ઘા [illegible] જીવનમાં પ્રસંગ સ્મરણો લેનાર અન્ય કોઈપણ પરતંત્ર મના જનોમાંથી કેમ [illegible] અધિકાર બે પામ્યા. પંજાબમાં એપ્રીલ માસમાં પ્રજાએ જે ઉન્મત્તતા વાપરી હતી તેનો કે ત્યાંના અમલદારોએ જે ક્રૂરતા અને ક્રોધાન્ધતા વાપરી [illegible] તે બન્ને પક્ષમાંથી કોણ વધારે જવાબદાર છે એ પ્રશ્ન [illegible] થી એની વિગતમાં ઉતરી ન્યાય આપવાનું અત્યારે અહિં સ્થળ નથી તો કે અત્યારની સ્થિતિમાં સર્વ વિગતો એટલી બધી સ્પષ્ટ થઇ ગઇ છે કે જેમને

[illegible]

પંડિત મદનમોહન માલવીય

લેખક—રા એક ગુજરાતી, બી એ.

મદ તેહનું નામ સમો આવ્યો કે ચાલે
કનક કામિની તજીસદ્ રણમાં જઇ મ્હાલે —કવિ નર્મદ

થોડા વખત ઉપર એક પ્રસંગે મોળથી સત્તાવીસ વર્ષની વયના અને જૂની જૂની યોગ્યતાના લગભગ બસો તરુણ માણસોને એવો પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે આપણા દેશમાં હાલ જે સહુથી શ્રેષ્ઠ અગીઆર માણસો હોય તેમનાં નામની ટીપ બનાવવી આ રીતે લગભગ બસો ટીપ તૈયાર થઇ તેમાથી જેઓને સહુથી વધારે મત મળ્યા તેઓને દેશના શ્રેષ્ઠ માણસો તરીકે (ઉત્તર લખનારની દૃષ્ટિએ તો) ગણવા હરકત નથી ઉત્તર આપનારાઓની યોગ્યતા એકસરખી ન હતી એ ઉપર કહ્યું છે પરન્તુ એ જણાવતું નહી જોય છે કે તેમા ઓછામા ઓછા આશીસ આપણી શારદાપીઠના પદવીવંતો હતા અને લગભગ તે સિવાય બીજા પચીસ અંગ્રેજી જાણનારા હતા બાકીના બના ભણેલા તો હતા જ પરન્તુ કમીપી કેટલાકની યોગ્યતા માત્ર ... ધોરણ (ગુજરાતી શાળાનું) પસાર કર્યા કરતા વિશેષ હતી હિન્દુ મુસલમાન બ ને ટીપ કરનારા હતા તે કે પ્રમાણમા મુસલમાનની સંખ્યા ઓછી હતી હિન્દુઓમા બ્રાહ્મણોના પણ થોડા હતા તે કે ઉંચી કોમમા બ્રાહ્મણોની સંખ્યા પ્રમાણમા વધારે હતી એકંદર નામો પચ્ચીસ લખાયા હતા પણ વધારે મત મળેલા એવા અગીઆર નામો જોતા પણ એટલું સિદ્ધ થાય છે કે આપણો તરુણ વર્ગ સંકુચિત દૃષ્ટિએ વિચાર કરતો નથી એમ નથી સરકાર સાથે સબંધ રાખનારા તેમ જ પ્રજાકીય નેતા તરીકે કામ કરનારા માણસોના નામ ઉપરાત, સાહિત્યની બાબતમા, વેપાર ઉદ્યમમા કે પ્રજાની ખીલવટમાં અન્ય રીતે ભાગ લેનારાનાં નામ એ ટીપમા જોઇ શકાય છે એ પ્રતાપની ગત છે ... કાયેલ માટે સબંધ રાખનાર જ કે સરકારની નોકરી કરી મોટા પગાર કમાનાર જ આપણા તરુણોની નજરમા મોટા નથી ગરીબ પણ પરમાર્થી, સરકારે સ્ત્રીસેના પદ ખગ બીરદાન, લગરમીના વગરના પણ પોતાની આપ તરીકે પ્રમાણિક રીતે આગળ આવેલા સ્ત્રીપુરુષોનાં નામ આ અગીઆરની નામાવળીમા જોઇ પરમ સંતોષ થાય છે એમાના એક મહાપુરુષનું ટુંક વૃત્તાન્ત અહિં આપ્યું છે તે એવા ઉદ્દેશથી કે વાચકવર્ગને તેની વધારે ખાત્રી થાય કે તેની સદર ગયા બે વર્ષ દરમ્યાનની એ પુરુષની કામગિરી અનુપમ છે એનાની ઓળખથી શક્તિ જીવનનુ સારું જ્ઞાન મળી શકે છે

આપણી શાળાઓમા ભૂતકાળને લગતો ઇતિહાસ સાધારણ રીતે શીખવાય છે એક દૃષ્ટિએ એમ કરવું છેક ખોટુ નથી કેમકે વર્તમાનકાળ અને ભૂતકાળની વચ્ચે બહુ નિકટનો સબંધ છે પરન્તુ બાળકોને પોતાની સમજ બનતા, બનાવોમા જે રસ પડે છે તે ... જીવન જતી બાબતોમા પડે નહી એ દેખીતુ છે ઇતિહાસ બનતો હોય તે જીવના જે આનન્દ

મહાભારત તરીકે (સચિત્ર વાર્તાસંગ્રહ) રૂ ૨-૦-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઇ

પડે તે નાટક બનાવામાં પડે કે તેના જેટલો જ ઊંડો હાલનો સમજ છે જેમ એક રસિક, સમજદી નાટક જોઇ આવનાર નાટકનું વર્ણન બીજાને આપે અને પોતે તેમાં કેવો



પંડિત મદનમોહન માલવીય.

રસ અનુભવે તો સમજાવવા યત્ન કરે તેમ પા નાના અધ્યાપ ને જુઓ ઇતિહાસ શીખવવામાં મનોબળ બની રહ્યું થી, ઘણીવાર મારો શિક્ષક પણ પોતે નયનરમ્યનાવેદ તેઓએ એવું સુ વિન ન આપી એ વાત ખરી પના નહિ, ણુ નાની શક્તિથી

સારો શિક્ષક કંઈક અંશે ગતકાળનુ ચિત્ર ખડુ કરી શકે છે, પરન્તુ મોટે ભાગે તે ઝાખુ જ હોય છે, અને વિદ્યાર્થીને તો તે બહુ ભભકભર્યું કે આકર્ષક લાગવુ મુશ્કેલ છે એને બદલે જો ચાલુ જમાનામા બનતી હકીકતમાથી જ શિક્ષણ આપવાનુ યોજાય તો બાળકો સમક્ષ તે હોવાથી તથા તેના જીવન સાથે એ હકીકતને ગાઢો સબન્ધ હોવાથી તે તરફ તે સારુ લક્ષ આપશે એટલુ જ નહીં પરન્તુ તેમાથી જે જ્ઞાન અને સસ્કાર મેળવવા જેવા હશે તે તે સારી રીતે ઝીલી શકશે વળી આવી અચોટ રીતે પ્રાપ્ત કરેલા સસ્કાર ભૂસાઈ જવાનો પણ ભય નહીં જ એ પણ ધ્યાન રાખવા જેવુ છે જો આ દિશાએ દૃષ્ટિ ખરી હોય તો પંડિત મદનમોહન વિશેની થોડી માહિતી અત્રે આપવાનુ તે બીજુ કારણ છે, કેમ કે ગયા પાચ વર્ષના ઇતિહાસમા એ પુરુષે એટલો મોટો ભાગ ભજવ્યો છે કે તેમાથી અનેક પ્રકારનુ ઉપયોગી શિક્ષણ આપણી ઉગતી પ્રજાને ઉપલબ્ધ થઈ શકશે આ બે વાત ધ્યાનમા રાખીને એમની જીવનરેખાનુ ચિત્ર આલેખવા યત્ન કર્યો છે

મદનમોહનને પંડિત કહેવાનુ કારણ એ છે કે તેમનો જન્મ માળવીય કુટુંબમા થયો છે અને તેમના પિતા સારા વિદ્વાન હતા એઓ માલવીય એટલા માટે કહેવાય છે કે તેઓ મૂળ માળવાના વતની હતા હાલ લગભગ ચારસો વર્ષ થયા તો એ કુટુબે માળવા છોડ્યુ છે અને પ્રયાગજીને પોતાનુ વતન બનાવ્યુ છે પંડિત મદનમોહન માલવીયાના પિતા સારા સસ્કૃતના અભ્યાસી અને સાહિત્યરસિક પુરુષ હતા તેમણે કેટલાક પુસ્તકો પણ રચેલા છે. કદાચ એ કારણથી પણ મદનમોહનને પંડિતની ઉપાધિ લોકો તરફથી પ્રાપ્ત થઇ હશે. પંડિત વ્રજનાથની પુરાણી તરીકે સારી ખ્યાતિ હતી અને દરભગા મહારાજા તથા કાશીનરેશના કુટુબ તરફથી સારો આશ્રય મદનમોહનના પિતાશ્રીને મળતો પંડિત વ્રજનાથજીની આર્થિક સ્થિતિ હાલના જમાનામા સારી ન કહેવાય પરંતુ એક બ્રાહ્મણને તથા વિદ્વાનને છાજે એવુ સાદુ અસમર્દી જીવન તેઓ આનદથી ગાળી શકતા પંડિતજીનુ કુટુબ બહોળુ હતુ અને મદનમોહન એ એમના ત્રીજા પુત્ર છે રસિક વિદ્વાન્ અને સાદા ગૃહસ્થની છાયામા મોટા થનાર માણસમા જે ગુણો જણાય નીકળે તે બધા પંડિત મદનમોહનમાં નજરે પડે છે

આ પુત્રરત્નની કીર્તિનો કંઈક ભાગ પિતા જોઇ શકતા એટલી મોટી વય સુધી પ્રભુએ એમનુ શરીર ટકાવ્યુ એ પણ હર્ષની વાત છે વ્રજનાથજીનુ અવસાન થયુ ત્યાર પહેલા મદનમોહનનુ નામ સયુક્ત પ્રાતમા તો સારી રીતે જાણીતુ થયુ હતુ અને દેશના એક આગેવાન તરીકે તેમની ગણના થશે એમ સહુને લાગવા માડ્યુ હતુ ચક્રનેમિક્રમેણ ફરતા આ જગતમા બધા જ જન્મે છે ને જાય છે પરંતુ જેના જીવ્યાથી કુટુમ્બ કીર્તિ પ્રાપ્ત કરે છે તે જ ખરા જીવ્યો ગણાય છે એ વાત જો સાચી હોય તો મદનમોહનનુ જીવ્યુ તે ખરુ જીવ્યુ છે અને એટલા માટેની કુટુંબને જ નહીં પરતુ આપણા સમસ્ત ભારતને જ [illegible] છે સકળ સમાજની સેવા એ જ એમના જીવનનુ સૂત્ર હોય એમ સહજે ખ્યાલ [illegible] સમાજનુ [illegible]

લલિતના [illegible] ૧-૦-૦ એન એમ [illegible]

પંડિત મદનમોહનનો અભ્યાસ સંસ્કૃત પાઠશાળામાં શરૂ થયો હતો ત્યાર પછી એમણે અર્વાચીન પદ્ધતિનું શિક્ષણ અંગ્રેજી શાળાદ્વારા પ્રાપ્ત કરવા માંડેલું અલ્હાબાદની અંગ્રેજી શાળામાંથી એઓ મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા અને ત્યાર પછી પાંચેક વર્ષમાં તેઓ કલકત્તાની યુનિવર્સિટીના પદવીધર થયા ૧૮૮૪ ના અરસામાં આ પ્રમાણે બી. એ ની ઉપાધિથી વિભૂષિત થયા પછી શું કરવું એ પ્રશ્ન એમની સમક્ષ ખડો થયો કેમ કે એમના પિતાશ્રીએ ઉંચી કેળવણી આપવા માટે કંઈક અડચણો ભોગવવી પડી હશે એમ માનવાને કારણ છે ઘણુંકરીને આ જ કારણને લીધે મદનમોહને પોતે એમ એ નો અભ્યાસ કરવા માંડેલો તે પણ પૂરો થયો નહોતો અને લગભગ સાઠ વર્ષ વીતવા સુધી એઓ એમ. એ. બી. ન થઇ શક્યા એમ છતાં ૧૮૮૪ થી ૧૮૯૧ સુધીનો સમય પંડિતજીએ એવી સારી રીતે ગાળ્યો કે જાણે અજાણતા જ તે એમની ભાવિ ભારે સેવાઓ માટેનો પાયારૂપ સમય બની રહ્યો

"યજનયાજન પઠન પાઠન દાન અને પરિગ્રહ એ બ્રાહ્મણના ષટ્કર્મ ગણાય છે એક કુલીન બ્રાહ્મણને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા પછી આ જમાનામાં પઠનપાઠન કરતાં બીજું વિશેષ મોહક શું લાગે? મદનમોહનને પણ પઠનપાઠનની મોહિની લાગી ને એમણે પોતાના નિર્વાહના સાધન" તરીકે શિક્ષકનો ઉત્તમ ધંધો બી. એ થયા પછી થોડા વખતમાં જ સ્વીકાર્યો દરમાયો, તો શિક્ષકની નોકરીમાં આજે ગ્રેજ્યુએટો મળે છે તેથી ખાસ વિશેષ ન હતો પણ તે સમય આજના જેવો ન હતો શિક્ષકો તે વેળા સારી સ્થિતિના હતા શાળાના કામ ઉપરાંત બીજા બૌદ્ધિક નાગરિક જીવનના અંગોમાં તેઓ આનંદે વિચરી શકતા મદન મોહન પણ પઠનપાઠન શિવાયના અવકાશમાં છુટક છુટક વર્તમાનપત્રોમાં લખતા પ્રસંગોપાત સભામાં જઇ ભાષણો આપતા ટુંકમાં નવજીવનનો જે રસ પોતે ચાખ્યો હતો તેનો કંઈક અંશ પોતાના મંડળમાં પ્રચાર પામે તો સારૂં એવી શુભ ઇચ્છાથી હમેશાં કાર્ય કરતા હતા નાણાની કિંમત કંઈક વધારે અને સ્થાનગત પણ કંઈક ખરૂં તથાપિ શિક્ષક તરીકેની કમાણી ઠીક સાધારણ અને વિશેષ ઉપજીવિકાની જરૂર તેથી પોતે કેટલાક વખત 'હિન્દુસ્તાન'ના અધિપતિ તરીકે રહ્યા હતા આ વખાણેલ પત્રના માલિક રાજા રામપાલસીંગ હતા મદન મોહનની સાથે રાજાને એમના કામ પરત્વે સારૂં ઓળખાણ થયું હતું એટલે આ પ્રસંગે તો દેશસેવા કરવાની ઉત્કટ ઇચ્છાથી પંડિતને પોતાને પણ લાભ થયો એમ કહીએ તો ચાલે કેમ કે અધિપતિ તરીકે એમને સારો રળાયો મળતો એઓ હજી એમ.એ. બી. થયા ન હતા પરંતુ એમની ચાલાકીથી એમના વખાણ આ વેળા પણ સારા થતા

સંજોગોથી માણસનું જીવન કેવું ઘડાય છે, કુટુંબજીવન તથા ગૃહજીવનને પ્રતાપે પંડિતનામાં મરજાદ ભાષા તરફ પ્રીતિ સાદા જીવન માટે પ્રેમ અને સમાજસેવાની તત્પરતા એ ગુણોએ પ્રચાર કર્યો અંગ્રેજી કેળવણીએ નવા વિચારનું સિંચન કર્યું; શિક્ષકના કામથી એક પ્રકારની કાર્યદક્ષતા અને જ્ઞાન ઉપર આસક્તિ પ્રાપ્ત થઇ કોંગ્રેસનો ઉદ્ભવ તે એમને એક પ્રકારની રંગભૂમિ થઇ પડી) અને પત્રકારનું કામ તે જગતમાં વસતા ભિન્ન ભિન્ન રુચિના

લોકોના સમાગમમા આવવાનુ માન થઇ રહ્યુ ૧૮૯૧ મા કાયદાની પદવી લીધા પછી જ્યારે વકીલાતનો ધંધો શરૂ કરવાનો વિચાર સુઝ્યો ત્યારે કાગ્રેસની મળ સ્થાપનામા જેણે ભાગ લીધો હતો એવા સદ્‌ગત ઍલન હ્યુમે પડિતજીને ઉદ્દેશીને કહ્યુ હતુ કે લિ ગખીને દશ વર્ષ ધંધો કરશો તો મોખરે આવશો ને પૈસે ટકે સુખી થઈ, વિશેષ ખ્યાતિ મેળવ્યાથી લોકોની સેવા કરવામા વધારે યશનો ભાગી એ પુ૫ થશો આ વાત મોટે ભાગે ખરી પડી છે જો કે પડિતજીએ કોઇપણ દહાડો દ્રવ્યસચય કરવા તરફ પોતાનુ સર્વ લક્ષ આપ્યુ જ નથી. વકીલના ધધામા પણ સારી નામના મેળવ્યાનુ સહુને વિદિત છે એટલે એ વિષે વધારે કહેવાની જરૂર નથી ન્યાયાસન કરતા ખુ સરકાર સમક્ષ એમણે કરેલી વકીલાતથી આજે તો પડિતજીનુ નામ મેરેનર ગણાય છે રોલેટ બીલ વખતે સરકારે પ્રજામતનો જે અપૂર્વ અનાદર કર્યો તેનાથી કટાળીન આપણા કેટલાક નેતાઓ—મહમદઅલી ઝીણા, ટક તથા શર્મા—એ ધારાસભામાથી રાજીનામુ આપ્યુ ત્યારે પડિતજીને પણ એમ જ થયુ કે પ્રજાની લાગણી જાળવવા માટે તથા સરકારને પોતાની ભૂલ જોવાનો પ્રસગ મળે માટે પોતે પણ સભામાથી નિવૃત્ત થવુ એથી એ સ્પષ્ટ થયુ કે રાજીનામુ આપ્યા છતા પણ પડિતને જ પ્રજા પોતાના ખરા પ્રતિનિધિ તરીકે ગણે છે કેમકે ફરી આગ્રહ કરી એમને પ્રજાએ ધારાસભામા પસદ કરી મોકલી આપ્યા પડિતનામા કેવી અચળ શ્રદ્ધા લોકો રાખે છે તે આથી સિદ્ધ થાય છે !

'હિન્દુસ્તાન' ઉપરાત પડિતે પોતે 'અભ્યુદય' નામનુ હિન્દી પત્ર કાઢ્યુ હતુ જેની એક વખતે અઠવાડીઆમા બે આવૃત્તિ નીકળતી હવે પાછુ એ સાપ્તાહિક થયુ છે એ પત્રના મૂળ સ્થાપક તરીકે તથા ઘણા વખત સુધી ચાલક તરીકે એમણે જે ઉત્તમ કામ કરેલુ તેને લીધે જ આજે 'અભ્યુદય' એ ઘણુ માનનીય પત્ર થઇ પડ્યુ છે એમના ભત્રિજા કૃષ્ણકાત માલવીએ પણ 'અભ્યુદય'ના તત્રી તરીકે ઘણુ સારૂ કામ બજાવ્યુ છે અગ્રેજી તથા હિન્દી લખવાનો અને બોલવાનો સારો મહાવરો આ રીતે પડિતજીને પ્રાપ્ત થયો તે ઉપલી હકીકતથી જાણી શકાય તેમ છે વક્તૃત્વશક્તિને કેળવવા માટે અનાયાસે આ રીતે અનેક પ્રસગો પડિતને પ્રાપ્ત થતા હતા કાગ્રેસના વ્યાસપીઠ ઉપરથી એમણે ૧૮૯૩ સાલ સુધીમા, પ્રત્યેક વખત ભાષણો આપ્યા હતાં. એમાના એકાદ બે તો માત્ર સહસા સ્ફુરણ થવાથી જ અપાયલા છતા તેમા પણ એમના વિચારગાભીર્ય અને પદલાલિત્ય ઝળકી રહ્યા છે એમ આજે પણ કોઇને લાગશે

અલ્હાબાદના અગ્રગણ્ય નગરજન તરીકે ત્યાની શહેર સુધરાઇમા એમણે ઘણુ સારૂ કામ બજાવ્યુ છે મ્યુનિસિપાલિટી ઉપરાત યુનિવર્સિટીમા પણ એમને પોતાની કાબેલીઅત બતાવવાનો સારો અવકાશ મળ્યો છે કેળવણીના વિષયમા પોતાને સારી અગત માહિતી હોવાથી જ એમને બનારસ યુનિવર્સિટીની સ્થાપના કરવાનુ મન થયુ હશે એમ કલ્પના કરવી કેદ ખોટી નથી મદનમોહનના કેટલાક દોસ્તો પણ એમનુ કાર્યક્ષેત્ર વિશાળ થયલુ જોવાને ઉત્સુક હતા રેવરન્ડ સ્વર્ગવાસી મોતીલાલ નહેરૂ ગગાપ્રસાદ વર્મા અને પડિત બિશબરનાથ એ

બહુ પંડિતજીની કાર્યસાધક શક્તિનો દેશમાં સારો ઉપયોગ થયલો જોવાને હમેશા આતુર રહેતા અલિગઢ કોલેજ સ્થપાઇ અને હિન્દુ કૉલેજનું કામ શરૂ થયું તે પછી થોડા સમયમાં જ હિન્દુ યુનિવર્સિટીની અગત્ય કેટલાકને પ્રતીત થવા માંડી હતી સને ૧૯૧૧ માં તો એ બાબતમાં ઠેકાણે ઠેકાણે ચર્ચા શરૂ થઇ ગઇ હતી એટલું જ નહીં પરન્તુ કોઇ કોઇ સ્થળે તો એ શારદાપીઠ સમાનીના કાર્યની પણ શરૂઆત થતી હતી કાશીજીમાં હાલ જે શારદાપીઠ પોતાનું કામ કરી રહી છે તે મદનમોહન માલવીય ન હોત તો થાત કે કેમ એ શકાસ્પદ છે અલૌકિક દ્રવ્ય પંડિતજીના અથાક શ્રમે એકઠું થયું છે અને તેમાથી અને તેટલું સારું કામ કરવા માટેના પ્રયત્નો સર્વ દિશામાં થતા જણાય છે કોઈ પણ કામ શરૂઆતમાં સઘળાને સંતોષ આપી શકતું નથી અને જો કે એ શારદાપીઠની વ્યવસ્થાપક સભાવે કેટલીક ટીકાઓ થતી જોવામાં આવે છે તથાપિ તે અસ્તિત્વમાં આવી છે એ જ મોટું છે આ ઉપરાંત મહાન સંસ્થાની સુવ્યવસ્થા માટે પંડિતજી જવાબદાર ન જ ગણાય કેમ કે રાજકીય ક્ષેત્રમાં જે મોટું કામ એમણે ઉપાડ્યું છે તેમાથી એમને બહુ થોડી ફુરસદ મળે છે આજ લગભગ એક પચીસી થવા મદનમોહન પ્રજાપક્ષે રહી ધારાસભામાં સરકારની બાજુથી જન-સમૂહને નુકશાન ન થાય તે એકીટસે જોતા રહ્યા છે અહિંની સરકાર પોતાનું હિત તે ઘણા વખતે પ્રજાના હિતથી અલગ માર્ગે જતું છે એમ જ માને છે સિવિલ સર્વિસ એટલે દેશના હિત માટે સાધે પોતાને સંબંધ નથી, પરન્તુ પોતાના દેશના માણસો જેઓ અહિં ઉપજીવિકા અર્થે આવે તેને કેવી રીતે ઉપકારક થવું અને સત્તા બધી પોતાના હાથમાં કેવી તરેહથી રાખી શકવી તે તરફ જ સરકારના ઘણા અધિકારીઓનું ધ્યાન રહે છે આવી સ્થિતિમાં પ્રજાજનના હક માન સાચવવા માટે દિલ સખત ધોકો લી ખરૂ જરૂર છે પંડિત પોતે એ કામ એવી ઉત્તમ રીતે બજાવતા આવ્યા છે કે તેમાથી એમને ભાગ્યે પરવાર મળે છે ને તેથી એમની પાછી કેટલીક પ્રીતિપાત્ર સંસ્થાઓ તરફ જોઇએ તેવું ને તેટલું લક્ષ એઓ આપી શકતા નથી છતાં મળતાં જ એમની કાર્યકુશળતા એ પ્રદેશમાં પણ ઢાંકી નહીં રહે એ કહેવાની ભાગ્યે જ જરૂર છે

બનારસની શારદાપીઠ તે માત્ર' હાલની આપણી યુનિવર્સિટીની નકલ થઇને અટકનાર નથી' આવી। ભારતીય વિદ્યાઓનો અભ્યાસ ત્યાં થશે અને તે ઉપરાંત અર્વાચીન પાશ્ચાત્ય ધોરણનું અનેક પ્રકારનું શિક્ષણ આપવાની વ્યવસ્થા પણ ત્યાં થવાની છે એમ સમજાય છે કે ખેતીનું, અનેક પ્રકારના એનજીનીઅરીંગનું, ધંધાનું તથા બીજું વ્યવહારોપયોગી જ્ઞાન આપવા માટે ત્યાં તજવીજ થાતી રહી છે વિદ્યાઓ કળા તથા શાસ્ત્ર અને ધંધા બધાં ઉપયોગી એવા પ્રકારનું શિક્ષણ ત્યાં અપાશે ધર્મઉપરની અચળ શ્રદ્ધાએ પંડિતજીને અનેક વિકટ પ્રસંગોમાં પણ આનંદિત રાખ્યા છે ને એ આનંદ તથા ઉત્સાહ વડે જ એઓ કાશીના વિદ્યાપીઠને સાહિત્ય તથા કળાના જ્ઞાનપ્રચારનું મોટું સાધન બનાવી શકશે

પોતે શ્રીમન્ત નથી તો પણ ગૃહસ્થાઇ એમની એટલી તો જાણીતી છે કે અનેક વખતે નાણાંની મદદ પણ પોતે આપી છે પોતાના જીવ જોખમમાં નાખીને પણ એમણે લોકસેવા

સરસ્વતીચંદ્ર ભાગ ૩ જો રૂ. ૨-૦-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ

કરી છે દુકાળમા મદદ કરી છે, પ્લેગમા ત્તેને સ્હાય આપી છે દુ ખીને દવા ને દિલાસો બન્ને આપ્યા છે ને અપાવ્યા છે કેળવણી માટે તેમ જ ખરા નાગરિક જીવનના ઉદય અર્થે એમણે જે સેવા બજાવી છે તે ભારતવાસીઓ વિસરી ગયા નથી તેના કઈક બદલા તરીકે પડિતજીને આપણા દેશમુખ્યોએ બેવાર ભારતીય પ્રજા સમાજના પ્રમુખ થવાનુ ભારે માન આપ્યુ છે લાહોરમા પડિતજીને પ્રથમ એ પદે બિરાજવા જ્યારે વિનતી થઈ ત્યારે તે સ્વીકારતા પોતાને માથે આવી પડેલી જવાબદારી કટલી હતી તેનો તેઓ સાગ ખ્યાલ પોતાના ભાષણમા આપે છે અગ્રેજોએ પોતાના સ્વાર્થ માટે ગોથી કાઢી આપણા ઉતાવળીઆ લોકોના મોમા મૂકેલા 'મોડરેટ' અને 'એકસ્ટ્રીમિસ્ટ' એ શબ્દો તે વખતે બહુ ભારે તોફાન મચાવી રહ્યા હતા તે તોફાનની શાતિ અર્થે જ હિદે માલવીયાને પ્રમુખપદે યોજ્યા હતા અરધા લખેલા અને અરધા મોઢેથી આપેલા તે વખતના ભાષણના ભણકાર જેણે તે સાભળેલુ તેના સ્મરણમા રમ્યા કરે છે!

એમના ૫૮ વર્ષના જીવનમા બે વાર કૉંગ્રેસના પ્રમુખ થવાનુ અપૂર્વ માન એમને દેશે આપ્યુ છે તેની કિમત માલવીયા સારી રીતે સમજે છે પજાબના વિકટ મામલા વખતે જે સોટેશાહી વગર વિચારે ચલાવવામા આવી અને નિ શસ્ત્ર તથા વફાદાર પ્રજામાથી અનેક માણસોના ભયકર હથીઆરો વડે પ્રાણ લેવાયા તે બાબતની તપાસમા પડિતે ચલાવેલી લડત કોઇને મોઢેથી પણ ધન્યવાદના ઉદ્ગાર કઢાવવાને બસ છે ડરથી ત્રાસી ગયલી રાક રૈયતને ઇન્સાફ પ્રભુ આપશે એવુ આશ્વાસન દેનાર પણ એ ગભરાટના વખતમા કોણ હતુ? કર્મવીર ગાધી, મોતીલાલ નહેરૂ અને પડિત માલવીય એમની આ ત્રિપુટી (?) સામા થયલી અને થતી રહેતી સેવાનુ ભારે ઋણ હિદ ક્યાર જ ફેડી શકશે?

અમલદારી અધિકારીઓ પડિતજીને જેમ વધારે તરછોડે છે તેમ પ્રજાજન પડિતજીની વિશેષ પ્રશસા કરે છે દીલ્હીની કૉંગ્રેસમા પ્રમુખ થયા છતા પણ આગામી પ્રજાકીય સમાજમા એમને અધ્યક્ષ નીમવાનુ પણ ઘણાનુ સૂચન હતુ આવો અપૂર્વ પ્રજાપ્રેમ કેવી રીતે પ્રાપ્ત થતો હશે? શુ માન અકરામ અને ઇનકાબો આ શુદ્ધ પ્રેમના તેજમા ઝાખા નથી થઈ જતા? રવિન્દ્રનાથ અને સુબ્રહ્મણ્ય આયરે 'સર'નો ઇનકામ અને ચાદ પાછા મોકલ્યા તેથી શું તેમની કીર્તિ ઓછી તેજોમય થઈ છે? જે મહાપુરુષોની નામાવલિમા પડિતજી શોભે છે તેઓ તો પોતાના જ તેજથી પ્રકાશે છે તેને અન્યના તેજની જરૂર નથી હિદના ઐક્ય માટે પડિતે શુ બાકી રાખ્યુ છે? મુસલમાન ભાઇઓને આ ધાર્મિક બ્રાહ્મણે એમ ખુલ્લે ખુલ્લુ કહ્યુ કે જો ગાયની હત્યાથી તમારો ધર્મ સચવાય છે એમ તમે માનતા હો તો ગોવધ થતો જોઇને હુ દિલગીર નહીં થાઉં ધન્ય છે મુસલમાન બીરાદરોને કે ગાયનો વધ કરવાનુ ધીમે ધીમે તેઓ છોડી દે છે! પડિતજીની આ ઉક્તિથી હિદમા જેટલુ ઐક્ય હિદુ મુસલમાન વચ્ચે થયુ છે તેટલુ જ એક ભાષા પ્રચાર માટેની એમની પ્રવૃત્તિથી તે વધતુ જાય છે ભારતને એકભાષાની જરૂર છે બધા જાણે છે કે તે વિદેશી ન હોવી જોઇએ હિદની ભાષા

તેહિંદુસ્તાની, જ હોય એ ગર્દૂભાષાની સભા પણ પંડિતજીએ અપૂર્વ રીતે કરી છે રમેશ દત્ત, ભાંડારકર, અમાનાન ને બાજી ગગાધર ટિળક જ્યારે હિંદુસ્તાનીને દેશ ભાષા તરીકે સ્વીકારવા સમ્મતિ આપે ને મહાત્મા ગાંધી તથા શ્રીમંત સરકાર નયાજીરાવ મહારાજા જેવા નર તેનો તેનો પ્રચાર કરવા મથે ત્યારે પંડિતજીનો શ્રમ કેમ વ્યર્થ જાય? પંડિત નથી આ પક્ષના કે નથી તે સંપ્રદાયના એ તો બધાની સાથે રહી જેથી બધાનું શુભ થાય તે કરવા સદા તૈયાર છે ખરૂં કહેતા એ નર તો એક ખરો ભાગ્યશાળી સદ્ગૃહસ્થ, સાચો દેશસેવક અને ખતીલો મલ્લશોધક છે એની અભિલાષાઓ પ્રભુ સર નાવે તેમા શુ આશ્ચર્ય? ઈશ્વર એને દીર્ઘ ઉમ્રી કરે એમ ઇચ્છી અહિં જ વીરમીશુ, પણ માત્ર એટલા પ્રશ્ન પછી કે જુના ઇતિહાસ રૂપ સંગ્રહસ્થાનમા મુએના સિંહના 'સ્ટફ્ડ' શરીરને જોયા કરતા જંગલમા ફરતા જીવતા સિંહને જોવો શુ વધારે સંગીન જ્ઞાન મળવાનો સંભવ નથી? કણબીના ઉદ્ધારો વિચારો કે શા માટ આપણે આપણો આવુ ક્રમ બદલવાની જરૂર છે? પ્રભુ આ પ્રાન્તમા અનેક પંડિત ઉત્પન્ન કરો એ જ અંતરની ઉમેદ છે।

સત્યાગ્રહ.

લેખક—રા પુરુષોત્તમ વામનરાવ મહેતા. એમ્ એ એલએલ બી

કાન્તિચન્દ્ર—કેમ દોસ્ત કેમ છે? આજે તો તબીયત સારી છે ને? આજે શુ ખાધુ?

શંકરલાલ—આજે તો કાલ કરતા વધારે દસ્ત થાય છે ખાવામા તો પુરી, શાક ને ભજીઆ રસ્તો

કાન્તિ—એ શુ કર્યુ ગાંડો ગાંડો થયો છે? આટલા બધા દસ્ત થાય છે અને હજી શાક ને ભજીયા ને પુરીનો ચટકો જતો નથી એવુ એવુ ખાઈને જ તો મરડો કર્યો

શંકર—તેથી જ મેં એ ખોરાક ચાલુ રાખ્યો છે શા માટે એ ચીજો મને માફક ના આવે?

કાન્તિ—એટલે એમા પણ તારો દુરાગ્રહ ચાલવાનો કે?

શંકર—દુરાગ્રહ નહિ પણ સત્યાગ્રહ

કાન્તિ—આને તુ સત્યાગ્રહ કહેતો હોય તો હવેથી મારે સત્યાગ્રહીઓથી રોક ગાઉ દૂર રહેવુ પડશે

શંકર—કેમ એમા ખોટુ શુ છે?

કાન્તિ—ત્યારે ખરૂ પણ શુ છે? અમુક વસ્તુ ખાવાથી તને નડી તેમા સત્ય શુ છે અને તેનો આગ્રહ કરવાની પણ જરૂર ક્યા છે?

શંકર—તુ સમજ્યો નહિ સત્ય એ છે કે મારા શરીરના બંધારણને ગમે તે ચીજ માફક આવવી જ જોઈએ એવી મારી માન્યતા છે તે માન્યતાને વળગી રહેવાની જરૂર એટલી જ છે કે ગમે તે વખતે વખતે ગમે તે વસ્તુ ખાઈએ તો હરકત આવે નહિ એવી તન્દુરસ્તી કેરવ મારી મેળવવી જોઈએ એવુ મારૂ માનવુ છે.

કાન્તિ —એટલે તારી વ્યાખ્યા મુજબ સત્ય એટલે તારી માન્યતા એમ જ ને!

શંકર —બેશક જોવાનુ માત્ર એટલુ જ કે તે માન્યતા માટે દૃઢ આધાર હોવો જોઈએ અને તેને આગ્રહપૂર્વક વળગી રહેવાથી સામાન્ય જન સમાજને પરિણામે લાભ થવાનો સંભવ હોવો જોઈએ

કાન્તિ—તે વાત કબુલ પરંતુ અમુક માન્યતાને દૃઢ આધાર છે અને પરિણામે તે જનસમાજને હિતકારક કે લાભદાયી છે એનો નિર્ણય કરનાર કોણ?

શંકર —અલબત્ત, તેવી માન્યતા ધરાવનાર. બીજુ કોણ?

કાન્તિ —એટલે તો એમ જ ને કે "હુ કહુ તે ખરૂ ને તુ કહે તે ખોટુ "

શંકર—નહિ, તુ ભૂલે છે મે પ્રથમથી જ કહ્યુ છે કે માન્યતાને દૃઢ આધાર હોવો જોઈએ દૃઢ આધાર એટલે અમુક માન્યતા રાખવા માટે સબળ કારણ હોવાં જોઈએ અને તે સાથે તે માન્યતા જનસમૂહમાથી બીજા ઘણા લોકોને રુચિકર હોવી જોઈએ, આ બે તત્વો હોય તો માન્યતાને દૃઢ આધાર છે એમ ગણી શકાય નહિ

કાન્તિ —તો પણ મારો સવાલ તો ઉભો જ રહે છે

શંકર —કેમ?

કાન્તિ —અમુક માન્યતા જનસમૂહમાથી બીજા ઘણા લોકોને રુચિકર છે એમ જાણવુ શા ઉપરથી અને રુચિકર છે એમ ઠરાવનાર કોણ?

શંકર —એ બન્ને સવાલનો જવાબ એક જ છે જાહેર સભામા થતા ભાષણો, વર્તમાન પત્રો અને ચોપાનીયામા આવતા લેખો ઉપરથી જનસમાજની વિચારશ્રેણી કઈ બાજુએ ઢળે છે તે સહજ જાણી શકીએ અને તે ઉપરથી અમુક માન્યતા જનસમૂહને રુચિકર છે કે કેમ તેનો નિર્ણય સહેલાઈથી થઈ શકે એમ છે

કાન્તિ —ત્યારે એમા વળી બીજો પ્રશ્ન ઉભો થાય છે જનસમાજ એટલે શુ ને જનસમાજ કોને કહેવો?

શંકર —કેમ એ પ્રશ્ન શી રીતે ઉદ્ભવે છે?

કાન્તિ —આવી રીતે તુ કહે કે અમુક માન્યતા જનસમૂહને રુચિકર છે હુ કહુ કે તેથી વિરુદ્ધની માન્યતા જનસમૂહને રુચિકર છે જાહેર લખાણમા એટલે વર્તમાનપત્રો અને જાહેર સભાઓમા એક પક્ષના જ વિચાર દર્શાવવામા આવતા નથી એટલે સવાલ એ ઉભો થાય છે કે બે પક્ષમાથી ક્યા પક્ષને જનસમૂહના આધારે ચાલતો ગણવો અથવા જનસમૂહ કોને ગણવો।

શંકર —તેનો નિશ્ચય કરવો અઘરો નથી જે પક્ષ તરફ લોકોનો મોટો ભાગ હોય તે જ પક્ષ જનસમૂહના વિચારો દર્શાવે છે એમ કહેવુ જોઈએ અને તે પક્ષને રુચિકર જે માન્યતા હોય તે માન્યતા જનસમૂહને રુચિકર છે એમ સાધારણ રીતે ગણાવુ જોઈએ

કાન્તિ —તે કબુલ છે છતા પણ મારો પ્રથમનો પ્રશ્ન તો ઉભો જ રહે છે લોકોનો મોટો ભાગ અમુક પક્ષ તરફ જ છે તેનો નિર્ણય પણ કરવો જોઈએ. તેમા પણ સામસામા

સ્નેહમુદ્રા-૨ ૧-૦-૦ એન એમ ત્રિપાઠી, એન્ડ કંપની, મુંબાઈ

પક્ષ પોતાની અનુમતિ છે એમ પ્રતિપા ન કરશે અને કરે છે જ દાખના તરીકે કૉન્ગ્રેસ-વાળાઓ અને મૉડરેટ કોન્ફરન્સવાળાઓ સુધારાવાળા અને જુના વિચારવાળાઓ વળી અમુક માન્યતાના આગ્રહથી પરિણામે જનસમૂહને શ્રયરુ થાય એમ છે અગર પરિણામ હિતકારક આવશે એમ ઠરાવનાર પણ કોઇ સ્વતન્ત્ર વ્યકિત નથી તેમા પણ પક્ષાપક્ષી થશે ને થાય છે તેથી એમાથી ખરૂ કોણ તે એકદમ કહેવુ મુશ્કેલ છે દાખના તરીકે સરકારપક્ષ અને સત્યાગ્રહી પક્ષ હાલ ચોડા વખત ઉપર ઉપસ્થિત થયેલા પ્રકરણમાં સત્યાગ્રહી પક્ષ એમ કહેતો હતો કે તેઓની માન્યતા આધારસહિત અને સત્ય છે તે સ્વીકારી તેઓની માગણી પ્રમાણે વર્તવામા આવે તો તેથી ગરીબ વર્ગના મનુષ્યોનુ હિત સચવાય એમ છે સરકારપક્ષ તેની વિરુદ્ધ એમ કહેલો કે સત્યાગ્રહી પક્ષની માન્યતા આધારરહિત છે અને તે પક્ષ અમુક એક સકુચિત પ્રદેશના જનસમૂહનો વિચાર કરે છે જ્યારે સરકાર હિન્દુસ્થાનની રાજનીતિ અને તેના અનુસરિ, તરીકે આખા હિન્દુસ્થાનના અભણ અને ગરીબ વર્ગનુ શ્રેય ધ્યાનમા લઇ વર્તવા ભરે છે અને તેમા જ આખા હિન્દુસ્થાનની સામાન્ય પ્રજાનુ હિત છે એમ માને છે આ બે પક્ષમા ખરેખર સત્ય શુ છે અને જનસમૂહનુ ખરેખર હિત કોની માન્યતા મુજબ ચાલવામા છે તેની નિષ્પક્ષપાત રીતે નિરાવેશથી તુલના કરનાર કોઇ સ્વતન્ત્ર વ્યક્તિ કે મડળ દૃષ્ટિએ પડતુ નથી તે જ પ્રમાણે બીજા બધા સવાલોમા પણ એવી જ મુશ્કેલી નડે છે તો પછી અમુક માન્યતા જ ખરી છે અગર અમુક માન્યતા જ જનસમૂહને ઉચિત અને હિતકારક છે એમ નિશ્ચયાત્મક રીતે કહેવુ એ મને તો શક્ય લાગતુ નથી

શકર —તારી અટપટી ગુચવણ ભરેલી તકરારનો જવાબ આપવા જેટલી સવડતામા હુ અત્યારે નથી કોઈ બીજે વખતે જોઇ લઇશુ પણ તેટલામા તુ જ મહેરબાની કરી કહે કે સત્યાગ્રહનો અર્થ તુ શુ કરે છે?

કાન્તિ —મને તો એ શબ્દ અર્થરહિત લાગે છે તેનો કઇ અર્થ જ નથી

શકર —એટલે?

કાન્તિ—એટલે? મે અત્યાર સુધી કહ્યુ તે જ "સત્ય" એ કાઇ નિશ્ચિત વિધાત્મક પદ નથી પરન્તુ તત્પદાપેક્ષક—સાપેક્ષ પદ છે અમુક જ હકીકત કે માન્યતા સત્ય છે અને બીજી અસત્ય છે એમ કોઈ પણ કહી શકશે નહિ અમુક માન્યતા "સત્ય" છે એમ તુ જે કારણોને આધારે માનતો હોય તેથી જુદા જ કારણોને આધારે હુ એમ માનુ કે તારી માન્યતા અસત્ય છે ને હુ માનુ છુ તે સત્ય છે તે જ પ્રમાણે જુદી જુદી વ્યક્તિને જુદી જુદી વિચારશ્રેણી મુજબ જુદો જુદો ભાસ થાય, છેઅને તેથી અમુક જ "સત્ય" છે એમ કહેવુ નિરર્થક છે જ્યારે "સત્ય" શુ છે તે જ અનિશ્ચિત છે ત્યારે અમુક માન્યતાનો આગ્રહપૂર્વક વળગી રહેવુ તેને "સત્યાગ્રહ" નામ આપવુ એ અર્થરહિત અને ભૂલ ભરેલુ છે દાખના તરીકે, અમદાવાદના મીલ મજુરોની હડતાલનુ પ્રકરણ લ્યો. તેમા શ્રીયુત ગાધીએ મજુરોનો પક્ષ પકડી તેઓની મજુરીને 'સત્યાગ્રહ" નુ સ્વરૂપ આપ્યુ પાછળથી તેઓને

પોતાની માન્યતામા ફેરફાર કરી કેટલી- છુટછાટ મૂકી તોડજોડથી નિદાન કરવો પડ્યો એ સ્થિતિ જગજાહેર છે આ પ્રસગે આપણે શુ એમ કહી શુ કે શ્રીયુત ગાંધીની પ્રથમની માન્યતા "સત્ય" હતી પણ તેમનુ પાછળનુ આચરણ "અસત્ય" હતુ ? નહિ જ તેઓને પ્રથમ જે એકાન્ત સત્ય લાગી, તેનો અન્ય સજોગે અને પરિસ્થિતિ સાથે વિચાર કરતા જુદી જ એકાન્ત "સત્ય" તરીકે તેમણે સ્વીકારો તે જ બતાવી આપે છે કે "સત્યાગ્રહ" શબ્દ અર્થ સૂચક નથી એટલુ જ નહિ પણ અર્થરહિત છે મારા સમજવા પ્રમાણે એવી હિલચાલોને "સત્યાગ્રહ" નહિ પણ "દુરાગ્રહ" નામ આપવુ જોઇએ પણ પ્રકૃતિ વિરુદ્ધનો તાગે હાલતે આગ્રહ તો "હઠાગ્રહ" પણ નથી ફક્ત દુરાગ્રહ છે

ગેંડર—શા માટે ?

શાન્તિ—શા માટે તે આ ડૉક્ટર આવ્યા તે બરોબર તને સમજાવશે હુ હવે જાઉં છુ સાહેબજી !

કર્ત્તવ્યનિષ્ઠ થાઓ.

લેખક–રા મણિલાલ કે. ભટ્ટ.

'કર્તવ્યનિષ્ઠ થાઓ'
'ગુર્જર-જ્યોતિ ઝળકાવો' —કર્ત્તવ્ય૦
'ગર્વી ગુર્જરીમાત'નુ ગૌરવ, ગુર્જર–વીર વધાવો,
ગુર્જરી માતની ગત નાણીને, ઝળહળ દીપાવો—
આર્ય–વીર જે વર્તમાનના,
કર્મ–વીર સૌ આર્ય આપણા —કર્ત્તવ્ય૦
માતૃ–ભક્તિમા આર્યબાધવો, 'એકનિષ્ઠ થાઓ,
આત્મતણુ બલિદાન દઈને માના ઉદ્ધારો;
વર્તમાનના વીર–બધુ–જન,
ભવિષ્યના સૌ વીર–બધુ–ગણ, —કર્ત્તવ્ય૦
ભક્ત બની સૌ માતૃ–ભક્તિમા, 'ભક્તિસદન જાઓ,'
'માતૃ–ભક્ત તે ઈશ–ભક્ત છે,' લ્યો સેવાનો લ્હાવો
પુત્ર–પુત્રીઓ આર્યાવર્ત્તના
કર્ત્તવ્ય–ધીર સૌ 'ભક્તિસદનના' —કર્ત્તવ્ય૦

જનોઈ

આદર્શ વિદ્યાર્થી

લેખક-રા. અમૃતલાલ માધવલાલ શાસ્ત્રી.

અંતઃકરણથી ઇચ્છેલી સત્ય વસ્તુની પ્રાપ્તિ અર્થે આલેખેલી માનસિક દૃષ્ટિ અર્થાત્ ભાવના તે આદર્શ કહેવાય છે. બીજી રીતે કહીએ તો આદર્શ એ ઉત્કૃષ્ટતાનું કોઇપણ રીતે નિયોજેલું ધોરણ છે. આપણે હિન્દુઓને આદર્શ માટે ઉદાહરણની કલ્પના ન્યૂનતા નથી, કારણ કે આપણી માતૃભૂમિ ભારતવર્ષ આદર્શોની જ માતા છે. એક જ પુરુષમાં આદર્શ પુત્ર, આદર્શ પતિ આદર્શ પિતા ને આદર્શ ભૂપતિના ગુણોનું સમ્મિશ્રણ થએલું હોય એવી શ્રી રામચંદ્ર નામની જગવિખ્યાત વ્યક્તિ આપણે ત્યાં હતી. ભારતના ભૂષણ શ્રી રામચંદ્રના પ્રિય સહધર્મચારિણી સીતાદેવીની વ્યક્તિત્વમાં માતૃત્વ ને પત્નીત્વના આદર્શને ઉચિત ગુણો હતા એ સર્વને જાણીતું છે. વળી જેઓ જ્ઞાન ને સૌજન્યના વિપુલ ભરપૂર વિકાસ પામી હાલ ઉચ્ચ સ્થાને રહી મનુષ્યજાતિના હિતકાજે પ્રયત્ન કરી રહ્યા છે એવા ગુરુજનરૂપ આદર્શ શિષ્યો આપણે ત્યાં હતા. એક સમય એવો હતો કે ત્યારે આપણા દેશમાં જીવનની પ્રત્યેક શાખામાં આદર્શ જનો ઉત્પન્ન થતા હતા. એવા દેશમાં આપણો જન્મ થયો છે એ આપણું સદ્ભાગ્ય છે. જેમના જીવન-સંકલ્પ મર્યાદિત હોય છે તેવા મનુષ્યોપર આવા આદર્શો અવર્ણનીય કૃપાનો પ્રસાદ રેડતા હોય એમ જણાય છે. મનુષ્યપર તે જે પ્રભાવ પાડે છે તેથી મનુષ્ય પોતાની જીવનયાત્રા દરમિયાન ઉત્તરોત્તર વિકારોને અનુભવતા એ આદર્શના ગૌરવને પોતાની સાથે અનુરૂપ-અભેદરૂપ કરી શકે છે. આમ આદર્શનું સામર્થ્ય અતિ પ્રબલ છે. આદર્શને અનુસરવાનો પ્રયત્ન કરતાં પ્રથમ તો સત્પ્રવૃત્તિનો વિપર્યય થએલો ભાસે છે. જેમ જેમ આદર્શવ્યક્તિના ઉમદા ગુણો સાથે એકાગ્રતા અને પૂજ્યભાવ થતા જાય છે, ને ચિદ્વૃત્તિ વિકાસ પામે છે, તેમ તેમ મનુષ્ય પોતાની આદર્શ વ્યક્તિના સદ્ગુણોને આચારમાં મૂકવાનો પ્રારંભ કરે છે. ક્રમેક્રમે આદર્શ જેવું સમ્પૂર્ણત્વ મેળવવા જતાં તે પોતે અન્તે, આદર્શમય થઇ રહે છે. આવી રીતે જે માણસ આદર્શને અનુસરવા પોતાના જીવનને સંસ્કારી ને નિયમિત રચે છે તે નિઃસંશય વિજય મેળવી શકે છે. આ કારણથી પ્રત્યેક જણે પોતાની સન્મુખ ધરવામાં આવેલા આદર્શો ઉચિત રીતે અનુસરવા પોતાની પૂર્ણ શક્તિ અને ઉત્સાહથી પ્રયત્ન કરવો જોઇએ, ને તેના જેવું પોતાનું જીવન ઘડવું જોઇએ. વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીના આદર્શની ઘણી અગત્ય છે કારણ કે તેમણે તે આદર્શમય થવા પ્રયત્ન કરવાનો છે. આથી જેને માટે પ્રયત્ન કરી તેને અનુસરી શકાય તેવા આદર્શ વિદ્યાર્થીના ચિત્રની રૂપરેખા આપની સમક્ષ આલેખવા પ્રયત્ન કરીશ.

મનુષ્યની કેળવણી પૂર્ણ કરવાને ચાર વસ્તુ અગત્ય છે. તેમાં શિક્ષક સ્વાધ્યાય મહાઅધ્યાપકોની સંગતિ ને વિદ્યાર્થીજીવનમાં ક્રમેક્રમે મેળવેલો અનુભવ—એનો સમાવેશ થાય છે. પ્રત્યેક શિષ્ય એક અથવા વધારે શિક્ષકો પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરે છે. વિદ્યાની ભિન્નભિન્ન શાખાનું અનુશાસન કરવાને શાળામાં અને મહાશાળા (કૉલેજ)માં શિક્ષકો અને અધ્યાપકો

હોય છે તેઓ પોતાના હાથ નીચે મુનાએના બાળકો ાા દિત કાજે પોતાની અમૂલ્ય શક્તિ, સુખ ને સમયનો ભોગ આપે છે આદર્શ વિદ્યાર્થી પોતાના શિક્ષકો જે સમય અને અમૂલ્ય શક્તિ આપે છે તેથી જાણીતો હોય છે, ને પોતે અવિરત ઉદ્યોગથી તેમનો સદુપયોગ કરે છે બીજા પાસેથી પ્રાપ્ત થઈ શકે એવા જ્ઞાનસમુદાય સાથે તેની માનસિક વૃત્તિએ કાર્ય કરવું જોઈએ, એ ત સમજે છે જે શિષ્ય પોતાના ગુરુને અસપૂર્ણ ગણે છે, તે પોતે અમુક વિષયમાં ગમે તટલી કુશળતા ધરાવતો હોય છતા પોતાના ગુરૂ પાસેથી જ્ઞાન સમ્પાદન કરી શકતો નથી કારણ કે પોતાના શિક્ષક પ્રતિ વિચારોનો જે પ્રવાહ તે મોકલે છે તે પ્રત્યેકમાં પોતાના ગુરુની અશક્તિ અને ન્યૂનતાનો અશ હોય છે તેથી તેની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાના માર્ગમાં તે વિચારપ્રવાહ તેને એક પ્રબળ ને અનુલ્લંઘનીય અવરોધ સમાન નીવડે છે શિષ્યોએ શિક્ષક જે કહે તે ગ્રહણ કરવા પ્રયત્ન કરવો જોઈએ, ને તેમણે જે જ્ઞાન આપ્યુ હોય તેમાં મનને કેળવવું જોઈએ ગુરુના ઉપદેશને સપૂર્ણ રીતે સમજવા, તેમને વિવક્ત-સુસ્પષ્ટ કરી વ્યવસ્થિતપણે ગોઠવવા ને સાગરા ખોળી કાઢી મત્ત્વ સાથે એકરસ થવું એ પ્રત્યેક શિષ્યનુ અગત્યનુ કર્તવ્ય છે આદર્શ વિદ્યાર્થી કદીપણ વિચારશૂન્ય અથવા અસાવધ હોતો નથી વળી તે છિદ્રાન્વેષણ કરવામાં પણ કદિ શ્રમ્ત થતો નથી, પણ સત વિચારવાન, જ્ઞાન પ્રાપ્ત કરવો ઉત્સુક, આજ્ઞાંકિત અને ગુરુપ્રતિ આદર ધરાવનાર હોય છે પોતાના શિક્ષક પ્રતિનુ તેનુ પૂર્ણ આજ્ઞાંકિતપણુ વિશેષે કરીને તેમનુ ધ્યાન પોતાના તરફ આકર્ષે છે, ને તેથી તેવા વિદ્યાર્થીને માત્ર જોવાથી જ તેને આનન્દ ઉપજે છે, તેમ જ તેને જ્ઞાન આપી શકવાનો તેમનો ઉત્સાહ વધે છે જે વિદ્યાલયમાં તે ભણતો હોય ત્યાનો પ્રત્યેક શિક્ષક પોતાના અધિકારસમયે એવા વિદ્યાર્થીના જ્ઞાનસગ્રહમાં વૃદ્ધિ કરવાની રુચિ ધરાવે છે, ને વળી તે ઉપરાંત પોતે ગહનપરિશ્રમે પ્રાપ્ત કરેલા જ્ઞાનથી એક ઉત્સાહી અને જ્ઞાનપિપાસુ શિષ્યને લાભ આપવાનો તેમનો હર્ષ એટલો બધો હોય છે કે તેઓ પોતાના અવકાશની વેળાએ તેને ખાસ પોતાની પાસે બોલાવી જ્ઞાન આપે છે આદર્શ વિદ્યાર્થીનુ પોતાના ગુરુપ્રતિનુ વર્તન આવા પ્રકારનું હોય છે

હવે આપણે વિદ્યાલયમાં પોતાના સહાધ્યાયીઓ સાથે તેનુ વર્તન કેવુ હોય છે તે તપાસીએ સહજ દૃષ્ટિ કરીએ તો જ્ઞાન પ્રાપ્ત કરવાને આતુર વિદ્યાર્થી, પોતાનુ જ્ઞાન બીજાઓને આપતાં પોતાના જ્ઞાનનો સંગ્રહ વધે છે, તથા તે દૃઢ થાય છે, એટલું જ નહિ, પણ વિદ્યાની નવીન શાખાના જ્ઞાનની પ્રાપ્તિમાં તે પોતાને સહાય કરે છે એ સૂક્ષ્મથી સારી પેઠે જાણીતો હોય છે આમ હોવાથી તે પોતાના સહાધ્યાયીઓ સાથે જ્ઞાનનો વિનિમય કરવાને સદા ઉત્સાહશીલ રહે છે પોતાના સહાધ્યાયીઓ સાથે તેમના મડળમાં તે સક્રિય ભાગ લે છે ને તેની ઉપકારવૃત્તિ તેને એક મિત્રબન્ધુ તરીકે લેખાવી સન્માનિત કરે છે વળી પોતાના અન્ય બન્ધુઓ સાથે સમાગમ કરતા, પોતાથી જ્ઞાનની નીચી કક્ષામાં ગમન કરતા ભાઈઓને પોતાની સાથે જ્ઞાનની સમાનતાએ લાવે આણવા તે પ્રયત્ન કરે છે, અને વળી તે જ વખતે તે પોતાના કરતાં ઉંચી પદવીના ભાઈઓના જેવુ ગૌરવ પોતે મેળવવાનો ભગીરથ પ્રયત્ન કરતો રહે છે

"સાહિત્ય, વિજ્ઞાન, ને વિદ્યાનયને અંગે શીખવાતા બીજા વિષયો પ્રતિ તેનો પ્રેમ તિ ગ્રીઃ' હોય છે જ્ઞાન ને અભ્યુદયથી સદા અતૃપ્ત રહી આવા પ્રકારના વિષયોની રસભરી ચર્ચા કરતા મંડલોમા તે ઉત્સાહથી ભાગ લે છે, ને પોતે તે મંડળના ગૌરવ તથા કીર્તિમા મધ્યરૂપે વિરાજે છે વિદ્યાર્થીઓએ આવી જાતના મંડળમા કેવી રીતે કામ કરવુ જોઇએ વકતૃત્વશક્તિ કેવી રીતે કેળવી શકાય, પોતાના જ્ઞાનનો ઉપયોગ પોતાના મિત્રોના લાભ માટે કેવી રીતે થઈ શકે અને યુક્તિપ્રયુક્તિ વાપરી અન્યોન્યના જ્ઞાન અને બીજા વિચારોનો વિનિમય થઇ શકે, એ બધા માટે પોતાના કાર્યોથી બીજાઓને માટે તે સરસ ઉદાહરણ પુરૂ પાડે છે જાહેર વકતૃત્વના પ્રભાવ વડે પોતાના સહાધ્યાયીઓના હૃદયમા જ્ઞાન, આશા ને ધૈર્યના ગુણોરૂપી ચૈતન્ય રેડી તેમને પ્રોત્સાહિત કરે છે, ને તેમનામા ગાઢ પ્રેમગાંઠ ફેલાવે છે

વળી તે રમતગમતમા પણ કઇ ઓછો ઉત્સાહી હોતો નથી રમતગમતના સ્થળ પ્રતિ દૃષ્ટિ ફેંકો તો ત્યા પણ તે પોતાના મિત્રમંડળમા જયઘોષણા ઉચ્ચારતો નજરે પડશે શરીર-બળની સુખાકારી કરવા માટે તે દુર્લક્ષ રાખતો નથી, એટલુ જ નહિ પણ અતિ હોંશમા, તેને પોતાની કેળવણીના અગત્યના અંગ તરીકે લેખે છે શારીરિક અશક્તિ મનુષ્ય જીવનને દુઃખી બનાવે છે એમ તે સમજે છે, અને તેથી પોતાના મિત્રોને ક્રિકેટ, ફુટબોલ, ટેનિસ વગેરે નિર્દોષ વગેરે મનરંજન ક્રિડાઓમા ભાગ લેવાનો ઉપદેશ કરે છે આવી રીતે પોતાની સંસ્થાના પ્રત્યેક આત્માને સર્વ પ્રકારનુ સુખ આપવા માટે તે સાધનભૂત ગણાય છે

પોતાના વિદ્યાલયના મકાનની બહાર એટલે જનસમાજમા અને તેના ઘરમા પણ તેનુ વર્તન એવા પ્રકારે આનંદ ભરેલું હોય છે ઘરમા જ્યારે પોતાના માબાપને તે હર્ષ પમાડતો હોય છે તે જ પ્રમાણે તેના ભાઇ બહેનો પણ પોતાના વર્તનથી પ્રમોદ ઉપજાવે છે પોતાના માબાપ સાથેનુ સંપૂર્ણ આજ્ઞાંકિતપણુ તેમને ઘર-કામકાજમા કરેલી સહાય તેમના દુઃખના સમયે તેણે આપેલુ આશ્વાસન, પોતાના ભાઇ બહેનોને તેણે આપેલુ ઉપયોગી શિક્ષણ વગેરે ઉત્તમ ગુણોથી તે પોતાના ઘરને પ્રકાશિત સ્વર્ગના સ્વરૂપમા ફેરવી નાખે છે પિતૃભક્ત તરીકે પોતાના વર્તનમા તે શ્રી રામચંદ્રજેવા આદર્શ પુત્રને અનુસરે છે

પોતાના કુટુંબ પ્રતિ પણ તેની ફરજ કઇ ઓછી હોતી નથી પોતાનાથી ઉંચી પંક્તિના અને હીન જાતો તે યોગ્ય સહકાર કરે છે તે જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે આતુર રહે છે, ને પોતાનાથી વિશેષ જ્ઞાન ધરાવનાર જનસમાજમા ભળવાનુ થતા તેઓ પોતાની તમામ વિદ્યા સાથે એક આગ નમ્ર તરીકે લેખ છે અને તેઓ લાભ લઇ પોતાના જ્ઞાનસંચયમા વૃદ્ધિ કરે છે જેમની સાથે તેનો સમાગમ થાય છે, ત્યારે જો તેઓ પોતાનાથી મોટા હોય તો તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાની ને નાના હોય તો જ્ઞાન આપવાની તે આતુરતા ધરાવે છે તે સદા જાગૃત આનંદી, ઉદ્યોગી ને શક્તિમાન્ હોય છે. રમતગમત તથા પોતાના મીઠી વાણીના ગાન સમયે ઉદ્યોગી રહે છે ને આ સદાય વ્યક્તિ

સહાય કરવાને સદા ઉત્સુક રહે છે જે સમાજમાં તે રહે છે તેને તે ચૈતન્ય ને આનંદના સ્થાયી કારણરૂપે નિવડે છે

હવે આપણે તેના ચારિત્ર્ય પ્રતિ જોઇએ ચારિત્ર્ય એ જ મનુષ્ય અને અન્ય પ્રાણી વચ્ચે ભેદસૂચક ચિહ્ન છે જે મનુષ્યમા નીતિવિષય સદ્ગુણોની વિશિષ્ટતા નથી, તે પશુતુલ્ય છે. મનુષ્યજીવનના બંધારણમા નીતિબળ પ્રધાન સ્થાન ભોગવે છે આ સત્યને જાણીને આદર્શ વિદ્યાર્થી સત્ય, દયા, નિડરતા, દૃઢતા, સ્વતંત્રતા અને આત્મસંયમાદિ ગુણોને કેળવી પોતાના નીતિબળમા વૃદ્ધિ સારી કરે છે ઘણા વિષમ પ્રસંગોએ તે સત્યને વળગી રહે છે, અને તેથી સત્યપ્રિય થવાનુ માન પ્રાપ્ત કરે છે આથી બીજાઓ તેના વેણપર નિશ્ચિતપણે વિશ્વાસ રાખી શકે છે ન્યાયી અને સત્ય કાર્યોમાં બીજાઓથી બીવુ એ નબળા મનનુ લક્ષણ છે આવા પ્રકારની અશક્તિ આદર્શ વિદ્યાર્થીમા સ્વપ્ને પણ હોતી નથી તે દૃઢ, સાહસિક ને સ્વતંત્ર છે તે સદા કાર્યકારણ ભાવને તપાસીને વર્તે છે, ને ગમે તેવી વિકટ, બાહ્ય પરિસ્થિતિમા ક્ષુબ્ધ થયા વિના હિમાલય પર્વતની માફક સ્થિર ને અચળ ઉભો રહે છે એક બ્રહ્મચારીને યોગ્ય આત્મસંયમની સૂક્ષ્મ નિરીક્ષા કરીને મન, વાણી ને કર્મની તે શુદ્ધિ જાળવે છે તેના શબ્દ સમૂહમા દુર્ગુણો સહજ પણ સ્થાન હોતુ નથી તે સર્વ મનુષ્યને ચાહનાર અને તેમનો મિત્ર હોય છે, તેથી તેમના દુર્ગુણો નષ્ટ કરવાને તેમને સદ્ગુણનુ જ્ઞાન તેમ જ બીજો ઉપદેશ આપે છે ને તેમને સદ્ગુણને રસ્તે દોરવે છે

અત્યાર સુધીમા આદર્શ વિદ્યાર્થી પોતાનુ કર્તવ્ય યથાસ્થિત સમજી પોતાના ગુરુ પ્રત્યે કેવી રીતે વર્તે છે, શાળામા પોતાના સહાધ્યાયીઓ સાથે તેનુ વર્તન કેવુ હોય છે, પોતાના માબાપ અને બીજા વડીલો સાથે પોતાના ધર્મ તે કેવી રીતે બજાવે છે, પોતાના ચારિત્ર્યનો વિકાસ તે કેવી રીતે કરે છે ને તેથી તેનુ જીવન કેવી રીતે રચાય છે —એ બધુ આપણે જોયુ- ચપળ, તેજસ્વી, વજ્રદેહી, સતત ઉદ્યોગશીલ, હરિશ્ચન્દ્ર જેવો સત્યનિષ્ઠ, પૃથ્વી માતા સમાન ધૈર્યવાન્, ખડકની માફક અચળ, વિચાર ને કૃત્યથી પવિત્ર, ને મર્મ અને શરીરથી બ્રહ્મચારી એવો વિદ્યાર્થી આદર્શરૂપ ગણી શકાય છે તેનુ અનુકરણ કરવાથી સદાચારનો ઝગણરૂપે વિકાસ થાય છે, ને તેથી એવો દેહ મહત્પ્રસાદરૂપ થઈ પડે છે, આવા કલ્યાણકારી આદર્શને અનુસરતા આપણા ભારતની પ્રાચીન મહત્તાનો જીર્ણોદ્ધાર થશે અને સત્વર આપણે આપણા હિંદને પૂર્વ સ્વરૂપમા ઝગઝગતુ જોઇ શકીશુ

---

* શ્રીયુત પી એમ સુબ્રમણ્ય આયરના એક લેખનુ ભાષાંતર

આત્મા પરમાત્માની રૂપરેખા કેમ દોરી શકે ?

લેખક—રા. કેશવજી [illegible]

(ગયા અંકથી અનુસંધાન)

હવે આપણે એક બીજી દૃષ્ટિબિંદુથી વિચાર કરીશું. આપણે એક ' બી ' લઈએ. તે બી આખા ઝાડની શક્તિ છે. ઝાડ અમુક રીતે વધે છે. તેના પાંદડાં અમુક આકૃતિનાં હોય છે. પાંદડાની જાત અમુક જાતની, સુંવાળી કે ખરબચડી હોય છે. તેની ધાર અમુક જાતની હોય છે. તેનાં ફૂલ અમુક સ્વાદનાં, અમુક કદનાં, અમુક સુગંધનાં અને અમુક રંગનાં હોય છે, તેનું થડ અમુક જાતનું હોય છે, અને તેના રેસાઓ અમુક તરેહના હોય છે, એ સર્વ શક્તિઓ જે મોજુદ દેખાય છે અને વળી જે અપ્રગટ પણ છે, તે સર્વ ' બી ' માં છે. કેટલાક ઝાડોને કલમ કરવામાં આવે છે, અને આવી રીતે કેળવાએલાં ઝાડનાં બી વાવવાથી ઉગનારાં ઝાડ ઉત્પન્ન થાય છે. જે સ્પષ્ટ રીતે બતાવી આપે છે કે ઝાડના દરેક ભાગ ઉપર થતી ક્રિયા અને દરેક ભાગની ક્રિયાશક્તિ તેના ' બી ' માં રહે છે.

એક મોટા ઝાડનો નાનામાં નાનો ફોટોગ્રાફ લીધો હોય અથવા કોઈ યુક્તિથી તેને ઘણું જ નાનું ઝાડ—બીના કદ જેવડું—કરી નાખ્યું હોય, તો તે ઝાડની સર્વ શક્તિ તેમાં સમાયેલી જણાય છે. ઝાડ માત્ર ઘણા આંદોલન જ હોય. સ્વાદ આંદોલન સ્વાદનું ભાન આપતાં હોય, પ્રકાશના આંદોલન આકૃતિ અને રંગનું ભાન આપતાં હોય, સુગંધના આંદોલન સુગંધનું ભાન આપતાં હોય, અને અમુક જાતના આંદોલન અમુક જાતનું ભાન આપતાં હોય, તેવા સર્વ આંદોલનને, જેમ રૂના જથ્થાને ખુબ દાબીને ખુબ નાની જગ્યામાં પૂરી દેવામાં આવે, તેમ એક નાનકડા કદમાં દાબી દીધાં હોય અને તે કદ ' બી ' હોય એમ આપણે ધારીશું.

જેમ અંકગણિતમાં એક શ્રેણીમાં ઘણી રકમો હોય છે અને ઘણી વખત હજારો રકમોનો તે શ્રેણીમાં સમાવેશ થાય છે અને વળી કેટલીક શ્રેણીમાં અસંખ્ય રકમો સમાઈ જાય છે, અને તેનો સરવાળો માત્ર અમુક રકમ જ હોય છે, તેમ જુદી જુદી જાતના અને શક્તિના આંદોલનોના સંક્ષિપ્તરૂપ સરવાળો ' બી ' હોય તેમ આપણને ભાસ થાય છે. ઝાડનો મોટો ભાગ બીમાંથી થાય છે. હવે ધારો કે પૃથ્વીની સપાટી ઉપરની વનસ્પતિ માત્ર નાશ કરી નાખીએ અને માત્ર તે વનસ્પતિનાં ' બી ' જ રહેવા દઈએ.

હવે એમ ધારો કે એવા એક બીની આપણે કલ્પના કરી લઈએ કે જે બીમાં પૃથ્વી માંની વનસ્પતિના ' બી ' આખી જાત પૃથ્વી ઉપર થતી સર્વ વનસ્પતિશક્તિના આંદોલન જો બીમાં હોય તો તે બી યોગ્ય સ્થાને અને યોગ્ય રીતે રોપતાં તેમાંથી જાતજાતની હજારો વનસ્પતિ ઉગી નિકળે એવું વનસ્પતિ બી આપણે ધારીશું.

જેમ પ્રત્યેક તેના ઉદરના અણુઓ હોય છે. હાઈડ્રોજનને તેના આણુ હોય છે, ઓક્સિજનને તેનું આણુ, અને નેટ્રોજનને તેનું આણુ. આ સર્વ અણુ સ્વતંત્ર હોય તેમ રહે છે, જેમ તેનો નાશ

આપણે કરી શકતા નથી તેમ તેને ઉત્પન્ન પણ કરી શકતા નથી ખનિજમા પણ નિયમ છે એમ કેટલાક રસાયનીઓનો મત છે અને હાલમા તો તે મત ઉત્તમ પદ ધરાવે છે એ સર્વ ખનિજ અણુઓ એક જ જાતના પથ્થરના અણુઓમાથી બને છે પથ્થર અણુઓની જુદી જુદી રચનાથી જુદા જુદા ખનિજ બના છે આપણે સર્વ ખનિજનો નાશ કરીશુ માત્ર પથ્થર અણુ રહેવા [illegible]

હવે આપણે પ્રાણીઓ લઈશુ પ્રાણી એક જ બીજાણુમાથી ઉત્પન્ન થાય છે કુતરાના બી *Sperm-cell*—માથી કુતરુ જ થાય, અમુક જાતના કુતરાના બી—*Sperm-cell*—માથી તે જ જાતનુ કુતરૂ થાય કુતરા, બિલાડા, વગેરે બીજા દરેક જાનવરનો આપણે નાશ કરીશુ, અને માત્ર તેમના ગર્ભબીજ રાખીશુ આપણે એક ગર્ભબીજ કલ્પિશુ કે જેનામા આ સર્વ ગર્ભબીજના સસ્કારો અને શક્તિ આવી જાય

વિજ્ઞાનશાસ્ત્ર શીખવે છે કે એક બીજાણુમાથી વનસ્પતિ, પ્રાણીઓ અને મનુષ્ય થાય છે, તો પછી આપણે પણ એક બી ધારીએ કે જેમા સર્વ વનસ્પતિના બીના અને પ્રાણીના ગર્ભબીજની શક્તિ સમાઈ જાય એક ‘બી’ કે જેમા સર્વ વનસ્પતિ અને પ્રાણીનો સમાવેશ થઈ જાય

વિજ્ઞાનશાસ્ત્ર શીખવે છે કે જે ખનિજ રજકણોની અમુક રીતે ગોઠવણ થતા તેમા જીવ ઉત્પન્ન થાય અને નિર્જીવ-*Inorganic*-માથી સજીવ-*Organic*-થાય છે તેમાથી વનસ્પતિ અને પ્રાણી ઉત્પન્ન થતા છે તો પછી આપણે એક એવુ પથ્થર-અણુ ધારીશુ કે જેમા સર્વ ખનિજ પદાર્થો, સર્વ વનસ્પતિ અને સર્વ પ્રાણી તથા મનુષ્યનો સમાવેશ થઈ જાય હજુ, પણ આપણે અગાડી જઈશુ મન ક્યા નહિ જાય? ધારો કે પૃથ્વીનો નાશ થાય છે, સૂર્યનો નાશ થાય છે, સર્વ તારાઓનો અને ગ્રહનો નાશ થાય છે અને તે ઉપર થતી સર્વ ચીજોનો નાશ થાય છે, અને છેવટે સર્વ જુદી જુદી અસખ્ય શક્તિઓના ઉત્પન્નશક્તિના ‘આદિ’ એક બી રૂપે રહે છે સર્વ નાશ થતા છેવટ પૃથક્કરણ થતા જ છેવટે રહેશે તે સૃષ્ટિના આદિનો, તે જ સર્વ સૃષ્ટિ સર્વ તારા ગ્રહ જેના અને નાશ થતા તે સર્વના બી નહીં રહેશે જો પથ્થર પણ કોઈ ચીજનુ બન્યુ હોય તો તેના પણ અણુઓ લાગી તોડી તેના મૂળતત્ત્વો સુધી જઈશ તો તે મૂળતત્ત્વો સર્વના બી થશે જ્યારે સર્વ પ્રયાસ કરતા અગાડી જઈ શકાતુ નથી—વધારે પૃથક્કરણ થઈ શકતુ નથી—ત્યારે છેવટે જે આ અનન્ત-શક્તિનો વિકાસ માનનુ ‘બી’ છે—શક્તિ છે તેને યોગ્ય વિકાસ મળતા પૃથ્વી, સૂર્ય, ગ્રહ, ખનિજ, વનસ્પતિ પ્રાણી, મનુષ્ય વગેરે સર્વ હયાતીમા આવે છે આ અનન્ત, અપરિમિત ‘બી’ પરમાત્મા છે અનન્ત કાળ અને દેશમા વિકાસ-સસૃતિમા આપણે એક પગથિયુ લઈએ એક અનન્ત શક્તિ જે સર્વ વિકાસનુ ‘કારણ’ છે અને પોતે સર્વ [illegible], તે અનન્તશક્તિના વિકાસ પામતા [illegible] ક્રમમા અલ્પપણે તે અનન્ત શક્તિનો અન્ત સુદ્ગમ કાળ અને દેશમા થતા ઘટેલા અમુક અમુક આવિર્ભાવનો જથ્થો અથવા સમૂહ લઈએ જેમ [illegible] ની સર્વ શક્તિ આના ‘બી’ મા

‘ ગુરુચરિત્ર ’ ૧–૮–૦ એન એમ ત્રિપાઠીની કપની, મુબાઈ [illegible]

રહી છે, તેમ આપણામાં તે અવ્યક્ત ભાની સર્વ શક્તિ રહી છે—જે આપણે થયું અને થવાનું છે, પણ હાલમાં તે નથી. અનંત વિકાસક્રમમાં ઉભા રહીને આપણા કરતાં આગળ તેમાં આપણાથી સર્વ ઉતરતા અને ચડતા આંદોલનોનો સમાવેશ કરીએ તો આ અનંત વિકાસક્રમની કાંઈ છાયા આપણને આવે, પણ તે માત્ર છાયા.

આકાશમાં રાત્રિએ અસંખ્ય તારાઓ દેખાય છે. કેટલાક એટલા બધા દૂર છે કે બહુ જ ઝાંખા દેખાય છે, કેટલાક એટલા બધા દૂર છે કે દેખાતા જ નથી, કેટલાક એટલા બધા દૂર છે કે તેના અજવાળાના આંદોલનો હજી સુધી આપણને પહોંચ્યા નથી. આવા અસંખ્ય તારાઓથી ભરપૂર આકાશના કોઈ પણ ભાગ તરફ દૂરબીન રાખીને જોઈશું તો તેમાંના બહુ જ થોડા તારા આપણને દેખાશે. બાકીના સર્વ ભાગ અદૃશ્ય રહેશે. આપણે દૂરબીનમાં એકી વખતે દેખાતા તારાઓના ઝુમખા માફક છીએ. આપણી વિકાસ-શક્તિ જેમ વધતી જાય અને તેમાં બીજી વ્યક્તિઓના વિકાસ-શક્તિના આંદોલનો વધારે ને વધારે આવતા જાય, તેમ આપણામાં વધારે ને વધારે વિકાસ-શક્તિનો ભાગ સમાતો જાય છે, અને છેવટે જતાં આપણે પોતે અનંત વિકાસ-શક્તિ થઈ જઈએ. આ આપણું ભવિષ્ય છે. અનંત વિકાસ પામતાં અનંત વિકાસ-શક્તિ આપણે થઈશું. સર્વ વિકાસ આપણામાંથી ઉત્પન્ન થશે અને વૃદ્ધિ પામશે, ચાલતો રહેશે અને લય પામશે, તો પણ આપણે તો વિકાસ-શક્તિ તરીકે રહીશું. આપણે વિકાસ-સમષ્ટિમાં દાખલ થઈશું નહીં, પણ તેની મારફતે જીવું વિકાસક્રમ આપણામાં ચાલુ રહેશે, અને આપણે માત્ર વિકાસ-કારણ રહીશું.

પરમાત્મા વિકાસ-કારણ છે, વિકાસ-શક્તિ છે. તે વિકાસ પામતો નથી. આપણે વિકાસ-સમષ્ટિના વિકાસ પામતી વ્યક્તિ છીએ. વિકાસ-સમષ્ટિમાંથી પસાર થતો 'પરમાત્મા' વ્યક્તિ છે. વિકાસ-સમષ્ટિને પૂરી કરીને વિકાસ-કારણ થયેલ 'વ્યક્તિ' 'પરમાત્મા' છે.

આ વિચાર ને હજુ આપણે ખોલવું. રસાયણશાસ્ત્રીઓએ ખનિજ-વિકાસ હવે સાબિત કર્યો છે. સર્વ ખનિજ પદાર્થો ઇથરના અણુઓમાંથી થાય છે. ઇથરના સર્વ અણુઓ સરખા છે. આ અણુઓ એકબીજા સાથે મળતા-જોડાતા—જુદા ક્રમના અણુઓ ઉત્પન્ન થાય છે. આ નવા સમૂહોમાંથી બીજો ક્રમ ઉત્પન્ન થતાં વળી જુદો ક્રમ ઉત્પન્ન થાય છે. એવી રીતે અણુઓની સંખ્યા અને રચનાથી જુદા જુદા તત્ત્વો ઉત્પન્ન થાય છે. હવે ધારો કે એક ક્રમના અણુઓ એક સેકંડમાં એક અમુક આંદોલનો કરે છે, બીજા ક્રમના અણુઓ તેથી ઓછાં આંદોલનો કરે છે, અમુક ક્રમના અણુઓ એક કરોડ આંદોલનો કરે છે અને છેવટે એક ક્રમના અણુઓ એક લાખ આંદોલનો કરે છે. હવે આપણે જુદા જુદા આંદોલનો કરવાવાળી શક્તિવાળા ક્રમોને આંદોલનોની સંખ્યાના અનુક્રમમાં ગોઠવીએ. પહેલો ક્રમ 'ઘણામાં ઘણા આંદોલનો કરવાની શક્તિવાળો' અને છેલ્લો ક્રમ 'ઓછામાં ઓછા આંદોલન કરવાની શક્તિવાળો' અને વચલો ક્રમ 'મધ્યમ આંદોલન કરવાની શક્તિવાળો' છે. ધારો કે આ

* નજદિકમાં નજદિક દેખાતો તારો આપણાથી ૨૫,૦૦૦ ૦૦૦ ૦૦૦ ૦૦૦ માઈલ દૂર છે.

અણુમા એક સો ક્રમ ગોઠવના છે દરેક ક્રમ અમુક જ આદોલનો કરે છે, બીજા ક્રમના આદોલનો કરતો નથી અમુક હદમા આદોલન કરતો અણુ-સમૂહ સોનુ છે, અમુક હદના આદોલન કરતો અણુ-સમૂહ રૂપુ છે અને અમુક હદમા આદોલન કરતો અણુ-સમૂહ પ્લેટીનમ છે.

આપણે સ્પષ્ટ જોયુ છે કે સર્વ અણુઓ તો સરખા જ હતા—એક જ જાતનાં આદોલનો કરતા હતા આ નવા થયેલા ક્રમો જુદી જાતના આદોલનો કરે છે મૂળ આદોલન-શક્તિ તો ત્યાન જ છે તે શક્તિમા બીજા ક્રમો તેના ‘પોતાના ‘જાતના આદોલનો કરતા રહે છે નવી જ રીતે મૂળ વિકાસ બી’ તેની પોતાની શક્તિમા રહે છે પણ તે બી દેહ અને કાળમા, ન ખાતા-વિકાસ પામતા—જુદા જુદા ક્રમો ઉત્પન્ન થાય છે, અને એ રીતે સર્વ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે, વિકાસ પામે છે, અને લય પામે છે

આપણે જોયુ છે કે ‘ ઘન ‘ સપાટી ’ ભૂમિકામા અસખ્ય ‘ સપાટી ’—સપાટ-આકૃતિ થાય છે, અને સપાટી’ નીચી ’-ભૂમિકામા આવતા જેમ અસખ્ય નાની મોટી લીટીઓ થાય છે તેમ વિકાસ ‘ બી ’ તેની અસલ ભૂમિકાઓમાથી નીચેની એક ભૂમિકામા ઉતરતાં એક બીના બીજા અસખ્ય બી થઈ જાય છે તે ભૂમિકામાથી હજુ નીચેની ભૂમિકામાં આવતાં બીજા અસખ્ય બી થાય છે એમ જેમ જેમ વિકાસક્રમ વધતો જાય છે, તેમ તેમ મૂળ વિકાસ બી—કારણશક્તિ—જુદા જુદા રૂપ ધારણ કરતા જાય છે તેમાનુ એક રૂપ મનુષ્ય-વ્યક્તિ છે પરમાત્મા જે વિકાસ-સસ્કૃતિનુ કારણ છે, એટલે ‘ અવ્યક્ત બી,’ છે, તે જ્યારે પોતાની ભૂમિકા સિવાય કોઇ પણ ઉતરતી ભૂમિકામા વિકાસક્રમમા ગુચવાય છે ત્યારે તે વ્યક્તિરૂપ થાય છે તે વ્યક્તિરૂપ થયેલો પરમાત્મા પોતે જ ભૂમિકા ઉપરની ભૂમિકા છોડી વિકાસક્રમ અનુભવીને જ્યારે તેની બહાર પહોચે છે ત્યારે પોતાનુ મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરે છે જે વ્યક્તિ સર્વ ભૂમિકામા એકી વખતે વિકાસ ભોગવે છે અને પોતાની મૂળ ભૂમિકામા સ્થિર છે તે પરમાત્મા છે તે જ પરમાત્મા જ્યારે પોતાનુ સ્થાન—ભૂમિકા—છોડી બીજી ભૂમિકામાં વિકાસક્રમમા ભટકે છે ત્યારે તે વ્યક્તિરૂપ થાય છે અથવા વ્યક્તિ કહેવાય છે

હવે આપણે પરમાત્મા ‘ વિકાસક્રમનુ કારણ છે તે સિદ્ધાંતનો બારીકીથી વિચાર કરીશુ આ વિચાર કરવાને આપણને આધુનિક વિજ્ઞાનની મદદની જરૂર પડશે સૂર્ય દરેક સો વરસે પાસમા આશરે દસ માઈલ ઓછો થાય છે એમ ખગોળશાસ્ત્રીઓએ અવલોકન કર્યુ છે જો આપણે ભૂતકાળમા સો વરસ પાછા જઈએ તો સૂર્યનો વ્યાસ દસ માઈલ વધારે હશે, અને જો બીજા સો વરસ વધારે ભૂતકાળમા જઈએ તો સૂર્યનો વ્યાસ બીજા દસ માઈલ વધારે હશે આવી રીતે જો આપણે ભૂતકાળમા વધારે અને વધારે આગળ ચાલ્યા જઈએ તો છેવટે સૂર્યનો વ્યાસ એટલો મોટો નિવડશે, કે સર્વ ગ્રહો તેના પેટમા આવી જશે-વ્યાસ એનુ કદ એથી પણ વધારે હોય સિદ્ધાંત એમ જ છે કે સૂર્ય એક વખતે પાતળામા પાતળા વાયુનો જથ્થો હતો આ વાયુસ્થિતિમા અગ્નિના મૂળતત્ત્વો રૂપાંતર પામી બીજા અજાણ્યા તત્ત્વો બની જાય છે આ સ્થિતિનો આપણે વિચાર આવી શકે તેમ નથી આ

ઉપ-વાયુની ઘટના હલકામાં હલકા વાયુ હાઇડ્રોજનના કરતા ૨૦૦ ૦૦૦,૦૦૦ ગણી પાતળી છે!!! આ ઉપ-વાયુનો ગોળો તેની ધરી ઉપર ફર્યા કરતો. જેમ જેમ તેની ગરમી (*Radiate*) ઓછી થતી ગઇ તેમ તેમ ગોળો નાનો અને નાનો—*Condensed*—થતો ગયો, અને તેનો ધરી ઉપર ફરવાનો વેગ વધતો ગયો. વેગ વધતાં ધરીના છેડા ચપટા થતા ગયા, અને વચનો ભાગ લાંબો ને લાંબો થતો ગયો. ગોળામાંની ગરમી ઓછી થવાના સમયે તે નાનો થયો અને તેનો વેગ વધ્યો. વેગના વધવાથી થયેલ ગોળાના વચના ભાગમાંથી એક વીંટી-ચક્ર-જેવો ભાગ જુદો પડ્યો, અને વધતા જતા ફરવાના વેગથી તે ચક્ર તૂટી જઇ તેના અસંખ્ય ટુકડા તે અસલ ગોળાની આસપાસ ફરવા લાગ્યા. આ ટુકડા નાના મોટા હોવાથી જુદા જુદા વેગે એક દિશામાં ફરે છે તથા એક-બીજાની સાથે અસહાય છે. છેવટે તે સર્વેનો એક બીજો ગોળો થાય છે. આ ટુકડાઓ એકબીજા સાથે અથડાય ત્યારે અથડાવાની ગરમી ઉત્પન્ન થાય, અને તે પાછો વાયુનો ગોળો થયો. આ ગોળો જ સૂર્યની આસપાસ ફરે છે તે હવે 'ગ્રહ' થયો.

ઉપર પ્રમાણે આઠે ગ્રહો ઉત્પન્ન થયા. પહેલો જે ગ્રહ થયો તે ફરવાનો દૂર, તે પછી તેથી ઓછા દૂરના, એમ અનુક્રમે ગ્રહો થયા છે એમ ખગોળશાસ્ત્ર શીખવે છે. જો તે સર્વે ગ્રહોને ભેગા કરીએ તો તેનો બેગો થયેલ જથ્થો સૂર્યના માપના આશરે ૭૫૦ મા ભાગ જેટલો માત્ર થાય કે પૃથ્વીનું કદ સૂર્યના કદનો ૧ ૫૦૦ ૦૦૦ મો ભાગ છે. જે વાયુનો ગોળો ગ્રહ થયો તેમાંથી બીજા ગોળાઓ ઉત્પન્ન થઈ શકે અને જે ગોળા ઉત્પન્ન થાય છે તે 'ઉપગ્રહ' અથવા 'ચંદ્રમા' છે. આવી રીતે સૂર્યમંડળની ઉત્પત્તિ થયાનું ધારવામાં આવે છે. આ બાબતમાં જુદા જુદા મત પણ છે. પણ આપણને તો ઉપરનો સિદ્ધાંત જ ઉપયોગી હોવાથી આપણે તે સ્વીકાર્યો છે. જેમ સૂર્યમંડળ ઉત્પન્ન થયું તેમ તેનો લય પણ થવો જોઇએ. લય થતા જે વાયુનો ગોળો થશે તેમાંથી ફરીથી એક સૂર્યમંડળ ઉત્પન્ન થશે ખરું, પણ પ્રથમના જેવું તો નહીં જ. એ વળી કોઇ બીજા પ્રકારનું બનશે. આ નવું સૂર્યમંડળ કેવું બંધાશે તેનો આધાર તે પોતાની સૂર્યમાળા કેવી રીતે નાશ પામી તેની ઉપર રહે છે. સૂર્યમંડળના બંધારણ-રચના-નો આધાર મુખ્યત્વે કરીને નીચેની ત્રણ બાબતો ઉપર રહે છે:

૧ ગોળાનો ધરી ઉપર ફરવાનો વેગ.

૨ ગોળો કેટલી ઉતાવળથી ઠંડો થતો જાય છે તથા આસપાસની જગામાં પોતાની ગરમી ગરમરૂપે આપી દે છે.

૩ તે ગોળાનો જથ્થો અને તેમાં ખરતા તારા વગેરેમાં બહારથી કેવી રીતે વધારો થાય છે. અને થતો જશે. એક દિવસમાં આપણા વાતાવરણમાં ૨૦,૦૦૦,૦૦૦ ખરતા તારા દાખલ થાય છે તેનું આખા વર્ષમાં વજન ૧૦, ૦૦૦ ટન થાય છે. આથી દિવસની લંબાઇ વધતી જાય છે.

૧ આપણી સૂર્યમાળામાં અસંખ્ય ખરતા તારા દરેક વર્ષે પડે છે અને સૂર્યના કદમાં અને વજનમાં ફેરફાર ઉત્પન્ન કરે છે.

હવે જરા બારીકીથી વિચાર કરીશુ તો તે દેખાશે કે—

૧ આ વાયુગોળાની ગરમી ઓછી થવાની નથી તેની ગરમી કોઈ જગ્યે નિકળી બહાર જવાની નથી, કારણ કે તે સિવાય બીજુ કાંઈ છે નહી,

૨ આ વાયુગોળાની ગરમી ઓછી નહી થવાથી તેના કદમા ફેરફાર-condensed—થવાનો નથી એટલે તેના વેગમા પણ કાંઈ ફેરફાર થશે નહી

૩ આ વાયુગોળાના કદમા કે વજનમા બહારથી ખરતા તારા નહિ, ઉપગ્રહ વગેરે પડી કાંઈ ફેરફાર કરી શકે તેમ નથી

આવી સ્થિતિએ પહોંચતા તેનો પોતાનો વિકાસક્રમ બંધ થયો છે તેની સ્થિતિના ફેરફાર ઉત્પન્ન કરવાને કાંઈ પણ બાહ્ય સાધન નથી પોતે પોતાની મેળે ફેરફાર કરી શકે નહી તેના શરીરમા એટલે તેના ગોળાના જુદા જુદા ભાગમા વિકાસક્રમ ચાલે તે સંભવિત છે, પણ તે પોતે તો હવે વિકાસક્રમની બહાર છે

આપણે એક પગથિયુ વધારે આગળ ચાલીશુ જેમ આપણે ધાર્યું કે સર્વ સૂર્યમાળાઓ લય પામતા છેવટે એક વાયુગોળો થયો, તેમ એમ પણ ધારવાની જરૂર છે કે જ્યારે સૃષ્ટિની શરૂઆત થઈ ત્યારે પ્રથમમાળાઓ એક જ વાયુગોળામાથી નિકળી હશે, તો તે વાયુગોળો આ જ સ્થિતિનો હોવો જોઇએ તે સત હોવાથી તેમા કાંઈ પણ ફેરફાર થઇ શકે નહીં અને જો તે વાયુગોળો હાલની સ્થિતિનો જ હોય તો પછી તેના વિકાસ કોઇ પણ બહારના કારણથી થશે નથી તે પોતે જ પોતાનુ કારણ છે તે 'કારણ સિવાય હયાતી ભોગવતુ 'કારણ' છે ગમે તેટલી વખતે આખી સૃષ્ટિ લય પામી હશે અને ઉત્પન્ન થઇ હશે, પણ અસત્ વાયુગોળો તેનો તે જ રહેલો છે તે વિકાસ પામ્યો જ નથી, તેનો લય પણ થયો નથી, અને તે ઉત્પન્ન પણ થયો જ નથી.

પરમાત્મા અસત્ વાયુગોળો છે જે છે તે તે પોતે છે 'કારણ સિવાય તેની હયાતી છે તે વિકાસક્રમની બહાર છે તે વિકાસમા ગયો જ નથી, અને તેમ બની શકે તેમ પણ નથી મુખ્ય વાયુગોળાની હયાતીમા ઘણી સૂર્યમાળાઓ ઉત્પન્ન થઇ છે અને થશે પરમાત્મામા ઘણી વ્યક્તિઓ ઉત્પન્ન થઈ છે અને થશે, પણ તે પોતે તો જે છે તે જ છે આપણી સર્વ વ્યક્તિઓની હયાતીનુ મહાન્ કારણ તે પોતે છે, પણ તે પોતે કાંઇ પણ કારણથી હયાતીમા આવેલ નથી તે હયાતીનુ 'મૂળ' છે, હયાતી નથી વ્યક્તિ 'હતી', 'છે', અને 'થશે,' ને પરમાત્મા હમેશા માટે 'સત્ છે

હવે આપણે એક બીજા દૃષ્ટિબિન્દુથી પરમાત્માનો અને આત્માનો સબંધ જોઇશુ

તમે જો કોઇ પરદેશમા જાઓ અને ત્યા તમારું જીવન સુખી અને નિર્વિઘ્ન ગાળવા ઇચ્છતા હો, તો તમો શુ કરો છો? તમે તે દેશની ભાષા શીખો છો જેમ તેઓ ખાસ ઉચ્ચાર કરતા હોય તેના ઉચ્ચાર તમે કરો છો જો તેમ કરતા ન આવડે, તો ખાસ મેહેનત કરીને પણ તમે તેમ કરો છો તેઓની ખાસ કહેણી, તેઓના વિચાર, અને તેઓનુ સાહિત્ય વગેર તમે શીખો છો તે દેશનો વેશ તમો ધારણ કરો છો, અને એવી સભાળ રાખો છો કે વેશ ધારણ કરવામા કોઇ એવી ખામી રહી નહીં જાય કે જેથી રખેને તમે પરદેશી છો તેમ પકડાઈ

જાઓ, અથવા તો પરદેશી હોવા છતાં તમે તેમાંના એક થઈ ગયા છો એમ ત્યાંના વતનીઓ ઉપર તમે છાપ પાડવા માગો છો તેઓના રીતરિવાજ પણ તમે શીખો છો, અને તમારા જીવનમાં મૂકો છો તે દેશ અને પ્રજાના કાયદાને માન આપો છો, અને તે કાયદા બનાવનારી સભા કરવામાં તત્પર રહો છો તે દેશનું રાજ્યતંત્ર શીખો છો, તેમાં ભાગ લેવાને જિજ્ઞાસા રાખો છો, અને ભાગ પણ લો છો જેની સાથે તમે રહો છો તેના સુખે તમે સુખી રહો છો, અને તેના દુઃખે દુઃખી થાઓ છો તમે તમારૂં અને તે પ્રજાનું હિત એક ગણો છો. જેટલું તે દેશની પ્રજાના હિતમાં તમે તમારૂં હિત સમાવો છો, જેટલું તેની સ્વતંત્રતા જાળવવાને તમે તત્પર રહો છો, અને તેની સ્વતંત્રતા જાળવવાને તમારી સ્વતંત્રતાને પણ વસ્તુતઃ તમારૂં સર્વ ખોવાને તત્પર થાઓ છો, અને જેટલું તેની ભાષા તેની રીત, તેની રીતભાત તથા શોભા, તેનું સાહિત્ય, અને તેના શાસ્ત્ર વગેરેનો અભ્યાસ તમે કરો છો શીખો છો વાંચો છો, ભોગવો છો અને મનન કરો છો, તેટલું તમારૂં જીવન તે પ્રજાના જીવનમાં એકરૂપ થાય છે, અને જેટલે દરજ્જે આ એકરૂપતા રહે છે તેટલે દરજ્જે તે પ્રજાનું જીવન તમારામાં ઉતરે છે છેવટે તમારા વિચારમાં, આચરણમાં અને કાર્યમાં આ બે જીવન તમે જુદાં પાડી શકશો નહીં રહે જુદાં. તે રાષ્ટ્રીય જીવનમાં તમારૂં વ્યક્તિ જીવન લય પામશે આ એક ઉત્તમ રાષ્ટ્રીય નમુનો છે ઘણા આત્માઓએ તેઓના દેશની સેવા અર્થ પોતાનો ભાગ આપ્યો છે

હવે ધારો કે તમારો દેશ ગુજરાત માત્ર નથી, પણ મુંબઈ ઇલાકો પણ છે હિંદુસ્થાન પણ છે, એશિઆ ખંડ પણ છે, આખું બ્રિટિશ સંસ્થાન છે નહીં આખી પૃથ્વી તમારો સ્વદેશ છે તો તેને શું કરશો? તમારો પ્રેમ તમારી ભક્તિ, તમારી સેવા તમારૂં સ્વાર્પણ માત્ર ગુજરાત વાસ્તે નહીં, માત્ર મુંબઈ ઇલાકા અને હિંદુસ્થાન વાસ્તે નહીં માત્ર એશિઆ ખંડ અને બ્રિટિશ સંસ્થાન વાસ્તે નહીં, પણ સર્વ જગત્ માટે પ્રેરાશે હવે ધારો કે આ તમારા જગતમાં બીજાં બધાં જગતનો સમાવેશ છે તો હવે તમારો પ્રેમ, તમારી ભક્તિ, તમારી સેવા, અને તમારૂં સ્વાર્પણ તે મહાન્ જગત્ વાસ્તે પ્રેરાશે અને તમે તેના જીવન સાથે તમારૂં જીવન એકરૂપ કરવાને તત્પર રહેશો, તેના વિકાસ કાયદાનો અભ્યાસ કરશો અને તેને તમારા જીવનમાં ઉતારશો સર્વ ઇશ્વરી જગતના ચાર પાયારૂપ કાનુન છે

૧ જેમ પ્રેમી માતા પોતાના બાળક સુખી રહે તેમાં, અને પિતા પોતાના બાળકો પોતાનાથી પણ વધારે કીર્તિવાન થાય તેમાં, અને બળમાં તેનાથી પરાજય પામવામાં જેમ આનંદ લે છે તેમ પરમાત્મા તેનાં બાળક આત્માઓ તેના પરમ સુખને પામે અને પહોંચે એવા હેતુથી પોતાનું સર્વસ્વ બળ, જ્ઞાન અને પ્રેમ તેઓને તે તરફ દોરવામાં વાપરે છે, અને પોતાના પરમ આનંદનો ભોગ આપી વિકાસ પામતા જગત્‌ના તેનું મન પરોવી રહ્યો છે તે શાંતિથી, ધીરજથી, યુગોના યુગ સુધી જગતનો રક્ષક થઈ પોતાનું જીવન પોતાનાં બાળકોને તેઓના છેવટના ઉત્તમ સ્થાન તરફ દોરવામાં ગાળે છે

૨ દરેક મનુષ્ય-વ્યક્તિ વિકાસક્રમની નીસરણીને જુદે જુદે પગથિયે છે ગઇ કાલે તે જે પગથિયે હતી તે પગથિયે બીજી વ્યક્તિ છે, અને પોતે બીજે પગથિયે છે દરેક વ્યક્તિ વિકાસ-

ક્રમને પગથિયે પગથિયે આગળ વધે છે કેટલાક આગળ, કેટલાક વધારે આગળ, ઘણા વચમ કેટલાક પછાડે, અને કેટલાક હજી વધારે પછાડ પણ સર્વે એક પ્રેમી પિતાનાં બાળકો, બધા જુદા જુદા અભ્યાસમા અને જુદા જુદા ધોરણમા જુદે જુદે સ્થાને છે

૩ પ્રાણી, વનસ્પતિ અને સર્વે વ્યક્તિ વિકાસક્રમમા ગુથાયલી છે, વિકાસક્રમ પ્રસાદમા રહે છે, અને વિકાસના મોક્ષમા ઝૂકે છે

૪ સર્વે મનુષ્ય પ્રાણી અને વનસ્પતિ વિકાસના દોરમાથી પસાર થઈ આજે કે યુગે પછી પરમાત્મપદે પહોંચનારા છે

૫ સર્વ જુદે જુદે સ્થળે ઉભી થએલી વ્યક્તિ એક જ પિતાના પુત્ર છે પિતાના મહ આમા પુત્રોનો મહીમા સમજવાનો છે જેટલો ભ્રાતૃભાવ વધ્યે તેટલો પિતૃભાવ વધ્યા જેટલો ભ્રાતૃભાવનો અભાવ તેટલો પિતૃભાવનો અભાવ સમજવો જેનો ભ્રાતૃભાવ ઘણુ મોટુ, તેને અંશે તેમા પ્રભુભાવ વધારે હોય છે તમારા ભ્રાતૃભાવની કોટીમા જેટલે ભ્રાતૃભાવ ઓછો, તેટલો તમારા જીવનમા પિતૃભાવ-પરમાત્મભાવ-ઓછો સર્વ વ્યક્તિ ભ્રાતૃભાવમા આવીને ભ્રાતૃભાવ સપૂર્ણ થતા પિતૃભાવ-પરમાત્મભાવ-સપૂર્ણ થાય છે ભ્રાતૃભાવમ અધપણ સ્થિતિનો વિચાર હોવો જોઈએ નહી ગરીબાઈ, તવગરી, જ્ઞાની, અજ્ઞાની, કાળા ગાર ખુબસુરત, કદરૂપા, ઉપયોગી અને નિરુપયોગી એવા કોઈ પણ વિચાર એ વ્યક્તિન ભ્રાતૃભાવની ગણનામા વચ્ચે આવવા જોઈએ નહી ના ભ્રાતૃભાવે ભ્રાતૃભાવ જ કેટલા ગણાવે જોઈએ જેમ શરીરની રચનામા હાથ ફેફસા, હોજરી, આતરડા, મગજ અને જ્ઞાનતંતુ વગે સર્વ જુદા જુદા ભાગો છે, અને તે સર્વનો ભ્રાતૃભાવ થતા એક શરીર ઉત્પન્ન થાય છે, તે પિતૃભાવ સપૂર્ણ સ્થિતિએ દેહભવનાને સર્વ વ્યક્તિ ભ્રાતૃભાવમા આવી જતી-સમાઈ જવ જોઈએ ભ્રાતૃભાવ દેહભવનામ દરેક વ્યક્તિને ભ્રાતૃમા પિતૃભાવ જોવાનો છે, પિતૃભાવ ભ્રાતૃભાવ, ભ્રાતૃભાવે પિતૃભાવ

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ।
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते ॥

હવે આ જગતજીવનમા આપણે આપણ જીવન જેટલુ એકરૂપ કરીએ તેટલુ આપણ પરમાત્માના જીવન નજદિક છે તે પરમાત્માની ઝાંખી, ઇચ્છા અને આદર્શ જેટલ આપણા જીવનમા ઉતારીએ, સમ ... આપણુ જીવન તે પરમાત્માના જી જાય છે વિકાસક્રમના કાનુનો ... વિકાસ ... અને આથી અનુભવી જેટને દરજ્જે આપ ... સર ... વિકાસ ... તેટને દરજ્જે ... પરમાત્મ ... નજદિ

કે ... નજી ... જ્ઞાનમાર ... દુખ ... અને
પણ ... મા ... ની લ ... ભ ... આદ
તમે ... માઈ ... તેન
એ

આનન્દને મારો પોતાનો આનન્દ કરી માનુ તો તેટને દરજ્જે હુ તે માતાના જીવન નજદિક છુ જે કાળજીથી, જે ભોગથી, જે પ્રેમથી, જે ખંતથી, અને જે ધીરજથી પરમાત્મા દરેક વ્યક્તિને પરમધામ તરફ પહોચાડવાને પગથિયે પગથિયે યુગોના યુગો સુધી દોરે છે તેટલા પ્રેમથી નહીં, પણ તમારાથી બની શકે તેટલી કાળજીથી, ભોગથી, પ્રેમથી, ખંતથી, અને ધીરજથી બીજી વ્યક્તિને જો તમે તેમ દોરો તો તેટને દરજ્જે તમે પરમાત્માના જીવનને નજદિક છો મનુષ્યજીવન સાથે, એકતાના તે પરમાત્માના જીવન સાથે એકતા છે, જેટલી પ્રાણી અને વનસ્પતિના જીવન સાથે એકતા, તેટલી પરમાત્માના જીવન સાથે એકતા, અને આખા જગતની સર્વ વ્યક્તિઓ સાથે જેટલી એકતા, તેટલી તે જગતના પરમાત્માના જીવન સાથે એકતા થાય છે

પરમાત્માના જીવનનો કાયદો તે જ જે વ્યક્તિના જીવનનો કાયદો થશે તેનુ જીવન મા પરમાત્માના કાયદાનુ કમનુ, જીવનનુ હથિઆર થશે, બીજાના સુખમા જ પોતાનુ સુખ જોશે બીજાના દુ ખમા તે પોતાને દુ ખી ગણશે, બીજાની અજ્ઞાનતાને તે પોતાની અજ્ઞાનતા હોય તેમ ગણી બીજાને જ્ઞાની બનાવશે, અને પોતાના જીવનનુ સાધ્ય માત્ર બીજાના સુખદુ ખનો અભ્યાસ ગણશે આવી વ્યક્તિ ક્રમે ક્રમે પરમાત્માના જીવન નજદિક જતા તે પરમાત્મા બનશે

માનસિક કલ્પનાથી ભલે તમે તમારુ શરીર સર્વ દેશ જેટલુ મોટુ ધારો માનસિક કલ્પનાથી ભલે તમે તમારો જીવન-ઇતિહાસ સર્વકાળ જેટલો ધારો માનસિક કલ્પનાથી તમે તમારી ચેતનામા સર્વ જગતને ભલે સમાવી દ્યો, માનસિક કલ્પનાથી તમારા વેગને બદલે તમે જગતના વેગ માત્ર મેળવી દ્યો પણ જ્યા સુધી તમારુ જીવન પ્રભુના જીવનને અનુસરશે નહીં જ્યા સુધી તમારા જીવનનો કાયદો પ્રભુના જીવનનો કાયદો થશે નહીં, જ્યા સુધી તમારુ જીવન પ્રભુના જીવનને તમે અર્પણ કરશો નહી જ્યા સુધી તમે તમારી આસપાસની દરેક વ્યક્તિ પ્રભુ છે, પરમાત્મા છે એમ અનુભવશો નહીં અને વર્તશો નહીં, ત્યા સુધી તમારુ જીવન એ વ્યક્તિ-જીવન છે, અને પરમાત્માનુ જીવન નથી પોતાની બાયડીને મારી નાખનાર જગતીના હૃદયમા જે પરમાત્મા છે તે જ પરમાત્મા પોતાની બાયડીને થયેલા અપમાન માટે પોતાનુ સર્વસ્વ ગુમાવનારના હૃદયમા પણ રમે છે જે પરમાત્મા ખાટકીના હૃદયમા છે તે જ પરમાત્મા હલાલ થતા પ્રાણીના હૃદયમા પણ છે તમારા બે રકારપણે ચાલતી ચરાઇને મરી જતી ગરીબના હૃદયમા જે પરમાત્મા છે તે જ પરમાત્મા તમારા હૃદયમા પણ છે, તે જ પરમાત્મા તમારા દેશ-ભક્ત મહેરના હૃદયમા પણ છે, અને તે જ પરમાત્મા તમારી પ્રિય માતૃભૂમિના શત્રુ વ્યક્તિના હૃદયમા પણ છે જેમ જેમ આ રસ તમારા હૃદયમા ઉતરતો જશે, તેમ તેમ તમારુ જીવન બહોળુ થતુ જશે, અને પરમાત્માના જીવન નજદિક જશે જે વ્યક્તિ માત્ર લોક-સેવામા, દેશ-ભક્તિમા, અને દુ ખીના દુ ખ ઓછા કરવામા, પરમાત્માને પોતાનો સાક્ષી રાખી, ફળની કાંઇપણ આશાશિવાય, ગમે તેટલી મુશ્કેલીમા અને ગમે તેટલા દુ ખમા, કાંઇ પણ અફસોસ દેખાડ્યા સિવાય અથવા નહીં સહન કરીને પોતાના

સન ક્રન ૫ માત્માને અપલુ ર છે, ત ૮વન પરમાત્માના ૮વન નજીક છે તેજ વ્યક્તિ પોતાના ૮નનમા ૫ માત્માની પ્રે ા ોરે ૭ તેજ ૫મિન ૫ માત્માને આગમ છે, અને તેજ ૫ મા મગ ૨

શિક્ષકને પ્રશ્ન.

લખ — ા ગતિપતિરામ ઉત્તમરામ પડ્યા, બી એ

૧ તમા ા બાળકોની સન્મુખ ઉભા રહેતા, નિર્દોષ બાળકના હૃદયમા તમે પ્રભુના દર્શન ૮ ૧ ૧?

૨ ાગમા ાગે ત ાિ ઘ ચ ાના સ્વમેવાના ૮ત યની નાનગી અનુનવો છો?

૩ તમા ા હાથ નીચ ન ાત ા ાના છવનની જવાબદારી તમા શિર ધરી લીધી છે?

૪ બાળકોના મ ત મન ાઠના ક્ના, નીતિ અને તન કેળવવા તમે વિશેષ લક્ષ આપો છો?

૫ તમારા હાથ નીચ ા લગુ લના બાળકોને આત્મ સ્વાશ્રય, ગ્ર હણેચ્છા, અને આત્મોન્નતિના ઉદ્દેશ પાર ભા ત છો?

૬ પોતાના જ જ્ઞાનને ન ાગ ાતના ક્ના માર્ગોને ના અ તરનુ અને બાળકોવડે સરળતાથી ગ્રાહ્ય થઈ શક તનુ જ્ઞાન આપના પ્રય ન કરો છો?

૭ અધિ ારી વગના આજ્ઞાપ ાથી તમે શાળ ઓમા જ ય કરો છો તેના કામો તમે સ્વતન્ત્ર પ્રેરણાથી જ ક ા ય નો આ ર્શ છે અર ક ગ સ ખીને નાખી છે?

૮ તમારા વિદ્યાર્થીઓને તમે અત ાવી ચાહ છો તેમને સાચા હૃદયથી કેળવના તમે પ્રયાસ કરો ૧ ૧

૯ આચારનિષ્ઠ તરિ તમે નમ્રતા ૮વન સહ ી અનુકરણીય અને તપસ્વી ગના છુ છ

૧૦ જ્ઞાન જેવા પવિત્ર અને દુષ્પ્ર ાનના લેવડદેવ થી તમા ા છવનની સફળતા તમે માનો છો?

૧૧ वसुधैव कुटुम्बकम् િ િ ા લાગણી તમે અનુભવી છે?

આ અગિયા પ્રશ્નોના ઉત્તરો જ શિક્ષકો હનરમા પોતાના અંત કરણને આપી શકે છે તેઓ જ ઊંચી કક્ષાએ પહોંચી શકે છે અને તેઓ જ શિક્ષ ની સાચી સેવા બ નાવી શકે છે કર્તવ્યપરા ણતા એ શિક્ષના ૮વનમા મુખ્ય ગુણ હોવો જોઇએ માતા, પિતા અને ધર્મગુરુની સાથે શિક્ષકનુ સ્થાન નિર્મિત થયેલુ છે દુનિયાની મહાન વ્યક્તિઓના શરીરનો જન્મ માતા પિતાથી થાય છે, પણ તે વ્યક્તિઓના અનન્ત ૮વનનો જન્મ શિક્ષકથી થાય છે શરીર ક તા આ અનન્ત ૮વન દીર્ઘાયુ હોય છે આ ારણથી જ શિક્ષકનુ સ્થાન ઉચ્ચુ નિર્મિત થયેલુ છે શિક્ષ ગો ધ વો પવિત્ર છે એમ ધ્યાનમા રાખી વર્તન ચલાવનાર શિક્ષક ઉપરના પ્રશ્નોનુ ગૌરવ જાણી શકે

મુંબ ઈ
તા ૨૬

ડૉ. બૂકર ટી વૉશિંગ્ટનના શિક્ષણ વિષયક વિચાર.

લેખક—જયન્ત.

આ પણ હીન રાષ્ટ્ર કે જાતિને એક વિશેષ સબક હોય છે (ગુલામગીરીમાંથી મુક્ત થયેલા અમેરિકન નીગ્રો ઘણા આગળ નથી; છે તેથી પોતાના ઉન્નતિને તેમણે નવીન ગણવું છે) એ સબક એવો છે કે, અન્ય પ્રજાને કરી કરી તેમની પરંપરા જેમ પ્રતિબંધક નીવડે છે તેમ નથી; જાતિની પરંપરાથી કંઇ વિરોધ થવાની બીક હોતી નથી. આપણા નવીન શિક્ષણની યોજનામાં દક્ષિણના નિગ્રો આડે પરંપરા આવતી નથી. કારણ કે કહેવા જેવી કંઇ પણ પરંપરા તેમને માટે નથી. પસંદ પડતા ઉત્તમ સુધરેલી શિક્ષણપદ્ધતિનો સ્વીકાર કરી તે આચારમાં મુકવાની અમારી રીતિના નેગ્રોને પૂર્ણ છૂટ છે. કોઇપણ જાતનું પરંપરાથી અમે બદ્ધ નથી, અને હીન તથા નઠારી પદ્ધતિ ઉત્તમ ગણાતા પહેલાં નષ્ટ કરવા લાયક શિક્ષણ વિષયક બાબતો દૂર કરી છોડી દેવાનું વિશેષ કારણ જ નથી.

મેં કદી શિક્ષણશાસ્ત્રનો અભ્યાસ કર્યો નથી એ માટે હું મને પોતાને ભાગ્યશાળી જ સમજુ છું. જો મેં તે શાસ્ત્રનો અભ્યાસ કર્યો હોત તો કોઇપણ જાતની નવી રીતિ શરૂ કરવા પહેલાં પાછલી પરંપરાનો વિચાર કરવાની મને ફરજ પડી હોત અને તેમાં મારો એટલો સમય ગયો હોત કે, મારાથી કદાપિ કંઇ થઇ શકતું નહિ. પણ હું મારી હાલની સ્થિતિમાં એવા જ્ઞાન પૂર્વે કોઇએ કરી છે કે નહિ, તેનો વિચાર ન કરતાં ચાલુ રહીએ છીએ તે આવશ્યક હતો, વિનાસંકોચે તે માટે આગળ પગલું ભરવાને હું પૂર્ણ રીતે છૂટો છું.

પુસ્તક બહારના એકાદ વિકટ પ્રશ્ન સાથે પ્રથમ પડતાં પુસ્તકો વાંચનાર માણસની શી સ્થિતિ થાય છે તે બરાબર સમજાય તે માટે હારવર્ડના એક યુવાન ગ્રેજ્યુએટનો દાખલો આપું છું. એ ગૃહસ્થ ટસ્કીજીમાં પૂર્વે ટસ્કીગીમાં શિક્ષક હતા. તેમને શિક્ષક તરીકેનો અનુભવ ઘણો જ થોડો હતો. પણ કોલેજ-પાઠશાળાના જીવનમાં તેમણે અધ્યાપનશાસ્ત્રનો વિશેષ અભ્યાસ કર્યો હતો. એ વિદ્વત્તાને લીધે જ ખાસ કરીને તેમને ટસ્કેગીમાં અધ્યાપનશાસ્ત્રના શિક્ષકની જગ્યા આપવામાં આવી હતી. એ શિક્ષક આવ્યા તે પહેલાં અમને અધ્યાપનશાસ્ત્રનું થોડું જ જ્ઞાન હતું એમ કહીશું તો ચાલશે. તેમણે અમને તે જ્ઞાન આપવાનો આરંભ કર્યો. કામેનિયસ[1], રૂસો[2], પેસ્ટેલોઝી[3] અને બીજા શિક્ષણશાસ્ત્રીઓ વિષે અમોને ઘણી માહિતી આપી. તેમણે આપેલી માહિતી અતિ મનોરંજક હતી એમ કહી શકાય નહી, પણ મુખ્ય મુશ્કેલી એ હતી કે

1 જર્મન શિક્ષણશાસ્ત્રી (૧૫૯૨-૧૬૭૧)

2 ફ્રેંચ શિક્ષણશાસ્ત્રી અને ગ્રંથકાર (૧૭૧૨-૧૭૭૮) શિક્ષણ વિષય સંબંધે Emile નામનો તેમનો ગ્રંથ વાંચવા જેવો છે.

3 સ્વીસ શિક્ષણશાસ્ત્રી (૧૭૪૬-૧૮૨૭) રૂસોના એમીલી ગ્રંથના વાચનથી એમને તેવા વિચારો ઘણા જોરથી ઉત્પન્ન થયા એમ કહે છે. શિક્ષણ વિષયક ઘણા સારા ગ્રંથો રચ્યા છે.

ને રસ્તન વિચાર કરી વ્યવહારમા સંજોગો અને વસ્તુ સાથે યોગ્ય વ્યવહાર કરવાને તેમને સમર્થ બનાવવાનું કામ બહુ મહત્વનું છે, વિશેષ શિક્ષકોના મનમા ઠસાવવાની કોઈપણ મહત્વની સસ્થામા કામ કરવા મે યથ જવા દીધી નથી

કન્સાન્ટ વિસ્પ... ટન ગીના એક નવીન શિક્ષકો વર્ગ જોવા ગયો શિક્ષક વજનમાપ શીખવતા હતા તે દિવસ એ આગ્રહ હતો કે પ્રત્યેક વિદ્યાર્થીએ વજનમાપના કોઠકો મોઢે ... ના અને ... ગયો ત્યારે ફૂટ, વાર, એકર મીન, પાટ, કરાસ, ઔંસ, પૌંડ વગેરેના કોઠકો વિદ્યાર્થીઓ તીનના મન્ધર ગોખતા હતા કેટલીક મિનિટ સુધી ... આ પ્રકાર જોઈ રહ્યો, પછી મારા મનમા એક મુસીદાર વિચાર આવ્યો અને એ વર્ગ મને સોપવા મે તે શિક્ષકને કહ્યું મ પ્રથમ પ્રશ્ન કર્યો કે આ વર્ગનો ઓરડો કોઈએ કદી માપ્યો છે? કોઈએ પણ ઉત્તર આપ્યો નહિ અને ... પછી પ્રત્યક્ષ જમીનનો એક એકર કોઈએ માપી જોયો છે એક ગીલ પાણી ભરી જોયું છે એક પૌંડ એક આસ વજન કરી જોયુ છે વગેરે. પ્રશ્નો કરતા કોઈએ પોતાનો હાથ ઉચો કર્યો નહિ આથી થોડા દિવસ આ વર્ગ હું ચલાવીશ, એમ મે શિક્ષકો જણાવ્યુ ... પૂરૂ થતા પહેલા પ્રત્યેક વિદ્યાર્થી પાસે એકાદ આંકણી કે બીજુ એકાદ માપ સાથે રાખવાનુ ઠરાવ્યુ મારી દેખરેખ નીચે વિદ્યાર્થીઓએ વર્ગનો ઓરડો માપી જોયો અને તેની દીવાલોને રગવામા કેટલો ખર્ચ થશે તેનો અદાજ કર્યો ત્યાર પછી ખેતરમા એક બાજુએ વિદ્યાર્થીઓ રતાળુ વાવતા હતા તે તરફ અમે ગયા, તરત જ રતાળુના વાવેતરવાળી એક એકર જમીન માપી આ એકરમા કેટલા બુશલ રતાળુ થશે, તેનો શો ખરચ આવશે અને કેટલો લાભ થશે તેનો હિસાબ કર્યો એ જ અઠવાડિયામા એક દિવસ હુ વિદ્યાર્થીઓને ભોજનગૃહમા લઈ ગયો ત્યા તેમણે પ્રત્યક્ષ સાકરનું વજન કરી જોયુ વ્યવસ્થાપક તરફથી કેટલી સાકર વાપરવામા આવે છે તે વિષેના ઘણા ... મેળવ્યા પછી પ્રત્યેક વિદ્યાર્થીને કેટલી સાકર જોઈએ છે તે જોયુ પુન ખેતરમા જઈ એક જીવતું ડુક્કર તોળી જોયુ અને તે દિવસે બજારમા ડુક્કરના માસની શી કીમત હતી તેની તપાસ વિદ્યાર્થીઓપાસે જ કરાવી એકાદ કાલ્પનિક ડુક્કરની ... શીકાગોના ડુક્કરની નહિ પણ તેમણે જાતે તોળેલા ડુક્કરની ... બજારમા શી કીમત આવશે તે મે તેમની પાસે જોવરાવ્યુ આ સર્વ હિસાબ કરવામા ઘણો વખત ગયો પણ તેનાથી ઘણો જ ફાયદો થયો એમ મને લાગે છે તે ઉપરાત તેમા મને ગમ્મત પડી અને સાથે સાથે વિદ્યાર્થીઓને પણ તેમા ઘણો જ આનદ મળ્યો સ્વાભાવિક રીતે જ તે શિક્ષક જાગૃત થયો અને કદી પણ ન ભૂલાય તેવો પાઠ શીખ્યો

હાલમા પાઠશાળામા (પુસ્તકી વિદ્યાના) વર્ગના સર્વ શિક્ષકો, ઉદ્યોગશાળામા વર્ગના વિદ્યાર્થીઓ જે કામો કરે છે તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો પડે છે દાખલા તરીકે, ધાતુ ... દરરોજ એકાદ ગણિતનો વર્ગ શિલ્પ... નીચે એકાદ શિલ્પશાળામા, ડેરીમા ... ખેતરમા ગણિતના ... કહાતો ... ૧૪ ... ચાળીશ વર્ગના વિદ્યાર્થી-

અન ગભર

અને એકંદર બધાની પુરેપુરી કૃતિ જોવા માટે કિંવા સંસ્થાની એમદ શિ પશાળાના પ્રયોગનું નિરીક્ષણ કરવા માટે ખાસ મોકલવામા આવે છે અને નગના અન્ય વિદ્યાર્થીઓના લાભને માટે તે પવાકે પ્રયોગનુ વર્ણન લખવા તેમને કહેવામા આવે છે આ બાબતના રીપોર્ટમા જણાવેલા પ્રબન્ધ, બારા નગર નહિ પણ તેમા કરેલા વિધાન સ્પષ્ટ અને યથાસ્થિત છે કે નહિ એ તરફ વિશેષ લક્ષ આપવામા આવે છે જે વાતો વિષે બીજા કેટલાક વિદ્યાર્થીઓને વ્યવહારિક સમજ હોય છે એ વાતો સમજ્યો જ હોય એવો રીપોર્ટ હોય છે આથી તેમા કરેલ વિધાન બગેરે હોતુ નથી તો વર્ગના કાર્યનુ જાણનાર વિદ્યાર્થી ઉભા થઈ તેમા ટીકા કરી તેની દ્રષ્ટાન્ત સુધારે છે રીપોર્ટ તૈયાર કરનાર વિદ્યાર્થીને પોતે પ્રત્યક્ષ જાણ વિષે લખે છે તેનો ખ્યાલ હોય છે અને તેથી તે પોતાની જવાબદારી સમજી રીપોર્ટમા દ્રષ્ટાન્ત મુકે છે એમદ સર્વસંગ્રહ પુસ્તકની વાત કે સાભળેલી માહિતી એકઠી કરી રીપોર્ટ લખનાર વિદ્યાર્થીને એવી જવાબદારી કદી પણ જણાય નહિ એ સ્પષ્ટ છે

પ્રત્યક્ષ વસ્તુઓનો અભ્યાસ કરવો એ જ મહત્વનુ છે એમ મ્હે જેથી સિદ્ધ કર્યું છે, તેથી ઇતિહાસ, સાહિત્ય કે અન્ય વવિધ જ્ઞાનને ગૌણ ગણુ છુ એમ કોઈએ સમજવુ નહિ, તથાપિ મને એવુ લાગે છે કે, યુવાન સ્ત્રીપુરુષો પોતાની ચોતરફની વસ્તુસ્થિતિની ખબર અને નિશ્ચિત કલ્પના એકદમ જ્ઞાન મેળવે એ ઘણુ મહત્વનુ છે કારણ એ જ્ઞાનના યોગથી તે પોતાના વ્યવહારિક અનુભવની ફુરસદ વાતોનુ જ્ઞાન અને વિવરણ કરી શકે છે તરુણ અનુભવ વગરના મનમાંથી, અનિશ્ચિત અપ્રત્યક્ષ અને ગુપ્ત વાતો વિષેના જ્ઞાનક મોટ હોય છે એમ જણાય છે

નીગ્રો લોકોને સ્વાતંત્ર્ય મળ્યા પછી આરભમા શિક્ષણ એ એક અજબ વસ્તુ હતી શાળામા જનાર બાળકોની મદ વાચશાળામા એટલુ જ હતુ કે શીખવવામા આવેલી નથી. આ વિલક્ષણ વાતોથી ઘરના વૃદ્ધ માણસોને આનંદ થયો અને આશ્ચર્યચકિત કરવા માટે પાઠું ઘેર આવતુ માતાપિતાને નહિ સમજાતી પરકીય ભાષામા થોડા શબ્દો બોલતા આવડતા કે અથવા વિલક્ષણ ગુપ્ત લિપિમા લખાયના પુસ્તકના ચો . . . આવડતા જ તેમને જાતિઅભિમાન અને આનંદ થતો આથી કેળવણીની ઉપયોગિતા વિષે . . . અને . . . સ્થિતિમા રાખવાના મોહને શાળા અને શિક્ષક ભોગ થઈ પડે છે . . . તેમણે વિદ્યાર્થીઓના મનમા એવો ભાવ ઉત્પન્ન કર્યો કે શિક્ષણની વિશિષ્ટ પદ્ધતિમાથી અને સંસ્થામાથી નીકળેલા માણસોએ અને અન્ય લોકોને સામ્ય એવા એક ગુપ્ત જ્ઞાનની દીક્ષા મળે છે, એનો જન્મ જ બીજી એક કલ્પના એ હતી . . . જ્ઞાન . . . અવસ્થામાથી બહાર પડે છે કે તે કઈ અકલ્પિત રીતે . . . છે અને તે બુદ્ધિશાળી રૂમમા ગણાય છે

ઉપરોક્ત કલ્પનાનો . . . સ્વીકાર કરવા કરનાર વિદ્યાર્થીઓના જીવન ઉપર શિક્ષણના કાર્યને . . . નુકશાન બીજી એકે વાત નથી જેમ . . . કે પોતાના મારકોરે

ઉદાહરણ મેં માગ પ્રવાસમા જણાયા છે મને યાદ છે કે થોડા દિવસ પર આદ્યોગિક શિક્ષણ કે હુન્નરકામના એક વર્ગવાળી પ્રસિદ્ધ શાળા જોવા હુ ગયો હતો તે શાળાના અધિકારીએ પોતાની ઔદ્યોગિક શાખા વિષે ઘણી બડાઇની વાતો કરી હતી એ ઔદ્યોગિક શિક્ષણના વર્ગ સામે જ કેટલેક દૂર એક નગારી મકાનનુ બાંધકામ ચાલતુ મારી નજરે આવ્યુ આ વર્ગમા શિલ્પશાસ્ત્રનુ પ્રત્યેક તત્ત્વ શીખવવામા આવતુ હતુ એમ હોવા છતા પણ નિરીક્ષણ અંતે મને જણાયુ કે, વર્ગના શિક્ષણ અને સામે ચાલતા બાંધકામનો સંબંધ ઉપસ્થિત કરવાનો ત્યાના શિક્ષકે કઇ પણ પ્રયત્ન કર્યો ન હતો એ મકાનનુ કામ કરવાની તક વિદ્યાર્થીઓને મળી ન હતી, શિક્ષકસહ તેમણે તે મકાન જોયુ નહતુ અને બાંધકામની ચાલુ સ્થિતિમા ઉત્પન્ન થતા પ્રત્યક્ષ પ્રશ્નોનો વિચાર કરવાનો શ્રમ તેમણે લીધો ન હતો. વર્ગમા અપાતુ શિક્ષણ અને સસ્થાના કારખાનામા કે બહારના બાંધકામનો કોઈ પણ પ્રકારનો સબધ તેમના ભાગે આવ્યો ન હતો મારા માનવા પ્રમાણે તેમને વર્ગમાં ઈંગ્રેજી સાધના સ્પષ્ટીકરણ જેવુ કે લેટિન ક્રિયાપદના ઉચ્ચાર જેવુ કેવળ ઔપચારિક શિક્ષણ મળતુ હતુ

વેસ્ટ વર્જીનીઆની ગામડાની શાળાઓના અનુભવથી હુ પ્રથમ એ શીખ્યો કે પુસ્તક શિવાય શિક્ષણ આપી શકાય છે તેમ જ તેનો ખરી વસ્તુ સાથે સબધ જોડવાનુ સર્વ સભવિત છે. ત્યાર પછી મળેલા અનુભવપરથી એ શીખ્યો કે, શિક્ષણને શાળાના મકાનમા જ પુરી ન રાખતા તેને ખેતરોમા, ઘરોમા અને શાળાની આજુબાજુ રહેનાર લોકોના દૈનિક જીવનમા લઈ જવુ એ અતિ મહત્વનુ છે ટસ્કેગી સસ્થાની એક અત્યત મહત્વની હીલચાલ કરીએ તો જેને અમે સસ્થા બહારની હીલચાલ (*Extension work*) કહીએ છે એ છે આ હીલચાલમા સસ્થાના સર્વ ભાગ મદદ કરે છે ખરેખર, હાલમા સસ્થાના બીજા કોઈપણ કામ કરતા આ બહારની હીલચાલ તરફ જ લોકોનુ વધારે લક્ષ્ય ખેંચાયુ છે અને એ દિશાઓમા વિશેષ પ્રયત્ન વ્યવસ્થિતપણે ઉત્સાહથી થાય છે સસ્થા બહારની એ હીલચાલની સર્વ શાખા કે કામનુ સપૂર્ણ વર્ણન થાય તેમ નથી મારે વિશેષ કહેવાનુ છે તે એ છે કે, એ હીલચાલમા અને જુની પદ્ધતિ પ્રમાણે જેને શિક્ષણ કહેવામા આવે છે, તે આપવા કરતા પરિસ્થિતિ સુધારવાનો જ વધારે પ્રયત્ન કરીએ છીએ શાળાની આજુબાજુના પ્રદેશની ખેતીની રીત સુધારવાના ખેડુતોના ઘરની રહેણી બની ઉત્તરોત્તર સારી બનાવવાના અને મેકન પ્રગણા માટે જ નહિ પણ સસ્થાનના સર્વ પ્રગણાઓ માટે પણ એક નમુનેદાર શિક્ષણપદ્ધતિ સ્થાપન કરવાની પ્રવૃત્તિ કરીએ છીએ.

"શિક્ષણનો જીવન સાથે સબંધ હોવો જોઈએ" એ સૂત્રનો અર્થ અમે પ્રગણામાં સ્થાપન કરેલી એક નમુનેદાર ખેતીની શાળાનુ વર્ણનથી હુ વિશેષ સ્પષ્ટ કરી શકીશ. અમારા પ્રગણામા ઘણી નમુનેદાર શાળાઓ છે. લગભગ પચાસ સમાજમા ચારપાચ વર્ષથી શાળાના નવીન મકાનો બધાણા ... ... નુ કામ અહીથી નવી મતિ ... વ્યવસ્થા કરેલી

છે દરરોજની સરસ્થાની પ્રેરણાને લીધે અને નીગ્રો ખેડુતોએ આપેલી મદદથી એ નવ કોમ ચાલે છે હું જે શાળાનું વર્ણન કરવા ધારું છું તેને રાયઝીંગ સ્ટાર-ઉગતો તારો કહે છે એ જ નામ વાળા લોકોએ પોતાના દેવળને પણ આપ્યું છે અને તે દેવળની આજુબાજુ રહેનારા નાના ખેડુત સમાજને એ જ નામ પ્રાપ્ત થયું છે રાઈઝીંગ સ્ટાર સમાજમા ઘણાજ ગરીબ છે અને વળી ઘણાક પૈસા નથી પણ તેની સાથ જ ગરીબી પણ નથી. ... સમાજમાં કામ શરૂ કર્યા પછી મે આ સમાજનો પરિચય કરી લીધો તે વખતે તમનું દેવળ એક પડતર ખેતરમા ભાગી તુટી સ્થિતિમા હતુ. ખેતરમા આવેલા વર્ગ અને શાળાની સ્થિતિ દેવાલયના જેવી જ હતી. ઉપદેશકની સ્થિતિ પણ તેમ જ હતી તે પણ ઉત્ત સ્થાને પ્રાપ્ત થઈ ચુક્યો હતો હું દર રવિવારે બપોરે તેનો ઉપદેશ સાંભળવા જતો તેનું નિરૂપણ આશરે દોઢ કલાક ચાલતું તેના વમનમાજના એ ૧૦ પુરુષ, સ્ત્રી, બાળકના હિતનું ક્યારેક કયારે એક વાક્ય પણ તેના મુખથી સાંભળવા મળશે એ આશાથી હું તેનો ઉપદેશ કાળજીપૂર્વક સાંભળતો પણ મને નિરાશા જ મળતી મે વણ હજાર નરક અને તેના મનાન વિષે સ્વર્ગના સુખ, અને નરકના દુઃખ વિષે જ તે બોલતા હતો

દેવાલયની પાસે જ બીજા એક ખેતરમા રંગ કે ચૂનાનો જરી પણ સ્પર્શ નહિ પામેલું એક ભાગ્યુ તૂટ્યુ મકાન હતુ એ જ એ લોકોની શાળા હતી ત્યાં અને ઉપદેશનું જ સાર હતુ, શાળામા પચાસસો બાળકો હતા ઉપદેશકના નિરૂપણ નિમણુક શાળાના શિક્ષણનો સમાજની સ્થિતિ સાથ બીલકુલ સબંધ ન હતો આ નાના નીગ્રો સમાજની શક્તિ ની ઉણપના તથા દરિદ્રતાને લીધે મને જ ગની સર્વ મળી સમાજની સ્થિતિ સુધારવાનો પ્રયત્ન થાય તેવી નમુનેદાર શાળા ત્યા સ્થાપવાનો પ્રયોગ કરી જોવાનું મે ઠરાવ્યું આ પ્રયોગની વિગતવાર હકીકત હું અહીં આપી શકું તેમ નથી પણ ત્યાંની વર્તમાન પરિસ્થિતિ ટુંકમા કહીશ ”

ઉપર જણાવેલા મકાનના સ્થળે હાલ એક મજબૂત પાંચ ઓરડાનું ઘર છે આજુબાજુના શ્રીમંત અને સુખી ખેડુતોના ઘરો જેવું જ તે બંધાયલું છે અને દેખાવમા પણ તેવું જ છે આ ઘરને ઓરડા, તબેલો, ઓસરી વગેરે છે ત્યા એ શિક્ષક-એક ગૃહસ્થ અને તેમની પત્ની રહે છે અને શીખવે છે ઘરની સર્વ ઓરડીઓ, બાગ તબેલા, વગેરેનો ઉપયોગ વિદ્યાર્થીઓને તે પ્રાંતના ખેડુતોના સાધારણ ઘરથી શીખવવા તરફ થાય છે અને બાળકો બીજાના કપડાનું તથા દિવાનખાનું વાગી ઝુડી સાફ રાખવાનું કામ શીખે છે બપોરે વિદ્યાર્થીઓ રસોડામા જઈ રસોઈ કરતા અને ભોજનશાળામા જઈ ટેબલ વ્યવસ્થિત, રાખી ખેડુતોના તાટ તૈયાર કરતા શીખે છે વગ આગળના ટુકડાની વ્યવસ્થા વિદ્યાર્થીઓ જ રાખે છે બાગમા ત્યાંની જમીનને અનુકૂળ અને સમાજને જરૂરના શાક પાનનું વાવેતર થાય છે અને વિદ્યાર્થી તથા શિક્ષક તે પર ધ્યાન આપે છે પણ ગૃહમા ગાય અને નજીકના ખાજમા મરઘી, ડુક્કરખાનામાં-ડુક્કર હોય છે એ સર્વ સ્વચ્છ અને સુઘડ કેવી રીતે રાખવા તે વિદ્યાર્થીને શીખવવામાં આવે છે

શાળાનો હમેશનો અભ્યાસ
છે કે, ઘર બાગ અને ખેતર વગેરેમાં થાપના કામ સંબંધી જ ગણિતના પ્રશ્ન કે દાખલા હો તે છએ નિબંધ અને તેટલી રીતે સમાજના નૈતિક જીવનની વાતો સાથે જ સંબંધ ધરાવતા હોય છે હમેનના નિયત પુસ્તકો ઉપરાંત આજુબાજુના ખેડુત અને શાળાના લાભ ખાતે રજુનીમા નીકળતુ ખેતીવર્તમાન પત્ર વાચવામાં વિદ્યાર્થીઓ અઠવાડીયામાંનો કેટલોક વખત ગાળે છે

આ શાળામા આવનાર વિદ્યાર્થીઓના માબાપપર આ શિક્ષણની અસરનુ દર્શન મઝાનુ છે પોતાના છોકરા કપાસ અને અનાજની કીમત કેટલી આવે છે એમ જાણી જુની શિક્ષણ પદ્ધતિના પરિણામથી નિરાશ થયેલા માતાપિતાને 'આ શાળામા કંઇ છે એમ લાગ્યું માટે પોતાના કપડા શીવી દુરસ્ત કરવા શાળામા લઇ જાઉ છુ' એ પ્રમાણે બાળાઓ પોતાની માતાઓને કહેવા લાગી ત્યારે નિશાળ વિષે તેમના મનમા જુદી જ કલ્પના આવવા લાગી પણ જ્યારે બાળાઓને શાળામા આવા કપડા તૈયાર કરવાનુ કામ શીખવવામા આવ્યું ત્યારે તે વિશેષ ઉત્સુક અને શ્રદ્ધાળુ થઇ આયાઓની સભામા હાજર રહેવા લાગી થોડા જ વખતમા શાળા અને શિક્ષકને માટે જ નહિ પણ ત્યાં શીખવવામા આવતી ગૃહસ્થિતિની સુધારણા બદલ તે સમાજમા ખરો ઉત્સાહ જણાઈ આવવા લાગ્યો એક વખતે ઘરો ચૂનાથી ધોળી નાખવાનુ કાર્ય વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકે શરૂ કરાવ્યુ તેથી ચૂનાને કદી નહિ સ્પર્શેલા ઘરો સુંદર જણાવા લાગ્યા આથી સર્વમા મોટો લાભ એ થયો કે, આ શાળા અને એના જેવી બીજી શાળાઓની પ્રેરણાથી આ સમાજની અને પ્રગણાના અન્ય સમાજની રહેણી તથા સ્વભાવ ઘણે દરજ્જે સુધર્યાં

થોડા જ કાળમા રાયઝીંગસ્ટાર સમાજની ભૌતિક, શિક્ષણવિષય, નૈતિક અને ધાર્મિક સ્થિતિમા એક નાની ક્રાન્તિ જ થઇ છે એમ કહેવાને હરકત નથી શાળાની અમર ઉપદેશક અસર દેવળપર પણ થઇ છે થોડા વખત ઉપર તે દેવળમા હુ ગયો હતો એ પ્રસંગ મને હમેશ યાદ રહેશે આ વખતે "*The Earth is full of thy riches*"–"પૃથ્વી વસ્તુ"થી ભરપૂર છે એ વિષયપર ઉપદેશક બોલતા હતા અને ખેતરમા જાતે ઉત્પન્ન કરેલુ એ ખુશનુમા ઉત્તમ અનાજ વેદીપર મુકેલુ હતુ વિષયનુ વિવરણ કરતા યોગ્ય સમયે તેઓ પોતે વાવેલુ ધાન્ય બતાવી આનથી બનતાની મદદથી વસુધરાનો ખરો અર્થ સમજાવ્યો આ અર્થ પહેલાં સારી રીતે જાણવામા નહતો

ઉપર જણાવેલા શિક્ષણનો સંબંધ ગોરા અને કાળા એમ બન્નેના જીવનને સરખી રીતે લાગુ પડે છે જમીન ખરીદવામા તથા ખેતીની પદ્ધતિ સુધારવામા નીગ્રો ખેડુતોને ઉત્તેજન મળવાથી નાના નાના જમીનદારોની સંખ્યા વધી છે અને તે સાથે જમીનનુ મહેસૂલપણ વધ્યુ છે

શિક્ષણ કેવુ હોવુ જોઇએ તે વિષે આપણામા વિચાર કરવાના ડૉ બુકર ટી વાશિંગ્ટનની ઉપર જણાવેલી રીત અને વિચારો ખાસ ધ્યાનમા લેવા જેવા છે *

---

* ડૉ બુકર ટી વાશિંગ્ટને પોતાના આ વિચારો My Larger Education એ પુસ્તકમા જાહેર કરેલા છે

કવૉપિનો કારત રૂ ૨-૦-૦ એન એમ ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઇ

ઉષા-સ્વરાજ્ય પ્રતિજ્ઞા.

(પ્રથમ ખંડ)

લેખક—રા. રા. પુરૂષોત્તમ વિશ્રામ માવજી

(ચાલુ સચિત્ર ઐતિહાસિક વાર્તા)

પ્રકરણ ૧૩ મું

નૈરાશ્ય.

*" Where lies the sorrow thy secret care ?
Hast thou some secret I can not share ? "*

---

*" What heart-breaking torments from jealousy flow,
Ah ! none but the jealous-the jealous can know ! "*
—*Sheridan*

' નદી આગ મુખી, પર્વત ડુંગરી, પાપણીની નિગાહ મુખ્ય ઉપર હેતું
જીવમા જીવ સાથી મુએ પડ્યો ! ત્યમુ અતિ ક્રૂર પણ કમળ મહેતુ !
—માનતીર્થ

ઊમ મન મુખમે ખોયા કાયે નાહાન રહે,
જિનને ચાહા હમે ઉસકે લીયે હયરાન રહે
મુ નો મહ દેખતી હોતી હમે મહોબ્બત અમોહ,
જનમે જાનુ કે મેરે બાદ મેરા ધ્યાન રહે

" Boast not thyself of to-morrow for thou knowest Not what a day may bring forth "

મૂળ વેતસર ગામની મધ્ય ભાગે એક કિલ્લો આવેલો હતો તેની અંદર કચેરી, ર. મુખનો મ્હેલ, પાગા વગેરે જગ્યાઓ હતી રોહિડખોળ અને વેગડખોળનું આ મુખ્ય ગામ હતું તેને ફરતો બ્હાર કોટ હતો આપણી કથાનકને વખતે તેમાં ૭ સાત હજારની વસ્તી હતી તે ગામમા જેકે દેશમુખની મુખ્ય સત્તા હતી અને દાદાજી નરસ પ્રભુ ને સામન્ત અને તે બન્ને ખોરાના જેમ કુલકર્ણી દેશપાંડે હતા તેમના હાથમા પણ મુનસી સત્તા હતી

આ ઓળખ થઈ રહેતા, તેઓ પોતાની જગ્યાએ પુન આવ્યા બાદ દેશમુખ ઊભે અવાજે જેવું, દેશમુખ સાથે કાંઇ વાતચિતમાં ગુંથાયો સરદેસાઈ તિરસ્કારભરી નજરે પોતાના પ્રતિસ્પર્ધિ સાળંગરાવ તરફ જોઇ રહ્યો આ વખતે સુંદર પોષાકમાં અનંગમોહન કુમારીઓમાં ગડબડાટ થઇ રહ્યો કોઈપણ અગત્યનો બનાવ બનવાનો હોય એમ ભેગા થયેલા સહુને લાગ્યું અનંગ પોતાની માતાનો હાથ પકડી તેને અંદર પાછળ લઈ ગયો આ પુત્ર અને આ સ્ત્રી ને જુદા વિચારના પરસ્પરવિરુદ્ધ લાગણીના, બચપણથી એક બીજાને ધિક્કારતા થયેલા, જુદી જુદી રીતે ઉછરેલા, તેમનો મેળાપ થવાનો વખત આવ્યો—તેમના આખા જીવનની એક યાદ થવાનો સમય આવ્યો પુત્રી પિતા સામે પોતાના વિશાળ ચક્ષુ સાથે અશ્રુ ભરેલી દૃષ્ટિથી જોઇ રહી પિતાએ ક્રૂર દૃષ્ટિ કરી, તરત ચતુર બાળા ચેતી ગઈ અને માથું નીચું નમાવ્યું ઓરડામાં આ જમાનાની ઓળખ કરાવી બોલ્ડ પુન બહાર આવ્યો પોતાના એક હાથમાં પોતાની પુત્રીનો હાથ અને બીજા હાથમાં જમાઇનો હાથ પકડી તે બહાર આવ્યો; સર્વે દરબારીઓ ઉઠ્યા, ઊભા થયા, તેમના તરફ જોઇ રહ્યા તેમની સાથે તેણે મગરૂબીથી પોતાની પુત્રી અને જમાઇની ઓળખ કરાવી, આ વેવિશાળ થવાનું જાહેર કર્યું સર્વેએ મુબારકબાદી આપી સભામાં આનંદ થયો પછી પિતાએ વડીલાઇથી રજા આપી ને પુત્રી પુન અંદર ચાલી ગઈ અંદર બેઠી પણ નહી અને તત્કાળ ગુપ્ત રસ્તે બહાર નીકળી પોતાના ખંડ તરફ પોતાની માનીતી દાસી આનંદી સાથે જતી રહી

અહીં દરબારમાં નાચગાન ચાલ્યું, અને કલાક પછી દરબાર પૂરો થયો સૌ હસતા રમતા ચાલવા માંડ્યા જો કે દેશમુખના આનંદનો પાર રહ્યો નહી દિલગીરીથી શોકસાગરમાં ડૂબેલો સરદેસાઈ ધીમેથી નીચે ઉતર્યો ચોગાનમાં એક બુરખાવાળી સ્ત્રીએ તેને કોઈ સાંકેતિક ઇશારો કરી આસપાસ નજર નાખી લાગ સાધી તે સ્ત્રીની પુઠે પુઠે છેટે છેટે તે ચાલ્યો એકાંત ભાગમાં થઈ મહેલની પછીતના ભાગમાં તેની પાછળ પાછળ ગયો તે સ્ત્રીએ હાથથી સાન કરતા તે ખંડમાં આગળ વધ્યો અને તે સ્ત્રી બહાર ચોકી કરતી ઉભી રહી

અંદર તેની પ્રિયતમા રડતી આંખોએ એક સુંદર સુખાસનપર બેઠી હતી સરદેસાઈને જોતા તેના હૃદયપર આનંદની—આશાની છાયા આવી, રીકી પડી ગયેલા ગાલોપર સુરખી આવી, અને તેના મૃદુ ઓષ્ટ સ્મિતથી પ્રફુલ્લ બન્યા, "સરદેસાઈ, તું ક્યાં ઉતર્યો છે?

"હું આ વિકરાળ ચંડાળ દાનવ જેને દેશમુખને સાળું જાણે છે કે ખાનસાહેબે અર્દાના બદલ સત્યનો મેનાની આ દુર્ભાગીને બનાવ્યો છે અરેરે આજના આ બનાવથી મને કેટલું દુઃખ થયું છે? હું કેવો અભાગીયો—હાય આ દેખાતું નથી, સખાતું નથી! આ ચંડાળોને જોતા કાળ ચઢે છે"

"ગરીબ બિચારા સરદેસાઈ, અરેરે! ત્હારા કરતાં તો મ્હારી સ્થિતિ કેટલી વધારે દુઃખદાઈ શોચનીય અને દયા ઉપજાવનારી છે!"

"મ્હારી, આપણે ઉન્હના દિવસ મળ્યા તે પછી હું તને મળી શક્યો નહીં મ્હારા આ મહાન દુઃખમાં હું સર્વ કાંઇ ભૂલી ગયો છું આરસના પુતળા પેઠે હુકમને માન આપી નીચા

ઠેકાણે હું અહીં આવ્યો, અને આજ તને જોઈ મને થયેલો આનન્દ સમાવી શકતો નથી પણ આનન્દ અને દુઃખ બન્ને સાથે લાગા છે ત્હારા પિતાએ હાય ! તને મ્હારા હાથમાંથી ખુચવી લીધી—ત્હારૂં બળીદાન આપ્યું—અપાયું—આપણા પ્રેમનું બળીદાન અપાયું—તેં નાગડાં ફેરે ખાવી—મને તને ખુચવી લીધી—પણ મ્હારો પ્રેમ—આપણા બન્નેનો પ્રેમ અચળ છે—તે કદાપિ જઈ શકે તેમ નથી "

" પ્રેમ ન બોલતું હવે મને મન્દ કર, આ ભોગ હું સહન કરી શકતી નથી તે અતિ અસહ્ય છે "

" હા, આ દુનિયામાં સૌથી અનિષ્ટ કાર્ય થયું હોય તો તે આ છે ત્રણ દિવસ થયાં હું અહીં આવ્યો છું મ્હારા શિપાઈઓ મ્હારા શિપાહસાલાર કરિમબક્ષ જમાદાર સાથે આ ચડાણ દેશસુધીને ત્યાં ઉતર્યો—મને તે વખતથી પળેપળે એવું જ થાય છે કે આ આખા કુટુમ્બને હું કાપી નાખું ! તેમને તલવારની ધારે ચઢાવું ! તેમના પ્રત્યેના મ્હારા ધિક્કારની હદ માપી હવે રહી નથી અરે ! તેઓ તો શું પણ જે લોકો ત્હારા અને મ્હારા પ્રેમ વચ્ચે આવ્યા છે, તે સર્વપર મ્હારો ક્રોધ, તિરસ્કાર, ધિક્કાર અતિશય વધ્યો છે જે દિવસથી તને મ્હારાથી જુદી કરી તે દિવસથી ત્હારા પિતાપર, અને હુકમ કરનાર પેલા સર્વેખાનપર અરે ! શું એ બધાનું મૂળ—બાદશાહપર—મ્હારો ધિક્કાર—તિરસ્કાર પ્રગટી રહ્યો છે—રોમે રોમે વ્યાપી રહ્યો છે ",

આમ ક્રોધથી લાલ થતા તિરસ્કારયુક્ત વાણીથી પણ ધીમે સાદે બોલતાં સરફોડજીએ ચકલાની ઠેક નજીક આવી તેની પાસે બેસતાં જોરથી તેનો હાથ પોતાના હાથમાં લીધો આ વખતે ચન્દ્ર પોતાનો આછો પ્રકાશ ખુલી બારી વાટે સફદારબાઈનાં ચ્હેરાપર નાખી રહ્યો હતો, અને બન્ને બાજુના દીવાઓનો ઝાંખો પ્રકાશ આપતો ઉજાશ ચન્દ્રના શ્વેત નિર્મળ પ્રકાશ સાથે મિશ્ર થતો તેની સુન્દરતાને અલૌકિક આકર્ષક બની રહ્યો હતો તે તરફ જતાં આવી અનુપમ સુન્દર સ્ત્રી પોતે ખોઈ છે, તે સુન્દરી જે પોતાનું સર્વસ્વ આપવા, અને પોતાનો સ્વામી બનાવવા તૈયાર છે, તો સદાને માટે ખોઈ—ને પણ, તે માટે જગાપણું સામે ન થતાં ખોઈ—આ પોતાના હિચકારાપણા માટે [illegible] ક્રોધ ચઢ્યો

" વ્હાલી, જ્યારથી આ બધું [illegible] અને ત્હારો પિતા ત્હારૂં આ બલિદાન આપવા તૈયાર [illegible] પામી રહ્યો છું, કે [illegible]

"એ તું એ કામ માટે લાયક નથી અને એ પુષ્પ આસુમનું કામ સોંપાયું છે તેમાં ત્હારૂં અવિતાન અપાયું છે—ત્હારા પૂર્વ પિતાના વખતમાં પ્રજાનો વૈરાગ્ય શાંત થયો નથી, તેની આટલીમાં પ્રથમ તું હોમાય છે"

"હા, એમ છે ખરૂં—આ ધિક્કારપાત્ર હું ખરૂં છું—કોણ આ મ્હારી પુત્રી—અને હું એક અફસોસ! શી દશા! એક પુષ્પ જેને તું ચ્હાતી નથી કોઈ દિવસ પણ ચાલી શકવાની નથી, તેની સાથે લગ્ન—જેને તે ચાહે તે સર્વેને હું ધિક્કારૂં છું અને તે અમને, મનને ધિક્કારે છે આ કેવો સંબંધ!—વાહ નિશાના, વાહ"

"અરે! વખત આવે તો પાછળ રહી છુપી રીતે આપણા ખુન પણ કરી નાખે એવા એ તોફાની મકરાણી નીચ ચાકરો છે"

"હા, તેઓ તેવા જ છે તેમનું નામનિશાન પણ રહેવા દેવાનું નથી એવું અમારી બાદશાહી ફરમાન છે એમ સર્જેખાન કહેતા હતા"

"અરે! આપણે બધા ધાડાનો નાશ કરીએ પણ આ પ્રદેશ એ મકરાણીઓથી હજી ઉભરાય છે! હું તેમને ધિક્કારૂં છું—અરે એ ચાકરો નરપીશાચોમાના એકે ત્હારી—મ્હારી પ્રિયતમાની ચોરી કરી છે—મ્હારા હાથમાંથી ઝુંટવી લીધી છે—અરે, તેનો તો હું ગળો પીસી નાખીશ, તેનું લોહી પીશ—એવી મેં કઠણ પ્રતિજ્ઞા લીધી છે"

"હા, તેણે મને લીધી છે ખરી, પણ તે ત્હારા વતનનો મ્હારો પ્રેમ—મ્હારૂં હૃદય લઈ શકે એમ નથી ને તો હમેશાં સરૂપજી ત્હારૂં જ રહેશે"

એટલામાં આનંદીએ બારી સરકાવી સરૂપજી સરકી ગયો. આનંદીએ અન્દર ગઈ તેનો કાનમાં કાંઈ કહ્યું—તેણે નિરાશાની હાસ્ય કરતાં ઉંચે જોયું—"સરૂપજી, તમે હવે જાઓ—એક પળ પણ થોભો નહીં કોઈ બ્હાર આવ્યું છે—જતા રહો" સરૂપજી આ ધીમે સાથે આ ત્યારના ફરમાનને માન આપી કાંઈ વિચારમાં પડી એકદમ ત્યાંથી આવેલે ગુપ્ત માર્ગે ચાલતો થયો ને ગયો અને આનંદીએ બીજા હાથથી એક ઉંચા ગોખમાંથી બારણાં તરફ પુરૂષને દાખલ કરી ગભરાટથી તેના તરફ સદનારબાઈ જોઈ રહી

પ્રકરણ ૧૪ મું

સુધીરજી અને સદનારબાઈ

એરે ગાફીલ, અરે નાદાન, અબ રોનેસેં હાંસીલ ક્યા?
તેરે ઇસ ગજ કરને ઔર, પછતાનેમેં હાસીલ ક્યા?
ગયા જબ તીર હાથોંસે, નીકલ, તબ ક્યા પશેમાની?
તો પહલે સોચ લેના, તો ઉઠાના ક્યું પરેશાની?

હૃદયકમળ મેરૂના તાપથી કરમાયુ હતુ, પણ ચકોર બાળા પોતાના દરદની લાગણી હૃદયમા [illegible] બહારથી શાન્ત મનોરમ ચ્હેરો રાખતી મુકેશના આ શબ્દોથી આશ્ચર્ય પામતી શાન્ત કોમળ સ્વરથી ધીમેથી બોલી—"ભાઈ, ત્હારો ઉપકાર, આ પ્રેમાળ શબ્દો માટે ઉપકાર. આ પ્રદેશમાં આવ્યા પછી આવા શબ્દો હું આજે જ સાંભળું છું. બીજા કોઈ કહી શકતા જરૂર નથી કેમકે તમારા ભાઈ-મ્હારા સ્વામિ મ્હારૂ રક્ષણ કરવા સમર્થ જ છે પણ આ જગતમા બનાની જરૂર છે । તમારી લાગણી માટે ઉપકાર હું તમને મ્હારા ભાઈ સમજીશ આ મ્હારી કૃપણ [illegible] લાગણી વચ્ચે—આ ચીરાતા હૃદય વચ્ચે—આવા શબ્દો માટે મને અનહદ લાગે છે તમે મ્હારા દીયરજી અને મ્હારા ભાઈ છો એમ સમજુ છુ. તમારા જેવી તમારી માતા પ્રેમાળ [illegible] હોય તો તમારા ઘરમા હુ સુખી થઈશ"

"ઈશ્વર તમારી આ સદ્ભાવના-લાગણી માટે તમારૂ ભલુ કરો!" એમ [illegible] ઉમળકાથી મુકેશજી બોલ્યો અને પોતાના હાથમાથી એક બહુ મૂલ્ય મુદ્રિકા કાઢી સરલાબાઈને આપતા બોલ્યો—"ભાભીસાહેબ, આ નિર્જીવ ભેટ સ્વીકારો. કોઈ પણ વખત તમને [illegible] મદદની રક્ષણની-જરૂર પડે તો આ મુદ્રિકા મોકલશો. જોઈએ ત્યા હોઉ, તો પણ હુ તરત હાજર થઈશ કે તમે ફરમાવશો તે બજાવી આપીશ. તમે વચન આપો કે જરૂર પડે જરા પણ આંચકો ખાધા [illegible] આ મુદ્રિકા મોકલશો"

અત્યારે હજારો દુ:ખદ વિચારોમા આકુળ વ્યાકુળ થતી એકલી પડી [illegible] વગરની સરલાએ વચન આપ્યુ. તેનુ શોકતિમિર પાછુ હઠતુ લાગ્યુ. તે [illegible] તરફ અનેક વિચારોથી ગરાતી જોઈ રહી. તેના મનની સ્થિતિ ન કળી શકાય તેવી હતી.

મુકેશ સરલા બાઈ સામે જોઈ રહ્યો. અહાહા, શું કેવી મહાભારત [illegible] તેનો આત્મા અને તેના ઉચ્ચ સંસ્કારમા જાગૃત થયો. આ સ્ત્રી—આ સ્ત્રી સન્મુખ [illegible] અકૃત્રિમ સુકોમળ બાળા—નિષ્કપટ નિર્દોષ સ્વભાવની સ્ત્રી તેને આ વારે [illegible] લાગી. અત્યારે તેને લાગ્યું કે—તેની સર્વ આશાઓ ગોઠવીને આ [illegible] આવ્યો—આ ગારે એ તે એક મધુર સુકોમળ પુષ્પ જેને [illegible] પ્રેમથી હમેશા સ્વપ્નમાં રાખે, પણ જે પહાડની ગેરે ઉભી [illegible] કોઈ પણ તેને લુટવા જઈ શકે નહી. આ ઉમદા તે મધુર [illegible] આ પ્રેમ [illegible] ચેનોમા, સમતા દાખીશેષક આત્મા સન્મુખ [illegible] અને તે અતરાત્માપર પુરી સત્તા બેસાડતા તેના [illegible] ચાંડે પગે? પોતાના હાથમા લઈ [illegible] મધુર ચતુરસિંહ પ્રેમો સાંભળતો, પણ [illegible] ચાલી ગતિ પેઠે હમેશા તેની [illegible] ગલ પોતા માટે હતુ તે સાથે [illegible]

આની બીજ વાર્તાઓ [illegible] મિત્રાદિ [illegible]